Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Kamdar, Sanjay D., 2008, *સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકવિતા - એક સમીક્ષાત્મક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/235

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં

પીએચ.ડી. *(Ph.D.)*ની પદવી માટે પ્રસ્તુત

**મહાશોધ નિબંધ**

❀❀❀

# 'સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણ કવિતા - એક સમીક્ષાત્મક અધ્યયન'

(MEDIEVAL GUJARATI KRISHNA POETRY OF SWAMINARAYAN CULT - A CRITICAL STUDY)

❀❀❀

❀ પ્રસ્તુત કર્તા ❀

**પ્રા. સંજય ધર્મેન્દ્રકુમાર કામદાર**

એમ.એ.

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ
શ્રી વિરાણી સાયન્સ અને શ્રી યોગીજી મહારાજ
આર્ટ્સ અને કોમર્સ કૉલેજ,
રાજકોટ

❀❀❀

❀ માર્ગદર્શક ❀

**ડૉ. બળવંત જાની**

પ્રાધ્યાપક અને અધ્યક્ષ,
ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ૩૬૦ ૦૦૫.

❀ વર્ષ : ૨૦૦૮ ❀

રજિસ્ટ્રેશન નં. ૨૯૭૫ તા. ૩૦–૯–૨૦૦૩

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ***શ્રી સંજય ધર્મેન્દ્રકુમાર કામદાર***એ મારા માર્ગદર્શન હેઠળ અને મારાં સલાહ સૂચન પ્રમાણે **'સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણ કવિતા – એક સમીક્ષાત્મક અધ્યયન''** નામનો મહાશોધ નિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરેલ છે. એમાં એમણે કરેલાં અભ્યાસ વિષયક પ્રતિપાદનો એમનાં મૌલિક અધ્યયન પર આધારિત છે.

વિશેષમાં આ મહાશોધ નિબંધ કે તેનો કોઈ પણ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈ પદવી માટે અન્ય કોઈ યુનિવર્સિટીમાં રજૂ કરેલ નથી.

દિનાંક : ૨૫–૦૯–૨૦૦૮ માર્ગદર્શક
સ્થળ : રાજકોટ

**ડૉ. બળવંત જાની**
**પ્રાધ્યાપક અને અધ્યક્ષ,**
**ગુજરાતી ભાષા સાહિત્ય ભવન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,**
**રાજકોટ – ૩૬૦૦૦૫.**

# 'સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણ કવિતા – એક સમીક્ષાત્મક અધ્યયન'

## ભૂમિકા

શ્રી સહજાનંદ સ્વામીએ સ્થાપેલો સ્વામિનારાયણ સંપ્રદાય એ સંયમપ્રધાન વૈષ્ણવભક્તિનું સ્વરૂપ છે. ભાગવત સંપ્રદાય લગભગ બે હજાર વર્ષ જેટલો પ્રાચીન છે. તેમાં શ્રીકૃષ્ણની ઉપાસના મુખ્ય છે. પુરાણોમાં કૃષ્ણને ભગવાન માની ભક્તિભાવપૂર્વક અનેક ચરિત્રો લખાયાં છે. અગિયારમા સૈકા સુધીમાં વૈષ્ણવભક્તિમાર્ગ સમગ્ર દેશમાં ફેલાઈ ગયો હતો. એનું મૂળ સ્વરૂપ પૌરાણિક હતું પણ પછીથી એમાં સાંપ્રદાયિકતા પ્રવેશી. વિવિધ સંતો અને ભક્તોએ સ્થાપેલી ભક્તિપ્રણાલી અનુસાર જુદા જુદા વૈષ્ણવ સંપ્રદાય ઊભા થયાં. સમગ્ર મધ્યકાલીન સાહિત્યમાં પ્રેમલક્ષણાભક્તિ સહિત કૃષ્ણલીલા અને વૈષ્ણવભક્તિ વિવિધ રીતે ગવાઈ.

ગુજરાતમાં સ્થપાયેલાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે વૈષ્ણવધર્મમાં શીલ–સદાચારની ભક્તિધારાનો નવો પ્રવાહ શરૂ કર્યો. સગુણ ઉપાસના, પંચદેવની ભક્તિ, વિશિષ્ટાદ્વૈત, વૈષ્ણવધર્મ આદિ સાથે, વૈષ્ણવધર્મના અષ્ટછાપના કવિઓની જેમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં થઈ ગયેલાં અષ્ટ કવિઓએ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની વિપુલ કવિતા કરી છે. ગુજરાતી તેમજ હિંદીમાં હજારો ભક્તિપદો રચ્યાં છે. એમાંના કેટલાંક જ્ઞાનબોધ, ભક્તિબોધ, વૈરાગ્યબોધ અને સંપ્રદાયનાં આચારબોધનાં છે. આ ભક્તકવિઓ વૈરાગી અને ત્યાગી સંતો હતાં. તે શૃંગારની કવિતા કેમ કરે ? તે પ્રશ્ન ઊઠે તે સ્વાભાવિક છે પણ તેમણે શ્રી કૃષ્ણની ભક્તિ માટે અને ગુરુશ્રી સહજાનંદની ભક્તિ માટે તથા ભક્તિ કવિતાની પરંપરાના પ્રવાહના પૂરમાં પ્રેમભક્તિની કવિતા પણ સારા પ્રમાણમાં આપી છે. તેઓ 'પ્રેમભક્તિના દિલારામ' છે.

સ્વામિનારાયણીય ભક્તિ કવિતા વિશિષ્ટ છે. તેઓ ગુરુ સહજાનંદ સ્વામીને પણ શ્રીકૃષ્ણની જેમ ઉપાસે છે. તેમના પ્રત્યે અંતરની ભાવભક્તિ પ્રગટ કરે છે. કૃષ્ણ ભક્તિમાં

તો શૃંગાર પણ છે. તેઓ સંપ્રદાયની મર્યાદા ભક્તિની સાથે પ્રેમલક્ષણા પુષ્ટિભક્તિ ગાય છે. કૃષ્ણ તેમની કવિતામાં પ્રભુ જ નહીં, પ્રિયતમ તરીકે આવે છે, તેઓ ભક્તિ કવિતાના પરંપરિત સર્વપ્રકારોમાં કાવ્ય કરે છે.

રાધાકૃષ્ણ–ગોપીનાં પદો, બાળલીલા, દાણલીલા, રાસલીલા, માસ, તિથિ, વાર, આરતી, પારણું વગેરે પ્રકારની રચનાઓ કરે છે. મુખ્ય ઝોક ઉપદેશ પર છે અને વૈરાગ્યનો બોધ બધાં જ કરે છે છતાં ભક્તિશૃંગારનું ગાણું ગાય છે; સ્વામી સહજાનંદને કૃષ્ણની જેમ ઉપાસે છે. શીલ સંયમની પાળ બધાં કવિઓ પાળે છે તો ભક્તિશૃંગારમાં કયાંક છૂટ પણ લેવાઈ છે.

પંદરમા શતકથી આરંભાયેલી અને લગભગ સાડા ચાર સૈકા સુધી પ્રવાહમાન રહેલી મધ્યકાલીન ભક્તિ કવિતાની ત્રણ ધારાઓ શ્રી અ. મ. રાવળ સમજાવે છે.

*(૧) ભાવભગતિની કવિતા :*

શુદ્ધ ભક્તિની કવિતા છે. અંતરની ઉત્કટ પ્રભુભક્તિનાં ઉદ્ગારો રજુ કરતી ગોપીભાવે જીવનાં પરમાત્મા સાથેના મિલનનાં તલસાટ અને ઝંખના સાથે શૃંગારભક્તિની કવિતા, જે નરસિંહ, મીરાં, દયારામ, સ્વામિનારાયણીય અને દાસીજીવણ સહિતનાં કવિઓમાં જોવા મળે છે.

*(૨) ભક્તિ બોધની કવિતા :*

ઉત્તમ, મધ્યમ અને સામાન્ય કવિ પ્રતિભા ધરાવતા બધાંએ લખેલી આ કવિતામાં સંસારની માયા છોડીને જીવને ઈશ્વર તરફ વાળવાનાં મનને સ્પષ્ટ ઉપદેશ સાથેની આ ભક્તિબોધની કવિતા નરસિંહ, મીરાં, ભોજો, ધીરો વગેરેમાં જોવા મળે છે.

*(૩) ભક્તિચરિત્રની કવિતા :*

ભક્તોના ચરિત્રને વર્ણવવાના નિમિત્તે ભક્ત ઉપરાંત ભક્તિ અને ભગવાનનો મહિમા વિસ્તારથી નિરુપાયેલો હોય છે. જે નરસિંહ (સુદામા), પ્રેમાનંદ (નરસિંહ) વગેરેમાં જોવા મળે છે.

સ્વામિનારાયણીય સંતકવિતાના પ્રમુખ આધારસ્થંભ સર્જકો છે. મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ અને દયાનંદ.

પ્રસ્તુત મહાશોધનિબંધમાં સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકવિતાનું સમીક્ષાત્મક અધ્યયન કરવાનો ઉપક્રમ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંસ્કારો મને વારસામાં મળેલાં છે અને મળી છે મને લોહીમાં આ સંપ્રદાયની પ્રગાઢ ભક્તિ. અમારા નાનાજી અક્ષરધામ નિવાસી પૂજય રાણા સાહેબ (પૂ. આર.એલ. ચંદારાણા સાહેબ), ગોંડલ શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળની સ્થાપના વેળાએ પાયાનાં સેવક. પ્રખર સત્સંગી, શૂરવીર પ્રકૃતિ, અનન્ય સ્વરૂપનિષ્ઠા, બળુકી કર્મપ્રતિબદ્ધતા અને બ્રહ્મસ્વરૂપ પ.પૂ.યોગીજી મહારાજ ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં અંતેવાસી લાડકા શિષ્ય. 'પ્રિન્સ ઓફ ડાંગરા' પૂ. રાણા સાહેબની સાથે પૂ. રાણીબા (નાનીમા – લતાબેન રામજીભાઈ ચંદારાણા) અને અમારા માતુશ્રી પૂ.રેખાબહેન ધર્મેન્દ્રકુમાર કામદાર – બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી; યોગીજી મહારાજના અને સાથે તેમનાં કૃપાપાત્ર શિષ્ય પ્રગટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદદાસજી મહારાજના સમર્પિત ભક્તો. અમારા માતા–પિતાની સગાઈ પૂ. યોગીબાપાનાં આશીર્વાદથી જ થયેલી. અમારા પૂ. નાનાજી રાણાસાહેબ પ.પૂ. યોગીબાપાને સંમતિ માટે પૂછવાં ગયેલાં ત્યારે અમારા પિતાજીને જોયાં વગર પૂ. યોગીબાપાએ આશીર્વાદ સાથે સંમતિ આપતાં કહેલું, 'જમાઈરાજ સારાં છે.' અરે ! અમારા માતા–પિતાનાં શુભ લગ્ન પ્રસંગે પ.પૂ. યોગીજી મહારાજ સ્વયં લગ્નમાં પધારેલાં. બે ફેરા ફરાયાંને પૂ. યોગીબાપા પધાર્યાં અને આશરે બેએક કલાકની પધરામણી પછી બાપા પધારી ગયાં પછી બીજાં બે ફેરા લેવાયેલાં. અમારા પિતાશ્રીને દક્ષિણ (સિકંદ્રાબાદ – હૈદ્રાબાદ – વિજયવાડા)માંથી અહીં રાજકોટમાં સ્થિર થવાનાં આશીર્વાદ પણ પૂ. બાપાએજ આપેલાં. પિતાશ્રી ધર્મેન્દ્રકુમાર મગનલાલ કામદાર બાલ્યકાળથી જ શ્રી રાજારામ ભગવાનનાં શરણાગત મુક્ત. વર્ષો સુધી માતુશ્રીએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આરાધના કરી તો પિતાશ્રીએ ઉપાસના કરી શ્રી સીતારામ, શ્રી રાજારામચંદ્ર, જાનકી, લક્ષ્મણ અને હનુમાનજીની. પ્રગટનો જોગ થયે, દિવ્ય વ્યક્તિત્વનો પ્રસાદ મળ્યે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સ્વામિશ્રી હરિપ્રસાદદાસજી મહારાજમાં અખૂટ શ્રદ્ધા અને surrender without reservation*ની;*

*માલિક તેરી રજા રહે ઔર તૂં હી તૂં રહે*

*બાકી ન મૈં રહૂં ન મેરી આરઝૂ રહે.*

એવી તેમની પરિસ્થિતિ સર્જાઈ. પિતાતુલ્ય મોટાભાઈ પૂ. અજયભાઈ (ન્યુજર્સી) અને નાનાબહેન અ.સૌ. નેહલ ક્રિષ્નકુમાર મજીઠિયા (મુંબઈ) પણ સમર્પિત મુકતો. ગોંડલમાં અમો બંને ભાઈઓનાં મુંડન સંસ્કાર પછી સ્વસ્તિક બ્રહ્મસ્વરૂપ પૂ. યોગીબાપાનાં શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શુભ; વરદ્ હસ્તે થયેલાં. પરમ પૂજય પિતાશ્રી ધર્મેન્દ્રકુમાર મગનલાલ કામદાર અને પરમ પૂજય માતુશ્રી રેખાબહેન ધર્મેન્દ્રકુમાર કામદારે પસંદ કરેલાં અને સૂચવેલાં નામો ચિ. 'અજય' અને ચિ. 'સંજય' – આ બંને નામો પૂ. યોગીબાપાએ જ તેમનાં શ્રીમુખે પાડેલાં; નામકરણ સંસ્કાર કરેલાં. આમ, મારાં ઉછેર અને પશ્ચાદ્ભૂમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની છાયા.

પ્રગટ ગુરુહરિ પ.પૂ.સાધુ હરિપ્રસાદદાસજી મહારાજ ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં દૂરંદેશી, આર્ષદષ્ટા, દીર્ઘ અને દિવ્ય સ્ત્રોતા, ડહાપણભર્યા, વિવેકી, ઊંડાણભર્યા અને મૂઠી ઊંચેરા વ્યક્તિત્વથી આકર્ષાવાનું મારે બન્યું.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી હું અતિશય પ્રભાવિત થયો હોઉં તો મૂળ બે કારણો : ચિંતન સમૃદ્ધિ અને આચારશુદ્ધિ. જયાં જે જે કોઈ આચરણશુદ્ધિથી વિમુખ તે સ્વયં શ્રીજી મહારાજથી, ધર્મભક્તિ સ્વરૂપથી વિમુખ એવું સ્વયં શ્રીજી મહારાજનું તાત્પર્ય મને સમજાયું છે. વ.ગઢડા પ્ર.૧૬ અને વ.ગ.પ્ર.૧૮ પર દઢ ભાર મૂકતા અને સવિશેષ આગ્રહ સેવતા તથા સાંપ્રદાયિક છતાં બિનસાંપ્રદાયિક અભિગમ ધરાવતાં, સર્વ ધર્મ સંપ્રદાયોનાં સંતો–મહંતોમાં પ્રિયતા ધરાવતા પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ ઈ.સ. ૧૯૮૧ માં શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સહિત અન્ય સાહિત્ય પણ વાંચવા મને પૂ. કુંવરજીબાપા (મારુ) ને ઘેર સૂચન કરેલું.

પૂ. માતા–પિતાની રસઘન ભક્તિ અને સદ્ભાગ્યે મને મળેલાં પૂ. મીરાંભાભી અને ભત્રીજીઓ પ્રિયા અને ઈશા (અમેરિકા), બનેવી સાહેબ પૂ. ક્રિષ્નકુમાર રમેશભાઈ મજીઠિયા અને ભાણેજ ચિ.કૃતાર્થ (મુંબઈ), સહધર્મચારિણી અ.સૌ. કૃપા તથા વ્હાલાં

ભૂલકાંઓ ચિ. આર્જવી, ચિ.કર્ણવી અને ચિ. જય સંજય કામદારની સત્સંગ પ્રીતિએ મને ભક્તિ સન્મુખ રહેવા માટે વિશેષપણે પ્રેર્યો.

એમરસન નામના વિશ્વવિખ્યાત ચિંતકે કહ્યું છે, – 'જીવનમાં આપણી મુખ્ય જરૂરિયાત છે કોઈ એવી વ્યક્તિની કે જે આપણે કરી શકીએ તેમ હોઈએ તે આપણી પાસે કરાવે.'

જ્યારે સંશોધનકાર્ય નિમિત્તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં ઊંડા અભ્યાસી અને અધિકારી વિદ્વાન – માર્ગદર્શક ગુરુ પૂ. ડો. બળવંતભાઈ જાની સાહેબને મળવાનું થયું ત્યારે સંયમપ્રધાન વૈષ્ણવભક્તિનું સ્વરૂપ એવો સ્વામિનારાયણ સંપ્રદાય કૃષ્ણભક્તિ કેવી રીતે ઝીલે છે તે વિષય છેડાયો, ચર્ચાયો અને પરિણામ છે આ સંશોધન. વિષય તો આદરણીય જાની સાહેબે સૂચવ્યો પછી એ અંગે સ્પષ્ટ થતાં પણ ઘણો બધો સમય ગયો. મારા પણ સંસ્કારલક્ષી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અને સાહિત્યિક કાર્યક્રમોમાં તથા સંચારમાધ્યમોમાં વિશેષ રોકાણને કારણે મારા અનુકૂળ સમયે ડૉ. જાની સાહેબની અનુકૂળતા જાણીને લાંબી મુલાકાતો ગોઠવાતી. સ્વામિનારાયણ સંપ્રદાયની કૃષ્ણભક્તિ કવિતામાં સ્વયં સહજાનંદ જ આલેખાયા હોયને અને એની સાથેનાં નિકટનાં અંતેવાસી સમા નંદકવિઓએ એ ભાવને કઈ રીતે ઝીલ્યો છે તે તપાસવું ઘણું કપરું હતું. વળી, આપણી વિવેચના આ વિષયે બહુ સ્પષ્ટ પણ ન હતી. પરંતુ મારું કામ સતત ચાલતું રહ્યું. સંદર્ભ સામગ્રીમાંથી પસાર થતો રહ્યો અને મિત્રોની દષ્ટિએ, કાચબાની ગતિએ ચાલી રહેલું કામ અંતે લક્ષ્યસ્થાને વિરમે છે એનો આનંદ છે.

આ માર્ગદર્શનનાં દીર્ઘ સમયગાળા દરમિયાન ડૉ. જાનીસાહેબે મારી ધીરજને પણ કસોટીએ ચડાવીને અપાર ધીરજથી મારો ભારે મોટો વિલંબ સહીને મને સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરા પાડયાં છે. ઘણી વખત તો સંદર્ભ સામગ્રી પણ ઉપલબ્ધ કરાવી છે.

ઉપરાંત મારી વેળા–કવેળાની મુલાકાતને માત્ર જાની સાહેબ જ નહીં પરંતુ શ્રીમતી ડૉ. ઊર્મિલાબહેન જાનીએ પણ સહી લીધી છે. અનેક વખત તેમનું આતિથ્ય પણ પામ્યો છું. આ ઉપરાંત લેંગ લાયબ્રેરીથી માંડીને વિવિધ ગ્રંથાલયોએ જે ભાથું પૂરું પાડયું છે એ મારે માટે સંશોધનપથ દરમિયાન પ્રાપ્ત થયેલું નજરાણું છે. આ માટે આદરણીય

જાની સાહેબ અને ઊર્મિલાબહેન પરત્વે શિષ્યભાવે આભારની નહીં પણ પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરું છું.

આભાર માની પારકાં ગણી શકાય નહીં આ સર્વેને – પૂ. માતા અને અક્ષરધામ નિવાસી પૂ. પિતાજી, પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ, મૂળ અક્ષર મૂર્તિ પૂ. ગુણાતીતાનંદ સ્વામી, અક્ષરમુક્ત પૂ. ગોપાળાનંદ સ્વામી, અનાદિ મહામુક્ત પૂ. જાગા સ્વામી, બ્રહ્મસ્વરૂપ પૂ. ભગતજી મહારાજ, મહામુક્ત પૂ. કૃષ્ણજી અદા, બ્રહ્મસ્વરૂપ પૂ. શાસ્ત્રીજી મહારાજ (પૂ. યજ્ઞપુરુષદાસજી), બ્રહ્મસ્વરૂપ પૂ. યોગીજી મહારાજ, પ્રગટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ, સંતો, સહિષ્ણુ સાધકો, અંબરીષ મુક્તો, ભક્તો, ગુરુજનો, શાસ્ત્રો, મંદિરો, સહધર્મચારિણી, સંતાનો, પરિવારજનો, મુરબ્બીઓ, વડીલો, શુભેચ્છકો, આશિષ પ્રદાતાઓ, મિત્રો, સાથીઓ, કોલેજ સ્ટાફ, પૂ. દુષ્યંતભાઈ પંડયા, ડૉ. કમલેશ દેસાઈ અને સર્વે, વિદ્યાર્થીઓ અને ખાસ તો જેમની હૂંફ મળી છે તેવા વાત્સલ્યમૂર્તિ પ. પૂ. ત્યાગવલ્લભદાસજી સ્વામી ગુરુ શ્રી હરિપ્રસાદદાસજી મહારાજ – યોગીધામ, રાજકોટ, શ્રી સંસ્કારધામ મંદિર, રાજકોટ, શ્રી હરિધામ – સોખડા લાઈબ્રેરી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી લાઈબ્રેરી અને લાઈબ્રેરિયનશ્રી, લેંગ લાઈબ્રેરી અને લાઈબ્રેરિયનશ્રી, પૂ. અર્જુનભગત – શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ, રાજકોટ, પ. ભ. ખુશાલ પાટડિયા – શ્રી સ્વામિનારાયણ મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ તથા આ મુદ્રણની સઘળી જવાબદારી સમયબદ્ધ પૂર્ણ કરી સાચાં અર્થમાં મારો ભાર લઈ લેનાર શ્રી કમલેશ કોમર્શીયલ સેન્ટર, જામનગરના સદસ્યો, પી.જી. અને એકેડેમિક વિભાગ સહિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વહીવટી વિભાગો – આ બધા પરત્વે મારો ઋણભાવ પ્રગટ કરું છું. મારા કાર્યમાં યથાસમયે વિષય સંદર્ભે દિશા દર્શન પૂરું પાડવા બદલ ભવનનાં ગુરુજનો સર્વશ્રી ડૉ. નીતિન વડગામા, ડૉ. બિપિન આશર, ડૉ. અંબાદાન રોહડિયા અને મિત્રો ડૉ. મનોજ જોષી તથા ડૉ. દીપક પટેલ, મુરબ્બી બેનશ્રી રક્ષાબહેન પરત્વે પણ આભારનો ભાવ પ્રગટ કરું છું.

મનુષ્ય જો પોતાના પરિચિતોનું વર્તુળ બનાવે તો એમાં ઘણાં બધાંનો સમાવેશ થઈ શકે, પરંતુ મનુષ્ય જો પોતાના પ્રેમનું વર્તુળ બનાવે તો એમાં અખિલ બ્રહ્માંડનો સમાવેશ થઈ શકે અને મારે, મારા પ્રેમનું વર્તુળ બનાવવું છે.

આ સંશોધન કહો કે મારે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનું કીર્તન છે અને આ કીર્તન કરતી વેળાએ ભગવાનશ્રી સ્વામિનારાયણનાં શ્રી વચનામૃતોનું શુભ સ્મરણ કરું છું.

*'મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક*
*વાજીંત્ર વજાડીને*
*કીર્તન ગાવવાં તેને વિષે જો*
*ભગવાનની સ્મૃતિ ન રહે તો*
*એ ગાયું તે ન ગાયા જેવું છે.*
*અને ભગવાનને વિસારીને તો જગતમાં*
*કેટલાક જીવ ગાય છે તથા*
*વાજીંત્ર વજાડે છે, પણ તેણે કરીને*
*તેના મનમાં શાંતિ આવતી નથી.*
*તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા*
*નામ રટણ કરવું તથા નારાયણ ધૂન્ય કરવી*
*ઈત્યાદિક*
*જે જે કરવું તે ભગવાનની મૂર્તિને*
*સંભારીને જ કરવું'*

– ભગવાન સ્વામિનારાયણ

(વચ.ગ.પ્ર.૨૨)

*– સંજય ધર્મેન્દ્રકુમાર કામદાર*

# અનુક્રમણિકા

પૃષ્ઠ ક્રમાંક


| | | |
|---|---|---|
| *પ્રકરણ-૧* | સ્વામિનારાયણ સંપ્રદાય પરિચય | ૦૦૧-૪૮ |
| *પ્રકરણ-૨* | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણવિષયક કવિતા | ૪૯-૧૫૮ |
| *પ્રકરણ-૩* | સ્વામિનારાયણ સંપ્રદાયનું પદ સાહિત્ય અને કૃષ્ણવિષયક પદકવિતા | ૧૫૯-૨૩૦ |
| *પ્રકરણ-૪* | મુક્તાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૨૩૧-૨૮૬ |
| *પ્રકરણ-૫* | બ્રહ્માનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૨૮૭-૩૪૫ |
| *પ્રકરણ-૬* | પ્રેમાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૩૪૬-૪૦૫ |
| *પ્રકરણ-૭* | નિષ્કુળાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૪૦૬-૪૪૬ |
| *પ્રકરણ-૮* | દેવાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૪૪૭-૪૭૧ |
| *પ્રકરણ-૯* | ભૂમાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૪૭૨-૪૯૪ |
| *પ્રકરણ-૧૦* | મંજુકેશાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૪૯૫-૫૨૧ |
| *પ્રકરણ-૧૧* | દયાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ | ૫૨૨-૫૪૦ |
| *પ્રકરણ-૧૨* | ઉપસંહાર | ૫૪૧-૬૧૩ |
| *પરિશિષ્ટ* : સંદર્ભ ગ્રંથ સૂચિ | | ૬૧૪-૬૨૦ |


☆☆☆

# પ્રકરણ-૧
# સ્વામિનારાયણ સંપ્રદાય પરિચય

સ્વામિનારાયણ સંપ્રદાય એ શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયનું સ્વરૂપ છે. સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સનાતન વૈદિક સંપ્રદાય.

## સંપ્રદાય એટલે શું ?

ધૃ–ધારયતિ ઈતિ ધર્મ તે પ્રમાણે જે વ્યક્તિ અને સમજ બંનેનું ધારણ – પોષણ કરે, બંનેનું સુખ – કલ્યાણ સિદ્ધ કરે તેવી માનવીય આચાર–વિચાર યાતો વ્યવહારની નીતિ–રીતિને ધર્મ કહી શકાય.

જયારે સંપ્રદાય એટલે એક આદર્શ મહામાનવ દ્વારા પ્રસ્થાપિત શ્રદ્ધાની અનુકરણીય પ્રણાલિકા (કિશોરલાલ ઘ. મશરૂવાળા અનુગમ શબ્દ પ્રયોજે છે. જૈનાનુગમ, બૌદ્ધાનુગમ વગેરે અને તેની શાખાઓ માટે સંપ્રદાય શબ્દ પ્રયોગ સાધે છે. મહાયાન, હીનયાન વગેરે)

મારી દષ્ટિએ (જીવન વિકાસ કે ઉન્નતિ માટે આવશ્યક બધું) સમ પ્રદાન કરે તે સંપ્રદાય. સંપ્રદાયના સ્થાપક આચાર્ય હોય છે. આચાર્ય એટલે –

"आचिनोति हि शास्त्रार्थानाचारेस्थापयत्यपि ।

स्वयमाचरते यस्मादाचार्यस्तेन चोच्यते ।।"[२]

શાસ્ત્રોના અર્થોનું સાચું અર્થઘટન, સંકલન અને સમન્વય કરીને પોતાના અને શિષ્યોના આચારમાં – વર્તનમાં, તે અર્થોનું સ્થાપન કરે, તે આચાર્ય કહેવાય. આચાર્ય આ કાર્ય સંપ્રદાયનું નિર્માણ કરીને કરે છે.

ધર્મ એ આપણી સમક્ષ સંપ્રદાયો દ્વારા રજૂ થાય છે. સંપ્રદાય એ ધર્મને જીવનમાં ઉતારનારી સંસ્થા છે.

સંપ્રદાય એટલે આત્મા અને પરમાત્માનું સારી રીતે અપાયેલું (પ્રદાત) ગુરુ દ્વારા શિષ્યને જ્ઞાન. સંપ્રદાય એટલે પરમેશ્વર અથવા ઈષ્ટદેવ સંબંધી અમુક ચોક્કસ પ્રકારની સરખી માન્યતા ધરાવતો અને તેને આધારે સમાન ધાર્મિક અને નૈતિક વ્યવહાર આચરતા માનવીઓનો વ્યવસ્થિત બંધારણીય સંઘ કે સમુદાય. આવા સુગ્રથિત અને એકત્રિત જનસંઘમાં દરેકનું શ્રદ્ધાકેન્દ્ર અને માનબિંદુ સમાન હોય છે. સામાન્ય રીતે તેમની આસ્થાનો વિષય, મૂલ્યો તથા જીવનદષ્ટિ પણ એક જ હોય છે. તેના આદિ ગુરુ કે સ્થાપક સંબંધી પૂર્ણતાની માન્યતા હોય છે. વળી, તેમાં કર્મકાંડ, વિવિધ વિધાનો, પૂજા, પ્રાર્થના, સેવા, વ્રતોત્સવ રીતિ વગેરે બાબતોમાં સમાનતા હોય છે. તેમાં દાખલ થવા માટે કે શરણે જવા માટે અમુક પ્રકારનો દીક્ષાવિધિ કે સંસ્કારવિધિ હોય છે. અવતારવાદમાં માન્યતા હોય છે. પરંપરાગત જ્ઞાન અને સંપ્રદાય પ્રસારણ માટે ગુરુ પરંપરાની પદ્ધતિ હોય છે. આમ, સંપ્રદાયનો હેતુ નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોનું પ્રસારણ કરવાનો હોય છે. તેનો હેતુ તેના ક્ષેત્રમાં આવતાં વ્યક્તિ અને સમાજનું પ્રેય અને શ્રેય કરવાનો હોય છે.

## સંપ્રદાય પ્રધાન ભારતીય સંસ્કૃતિ (વિવિધ સંપ્રદાયો) :

હિંદુ ધર્મ વેદો, બ્રહ્મસૂત્રો, ઉપનિષદો, ગીતા, ભાગવત વગેરે પુરાણો, ષડદર્શનો, સ્મૃતિ સાહિત્ય, રામાયણ, મહાભારત, પંચરાત્ર અને શૈવ આગમોમાં નિરુપાયેલો જોવા મળે છે. આના આધારે વિવિધ સંપ્રદાયોનું નિર્માણ થયું છે. વિવિધ ભારતીય સંપ્રદાયોને જુદી જુદી ત્રણ શાખાઓમાં વહેંચી શકાય.[૩]

(૧) વૈષ્ણવ સંપ્રદાયોની શાખા

(૨) શૈવ સંપ્રદાયોની શાખા

(૩) શક્તિ સંપ્રદાય.

આમાંથી વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોનાં મૂળ વેદોમાં જોવા મળે છે. આ બંને વૈદિક સંપ્રદાયો છે. જયારે શક્તિ સંપ્રદાય – શક્તિ પૂજાનું મૂળ વેદોમાં નથી દેખાતું તે મહાભારત કે તેથી થોડા વહેલાં સમયમાં શરૂ થયા હોય એવું લાગે છે.

વૈષ્ણવમાર્ગ વિષ્ણુ, વાસુદેવ કે નારાયણે સ્થાપ્યો છે. શૈવમાર્ગ મહેશ્વર, પરમશિવ કે સદાશિવે સ્થાપ્યો છે. જયારે શક્તિમાર્ગ આદ્યશક્તિ શ્રી (દેવી) ની પ્રેરણાથી અગસ્ત્ય, દુર્વાસા અને દત્તાત્રયે પ્રર્વતાવ્યો છે.

વૈષ્ણવમાર્ગમાં રામાનુજાચાર્ય પ્રણીત શ્રીસંપ્રદાય, નિમ્બાકાચાર્ય પ્રણીત સનક સંપ્રદાય, મધ્વાચાર્ય પ્રણીત સદ્સંપ્રદાય, વલ્લભાચાર્ય પ્રણીત પુષ્ટિ સંપ્રદાય, ચૈતન્ય પ્રણીત ગૌડીયવૈષ્ણવ સંપ્રદાય, રામાનંદાચાર્ય પ્રણીત શ્રી (જાનકી) સંપ્રદાય, હિત હરિવંશજી પ્રણીત રાધાવલ્લભી સંપ્રદાય છે.[૪]

શૈવ માર્ગમાં કાડિન્ય અને હરદત્ત પ્રણીત પાશુપત શૈવ સંપ્રદાય, માધવ પ્રણીત દ્રાવિડી શૈવ સંપ્રદાય, વસુગુપ્ત અને કલ્લટ પ્રણીત કાશ્મિરી શૈવ સંપ્રદાય કહેતા – પ્રત્યભિજ્ઞ સંપ્રદાય અને બસવ અને શ્રીપતિ પંડિત પ્રણીત વીરશૈવ કહેતા લિંગાયત સંપ્રદાય છે.[૫]

શક્તિ માર્ગમાં શ્રીવિદ્યા પ્રવર્તક શ્રીકુલ શક્તિ સંપ્રદાય અને કાલીકુલ શક્તિ સંપ્રદાય મુખ્ય છે.[૬]

અદ્વૈત વેદાંતના પ્રવર્તક શ્રી શંકરાચાર્ય પૌરાણિક સ્માર્ત સંપ્રદાયનાં પ્રવર્તક હતાં. તેમણે શિવ અને નારાયણ (હરિ) બંનેને માન્ય રાખ્યાં છે. બંનેની સ્તુતિ કરતાં સ્તોત્રો રચ્યાં છે. બંનેને બ્રહ્મસ્વરૂપ ગણ્યાં છે.

ડૉ. આર.જી. ભાંડારકરે નોંધ્યું છે તેમ ખરી રીતે તો પ્રાચીનકાળના તથા મધ્યકાળના હિન્દુઓનો મોટોભાગ વિષ્ણુમંદિરોમાં જતો, શિવમંદિરોમાં જતો અને સૂર્યને પણ નમતો. વિષ્ણુ અને શિવ બંનેને ભજનાર આવો વર્ગ દક્ષિણમાં સ્માર્ત તરીકે ઓળખાય છે. સ્માર્તો, વિષ્ણુભક્તિની અવિરોધી એવી સાદી શિવભક્તિ કરવામાં માને છે. તેઓ તાંત્રિક ક્રિયા વગરની શુદ્ધ વૈદિક ભક્તિથી પોતાના ઘરમાં શિવને ભજે છે.

## શ્રી સહજાનંદ સ્વામી : આદર્શ વ્યક્તિત્વ–મહામાનવ–યુગમૂર્તિ :

૩ એપ્રિલ, ૧૭૮૧ને રામનવમીના માંગલિક દિવસે ઉત્તર ભારતમાં છપૈયા ગામે (અયોધ્યા નજીક) તેઓ પ્રગટ થયાં, બાલ્યકાળમાં જ તેઓએ પોતાની વિભૂતિ–પ્રતિભા

પ્રગટકરી. ૭ વર્ષની ઉંમરે અભ્યાસ કરીને તેઓએ વેદો, ઉષનિષદો, પુરાણો, તથા દર્શનો પર પૂર્ણ અધિકાર પ્રાપ્ત કર્યો. ૧૦ વર્ષની ઉંમરે બનારસની એક વિદ્વદ્સભામાં તેમણે વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કર્યું. ૧૧ વર્ષની કિશોરવયે ગૃહત્યાગ કરીને કઠોર તપશ્ચર્યા કરતાં અખિલ ભારત પદયાત્રા કરી, અંતે ગુજરાતમાં સ્થાયી બન્યાં.

૨૧ વર્ષની ઉંમરે આધ્યાત્મિક ધર્મધુરા સંભાળી યુગપરિવર્તનનું કાર્ય આરંભ્યું. તેમના મેધાવી, આર્ષદષ્ટા, સંમોહક દિવ્ય વ્યક્તિત્વથી તમામ ક્ષેત્રના મૂર્ધન્ય લોકો આકર્ષાયા અને તેમના અનુયાયી બન્યાં. લાખો લોકોએ તેમની પરબ્રહ્મના સ્વરૂપે ઉપાસના કરી. તેમણે દલિતો, ગરીબો, પછાતો તથા પ્રાણીઓ તરફ પૂર્ણ લક્ષ આપીને માનવમાત્રની આધ્યાત્મિક સમાનતા પ્રર્વતાવી. પોતાના સેંકડો સમર્પિત સાધુ શિષ્યો દ્વારા તેમણે સામાજિક ક્રાંતિ કરી. એ વખતના રાજકીય–નૈતિક–સામાજિક રીતે મૃતઃપાય સમાજને એમણે સજીવન કર્યો. પ્રેમ અને અહિંસાના શસ્ત્રોથી સમાજને વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો વગેરેમાંથી મુક્ત કર્યા. કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય તેમણે સૌ કોઈને આવકાર્યા અને મોક્ષ પ્રાપ્તિનાં અધિકારી કર્યા. છ શિખરબદ્ધ મંદિરો, અનેક સંસ્કાર કેન્દ્રો, વચનામૃત તથા શિક્ષાપત્રી જેવાં અદ્વિતીય ધર્મગ્રંથો અને લાખો સંતો – હરિભક્તોના સમાજની પૃથ્વી પર ભેટ ધરીને તેમણે ૪૯ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો. એ સર્વોપરી ભગવાને વચન આપ્યું કે પોતાની બ્રહ્મસ્વરૂપ સંતપરંપરા દ્વારા પોતે પૃથ્વી પર સદૈવ પ્રગટ રહેશે.

## સ્વામિનારાયણ સંપ્રદાય – હિંદુ ધર્મનું આદર્શ સ્વરૂપ :

સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સનાતન વૈદિક સંપ્રદાય. તે ચાર વેદો, ઉપનિષદો, સ્મૃતિ, પુરાણો, આગમો અને ઇતિહાસને માન્ય ગણે છે. દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્ય યજ્ઞ અને બ્રહ્મયજ્ઞ એ પાંચ મહાયજ્ઞો અને સોળ સંસ્કારો તેને માન્ય છે. ચાર વર્ણો અને આશ્રમો સ્વીકાર્યા છે. સ્મૃતિઓમાં કહેલ સદાચાર અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – એ ચારેય પુરુષાર્થની સિદ્ધિ શ્રીજીમહારાજે તેમની 'શિક્ષાપત્રી' માં સમાવી લીધી છે.કર્મ અને પુનર્જન્મનો હિંદુ સિદ્ધાંત તેમણે સ્વીકાર્યો છે. અવતારવાદ અને ચોવીસ અવતારો

તેમને માન્ય છે. વેદકથિત પંચાયતન કહેતા વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્યને માન્યદેવો ગણ્યાં છે. વેદવિહિત અહિંસામય યજ્ઞો તેમણે કર્યા છે અને ઉપદેશ્યા છે. મોક્ષમાર્ગમાં ગુરુની આવશ્યકતા તેઓ સ્વીકારે છે. વિવિધ હિંદુ સંપ્રદાયોની જેમ તેમણે પણ પરમેશ્વર, જગત, જીવ, બંધ અને મોક્ષની મીમાંસા કરી, મૌલિક અને સ્વતંત્ર દર્શન રચ્યું છે. આમ, સ્વામિનારાયણ સંપ્રદાય એ સનાતન હિંદુધર્મનું જ આદર્શ સ્વરૂપ છે.

## સમન્વયનો સંપ્રદાય :

શ્રી સહજાનંદ સ્વામીએ તેમના ધર્મદર્શનમાં 'સારું તે મારું' નો સિદ્ધાંત રાખી પૂર્વાચાર્યોમાંથી શુભ તત્ત્વો લઈ સુંદર સમન્વયાત્મક ધર્મદર્શન આપ્યું છે. તેમણે શ્રી રામાનુજાચાર્યે પ્રર્વતાવેલ વિશિષ્ટાદ્વૈતવાદને ઈષ્ટ ગણ્યો છે. તેમાંથી મુખ્યત્વે પરમાત્માનું પરપણું, સદા–સગુણ–સાકારપણું, શરીર–શરીરીનો સદાનો અપૃથક સિદ્ધ સંબંધ જેવા કેટલાંક સિદ્ધાંતો સ્વીકાર્યા છે. શંકરાચાર્ય પ્રણીત વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત અને મુમુક્ષુત્વ, એ સાધન ચતુષ્ટયને પોતાના 'વેદરસ' ગ્રંથમાં સ્થાન આપ્યું છે. મોક્ષ માટે બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા તથા જીવન મુક્તિ અને વિદેહ મુક્તિના વિચારને અપનાવ્યો છે. શંકરાચાર્યે સ્થાપી છે તેવી વ્યવસ્થિત ગુરુપરંપરા કેટલાંક ફેરફાર સાથે પોતાના સંપ્રદાયમાં સ્થાપી છે. વિવિધ વૈષ્ણવાચાર્યો અને કેટલાક શૈવસંપ્રદાયોની જેમ ભક્તિને જ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે ગણ્યું છે અને મોક્ષ પરમેશ્વરની કૃપા–અનુગ્રહથી જ થાય છે, તેમ સ્વીકાર્યું છે.

રામાનુજ અને રામાનંદે ઉપદેશેલ વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ વગેરે સાધન સપ્તક તથા શરણાગતભક્તે કેળવવાની પાંચ પ્રકારની રૂચિ (જેવી કે ભગવાનને ગમતાનો વિચાર, ન ગમતી વસ્તુઓનો ત્યાગ, રક્ષક ભગવાન જ છે તેવો દઢ વિશ્વાસ – આશરો, આત્મસમર્પણ અને કાર્પણ્ય કહેતા ગર્વત્યાગ કરી નિર્માની થઈ પ્રભુને આધીન રહેવું) વગેરે તેમના 'વચનામૃત' માં એક યા બીજી રીતે સમાવી લીધાં છે. રામાનુજે કહી છે એવી પરમેશ્વરમાં તૈલધારા વૃત્તિ રાખવાની વાત શ્રીજી મહારાજે સ્વીકારી છે.

રામાનુજ, રામાનંદ, મધ્વ અને શૈવ સંપ્રદાયોમાં કહ્યો એવો દાસ્યભક્તિનો આદર્શ સ્વીકાર્યો છે.

રામાનુજ, નિમ્બાર્ક,  રામાનંદ, મધ્વ, વલ્લભ, ચૈતન્ય, હિતહરિવંશ, પાશુપત અને શૈવ સિદ્ધાંતમાં કહ્યો એવો ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનો સિદ્ધાંત તેમણે માન્ય રાખ્યો છે. તેઓની જેમ ભગવાન એકલા હોય તો પણ તેના ઉત્તમ ભક્ત અદશ્યરૂપે સાથે જ છે, એમ સ્વીકાર્યુ છે. નિમ્બાર્કે પ્રચલિત કરેલી પ્રેમલક્ષણા ભક્તિ તેમણે સ્વીકારી છે.

નિમ્બાર્ક અને વલ્લભે આપેલું ગાયનવિદ્યાનું અને સંગીતનું સ્થાન ભગવાનને રાજી કરવાના સાધનરૂપે સ્વીકાર્યુ છે.

શ્રીજી મહારાજેપ્રપત્તિ (શરણાગતિ) નું સ્થાન મધ્વાચાર્યે આપેલ શરણાગતિના સ્થાન જેવું જ સ્વીકાર્યુ છે. ભગવાન રાજી કરવા ઈચ્છનારે શરણે જવું પડે છે; પરંતુ શરણે ગયા પછી ભક્તે કાંઈ સાધન કરવાના નહિ, તેમ નથી. શરણે ગયા પછી પણ ભગવાનની પ્રસન્નતા માટેનાં બધાંજ સાધન કરવા પડે છે. જયારે તેમના કહેલ નિયમ–ધર્મ પાળીએ છીએ ત્યારે જ પરમેશ્વરની કૃપા જીવ ઉપર ઉતરે છે. આવો મધ્વાચાર્યને મળતો સિદ્ધાંત શ્રીજીમહારાજે સ્વીકાર્યો છે.

વલ્લભ સંપ્રદાયે વર્ણવેલી આત્મનિવેદી પૂજા–સેવા–રીતિ અને માનસીપૂજાવિધિ શ્રીજી મહારાજે સ્વીકારી છે. વલ્લભાચાર્યના પુત્રશ્રી વિઠ્ઠલનાથજીએ કરેલ વ્રતો અને ઉત્સવોનો નિર્ણય તથા હિંડોળા, ફુલદોલ ઈત્યાદિ ઉત્સવોની રીતિ શ્રી સ્વામિનારાયણે સ્વીકારી છે.

ચૈતન્યએ પ્રચલિત કરેલી હરિકીર્તન ભક્તિ તેમણે પણ ઉપદેશી છે.

સર્વ વૈષ્ણવો, શૈવ, સ્માર્ત અને શક્તિસંપ્રદાયોએ આપેલું ગુરુનું સ્થાન અને ગુરુમહિમા તેમણે સ્વીકારીને પોતાની આગવી રીતે, ગુરુના વર્તનની શુદ્ધિ પર ભાર મૂકીને, પ્રવર્તાવ્યો છે. વૈષ્ણવ સંપ્રદાયોની જેમ કપાળમાં તિલક તથા અંગો પર (પૂજા વખતે કરવાનાં) તિલક ચિહ્નો અને ગળામાં તુલસીમાળા ધારણ કરવાની પ્રથા તેમણે સ્વીકારી છે.

જેમ શૈવ સંપ્રદાયોએ ત્રિકાળ સંધ્યા પર ભાર મૂકયો છે, તેવી રીતે શ્રીજી મહારાજે પાંચ ટાણાંની માનસી પૂજા પર ભાર મૂકયો છે.

વૈષ્ણવ સંપ્રદાયોની જેમ સમયે સમયે આરતી અને ઠાકોરજીનાં દર્શન તથા ઠાકોરજીને વસ્ત્રાભૂષણો, અલંકારો, નૈવેદ્ય, વગેરે ધરાવવાનો વિધિ સેવા ભક્તિનું જ સ્વરૂપ ગણી અપનાવ્યો છે. રામનુજ, રામનંદ, અને મધ્વએ ઉપદેશેલ દઢ શ્રદ્ધા તથા વલ્લભ અને ચૈતન્યએ ઉપદેશેલ આશરો અને નિષ્ઠાનું તત્ત્વ તેમણે સ્વીકાર્યુ છે.

આમ, સ્વામિનારાયણીય ધર્મદર્શનમાં સર્વસંપ્રદાયોનાં શુભ તત્ત્વોનો સુંદર સમન્વય દષ્ટિગોચર થાય છે.

## શ્રી સ્વામિનારાયણીય ધર્મ–તત્ત્વદર્શનની વિશેષતા :

શ્રી સહજાનંદ સ્વામીએ ચાર વેદો, શ્રીમદ્‌ભાગવત, વિષ્ણુસહસ્રનામ, ભગવદ્‌ગીતા, વિદૂરનીતિ, વિષ્ણુખંડમાં કહેલું વાસુદેવ માહાત્મ્ય મિતાક્ષરી ટીકા સાથે યાજ્ઞવલ્કય સ્મૃતિ અને રામાનુજનું વ્યાસસૂત્રો પરનું શ્રીભાષ્ય પ્રમાણ ગણ્યાં છે.

શ્રીજી મહાજ કહે છે, 'આ વાર્તા જે અમે કરી છે, તે વેદ, શાસ્ત્ર, પુરાણ, આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દમાત્રછે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનો સાર કાઢીને કરી છે, તે પરમ રહસ્ય છે ને સારનો પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે અને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યાં છે, તે સર્વેને આ વાર્તા જીવનદોરીરૂપ છે.[૭]

'આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે. આ જે મેં તમને વાત કહી છે તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કરી છે.'[૮]

'આ વાત છે તેને સમજીને તે પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે.'[૯]

આમ, તેમણે શબ્દ અને અનુભવ એ બંને પ્રમાણો પર આધારિત ધર્મદર્શન આપ્યું છે. આવા શ્રદ્ધાના રણકા સાથેના અનુભવ–મૂલક શબ્દો એ શ્રી સ્વામિનારાયણની વિશેષતા છે.

## સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન અને ધર્મ :

દરેક હિંદુ સંપ્રદાયે પરમેશ્વર, જગત, જીવ, બંધ અને મોક્ષ આ વિષયો ચર્ચ્યા છે.

શ્રી સહજાનંદ સ્વામીના મત પ્રમાણે પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, માયા (પ્રકૃતિ), ઈશ્વર અને જીવો આ પાંચ અનાદિ તત્ત્વો છે. આવી પંચભેદની શાસ્ત્રોને આધારે સ્પષ્ટ વાત અપૂર્વ છે. પરબ્રહ્મ એ સર્વોચ્ચ તત્ત્વ છે. તે સદા સગુણ, સાકાર, કર્તા, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને પ્રગટ છે. તે એક અને અદ્વિતીય છે. અક્ષરબ્રહ્મ તેના અનાદિ ઉત્તમ ભક્ત છે તે મૂર્તિમાનરૂપે પરબ્રહ્મની સેવામાં છે અને ધામરૂપે અનંત મુક્તોને ધારી રહ્યાં છે. અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે. માયા (પ્રકૃતિ) માંથી જગત ઉત્પન્ન થયું છે. જગત સત્ય છે પણ દુઃખરૂપ અને નાશવંત છે, અગ્નિ, વરુણ, વાયુ, ઈન્દ્ર, ચંદ્ર, બ્રહ્માદિથી લઈને વૈરાજપુરુષ પર્યંત સર્વ ઈશ્વરો મહામાયાથી બદ્ધ છે. ઈશ્વરો પણ અનંત અને એકબીજાથી ભિન્ન છે. તેમને પણ પરબ્રહ્મની ઉપાસના રહે છે. જીવો અનાદિ છે, અનંત છે, બદ્ધ છે અને એકબીજાથી ભિન્ન છે. આમ, પાંચ તત્ત્વોનું નિરૂપણ કરી શ્રી સહજાનંદ સ્વામીએ તત્ત્વજ્ઞાનમાં નવો ચીલો પાડયો છે.

### ૧. અક્ષરબ્રહ્મ વિચાર :

કેટલાય શૈવ સંપ્રદાયો તથા શક્તિસંપ્રદાય, શ્રી કહેતાં શક્તિ (દેવી)ને અક્ષર કહે છે. રામાનુજ અને મધ્વએ 'શ્રી' કહેતાં લક્ષ્મીને અક્ષર ગણી છે. વલ્લભાચાર્યે અક્ષર તત્ત્વની વાત તત્ત્વજ્ઞાનમાં પ્રથમ આણી છે. વલ્લભાચાર્ય કહે છે કે 'અક્ષર એ પુરુષોત્તમનું ધામ છે. તે પુરુષોત્તમના ચરણરૂપ છે, તેઅક્ષર તત્ત્વને જ્ઞાનીઓ પામે છે, પણ ભક્ત તો તેથી અધિક પુરુષોત્તમને પામે છે. આ અક્ષર એ પરબ્રહ્મ પરમાત્માનું જ એક રૂપ છે; કારણ કે પરબ્રહ્મ પરમાત્માના ત્રણ રૂપો છે. આધિ–દૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક. સચ્ચિદાનંદ બ્રહ્મ એ આધિદૈવિક રૂપ છે. અક્ષરબ્રહ્મ એ આધ્યાત્મિક રૂપ છે

અને લક્ષ્મીપતિ નારાયણ (શ્રી કૃષ્ણ) એ આધિભૌતિક રૂપ છે. ત્રણે રૂપો વસ્તુતઃ અભિન્ન છે.આમાંથી અક્ષરરૂપ જ્ઞાનીને પ્રાપ્ત થાય છે. આધિભૌતિક ભક્તને પ્રાપ્ત થાય છે. આ અક્ષરબ્રહ્મમાંથી અગ્નિમાંથી તણખા નીળે એમ જીવો નીકળે છે.

આમ (શ્રી) વલ્લભાચાર્યને અક્ષર તત્ત્વનો વિચાર મળ્યો પણ તેનું સ્થાન અને ભેદ કળાયા નહીં. જ્યારે શ્રીજી મહારાજે અક્ષરબ્રહ્મનો ભેદ જુદો પાડયો. તેને જીવ, ઈશ્વર, માયાથી પર, પરંતુ પરબ્રહ્મથી ભિન્ન, નિમ્ન, તેના સેવકરૂપે તથા ધામરૂપે, શ્રુતિઓને આધારે બતાવ્યા છે. અક્ષર એ માયા (પ્રકૃતિ – અવિદ્યા)થી પર છે, કારણ કે શ્રુતિઓ અક્ષરને तमसः पश्चात् (અવિદ્યા અંધકારરૂપી માયાથી પર) કહે છે. ગીતા પરબ્રહ્મ પુરુષોત્તમને ક્ષર અને અક્ષરથી પર કહે છે. ક્ષર એટલે જીવો અને ઈશ્વરો જેને અનુક્રમે માયા અને મહામાયા વળગેલી છે, જ્યારે અક્ષર માયાથી પર, ત્રિગુણાતીત અમાયિક તત્ત્વ છે. માયા કહેતાં પ્રકૃતિને સંકોચ વિકાસ છે, જ્યારે અક્ષરને ગીતામાં તટસ્થ અને અવિકારી કહ્યાં છે. વળી, પરબ્રહ્મ–પુરુષોત્તમને 'अक्षरादपि चोत्तमः' તથા 'अक्षरात् तु अन्यः' કહ્યાં છે. આમ, અક્ષરબ્રહ્મ એ જીવ, ઈશ્વર અને માયાથી પર છે અને તેમનું કારણ અને આધાર છે; પરંતુ તે પરબ્રહ્મથી નિમ્ન છે. તે એકરસ દિવ્ય ચૈતન્ય તેજોમય ધામ છે અને તે જ અક્ષર મૂર્તિમાન સ્વરૂપે આદર્શ ભક્તરૂપે પુરુષોત્તમ નારાયણની સેવામાં અખંડ હોય છે. આ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે નિત્ય અવિયોગી સંબંધ છે.

પાશુપત સંપ્રદાય, શૈવ સિદ્ધાંત અને વીરશૈવ સંપ્રદાયો માને છે કે શિવ (પતિ) હંમેશાં પોતાની શક્તિ (શ્રી–દેવી) સાથે જ દરેકના હૃદયમાં સાક્ષીરૂપે રહે છે. તે જ પ્રમાણે રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ, વલ્લભ અને ચૈતન્ય એ બધા નારાયણને લક્ષ્મી સહિત દરેક હૃદયમાં વિરાજે છે, એમ માને છે. શ્રીજી મહારાજ પણ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેના અપૃથક સંબંધને આધારે કહે છે કે આ બંને સ્વરૂપો સાથે જ જીવ, ઈશ્વર, વિરાટ પર્યન્ત સર્વના હૃદયમાં બિરાજે છે અને સર્વવ્યાપી છે. પરંતુ અક્ષરબ્રહ્મ એ જીવ, ઈશ્વર અને માયાનું કારણ અને આધાર છે, છતાં પરબ્રહ્મ એ અક્ષરના પણ સ્વામી છે અને ધારે તો અક્ષરબ્રહ્મને પણ પોતાને વિષે લીન કરવાને સમર્થ છે. તેવી વાત તો શ્રીજી મહારાજે જ

કરી છે. આમ, અક્ષરબ્રહ્મને સ્વતંત્ર અને ભિન્ન તત્ત્વરૂપે દર્શાવીને શ્રીજી મહારાજે તત્ત્વજ્ઞાનમાં મૌલિક પ્રદાન કર્યું છે.

વિવિધ શૈવ સંપ્રદાયો, શક્તિ સંપ્રદાયો અને વૈષ્ણવ સંપ્રદાયો માને છે કે 'ભગવાન જયારે અવતાર ધારણ કરી પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે દ્વિભુજ હોય છે અને ધામમાં વિરાજતી મૂર્તિ ચતુર્ભુજ, અષ્ટભુજ કે અનંતભુજ હોય છે. શ્રીજીમહારાજે સ્પષ્ટ કહ્યું છે કે ધામની મૂર્તિ અને આ મૂર્તિમાંકાંઈ ફેર નથી. ધામની મૂર્તિ જેમ દિવ્ય, અમાયિક ને ગુણાતીત છે, તેમ પ્રત્યક્ષ મૂર્તિ પણ દિવ્ય, અમાયિક ને ગુણાતીત છે. જેમ અહીં પ્રત્યક્ષ મૂર્તિ દ્વિચરણ, દ્વિભુજ ને મનુષ્યાકૃતિ છે તેવી જ ધામની મૂર્તિ છે. ધામની મૂર્તિ સદા કિશોર, અતિમનોહર, અતિતેજોમય છે. આમ, તેમની વિચારસરણી વધુ બુદ્ધિગમ્ય છે.

**૨. અક્ષરધામ : પરમધામ**

ભગવાનનાં ધામ જેવાં કે કૈલાસ, વૈકુંઠ, ગોલોક આદિ અજડ દ્રવ્ય અથવા શુદ્ધ સત્ત્વનાં બનેલાં છે, એવી માન્યતા જુદા જુદા શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોની છે. ધામમાં ભગવાનનાં દિવ્ય આભૂષણો, આયુધો, ચાકરો, માર્ગો, ગૃહો–દ્વારો, મંડપો, મણિરત્નો, રથો, નદી, ગાયો વગેરે સર્વે આવાં શુદ્ધ સત્ત્વાત્મક દ્રવ્યનાં બનેલાં છે. આવાં વર્ણનોમાં અહીંના પ્રાકૃતિક ભોગ–પદાર્થોની જેમ ત્યાં અપ્રાકૃત ભોગ–પદાર્થો જોવા મળે છે. ટૂંકમાં, આ ધામોમાં માયાનો ભાવ જોવા મળે છે. તદ્‌ઉપરાંત ધામમાં સ્ત્રી–પુરુષોનો આકારભેદ પણ રહે છે. તેમજ આ ધામોને પરિમાણ છે. તેનાં સ્થળો અને યોજનમાં વિસ્તાર બતાવવામાં આવ્યા છે.તેથી તે ધામો સ્થળ–કાળ મર્યાદાવાળાં જણાય છે. વળી, લક્ષ્મી અથવા દેવી અને ભગવાનનાં સ્વરૂપનાં જુદાં જુદાં વર્ણનોજોવા મળે છે. આ બાબતમાં તદ્દન સ્વતંત્ર અને ક્રાંતિકારી, માયાપ્રકૃતિના ભાવથી રહિત વિચાર શ્રીજી મહારાજે આપ્યો છે.

ધામરૂપે અક્ષરબ્રહ્મ એકરસ ચૈતન્ય છે; સચ્ચિદાનંદ છે. એ તેજોમય અને અધો–ઉર્ધ્વ અને પ્રમાણે રહિત છે, ગુણાતીત છે,માયા પ્રકૃતિથી પર છે. આમ, અક્ષરધામ સ્થળકાળથી પર છે. ધામમાં પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને મુક્તોના દેહ ચૈતન્યમય ભાગવતી તનુ છે. સર્વના આકાર પુરુષોત્તમ જેવા છે. જેથી સર્વત્ર પુરુષોત્તમ જ દેખાય છે. ધામમાં

સ્ત્રી–પુરુષ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા, ત્રણ દેહ કે એવા કોઈ ભાવ કે ભેદ જ નથી. નથી ભોગવિલાસ કે અપ્રાકૃત વિષયો. સર્વ મુક્તો અને અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમના ધ્યાનમાં રત હોય છે.

આમ, અક્ષરધામની પ્રાપ્તિ એ સાચા અર્થમાં પરમપદની પ્રાપ્તિ છે. આમ, શ્રીજીમહારાજ આ બાબતમાં પણ સૌથી અલગ, મૌલિક અને તત્ત્વજ્ઞાનની દષ્ટિએ બુદ્ધિગમ્ય વિચાર રજૂ કરે છે. આ વિચારની પ્રતીતિ તે તે સંપ્રદાયની ઉપાસના તપાસવાથી થશે. શૈવ સંપ્રદાયોમાં પરમશિવ(મહેશ્વર)ની તેની શક્તિ (શ્રી–દેવી) સાથે ઉપાસના થાય છે. રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય લક્ષ્મીએ સહિત નારાયણનું ધ્યાન ઉદ્‌બોધે છે. નિમ્બાર્ક, વલ્લભ, ચૈતન્ય અને હિત–હરિવંશીજી, રાધાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવાનું કહે છે. રામાનંદાચાર્ય સીતાએ સહિત રામનું ધ્યાન કરવા કહે છે. આ દરેકમાં સ્ત્રી અને પુરુષભાવ ધ્યાનમાં પણ રહે છે. જયારે સ્વામીએ સહિત નારાયણ કહેતાંઅક્ષરબ્રહ્મ સહિત પરબ્રહ્મની ઉપાસનામાં તો ગુણાતીત અક્ષરબ્રહ્મરૂપ થઈ કેવળ પરબ્રહ્મ–પુરુષોત્તમનું ધ્યાન કરવાનું રહે છે. આપણી ઉપાસનામાં સ્ત્રી–પુરુષનો ભાવ રહેતો નથી, કારણ પરબ્રહ્મ એ સદા દિવ્ય કિશોર મૂર્તિ છે. આમ, વિશુદ્ધ ઉપાસનાની વાત સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ જોવા મળે છે.

### ૩. ઉપાસનાનો નવો અર્થ

અન્ય સર્વે સંપ્રદાયોમાં 'ઉપાસના' શબ્દને ધ્યાન અને ભક્તિના અર્થમાં વાપર્યો છે. જયારે શ્રીજી મહારાજે તો 'ઉપાસના' એટલે બ્રહ્મ અને પરબ્રહ્મના સદાસાકાર સ્વરૂપને યથાર્થપણે જાણીને, બ્રહ્મરૂપ થઈને દઢ અવિચળ નિશ્ચયપૂર્વક કરવામાં આવતી સેવાભક્તિ એવો અર્થ કર્યો છે. આમ, 'ઉપાસના' શબ્દ ભક્તિ માટે આવશ્યક એવો યથાર્થજ્ઞાન, અવિચળ નિશ્ચય અને વિશ્વાસ તથા ભક્તિ એ ત્રણે અંગોને આવરી લે છે. આ ઉપાસના દરેકે દઢીભૂત કરવાની છે, તેમ તેઓ ઉપદેશે છે.

## ભક્તિનું સ્વરૂપ : વિવિધ સંપ્રદાયોમાં

શંકરાચાર્ય અને કાશ્મીરી શૈવ સંપ્રદાય પરમતત્ત્વના જ્ઞાનથી મોક્ષ મળે છે તેમ પ્રતિપાદન કરે છે. જો કે શંકરાચાર્યે, શ્રીજીમહારાજે કહ્યું છે તેમ, જીવમાં નાસ્તિકભાવ ન આવે તે માટે ભક્તિ ઉપદેશી છે. આ વાત શંકરાચાર્ય રચિત 'વિવેક ચુડામણિ'ના શ્લોક દ્વારા : 'मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी' શબ્દો દ્વારા સ્પષ્ટ થાય છે.

પાશુપાત શૈવ, દ્રાવિડી શૈવ સિદ્ધાંત અને વીર શૈવ સંપ્રદાય તથા શાકત સંપ્રદાય અને તેવી જ રીતે વૈષ્ણવ સંપ્રદાયો ભક્તિ દ્વારા મોક્ષ મળે છે, તેમ પ્રતિપાદન કરે છે. આ બધા જ સંપ્રદાયો ભક્તિને જ મોક્ષનું સાચું અને અચૂક સાધન ગણે છે. જ્ઞાનને ભક્તિનો પર્યાય અથવા ભક્તિ દઢીભૂત કરનાર સાધન તરીકે ગણે છે.

રામાનુજ અને રામાનંદાચાર્ય ઉપાસના (ધ્યાન) પ્રધાન દાસ્યભક્તિ ઉપદેશે છે, પરંતુ ભક્તિ કરતાં પ્રપત્તિ (શરણાગતિ)ની મહત્તા વધારે કહે છે. નિમ્બાર્ક શ્રીકૃષ્ણને પતિભાવે ભજવાની વાત કરે છે. તેમની ભક્તિ પ્રેમલક્ષણા છે. મધ્વ પણ ઉપાસના (ધ્યાન) પ્રધાન હનુમનાજી જેવી દાસ્યભક્તિનું પ્રતિપાદન કરે છે.

હિત–હરિવંશીજી અને વલ્લભાચાર્ય શૃંગારરસયુકત પતિવ્રતાભક્તિ ઉપદેશે છે. ભગવાનનાં અનુગ્રહને લીધે કરવામાં આવતી આવી રસિકભક્તિને તેઓ પુષ્ટિભક્તિ તરીકે વર્ણવે છે. જયારે ચૈતન્ય તો શૃંગારરસની હદે જઈ મધુરભક્તિ ઉપદેશે છે. જેમાં શ્રીકૃષ્ણને ઉપપતિ કહેતાં જારભાવે ભજવાના રહે છે. શ્રી વિઠ્ઠલનાથજીએ કહ્યું છે : 'જે માર્ગમાં સ્ત્રીઓ–ગોપીઓ સાથે રાસક્રીડા ખેલતાં શ્રીકૃષ્ણ સેવ્ય મનાય છે, તે દેવની શૃંગારક્રીડાઓનું શ્રવણ–કીર્તન એ ભક્તિ ગણાય છે. સ્ત્રીઓ ઊંચામાં ઊંચી શુદ્ધ પુષ્ટિભક્તિની ખાસ અધિકારી ગણાય છે.[૧૦] આવી શૃંગારભક્તિ અને રસિકભક્તિના ભયસ્થાનની સૌ કોઈએ નોંધ લીધી છે. શ્રી ડી.કે.શાસ્ત્રી કહે છે : 'શૃંગારભક્તિનું મોટું ભયસ્થાન એ છે કે એમાંથી ભક્તિભાગનો ત્યાગ થઈ જઈને શૃંગાર બાકી રહે છે તથા ભક્તિની ઢાલ આડી હોવાથી આ અનિયંત્રિત શૃંગાર ઘણી વાર અવળે રસ્તે પણ ઊતરી પડે છે.

શ્રીજી મહારાજે પણ આવી રસિકભક્તિ સામે લાલબત્તી ધરી છે. 'ભગવાનના રસિક કીર્તન ગાતાં ગાતાં જો એક ભગવાનના સ્વરૂપમાં જ રસ જણાય તો ઠીક છે અને જો ભગવાનના સ્વરૂપ વિના બીજે ઠેકાણે રસ જણાય તો તો એમાં મોટી ખોટ છે અને રસિક ભક્ત થઈને જેમ ભગવાન સંબંધી વિષયને યોગે કરીને આનંદ પામે છે તેમજ અન્ય સંબંધી જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તેને યોગે કરીને આનંદ પામે છે, તો એ ખોટી રસિક ભક્ત છે. કેમ જે જેમ ભગવાનને વિષે આનંદને પામ્યો તેમજ વિષયને વિષે પણ આનંદ પામ્યો. માટે એવા રસિકપણાને અને એવી ઉપાસનાને ખોટી કરી નાંખવી, કાં જે ભગવાન કાંઈ ખોટા નથી, પણ એનો ભાવ ખોટો છે.'[૧૧]

શૈવ સંપ્રદાયોમાં અને ચૈતન્યનાં સંપ્રદાયમાં ભગવાનને વિષે પ્રીતિ અથવા અનુરાગને ભક્તિ કહી છે. રામાનુજ અને નિમ્બાર્કે ભગવાનને વિષે અતિશય પ્રેમ અને અખંડ ભગવદ્ સ્મરણને ભક્તિ કહી છે. મધ્વ, વલ્લભ અને શ્રીજીમહારાજે તો માહાત્મ્યજ્ઞાને યુકત અતિશય સ્નેહને ભક્તિ કહી છે. છતાં આપણે મધ્વ અને વલ્લભથી જુદા પડીએ છીએ, કારણ કે વલ્લભાચાર્યે કહ્યું છે, 'છતાં પુષ્ટિભક્તોને માહાત્મ્યજ્ઞાનની જરૂર નથી. તેઓ માટે જેમ જેમ મોહની અધિકતા તેમ તેમ પુષ્ટિમાર્ગમાં ભાવની પ્રચુરતા હોય, એમ જાણવું.'[૧૨]

આમ, વલ્લભ સંપ્રદાયમાં માહાત્મ્યજ્ઞાનયુકત ભક્તિની વાત કરાઈ છે; પણ માહાત્મ્યજ્ઞાનની આવશ્યકતા સૌ માટે સ્વીકારાઈ નથી. તેમના માર્ગમાં શ્રીહરિનો અનુગ્રહ જ સર્વસ્વ ગણાય છે.

મધ્વ સંપ્રદાયમાં માહાત્મ્યજ્ઞાન એટલે ભગવાનનાં ગુણો અને ઐશ્વર્યનું જ્ઞાન પ્રાપ્ત કરી ભક્તિ કરવી, એમ અર્થ થાય છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સત્તા–ગુણ–ઐશ્વર્યના જ્ઞાન ઉપરાંત પરબ્રહ્મ ભગવાનનું માહાત્મ્ય જે અક્ષર, તેના સ્વરૂપનું અને તેથી પર પરબ્રહ્મના સદા સાકાર, સગુણ, સર્વોપરી, દિવ્યપણાનું, કહેતાં ભક્તે સહિત ભગવાનના સ્વરૂપનું યથાર્થજ્ઞાન ધારીને સ્નેહ કરવો, તે માહાત્મ્યજ્ઞાનયુકત ભક્તિ છે. વળી, આ ભક્તિને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યથી પુષ્ટકરી એકાંકિત ભાવે પરબ્રહ્મની ઉપાસના કરવાનું કહ્યું છે એ સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા છે.

## સ્વામિનારાયણી ભક્તિનું સ્વરૂપ :

### ૧. પ્રગટની ભક્તિ

ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને, બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની દાસભાવે ભક્તિ કરવાની વાત તો કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ જોવા મળે છે.

તેમના મત પ્રમાણે 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે, તેનું નામ સ્નેહ.. અને જે ભક્તને ભગવાનને વિષે પરિપૂર્ણ સ્નેહ હોય, તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય.'[૧૩] 'ભગવાનને વિષે સ્નેહ કરવો, પ્રીતિ કરવી, તે આત્માને સજાતિ જોઈએ.'[૧૪]

ભગવાનને વિષે બ્રહ્મસ્વરૂપ પ્રીતિ કરવી. તેમાંય 'ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે, તે તો બીજી જ રીતનું છે, એમ જાણવું.'[૧૫] 'ભક્તિમાં ઈન્દ્રિયોની વૃત્તિ વિના જીવસત્તાપણે રહ્યા થકા નિર્ગુણપણે કરીને જેટલું ભગવાનમાં હેત થાય તેટલું કરવું.'[૧૬] અને જો ભક્તિમાં 'સ્નેહ તો હોય પણ જો માહાત્મ્ય જ્ઞાન વિનાનો હોય, તો તે ભક્તિ ન કહેવાય... માહાત્મ્ય જ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે.'[૧૭]

વળી, આવી શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની ભક્તિમીમાંસામાં સર્વના કળશરૂપ વિચાર તો પ્રગટની ભક્તિનો છે. ભક્તિ કરવી, તે પણ પ્રગટ પ્રભુની કરવી. પરોક્ષની ભક્તિથી જીવનો આત્યંતિક મોક્ષ થતો નથી, એવો શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે.

પ્રગટની ભક્તિનો સિદ્ધાંત આલેખતાં શ્રી કિશોરલાલ મશરૂવાળા લખે છે : 'ભક્તિ એટલે પ્રગટ પરમેશ્વરમાં માહાત્મ્યજ્ઞાને સહિત સ્નેહ. પ્રગટ એટલે પરમેશ્વરનો અવતાર અથવા એમના અખંડધારક બ્રહ્મસ્વરૂપ– બ્રહ્મનિષ્ઠ સંત નિરંતર પૃથ્વી ઉપર વિચરતાં હોય જ છે. જો એ અવતાર પૃથ્વી પર હોય તો એને ઓળખીને એની ભક્તિ કરવી તે પ્રગટની ભક્તિ છે. એમનો અવતાર ન હોય તો એમના અખંડધારક બ્રહ્મસ્વરૂપ– બ્રહ્મનિષ્ઠ સંતને ઓળખી એની ભક્તિ કરવી, તે પણ પ્રગટની ભક્તિ છે.'

નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

*'બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું,*
*પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું'*[૧૮]

આ તદ્દન નવો જ આધ્યાત્મિક વિચાર છે. તેમાં 'મનગમતું મૂકી' પ્રગટ ભગવાન 'જેમ વાળે તેમ વળવું' નો સિદ્ધાંત છે. એ જે ક્રિયા કરવાની પ્રસન્ન થાય તેવી રીતે 'વચને પ્રવૃત્તિ ને વચને નિવૃત્તિ' નો સિદ્ધાંત છે. આમાં ભગવાનનું ગમતું કરવું અને અનન્યભાવે એમના શરણાગત થઈ રહેવાનું આવશ્યક છે.

૨. **શુદ્ધ એકાંતિકી ભક્તિ**

શું આપણે ત્યાં પતિવ્રતાભક્તિ નથી ઉપદેશી ? અને ઉપદેશી છે, તો તેમાંથી શૃંગારભક્તિ પરિણમે તેવી શકયતા નથી ? અહીં એટલી સ્પષ્ટતા કરવાની રહે છે કે અન્ય સંપ્રદાયની જેમ ભક્તે, સ્ત્રી કે પત્નીભાવ ધારણ કરીને પરમેશ્વરને ભજવાની વાત નથી. સ્વામિનારાયણીય ભક્તિમાં સ્ત્રી કે પત્નીભાવ નથી સમાયેલો. શ્રીજીમહારાજે 'પતિવ્રતા ભક્તિ' શબ્દ દ્વારા પત્ની–પતિ સંબંધ કેળવવાની વાત નથી કરી. તેથી શૃંગાર કે રસિક ભક્તિને અવકાશ જ નથી. પતિવ્રતાભક્તિ એટલે પતિવ્રતા સ્ત્રી જેમ પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, છતાં પણ બીજે મન ચળાવા દીધા સિવાય અનન્યભાવે સેવા કરે છે, તેમ પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે અનન્ય નિષ્ઠા એવો અર્થ તેમને અભિપ્રેત છે.

'જે એકાંતિક ભક્ત હોય પતિવ્રતાના જેવી ભક્તિવાળા હોય, તેમણે તો જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય, તેનું જ ધ્યાન કરવું, પરંતુ પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયાં, તે મૂર્તિનું પણ ધ્યાન ન કરવું. પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય, તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી.'[૧૯]

તથા 'કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય, તે સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે અને બીજાને જે કાંઈક માને, તે તો તેના જાણીને માને, એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી દઢ ભક્તિ હોય તે ગમે તેવા ગુણવાનને દેખે પણ તેને વિષે હેત થાય જ નહીં.'[૨૦]

ટૂંકમાં, શ્રીજીમહારાજે શુદ્ધ ભક્તિનો આદર્શ આપ્યો છે. શ્રીજીમહારાજે સૌથી ન્યારો એવો એકાંતિકી ભક્તિનો આદર્શ આપ્યો છે એમ આપણે ભારપૂર્વક કહી શકીએ. ગ.મ.૩૨ પ્રમાણે મુક્તિ તો ભક્તિથી થાય છે. પરંતુ ભક્તિ નિર્વિઘ્ન રહેવા સારુ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, જે ભક્તિના સહાયરૂપ ઉપકરણ છે, તે એકાંતિકી ભક્તિરૂપ ઉપદેશ્યાં છે, કારણ કે ધર્માદિ અંગનું સહાયપણું ન હોય, તો વિઘ્ન જરૂર થાય છે. માટે ધર્માદિક અંગે સહિતની એકાંતિકી ભક્તિ તો એક શ્રીજીમહારાજે જ પ્રવર્તાવી છે.

*મુક્તિ :*

શંકરાચાર્યે જ્ઞાનથી જ મુક્તિ માની છે. મુક્તિમાં જીવ બ્રહ્મ એક થઈ જાય છે.

રામાનુજ, રામાનંદ અને મધ્વ ભક્તિથી મોક્ષ પ્રાપ્ત થાય છે, તેમ ઉપદેશે છે. મુક્તિમાં દાસભાવે જીવ શ્રીમન્નારાયણની સેવામાં રહે છે.

વલ્લભ અને ચૈતન્ય ગોપી જેવા મુક્ત થઈ પરમેશ્વરની સેવામાં રહેવાનું કહે છે.

શ્રીજીમહારાજ પણ ભક્તિથી જ મુક્તિ મળે છે, તેમ કહે છે. પણ તે ભક્તિ માટે જ્ઞાનને આવશ્યક ગણે છે. તેમણે એકાંતિકી મુક્તિ–આત્યંતિકી મુક્તિનો વિચાર આપ્યો છે. એકાંતિક ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ સ્વામીસેવકપણું રહે છે. ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદા સાકાર મૂર્તિ વિરાજમાન છે. ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા દિવ્ય ભાગવતી તનુએ કરીને ભગવાનની સેવામાં રહે છે. આ વિદેહમુક્તિનો ભગવાન શ્રી સ્વામિનારાયણનો આદર્શ છે.

જીવનમુક્તિનો આદર્શ પણ એવો જ દિવ્ય છે. તે વિષે પોતે કહે છે : 'એકાંતિક ભક્તોને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'[૨૧]

અક્ષરધામમાં પણ મુક્ત, અક્ષર અને પુરુષોત્તમનો અનાદિ ભેદ તો રહે જ છે. આવી મુક્તિ કયારે થાય છે ? જયારે ઉત્તમ નિર્વિકલ્પની સ્થિતિ પ્રાપ્ત થાય છે, ત્યારે જ સાચા અર્થમાં મુક્તિ થાય છે.

'ઈન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ, એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે, ત્યારે પૂરો જ્ઞાની કહેવાય અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય, તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય અને તેણે કરીને જન્મમૃત્યુને પણ ન તરે... અને એવો જે જ્ઞાની તે સદા સાકાર મૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિ, પુરુષ, અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે.' એવી રીતે જે સમજવું, તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે'[૨૨] તથા 'અષ્ટાવરણે યુકત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'[૨૩]

આવું મુક્તિદાયક આત્યંતિક જ્ઞાન અને નિર્વિકલ્પ નિશ્ચયની વાત કોઈ સંપ્રદાયમાં જોવા મળતી નથી. આવો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય જ મોક્ષનું શ્રેષ્ઠ સાધન છે.

***શ્રીજીમહારાજ : પરબ્રહ્મ–પુરુષોત્તમ***

શાકત સંપ્રદાયમાં શ્રી(શક્તિ–દેવી)ની ઉપાસના છે. પાશુપત, કાશ્મીરી શૈવ અને શૈવ સિદ્ધાંતમાં માહેશ્વર, પરમશિવ કે સદાશિવની ઉપાસના કરાય છે. સ્માર્ત સંપ્રદાયના પ્રવર્તક શંકરાચાર્ય શંકર (શિવ) નો અવતાર ગણાય છે. તેમણે સદાશિવ અને વિષ્ણુ એ બંનેની ઉપાસના ઉપદેશી છે. શ્રીસંપ્રદાયના પ્રવર્તક રામાનુજાચાર્ય શેષનો અવતાર ગણાય છે. તેમણે શ્રીમન્નારાયણ કહેતાં લક્ષ્મીનારાયણની ઉપાસના ઉપદેશી છે. સનક સંપ્રદાયના પ્રવર્તક નિમ્બાર્કાચાર્ય સુદર્શનનો અવતાર ગણાય છે. તેમણે રાધાકૃષ્ણની ઉપાસના ઉપદેશી છે. સદ્‌સંપ્રદાયનાં પ્રવર્તક મધ્વાચાર્ય વાયુનો અવતાર ગણાય છે. તેમણે લક્ષ્મીનારાયણની ઉપાસના ઉપદેશી છે. પુષ્ટિ સંપ્રદાયના પ્રવર્તક વલ્લભાચાર્ય અગ્નિનો અવતાર ગણાય છે. તેમણે રાધાકૃષ્ણની ઉપાસના ઉપદેશી છે. ગૌડીયવૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી ચૈતન્ય મહાપ્રભુ રાધાનો અવતાર ગણાય છે. તેમણે પણ રાધાકૃષ્ણની ઉપાસના ઉપદેશી છે. શ્રી (જાનકી) સંપ્રદાયના પ્રવર્તક રામાનંદાચાર્ય સૂર્યનો અવતાર ગણાય છે. તેમણે સીતારામની ઉપાસના ઉપદેશી છે. રાધાવલ્લભી સંપ્રદાયના પ્રવર્તક હિત હરિવંશીજી શ્રીકૃષ્ણની વાંસળીનો અવતાર ગણાય છે. તેમણે રાધાકૃષ્ણની ઉપાસના

ઉપદેશી છે. જેમાં કૃષ્ણ કરતાં રાધાનો મહિમા વધારે ગણાય છે. વીરશૈવ (લિંગાયત) સંપ્રદાયના પ્રવર્તક બસવેશ્વર નંદી (વૃષભ) નો અવતાર ગણાય છે. તેમણે શિવલિંગની ઉપાસના ઉપદેશી છે.

આમ, આ સર્વે સંપ્રદાયોમાં સ્વામિનારાયણી તત્ત્વજ્ઞાનની દષ્ટિએ ઈશ્વરકોટીની ઉપાસના કહેવાય. આ સંપ્રદાયોના આદ્ય પ્રવર્તક પણ ભક્તો કે ઈશ્વરકોટીના હતા, એમ સાબિત થાય છે.

જયારે સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક–પ્રવર્તક શ્રીજીમહારાજે બ્રહ્મ અને પર બ્રહ્મની સર્વોપરી ઉપાસના ઉપદેશી છે અને તેઓ સાક્ષાત્ સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે તેમની હયાતીમાં જ સર્વે ભક્તજનો દ્વારા સ્વીકારાયાં છે. તેમના ઉત્તમ ભક્ત સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ તરીકે સ્વીકાર્યા છે. શ્રીજીમહારાજની તેમના જીવનકાળ દરમિયાનથી જ સર્વોપરી પરબ્રહ્મ તરીકેની માન્યતા સાથે ઉપાસના કરાય છે. તેથી જ તેમની હયાતીમાં તેમના ભક્તજનોએ તેમની મૂર્તિ મંદિરોમાં પધરાવી હતી. હા, એ ખરું કે શ્રી રામાનુજાચાર્યની પણ તેમની હયાતીમાં તેમના અંતકાળ પહેલાં ત્રણ મંદિરોમાં મૂર્તિ પધરાવવામાં આવી હતી, પરંતુ તેમની ભક્ત તરીકે જ મૂર્તિ પધરાવવામાં આવી હતી, જયારે શ્રીજીમહારાજના ભક્તોએ તો સર્વોપરી સર્વાવતારી પરબ્રહ્મ નારાયણ તરીકે તેમની મૂર્તિઓ તેમના જીવનકાળ દરમિયાન જ પધરાવી હતી. એટલું જ નહીં પણ તેમના શિષ્યોએ રચેલાં તેમની મૂર્તિનાં સમય સમયનાં પદો, દરેક લીલાનાં પદો, અંગેઅંગનાં અને ચિહ્નોનાં વર્ણનનાં પદો, તેમને વિષેની ઉપાસ્યપણાની ખાતરી કરાવે છે. એવી જ પ્રતીતિ સંપ્રદાયનાં મંદિરોમાં તેમની નાની મોટી દરેક પ્રસાદીની ચીજોનાં સંગ્રહસ્થાનો જોતાં થાય છે. આ બધાં કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયનાં જ આગવાં અંગો છે.

શ્રીજીમહારાજ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વયં છે તેવી ખાતરી તેમના સ્વમુખના શબ્દો ગ.મ.૧૩, ગ.અં.૩૮ તથા અમ.૭ વચનામૃતો વાંચવાથી મળે છે.

'એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે. ને તમારા ઈષ્ટદેવ છે ને

તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'[૨૪]

'અને જે (અક્ષરરૂપ) તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજો.'[૨૫]

'હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે. ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે... એમ સમજશે તેને સર્વને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ.'[૨૬]

વળી, તેમના પૃથ્વી પર પ્રગટ થવાના છ હેતુઓ તપાસવાથી પણ ખ્યાલ આવે છે કે તેઓ સાક્ષાત્ પરબ્રહ્મ છે અને તેમનો અવતાર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને યુકત, ભક્તિએ યુકત એકાંતિક ધર્મનું સ્થાપન કરવા થયો હતો. આ વાતની પ્રતીતિ તેમના જીવન, કાર્ય અને ધર્મ તત્ત્વ–દર્શન તપાસવાથી થાય છે.

આ સ્વામિનારાયણ સંપ્રદાયનું નિરાળું તત્ત્વ છે.

*પરધર્મ–પરમત સહિષ્ણુતા :*

પોતે પરબ્રહ્મ નારાયણ હોવા છતાં અને લાખો ભક્તો એ પ્રકારે તેમની ઉપાસના કરતા હોવા છતાં, તેમની પરમતસહિષ્ણુતા અને પરમધર્મસહિષ્ણુતા અપાર હતી. તેમનાં વચનામૃતો અને શિક્ષાપત્રીમાં કયાંય કોઈનું ખંડન તેમણે કર્યું નથી. તેમનું કેવળ મંડનાત્મક જ વલણ રહ્યું છે. જયારે અન્ય આચાર્યોએ પૂર્વાચાર્યોનું ખંડન કર્યું છે અને તેવા ખંડનાત્મક શાસ્ત્રાર્થો કર્યા, ને તેવા શાસ્ત્રો પણ રચ્યાં છે. આ વસ્તુ એ બતાવી આપે છે કે અન્ય આચાર્યોનો મુખ્ય હેતુ પોતપોતાનો વાદ પ્રવર્તાવવાનો રહ્યો હતો. જયારે શ્રીજીમહારાજ તો જીવનદર્શન દેવા, આધ્યાત્મિક માર્ગ માટે વ્યવહારુ માર્ગદર્શન દેવા અવતર્યા હતા, તેમ તુલનાત્મક અભ્યાસ પરથી સ્પષ્ટ જણાય છે.

શ્રીજીમહારાજની પરમધર્મસહિષ્ણુતા તેમના ઉપદેશમાં સ્પષ્ટ તરી આવે છે. તેમણે નારાયણ અને શિવજીનું એકાત્મપણું કહી વૈષ્ણવો અને શૈવો વચ્ચેનો દ્વેષ ટાળ્યો. બ્રાહ્મણાદિક પોતાના આશ્રિત થયા હોય તો પણ પરંપરાથી રાખતા ત્રિપુંડ અને રુદ્રાક્ષ ધારણ કરી રાખવા કહ્યું છે. માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક દેવમંદિર આવે તો તે દેવનું આદરપૂર્વક દર્શન કરવું, એમ કહ્યું છે. કોઈ દેવની નિંદા તો કયારેય કરવી નહિ, એવી સ્પષ્ટ આજ્ઞા આશ્રિતજનોને આપી છે. દ્વારિકા આદિ તીર્થોની યાત્રા કરવા કહ્યું છે. જન્માષ્ટમી, શિવરાત્રિ આદિક ઉત્સવો ઉજવવા કહ્યું છે. પંચાયતન અર્થાત્ વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય આ પાંચ દેવને માન્ય રાખ્યા છે. પોતાના મંદિરોમાં પોતાના હાથે જ રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, સૂર્યનારાયણ, રેવતીરમણ, સિદ્ધેશ્વર મહાદેવ, ગણપતિ અને હનુમાનજીની મૂર્તિઓ પધરાવી છે.

***શ્રી સહજાનંદ સ્વામીનું કાર્ય :***

શ્રીજીમહારાજનું કાર્યવૈવિધ્ય સમજવા એ વેળાની ઐતિહાસિક, ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ પર દષ્ટિપાત કરવો રહે.

સ્વામિશ્રી સહજાનંદજીનું પ્રાગટ્ય, તેમનું જીવન, વિચરણ, ગુરુ શિષ્ય સંબંધ, તેમની કામગીરી અને અભિગમ, ધર્મસંસ્થાપન, સમાજ સેવા અને સમાજ સુધારણા, પર્વો, ઉત્સવો, મંદિરો, શાસ્ત્રો, સંતો અને સત્સંગને માનવજીવન અને માનવ હૃદયમાં સ્થાન આપી પ્રર્વતાવેલાં ધર્મચક્રને સમજતાં તેમના જીવનકાર્ય અને કાર્યવૈવિધ્યનો સાચો ખ્યાલ આવે છે.

***ઐતિહાસિક પરિસ્થિતિ :***

આ સમય ઈસુની અઢારમી સદીના ઉત્તરાર્ધનો હતો. ભારતની રાજકીય પરિસ્થિતિ છિન્ન ભિન્ન હતી. એક તરફ મોગલ સલ્તનત ખખડી ગઈ હતી તો પેશ્વાઈ સત્તા પણ નબળી પડી રહી હતી. આપણું આખું રાષ્ટ્ર નાના–નાના રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. પેશ્વા તેમજ અન્ય મરાઠા રાજ્યો અંદરોઅંદર લડતા હતા. નિઝામ, રજપૂતો તથા શીખોની વચ્ચે પણ યુદ્ધના તણખા ઝરતા હતાં. એક કહેવત પ્રમાણે, "મારે તેની તલવાર' તેવું, 'બળિયાના બે ભાગ' ની માફક લોકોનું અસ્તવ્યસ્ત જીવન હતું. આ

રાજકીય અંધાધૂંધીને કારણે પીંઢારા, ઠગ, ડાકુ, કાઠી, કોળી વગેરે ચોરી અને લૂંટફાંટ કરતા હતા. આમ જયાં પ્રજાના જાનમાલની સલામતી ન હતી તો પછી સદાચાર, નીતિ, ધર્મ, સાંસ્કૃતિક ઉત્થાન વગેરેની તો વાત જ શી કરવી ?

*ધાર્મિક પરિસ્થિતિ :*

ધર્મની દષ્ટિએ જોઈએ તો એ સમયે વિશેષ વ્યથિત થવાય એવું વાતાવરણ હતું. ભક્તિને નામે ભ્રષ્ટાચાર ચાલતો હતો. કહેવાતા મઠાધિપતિઓ અને ધાર્મિક વડાઓ વ્યસનો અને વિલાસમાં ડૂબયા હતા. મલિન દેવ–દેવતાઓની ઉપાસના થતી હતી. લોકો વહેમને કારણે લૂંટાતાં હતાં. ધર્મની કોઈ શુદ્ધ વૈજ્ઞાનિક અને આચારનું નિર્માણ કરે એવી સમજ પણ ન હતી. શ્રીજીમહારાજનું આગમન આવી ધાર્મિક અંધકારમય પરિસ્થિતિમાં દીપદર્શન જેવું હતું.

*સામાજિક પરિસ્થિતિ :*

માણસ સમૂહમાં રહેતો હોય છે પણ જયાં સામૂહિક જીવન વિચ્છિન્ન હોય ત્યાં ઉત્તમકોટીના મનુષ્યનાં જીવનની કલ્પના અશકય બને છે. એ સમયના સમાજમાં સત્ય,દયા, પ્રેમ, અહિંસા, સદાચાર, નીતિ અને વિવેક વિસરાઈ ગયાં હતાં. મનુષ્ય ષડરિપુઓથી પિડાતો હતો. કૂપમંડૂક હતો. વહેમમાં ફસાયેલો હતો. અંધશ્રદ્ધાથી પ્રાણીઓનો ભોગ આપતો હતો. જ્ઞાતિના વાડાઓ વકરેલા હતા.અંધપરંપરાએ રચેલી દીવાલોમાં સમાજ ગૂંગળાતો હતો.

આ પ્રકારની રાષ્ટ્રીય પરિસ્થિતિમાં સહેજે આપણને ગીતાનો સંદર્ભ યાદ આવે છે કે હવે કોઈ ધર્મસંસ્થાપન માટે પ્રગટે તો મનુષ્યને કોઈ નવી દિશા સાંપડે, તિમિર દૂર થાય અને રોગગ્રસ્ત બનેલું લકવાગ્રસ્ત સમાજજીવન (Paralysed Social Life)માં નવી શક્તિનો સંચાર થાય.

*સ્વામીશ્રી સહજાનંદજીનું પ્રાગટ્ય :*

આવા સામાજિક અને રાષ્ટ્રીય સંજોગોમાં સ્વામી સહજાનંદજીનો જન્મ થાય છે. અયોધ્યા પ્રાંતના છપૈયા જેવા નાના ગામમાં ધર્મદેવ અને ભક્તિદેવીનું દંપતી વસતું હતું. તેમને ત્યાં વિ.સં. ૧૮૩૭ (ઈ.સ.૧૭૮૧) ના ચૈત્રની શુકલ નવમીને સોમવારે એક

તેજસ્વી બાળક પ્રગટયા. કહેવાય છે કે અત્યંત વિમલ, સાત્ત્વિક અને ઉત્કૃષ્ટ કહી શકાય એવો સમય સંદર્ભ હતો. ધર્મ–ભક્તિનું જીવન પણ ખૂબ ભક્તિમય અને પવિત્ર હતું. સાત્ત્વિક બ્રાહ્મણ કુટુંબ આ ગામમાં સહુના હૃદયમાં અનોખાં આદરમાન ધરાવતું હતું માર્કંડેય 1ષિએ નામકરણવિધિ કરી 'ઘનશ્યામ' એવું સુંદર લાડલું નામ આપ્યું. આઠેક વર્ષની વયે તો કિશોર ઘનશ્યામ યજ્ઞોપવીત ધારણ કરીને તપશ્ચર્યા માટેનો સંકલ્પ કરે છે. તેમની અગિયાર વર્ષની વયે માતા પિતાનો દેહવિલય થાય છે. ઘરમાં રહ્યાનો હેતુ પુરો થયો જાણી ઘનશ્યામ ક્ષણના ય વિલંબ વિના સં. ૧૮૪૯ ના અષાઢ સુદ દશમને શુક્રવારે ગૃહત્યાગ કરી તીર્થાટને નીકળી પડે છે. પરમચેતના જયારે માનવદેહ ધરે છે ત્યારે અન્ય મુમુક્ષુઓના હિતના કાજે પોતે પણ માનુષિક તેમજ આધ્યાત્મિક નિયમોનો સ્વીકાર કરે છે. વનવિચરણ દરમિયાન નીલકંઠ ઉગ્ર તપશ્ચર્યા કરે છે. પોતાના શરીરમાં માતાનો ભાગ જે રૂધિર તેને સૂકવી નાખ્યું તેમજ પ્રત્યેક અસ્થિ અને કેશવાહિનીઓ પણ દેખાય એટલી હદે શરીરને કાંતી નાખ્યું. કૃશકાયામાં રહેલું પરમતત્ત્વ દેદીપ્યમાન બની જગતનાં જીવોના પરમકલ્યાણ અર્થે સંકલ્પ કરે છે. શુદ્ધ ભાગવતધર્મને પ્રસ્થાપિત કરવાની તેમની ઉત્કૃષ્ટ ઈચ્છા હતી. બાળક સરખા બ્રહ્મચારી પારલૌકિક ઐશ્વર્યો બતાવતા જાય છે પણ ગોદોહનકાળથી વધુ કયાંય રોકાતા નથી. મુમુક્ષુઓની ભૂમિ કાઠિયાવાડ (તત્કાલીન સૌરાષ્ટ્ર) જાણે તેમને સાદ કરી રહ્યું હતું. હે મહાપ્રભુ ! જલ્દી પધારો ! તમારા ચરણોથી મને પાવન કરો. પગરવ સંભળાય ને કાન માંડે એવા કાઠિયાવાડી મુમુક્ષુઓને દર્શન દેવા નીલકંઠવર્ણી પણ જાણે અધીરા બન્યા છે. સંપ્રદાયમાં તેમજ અન્ય વિદ્વાનોએ આવી પરિભાષામાં તેમના વિષે લખ્યું છે.

વર્ણીની ભારતયાત્રા તપોયાત્રા હતી. સકળ તીર્થસ્થળોમાં તેઓ વિચર્યા. સંતો અને સાત્ત્વિક 1ષિમુનિઓને મળતા રહ્યાં. તેઓને કલ્યાણકારી માર્ગ બતાવતા થકા પોતાનો દિવ્ય પ્રભાવ સર્વત્ર પાથરતા જતાં હતાં. કવચિત રાજા–મહારાજાઓને પણ મળી સંસારની અસારતા પ્રબોધી ઉત્તમ રાજનીતિ બતાવતા. અનેક અનુભવોથી સિદ્ધ થયેલાં બ્રહ્મચારીનો ઉત્સાહ તેમની આ તપોયાત્રામાં કયાંય મંદ ન પડયો. સંકલ્પ શિથિલ ન બન્યો.

નીલકંઠવર્ણીએ સાત વર્ષ એકમાસ અને અગિયાર દિવસ વનવિચરણ કર્યું અને સંવત ૧૮૫૬ શ્રાવણ વદ છઠના દિવસે સૌરાષ્ટ્રના લોજ ગામે પધાર્યા. પૂર્વે ચ્યવન કે સૌભરીએ તપ કર્યું, દેહભાવ વિસરાઈ ગયો પરંતુ મનની વાસના કહેતાં કારણશરીરનો નાશ ન થયો તેથી તેમના તપમાં સ્ખલન થયું જયારે 'વર્ણી' તો સ્વયં પુરુષોત્તમ જ હતા. बहुजन हिताय પૃથ્વીના સમગ્ર માનવીનું કલ્યાણ કરવાની તેમની મનીષા હતી અને એ ભાવથી તેમણે સ્વ સ્વરૂપમાં લીન થઈ આ તપ કર્યું હતું, તે તેમના તપની વિશિષ્ટતા હતી. ડૉ. હરિપ્રસાદ ઠક્કર પોતાનો મત દર્શાવતા કહે છેઃ "આટલી નાની વયે આવી ભવ્યભાવનાથી પ્રેરાઈ, તીવ્ર તપ અને વૈરાગ્યથી પ્રેરાઈને લોકહિતાર્થે વિશ્વની કોઈ વિભૂતિએ ગૃહત્યાગ કર્યો હોય તેવો દાખલો મળવો દુર્લભ છે"

નીલકંઠવર્ણીને લોજમાં મુક્તાનંદ સ્વામીનો ભેટો થાય છે. એમના દ્વારા શ્રીકૃષ્ણના પરમભક્ત ઉદ્ધવના અવતાર એવા પ્રેમલક્ષણા ભક્તિના ઉપાસક રામાનંદ સ્વામીનું નીલકંઠ સાથે મિલન થાય છે. ભારતયાત્રા દરમિયાન નીલકંઠ બ્રહ્મચારીએ જે રાષ્ટ્રીય પરિસ્થિતિનું અવલોકન કર્યું, એને કારણે પણ રાષ્ટ્રોદ્ધારનો સંકલ્પ વિશેષ તીવ્ર બન્યો હશે. આપણે ત્યાં ગુરુમહિમા વિષે જેટલું વિવરણ કરીએ તેટલું ઓછું છે. શ્રી રામાનંદ સ્વામી પાસેથી તેમણે સૌરાષ્ટ્રના અતિ પવિત્ર ગણાતા સ્થળ પીપલાણામાં સંવત ૧૮૫૭ના કાર્તિક શુકલની પ્રબોધિની એકાદશીએ દીક્ષા લીધી. રામાનંદ સ્વામી અને નીલકંઠનો મેળાપ કરી આપવામાં મુક્તાનંદ સ્વામીએ અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એટલું જ નહીં પણ આપણે એવું વિધાન પણ કરી શકીએ કે ભારતમાં યાત્રા કરતાં કરતાં નીલકંઠવર્ણીનું સૌરાષ્ટ્રનાં આ સ્થળે આવવું તેની પાછળ પણ કોઈ કલ્યાણકારી સંકેત હશે. એમના જીવનકાર્યને આરંભવાની કોઈ પ્રેરણા તેમને આ તરફ દોરી લાવી હશે, એવું અનુમાન પણ થઈ શકે.

સંવત ૧૮૫૭ (ઈ.સ. ૧૮૦૧) માં તેમણે રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી એ સમયે તેમને બે નામો અપાયાં. (૧) સહજાનંદ સ્વામી (૨) નારાયણ મુનિ. આમાંથી પ્રથમ સહજાનંદ સ્વામી નામ સહજ રીતે જ સ્વીકૃત અને સુખ્યાત બન્યું છે. સહજાનંદ એટલે સૂર્યોદય થતાંની સાથે જ જેમ અંધાર નાશ પામે છે તેમ સહજાનંદનું સ્મરણ ત્રિવિધ

તાપ સમાવે છે. સહજાનંદની સહજમાં આનંદ ઉપજાવવાની અલૌકિક રીત આશ્રિતોને બ્રહ્માનંદી બનાવે છે. સહજાનંદ સ્વામીજીએ પછીથી સૌરાષ્ટ્રમાં વિચરણ કર્યું. પણ અહીં તેમણે રામાનંદ સ્વામી પાસે જે બે અંતરની અભીપ્સાઓ વ્યક્ત કરી તે નોંધપાત્ર છે. એમાં તેમના સમસ્ત જીવન તથા જીવનકાર્યનો મર્મ રહેલો છે. કોઈ સંપ્રદાયના સ્થાપકે પોતાના ભક્તજનોના યોગક્ષેમનું વહન કરવાની જવાબદારી નથી લીધી. જે સહજાનંદ સ્વામીએ ગુજરાતને પોતાના દર્શન – પ્રસંગથી તૃપ્ત કર્યું, ગુજરાતના સંસ્કાર અને સાહિત્યના તેઓ વિદ્યાયક બન્યા તે સહજાનંદ સ્વામીએ ગાદીએ આવતાં જ ગુરુ રામાનંદ સ્વામી પાસે પોતાના અંતરને આ રીતે ઉઘાડયું હતું.

(૧) "તમારા કોઈ ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો એ દુઃખ એને ન થતાં મને રૂવાંડે રૂવાંડે ભલે થાઓ, પરંતુ આપના ભક્ત સુખી રહો.

(૨) તમારા ભક્તના પ્રારબ્ધમાં રામપાતર એટલે કે શકોરું લઈને ભિક્ષા માંગી ખાવાનું હોય તો તે રામપાતર મને મળો, પરંતુ આપના ભક્ત અન્નવસ્ત્રે દુઃખી ન થાઓ, એ હું આપની પાસે માંગું છું."[૨૭]

આ બે માંગી લીધેલાં વરદાનો સ્પષ્ટ કરે છે કે આ પુરુષ સામાન્ય કોટીના ન હતા. આવી વિરલ કલ્યાણભાવના આપણને કયાંય જોવા નથી મળતી. સૌ પ્રથમ તો એમણે 'વેદના એ જ વરદાન' એવો ઈસુના જીવનનો મર્મ ચરિતાર્થ કરવા સંકલ્પ કર્યો અને બીજામાં ભક્તોનાં શ્રેયની વાત આવી. ભગવદ્ગીતામાં જ કહ્યું છે, नहि कल्याणकृत कश्चिद् दुर्गतिम तात, गच्छति । એ પ્રમાણે કલ્યાણમાર્ગનો પથિક કદી અપકીર્તિ કે વિપરીત ગતિ પામતો નથી, પરંતુ જો એવો ભક્તજન કદાચ ભિક્ષુક અવસ્થામાં આવી જાય તો એમના માટેની પણ પોતાની જવાબદારી એમણે સ્વીકારી એટલે સહજાનંદ સ્વામીએ પ્રેય માર્ગ કરતાં શ્રેય માર્ગ વિશેષ મહત્ત્વનો ગણ્યો. આ તેમને એક મહાન દષ્ટા તરીકે સ્થાપે છે. આપણે ત્યાં કોઈપણ ધર્મના પ્રેરક મહાપુરુષ એક વિભૂતિ હતા એવું તો સર્વસ્વીકૃત બન્યું છે, પછી તે રામાનુજાચાર્ય હોય, વલ્લભાચાર્ય હોય, શંકરાચાર્ય હોય કે નાનકદેવ હોય એ સર્વ પરમ તત્ત્વના તેજોમય અધિકારને લઈને જન્મ્યા હતા. સ્વામી

સહજાનંદજીની પણ જીવનદષ્ટિ જગતઃ હિતાય હતી. એટલે તેઓ સંસ્કારધર્મના સ્થાપક બની શકયા હતાં અને ગુજરાતી સાહિત્યમાં પણ એક મહાનયુગના પ્રેરક બની ગયાં.

***ધર્મસંસ્થાપન અને સામાજિક શ્રેયના પંથે :***

આપણા ધર્મસંસ્કારક્ષેત્રે તેમજ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ઘટના પુરુષ બની ગયેલા સહજાનંદ સ્વામીએ પછીથી ગુરુરામાનંદ સ્વામીના સત્સંગમાં જબરજસ્ત ક્રાંતિ લાવી પોતાને ઈપ્સિત ઉપાસના, ધર્મ અને સંસ્કારનું પ્રવર્તન કર્યું. સૌરાષ્ટ્રથી આરંભીને તેમણે ગુજરાતના વિવિધ સ્થળે નરનારાયણ, લક્ષ્મીનારાયણ તેમજ રાધાકૃષ્ણનાં મંદિરોની સ્થાપના કરી. આમ તો આ ભાગવતધર્મની જ એક નવા સ્વરૂપે પુનઃ પ્રતિષ્ઠા કરી રહ્યાં હતાં. તેમના પોતાના સ્વરૂપ સંબંધી ઓળખાણ તત્કાલીન સત્સંગ સમાજના વિચક્ષણ મુમુક્ષુઓએ પિછાણી જેને કારણે જુદી જુદી કોમના, જ્ઞાતિઓના અને સામાજિક વર્ગોના માણસો તેમનાં પ્રત્યે આકર્ષાવા માંડયાં એ વખતે અંગ્રેજ સલ્તનત એનું વર્ચસ્વ જમાવીને વિસ્તરી હતી. રાજા–મહારાજાઓ, દેશી રાજ્યોનાં દરબારો, ગરાસદારો અને ઠાકોરો, વૈશ્યો, દીન–દલિતવર્ગનાં માણસો, સુશિક્ષિત અને અલ્પશિક્ષિત સર્વ સહજાનંદ સ્વામીના અત્યંત 1જુ, નિર્મળ, સેવાવ્રતનિષ્ઠ અને સમાજસુધારણા સાથે નિર્મળ જ્ઞાનભક્તિનો સ્પર્શ આપતા વ્યક્તિત્વથી પ્રભાવિત થતા હતા. એમને કયાંય કોઈને કશો આગ્રહ કરવો પડતો નહોતો. લોકો પોતાની મેળેજ તેમનો સત્સંગ કરવા ઉત્સુક રહેતા. 'સહજાનંદ સ્વામી' પછીથી 'શ્રીજીમહારાજ' અથવા તો 'મહારાજ' એવી સંજ્ઞાથી લોકોના હૃદયમાં પ્રતિષ્ઠિત થયાં અને સમાજોદ્ધાર માટે પણ ગુજરાત–સૌરાષ્ટ્રમાં સર્વત્ર વિચરી રહ્યાં. આપણે એના વિષે પણ સંક્ષેપમાં અવલોકન કરવું જોઈએ.

***સ્વામી સહજાનંદ એક શ્રેષ્ઠ સમાજોદ્ધારક :***

સ્વામી સહજાનંદજીના ભાગવતધર્મના ભગીરથ કાર્યના ફળરૂપે તત્કાલીન સમાજમાં એક તંદુરસ્ત પરિવર્તનની શરૂઆત થઈ. ધર્મપ્રસારમાં આચારશુદ્ધિ પાયાની જરૂરિયાત હોઈ, તેનાં મીઠાં ફળ સમાજને ચાખવા મળ્યાં. તેમણે ઘોર અજ્ઞાનતામાં ફસાઈ ગયેલા સમાજને આમૂલાગ્ર નવસંજીવની પાઈ. વ્યક્તિગત જીવન તો સુધર્યું જ, પણ

સમાજમાં પેસી ગયેલો સડો ધીમે ધીમે નાબૂદ થતો ગયો. ત્યારનો સમાજ અનેક અંધ શ્રદ્ધાઓ, કુરિવાજો, બિનજરૂરી કર્મકાંડોથી ખદબદતો હતો. તેમાંથી સ્વામી સહજાનંદજીએ તેને બહાર કાઢી જીવનને હળવુંફૂલ બનાવી જીવવાનો માર્ગ બતાવ્યો. સમાજમાં લાંછનરૂપ જે આસુરી તત્ત્વોએ પગદંડો જમાવ્યો હતો તેમને પણ મહાત કરી ધર્મના માર્ગે વાળ્યાં.

ભગવાન સ્વામિનારાયણનાં નોંધનીય સમાજસુધારામાં હિંસક યજ્ઞોને સ્થાને અહિંસક યજ્ઞો, દીકરીને દૂધ પીતી કરવાના રિવાજને તિલાંજલી, ચોરી લૂંટફાંટનો સંપૂર્ણ અનાદર, વ્યસનમુક્તિ, બોજરૂપ કર્મકાંડમાં વિશુદ્ધિ, સતી થવાના રિવાજની નાબૂદી, સ્ત્રીઓના હક્ક અને સન્માનની જાળવણી ઈત્યાદિ ઉલ્લેખનીય છે. સુરુચિનો ભંગ કરતાં લગ્નગીતો, ફટાણાં આદિ બંધ કરાવી તેના સ્થાને ભક્તિમય પદો ગાવાનું શરૂ કરાવ્યું. હુતાશની અને ધૂળેટીના પર્વમાં પવિત્રતા પ્રેરી. સામાજિકી ઉત્થાન તેમજ ભક્તિમાર્ગના પ્રવર્તન સાથે પૂર્તકર્મ પણ ખૂબ કર્યું છે. વાવ, તળાવ, કૂવા ખોદાવવા તથા ધર્મશાળા, પાઠશાળા, ગૌશાળા વગેરે બંધાવવાના લોકોપકારક કાર્યો કર્યા છે. બળદગાડી અને પગપાળા પ્રવાસના એ કાળમાં આનું કેટલું મહત્ત્વ હતું તે તો તે સમયના વિકાસને લક્ષમાં લઈએ તો જ ખ્યાલ આવે.

મધ્યકાળમાં સમાજમાં પ્રસરેલી વહેમગ્રસ્ત, અંધકારગ્રસ્ત, સ્વાર્થગ્રસ્ત પરિસ્થિતિમાં ધર્મમાં પણ શિથિલતા પ્રવેશી હતી. ધર્માચાર્યો, સંતો, મહંતોના આચરણ પણ બદલાયાં હતાં. વિશુદ્ધ ધર્મભાવના અદ્રશ્ય થઈ હતી અને ધર્મમાં ભ્રષ્ટાચાર પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો, તેના શુદ્ધીકરણ માટે સ્ત્રી તથા દ્રવ્યના સંપૂર્ણ ત્યાગી, શુદ્ધ ભાવનાયુક્ત જીવન જીવતાં સંતોનું એક વિશાળ વૃંદ તેમણે ઊભું કર્યું. આ સંતોએ ગામડે ગામડે વિચરણ કરી નાત, જાત, વર્ણ, આશ્રમ કોઈપણ જાતનો ભેદ રાખ્યા વિના પોતાના શુદ્ધ આચરણથી સમાજમાં હળીમળીને ભ્રષ્ટાચારનાં એ કાળમાં પ્રજામાં સંસ્કાર અને સદાચારનું સિંચન કરી સન્માર્ગે વાળ્યાં. અજ્ઞાનરૂપ અંધકારમાંથી જ્ઞાનરૂપ પ્રકાશમાં બહાર લાવ્યા.

સહજાનંદ સ્વામીની પ્રતિભા માત્ર હિંદુધર્મની સ્થાપનામાં જ મર્યાદિત થઈ નહોતી. તેમણે તો તેમના જમાનામાં પ્રસરી ગયેલી સામાજિક અંધાધૂંધી સામે પણ દષ્ટિ પરોવી હતી, જેનો લાભ ગુજરાતને સવિશેષ મળ્યો છે. ત્યારની બ્રિટિશ સલ્તનત પણ સ્વામિનારાયણ ભગવાનનાં આવા અદ્‌ભુત કાર્યથી હેરત પામી ગઈ હતી. જે કાર્ય કાયદો ન કરી શકતો તે સહજાનંદ સ્વામીના આદેશો કરી શકતા. પરિણામે ગુજરાતમાં એક એવી સામાજિક શાંતિ રહેવા માંડી કે શાસકવર્ગને ગુજરાતની સુલેહ–શાંતિની ચિંતા જ રહી નહીં. સ્વામિનારાયણ ભગવાનનો આવો પ્રતાપ જોઈ તત્કાલીન કલેકટર સર વિલિયમ, બિશપ હેબર પણ ખૂબ પ્રભાવિત થયેલાં અને તે સમયના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ સર માલ્કમ તો સ્વામિનારાયણ ભગવાનને મળવા તલપાપડ થઈ ગયાં હતાં. જ્યારે સહજાનંદ સ્વામી રાજકોટમાં તેમને મુલાકાત આપે છે ત્યારે તેમના વ્યક્તિત્વથી સર માલ્કમ સાહેબનું મસ્તક ઝૂકી ગયેલું. તેમણે સમગ્ર સમાજજીવન પોતાનાં અને પોતાનાં પરમહંસોનાં વાણી અને વર્તનથી વિશુદ્ધ કર્યું છે. આમ, તેમનાં આ સમાજ સુધારણાના કાર્યની રેજીનાલ્ડ બિશપ હેબર, વિલિયમ્સન, જહોન માલ્કમ, મોનિયર વિલિયમ્સ, હેન્રીબિગ્સ, જેમ્સ બર્જેસ, પરીન હોપકિન્સ, એન.એ.થૂથી જેવા પરદેશીવિદ્વાનોએ નોંધ લીધી છે.

સ્વામી સહજાનંદજીના આ વિરાટ કાર્યની નોંધ લેતાં કિશોરલાલ મશરૂવાળા કહે છે કે, "જે સમયે ગુજરાત કાઠિયાવાડમાં અંધકાર છાઈ રહ્યો હતો તે વખતે પોતાના પ્રતાપથી અનેકોનાં હૃદયને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને 'ગુરુવચને ચૂરેચૂરા' થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, કાઠી–કોળી જેવાં અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃસ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જવલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, અહિંદુને હિંદુધર્મમાં શામિલ કરનાર, શુદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમાધર્મના ઉપદેશક, શૌર્ય અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના

ચાલક, ભાગવત ધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાન્તના બોધક એવા સહજાનંદ સ્વામી હતા."[૨૮]

સહજાનંદ સ્વામીએ તત્કાલીન સમાજનાં ધર્માચાર્યોના મતને આદર આપીને તેમનાં દિલ જીતી લીધાં. પરધર્મ – સહિષ્ણુતા તેમનો આગવો ગુણ હતો તેમનું વલણ મંડનાત્મક જ રહ્યું હતું. શાસ્ત્રાર્થથી ધર્મસભાઓ જીતીને, સમાજની પરંપરાગત ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડયા વિના, સર્વસ્વીકાર્ય વ્યવહારુ માર્ગદર્શન આપતા રહ્યા. પરિણામે સમાજના ધાર્મિક તડાં, ફાંટા અને વિખવાદ ઘટયાં. હિંદુધર્મના વિવિધ ફિરકાઓમાં સુહૃદપણું ઊભું થયું. તેમણે નારાયણ અને શિવજીનું એકાત્મપણું બતાવ્યું. પરિણામે વૈષ્ણવો અને શૈવો વચ્ચેનો દ્વેષ ટળી ગયો. પ્રવર્તમાન હિંદુધર્મના મુખ્ય ઉત્સવો, તીર્થો અને દેવોને માન્ય રાખીને સહજાનંદ સ્વામીએ જે સહિષ્ણુતા બતાવી તેથી તેમની પોતાની ઉપાસનાની વાત લોકોને કહ્યા વિના જ રુચિકર નીવડતી ગઈ. આમ સ્વામી સહજાનંદજી એક ધર્માચાર્યમાંથી આપોઆપ આશ્રિતોનાં ધર્મઅધિષ્ઠાતા પરમેશ્વર સ્થપાઈ ગયાં. તેમની અનુપમ આર્ષદષ્ટિ વડે સમાજના કલેવરે નવલાં રૂપ ધારણ કર્યા. એક અભિનવ મંગલકારી પથદર્શક બનીને તેમણે સમાજની સિકલ બદલી નાખી.

આમ, તેઓ એક સમાજ ઉદ્ધારક તરીકે પ્રસ્થાપિત થયાં અને તેમનો સંપ્રદાય આચાર–વિચારની શુદ્ધિના સંપ્રદાય તરીકે ભારતમાં સુવિખ્યાત થયો. તેમના આ કાર્યને બિરદાવતાં શ્રી રાનડેજી જેવા ભાગવતધર્મના ઇતિહાસકારે તેમને 'હિન્દુ ધર્મસુધારકોમાંની છેલ્લી વિભૂતિ' તરીકે વંદના કરી છે. આજે તો એ સહજાનંદજીના સાત્ત્વિક જીવન જીવતા સત્સંગીઓ વિશ્વના સમગ્ર માનવસમાજને પોતાનો ચેતો–વિસ્તાર કરવાના પ્રેરણાસ્ત્રોત તરીકે શ્રેષ્ઠ સમાજ ઘડતરની ભૂમિકા પૂરી પાડી રહ્યાં છે.

*ધર્મચક્ર–પ્રવર્તન :*

સ્વામી સહજાનંદજીના અવતારી કાર્યને મૂર્તસ્વરૂપ આપવામાં નિમિત્ત બનેલાં મુકતાનંદ સ્વામીના એક પ્રસંગને સ્મૃતિપટ પર લાવી તેના પર દષ્ટિપાત કરીએ. ધર્મચક્ર પ્રવર્તનની પૂર્વભૂમિકારૂપ બનેલો એ પ્રસંગ સંપ્રદાયના ઇતિહાસમાં અનેરું સ્થાન ધરાવે

છે. શ્રીજી મહારાજનાં અપ્રતિમ પ્રયત્ન છતાંય, જયારે સત્સંગ – સમુદાય સુયોગ્ય પ્રતિસાદ આપવામાં ઊણો ઉતરે છે ત્યારે, સાક્ષાત્ આ પ્રભુ પણ ઉદાસ થઈ જાય છે. દેહે માંદગી ગ્રહણ કરે છે. મુક્તાનંદજીએ પ્રભુનું મસ્તક ખોળામાં લીધું છે. શ્રીજી સત્સંગસમુદાયને અલવિદા કરી સ્વધામગમનનો સંકલ્પ દોહરાવે છે. 'મા' જેવા મુક્તાનંદ સ્વામીનું મીણ જેવું હૃદય પીગળી અશ્રુ બનીને, બિડાયેલાં નેત્રકમળ છે જેમનાં એવા શ્રીજીના ભાલ પર ટપ ટપ ટપકે છે. મહારાજ સફાળા જાગે છે. મુક્તાનંદ સ્વામીને પૂછે છે "આ શું?" અનુતર મુકતાનંદ સ્વામીનો ઓશિયાળો ચહેરો જોઈ, શ્રીજી કરુણાએ ભીના થકા મુક્તાનંદજીને અમીભરી દષ્ટિથી જોઈ રહ્યા છે ત્યારે મુક્તાનંદ સ્વામી આર્જવભરી વાણીમાં સહજાનંદજીને પ્રાર્થના કરે છે કે, "હે મહારાજ! કોઈ સામાન્ય બાવો પણ મઠ બાંધીને પોતાની નિશાની આ સંસારમાં મુકતો જાય છે, ત્યારે તમો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ આ લોકમાં પધારીને કોઈપણ સ્મૃતિ રાખ્યા વિના, ચાલ્યા જવાની વાત કરો છો તેથી ઘણી દિલગીરી થઈ આવે છે." શ્રીહરિ તરત બેઠા થઈ જાય છે અને કહે છે, "એમ! તો તો આપણે પણ મંદિરો બાંધીશું" આ રીતે સૌને રાજી કરી ધર્મચક્રનું 'यावत चंद्रदिवाकरौ' પ્રવર્તન થતું રહે તે માટે સંપ્રદાયમાં મંદિરો બાંધવાનો દઢ સંકલ્પ કરે છે. સ્વામી સહજાનંદજી સાજા થાય છે. 'શ્રીનગર' કહેતાં આજની કર્ણાવતી નગરીને સંપ્રદાયના પ્રથમ શિખરબદ્ધ મંદિરથી વિભૂષિત કરે છે. મંદિરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, સમકાલીન ધાર્મિક લાગણીની માવજત કરે છે. આ રીતે સંપ્રદાયને રુચે તે રીતે પોતાના અવતારી સ્વરૂપને પણ પ્રતિષ્ઠિત કરતાં જાય છે. હિંદુધર્મના ઇતિહાસમાં એ એક વિરલ ઘટના હતી કે પોતાની હયાતી દરમિયાન જ અવતારી પુરુષ તરીકે ખ્યાતિ પામ્યાં અને મંદિરોમાં મૂર્તિરૂપે પૂજાવા લાગ્યાં.

ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રગટ ઉપાસનાની એક વિશિષ્ટ પ્રણાલિકા વહેતી થઈ. અનેક મુમુક્ષુઓની આધ્યાત્મિક ભૂખ સંતોષાવા લાગી. ચોરે ને ચૌટે ચર્ચાઓ થતી કે કાઠિયાવાડમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાં છે. પરિણામે એક પ્રચંડ ધાર્મિક જુવાળ ઊભો થયો. સંપ્રદાયમાં અનેક લોકો આકર્ષાવા લાગ્યા. જિજ્ઞાસાથી મુમુક્ષુઓના સંઘો, શ્રીજી જયાં ગઢડામાં વિરાજતા ત્યાં દર્શને આવવાં લાગ્યા. સમય જતાં

ગઢડા 'સ્વામીના' તરીકે વિખ્યાત થઈ ગયું. આ રીતે સંપ્રદાયનો વિસ્તાર વધતો જતો હતો. આમ રામાનંદ સ્વામીના સમગ્ર સત્સંગને પોતાની મૂર્તિમાં ખેંચી લેનાર સહજાનંદજીએ ભવ્યમંદિરો તેમજ પાંચસો પરમહંસો બનાવીને પોતાનો પ્રૌઢપ્રતાપ બતાવ્યો. રામાનંદ સ્વામીએ ધર્મધૂરા સોંપી ત્યારે સંપ્રદાય પાસે કોઈ જગ્યા કે સ્થાન મોજૂદ હતાં નહીં. શ્રીજી પોતાની પ્રતિભાથી ધર્મના ધ્વજને ચોમેર પ્રસરાવતા ગયા. દરમિયાન પોતાના પરમહંસો પાસેથી કડીતોડ કામ લીધું. 'દીવો ત્યાં દાતણ નહીં' કરનારાં આ સંતો શ્રીજી આજ્ઞાએ ટુક ટુક થઈ જતા. વાડીના ખેડૂતોને સ્વામિનારાયણનાં સંતો, સિંચાતા કોસ સાથે આવન–જાવન કરીને સત્સંગની વાતો કરતાં, કોઈ મૂઢમતિ કોશિયો લાકડી ફટકારી હડધૂત કરતો અને કહેતો "સ્વામિનારાયણના મુંડિયા અહીંથી ટળતાય નથી" આવી વિકટ અને દુર્ગમ પરિસ્થિતિમાં શ્રીજીના સંતો ધૈર્ય રાખીને સત્સંગનો પ્રચાર કરતા, શ્રીજી આજ્ઞા મુજબ જે દિવસે પાંચ સત્સંગી ન થાય ત્યારે છેવટે બાકી ઝાડને પણ વર્તમાન ધરાવી આ સંતો વિરમતા.

મંદિરો યુગયુગાંતર સુધી પ્રેરણાના સ્ત્રોત બની રહે છે. મંદિરોનું મહત્કાર્ય ચૈતન્ય મંદિરો પ્રગટાવવા તે છે, એવી એક કલ્યાણકારી ભાવનાથી અભિભૂત થઈને શાશ્વતકાળપર્યંત, સનાતન સંસ્કારની ગંગોત્રી અખંડ વહેતી રાખવા શ્રીહરિએ મંદિરોના નિર્માણકાર્યને આગળ ચલાવ્યું. વડતાલ, ગઢડા, ભુજ, અમદાવાદ, ધોલેરા અને જૂનાગઢ સંસ્કારધામના પ્રતીક સમા શિખરબદ્ધ મંદિરોની નવાજેશ કરે છે. મંદિરોની આંતર બુનિયાદે તેમની અનુપમ આર્ષદષ્ટિનું દર્શન કરાવ્યું છે. ભગવાન સ્વામિનારાયણે ધર્મ, નીતિ અને સંસ્કૃતિના ભેદવિહોણા મંદિરો રચ્યાં. નિષ્કામ ભક્તિને શુદ્ધ સ્વરૂપ આપવા તેમણે સ્ત્રી–પુરુષ ભક્તોને દર્શન માટે અલગ વ્યવસ્થા કરી. શ્રીહરિ નિર્મિત મંદિરો અને તદ્જન્ય સંસ્કારધામોની સુવાસ આજે સમસ્ત વિશ્વમાં પ્રસરી રહેલ છે. વૈદિકકાળના ગુરુકુળો, ત્યાર પછીની તક્ષશિલા, નાલંદા કે વલ્લભવિદ્યાપીઠ જેવાં સ્થાનો પણ કાળના પ્રવાહમાં વિલીન થઈ ગયાં છે. તે સંદર્ભમાં જોઈએ તો આ જ્ઞાનોપાસનાના સંસ્કારધામોની હસ્તી અનંતકાળ ટકી રહેશે તેમાં કોઈ શંકા નથી, કેમ કે તેના પાયામાં સનાતન ધર્મ છે. એવા આ મંદિરોમાંથી વહેતી સંસ્કાર સરવાણીઓ કદી સુકાઈ નથી. એક

બળવત્તર પ્રવાહ બનીને, લક્ષ્યાવધિ મનુષ્યોને ભીંજવતા ચિન્મયઘોધ સ્વરૂપે વહી રહેલ છે.

મંદિરો એટલે તીર્થસ્થાનો, તેનાં તીર્થત્વનો પ્રાણ છે, મંદિરોમાં વિરાજમાન સત્પુરુષ, આપણે ત્યાં અનેક કષ્ટો વેઠીને પણ ચારધામ યાત્રા કરવાની એક પુરાણી પ્રણાલિકા છે. તેની પાછળ એ શુભ આશય છે કે એ તીર્થસ્થાનોમાંથી કોઈ એવા કલ્યાણકારી સત્પુરુષની પ્રાપ્તિ થાય, આ જ તીર્થયાત્રાનું ફળ છે. આવા સત્પુરુષનો યોગ એટલે જીવનયાત્રાની પૂર્ણાહુતિ. શ્રીહરિએ આવા સત્પુરુષે યુકત તીર્થસ્થાનો સર્જીને આત્યંતિક કલ્યાણની જાણે પરબો બાંધી છે.

મંદિરોની બાહ્યરચના અને તેનું સંકલન પણ દાદ માગી લે તેવાં છે. મંદિરોના સ્થાપત્યમાં કલાની દષ્ટિનું આબેહૂબ દર્શન થાય છે. ભક્તોની જીવનકલાના દ્યુતિ સમાન એ મંદિરો શિલ્પકલાના ઉત્તમ નમૂના બની રહ્યા છે. તે વખતની ઘરગથ્થુ કળા અને કોઠાસૂઝ કેટલી ઊંચી કોટિની હતી તેનું દર્શન થાય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની પૂરણી તેના પાયામાં પુરાઈ છે. કવિશ્રી નાનાલાલ પ્રશસ્તિરૂપે કહે છે : "સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરની ઘૂમ્મ્ટ ઘટા નીચે બેસી આવજો, અને ત્યાં તમને લાગે કે અંતરિક્ષમંથી શીતળતાના બુંદ વરસે છે. આત્મા ઠરે છે. અંતરને ટાઢક વળે છે. ઉરના અને અંગના અગ્નિ શાંત પડે છે... અતિ ઝીણા ઝીણા અમી–ઝરણાં પ્રગટે છે તો જ એ સંપ્રદાયને અનુભવથી ધર્મમાર્ગ માનજો"[૨૯]

સ્વામી સહજાનંદજીએ ધર્મપ્રસાર સાથે સમાજજીવનમાં વિવિધ લલિતકલાઓને સુયોગ્ય સ્થાન આપી તેનું પોષણ પણ કર્યું છે. શ્રીહરિની મરજી જાણી સંપ્રદાયના મહાન સંતોએ સાહિત્યસર્જનનું કાર્ય પણ વેગવંતુ કર્યું. બહુધા શાસ્ત્રોનું વિષયવસ્તુ ધર્મપ્રેરિત રહ્યું છે. તેમનું સાહિત્યસર્જન સંપ્રદાયની કેવળ પુષ્ટિ અર્થે જ હતું. તેમાં નિરતિશય આત્માના આનંદની અભિવ્યક્તિ થઈ છે. આને કોઈ નિર્વેદ કે રુરુદિષાનું સાહિત્ય રખે માની બેસે! સકળ વિદ્યાના સારરૂપ 'सा विद्या या विमुक्तये'નો બ્રહ્મનાદ વહેતો કરનાર સ્વામિનારાયણીય સંતોની આરાધ્યમૂર્તિ સહજાનંદ સ્વામી જ હતાં. તેમનાં પદ્યમાં સાહિત્યનું પ્રાગટ્ય અનાયાસ થયું છે. સ્થૂળ આનંદથી એ સંતો છેટે જ રહ્યાં છે. તેઓને

પરમતત્ત્વના આનંદને અભિવ્યક્ત કરવો હતો. આ સંતોએ કલાને નાદબ્રહ્મની ઝલક અર્પી છે. સંપ્રદાયમાં સંગીત અને નૃત્ય પણ ધર્મચક્રપ્રવર્તનના માધ્યમ તરીકે ઉપસી આવ્યાં છે. ઊભય કલાની સાધના પણ મંદિરોમાં થતી જોવા મળે છે.

ધર્મચક્રપ્રવર્તનને સતત ગતિશીલ રાખવા શ્રીહરિએ પોતાના દેહ છતાં જ સંપ્રદાયના મંદિરોને અમદાવાદ દેશ અને વડતાલ દેશ એમ બે વિભાગોમાં વહેંચી તેના સંકલનને સરળ બનાવ્યું છે. અહીં 'દેશ' એટલે 'પ્રદેશવિશેષ', 'સ્થાનવિશેષ' એમ માનવાનું છે. બંને દેશ વિભાગમાં ધર્મકુળના એક એક આચાર્ય મહારાજની નિમણૂંક કરી વંશપરંપરાગત ધર્મશાસનની ધૂરા તેમને સોંપી છે. તેઓ થકી ધર્મપ્રસારણનું કાર્ય આજે પણ શ્રીજી પ્રબોધિત રાહે, અવિરતપણે આગળ ધપી રહ્યું છે. આમ મંદિરો, સંતો, શાસ્ત્રો અને આચાર્ય દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયમાં લક્ષાવધિ મનુષ્યો ભીંજાતા રહ્યાં છે. જો મંદિરો સ્થાવર તીર્થો છે તો સંતો જંગમતીર્થો બનીને લોકોને શાંતિ પમાડી રહ્યાં છે. આચાર્યશ્રી અને શાસ્ત્રો સંપ્રદાયને સજાગ રાખી રહ્યાં છે. શ્રીહરિના ધર્મચક્ર પ્રવર્તનના કાર્યે હિંદુધર્મના ઇતિહાસમાં સૌથી જબરી હરણફાળ ભરી છે. તે જોઈને દિંગમૂઢ થઈ જવાય છે. પૃથ્વીના તળ પર એક એવું વિરાટ કાર્ય પાંગરી રહ્યું છે જે સમગ્ર માનવજાત માટે શ્રેયસ્કર બની રહેશે.

*સાહિત્યપોષક વાતાવરણ :*

સ્વામિનારાયણ મંદિરો વિષેની આ જાણકારી અહીં એટલા માટે પ્રસ્તુત છે કે સંપ્રદાયના અષ્ટકવિઓએ આવા વાતાવરણમાં મંદિરોની છાયા તળે એમનું કાવ્ય સાહિત્યસર્જન કર્યું છે. સાહિત્ય સર્જનમાં આસપાસનો પરિવેશ ઘણો મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે તેથી અહીં એમનો સંક્ષિપ્ત પરિચય આવશ્યક બને છે.

એ જ રીતે પૂજા પ્રાર્થના પદ્ધતિ વિષે પણ ટૂંકમાં જાણવું જરૂરી બને છે. સંપ્રદાયના સાહિત્યમાં એ વિગતો ઘણીવાર કવિતા બનીને આવે છે. આપણે એનું ચિત્ર પણ જોઈએ, કેમ કે એ પ્રત્યેક પૂજાવિધિનું વિશાળ પદસાહિત્ય છે.

*પૂજા–પ્રાર્થના પદ્ધતિ :*

સહજાનંદ સ્વામીના મંદિરોની ભવ્યતા ઊડીને આંખે વળગે છે, તો તેમાં થતી પૂજા–પ્રાર્થનાની દિવ્યતા આત્માને સ્પર્શી જાય છે. મંદિરોમાં પધરાવેલી મૂર્તિઓ પ્રાણ–પ્રતિષ્ઠા પછી સાક્ષાત્ પ્રભુના ભાવથી પૂજવામાં આવે છે. તેમાં રહીને પ્રભુ, ભક્તોની પ્રાર્થના સાંભળે છે અને પૂજા અંગીકાર કરે છે. આ ભાવનાને કેન્દ્રસ્થાને રાખીને સ્વામિનારાયણ ભગવાને વિશિષ્ટ પૂજા– પ્રાર્થના પદ્ધતિનો પુરસ્કાર કર્યો છે. પ્રથમ આપણે દેવની પૂજા પદ્ધતિ પર દષ્ટિપાત કરીશું. જેમ જીવંત માનવીને કોઈને કોઈ પ્રકારની દિનચર્યા હોય છે, તેમ સ્થાપિત મૂર્તિઓની પરિચર્યા સંતો દ્વારા કરવામાં આવે છે. નિયમિતપણે પ્રાતઃ કાળે ટોકરીના મીઠા રણકારથી તેમજ પ્રભાતી પદો ગાઈને જેવાં કે 'જાગો રે રસીલા છેલા સહજાનંદ હરિ પ્યારા રે' તથા 'પ્રાત થયું મનમોહન પ્યારા પ્રીતમ રહ્યાં શું પોઢી રે' એ રીતે પ્રભુને જગાડવામાં આવે છે. ત્યારબાદ ક્રમશઃ દંતધાવન, સ્નાનવિધિ, શણગાર, રાજભોગ, વિશ્રાંતિ, ફળાહાર, થાળ અને રાત્રિનાં પોઢતાં સુધી ઠાકોરજીની જીવંત સેવા કરવામાં આવે છે. શણગારોનો ઠાઠમાઠ જોઈ આભા બની જવાય છે. સેવા ભક્તિમાં હરિકૃષ્ણમહારાજને સવિશેષ લાડ લડાવવામાં આવે છે. 1તુ પ્રમાણે સાજ–શણગારનું સાતત્ય જાળવી રાખવામાં આવે છે. ઉત્સવોની પરંપરાગત ઉજવણી થતી રહે છે.

આરતીનો ક્રમ જોઈએ તો પ્રાતઃકાળે પ્રભુ જાગે ત્યારે મંગળા આરતી, નિત્યક્રિયા પછી શણગાર આરતી, સવારના થાળ દરમિયાન રાજભોગ આરતી, સાયંકાળે સંધ્યા આરતી અને પ્રભુને પોઢાડવામાં આવે છે ત્યારે શયન આરતી ઉતારવામાં આવે છે. મુનિવર્ય મુકતાનંદ સ્વામી રચિત આરતીગાન સાથે ઝાલરના રણકાર અને નગારાના પડધમ વાતાવરણને સંગીતમય બનાવે છે. ભાવિકો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ અને ચરણસ્પર્શ કરી પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરે છે. શયન આરતી પછી શ્રીહરિની જીવનચેષ્ટાનાં પદો ગાવાની પ્રણાલી આ સંપ્રદાયની એક આગવી વિશિષ્ટતા છે.

ઉપર્યુક્ત દેવની પૂજાના અનુષંગે મંગળ પ્રભાતે હરિકૃષ્ણ મહારાજ અને તેમના સ્વરૂપોનું સોપારીમાં આહ્‌વાન કરી નિત્ય પ્રત્યે મહાપૂજા કરવામાં આવે છે. આ

મહાપૂજાનો હેતુ હરિભક્તોના ત્રિવિધ તાપ શમાવવાનો હોઈ, જે તે ભક્તોના નામ લઈને પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે. મહાપૂજા પૂરી થયે તેનું ઉત્થાપન યથાવિધિ કરી ધરાવેલ પ્રસાદ વહેંચવામાં આવે છે.

દરેક મંદિરના શિરોમણિ સંત પાસે બાલસ્વરૂપ હરિકૃષ્ણ મહારાજ જેમને 'ઠાકોરજી' ના હૂલામણા નામથી સંબોધવામાં આવે છે, તેની પણ પૂજા કરવામાં આવે છે. મુખ્યત્વે સંતો જયારે હરિભક્તોનાં ઘેર પધરામણીએ જાય છે ત્યારે આ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સાથે લઈ જવાય છે. 'ઓરડા' ના પદથી આવકારી તેમનું કુમકુમથી પૂજન કરાય છે. યથાશક્તિ ભેટ ધરી ઠાકોરજીને સન્માનિત કરાય છે. આ પદ્ધતિ ઉપાસના વિશુદ્ધિની ધોતક બની રહે છે.

તદુપરાંત દરેક હરિભક્તને વ્યક્તિગત રીતે સવારના સમયે ગુરુએ આપેલી પૂજા કરવાની હોય છે. આ પૂજામાં શ્રીજી અને તેના સ્વરૂપોની ચિત્રપ્રતિમાઓમાં હૃદયાકાશમાં વિરાજેલ પ્રભુને આહ્વાન કરી પધરાવવામાં આવે છે. માળા, દંડવત, પ્રદક્ષિણા અને શિક્ષાપત્રીનું પઠન થાય છે.

મંદિરોમાં થતી કથાવાર્તા, પૂજા–પ્રાર્થનાનું જ એક અંગ હોઈ તેનો પણ નિર્દેશ અસ્થાને નહીં ગણાય. દરેક મંદિરોમાં આઠેય પહોર કથાનો અખાડો જામેલો જ રહે છે. શ્રીહરિના ચરિત્રોનું ગાન, વચનામૃતના રહસ્યોનું નિરૂપણ અને કીર્તનભક્તિથી મંદિરના સભાખંડ ધમધમતા રહે છે.

હરિભક્તોના ઈન્દ્રિયો અંતઃકરણને સતત પ્રભુ સન્મુખ રાખવા સ્વામિનારાયણ ભગવાને વિવિધ પૂજા–પ્રાર્થના પદ્ધતિઓને નિત્ય જિવાતા જીવન સાથે અવિચ્છિન્નપણે વધી લીધેલ છે. એટલું જ નહીં પણ એક ઈષ્ટદેવની હેસિયતથી તે જ પ્રમાણે વર્તવા આજ્ઞા કરેલ છે. દેહને પોતાનું રૂપ માની અજ્ઞાનતામાં રઝળતા જીવાત્માને પ્રભુના આકારે કરવા સ્વામિનારાયણ ભગવાનનું આ એક કલ્યાણકારી પ્રદાન લેખી શકાય.

*ઉત્સવ–કવિતાની આંતરસામગ્રી :*

સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતા એના ઉત્સવોને અનુલક્ષીને પણ રચાઈ છે. એ ઉત્સવો એટલે પ્રભુને કેન્દ્રમાં રાખીને વ્યક્ત થતાં જીવનરસના અવસરો. સામાન્ય

માનવીને ત્યાં સાંસારિક અવસરો આવે છે. અહીં પરમાત્માને અનુલક્ષીને તે નિમિત્તે ઉત્સવો ઉજવાય છે. 'પ્રેમસખી' પ્રેમાનંદ જેવા કવિઓની રચનાઓમાં કે અન્ય સ્વામિનારાયણીય કવિ સંતોના કાવ્યોમાં એ ઉત્સવો વારંવાર નિર્દેશ પામ્યાં કરે છે. આથી આપણે એના વિષે પણ અલ્પ એવી વિગત નોંધવી જોઈએ.

આપણે ત્યાં વૈદિકકાળથી વિવિધ ઉત્સવો ઉજવાતા રહ્યાં છે. કેમકે 'उत्सवप्रिय खलु जना' માનવી ઉત્સવપ્રિય છે. સંસારની ઘટમાળામાં ફસાયેલા માનવીને ઉત્સવ મુક્ત આનંદ અને મનોરંજન પૂરું પાડે છે. ઉત્સવનો આનંદ આબાલવૃદ્ધ સૌને સ્પર્શી જાય છે. હિંદુ સમાજને 'ઉત્સવઘેલો' કહીએ તો પણ ખોટું નથી. પરાપૂર્વથી સમાજમાં રૂઢ થઈ ગયેલા ઉત્સવો સંસારનો ભાર વેંઢારીને ફરતા માનવી માટે વિસામા સમાન બની રહે છે. જીવનમાં, થાક ઉતારીને એક નવો જ ઉત્સાહ–ઉમંગ પૂરવાનું શ્રેય ઉત્સવો કરતા આવ્યાં છે. દુઃખોનું વિસ્મરણ કરાવીને માનવીને હળવોફૂલ રાખતાં ઉત્સવો સમાજની ચેતનાને પણ જાગ્રત રાખે છે. ઉત્સવ પ્રણાલીના જનક એવા ૠષિ–મુનિઓએ વિવિધ ઉત્સવોને પોતાના વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આવરી લઈને આનંદ, આરોગ્ય અને અધ્યાત્મનો સરસ સુમેળ સાધ્યો છે. ઉત્સવના મહિમાને ૠતુકાળ, ખાનપાન, વ્રત–ઉપવાસ, કીર્તન, જાગરણ, સ્નાન વિગેરે સાથે સાંકળીને માનવીના પ્રેય અને શ્રેય ઊભયનો નિર્દેશ કર્યો છે. એટલે જ હિંદુધર્મના ઉત્સવો તેની સંસ્કૃતિના ધોતક બની રહ્યા છે. એટલું જ નહીં પણ ઉત્સવોએ ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી છે. ઉત્સવોની વિપુલતા જેટલી ભારતવર્ષમાં છે તેટલી અન્યત્ર જોવા મળતી નથી. ઉત્સવપ્રિય ભારતીઓ વિદેશોમાં વસીને પણ સંસ્કૃતિના પ્રતીક સમા ઉત્સવરૂપી દિવડાની જયોતને પ્રજ્જવલિત રાખી રહ્યાં છે. હિંદુ સમાજની એકતાને ઉત્સવોએ પોષણ આપ્યું છે. ઉત્સવોના સાતત્યથી આપણો ભવ્ય સાંસ્કૃતિક વારસો અકબંધ રહ્યો છે. ધર્મ, ઉત્સવોનું એક અંગભૂત પ્રેરકબળ રહ્યો છે. ભગવાન સ્વામિનારાયણે રૂઢિગત ઉજવાતા આવા ઉત્સવપર્વોમાં શુદ્ધ ભક્તિનું સિંચન કરીને સાત્ત્વિકતા બક્ષી છે. સંપ્રદાયમાં ઉત્સવના પર્યાયરૂપે 'સમૈયો' શબ્દ ખૂબ પ્રચલિત બન્યો જણાય છે. શ્રીહરિ સમૈયા ઉત્સવ ખૂબ ઉમંગથી ઉજવતા. ખૂણેખૂણેથી હરિભક્તો અને વિચરણ કરતા સંતોને કંકોતરીઓ લખી તેડાવતા. શ્રીજી સહિત સૌ ઉત્સવોનો લ્હાવો

માણતાં. શ્રીજીનો ઉદ્દેશ સત્સંગમાં સુહૃદભાવ પ્રગટાવીને ભાવાત્મક એકતા સિદ્ધ કરવાનો હતો. તેમાં ઉત્સવ સમૈયાઓએ એક મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી છે.

આ સંપ્રદાયે વિઠ્ઠલનાથજીના વ્રતોત્સવની સમય સરણી સ્વીકારીને વાર તિથિ મુજબ જે તે ઉત્સવ સર્વત્ર એક જ સમયે ઉજવાય તેવું સંકલન કર્યું છે. ઉપરાંત પોતાના વિશિષ્ટ ઉત્સવોને આવરી લઈને સંપ્રદાય વર્ષોવર્ષ વ્રતોત્સવ નિર્ણય જાહેર કરે છે. ઉત્સવ–સમૈયાની રૂપરેખા આપણે ક્રમશઃ સંક્ષેપમાં જોઈએ.

*અન્નકૂટોત્સવ :*

વિક્રમ સંવત વર્ષની શરૂઆતનો પ્રથમ દિવસ અન્નકૂટોત્સવ તરીકે હિંદુધર્મમાં પરંપરાગત રીતે ઉજવાતો આવ્યો છે. નવા વર્ષનું અન્ન પહેલા ઠાકોરજીને જમાડીને અન્નમય બ્રહ્મની ઉપાસના શાસ્ત્રોએ બતાવી છે, તેવી ભાવનાથી પ્રેરાઈ ભગવાનને છપ્પનભોગ ધરાવાય છે. વાનગીઓની કલાત્મક ગોઠવણી અને તેનાં વૈવિધ્યથી અન્નકૂટના દર્શન થતાં જ અહોભાવનો ઓડકાર આવી જાય છે. ભાવનાના ભૂખ્યા ભગવાનની દૃષ્ટિથી પ્રસાદીભૂત બનેલું ભોજન, અન્નકૂટ આરતી પછી પ્રસાદીરૂપે ભક્તોને જમાડાય છે. ચાતુર્માસના ત્યાજય રીંગણ અને શિયાળાનાં વસાણાં જમવાની આજના દિવસથી શરૂઆત થાય છે. ગુરુ થકી નવું વર્ષ સૌને મંગલકારી નીવડે તેવાં ગુરુઆશિષ લેવાય છે.

*પ્રબોધિની એકાદશી–તુલસી વિવાહ :*

પ્રબોધિની એકાદશીનો સમૈયો પણ શ્રીજીને પ્રિય હતો. શ્રીહરિ સંત–હરિભક્તોને તેડાવી મિષ્ટાન્નથી તૃપ્ત કરી, કથામૃતનું પાન કરાવતા. સંપ્રદાયમાં આ દિવસે તુલસીજીના ઠાકોરજી સાથે વિવાહ યોજાય છે. આજના દિવસ પછીથી જ વિવાહ સંબંધી શુભ મુહૂર્ત જોઈ મંગળ અવસરો ઉજવાય છે. આમ દરેક પ્રસંગે ઠાકોરજીને આગળ રાખવાથી જીવન ધન્યતા ભર્યું બની રહે છે એવો એક સંદેશ આ ઉત્સવ પ્રબોધી રહે છે.

પોષ પૂર્ણિમાએ કુદરતના ખોળે સંત–હરિભક્તો ડબરા ઉત્સવની મોજ માણે છે. તપોમૂર્તિ સંતો અને ભક્તો આજથી માઘ–સ્નાનનો પ્રારંભ કરે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં વહેલી સવારે નદીના ઠંડા પાણીમાં માથાબોળ સ્નાન કરી, ભીનાં વસ્ત્રો સહિત

ઠાકોરજીના દર્શન કરવામાં આવે છે. નદીની અવેજીમાં માટલાના ઠંડા પાણીથી સ્નાન કરી શકાય છે. દેહદમનની આ પણ એક વિશિષ્ટ રીત છે.

મકરસંક્રાન્તિનું પર્વ એટલે દાન–પુણ્યનું પર્વ. સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થાય ત્યારે નૈમિષારણ્ય ક્ષેત્રમાં કરેલા દાન–પુણ્યનું ફળ, મકર પછીના દિવસની જેમ વૃદ્ધિને પામતું જાય છે. ત્યાગશ્રામી સંતો આજે ઝોળી માગવા નીકળી પડે છે. હરિભક્તો ધન–ધાન્યથી તેમની ઝોળી છલકાવી દે છે. આજના દિવસે અવનવી ચીકી અને ખાસ કરીને શેરડી ભગવાનને ધરાવાય છે.

*વસંતોત્સવ :*

'ऋतुनामहं कुसुमाकरः' કહી ભગવાન શ્રીકૃષ્ણે 1તુરાજ વસંતને પોતાની વિભૂતિ ગણાવી છે. વિભૂતિમાત્રને આર્યોએ પૂજી છે. તેમ વસંતને તેનાં વૈભવી દમામથી પૂજીને તેની સકલ સૃષ્ટિમાં મલપતી સવારીનાં ઓવારણાં લીધાં છે. વિશાળ ચંદરવા તળે મંડપ, તે મધ્યે વેદિકા, રંગોળી, અષ્ટદળમાં આમ્રમંજરીને દૂર્વાપર્ણોથી શોભતો સુવર્ણકળશ, ઉપર ગુલાલભર્યા શ્રીફળનું આરોપણ, ગુલાલની ઝોળીયુકત ઠાકોરજીના હસ્તકમળમાં કેસૂડાનાં રંગની પિચકારી એમ પચરંગી રંગોત્સવની જમાવટમાં વસંતના ગીતો ઉત્સવને ભક્તિરસભીનો બનાવે છે. કેસૂડાનો રંગ એટલે શૂરવીરતાનું પ્રતીક. 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને' એવા કેસરિયા રંગથી રંગાઈને ભક્તિ કરવા શ્રીહરિ સૌને સજ્જ કરે છે. સંવત ૧૮૮૨ મહાસુદ પંચમીના મંગળકારી દિવસે શ્રીહરિએ સંપ્રદાયને 'શિક્ષાપત્રી'નું પ્રદાન કરેલું છે. યોગક્ષેમના સુરક્ષા કવચ સમાન શિક્ષાપત્રીએ વસંત બનીને જાણે ભક્તોના જીવનને નવપલ્લવિત રાખ્યું છે. શિક્ષાપત્રીનું પારાયણ અને પૂજન આ દિવસે કરવામાં આવે છે.

*પુષ્પદોલોત્સવ :*

આ ઉત્સવ સાથે હિરણ્યકશિપુ, હોળિકા અને પ્રહ્લાદની પૌરાણિક કથા સંકળાયેલી છે. આસુરી ને દૈવી તત્ત્વોનો સંઘર્ષ આદિકાળથી ચાલતો આવ્યો છે. ભક્ત પ્રહલાદને આસુરી પિતા હિરણ્યકશિપુએ મારવાનાં ઘણાં પ્રયત્નો કર્યાં છતાં તે ન મર્યો. છેવટે તેની બહેન કે જેને અગ્નિ નહીં સ્પર્શે એવું વરદાન મળેલું, તેનાં ખોળામાં પ્રહલાદને

બેસારીને અસુરોએ અગ્નિ ચેતાવ્યો. હોળિકા બળી ગઈ. પ્રહલાદની પ્રભુએ રક્ષા કરી. તારણહાર પર પ્રહ્લાદની અતૂટ શ્રદ્ધાના આ પર્વને ભક્તોએ રંગોત્સવથી વધાવી લીધું ને અસુરોએ ધૂળ ઉડાડી. પૃથ્વી પર બંનેનો વંશ કાયમ રહ્યો છે. ભક્તો રંગે રમે છે અને અસુરો બીભત્સ ગાળ–ગલીચ બોલી કુડો–કાદવ ઉછાળતા રહ્યા છે.

આજે પણ ફાગણ સુદ પૂનમની સાંજે છાણાં ગોઠવીને હોળી પ્રગટાવાય છે. હોળીનો તાપ આરોગ્યપ્રદ મનાયો છે. હોળીમાં આસુરી સમાજ મૂળતત્ત્વ ભૂલીને અશ્લીલતામાં સરી પડતો, સ્વામિનારાયણ ભગવાને આવી આસુરી પ્રવૃત્તિ બંધ કરાવી પર્વને સુરુચિપૂર્ણ બનાવ્યું છે. આજના દિવસે શ્રીહરિ સંતો–હરિભક્તો સાથે અતિ હેતે કરીને કેસૂડાના રંગે રમતાં, ગુલાલની ફાંટો ભરીને ખોબલે ખોબલે ઉડાડતા. આજે પણ સંપ્રદાયમાં એજ પ્રણાલિકાથી ઉત્સવ ઉજવાય છે. મંદિરોમાં ઠાકોરજીને કેસરી વાઘાથી શણગાર કરવામાં આવે છે. ફગવાની પ્રસાદીમાં ધાણી, દાળિયા, ખજૂર, ટોપરાં અને હારડા વહેંચવામાં આવે છે. શ્રીહરિને હારડાના હારથી વિભૂષિત કરવામાં આવે છે. આજના દિવસે ભગવાનને અંતરશત્રુરૂપ અસુરો થકી રક્ષા કરવાની પ્રાર્થના કરવામાં આવે છે. અત્રે એ નોંધવું જોઈએ કે સ્વામિનારાયણ મંદિરોમાં રંગોત્સવ હોય કે અન્ય કોઈ ઉત્સવોમાં સ્ત્રી– પુરુષની મર્યાદાનું અક્ષરશઃ પાલન, શ્રીહરિની આજ્ઞા પ્રમાણે જ કરવામાં આવે છે.

*રામનવમી–શ્રીહરિ જયંતી :*

સંપ્રદાયના અનેક ઉત્સવોની અંદર આ ઉત્સવનું મહત્ત્વ વિશેષ છે. કારણ કે ઉપાસ્ય મૂર્તિ ભગવાન સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદ નવમીના દિવસે રાત્રીના દસ ને દસ મિનિટે થયેલો છે. સંપ્રદાયમાં આ દિવસે ભક્તસમાજ પોતાના ઈષ્ટદેવની પ્રસન્નતાને અર્થે ઉપવાસ કરે છે. દિવસ આખો કથા–કીર્તન કરતા રહી શ્રીહરિના જન્મસમય દસ ને દસ મિનિટે પ્રાગટ્યની જયઘોષણા કરીને બાળપ્રભુની આરતી ઉતારાય છે. બાળ ઘનશ્યામને પારણામાં ઝુલાવાય છે. ભક્તસમાજ ઝૂલણિયાં કીર્તન ગાય છે. પંજરીનો પ્રસાદ ઠાકોરજીને ધરાવીને વહેંચવામાં આવે છે. તેમના દિવ્ય જીવન અને કાર્યની યશોગાથા ભક્તો ગાય છે. ભગવાનનાં જે ઉપકાર છે તેનો બદલો કે

1ણ તો કઈ રીતે વાળી શકાય ? ભક્તો તેમના ગુણગાન ગાઈને કૃતકૃત્યતા અનુભવે છે. ભગવાનની સ્મૃતિ કરી આ રીતે ઉત્સવ ઉજવીને ભક્તો સ્મરણાંજલિ અર્પે છે.

મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ભગવાનનો જન્મ પણ આજ દિવસે બપોર બાર વાગે થયેલો છે. તેથી આ દિવસને રામનવમી પણ કહે છે. રામભક્તસમુદાય રામજીમંદિરમાં બપોરના બાર વાગ્યે રામ જન્મોત્સવ ધામ–ધૂમ પૂર્વક ઉજવે છે.

તદ્દુપરાંત ચૈત્ર માસમાં વિશેષ પારયણ, યજ્ઞો કરી સંપ્રદાયને જોમવંતો રાખવામાં આવે છે. જે વર્ષમાં અધિક માસ આવતો હોય ત્યારે પણ વિશેષ પ્રભુભજન કરી આ માસને પુરુષોત્તમ માસ જાણી જીવનનો વધુમાં વધુ સમય પ્રભુભક્તિમાં વ્યતીત કરવામાં આવે છે.

*પ્રાણપ્રતિષ્ઠા અને પાટોત્સવ :*

સંપ્રદાયમાં જયાં જયાં નવા મંદિરો આકાર લે છે, ત્યાં મૂર્તિઓમાં પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ પ્રસંગે પણ એક ઉત્સવનું રૂપ ધારણ કર્યું છે. આચાર્ય મહારાજ અગર તો ભગવાનના ધારક સંતના હસ્તે શાસ્ત્રોકત વિધિથી મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી પહેલી આરતી ઉતારવામાં આવે છે. ભગવાનને મહાપ્રસાદ ધરી સૌ સંત હરિભક્તો જમે છે. સંપ્રદાયના વિકાસ સાથે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાતા રહે છે.

વર્ષના જે દિવસે ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા થઈ હોય તે જ દિવસના વાર તિથિ નવા વર્ષે આવે ત્યારે તે દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. શાસ્ત્રોકતવિધિથી પૂજન–અર્ચન કરી સંત–હરિભક્તો પ્રસાદીભૂત થાળ જમે છે.

*રથયાત્રા :*

અષાઢ સુદ બીજના રથયાત્રાના ઉત્સવ પાછળ રાધાકૃષ્ણની ભાવવાહી કથા સર્વવિદિત છે. તેની યાદમાં આજે પણ ભક્તો ભગવાનને રથમાં બેસાડીને દિવ્ય ઠાઠ–માઠ અને મિજાજમાં, રથને સ્વહસ્તે ખેંચીને ફેરવે છે. ભક્તહૃદય પારખીને ભગવાન અડવાણા પગે મળવા દોડે છે એવી આતુરતા છે. એ ભગવાન જાણે રથમાં બેસીને પોતાના ભક્તોને શોધી રહ્યાં છે, એવી પ્રભુની મંગળકારી યાત્રાને રથયાત્રાના એક ઉત્સવ તરીકે પ્રતિવર્ષ ઉજવાય છે.

*ગુરુપૂર્ણિમા :*

અષાઢી પૂનમ એટલે ગુરુપૂર્ણિમા. પૂર્વે પરિક્ષિતે આ જ દિવસે સંન્યાસીમાત્રના ગુરુ એવા શુકદેવજીનું પૂજન કરેલું, ત્યારથી ગુરુપૂજનનો ઉત્સવ ભારતભરમાં પ્રચલિત બન્યો છે. ગુરુનો મહિમા અપરંપાર છે. સંત તુલસીદાસજી કહે છે કે

*"ગુરુ બિન જલનિધિ તરે ન કોઈ,*

*ભલે વિરંચ શંકર સમ હોઈ"*[30]

જીવાત્માને સંસૃતિમાંથી મુક્ત કરનાર ગુરુનું 1ણ કોઈ રીતે ફેડી શકાય તેમ નથી. તેમ છતાં ગુરુનો ઉપકાર કેમ ભુલાય ? યત્કિંચિત્ પણ 'હાંહાંગડથલ' કરીને આજના દિવસે પ્રત્યક્ષ ગુરુદેવનું પૂજન કરીને શિષ્ય તેમના આશીર્વાદ પામે છે. ભગવાન સ્વામિનારાયણે આ પૃથ્વીના તળ પર નિઃશંકપણે નિર્ભયપદ આપનાર સદ્ગુરુની પરંપરાને અખંડિત રાખી છે. તેવા સદ્ગુરુ પામીને સંપ્રદાય સનાથ રહ્યો છે.

*હિંડોળા–ઉત્સવ :*

શ્રાવણ માસ એટલે ઉત્સવોની હેલી. પ્રભુને અવનવા લાડકોડ કરાવવા ભક્તોને કોઈને કોઈ નિમિત્ત જોઈએ. શ્રાવણ માસમાં પ્રભુના બાળસ્વરૂપને હિંડોળે ઝુલાવવાની પ્રથા આપણે ત્યાં પરાપૂર્વથી ચાલી આવે છે. શિશુને પારણે ઝુલાવીને જે આનંદ માતાને થાય છે, તેથી અદકેરો આનંદ પ્રભુને ઝુલાવીને ભક્તહૃદય પામે છે.ભક્ત જે હિંડોળા રચે છે તેમાં તેનું હૈયું ઠાલવે છે. જયારે તે હિંડોળા પર ઠાકોરજી બિરાજમાન થાય છે ત્યારે હૈયાને વિષે પરમ તૃપ્તિનો અહેસાસ થાય છે. મંદિરોમાં વિવિધ કલાત્મક હિંડોળાનું દર્શન હૃદયંગમ બની રહે છે. હિંડોળાનાં ઘણાં પદો સંપ્રદાયના સાહિત્યમાં પ્રાપ્ત છે.

*જળઝીલણીનો સમૈયો :*

ભાદરવા સુદ એકાદશીએ જળઝીલણીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણના યમુના નદીના લીલાચરિત્રોની સ્મૃતિ કરાવતાં આ ઉત્સવના દિવસે ઠાકોરજી પાલખીમાં બેસીને, વર્ષાના નિસર્ગદત્ત નિર્મળવારીમાં જળક્રીડા કરવા જાય છે. રસ્તામાં કોઈ પ્રેમી હરિભક્તના જાણેમહેમાન બની પધરામણી કરે છે. ભક્ત મંડળીનો રસાલો ભગવાનનો જયઘોષ બોલાવતાં જાય છે. વાજિંત્રો સહિત કીર્તન–આનંદ ઉપજાવે છે.

જળક્રીડા બાદ ઠાકોરજીને વસ્ત્રાલંકારે શોભાયમાન કરી આરતી ઉતારવામાં આવે છે. કાકડી અને પતાસાંનો પ્રસાદ વહેંચવામાં આવે છે.

*શરદપૂનમ :*

આસો સુદ પૂર્ણિમાએ ચાંદનીના ચંદરવા તળે ઉજવાતો શરદ પૂર્ણિમાનો ઉત્સવ એટલે પરમાત્માની મૂર્તિમાંથી નીતરતી શીતળતાને આત્મામાં ભરી લેવાની અમૃતસંજીવની. સોનામાં સુગંધ ભળે તેમ, મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો જન્મોત્સવ સાક્ષાત્ સ્થાન ગોંડલમાં ભવ્યતાપૂર્વક અને દિવ્યતાપૂર્વક ઉજવાય છે. રાત્રીના આઠ વાગ્યે આ ઉત્સવ પ્રસંગની શરૂઆત થાય છે. કીર્તનભક્તિ સાથે વિદ્વાન સંતોના પ્રવચનોનો લાભ વિશાળ માનવસમુદાયને મળે છે. ઉત્સવ દરમિયાન પાંચ આરતી ઉતારવામાં આવે છે. રાત્રીના બાર વાગતાં ઉત્સવની પૂર્ણાહુતિ થાય છે. છેલ્લે દુધપૌંઆનો પ્રસાદ આરોગી સૌ સંતો હરિભક્તો વિખરાય છે.

*દીપોત્સવી :*

વર્ષાન્તે આવનારું દીપોત્સવીનું પર્વ નૂતન વર્ષનાં વધામણાં લઈને આવે છે. હર્ષોલ્લાસની છોળો ઉછાળતું આ પર્વ માનવહૈયાને આનંદવિભોર બનાવે છે. મંદિરોમાં દીપમાળા વડે સુશોભન કરવામાં આવે છે. સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિની વિસ્મૃતિ સાથે આ ઉત્સવ ઉજવાય છે.

આ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિવિધ ભાતીગળ ઉત્સવોની કોઈ મણા નથી. નિર્વ્યાજ આનંદના આવા ઉત્સવો જીવનને ઉર્ધ્વગામી બનાવે છે. આનંદની હેલી વર્ષાવતા આ ઉત્સવોમાં જાણે સહજાનંદ ધબકી રહ્યા ન હોય ! એવો અનુભવ થાય છે. સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ ઉત્સવોએ સર્જક સંતોને હાથમાં લેખિની લેવા વિવશ કર્યા છે. ત્યારે કવિ હૃદયે ઉત્સવોને કવિતામાં મઢી લીધાં છે.

વર્ષાનો મેઘ જેમ વર્ષોવર્ષ તાજી સોડમ પ્રસરાવે છે તેમ આ કવિતા પણ ઉત્સવે ઉત્સવે એવી જ તાજગીભરી શીતળ સોડમનો આસ્વાદ કરાવે છે.

*શ્રી સહજાનંદ સ્વામીની વિશેષતા – લોકભાષામાં ઉપદેશ :*

લગભગ બધા જ સંપ્રદાય પ્રવર્તકોએ પોતાનો ઉપદેશ સંસ્કૃતમાં જ કર્યો છે અને મૂળગ્રંથો સંસ્કૃતમાં જ રચ્યાં છે. જો કે તેમના શિષ્યોએ પછીથી લોકભાષામાં સાહિત્ય રચ્યું છે ખરું; જયારે શ્રીજીમહારાજે લોકભાષા ગુજરાતીમાં જ ઉપદેશ કર્યો છે. તે ભાષામાં જ તેમનું 'વચનામૃત' લખાયું છે આમ, તેમણે લોકભાષાનું ગૌરવ વધાર્યું અને પોતાના વિદ્વાન શિષ્યો આગળ વેદાંતસૂત્રો, ઉપનિષદો, ગીતા અને ભાગવત પર મૌલિક ભાષ્યો સંસ્કૃતમાં લખાવી ગીર્વાણભાષાનું પણ ગૌરવ જાળવ્યું છે.

*વિદ્યા–કળાને ઉત્તેજન :*

શ્રીજીમહારાજે વિદ્યા અને કળાને સૌથી વધુ ઉત્તેજન આપ્યું છે. તેમના પરમહંસ સંતોએ હજારો કીર્તનો–પદો જુદાં જુદાં રાગરાગિણીમાં રચી, મધ્યકાલીન સંગીત અને ગુજરાતી ભક્તિ સાહિત્યમાં નોંધપાત્ર મહત્ત્વનો ફાળો આપ્યો છે. સાથે સાથે શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકળા, જડતરકામ, રંગકામ, જડિયાની કામગીરી, સિલાઈ અને જરીકામ તથા રસોઈકળાને ઉત્તેજન આપી તેનું પોષણ કર્યું છે. આનો નક્કર પુરાવો આપણા સંપ્રદાયનાં મંદિરો, તેના બાંધકામ, રંગકામ, ઘૂમટમાં કરવામાં આવેલ ચિત્રકામ, મૂર્તિઓ, તેનાં વસ્ત્રાભૂષણો ઈત્યાદિનાં દર્શન કરવાથી મળે છે.

*શુદ્ધ સંપ્રદાય :*

શ્રીજીમહારાજે આચાર અને વિચાર શુદ્ધિનો સંપ્રદાય સ્થાપ્યો છે. આ સંપ્રદાયની છાપ પણ ઊજળા સંપ્રદાય તરીકેની છે. 'બ્રાહ્મનીઝમ એન્ડ હિંદુઈઝમ' નામના ગ્રંથમાં મોનિયર વિલિયમ્સ કહે છે : 'આ સંપ્રદાયની ખાસ નોંધ લેવા જેવી છે, કારણ કે આ સંપ્રદાય અર્વાચીન શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયનું સારામાં સારું દષ્ટાંત પૂરું પાડે છે.... તેનો નિષ્ઠાપૂર્વકનો હેતુ વૈષ્ણવ માર્ગને શુદ્ધ કરવાનો હોઈ આ સંપ્રદાયે ખૂબ સારું કામ કર્યું હતું અને કરી રહ્યો છે. આ સંપ્રદાયના ઉપદેશો નિઃશંકપણે વર્તણૂક, ચારિત્ર્ય અને જીવન શુદ્ધ કરનારા છે'

આ હકીકતનો ખ્યાલ સ્વામિનારાયણી નિયમો તપાસવાથી જ આવે. દારૂ, મદ્ય–માંસ ભક્ષણ, ચોરી, વ્યભિચાર નિષેધ જેવા પંચ વર્તમાન સત્સંગીમાત્ર માટે ફરજિયાત છે. ત્યાગી સાધુ માટે નિર્માન, નિઃસ્નેહ, નિઃસ્વાદ, નિષ્કામ અને નિર્લોભ રૂપ પાંચ વર્તમાનો ફરજિયાત છે. ચારિત્ર્ય અને જીવનશુદ્ધિની સાથે સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની આપનારી 'શિક્ષાપત્રી' આપી છે. એ 'શિક્ષાપત્રી' નો નિત્યપાઠ કરવો અને તે પ્રમાણે વર્તન કરવાનો આગ્રહ અન્ય સંપ્રદાયોમાં દેખાતો નથી.

'શિક્ષાપત્રી' જેવો મુક્તિ અને ભુક્તિ આપનાર ગ્રંથ કોઈ સંપ્રદાયમાં જોવા નથી મળતો. દરેકનાં સામાન્ય નિયમો, નિત્યકર્મો, નૈમિતિક કર્મો, આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતનાં નિર્ણય, સેવા–રીતિ, વ્યક્તિ અને સમાજનું નીતિશાસ્ત્ર, રાજા, ગૃહસ્થો, બાઈઓ–ભાઈઓ, આચાર્ય, સાધુ એ સર્વેના નિયમોની 'શિક્ષાપત્રી' માં આપેલી સ્પષ્ટ વિક્તિ બીજે કયાંય જોવા મળતી નથી. તેથી જ મોનિયર વિલિયમ્સે કહ્યું છે : તેમની શિક્ષાપત્રી અતિશય શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની છે. એટલું જ નહીં, પરંતુ ત્યાગી સાધુઓ માટે આપેલ 'ધર્મામૃત' અને 'નિષ્કામ શુદ્ધિ' જેવાં ગ્રંથો તથા તેનો નિત્યપાઠ અને તે પ્રમાણે વર્તવાનો આગ્રહ, એ આ સંપ્રદાયનું જ વિશિષ્ટ તત્ત્વ છે.

સંપ્રદાયની શુદ્ધ પ્રણાલી અને સત્સંગીઓના આચારવિચાર શુદ્ધ રહે એ હેતુથી નિત્યપ્રત્યે સત્સંગ અર્થાત્ સાધુનો સમાગમ કરવાની આજ્ઞા કરી છે. તેટલું જ નહીં પણ તેની સુવિધા પણ પૂરી પાડી છે. સ્વામિનારાયણ મંદિરોમાં થતી પાંચ ટાણાંની કથા, એ સત્સંગને અને સંપ્રદાયને જીવંત રાખતું તત્ત્વ છે.

દરેક સંપ્રદાયનું પતન સ્ત્રી અને દ્રવ્યરૂપી બે દૂષણો પેસવાથી થયું છે. આવી અશુદ્ધિ સંપ્રદાયમાં પેસે તે હેતુથી તેમણે સ્ત્રી–પુરુષ મર્યાદા બાંધી છે. બાઈઓ–ભાઈઓની દર્શન માટે, તેમજ ઉત્સવ સમૈયામાં અલગ વ્યવસ્થા કરી છે. સ્ત્રીઓ જ સ્ત્રીઓને ઉપદેશ કરે અને પુરુષો પુરુષોને ઉપદેશ કરે તથા એકબીજાના પ્રસંગથી સહેજે દૂર રહેવાય, તેવી રીતે સંપ્રદાયનું અને મંદિરોનું નિર્માણ કર્યું છે. એટલું જ નહીં પણ સ્ત્રી–પુરુષોને એકબીજાના પ્રસંગથી દૂર રહેવાની આજ્ઞા કરી છે. ત્યાગી સાધુઓને સંપૂર્ણપણે દ્રવ્ય અને સ્ત્રીનો ત્યાગ કરાવ્યો છે. અગિયાર વસ્ત્ર અને પૂજા તથા ધર્મગ્રંથ

સિવાય કાંઈ પણ રાખવું નહિ, તેવું ત્યાગી સાધુઓને ફરમાન છે. અષ્ટપ્રકારે સ્ત્રી પ્રસંગનો ત્યાગ તેવું અસિધારા તુલ્ય બ્રહ્મચર્ય સ્વામિનારાયણીય સંતો પાળે છે.

## સ્વામિનારાયણ સંપ્રદાયની અનન્યતા :

### ૧. ભક્તજનોના સખા

શ્રીજીમહારાજે પોતાના ત્રીસ વર્ષના ટૂંકા ગુજરાતવાસ દરમિયાન મંદિરો, સાધુઓ, સત્સંગીઓ, શાસ્ત્રો, એકાંતિક ભક્તો અને શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયનું સ્થાપન કર્યું છે, પરંતુ સાથે સાથે ભક્તો સાથે ભક્ત જેવા સખા બની જઈ, તેમના જીવનમાં ઓતપ્રોત થઈ જઈ તેમને લાડ પણ લડાવ્યા છે. તેમની સાથે ઘોડા ખેલવ્યા, રાંધીને જમાડયું, આગ્રહથી પીરસ્યું, ભક્તોનું ભાવપૂર્વક જમ્યાં, તેમના ઘર પાવન કર્યાં, તેમની ભેળા રાસ રમ્યા, હોળી રમ્યા અને પાણીમાં ક્રીડા કરી તેઓ સાચા અર્થમાં ભક્તાધીન થયા. આવું કોઈ ધર્મસ્થાપકની બાબતમાં નથી જોવા મળતું.

તેથી પણ ચડિયાતું તત્ત્વ એ છે કે એક જ રાતમાં પાંચસોને પરમહંસ દીક્ષા દઈ ત્યાગી કર્યાં. એક જ પત્ર ફેરવીને અઢાર અઢાર સુખી કુટુંબના ભક્તોને પોતાના વચનમાત્રે ત્યાગી કર્યાં. પોતાના ત્યાગી પરમહંસો આગળ એક એકથી આકરાં વર્તનનાં પ્રકરણો ફેરવી તેમની અગ્નિ પરીક્ષા કરી. તેમનાં વિશુદ્ધ વર્તન અને ઉપદેશને લીધે સ્વામિનારાયણીય સાધુઓએ ધર્મ પ્રવર્તન માટે જેટલાં ગાળ, અપમાન, તિરસ્કાર અને માર સહન કર્યા છે. તેવાંભાગ્યે જ કોઈએ કર્યા હશે.

### ૨. ગુરુનો આદર્શ

શ્રીજીમહારાજે આપેલો ગુરુનો આદર્શ અદ્વિતીય છે. જે ત્રણ ગુણ અને ત્રણ દેહથી પર ગુણાતીત હોય, શ્રોત્રિય અને અક્ષરબ્રહ્મસ્વરૂપ હોય, પરમેશ્વરના અખંડધારક અને પરમેશ્વરમય હોય અને છતાં પરબ્રહ્મની ભક્તિ કરતાં હોય ને કરાવતાં હોય, એવા સંતને ગુરુ કહ્યાં છે. જે નિયમ–ધર્મ અને ભગવાનની આજ્ઞામાં સારધાર વર્તતા હોય અને અલ્પ વચનમાં ફેર પડે તો મહદ્‌વચનમાં ફેર પડયો હોય તેવી અકળામણ અનુભવતા હોય, તેને

ગુરુ કહ્યાં છે. એવા સંત ગુરુ દ્વારા ભગવાન પૃથ્વી પર અખંડ પ્રગટ હોય છે. આમ, શ્રીજીમહારાજના અંતર્ધાનથી આજ સુધી આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા તેમનું પ્રગટપણું ચાલુ છે, જેથી જીવો બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમમાં જોડાઈ શકે અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરી શકે, આવો ગુરુનો આદર્શ અને ગુરુપરંપરા કયાંય જોવા નથી મળતી.

૩. પ્રકીર્ણ વિશિષ્ટતાઓ

શરણે જઈ પ્રવર્તમાન ધરાવનારનાં સર્વ પાપોનો ક્ષય ગુરુ કરી દે છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા પરબ્રહ્મનું પ્રગટપણું, એકાંતિકી સ્થિતિ અને જીવનમુક્તિની દેહ છતાં પ્રાપ્તિ, અગિયારે ઈન્દ્રિયો જીતીને એકાદશીનું વ્રત કરવું એવી આજ્ઞા, સંગીતમય કીર્તન–ભક્તિ પરમેશ્વરની સ્મૃતિએ સહિત કરવી, સત્સંગીની કદી અવગતિ થતી નથી તેવી દરેક ભક્તજનની દઢ સમજણ, દીનપણું કે કંગાલપણું નહિ, ભગવાનના સંબંધવાળા ભક્તોનું માહાત્મ્ય સમજવું. ભક્તોએ એકબીજાનો અભાવ અવગુણ ન લેવો, ગુરુની છત્રછાયામાં પોતાની મર્યાદામાં રહીને મંદિરોમાં ઉત્સવ–સમૈયા કરવાં, અંતકાળે પ્રભુસ્મૃતિ થઈ આવે એવી સમૈયાઓ પાછળ સમાયેલી દીર્ઘદષ્ટિ, અંતકાળે પોતાના ભક્તજનને ધામમાં તેડી જવાં માટે પરમેશ્વર પોતે આવે તેવી બાંહેધરી, નિર્માનીપણે નિષ્કામભાવથી સેવા–ભક્તિ કરવાનો આદેશ, ઈત્યાદિ કેટલીક વસ્તુઓ આપણાં સંપ્રદાયની વિશિષ્ટતાઓ છે. જસ્ટિસ એમ.જી.રાનડેનું : "Shree Swaminarayan is the last of the Hindu Reformers" એ કથન યોગ્ય જ છે.

## ઉપસંહાર :

ટૂંકમાં, સ્વામિનારાયણ સંપ્રદાય જીવનદર્શન આપે છે. નૈતિક અને આધ્યાત્મિક રીતે જીવવાની કળા આપે છે. વ્યક્તિ અને સમાજના જીવનમાં વ્યાપીને રહે છે. સ્વામિનારાયણીય ધર્મવિચાર આપણને બાહ્યદષ્ટિમાંથી અંતર્દષ્ટિ અને અંતર્દષ્ટિમાંથી ઊર્ધ્વદષ્ટિ તરફ લઈ જાય છે. આમ, શ્રીજીમહારાજનો સંપ્રદાય એ આચાર અને વિચારપ્રધાન સંપ્રદાય છે. તેમાં વાણી અને વર્તન, નીતિ અને અધ્યાત્મજ્ઞાનનો સુભગ

સમન્વય છે. ભગવાનના અખંડધારક એવા ગુણાતીત ગુરુની પરંપરા દ્વારા આત્મા ને પરમાત્માનાં સનાતન શાસ્ત્રોકત જ્ઞાનનું સારી રીતે પ્રદાન આપણાં ધર્મમાં થાય છે. માટે આપણો ધર્મ સાચા અર્થમાં 'સંપ્રદાય' છે.

સ્વામિનારાયણ ભગવાન શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવત ધર્મના શિક્ષક, એકાંતિક ધર્મના સ્થાપક, વ્યાસ સિદ્ધાંતના બોધક અને શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક છે. તેઓ સાચા અર્થમાં દીનબંધુ, ભક્તાધીન ભગવાન, કલ્યાણ માર્ગના જગદ્‌ગુરુ અને સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ છે. તેમણે પોતાનું પ્રાગટ્ય અખંડ રાખ્યું છે.

## પ્રકરણ – ૧

## સ્વામિનારાયણ સંપ્રદાય પરિચય

*પાદટીપ :*

૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ડૉ. રમેશ ત્રિવેદી પૃ. ૨૫
૨. સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો, પ્રો. રમેશ મ. દવે પૃ.૬
૩. એજન, પૃ. ૭
૪. એજન, પૃ. ૭
૫. એજન, પૃ. ૭
૬. એજન, પૃ. ૭
૭. વચનામૃત, ગ. મ. ૨૮
૮. એજન, ગ. મ. ૧૩
૯. એજન, ગ. પ્ર. ૧૮
૧૦. ભાગવત ૧૦–૨૬ની સુબોધિની કારિકાઓ ૧–૪
૧૧. વચનામૃત, ગ. પ્ર. ૨૬
૧૨. તત્ત્વદીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણ, શ્લોક–૪૨ તથા વિઠ્ઠલનાથજી કૃત ભાગવત ૧૦/૩/૩૯ સુબોધિની પરની ટિપ્પણી.
૧૩. વચનામૃત, ગ. પ્ર. ૪૪
૧૪. એજન, ગ. મ. ૪૩
૧૫. એજન, ગ. પ્ર. ૫૭
૧૬. એજન, પં. ૩
૧૭. એજન, સા.૫
૧૮. ભક્તિનિધિ કડવું ૪૪
૧૯. વચનામૃત લો. ૧૧
૨૦. એજન, ગ. છે. ૧૬
૨૧. એજન, ગ. અં. ૭

૨૨. એજન, લો. ૭

૨૩. એજન, લો. ૧૨

૨૪. એજન, અં. ૩૮

૨૫. એજન, મ. ૧૩

૨૬. એજન, અમ. ૭

૨૭. ભગવાન સ્વામિનારાયણ ભાગ–૧, હર્ષદ દવે, પૃ. ૪૪૫

૨૮. 'સહજાનંદ સ્વામી' – કિશોરલાલ મશરૂવાળા, પૃ. ૫૯

૨૯. 'ધર્મ સંદેશ' અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ વિશેષાંક – 'સંસ્કારધામ એટલે મંદિરો' – સાધુ ચિન્મયદાસ, પૃ. ૧૭

૩૦. સ્વામિનારાયણ પ્રકાશ – ૧૯૫૮ અંક–૧૦, પૃ. ૩૧૭

☆☆☆

# પ્રકરણ-૨
# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણવિષયક કવિતા

પંદરમાં શતકથી ગુજરાતી કવિતા જે યુગમાં પ્રવેશે છે તેને ભક્તિયુગ તરીકે ઓળખવામાં આવે છે. એમાં જૈનેતર કવિઓનું ઘણું મોટું પ્રદાન છે. મધ્યકાળની આ ગુજરાતી કવિતાના કેન્દ્ર સ્થાને ભક્તિ રહેલી છે. આ કવિતાનું પ્રેરણાબળ બારમા શતકથી શરૂ થઈ ચૌદમાથી સોળમા શતક સુધીમાં આખા દેશમાં વ્યાપી ગયેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ છે. એ વૈષ્ણવ ભક્તિની વ્યાપક અસર હેઠળ મધ્યકાલીન ગુજરાતમાં નરસિંહ મહેતાથી દયારામ સુધી નાના મોટા અનેક કવિઓની કવિતાઓ લખાઈ છે.

## ભક્તિમાર્ગનો ઉદ્‌ગમ અને વિકાસ :

આ મધ્યકાલીન ભક્તિના સ્વરૂપનું મૂળ છેક 1ગ્વેદની 1ચાઓ જેટલું પ્રાચીન છે. પ્રકૃતિનાં તત્ત્વોની સ્તુતિરચનાઓ, પ્રાકૃતિક ઘટતી ઘટનાઓ પાછળ રહેલી શકિતને દેવરૂપ કલ્પી તેમાંથી પ્રગટતો ભક્તિભાવ અને તેની કવિતા મુખ્ય છે. જ્ઞાન, કર્મ અને ભક્તિના યોગની વાત ગીતામાં તો તત્ત્વજ્ઞાનની પરિભાષામાં સરસ રીતે રજૂ થયેલી છે. એ સૌમાં ભક્તિમાર્ગ એ જૂનામાં જૂનો માર્ગ છે. તેથી ભક્તિકવિતા એ આદિકવિતા બની રહે છે.

ભાગવત સંપ્રદાય લગભગ બે હજાર વર્ષ જેટલો પ્રાચીન છે. તેમાં કૃષ્ણની ઉપાસના મુખ્ય છે. પુરાણોમાં કૃષ્ણને ભગવાન માની ભક્તિભાવપૂર્વક અનેક ચરિત્રો લખાયાં છે. ભક્તિ સાહિત્યમાં નજર કરતાં માલૂમ પડે છે કે ભાગવતમાં નવધાભક્તિનું વિસ્તારથી નિરૂપણ થયેલું છે. વાસુદેવની પૂજાએ કૃષ્ણના બાલચરિત્રને પ્રગટ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. રાધાની કથા તે સમયના લોકસાહિત્યમાં ઉમેરાતાં કૃષ્ણવિષયક કવિતાઓ વધુ આકર્ષક અને રસમય બનવા લાગી. રાધા, વ્રજની ગોપીઓ સહિત બાલકૃષ્ણની લીલા સાથે અગિયારમા સૈકા સુધીમાં વૈષ્ણવ ભક્તિમાર્ગ સમગ્ર દેશમાં ફેલાઈ ગયો હતો. એનું મૂળ સ્વરૂપ પૌરાણિક હતું પણ પછીથી એમાં સાંપ્રદાયિકતા

પ્રવેશી. દક્ષિણ ભારતમાં દસમા સૈકામાં થઈ ગયેલા બાર આલવાર સંતો તેમજ ત્યારપછી અગિયારમા સૈકામાં થઈ ગયેલા રામાનુજાચાર્ય, બારમા સૈકામાં થયેલા નિમ્બાર્ક અને વિષ્ણુસ્વામી તથા પછીના શતકોમાં મધ્વાચાર્ય અને પંદરમી સદીમાં વલ્લભાચાર્ય – એ સૌએ સ્થાપેલી ભક્તિપ્રણાલી અનુસાર જુદા જુદા વૈષ્ણવ સંપ્રદાય ઊભા થયા.

નિમ્બાર્કે અને વલ્લભાચાર્યે પ્રેમલક્ષણાભક્તિ પ્રબોધી અને રાધા–કૃષ્ણની પૂજાનો પ્રારંભ થયો. આ પ્રેમલક્ષણાભક્તિનું ચરમ સ્વરૂપ બારમા શતકમાં ઉત્તર ભારતમાં થઈ ગયેલા જયદેવના 'ગીતગોવિંદ'માં જોવા મળે છે. એમાં કૃષ્ણ અને ગોપીના મિલન અને વિરહના શૃંગારભાવને કવિએ મુકતપણે અને કલાત્મક રીતે ગાયો છે. ચૌદમા અને પંદરમા શતકમાં ચંડીદાસ અને વિદ્યાપતિ ઉપરાંત રાધાનો સાક્ષાત્ અવતાર મનાયેલા ચૈતન્યપ્રભુની ભક્તિકવિતા પ્રેમલક્ષણાભક્તિની કવિતા આપે છે.

પંદરમા શતક સુધીમાં તો દેશના લગભગ તમામ ભાગોમાં જન્મેલા સંતો અને ભક્તોએ ભક્તિની આગવી પરંપરા ઊભી કરી હતી. જ્ઞાનેશ્વર અને નામદેવ તેમજ તેમના સમકાલીન ગોરા કુંભાર, જનાબાઈ વગેરે સંતોએ મહારાષ્ટ્રમાં ભક્તિનું મોજું પ્રસાર્યું હતું. નામદેવ આદિ ભક્તોનો વારકરી સંપ્રદાય 'વિઠ્ઠલ' (વિઠોબા)નો સંપ્રદાય હતો. ચૌદમા શતકમાં ઉત્તરમાં રામાનંદ અને પછી તેમના શિષ્ય કબીર, રૈદાસ, ગુરુ નાનક (પંદરમો સૈકો) આદિ સંતોએ લોકહૃદયમાં ભક્તિનું સિંચન કર્યું. રામાનુજ સંપ્રદાયના રામાનંદે વર્ગભેદ વગરની ભક્તિ લોકભાષામાં પ્રગટ કરવાનો પ્રારંભ કર્યો માટે જ વણકર જ્ઞાતિના કબીર, વાળંદ જ્ઞાતિના ભક્ત સેના, રૈદાસ ચમાર વગેરે આપણને મળ્યાં. આ જ અરસામાં રામાનંદે કૃષ્ણભક્તિની સાથે સાથે રામભક્તિ પ્રસારી તે નોંધનીય છે. સોળમા સૈકામાં થઈ ગયેલા તુલસીદાસ રામભક્તિના ઉત્કૃષ્ટ ઉપાસક એવા સંતકવિ હતા. એમની ચોપાઈઓ ભારતીય સંસ્કારનું મૂલ્યવાન ધન છે. વ્રજભૂમિમાં હરિદાસ અને સૂરદાસ આદિ સંતોએ કૃષ્ણલીલા વિવિધ રીતે ગાઈ. વૃંદાવન કૃષ્ણભક્તિનું કેન્દ્ર બની રહ્યું. પંદરમા–સોળમા શતકમાં ગુજરાત અને મારવાડમાં અનુક્રમે નરસિંહ અને મીરાંબાઈએ વૈષ્ણવભક્તિ ગાઈ. રાધા અને કૃષ્ણનું ગાન હેમચંદ્રાચાર્યના 'કાવ્યાનુશાસન'માં નિરૂપાયેલા એક–બે દુહાઓ સુધી પ્રાચીન છે એમ દર્શાવી શકીએ,

પરંતુ મુસલમાન સત્તાના અમલ દરમિયાન એટલે કે નરસિંહના સમયમાં રાધાકૃષ્ણનું ગાન વધુ વિગતે અને ઉત્કટતાથી ગવાયું.

ગુજરાતમાં વૈષ્ણવ ભાગવત ધર્મ :

ઉપર જણાવ્યું તેમ હેમચંદ્રાચાર્યના 'કાવ્યાનુશાસન'માં રાધાકૃષ્ણ વિષયક બે શ્લોકો મળી આવે છે. દ્વારિકા અને ડાકોરના ભક્તિતીર્થો કૃષ્ણભક્તિની સાહેદી પૂરે જ છે. લેખો, મૂર્તિઓ આદિ સામગ્રી ગુજરાતમાં વૈષ્ણવ ભાગવતધર્મનું ઘણું જૂનું અસ્તિત્વ સૂચવી જાય છે. શ્રીધરના 'દશમસ્કંધ'માં અને ભીમ નામના કવિની રચના 'હરિલીલાષોડશકલા'માં, પંદરમા સૈકામાં 'કૃષ્ણકર્ણામૃત' અને 'ગોપાલસ્તુતિ', ભાલણનું 'દશમસ્કંધ' અને કેશવદાસ કાયસ્થનું 'કૃષ્ણલીલા કાવ્ય' અને પછીથી 'ગીતગોવિંદ'નો ગુજરાતી ગદ્ય અનુવાદ પણ મળે છે. રામાનુજાચાર્યના સંપ્રદાયની અસર પણ ગુજરાતમાં હતી. 'ભાલણ પ્રભુ રઘુનાથ' એમ ગાતા ભાલણની રામભક્તિનાં પદો પ્રસિદ્ધ છે જ. ધર્મપ્રચાર અર્થે પુષ્ટિસંપ્રદાયના સ્થાપક વલ્લભાચાર્યે ગુજરાતનો પ્રવાસ અનેકવાર કર્યો હતો. આજે પણ ગુજરાતમાં વૈષ્ણવોનો મોટો ભાગ પુષ્ટિસંપ્રદાયનો અનુયાયી છે. પંદરમાં શતક પછી કબીરપંથી સંતો ભાણસાહેબ, રવિસાહેબ વગેરે ગુજરાતી સાહિત્યમાં ભક્તિકવિતા આપે છે. સહજાનંદ સ્વામીએ સ્થાપેલો સ્વામિનારાયણ સંપ્રદાય એ સંયમપ્રધાન વૈષ્ણવ ભક્તિસંપ્રદાયનું સ્વરૂપ છે. આ બધી ભક્તિની વિવિધ ધારાઓએ પરધર્મી શાસનવેળા પ્રજાની નોળવેલ બની રહેવાની ગરજ સારી છે. પ્રજાના સંસ્કારજીવનમાં ભક્તિનું એ મોટું પ્રદાન છે.

*'વિવિધરંગી ગુજરાતી પ્રજાનું આંતરચૈતન્ય ટકાવી રાખવામાં સૌથી મોટો ફાળો કોઈનો હોય તો તે મધ્યકાળના કવિઓ, સંતો, ભજનિકો અને કથકો – કથાકારોનો છે.'*

*ડૉ. ભોગીલાલ સાંડેસરા*

સંતોની અમૃતવાણીથી મધ્યકાળના ભક્તિપ્રધાન વાતાવરણનો પિંડ બંધાયેલો છે. શ્રી ઉમાશંકર જોષી લખે છે તેમ : ''પ્રજા જીવનમાં એ (ભક્તિપ્રધાન વાતાવરણ) એક મહાન ચૈતન્ય–ઉછાળો છે એની સર્જકતા, એનું સૌન્દર્ય જે અનેક એક એકથી ચડિયાતાં

પુરુષ રત્નો સ્ત્રીરત્નો પાકયાં તેમના જીવન પર નજર નાખતાં પ્રતીત થાય છે અને એમાંથી મોટા ભાગનાં તો ધરતીની સામાન્ય ધૂળનો વારસો લઈને જ આવેલાં છે."[1]

## મધ્યકાલીન ભક્તકવિ માનસ :

વેદયુગથી વિકસતી આવતી ભક્તિવૃત્તિ અને શ્રીકૃષ્ણના ઉપદેશથી શરૂ થયેલા ભાગવત ધર્મમાંથી ભક્તિના મહાન વૈષ્ણવ ધર્મનો વિકાસ થયો છે. વળી ભાગવતમાં વર્ણવાયેલી અને શ્રેષ્ઠ ભક્તિ તરીકે ઓળખાયેલી પ્રેમલક્ષણા ભક્તિએ, ત્યાર પછીના ભક્ત કવિઓ ઉપર ઘણી મોટી અસર કરી છે. ભક્તિના આ પ્રવાહોએ જ મધ્યકાળના ભક્ત કવિઓની ભાવનાસૃષ્ટિને પરિપુષ્ટ કરી છે.

મધ્યકાળના ભક્ત કવિઓની વિચારસરણીમાં ઉપાસના પદ્ધતિ પરત્વે અનેક ભેદો હોવા છતાં કેટલુંક પાયાનું સામ્ય છે. ભક્તિના મૂળમાં રહેલી એક અગત્યની બાબત એ છે કે ભક્ત અને ભગવાનનો સંબંધ સંપૂર્ણપણે વૈયક્તિક છે. ભક્તની દષ્ટિએ ભગવાન એ માત્ર કોઈ વ્યક્તિ નથી પરંતુ એક સર્વશક્તિમાન મહાવ્યક્તિત્વ છે જે કૃપા કરી શકે છે, ઉદ્ધાર કરી શકે છે, અવતાર ધારણ કરી શકે છે અને પ્રેમ કરી શકે છે. આ પાયાની બાબતમાંતો ભક્ત નિર્ગુણવાદી હોય કે સગુણવાદી હોય, દરેકે ભગવાન સાથે કોઈને કોઈ રીતનો વૈયક્તિક સંબંધ જોડયો છે. નિર્ગુણવાદીઓમાં કબીર સર્વશ્રેષ્ઠ ગણાય છે. તેઓ તેમના એક પદમાં પ્રભુને મા તરીકે ગણીને કહે છે કે "હે ભગવાન, તું મારી મા છે, હું તારો છોકરો છું. મારા અવગુણ કેમ માફ નથી કરતો?[2] આમ કબીર નિર્ગુણવાદી હોવા છતાં કોમળ દિલના ભક્ત છે અને તેમના "હરિ" વેદાંતીઓના "બ્રહ્મ" કરતાં ભક્તોના "ભગવાન" અધિક છે. એટલા જ માટે કબીર જેવા ભક્તો જ્ઞાની હોવા છતાં પ્રેમતત્ત્વનો પરિહાર કરતા નથી. આ પ્રભુપ્રેમને તેઓ જુદી જુદી રીતે વ્યક્ત કરે છે. ભક્ત કવિ દાદૂ કહે છે : "હે ભગવાન, મારે મુક્તિ ન જોઈએ, મને તો તારી જ કામના છે."[3] તુલસીદાસ કહે છે : "મારે ધર્મ ન જોઈએ, ધન ન જોઈએ, કામ ન જોઈએ કે નિર્વાણ પણ ન જોઈએ. હું તો એ જ વરદાન માગું છું કે જનમો જનમ તારી ભક્તિ જ મને મળે."[4]

મધ્યકાળના ભક્તકવિઓની વિચારધારાની બીજી વિશેષતા એ છે કે ભક્ત અને ભગવાનને સમાન ગણવામાં આવ્યા છે. કારણ કે પ્રેમનો આધાર સમાનતા છે. વળી ભક્તિમાર્ગમાં ગુરુને પણ પરમાત્મારૂપ ગણવામાં આવ્યા છે. મધ્યકાળના ભક્ત કવિઓની વિચારસરણીની ત્રીજી વિશેષતા એ છે કે ભક્ત અને ભગવાનના મહિમાની જેમ ભક્તિને પણ અપરંપાર મહિમામયી બતાવવામાં આવી છે. દાદૂ દયાળ કહે છે : "જેવી રીતે રામ અપાર છે, તેવી રીતે ભક્તિ પણ અગાધ છે." ચોથી વિશેષણા તે નિર્ગુણ–સગુણ બંને પ્રકારના ભક્તોએ ભગવાનના નામનો મહિમા ખૂબ જ ગાયો છે એ છે. નામ માહાત્મ્ય ભાગવતમાં મળે છે અને મધ્યકાળના ભક્તોમાં તેનો પુષ્કળ વિકાસ થયો છે. નામ માહાત્મ્યના પ્રબળ પુરસ્કર્તા તુલસીદાસે કહ્યું છે કે : "બ્રહ્મ અને રામ એ બેમાં "રામ" નામ મોટું છે." તેમણે તેમના "રામચરિતમાનસ" ની શરૂઆતમાં જ બતાવ્યું છે કે રામ કરતાં રામનું નામ વધુ ફળદાયી છે. મધ્યકાળના ભક્તકવિઓની આ વિશેષતાઓ ઉપરાંત અન્ય વિશેષતાઓ એ છે કે બધા જ ભક્તો ભક્તની દીનતા ઉપર ભાર મૂકે છે, ભગવાન આગળ સંપૂર્ણ આત્મસમર્પણ કરવામાં માને છે અને પરમાત્માની કૃપાથી જ મુક્તિ મળે છે એ ભગવદ્‌વચનને સ્વીકારે છે. ભગવાનની કૃપા મેળવવાના જુદા જુદા માર્ગો સંતોએ બતાવ્યા છે છતાં સહુ ભક્ત કવિઓએ એકબીજાના માર્ગોને માન્ય રાખ્યા છે અને બધા જ માર્ગો સરખા છે એમ કહ્યું છે.

## મધ્યકાલીન ગુજરાતમાં કૃષ્ણભક્તિ :

પ્રાચીન કાળથી જ, એટલે કે વેદયુગ જેટલા જૂના સમયથી ભક્તિનો જે પ્રવાહ આ દેશમાં શરૂ થયો હતો અને જે કાળક્રમે વેગવંતો બનતો જતો હતો તે મધ્યકાલીન ગુજરાતમાં ઓતપ્રોત થઈને રહેલો દેખાય છે. મધ્યયુગમાં ભક્તિનું જે વાતાવરણ સમગ્ર હિંદમાં છવાયેલું હતું તેનાંવાદળો ગુજરાત ઉપર પણ વરસી રહ્યાં હતાં. ગુજરાતના ભક્ત કવિઓ આ વાદળોનું વારિ પી, તેમાં સ્વકીય પ્રતિભા ઉમેરી, પ્રેમલક્ષણાભક્તિનાં પદોથી ગુજરાતને ભક્તિઘેલું બનાવતા હતાં.

મહાભારતકાળથી શરૂ થયેલી કૃષ્ણની પ્રેમોપાસનાનો પ્રવાહ ગુજરાતમાં પણ વહ્યો છે એમ ગુજરાતના પ્રાચીન–મધ્યકાલીન ઇતિહાસમાંથી મળી આવતાં કૃષ્ણભક્તિનાં નિદર્શનો ઉપરથી સહેજે સમજાય છે.

હાલના ગુજરાતનો "સૌરાષ્ટ્ર" તરીકે ઓળખાતો પ્રદેશ છેક મહાભારતકાળથી એક સ્વતંત્ર "રાષ્ટ્ર" તરીકે અર્થાત્ "સુરાષ્ટ્ર" તરીકે પ્રસિદ્ધ હતો અને મહાભારત કાળમાં શ્રીકૃષ્ણે દ્વારકા નગરી વસાવીને સુરાષ્ટ્રના રાજા તરીકે રાજય કર્યુ હતું એ હકીકત નિઃશંકપણે ઐતિહાસિક પુરવાર થયેલી છે. દ્વારકા અને ડાકોર વૈષ્ણવધામ તરીકે પ્રસિદ્ધિ પામ્યાના ઐતિહાસિક પુરાવા અનુક્રમે ઈ.સ. બારમી અને પંદરમી સદીથી મળે છે.

ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાય પ્રચલિત હોવાનો સૌથી જૂનો પુરાવો ઈ.સ. પાંચમી સદીના એક શિલાલેખમાંથી મળી આવ્યો છે. તેમાં જૂનાગઢ – એ વખતના ગિરનાર પાસેના સુદર્શન તળાવની સ્કંદગુપ્તની પ્રશસ્તિ ગુપ્ત સંવત ૧૩૭ એટલે કે ઈ.સ. ૪૫૬ માં અશોકના લેખવાળી શિલા ઉપર જ લખાયેલી આ પ્રમાણે મળે છે : "... ગિરિનગરના પ્રશાસ્તા ચક્રપાલિતે ગુપ્ત સંવત ૧૩૭ માં ઉનાળામાં મજબૂત બંધ બાંધીને (સુદર્શન તળાવ) સમરાવ્યું અને એ તળાવના કાંઠા ઉપર ગુપ્ત સંવત ૧૩૮ માં ઘણો પૈસો ખરચીને ગોવિંદના પદમાં જેણે જીવિત અર્પણ કર્યુ છે એવા એ ચક્રપાલિતે સ્વતંત્રતાથી મનુષ્યરૂપે અવતરેલા ચક્રધર (શ્રીકૃષ્ણ) નું ગૃહ (મંદિર) કરાવ્યું.[૫] આ શિલાલેખ ચક્રપાલિત વૈષ્ણધર્મી હોવાનો પુરાવો પૂરો પાડે છે. એ વખતના પ્રખ્યાત ગુપ્ત રાજાઓ વૈષ્ણવધર્મી હતા.

મતલબ કે વૈષ્ણવધર્મ મહાભારતકાળમાં ગુજરાતમાં (સુરાષ્ટ્રમાં) આવ્યો હોય પણ દ્વારકા અને યાદવોના નાશ સાથે જ એનો પણ નાશ થઈ ગયો હોય એ સંભવિત છે અને ત્યારપછી ધીમે ધીમે પુનઃજીવિત થયો હોય. ગુજરાતમાં મૂળરાજ સોલંકીના રાજયકાળમાં "રાધાદામોદર" ને ઈષ્ટદેવ માનનારા ગિરનારી બ્રાહ્મણ ગિરનાર પંથકમાં વસતા હતાં. એ હકીકત પણ રાધાકૃષ્ણભક્તિ ગુજરાતમાં પ્રચલિત હોવાની સાક્ષી પૂરે છે.[૬] ઈ.સ. બારમી સદીમાં ગુજરાતમાં થઈ ગયેલા સુપ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય હેમચંદ્રે તેમના "કાવ્યાનુશાસન" ગ્રંથમાં ટાંકેલા બે શ્લોકો રાધાકૃષ્ણના ગાનને જયદેવ પહેલાં ગુજરાતમાં

લોકપ્રચલિત હોવાનો પુરાવો આપે છે. ભાગવત અને જયદેવ બિલ્વમંગળની પ્રેમલક્ષણા ભક્તિમૂલક રચનાઓ ગુજરાતમાં ચૌદમાં પંદરમા શતક દરમિયાન ખૂબ જ પ્રચલિત હતી તેના પુરાવા શ્રીધરના 'દશમસ્કંધ'માંથી, ભીમની 'હરિલીલાષોડશકલા'માંથી, લીલાશુકના 'કૃષ્ણકર્ણામૃત'માંથી, 'ગોપાલસ્તુતિ'માંથી અને નરસિંહ મહેતાનાં પદોમાંથી, ભાલણે ભાગવતના દશમસ્કંધના કરેલા ગુજરાતી રૂપાંતર પરથી અને ગીત ગોવિંદના ગદ્યાનુવાદ પરથી આપણને મળી રહે છે. અહીં સુધી એટલે કે પંદરમી સદી સુધી ગુજરાતમાં ભક્તિનો પ્રવાહ પૌરાણિક સ્વરૂપનો છે. અર્થાત્ સંપ્રદાયરહિત રહ્યો છે. પણ ત્યાર પછીથી આ પૌરાણિક ભક્તિપ્રવાહમાં સાંપ્રદાયિક ભક્તિપ્રવાહ પણ ભળે છે. ભક્તિનો આ સાંપ્રદાયિક પ્રવાહ આમ તો, ઈ.સ. બારમી શતાબ્દીથી દક્ષિણ ભારતમાંથી ઉત્તર તરફ આવવો શરૂ થઈ ગયો હતો. પરંતુ ગુજરાત ઉપર તેની અસર મોડી એટલે કે ત્રણેક શતકો પછી પડી.

રામાનુજ અને તેમની ચોથી કે પાંચમી શિષ્ય પરંપરામાં થઈ ગયેલા રામાનંદની અસર ગુજરાતમાં ઠીક પ્રમાણમાં થયેલી દેખાય છે. ભાલણની રામભક્તિ ઉપર રામાનંદની અસર હોવાનો સંભવ છે. પણ ગુજરાતને ભક્તિધર્મી બનાવવામાં મોટો ફાળો ઈ.સ. પંદરમી સદીના ઉત્તરાર્ધ અને સોળમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા શ્રી વલ્લભાચાર્યના પુષ્ટિ સંપ્રદાયનો છે. શ્રી વલ્લભાચાર્ય અને તેમના પુત્ર વિઠ્ઠલનાથે ધર્મપ્રચારાર્થે તેમજ યાત્રાર્થે કરેલા ગુજરાતના પ્રવાસોએ સોળમા શતકથી ગુજરાતમાં પુષ્ટિ–સંપ્રદાયની પ્રવર્તના કરી. વલ્લભાચાર્યે તેમના સમકાલીન અને બંગાળમાં થઈ ગયેલા ચૈતન્યની માફક ગોપીવલ્લભ ગોપાલકૃષ્ણની પ્રેમમય ઉપાસના ઈષ્ટ ગણી અને ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિને આદર્શ ભક્તિ તરીકે માન્ય રાખી. ગુજરાતની સુખી અને શાંત વેપારી પ્રજાને આ હૃદયધર્મી ભક્તિસંપ્રદાય આકર્ષે તે સ્વાભાવિક હતું. આજે પણ ગુજરાતમાં વૈષ્ણવોનો મોટો ભાગ પુષ્ટિસંપ્રાયનો અનુયાયી છે.

આગળ જતાં વિલાસપ્રિય બની ગયેલા પુષ્ટિસંપ્રદાયના મુકાબલે, સિદ્ધાંતમાં રામાનુજ મતને અને ઉપાસના પ્રણાલિમાં વલ્લભ મતને અનુસરતો, સંયમ પ્રધાન એવો ઓગણીસમા શતકના આરંભમાં સહજાનંદ સ્વામીએ પ્રવર્તાવેલ "સ્વામિનારાયણ

સંપ્રદાય" એ ગુજરાતનો છેલ્લો ગણનાપાત્ર વૈષ્ણવ ભક્તિ સંપ્રદાય છે, જેણે આચાર વિચારની શુદ્ધિ તથા વ્યાવહારિક જીવનની નૈતિકતા અને પ્રામાણિકતા ઉપર ભાર મૂકી, સમાજના નીચલા સ્તરના લોકજીવનને સંસ્કારિતાના સ્તર ઉપર લાવવામાં અત્યંત યશોદાયી કાર્ય કરેલું છે.

પંદરમા શતકથી આરંભી પછીના સાડા ચાર શતક સુધીની મધ્યકાલીન ગુજરાતી કવિતાનો પ્રધાન રંગ, ભક્તિનો છે એ આ પ્રકારની કૃષ્ણની પ્રેમોપાસનાની પરંપરાનુ પરિણામ છે.

## મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા : કૃષ્ણભક્તિનું સ્વરૂપ

મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતાનું સ્વરૂપ મુખ્યત્વે પ્રેમલક્ષણાભક્તિ ગાનનું રહ્યું છે અને નરસિંહ, મીરાં અને દયારામ જેવા સગુણોપાસક ઉપરાંત અખા જેવા નિર્ગુણોપાસક કવિઓએ પણ કૃષ્ણના માધુર્યરૂપની ઉપાસનાનાં પદો રચ્યાં છે. તેમ છતાં મધ્યકાળની સમગ્ર ગુજરાતી ભક્તિ કવિતાનું અવલોકન કરતાં તેના ત્રણ પ્રવાહો દષ્ટિગોચર થાય છે. પહેલો પ્રવાહ તે ભક્ત કવિઓનાં વિશુદ્ધ અંતઃકરણમાંથી સ્વયંભૂ રીતે પ્રગટતી શુદ્ધભક્તિ કવિતાનો, બીજો પ્રવાહ તે ભક્તિ બોધની કવિતાનો જેમાં ભક્તિના તાત્ત્વિક સિદ્ધાંતોના નિરૂપણ ઉપરાંત ભક્તિના લાભ દર્શાવતાં સીધાં ઉપદેશ વચનોવાળી રચનાઓનો સમાવેશ થાય છે અને ત્રીજો પ્રવાહ તે ભક્તચરિત્રોની કથાઓનો, જેમાં પ્રાચીન સમયમાં થઈ ગયેલા ભક્તોના ચમત્કારિક જીવન પ્રસંગોના વર્ણન દ્વારા ભક્તિના માહાત્મ્યને સમજાવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.[૭] આ ત્રણ પ્રવાહો પૈકી પહેલા પ્રવાહમાં મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતાનો પ્રાણ ધબકતો સંભળાય છે. જે રાધા– કૃષ્ણના મધુર પ્રેમસંબંધોના રૂપમાં અભિવ્યક્તિ પામ્યો છે.આ પ્રકારની શુદ્ધ ભક્તિ કવિતામાં પ્રભુવિરહનું દર્દ અને પ્રભુમિલનનો ઉત્કટ આનંદ વર્ણવતાં ઊંચી કોટિનાં કાવ્યો મળે છે. આ પ્રકારની ભક્તિ કવિતા લખનારા નરસિંહ અને મીરાંજેવા ભક્તો કવિઓ તરીકે તો પાછળથી ઓળખાયા. તેઓ તો હતા પ્રભુના ભજનમાં મસ્ત ભક્તો. આમાંની મોટાભાગની કવિતા રાધા કૃષ્ણની પ્રણયલીલા ઉપર કેન્દ્રિત

થયેલી છે. પ્રેમલક્ષણાભક્તિની વિવિધ ભાવોર્મિઓ અનુભવતા ભક્તકવિઓએ તન્મયતાથી પોતે અનુભવેલો ગોપીભાવ ગાયો છે. મીરાં સ્ત્રી હતી એટલે તેને તો ગોપીભાવ સહજ હતો પણ નરસિંહ અને સખી પ્રેમાનંદ, દાસી જીવણ અને દયારામ જેવા પુરુષ કવિઓએ પણ ગોપીભાવ અનુભવી ઉત્કટતાથી ગાયો છે. આ કારણથી મધ્યકાલીન ભક્તિકવિતા શૃંગારભક્તિથી કે ભક્તિશૃંગારથી ભરપૂર બની ગઈ છે. તેમાં કવિઓએ ગોપીઓ અને રાધાના કૃષ્ણપ્રેમને કે પોતાના પ્રભુપ્રેમને રાધા–કૃષ્ણના રૂપક દ્વારા માનવીય પ્રણયની પરિભાષામાં ગાયો છે. મધ્યકાળમાં આવી પરિપાટી બંધાયેલી જ હતી તેથી તેમને માટે તો આ સ્વાભાવિક જ હતું. વળી આ કવિઓ આ બાબતમાં તેમના પુરોગામીઓ જેવા કે ભાગવતકાર, ઉમાપતિ, બિલ્વમંગળ, જયદેવ, વિદ્યાપતિ વગેરેને અનુસરતા હતા.

આત્માના પરમાત્મા પ્રત્યેના પ્રેમને વર્ણવવા માટે પ્રિયતમા–પ્રિયતમના પ્રેમનું દષ્ટાંત સર્વોત્તમ છે. નારદે અને શાંડિલ્યે ભક્તિને અનુક્રમે "પરમ પ્રેમરૂપા" અને "પરાનુરક્તિરીશ્વરે" કહી વ્રજની ગોપીઓના કૃષ્ણપ્રેમને આદર્શ અને શ્રેષ્ઠ કોટિની ભક્તિ કહીને ઓળખાવી છે તથા ભાગવતકારે પણ તેને ભક્તિનું સર્વોત્તમ દષ્ટાંત ગણીને ખૂબ જ ઉલ્લાસપૂર્વક વર્ણવ્યું છે. આથી મધ્યકાળના ભક્ત કવિઓ તેમના પુરોગામીઓએ પાડેલા ચીલે ચાલ્યા છે તેમાં કંઈ નવાઈ જેવું નથી. તેમણે શૃંગાર ભક્તિનું નિરૂપણ ત્રણ રીતે કર્યુ છે. એક ગોપીઓ અને કૃષ્ણનું રૂપક લઈ છૂટાં, સ્વતંત્ર પદો રચીને બે : સમગ્ર ભાવગત કે ભાગવતના દશમસ્કંધને કે દશમસ્કંધના અમુક અધ્યાયોને ગુજરાતીમાં ઉતારી, તેમાં આવતી શૃંગારભક્તિનું આલેખન કરીને. ત્રણ : પોતાને જ ગોપી માની ગાયેલાં શૃંગારભક્તિનાં આત્મલક્ષી પદો રચીને. પહેલા પ્રકારનાં પદો બીજા પ્રકારની સળંગ કૃતિઓમાંથી અર્થાત્ ભાગવતના દશમસ્કંધના રાધા–કૃષ્ણ શૃંગાર વિષયક કથા પ્રસંગોમાંથી ઉદ્ભવેલાં છે, તેથી પહેલો પ્રકાર બીજા પ્રકારમાં સમાઈ જાય છે. ત્રીજો પ્રકાર પણ બીજા પ્રકારમાંથી ઉદ્ભવ્યો છે, પણ પહેલા બે પ્રકાર કરતાં ત્રીજામાં તફાવત એ છે કે પહેલા બે પ્રકારમાં કવિ ગોપીભાવ અનુભવતો હોય છતાં ગોપી (કાવ્યની નાયિકા) ના સર્જક તરીકે આવે છે. એટલે તેમાં કવિ અને ગોપી બંનેનું સર્જક અને સર્જનનું

પૃથક અસ્તિત્વ રહે છે. જયારે ત્રીજા પ્રકારમાં કવિ અને ગોપી જુદાં નથી પણ એક જ છે. કવિ (ભક્ત) જ ગોપી છે અને તે પ્રથમ પુરુષ "હું" માં રહીને વાત કરે છે. આ ત્રીજા પ્રકારની શૃંગારભક્તિ મધ્યકાલીન ગુજરાતી કવિતામાં મીરાંએ સવિશેષપણે ગાઈ છે. તે સ્ત્રી હોવાથી ગોપી–કૃષ્ણનું રૂપક પ્રયોજયાં વિના પણ, સ્વયં ગોપી બની શકે છે, જયારે નરસિંહ અને દયારામ જેવા પુરુષ કવિઓએ મુખ્યત્વે રાધા–કૃષ્ણના રૂપકનો આશ્રય લીધો છે.

આ પ્રેમલક્ષણાભક્તિ માર્ગમાં આત્માએ પરમાત્માને રાધાભાવે ભજવાનો હોય છે. પરમાત્માથી વિખૂટા પડી ગયેલા જીવની પરમાત્માના મિલન માટે ઉત્કટ ઝંખના, વિરહવ્યાકુળતા અને મિલનનો આનંદઉછાળ વર્ણવવો હોય તો માનવીય પ્રણયની પરિભાષા જ તેને કંઈક અંશે મૂર્ત રૂપ આપી શકે તેમ છે. કારણ કે ભક્તોના ભગવાન પ્રત્યેના આકર્ષણને સમજાવવા માટે પ્રિયતમ પ્રિયતમાના સ્નેહનું દૃષ્ટાંત જ સર્વોપરી છે. હિંદુ સંસ્કૃતિમાં, (અરે, જગત સંસ્કૃતિમાંય) સ્ત્રી માટે તેનો પતિ પરમાત્મા તુલ્ય ગણાય છે. તેમાં પણ આ જ વિભાવના રહલી છે. ઈસ્લામી સૂફી કવિઓએ પણ પરમાત્માને માશૂક ગણી ઈશ્કે હકીકીને ઈશ્કે મિજાજીના રૂપકથી ગાયો છે. મધ્યકાલીન ગુજરાતી ભક્ત કવિઓએ પણ શૃંગારનો ઉપયોગ આ રીતે પ્રભુપ્રેમને વ્યક્ત કરવામાં કર્યો છે. શૃંગાર તેમનું લક્ષ્ય ન હતું. માત્ર સાધન હતું. તેમનું લક્ષ્ય તો હતું પરમાત્મામાં તેમના આત્માનો મધુર યોગ.

"પ્રેમલક્ષણાભક્તિ" એ મૂળ તો ભક્તિનો જ એક પ્રકાર છે, સ્થૂલ શૃંગારને વર્ણવવાનો કાવ્યવિષય નથી. કારણ કે તેમાં આવતાં રાધા–કૃષ્ણનાં પાત્રો તો માત્ર રૂપકો જ છે. આ પ્રકારનાં કૃષ્ણ અને ગોપીઓની પ્રણયક્રીડાને લગતાં કાવ્યોમાં એમ આવે છે કે રાધાકૃષ્ણ સાથે ક્રીડા કરે છે. અહીં રાધા, કૃષ્ણ અને ક્રીડા એ ત્રણેય શબ્દો રૂપકો છે. પ્રતકો છે. તેનો રહસ્ય ધ્વનિ એ છે કે ભક્ત ભગવાનના પ્રેમનું રસપાન કરે છે. સાક્ષાત્કારનો અનુભવ કરે છે. આત્મા પરમાત્મા સાથેના યોગનો આનંદ માણે છે. આ ધ્વનિ જ અહીં અભિપ્રેત છે. પણ આ ધ્વન્યાત્મક અર્થ ન લેતાં કોઈ એનો વાચ્યાર્થ જ ગ્રહણ કરે તો તેમાંથી અનાચાર જ ફેલાય.

મધ્યકાલીન ગુજરાતી શૃંગારભક્તિની કવિતા ઉપર, ભાગવતમાં વર્ણવાયેલી શૃંગારભક્તિ તથા તેના પ્રભાવ હેઠળ રચાયેલી ગીતગોવિંદ જેવી શૃંગારપ્રચુર કૃતિઓની અસર છે. ભાગવતકારે તો કહ્યું જ છે કે "જે માણસ દુન્યવી વ્યવહારોથી પર થઈને ભગવાનને પ્રેમ કરે છે. તેની કામવાસના લય પામે છે." અને ભગવાનની પ્રીતિમાં મન અનુરકત બનતાં પ્રભુપ્રેમનો અપૂર્વ આનંદ મળે છે. આવો એક સુપરિચિત દાખલો ગોસ્વામી તુલસીદાસનો છે. તેઓ તેમની પ્રિયપત્ની રત્નાવલીના આશક મટી રામના ઉપાસક બની ગયા હતા તે હકીકત પ્રભુપ્રેમનો માર્ગ કામવાસના સ્વરૂપાંતરનો, વાસનાના ઉર્ધ્વીકરણનો માર્ગ છે, તેની સૂચક છે. આવી ભક્તિને મધ્યકાલીન ગુજરાતી કવિતામાં આત્મલક્ષી ઢબે ગાનાર કવિઓમાં સૌ પહેલું અને ઝળહળતુ નામ ઈ.સ. પંદરમી સદીમાં થઈ ગયેલા નરસિંહ મહેતાનું છે.

*નરસિંહ પૂર્વે :*

નરસિંહ પૂર્વે પ્રાચીન સમયથી કૃષ્ણભક્તિ ગુજરાતમાં પ્રચલિત હતી. જેમાં દ્વારકાનું દ્વારકાધીશ (શ્રીકૃષ્ણ) નું મંદિર તેનો સુપ્રસિદ્ધ અને ઝળહળતો પુરાવો છે. નરસિંહ પૂર્વે જૂની ગુજરાતી (ગૌર્જર અપભ્રંશ) અને તેની પૂર્વ ભૂમિકારૂપ "અપભ્રંશ" ભાષામાં રચાયેલાં કેટલાંક કૃષ્ણ કાવ્યો આપણને મળે છે. જેનો વારસો મધ્યકાલીન ગુજરાતી કવિતામાં ઉતરી આવ્યો છે.

જેનો સમય હજી સુનિશ્ચિત થઈ શકયો નથી પરંતુ જે નરસિંહની સમકાલીન એટલે કે ઈ.સ. ૧૪૪૧ પહેલાંની રચના મનાય છે તે કોઈ અજ્ઞાત જૈનેતર કવિ રચિત "નારાયણફાગુ" નરસિંહે કૃષ્ણલીલા ગાવી શરૂ કરી તે પહેલાંની રચના છે. ગોપીઓ અને કૃષ્ણની વનક્રીડા તેનો વિષય છે. આ ગોપીઓ તે કૃષ્ણની રાણીઓ જ છે એ કવિએ રાણીઓને ગોપીઓ કહી છે તે પરથી સમજાય છે. કવિએ ગોપીઓના અલંકાર શોભન અંગ સૌન્દર્યનું મધુર શબ્દાવલિમાં સુંદર કવિત્વમય વર્ણન આપ્યું છે : જુઓ

*"ગોપિય સહસ અઢાર બિહુ ઉણુ પરિવાર,*
*રૂવિહિં રતિવતીએ, ગૃહગુણ ગણવતી એ"*

*"નારિય તનના રંગ,અભિનવ ફૂલના રંગ,*

*સિરિ ભરિ સુરતરુ એ, મોહઈ સુરતરુએ"*[૬]

એક બીજું કાવ્ય "પ્રબોધ ચિંતામણી" નામનું મળે છે, જેમાં ગોપીઓ અને કૃષ્ણની રાસક્રીડાનું સંક્ષિપ્ત વર્ણન એક છૂટક અંશ તરીકે આવે છે. આ રૂપક કાવ્યના જૈન કર્તા જયશેખરસૂરિ નરસિંહના સમકાલીન છે. તેમની આ કૃતિની રચનાસાલ તો મળતી જ નથી પરંતુ કેટલાંક નિશ્ચિત અનુમાનોના આધારે તેને ઈ.સ. ૧૪૧૦ લગભગમાં રચાયેલી માનીએ તો તેમાં આવતું ગોપીઓ અને કૃષ્ણની રાસક્રીડાનું વર્ણન નરસિંહ પૂર્વેનું બને. કાવ્ય દષ્ટિએ તે મૂલ્યવાન છે. તેમાં ગોપીઓ અને કૃષ્ણનો રાસ કવિએ મનોહર વાણીમાં વર્ણવ્યો છે. જુઓ,

*"ગોપીનઈ વંચિઉ વયણિ, બલબંધવ થિઉ મીણ,*

*ચક્ર ચાપ મૂકી મિલિઉ રાઉત રણરસિ લીણ.*

*વારુ વાઈ વાંસલી ગોવિંદ ગોપી સંગિ,*

*ગાઈ ગુમાલી ગૂજરી ગરુઆ ગિરિવર શૃંગિ.*

*જિમ જિમ જમુનાતડિ મિલઈ ગોયાલણિ ગમારિ,*

*તિમ તિમ નાચઈ નવી અ પિરિ નિસિ નિર્મલિ મુરારિ"*[૬]

નરસિંહ પૂર્વેની આ બે કૃતિઓ સિવાયની અન્ય કૃષ્ણકાવ્યની કૃતિઓ જૂની ગુજરાતીના ઉષઃકાળ પહેલાંની એટલે કે "અપભ્રંશકાળ" ની છે. તે કાળનાં કૃષ્ણકાવ્યોમાં આવતા રાધા–કૃષ્ણના શૃંગાર નિરૂપણના પ્રસંગો આ મુજબ મળે છે.

ઈ.સ. નવમી સદીમાં થઈ ગયેલા જૈન કવિ સ્વયંભૂના "સ્વયંભૂ છંદ"માં તેના પુરોગામી કવિ ગોવિંદના નેમિનાથ વિષયક કે હરિવંશ વિષયક કાવ્યમાંથી કવિ સ્વયંભૂએ રાધા–કૃષ્ણના પ્રણયનાં કેટલાંક ટાંચણો આપ્યાં છે. તેમાનાં એકમાં કવિ ગોવિંદે કૃષ્ણનો રાધા પ્રત્યેનો પ્રેમાતિરેક વર્ણવ્યો છે તે જુઓ.

*"એકક મેકકઉં જઈ વિ જોએ દિ*

*હરિ સૂટડુ વિ આઅરેણ તો–વિ દ્રેહિ જીહં કહિં વિ સારી*

*કો સકકઈ સંવરેતિ દડઢ નયણ નૈહેં પલુટ્ટા'* (સ્વયંભૂ છંદ : ૪:૧૦:૨)

બીજું એક પદ્ય કૃષ્ણવિરહે તડપતી ગોપીનું છે. જુઓ,

*"દેઈ પાલી થણહ પબ્ભારે*

*તોડેપ્પિણું નલિણિ–દલુ હરિ–વિઓઅ સતાવેં તત્તી*

*ફલુ અણ્ણહિં પાવિયઉ કરઉ દઈઉ જિં કંપિ રૂચ્ચઈ* (સ્વયંભૂછંદ, ૪:૧૧:૧)

કૃષ્ણચરિત્ર વિષયક બીજું કાવ્ય તે સ્વયંભૂનું "હરિવંશ" છે. ત્રીજુ કૃષ્ણકાવ્ય દસમી અગિયારમી સદીમાં થઈ ગયેલા જૈન કવિ ધવલના "હરિવંશપુરાણ" માંથી મળે છે. ચોથો સંસ્કૃત ગ્રંથ તે ઈ.સ. દસમી સદીમાં થઈ ગયેલા જૈનેતર કવિ ભોજનો "સરસ્વતીકંઠાભરણ" છે, જેમાંથી રાધા–કૃષ્ણના શૃંગારના અપભ્રંશ ભાષામાં બે એક ઉદાહરણો મળી આવે છે અને પાંચમો સંસ્કૃતમાંલખાયેલો અપભ્રંશ વ્યાકરણનો ગંથ ઈ.સ. બારમી સદીમાં થઈ ગયેલા જૈન મુનિ હેમચંદ્રચાર્યનો "સિદ્ધહૈમ" છે, જેમાં હેમચંદ્રચાર્યે તેમના કોઈ પુરોગામી કવિની અપભ્રંશ કૃતિમાંથી રાધા–કૃષ્ણના પ્રણયના બેએક દૂહા ઉદ્ધરણો તરીકે ટાંકયા છે જેમાંના એકમાં, કૃષ્ણને પોતાના પ્રેમમાં ચકચૂર બનાવી દેવાની રાધાની શક્તિનો પરિચય છે :

*"હરિ નચવિઉ પ્રંગણઈ વિમ્હઈ પાડિઉ લોઉ*

*એવંહિ રાહ–પઓહરહં જં ભાવઈ તં હોઉ"* (સિદ્ધહૈમ : ૮:૪:૪૨૦ (૨)

ગોપીઓ અને કૃષ્ણના વસંતવિહાર ઉપર રચાયેલી "નારાયણ ફાગુ" સિવાય અન્ય કોઈ નરસિંહ પૂર્વેની કે નરસિંહની સમકાલીન કૃતિ મળતી નથી. ચતુર્ભુજ કૃત ભ્રમરગીતા (ફાગુકાવ્ય) અને અજ્ઞાત કવિ કૃત "હરિવિલાસ ફાગુ" નરસિંહના સમય પછીની રચનાઓ છે, જેમાં ગોપીઓની કૃષ્ણવિરહવેદના અને કૃષ્ણમિલનનો આનંદ વર્ણવાયો છે, તેથી નરસિંહ મહેતાના ઊર્મિયુકત આત્મલક્ષી પ્રેમભક્તિગાનથી મધ્યકાલીન ગુજરાતી કવિતાનો ભક્તિયુગ આરંભ પામે છે.

### *નરસિંહ મહેતા : (ઈ.સ. ૧૪૧૪ થી ઈ.સ. ૧૪૮૦)*

નરસિંહથી મધ્યકાલીન ગુજરાતી કવિતાનો ભક્તિયુગ આરંભાય છે. તે પૂર્વેના રાસયુગમાં જૈન ધર્મનો પ્રચાર પ્રાધાન્ય ભોગવતો હતો પરંતુ નરસિંહના સમયથી કાવ્યના

સ્વરૂપ અને વિષય બંનેમાં પરિવર્તન આવે છે. સ્વરૂપ પરત્વે"રાસ" રચનાઓનું ખેડાણ મંદ પડતું જાય છે અને "પદ" પ્રકારનું ખેડાણ વધતું જાય છે. તો વિષય પરત્વે જૈન ધર્મનો પ્રચાર મંદ પડી જઈ ભક્તિની સર્વોપરિતા દર્શાવતા વિષયોનું ખેડાણ વધતું જાય છે અને ભક્તિરચનાઓનાં પદો વિપુલ માત્રામાં મળવાં શરૂ થાય છે.

તે ગુજરાતનો પહેલો ને સર્વોત્તમ વૈષ્ણવ ભક્તજન છે.

*"એવા રે અમે એવા રે એવા, તમે કહો છો વલી તેવા રે,*
*ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે,*
*હળવાં કર્મનો હું નરસૈયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે,*
*હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે,*
*નરસિંહ આવો ભક્તિનિષ્ઠ, સમદષ્ટિ અને પ્રગતિશીલ સંત હતાં.*

*નરસિંહ મહેતાનું કાવ્યસર્જન :*

નરસિંહ મહેતાનું સર્જન ચાર વિભાગોમાં વહેંચી શકાય :

(૧) આત્મકથનાત્મક કૃતિઓ : હાર, હૂંડી, મામેરું ને શ્રાદ્ધના પ્રસંગોનાં પદ, ઝારીનાં પદ, હજિનોને અપનાવ્યાનાં પદ.

(૨) આખ્યાનકલ્પ કૃતિઓ : ચાતુરીઓ, સુદામાચરિત્ર, દાણલીલા

(૩) કૃષ્ણપ્રીતિનાંઊર્મિગીતો : શૃંગારપ્રીતિનાં પદો, વાત્સલ્યપ્રીતિનાં પદો.

(૪) ભક્તિજ્ઞાનનાંપદો : અધ્યાત્મઅનુભવની કવિતા, પ્રેમલક્ષણાભક્તિની કવિતા.

આ ઉપરાંત અન્ય કેટલીક રચનાઓ નરસિંહના નામે ચઢેલી છે.નવાં સંશોધનના આધારે, 'સૂરતસંગ્રામ' અને 'ગોવિદગમન' સ્પષ્ટપણે નરસિંહની રચનાઓ નથી જ, એ સ્પષ્ટ થઈ ગયું છે. 'દાણલીલા' પણ કદાચ નરસિંહની અસલ કૃતિ ન હોય, એમ વિદ્વાનોનું માનવું છે. શૃંગારપ્રીતિનાં કેટલાંક પદો અને રાસસહસ્રપદીનાં ઘણાં પદો પણ નરસિંહના નામે ચડાવી દેવાયેલી પાછલા સમયની રચનાઓ મનાય છે. હારસમેનાં કેટલાંક પદોમાં પણ પાછળથી ઉમેરો થયાનું જણાયું છે.[૧૦]

નરસિંહે લખેલી આખ્યાનકલ્પ કૃતિઓને બાદ કરીએ તો નરસિંહની કવિતા મુખ્યત્વે પદ પ્રકારની લઘુ ઊર્મિરચનાઓ છે. લગભગ સવા લાખ જેટલાં પદો તેણે રચ્યાં છે એમ કહેવાય છે. પદસંખ્યા અંગેની અતિશયોક્તિ ટાળીએ તો હજાર–દોઢ હજાર જેટલાં પદ તો તેણે અવશ્યરચ્યાંહશે એમ કહી શકાય. નરસિંહનાં પ્રભાતિયાં ગુજરાતમાં ઘેર ઘેર જાણીતાં છે. આબાલવૃદ્ધ સૌને એ પ્રભાતિયાં એકસરખાં આકર્ષે છે. ઈશ્વરકૃપા એ જાગૃત થયેલી તેની 'આદ્યવાણી' એ વૈષ્ણવભક્તિની કવિતાનું ઝરણું સદાને માટે વહેતું રાખ્યું છે.

*નરસિંહનાં ભક્તિપદો :*

નરસિંહના પદો એ ગુજરાતીની પહેલી પદ–ઊર્મિકવિતા છે. એ ભાવ, વિચાર અને કલ્પનાની અભિવ્યક્તિ છે. તેની પૂર્વે પદો હતાં નહીં, લોકગીતોનાં ઢાળ હશે, કેટલાક ગેય ઢાળો અને ઝુલણાં જેવા માત્રામેળ છંદના રાગોમાંથી તેણે પ્રેમલક્ષણા ભક્તિભાવનાં, રાધા–કૃષ્ણના ચરિત્રનાં અને ભક્તિબોધનાં પદો રચ્યાં. તેના પ્રભાતિયાં પણ ભક્તિ–દર્શનનો અદ્‌ભુત આવિષ્કાર છે.

પદ એટલે મધ્યકાળનું પ્રસિદ્ધ અને લોકપ્રિય કંઠાભરણ જેવું નાનું નાજુક સુગેય પ્રેમ–ભક્તિ–બોધ જેવા વિષયનું ઊર્મિકાવ્ય. નરસિંહ એનાં પદો કાંસીજોડાં કે કરતાલના તાલ સાથે ગાતો. ભાવસમાધિમાં તેનાં પદો સ્વયંભૂ શીઘ્ર કવિતાની જેમ વધે જતાં.

નરસિંહ 'ગીતગોવિંદ' અને 'ભાગવત'નો ભક્ત કવિ હતો. ભક્તિશૃંગારની ગીતિકવિતાની પ્રેરણા ત્યાંથી મળી. તેને કૃષ્ણલીલા ગાવી હતી. ભાગવતના દશમ સ્કંધના શ્લોકોમાં શબ્દચિત્રો પરથી તેણે કેટલાંક ગીતો–પદો સજર્યા છે.

તેણે 'રાસસહસ્રપદી', 'શૃંગારમાળા', 'ચાતુરીઓ' 'હિંડોળાનાં પદો' 'વસંતનાં પદો', 'બાળલીલાનાં પદો', 'કૃષ્ણજન્મ સમેનાં પદો, 'અને 'સુદામાનાં પદો' માં શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓ ગાઈ છે. ભાગવતના ભક્તિશૃંગાર અને કૃષ્ણચરિત્રનાં પ્રસંગનાં દશ્યો રચ્યાં છે. તેની ભક્તિકવિતાની રસ–દીપ્તિ આ પદોમાં છે, 'રાસ સહસ્રપદી'માં નાના નાના ભક્તિરાસ છે. 'ચાતુરીઓ'માં ભાગવતનાં પ્રસંગોર્મિકાવ્ય છે.

રાધા–કૃષ્ણ ગોપીના પ્રસંગોમાં ભક્તિશૃંગારની પરંપરા છે તે સરળ અને રસિક પદાવલિ છે.

'બાળલીલા' નાં પદોમાં વાત્સલ્યભાવની ભક્તિ છે. બાળકૃષ્ણ માતા જશોદાની પાસે માગે છે,

'ઓ પેલો ચાંદલિયો, આઈ, મને રમવાને આલો, નક્ષત્ર લાવીને મારા ગજવામાંઘાલો'

કેવું સાહજિક બાળભાવનું અને બાલસહજ કલ્પનાનું ગીત છે !

નરસિંહનું બાળકૃષ્ણ લીલાનું, ગોપીઓની ફરિયાદનું આ ગીત તો આકાશવાણીનું મુખ્ય સંગીત બની ગયું છે.[૧૧]

*'જશોદા, તારા કાનુદાને સાદ કરીને વાર રે,*
*આવડી ધૂમ મચાવે મચાવે વ્રજમાં નહિ કોઈ પૂછણહાર રે'*

નરસિંહનું કૃષ્ણના નાગદમનના પ્રસંગનું

*'જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,*
*જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે'*

એ પ્રસંગોર્મિકાવ્ય નરસિંહની અનોખી સિદ્ધિ સમાન છે. એમાં કવિતા નૃત્ય અને નાટયનો ત્રિવેણી સંગમ થાય છે.

તેનાં હિડોળાનાંપદોમાં હિંડોળે ઝૂલતાં રાધા–કૃષ્ણનો ઉલ્લાસ છે, તો વસંતનાં પદો તો તો જાણે ફાગુ–ઊર્મિપદો !

નરસિંહના પદોમાં પ્રેમભક્તિનાં પદોમાં સગુણ–સાકાર ભક્તિ છે. કૃષ્ણની લીલાભક્તિનો ઊર્મિ–આવિષ્કાર અહીં છે.

'કૃષ્ણ જન્મ સમેનાં પદો' માં કૃષ્ણના જન્મથી તે કંસવધ અને દ્વારિકાગમન સુધીની કથા ૧૧ પદોમાં સંક્ષેપે ગાઈ છે. 'કૃષ્ણજન્મવધાઈ'ના પદોમાં કૃષ્ણ જન્મથી નંદ–જશોદાના આનંદનું વર્ણન છે.

'બાળલીલા' નાં ત્રીસ પદો બાળલીલા જ ગાય છે અને બાળકૃષ્ણની ચાંદો લેવાની હઠનું તો અતીવ સુંદર કાવ્ય છે. 'ઓ પેલો ચાંદલિયો, આઈ મને રમવાને આલો',

'જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે' 'જળકમળ છાંડી જાને, બાળા' એ ત્રણે ગીત નરસિંહજીના કૃષ્ણની બાળલીલાના ઉત્તમ પદ છે.

'નાગદમણ' જેમ 'દાણનાં પદો' માં નરસિંહની સંવાદકલા મહોરી ઊઠે છે.

'શૃંગારભક્તિનાં પદો' માં જયદેવના 'ગીતગોવિંદની' જેમ ગોપીઓનો શૃંગાર અને કૃષ્ણના શૃંગારની ચેષ્ટાઓ પણ વર્ણવી છે. નરસિંહ પોતાને ય ગોપી ગણે છે. કહેતાં લાજ આવે છે, તોય ઉઘાડો ભક્તિ–શૃંગાર ગાય છે. તે પ્રેમસુધારસની વાણી છે.

'ચાતુરીછત્રીસી', 'ચાતુરીષોડશી' અને 'રાસસહસ્રપદી' નાં પદોમાં પણ કૃષ્ણની શંગાર પ્રીતિ ગાઈ છે. 'ચાતુરીઓ' માં કૃષ્ણ–રાધા–ગોપી એક–બીજાને પામવા જે ચાતુરી કરે છે તેનો શૃંગાર છે.

આવાં તો કંઈક પદો છે. એમાં ઉલ્લેખપાત્ર અન્ય છેઃ

*'દીવાલી દીવાલી રે, આજ મારે દીવાલી,*
*મારે ઘરે આવ્યા શ્રી વનમાળી રે'*

* * *

*'સખી, આજની ઘડી રળિયામણી રે,*
*મારો વહાલોજી આવ્યાની વધામણી રે... સખી'*

* * *

*'વહાલા, મારા વૃંદાવનને ચોક, કે વહેલા પધારજો રે લોલ'*

* * *

*'હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યા રે'*
*'મારું વૃંદાવન છે રૂડું, વૈકુંઠ નહિ આવું'*

નરસિંહના આ ભક્તિશૃંગારને રાજે, રણછોડ, દયારામ, પ્રેમસખી પ્રેમાનંદ વગેરેએ બરાબર ઝીલ્યો છે.

ઊઘાડા ભક્તિશૃંગારને કારણે, તેની જ પંક્તિમાં ટીકા થઈ છે, 'તારી પેઠે કોઈએ ન ગાયો, નાગો ભૂંડો શૃંગાર' પણ નરસિંહ તો કહે છે :

*'તમે જાણો વિષયરસ ગાયો, મારો હરિ શું પ્રેમ ઊભરાય,*
*હરિલીલા શણગાર જ ગાતાં, વિષયી નહિ કહેવાય'* ('હારમાળા' પદ–૫)

## આત્મચરિત્રાત્મક પદમાળાઓ :

નરસિંહે પોતે જ પોતાના જીવનના પ્રભુકૃપાના પ્રસંગોની પદમાળાઓ રચી છે. તેને તો પ્રભુના ગુણ ગાવા છે. તેના જીવનના કપરા પ્રસંગે ભગવાને જે સહાય કરી તે જ વર્ણ્ય વિષય છે.

'ઝારીનાં પદ' માં તેણે ઝારીનો પ્રસંગ ચાર પદમાં ગાયો છે. રાત્રે કીર્તન કરતાં મહેતા નરસિંહને તરસ લાગી ત્યારે પુત્રવધૂએ કે નજીકની સંબંધી રતનબાઈએ ઝારીથી પાણી પાયું ત્યારે પાણી પાનારમાં ભગવાનના મોહિની સ્વરૂપની કલ્પના કરી છે. મોહિની–સૌન્દર્ય અતિ સુંદર છે.

*'રૂમઝુમ રૂમઝુમ નેપૂર વાજે, પાવલે તે ચીર અતિ ચાંપે રે,*
*ઘૂંઘટમાં મુખ એણી પેરે શોભે, મોટા મુનિજનનાં મન કાંપે રે'*
*નરસિંહ નારીના સૌન્દર્યમાં પ્રભુનું સૌન્દર્ય જુએ છે.*

'શામળદાસનો વિવાહ' કે 'પુત્રનો વિવાહ' નાં૩૪ પદોમાં વડનગર પુત્ર પરણાવવા ગયા તે પ્રસંગ છે. તેમાં કૃષ્ણ પધારે છે તે માત્ર નરસિંહ જુએ છે. એટલું જ નહીં, નરસિંહ સ્વયં ચતુર્ભુજ દેખાય છે. પ્રસંગ ગુજરાતી રીતિ રિવાજનો આબેહૂબ ચિતાર છે. જોકે વેવાઈ પક્ષે નરસિંહમાં કૃષ્ણ, માણેકમાં લક્ષ્મી અને શામળમાં પ્રદ્યુમ્નનાં દર્શન કરે છે.

'મામેરું'માં ૨૫ પદ કુંવરબાઈનું મામેરું કૃષ્ણે પૂર્યાનો ચમત્કાર વર્ણવે છે. નરસિંહની નિર્ધનતા, કુંવરબાઈની કરુણતા ('સાધુ મુજ તાતને, દુઃખ દેવા ઘણુ, સીમંત માહરે શીદ આવ્યું?) કૃષ્ણની 'ગરુડ કયાં ? ગરુડ કયાં ? વાળી તત્પરતા, નાગરી નાતના રિવાજ, પહેરામણીની પૂર્તતા વગેરેનું સરસ વર્ણન કર્યુ છે. નરસિંહની વહેલ અને મામેરુંનો પ્રસંગ તાદશ કર્યા છે.

'હૂંડી' માં દ્વારિકા જતા યાત્રાળુઓને નરસિહ હૂંડી લખી આપે છે અને ભગવાન શેઠ થઈને હૂંડી સ્વીકારે છે તે પ્રસંગ છે. નરસિંહનો હૂંડી–પત્ર, કૃષ્ણની 'ઉઘડકી ઉઠિયો' ની ત્વરા અને કૃષ્ણે અંતે દર્શાવેલી 'હું અને તુંય ક્ષણ એક નથી વેગળા' વાળી ભક્ત ભગવાનની તદાકારતા કે અદ્વૈતની ચમત્કૃતિ હૂંડીનાં પ્રશસ્ય કાવ્યતત્ત્વ છે.

'હારસમેનાં પદ' કે 'હાર' માં સવિસ્તર ૫૧ પદમાં રા'માંડલિકે લોકચર્ચાના 'લંપટી નરસિંયો' ની કસોટી કરવા ભગવાન સ્વયં નરસિંહને હાર પહેરાવે એવી શરત મૂકેલી, એટલે નરસિંહની વિનવણી માન્ય કરીને કૃષ્ણ ભક્તની લાજ રાખવા સાક્ષાત્ કેશવ આવે છે અને પોતાનો હાર નરસિંહને પહેરાવે છે. પ્રસંગ ને ઉક્તિઓ નોંધપાત્ર છે.

આ બધાં પ્રસંગ–પદો કે પદમાળાઓ નરસિંહના ચરિતને સુપેરે વર્ણવે છે. 'મામેરું', 'હૂંડી' 'વિવાહ' અને 'હાર' આખ્યાન કલ્પ છે, કહો કે પદબંધનાં આખ્યાન છે. અહીં આખ્યાનનું બીજ રોપાય છે ને નરસિંહચરિત આખ્યાન વિષય બને છે. અહીં પણ ઝુલણા છંદની જ લીલા છે.

## જ્ઞાન–ભક્તિનાં પ્રભાતિયાં :

નરસિંહના ભક્તિશૃંગારમાં સગુણ ઉપાસના છે, તો જ્ઞાન–દર્શનનાં પ્રભાતિયામાં નિર્ગુણ ભક્તિ છે. તેથી ભક્તિશૃંગારનાં પદો યુવાવસ્થાનાં અને જ્ઞાનનાં પ્રભાતિયાં ઉત્તરાવસ્થાની દાર્શનિક અનુભૂતિનાં લાગે છે. સગુણમાંથી નિર્ગુણ તરફનો વિકાસ જોઈ શકાય.

પ્રભાતિયામાં સીધો ઉપદેશ છે, પણ વિશેષ તો સ્વયં સ્ફુરણાત્મક જ્ઞાન છે. ભક્તિ છે, પણ નિર્ગુણ અને જ્ઞાનયુકત, નરસિંહનું નિર્ગુણ ધારાનું અંતસ્વરૂપ પ્રકટ થાય છે.

પ્રભાતિયાં એ પ્રભાત સ્તવન છે. પ્રાતઃકાળે કરવાનું આત્મચિંતન અને જીવનજાગૃતિનું ગાન છે. નરસિંહ સવારે ગાય છે :

*'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા,*
*તુજ વિના ધેનમાં કોણ જાશે?'*

સંસારી જનોને તે ઉપદેશ આપે છે
અને અંતે નરસિંહ પાછો પ્રભુપ્રેમનો પ્રસાદ ઝંખે છે.

*'પ્રેમરસ પાને તું, મોરના પિચ્છધર,*
*તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે'*

અહીં ઉપનિષદનું તત્ત્વજ્ઞાન, વલ્લભાચાર્યનો અખંડ બ્રહ્મવાદ, પ્રેમભક્તિ, દાર્શનિક અનુભૂતિ, રમ્યતા અને ભવ્યતા, આચારધર્મ અને અદ્‌ભુત બ્રહ્મદર્શન સમગ્ર એક થઈને કવિતા બનીને આવે છે. આ નરસિંહની જ નહિ, આપણી દાર્શનિક કવિતાની સિદ્ધિ છે.

*બોધનાં પદો :*

'ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે' એમાં સૌથી ઉત્તમ છે 'વૈષ્ણવ જન'નું ગુણચિત્ર – જે પદ તો વિશ્વવિખ્યાત પ્રાર્થના પદ બની ગયું છે.

*'વૈષ્ણવ જન તો તેને રે કહીએ,*
*જે પીડ પરાઈ જાણે રે'*

*આખ્યાનકલ્પ અન્ય કૃતિઓ :*

નરસિંહ આખ્યાનકલ્પ જે કૃતિઓ આપે છે તેમાંથી મોટા ભાગની તો તેની ભક્તિપદમાળાઓ અને આત્મચરિત્રાત્મક પદમાળાઓને નિમિત્તે જોઈ ગયા છીએ. 'ચાતુરીઓ', 'દાણલીલા' અને 'સુદામાચરિત્ર' ખાસ ઉલ્લેખપાત્ર છે.

'ચાતુરીઓ' છવ્વીસ છે.તેમાં રાધા–કૃષ્ણ–ગોપીનો વિહાર છે, પ્રસંગ અને સંવાદમાં પાત્રોની અને કવિની ચાતુરી દેખાય છે પણ તેનું સ્વરૂપ આખ્યાનાત્મક ઓછું છે.

'દાણલીલા' પણ ૩૯ કડીઓનું કથનોર્મિકાવ્ય છે. મહી વેચતી રાધાની પાસે કૃષ્ણ દાણ માગે છે, ઝઘડો થાય છે, પણ અંતે કૃષ્ણ બંસી ગાનથી રાધાનું મનામણં કરે છે. કથાનક સુંદર છે, પણ આખ્યાનાત્મક અલ્પ છે.

'સુદામાચરિત્ર' ના પદોમાં આખ્યાનની ઘટના છે. ભાગવત ભક્ત સુદામો કૃષ્ણનો મિત્ર જ નહિ, ભક્ત છે, જીવનું સ્વરૂપ છે તે સંસારમાં દરિદ્ર છે, પણ અયાચક છે. સુદામા પત્ની કહે છે,

*'જદુપતિ નાથ તે મિત્ર છે તમ તણા,*
*જાઓ વેગે કરી કૃષ્ણ પાસે'*

અને સુદામો 'ચાલિયો વાટમાં જ્ઞાનના ઘાટમાં, મિત્ર મોહન તણું નામ લેતો' કૃષ્ણ સુંદર સ્વાગત કરે છે. તાંદુલ ખાતાં વૈભવ આપે છે. ઘેર જઈને જુએ છે અને બોલી ઊઠે છે, 'ધન્ય ધન્ય કૃષ્ણજી' અહીં ભગવાનનો ભક્ત પરનો ભાવ છે. ભક્તિ છે, સાથે મૈત્રી છે. આઠ પદોનું નાનકડું આખ્યાન ઊર્મિસભર છે. એના આધારે જ પ્રેમાનંદનું ઉત્તમ આખ્યાન રચાય છે.

*કાવ્યસિદ્ધિ :*

નરસિંહની કલ્પકતા ઊંચા પ્રકારની છે. 'સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે, સોનાના પારણા માંહી ઝૂલે' કે ' બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' કલ્પનો તો નરસિંહની કલ્પકતાની સિદ્ધિ છે.

નરસિંહમાં ચિત્રાત્મકતા અને ઈન્દ્રિયગ્રાહયતા પણ ઉત્કૃષ્ટ કક્ષાની છે. રાધા–કૃષ્ણના હૃદયસ્પર્શી ચલચિત્રોની વણઝાર સર્જી દીધી છે.

'હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે' એ એક જ કાવ્ય એની પ્રતીતિ કરાવશે. સરળતાથી વર્ણ–લય–અર્થનું સૌન્દર્ય સોધે છે.

જેમ સોનેટમાલા તેમ તેની પદમાલા. પદોના ગુચ્છથી કથાનક સાથે કામ પાડે છે. આખ્યાનકલ્પ રચનાઓ આપે છે. કૃષ્ણક્રીડાકાવ્યની પદમાળાઓએ ભાવભક્તિની એક પરાકાષ્ઠા દર્શાવી છે. ભક્તિ–શૃંગાર હૃદયસ્પર્શી છે. અલબત, કયાંક સ્થૂળતાને પ્રાકૃતતા દેખાય છે, પણ કાવ્યનું તેજ પણ ઝળહળે છે.

જ્ઞાનનાં પ્રભાતિયાં તેની બીજી ઉત્તમ સિદ્ધિ છે. નરસિંહના પ્રભાતિયાંને પં.કેશવલાલ ધ્રુવે 'પ્રાકૃત ઉપનિષદ' કહ્યાં છે. એવો દાર્શનિક આવિષ્કાર બીજો થયો નથી.

એણે કૃષ્ણ અને રાધાનાં અવિસ્મરણીય રૂપ સજર્યા છે : 'કેસરભીના કાનજી, કસુંબે ભીની નાર'ને ભૂલી શકાય? સાવ સાદું 'ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી, સોળ સહસ્ર ગોપીનો વહાલો, મટુકીમાં ઘાલી' પદ પણ કેટલું ભવ્ય છે!

નરસિંહ પ્રાતઃસ્મરણીય 'પ્રભાતકવિ' છે. ગુજરાતનો આર્ષ કવિ છે. પ્રેમભક્તિનો પ્રસાદપૂર્ણ ગાયક છે. જ્ઞાનભક્તિનો દર્શક છે. એ ભક્તિનો કવિ છે, ભૂમાનો કવિ છે. તે

મધુર રસનો કવિ છે. જ્ઞાનરસનો કવિ છે. તેની કવિતા તેની લાગણીશીલ હૃદયવાણી છે. કાવ્યબાની પરિમાર્જન માગે છે, પણ તેમાં લાગણીની સચ્ચાઈ છે. તેણે ભક્તિમાર્ગના માધુર્ય અને દાર્શનિકતાને આત્મસાત કરી કાવ્યદેહ આપ્યા છે. તેની ભક્તિ ઉત્કટ છે અને દર્શન ઉત્કૃષ્ટ છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તેની કવિતામાં ભેગાં ઘૂંટાય છે, પણ તેની કવિતા સાવ 'પરલોકાભિમુખ' કે 'મૃત્યુનું બાઈબલ' નથી. એમાં જીવનનો રસ ભરપૂર ભર્યો છે. તે શુષ્ક વેદાંતી નથી, અમર વાર આ શબ્દનો પ્રયોગ કર્યો છે. નરસિંહનું કાવ્યદષ્ટિએ સબળ પ્રદાન તેની "ચાતુરીઓ" છે. રાધા–કૃષ્ણનો પ્રણયવિહાર તેનો વિષય છે અને તેનું આલેખન મનોહર છે.

## નરસિંહનું પ્રેમલક્ષણાભક્તિગાન :

*રાસવર્ણનના પદો :*

કૃષ્ણની રાસલીલાને વર્ણવતાં પદો એ નરસિંહનાં સૌ પ્રથમનાં પદો હોવાનો સંભવ છે.[૧૨] આ ચમત્કારિક અનુભવ તેના જીવનની સૌથી મહત્ત્વની ઘટના છે. કારણ કે અહીંથી જ તેના ગોપીભાવની શરૂઆત થાય છે અને શૃંગારભક્તિનાં રસમય પદો તેના કંઠમાંથી વહેવા લાગે છે. ગોપીભાવ અનુભવતા નરસિંહે કૃષ્ણની રાસલીલાને વર્ણવતાં જે પદો આપ્યાં છે તેની નિરૂપણ શેલી, પોતે રાસલીલાને જોતો હોય અને વર્ણવતો હોય તે રીતની છે.જુઓ,

*"નરસૈયોં ત્યાં દીવી ધરી રહ્યો, કરે હરિનું ગાન" અને*

*"નરસૈંયો નેણે નિહાળી, કરતો ગોવિંદ ગાન રે"*

ગોપીઓ અને કૃષ્ણના કામવિલાસોનું પ્રત્યક્ષ ચિત્ર નરસિંહ આપે છે. પરંતુ તેની કલમ સંયમની મર્યાદાઓ ઓળંગતી નથી. જુઓ, રાસ રમતાં કૃષ્ણ અને ગોપીઓનું લયબદ્ધ, તાલબદ્ધ અને નાદબદ્ધ નૃત્યચિત્ર :

*"વૃંદાવનમાં રાધા–માવ, થનક થનક થઈ સારી રે,*
*ચોપાસ દીપક ધરી ચોગન, ઝળહળ જયોત અજવાળી રે.*
*વૃંદાવનની કુંજગલનમાં, લીલા કરે ગિરધારી રે.*

*રમઝમ રમઝમ નેપુર વાજે, એક પિયુ એક પ્યારી રે."*

રાસમાં ગીત કરતાં નૃત્ય અને વિવિધ વાદ્યોના તાલનું વિશેષ મહત્ત્વ છે. જેનું નરસિંહના આ રાસવર્ણનમાં સમુચિત પ્રતિબિંબ પડયું છે. તે તેની રાસનૃત્યની જાણકારી સૂચવી જાય છે. જુઓ, ભક્તિતત્ત્વ, કાવ્યતત્ત્વ, પ્રણયતત્ત્વ, ગીત, સંગીત અને નૃત્ય ઈત્યાદિના સૌન્દર્યને એકી સાથે પ્રગટ કરતં તેનુ આ પદ :

*"નાચતાં નાચતાં નયણે નયણાં મલ્યાં,*
*મદભર્યા નાથને બાથ ભરતાં.*

*ઝમકતે ઝાંઝરે તાળી દે તારુણી,*
*કામની કૃષ્ણ શું કેલ કરતાં.*

*પ્રેમદા પ્રેમસું અધર ચુંબન કરે,*
*પીયુ સંગ પરવર્યા અબળ બાળા*

*તાલ મૃદંગ મધ્ય ઘમ ઘમે ઘૂઘરી,*
*સામ સામા કરે ચપળ ચાળા.*

*ઉરસું ઉર ભરે કંઠસુ બાંહ ભરે,*
*જેહને જે ગમે તે તે જ રમતાં.*

*ભણે નરસૈંયો રંગરોળ ઝકોળમાં,*
*શ્યામને શ્યામા સહુ મન ગમતાં"*

આ રાસરમણનો ભેદ શો ? નરસિંહ કહે છે : "ભેદકો નવ લહે રમણ કેરો" અર્થાત્ કોઈ જ નથી જાણતું એમ તો નહીં, પણ પેલાં"દૂરમતિયાં" "દૂરીજન" અજ્ઞાની અભિમાની લોક તે નથી જાણતાં. જે સાચા વૈષ્ણવ છે તે તો આનો ભેદ જાણે જ છે કે રાસલીલાની આનંદક્રીડા તે ભક્તના અંતઃકરણમાં અનુભવાતો પરમાત્માનો યોગાનંદ છે.

**વસંતનાં પદ** : માં વસંતવર્ણન ગૌણ છે અને તે માત્ર સૂચનથી જ, ઉદ્દીપન વિભાવ તરીકે પ્રયોજાયું છે. વસંતની પશ્રાદ્ભૂમિકામાં ગોપીઓ અને કૃષ્ણના વિવિધ

શૃંગારવિલાસો એ જ તેનો મુખ્ય વિષય છે. ભાગવતની અસર હેઠળ રચાયેલાં આ પદોમાં નરસિંહે ગોપીઓના વિવિધ શૃંગારિક મનોભાવો દ્વારા પોતાની સોલ્લાસ કૃષ્ણભક્તિ ગાઈ છે. તેમાં તેણે ગોપીના અંગાંગમાં વ્યાપેલા અનંગનું, કૃષ્ણને મળવા અધીર ગોપીની તાલાવેલીનું, નિરંકુશ ગોપીઓના માધવ સાથેના હર્ષોલ્લાસયુકત વિલાસનું, હોળીખેલનનાં રંગ છાંટણાનું અને રંગ છાંટવા ધસતી ગોપીઓના ધસારાનું તથા ગોપીઓના પ્રણયપાશમાં બંધાઈ જતા કૃષ્ણના પરાજયનું અને ગોપીઓના વિજયનું મનોરમ ચિત્ર પ્રસન્ન મધુર શૈલીમાં આપ્યું છે. કૃષ્ણ અને ગોપીઓ પરસ્પર રંગ છાંટતાં સર્વત્ર રાતા રંગની, અર્થાત્ શ્લેષથી સમજતાં, પ્રણય રાગની મસ્તી વાતાવરણમાં પ્રસરી જાય છે. નરસિહ તેનું સુંદર શ્લેષાલંકારયુકત વર્ણન આપે છે તે જુઓ :

*"કર–નખ રાતા કામનિયાં રે, રાતા અધુર સુ–દંત,*
*રાતો અબીર ગુલાલ ઉછાલે, રાતો કપોલ હસંત*
*રાતી ચોલી કસણ–કસી રે, રાતી કુંકુમ રોલ,*
*રાતી તીયલ, માંગ સમારી, રાતાં મુખ તંબોલ"*

આ વસંતખેલનમાં ગોપીઓનો પ્રેમ વિજયી નીવડે છે, જે પ્રભુને પણ પોતાના પાશમાં બાંધી દે છે. આમાંથી પ્રેમલક્ષણાભક્તિનો વિજય સૂચવાય છે. તેથી નરસિંહ યોગ્ય રીતે જ કહે છે કે ભગવાનને મળેલું "ભગતવછલ" નું બિરૂદ અન્વર્થક છે.

**હિંડોળાના પદ :** માં કૃષ્ણ અને ગોપીઓનો વિહાર વર્ષા1તુની પશ્ચાદ્ ભૂમિકામાં ગવાયો છે. વસંતનાં પદોની જેમ આ પદો પણ ભાગવતની અસર હેઠળ રચાયેલાં છે. જેમાંથી શૃંગારની પરિભાષાની નીચે વહેતી નરસિંહની કૃષ્ણ–પ્રીતિનાં દર્શન થાય છે. આ પદોમાં ગોપીને હીંડોળે હીંચકાવતા કૃષ્ણ, પણ ઝૂલો વધુ પડતા ગોપીની કૃષ્ણને શૃંગાર ભરપુર અને હાસ્ય કટાક્ષ યુકત વાણીમાં વિનંતી, કહાનને હીંડોળે ઝુલાવતી ગોપીઓ, હીંડોળે હીંચતાં પવનની લહરીઓથી આંખો મીંચી રસાનંદ માણતા કૃષ્ણ અને તેમને જોઈ આનંદ પુલકિત થતી ગોપીઓ, એક જ હીંચકે સામસામે બેસી આલિગનનો રસ માણતાં કહાન–ગોપી ઈત્યાદિનું રસિક વર્ણન નરસિંહે આપ્યું છે. એક નાનકડી ગોપીની ચાલવાની છટા કેવી મનોહર છે તે જુઓ,

*"નાનકડી નાનકડી ગોપી, ઠમઠમતી ઠમકાલી રે,*

*પ્રગટ પયોધર કંઈક દીસે, પલવટલી ત્યાંહાં વાલી રે"*

વસંતનાં અને હિડોળાનાં આ પદોમાં નરસિંહની કાવ્યશૈલીની તાજગી અને ઉત્સાહ ઉલ્લાસપૂર્ણ અભિવ્યક્તિનાં દર્શન થાય છે, જે તેની ઉલ્લસિત કૃષ્ણભક્તિનો પરિચય આપી જાય છે.

**ચાતુરીઓ** : અહીં નરસિંહે રાધા–કૃષ્ણની સમાગમ લીલા જુદી જુદી છતાં એકધારી રીતે ગાઈ છે.

આ કાવ્યનો વિષય રાધા–કૃષ્ણના ગાન, વિરહ, અને એકાંત કુંજભવનમાં તેમની સમાગમલીલાનો છે. તેમાં નરસિંહે નાયક–નાયિકાના શૃંગારભાવોનું નિરૂપણ સચોટ કાવ્યાત્મકતાથી પણ ભક્તિ પ્રપૂર્ણ હૃદયે કર્યુ છે. રાધાની કામોત્તેજકતા, મિલનોત્સુકતા અને લલિત અંગમરોડ, રાધાને આવેલી જોતાં પ્રણયતૃષાર્ત કૃષ્ણની રાધા તરફ તલસાટ ભરી દોટ અને છેવટે એકાંત કુંજભવનમાં રાધા કૃષ્ણની આનંદક્રીડા ઈત્યાદિ પ્રસંગોને નરસિંહે કાવ્યોચિત રીતે બહેલાવ્યા છે તથા વિરહ અને મિલનના ભાવોને અજબ સાહજિકતાથી ગૂંથી લીધા છે. રાધા અને માધવની સંભોગક્રીડાના દશ્યને નરસિંહે કુશળ કલાકારની ઢબે રેખાંકિત કર્યુ છે તે જુઓ.

*"ભ્રમર થઈ પિયુ ભોગવે, સુધા સીંચે શ્રીગોકુલચંદ*

*મૃગનયની કરે મરકડલો, મોહની પિઉનું મન હરે.*

*અતિ નિપુણ નાગર નાગરી વિવિધ વનક્રીડા કરે,*

*પ્રેમદા સાથે પ્રેમસ્યૂં પિઉડો તે અતિ રંગે રમે*

*અધુર ડસી,કર કુચગ્રહી, કૃષ્ણજી કંદર્પને દમે*

*ભુજ બળ ભીડી કરીને કસે તીયાં કામની,*

*કનકવેલ તમાલ લપટી જાણીઈ ઘનદામની,*

*ચુંબન ચારુ કપોલ કામી પ્રેમેસ્યૂં પિઉડો દીઈ,*

*સુડલો થઈને શ્રીહરિ, અમૃતફળ મુખમાં લીઈ"*

નરસિંહના અન્ય આત્મલક્ષી ભક્તિ–શૃંગારના ઊર્મિગાનના પદોમાં જોવા મળતી ઊર્મિની ઉત્કટતા અને ભક્તિરસની ભાવભરતી તથા સોલ્લાસ તેમજ છટાપૂર્વક, તાજગીભર્યુ કલાત્મક નિરૂપણ અહીંયા પણ પ્રતીત થાય છે. જે નરસિંહની ઊર્મિકવિ તરીકેની પ્રતિભા બતાવી આપે છે.

**ભક્તિશૃંગારનાં આત્મલક્ષી પદો :** રાધા–કૃષ્ણનો પ્રણયખેલ એ આ પદોનો વિષય છે અને તે નરસિંહે વિવિધ રીત અને ઉત્કટતાપૂર્વક રસળતી શૈલીમાં ગાયો છે, જેમાંથી તેની ભક્તિનાં સૂક્ષ્મ અને ઉત્કટ ભાવ સવેદનો પ્રગટ થઈ ઊઠયાં છે. આ પદોમાં તેણે વાંસળીના સૂરે વીંધાયેલી ગોપીની વ્યાકુળતા, કૃષ્ણના અધરામૃતનું તેણે કરેલું પાન, શૃંગાર કે બીજી સ્મૃતિઓની સખી સમક્ષ રસપૂર્વક રજૂઆત, શરમ છોડી કૃષ્ણપ્રેમનો તેણે કરેલો એકરાર, કૃષ્ણના કંઠે વળગી પડી હોવાના નિદ્રામાં વાગતા ભણકારા, કૃષ્ણને પોતાના મહેલે પધારવાનું તેનું આમંત્રણ, પ્રણયઘેલી ગોપીની અધીરતા, પરકીયા પ્રેમનાં ચિહ્નો કૃષ્ણના અંગો ઉપર જોઈ, વાત કઢાવવા મથતી ગોપીના સૂચક પ્રશ્નો અને કૃષ્ણના તેના ચાલાકીભર્યા ઉત્તરો, કૃષ્ણના પ્રણયરસથી મત બનેલી ગોપીની ચંદ્રને ઝટ વહાણું ન કરવાની વિનંતી અને સ્વપ્નમાં કૃષ્ણ સાથે પરણી જતી ગોપીની કૃષ્ણપ્રીતિની પરાકાષ્ઠા ઈત્યાદિ પ્રસંગોમાંથી વ્યક્ત થતા પ્રણયના 1જુ પણ માદક ભાવોને અત્યંત ઉલ્લાસપૂર્વક અને પ્રગલ્લભતાપૂર્વક ગાયા છે. એક પદમાં ગોપી કૃષ્ણને ફૂલ ફૂલ ઉપર ભમતા ભમરા જેવા કહે છે. જુઓ –

*"ભમરા જાએ ફૂલ ફૂલ મકરંદ વશ,*
*કમળમાં હેત ન રહ્યો રે રોપી"*

ભક્તિશૃંગારનાં આ આત્મલક્ષી પદોમાં શૃંગાર સૌથી વધુ ઉત્કટ માત્રામાં ગવાયે છે. જુઓ ગોપીને ભીંસી નાખતો કૃષ્ણનો પ્રબલોન્મત કામાવેગઃ "અધર અમૃતરસ ગ્રહીને દાબી, મારી નવલ પટોલી ફાડી રે" કારણ કે અહીં નરસિંહ ખુદ "ગોપી" બની જાય છે. ઉત્કટ કામાવેગ અને મત સંયોગાવસ્થાના ભાવ સંવેદનો અનુભવતી ગોપી, અહીં જુદી તરી આવે છે. "ગાજે ઢોલ વગાડતી હીડુ" જેવી પંક્તિઓમાંથી તેનું આ પ્રકારનું નિર્ભિક અલ્લડ વ્યક્તિત્વ પ્રગટ થાય છે. તો "અધર અમૃતરસ ગ્રહીને દાબી" માં આવતા

''દાબી'' શબ્દમાં અને 'નાથ મૂકો બાથમાંથી' જેવી પંક્તિઓમાં આવતા 'બાથ' શબ્દમાં ગ્રામ્યતાના અંશો આવી ગયા છે. અહીં તેનું કાવ્યનિરૂપણ અધિક ઉત્સાહપૂર્વક થયેલું માલુમ પડે છે. ભક્તિભાવની ઉત્કટતા ધ્વનિત કરતા શૃંગારભાવનો વેગ અહીં ઘણો છે, તે એટલી હદે કે ગોપીનો કામ ઝંઝાવાત તેને સ્વપ્નમાં ખેંચી જાય છે અને અધૂરી વાસના ત્યાં પૂરી થાય છે : સ્વપ્નમાં તે કૃષ્ણ સાથે પરણી જાય છે ! શૃંગારના પરિવશેમાં રહીને પ્રગટતા ભક્તિના પ્રબળ ભાવાવેગો, અહીં વાચકને પોતાની સાથે ખેંચી જવાનું સામર્થ્ય ધરાવે છે એ ઊર્મિકવિ નરસિંહની સિદ્ધિ છે.

**''ઝારી'' નાં પદ :** આત્મલક્ષી ભક્તિશૃંગારનાં પદોમાં જોવા મળતી નરસિંહની તન્મયાવસ્થા અને તદ્રૂપાવસ્થા, તેના આત્મચરિત્રાત્મક ''ઝારી' નાં પદોમાં પણ ઉત્કટ રૂપે જોવા મળે છે.

સખી ભાવે કૃષ્ણને ભજતો નરસિંહ સૌ કોઈમાં કૃષ્ણને જોવા ટેવાઈ ગયો છે. આ સ્ત્રીમાં પણ તેને મોહિનીરૂપ શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે, તેને સૌન્દર્યનો કેફ ચડે છે અને આ કેફની અસરમાં તે ગાઈ ઊઠે છે :

*''આ જોને, કોઈ ઊભી રે આળસ મોડે,*
*બાંયે બાજુબંધ બેરખા પૂંચી, મનડું મોહયું છે એને મોઢે.*
*ઝાંઝર ઝમકે ને બિછુવા ઠમકે, હીંડે છે વાંકે અંબોડે,*
*સોવ્રણ ઝારી તે અતિ રે સમારી, માંહે નીર ગંગોદક તોલે''*

બીજા પદમાં સુંદરીના આ સૌન્દર્યને નીરખવા જાણે કે એ જાહેર આમંત્રણ આપે છે અને સુંદરીના કપોલ પર લળકતી દામણી, વીજ શી ચમકતી સાળુની કોર ઈ. સૌન્દર્ય પ્રસાધનો અને તેની ''ચંચળ દષ્ટિ'' નું ચિત્તહારી રેખાંકન ઉપસાવી આપે છે :

*''ચંચળ દષ્ટે ચૌદેશ ન્યાળે, માંહે મદનનો ચાળો રે.*
*નરસૈંયાનો સ્વામી જોવા સરીખડો, કોઈ સુંદરીનું વદન નિહાળો રે''*

ત્રીજા પદમાં, સ્વયં ગિરધારી સુંદરીના રૂપમાં આવ્યા છે એમ તે સ્પષ્ટ કહે છે અને ચોથા પદમાં એ રહસ્ય ખોલી નાખે છે.

આમ આ ક્ષણિક ચમત્કારિક બનાવમાં નરસિંહની દષ્ટિએ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ મોહિનીરૂપે આવી, તેને દર્શન દઈ, ચાલ્યા ગયાં એમ જ છે.

"ઝારી" ના આ પદોમાં નરસિંહ પરમાત્માને મોહિની સ્વરૂપે જુએ છે. ત્યારે પ્રભુ પ્રિયતમાના રૂપમાં અને પોતે પ્રભુનો ભક્ત પ્રિયતમના રૂપમાં હોય એમ લાગે છે.

**દાણલીલાનાં પદો :** દાણલીલાની એક સ્વતંત્રકૃતિ, ૭૮ પંક્તિઓની નરસિંહ મહેતા કૃત કાવ્ય સંગ્રહમાં છપાયેલી છે, જેની નબળી રજૂઆત તે કૃતિ નરસિંહની ન હોવાનો વહેમ જગાડે છે, પણ આ સિવાય દાણલીલાના પ્રસંગનાં અન્ય નાનાં નાનાં પદો પણ નરસિંહનાં મળે છે. તેમાંના એક પદમાં દાણ આપવાની આનાકાની કરતી ગોપીઓ આગળ ને આગળ ચાલતી રહે છે અને કૃષ્ણ તેમની પૂંઠ પકડે છે. તેનું નરસિંહ એક સુંદર ગતિશીલ ચિત્ર ઉપસાવે છે. જુઓ,

*"નહીં આપું હો નંદના લાલ, મહીડાં મારાં રે*
*તું પૂંઠે પૂંઠે મા ચાલ, અમે નથી તારાં રે"* (પદ:૧૭)

બીજા પદમાં મહી વેચવા નીકળેલી, પણ મનમાં કૃષ્ણનું જ રટણ કરતી ગોપી "મહી લ્યો" એમ કહેવાને બદલે "કૃષ્ણ લ્યો" એમ બોલી લોકોમાં મૂર્ખ ઠરે છે. તેની કૃષ્ણઘેલછા અને કૃષ્ણભક્તિનુ આ પરિણામ છે. લોકો કટાક્ષમાં તેને મટૂકી ઊતરાવે છે, એ જોવાને કે તેમાં ખરેખર કૃષ્ણ છે ? કાવ્યમાંથી જે ભાવ સૂચિત થાય છે તે તો એ જ છે કે ભક્તનો પ્રેમ ભગવાનને જયાં હોય ત્યાંથી ખેંચી લાવે છે. અહીં પણ તેમ જ બને છે. લોકો મશ્કરીમાં મટુકીમાં જોવા જાય છે તો અંદર બાલકૃષ્ણનું મુખ જોઈને તાજ્જુબભરી મૂર્છિતાવસ્થામાં ગરક થઈ જાય છે. નરસિંહ જાણે કે ભક્તિના નિંદકોને બતાવી આપવા ન માગતો હોય કે જોયું ને ! ભક્તિનો મહિમા કેવો અપરંપાર છે! અહીં દાણલીલાનો પ્રસંગ તો કેવળ પશ્ચાદ્ભૂમિકા તરીકે જ નરસિંહે લીધો છે. હરિના ભક્તો પ્રભુને પ્રેમતંતુથી પકડી પાડે છે, પ્રભુ પ્રેમવશ છે એ જ એને બતાવવું છે. આ પદમાંઆવતો ચમત્કાર, કેવળ ચમત્કાર ન રહેતાં, પ્રેમભક્તિના અપાર મહિમાને પરિપુષ્ટ કરવામાં વિલિન થઈ જાય છે. જુઓ,

*"ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે,*

*ભક્તજનોના ભાગ્યે વનમાં પ્રગટયા અંતરયામી રે"* (પદ : ૧૮)

**ઉદ્ધવસંદેશનાં પદો :** મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પાછળથી "ભ્રમરગીતા" નામથી પ્રસિદ્ધ પામેલા ઉદ્ધવસંદેશનાં કાવ્યોની એક સરસ પરંપરા બંધાયેલી જોવા મળે છે, જેની ગંગોત્રી ભાગવતમાં છે અને તેના ઉપરથી નરસિંહ પછી પ્રથમ ભીમના "હરિલીલાષોડશકલા" નામના ભાગવતની સમગ્ર કથાને ગુજરાતીમાં આલેખતા ગ્રંથમાં અને ત્યાર પછી ભાલણના "દશમસ્કંધ"માં કથાપ્રસંગના ક્રમિક ભાગ તરીકે ઉદ્ધવ સંદેશનાં પદો મળે છે. પણ ઉદ્ધવસંદેશ એક સ્વતંત્ર વિસ્તારી કાવ્ય તરીકે તો ચતુર્ભુજની "ભ્રમરગીતા" થી જ મળે છે. ઉદ્ધવની જ્ઞાન–શીખામણ અને તેના પ્રતિભાવ રૂપે નંદ–જશોદા તથા ગોપીઓના પ્રેમભક્તિયુકત ઉત્તરને નિરૂપતાં આવાં કાવ્યો આગળ જતા જ્ઞાનમાર્ગની નિંદા અને ભક્તિમાર્ગના પ્રચારનો રંગ પકડવા લાગ્યાં. નરસિંહ ભક્તિમાર્ગની શ્રેષ્ઠતામાં માનનારો અને તદ્નુરૂપ જીવન જીવનારો ભક્તકવિ હોવા છતાં ઉદ્ધવસંદેશના પ્રસંગો ઉપર છુટાં છવાયાં કેટલાંક પદો સિવાય તેની કોઈ સળંગ પદરચના મળતી નથી. કૃષ્ણના મથુરાગમન પછી તેમના વિરહમાં ઝૂરતી ગોપાંગનાઓની વિરહવેદનાનાં અને ઉદ્ધવ મારફત તેમના પર સંદેશો મોકલવાની ગોપીઓનાં કેટલાંક પદો, નરસિંહનાં મળ્યાં છે. (નરસિંહના ઉદ્ધવસંદેશનાં કેટલાંક પદો, નરસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહ અંતર્ગત "શૃંગારમાળામાં છપાયેલાં મળે છે). તેથી આશા બંધાય છે કે નરસિંહે આ વિષય ઉપર વધુ પદો રચ્યા હોય, જે કોઈક કારણે સચવાયાં ન હોય. કદાચ એમ પણ બને કે પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રી વલ્લભાચાર્ય (ઈ.સ. સોળમી સદી) ની પ્રચારલક્ષી ગુજરાત–યાત્રા પછી મધ્યકાલીન ગુજરાતી કવિતામાં સ્વતંત્ર કાવ્યરચના તરીકે, ઉદ્ધવ સંદેશનાં કાવ્યોની પરિપાટી બંધાવા પામી હોય. નરસિંહના આ વિષય પરનાં કેટલાંક છુટાં છવાયાં પદો મળે છે તેથી મધ્યકાલીન ગુજરાતીમાં ઉદ્ધવસંદેશની કાવ્ય પરંપરાનો આરંભ તો નરસિંહથી જ ગણવાનો રહેશે.

નરસિંહ તેનાં ઉદ્ધવસંદેશનાં પદોમાં કૃષ્ણ અને કુબ્જાના જોડાની સકટાક્ષ મશ્કરી કરતી એક ગોપીને કુશળતાપૂર્વક ચિત્રિત કરે છે, તે જુઓ,

*"કંસરાયની દાસી કુબ્જા, ખુંધી ને વળી ખોડી રે,*
*કાળો કાહનો કાળી કુબ્જા, સરખી મલી છે જોડી રે."*

તથા મથુરા જતા ઉદ્ધવ મારફત કૃષ્ણને પહોંચાડવાનો સંદેશો મોકલાવતી ગોપીઓની કરુણતા, વિરહવ્યાકુળતા, તરફડાટ, દીનતા અને આર્તિના નિરૂપણ દ્વારા નરસિંહે તેના પ્રભુના વિરહનો વિયોગ હૃદયસ્પર્શી રીતે આલેખ્યો છે.

"સંભાવામિ યુગે યુગે" સૂત્રના અર્થને સહેજ બદલીને કહીએ તો એમ કહી શકાય કે જયારે જયારે જરૂર પડે છે ત્યારે કુદરત કોઈક પ્રતિભાસંપન્ન પુરુષને સમાજમાં નિર્માણ કરે છે અને નવો યુગ શરૂ થાય છે. નરસિંહથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો "આદિ ભક્તિયુગ" શરૂ થયો તેમાં યુગનાયક નરસિંહ છે, ગુજરાતને ભક્તિના પંથ ઉપર પ્રેરનાર મુખ્ય તે જ છે. દ્વારકામાં તેણે જોયેલી કૃષ્ણની રાસલીલાના ચમત્કારિક અનુભવથી તેનું ભક્તજીવન, ખરેખરું, આરંભાય છે અને ત્યારથી તેના અંતઃકરણમાંથી ઊઠતી ભક્તિ, તેના કંઠમાંથી અવિરુદ્ધપણે વહે છે.

નરસિંહની ભક્તિનું વાઙમયી કાવ્યવાહન "પદ" રહ્યું છે. જેમ તેની ભક્તિ સહજ છે તેમ તેની કવિત્વશક્તિ પણ સહજ છે. તેથી નરસિંહમાં ઘણે સ્થળે ઉત્તમભક્તિ અને ઉત્તમકવિતાનો સુમેળ થયેલો જોવા મળે છે. ભક્તિને ગાનારો નરસિંહ મધ્યકાલીન ગુજરાતનો પહેલો કવિ છે. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણાભક્તિનાં પદો સર્વપ્રથમ આપનાર નરસિંહ મહેતા આદિ ભક્તિયુગનો ઉદ્‌ગાતા બને છે. એટલું જ નહીં અનુગામી ભક્ત કવિઓને માટે પ્રેમભક્તિનો રાજમાર્ગ પણ એ ઉઘાડી આપે છે.

નરસિંહ પ્રેમભક્તિનો ગાયક છે. તેનું માનસ જ્ઞાનજડ નથી, પણ આર્ષ કવિની કલ્પનાથી અનુપ્રાણિત છે, તેનું ચિત્ત હરિ–મય છે, તેની ભક્તિ લાગણીમય છે, તો સાથે સાથે જ્ઞાનમય પણ છે. તેની ભક્તિકવિતા પ્રેમાળ ચિત્તની દીપ્તિ છે. ભક્તિશૃંગારમાં તે સંયમની પાળ ઓળંગવામાં ભક્તિશૃંગારની પરંપરાનું અનુસર કરે છે. તેનાં ભક્તિપદોમાં ભાવ અને લયનો સુમેળ સધાય છે.

નરસિંહના ભાવગીતો તેનાં પ્રભુ–પ્રણયાનુભૂતિ, ચિત્રાત્મકતા, હૃદયસ્પર્શિતા, ઈન્દ્રિયગ્રાહ્યતા, સંવાદ, ચાતુરી, માધુરી અને નાજુક આકૃતિ વિધાનથી મુગ્ધ કરે છે. તેની

કૃષ્ણકવિતા પ્રેમભક્તિનો વસંતવિલાસ છે. તેની કવિતામાં રમ્યતા, ભવ્યતા અને દિવ્યતાનો ત્રિવેણીસંગમ રચાય છે. તેની કવિતા કલ્પનાશીલતા, રસિકતા, મધુરતા, ચિત્રાત્મકતા, ઈન્દ્રિયસંવેદ્યતા અને અંતઃતત્ત્વની વિશેષતાને કારણે ઉત્તમ કવિતા ઠરે છે.

તેમ છતાં પદ, આખ્યાન, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, આત્મલક્ષી કવિતા અને દાર્શનિક કવિતામાં નવપ્રસ્થાન કરવા ઉપરાંત ગુણ તથા જથ્થામાં આટલી ઉત્તમ કવિતા કવિશાહી આડંબર વિના આપી જઈ, પ્રેમલક્ષણાભક્તિ કવિતાનું ભવ્ય ઉદ્ઘાટન કરનાર નરસિંહ ગુજરાતી ભાષા– સાહિત્યનો પ્રથમ પંક્તિનો પ્રથમ કવિ તેમજ ગુજરાતનો અમર કવિ છે. તે ભારતીય તેમ જ વૈશ્વિક ભક્તિકવિતામાં ગૌરવભર્યા સ્થાનનો અધિકારી છે.

નરસિંહે ગાયેલી આત્મલક્ષી શૃંગારભક્તિનું સાતત્ય મીરાંમાં દેખાય છે, પણ નરસિંહ અને મીરાંની વચ્ચે થઈ ગયેલા કેટલાક કવિઓમાં રાધા–કૃષ્ણ શૃંગાર મુખ્યત્વે કાવ્ય વિષય તરીકે, રસદષ્ટિએ, પ્રયોજાયો છે. તેવા કવિઓમાં "વસંત વિલાસ" જેવા શબ્દાલંકાર ચાતુરીવાળા 'મયણછંદ' નામના કાવ્યના કર્તા મયણે (ઈ.સ. ૧૪૪૪) રાધા–કૃષ્ણનો શૃંગાર રસદષ્ટિએ લાક્ષણિક રીતે ગાયો છે. જુઓ, રાધા અને તેની સખી વચ્ચેની પ્રશ્નોત્તરીની ખૂબી :

*ચંદન ઘન ઘનસાર, લેપ તનિ કરું કિ ! "નહીં, નહીં"*
*થણહર વર જલ છંટિ, કમલ દલ ધરું કિ ? "નહીં, નહીં"*

ભીમ : (પહેલો) (ઈ.સ. પંદરમી સદીનો ઉત્તરાર્ધ)

પંડિત બોપદેવના સંસ્કૃત "હરિલીલામૃત" પરથી રચેલા "હરિલીલાષોડશકલા" નામના અનુવાદ ગ્રંથથી પ્રસિદ્ધિ પામનાર કૃષ્ણભક્ત કવિ ભીમે તેના આ ગ્રંથમાં બે હજાર કડીમાં ભાગવતની સમગ્ર કથા સોળ કળા વિભાગમાં વર્ણવી છે આ ભક્તિગ્રંથની બારમી કળામાં તે કૃષ્ણની રાસક્રીડાનો પ્રસંગ સંક્ષેપમાં પણ હૃદયંગમ રીતે આલેખે છે. જુઓ, નવયૌવનસંપન્ન ગોપીઓની વચ્ચે રાસ રમતા કૃષ્ણનું પ્રસન્નકર ચિત્ર :

*"સુંદરી સવિ નવયૌવન્ન રે, રંગભરિ ખેલઈ રાસઃ*
*પાખલિ વૃંદ વનિતા તણૂં રે, માહિ સામલ વંન"* (ગીતઃ ૩૬)

*અને જુઓ કૃષ્ણ અદશ્ય થતાં ગોપીઓનો ટળવળાટ:*

*"કૃષ્ણ તણઈ વિરહઈ વ્યાકુલી, શરીરશુધિ સાન જ ટલી,*

*તાલોવેલિ કરઈ સુંદર,ી થોડઈ નીરિ યથા જલચરી* (કડી : ૩૯)

પછી ફરી રાસક્રીડા શરૂ થતાં તન્મયાવસ્થા અનુભવતાંમાધવ અને ગોપીઓ એકબીજામાં કેવાં ઓતપ્રોત થઈ જાય છે તેનું : "માધવ અંતરિ નારી, અંગના અંતરિ હરિ" પંક્તિમાં કવિએ હૃદયંગમ ચિત્ર ઉપસાવ્યું છે. ભક્ત કવિ ભીમે "ભ્રમરગીત" નો કથાપ્રસંગ પણ અત્યંત સંક્ષેપમાં વર્ણવ્યો છે, જેમાં ગોપીઓની ઉદ્ધવ સમક્ષ કૃષ્ણસ્તુતિ, રાસક્રીડા આદિ લીલાઓનું સ્મરણ અને તેમાંથી ઉપજતો વિરહજનિત શોક મુખ્ય છે. ભ્રમર પ્રસંગ જેના પરથી ઉદ્ધવસંદેશનાં કાવ્યો "ભ્રમરગીત" નામાભિધાન પામ્યાં છે, તેને કવિ ભીમ અહીં એક જ કડીમાં પતાવી દે છે. જુઓ,

*"ગોપી વિરહાતુર દેખઈ ભૃંગ, સંદેશા એક કહઈ શ્રીરંગ,*

*અહમ અંતરિ તાપ દહઈ અનંગ, વેગિ કરુણાજલ સીંચિ શ્રીરંગ"*

(કળા : ૧૩, કડી, ૧૯)

વિરહવેદનાનાં વચનોમાંથી પ્રગટતો ગોપીઓનો કૃષ્ણપ્રેમ જાણી, તેનાથી પ્રભાવિત થઈ. ઉદ્ધવ ગોપીઓના અવતારને ધન્ય કહેવા લાગ્યા, એવા કવિના નિરૂપણમાં જ્ઞાનમાર્ગ ઈત્યાદિ માર્ગો કરતાં ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા સૂચિત થાય છે. પણ કવિની કલમ પ્રચારલક્ષી બનતી નથી એ ખાસ નોંધપાત્ર છે.

ભ્રમરગીતનો આ કથાપ્રસંગ કવિ ભીમે સીધી સાદી રીતે ટૂંકમાં જ પતાવ્યો છે. તેથી જણાય છે કે ભીમ ભક્તિની સાંપ્રદાયિક અસર હેઠળ નહીં આવનારો અને સંક્ષિપ્ત નિરૂપણશેલીનો કવિ છે. ભાગવતના આ કથાપ્રસંગો તેણે સંક્ષેપમાં પણ ભક્તિપ્રપૂર્ણ હૃદયે વર્ણવ્યા છે અને તેમાંથી તેનો ભાવાર્દ્ર કૃષ્ણપ્રેમ જણાઈ આવે છે. તેણે કૃષ્ણ માટે વિષ્ણુ અને રામ શબ્દ પણ એકવાર પ્રયોજયો છે, તે આ સમયના ગુજરાતમાં રામભક્તિના ફેલાવાની અસરને સૂચવી જાય છે. આમ કવિ ભીમ તેના ભક્તિગ્રંથ "હરિલીલાષોડશકલા"થી ભક્તહૃદયના એક કવિ તરીકે આદિભક્તિયુગના તેજસ્વી તારલાઓમાં સ્થાન પામે છે.

રાધાનો કૃષ્ણ માટેના તલસાટ, ત્યારપછી રાધા–કૃષ્ણનો વિહાર અને અંતે ભક્તિનું પ્રાબલ્ય અને ભગવત સ્તુતિમાં પરિણમતા, મુખ્યત્વે રાધા કૃષ્ણના સંભોગ શૃંગારને આલેખતા, કૃષ્ણ ભક્ત કવિ રાઉલ કાન્હ (ઈ.સ. પંદરમી સદીનો ઉત્તરાર્ધ) ના "કૃષ્ણક્રીડિત" માં જુઓ, રાધાનો કૃષ્ણ માટેનો તલસાટઃ

*"હેવો દેષી કૃષ્ણ અપૂર્વ પ્રીતિ મનિ થે જાણઉ સગુ એ સદા,*
*વારુ ચિત્ત રહઈ નહીં લછમછઈ જાણઈ મિલૂ એકદા"*

આ કાવ્યમાં કવિએ કૃષ્ણનું પરબ્રહ્મતત્ત્વ સ્વરૂપ તરીકે વર્ણન કર્યુ છે અને તેની ભક્તિથી જ મુક્તિ મળે છે એમ કહ્યું છે.

*ભાલણ :*

આદિભક્તિયુગના વૈષ્ણવ કવિઓમાં નરસિંહ અને ભીમ પછી તેજસ્વી નામ ભાલણનું આવે છે. ઈ.સ. સોળમી સદીના પૂર્વાર્ધમાં પાટણમાં તે થઈ ગયો. તે પ્રથમ શૈવ હતો પરંતુ પાછળથી વૈષ્ણવ થયેલો, તત્કાલીન ગુજરાતમાં પ્રવર્તતી રામભક્તિની પ્રબળ અસર હેઠળ તે આવેલો છે તેથી કૃષ્ણ માટે રામ શબ્દ પ્રયોજવાનું તે સવિશેષ પસંદ કરે છે. ભાગવતના દશમસ્કંધ ઉપરથી તેણે રચેલા 'દશમસ્કંધ'માં ગોપીઓની કૃષ્ણભક્તિને નિરૂપતાં જે પદો છે તે કાવ્યત્વ તેમજ ભાવનિરૂપણ બંને દષ્ટિએ ઉત્તમ છે અને તે એવાં પ્રાણવાન છે કે મધ્યકાળની રાધા–કૃષ્ણ શૃંગાર વિષયક ઉત્તમ કોટિની કવિતામાં તેને સ્થાન મળી રહે છે. ભાલણ વત્સલ રસનિરૂપણમાં અજોડ છે, તો ભક્તિશૃંગાર રસના આલેખનમાં પણ ચિરંજીવ યશનો અધિકારી છે.

ભાલણ ઉપર તેના પુરોગામી ભક્તકવિ નરસિંહ મહેતાની અસર છે. પદરચના પરત્વે ભાલણ નરસિંહને અનુસર્યો છે. તદુપરાંત ભાલણે નરસિંહનાં દશમસ્કંધ વિષયક પદોનું અધ્યયન કર્યુ હોવુ જોઈએ, તે નરસિંહના આ વિષયનાં પદોની ભાલણ ઉપર પડેલી છાયા ઉપરથી કહી શકાય તેમ છે જુઓ :

નરસિંહ : "કોણ પીલાવે મહા પિયુને, તેને લાગુ પાય રે"

ભાલણ : "કો મેલાવે માવને, જે માગે તે આપુ જી"

નરસિંહ : "મા, મા કરતાં કાનજી મારી બાહુલડી મોડી રે"

ભાલણ : "ના–ના, મા–મા, રહો–રહો, કરતાં હૃદયાશું લઈ ચાંપી રે"

નરસિંહ : "ચોળીના બંધ વછૂટયા, અધર અમૃત રસ પીધો રે,

સેજ તણું સુખ કહ્યું નવિ જાયે, જે પીયુજી પ્રેમ ધરી રે"

ભાલણ : "હરિ સામું જોવંતા મારી ચોળી તણી કસ તૂટી જી,

પછેવાત હું શી કરું ! મેં લાજે નવ કહેવાયજી"

*દશમસ્કંધ :*

ભાલણે દશમસ્કંધને લગમગ પાંચસો પદોમાં પોતાની વિશિષ્ટ, સુકોમળ, ભાવવાહી શૈલીમાં વર્ણવ્યો છે. તેમાં દાણલીલા, વસ્ત્રહરણલીલા, રાસલીલા અને ઉદ્ધવસંદેશ જેવા પ્રસંગો દ્વારા ગોપીઓના કૃષ્ણપ્રેમનાં પદોમાં ભાલણે ગોપીઓની વિવિધ સ્નેહોર્મિઓ વર્ણવી છે. જુઓ કૃષ્ણને પોતાને ઘેર પધારવા વિનવતી ગોપીની સ્નેહઝંખના :

*'પ્રેમ સાગર માંહે કરો ઝકોલાં, આણી મુ ઉપર ચિત,*

*સહુને મંદિર નિત્ય જાઓ છો, આજ આવો મારે ઘેર'* (પદ : ૭૧)

આ ઉપરાંત કૃષ્ણની મોહક વાંસળી સાંભળી, વિરહબાણથી વીંધાતી ગોપીનું દર્દ, ગોપી મુખે કૃષ્ણનું મનમોહક રૂપ વર્ણન, વિરહવેદના સહન ન થતાં લોકલજ્જાનો ત્યાગ કરી, કૃષ્ણના આવવાના માર્ગમાં મોતી વેરી, વીણવાનું બહાનું ઉપજાવતી ગોપીની અધીરતા ઈત્યાદિ પ્રસંગોનું મનોહર ભાવવર્ણન ભાલણે કર્યુ છે, તેવી જ રીતે વસ્ત્રહરણલીલાનાં પદોમાં ગોપીઓની સ્ત્રીસહજ લજ્જા અને કૃષ્ણની તેમને માર્મિક ટકોર, દાણલીલાનાં પદોમાં મહીયારીઓને કૃષ્ણની પજવણી, રાધાનું ગુમાનઃ જુઓ,

*"રૂપ યૌવન ચતુરાઈનો, ગર્વ ઘણો મન આણે છે"* (પદ : ૧૨૭)

સ્વાભિમાની રાધા બળજબરીથી દાણ ઉઘરાવતા કૃષ્ણને દાણ આપવાની સાફ ના પાડી દે છે. કહે છે : "કરગરીને કૃષ્ણ માગે, તો હું (પય) પાઉં મુદા" (પદઃ ૧૩૬) કૃષ્ણ હાથ જોડીને યાચના કરે છે, જુઓ,

*"શ્યામ સુંદર હસ્યા ત્યારે, વચન શ્યામાનાં સુણી,*

*કેશવજીએ કર જોડિયા ને, પ્રીતવાધી ઘણી"* (પદ:૧૩૭)

પછી રાધાએ કૃષ્ણને પય પાયું એટલે બંનેનાં ચિત્ત "જયમ રત્ન કુંદન શું મળ્યું" તેમ "થયાં એક રસ" અહીં ભાલણનો સૂચિતાર્થ એ છે કે ભક્તનો પ્રેમ ભગવાનને પણ કેવા પ્રેમવિવશ બનાવી દે છે !

માનલીલામાં રાધાના માનનો એક સુંદર પ્રસંગ ભાલણે રચ્યો છે. કૃષ્ણના ગળામાં પહેરેલા હારના મણિમાં રાધાની જે છબિ દેખાતી હતી તેને રાધાએ ભ્રાંતિથી, કૃષ્ણના ખોળામાં બેઠેલી બીજી નારી માની લીધી અને તે રિસાઈ ગઈ :

*"કૌસ્તુભમાં નિજ રૂપ દેખી, રિસાવી પ્યારી,*

*જાણ્યું ખોળામાં બેઠી છે, મુજ સરખી કો નારી"*

એટલે રાધા તેની સખીને કહેવા લાગી કે ધૂતારી ! તું મને અહીં કયાં લઈ આવી ? આ (કૃષ્ણ) તો વ્યભિચારી છે ! પછી દૂતીએ કૃષ્ણને તેમના કંઠમાં પહેરેલો મણિ ઉતારી નાખવાની સાન કરી. પછી કૃષ્ણે તેમ કર્યુ એટલે અન્ય નારીને ન જોતાં રાધાનો કૃષ્ણ પ્રત્યેનો અનુરાગ ઘણો જ વધી ગયો :

*"ભાલણ પ્રભુ રાઘવશું વધી પ્રીત અતિ ભારી"*

રાધા કૃષ્ણ સાથે પ્રણયકીડા માણીને આવી છે, તેનાં ચિહ્નો તેના અંગ ઉપર જોતાં તેની ચબરાક સખી તેને મર્મમાં પૂછે છે અને રાધા તેના બનાવટી ઉત્તરો આપે છે તેનો બે સખીઓનો સંવાદ ભાલણે સુંદર રીતે પ્રયોજયો છે. જુઓ,

સખી : "કહે રે મુને કામિની, તું કયાંહાં સાસ ભરાણીજી પરસેવો એમ કયાંહ વળ્યો, તારી ભમર બેહું ભીંજાણી સાચું બોલોજી"

રાધા ઉત્તર આપે છે : વનમાં હું ભૂલી પડી એટલે ઉતવાળે આવતાં શ્વાસ ચડયો. આ રસિક સવાદ આગળ ચાલે છે. જુઓ,

સખી : "આજ વેણી ગૂંથી હુંતી તે, છુટી કેમ વિખરાણીજી !"

રાધા : "ભમરો આવીને બેઠો, ઉરાડતાં શીર છુટયુંજી"

સખી : "અતલસની × × × ચોળીની કસ કયાં તૂટી !"

રાધા : "મહારું હૈયં દુઃખવા આવ્યું પીડ ટાળવાને મેં ચોળયું"

સખી : 'અધર ડંક આ કયાંબેઠા છે, શરીરે નખ લાગ્યાજી"

રાધા : પોપટ અતિસે મીઠું બોલતો, દીઠોને મેં ઝાલ્યો જી,

"અધર ડંક નખ દેઈ વછૂટયો, તતક્ષણ નાશી ચાલ્યો"

આ સંવાદના અંતે રાધા તેની સખી આગળ ગુપ્ત વાત પ્રગટ કરી દે છે. અહીં ભાલણ રાધા–કૃષ્ણના સંભોગ નિરૂપણ નિમિત્તે ભક્તિનું ભોગમય ચિત્ર આપે છે. જુઓ,

"ઊંધા પગ ઘાલીને આગળ, પ્રીત કરીને બેઠાજી,

કર ઝાલીને વળતી, મુજને, માયામાંહે પાડી જી" તથા

"હાર જુએ ને ઉર ઉઘાડે, ગલગલીઆં કરે પ્રીતે જી,

ગાલે ત્યાં ચુંબન કરે રમતિ તણઈ રસઈતે,

વેસરનું મોતી જોવાને, હાથ ફેરવે ગાલે જી,

રોમાંચિત ત્યાં હું થઈને, ધ્રુજે મહારો દેહજી,

ખિસતાં ખિસતાં ફૂલતણી, સેજા ઉપર બેસારી જી,

મુખે મુખ અડાડતાં, રંગ ઉપજયો રોલ,

ચાવતાં અધર ડસી, કાયા મહારી કંપેજી

પછે વાત હું શી કહું, મેં લાજે નવ કહેવાયજી

ભાલણ પ્રભુ રઘુનાથજીને, તત્ક્ષણ સોંપી કાય.

ભાલણે આપેલું રાધા–કૃષ્ણનું આ પ્રત્યક્ષ સંભોગચિત્ર, અલબત, સમર્યાદ છે. સ્થૂલતામાં સરી પડયા વિના અને ભક્તિભાવથી સ્ખલિત થયા વિના આલેખાયેલું આ ચિત્ર ભક્તિશૃંગારનું ગૌરવ સાચવે છે.

રાસલીલાનો પ્રસંગ ભાલણ સંક્ષેપમાં જ વર્ણવે છે. તેમાંશરદપૂનમની રાતે કૃષ્ણની મોહક વાંસળીના સૂરે ગોપીઓની અકળામણ, ઘરનાં કામકાજ પડતાં મૂકી, અવળાં વસ્ત્રાભૂષણો પહેરી તેમનું દોડી જવું, પ્રેમપરીક્ષાના બહાને કૃષ્ણના ઈનકારે તેમની આંખોમાંથી વહેતાં અશ્રુ અને એક એક ગોપી અને એક એક કૃષ્ણના સ્વરૂપમાં રાસલીલા. અહીં ભાલણ રાસ નૃત્યનું ઊઠાવદાર અને હૃદયંગમ ચિત્ર આપે છે :

*"સઘળી નાચે સુંદરી રે, સાથે નંદકુમાર,*
*અન્યોન્ય મનમાં લહેરે, મુજ શું પ્રેમ અપાર.*
*આલિંગન દે છે શ્યામજી રે, ચુંબી કરી કરી રંગ,*
*કંઠે વળગે છે ગોવાલણી રે, વધ્યો અંગ અનંગ,*
*વાજે નેપૂર કીંકણી રે, કંકણ કેરા નાદ,*
*મધુરે સ્વરે ગાય માનુની રે, કોયલ સરખા સાદ"*

ઉદ્ધવસંદેશના પ્રસંગ નિરૂપણમાં ભાલણની વિરહનું નિરૂપણ કરવાની કામયાબ શક્તિનો પરિચય થાય છે. કૃષ્ણના વિરહમાં ઝૂરતાં નંદ–જશોદા અને ગોપીઓની રૂદનમય વાણી સાંભળી, તેમને આશ્વાસન આપવા આવેલા ઉદ્ધવ પણ ગદ્ગદિત અને ગળગળા થઈ જાય છે. બધા ઉદ્ધવને જણાવે છે કે તમે મથુરા જઈ કૃષ્ણને કહેજો કે જરૂર એકવાર અહીં આવે : "મારા હૈયામાં પાવકની જવાળા સળગી છે અને આંખોમાં આંસુ માતાં નથી. મેં અન્ન જળનો ત્યાગ કર્યો છે તથા સર્વ શૃંગાર છોડી દીધા છે" એમ કહી રુદન કરતી રાધા પોતાની વિહાવસ્થાને વિવિધ રીતે વર્ણવી, કૃષ્ણને, પોતાને વિસરી ન જવા વિનવતી હોય તેમ ઉદ્ધવ આગળ હૈયું ઠાલવે છે. પરંતુ રાધા જાણે છે કે આમ કહેવરાવવાથી કૃષ્ણ કંઈ આવવાના નથી, કારણ કે તેમને "નગરની જ નારી ગમે છે" તેથી તે કૃષ્ણને દૂધ પાઈને ઉછરેલા સાપ જેવો કહે છે. જે છેવટે "ચટકો લઈ ચાલિયો" તેનું ઝેર રાધાને ચડયું છે. જે ગારુડીના પણ વશમાં આવતું નથી માટે તે કૃષ્ણને કહાવે છે કે આ વિષનું ઔષધ માત્ર તમારી પાસે જ છે માટે "વૈદ્ય થઈ વહેલા પધારો" ત્યાર પછી ગોપીઓ તથા જશોદાજી કૃષ્ણને ગોકુળ આવવા માટે ઉદ્ધવ મારફતે સંદેશો મોકલાવતાં કહે છે : "અહો રાત્ર અમો જપું, જેમ બપૈયો નીર" (પદઃ૧૭) કૃષ્ણ વિના ગોપીઓ ઝૂરે છે તો ગોપીઓ વિનાના કૃષ્ણની સ્થિતિ ગોપીઓથી જુદી નથી. વૃંદાવનમાં ગોવાળિયાઓ સાથે જાતજાતની રમતો રમતા તે દિવસો હવે પાછા કેમ આવે !" તેથી જ ઉદ્ધવ ગોપીઓને કહે છે.

*"રખે જાણો મન મોહ્યેથી, વ્રજવનિતા વીસરી,*
*ક્ષણ ક્ષણ સંભારે છે તમને, નયણે નીર ભરી"* (પદઃ૭)

વિરહજનિત રુદનથી ઊભરાતા આ કથાપ્રસંગમાં ભાલણ થોડીક હળવાશ લાવે છે અને તે ગોપીઓએ કરી કૃષ્ણ અને કુબ્જાના જોડાની મશ્કરીના વર્ણનમાં જુઓ,

*"હરજીએ ચંદ્રમાં લીધો ચૂંટી !*
*ભર્યા નગરમાંહે મળી એક ઠૂંઠી !*
*ભલી મળી એ જુગતી જોડી :*
*કાળો વર ને કન્યા ખોડી !" (પદઃ ૫)*

ઉદ્ધવ ગોપીઓને જ્ઞાનોપદેશ આપે છે. તેના પ્રત્યુતરમાં ગોપીઓ પોતાનો અનન્ય કૃષ્ણપ્રેમ વ્યક્ત કરે છે. અહીં જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગનું ચડિયાતાપણું ભાલણ સહજ રીતે ધ્વનિત કરે છે : ગોપીઓ ઉદ્ધવને કહે છે :

*"જ્ઞાન કથા રહેવા દો તે અમને ફીકી લાગે જી,*
*બીજો રસ કયમ ગમે જેણે, રાસતણો રસ ચાખ્યો જી"* (પદઃ ૧)
તથા *"હું જાણું હરજી ગાયે ને, ખભે હાથ દઈ નાચું"* (પદ : ૩)

ભાલણ ભક્ત હૃદયનો કવિ છે. આ પદોની પંક્તિએ પંક્તિમાંથી તેની પ્રભુભક્તિ ઝરે છે. ભાલણ રામભક્ત હોવાથી દરેક પદના અંતમાં તેણે તેના પ્રભુને રામ, રઘુનંદન કે રઘુનાથ કહ્યા છે અને પ્રેમપૂર્ણ કટાક્ષમાં રાધા મુખે વારંવાર કહેવડાવ્યું છે કે આ તો એ રામ છે કે જેમણે સીતા જેવી સતીનો પણ ત્યાગ કર્યો હતો તો તને (રાધાને) છોડી જાય એમાં શી નવાઈ ! "ભાલણ પ્રભુએ વન મોકલી, સીતા સરખી નાર" (પદઃ૬) આમ ગોપીઓ અને કૃષ્ણના પરસ્પર પ્રેમની વિવિધ અવસ્થાઓને વર્ણવતું "દશમસ્કંધ" ભાલણની કવિત્વશક્તિના ઉત્તમ નમૂનારૂપ છે અને ભાગવત ઉપરથી રચ્યું હોવા છતાં તેની કવિ પ્રતિભાની મૌલિકતા તેમાં શરદ1તુના ચંદ્રની જેમ પ્રકાશે છે. તે ભક્તિના તેમ જ વાત્સલ્ય રસના કવિ તરીકે અગ્રગણ્ય કવિ નિવડે છે. વાત્સલ્ય ભક્તિને તે માથે ચડાવે છે. ભાલણ વાત્સલ્ય–ભક્તિનો કવિ છે. તેણે કૃષ્ણના અને ખાસ તો રામના બાળ સ્વરૂપને પકડયું અને પૂજયું છે.

'રામ–બાલચરિત' નાં પદોમાં ગંગા પાર કરીને મિથિલામાં મંગળ જોવાં ગયા ત્યારે રામ અને લક્ષ્મણને 'એક ઈન્દુ ને એક છે કામ', 'એક ગૌર ને એક ઘનશ્યામ' એમ વર્ણવે છે. પારણે ઝૂલતા દશરથસુત રામનું સ્વરૂપ વહાલથી વર્ણવ્યું છે :

'એવા દશરથના બાલ, લાલ પારણે ઝૂલે,
શ્યામ સ્વરૂપ દેખીને, મારું મન ભૂલે'

નરસિંહના 'જશોદા તારા કાનુડાને સાદ કરીને વારે રે' જેવું જ પદ ભાલણે રચ્યું છે.

*'જશોદા, છોડો કહાનને હું આપ ગોરસ ઢોળી રે,*
*એવડી રીસ ઘટે નહિ તમને, હું ભણું છું ભોળી રે'*
*ભાલણનાં કૃષ્ણલીલાનાં*
*'આવ આતા, હું દૂધ પાઉં,*
*પાલણડે પોઢો મનમોહન,*
*હરિ, હરખે હાલરું ગાઉં'*
*જેવાં પદો પણ સરસ છે.*

ભાલણ રામભક્ત હોય કે કૃષ્ણભક્ત હોય, તે ભક્ત છે. પ્રથમ ભક્ત છે ને પછી કવિ છે.

સમગ્રતયા જોતાં, તે મધ્યકાળના નરસિંહ–મીરાં–દયારામથી ઉતરતી હરોળના મધ્યમ કક્ષાના ભક્તકવિનું અને આખ્યાનના જનક તરીકેનું ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

## મીરાંબાઈ (૧૪૯૯–૧૫૪૭)

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જ નહિ, પરંતુ રાજસ્થાની અને હિન્દી સાહિત્યના ઇતિહાસમાં પણ જેનો માનભેર ઉલ્લેખ થાય છે તે મીરાંબાઈ ઉત્તમ કવયિત્રી છે. ભારતની જ નહિ, વિશ્વની ઉત્તમ સ્ત્રીકવિ છે. નરસિંહ સાથે મીરાનું નામ એકસાથે બોલાય છે. કલાપીએ ગાયું છે : 'હતો નરસિંહ, હતાં મીરાં, ખરાંઈલ્મી, ખરાં શૂરાં, મીરાં'. ધર્મના–હરિના માર્ગે વીરાંગના હતી, ધર્મનું રહસ્ય જાણતી હતી. 'મીરાં દાસી

જનમ જનમ કી' એ મીરાંનું સૂત્ર છે. તો 'બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર' એ બીજું ધ્રુવસૂત્ર છે. મીરાં દઢ હરિભક્ત હતી, એથી ગુજરાતના ઇતિહાસમાં ભક્ત અને કવિ તરીકે નરસિંહ પછી મીરાંબાઈનું સ્થાન છે. ગુજરાતીના મધ્યકાળના ઉત્તમ ઊર્મિકવિઓ ત્રણઃ નરસિંહ, મીરાં અને દયારામ. મીરાં, નરસિંહ અને દયારામ વચ્ચે માનભેર વિરાજે છે. પ્રેમલક્ષણા કવિતાનો પ્રસ્થાનકાર નરસિંહ, તેને ઊર્મિકવિતા તરીકે વિકસાવનાર અને એક ઉચ્ચ શિખર પર પહોંચાડનાર છે મીરાંબાઈ. મીરાંએ નરસિંહના ભક્તિશૃંગારની સ્થૂળતાને ગાળી નાખી સૂક્ષ્મ પ્રભુપ્રીતિની ઉચ્ચ કવિતા આપી. તેના સ્ત્રીહૃદયની સુકોમળતાની કવિતા સાદાઈ, સંયમ, આર્તતા, માધુર્ય, વ્યંજના અને રંગદર્શિતાથી ઓર દીપી ઊઠે છે.

મીરાં અનેક રીતે અનન્ય છે. રાજસ્થાનના ઉચ્ચ કુળની રાજરાણી છે અને અનન્ય કૃષ્ણભક્ત છે. ગુજરાતીની છે અને હિન્દી તથા રાજસ્થાની ભાષાની પણ છે. પ્રેમદીવાની છે અને ચિરવિજોગણ છે. રંગદર્શી છે અને પ્રશિષ્ટ છે.

તો, મીરાંની કાવ્યસંપત્તિ એ ખરેખર તો તેનાં અઢીસો જેટલાં ઊર્મિકાવ્યો કે પદો છે. સંખ્યા ઓછી છે, પણ ગુણવત્તા ઘણી છે.

મીરાંના પદો આજે જે ગુજરાતી ભાષામાં લખાયેલાં મળે છે તે મૂળે તેવાં નહિ હોય. મીરા પરિવ્રાજિકા ભક્તકવિયિત્રી હતી. મૂળે પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની કે મારું ગુર્જર ભાષામાંથી ગુજરાતી બન્યાં હશે. કેટલાંક દ્વારકાનિવાસ દરિમયાન ગુજરાતીમાં લખાયાં પણ હોઈ કંઠોપકંઠ ઊતરી આવ્યાં છે, તેથી ભાષા અર્વાચીન થઈ ગઈ છે. હિંદીમાં 'બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર' હોઈ, એનું અહીં ગુજરાતીમાં આવતાં 'બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ' થયું છે.

*મીરાંના આત્મચરિત્રાત્મક પદો :*

નરસિંહની જેમ મીરાંએ પણ પોતાના પદોમાં પોતાના જીવનના પ્રસંગો અને ભાવવિચાર વ્યક્ત કર્યા છે. મીરાંના જીવનમાં પ્રભુકૃપાના ચમત્કારો બન્યા કહેવાય છે.

તેથી તેમ જ મીરાંનું જીવન જ ચમત્કૃતિયુકત હોઈ વારંવાર કાવ્ય ચમત્કારનો વિષય બન્યું છે. કેટલાંક પદોમાં મીરાંએ પોતાની જીવનશ્રદ્ધા અને જીવનશૈલીનો ચિતાર આપ્યો છે.

મીરાનું જાણીતું પદ 'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે' મીરાંના જીવનની ભાવના તથા સઘળા નોંધપાત્ર પ્રસંગો દ્વારા મીરાંનું રેખાચિત્ર આપે છે. એ પદ મીરાનું નહિ, પણ કોઈ સંતનું હોવા સંભવ છે. એમાં મીરાંનું ચરિત્ર આબેહૂબ ઊઠયું છે.

મીરાં એક પદમાં કહે છે : 'પ્રીત પૂરવની રે, શું કરું, રાણાજી?' મીરાં તો કૃષ્ણની જનમ જનમની સાથી અને દાસી છે. કહે છે : 'મારું મનડું વીંધાણું, રાણા' પોતાને કૃષ્ણ પ્રિય છે એટલું જ નહિ, પોતે ગિરધરને મન પણ પસંદ છે : 'રાણાજી, હું તો ગિરધરને મન ભાવી' તેથી રાણાને સંભળાવી દે છે, 'અબ નહિ માનું રાણા થોરી, મેં વર પાયો ગિરધારી'. રાણાએ તેને મારી નાખવા ઝેરનો પ્યાલો મોકલાવ્યો. મીરાં કહે છે : 'રાણાજી, તુમને ઝહર દિયો, મૈને જાની' 'ઝેર તો પીધાં છે, જાણી જાણી. નથી રે પીધાં મે અજાણી' તેનો રાણાજીને અંતિમ બોલ છે : 'મેરે તો ગિરધર ગોપાલ, દુસરા ન કોઈ'. તેથી મીરાં ઘરબાર છોડી ચાલી નીકળી.ઘણા કહે કે મીરાંબાઈ પાછાંવળો. પણ મીરાં કહે છે, 'મેરા કોઈ નહિ રોકણહાર, મગન હોઈ મીરાં ચલી'

એને કૃષ્ણની પ્રાપ્તિ સહજ થઈ હતી,

*'રામ રમકડું જડિયું રે,*

*રાણાજી, મને રામ રમકડું જડિયું'.*

આ આત્મચરિત્રાત્મક પદોમાં મીરાંના કૃષ્ણ–અભિમુખ જીવનનો અને તેની પ્રભુશ્રદ્ધાનો ધ્વનિ સંભળાય છે.

મીરાંબાઈનાં અન્ય કેટલાંક પદો પણ તેનાં જીવનની સીધી અભિવ્યક્તિ જેવાં છે. કહેવાય છે કે મીરાંએ નીચેનું પદ બોલીને દેહત્યાગ કર્યો હતો :

'હરિ, તુજ હરો હરિજન કી ભીર' તે કૃષ્ણને પ્રાર્થના કરે છે,

*'શ્યામ, મોરી બાંહલડીજી ગહો'*

*　　*　　*

*'અબ મેં શરણ તિરાહી જી,*

*મોરી લાજ રાખો ગિરધારી જી'*

*　*　*

*'મુને ચાકર રાખો જી'*

*　*　*

*'બસો મેરે નૈનનમેં નંદલાલ'*

મીરાંનાં ભક્તિ બોધનાં પદો પણ તેણે પોતાની જાતને ઉદ્દેશીને રચ્યાં હોય તેવી તેની મનઃસ્થિતિ દેખાય છે.

*''બોલ મા, બોલ મા, બોલ મા રે,*

*રાધા–કૃષ્ણ વિના બીજું બોલ મા.*

*　*　*

*'મને રે, પરસ હરિ કે ચરન'*

*　*　*

*'નહિ ઐસો જનમ બાર બાર'*

*　*　*

*'કરના ફકીરી, તબ કયા દિલગીરી?'*

મીરાંબાઈની કવિતા આત્મલક્ષી છે, અંગત જીવનલક્ષી છે. એને તો પોતાની અને પ્રભુની જ વાત કરવી હતી. તેનું જીવન એ જ તેનું કવન હતું. તેથી તેના કેટલાંક પદો તેનાં અંગત જીવનની ભાવના અને પ્રસંગોને ઉલ્લેખ કરે છે. દા.ત.

*'મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા'*

*એમાં ગોપીની ભાવના નહિ. મીરાંની ભાવના છે.*

*'સંસારીનું સુખ એવું, પરણીને રંડાવે પાછું',*

જેવી પંક્તિમાં તેના વૈધવ્યનો ઉલ્લેખ જોઈ શકાય.

કેટલાંક કહે છે : મીરાંબાઈ વ્રજની ગોપી હતી. સત્યયુગની ગોપી દ્વાપર યુગમાં ભૂલી પડી હતી. એ ન સ્વીકારીએ તો પણ સ્વીકારવું પડે કે મીરાં ગોપી સાથે તાદાત્મ્ય

સાધીને કૃષ્ણભક્તિની કવિતા કરે છે. મીરાં 'મીરાં' છે, 'ગોપી' છે, સનાતન પ્રેમભક્તિભાવના, ચિર વિરહભાવના છે.

*ભક્તિનાં પદો :*

મીરાંબાઈ વૈષ્ણવ ધર્મી છે અને ચૈતન્ય મહાપ્રભુની પ્રેમલક્ષણાભક્તિમાં માને છે. તેની પ્રભુ ઉપાસના સ–ગુણ કે સાકાર છે. તે સ્વયં સાકાર ભક્તિ છે. તેનુ જીવન ભક્તિના રંગે રંગાયેલું છે. તેથી ભક્તિ અને ભક્તિબોધના જ પદો આપે છે.

ભક્તિનાં પદો બે પ્રકારનાં છે : ભક્તિશૃંગારનાં અને વિપ્રલંભ શૃંગારનાં.

ભક્તિભાવનાં સંભોગશૃંગારનાં પદોમાં કૃષ્ણ સાથેના મિલનની અનુભૂતિ છે. મીરાં પોતાને કૃષ્ણની ગોપી, સખી, દાસી, પ્રિયતમા કે પત્ની સમજીને કૃષ્ણરૂપી પ્રિયતમ પતિને ઉદ્દેશીને ભક્તિભાવના વ્યક્ત કરે છે. જેમ કે –

*'નહિ રે વિસારું હરિ,*
*અંતરમાંથી નહિ રે વિસારું હરિ'*

એમાં તે કૃષ્ણના મોહક રૂપનાં ચિત્રો આપે છે.

કૃષ્ણ એ મીરાંના આરાધ્ય દેવ છે, મીરાંની કવિતાના નાયક છે. મીરાં સ્વયં ગોપી છે, તે ગાય છે : 'હાં રે, કોઈ માધવ લ્યો'

ગોપી મહી વેચવા નીકળી છે, પણ અંતરમાં માધવ છે. તેથી 'માધવ લ્યો' બોલે છે. મટુકી ઉતારી ત્યારે અંદરથી મોરલી વાગી એવો ચમત્કાર પણ કર્યો છે.

કૃષ્ણ ગોપીને વારંવાર બોલાવે છે. તો ગોપી કહી દે છે,

*'નંદલાલ, નહિ રે આવું ને ઘરે કામ છે'*

આમ તો કૃષ્ણના મુખની માયા લાગી છે,

*'મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા'*

તે કૃષ્ણને જગાડે છે,

*'જાગો બંસીવાલે લાલા,*
*જાગો મોરે પ્યારો'*

કૃષ્ણની વાંસળીની પણ પ્રશંસા કરે છે,

*'વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે,*
*એનો શબ્દ ગગનમાં ગાજે છે, વૃંદાવન મોરલી વાગે છે'*

મીરાંબાઈને મન તો –

*'મુજ અબળાને મોટી મિરાત બાઈ,*
*શામળો ઘરેલું મારું સાચું રે'*

કૃષ્ણ સામે અતૂટ પ્રેમ છે. એથી કહે છે,

*'જો તુમ તોડો પિયા, મૈં નહિ તોડું,*
*તોરી પ્રીત તોડી કૃષ્ણા, કોન સંગ જોડું?'*

તેને તો 'રામ રમકડું' જડી ગયું છે. તેમ, તેને 'પ્રેમની કટારી' વાગી છે,

*'પ્રેમની, પ્રેમની, પ્રેમની રે,*
*મને વાગી કટારી પ્રેમની'*

તેના ભક્તિશૃંગારમાં શૃંગાર જેવું કંઈ નથી. સ્થૂળતા કે ખુલ્લા પણાનો તો પ્રશ્ન જ નથી.

તેનું બાળલીલાનું પદ કેવું સાહજિક બાળરીસ દર્શાવે છે !

*'લેને તારી લાકડી ને લેને તારી કામળી,*
*હું નહિ જાઉં રે, ગાવડી ચારવાને જશોદા માતા'*

*વિપ્રલંભ શૃંગારનાં પદો :*

મીરાંમાં ભક્તિશૃંગાર મુખ્યત્વે વિપ્રલંભરૂપે જ છે. તેની કૃષ્ણ–વિરહની કવિતા તેના અંતરમાં બેઠેલી ચિર વિજોગણની હૃદયચીસ છે. મીરાંને પ્રેમની કટારી વાગી છે, તેથી તેની કવિતા તે તેના લોહીના લયથી લખાયેલી છે. પ્રેમભક્તિના વિરહનો લાવો તેના અંતરમાં ઉકળે છે તેથી અભિવ્યક્તિ વિરહનાં પદોમાં થઈ છે.

મીરાંબાઈ પ્રેમના વિરહના દર્દથી પોકારી ઊઠે છે,

*'જો મૈં ઐસા જાનતી, પ્રીત કિયે દુ:ખ હોય,*

*નગર ઢંઢેરા પીટતી, પ્રીત ન કીજો કોય'*

'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ એમ કહીને ચાલી નીકળેલી મીરાં કે ગોપીની વિરહવેદના એવી છે કે તે બીજાને કહે છે કે, 'પ્રીત ન કીજો કોય' પણ પોતે તો છે પ્રેમદીવાની, એનું દર્દ વેઠાતું નથી, કોઈ એને સમજી શકતું નથી.

*'હે રી, મૈં તો પ્રેમદીવાની,*

*મેરા દરદ ન જાને કોઈ'*

એને આશ્ચર્ય એ વાતનું થાય છે કે –

*'પ્રિયા કારન પીલી ભઈ, લોક ન જાને ઘટરોગ'*

લોકો તો ઠીક, પણ જેને માટે આ દર્દ કે ઘટરોગ વહોર્યો તે પણ કયાં અમારી વેદના જાણે છે ? –

*'કાનુડો ન જાણે મારી પીડ,*

*બાઈ, અમે બાળકુંવારા'*

અમારી દશા શું થાય? અમે તો બરાબર શિંગડે ભરાયાં છીએ :

*'દવ લાગ્યો રે ડુંગરિયે,*

*કાના કેમ કરીએ ?*

*ભાગવાને જઈએ અમે*

*ભાગી ના શકીએ ને*

*બેસી રહીએ તો બળી મરીએ..      કાના '*

કેવી વિષમ પરિસ્થિતિ છે ? ડુંગરિયા દવનું સુંદર પ્રતીક યોજયું છે. તે કહે છે,

*'હું રોઈ રોઈ અખિયાં રાતી કરું'*

*'પિયા બિન રહ્યો ન જાય'*

એનું દર્દ કોઈ શું જાણે ?

*'ઘાયલકી ગત ઘાયલ જાને'*

તેનું કહેવું છે કે –

*'આંસુવન જલ સીંચી સીંચી, પ્રેમબેલી બોઈ,*

મીરાં વિનવણી કરે છે :

*'પ્યારે દરશણ દીયો આય,*

*થેં વિણ રહ્યા ણ જાય.*

*જલ વિણ કંવલ, ચંદ વિણ રજની,*

*થેં વિના જીવ જાયે,*

*આકુલ વ્યાકુલ રૈણ બિહાવાં,*

*વિરહ કલેજો ખાય'*

જોશીને ઉદ્દેશીને કહે છે,

*'ક્યારે મળશે કહાન, જોશીડા, જોશ જુઓને !*

*દેહ તો વહાલા, દુર્બળ થઈ છે, જેવાં પાકેલાં પાન,*

*સુખ તો વહાલા, સરસવ જેવું, દુઃખ તો દરિયા સમાન,*

*સેજલડી વહાલા, સૂની લાગે, રજની યુગ સમાન'*

મીરાંએ પણ બહુવલ્લભ કૃષ્ણની ખબર લીધી છે. ગોપી પૂછે છે :

*'સાચું બોલોને મારા શ્યામ મોરલીવાળા જી,*

*કઈ રે નારીએ તમને ભોળવ્યા, કોણ કોણ ધૂતારી રે?'*

ગોપીને લાગે છે કે –

*'પ્રિયા બિના સૂનો છે મહારો દેશ'*

તેથી ઓધવજીને વિનંતી કરે છે :

*'હરિને મનાવી ઘેર લાવો રે, ઓધવજી!*

*જે જેમ કહેશો, તે તેમ કરીશું,*

*જેમ તેમ કહીને મનાવો, ઓધવજી!'*

મીરાંની ખરી આરત દેખાય છે, 'જો તુમ તોડો પિયા, મૈં નાહિ તોડું' અને 'મત જા, જોગી' માં

*'મત જા, મત જા, મત જા, જોગી,*

*મેં પાવ પડું તોરી'*

છેલ્લે જોગી જતા જ હોય, તો કહે છે :

*'અગર ચંદનની ચિતા રચાઉં,*

*અપને હાથ જલા જા'*

* * *

*ભક્તિબોધનાં પદો :*

મીરાંની આત્મલક્ષી કવિતાની માધુરી અનોખી છે. મીરાં કહે છે :

*'બોલ મા, બોલ મા, બોલ મા રે,*

*રાધા–કૃષ્ણ વિના બીજું બોલ મા'*

રાધાકૃષ્ણનું નામ સાકર–શેલડી છે, બીજું બધું કડવો લીંબડો છે. છેલ્લે કહે છે,

*'હીરા, માણેક ને ઝવેર તજીને,*

*કથીર સંગાથે પ્રીત જોડ મા રે'*

મીરાં દેહ અને આત્માનું સ્વરૂપ સમજાવતાં દેવળનું પ્રતિરૂપ યોજે છે :

*'જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું,*

*મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું'*

કેવાં કેવાં પ્રતીકો યોજયાં છે? અંતે કહે છે :

*'ઉડી ગયો હંસો, પિંજર પડી તો રહ્યું!'*

ઉત્પાત કરતા ને જીવ બાળતા જીવોને શિખામણ આપે છે,

*'રામ રાખે તેમ રહીએ,*

*ઓધવજી, રામ રાખે તેમ રહીએ'*

મીરાં કહે છે :

*'સત્ંગનો રસ ચાખ,*

*પ્રાણી, સત્સંગનો રસ ચાખ.*

*બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,*
*હરિચરણે ચિત્ત રાખ'*

* * *

'ગંદી કાયાનો ગર્વ ન કીજે, ગર્વ કર્યે શું થાય?'

*મીરાંના કૃષ્ણ – કૃષ્ણની મીરાં :*

મીરાંની પ્રેમભક્તિની કવિતામાં ઉત્કટ ભાવોદ્રેક છે, તેમ સ્ત્રીસહજ સંયમ અને સુકુમારતા પણ છે. સરળતા, સરસતા, સહજતા, સુંદરતા સાથે રણસાગરની પાળ સમી સંયમશીલતા મીરાંની કવિતાને ચિરંજીવ અને લોકપ્રિય બનાવે છે. તેની ભક્તિમાં શૃંગાર ખાસ છે જ નહિ. જે શૃંગાર છે તે વિરહપ્રધાન છે, સૂક્ષ્મ અને સંયમ છે. તેની ભક્તિકવિતામાં શ્રીકૃષ્ણનાં કમનીય સ્વરૂપ–ચિત્રો ઠેરઠેર વેરાયેલાં છે.

મીરાંની કવિતામાં રાધા અને કૃષ્ણનાં પ્રતીકો જોવા મળે છે. એ પ્રતીકો પ્રકૃતિનાં હોય છે:

*'તુમ ભયે ગિરિવર, મૈં ભઈ નદિયાં'*
*તુમ ભયે તરુવર, મૈં ભઈ પંછિયા'*

* * *

*'મુજ અબળાને મોટી મિરાત,*
*બાઈ, શામળો ઘરેણું મારું સાચું રે'*– માં તેણે અલંકારોના પ્રતીક યોજયાં છે. 'રાજા, તારા ડુંગરિયા પર બોલે જીણા મોર' સુંદર પ્રકૃતિકાવ્ય છે, પાછું સૂક્ષ્મ પ્રીતિની અનુભૂતિનું પ્રતીકકાવ્ય પણ છે. મીરાંબાઈ રાજસ્થાનની હતી, તેથી રાજસ્થાનના રણ અને રાજપૂત જીવનનાં પ્રતીકો લઈ આવે છે. મીરાંબાઈ જ ગુજરાતીમાં સૌપ્રથમ 'રણ', 'મૃગજળ', 'કટારી', 'ડુંગર' જેવાં પ્રતીક લઈ આવે છે.

*'પ્રેમની પ્રેમની પ્રેમની રે,*
*મને વાગી કટારી પ્રેમની'*

'પ્રેમકટારી' તો રાજરાણી રજપૂતાણી મીરાં જ કહી શકે. તેણે સૌપ્રથમ કહ્યું કે 'સંસારીનું સુખ એવું, ઝાંઝાવાનાં નીર જેવું' 'ઝાંઝવાં' રાજસ્થાનના રણનાં છે. 'રાજા, તારા ડુંગરિયા પર બોલે જીણા મોર' નો 'ડુંગર' પણ રાજસ્થાની છે. આ નવા અલંકારો, પ્રતિરૂપો કે પ્રતીકોથી મીરાંની કવિતામાં નાવીન્ય ને તાજગી અનુભવાય છે. મીરાં આ રીતે અપૂર્વ છે. નરસિંહ ભાલણનાં પદોથી મીરાંના પદોનો રંગ જ જુદો છે.

એક તો કૃષ્ણભક્તિ અને તેમાં મીરાંના પદોનું સંગીત પણ તેનું સુંદર અંગ છે. નરસિંહ ભાલણનાં પદો ભજનમંડળીમાં ગવાયાં છે. ગુજરાતી લોકઢાળો અને ગીતઢાળો એમાં છે. નરસિંહ રાગનો જાણકાર કહેવાય છે, પણ શાસ્ત્રીય રાગમાં તેનાં પદો બહુ બધાયાં નથી. મીરાંના પદોને શાસ્ત્રીય સંગીતકારોનું બહુ લાડ મળ્યું છે. તેનું એક કારણ હિંદી અને રાજસ્થાની સંગીત કબીર અને સૂરદાસની જેમ મીરાંના પદો નાનકડા નાજુક ઊર્મિગીતો હોઈ શાસ્ત્રીય સંગીત માટે ખૂબ અનુકૂળ નીવડે છે. 'નહિ રે વિસારું હરિ' પ્રાર્થના સંગીત માટે અનુકૂળ છે. સીને સંગીતકારોએ મીરાંના પદોનો ઉપયોગ કર્યો છે. ચલચિત્ર 'જોગન' તો મીરાનું જ જીવનસંગીત હતું. 'ઝનક ઝનક પાયલ બાજે' માં મીરાંના 'જો તુમ તોડો પિયા, મેં નાહિ તોડું' ને સંગીતને લીધે નવું જ પરિમાણ લાધ્યું. પંડિત ઓમકારનાથ ઠાકુરે મીરાંના 'મત જા જોગી' ને ઊંચી ભાવકક્ષાએ ચડાવીને અમર કરી દીધું. મીરામાં કવિતા અને સંગીતનો સુયોગ સધાય છે.

મીરાંના ગેય ઢાળો સરળ અને લોકપ્રિય છે. ભજનિકોને બહુ ભાવી ગયા છે.

મીરાંની પદાવલિ મધુર, કોમલ અને કાન્ત છે. સરળતા અને સુબોધતા સાથે સુંદર અર્થછાયા હોય છે. મીરાંએ તો જીવતરનાં ઝેર જાણીને પીધાં છે. પત્નીના મરણથી શ્રી ગોપાળને સુખે ભજવાની અનુકૂળતા થવાનો ભાવ નરસિંહે અનુભવ્યો હતો, જ્યારે વિધવા થયા પછી મીરાંએ આવી પડેલું આ દુઃખ સહન કરી લીધું અને ગાયું કે "મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ".

મધ્યકાલીન ગુજરાતના લોકોએ ગોપીઓની તો માત્ર વાતો જ સાંભળી હતી. નરસિંહને તેમણે ગોપીભાવ ધારણ કરતો જોયો હતો પણ મીરાંને તો તેમણે સાક્ષાત્

ગોપીરૂપે જ નિહાળી હતી. મીરાંના આ પ્રત્યક્ષ દષ્ટાંતથી પ્રેમલક્ષણાભક્તિ ખુદ જીવંત બની ગઈ !

ભારતના ઇતિહાસમાં ભાવમૂર્તિઓ તો અનેક થઈ ગઈ છે, પણ રાધાની જોડમાં બેસાડી શકાય એવી તો એક પણ થઈ નથી. હા, મીરાં થઈ પણ એ તો હતી રાધાનો જ અવતાર ! પોતાનો દિવ્યપ્રણય, કવિતા–સંગીતમાં ગાવા જાણે રાધા મીરાં રૂપે ન અવતરી હોય ! જુઓ, મીરાંના જ શબ્દો :

*"પૂર્વજન્મની હું વ્રજતણી ગોપી"*

મીરાંનું અવસાન ઈ.સ. ૧૫૪૭માં થયું ત્યાર પછી લગભગ બસો વર્ષ સુધી એટલે કે અઢારમી સદીના પૂર્વાર્ધ સુધીમાં ગુજરાતમાં પ્રેમલક્ષણાભક્તિના ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરનાર કોઈ તેજસ્વી કવિ થયો નથી. પણ ત્યારપછી અઢારમી સદીની છેલ્લી પચીસી અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીના સમય ગાળામાં થઈ ગયેલા દયારામે આ ક્ષેત્રમાં ઘણું મહત્ત્વનું પ્રદાન કર્યુ છે. મીરાં અને દયારામની વચ્ચેના આ સમયગાળા દરમિયાન તેજ છાયાની માફક પ્રેમલક્ષણાભક્તિ કાવ્યનો પ્રવાહ કવચિત્ ગતિમાન રહ્યો છે. નરસિંહથી આરંભાયેલો આદિભક્તિયુગ મીરાં સુધી પહોંચે છે. નરસિંહથી મીરાં સુધી પદકવિતાનું પ્રાબલ્ય રહ્યું છે, જે ભક્તિભાવોને વહેવા વિશેષ અનુકૂળ વાહન હતું પણ ત્યાર પછી પદ કવિતાનુ પ્રાબલ્ય ઘટે છે અને આખ્યાન કવિતા પ્રબળ બનતી જણાય છે. નાકરમાં એનાં એંધાણ વર્તાય છે, જે પ્રેમાનંદમાં શિખરે જઈ પહોંચે છે. આખ્યાનની ભરતીનો સમય એ પદ કવિતા અને વિશેષતઃ ભક્તિકવિતાની ગતિમંદતાનો સમય હોય તેમ જણાઈ આવે છે. નરસિંહ અને મીરાંની આત્મલક્ષી ભક્તિ, ત્યાર પછીના સમયમાં, ભક્તિમાહત્મ્યના સ્વરૂપમાં જળવાઈ રહે છે.

**સ્ત્રી કવિઓ :** પ્રેમલક્ષણાભક્તિને ગાનારી સ્ત્રી કવિઓમાં સર્વોત્તમ છે મીરાં. પણ દયારામ પૂર્વે અઢામી–ઓગણીસમી સદીમાં થઈ ગયેલી કેટલીક સ્ત્રી કવિઓ પણ મીરાંનું સ્મરણ કરાવતી રહી છે. તેમાં કૃષ્ણની બાળલીલાઓને વર્ણવતું "કૃષ્ણલીલા" કૃષ્ણના રાધા સાથેના લગ્ન પ્રસંગને વર્ણવતું "કૃષ્ણ વિવાહ" તથા રાધા–કૃષ્ણની વિવિધ લીલાઓને વર્ણવતી છૂટક ગરીબીઓ દ્વારા, મૂળ મહારાષ્ટ્રિયન, એવી રાધાબાઈએ

મરાઠી, ગુજરાતી, હિંદીના મિશ્રણ જેવી ગુજરાતી ભાષામાંપોતાનો કૃષ્ણપ્રેમ ગાયો છે. "કૃષ્ણવિવાહ" માં કૃષ્ણની રાધાને જ પરણવાની હઠ, "નહિતર જમુનામેં પડું સુણ આઈ રે" ની ધમકી, પછી "લગ્નાચા અતિ ઓચ્છવ હોઈ રે, નંદરાયને ઘરીં બાજે ઢોલાં રે" માં વ્યક્ત થતી લગ્નની તૈયારીઓ, ત્યારબાદ ઈચ્છાવર તરીકે પ્રથમથી કૃષ્ણને વરી ચૂકેલી રાધા અને તેમના વર કૃષ્ણની, લગ્નમંડપમાં રાધાની સખીઓ દ્વારા થતી મશ્કરી અને લગ્નપ્રસંગ પૂરો થતાં ઘેર પધારતાં વર–વહુનું "આવ્યા નવરી સાથે નવરા રે, જેસે મગન ભવરી ભવરા રે" થી વ્યક્ત થતું રમૂજ અને કટાક્ષ મિશ્રિત ભક્તિચિત્ર મળે છે. રાધા–કૃષ્ણની લીલાની ગરબીઓમાં રાધાબાઈએ રાધાના નામમાં પોતાનું નામ પણ જોડી દીધું છે.

"રાધાબાઈ" "રાધી" ઈત્યાદિ શબ્દોથી સૂચવાતી કૃષ્ણની પ્રેયસી રાધા અને પ્રસ્તુત પદોની કવયિત્રી રાધાબાઈ આ પદોમાં એક થઈ જાય છે અને કૃષ્ણના રૂપ ઉપર વારી જાય છે જુઓ,

*"દેખા મનડા હૈ મસ્તાન, બલ જાઉં રૂપનકું"*

આ અ ગરબીઓમાં તથા અન્ય રચનાઓમાં પણ રાધાબાઈનું લક્ષ્ય શ્રીકૃષ્ણની સ્તુતિ અને મહિમાગાન કરવા તરફ સવિશેષ મંડાયેલું રહે છે.

આ ઉપરાંત "વનેશ્વર વિશ્વમાં વિલાસ્યા, જેમ ફૂલનમેં બાસ" જેવી પંક્તિથી પરખાઈ આવતી મધ્યકાળની જ્ઞાનમાર્ગી સ્ત્રી કવિઓમાં સર્વોત્તમ એવી **ગૌરીબાઈ :** "પ્રેમને વશ્ય છે પીઉજી અમારો" જેવી પ્રેમભક્તિના 1જુભાવવાળી ગીતપંક્તિની ગાનાર "જનીબાઈ" 'ભક્તિ રે આદરીએ માલા સત્સંગ કરીએ'થી વ્યક્ત ભક્તિમાહાત્મ્યનું જાણીતું પદ રચનાર રૂપાંબાઈ તથા મીરાંના પ્રેમભક્તિનાં પદોનું અનુકરણ કરતાં પદો રચનાર રાજબાઈ, કૃષ્ણભક્તિથી છલકાતી "વિરહબારમાસી" રચનાર ઈન્દ્રાવતી વગેરે સ્ત્રી કવિઓએ અઢારમી ઓગણીસમી સદીમાં મીરાંના ભક્તના આદર્શને જીવંત રાખ્યો છે અને ભરપૂર કૃષ્ણ કવિતા કરી છે.

## દયારામ : (ઈ.સ. ૧૭૭૭ થી ૧૮૫૨)

"બુઝાવાની પૂર્વે અધિક ઉજળો દીપક બળે" સુંદરમ્

નરસિંહથી ઝગમગાટ દેખાવા માંડેલો મધ્યકાલીન ભક્તિદીપક, પછીના ભક્ત કવિઓમાં નાનાં મોટાં તેજ વર્તુળો બતાવતો છેવટે દયારામમાં અંતિમ તેજસ્વી વિદ્યુત ઝબકાર દાખવી વિલય પામે છે. ઉત્તર ભક્તિયુગના અને સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પણ છેલ્લા પ્રતિભાસંપન્ન પ્રતિનિધિ ભક્ત કવિ દયારામનું વ્યક્તિત્વ વિલક્ષણ હતું. ગૌરવર્ણ, આકર્ષક દેહકાન્તિ અને પોશાકનો શોખ, મધુરકંઠ, વરણાગી સ્વભાવ અને સ્ત્રીઓમાં લોકપ્રિયતા, સ્વમાનપ્રિયતા, ઉડાઉ ઉદારતા અને ગર્વિષ્ઠ ખુમારી, અનન્ય કૃષ્ણાશ્રય, કટ્ટર સાંપ્રદાયિકતા અને હૃદયગત નમ્રતા, પાકું મરજાદીપણું, આજીવન અપરિણીતાવસ્થા અને વિધવા રતનબાઈને આશ્રય ઈત્યાદિ તેના બહુચર્ચિત વ્યક્તિત્વની અનોખી છટાઓ હતી. તેના કુટુંબના વૈષ્ણવ સંસ્કારોનો વારસો તેને મળ્યો હતો તથા ડાકોરના શ્રી ઈચ્છારામ ભટજીના સમ્પર્કે તેને ભગવાનના સમર્પણી ભક્ત બનવાને પ્રેર્યો હતો. તેણે તેની જુવાની અનેક તીર્થયાત્રાઓમાં વીતાવી હતી અને એ દરમિયાન ભારતની ઘણી ભાષાઓનો પ્રાથમિક પરિચય મેળવ્યો હતો.

દયારામની ભક્તિ કવિતા ઉપર તેના પુરોગામી ભક્ત કવિઓ નરસિંહ, ભાલણ, મીરાં ઈત્યાદિની અસર વર્તાય છે. તે પૈકી નરસિંહની અસર તેના પર વિશેષ છે. દયારામની "માતાજી રે આજ આનંદ મારે અંગ રે, શ્રીકૃષ્ણ પરણ્યા મારી સંગે રે" પંક્તિમાં નરસિંહની "આજની રાતની, વારતા શી કહું, સ્વપ્નમાં શ્યામળા સંગ પરણી" તથા દયારામની "વાગે વૃંદાવનમાં વાંસળી રે, ઊભો ઊભો વગાડે કહાન" એ પંક્તિમાં નરસિંહની "એક સખી કહે બીજીને સાંભળ સહિયર વાત વેણ વાગે છે." પંક્તિની અસર પકડાય છે. દયારામની "સાંભળ રે તું સજની મારી, રજની કયાં રમી આવીજી" એ સુપ્રસિદ્ધ ધ્રુવપંક્તિવાળી આખીયે ગરબીનું મૂળ નરસિંહ અને ભાલણનાં તદ્‌વિષયક પદોમાં રહેલું જોઈ શકાય છે. જુઓ, નરસિંહમાં "સાંભળ રે તું સજની મોરી, રજની કઈ પેરે રમીયેજી!" પંક્તિથી શરૂ થતાં પદો મળે છે. ભાલણે આલેખેલી રાધાના રુસણાનો માનલીલાનો પ્રસંગ દયારામ પણ આલેખે છે. તેમાં ભાલણ રાધાને કૃષ્ણના હારના

મણિમાં પોતાની છબિને જોતી બતાવે છે તો દયારામ મુગટમણિમાં રાધાને પોતાની છબિ જોતી વર્ણવે છે એટલો ફરક છે. આ ને આવી અન્ય નાની મોટી અસરો દયારામની સ્વતપ્રતિભાના તેજમાં સમાઈ જાય છે અને તેના પ્રતિભા બળને કશી આંચ આવતી નથી એ તેની કવિત્વશક્તિનો વિજય છે.

દયારામની કૃતિઓના મુખ્યત્વે ત્રણ વિભાગો પડે છે : સંપ્રદાયમલૂક, નીતિ ઉપદેશમૂકલ અને શૃંગારભક્તિમૂલક, તેનું કાવ્યસર્જન તેના કોઈપણ પુરોગામી કરતાં વિપુલમાત્રામાં છે અને તેમાંનુ કેટલુંક કલાદષ્ટિએ ઉચ્ચ કોટિનું છે. ગદ્ય અને પદ્ય બંનેમાં તેણે પ્રદાન કર્યુ છે, એટલુ જ નહીં ગુજરાતી અને વ્રજભાષા ઉપરાંત મરાઠી, પંજાબી, ઉર્દુ, મારવાડી, બિહારી અને સિંધીમાં પણ તેણે કલમ અજમાવી છે. દયારામ પુષ્ટિસંપ્રદાયને પૂર્ણપણે વરેલો, પ્રતિજ્ઞાબદ્ધ કવિ છે : "એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વાર્થી બીજો" એટલે તેની સાહિત્ય કૃતિઓનો ઘણો ભાગ સિદ્ધાંતાત્મક છે. તેમાં તેણે પુષ્ટિ સંપ્રદાયના શુદ્ધાદ્વૈત મતનું પ્રચારક–પ્રવર્તકની ઢબે નિરૂપણ કર્યુ છે. પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું નિરૂપણ કરતી વ્રજભાષામાં રચાયેલી તેની કૃતિઓ ઉપરાંત "રસિકવલ્લભ" "ભક્તિપોષણ" અને 'પુષ્ટિપથરહસ્ય" ઈ. ગુજરાતીમાં લખાયેલી રચનાઓ છે. "શ્રી કૃષ્ણનામ માહાત્મ્યમંજરી" માં દયારામે ભગવાન કૃષ્ણના નામનો મહિમા ગાયો છે. "ભક્તવેલ" અને "ચોરાસી વૈષ્ણવોના ધોળ" માં પુષ્ટિસંપ્રદાયમાં થઈ ગયેલા ભક્તોનુ નામસંકીર્તન કર્યુ છે. "શ્રીહરિભક્તિચંદ્રિકા" માં ભક્તોની કથા અને ભક્તનાં લક્ષણો વર્ણવ્યાં છે. "બ્રાહ્મણભક્તવિવાદ" એ સંવાદકાવ્ય છે અને તેમાં અભક્ત બ્રાહ્મણ કરતાં વૈષ્ણવ ચાંડાલ ચડે એવું પ્રતિપાદન તેણે કર્યુ છે. "મીરાંચરિત્ર' માં મીરાંના ચરિત્ર સાથે મીરાંની ભક્તિનો મહિમા અને "કુંવરબાઈનું મામેરું" માં નરસિંહ મહેતાની ભક્તિનો મહિમા દયારામે ગાયો છે. દયારામ ઉપર ભાગવતની અસર ઘણી છે અને ભાગવત એનો પ્રિય ગ્રંથ છે. એણે ભાગવતની કથાનો સાર આપતું ૧૩૧ પદનું એક કાવ્ય લખ્યું છે. પણ તે કાવ્યદષ્ટિએ આકર્ષક નથી, વળી ભાગવતની કથામાંથી પ્રસંગો લઈ કૃષ્ણલીલા વિષયક અનેક આખ્યાનાત્મક રચનાઓ પણ કરી છે. "પ્રેમરસગીતા" અને "પ્રેમપરીક્ષા" નો વિષય ભાગવતના ઉદ્ધવસંદેશ અને ગોપી ઉદ્ધવ સંવાદનો છે અને તેનો ભક્તિરસ

હૃદયસ્પર્શી છે. કવિએ તેમાં જ્ઞાન કરતાં પ્રેમની શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે. "હનુમાનગરુડસંવાદ" માં હનુમાન અને ગરુડ વચ્ચે ચાલતા વિવાદને અંતે રામ અને કૃષ્ણની એકતા કવિએ બતાવી છે. આ કૃતિઓ ઉપરાંત દયારામનું ઉત્તમ સર્જન તો તેની ગરબીઓ અને પદોમાં થયેલું છે. તેણે રચેલાં પદોની સંખ્યા નિશ્ચિત નથી. સેંકડો હજારો અને લાખ સુધીની સંખ્યા તેના પ્રશંસકોમાં ગણાવાય છે. આ બધા પદોનો મુખ્ય વિષય તો એકનો એક જ છે અને તે રાધા–કૃષ્ણ કે કૃષ્ણ અને ગોપીનો પ્રણયખેલ. તેમાં સર્જક દયારામે ગોપી કે રાધાના વિવિધ મનોભાવો સાથે તદાકારતા અનુભવી સાક્ષાત્ વ્રજનું વાતાવરણ ખડું કર્યું છે.

દયારામે તેનાં પદોમાં સંપ્રદાયાનુસારી ભક્તિચિંતન વહાવ્યું છે. એક પદમાં ગોપીમુખે તેણે ગાયુ છે કે અમે તો નિત્ય નટવરરૂપને નીરખનારાં છીએ, જે અમને મનગમતું સર્વ સુખ આપે છે. એકતામાં (જ્ઞાનમાર્ગ પ્રબોધિત આત્મા પરમાત્માની એકતામાં) એ સુખ કયાંથી ! આ પદમાં કવિ દયારામે જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા દર્શાવી છે અને જ્ઞાનમાર્ગીને ગરીબોની રાબડી જેવો તુચ્છ કહ્યો છે. ગોપીનો શ્રીકૃષ્ણ પ્રેમ વિષય વાસનાથી પર છે એ પણ પદના પાછલા ભાગમાં સ્પષ્ટ કર્યુ છે. વિષય વાસના પ્રેરિત પ્રીત એ તો "પ્રપંચની પ્રીત" છે અને આવી પ્રપંચની પ્રીતને તો કાપી નાખવાનું તેણે શ્રી કૃષ્ણ પાસે માગ્યું છે. જુઓ,

*"વિષયવાસના પ્રપંચની પ્રીત રે, શ્રી કૃષ્ણ ! મારી કાપો રે !"*

ઉદ્ધવનો યોગ–ઉપદેશ સાંભળી ગોપીઓએ તેમને આપેલા પ્રત્યુતરની યાદ અપાવે તેવુ નિરૂપણ કવિ દયારામે તેના "પ્રગટ મળ્યે સુખ થાય" એ નામના એક પદમાં કહ્યું છે. તેમાં તે કહે છે કે અંતર્યામી અખિલ વિશ્વના અણુએ અણુમાં વ્યાપેલો છે એમ માનવાથી કોઈને તૃપ્તિ થઈ છે ? જયાં સુધી શ્રી ગિરિધર પ્રગટ રૂપમાં ન મળે ત્યાં સુધી તૃપ્તિ થતી નથી, સુખ મળતું નથી. દીવાના કોડિયામાં તલ પૂરવાથી દીવો સળગતો નથી, તેના માટે તો તેલ જ જોઈએ : "તેલ વિના સ્ફૂટ તિલ પૂર્યેથી દીપક કેમ પ્રગટાય?" આત્મા–પરમાત્મા વિશેના અદ્વૈત–દ્વૈત બંને સિદ્ધાંતોની સત્યતા અહીં સ્વીકારાઈ છે પણ

પ્રભુની પ્રાપ્તિ માટે તો દ્વૈતભાવ રાખી ભક્તિપૂર્વક પરમાત્માની પ્રેમોપાસનાના જ એક માત્ર માર્ગને કવિ દયારામ, અહીં દઢતાપૂર્વક વળગી રહેલો દેખાઈ આવે છે.

ભક્તિમાર્ગમાં અનન્યાશ્રય જરૂરી છે. જેમ પતિવ્રતા સ્ત્રીનું મન તેના પતિમાં જ સ્થિર હોય છે તેમ પ્રેમભક્તિમાર્ગી દયારામ પણ ગોપીભાવે એક "ગોપીજનવલ્લભ" ને જ વર્યો છે. તે જ એક માત્ર તેનો સ્વામી છે : "નહીં સ્વામી બીજો"

*દયારામ :*

દયારામ પર આક્ષેપ કરનારા તેને 'મધ્યકાલીન ગુજરાતીનો કલાપી', 'ગુજરાતનો બાયરન', 'ગુજરાતનો હાફીઝ', 'ગુજરાતનો ઉમર ખય્યામ' એવાં વિશેષણોથી નવાઝે છે, પણ તે માત્ર પ્રેમી કવિ નથી, માત્ર રંગદર્શી રોમાન્ટિક કવિ નથી. ઉપરનાથી જુદો છે તે ભક્ત કવિ છે જ.

તેથી દયારામની સાચી ઓળખ તો છે 'ગુજરાતી ગોપી' 'ગુજરાતનો જયદેવ' 'બીજી મીરાંબાઈ'

***દયારામની સાહિત્યસૃષ્ટિ પર પુનરાવલોકન કરીએ તો :***

દયારામનું સર્જન વિપુલ છે. પદ્ય અને ગદ્ય, પદ અને આખ્યાન, સાંપ્રદાયિક અને સર્વગત, ગુજરાતી અને હિંદી, શાસ્ત્રીય અને કાવ્યાત્મક એમ વિવિધ પ્રકારનું સાહિત્ય સર્જ્યું છે.

એક મત મુજબ તેની કૃતિઓની સંખ્યા ૮૬ જેટલી છે અને પદો ૬૦૦ થી વધુ છે.

ગુજરાતીમાં ૬૪, વ્રજમાં ૨૦,મરાઠીમાં ૧ અને સંસ્કૃતમાં ૧ એમ ૮૬ કૃતિઓ ગણાય છે.

તેનાં સંખ્યાબંધ પદો હિંદીમાં છે. હિંદીની તેની સેવા ઉલ્લેખપાત્ર છે. તેની 'સતસૈયા' જેવી કૃતિ હિન્દીની પ્રશિષ્ટ કૃતિ ગણાય છે.

તેણે પુષ્ટિસંપ્રદાયનું સાહિત્ય ઢગલાબંધ રચ્યું છે. ગદ્યમાં 'પ્રશ્નોત્તરમાલિકા', 'પ્રશ્નોત્તરમાળા', 'પ્રશ્નોતરી', 'ભગવદ્ગીતામાહાત્મ્ય' અને 'હરિહરાદિસ્વરૂપતારતમ્ય' છે. તે સંવાદને પ્રશ્નોતરની રીતે શુદ્ધાદ્વૈત અને પુષ્ટિ મતનું રહસ્ય સમજાવે છે.

પદ્યમાં 'રસિક વલ્લભ', 'ભક્તિ પોષણ', 'તત્ત્વપ્રબંધ', 'પુષ્ટિપથરહસ્ય', 'સારનિરૂપણ', 'સિદ્ધાંતસાર', 'પ્રેમભક્તિ', 'ધર્મનીતિસાર', 'નિઃસાધનતા', 'શુદ્ધાદ્વૈતમંડનનો ગરબો', 'ગુરુશિષ્યસંવાદ' જેવી સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાનની કૃતિઓ આપે છે. તેમાં 'રસિકવલ્લભ' શ્રેષ્ઠ છે.

તેણે શ્રીકૃષ્ણ–નામ–સંકીર્તનની અગિયાર જેટલી કૃતિઓ રચી છે તેમ જ પુષ્ટિસંપ્રદાયના આચારધર્મની અઢાર કૃતિઓ આપી છે. ગુજરાતીમાં દસ અને વ્રજભાષામાં આઠ તેમાંની 'ચિંતાચૂર્ણિકા', 'પ્રબોધબાવની' અને 'બ્રાહ્મણભક્ત–વિવાદ' ઉલ્લેખપાત્ર છે.

તેણે છસો જેટલા પ્રેમભક્તિ અને દાસભક્તિનાં પદો રચ્યાં છે. તેમાં તેની ગરબીઓ અમર છે. તેણે પદમાળાઓ પણ રચી છે. 'પત્રલીલા', 'મુરલીલીલા', 'રૂપલીલા', 'પ્રેમરસગીતા', 'બાળલીલા', 'ષડ1તુવર્ણન', 'કૃષ્ણવિયોગવિરહના દ્વાદશ માસ' અને'કમળલીલા' પદમાળા છે. તેમાં લીલાઓમાં રાધા–કૃષ્ણ–ગોપીની વિવિધ લીલાઓ છે. 'પ્રેમરસગીતા' પુષ્ટિ પથના રહસ્યનું પણ લલિત કાવ્ય છે. 'ષડ્1તુવર્ણન' સંસ્કૃત 1તુસંહાર જેવું છે.

તેણે આખ્યાનમાં સારો રસ લીધો છે. તે આખ્યાનના 'કડવા' ને 'મીઠાં' કહે છે. મધુર રસનો કવિ 'કડવાં' શબ્દ ચલાવી લે?

તેણે 'અજામેલઆખ્યાન', 'નાગ્નજિતીવિવાહ', 'રુકિમણીવિવાહ', 'મીરાંચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'સત્યભામાવિવાહ' જેવાં આખ્યાન આપ્યાં છે.

તેણે સંસ્કૃત 'શ્રીમદ્ ભગવદ્ગીતા' નો અને વ્રજ 'સૂરસારાવલી' તથા 'કમલલીલા' નો ગુજરાતી પદ્યાનુવાદ કર્યો છે.

આ મબલખ સાહિત્યમાં તેનુ પ્રથમ પંક્તિનું કવિત્વ ગરબીઓ દેખાડે છે.

*પુષ્ટિસંપ્રદાય અને દયારામ :*

દયારામ પુષ્ટિસંપ્રદાયનો શ્રેષ્ઠ કવિ અને પંડિત છે. તેણે ગુજરાતમાં તેના પ્રચાર માટે થોકબંધ સાહિત્ય સર્જ્યુ છે.

પુષ્ટિસંપ્રદાય એ વેદાંત દર્શનમાંથી વલ્લભાચાર્યે પ્રવર્તાવેલો શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનનો પંથ છે. મોગલકાળમાંતે પ્રચલિત બન્યો. વલ્લભાચાર્ય ગુજરાતમાં આવ્યા હતાં. તે વૈષ્ણવ ધર્મ છે. પ્રભુને પતિ માની પ્રેમભક્તિથી શ્રીકૃષ્ણની પુષ્ટિ એટલે કૃપા મેળવવી એ એનો સિદ્ધાંત છે. પુષ્ટિ એટલે પ્રભુ કૃષ્ણની કૃપા. પ્રભુને પતિ, સ્વામી, માલિક, નાથ, પિતા માની ભક્તિ કરી પ્રસન્ન કરવા. તેમાં પ્રેમલક્ષણા ભક્તિ શ્રેષ્ઠ છે. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા છે. રાધા આત્મા છે, ગોપી ઈન્દ્રિયો છે. જીવોના ત્રણ પ્રકાર છે : પુષ્ટિ જીવો, મર્યાદા જીવો અને પ્રવાહી જીવો. પુષ્ટિ જીવો પ્રભુકૃપા પામ્યા હોઈ શ્રેષ્ઠ છે.

તે સ્વામિનારાયણ સંપ્રદાય પૂર્વેનો લોકપ્રિય વૈષ્ણવ સંપ્રદાય છે. લલિત ધર્મ છે. સાહિત્ય, સંગીત, કલાનો સંપ્રદાય છે. ગુજરાતના જીવન અને સાહિત્યને સ–રસતા અર્પવામાં તે અગ્રણી છે. ગોપાળદાસનું 'વલ્લભાખ્યાન' પુષ્ટિમાર્ગનું મહાકાવ્ય ગણાય છે. દયારામનું 'રસિકવલ્લભ' અને 'ભક્તિપોષણ' પુષ્ટિમાર્ગનું શાસ્ત્ર છે. જાણે દયારામની ગરબીઓ પુષ્ટિ માર્ગના સિદ્ધાંતની ઉત્તમ ઊર્મિકવિતા છે.

*દયારામની કવિતા :*

દયારામની કવિતા બે માર્ગે વહી છે : એક ઊર્મિના પદ રૂપે અને બીજી શાસ્ત્રીય ગ્રંથ અને આખ્યાનરૂપે.

પુષ્ટિમાર્ગના તેના સાહિત્યમાં કવિતા ઓછી જ છે, તત્ત્વજ્ઞાન વિશેષ છે. તેમાં પ્રયોજન જ સંપ્રદાયના તત્ત્વજ્ઞાનને વ્યક્ત કરવાનું છે. રસ તેનું લક્ષ્ય નથી.

એવી કૃતિઓમાં 'રસિકવલ્લભ' શ્રેષ્ઠ છે. તે પુષ્ટિ સંપ્રદાયનો શ્રેષ્ઠ કાવ્યગ્રંથ છે. કવિના દર્શનની અભિવ્યક્તિ છે, શાસ્ત્રજ્ઞાનની પરિણતિ છે. જેમ અખાને પામવા 'અખેગીતા' તેમ દયારામને પામવા 'રસિકવલ્લભ' અનિવાર્ય છે. તેમાં અન્ય મતોનું ખંડન કરી શુદ્ધાદ્વૈતનું મંડન કર્યુ છે. જે સિદ્ધાંત છે તે વલ્લભાચાર્યેનો છે. દયારામ તો તેનો નિરૂપક છે.

'રસિક વલ્લભ'માં સામેરી રાગના ૧૦૯ પદરૂપ કડવામાં આખ્યાનબંધમાં, આરંભમાં શ્રીકૃષ્ણને વંદન કરીને પરબ્રહ્મ, જીવ, માયા, પુષ્ટિ, જગત, ભક્તિ,

પ્રેમ–ભક્તિ, સત્સંગ, શ્રીકૃષ્ણ, પ્રભુનાં સર્વ સામર્થ્ય વગેરે વિષયો પર તાત્ત્વિક વિચાર નિરૂપ્યાં છે.

દયારામ શુદ્ધાદ્વૈતનું પ્રરૂપણ કરે છે. શાંકર વેદાંતનું ખંડન કરે છે અને બોધ આપે છે.

*'સેવા સદા શ્રીકૃષ્ણની કરવી, તે જ વાર એક કર્મ,*
*જન દયા પ્રીતમ જગન્નાથજી, વધા મોટો ધર્મ'*

'ભક્તિપોષણ'માં ભક્તિની મીમાંસા મુખ્ય છે. ૧૦૧ ચંદ્રાવળાની રચના છે. પ્રેમરૂપા ભક્તિની શ્રેષ્ઠતા દર્શાવાઈ છે.

*ગરબીઓ :*

દયારામની ઉત્કૃષ્ટ કવિતા એની ઊર્મિપ્રધાન પદકવિતા છે. પદો અને ગરબીઓમાં તેનું કવિત્વ ઉત્તમ આવિષ્કાર પામ્યું છે. પદો દાસ–ભક્તિનાં છે. ગરબીઓ પ્રેમ–ભક્તિની છે. પ્રેમભક્તિનું આકંઠ પાન કરાવતી ગરબીઓ તેના સકળ સર્જનનો શિરમોર છે. એ ગુજરાતની ગીત, નૃત્ય અને વાદ્ય સાથેની સામૂહિક સુગેય નૃત્યક્ષમ ઊર્મિકવિતા છે. કવિ નાનાલાલે તેને ગુજરાતનાં 'સાચ્ચાં લિરિકસ' અને 'નાજુક કાવ્યફૂલડાં' કહીને પ્રશંસી છે. વિજયરાય વૈદ્ય એને 'સુધારસની પ્યાલીઓ' કહે છે.

ગરબીઓ એ પ્રેમરસની કવિતા છે. 'श्रसो वैसः' શ્રી કૃષ્ણ આરાધ્ય દેવ છે. 'आत्मा वै राधिका' એવી રાધા આરાધક દેવી છે. ગોપીઓ છંદની 1ચાઓ છે. જે રાસ છે તે જીવ, જગત અને પરબ્રહ્મના અદ્વૈતનો ચેતન રાસ છે. રાધા–કૃષ્ણ–ગોપીનું મિલન એટલે આત્મા (જીવ) પરમાત્મા (બ્રહ્મ) નું અદ્વૈત. આ કૃષ્ણની કૃપા વિના ન બની શકે. દયારામ કહે છે,

*'જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે'*

* * *

*'દયા પ્રીતમ શ્રી ગોવર્ધનધર પ્રેમભક્તિને વરે'*

માટે શ્રી કૃષ્ણની ભક્તિ અનન્ય ભાવે કરવી.

*'એક વર્યો ગોપીજનવલ્લભ, નહિ સ્વામી બીજો'*

એવી અનન્ય નિષ્ઠા અને સંપૂર્ણ પ્રપત્તિ જોઈએ.

દયારામની સઘળી કૃતિઓનો વિષય છે શ્રીકૃષ્ણ અને તેમની પ્રેમભક્તિ. સઘળી રચનાઓ જાણે 'કેશવમ્ પ્રતિ ગચ્છતિ' છે. મધુરાભક્તિના મધુર રસથી દયારામની ગરબીની ગોરસીઓ છલકે છે. દયારામનું કવન એટલે જાણે વૃંદાવન. એમાં શ્રીકૃષ્ણ, રાધા, ગોપીઓ, ગોપી, ગાયો, વાંસળીના ભક્તિશૃંગારનો રાસ રચ્યો છે. નરસિંહે જે રસ ગાયો તેને સવિલાસ દયારામ ગાય છે અને તેનાથી ય ચડિયાતી સરસ, સુંદર, કલાત્મક અને સંગીતાત્મક ઊર્મિકવિતાનું દાન કરે છે.

દયારામ પ્રેમનો કવિ છે, પ્રેમની વાણી વદે છે. પ્રેમની વકીલાત પણ કરે છે. નરસિંહે કહ્યું હતું કે 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે' તેમ દયારામ પણ કહે છેઃ

*'શું જાણે વ્યાકરણી,*
*વસ્તુને શું જાણે વ્યાકરણી?'*

પ્રેમભક્તિ તો અનુભૂતિનો વિષય છે. ઓધવ જેવા શુષ્ક જ્ઞાની જયારે શ્રીકૃષ્ણ તો સર્વત્ર છે, માટે ગોકુળ ન આવે તોય ચલાવી લેવાની શીખ ગોપીઓને આપે છે, ત્યારે દયારામની ગોપીઓ શું કહે છે ?

*'તમારા તો હરિ સઘળે રે, અમારા તો એક સ્થળે,*
*તમો રીઝો ચાંદરણે રે, અમો રીઝું ચંદ્ર મળ્યે'*

બસ, અમારે તો કૃષ્ણચંદ્ર જ જોઈએ એવો દઢ આગ્રહ છે.

એ માટે તો તે વૈકુંઠને ય જવા દેવા તૈયાર છે. 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે' (નરસિંહ), તેમ દયારામની ગોપી કહે છે,

*'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિ આવું.*
*ત્યાં મુજ નંદકુંવર કયાંથી લાવું?... વ્રજ'*

આ વ્રજ–વૃંદાવન એ દયારામનું જીવન કવન છે.

દયારામે 'પ્રેમપરીક્ષા' અને 'પ્રેમરસગીતા' માં પ્રણયની મીમાંસા કરી છે. શેલી, કીટ્સ, બાયરન યાદ આવી જાય એવી પ્રેમની કવિતા અને મીમાંસા છે. એથી જ તો દયારામને 'ગુજરાતનો બાયરન' કહેવામાં આવે છે.

જેવો ભાવ કે વિષય એવું સ્વરૂપ સ્વીકાર્યુ છે અને શોભાવ્યું છે. શરણાગત દીન–દાસભાવનાં પદો શાંત રસનાં ને ભક્તિ રસનાં છે, તો ઉત્કટ ભક્તિશૃંગાર ગરબીઓમાં ઉતર્યો છે. તેણે ગરબી, ગરબા, રાસ, તિથિ, વાર, માસ, 1તુ કાવ્ય, લીલાકાવ્ય, પારણું–હાલરડું, ભજન, કીર્તન, થાળ, આરતી, કાફી વગેરે પ્રચલિત કાવ્યસ્વરૂપોમાં તેની કવિત્વની દ્યુતિ દાખવી છે. એનાં ઊર્મિકાવ્યો સુગેય અને સંગીતમઢયાં છે, તેથી સ્ત્રી–પુરુષોમાં ખૂબ પ્રિય નીવડયાં છે. ગુજરાત યુગોથી તેની ગરબી પર નાચ્યું છે.

નાજુક ભાવનું વસ્તુ, ચાતુરીયુકત ઉક્તિ, ચાતુરી અને માધુરીનો સંવાદ, ઉમંગ ઉછળતો ઉપાડ, કયારેક પ્રસંગોર્મિ, કયારેક ચિંતનોર્મિ, મોટે ભાગે ભાવ–ઊર્મિ જ, અને સુગેય, સુ–નૃત્ય, ગતિશીલ ગીતરચના, શૃંગારનો ઉછાળ, હળવો વિનોદ, વ્યંજનાની સૂક્ષ્મતા, સ–રસ સુંવાળી શબ્દશય્યા, કલ્પનાની ચમત્કૃતિ અને તે સર્વમાં ગુજરાતની સંસ્કૃતિ અને ભાષાસમૃદ્ધિની સુવાસ એ તેની ગરબીની લાક્ષણિકતાઓ છે. દયારામ દયારામ છે તે તેની ગરબીઓને કારણે જ. નરસિંહની ધીટતા અને મીરાંની મૃદુતા ઊભય એકી સાથે પ્રકટે છે દયારામમાં 'દયારામ ગુજરાતની ગોપી છે' તે તેની ગરબીઓને દીધેલો શિરપાવ છે.

દયારામની ગરબીઓનો વિષય તો એક જ છે અને તે શ્રીકૃષ્ણની પ્રેમભક્તિ, પણ એ પ્રેમભક્તિનાં કેવાં કેવાં રૂપ પ્રગટ થયાં છે ? સંભોગશૃંગાર અને વિપ્રલંભ શૃંગારના સઘળા ભાવોને દયારામે ગાયા છે. સંભોગનું ગાન વિશેષ છે, વિયોગનું ઓછું. શૃંગારનાં એકે એક તત્ત્વનો પરિચય આપતો હોય તેમ દષ્ટાંતરૂપ કાવ્યો આપે છે. મુગ્ધતા, ઉત્કટતા, ઝંખના, માન, રીસ, વ્યાકુળતા, આશા, નિરાશા, ઉલ્લાસ, વિલાસ, ઈર્ષ્યા, અસૂયા, માનભંગ, પ્રણયભંગ, હાસ્ય, કટાક્ષ, આનંદ, અસંતોષ, દાઝ, કેલિ, કલહ, દૂતકર્મ, રતિક્રીડા, પ્રતીક્ષા, પ્રેમની પીડા, પ્રેમની પ્રસન્નતા વગેરે પ્રેમભક્તિના ભાવોની

સૃષ્ટિ સર્જી છે. ગોપીભાવ છે ને દીનભાવ પણ છે. રાધા, કૃષ્ણ, ગોપી, વાંસળીની મર્યાદિત પાત્રસૃષ્ટિનો અમર્યાદ રાસ છે. એમાં ગોપજીવનનો આનંદ છલકે છે.

શ્રી કૃષ્ણનાં વિવિધ સ્વરૂપનાં દર્શન તે પુષ્ટિમાર્ગનો મુખ્ય વિષય છે. શ્રી કૃષ્ણનાં વિવિધ સ્વરૂપ દયારામ વર્ણવે છે.

'માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે રે' જેવું બાળસ્વરૂપ કાવ્ય છે. એમાં વાત્સલ્યભાવનું હાલરડું છે.

તો, શ્રીકૃષ્ણના સુંદરસ્વરૂપનું વર્ણન કરતાં ગાય છે :

*'કિયે ઠામે મોહિની ન ભાળી,*
*મોહનજીમાં કિયે ઠામે મોહિન ન ભાળી ?'*

તે શ્રીકૃષ્ણનું વિશ્વરૂપ પણ દર્શાવે છે.

*'સર્વના શિરોમણિ શ્રીનાથજી રે'*

રાધાનું સૌન્દર્ય પણ કેવુ સુંદર વર્ણવ્યું છે ?

*'ગરબે રમવાને ગોરી નીસર્યા રે લોલ'*

* * *

*'રાધે, રૂપાળી રસીલી તારી આંખડી જો'*

* * *

*'ચાલ ચપળા બૃખુભાન–દુલારી,*
*તને તારો કહાન બોલાવે,*
*તને ઘનશ્યામ બોલાવે,*
*પ્યારી રાધે'*

કવિએ રાધિકાનાં સ્વપ્ન, મિથ્યા લગ્ન, બાર માસ, મનામણાંના વાર, રિસામણાં વગેરે કાવ્યોમાં રાધાનું રૂપાળું ને રસીલું સ્વરૂપ વર્ણવ્યું છે.

દયારામનાં ગોપીગીત એથી ય સુંદર છે. તેમાં યૌવન અને સૌન્દર્યની, પ્રેમ અને ભક્તિની રંગદર્શી કવિતાનો વૈભવ છે.

મુગ્ધ ગોપી કહે છે,

*'હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું?*
*વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું....'*

શ્રી કૃષ્ણના પ્રેમની ઘેલછામાં ગાય છે,

*'ઘેલી મુને કીધી શ્રી નંદજીના છૈયે'*

* * *

*'તેં તો કાંઈ કીધું રે, કાનુડા!*
*ચિત્ત ચોરી લીધું રે કાનુડા!*

એટલે બિચારી ગોપી માતાને જઈને પ્રગલ્ભપણે કહે છે,

*'નંદનો કુંવર પરણાવ,*
*રે હો માડી, મને નંદનો કુંવર પરણાવ'*

કાનુડાનાં કામણ ગાતાં થાકતી નથી

*'કાનુડો કામણગારો રે,*
*સાહેલી, આ તો કાનુડો કામણગારો રે'*
*રંગ રાતો, મદ માતો, વાંસલડીમાં ગીત ગાતો,*
*નયણાં શું કરે વાતો રે,*
*સાહેલી, આ તો કાનુડો કામણગારો રે'*

કેવુ સુંદર ચિત્ર ! કેવી સુંદર પદાવલિ ! અને કેવું સરસ સંગીત ?

ગોપી બિહારીલાલને રસ્તા વચ્ચે ઊભા રાખી દિલની વાત કહે છે :

*'ઊભા હો તો કહું વાતડી, બિહારીલાલ !*
*તમે માટે ગાળી છે મેં જાતડી, બિહારીલાલ !'*

ખુલ્લા શબ્દોમાં કૃષ્ણને ગોપી નિમંત્રણ આપે છે :

*'રમીશું રાતડી રે, આવજો અલબેલાજી ઘેર,*
*રાખીશું દીવડો રે, માણીશું મનમાની મોજ'*

પણ કૃષ્ણ આવતા જ નથી, તો ગોપી રીસે ભરાય છેઃ

*'શ્યામ રંગ સમીપે ન જાવું,*

*'મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું'*

એવો નિયમ લે છે. પણ પલકે ય ટકતો નથી.

સુંદર એવી ગોપીને કૃષ્ણ 'શશીવદના' કહે છે તેથી ખોટું લાગે છે. જુઓ કલ્પનાઃ

*'હાવાં હું સખી, નહિ બોલું રે, નંદકુંવરની સંગે,*

*મુને શશીવદની કહી છે ત્યારની દાઝ લાગી છે અંગે'*

મને ચંદ્રમુખી કહો છો, તો 'ચંદ્રથી લો સુખ માણી રે' એવો છણકો કરે છે.

કૃષ્ણ ચતુર છે પણ ગોપીના પ્રેમને પરિતોષ આપતા નથી, તેથી અન્યની પાસે જતા કૃષ્ણને ટકોરે છે :

*'દયાના પ્રીતમ ઘણા કહાવો ચતુર, પણ*

*પરખો ના એરંડો કે શેલડી,*

*છબીલા, કહ્યું માને તમારું તે ઘેલડી'*

ગોપીને વાંસલડીની ઈર્ષ્યા છે, કેમ કે તે કૃષ્ણના મુખ પર રમ્યા કરે છે :

'ઓ વાંસલડી, વેરણ થઈ લાગી રે વ્રજની નારને'

બહુવલ્લભ કૃષ્ણની ઊલટ તપાસનાં ગીત પણ સરસ છે. ગોપી કૃષ્ણને પૂછે છેઃ

*'રાતલડી કેની સંગે જાગ્યા?*

*ઘાયલ છો જી, નેનબાણ કેઈનાં વાગ્યાં?'*

*'રંગીલા રંગભેર કયાંરમી આવ્યા? લાલ,*

*કોની માળા ચોરી લાવ્યા?'*

ગોપી મહેણું પણ કટાક્ષથી મારે છે

*'પરદુઃખે જાગ્યા છો, પિયુજી, પર–ઉપકારી!*

*શો હું પાડ માનું, જે સંતોષી શોકય મારી!'*

છેલ્લે નિશ્વાસ મૂકે છે,

*'જોઈને આ સુખ ઉર હરખ ન સમાયે,*

*પણ ભાગ્ય ઓછું, માટે જોવા નહિ જિવાયે!'*

કૃષ્ણ પણ રાધાને—ગોપીને અનુનય કરે છે :

*'કેવી વહાલી છે તું, કહેતાં આવડતું નથી રે,*
*વાણી કાળજડાને હોય તો તે કહે કથી રે'*

અહો ! દયારામના કાળજડાને પણ કંઈ વાણી ફૂટી છે!

ભક્તિશૃંગારની રચનામાં દયારામ પનઘટના રાસ રચે છે, તો જમનાજીના ઘાટ ગાય છે.

*'રોકયો પનઘટ રસિયા રાજ,*
*પાણીડાં કેમ ભરીએ?'*

* * *

*'આઠ કુવા ને નવ વાવડી રે, લોલ,*
*સોળ સેં પનીહારીની હાર,*
*હાવાંનહિ જાઉં જલ જીલવા રે લોલ'*

* * *

*'મારગડો મૂકોને મોહનલાલજી'*

* * *

*'મુજને અડશો મા,*
*આઘા રહો અલબેલા છેલા, અડશો મા'*

એમાં ભારે ચતુરાઈ છે : રંગઅદલાબદલીનો ચતુર તર્ક કરીને બબ્બે વાર સ્પર્શવાની વાત કરી છે.

બંસીબટના ચોકમાં ઉંઘાડો શૃંગાર ખેલાય છે. કૃષ્ણ તોબા ખત લખાવે છે.

*અલ્લડ નાયિકા પણ નોતરાં આપે છે :*

*'માણીગર, આવો,*
*'મારે મ્હોલે માણીગર આવો.*
*ઘણા દિવસથી ગવાઉ છું જૂઠી,*
*તે આજ લહીએ લ્હાવો.*

* * *

*'આવોને મારે ઘેર માણવા, હોજી રાજ,*

*આવોને મારે ઘેર માણવા'*

*પ્રેમરસ પ્યાલો પીવા ને પાવા,*

*જોબન તૂરીને પલાણવા.*

*પડતી રાતે પધારજો પ્રીતમ,*

*કોઈ બેઠું છે ન જાણવા.....'*

દયારામ આવા ઉઘાડા શૃંગાર માટે નિંદાયો છે.

*'સાંભળ રે તું, સજની મારી,*

*રજની કયાં રમી આવી જી?*

– માં સખી નાયિકાની સરતપાસ કરે છે. એ ઉત્તમ શૃંગારકાવ્ય છે :

ગોપી કૃષ્ણના સાંનિધ્યને માટે ચંદ્રને પણ કહે છે,

*'ચાંદલિયા રે, ચાલીશ મા અતિ ઉતાવળો,*

*વહાણું વાયાની કરજે બે ઘડી વાર જો'*

ગોપી પ્રેમની પીડા ગાય છે :

*'પ્રેમની પીડા તે કોને કહીએ,*

*રે હો મધુકર, પ્રેમની પીડા.*

*થાતાં ન જાણી પ્રીત, જાતાં પ્રાણ જાયે,*

*હાથમાં કર્યા તે વાગ્યાં હૈયે'*

'કાળજ કોર્યુ તે કોને કહિયે?' એવી ફરિયાદ કરે છે. તેને 'પ્રીતડીની રીત અતિ અટપટી' સમજાતી નથી, તેને 'અંગ અંગ લાગી લ્હાય' અને 'રોમે રોમ વીંછી વળગિયા'

ગોકુળ ગયેલા કૃષ્ણને ગોપી સંદેશ મોકલે છે :

*'હાવાં તો હદ થઈ છે, નાથ, કે ગોકુળ આવીએ રે લોલ'*

કેમ કે, કૃષ્ણે પાછું કુબ્જા સાથે લગ્ન કર્યુ છે. ઓધવજી દ્વારા ઠપકો સંભળાવે છે :

*'તારું ચંપે ચિત્ત ચોટયું નહિ,*

*પેલા ઐડુસામાં મન ઠર્યું'*

કુબ્જાની વાત જાણીને કાળજું કપાઈ જાય છે. સંદેશો મોકલાવે છે : ઉપર હરખ ને કટાક્ષ છેઃ

*'મધુવ્રત, કહેજો રે મોહનને એટલું,*

*સુણ્યું તે દિવસનો હરખ ન માય,*

*ભાગ્ય મોટું કન્યા પામ્યા કંસની કિંકરી,*

*પૂર્ણ પુણ્ય વિના એવુ કોને ન થાય?'*

મજાક આગળ ચાલે છે :

*'એ શું વહાલે રે અમને ન લખી કંકોતરી?*

*રે ભલું એક નામ વસ્યાનો વહેવાર'*

પણ અંતે વેદના છલકાઈ જાય છે :

*'દયાપ્રભુને કરવો ઘટે અમારે ચાંદલો,*

*તે મોકલવાને પ્રાણ કર્યા છે તૈયાર!'*

આ છે દયારામની રાસચમત્કૃતિ. અહીં દયારામે આડો આંક વાળી દીધો છે. વિપ્રલંબ શૃંગારની વેદનાને શી વાચા આપી છે!

દયારામની આવી ગરબીઓ રાધા જેવી રસીલી અને રૂપાળી છે, ગોપી જેવી મસ્તીખોર અને મનહર છે. લલિતા જેવી લલિત છે અને વાંકાબોલાં સત્યભામા જેવી વક્રોકિયુકત છે. એમાં કુબ્જા જેવી ગ્રામ્ય ભાષાનું પણ કૃષ્ણના પ્રેમથી શોભી ઊઠેલું સૌન્દર્ય છે.

દયારામનાં ઉત્તરાવસ્થાનાં દાસભાવનાં પદોમાં પેલા ભક્તિશૃંગારની મસ્તી ને ભરતી શમી જાય છે. શાન્ત ભાવ પ્રકટે છે. કલાપીનું હૃદય જેમ સનમનાં ગાનમાંથી સાક્ષાત્ પ્રભુના ગીત તરફ વળે છે એમ દયારામ પણ ભક્તિશૃંગારમાંથી શાન્ત રસની ભક્તિ તરફ વળે છે. જીવનના અંતે 'દાસ દયો' પ્રાર્થે છે.

*'અઘરો દિવસ એક આવશે, અલબેલા શ્રીજી,*

*ત્યાં સુધ લેજો મારી, અલબેલા શ્રીજી'*

કૃષ્ણ ભગવાનને યાચના કરે છે :

*'મારે અંત સમય અલબેલા, મુજને મૂકશો મા.*

*મારા મદનમોહનજી ઘેલા, અવસર ચૂકશો મા'*

કૃષ્ણને હકપૂર્વક કહે છે :

*'કૃપાસિંધુ કહાવો રે, કૃપા મને કયમ ના કરો?'*

શરણાગત ભાવ પ્રકટ થાય છે :

*'જેવો તેવો તમ શરણે આવ્યો, શ્યામ, સંભારી લેજો રે'*

* * *

*'હરિ, જેવો તેવો હું દાસ તમારો,*

કૃષ્ણ કવિતા કરી છે. ભક્તિશૃંગાર ગાયો છે, તો ભક્તિશૃંગારની ઉત્કટતા અને ઉત્કૃષ્ટતા દાખવી છે અને શાંત ભક્તિ છે ત્યાં શરણાગતિ અને ઉદ્ધારની પ્રાર્થના છે. સ્મરણ–નિરૂપણ સતત કૃષ્ણનું !!

અંતે દયારામ પોતાના મનને કહી દે છે :

*'મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી*

*મુલક ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી'*

અને તેની સમૃદ્ધ રસકવિતાનો વારસો મૂકી ચાલ્યો જાય છે.

દયારામની આવી દાસભાવની કવિતામાં પુષ્ટિમાર્ગીય પ્રભુકૃપાયાચનાનો પ્રપત્તિભાવ, પશ્ચાતાપ, નિર્મળ અંતરની આર્તતા, એકરાર, અનન્યનિષ્ઠતા, પ્રભુ સાથે એકાકાર થવાની તાલાવેલી અંતરની સીધી અભિવ્યક્તિરૂપે વ્યક્ત થયાં છે.

આમ કૃષ્ણ ભાવભક્તિની કવિતાની પરાકાષ્ઠા દયારામમાં અનુભવાય છે. દયારામ એટલે નરસિંહ, મીરાં, રણછોડ અને રાજેનો સરવાળો, કોઈનીય નહિ, અને એક દયારામની ભક્તિકવિતા વાંચો તો સમગ્ર મધ્યકાલીન ભક્તિકવિતાનો સુભગ પરિચય થઈ જાય. નરસિંહ પ્રેમભક્તિનો આદ્ય કવિ, રણછોડ ઉત્તર ભક્તિયુગનો

પ્રસ્થાનકાર, તો દયારામ ભક્તિયુગ અને મધ્યયુગનો અંતિમ સમર્થ કવિ. દયારામનાં ભક્તિનાં પદોની લીલોતરીથી આપણી આંખો ઠરે છે.

*ચતુર્ભુજ : (સોળમી સદી)*

આ સદીમાં થઈ ગયેલા કવિઓ પૈકી રાધા–કૃષ્ણનો શૃંગાર આલેખનારા કવિઓમાં મીરાં પછી ચતુર્ભુજનું સ્થાન આવે છે. તેનું ગોપીઓનો કૃષ્ણપ્રેમ વર્ણવતું "ભ્રમરગીતા" નામનું કાવ્ય મધ્યકાલીન ગુજરાતી કવિતાનું સંભવતઃ પહેલુ સ્વતંત્ર "ભ્રમરગીતા" કાવ્ય છે. જેમાં આવતા પ્રસંગનું મૂળ ભાગવતના દશમસ્કંધના અધ્યાય ૪૬–૪૭માં રહેલું છે. ઉદ્ધવનો, નંદજશોદા તથા ગોપીઓને જ્ઞાનોપદેશ તથા તેઓના પ્રત્યાઘાત દ્વારા જ્ઞાનમાર્ગે કરતાં ભક્તિમાર્ગનું ચડિયાતાપણું અને કોઈ કાવ્યમાં ગોપીઓ ભ્રમરને શ્રીકૃષ્ણનો દૂત સમજે છે. તો કોઈ કાવ્યમાં શ્રીકૃષ્ણનું ભ્રમરરૂપ સમજે છે અને ભ્રમરને મિશે કૃષ્ણને અન્યોક્તિ વચનો કહે છે : આટલી બાબતો કવિના રસનું કેન્દ્ર બનેલી જણાય છે. કૃષ્ણવિરહથી ગોપીઓના હૃદયનો સંતાપ જે "વાહલુ, વિદેસિ જઈ રહિઉ, અમ્હેં મ્હેલ્યાં ગોકુલમાંહિ" પંક્તિમાં અસરકારક રીતે રજૂ થાય છે તે તથા ઉદ્ધવના વેદાંત તત્ત્વજ્ઞાન દ્વારા ગોપીઓને સાંત્વન આપવાના પ્રયત્નમાં તથા ગોપીઓના,

*"ચાલસિ અમ્હારિ ભગતિ પાખઈ, અમ્હનઈ કો કિહી કૃષ્ણ દાખિ,*
*જ્ઞાન કહિઉ, તહમે તે ન લહીઈ, જાંણીઈ હરિ ગલિ લાગી રહીઈ"*

ઈ. પ્રેમભક્તિયુક્ત પ્રત્યુતરમાં અને ભ્રમરપ્રસંગના નિરૂપણમાં કવિ ચતુર્ભુજની કરુણરસનું અસરકારક આલેખન કરવાની અને રસપ્રવાહમાં ભાવકને ખેંચવાની તેની શક્તિનાંદર્શન થાય છે.

**નાકર : (ઈ.સ. સોળમી સદી) :** ની "ભ્રમરગીતા" દુર્ભાગ્યે આપણને પૂર્ણરૂપમાં મળતી નથી. તેની જે હસ્તપ્રત ઉપલબ્ધ થયેલી છે તે જ અધૂરી છે. ગોપીઓ ભ્રમરને વિશે કૃષ્ણને ઉપાલંભો આપવા શરૂ કરે છે. તેની અધવચ જ આ કાવ્ય અધૂરું રહી જાય છે. કાંતો નાકર આ કાવ્ય પૂરું કરી શકવા ન પામ્યો હોય અથવા લહિયાને હાથે કે અન્ય કોઈ કારણસર આ કાવ્ય અધૂરું ઉતારાવા પામ્યું હોય એવી સંભાવના કરવાની રહે

છે. નાકરની આ કૃતિ ભાગવતના ઉદ્ધવ–ગોપી સંવાદને અનુસરીને લખાયેલી છે તેમાં ઉદ્ધવનું વ્રજગમન, કૃષ્ણ વિનાના વ્રજનું સૂનાપણું, કૃષ્ણ વિના ઝૂરતી ગોપીઓની વિરહવ્યથા, ભ્રમરનું આગમન, ભ્રમરને વિશે ગોપીઓની અન્યોક્તિઓ ઈ. પ્રસંગોનું ભાવવાહી આલેખન થયેલું છે. કૃષ્ણની બાલક્રીડાઓને સંભારતી ગોપીઓની કૃષ્ણપ્રીતિ અને કૃષ્ણવિરહની વેદનાનું એકી સાથે ઉપસતું ચિત્ર જુઓ,

*"પાલવ સાહાતુ પૂઠિ ધાતુ દહી ય ખાતુ દમતુ,*

*વનિ જાતુ વંશ વાતુ રંગિ રાતુ...."*

કૃષ્ણ વિનાનું વ્રજ ચંદ્ર વિનાની રાત્રિ જેવું છે એમ કહી નાકરેતેનું સુંદર અલંકાર શોભન ચિત્ર અંકિત કર્યુ છે. જુઓ,

*"ગોકુલ એહવુ શોભીયે રે, દિવા ન ઉગ્યું ભાણ,*

*નિશા કેહેવી શોભીયે આવી તિથિ અમાસ"*

કાવ્ય અધૂરૂં હોવાથી, ઉદ્ધવનો ગોપીઓને જ્ઞાનોપદેશ અને ગોપીઓના પ્રત્યુતરમાંથી સ્ફુટ થતી જ્ઞાનમાર્ગની નિરર્થકતા અને ભક્તિમાર્ગની સર્વોપરિતા, જે આ ભ્રમર કાવ્યોનું કેન્દ્ર છે, તે અહીં અનુપલબ્ધ રહે છે. તેમ છતાં ભાગવતના મૂળ કથાપ્રસંગના ભાવમાધુર્યને યથાતથ ઝીલતા અને મધુર ઊર્મિગીતોનું સ્મરણ કરાવતાં આ કાવ્યનાં પદો ઉપરથી નાકરની કવિપ્રતિભાનો પરિચય મળી રહે છે.

**કેશવદાસ : (ઈ.સ. ૧૫૩૬ માં હયાત)**

ભાગવતના દશમસ્કંની કથાને ૪૦ સર્ગોમાં અને કુલ ૭૦૦૦ પંક્તિઓમાં તેમના "કૃષ્ણક્રીડા" નામના કાવ્યમાં વર્ણવે છે આ કાવ્યની ભાષા–શૈલી ઉપરથી તેના કવિનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ જણાઈ આવે છે. આ કાવ્યના ૧૦મા સર્ગમાં વસ્ત્રહરણલીલા, ૧૩મા સર્ગમાં રાસક્રીડા, ૧૬મા સર્ગમાં કૃષ્ણનું મથુરાગમન અને ૨૦ મા સર્ગમાં ઉદ્ધવસંદેશના પ્રસંગો કવિએ સંક્ષિપ્ત પણ સચોટ શૈલીમાં આલેખ્યા છે. જુઓ વસ્ત્રહરણલીલામાં ગોપીઓની શરમ જન્ય ધ્રૂજારી અને વસ્ત્રો માટે દીન યાચના :

*"થર થર ધ્રૂજે ભીંજે અંગ : "અંબર આપો શ્રી શ્રીરંગ"*

(સર્ગ : ૧૦, કડી :૪૭)

રાસક્રીડામાં "ગંગાપ્રવાહપુર" ની જેમ ધસમસતી જતી "મતંગમત્ત ગમની" ગોપીઓની કામોત્તેજના રંભન, ચુંબન અને નખાગ્રાતમાં કેવી પરિણમે છે તે જુઓ,

*"નારી બાહુ પ્રસાર રંભણ કરી, ચુંબન્ન લીયે વલી,*
*નાના નર્મ નખાગ્રપાત સ્તનનેં, કામે હવી આકુલી"*

(સર્ગ : ૧૩, શ્લોક : ૧૭)

અને નીચેની પંક્તિઓમાં કવિ કેશવદાસ રાસનૃત્યનું ગીત, વાદ્ય અને નૃત્યના તાલ સાથે ચાલતી શૃંગારક્રીડાનું ગતિશીલ સ્વર ચિત્ર આપે છે :

*"વાજે નૂપુર કિંકિણી વલયયુક્ ગૌરાંગી ગોપી તણી*
*સોહે મધ્ય મુરારિ મરકત યશો હેમાંગ માંહે મણિ"* (સર્ગ : ૧૩, કડી : ૪૯)
*પાદંન્યાસ, વિલાસ હાસ્ય મુખનૂં, તે ધન્ય વેળા વળી,*
*હાલે જે કુચ વસ્ત્ર કુંડલ કરી, વર્ષા જતી વીજળી*
*ગાએ એક અનેક ઉચ્ચ સ્વરશૂં, નામે બહુ બાલિકા,*
*તેનું ગીત ચરિત્રવ્યાપ્ત સઘળે, દેતી વને તાલિકા"* (સર્ગ : ૧૩, કડી : ૫૦)

તદુપરાંત ઉદ્ધવસંદેશના પ્રસંગમાં મથુરા જતા કૃષ્ણને જોઈ ગોપીઓને લાગેલો મર્માઘાત, કૃષ્ણને મથુરા ન જવા વિનવતી ગોપીઓની આર્જવતાની ઉક્તિઓ, કૃષ્ણવિરહે ઝૂરતી ગોપીઓનો, પાણી વિના ઝૂરતી માછલીઓ જેવો તરફડાટ ઈ. પ્રસંગોનું કરુણમધુર આલેખન કેશવદાસે કર્યુ છે. જુઓ, ગોપીઓની આર્જવભરી ઉક્તિ :

*"સુનો મેરે સૈયા, યાદવ, રૈયા, ગોકુલ રહીયે, લાગૂં પૈયાં"*

(સર્ગ : ૧૬, શ્લોક ૪૫)

કવિ કેશવદાસે આ કાવ્યમા રસને બરોબર જાળવયો છે અને ભાગવતના શ્લોકોનો ભાવ બરાબર સમજી લઈ તેને સાંગોપાંગ પોતાની કૃતિમાં ઊતાર્યો છે. શ્રી કે.કા.શાસ્ત્રીએ તેની આ કૃતિને ભાલણના દશમસ્કંધ કરતાં ચડિયાતી અને પ્રેમાનંદના દશમસ્કંધ કરતા કોઈ કોઈ સ્થળે ચડિયાતી ગણી છે. તો શ્રી અંબાલાલ જાનીએ આ કાવ્યને માત્ર પ્રેમાનંદના દશમસ્કંધ કરતાં કાવ્યશક્તિ અને વર્ણનવિશદતા આદિમાં કંઈક ઉતરતું

ગણાવી બાકીના કવિઓની કૃતિઓની સરખામણીમાં તેને નિઃસંદેહ રીતે ઊંચા બરનું ગણ્યું છે.

**કવિ વાસણદાસ** (ઈ.સ. ૧૫૪૪ માંહયાત) નાં કેવળ રસદષ્ટિએ આલેખાયેલાં બે કાવ્યો : "હરિચુઆક્ષરા" અને "કૃષ્ણવૃંદાવન–રાધારાસ" મળે છે જેમાંના પહેલામાં વસંત1તુમાં કૃષ્ણની ગોપીઓ સાથેની શૃંગારક્રીડા અને બીજામાં કૃષ્ણની રાધા સાથેની શૃંગારક્રીડા પરંપરાગત શૈલીમાં વર્ણવાયેલી છે.

**ભીમ (બીજો)** (ઈ.સ. સોળમા શતકના ઉત્તરાર્ધમાં હયાત)

"સરસગીતા" "રસિકગીતા" "ઉદ્ધવગીતા" કે "ભીમગીતા" નામે ઓળખાતા નાના ભ્રમરગીતમાં તેણે ભાગવતના દશમસ્કંધમાંનો ઉદ્ધવના વ્રજગમનનો પ્રસંગ મધુર વાણીમાં આપ્યો છે. પ્રસ્તુત કાવ્યમાં જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગનું ચડિયાતાપણું પુરોગામીઓ કરતાં કંઈક વધુ અસરકારક અને પ્રબળપણે કવિ ભીમે ગોપીમુખે વ્યક્ત કર્યુ છે. તે જુઓ. જ્ઞાનશીખામણ આપતા ઉદ્ધવને ગોપીઓ કહે છે કે અમે તો કામના મહારસને ભજનારીઓ છીએ. હાથી ઉપર સવારી કરનારાં અમે, ગધેડા ઉપર ન બેસીએ.

*"કેમ ખર–કંધ ચઢું રે, ગજથી ઉતરી!* (કડી : ૪૦)

*"તજી કોઈ સુખ સજયા રે, સૂવે મસાણમાં?"* (કડી : ૪૨)

*"જેને ઠકરાત હોએ રે, તેને નવ ભીખવું;*
*ઉદ્ધવજી ! પ્રેમ લક્ષણ રે, આવે નહીં શીખવ્યું"* (કડી : ૪૯)

કવિ ભીમની આ કૃતિ કાવ્ય દષ્ટિએ તથા ભક્તિભાવની અભિવ્યક્તિની દષ્ટિએ ઊંચી કોટિની છે. આ એક જ રચનાથી કવિ ભીમ પ્રેમલક્ષણાભક્તિના કવિઓમાં નોંધપાત્ર સ્થાનનો અધિકારી ઠરે છે.

**બ્રેહેદેવ (ઈ.સ. ૧૫૫૩ માં હયાત)** ની ભ્રમરગીતા ખૂબ જ લોકપ્રિય કાવ્ય છે. તેમાં તેણે કડવાંની વચ્ચે વચ્ચે ભાવવાહી પદો પણ ગૂંથ્યાં છે. જેમાં,

"મન હરિ વ્રંદાવન તેડયાં, પછઈ મેહેલ્યાં એકલાં" (કડવું : ૬) માં ગોપીઓની કૃષ્ણ વિરહવેદના.

"મુઝ અડિસમાં, તું રહેની અલગઉ, જા તૂ આવ્યઉ જાંહાં રથકી" (કડવું : ૯) માં ગોપીઓનો ભ્રમરને ઉપાલંભ

"જે રંગ બિઠા ચોલના, તે દેહિ સાથિથી જશિ ! (કડવું : ૨૧) અને" દિન દિન પ્રીત બની માધોસુ, તિલ કૌઆ ધન ખૂટે, અબ નિજ ગાંઠ બની માધોસુ, તે તૂટે નવ છૂટે" (પદઃ૭)માં ઉદ્ધવના જ્ઞાનોપદેશના ઉત્તરમાં ગોપીઓનો પ્રેમભક્તિયુકત પ્રતિભાવ અને ઉદ્ધવના "એ ગોપિકાનું પ્રેમ કિહિવા, શેષ તાં સમરથ નહીં" (કડવું : ૩૯) વચનમાં સૂચવાતી ભક્તિની સર્વોપરિતા, ઈત્યાદિ પ્રસંગોને કવિત્વયુકત ભાષા–શૈલીમાં વર્ણવતી સોળમી સદીના છેલ્લા નોંધપાત્ર કવિ બ્રેહેદેવની ૪૦ કડવામાં રચાયેલી આ કૃતિ મધ્યકાલીન ગુજરાતી કવિતાનું એક ઉત્તમ ભ્રમરગીત છે.

સતરમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા કવિ વૈકુંઠદાસનું "રાસલીલા" નામનુ ૩૯ પદોનું એક સ્વતંત્ર કાવ્ય મળે છે જેમાં ભાગવતાનુસારી રાસક્રીડાના પ્રસંગને કવિએ અલંકારયુકત અને વેગવાન શૈલીમાં આલેખ્યો છે. જુઓ,

*"લોલ કુંડલ ગલ્લમંડલ, વસન કુચ પર ફરહરે*
*સ્વેદકણિકા વદન ઉપર, શિથિલ કબરી શોભતી"* (પદ : ૩૨)

અને"કર્ણનાં કુંડલ ઝલકેંઈ, વદન સોભેંઈ ષેદશૂં.
*વાજેં નેપૂર કંકણીરવ, નાચતી હોવે ભેદશૂ"* (પદઃ ૩૪)

કામી કૃષ્ણના પ્રણયોપચાર જુઓ,

*"નાચી ગીરધર નારી સાથ શું, ચાંપી ચતુરાનેં નિજ બાથસૂં,*
*કુચ મર્દન કરે કોમલ હાથસૂં, એલી પેરે'ઈ ક્રીડે કામની નાથ સૂં"*

મુખ્યત્વે રસદષ્ટિએ આલેખાયેલા અને એકધારો રસપ્રવાહ સાચવતા આ કાવ્યને શ્રી ભોગીલાલ સાંડેસરાએ નાના પણ છટાદાર કાવ્ય તરીકે ઓળખાવ્યું છે તે યથાર્થ છે.

કવિ દેવીદાસના "રાસપંચાધ્યાયી" માં ગોપીઓ અને કૃષ્ણના રાસનું પરંપાનુસારી વર્ણન છે.જુઓ, કામિનીઓ સાથે કૃષ્ણની રંગપૂર્વકની રમતઃ

*"થેઈ થેઈ થેઈ થેઈ થેઈ કરે, મોહન મદન મોરાર,*
*શ્યામા અંગ સોહામણી, શ્યામ સુહાવે અનંત"*

અન્ય કવિઓમાં ભાગવતના દશમસ્કંધને અને ભાગવતની સમગ્ર કથાને અનુક્રમે ગુજરાતીમાં ઉતારનાર કવિ લક્ષ્મીદાસ અને કવિ સંત, ભાગવતના દશમસ્કંધનો અધ્યાયવાર છતાં સ્વતંત્ર પદબંધ રચનાર કવિ માધવદાસ, ભાગવતના દશમા અને અગિયારમા સ્કંધ ઉપરથી "હરિરસ" નામનું કૃષ્ણ કાવ્ય રચનાર કવિ પરમાણંદ, કૃષ્ણવિરહનાં છુટક પદો રચનાર કવિ હરિરામ, "સુરતરસ રંગભર અંગ સંગમ વિના કામજવર–જવાલ કો કેમ નાસે !" જેવી રૂપકમય કાવ્યમનોહર પંક્તિઓ આપનાર અને કાવ્યશાસનની દષ્ટિએ નવેનવ રસના આલેખનથી શોભતા રાધા–કૃષ્ણ વિહારના, શબ્દાલંકાર અને અર્થાલંકારયુકત "નવરસ" કાવ્યનો સર્જક કવિ નારાયણ, રાધા–કૃષ્ણ શૃંગાર સંબંધી થોડીક કડીઓને સમાવતા "શ્રી ગોકુલની શોભા" નામના કૃષ્ણસ્તુતિના ધોળ કાવ્યના રચયિતા કવિ ભગવાન, ભક્તિનું સ્વરૂપ અને ખાસ કરીને પુષ્ટિમાર્ગની વિવિધપ્રક્રિયાને શાસ્ત્રીયપદ્ધતિએ વર્ણવતા "સાર સિદ્ધાંત" ગ્રંથનો રચયિતા કવિ શંકરજનસેવક, ભ્રમરકાવ્યની પરંપરાને અનુસરતુ "ગોપી ઉદ્ધવ સંવાદ" ભક્તિનું સ્વરૂપ, ભક્તનાં લક્ષણો ઈ. ને વર્ણવતું અનુવાદ કાવ્ય "ભક્તિમંજરી" અને કૃષ્ણસ્તુતિ અને ભક્તિમાહાત્મ્યને વર્ણવતું "હરિલીલામૃત" કાવ્ય આપનાર, ભક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર અખાનો સમકાલીન જ્ઞાની કવિ નરહરિ અને "બુદ્ધિવહુને શીખામણ" નામના ધોળ કાવ્યમાં"ભક્તિરૂપી વાળી" અને "મુક્તિરૂપી ચુનીઓ" નાં રૂપકો પ્રયોજનાર તથા "રાસલીલાં" અને "કૃષ્ણભક્તિ" જેવાં કાવ્યોનો રચનાર અખાનો સમકાલીન વેદાંતી પણ ભક્તિમાં શ્રદ્ધા ધરાવનાર કવિ ગોપાલ ઈત્યાદિ આ સદીના ઉલ્લેખપાત્ર કવિઓ છે.

## વિશ્વનાથ જાની (ઈ.સ. ૧૬૫૨ માં હયાત)

પંદરમી સદીમાં થઈ ગયેલા ભાલણનું સ્મરણ કરાવનાર, પાટણનો શ્રી વિશ્વનાથ જાની, સતરમી સદીના તેજસ્વી કવિઓમાં સ્થાન પામે છે. ભક્તિક્ષેત્રે તેનું અર્પણ ચિરંજીવ યશનું અધિકારી રહ્યું છે. તેનાં "પ્રેમપચીસી" અને "ચાતુરીચાલીસી" નામનાં પ્રેમભક્તિનું નિરૂપણ કરતાં કાવ્યોએ સતરમી સદીના સાહિત્યપ્રવાહમાં દીપકનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

પ્રેમપચીસી : એ તેનું ભાગવતના કથાનક ઉપરથી, કડવાં જેવાં પચીસ પદોમાં રચાયેલું ભાલણનાં તદવિષયક પદોનું સ્મરણ કરાવતું ઉદ્ધવસંદેશનું કાવ્ય છે, જે તેની મૌલિક કવિપ્રતિભાનો પરિચય પણ પૂરો પાડે છે. ભ્રમરના પાત્ર વિનાની આ કૃતિમાં વિશ્વનાથે નંદ–જશોદાની કૃષ્ણઝંખના, કૃષ્ણ વિરહે ઝૂરતી ગોપીઓના કૃષ્ણ પ્રત્યે દર્દભર્યા પ્રેમકટાક્ષો, ઉદ્ધવને પણ પ્રેમમાર્ગની સર્વોપરિતાનો થયેલો અનુભવ ઈત્યાદિ પ્રસંગોને મર્મસ્પર્શી કરુણરસમાં આલેખ્યાં છે. જુઓ ઉદ્ધવ સમક્ષ વ્યક્તથતી જશોદાની કૃષ્ણઝંખના :

*"એકવાર જો આવે ઉદ્ધવ, એકવાર જો આવે.*

*મુખ જોઈ મનડાને ઠારું "માડી" કહી બોલાવે* (પદ : ૧૫) તથા

એક ગોપીએ રોઈ પડીને ઉચ્ચારેલા

*"નંદકુંઅરજી, કોહોની, શેં નવ્ય આવ્યા?"* (પદ : ૧૭) તથા

*"રાજભોગ એ રસિક કુંઅરને મથુરાં રૂડા લાગ્યા"* (પદ : ૧૭) તથા

*"મથુરાંની મહેલાની તોલે કયમ આવે ભરુઆડી !"* (પદ : ૧૭)

ઈત્યાદિ અને ગોપીઓએ કૃષ્ણ અને કૂબડીના જોડાની કરેલી મશ્કરીના ઉદ્‌ગારોમાંથી હાસ્યકટાક્ષની સપાટી નીચે વહેતા તેમના વિરહદર્દની અનુભૂતિ આપણને થાય છે.

*"દીપકમેં પાવક બસે, પાવક–દીપક એક,*

*તેસે તુમમેં હરિ બસે, સમઝો કરી બિબેક"* (પદ : ૧૮) ઈત્યાદિ રૂપકગર્ભ વચનો દ્વારા ગોપીઓને જ્ઞાન–શીખામણ આપતા ઉદ્ધવને ગોપીઓ

"દીપ ન જાણે પતંગ તણી વ્યથા" (પદ : ૧૯) જેમાં સચોટ દષ્ટાંત યુકત વચનોથી, પ્રેમભક્તિની પ્રબળતા અને અનન્યતાનું ભાન કરાવી વિચાર કરતા કરી મૂકે છે. જુઓ,

*"મનમાં રહા વિમાસે ઉદ્ધવ, મનમાં રહા વિમાસે,*

*વૈકુંઠથી વિશેષે લીલા, ઘેર ઘેર ગોકુલ ભાસે"* (પદ : ૨૨) પરિણામે

"હરિવદનીથી હાર્યો" જેવા ઉદ્‌ગારો કાઢતા ઉદ્ધવ મુખે કવિ વિશ્વનાથ જાનીએ પ્રેમભક્તિના મહિમાનું જે ગાન કરાવ્યું છે તે ખરેખર હૃદયસ્પર્શી છે. હૃદયની અનુભૂતિ

વિના આવું અસરકારક નિરૂપણ સંભવિત નથી. જુઓ ગોપીઓના કૃષ્ણપ્રેમથી અભિભૂત થયેલા ઉદ્ધવના સહજસ્ફૂર્ત હૃદયોદગારો : "અને કેવો તેમનો પ્રેમ ! હું તો હરિના સેવકનો પણ સેવક ! છતાં વ્રજવાસીઓ મારા પ્રત્યે આટલો બધો સ્નેહ રાખે છે. તો કૃષ્ણ પ્રત્યેનો એમનો સ્નેહ કેટલો બધો હશે! એની તો કલ્પના પણ શી રીતે કરવી ! ગોપીઓનાં મધુરવચનોને અમૃતની ઉપમા આપીએ તો પણ ઓછી છે. ખરેખર, જગતમાં જેને વાસુદેવ વહાલા છે તે જ વૈષ્ણવ છે. ભોળી ભરવાડણના દર્શનથી મારા હૃદયની ભ્રમણા ભાગી છે. મોહનજી ! જો મને વરદાન આપો તો હું તો અહીંયાં જ વસવાનું માગી લઉં ! મને તો ગોપી, ગોપ, ગ્વાલ અને ગોકુળની લાલસા લાગી છે. સ્વર્ગ મૃત્યુ પાતાળમાંઆ લોકો (વ્રજવાસીઓ) ના જેવો કોઈ પ્રેમી જોયો સાંભળ્યો નથી" (પદ : ૨૨)

નંદ–જશોદા કેન્દ્રી આ કાવ્યમાં નંદ–જશોદાનાં, ગોપ–ગોપીઓનાં અને ઉદ્ધવનાં આ હૃદયસ્પર્શી વચનો એ કવિ વિશ્વનાથ જાનીની કવિત્વ શક્તિની અને ભાવાભિવ્યક્તિની સિદ્ધિ છે. પ્રેમભક્તિની સર્વોપરિતાને અનુભવનારો કવિ લખે છે કે ઉદ્ધધવને હવે ખાતરી થઈ ગઈ છે કે "પ્રેમ વિના પુરુષોત્તમ ન મળે " પ્રસ્તુતકાવ્યના અંતિમ પ્રસંગમાં ગોપીઓ કૃષ્ણને ગોકુળ આવવાનો સંદેશ મોકલે છે તેમાં તેમના કૃષ્ણાનુરાગની ચિરંજીવિતા રહેલી અનુભવાય છે. જુઓ, ગોપીઓના શબ્દોઃ

*'ચઢયો રંગ કયમ ઉતરે!'* (પદ : ૨૩)

વિશ્વનાથ જાનીની "ચાતુરીચાલીસી" નામની એક અન્ય રચનાની હસ્તપ્રત પણ ઉપલબ્ધ થઈ છે. તેમાં તેણે નરસિંહ મહેતાની "ચાતુરીઓ" ને અનુસરીને ભક્તિના માધુર્ય રૂપને અર્થાત્ ભક્તિશૃંગારને ગાવાનો ઉપક્રમ રાખ્યો છે. પ્રેમપચીસીમાં ભક્તિનું વત્સલરૂપ પ્રધાન રહ્યું છે. તો ચાતુરી ચાલીસીમાં ભક્તિનું પ્રણયશૃંગાર સ્વરૂપ મુખ્ય રહ્યું છે. આ કાવ્યમાં કવિએ ગોપીનો ઉત્કટ કૃષ્ણપ્રેમ, અસૂયા, ઉપાલંભ, વિરહ અને મિલનની જુદી જુદી ભાવઅવસ્થાઓને ચાલીસ પદોમાં આકાર આપ્યો છે. કાવ્યનો આરંભ કૃષ્ણના વિરહમાં ઝૂરતી ગોપીઓનાં વચનોથી થાય છે. દૂતી પાસેથી ગોપીની વિરહવ્યથાની વાત સાંભળી કૃષ્ણની આંખ ભીની થઈ જાય છે. જુઓ, "વચન સુણી વિનતા તણાં, હરને નેણ ભરાણાં નીર રે" (પદ : ૫) પછી કવિ રતિભાવનો ઉપચય

સાધતાં ગતિશીલ ચિત્રો એક પછી એક ઉપસાવે છે અને અઢારમાં પદમાં સંભોગશૃંગારના નિરૂપણમાં પરાકોટિએ પહોંચે છે :

*"વીઠલને ઉર એહવી વલગી, એકે અંગ ન દીસે અલગી"* (પદ : ૧૮)

વિશ્વનાથ જાનીને વિવેચકોએ મુખ્યત્વે વત્સલરસનો ઉત્તમ કવિ કહ્યો છે પરંતુ આ બંને કૃતિઓના અધ્યયન ઉપરથી જણાય છે કે શૃંગારના નિરૂપણમાં પણ કવિએ તેની ઉત્તમ કવિત્વ શક્તિનાં દર્શન કરાવ્યાં છે. તેની આ કૃતિઓમાં કાવ્યરસ અને કૃષ્ણ ભક્તિરસ બંને અનુભવાય છે.

*અખો : (ઈ.સ. ૧૫૯૧ અથવા ૧૬૧૫–૧૬૭૪)*

મધ્યકાલીન ગુજરાતમાં થઈ ગયેલા મુખ્યત્વે તત્ત્વદર્શી કવિઓ તરીકે જાણીતા થયેલાઓમાં, અખો સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. તેનું વ્યક્તિત્વ મુખ્યત્વે કટાક્ષપ્રિય તત્ત્વદર્શી કવિનું રહ્યું છે. તેણે અજ્ઞાનવશ વ્યક્તિઓ દ્વારા થતી મૂર્તિપૂજા, હરિનામજપ, તીર્થાટન, કથાશ્રવણ ઈત્યાદિ ઉપર અને તત્કાલીન ધર્મ–સંપ્રદાયો ઉપર કડક ટીકા કરી છે અને ભક્તિનો પણ મહિમા ગાયો છે. તે વેદાંતી તત્ત્વદર્શી અને નિર્ગુણતત્ત્વરૂપનો ઉપાસક છે. પણ એના હૃદયના ઊંડા વૈષ્ણવ સંસ્કારો એની કવિતામાં અવશ્ય જણાય છે. હૃદયથી વૈષ્ણવ હોવા છતાં ઢોંગી અને કપટી વૈષ્ણવોનો તે કડક ટીકાકાર બન્યો છે.

"અખેગીતા","છપ્પા" તથા છૂટક પદોમાં તેણે ભક્તિ કે પ્રેમભક્તિ સંબંધી પોતાના અનુભૂતિજન્ય હૃદયોદ્‌ગારો પ્રગટ કર્યા છે.તદ્‌ઉપરાંત "ઝુલણા" નામની હિંદી રચનામાં પણ નિર્ગુણકેન્દ્રી પ્રેમભક્તિનો અપાર મહિમા ગાયો છે. અખાએ ગોપીઓ તથા કૃષ્ણની પ્રણયક્રીડાનુંઆલેખન કરતાં પદો તથા ગોપીભાવે ગાયેલાં નિર્ગુણ શૃંગારભક્તિનાં હિંદી, ગુજરાતી તેમજ હિંદી છાંટવાળી ગુજરાતીમાં સચોટ અભિવ્યક્તિ સાધતાં પદો પણ લખ્યાં છે.

અખેગીતા : જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનો સમન્વય સાધતી કૃતિ છે. તેમાં તેણે ભક્તિને એક એવી પંખિણી કહી છે કે જેને જ્ઞાન અને વૈરાગ્યરૂપી બે પાંખો છે : "ભાઈ ભક્તિ જેવી પંખણી, જેહેને જ્ઞાનવૈરાગ્ય બેપાંખ છે" (કડવું: ૧૦) ભક્તિ સાથે જ્ઞાનઅને

વૈરાગ્યને તેણે અત્યંતઆવશ્યક ગણ્યાં છે. તો "ચિદાકાશમાં તેહ જ ઉડે,જેહેને સદ્‌ગુરુ રૂપણી આંખ છે" (કઃ ૧૦)માં તેણે સદ્‌ગુરુની અનિવાર્યતા બતાવી છે. "હરિ જાણ્યે થકે ભક્તિ થાયે, તે (જ) ભક્તિ જણો ખરી" (ક : ૧૦) માં અખાએ, માત્ર લોકોને દેખાડવાની નહીં પરંતુ હરિને જાણવાની તીવ્ર ઈચ્છાથી જે ભક્તિ થાય તેને જ સાચી ભક્તિ ગણી છે.સાચા ભક્તનાં લક્ષણો ગણાવતાં તે કહે છે કે સાચો ભક્ત પોતાની જાતમાં અને બહાર સર્વત્ર પરમાત્માને જ જુએ છે.કારણ કે વૈરાગ્યથી તેની દષ્ટિનો મોહ અને માયાનાં આવરણો દૂર થઈ ગયેલાં હોય છે. અખો કહે છે કે સાચો ભક્ત "નિત્ય રાસનારાયણને દેખે" છે. ગદ્‌ગદ્‌ કંઠે નારાયણની સ્તુતિ ગાતાં તે થાકતો નથી અને તેનાં ગાત્રો રોમાંચિત થાય છે, તેની આંખોમાંથી હરખનાં આંસુ ટપકે છે. તેના હૃદયમાં હેત અને આંખમાં અમૃત ભરેલું છે. તે ખાતાં, પીતાં, બોલતાં સઘળે રામને જ જુએ છે. તેનું મન હરિના સ્મરણથી બંધાયેલું રહે છે. તેથી સાંસારિક કાર્યોમાં શિથિલતા આવી જાય છે. તેનં હૃદય નવનીત જેવું કોમળ હોય છે,જુઓ, "નવનીત સરખું હૃદે કોમલ, કહ્યું ન જાએ હેત" (ક : ૧૧) આ કડવાને અંતે અખો, ભક્તને જાર લુબ્ધ જુવતી" જેવો કહે છે. જેનું મન હંમેશા તેના પ્રિયતમમાંજ અનુરકત રહેતું હોય છે. આ દષ્ટાંત ઉપરથી સ્પષ્ટ થાય છે કે અખો ભાગવત અને પુષ્ટિસંપ્રદાયમાં વર્ણવેલી જારભાવયુકત પ્રેમભક્તિને પણ સ્વીકારનારો છે.ડ

અખાએ તેના છપ્પાઓમાં પણ છુટા છવાયા ભક્તિવિષયક ઉદ્‌ગારો વ્યક્તકર્યા છે. આ છપ્પાઓમાં અખો સગુણભક્તિની ટીકા કરે છે. તે કહે છે કે સગુણભક્તિ તો માત્ર દેખાડવાની મોતીની ઘૂઘરી જેવી છે. તેનાથી અંતઃકરણના તાપ શમતા નથી : "સગુણભક્તિ મોતી ઘૂઘરી... અંતરતાપ ક્ષુધા નવ શમે" (છપ્પો : ૩૦૫) ભક્તિમાર્ગમાં પણ જ્ઞાનનું મહત્ત્વ સમજાવતાં તે કહે છે કે ભક્તે પ્રથમ ભગવાનનું સાચું સ્વરૂપ સમજી લેવાનું અને ત્યારપછી ભગવાનને ભજવાના છે. ભગવાનને સમજયા વિના અજ્ઞાનવશ તેને ભજનાર તાંદળા છોડી ફોતરાં ફાકે છે :

*"ભક્ત તો જો પ્રીછી ભજે,નહિ તો ફોતરાં ફાકે ને તાંદુલ તજે"* (છ : ૧૮૯)

ભક્તે સમર્પણભાવે ભગવાનને ભજવાનો છે :

*"ભક્ત યથારથ જે કોઈ હોય, આત્મા સહિત સમર્પે સોય"* (છ : ૭૧૧)

અખો સ્પષ્ટ કહે છે કે ભક્તિ કરવા પાછળ ભક્તનો કોઈ સ્વાર્થી હેતુ ન હોવો જોઈએ "નિરાશી" ભક્તિથી જ સિદ્ધિ મળે છે :

*"નિરાશી ભક્તિ જે કોઈ કરે, તેનું સેજે કારજ સરે"* (છ : ૬૮૦)

અખાએ ગોપીભાવભરી ભક્તિ કરવાનું પણ કહ્યું છે. જ્ઞાની અને ગોપીને કક્ષામાં મુકતા કહે છે કે જ્ઞાની પણ ગોપીભાવ જ અનુભવતો હોય છે :

*"જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જેને ગોપીની દશા"* (છ : ૬૯૫)

વળી તે કહે છે કે ગોપીભાવવાળી ભક્તિ કરવાથી બીજી બધી જ માથાકૂટમાંથી બચી જવાય છે. યોગ, ધ્યાન વગેરે ટળી જાય છે, વિધિ–નિષેધ, સંકલ્પ–વિકલ્પ બધું બાજુએ રહી જાય છે અને ઉરમાં સીધો પ્રેમાનંદ પ્રગટે જેનો સુધારસ ગોકુળનું પ્રમદાવૃંદ પીએ છે :

*"પ્રગટયો ઉરમાં પ્રેમાનંદ, પિયુ સુધારસ પ્રમદાવૃંદ"* (છ : ૬૯૬)

અખાના સમયમાં જ્ઞાનમાર્ગની નિંદા પ્રગટરૂપમાં તો કવચિત ભક્તિમાર્ગની અવહેલના થતી હતી તે અખાના ધ્યાન બહાર ન હતું. અખો એ બંને તિમોને "જુઠ્ઠા" (અજ્ઞાની) કહે છે ને સ્પષ્ટતાકરે છે અને પૂછે છે કે ભક્તિમાર્ગી સર્વત્ર હરિમય દેખે છે અને જ્ઞાનમાર્ગી સર્વત્ર અવ્યક્તને જ અનુભવે છે. જો બંનેનું મન પોતપોતાના પરમાત્મામાં જ પરોવાયેલું રહે તો કોણ કોની નિંદા કરે ?

"હરિમય સર્વ દેખે તે ભક્ત, જ્ઞાનીઆપે છે અવ્યક્ત :
એમ અહર્નિશ મન જો વેધ્યુ રહે, તો કોણ નિંદે ને કેને કહે!" (છ : ૪૫૬)

પ્રભુ પ્રાપ્તિ માટે ગાન અને ભક્તિ બંનેની આવશ્યકતા સ્વીકારતો અખો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ત્રણેને એકજ કહે છે :

"ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય,પદાર્થ એક ત્રણ નામ વિભાગ" (છ : ૪૫૩)

અખાની આ વાણી ઉપનિષદ વિચારણાનું જ અંગ હોવા છતાં તેની પાછળ તેની હૈયા સૂઝ અને અનુભૂતિનું બળ રહેલું દેખાઈ આવે છે. તેનું ભક્તિ વિવેચન તેના

પુરોગામી ગુજરાતી ભક્તકવિઓના તદ્‌વિષયક ઉદ્‌ગારોથી સહેજ જુદું પડી નિર્ગુણમતવાદી કબીરને વધુ મળતું આવે છે.

**ભક્તિશૃંગારનાં પદો :** માં અખાએ રાધા–કૃષ્ણના પ્રતીકને પ્રયોજ્યું છે તો કવચિત્ સ્વયં ગોપીભાવે પણ પ્રભુપ્રેમ વ્યક્ત કર્યો છે. અખાનાં ભક્તિશૃંગારનાં પદોમાં, પરમાત્માના સાકાર સ્વરૂપનો પાર રહેલું તેનું નિરાકાર સ્વરૂપ જ કેન્દ્ર બનીને રહેલું જણાય છે. અખાએ ભગવંતની ભક્તિને પ્રેમદા પદ્મિની કહી છે :

*"ભક્તિ ભગવંતની પદ્મિની પ્રેમદા*
*(સહુ) લોકમાંસુંદરી તે જ શોભે"*

અને શ્રીહરિને પ્રેમથી પ્રાપ્ત કરવાની વાત ઉપર ખૂબ ભાર મૂકેલો છે. તેના એક પદમાં એક સખી બીજી સખીને કહે છે કે માયાનું સુખ મિથ્યા છે, માટે તું એને છોડી દે અને પૂર્ણ હરિરસ પ્રેમપૂર્વક પીઃ

*"પૂર્ણ હરિરસ પ્રેમે પીજે"*

રાધાકૃષ્ણનો શૃંગાર અખાએ બહુ જ અછડતો, સંક્ષિપ્ત અને સૂત્રાત્મક ઢબે જ આલેખ્યો છે. એક પદમાં તે વર્ણવે છે તે મુજબ સંકેત સ્થાને શ્રીહરિ ઘસમસતા જઈ ગોપિકાપૂયને મળ્યા. સહુ સુંદરીઓ સમસ્યા સાનમાં સમજી ગઈ. પછી શ્રીહરિ "કુસુમના કુંજમાં કેલિ" કરવા લાગ્યા, કમળના ઉર ઉપર ઝળૂંબી રહેલા ભ્રમરના દૃષ્ટાંત દ્વારા કામકેલિનું ચિતહર દૃશ્ય અખાએ આપ્યું છે :

*"ભુજદંડ ભીડતો હવો ભામિની ભાગ્યનિધિ,*
*વારિજે વળુંધિઓ અલિ જ ઉરે"*

અખાએ તેના સમયમાં પ્રચલિત હિંદી છાંટવાળી ગુજરાતીમાં પણ ભક્તિ શૃંગારનાં ઘણાં પદો રચ્યાં છે, જેમાંથી તેના પ્રભુમિલનના આનંદની ઉત્કટ અભિવ્યક્તિ અને કવિત્વચમક જણાઈ આવે છે. આમાંના કેટલાક પદોમાં નાયિકાપદે ગોપી છે કેટલાંકમાં ગોપીભાવ અનુભવતો અખો સ્વયં પ્રિયતમા સ્વરૂપે છે :

અંતઃકરણમાં પ્રભુનો પ્રકાશ પડતાં જ અજ્ઞાનઅંધકાર દૂર થઈ જાય છે. અખો આ અનુભૂતિને સખીમુખે વર્ણવે છે. એક સખી તેની બીજી સખીને કહે છે :

*મનેમારા પ્રિયતમે :*

*"પાયા પ્રેમકા પ્યાલા રે,*

*તબ નૌખંડ ભયા ઉજાલા રે"*

હે પિયુ તુ તો મારો નયનરમ્ય સાથી અને મસ્ત મદઝરતો હાથી છે :

*"મેરા નેન સલૂણા સાથી રે,*

*મેરા મલપતા મદગલ હાથી રે.*

*પિયુ પલ પલ તુજ પર વારી રે,*

*તેરી બાત મુઝીકો પ્યારી રે"*

પ્રભુનો સાક્ષાત્કાર પામેલો ભક્ત, પોતાને બહુ ઊંચી કક્ષાએ જઈ પહોંચેલો અનુભવે છે. અખો તેની આ અનુભૂતિને નીચેની પંક્તિઓમાં પ્રગટ કરે છે :

*"સબ સહીઊં મેં મેં રાની રે*

*જબ લાલનકી ઠકરાની રે"*

અખાનો આનંદાનુભવ અહીં કેવો મહોરી ઊઠયો છે તે જુઓ, આનંદ મદમસ્તા ગોપીના પ્રતીકમાં :

"હુંતો મલપતી ચાલે ચાલું છું અને મનની મોજ પ્રમાણે મહાલું છું કારણ કે :

*"મલપતડી હું ચાલું રે,*

*મનમોજે હું મહાલું રે.*

*મુજ કામિનકા તું કામી રે"*

*છે કોઈ એવી સોહાગણનારી ! જે,*

*"પિયુકી રુખમેં ચાલી રે,*

*સો પાવે લાલનકી લાલી રે"*

આજ મેઘ દૂધધારે વરસી રહ્યો છે, કારણ કે :

*"આજ દૂધે વૂઠયા મેહા રે.*

*પ્રેમ કરી પિયુ આયા રે"*

છોકરીઓ હોય તે ઢીંગલીઓ સાથે રમે. સાચી સોહાગણ તો તેના કંથ સાથે હંમેશા જોડાયેલી રહે છે :

*"છોકરીઆં ઢીંગલીઆં ખેલે !*
*સાચી સોહાગન કંથ ન મેલે"*

અખાનાં ગુજરાતી તેમજ હિન્દી બંને પ્રકારનાં પ્રેમલક્ષણાભક્તિનાં પદોમાં તેની વેદાંતી અદ્વૈત વિચારસરણીની મુદ્રા અંકિત થયેલી છે. તેનાં પદોની નાયિકા સખી, પ્રેમભક્તિની ઉપાસક હોવાની સાથે સાથે વેદાંતી તત્ત્વદષ્ટિવાળી પણ છે. લગભગ દરેક પદના અંતિમ ભાગમાં આત્મા (સખી) અને પરમાત્મા (પ્રિયતમ) નો અદ્વૈતભાવ તેણે ગૂંથી લીધો છે. જુઓ, પદોની નાયિકા સખીના વેદાંતી ઉદ્‌ગારો :

*"મનડા એક હુવા પ્રીતમ સેં"*
*"પામી મ્હારું નિજરૂપ નિજાનંદ"*
*"હું દેખું તો પિયુ મુજ માંહા રે*
*મૈં પ્રિતમ નહીં જૂઆ રે"*
*"હું તો નાહીં ! તું હી સાંઈ રે,*
*મેં તો તેરીઉછાંહી રે"*
*"જબ તુંહિ મીલ્યા મુજમાં હા રે,*
*અબ તુંહિ હૈ ! હૂં નાહાંરે"*

કયાં ઉદ્ધવની જ્ઞાન–શિખામણ સાંભળવા છતાં આંખોમાંથી આંસુ ન સુકાવા દેતી, અખાના પુરોગામી શૃંગારભક્ત કવિઓની કૃષ્ણવિરહિણી ગોપી અને કયાં આત્માના અણુએ અણુમાં પરમાત્માને જ અનુભવતી સદૈવ આનંદોન્મતા એવી અખાનાં પદોની નાયિકા સખી ગોપી! અને તેથી જ સગુણોપાસક પુરોગામી ભક્તકવિઓથી તત્ત્વોપાસક અખો તદન નોખો તરી આવે છે, પ્રેમલક્ષણાભક્તિનાંપદો આપતો હોવા છતાં !

*પ્રેમાનંદ : (ઈ.સ. ૧૬૩૬–૧૭૩૪)*

પ્રેમાનંદનું કવિત્વ મુખ્યત્વે આખ્યાનકારનું છે. તેણે તેનાં આખ્યાનોમાં આવતા ભક્તોના જીવનના ચમત્કારિક પ્રસંગો દ્વારા ભક્તિમાહાત્મ્ય દર્શાવ્યયું છે તથા ગોપીઓના પ્રેમ અને વિરહના ભાવો પણ વર્ણવ્યા છે. તે પરલક્ષી કવિ છે અને તેનો હેતુ મુખ્યત્વે રસસર્જનનો આખ્યાનકથા સાભિનય ગાઈ સંભળાવવાનો છે. સમગ્ર મધ્યકાળના પ્રતિભાવંત અને આખ્યાનશિરોમણી, રસસિદ્ધ કવિ પ્રેમાંદના વિપુલ કાવ્યસર્જન પૈકી તેના નાના અને મોટા "દશમસ્કંધ" માં ઉદ્ધવસંદેશનો પ્રસંગ તેણે આલેખ્યો છે તથા આજ વિષય ઉપર "ભ્રમરપચીસી" નામનું એક સ્વતંત્ર કાવ્ય પણ તેણે રચ્યું છે. તદુપરાંત "દાણલીલા" અને "રાધિકા વિરહના દ્વાદશ માસ" પણ લખ્યાં છે.

પ્રેમાનંદે તેના "દશમસ્કંધ" માં વસ્ત્રહરણલીલા, રાસલીલા અને ઉદ્ધવગોપી સંવાદ દ્વારા ગોપીઓ અને કૃષ્ણનો પરસ્પર પ્રેમ તથા ગોપીઓના વિરહનું કાવ્યોચિત સવિસ્તૃત નિરૂપણ કર્યુ છે. તેમાં તેનું લક્ષ્ય માનવસ્વભાવ નિરૂપણ અને કાવ્ય ચમત્કૃતિ પર સવિશેષ મંડાયેલું જણાઈ આવે છે. વસ્ત્રહરણના પ્રસંગમાં ઈચ્છિત વર પામવા કાત્યાયની વ્રત કરતી અનેનિર્વસ્ત્ર બની જળમાં નહાતી ગોપીઓના મનોભાવને પ્રેમાનંદે કુશળતાથીએક જ પંક્તિમાં અભિવ્યક્ત કરી દીધો છે :

*"મન માધવ ચરણેમગ્ન, નારી નાહે જળમાં નગ્ન"* (કડવું : ૬૪)

રાસક્રીડામાં ગોપીઓનો કામાવેગ, કૃષ્ણનો કામોન્માદ અને રાસક્રીડાના નૃત્યનું સુંદર અલંકારયુકત વર્ણન પ્રેમાનંદ કુશળતાથી આપે છે :

*"વ્રજનાર મોરાર રમે રાસ રંગે,*
*હરિ શામળો, ગોપીકા ગારઅંતે"* (ક : ૯૩)
*"હરિ હાથિયો ઉન્મત મદ ઝરતો,*
*શું કમલિનીમાં નથી નાગ ફરતો!"*
*"ગ્રહી બાંહે ગોપી તણા સ્કંધ મોડે,*
*થઈ આકળો કંચુકી બંધ છોડે"* (ક : ૯૪)

"દશમસ્કંધ"માંના "ભ્રમરગીતા"માં અને સ્વતંત્ર કાવ્ય તરીકે રચેલા ભ્રમરપચીસી" માં પ્રેમાનંદે કૃષ્ણવિરહે ઝૂરતાં નંદ–જશોદા તથા ગોપીઓની હૃદયવ્યથા, ઉદ્ધવને જોતાં નંદ–જશોદા અને ગોપીઓના મનમાં કૃષ્ણના સમાચાર જાણવા જાગી ઊઠેલી ઉત્કંઠા, ઉદ્ધવનો જ્ઞાનોપદેશ, ગોપીઓનો પ્રેમની પરાકાષ્ઠા દર્શાવતો પ્રત્યુત્ત, કૃષ્ણની બાલક્રીડાઓને સંભારતાં તેમની આંખોમાંથી ઝરતાં આંસુ, ગોપીઓએ કરેલી કૃષ્ણ–કુબડીના જોડાની મશ્કરી, અને અંતે બતાવાતી ભક્તિમાર્ગની અનન્યતા ઈત્યાદિનું કાવ્યસુભગ અને રસપૂર્ણ ચિત્રાંકન પ્રેમાનંદે આપ્યું છે, જુઓ, ગોપીમુખે વર્ણવાતી ભક્તિની સર્વોપરિતા :

*"અમૃતનો ઘટ મુખ લગી ભરિયો, ઉપર ભરિયે તેવહી જાય,*
*શ્રીકૃષ્ણ ભર્યા છે કંઠ પ્રમાણે, તો કેમ જોગ સમાય?"* (ક :૧૩૦)

અને જુઓ જ્ઞાનમાર્ગની નિંદા :

*"જ્ઞાનસુધા તે વિખને તોલે, હરિ અધરામૃત પીજે રે"* (ક : ૧૩૪)

### *અખંડ રસલહરી પ્રેમાનંદ*

આપણો આ શ્રેષ્ઠ આખ્યાનકાર પદ–કવિ તરીકે પણ કેટલો મોટો છે અને કૃષ્ણવિષયક કવિતા કેવી કરે છે એ તો એની 'ભ્રમરપચીસી' માં આવતી જશોદા માતાની આ ઉક્તિ દ્વારા પણ પ્રતીત થાય છે :

*'માતા જશોદાજી બોલીઆં, ઉદ્ધવ સાંભળો રે,*
*અમો અજ્ઞાનીનાં મંન, કાળો કામળો રે !*
*તેને ચડે ન બીજો રંગ, કે પહેલી શ્યામતા રે,*
*ગુણહિણ ગોવાળિઆ લોક, જ્ઞાન નવી પામતા રે!'*

અને કૃષ્ણનું આવું રઢિયાળું બાળસ્વરૂપ જેણે જોયું હોય તે પણ મા તરીકે! એને જ્ઞાનોપદેશ કેમ કરી સાંત્વના આપી શકે?–

*'ઘુઘરિયાળી ગોફળી, લળકે નાકે મોતી રે,*
*ઠમકે ઠમકે ચાલતો, હું તવ પૂંઠે જોતી રે.*

*રોતાં ખૂંચતી ઘુઘરી, પગની પાનીયે રે,*

*તમે કહો છો બ્રહ્માદિક, અમો નવ માનીએ રે!*

*ત્રણ ત્રિભુવનનો નાથ, ચારે કયમ ગાવડી રે ?*

*પ્રેમાનંદ પ્રભુ શ્રીકૃષ્ણની, હું છું માડી રે!'*

પ્રેમાનંદની આ 'ભ્રમરપચીસી' આગળ હજુયે થોડોક વધારે વિસામો લઈએ! એટલે તો અહીં કટાક્ષ અને હાસ્યમાંયે ગોપીની વેદના જ પ્રકટાવી છે. ગોપી કહે છેઃ "ઉદ્ધવજી, ગામમાં પેસતાં જ કહાનજીને કન્યા મળી ગઈ. પીઠીયે ચોળવી પડી નહીં. અને આ જોડી તો જુઓઃ'

*'વર કાળો ને કન્યા ખોડી લોક હસાવા દીઠી રે!'*

પછી અકળાઈ જઈને એ કહે છે :

*'ઉદ્ધવજી, તમો ગામ પધારો, પૂંઠ મૂકો રે,*

*કુબજાને જઈ જોગઆપો, શંખ ફૂંકો રે!*

પરંતુ, આ અસહ્ય વિરહવેદનામાંથી થોડીક સાંત્વના મેળવવાનો પ્રયત્ન ગોપી કરે છે. ભાગવતમાં તો ન જ હોય એવી, કે એના પુરોગામીઓમાં પણ નથી તેવી, એક વાત એ પ્રેમભક્તિને ગાતાં ગાતાં કીટ ભ્રમર ન્યાયની ઉક્તિઓ દ્વારા રજૂ કરે છે. 'કૃષ્ણરૂપ થાશું કૃષ્ણ સ્મરી...!' જાણે જાતેજ પળવારમનને સમજાવતી હોય એમ ગોપી કહે છે :

*'ભાઈ ગોપીગોવિંદનું એક રૂપ*

*જેમ તાણા માંહે વાણો રે,*

*અમો લહર શામળીઓ સાગર*

*રખે જુજવાં જાણો રે!'*

અહીં છેલ્લી કડીમાં તે આદિ શંકરાચાર્યના ષટ્પદીસ્તોત્રની યાદ આવી જાય છે.

*सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।*

*सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः ।।*

પરંતુ, આ તો હતી જ્ઞાનની પળભરની માયા ! પ્રેમાનંદ ગોપીની ભાવભક્તિને છેહ નથી દેતો. બીજી જ પળે ત્યાર પછીના છેલ્લા પચીસમા પદમાં એ ગોપી પાસે

કહેવડાવે જ છેઃ ભાઈ ગોકુળ સૂનું રે, ભાઈ, ગોકુળ સૂનું રે!.. ગોકુળ સૂનું ને સૂની ગોપી...!!

"રાધિકા વિરહના દ્વાદશ માસ" માં પ્રેમાનંદે પ્રત્યેક માસે કૃષ્ણવિયોગે ઝૂરતી રાધાની હૃદયવેદનાનું તથા પ્રત્યેકમાસની વિશિષ્ટ પ્રકૃતિશોભાનું વિવિધ અને સમુચિત અલંકારો પ્રયોજીને અસરકારક શૈલીમાં કાવ્યમય વર્ણન આપ્યું છે.બાર કે ચૌદ પંક્તિઓના એક એક માસના વર્ણનને અંતે બેબે પંક્તિઓનો "ચોપાયા–ઉથલો" આવે છે તેમાં આગલા વર્ણનનો વધુ અસરકારક સંક્ષેપ તેણે આપ્યો છે. કાવ્ય ચૈત્ર મહિનાથી આરંભાય છે અને ફાગણમહિનાના અંતે રાધા–કૃષ્ણના મધુર મિલનથી સમાપ્ત થાય છે. કાવ્યનો કથા પ્રસંગ કેટલોક કવિ મુખે તો કેટલોક રાધા મુખે વર્ણવાયો છે.

આ કાવ્યમાં પ્રેમાનંદે રાધાની વિરહવ્યથાનું વેધક ચિત્ર આપી પોતાની કવિત્વશક્તિનો ઉત્તમ પરિચય આપ્યો છે. મધ્યકાળમાં રાધા–કૃષ્ણ પ્રણય પસંગ પર કાવ્યો રચવાની જે પરિપાટી બંધાયેલી હતી તે અનુસાર પ્રેમાનંદે પણ આ વિષય ઉપર પોતાની સમર્થ કલમ ચલાવી છે અને ગોપાંગનાઓ અને કૃષ્ણના પ્રણય નિરૂપણની ઉત્તમ કાવ્યકૃતિઓ આપી છે.

અઢારમી સદીમાં થઈ ગયેલા કવિઓ પૈકી પ્રેમાનંદના સમકાલીન અને તેના શિષ્ય મનાતા રત્નેશ્વરે ભાગવત ઉપરથી "દશમસ્કંધ"ની રચના કરેલી છે. વૈષ્ણવધર્મી કૃષ્ણભક્ત કવિ રત્નેશ્વરે "રાધિકા વિરહના દ્વાદશ માસ" પણ લખ્યા છે. તેમાં કૃષ્ણવિરહે ઝૂરતી રાધાની વિરહવ્યથા રજૂ થઈ છે. જુઓ,

*"અબીલ ગુલાલ ઉડે ઘણું, વાગે ચંગ મૃદંગ,*
*વીઠલ પાખે વસંત શો ! દાઝે ઊલટું અંગ"*

તેણે ભક્તિમાર્ગનો ઉપદેશ આપતાં કેટલાંક છૂટાં પદો પણ રચ્યાં છે તેમાં તે જણાવે છે કે મનુષ્યમાત્રને ભક્તિ સિવાય મુક્તિનું બીજું કોઈ સાધન નથી.

રત્નેશ્વર ઉપરાંત એક રત્નો નામનો કવિ પણ થઈ ગયો છે તેણે પણ કૃષ્ણવિરહે ઝૂરતી રાધાની મનોવ્યથાનું નિરૂપણ કરતા "મહિના" લખ્યા છે. કવિ તરીકે રત્નો

રત્નેશ્વર કરતાં ઘણો ચડિયાતો છે. ગુજરાતના ખેડામાં થઈ ગયેલા તે "ખેડાના રત્ન" તરીકે પણ પ્રશંસા પામેલો છે. તેણે આલેખેલું રાધાની મન્મથ પીડાનું ચિત્ર જુઓ :

*"ફાગણ આવ્યો રે, સખી, કેસૂ ફૂલ્યાં રસાલ*
*હદે ન ફૂલી રાધિકા, જેનો ભ્રમર કનૈયોલાલ"*

રત્નાનું નિરૂપણ કાવ્યાત્મક અને હૃદયંગમ છે.

મધ્યકાળમાં થઈ ગયેલા પુરુષોત્તમ નામના બેત્રણ કવિઓ પૈકી ગમે તે એકનું"ભ્રમરગીત" મળે છે. તેનુ કથાવસ્તુ પ્રચલિત ભ્રમરકાવ્યોના કથા–વસ્તુની સરખામણીમાં એક નાના ટુકડા જેવું છે. જેમાં ભ્રમરના આગમનથી થતો કાવ્યનો પ્રારંભ, ભ્રમરને શ્યામના સમાચાર પૂછતી વ્રજનારીઓ, કૃષ્ણ–કુબ્જા વિશે ગોપીઓના કટાક્ષો અને ભ્રમર સમક્ષ ગોપીઓની કૃષ્ણવિરહ વેદનાની અભિવ્યક્તિ આટલા પ્રસંગો છે. કદાચ કાવ્યઅધૂરું પણ હોય. કાવ્ય નિરૂપણ પરંપરાગત છે.

*રણછોડ : (ઈ.સ. ૧૬૮૪–૧૭૬૪)*

કવિ રણછોડભક્તે જ્ઞાન–વૈરાગ્ય ઉપદેશ મૂલક કૃતિઓ અને પદો ઉપરાંત તેના આરાધ્યદેવ શ્રી કૃષ્ણને કેન્દ્રમાં રાખીને પ્રેમલક્ષણાભક્તિની કૃષ્ણજીવન વિષયક અનેક કૃતિઓ અને છૂટક પદો રચ્યાં છે. આવી રચનાઓ પૈકી "વસંતનાં પદ", "શણગારના ધોળ", "દાણનાં પદ", "હિંડોળાનાં પદ" "શ્રી રાધિકાજીની વધાઈ", "રાસનાં પદ", "બારમાસી", "સ્નેહલીલા" "વેણુગીત", "રાધાવિરહ", "રાધિકાના રુસણાની ચાતુરી" અને "રાસ પંચાધ્યાયી" ઈત્યાદિ તથા આવા જ વિષયો ઉપર રચાયેલાં અન્ય છુટક પદોને ગણાવી શકાય.

રણછોડ રામ અને કૃષ્ણમાં કોઈ ભેદ જોતો નથી તે માને છે કે પરમાત્મા પ્રિયતમરૂપ છે તેથી પ્રેમ હોય તો જ પાસે આવે છે : "પ્રેમ વિના પિયુ ન આવે પાસ" તેથી તેણે પ્રેમલક્ષણાભક્તિનો અર્થાત્ "પ્રેમે પૂજયાનો પંથ" ગ્રહણ કર્યો છે. "રણછોડના સ્વામી (શ્રીકૃષ્ણ) રસિક મુગટમણિ" તેને મન તો "હૈડાના હાર", "પ્રાણ–આધાર", "નયનના નયન", "આનંદ કંદ","તેનુહેત" અને"પ્રેમ–સ્નેહી" છે. તેના એક પદમાં તે

વર્ણવે છે કે, વૃંદાવનમાં પ્રેમરસ ઝરે છે. આ રસ દેવો કે બ્રહ્મા કોઈ પામતા નથી પણ વ્રજની નાર તે રસને ઝીલે છે : "તે રસ ઝીલે રે વ્રજની નાર". રાધા અને માધવ બંને આ રસમાં "રસબસ" થઈ ગયાં છે બીજા એક પદમાં યમુનાતીરે કૃષ્ણના આવવાનીરાહ જોતી ઊભેલી સુસજ્જ રંગભીની રાધાના રૂપમાધુર્યનું વર્ણન કવિએ છટાપૂર્વક કર્યુ છે. "ઊભી જુવતી જુમના તીર રાધા રંગભીની" આવી સ્નેહભીની અને રસનીતરતી રાધાનો "રસ પીએ રણછોડદાસ".

"બારમાસી" માં કવિ રણછોડે "નયણે આંસુધાર" "વિરહે જોબનમદ જાય", "સબળ થયો સંતાપ", "વિહવળ ફરે વ્રજનાર", "સૂની સેજ" "વ્રેહે તલસે તન", "નિષ્ફળ ગયા નવ માસ", "પરવશ પડિયો પ્રાણ" ઈત્યાદિ શબ્દો દ્વારા રાધાની વિરહવ્યથાનું અને છેલ્લે કૃષ્ણ આવતા"કામિનીઓના કોડ પૂરણ પૂર્યા રે" જેવી પંક્તિ દ્વારા મિલનના આનંદનુ પરંપરાનુસારી ચિત્ર ઉપસાવ્યું છે.

રણછોડનું કવિત્વ સામાન્ય કક્ષાનું છે અને આખ્યાનાત્મક લાંબી કૃતિઓ કરતાં ઊર્મિપ્રધાન પદ કવિતામાં ઘણે સ્થળે તેના કવિત્વના ચમકારા જણાઈ આવે છે.

પ્રેમાનંદ શિષ્ય સુંદર મેવાડા કરતાં કોઈ જુદા "સુંદર–સુત" કૃત 'દશમસ્કંધ' મળે છે. તેનો રચયિતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ છે. તેની આ રચનામાં આવતા ઉદ્ધવસંદેશના ભ્રમરપ્રસંગમાં ગોપીમુખે બોલાતાં વચનો : 'અમારે તોઅંગ સઘલે રહ્યો કૃષ્ણજી વ્યાપ" અને "હાથથી હીરો હરાવીને, કાચ લીએ કોએ !" માં પ્રેમભક્તિ સ્તુતિ અને જ્ઞાનમાર્ગનિંદાની બંધાતી આવેલી પરિપાટીમાં આ કવિએ પણ પોતાનો સુર પુરાવ્યો છે.

*પ્રીતમ : (ઈ.સ. ૧૭૨૫–૧૭૯૮)*

જ્ઞાની ભક્ત કવિ છે. તેણે અધ્યાત્મ વિષયક અનેક ગ્રંથો અને સંખ્યાબંધ છૂટક દોહરા લખ્યા છે. તદુપરાંત ભક્તિમહિમા અને ભક્તિશૃંગારનાં પદો પણ લખ્યાં છે. તેણે તેના "જ્ઞાનપ્રકાશ"માં વૃંદાવનવાસી શ્રીકૃષ્ણનો અપાર મહિમા ગાયો છે તથા શ્રીકૃષ્ણ–પ્રભુની પ્રાપ્તિ માટે પ્રેમભક્તિની હિમાયત કરી છે. તે કહે છે જેમ લોભી માણસ

ધનને, ભૂખ્યો માણસ ભોજનને અને તરસ્યો માણસ પાણીને ઝંખે તેમ તમે પ્રેમપૂર્વક કૃષ્ણને ભજો :

*"ભજો મન કૃષ્ણ નિરંતર નામ, જેવું પ્રિય લાગે લોભી મન દામ,*
*જેમ વ્હાલુ ભૂખ્યાને ભોજન હોય, તૃષાવંતને વહાલું જેમ તોય"*

તે કહે છે સ્નેહ વિના શામળિયો વશમાં આવતો નથી, પણ પ્રેમ ભાળી નાચી ઊઠે છે :

*"સ્નેહ વિના વશ ના'વે શામળિયો, સ્નેહ વિના વશ ના'વે,*
*વાલાજીને વ્રજભામિનીઓ, નેહશું નાચ નચાવે"*

પ્રીતમ પરમાત્માના સાકાર સ્વરૂપની ભક્તિ કરવાનું કહે છે. તેથી જ "જ્ઞાનપ્રકાશ"માં લખે છે કે : "ભજો મન સુંદર શ્યામ સ્વરૂપ" અને "ભજો મન રાધાવલ્લભલાલ" વળી પ્રીતમ કૃષ્ણના પર્યાય તરીકે રામ શબ્દ પણ અનેક ઠેકાણે પ્રયોજે છે જુઓ :

*"રામસુધારસ પીજીએ રે"*

"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને" એમ ગાતાં પ્રીતમે ભક્તિ, પ્રેમ ઈત્યાદિ જુદા જુદા વિષયો લઈ તેના ઉપર "અંગ" નામી રચનાઓ કરી છે. "ભક્તિઅંગ", "પ્રેમઅંગ", વગેરેમાં તેણે બે બે પંક્તિની એક એવી છવ્વીસ છવ્વીસ કડીઓમાં તે તે વિષય ઉપર પોતાનો અનુભવ પ્રગટ કર્યો છે. "ભક્તિ અંગ"માં તેણે ભાગવતોક્ત નવધા ભક્તિના જુદા જુદા પ્રકારોનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું છે કે ભગવાનને પ્રેમરૂપભક્તિ અત્યંતપ્રિય છે : "ભક્તિ પ્રીય ગોપાલકું" "પ્રેમઅંગ' માં તેણે ભક્ત અને ભગવાનના પરસ્પર પ્રેમનો મહિમા સમજાવ્યો છે. તે કહે છે કે "પ્રેમપંથ અતિ કઠિનહૈ, જૈસી ખાંડધાર" આ પંથ અગ્નિમાં પડી આગની લહેરો ખાવા જેવો વિશિષ્ટ છે કારણ કે "કહે પ્રીતમ એક પ્રેમ વિના, ન મળે નંદકુમાર" સાચો પ્રેમ તો વ્રજની નારીઓનો હતો. જે પ્રેમ રસાયણ પીએ છે તે ક્ષણમાં નિર્વાણ પદ પામે છે :

*"પ્રેમરસાયન જે પીએ, તન મન કરે કુરબાન,*
*કહે પ્રીતમ એક પલકમેં, પાવે પદ નિરવાન"*

પ્રેમ વિના કોઈ નારી તેના પ્રિયતમનો સંગ પ્રાપ્ત કરી શકતી નથી અને પ્રેમનો રંગ એવો છે કે એક વખત ચઢયા પછી કદી ઊતરતો નથી :

*"પ્રેમ વિના પાવે નહીં, અપને પીયાકો સંગ,*

*કહે પ્રીતમ ઊતરે નહીં, ચઢયા પ્રેમકા રંગ"*

પ્રેમ વિના સેવા, સ્મરણ, ધ્યાન અને જ્ઞાન પણ ફીકું છે :

*"પ્રેમ વિના પ્રપંચ હે, સેવા સ્મરણ ધ્યાન,*

*કહે પ્રીતમ શુદ્ધ પ્રેમ વિના, ફીકો લાગે જ્ઞાન"*

"અનન્ય અંગ" માં એક જ ઈશ્વરની પ્રેમરૂપ ઉપાસનાનું મહત્ત્વ સમજાવવા માટે અનન્ય પ્રેમના દષ્ટાંતરૂપ યુગ્મો જેવાં કે પતિવ્રતા–પતિ, ચાતક–મેઘ, ચકોર–ચંદ, ભ્રમર–કમળ, હંસ– મુકતાફળ, છીપ–સ્વાતિ વગેરેના દાખલા આપી અનન્ય પ્રેમનો મહિમા બતાવ્યો છે. "વ્રેહઅંગ" માં હરિ વિરહની આગ ભક્તના અંતઃકરણમાંકેવી જલન પેદા કરે છે તે તથા તેનું પરિણામ કેવું સુખદાયક આવે છે તે પરસ્પર વિરોધી યુગ્મોનાં દષ્ટાંતો આપી કવિ પ્રીતમે સમજાવ્યું છે.

"વ્રેહઅંગ" ની પ્રથમ પંક્તિમાં જ પ્રીતમે જણાવી દીધું છે કે :

*"જબ લગી વ્રહ ન ઉપજે, તબ લગી હે હરી દૂર"*

કવિ પ્રીતમનાં ગોપીભાવે ગાયેલાં તેમજ ગોપીઓ અને કૃષ્ણના પ્રેમનું વર્ણન કરતાં પદોમાંથી તેની 1જુભાવવાળી શૃંગારભક્તિ પ્રગટ થાય છે. જુઓ, કૃષ્ણ સંગે હોળી ખેલવા ઈચ્છતી ગોપીઓનો આનંદભાવ :

*"આજ સખી શામળિયા સાથે, રંગભર રમીએ હોળી,*

*અબીલ ગુલાલ અગરજા કુંકુમ, કેસર કેસુ ઘોળી"*

રાધા હરિના પ્રેમમાં એકરસ થઈ ગઈ છે. હરિ સાથે સંધાયેલો તેનો સ્નેહતાર કદી પણ ન તૂટે એવો છે "પ્રેમ રસાળી" દીવાળીના દિવસે "ભુવને પધાર્યા શ્રી વનમાળી" તેમને જોતાંજ રાધા "રસબસ થઈ ગઈ રૂપ નિહાળી".

પ્રીતમે રાધાના કૃષ્ણવિરહનું અંતે મિલનમાં પરિણમતું "મહિના" કાવ્ય સંક્ષેપમાં અને સરળ ભાષામાં આલેખ્યું છે. પ્રત્યેક મહિને રાધાની વિરહવ્યાકુળતા અને સૃષ્ટિ

શોભાનું આછું વર્ણન ચાર ચાર પંક્તિઓમાં આપ્યું છે. કાવ્યનો વિષય અષાઢ માસથી આરંભાય છે અને જેઠ માસમાં સુખાન્ત પામે છે. કાવ્યનીબાની સાદી, સરળ અને અસરકારક છે. વળી રાધાના કૃષ્ણમિલનના આનંદને વર્ણવ્તું અને અંત ભાગમાં પ્રભુના મહિમાને ગાતું"તિથિઓ" કાવ્ય પણ પ્રીતમે સંક્ષિપ્ત શૈલીમાં રચ્યું છે. એમાં પ્રત્યેક તિથિનું વર્ણન માત્ર બે જ પંક્તિઓમાં એ આપે છે.

"સરસગીતા" કવિ પ્રીતમનું એક નોંધપાત્ર ભ્રમરકાવ્ય છે. ૨૦ વિશ્રામમાં વર્ણવાયેલી ગોપી–ઉદ્ધવ સંવાદ અને ઉદ્ધવસંદેશના પ્રસંગનું નિરૂપણ કરતી આ કૃતિમાં દરેક વિશ્રામને અંતે ચાર પંક્તિની "સાખી" આવે છે જેમાં કવિ પ્રીતમ આગલા વિશ્રામનો શબ્દભેદે ટૂંકસાર આપે છે. આ ભ્રમરકાવ્યમાં કવિએ દાણલીલા, વસ્ત્રહરણ–લીલા, રાસલીલા તેમજ બાલકૃષ્ણનાં પરાક્રમો તથા ગોપીઓ અને જશોદા સાથેના બાલકૃષ્ણના વિવિધ પ્રસંગોને, ગોપીઓ કૃષ્ણની બાલક્રીડાઓ સંભારતી હોય તે રીતે સંક્ષેપમાં વર્ણવી, સમાવી લીધા છે. કવિની શૈલીની સાહજિક સરળતા અને સ્વાભાવિકતા વાચકના મનને મુગ્ધ કરે તેવી છે. આ કાવ્યમાંઉદ્ધવે :

*"શોક ન ધરશો સુંદરી, પ્રભુ સદા છે પાસ,*
*દવૈતભાવને પરહરો, રાખો દઢ વિશ્વાસ"*

ગોપીઓને આપેલા જ્ઞાનોપદેશના પ્રત્યુત્તરમાં ગોપીઓને મીનના દષ્ટાંતથી તેમનો અખૂટ કૃષ્ણપ્રેમ વ્યક્ત કરતી બતાવી છે. જુઓ–

*"જલ વિના દાદુર જીવે, મીન જાયે મરી,*
*પ્રાણ ગયે પ્રીત ન છૂટે, ટેક તેની ખરી"*

ગોકુળથી ગોપીઓનો વળતો સંદેશો લઈ ઉદ્ધવ મથુરા ગયા અને કૃષ્ણને ગોપીઓના અનન્ય પ્રેમની વાત કરી : "સમોવડ કોણ કરે, શ્યામા રસપ્રેમની" ત્યારે કૃષ્ણે પણ પોતાનો ગોપીપ્રેમ વ્યક્ત કરતાં કહ્યું કે :

*"ગોપી મન માહરે વિશે, ગોપી વિશે હું રહ્યો"*

સાદી અને સરળ ભાષા–શૈલીમાં અસરકારક રજૂઆત એ વેદાંતી અને ભક્ત કવિ પ્રીતમની આગવી વિશેષતા છે. ભક્તિમાહાત્મ્યનાં પદો અને રાધાકૃષ્ણ શૃંગારના

પ્રસંગોનું આલેખન કરીને તેણે પોતાનું નામ સાર્થક કર્યુ છે. અઢારમી સદીના કવિઓમાં તેજસ્વી તારકની જેમ એ ચમકે છે.

જીવણદાસ જ્ઞાની ભક્ત કવિ છે. તેણે અલકરમણ, જીવનમરણ, જીવનગીતા, મહીમાહાત્મ્ય, સાખી, કકકો, ચાતુરીઓ, ધોળ, આનંદલીલા અને હરિવિરહ એટલી કૃતિઓની રચના કરી છે.

"મહીમાહાત્મ્ય" તેની પ્રેમભક્તિયુકત તત્ત્વનિરૂપણાત્મક સાત કડવાંની રચના છે તેમાં "મહી" શબ્દમાં મહી નદી અભિપ્રેત છે. કવિએ આખું જીવન મહીસાગરને કિનારે જ ગાળેલું તથા તેમને બ્રહ્મજ્ઞાન થયેલું તે પણ અહીં જ તેથી તેમના જીવનમાં "મહી" નું વિશિષ્ટ સ્થાન છે. કવિએ મહીને ચૈતન્યસભર પરમાત્મતત્ત્વ વ્યાપત ગણી છે. શરૂઆતમાં કડવામાં પરમાત્માનું સ્વરૂપ અને તેના માહાત્મ્યની તથા તેના વિવિધ અવતારોની વાત વર્ણવી છે. છઠ્ઠા કડવામાં "શ્રી મહારાજતણી" "લીલા" વર્ણવી છે આ લીલાને કવિએ કૃષ્ણ અને ગોપીઓની લીલાના પ્રતીકમાં જ રજૂ કરી છે. જુઓ શ્યામ અને સખીનું રમણ :

*"શ્યામ સખી રે માંહાં રમણ કરે,*

*ઉર ઉપર લઈને, રે, કર કંઠ ધરે"*

આ કૃતિમાં જીવણદાસે "પ્રેમસખી" શબ્દ અનેકવાર પ્રયોજયો છે અને તે તેમના ઉપનામ તરીકે પ્રયોજયો હોય તેમ નીચેની પંક્તિઓ ઉપરથી જણાઈ આવે છે.

*"પ્રેમસખીની પ્રીત શું વહાલે અખંડ રાસ વનમાં કર્યો"*

*"છાયા નાંખી સંસારમાં હરિ પ્રેમસખી મન હરે"*

*"પ્રેમસખીના સંગમાં"*

*"પ્રેમસખી જીવન કહે"*

આ ઉપરાંત જીવણદાસે સાતમા કડવાના અંતિમ ભાગમાં "પ્રેમભક્તિ" શબ્દ પણ પ્રયોજયો છે. જુઓ : "પ્રેમભક્તિ ઉદય થશે ત્યારે મોહન ધારણ આપશે."

એકંદરે આ લીલા કેવળ શૃંગારભક્તિની લીલા નથી, પણ અખાની શૃંગારભક્તિનું સ્મરણ કરાવતી તત્ત્વરૂપ સાથેના યોગની પ્રેમભક્તિ પણ છે.

જેની કવિતા ઉપરથી તેને કોઈ મુસલમાન કલ્પી શકે નહિ એવા ભક્ત કવિ રાજેએ નાનાં નાનાં કડવામાં કૃષ્ણ અને ગોપીઓના રાસનું તથા ગરબીઓમાં ગોપીઓના કૃષ્ણપ્રેમનું વર્ણન કર્યુ છે જે કાવ્યદષ્ટિએ સામાન્ય કક્ષાનું છે તદુપરાંત "રાસપંચાધ્યાયી", "ગોકુળલીલા", "વિરહગીતા" "બારમાસી" વગેરે જેવી તેની કૃતિઓમાં તેની સુકોમળ કૃષ્ણભક્તિનાં દર્શન થાય છે. જુઓ, કૃષ્ણના પ્રેમમાં મગ્ન થઈ ગયેલી ગોપીઓનો ભાવમધુર કૃષ્ણાનુરાગ :

*"મોહનજી તમે મોરલા, હુંવારી રે,*
*કંઈ અમો ઢળકતી ઢેલ, આશ તમારી રે*
*જયાંહાં જયાહાં ટહૂકા તમો કરો, હું વારી રે,*
*ત્યાં અમો : માંડીએ કાન, આશ તમારી રે"*

કવિ મીઠાએ પ્રભુપ્રાપ્તિ માટે વનગમન, ભેખ અને દેહદમનનો આશરો ન લેતાં પ્રભુને પ્રેમપૂર્વક ભજવાની સલાહ આપતાં કહ્યું કે : "દાસ મીઠાનો સ્વામી પ્રેમતણે વશ, તે નહિ જોગ જગતમાં" તેણે ગોપીઓ અને કૃષ્ણના રાસનું વર્ણન સરળ શૈલીમાં ઉત્સાહપૂર્વક કર્યુ છે.

*"તન ઉપર લે તાળીઓ, બળવંત ઝાલી બાંહ્ય,*
*બેહુકર બેહુકર કામની, વચમાં વૈકુંઠ નાથ"*

તેની કવિતામાં નિરૂપણની તાજગી અને રસની ગતિનાં દર્શન થાય છે.

વલ્લભ ભટ્ટ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં માતાજીના ગરબાઓના કવિ તરીકે સુપ્રસિદ્ધ થયેલો છે. પરમતત્ત્વના શક્તિસ્વરૂપ—માતૃસ્વરૂપના ઉપાસક અને ગરબા આલેખનમાં બેનમૂન સિદ્ધિ હાંસલ કરનાર વલ્લભે રાધા—કૃષ્ણ પ્રેમને વર્ણવતો એક ગરબો પણ રચ્યો છે. તેમાં તેણે વૃંદાવનમાં રાધા અને તેની સખીઓની આંખ મીંચામણીની રમત, રાધા—કૃષ્ણનું વૃંદાવનમાં એકાંત મિલન અને રતિક્રીડાનું આલંકારિક વર્ણન આપ્યું છે. કૃષ્ણને લપટાઈ કુંજભવન તરફ જતી રાધાનું મનોહારી ચિત્ર જુઓ :

*"જાણે હીમ લતા લપટાણી કે, શ્યામ તમાલને રે લોલ,*
*ચાલ્યાં લાડ લાડલી સંગ કે, કુંજભોવનમાં રે લોલ"*

"કમળાકંથના બાર મહિના" માં કવિ વલ્લભે રાધા–વિરહના બારમાસનું અંતે મિલનમાં પરિણમતું કાવ્ય સાદી રીતે વર્ણવ્યું છે. પ્રત્યેક માસની વિશિષ્ટ પ્રકૃતિ શોભાનું અને તેમાં થતી રાધાની વ્યાકુળ મનોદશાનું ચિત્ર ચાર ચાર પંક્તિઓમાં આપ્યું છે. કાવ્ય કારતક માસથી આરંભાય છે અને આસો માસમાં પૂરું થાય છે. "વ્રજવિયોગ" નામના ગરબામાં કવિએ ઉદ્ધવ આગળ કૃષ્ણ વિરહવેદના વર્ણવતી અને કૃષ્ણને ગોકુળ આવવાનો સંદેશો મોકલાવતી ગોપીઓની વિરહવેદનાનું સામાન્ય કોટિનું વર્ણન આપ્યું છે. વલ્લભ મુખ્યત્વે શક્તિસ્વરૂપના ઉપાસક ભક્ત તરીકે જાણીતો થયો હોવા છતાં અને આ પ્રકારના ગરબાઓમાં તેની કવિત્વશક્તિનાં ખરાં દર્શન થતાં હોવા છતાં રાધાના કૃષ્ણપ્રેમને વર્ણવતી તેની રચનાઓ પણ તેની ભક્તિવૃત્તિનાં દર્શન કરાવી જાય છે.

તત્ત્વદર્શી કવિ ધીરાએ જ્ઞાન–વૈરાગ્યનાં પદો (કાફીઓ) ઉપરાંત ભક્તિશૃંગારનાં પદો પણ રચ્યાં છે. આ પદોમાં તેણે કહ્યું છે કે, "ભક્તિમાર્ગ એ પ્રિયતમને મળવાનો પ્રદેશ છે. આ પ્રદેશમાં પહોંચીને ભક્ત મહાનંદના સુખમાં મહાલે છે." જુઓ, "જેને પિયુ મલવાનો પ્રેમ હોય તે, આવો દેશ અમારે જો." અને "એક ધીર સખી પિયુ પાસ રમે, મહાનંદ સુખ મહાલેજો."

રાધા–કૃષ્ણનો શૃંગાર સામાન્ય કોટિની કવિતામાં ગાનારા કવિઓ તો અનેક થઈ ગયા છે, જેમાંના ઘણાનો સમય સુનિશ્ચિત નથી. આવા કવિઓ પૈકી જેમની કવિતાની ભાષા ઉપરથી તેમને અઢારમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા માન્યા છે. તેઓમાંના કેટલાક સ્મરણીય તો કેટલાક કેવળ ઉલ્લેખપાત્ર જણાયાં છે. આવા કવિઓમાંના મોટા ભાગનાને મન રાધા–કૃષ્ણ શૃંગાર કાંતો કવનવિષય છે, કાંતો ભક્તિમાહાત્મ્ય દર્શાવવાનું સાધન છે કાંતો ગતાનુગતિકતા છે. આવા ઘણા કવિઓનાં કવન બૃહત્ કાવ્યદોહનના ભાગોમાં સંગ્રહાયાં છે.

તે પૈકી મુકુંદના દાણલીલાના સંક્ષિપ્ત શૈલીમાં વર્ણવાયેલા એક પદમાં, દાણ આપવાની ના પાડતી રાધાને "કહે કૃષ્ણજી ફોડીશ હેલ રે, ત્યારે થશે તે રંગની રેલ રે" એ શબ્દોમાં કૃષ્ણની પ્રેમગર્ભ ચેતવણીનું અને "પ્રભુ વનમાં તે ખેલો સાથ રે" એ શબ્દોમાં રાધાના કૃષ્ણાનુરાગનું નિરૂપણ વ્યક્ત થયું છે.

કવિ દુર્ગાદાસે "ચંદ્રાવલીનો ગરબો" નામનું રાધાની સખી ચંદ્રાવલી પ્રત્યે કૃષ્ણના પ્રેમને આલેખતું કાવ્ય અસરકારક શૈલીમાં વર્ણવ્યું છે. ચંદ્રાવલીના રૂપ ઉપર મોહી પડેલાં કૃષ્ણ રાઈનું રૂપ લઈ રાત્રે ચંદ્રાવલીના ઘેર જાય છે. મધરાત થતાં તેમના ચાળા શરૂ થાય છે. પછી અસલ રૂપ પ્રગટ કરતાં, કામ વિવશ બનતી ચંદ્રાવલી સાથે કૃષ્ણ રંગરેલ માણે છે : "એલચી લવંગ મુખ ભર્યા રે, કરે રંગની રેલ" દુર્ગાદાસે આ કાવ્યમાં શૃંગારરસનું આહ્લાદક અને ચિત્તને પ્રસન્ન કરે તેવું નિરૂપણ કરી પોતાની કલમની અસરકારકતાનો પરિચય આપી દીધો છે.

**નાથસ્વામીએ** "પ્રેમચાતુરી" નામના પદમાં કૃષ્ણને પ્રેમોપચાર શીખવાડતી રાધાનો કૃષ્ણપ્રેમ અને"હું ને ભણાવો, તમારો છું નિશાળિયો રે" એમ રાધાને કહેતા કૃષ્ણના રાધા–પ્રેમને વર્ણવ્યો છે. અહીં ચતુરા રાધા કરતાં કૃષ્ણ વધારે ચતુર નીવડે છે. રાસનૃત્ય પછી, થાકયાં હશે, કહી કૃષ્ણ રાધાને પોતાના ખોળામાં બેસાડે છે. પોતાના રૂમાલથી તેનો પ્રસ્વેદ લૂછે છે અને "પ્રેમે બંધાણો તું સાથે કાચે તાંતણે રે" કહી પાન પણ ખવડાવે છે.

કવિ વલ્લવે રાધા–કૃષ્ણના પ્રણય પ્રસંગોની સંવાદાત્મક ગરબીઓ લખી છે તેમાં "પરનારીને અંગે અડકો, નથી વળી કાંઈ યવન, સાન, જોઈને ચાલોજી" એ શબ્દોમાં રાધાનો કૃષ્ણને ઠપકો, પછી કૃષ્ણની માફી અને અંતે કૃષ્ણનું રાધાને આલિંગન ચુંબન રાધામુખે વર્ણવાયું છે.

*"એમ કહી મુને આઘી તેડી, કંઠે બાંહુડી ઘાલી :*
*હેત કરી આલિંગન ચુંબન, બહુ પેરે લીધાં જી"*

લક્ષ્મણે કૃષ્ણ–ગોપીઓના રાસનાં પદો રચ્યાં છે તેમાં "સુધ બુધ સર્વે હો વીસરી રે,તન મન વ્યાકુળ થાય રે" જેવી સાદી પંક્તિઓમાંથી ગોપીઓનો વિરહભાવ અને "વાલે ભીડી બાથ રે" જેવી પંક્તિઓમાંથી સ્થૂલ શૃંગાર વ્યક્ત થાય છે.

કવિ કલ્યાણે તેના ભક્તિ વિષયક એક પદમાં કહ્યું છે કે જેમ તરસ્યા માણસનું મન પાણીમાં, ગાયો ચારનારનું ધ્યાન વાછરડામાં, માછલીનું પાણીમાં, નારીનું પરપુરુષમાં, ગણિકાનું પુરુષના ચિત્તને આકર્ષવામાં, ચોરનું ધ્યાન ધન હરવામાં, બપૈયાનું વરસાદમાં

અને ચકોરનું ધ્યાન ચંદ્રમાં હોય છે તેવું એકાગ્ર મન ભક્તે હરિની પ્રેમભક્તિમાં લગાડવું જોઈએ :

*"એક ગુણિકા નૃત્ય કરે છે, મનગમતા શણગાર સજે છે.*
*એણે આંખ આંજી અણિયાળી*
*પારકું ચિત્ત પોતાનું કરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું"*

"ઓધવજીની ગરબી" માં તેણે ઉદ્ધવજી આગળ કૃષ્ણ વિયોગનું દુઃખ વ્યક્ત કરતી ગોપીઓ, અને ઉદ્ધવના બ્રહ્મજ્ઞાનનો પ્રત્યાઘાત આપતાં કુબ્જા ઉપર રીસ ઊતારતી ગોપીઓના કૃષ્ણપ્રેમને વર્ણવ્યો છે.

કવિ હરિદાસનાં દાણલીલાનાં પદોમાં "કાનડ કાળાએ" ઘેરેલી મહી વેચવા જતી ગોપી અને ગોપીએ દાણ આપવાની ના પાડતાં "આજ નહિ છોડું રે, ભુખુભાનકી છોરી' માં કૃષ્ણની ટીખળી મકકમતાનું નિરૂપણ થયું છે.

કવિ ગોકુળદાસનાં ગોપીઓ અને કૃષ્ણના હોળી ખેલનનાં પદોમાં, શબ્દચિત્ર આલેખવાની અને વર્ણ્યવિષયનું સોત્સાહ નિરૂપણ કરવાની તેમની શક્તિનાં દર્શન થાય છે. એક ગોપીને રંગ છાંટવા કૃષ્ણ તેને ઘેરી વળે છે : "ઘેરી ઘેરી હો નંદલાલે વાટ પર ઘેરી હો" અને ગોપીની કોરી કડકડતી ચોળી રંગમાં રોળાઈ જાય છે :

"ચીર ચોળી મારી રંગમાં રોળી, કોરી કડકડતી પેરી હો"

કવિ સુરદાસનાં રાધાની કૃષ્ણને છાની રીતે કુંજભવનમાં મળવા જવાની ઈચ્છાને પ્રદર્શિત કરતાં શરદ1તુમાં વૃંદાવનમાં ગોપીઓ અને કૃષ્ણના રાસ–નૃત્યને વર્ણવતાં સંક્ષિપ્ત પદોમાં, રાધાના મધુર કૃષ્ણાનુરાગ નિમિત્તે કવિની પોતાની કૃષ્ણ પ્રીતિનાં દર્શન થાય છે. રાધા રાત્રે છાની રીતે કૃષ્ણને મળવા જવા તૈયાર તો થાય છે, પણ તેનાં ઝમકતાં ઝાંઝર તેની ગુપ્તતાને ખુલ્લી પાડી દે એ ભયે તે મુંઝાય છે" જો રજની હું આવું છાની, પાએ નેપૂર વાજે રે" કવિ સુરદાસે રાસનૃત્યનું કાવ્યમનોહર અને ભક્તિભાવભર્યુ ચિત્ર અંકિત કર્યુ છે. જુઓ.

*"સહુ સખીઓએ સજયો શણગાર, એક સુ એક મિલી*
*ઉગ્યો શરદ પૂનમનો ચંદ્ર, ખીલી કમલકલી, ખીલી કમલકલી*

*વાગે તાલ પખાજ વીણા યંત્ર, ઘમકે ઘુઘરડી, ઘમકે ઘુઘરડી*

*ત્યાં તો સુરદાસને બહાર, એ રસ જાય છલી, એ રસજાય છલી"*

**થોભણદાસે** : રિસાયેલી રાધાને મનાવવા યુક્તિ કરતા કૃષ્ણ અને તેનાથી છેતરાઈ જતી રાધાના મનોભાવને વ્યક્ત કરતાં એક પદમાં વર્ણવ્યું છે કે રિસાઈને બેઠેલી રાધા આગળથી "નવલ નાર" નું રૂપ લઈને કૃષ્ણ નીકળ્યાં. રાધાએ પૂછતાં "કાનુડાને મળવા જાઉં છું" એવો જવાબ મળ્યો. રાધાએ તેને રોકી કહ્યું ન જઈશ". મુજને વીતી તુજને વીતશે, હાંની હાંરે, કહ્યું માનની કુડી" એટલે "નવલ નાર" ના રૂપમાં રહેલા કવિ "થોભણના નાથજી" રાધા સમક્ષ પોતાનું અસલ "રૂપ પ્રકાશી" રહ્યા. અહીં પ્રસંગ નિરૂપણ ચમત્કૃતિપૂર્ણ છે.

કવિ રઘુનાથદાસે દાણલીલાનાં, વસંતનાં અને હોળી ખેલનનાં પદો રચ્યાં છે તથા "ઉદ્ધવસંદેશ" નામનું એક ભ્રમરકાવ્ય પણ રચ્યું છે. તે પૈકી વસંતનાં પદોમાં તેમનું કવિત્વ પ્રકાશી ઊઠે છે. વસંત1તુનું સ્વાગત કરવા રાધાની સખી રાધાને કહે છે.

*"મોતીડાની થાળ ભરીને, ઊઠો રાધા રાણી*

*આંબા ડાળે કોયલ કાળી, બોલે અમૃત વાણી"*

હોળી ખેલનમાં તો અપશબ્દો બોલવાની પણ છૂટ હોય છે એટલે ઉન્મત અને રંગછાંટણાથી બહેકી ગયેલી રાધા કૃષ્ણને ગાળો પણ દે છે."બેહેકયું નેબોલે રે, ઉન્મત ફાગમાં રે, ગોવિંદજીકું ગાલી દેત અપાર" પછી હોળી એવી તો મચી કે "સરિતા ભયી રંગકી" અને "અદ્‌ભુત મચીયો કીચ હો". 'ઉદ્ધવ સંદેશ' નું કાવ્ય તૂટક કે શિથિલ આયોજનવાળું જણાય છે તે પાંચ ગરબીઓમાં આલેખાયેલું છે. ગોપીઓ ઉદ્ધવના જ્ઞાનસંદેશાનો પ્રત્યુતર આપે છે, પણ ઉદ્ધવના જ્ઞાનસંદેશાનું તેમાં નિરૂપણ જ નથી. વળી ગોપીઓના મુખે એક વખત "મધુકર" શબ્દ ઉચ્ચારાય છે. પણ ભ્રમરપ્રસંગ તેમાં આવતો જ નથી તેમાં ગોપીઓના મુખે જ્ઞાનમાર્ગની પ્રગટ નિંદા વ્યક્ત થઈ છે. "સંદેશો લાવ્યા રે ભૂંડાજોગનો, નથીખમાતો દાઝયા ઉપર ડામ જો"

હરિભટે રાધાના રુસણાના સાત વાર, ગોપીની કૃષ્ણઝંખના અને વિરહ વેદનાનાં પદો રચ્યાં છે, જેમાં "ઘેલી કરી ગોવાળિયે, રોતી મેહેલી વ્રજનાર" જેવી પંક્તિઓમાં વિરહિણી રાધિકાના મનોભાવો પ્રગટ થયા છે.

કવિ સેવકરામે કૃષ્ણ અને ગોપીઓનો રાસ સરળ શૈલીમાં ઉત્સાહપૂર્વક ગાયો છે. વૃંદાવનમાંવાગતી કૃષ્ણની બંસીનો મધુર કામોત્તેજક નાદ સાંભળી ગોપીઓ સાનભાન ભૂલી કૃષ્ણ પ્રત્યે કેવી ખેંચાઈ જવા લાગી તે જુઓ,

*"એક સખી મહીમાટ ઘુમતાં, મેલીને પરવરતી.*

*એક સખી તો સુધબુધ ભૂલી પાવલે પે'રી ઝાલજી"*

રાસનું નૃત્યનું વર્ણન કવિ સેવકરામે રસિક શૈલીમાં આપ્યું છે.

*"એક સખી હરિનું સુખ નિરખે, એક સખી મુખ ગાતીજી,*

*એક સખી હરિ શું ભુજ ભીડે, જોબનની મદમાતીજી, બંસી બાજે જી"*

રવિદાસે નીચેની પંક્તિઓમાં ચંદ્ર–રજની, સ્નેહ–સગપણ પુત્ર–પરિવાર અને કમળ– ભ્રમરનાં દષ્ટાંતો આપીને માનવહૃદય અને હરિના સંઘનું માહાત્મ્ય સમજાવ્યું છે :

*".... રજની સૂની જેમ ચંદ્ર વિના,*

*..... સ્નેહ વિના જેમ સગપણ સૂનું, પરિવાર સૂનો સહુ પુત્ર વિના*

*.... ભ્રમર સૂનો જેમ કમળ વિના,*

*.... હૃદય સૂનું હરિનામ વિના"*

રવિદાસે ગોપીઓના કૃષ્ણપ્રેમનાં પણ પદો રચ્યાં છે.

કવિ રામકૃષ્ણે રાધાની કૃષ્ણ ઘેલછાનાં પદો રચ્યાં છે. તેમાં ગતિશીલ ચિત્રો નીપજાવવાની તેની શક્તિનાં દર્શન થાય છે. ઈત્યાદિ પ્રણયોપચારો ખેલતા કૃષ્ણના ગોપીઓ સાથેના રાસને વર્ણવતાં પદો રચ્યાં છે.

કવિ કેવલદાસે યમુનામાં સ્નાન કરતી રાધાના વસ્ત્રના કૃષ્ણે કરેલા હરણનું અને બંસીનાદે કૃષ્ણ તરફ ધસી જઈ ઊભી રહેતી ગોપીઓની તન્મયતાને વર્ણવતાં પદો રચ્યાં છે. તેમાં કવિએ કૃષ્ણ તરફ જઈ રહેલી ગોપીઓને "જયમ સાયર ચાલે લહેરાં" જેવી કહી છે તથા વર્ણવ્યું છે કે અતિ સ્વરૂપવાન લાગતાં અને વાંસળી વગાડતાં બાલ બ્રહ્મચારી

કૃષ્ણને એકી નજરે નિરખી જ રહી અને પોતાની આંખોના હિંડોળામાં તેમને ઝુલાવતી ગોપીઓ ડોલવા લાગી.

માધવદાસે શ્રી કૃષ્ણના સ્વરૂપ વર્ણનના પદમાં તેમની આંગળીઓના નખને "હીરાની હાર" કહી તેમની છબી પર વારીજવાની કામના વ્યક્ત કરી છે. કવિ કેવળરામે કૃષ્ણના નેત્રબાણથી વીંધાઈ જતી રાધાના મનોભાવનું અને કૃષ્ણના મિલનમાર્ગમાં રાધાને નડતી લોકલજ્જાનું તેમના પદોમાં તાલબદ્ધ નિરૂપણ કર્યુ છે. જુઓ :

*"ભ્રકુટી કમાન બાણ વાગ્યાં લોચનનાં, રસીકસી હૃદિયામાં મારે,*
*મારે તો લોકલાજ, નિર્લજને એને તો કોઈએ ના વારે"*

કવિ રઘુરામે "વરણાગીય બાલ" ને પોતાને ઘેર પધારવા આમંત્રણ આપતી રાધાના કૃષ્ણપ્રેમને તથા મહી વેચવા જતી ગોપી પાસે દાણ ઉઘરાવવા નિમિત્તે "ઘુંઘટડો તારો ખોલ જરી રે" કહી ઘુંઘટડો ખોલાવવા ઈચ્છતા કૃષ્ણના ગોપીપ્રેમને પદોમાં વર્ણવ્યો છે. અગ્રદાસે કૃષ્ણની મોહક વાંસળીના સૂરે વીંધાઈ વૃંદાવનમાં દોડી જવા ઈચ્છતી પરંતુ સાસુ, નણદલ ઈત્યાદિ દુરીજનના ભયથી ડરતી ગોપીની દ્વિધાભરી મનઃ સ્થિતિને પદોમાં વર્ણવી છે જુઓ : "દુરીજનોનો ડર લાગે રે" અને "ન્હાની નણદલ જાગે રે" કવિ ભોવનભક્તે યમુના નદીએ જળ ભરવા જતી ગોપીઓની શ્રીકૃષ્ણ દ્વારા, રંગછાંટણાંથી થતી પજવણીના વર્ણનનાં પદો આપ્યાં છે. પણ આ પજવણીએ

*"હુંતો ઝબકીને જોવા નીસરી રે લોલ, ઓઢવાનાં અંબર વીસરી રે લોલ,*
*પાણીડાને મસે હું તો સંચરું રે લોલ, એક ઢોળું ને બીજું ભરું રે લોલ"*

– માં લટકાળા કહાનકુંવરનું નટખટ ચિત્ર આલેખતી :

*"નંદકુંવર નાચંતો આવે, કરતો બહુ ચાળા,*
*મોર મુગટને કાને કુંડળ, ઉર લહેકે માળા"*

પંક્તિઓમાં કવિની તાજગીભરી શૈલી અને સોત્સાહ કવિત્વ નિરૂપણ શક્તિનાં દર્શન થાય છે.

જીવરામે દાણલીલા અને રાસનૃત્યનાં પદો રચ્યાં છે. "રુડી રમત રમે વનમાળી" માં ગોપીઓ વચ્ચે રાસ રમતા કૃષ્ણનું અને "હસી હસી દે કર રે તાળી" માં રાસ રમતી

ગોપીઓના આનંદાતિરેકનું અને "ગોપી ગોવિંદ લીલા લૂંટે" માં કૃષ્ણ–ગોપીઓના પરસ્પર અનુરાગ આનંદનું સુભગ ચિત્ર ઉપસાવ્યું છે.

ગોવિંદદાસે "દાણલીલા", "ભ્રમરગીતાનું પદ", "રાધાહર" તથા અન્ય છૂટક પદો લખ્યાં છે. તેમાં "રાધાહર" ની રજૂઆત ચમત્કૃતિપૂર્ણ છે. યમુનામાં સ્નાન કરતી રાધાનો કિનારા પર પડેલો હાર પોપટ વેશે કૃષ્ણ ચોરી જાય છે. પછી ગોપીઓના મનાવા છતાંય કૃષ્ણ મનાતા નથી. છેવટે રાધાએ નમ્ર બની મસ્તક નમાવી હાર માગ્યો એટલે કૃષ્ણ રીઝયા, રાધાના હાથમાં તાળી આપી એટલે રાધા રીઝયાં અને કૃષ્ણ સાથે રાસ રમવા તૈયાર થયાં એટલે : "હરિયે રમવાનો રસ સ્થાપ્યો, પછે હાર રાધાજીનો આપ્યો"

જગજીવને કૃષ્ણ–ગોપીઓના રંગખેલનનાં પદોમાં, જેની "પાવલીએ વીંછુડા ઠમકે" એવી ગોપીઓ અને ગોપીઓના ગાલ ઉપર "લંછન" કરતા કૃષ્ણનાં રંગછાંટણાંનું ચિત્ર સર્જ્યું છે, જેમાં ઊડતા ગુલાલની નીચે કવિ વર્ણવે છે તેમ : "રાધા સંગે સુંદરી ને, મોહન સંગે ગ્વાલ રે"

રૂપરામે "બંસીવટમેં વેણ વજાડી" ગોપીઓને કામઘેલી કરી મૂકતા અને રાસનૃત્યમાં "એક સું લાડે, એક સું મહાલે, એક સું ભીડે ભાથ જી" તો ગોપીઓને ઊલટાની ઘેલી કરી મૂકી છે. જુઓ : "વહાલે અબીલ ગુલાલે ઘેલાં કર્યા" કવિ ગેમલદાસ હરિભક્તિ માહાત્મ્ય અને ગોપીની કૃષ્ણ વિરહવેદના તથા સાસરિયાં અને લોકલજ્જાના ભયને પદોમાં વર્ણવે છે. પોતાને "હરિના દાસના દાસનો દાસ" ગણાવનાર આ કવિએ પ્રભુપ્રીતિના રંગની અટલતા દર્શાવતાં કહ્યું છે કે : "લાગે પ્રેમ પ્રીતનો રંગ, ટાળ્યો તે તો નહિ ટળે" વળી ઉદ્ધવ આગળ પોતાનું દુઃખ રડતી ગોપીને "પળ પળમાં પીવું રે, વાઘ વચ્ચે પાણી" કહેતી વર્ણવી સાસરિયાં વચ્ચે તેની સ્થિતિ બતાવી છે. રાજારામે ગોપીઓના કૃષ્ણવિરહ અને કૃષ્ણપ્રેમનાં પદો રચ્યાં છે. તેમાં વીઠ્ઠલરાયની વાટ જોતાં "જોબનીયું વહી જાય' એમ ઉદ્ધવને કહેતી ગોપીની વિરહવેદના અને "મોહ લાગ્યો ને મગન થઈ વ્રજનારી" થી સૂચિત થતી ગોપીની કૃષ્ણઘેલછા તથા "આવો તો આલિંગન દીજે, પ્રેમ તથા રસ પ્રેમે પીજે" થી વ્યક્ત થતી ગોપીની કૃષ્ણના આલિંગન સુખ માટેની અભિલાષાને વર્ણવી છે.

તત્ત્વદર્શી કવિ ગણપતરામે ગુરુ માહાત્મ્યનાં પદો રચેલાં છે. તેમાં તેમણે તેમના "ગુરુ" ની શૃંગારભક્તિ ગાઈ છે. તેમના "ગુરુ" તે શ્રીકૃષ્ણ સ્વરૂપ પરમાત્મા. તેમણે વ્રજની ગોપીઓ અને સત્ય ગુરુજી શ્રીકૃષ્ણનાં હોળી ખેલનનાં પદો પણ અસરકારક રીતે આલેખ્યાં છે. તેઓ તત્ત્વદષ્ટા હોવાથી તેમણે ગોપી અને સદ્‌ગુરુના યુગ્મને સ્પષ્ટ રીતે આત્મા–પરમાત્માના રૂપક તરીકે પ્રયોજયું છે, જે "જ્ઞાનગુલાલ", "રુદે કમળમાં રાસ" ઈત્યાદિ તેમાં આવતા રૂપક અલંકારોથી સમજાય છે. જુઓ હોળી ખેલનનું મધુર શબ્દચિત્ર :

*"સર્વે સખી મળી નિશદિન ખેલે, આગમ ગુલાલ ઉડારી,*

*ખેલી ખેલી ખરો રંગ જમાવ્યો, ગેબ ઘટા ઘન ઘેરી.*

છાયા થઈ જયારે સદ્‌ગુરુ કેરી.

*"હો ગઈ લાલ ગુલેરી, આવે લહેર ખુબ ખુબેરી"*

આમ "લાલ ગુલાલ" ઉડાડી "પ્રેમના પ્યાલા" પીતી ગોપીઓના કૃષ્ણપ્રેમ નિમિત્તે પોતાની પ્રભુપ્રીતિને કવિ ગણપતરામે વ્રજ ભાષાની છાંટવાળી વાણીમાં મસ્તી અને છટાથી ગાઈ છે, તે સહેજે આ સદીના સ્મરણીય કવિઓમાં તેમને સ્થાન અપાવે તેવી છે.

લક્ષ્મીવલ્લભે "અધ્યાત્મ ફાગ" નામનં એક નાનું ફાગુ કાવ્યરચ્યું છે. આ રૂપક કાવ્ય છે. તેમાં કવિ વર્ણવે છે કે, વૃંદાવનની કુંજમાં જયારે જ્ઞાનવસંત પ્રગટે છે ત્યારે મતિગોપી સાથે પાંચે ગોપ (ઈન્દ્રિયો) મળે છે. સુમતિ રાધાજી સાથે આતમ હરિ હોરી ખેલે છે. જુઓ હોરી ખેલનનું રંગીન દશ્ય :

*"ભરિ ભરિ ઝોરી પ્રેમકી હો, ખેલતિ ભક્તિ ગુલાલ,*

*પુન્ય અબીરકી સુરભિતા હો, પાપ ગએ પયમાલ"* (કડી : ૮)

લક્ષ્મી વલ્લભ જ્ઞાનમાર્ગી કવિ છે અને ભક્તિના રૂપકને જ્ઞાનના રૂપકમાં વણી લીધું છે. આ એક જ કડી ઉપરથી પણ તેની જ્ઞાન સાધના અને કવિત્વશક્તિનું બળ જણાઈ આવે છે.

અંધશ્રદ્ધા, અજ્ઞાન અને વહેમ ઉપર અખાની જેમ કડક વાણીમાં ચાબખા લગાવનાર તથા કબીરવાણીની યાદ અપાવતા જ્ઞાનમાર્ગી કવિ બાપુ સાહેબ ગાયકવાડે

તેમના મુખ્ય કવનવિષય બ્રહ્મજ્ઞાન અને વૈરાગ્યોપદેશ ઉપરાંત ભક્તિની ગરબીઓ અને પદો તથા આત્મા–પરમાત્માના યોગથી ઉપજતા આનંદને વ્યક્ત કરતું "મહિના" કાવ્ય રચ્યું છે. જેમાં બારેમાસના પ્રભુ મિલનના આનંદનું ગાન ગાયું છે.

કબીરપંથી સંત જીવણદાસે "દાસીજીવણ" ઉપનામથી શૃંગાર ભક્તિથી છલકાતાં સખીભાવનાં ઘણાં સુંદર પદો રચ્યાં છે. ઉત્કટ રાધાભાવ અનુભવતા આ કવિએ "બાઈયું મુને શામળિયે કરી છે ચકચૂર" માં પોતાના કૃષ્ણાનુરાગની ઘેલછા "મારા નાથજીનાં નૈણાં ઉપરૅં હું તો ઘડીએ ઘોળી જાઉં" માં અંગત અનુભૂતિજન્ય કૃષ્ણપ્રેમનું 1જુ ભાવસંવેદન તથા "કલેજા કટારી રે રુદિયા કટારી રે માડી મુને માવે લૈને મારી" માં પ્રભુવિરહનું દર્દ રમણીય કાવ્ય પદાવલિમાં ગાયું છે. "નર થયો નારી રૂપ" એ નરસિંહ પંક્તિથી પુરુષના ગોપીભાવનો સૂચવાતો ધ્વનિ, આ પૂર્વે થઈ ગયેલા એક કવિ જીવણદાસના સ્ત્રીવાચક "પ્રેમસખી" ઉપનામથી પણ અને આ જીવણદાસના પણ "દાસી" ઉપનામથી સહજ રીતે સૂચવાય છે. આગળ જતાં સ્વામિનારાયણ કવિ પ્રેમાનંદ પણ સ્ત્રીવાચક "પ્રેમસખી" ઉપનામ પ્રયોજે છે.

ઉત્તર ભક્તિયુગના છેલ્લા સ્તબક સમી ઓગણીસમી સદીમાં પ્રવેશ કરતાં જોવા મળતા દયરામ અને સ્વામિનારાયણીય કવિઓની પહેલાં આપણને નરભેરામ, નીરાંત, ભોજો અને ગિરધર જેવા જ્ઞાની ભક્તકવિઓની કવિતાનો પરિચય થાય છે.

નરભેરામ : (ઈ.સ. ૧૭૬૮–૧૮૫૨) નરભેરામ પરમાત્મા શ્રીકૃષ્ણના સગુણરૂપનો ઉપાસક જ્ઞાની ભક્તકવિ છે. રામ અનેકૃષ્ણ એ બે શબ્દો તેને મન એકજ છે. જુઓ : "રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ જપ પાજી રે પાજી !' અને "સીતારામ, સીતારામ જીવ રટો રે રટો" તેણે જ્ઞાન–વૈરાગ્યનાં પદો ઉપરાંત રાધા–કૃષ્ણની શૃંગારભક્તિનાં પણ ઘણાં પદો ગુજરાતી તેમજ વ્રજભાષામાં રચ્યા છે. ગુજરાતીના મુકાબલે તેની વ્રજભાષાની રચનાઓ કાવ્યદષ્ટિએ ચડિયાતી છે.

પ્રેમવિષયક એક છપ્પામાં પ્રભુપ્રેમની અદ્વિતીયતા અને મહિમાને વર્ણાવતાં તે કહે છે કે આ પ્રેમ બજારમાં ગાંધીની દુકાને મળતો નથી કે નથી મળતો રસ્તેશોધવાથીએ તો શ્રીરામની કૃપા હોય તો જ મળે છે. આવો પ્રેમ વ્રજનારીઓને મળ્યો હતો :

*"મળ્યો પ્રેમ વ્રજનાર, મગન થઈ મનમાં ફૂલી*
*કહાન કહાન કહી ફરી, ભાન દેહીનું ભૂલી"*

કવિ નરભેરામે ગોપીઓના મિલન અને વિરહના ભાવોને રાસક્રીડાનાં પદોમાં ઉત્સાહપૂર્વક ગાયા છે. તેમાં કવિ વર્ણવે છે કે કૃષ્ણની વાંસળીનો નાદ સાંભળતાં "ગોપિકા અકળાઈ હો" "પ્રેમરસમાંય ભીંજાઈ હો" "પ્રેમસમુદ્રે નાહી હો" અને ઉતાવળમાં વસ્ત્રાભૂષણો સજતાં "ચરણનાં નેપૂર કર સોહાવ્યાં" અને "કંકણી ભરવી કાને" અને એવી સ્થિતિમાં"જયમ સરિતા જાય સિંધુ માંહી" તેમ "નીસરી સહુ રાને" કૃષ્ણ સમક્ષ આવી પહોંચેલી ગોપીઓને કૃષ્ણે પાછી જવાનું કહેતાં તેઓ નિરાશ થઈ ગઈ. જુઓ, "ભોમ ખણે વ્રજબાલી" પછી રાસક્રીડાના વર્ણનમાં નરભેરામે કૃષ્ણ અને ગોપીઓના આનંદાતિરેકને મનોરમ રીતે વર્ણવ્યો છે. રાસ એવો તો જામ્યો છે કે "રંગની રેલ વળી રહી વ્રજમાં" અને સૂકે "વૃક્ષે થાય અંકોર હો" જુઓ રાસનૃત્યનું હૃદયંગમ ચિત્રઃ

*"રૂમઝુમ રૂમઝુમ રાસ થાય છે, બાંધ્યો સ્નેહપ્રીતિનો દોર હો,*
*રાધિકા મસ્તક ગોફણો ઘમકે, હરિમસ્તક મુકુટને મોર હો"*

અને કવિ વર્ણવે છે કે ગોપીઓ અને કૃષ્ણના પ્રેમપ્રવાહો એકમેકમાં એવા ભળી ગયા છે, "જાણે ભળી સાકરમાં ખીર હો"

"ઉદ્ધવસંદેશ" ના પદોમાં કવિ નરભેરામે પ્રસંગવર્ણન સાદી રીતે અને સંક્ષેપમાં કર્યુ છે. કેવળ ગોપીઓના વિરહને ઉદ્ધવ સમક્ષ વર્ણવતું આ કાવ્ય ભ્રમરપ્રસંગ તથા જ્ઞાનમાર્ગની નિરર્થકતા કે ભક્તિમાર્ગની સર્વોપરિતાના નિરૂપણ વિનાનું છે.

છૂટક પદોમાં નરભેરામે રાધાકૃષ્ણના પરસ્પર પ્રેમને ઉત્કટતાપૂર્વક ગાયો છે. તેમાં રાધાનાં રીસામણાં, રાધાની સખીનો, "સજની આ શી તારી ટેવ" વચનોથી રાધાને ઠપકો અને "જોબન જળ બળ ચાર દિવસનું" માં રાધાના યૌવનગર્વ પર કટાક્ષ અને ચેતવણી, રાધાના પ્રેમમાં પાગલ બની ગયેલા કૃષ્ણની "અણતેડયો આફણીયે વા'લો વળગ્યો આવે વાંસે" એ રાધામુખે ઉચ્ચારાતા શબ્દોમાંથી વ્યક્ત થતી પ્રેમઘેલછા, કૃષ્ણના મુખને સ્પર્શ કરવા પરસેવો લૂછવાનું બહાનું શોધતી રાધાનીઃ "મુખડે તારે શ્રમજળ મોતી, લાડકવાયા લો'વા દે" પંક્તિથી સૂચવાતી કામજનિત સ્પર્શઝંખના અને "હીરો ફોડયો ના ફૂટે" ના

જેવી રાધાકૃષ્ણની સંગીત પ્રેમમૈત્રીને વ્યક્ત કરતી પંક્તિઓમાંથી નરભેરામની ગાઢ કૃષ્ણભક્તિ જણાઈ આવે છે, જે તેમને પણ ભક્ત કવિઓની હરોળમાં ઊંચું સ્થાન અપાવે તેવી છે.

**નીરાંત :** (ઈ.સ. ૧૭૭૦–૧૮૪૬) નિરાંત મુખ્યત્વે જ્ઞાનાશ્રયી કવિ છે તેમ છતાં પ્રેમલક્ષણાભક્તિના ઉદ્‌ગારોનાં છાંટણાં તેણે તેનાં જ્ઞાનોપદેશનાં કેટલાક પદોમાં કર્યા છે, તો પ્રેમલક્ષણાભક્તિનાં કેટલાંક સળંગ પદો પણ લખ્યાં છે અને ગોપી ઉદ્ધવ સંવાદ તથા રાધાના બારમાસ જેવી પ્રસંગનિરૂપણની ભાવનાઓ પણ આપી છે. તેની આ પ્રેમભક્તિની રચનાઓમાં પણ જ્ઞાની તરીકેનું તેનું વ્યક્તિત્વ અછતું રહેતું નથી.

કવિ નિરાંત માને કે પરમાત્માની ભક્તિ એકાંતિક જ હોવી જોઈએ કારણ કે : "પતિવ્રતા સમોવડ નહીં" અને "વ્યભિચારિણી પિયાકુ ના ભાવતી" આ પંક્તિઓ ઉપરથી જણાઈ આવે છે કે નીરાંત જારભાવવાળી નહીંપણ પતિવ્રતાભાવવાળી સંયમી ભક્તિમાં માનનારો કવિ છે.

નીરાંતે ગોપીની કૃષ્ણપ્રીતિ અને કૃષ્ણવિરહનાં સ્વતંત્ર પદો રચ્યાં છે તેમાં કૃષ્ણના અદર્શનથી ગોપીની બેચેની, સદ્‌ગુરુ–પ્રભુએ પાયેલા પ્રેમરસથી "વિવાહ સરખો અવસર" થી સૂચવાતો ગોપીનો ઉમંગઃ "મેરે પિયા બિન ભઈ મૈં તો બાવરી" થી સૂચવાતી ગોપીની કૃષ્ણમયતા ઈત્યાદિમાં કવિ નિરાંતનો પ્રભુપ્રેમ જ વ્યક્ત થાય છે. ગોપી–ઉદ્ધવ સંવાદને લગતાં છૂટક પદોમાં "તમ ટાળી તલખે રે બ્રીજની નારી" એમ ઉદ્ધવ સમક્ષ પોતાનું વિરહ દુઃખ વ્યક્ત કરતી અને "પ્રીત મીન નીરના જેવી" માં કૃષ્ણ પ્રત્યેનો અતૂટ પ્રેમસંબંધ વ્યક્ત કરતી ગોપી નીરાંતના પ્રભુપ્રેમને વાચા આપતા પ્રતીક સમી આલેખાઈ છે.

નીરાંતે કૃષ્ણવિરહે ઝૂરતી રાધાની વિયોગ વેદનાને વર્ણવતા"બારમાસ" લખ્યા છે. પ્રત્યેક માસમાં અછડતું પ્રકૃતિવર્ણન, રાધાની વિયોગવેદના અને તત્ત્વોપદેશ સમાવતી આઠ આઠ પંક્તિઓ આપી છે. અગિયારમા મહિનામાં જ રાધાને ઈચ્છિત ફળ પામતી બતાવી છે અને બારમા મહિનામાં સદ્‌ગુરુ અને તત્ત્વરૂપ પરમાત્માના મહિમાનું ગાન છે. કાવ્યનો આરંભ અષાઢ માસથી થાય છે. રાધા પોતાની સખી આગળ પોતાનું વિયોગ

દુઃખ વ્યક્ત કરતાં કહે છે કે નિઃસંગ શય્યાવાળી હું ઘાયલ જેવી પડી છું : "મારી સેજ્જા ભયી નિઃસંગ ઘાયલ ઘરમાં રે".

પ્રેમભક્તિનું નિરૂપણ કરતા નીરાંતનું લક્ષ્ય તો તત્ત્વરૂપ પરમાત્મા પ્રતિ જ રહ્યું છે. તેથી તેનું તત્ત્વાન્વેષી માનસ વારંવાર ભક્તિના ભાવો ઉપર સવાર થતું તેની આ રચનાઓ ઉપરથી દેખાય છે.

**ભોજો** : (ઈ.સ. ૧૭૮૫–૧૮૫૦) અખાની જેમ તત્ત્વજ્ઞાની કવિ તરીકે જ વિશેષ પ્રસિદ્ધ થયેલો છે.

જ્ઞાની ભક્ત કવિ ભોજાએ ઉદ્ધવ–ગોપી સંવાદને વર્ણવતાં છુટક પદો તથા ગોપીઓના કૃષ્ણવિરહને વર્ણવતી "તિથિઓ" અને ગોપીઓ અને કૃષ્ણના શૃંગાર વિલાસને વર્ણવતા સ્વતંત્ર પદો પણ લખ્યાં છે. "ગોપી ઉદ્ધવ સંવાદ"નાં પદોમાં કૃષ્ણને ગોપીઓની સતાવતી યાદના નિરૂપણથી પ્રભુનો ભક્તપ્રેમ સૂચવાય છે. આંખમાં ઝળઝળિયાં સાથે કૃષ્ણના સમાચાર પૂછતી ગોપીઓની વિરહવેદનામાંથી ભક્તનો પ્રભુવિરહ ખૂબ જ અસરકારક રીતે સૂચવાયો છે : જુઓ,

*"ગોકુળિયું તો ગોવિંદ વિના, ખોરડ ખાવા ધાય રે,*
*જીવણ વિના જીવવું એ તો, જુગ સમો દિન જાય રે"*

ગોપીના કૃષ્ણપ્રેમ અને કૃષ્ણ સાથે ગોપીએ માણેલી ક્રીડાઓના આનંદને વર્ણવતા પદોમાં પ્રભુપ્રેમની ઉત્કટતા કવિ ભોજાએ સંક્ષેપમાં પણ સચોટતા પૂર્વક વર્ણવી છે. તેમાં "હું તો કૃષ્ણ કૃષ્ણ કરતી દોડી રે" માં પ્રેમની અધીરતા, "હું તો હિંચોળું દોરીએ હીરની સેજલડીએ સૂતા રે" માં વત્સલતા અને "મને કીધી સમોતી સંસારમાં, જીવન સામું જોતાં રે" માં પ્રણયક્રીડાની સૂચકતા અસરકારક રીતે વ્યક્ત થઈ છે.

ભોજો તત્ત્વદર્શી કવિ છે એટલે તેનાં ભક્તિશૃંગારનાં પદો ઉપર પણ આત્મા (ગોપી) પરમાત્મા (શ્રીકૃષ્ણ) ના અદ્વૈતની છાપ દઢ રીતે મુદ્રિત થયેલી છે. ગોપી અને કૃષ્ણ, તેની કવિતામાં માત્ર ભક્તિનાં પ્રતીકો તરીકે જ આવે છે. જેમાંથી વ્યક્ત થાય છે, ભોજાનો પ્રભુ સાથેનો વૈયક્તિક સ્નેહસંબંધ.

*ગિરધર : (ઈ.સ.૧૭૮૭–૧૮૫૨)*

વાલ્મિકી રામાયણ પરથી ગુજરાતીમાં "રામાયણ" રચીને વિશેષ પ્રસિદ્ધ થયેલા કવિ ગિરધરે કૃષ્ણની 'પ્રેમભક્તિની ઘણી રચનાઓ આપી છે. તે રામ અને કૃષ્ણ બંનેનો ઉપાસક છે. તેની કલમ સંયમી, સચોટ અને તેજસ્વી છે. તેની ભક્તિશૃંગારની કૃતિઓમાં રાધાની કૃષ્ણઘેલછા, કૃષ્ણનાં રીસામણા અને રાધાનાં મનામણાં, રાધાની કૃષ્ણની પરણવાની તાલાવેલી, મહીને મિશે રાધાનો પ્રેમરસ લૂંટતા કૃષ્ણની પ્રેમપજવણીઓ, વૃંદાવનમાં ગોપીઓ અને કૃષ્ણનો રાસ, રાધાનાં રીસામણાં અને કૃષ્ણનાં મનામણાં ઈત્યાદિ પ્રસંગોને વર્ણવતી ભક્તિશૃંગારની ગરબીઓ, કૃષ્ણના બાલચરિત્ર વિષયક અને કૃષ્ણના ગોપીઓ સાથેના વિવિધ પ્રેમપ્રસંગોને વર્ણવતી કડવાબદ્ધ રચના "ગોકુળલીલા" કૃષ્ણને પરણવાના કોડ સેવતી રાધાના પ્રણયભાવોને વર્ણવતું "રાધાવિલાસ', યમુનામાં સ્નાન કરતી ગોપીઓનાં વસ્ત્રો ચોરી તેમની મશ્કરી તથા પ્રેમપરીક્ષા કરતા કૃષ્ણ અને ગોપીઓના પરસ્પર પ્રેમભાવને વર્ણવતું "વસ્ત્રહરણલીલા", મહીના બહાને ગોપીઓનો પ્રેમરસ પીવાની ચેષ્ટા કરતા અને સામે પક્ષે કૃષ્ણનો પ્રેમરસ ઝીલવા આતુર અંગનાઓના પરસ્પર સ્નેહનીતરતા પ્રણયસંકેતોને વાચા આપતું "મુકતચરિત્ર" (દાણલીલા), શરદ 1તુની રાતે વૃંદાવનમાં ગોપીઓ અને કૃષ્ણની રાસક્રીડામાં વ્યક્ત થતી ગોપીઓની પ્રેમોન્માદાવસ્થા અને કૃષ્ણની ગોપીઓના કામને વધારતી કામોત્તેજકતાને શબ્દબદ્ધ કરતું"રાસલીલા", કૃષ્ણના વિરહમાં ઝૂરતી રાધાના પ્રત્યેક મહિનાની વિરહી ભાવસૃષ્ટિને સાકાર કરતું "રાધા વિરહના બારમાસ" ઈત્યાદિ મુખ્ય છે.

ભક્તિશૃંગારની ગરબીઓમાં ગિરધરે રાધાની વિવિધ પ્રેમોર્મિઓ અને કૃષ્ણના કામોતેજક વ્યક્તિત્વને ઊઠાવદાર રીતે વ્યક્ત કર્યુ છે."શ્યામ સુંદર, સૈજ સમારી, જોઉં તમારી વાટ રે" માં આતુરતા વ્યક્ત થઈ છે. પછી કૃષ્ણ આવે છે તેથીઆજનો દિવસ રાધાને માટે "દીવાળી" છે. તેના હર્ષની કોઈ સીમા રહેતી નથી અને : "આજ સોનાના સૂરજ ઊગ્યા, દૂધડે વરસ્યા મેહ રે" માં તેનો પ્રભુમિલનનો હર્ષાતિરેક વ્યક્ત થાય છે. પછી ગોપી રસિયા નંદકુંવરને "હૃદયાશું ચાંપી મંદિરમાં લેઈ ચાલી રે" માં રતિક્રીડાનું પરોક્ષ સૂચન છે. કૃષ્ણના વિરહમાં રાધાને "સજ્જા જાણે સાપણી" હોય તેમ લાગે છે અને

જયારે "પરણ્યો આવે પાસમાં, તે જાણે જમનો દૂત" હોય તેમ લાગે છે. આ પંક્તિમાંથી જારભાવવાળી ભક્તિ સૂચવાય છે. રીસાયેલી રાધા જયારે તેની સખીના મનાવવાથી પણ માનતી નથી ત્યારે સખી કૃષ્ણ પાસે જઈ કહે છે, "તમેખુદ જઈ એને મનાવો." અહીં ગિરધરે સુંદર રૂપક અલંકાર પ્રયોજયો છે :

"લોહ કઠણ ઘણું રે કહેવાયે, ચુંબકથી તે ચંચળ થાયે" પછી નારી વેશે રાધાને મનાવવા નીકળેલા કૃષ્ણના નારીવેશ અને લલિત હલનચલનનું ચેતોહારી વર્ણન કર્યુ છે.

*'જાણે ચપળા રે ચમકે, પાયે નેપૂર ઘૂઘરા રે ઘમકે,*
*ગજગતિ ચાલે રે ગોરી, હસ્તી હંસ ગવન મૃગ મોરી"*

"ગોકુળલીલા" કાવ્ય કવિ ગિરધરે શ્રીમદ્ભાગવત, ગર્ગસંહિતા, બીલ્વમંગળ, ગીતગોવિંદ ઈત્યાદિ કૃષ્ણબાલચરિત્ર વિષયક ગ્રંથોમાંથી પ્રસંગો લઈને ૭૭ કડવામાં રચેલું છે અને તેમાં કૃષ્ણના જીવનના ચમત્કારિક પ્રસંગો ઉપરાંત ગોપીઓ અને કૃષ્ણના પરસ્પર પ્રેમના વિવિધ પ્રસંગોનું વિસ્તાર પૂર્વક અને આલંકારિક ઢબે વર્ણન કર્યુ છે. તેમાં રાધાવિલાસ, વસ્ત્રહરણલીલા, મુકતાચરિત્ર અને રાસલીલા એ પ્રસંગો વિશેષ આકર્ષક છે. મુકતાચરિત્રમાં રાધાની તેજસ્વિતાનું "ગજગામની ધુતીદામની, શશિપૂર્ણ મુખ મૃગલોચની" એશબ્દોમાં મધુર અને અલંકારશોભન વર્ણન કવિએ કર્યુ છે તથા રાસવર્ણનમાં ગોપાંગનાઓની વચ્ચે રહી, રાસનૃત્યનિમગ્ન કૃષ્ણનું "મુગ્ધાતણી મંડલીમાં હરી, મધુર હસ્તા જાય" એ પંક્તિમાં મુગ્ધકર આલેખન થયું છે.

આટલી કાવ્ય પ્રસાદી ઉપરથી જણાઈ આવે છે કે ગિરધર તેજસ્વી પ્રતિભાવાળો ભક્ત કવિ છે. પ્રસંગોને બહુ વિસ્તાર્યા વિના સચોટ નિરૂપણ કરવાની કુશળતા તે ધરાવે છે. તેની ભાષા– શૈલી સરળ અને પ્રવાહી છે. અલંકારો પણ બહુ જ ઔચિત્ય પૂર્વક એણે પ્રયોજયા છે.

મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિકવિતાનાં શાંત સરોવરો સર્જી જનારા ભાલણ, વિશ્વનાથ જાની, પ્રીતમ અને બ્રહ્માનંદ જેવા કવિઓની હરોળમાં ગિરધરનું સ્થાન આવે છે.

આ ઉપરાંત ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધી પહોંચનાર કવિ રેવાશંકરે કૃષ્ણપ્રેમની વૈવિધ્યમય ભાવોર્મિઓને વ્યક્ત કરતું "કૃષ્ણલીલા" અને કવિ મોતીરામે શ્રી કૃષ્ણ પ્રભુના વિરહ– મિલનના ભાવોને પુરોગામી કવિઓને અનુસરીને વર્ણવતાં "દાણલીલા" "રાસલીલા", "પ્રેમરસ", "મહિના", અને "તિથિઓ" રચીને તે જમાનાના ભક્તિ માહાત્મ્યસભર વાતાવરણમાં પોતાનો યત્‌કિંચિત્ ફાળો આપ્યો છે.

અઢારમી સદીની છેલ્લી પચીસી અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીનું લગભગ પોણી સદીનું ચિત્ર સાહિત્યક્ષેત્રે એક દયારામના અપવાદ સિવાય,તેની આગલી બે સદીઓથી નોંધપાત્ર રીતે જુદું નથી. આ સમયની ભક્તિસાહિત્યક્ષેત્રની મહત્ત્વની ઘટનાઓ બે : એક વૈષ્ણવ સંપ્રદાયના સાતત્ય રૂપ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગુજરાતમાં પ્રવર્તન અને બીજું પુષ્ટીમાર્ગી કવિ દયારામનું પ્રેમભક્તિનું ગાન.

*સ્વામિનારાયણ સંપ્રદાય :*

વૈષ્ણવ સંપ્રદાયનું એ પરમ સદ્‌ભાગ્ય ગણાવું જોઈએ કે પ્રારંભથી જ તેને યુગે યુગે પ્રતિભાશાળી સંતપુરુષો પ્રાપ્ત થયા છે.જયારે જયારે વૈષ્ણવ આચારસંહિતામાં અને વિચારસરણીમાં અજ્ઞાન, ગેરસમજ, જડતા અને અનાચાર પ્રવેશ્યાં છે ત્યારે આ સંપ્રદાયના કોઈ ને કોઈ સંતપુરુષે સમયને અનુરૂપ થોડાક ફેરફારો કરી તેને વિશુદ્ધ કરવાનો અને તેને લોકાભિમુખ વળાંક આપવાનો પ્રયત્ન કર્યો છે અને એમ કરીને આ સંપ્રદાયની જીવતતા ટકાવી રાખી છે. ભગવદ્‌ગીતાના શ્રીકૃષ્ણમુખે ઉચ્ચારાયેલા શબ્દો "સંભવામિ યુગે યુગે" ની અહીં સહેજે યાદ આવી જાય છે. જો કે પ્રત્યેક પ્રતિભાશાળી સંતપુરુષની પાછળ તેના નામનો શાખા–સંપ્રદાય ચાલ્યો છે. પરંતુ એ બધા સંપ્રદાયો વૈષ્ણવ સંપ્રદાયરૂપી જૂના અને વિશાળ વટવૃક્ષની શાખા–પ્રશાખાઓ જેવા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક સ્વામી સહજાનંદે તેમના મૂળ વતન અયોધ્યા પાસેના છપૈયા ગામથી આવી ઈ.સ. ૧૮૦૦માં જયારે ગુજરાતની ધરતી ઉપર પગ મૂકયો ત્યારે ઈસ્લામની હિંસક વટાળ પ્રવૃત્તિ ખૂબજ મંદ પડી ગઈ હતી અને તેની જગાએ ખ્રિસ્તી

મિશનરીઓની બૌદ્ધિક સુસજ્જતાવાળી વટાળ પ્રવૃત્તિનો આરંભ થઈ ચૂકયો હતો અને ભારતના તે સમયના રાજકારણમાં કલમ તલવારને હટાવવા લાગી હતી.

સ્વામી સહજાનંદ રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મતમાં માનતા હતા અને વલ્લભાચાર્યના પુષ્ટિ સંપ્રદાયની ભક્તિ, પ્રભુસેવા અને વિધિ–વિધાન પણ તેમને માન્ય રાખ્યાં હતાં. ફરક એટલો હતો કે વૈષ્ણવધર્મમાં પ્રવેશેલાં વિલાસને સહજાનંદે ગાળી નાખ્યો તેથી આ સંપ્રદાય વૈષ્ણવ સંપ્રદાયના જ પ્રવાહરૂપ મનાય છે. તેના તાત્ત્વિક સિદ્ધાંતો આ પ્રમાણે છે : પરબ્રહ્મરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણ એ પરમદેવ, સહજાનંદ એ શ્રીકૃષ્ણના આવિર્ભાવરૂપ, પરમાત્મા શ્રીકૃષ્ણ એક છતાં અનંતરૂપે, મુક્તિ માટે પરમાત્માની ઉપાસના સવિકલ્પ નિર્વિકલ્પ એમ બે પ્રકારની. આત્મા પરમાત્માના દ્વૈતભાવવાળી ઉપાસના તે સવિકલ્પ અને તેના અદ્વૈતભાવવાળી ઉપાસના તે નિર્વિકલ્પ. મુક્તિનું બીજુ સાધન તે ભક્તિ. ભક્તિ એટલે પ્રગટ પરમેશ્વરમાં જ્ઞાનપૂર્વક સ્નેહ પ્રગટ પરમેશ્વર એટલે માનવરૂપે પ્રગટેલા સાક્ષાત્ પરમાત્મા. જો તે ન હોય તો પરમાત્માના બ્રહ્મનિષ્ઠ સંત અને તેપણ ન હોય તો ઈષ્ટદેવની પ્રતિમા. પરમેશ્વરની ભક્તિ કરતી વખતે મનમાં કેવો ભાવ લાવવો તે બાબતમાં સહજાનંદે ભાગવતકાર, ચૈતન્ય અને વલ્લભાચાર્યથી જુદા પડી કહ્યું છે કે પરમાત્માને પતિવ્રતા સ્ત્રીની જેમ ભજવો. ભાગવતકાર વગેરેએ જારભાવવાળી ગોપીભક્તિને શ્રેષ્ઠ ગણી છે. પરંતુ આ પ્રકારની ભક્તિનાં ભયસ્થાનો સહજાનંદની જાણ બહાર ન હતાં તેથી જ તેમણે પાતિવ્રત્યભાવવાળી ભક્તિ પ્રબોધી છે. સ્વામિનારાયણે પ્રચલિત વૈષ્ણવ સંપ્રદાયોમાંથી જ તત્ત્વો લઈ પોતાનો સંપ્રદાય ઘડયો છે પણ તેમાં અનીતિ ન પેસે માટે ઈષત તાત્ત્વિક ફેરફાર કરી કેટલાક કડક નિયમો પણ બનાવ્યા છે. જેમ કે આ સંપ્રદાયના સ્ત્રી–પુરુષોએ સીધી કે આડકતરી રીતે એકબીજાના સંપર્કમાં ન આવવું એવો નિયમ એમણે ખૂબ સમજપૂર્વક ઘડયો હતો.

સ્વામી સહજાનંદનું લક્ષ્ય સમાજશુદ્ધિ તરફ સવિશેષ હતું એ તેમણે ઘડેલાં પાંચ વ્રતો ઉપરથી જણાઈ આવે છે. તે છે દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને વટલાવવું કે વટલવું નહીં. આ ઉપરાંત આ સંપ્રદાયના સાધુઓ માટે ધન અને સ્ત્રીનો સંપૂર્ણ ત્યાગ આવશ્યક ગણાતો હતો. સ્વામી સહજાનંદનું વ્યક્તિત્વ

દૈવી અને અસાધારણ પ્રતિભાવાળું હતું. તેમણે ગુજરાતનાં ગામડાંઓમાં ફરી મધ્યમ અને નિમ્નવર્ગના લોકોનું નૈતિક બળ વધે એ માટે પાંચ વ્રતો તેમના જીવનમાં ઉતારવા સફળ પ્રયત્ન કર્યો હતો અને સમાજસુધારણાનાં આવાં લોકોપયોગી કાર્યોથી ગુજરાતના જનસમાજ ઉપર પ્રભાવક અસર પાડી હતી. ધર્મ અને ભક્તિને વ્યવહાર જીવનની આચારશુદ્ધિના સાધન તરીકે પ્રયોજનાર સહજાનંદ, આ બાબતમાં, તેમના પુરોગામીઓથી નોખા તરી આવે છે. તેમને એક શિષ્યમંડળ પણ હતું જેમાંના મુકતાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ અને દયાનંદ જેવા સાધુ કવિઓએ જ્ઞાન–વૈરાગ્યની કવિતા ઉપરાંત પ્રેમભક્તિની મધુર કાવ્યરચનાઓ પણ આપી છે. તેઓ પરંપરાના પ્રવાહમાં મબલખ કૃષ્ણ કવિતા કરે છે. પ્રત્યેક નંદ સંતે પોતાની પદકવિતામાં મનભરીને કૃષ્ણ નિરૂપણ કર્યું છે, કૃષ્ણની લીલાનું ગાન કર્યું છેઘ વિપુલ પ્રેમલક્ષણા ભક્તિશૃંગાર ગાયા છે.

આમ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણ કવિતા ભરપૂર ખેડાઈ છે; રંગભીની વાદળી બની વરસી છે.

## પ્રકરણ – ૨

## મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણવિષયક કવિતા

*પાદટીપ :*

૧. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ – ૨, પ્રકાઃ ગુજરાતી સાહિત્ય પરિષદ પૃ.૮૦

૨. હિન્દી સાહિત્ય કી ભૂમિકા, ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી પૃ. ૮૭

૩. એજન, પૃ. ૮૮

૪. એજન, પૃ. ૮૮

૫. ગુજરાતના ઐતિહાસિક લેખો – ભાગ–૧, પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા, પૃ.૧૫

૬. 'સંશોધનને માર્ગે', કે. કા. શાસ્ત્રી પૃ. ૧૦૬

૭. ગુજરાતી સાહિત્ય – મધ્યકાલીન, અનંતરાય રાવળ પૃ. ૮૨

૮. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ખંડ–૧, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, પૃ.૨૧૪

૯. પ્રાચીન ગૂર્જર કાવ્ય અંતર્ગત પ્રબોધ ચિંતામણી, સંપા. કે. હ. ધ્રુવ પૃ. ૧૨૦

૧૦. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ડૉ. રમેશ એમ. ત્રિવેદી પૃ. ૩૦

૧૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (મધ્યયુગ તથા અર્વાચીન સુધારક યુગ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પૃ. ૪૧

૧૨. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણાભક્તિ, સોમભાઈ પટેલ, પૃ. ૭૬

☆☆☆

# પ્રકરણ - ૩
# સ્વામિનારાયણ સંપ્રદાયનું પદ સાહિત્ય અને કૃષ્ણ વિષયક પદ કવિતા

*મન કરતાલ ને તનકો તંબુરો, તામેં તેરા ગુન ગાઉંગી....*

માત્ર ગણતરીનાં વર્ષોમાં પોતાના અપ્રતિમ પ્રભાવથી ગુજરાતની કાયાપલટ કરનાર નવયુવાન ભગવાન સ્વામિનારાયણે નિરાળો હરિભક્તસમાજ અને સંતસમાજ ખડો કર્યો હતો. એમનું મુદ્રાકર્ષણ એટલું અસાધારણ હતું કે રાજા–મહારાજાઓથી લઈને મોટા મોટા મઠાધીશો, મહંતો એમનાં ચરણોમાં લળી પડતાં હતાં. માત્ર ૩૦ વર્ષની ઉંમર સુધીમાં એમણે ૩,૦૦૦ કરતાંય વધુ પરમહંસોને દીક્ષા આપી હતી. આ પરમહંસોમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને યોગીરાજ ગોપાળાનંદ સ્વામી જેવા મહાપુરુષોથી લઈને નિત્યાનંદ સ્વામી જેવા મહાવિદ્વાનો કે બ્રહ્માનંદ સ્વામી જેવા મહાકવિઓએ ગુર્જર ધરા પર પોતાનાં વાણી અને વર્તનથી પ્રેરણાની અનુપમ ભાગીરથી વહાવી હતી.

કવીશ્વર ન્હાનાલાલ લખે છે : 'સ્વામિનારાયણીય સદ્ધર્મ પ્રણાલિકાઓએ, એમના બ્રહ્મચર્યે, એમના સદ્‌ગુરુઓએ, એમના સંતકવિવરોએ સંપ્રદાયને ઘડયો છે અને પ્રવર્તાવ્યો છે. બ્રહ્માનંદ, પ્રેમાનંદ, મુક્તાનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, દેવાનંદ, યોગાનંદ, મંજુકેશાનંદ સ્વામિ–સંપ્રદાયના કવિઓ હતા. ગુજરાત કદીએ કવિ સૂનો રહ્યો નથી. વન મોરસૂનાં હોય તો ગુજરાત કવિસૂનો હોય. સ્વામી સંપ્રદાયી અષ્ટકવિઓ ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૫૦નો દેશકાળ ભરી ટહૂકે છે. વૈદિક 1ષિવરોના અનુજો જેવા તુલસીદાસજી, સૂરદાસજી, તુકારામ, નરસિંહ મહેતા તેમ સ્વામિનારાયણીય સાધુજનો કવિસંતો હતાં. બ્રહ્મમંત્રો ગાતાં તેમજ જીવતાં. ગોપાળાનંદ, ગુણાતીતાનંદ, નિત્યાનંદ, વાસુદેવાનંદ કવિ નહોતા એવાં અને કવિ હતાં એવા સદ્‌ગુરુઓએ સ્વામિ–સંપ્રદાયને ખીલાવ્યો, મ્હોરાવ્યો, દિશદિશમાં સંપ્રદાયનો સંદેશ સંભાળાવ્યો છે.'

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, દયાનંદ સ્વામી જેવા અષ્ટકવિઓ ઉપરાંત આધારાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, અવિનાશાનંદ બ્રહ્મચારી વગેરે સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ નહીં, સમગ્ર ભારતીય ભક્તિસાહિત્યમાં મણિ જેવા ઝળહળે છે. આ સંતકવિઓએ આપેલું પ્રદાન ભગવાન સ્વામિનારાયણનું અનોખું વ્યક્તિત્વ–દર્શન કરાવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતકવિઓમાં અષ્ટકવિઓનું સ્થાન અનોખું છે. એમણે રચેલાં કીર્તનો ૨૦૦ વર્ષ પછી પણ એવાં ને એવાં જ તાજગીભર્યાં છે અને આવતાં હજારો વર્ષો પછી પણ એની તાજગીમાં લેશ પણ ઝાંખપ નહીં આવે. કારણ કે એમાં વિશુદ્ધ ભક્તિભાવ ભર્યો છે. આ સંતોને સાહિત્યની માયા ન હતી. એમને તો ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના ગુણાનુવાદ ગાવાની જ લગની હતી. આથી એમની ભક્તિનું સૌન્દર્ય અનોખું નિખરી ઊઠે છે. એટલે જ સાહિત્યકારો આ કવિઓને નવાજતાં કહે છે : એમની સૌન્દર્ય–ભક્તિ નહોતી, પરંતુ એમાં ભક્તિ–સૌન્દર્ય અવશ્ય હતું. ચંદ્રકાંત શેઠ કહે છે : 'તેઓ હાડે સંત હતા. તેઓ કવિયશપ્રાર્થી નહિ પણ પ્રભુપદપ્રાર્થી હતાં. આથી તેમની કવિતામાં કલા આપોઆપ પ્રગટી ગઈ છે.

નિષ્કુળાનંદ સ્વામીનાં પ્રસિદ્ધ પદો : 'ત્યાગ ન ટકે રે, વૈરાગ્ય વિના...' ગાંધીજીને અતિ પ્રિય હતાં. પોતાની સંધ્યા પ્રાર્થનામાં તેનો સમાવેશ કરીને તેઓ ઘણી વખત ગવરાવતાં. 'આશ્રમ ભજનાવલિ'માં પણ તેમણે તેનો સમાવેશ કર્યો છે. અનેક સાહિત્યકારો નોંધે છે : કોઈ પણ સંપ્રદાયના સાહિત્યમાં વૈરાગ્ય ઉપર આટલાં સચોટ લખેલાં પદો મળવાં મુશ્કેલ છે.

કનૈયાલાલ મુનશી કહે છે : 'સ્વામિનારાયણીય પંથની સેવાનું માપ કાઢવાનું આ સ્થાન નથી. ભક્તિ સાહિત્યના ક્ષેત્રમાં તો તેણે ચાલી આવેલી પ્રણાલિકાને સ્પષ્ટ અને સુદઢ કરી. ઉપદેશ અને વૈરાગ્યનું સાહિત્ય આ પંથના કવિઓએ ઘણું સમજાવ્યું છે.'

પ્રેમાનંદ સ્વામીને તેઓ ઉચિત અંજલિ આપે છે : 'નરસિંહ મહેતા પછી મધ્યકાલીન સાહિત્યમાં જો કોઈનાં કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો એમનામાં છે.'

પોતાના રૂહાની સંગીતથી સાંજને સવારમાં પલટાવી નાંખનાર પ્રેમાનંદ સ્વામીએ ગ્વાલિયરના ગવૈયાઓનો ગર્વ ધૂળધાણી કરી નાંખ્યો, એ પ્રસંગ એમની સમર્થતાનો જ નહીં, એમની અસાધારણ ઈષ્ટભક્તિનું પણ એક શિખર હતું. એટલે જ આ કવિઓનાં ભક્તિગાનથી તણાઈ સ્વયં શ્રીહરિ પણ કયારેક આખી ને આખી રાતો સાંભળવા ઊભાં રહી જતાં. સંપ્રદાયના હિંદી સાહિત્યના મહાન કવિ સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી હરિચરિત્રામૃતસાગરમાં આ અષ્ટસંતકવિઓને બિરદાવતાં કહે છે :'મુકતમુનિ ગાય ત્યારે મુખ ઉપર લાલ રંગ ઢળે છે, પ્રેમાનંદ મુનિ ગાય ત્યારે શ્રીહરિ તેમની સાથે તાન તોડતા, નિષ્કુળાનંદ મુનિ ગાય ત્યારે સાંભળનારને સંસાર ગમે નહીં અને વનવાસ પ્રિય લાગે.' શ્રીહરિના અક્ષરવાસ પછી બ્રહ્માનંદ સ્વામી ગઢડામાં મૂર્તિ સમક્ષ કીર્તન ગાય ત્યારે મૂર્તિમાંથી સાક્ષાત્ પ્રગટ થઈને શ્રીહરિ સ્વયં તેમને ભેટી પડતાં.

આ સંતોનો ત્યાગ ઉચ્ચ કોટિનો હતો, પરંતુ તેનું કારણ શુષ્ક વૈરાગ્ય નહીં, ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેનું અસાધારણ અકલ્પ્ય આકર્ષણ હતું, એમના પ્રત્યેની મહિમાસભર ભક્તિ હતી. નવજોબનથી મદમાતા બ્રહ્માનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણનાં પ્રથમ દર્શને જ રાજકવિમાંથી ભક્ત થઈ ગયા, અને સંસારી વેશ ઉતારી ભગવાં ધારી લીધાં ત્યારે એમણે કેટલું છોડયું હતું ! ગાયકવાડ સરકાર સહિત અનેક રજવાડાંઓનાં માનવંતા રાજકવિ પદ છોડયાં અને સંપત્તિમાં : ૧૧,૦૦૦ નગદ રૂપિયા, ૨૨,૦૦૦ જામશાહી કોરીઓ, ૯૦,૦૦૦ દીવાનશાહી કોરીઓ, ૧૦૧ સોનામહોરો, આશાલાકડી, અનેક મોંઘેરા અલંકારો, હમેલ–વેઢ–વીંટીઓ–બેડીઓ, હીરા, માણેક, મોતી, ઊંટ–ઘોડાના સોનાના દાગીના, ૧૬ ઘોડા, ૭ ઊંટ, ૪ બળદ, સિગરામ, ૨૫ શિરબંધી અને ૨૫ વાહનવાળા સેવકો... અને આવું કેટલુંય ! આવા ત્યાગના કારણ સમું ભગવાન સ્વામિનારાયણનું અલૌકિક મુદ્રાકર્ષણ કેવું હશે !

અને હા, એક તરફ આટલો ત્યાગ અને બીજી તરફ ? જયાં જુઓ ત્યાં તિરસ્કાર અને ધુત્કાર. પરંતુ ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મોહિનીમાં ગુલતાન થયેલા આ મહાકવિઓએ તૃણ કરતાંય વધુ નમ્ર થઈને કીર્તનભક્તિ દ્વારા શ્રીહરિને અપાર રીઝવ્યાં. 'તૃણથી પણ નમ્ર, વૃક્ષથી વધુ સહનશીલ અને બીજાને માન આપનારને જ પ્રભુકીર્તનનો અધિકાર છે.' ચૈતન્ય મહાપ્રભુની આ પ્રસિદ્ધ ઉક્તિ આ સંતકવિઓના રોમેરોમમાં જિવાતી હતી.

ભગવાન સ્વામિનારાયણે એકલી ભક્તિને પોષી નથી. એમણે આત્મા અને પરમાત્માના શાશ્વત જ્ઞાનને પણ પોષ્યું છે. માત્ર જ્ઞાનથી છકી ન જવાય અને માત્ર ભક્તિથી વિલાસ ન ફેલાય એ માટે એમણે અહિંસા–બ્રહ્મચર્યરૂપ સદાચાર તથા વૈરાગ્યને સાથે રાખ્યાં. એટલે જ એમના સંતકવિઓનાં પદોમાં ભક્તિનો ભારે ઉછાળ છે. સાથે સાથે વૈરાગ્ય અને જ્ઞાનની ખુમારી પણ છે. સદાચાર ધર્મનો આદેશ પણ ગુંજે છે અને આ ચારેય જેણે આત્મસાત્ કર્યા હોય તથા જેનાં થકી અનેક મુમુક્ષુઓ આત્મસાત્ કરી શકે એવા ગુણાતીત સંતોનો અપરંપાર મહિમા પણ આ પદોમાં પડઘાય છે.

અને સૌથી મોટી બાબત છે પ્રગટની ઉપાસના. મુક્તાનંદ સ્વામી કહે છે : 'પ્રગટ ઉપાસના સૌથી મોટી.' એમણે કીર્તનો રચ્યાં, પરંતુ કોઈ આકાશી પરમાત્માની કલ્પનાનાં કીર્તનો નહીં, પોતાની નજર સામે વિચરતા પ્રગટ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણનાં કીર્તનો રચ્યાં. એટલે એનો પ્રભાવ જ કંઈક અલૌકિક બનીને નીખરી ઊઠયો છે.

ભગવાન સ્વામિનારાયણે વહેતી મૂકેલી એ ભક્તિ–કાવ્યોની પરંપરાની એવી ને એવી તાજગી આજેય અનુભવાય છે.

***'રસિયા કે રૂપમેં અટક ગઈ અખિયાં..'***

ભારતીય સાહિત્યનો મધ્યકાલીન યુગ તો કૃષ્ણભક્તિકવિતાનો યુગ છે. અખિલ ભારતીય પરંપરામાં કૃષ્ણનું શાશ્વતચરિત્ર મુખ્ય પૌરાણિક, સાંપ્રદાયિક અને પ્રેમલક્ષણાભક્તિ એવા ત્રિવિધ રૂપે ગવાયું છે. કૃષ્ણભક્તિના મૂળસ્ત્રોત, સ્વરૂપ અને પ્રભાવક પરિબળો વિશે અનેક ચર્ચાઓ થઈ છે. તેને તપાસતાં જોવા (જાણવાં) મળ્યું કે ભારતની વિવિધ ભાષાઓમાં આત્મા–પરમાત્માના મધુરયોગને વર્ણવતી કૃષ્ણભક્તિની

એક દીર્ઘ દીપ્તિમાન પરંપરા છે. એ પરંપરામાં સ્વામિનારાયણ સંતપરાપરાની કૃષ્ણભક્તિ(કૃષ્ણપ્રેમભક્તિ)નું મૂલ્ય, તેનું પ્રમાણ, મહત્ત્વને ને પદસ્વરૂપ સંદર્ભે તપાસવાનું અને અભ્યાસીઓને ધ્યાન દોરવાનું મુખ્ય પ્રયોજન છે.

અધધ છતાં અલ્પજ્ઞાત સ્વામિનારાયણ સંતપરંપરાનું સાહિત્ય મધ્યકાલીનયુગની કૃષ્ણભક્તિની પરંપરાના અનુસંધાને ભાવ અને રીતિની દષ્ટિએ નોંધપાત્ર છે. મધ્યકાલીન યુગમાં આ કવિઓની 'સંત–કવિ તરીકેની ગુણવત્તા તેમને ઊંચા સ્થાનના અધિકારી બનાવે છે. તેને કારણે જ કૃષ્ણના શૃંગારિક વ્યક્તિત્વ દર્શનની અભિવ્યક્તિમાં પણ મુખ્યત્વે વૈરાગ્યનિષ્ઠા, મરજાદીપણું અને સદાચાર પ્રગટી આવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાય ગુજરાતનો છેલ્લો ગણનાપાત્ર, સનાતન અને સ્વતંત્ર વૈષ્ણવભક્તિ સંપ્રદાય તરીકે જાણીતો છે. કોઈપણ સંપ્રદાયની આગવી અનોખી મુદ્રા તેનાં નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક સિદ્ધાંતો દ્વારા ઊપસી આવે છે. તેમ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને અનુયાયીઓ પણ સંપ્રદાયની પ્રણાલીને અનુસરનારા હોય એ સ્વાભાવિક છે. પરંતુ પ્રણાલીને અનુસરનારા પોતાની શ્રદ્ધાને એક ચોક્કસ આકારમાં વર્ણવતા હોય, સંપ્રદાયબદ્ધ હોય છે પરંતુ કૃષ્ણની લોકોત્તર પ્રતિષ્ઠા કરતી આ સાંપ્રદાયિક કવિતા સંપ્રદાયની બહાર સાહિત્યજગતમાં ચર્ચાણી અને ભક્તિ પરંપરામાં એક નવો રંગ, દિવ્ય તેજથી પ્રગટયો.

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક અને ઉપાસ્યદેવ ઉત્તરભારતીય વિભૂતિ સહજાનંદ સ્વામી (સં. ૧૮૩૭–૧૮૮૬, ઈ.સ. ૧૭૮૧–૧૮૩૦) છે. એમના અનોખા વ્યક્તિદર્શન અને આકર્ષણે ભારતીય ભક્તિ સાહિત્યમાં એક જ સંપ્રદાયના અંદાજે પોણોસો સંતકવિઓએ અપૂર્વ રસથી કરેલ દિવ્યગાન અવિસ્મરણીય છે. આ પરંપરામાં મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ અને દયાનંદ એવા મુખ્ય અષ્ટકવિઓએ (ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૫૦ સુધી) સહજ આનંદ, પ્રભુ માટેની અનન્ય નિષ્ઠા અને તન્મયતા સાથે કરેલ લીલાલક્ષી પ્રેમભક્તિનો લલકાર અનોખો છે.

*'ધરીને મૂરતિ રે જાણે આવ્યો રસશૃંગાર.' (પ્રેમાનંદ)*

ઉપાસ્ય પ્રગટ પ્રભુની કામણગારી મૂર્તિની દિવ્યતા, સુંદરતા અને અલૌકિકતાને આ સંતકવિઓએ ન્યાલ બનીને ગાયું છે. આ સંતપરંપરાની સાધનાની ધરી પ્રગટ ભગવાનના સ્વરૂપ અને તેની સાથે જોડાયેલ અચળ નિષ્ઠા છે. મધ્યાકાલીન યુગની કૃષ્ણભક્તિ મુખ્યત્વે પ્રેમલક્ષણાભક્તિ ગોપીભાવે આલેખાયેલ છે અને ગોપી એટલે જ અચળ નિષ્ઠા. આ સંતકવિઓએ પણ ભાવાભિવ્યક્તિ માટે પ્રેમલક્ષણાભક્તિને સ્વીકારી, ગોપીઓના સ્નેહને શ્રેષ્ઠ ગણ્યો છે. પ્રેમ, હેત, વ્હાલ જો સર્વાંગપણે વિકસ્યાં હોય તો તે ગોપી–કૃષ્ણના સંબંધમાં છે. એટલે જ કૃષ્ણપ્રેમને પ્રભુપ્રેમ કહ્યો છે. કૃષ્ણ ખરા અર્થમાં લોકનાયક છે. પ્રેમ, સૌન્દર્ય અને સંબંધનું માધુર્ય કૃષ્ણમાં પૂર્ણપણે વિલસે છે. મધ્યકાલીન યુગના ભક્તિસાહિત્યમાં કૃષ્ણ એવા છવાયેલાં છે કે સહજાનંદ હોય કે રામ તેનું તાદાત્મ્ય કૃષ્ણ સાથે જોવા મળે છે.

રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત અને વલ્લભસંપ્રદાયની સેવાભક્તિના સમન્વયને સ્વીકારતા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ પણ સાકાર અને પ્રગટની ઉપાસના કરે છે. નજર સમક્ષ ઉપાસ્યદેવ સહજાનંદ સ્વામીની તેજમૂર્તિ છે. તેને આધાર બનાવી રચનારીતિ અને વિષયનિરૂપણમાં કૃષ્ણને પ્રત્યક્ષ કરી ગોપીભાવે કરેલ કૃષ્ણભક્તિ ભારતીય સંસ્કૃતિની પ્રેરણા બની આવે છે. તે વિશિષ્ટ છે. મધ્યકાલીન સાહિત્યમાં 'કૃષ્ણ'ને જ શૃંગાર માની આલેખાયેલ પ્રગાઢ કાવ્યાસાહિત્ય મળે છે. પરંતુ પ્રેમતત્ત્વને ખીલવી મુખ્યત્વે ભક્તિતત્ત્વને પ્રગટ કરે છે. લીલાલક્ષી પ્રેમભક્તિનું કાવ્યસાહિત્ય વેદવાણીથી લોકવાણી સુધી વહેતું રહ્યું છે. જયાં ભક્તિ ઘટ્ટ બને છે ત્યાં ભીતરનો શૃંગાર, આવેશ, ઉત્કટતા, ઉન્માદ, વ્હાલ અને હેત રૂપે આવે છે. ભક્તિ રસનો સ્થાયભાવ અને વિભાવ 'કૃષ્ણ' છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતકવિઓએ ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીની કૃષ્ણરૂપે ભક્તિને; પ્રેમભક્તિને માનવીય શૃંગારના ભાવ – અનુભાવરૂપે માનવીય પ્રણયની પરિભાષામાં નિરૂપણ કર્યું છે. એમ પણ કહી શકાય કે કૃષ્ણના સુંદર સરસ માનવીય પરિમાણને આધારે આ સંતકવિઓની શૃંગારભક્તિનું માધુર્ય, ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી પ્રત્યેની અનન્ય પ્રીતિ 'પ્રિયતમ' બનાવી તેમાં આલેખાયેલી છે. એટલે જ એકાન્તિક પ્રેયસી એટલે કે પ્રભુ પ્રત્યે અચળ નિષ્ઠા ધરાવનાર ગોપી જેવા ઉત્તમભક્ત

બની સ્ત્રીસહજ ઉત્કટતા એ પ્રેમલક્ષણા ભક્તિની વિવિધ ભાવોર્મિઓનું રસોત્કટ ગાન કર્યું છે.

નરસિંહ, મીરાં, સૂરદાસ, વિદ્યાપતિ, ચંડીદાસ, તુકારામ આદિ કવિતાઓની કૃષ્ણભક્તિ કવિતા સાથે સ્વામિનારાયણ સંતપરંપરાની કૃષ્ણભક્તિ કવિતા સમાંતર શબ્દમાં વહી છે. જેનું ભક્તિસૌન્દર્ય સ્નેહ, અનન્યનિષ્ઠા અને દઢ વૈરાગ્યથી શોભે છે.

કૃષ્ણભક્તિની કવિતામાં કૃષ્ણનિરૂપણના અભિગમો જુદાં જુદાં રહ્યાં છે. કેટલાક ધાર્મિક તો કેટલાક દાર્શનિક અભિગમે અને કેટલાક સમાજવૈજ્ઞાનિક અભિગમે કાં તો સાંપ્રદાયિક અભિગમે કરેલ નિરૂપણ મળે છે. સ્વામિનારાયણ સંતપરંપરાની કૃષ્ણભક્તિમાં આવતું શુદ્ધ ભક્તિનું તત્ત્વ મુખ્ય છે. તે સંદર્ભે કૃષ્ણસંકીર્તનનું પ્રમાણ અને મહત્ત્વ તપાસવામાં કેટલીક નવી સામગ્રી તરફ ધ્યાન દોરાયું છે.

પ્રેમભાવભરી ભગવદ્‌ભક્તિ મોક્ષના સાધન તરીકે આલેખાય છે. આ સંતકવિઓએ પણ કૃષ્ણના શૃંગારિક વ્યક્તિત્વને ગોપીઓના જેવી નિષ્કામ ભક્તિની ઉત્કટતાએ વાત્સલ્યભાવ, સખીભાવ, સખાભાવ, દાસીભાવ, પ્રેયસીભાવ આદિ અનેક ભાવો પણ તેમની (સંતકવિઓની) ભક્તિના વાહક અને પોષક બન્યાં છે, તેઓએ માત્ર આલેખક કે નિરીક્ષક ન બનતાં ગોપી બની સહજાનંદ સ્વામી જયાં બિરાજમાન છે તેને જ વ્રજ માની કૃષ્ણભક્તિની આરાધનામાં સ્નેહમૂલકભક્તિનું દર્શન કરાવ્યું છે. આ રીતે આ ભક્તિકવિતાના સ્નેહની છે, હેતની છે, એક આધ્યાત્મિક ખોજની કવિતા બની રહી છે. પરંપરાગત આલંકારિક વર્ણનશૈલી દ્વારા પોતાની આરતનું ચિત્રાત્મક વર્ણન દિવ્યતેજથી પ્રકાશે છે.

એમ કહેવાય છે કે જે ભીતરથી સ્થિર હોય તે 'સંત'. તે જ પરમાત્મામાં જોડાઈ શકે. આત્મા(ભક્ત) – પરમાત્મા (ભગવાન)ના સંબંધને મૂળભૂત સંબંધ તરીકે પ્રગટ કરી સહજ અને સરળ રીતે પ્રભુપ્રાપ્તિના અલૌકિક આનંદને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય દ્વારા પ્રગટ કર્યો છે. માત્ર પ્રભુ (ઈષ્ટદેવ) પ્રત્યેની લગનીએ કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ, શૃંગારના ભાવ–અનુભાવ રૂપે માનવીય પ્રણયની પરિભાષામાં આલેખ્યો છે. તે વિશિષ્ટ છે. કૃષ્ણના શૃંગારિક વ્યક્તિત્વના દર્શનમાં સંપ્રદાયના સદાચારી, શીલવાન, મરજાદી,

વૈરાગ્યનિષ્ઠ પરિણામની અભિવ્યક્તિ અનન્ય છે. આ જ વિશિષ્ટતા સ્વામિનારાયણ સંતપરંપરાની કૃષ્ણભક્તિને બીજા કરતાં જુદી પાડે છે.

## સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય : એક વિહંગાવલોકન :

આ સંપ્રદાયનું સાહિત્ય માત્ર સાંપ્રદાયિક નથી એ સમગ્ર માનવના જીવને અનુલક્ષીને રચાયેલું એના આચરણનું વ્યાકરણ છે. એટલે એ જેમ એક તરફથી અધ્યાત્મ અને ભક્તિનાં રહસ્યોને પ્રગટ કરે છે, તેમ બીજી તરફથી ઊંડી સંવેદનશીલતા અને કલ્પનાનું લાવણ્ય પણ દાખવે છે. એથી એના પર આપણે એક દષ્ટિપાત કરીએ. સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રથમ અને ઉત્તમ ગ્રંથ તો શ્રીજીમહારાજના સ્વમુખે થયેલા વાર્તાલાપનો સંગ્રહ 'વચનામૃત' છે પણ એના વિષે થોડી વિસ્તારથી વાત કરીએ તે પહેલાં આ સંપ્રદાયનાં સંસ્કૃત ભાષામાં લખાયેલાં ગ્રંથો, ભાષ્યો વિષે સંક્ષિપ્ત રૂપરેખા આપી દઈએ. આ ગ્રંથોમાં પણ કેટલુંક વેદ, ઉપનિષદ, ગીતા વગેરેનું ભાષ્ય આપણને પ્રાપ્ત થાય છે. પછીના તબક્કામાં 'વચનામૃત' અને સંપ્રદાયના અષ્ટકવિઓના સર્જન વિષે સંક્ષેપમાં વાત કરીશું.

સહજાનંદજીનું ચરિત્ર તેમજ સંપ્રદાયના ધાર્મિક તથા આધ્યાત્મિક ગ્રંથો સંસ્કૃતમાં શા માટે રચાયા હશે ? – આ એક પ્રશ્ન સહજ છે. સંસ્કૃત એ બધી આર્ય ભાષાઓની માતા છે. તેથી સ્વામિનારાયણીય સંતોને, સાહિત્યપ્રદાન સંસ્કૃતમાં કરવાથી, આધ્યાત્મિક વાઙ્મય અનોખી પવિત્રતા પામીને દૈવીભાવનાનો અમરવારસો બની તેનું ગૌરવ વધારશે એમ લાગ્યું હશે. સ્વામિનારાયણ સંપ્રદાયે પોતાના તાત્ત્વિક અભિગમને પુષ્ટ કરવાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો તથા ગીતા વગેરે આધાર ગ્રંથોના ભાષ્યો કે ટીકાઓ કરી પોતાને શાસ્ત્રસંમત સંપ્રદાય તરીકે જ પ્રતિષ્ઠિત કર્યો છે. સ્વામિનારાયણીય સાહિત્યની રૂપરેખા આ પ્રમાણે છે :

### *શ્રીશતાનંદમુનિ રચિત સાહિત્ય :*

સૌ પ્રથમ સંતશિરોમણિ શ્રી શતાનંદમુનિએ **'સત્સંગી જીવનમ્'** ગ્રંથની રચના કરી. આ ગ્રંથની રચનાઓ આરંભ સં. ૧૮૮૫ના માગશર સુદ છઠ્ઠે થયો હતો. એમાં કુલ

૧૭૬૨૭ શ્લોક છે જે ૩૧૯ અધ્યાયોમાં ગૂંથાયા છે. આ એક જ ગ્રંથ પર દોઢસો વર્ષના ગાળામાં ત્રણ સંસ્કૃત ટીકાઓ થઈ તેના પરથી આ ગ્રંથની સાંપ્રદાયોપયોગિતા તેમજ સારવત્તા કેટલી હશે તે જણાય છે. સંસ્કૃત ટીકાકાર શ્રી શુકાનંદ મુનિએ **'હેતુ'** નામે ટીકા લખી છે. શ્રી વિહારીલાલજી મહારાજે **'ભવબોધિની'** નામની સંક્ષિપ્ત ટીકા કરી છે અને પંડિત શ્રી કૃષ્ણાચાર્યે **'ભાવ પ્રદીપિકા'** નામની **'ટીકા'** કરી છે. ('ટીકા' એટલે સમીક્ષા) શાસ્ત્રી શ્રી હરજીવનદાસે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કર્યો હતો. મૂળ સહિત અનુવાદ સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સુરત સ્વામિનારાયણ મંદિરની સહાયતાથી સં.૧૯૮૭માં ૧–૨ ભાગ પ્રગટ કર્યાં હતાં. આ ગ્રંથ કુલ પાંચ ભાગમાં વહેંચી પ્રકાશિત કરાયો છે.

શતાનંદમુનિની બીજી મહત્ત્વપૂર્ણ કૃતિ **'શ્રી હરિવાકયસુધા સિન્ધુ'** છે. શ્રી શતાનંદમુનિએ શ્રીજી મહારાજનાં વચનોને આ ગ્રંથમાં સુબદ્ધ કર્યાં છે. શ્રીજી મહારાજનાં અવતાર કાર્યને, લીલાઓને, તેમજ ઉપદેશોને ચાર મહાનસંતોએ સંગ્રહીત કર્યા છે. તે છે, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી. આ ચારેય શ્રોત્રિય વિદ્વાન સંતોની રચનાઓમાંથી દૂધમાંથી માખણની જેમ, શ્રીજીચરિતના સારભૂત એવા તત્ત્વો તારવીને મુનિવર શતાનદે આમાં સંઘર્યાં છે. આ ગ્રંથ સંગ્રહરૂપ હોવા છતાં વિશાળ છે. કુલ ૨૬૨ તરંગો અર્થાત્ અધ્યાયો છે. આશરે દશ હજાર શ્લોક છે.

તેમની ત્રીજી પ્રસિદ્ધ રચના છે **'ઉદ્ધવસિદ્ધાંત'** આ પુસ્તકમાં એમણે સર્વશાસ્ત્રોનાં પ્રમાણો ટાંકી ભગવત્સ્વરૂપનો નિર્ણય, માયા, જીવ, ઈશ્વર અને બ્રહ્મ વગેરેના સ્વરૂપનું વિશદ નિરૂપણ કર્યું છે.

### *શ્રી અચિત્યાનંદ વર્ણીની કૃતિઓ :*

**'હરિલીલા કલ્પતરું'** સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુપમ ગ્રંથ છે. આ ગ્રંથની રચના શ્રીજીમહારાજના દત્તકપુત્ર શ્રીમદ્ રઘુવીરાચાર્યજીની પ્રેરણાથી શ્રીમદ્ અચિત્યાનંદ બ્રહ્મચારીએ કરી છે. આ ગ્રંથ શ્રીહરિને પૂર્ણાવતાર અર્થાત્ અવતારી રૂપે વર્ણવે છે. શ્રીમદ્ ભાગવતમાં અઢાર હજાર શ્લોક છે જયારે આ ગ્રંથમાં તેત્રીસ હજાર શ્લોક છે. શ્રી અચિત્યાનંદ વર્ણીની બીજી કૃતિ **'શ્રીહરિ સંભવ મહાકાવ્યમ્'** છે. જેમાં શ્રી સહજાનંદ સ્વામીના પ્રાદુર્ભાવ, પ્રતાપ દર્શનમાત્રથી સમાધિ, ભક્તોની રક્ષા, ઐશ્વર્ય, આત્યંતિક

કલ્યાણભાવના વગેરે બાબતોનું અલંકારપૂર્ણ લલિત શૈલીમાં વર્ણન છે. એમની ત્રીજી કૃતિ 'શ્રી હરિલીલા પ્રદીપ' છે. જેમાં શ્રીહરિના ચરિત્રો દ્વારા મુમુક્ષુઓને ધર્મ, જ્ઞાન અને ભક્તિની વિશદ સમજ આપી છે. તેનો ગુજરાતી અનુવાદ શાસ્ત્રી વૈકુંઠદાસે કર્યો છે. આ ઉપરાંત '**વિવેકશતક**' નામની નાની પુસ્તિકામાં એમણે મુમુક્ષુઓને મોક્ષ ઉપયોગી સાધનાના પ્રકારો બતાવ્યા છે.

## *મુનીવરશ્રી નિત્યાનંદ સ્વામીનું મૂલ્યવાન સાહિત્ય :*

એક સમયે શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને, વિશિષ્ટાદ્વૈતમતનું યથાર્થ પ્રતિપાદન તથા કાશી વગેરે નગરોમાં કરેલી શાસ્ત્રાર્થ ચર્ચાઓનું વર્ણન આવી જાય, એવો એક ગ્રંથ રચવાની આજ્ઞા કરી. સ્વયં ઈષ્ટદેવે કરેલી આજ્ઞાને માથે ચઢાવી '**શ્રીહરિ દિગ્વિજય કથા**'નું નિર્માણ શ્રી નિત્યાનંદ સ્વામીએ કર્યું. દશ ઉલ્લાસોમાં અનુપમ કાવ્યશોભાથી પરિપૂર્ણ આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યનું અમૂલ્ય રત્ન છે.

## *'શાંડિલ્ય સૂત્રભાષ્ય' :*

ભક્તિ સાહિત્યમાં શાંડિલ્યસૂત્રો આધારગ્રંથ તરીકે પ્રસિદ્ધ છે. તેના ઉપર પ્રાચીન જ્ઞાનીભક્તોનાં અનેક ભાષ્યો તથા વિવરણો છે. ઉદ્ધવભક્તિને સચોટ રીતે પ્રમાણિત કરવા માટે શ્રી નિત્યાનંદજીએ આ અનુપમ ગ્રંથ ઉપર ભાવગંભીર ભાષ્ય રચ્યું છે. ત્રણ અધ્યાયમાં વહેંચાયેલા ભક્તિસૂત્રો ઉપર મુનિવરે અત્યંત પ્રાસાદિક અને લલિતશૈલીમાં આ ભાષ્ય રચી ભક્તજનો પર અનહદ કૃપા કરી છે. ભાષ્યમાં ઉપનિષદો, પુરાણો, ગીતા અને સુધાસિંધુ જેવા ઉત્તમગ્રંથોના હજારો અવતરણો ટાંકી વિષયને ખૂબ સ્પષ્ટ, મર્મસ્પર્શી અને સુબોધ બનાવ્યો છે. શ્રીકૃષ્ણસ્વરૂપદાસે ભાષ્યનો ગુજરાતી અનુવાદ પણ કર્યો છે, જે સંસ્કૃતના અનભિજ્ઞ સત્સંગીઓ માટે ખૂબ ઉપકારક છે.

શ્રી નિત્યાનંદ સ્વામીએ આ બે કૃતિઓ ઉપરાંત '**શ્રીહરિકવચ**' તથા '**વિદુરનીતિ**' વગેરે સંસ્કૃત અને ગુજરાતી રચનાઓ કરી સંપ્રદાયના વાઙ્મયને અતિસમૃદ્ધ કર્યું છે.

## *મુનિવરશ્રી ગોપાલાનંદ સ્વામીનું સાહિત્યિક પ્રદાન :*

ભગવાન વ્યાસે બ્રહ્મસૂત્રોની રચના કરી છે. ઉપનિષદોના વાકયના તાત્પર્ય નિર્ણય માટે જ બ્રહ્મસૂત્રો રચાયાં છે. ભારતીય તત્ત્વવિચારનો આધાર **ઉપનિષદો, બ્રહ્મસૂત્રો**

અને **શ્રીમદ્ ભગવદ્ગીતા** છે. આ ત્રિપુટીને **'પ્રસ્થાનત્રયી'** કહે છે. પોતપોતાના સિદ્ધાંતોનું સમર્થન આ પ્રસ્થાનત્રયીને આધારે કરવા પ્રાયઃ બધા જ આચાર્યોએ ભાષ્યો રચ્યાં છે. વિશિષ્ટાદ્વૈતનો તત્ત્વસિદ્ધાંત સ્વીકાર કરનાર શ્રીજી મહારાજે, પરમહંસ વિદ્વાન શિરોમણિશ્રી ગોપાળાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી, જેથી તેમણે પણ પ્રસ્થાનત્રયી પર મર્મસ્પર્શી વિધ્વતાપૂર્ણ ભાષ્યો અને ટીકા રચ્યાં છે. **મુક્તાનંદ મહામુનિનું** ભાષ્ય **'બ્રહ્મમીમાંસા'** નામથી પ્રસિદ્ધ થયું છે, એના પર ગોપાળાનંદ સ્વામીએ **'બ્રહ્મસૂત્રાર્થ પ્રદીપ'** નામે અદ્ભુત ટીકા કરી છે.

પ્રસ્થાનત્રયી પર વિદ્વતાપૂર્ણ અને સારગંભીર ભાષ્યો તથા ટીકા રચવા ઉપરાંત ગોપાળાનંદ સ્વામીએ શ્રીમદ્ ભાગવત્‌ના દ્વિતીય, દશમ તથા એકાદશ સ્કંધની વિશદ્ તાત્પર્યદર્શક ટીકાઓ, **'શ્રી હરિસ્વરૂપ નિર્ણય'**, **'વિવેકદીપ'**, **'હરિભક્તિ નામાવલી'**, **'વેદસ્તુતિ'** જેવાં દુર્ગમ વિષય પર પ્રસન્નગંભીર ભાષ્યો રચ્યા છે તેમજ **'શ્રીભક્તિસિદ્ધિ'** અને **'વિષ્ણુયાગ પદ્ધતિ'** જેવા અનુપમ ગ્રંથોની સંસ્કૃતમાં રચના કરી છે.

ઉપનિષદ્ ભાષ્ય, ગીતા ભાષ્ય તથા બ્રહ્મમીમાંસાનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયો છે. આધુનિક લૌકિક ભાષાઓમાં તેમણે **અદ્વૈતખંડન**, **શિક્ષાપત્રીનું મરાઠી ભાષાન્તર**, **ભક્તિસિદ્ધિ** નામના પોતાના સંસ્કૃત ગ્રંથનું ગુજરાતી ભાષાંતર, ઉપદેશની વાર્તાઓ અને પૂજા પદ્ધતિ ઉપરાંત છૂટક નિબંધો લખ્યા છે. તેઓ મરાઠી ભાષા પણ જાણતાં હતાં. આ ઉપરાંત ગોપાળાનંદ સ્વામીએ વેદોના કેટલાક ભાગો પર વ્યાખ્યા કરેલી જે પ્રસિદ્ધિ પામી નથી.

### *શ્રીપ્રશ્નોત્તર સાગર :*

યોગાનંદ મુનિએ શ્રીજીનો મહિમા દર્શાવતા પંદર સુંદર સ્તોત્રો રચ્યાં. પરંતુ એમની અમર કૃતિ છે. **'પ્રશ્નોત્તરસાગર'**. શ્રી શંકરાચાર્યની **'પ્રશ્નોત્તર મણિમાલા'** ની જેમ આમાં ધર્મતત્ત્વ, વિવિધ દર્શનો તથા સદાચારની ઉપયોગિતા વર્ણવવામાં આવી છે. ભાષા અને શૈલી હૃદયસ્પર્શી અને લલિત છે. ગ્રંથના કુલ ૧૨૯ શ્લોક છે. આ ગ્રંથ શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીના સુંદર હિંદી અનુવાદ સાથે પ્રકાશિત થયો છે.

*શ્રી હરિસ્વરૂપનિર્ણય*

યોગાનંદ સ્વામીની બીજી ઉત્કૃષ્ટ કૃતિ છે. **'શ્રી હરિસ્વરૂપ નિર્ણય'** આ નાની પુસ્તિકામાં ભગવાનનાં દિવ્યભાવને મનુષ્યભાવનો અભેદ, નિર્ગુણ તથા સગુણ સ્વરૂપને જાણવાની રીત, સાકાર–નિરાકારની જ્ઞાનમીમાંસા, પ્રભુના કર્તા–અકર્તાપણાની સમજ વગેરેનું મર્મસ્પર્શી નિરૂપણ છે.

*श्री हरियाचन स्तोत्रम् :*

ધર્મધુરંધર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની સંસ્કૃત રચનાઓ મુખ્યત્વે કાવ્યભય છે.'श्री हरियाचन स्तोत्रम्' એમની જાણીતી કૃતિ છે. શ્રી શતાનંદમુનિ રચિત **'શ્રી હરિવાકય સુધાસિંધુ'** ના પ્રત્યેક તરંગને અંતે આચાર્યશ્રીએ પ્રભુને ઉદેશી પ્રાર્થનાત્મક સ્તોત્રો રચ્યાં છે.

*सत्संगी भूषणम् :*

ભગવાન સ્વામિનારાયણના અનંત દિવ્યચરિત્રોનું વર્ણન કરતો, કાવ્ય લાલિત્યથી ભરપૂર, ગીર્વાણ વાણીની શોભાથી દેદિપ્યમાન, અર્થ ગાંભીર્યયુકત ભક્તિગ્રંથ 'सत्संगी भूषणम्' ની રચના કરી આ મુનિવરે ખૂબ યશ મેળવ્યો છે. એમના આ ગ્રંથને **'ભક્તિશાસ્ત્રી'** એવું ગૌરવપૂર્ણ બિરુદ મળ્યું છે. આનો, શાસ્ત્રી દેવચરણદાસે ગુજરાતી અનુવાદ કર્યો છે.

*श्री ज्ञानविलास :*

શ્રી ચૈતન્યાનંદ મુનિ નો 'श्री ज्ञानविलास' ગ્રંથ વિદ્વાનોમાં સારી ખ્યાતિ પામ્યો છે. એમાં દાર્શનિક સિદ્ધાંતો પર ગંભીર વિચાર કરવામાં આવ્યો છે. ભાવ, ભાષા, શબ્દ વિન્યાસ તથા અનુરૂપ અલંકાર યોજનાથી આ ગ્રંથ રસિકપ્રિય પણ બન્યો છે. શ્રી સ્વામિનારાયણ પ્રસાદે આનો હિંદી અનુવાદ કર્યો છે.

*श्री गीर्वाण बोध :*

પંડિત પ્રવર **દીનાનાથ ભટ્ટની** મુખ્ય કૃતિ 'श्री गीर्वाण बोध' છે. આનો હિંદી અનુવાદ શ્રી હરિપ્રકાશ શાસ્ત્રીએ કર્યો છે. બે મિત્રોના સંવાદરૂપે રચાયેલા આ ગ્રંથમાં ભગવદ્દર્શન, મનુષ્ય જન્મની દુર્લભતા, શ્રીહરિ સાથે તેમના અનન્યભક્તોના દર્શનથી

થતાં અસાધારણ આનંદ અને શાંતિનું અનુપમ નિરૂપણ છે. વિવિધ વિષયોને સ્પર્શતા શાસ્ત્રાર્થો પણ વિદ્વાનોની જ્ઞાનભૂખ સંતોષે છે.

'वासुदेव महात्म्यम्' ભટ્ટજીની બીજી નોંધપાત્ર કૃતિ છે. સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં આવતા શ્રી વાસુદેવમહાત્મ્યની ટીકારૂપે લખાયેલી આ કૃતિમાં, અનેક શાસ્ત્રોનાં પ્રમાણોથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વગેરે મોક્ષપ્રાપ્તિના સાધનો છે એ સ્થાપિત કર્યું છે.

*श्री विशिष्टाद्वैत भास्कश्चः*

શ્રી બલરામદાસે શ્રી विशिष्टाद्वैत भास्कश्चः નામે રચેલા નાના છતાં સારપૂર્ણ નિબંધમાં શ્રી ભાષ્યશ્રુત પ્રકાશિકા દ્વારા પરમત ખંડનપૂર્વક સ્વમતનું સ્થાપન થયું છે. તર્કપૂર્ણ આ નિબંધમાં વિશિષ્ટાદ્વૈત મતનું વિશદ વિવરણ એ રીતે થયું છે કે શ્રી રામાનુજાચાર્યના સિદ્ધાંતને અનુસરનારાઓને પણ આદરણીય થાય છે.

*बुद्धिप्रदीप :*

શ્રી શુકાનંદ મુનિની સ્વતંત્ર કૃતિ बुद्धिप्रदीप : છે. આ પુસ્તક કદમાં નાનું છતાં તત્ત્વજિજ્ઞાસુઓને માટે બહુ ઉપકારક છે. આમાં વ્યવહારશુદ્ધિના ઉપાયો ભગવત્ પ્રાપ્તિમાં શી રીતે પરિણમે તે દર્શાવાયું છે. સત્પુરુષની સાચી ઓળખાણ અને અસત્પુરુષોના ત્યાગ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

### *શ્રી હરિચરિત્રામૃત સાગર :*

**આધારાનંદ સ્વામી** એ **'શ્રી હરિચરિત્રામૃત સાગર'** નામે એક લાખ ને છત્રીસ હજાર કંડિકાઓનો મહાકાય ગ્રંથ રચીને તુલસીદાસજીના **'રામચરિત માનસ'** ની સરસાઈ કરી છે. હજુ આ ગ્રંથ અપ્રકાશિત છે. તેનું સંક્ષિપ્ત ગુજરાતી ભાષાંતર છપાયું છે.

### *શિક્ષાપત્રી :*

બસો બાર જ શ્લોકની આ નાનકડી શિક્ષાપત્રી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે જ લખી છે. વ્યવહારજીવન ઉપયોગી આદેશોની સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તેમજ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મની ટૂંકી છતાં સચોટ વ્યાખ્યાઓ આપેલી છે. આચાર્ય, ગૃહસ્થ, સધવા–વિધવા સ્ત્રીઓ, નૈષ્ઠિક બ્રહ્મચારી, સાધુ વગેરેના સામાન્ય

તથા વિશેષ નિયમોનું સરસ નિરૂપણ કરેલ છે. સર્વજીવહિતાવહના આદેશો આપતી આ શિક્ષાપત્રી સર્વ સત્‌શાસ્ત્રોના સારરૂપે ગાગરમાં સાગર સમી છે. તેને સંપૂર્ણ પાળનાર આલોક અને પરલોકમાં મહાસુખને પામે છે.

### *મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતનંદ સ્વામીની વાતો :*

સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો, તળપદી ગુજરાતીમાં બોલાયેલી છે પણ તે જીવન ઉત્કર્ષનાં સૂત્રો સમી છે. સીધી અને સાદી, સચોટ તેમજ મર્મવેધક જોરદાર શૈલીમાં આજ્ઞા–ઉપાસનાનું મહત્ત્વ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા મહાત્મ્ય જ્ઞાને યુકત ભક્તિનું નિરૂપણ, ભગવાન તથા સંતનો મહિમા, સંતોની ઓળખાણ, ગુરુની શુદ્ધિ તેમજ સર્વદેશી સમજણની ઉત્તમવાતો, સરસ દષ્ટાંતો આપીને કરી છે. સ્વામીશ્રીની વાતો એ બ્રહ્મની પરાવાણી છે. અમૃતસંજીવની સમી એ પ્રેમલવાણી ચૈતન્યોને ઢંઢોળીને પ્રભુપરાયણ બનાવે છે.

### *શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો :*

આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિનો અપાર મહિમા, નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય, સર્વોપરીપણું તથા દઢ ઉપાસનાની સાથે અંતરના દોષોનું દમન, ઈન્દ્રિયોની ચંચળતાનું શમન અને અંતઃકરણની વૃત્તિઓનું નિયમન કરવાનું સરસ રીતે શીખવવામાં આવ્યું છે. આ ઉપરાંત સંત–અસંતના લક્ષણ પણ વર્ણવ્યાં છે.

### *શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો :*

શ્રીહરિના સમકાલીન અને વચનની મૂર્તિસમા સદ્‌. ભાયાત્માનંદ સ્વામીએ પોતે જ આ વાતો આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી લખી. શ્રીહરિના બાલચરિત્રોને સીધી સાદી ભાષામાં સદ્‌. ભાયાત્માનંદ સ્વામીએ લખેલા છે. શ્રીહરિના લીલાચરિત્રોને મોક્ષનું સરળ સુગમ સાધન મનાયેલું છે.

### *વેદરસ :*

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોના નિર્લોભ, નિસ્પૃહ, નિઃસ્વાદ, નિર્માન અને નિષ્કામરૂપ પંચવર્તમાનમાં સંતોની આચારસંહિતાનો સાગર ગાગરમાં સમાવી દીધો છે.

સંતો ઉપરાંત અન્ય મુમુક્ષુઓને પણ મોક્ષોપયોગી મૂલ્યવાન માર્ગદર્શન મળી રહે તેવો ગ્રંથ છે.

### *ધર્મામૃત :*

ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્યાગી સંત–પાર્ષદ બ્રહ્મચારીના જીવનની આચારસંહિતારૂપ ઉપદેશસાગરને પંચવર્તમાનરૂપી નાનકડી ટબૂડીમાં સમાવેશ કરેલ છે. સાધુપુરુષો શ્રીહરિની આજ્ઞારૂપી ઔષધી વડે ગુણના ભાવથી રહિત એવી ગુણાતીત સ્થિતિમાં પોતાના મનને સ્થિત કરવાની સાધના કરતા હોય છે. કયારેક ઉત્તમ પંચવિષયનો યોગ થતાં ગુણાતીતપથનો યાત્રી યોગભ્રષ્ટ થાય છે. પરંતુ તેને દોષભાન થતાં પ્રાયશ્ચિતથી થતી શુદ્ધિનું વર્ણન સત્સંગીજીવન પ્રકરણ ૪ અધ્યાય ૬૨ થી ૬૬ માં કરેલું છે. તેમાંથી આ ભાગનું ભાષાંતર લેવામાં આવેલ છે.

### *શ્રી હરિલીલામૃતમ્ :*

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે **'શ્રી હરિલીલામૃતમ્'** ગ્રંથની રચના પ્રાકૃત ભાષામાં કરેલી છે. શ્રીજીના અનેક ઉપયોગી ચમત્કારી લીલાખ્યાનો વિસ્તાર ભયથી કે બીજા કોઈ કારણથી ગ્રંથોમાં નહિ લખાયેલા આ ગ્રંથમાં ગ્રંથિત કરવામાં આવ્યા છે. આ ગ્રંથના બે ભાગ છે.

આ ગ્રંથ પદ્યમાં છે. તેની જે કવિતા છે તે અદષ્ટ શબ્દ સૌષ્ઠવ, અર્થગૌરવ અને પદલાલિત્યવાળી હોઈને ગુર્જરભાષાના ભૂષણરૂપ છે અને અનેકવિધ અદ્‌ભુત અલંકારો અને દષ્ટાંતોથી અલંકૃત છે. વિવિધ વિચિત્ર છંદ પ્રબન્ધવૃત્ત વગેરેના નિવેશથી શ્રોતાવકતાને સમધિક આનંદ આપનાર હોઈને સર્વને અતિશય આદરણીય છે. આ ગ્રંથના દશ હજાર કળશ છે અને ૩૩૨ વિશ્રામ છે.

### *'વચનામૃત' : શકવર્તી ગદ્યગ્રંથ*

ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધમાં સ્વામી સહજાનંદજી ગુજરાતમાં વિચરતાં હતાં. તેઓ સત્સંગના સ્થળે સ્થળે ધર્મપ્રવર્તન કરી રહ્યાં હતાં. એના એક ભાગરૂપે તેમણે સંતો–મહંતો અને શ્રોતાજનો સમક્ષ નિયમિત પ્રવચનો આપેલાં. આમ તો એ સંવિવાદ અને વાર્તાલાપના સ્વરૂપમાં અપાયેલાં છે. પરંતુ, સંતોનું એક મંડળ એ વાર્તાલાપની

પ્રત્યેક દિવસની નોંધ કરી લેતું હતું. સ્વામી સહજાનંદજીના શ્રીમુખે વહેલી એ વાણી અનેક દષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. એમાંનું તત્ત્વજ્ઞાન, શુદ્ધ આચાર વિચાર માટેનો આગ્રહ તથા ભક્તિ અને ધર્મનું યોગ્ય નિદાન કરી આપતી એ વાણી સંપ્રદાયમાં એક પ્રમાણભૂત શાસ્ત્ર તરીકે સ્વીકારાયેલી છે. એનું ચયન, સંશોધન અને સંપાદન કરીને સ્વામી મુક્તાનંદ, ગોપાળાનંદ, નિત્યાનંદ અને શુકમુનિ એ સંતચતુષ્ટય દ્વારા ગ્રંથરૂપે આકાર પામે છે. ઓગણીસમી સદીના ત્રીજા દાયકાની આ અધ્યાત્મવાર્તામાં આજે પણ આપણે સહજાનંદજીનો વાણીરણકો પ્રત્યક્ષ કરી શકીએ એવું એમાં સામર્થ્ય છે.

સંપ્રદાયનો આ ગ્રંથ અનેક પ્રકારના આધ્યાત્મિક વિષયો, સાધના, ઉપાસનામાર્ગ, ઈશ્વરનું સ્વરૂપ, ત્યાગ, વૈરાગ્ય અને સંતપરમહંસનાં લક્ષણો, દેહ અને આત્માનો સંબંધ અને સંક્ષેપમાં કહીએ તો અનેક આધ્યાત્મિક રહસ્યોને સ્ફૂટ કરી આપે છે. ગાંધીયુગના આપણા સમર્થ વિચારક સ્વ.કિશોરલાલ મશરૂવાળા આ ગ્રંથ વિષે યોગ્ય રીતે જ લખે છે, "સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. સાધનદશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે."[૧] શ્રી મશરૂવાળાનું આ વિધાન સર્વથા સાચું છે. આ ગ્રંથમાં જે આધ્યાત્મિક ચિંતન છે તે કોરે કોરું નથી પણ અનુભૂતિના નિષ્કર્મરૂપે વ્યક્ત થયું છે. એમાં વેદાંતની સ્પષ્ટ વિચારણા છે. વેદોનો સમન્વય અહીં સરળ વાણીમાં કરવામાં આવ્યો છે. વેદનાં મહાકાવ્યો અંગેની સૂક્ષ્મ સરળ સમજ, ષડ્દર્શન, અઢાર પુરાણ, રામાયણ, ભાગવત, ગીતા, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર તથા પંચરાત્રશાસ્ત્ર એ સર્વમાં સહેલાઈથી ગતિ કરી શકાય એવું દિશાસૂચન કરવામાં આવ્યું છે. એક રીતે જોઈએ તો વેદ, ઉપનિષદ અને તે પછીની આધ્યાત્મિક વિચારણાને તેમજ વિશિષ્ટાદ્વૈત વિષેની મર્મગામી આલોચનાને તેમાં સમાવી લેવામાં આવી છે. આથી શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજ એ સર્વ અધ્યાત્મ પુરુષોએ જે જીવ, ઈશ્વરની વિચારણા રજૂ કરી, તેને સામાન્યજન પણ પામી શકે એવી રીતે રજૂ કરવામાં આવી છે.

સહજાનંદ સ્વામીના શ્રીમુખે વહેતી આ વાણી સામે બેઠેલા શ્રોતાઓને અનુલક્ષીને વ્યક્ત થઈ છે એટલે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ જેવા મુક્તિમાર્ગોને સહજાનંદ

સ્વામી પોતાની સીધી સોંસરવી વાણીમાં બહુ સંક્ષેપમાં પ્રગટ કરી આપે છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે એમાંની તત્ત્વવિચારણામાં કયાંય પરસ્પર વિરોધ કે વિરોધાભાસ નથી. આ વાણી પોતાનું જ્ઞાન દર્શાવી આપવા વહી નથી. પણ એમાં તો સહજભાવે પોતાને થયેલા આધ્યાત્મિક અનુભવોની અભિવ્યક્તિ કરી આપવાનો આશય છે. એટલે જ સહજાનંદ સ્વામી કૂટ સિદ્ધાંત દર્શન કરાવતી વખતે એના ઊંડામાં ઊંડા સ્તરને સ્પર્શી શકયા છે. આ કેવળ શ્રુતિલભ્ય પાંડિત્યનું પુસ્તક નથી. આ તો છે અંતરનાં અજવાળાં પૂરેપૂરા જોઈ શકેલાં અનુભૂતિસંપન્ન દ્દષ્ટાની વાણી. આથી જ શ્રીજી મહારાજ પોતાની અનુભૂતિનું સમર્થન આપતાં વારંવાર કહે છે, "આ જે વાર્તા છે તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે, માટે એમાં કોઈ સંશય નથી." (ગ. પ્ર. ૬૪) વળી આગળ જતાં અન્યત્ર લખે છે, "આ જે અમે તમને વાત કહી તે સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે તે અનુભવમાં પણ એમ જ દઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે." આટલું અધૂરું લાગતું હોય તેમ શ્રીજીમહારાજ એમાં ઉમેરે છે, "તે જો જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસોના સમ છે." (ગ.મ. ૧૩) આ ઉદ્‌ગારો વાંચતા જ આપણે બોલનારની અનુભૂતિનો રણકો પામી લઈએ છીએ. એમને કેવળ પોથી પંડિતની માફક જ્ઞાનલાભ કરાવવો નથી. અહીં તો અનુભૂતિનું બળ શબ્દે–શબ્દે પ્રગટે છે.

'વચનામૃત' ગ્રંથની જે અનેકવિધ વિશેષતાઓ છે તેમાં એક છે એમાંની દ્દષ્ટાંત કલા. અહીં શ્રીજીમહારાજ ઘણીવાર પોતાના વકતવ્યને સ્ફૂટ કરવાં માટે ઘરેલું દ્દષ્ટાંતો આપતા જાય છે. સગુણ નિર્ગુણ સ્વરૂપની ચર્ચા કરતાં તેઓ કહે છે, "સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્રશાસ્ત્ર એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે જ પૂરા જ્ઞાની કહેવાય." આવું વિધાન કરીને પછી સર્વને સુગમ એવા દ્દષ્ટાંતો આપે છે."જેમ દૂધ છે તેને નેત્રે જુએ ત્યારે ધોળું દેખાય અને નાકે સૂંઘે ત્યારે સુગંધવાન જણાય અને જિહ્‌વાએ કરીને ચાખે ત્યારે સ્વાદુ જણાય પણ એકે ઈન્દ્રિયે કરીને દૂધના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન ન થાય અને સર્વ ઈન્દ્રિયે કરીને તપાસીને જુએ ત્યારે સંપૂર્ણ જ્ઞાન થાય છે. તેમ વેદાદિક ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે ત્યારે સંપૂર્ણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને એમ જાણવું તેને સંપૂર્ણ જ્ઞાન કહીએ." (વ.વ૨.૨.) આ રીતે સહજાનંદજી મહારાજ

અતિ કઠિન અને ગહન એવા અધ્યાત્મવિષયોને સરલ દષ્ટાંતો દ્વારા રમતાં કરી મૂકે છે, પછી તે સગુણ નિર્ગુણનો વિષય હોય, વેદાંતનો, કેવળ અદ્વૈતનો કે દ્વૈત, અદ્વૈત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત હોય કે ઈન્દ્રિયોના ધર્મો વિષેની વાત હોય પણ 'વચનામૃત' માંથી પસાર થતી વખતે આપણે કોઈપણ સ્થળ કે દિવસના 'વચનામૃત' પાસે થંભીએ છીએ ત્યાં એમનાં આ વાર્તાલાપમાં આપણાથી સહજ રીતે ગતિ થઈ જાય છે.

આ ગ્રંથ જુદા જુદા સ્થળોએ મંદિરોમાં સાંજ સવાર અપાયેલાં પ્રવચનોનો જ માત્ર ગ્રંથ નથી પણ એમાં તો મુમુક્ષુઓ આગળ થયેલા વાર્તાલાપોનું અધ્યાત્મચિંતન સંગ્રહાયું છે. એમાં ગોષ્ઠિનો અભિગમ સર્વત્ર જોવા મળે છે. આની પ્રેરણામાં કયારેક કોઈ 'વચનામૃત' નો ખંડ માત્ર એકાદ બે પરિચ્છેદનો છે, તો કયારેક ઉપસ્થિત થતાં પ્રશ્નોના ઉત્તરો અપાતાં—અપાતાં એ ત્રણ ચાર પાનાં સુધી વિસ્તરે છે. એમાં જે સંતો, મહંતો અને પરમહંસો અત્યંત માર્મિક પ્રશ્નો પૂછે છે એનો આદર પણ કરવામાં આવ્યો છે. શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછયો હોય અને એનો મુક્તાનંદ સ્વામીએ સંતોષકારક ઉત્તર આપ્યો હોય તો મહારાજ કહે છે, "સરસ ઉત્તર કર્યો." પછીથી એમને પોતાને કંઈ સમજાવવાનું રહેતું નથી. નાના મોટા સાધુઓના પ્રશ્નોના સામર્થ્યની પણ પ્રશંસા કરવામાં આવી છે અને કેટલીકવાર પોતે પૂછેલા પ્રશ્નોનો સંતોષપ્રદ ઉત્તર ન મળે ત્યારે, "હવે અમે ઉત્તર કરીએ છીએ." એમ કહીને એનું સમાધાન કરવામાં આવે છે. આ બધા અંશો વચનામૃતને વાચક માટે જીવંત અને સરપ્રદ બનાવે છે. આપણે વૈશ્વિક સંદર્ભમાં વાત કરીએ તો સોક્રેટીસ—પ્લેટોનાં સંવાદો યાદ આવે. જેમાં પાશ્ચાત્ય તત્ત્વવિચારણાના ઊંડાં મૂળ રહેલાં છે, તેને યાદ કરીને કહી શકાય કે એ સંવાદો તો પછીથી કલ્પીને પણ લખાયા છે, પણ 'વચનામૃત'માં થયેલો વાર્તાલાપ તો મંદિરના પટાંગણમાં, લીંબતરુ નીચે, ગોખમાં, ખુલ્લા આંગણમાં, સાધુ સંતોની સભા વચ્ચે થયેલી તત્ત્વચર્ચા છે. અહીં મુખ્ય અધ્યાત્મ પુરુષ વચ્ચે બેઠેલા છે. આજુ—બાજુ દેશ—વિદેશના એટલે કે વિભિન્ન પ્રદેશોનાં સંતો—મહંતો બેઠેલાં છે. એમની વચ્ચેની આ ગોષ્ઠિ છે. તેથી અહીં કોઈ જાતની અસંગતિ રહી જવા પામી નથી. કોઈને થયેલા નાનકડા સંશય કે કોઈને જન્મેલી શંકાનું અહીં સમાધાન કરવામાં આવ્યું છે અને તેથી આ વાણી સીધી આપણા અંતઃકરણમાં ઊતરી જાય તેવી છે.

ભગવાન સ્વામિનારાયણે પોતાની સ્પષ્ટ, દઢ અને પ્રતીતિપૂર્વકની અનુભૂતિને અહીં રજૂ કરી આપી છે. કેટલીકવાર તો એમાં રમણીય ભાષાનો પ્રયોગ પણ થયો છે. જેમકે એક અપ્રગટ વચનામૃતમાં "જેમ પ્રાગવડના ભોંયરામાં અતિશય અંધારું છે, તેમાં દીપક લઈને જાય ત્યારે થોડાકમાં અજવાળું થાય પણ બધા ભોંયરામાં અજવાળું થાય નહીં કારણ કે અંધારાની ઘાટપ છે તે પ્રકાશને ખાઈ જાય છે." વળી અન્યત્ર લખે છે; "જેમ આકાશમાં મોટા પંખી ઊડે છે તે પ્રથમ તો ભમરાં જેટલા છે પછે દેખાતા જ નથી ત્યારે એ કાંઈ પંખી મરી ગયાં નથી કે ટળી ગયાં નથી એ તો પ્રકાશના અંધારામાં લીન થઈ ગયાં છે એવી રીતે જીવ પણ અજ્ઞાનરૂપ અંધારામાં લીન થઈ રહ્યો છે." આવી કલ્પનારમણીય વાણી વચનામૃતમાં આપણને તદ્રુપ કરી દે છે.

'વચનામૃત' ના અભ્યાસી શ્રી હર્ષદભાઈ દવે આ ગ્રંથ માટે લખે છે, "વચનામૃતનો ગ્રંથ સમગ્રપણે જીવને બ્રાહ્મીસ્થિતિના ઉચ્ચત્તમ સ્તરે પહોંચાડવાની સાધનાનો જ ગ્રંથ છે જે જીવનને સ્પર્શી જાય છે. તેથી આ ગ્રંથને **Applied Philosophy** નો ગ્રંથ પણ કહી શકાય. આત્મનિષ્ઠા, સ્વધર્મ, વૈરાગ્ય અને ભક્તિના સૂક્ષ્મત્તમ સ્વરૂપોનાં આ ગ્રંથમાં વર્ણન છે." એમનું આ નિરીક્ષણ 'વચનામૃત' નો યોગ્ય પરિચય આપી રહે છે.

આ સદ્‌ગ્રંથમાં શ્રીજીમહારાજે જેટલું ભગવાનને મહત્ત્વ આપ્યું છે, એટલું જ ભગવાનના ભક્તને પણ આપ્યું છે. લગભગ પ્રત્યેક 'વચનામૃત'માં "ભગવાન અને ભગવાનના ભક્ત" એ શબ્દો આવ્યા જ કરે છે એટલે શ્રીજીમહારાજની એક વાત સ્પષ્ટ છે કે આ ભરતખંડમાં ભગવાન કે ભગવાનના સંત હંમેશાં વિચરતા હોય છે. જો તેઓની ઉપસ્થિતિ હોય તો ભગવાનના સ્વરૂપનું અવશ્ય જ્ઞાન થાય છે, જ્ઞાન થાય એટલે મુક્તિ થાય છે. કોઈ સંતપુરુષે એમના જેટલી અક્ષરબ્રહ્મની તથા સ્વયં પૂર્ણ પુરુષોત્તમના સાક્ષાત્ દર્શનની વાત કરી નથી.

આમ, સંપ્રદાયનો આ ગ્રંથ કોઈ સીમિત કે સંકુચિત સાંપ્રદયિક ગ્રંથ નથી, એમાં કોઈ રૂઢિ, પરંપરા કે વિચારધારાની જડતા નથી, ખુલ્લા મનની તત્ત્વચર્ચા છે. સર્વગમ્ય અભિવ્યક્તિ છે અને ભાષાની ત્રેવડ છે. 'વચનામૃત' ની વાત કર્યા સિવાય આ સંપ્રદાયના સાહિત્ય વિષે કશું લખી શકાય નહિ, એમ અતિશયોક્તિ વિના કહી શકાય.

'વચનામૃત' જેવો ગદ્યગ્રંથ કેવળ સાંપ્રદાયિક સાહિત્યમાં જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે એવું નથી પણ ગુજરાતી સાહિત્યમાં ગદ્યની પલટાતી અનેકવિધ લક્ષણો જોવા માટે પણ એ નમૂનેદાર ગ્રંથ બની રહે છે. આપણી ગુજરાતી બોલાતી ભાષાના કેટલાંક લાક્ષણિક તત્ત્વો એમાં સરસ રીતે જળવાઈ રહે છે. જેમ કે વાકયના પ્રારંભે આવતો 'જે' અને પછીથી સંયુકત વાકયરૂપે આગળ વધતું વકતવ્ય 'તે' દ્વારા જોડાઈ રહે છે. 'કારણ કે' ને બદલે વચનામૃતમાં 'કાં જે' જેવો શબ્દપ્રયોગ થાય છે. ખરેખર તો 'કેમ જે', 'શા સારૂજે' વગેરે ઊભયાન્વયી અવ્યયો જેવાં પ્રયોગો એમાં એની એ બોલચાલની છટા જાળવીને સચવાઈ રહ્યા છે. એમાં ઘણીવાર પ્રશ્નાર્થસૂચક શબ્દ સીધો જ એના ઉત્તર સાથે યોજાય જાય છે. જેમ કે, "કૃષ્ણ ભગવાન બિરાજમાન છે તે કેવા છે તો જેને પુરુષોત્તમ કહે છે, વાસુદેવ કહે છે, નારાયણ કહે છે." એમ ઉપવાકયો આગળ વધતાં રહે છે.

જે સંતોએ આ ગ્રંથનું સંપાદન કર્યું છે તેઓએ શ્રીજીમહારાજને કાનોકાન સાંભળ્યા હોય, એવી પ્રતીતિ થાય છે. એ સંતજનોએ અન્ય ભક્તજનોની ગોષ્ઠિઓ પણ સાંભળી છે, વાતચીતના લેહકા ઝીલ્યા છે. આથી 'વચનામૃત'નું ગદ્ય કયાંય કૃત્રિમ કે આયાસવાળું લાગતું નથી.

એમાં ભાષણિયા લેહકા કયાંય દેખાતા નથી. સીધા સોંસરવા એકબીજાનાં હૃદયમનમાં ઊતરી જતાં સ્વાભાવિક ઉદ્‌ગારો વ્યક્ત થયાં છે. આ ગદ્યને આપણે કૃતક સાહિત્યિક ગદ્ય ગણવા કરતાં ઉદ્‌ગારનું ગદ્ય ગણવું જોઈએ.

શ્રી ઉમાશંકર જોશીએ પોતાના સમર્થ લેખ–'ગુજરાતી ગદ્યની પલટાતી લક્ષણો' માં 'વચનામૃત' ના ગદ્યનું થોડું વિશ્લેષણ કર્યું છે, એ જ રીતે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પણ 'વચનામૃત' ના ગદ્યનું થોડું વિશ્લેષણ કર્યું છે, એ જ રીતે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પણ 'વચનામૃત' ને 'એક અપૂર્વ ગદ્યગ્રંથ' તરીકે ઓળખાવ્યો છે અને લખ્યું છે, 'શિક્ષાપત્રી' ની જેમ 'વચનામૃત' પણ ભગવાન સ્વામિનારાયણનું અક્ષરરૂપ છે. 'વચનામૃત' એમનાં પ્રવચનો છે અને સંપૂર્ણ અધિકૃતરૂપે તે સચવાયાં છે."[૨] એમણે તો ભગવાન બુદ્ધના પાલી ભાષામાં અપાયેલાં પ્રવચનોને પણ આ સંદર્ભમાં યાદ કર્યા છે.

પરથારો (પ્રસ્તાવના) થી માંડીને છેક ઉપસંહાર સુધી 'વચનામૃત'માં પ્રાણવાન ગદ્ય પ્રયોજાયેલું પ્રતીત થાય છે. ડૉ. સાંડેસરા લખે છે, "વચનામૃતને પ્રવચનશૈલીનું ગદ્ય મેં કહ્યું છે પણ મને લાગે છે કે એને વાર્તાલાપ શૈલીનું ગદ્ય કહેવું વધુ યોગ્ય છે."[3] એમનું આ પુનર્નિરીક્ષણ યોગ્ય છે કેમ કે સહજાનંદ સ્વામીનો વાર્તાલાપ કયાંય પૂર્વ–આયોજિત પ્રવચન બનતો નથી. એમાં તો સંવિવાદ કે વાર્તાલાપ જ છે. આપણા સુપ્રસિદ્ધ વિદ્વાન સ્વ. પ્રો. અનંતરાય રાવળ એમના પુસ્તક 'ગુજરાતી સાહિત્ય' (મધ્યકાલીન) માં લખે છે; "ધર્મશાસ્ત્ર, ભક્તિ, વૈરાગ્ય, નીતિ, વેદાંત અને અધ્યાત્મસાધનાનો આચારમાં ઉતારી શકાય એવી વ્યવહારુ સુચનાઓ સાથેનો સિદ્ધાંતબોધ એમાં સીધી, સરળ, મિતાક્ષરી, તળપદી અને વાર્તાલાપની જીવંત પ્રવચનશૈલીની વાણીમાં કરવામાં આવેલો છે. સવાસો વર્ષ પહેલાના ગુજરાતી ગદ્યનું મુખ્યત્વે સૌરાષ્ટ્રીય સ્વરૂપ એમાં યથાતથ જળવાયું હોઈ એ દષ્ટિએ ગ્રંથની ઉપયોગિતા ગુજરાતી ગદ્યના અભ્યાસીઓ માટે ઘણી છે."[૪]

સ્વ. રાવલ સાહેબના આ વિધાનમાં ઘણું તથ્ય છે. એમાં સૌરાષ્ટ્રી વાણીની ઝલક પણ ઝિલાય છે તો ચરોતરી બોલીની અસરવાળા પ્રયોગો પણ એમાં થયા છે. નામના બહુવચન વિશેષણ અથવા ક્રિયાપૂરકને પણ બહુવચનમાં બોલવાનું વલણ એ વખતે હતું. જેમ કે, 'ગોપીઓ કાંઈ ભોળીયો નહોતી.' આ લઢણ આપણને એની મધ્યકાલીન ભાષાસ્તરની અર્વાચીન બનતી જતી ગુજરાતી ભાષાના વિકાસની ગતિ દર્શાવે છે. આમ, ભાષાશૈલી, ભાષાવિકાસ, શબ્દરૂપો, રૂપઘટકો, ધ્વનિવિકાસ, વ્યાકરણ એમ અનેકવિધ દષ્ટિએ 'વચનામૃત' સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ગુજરાતી ભાષાસાહિત્યને સાંપડેલું એક અણમૂલું ગદ્યગ્રંથરત્ન છે.[૫]

### *અષ્ટકવિઓનું પ્રદાન :*

ગુજરાતી સાહિત્યમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું જે પ્રદાન છે તેમાં ગ્રંથમણિ 'વચનામૃત' ગદ્ય સાહિત્યમાં તેમજ ભાષા અધ્યયનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પરંતુ આ સંપ્રદાયના કવિઓની રચનાઓમાં પણ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય જેવા તત્ત્વજ્ઞાનના મુખ્ય અંગો સાથે તપ, શીલ, સંયમ અને આચાર તથા બોધ વિષેનો ભાવસ્પંદ પણ સરસ રીતે વ્યક્ત થાય છે. આપણે નરસિંહ મહેતા દ્વારા તત્ત્વજ્ઞાન અને કવિતાનો સમન્વય થતો

જોઈએ છીએ, એ છેક દયારામ અને આ સંપ્રદાયના કવિઓ પર્યંત મધ્યકાળમાં એક પરંપરા રૂતે પ્રતીત થાય છે.

આ કવિઓની વિશેષતા એ છે કે ખરેખર તો તેઓ કવિ હોવાની કોઈ ઈચ્છા જ દર્શાવતા નથી, એમણે કવિ કે કલાકાર થવાની કયાંય જિકર કરી નથી. તેઓ તો સંપ્રદાયના અધ્યાત્મદર્શી અનુભૂતિસંપન્ન સહજાનંદ સ્વામીના સાન્નિધ્યમાં તત્ત્વબોધ અને ભક્તિ ચરિતાર્થ કરવા જ આ બધું લખે છે. આપણે એમને સંતભક્તો કહી શકીએ. કવિતા તો અનાયાસપણે એમના ભક્તિપદોમાં સ્ફૂરી આવી છે. સહજાનંદ સ્વામીની પ્રસન્નતા માટે તેમજ લોકહિતાર્થે તેઓ કવન કરતાં હતાં. આ કવિતા એમના આત્મચૈતન્યમાંથી પ્રગટી છે. એમાં આપણે ઊર્મિ કે લાગણી, વિચાર કે દર્શન, અલંકાર કે શબ્દચિત્ર, ભાષારીતિ વગેરે શોધવા જઈએ છીએ ત્યારે એ કવિતા આપણને નિરાશ કરતી નથી. પરંતુ, **ભક્તજનો, જિજ્ઞાસુઓ તથા મુમુક્ષુઓને આ ભક્તિભાવની કવિતા મર્મવેધક લાગી છે. પરિણામે જૂના પ્રચલિત લોકઢાળોમાં આ અષ્ટકવિઓએ પદસર્જન કર્યું છે.**

એ અષ્ટકવિઓમાં આપણે મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, દયાનંદ, ભૂમાનંદ તથા મંજુકેશાનંદને સમાવીએ છીએ. એમની કવિતા આ સંપ્રદાયની ઉજ્જવલ અને મૂલ્યવાન કહી શકાય તેવી શબ્દ સંપત્તિ છે. આ ભક્તિભાવની કાવ્યસરિતામાં સંપ્રદાયના તેમજ સાહિત્યકળાના મર્મજ્ઞો અને રસજ્ઞો સ્નાન કરીને વર્ષોથી પ્રસન્ન બની શકે છે.

## *બ્રહ્માનંદ સ્વામી : (ઈ.સ. ૧૭૭૨–૧૮૩૨ સંવત્ ૧૮૨૮–૧૮૮૮)*

શીઘ્રકવિ બ્રહ્માનંદજીનું પૂર્વાશ્રમનું નામ લાડુદાનજી હતું અને માતાનું નામ લાલુબા હતું. પિતા શંભુદાનજી શિરોહીના રાજકવિ હતાં. પિતાની કવિત્વશક્તિના વારસદાર બાળકવિ લાડુદાનજીએ બાલ્યાવસ્થામાં જ પોતે રચેલી કવિતાના ગાનથી શિરોહીના મહારાજાને પ્રસન્ન કર્યા. તેથી મહારાજશ્રીએ તેમના માટે ભૂજની પાઠશાળામાં ભણવાનો પ્રબંધ કરી આપ્યો. ચોસઠકળામાં નિપુણતા તેઓશ્રીએ ધમડકાની સંગીતશાળામાં મેળવી તથા શતાવધાનના પ્રયોગો પણ કર્યા. બ્રહ્માનંદે પોતે પોતાની કવિતાથી ભાવનગર અને

જૂનાગઢના રાજવીઓને પણ પ્રસન્ન કર્યા. કવિને ગઢડામાં સહજાનંદજીના પ્રથમ દર્શન થતાં જ પોતાનું સર્વસ્વ અર્પણ કરીને તેમના ચરણકમળમાં જ નિવાસ કરવાની ઝંખના જાગતાં તેઓ ત્યાગી સંત બની ગયા.

બ્રહ્માનંદ રચિત આશરે દશહજાર જેટલાં પદો છે. જેમાંથી ૨૬૦૦ જેટલાં પ્રસિદ્ધ થયાં છે. તેમનું કવન ઈયતા તથા ગુણવત્તા બંને દષ્ટિએ મહત્ત્વનું છે. બ્રહ્માનંદ રચિત કુલ ૧૮ ગ્રંથો છે. તેમાંથી નીચેના પ્રસિદ્ધ થઈ ચૂકયાં છે :

(૧) બ્રહ્મવિલાસ (૨) શ્રી સુમતિપ્રકાશ (૩) ઉપદેશચિંતામણિ (૪) ઉપદેશરત્નદીપક (૫) ધર્મવંશ પ્રકાશ (૬) ધર્મ–સિદ્ધાંત (૭) વિવેકચિંતામણિ (૮) બ્રહ્માનંદકાવ્ય (૯) છંદ–રત્નાવલી (૧૦) શિક્ષાપત્રી–(ગુજરાતી પદ્ય)

તેમનાં અપ્રસિદ્ધ ગ્રંથો નીચે પ્રમાણે છે :

(૧) નારાયણીગીતા (૨) દશાવતારચરિત્ર (૩) વર્તમાનવિવેક (૪) સતીગીતા (૫) નીતિપ્રકાશ (૬) શિક્ષાપત્રી (હિન્દી) (૭) સંપ્રદાયપ્રદીપ (૮) ધર્મકુળધ્યાન.

મધ્યકાલીન સાહિત્યના સફળ શીઘ્ર કવિ બ્રહ્માનંદજીની કાવ્યરચના આકર્ષક, પ્રશંસનીય અને ધ્યાન ખેંચે તેવી છે. તેમની વિશેષતા એ છે કે શીઘ્રકવિ હોવા છતાં એમની કવિતામાં રસતત્ત્વની હાનિ દેખાતી નથી. ડૉ.હરિપ્રસાદ ત્રિ.ઠક્કર બ્રહ્માનંદને બિરદાવતા કહે છે, "બ્રહ્માનંદ સ્વામીએ આધ્યાત્મિક અનુભૂતિની અનોખી આભા પ્રગટાવતી અને પરબ્રહ્મ સ્વરૂપની સાથે એકતા સાધની ખુમારીભરી કવિતા રચી છે. તેથી એમને બ્રહ્મબોલના કવિ કહેવાનું મન થાય છે." કવિએ રાસાષ્ટકની રચના ચારણી છંદો, ચર્ચરી અને રેણકીમાં કરી છે. તેમની છંદરચનામાં કયાંય પણ ક્ષતિ જણાતી નથી. છંદરચનાનું નૈપુણ્ય લાંબા સમયના છંદોવ્યાયામની ફલશ્રુતિ છે. છંદપ્રભુત્વ અને પ્રાસાનુપ્રાસ આયાસ રહિત કવિ પ્રયોજી શકે છે. આ કાવ્યપ્રભુત્વ ભૂજની કાવ્યશાળામાં પ્રાપ્ત કર્યું હોવાથી કવિ આ કાવ્યશાળાના આભારી છે. 'લટકાળા હો લાલ લટકે તારે મન મારું મોહ્યું રે', 'તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે', 'પ્રાણ સનેહી ઘરું આવો, 'જમુના તટ રમત નંદ કો દુલારો' વગેરે રચનાઓ તેની વિશિષ્ટતાનાં સુંદર ઉદાહરણો છે. કવિએ સવૈયા, મનહર, ત્રોટક, કુંડલિયા, છપ્પય, પદ્ધરિ, ઝૂલણા, હરિગીત, ભોજંગી, ચંદ્રાવળા, ત્રિભંગી,

ચર્ચરી, રેણકી, ચોપાઈ, દોહરા, સોરઠા વગેરે છંદો ઘણી આસાનીથી પોતાની કવિતામાં પ્રયોજયાં છે.

કવિ દુલા કાગ કહે છે કે, "બ્રહ્માનંદ સ્વામીએ રેણકી છંદમાં 'રંગભર સુંદર શ્યામ રમે' એ પદની રચના એવી તો અદ્ભુત કરી છે કે હજી સુધી કોઈ દેવીપુત્તર તે છંદની સામેના છાબડામાં બીજો છંદ મૂકી શકયો નથી."[૬] ઘણી ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવતા બ્રહ્માનંદ સ્વામીએ ગુજરાતી, હિન્દી, વ્રજ, રાજસ્થાની, કચ્છી અને ચારણી ભાષામાં પદો રચીને સાહિત્યપ્રદાન કર્યું છે.

કનૈયાલાલ મુનશી જણાવે છે, "બ્રહ્માનંદ કવિ ઉપદેશમાં જ રમી રહે છે. તેમની શૈલીમાં મોહકતા છે. જે વર્ણનો અને ભાવો ઘુંટાઈ ઘુંટાઈને નીરસતાએ પહોંચ્યા હતા તેને એ આકર્ષક કરી શકે છે અને તળપદા શબ્દોના સુંદર ઉપયોગથી સામાન્ય હૃદયને મુગ્ધ કરે એવી કૃતિ સરજાવે છે."[૭] બ્રહ્માનંદની કવિતા અષ્ટકવિઓમાં તેમજ અન્ય સમકાલીન કવિઓમાં એક જુદો જ રંગ ધરાવે છે.

## *પ્રેમાનંદ : (ઈ.સ. ૧૭૮૪–૧૮૮૫ સં ૧૮૪૦–૧૯૧૧)*[૮]

પ્રેમાનંદ સ્વામીના પૂર્વાશ્રમના જીવન વિષે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. બાલ્યાવસ્થામાં જ માતાપિતા બંનેને ગુમાવી બેસનાર તેઓ જાતિએ ગાંધર્વ હતા.

તેમને સંવત્ ૧૮૭૦–૭૧ માં સહજાનંદ સ્વામીનો મેળાપ થયો. તેમણે પોતાનું જીવન સહજાનંદજીને અર્પણ કર્યું. ભગવાન સ્વામિનારાયણે તેમને દીક્ષા આપી નિજબોધાનંદ નામ આપ્યું. પરંતુ આ નામ લાંબુ અને કીર્તનમાં નામા ચરણનાં પ્રાસમાં બંધ ન બેસતા ફરી નામાભિધાન કરી તેમના જેવા ગુણ તેવું નામ પ્રેમાનંદ આપ્યું. કયારેક રમૂજમાં શ્રીહરિ તેમને 'પ્રેમસખી' પણ કહેતા. એમનાં પદો નરસિંહ, મીરાં, દયારામનું લાલિત્ય ધરાવે છે.

તેમના કવિચરિતની પ્રશંસા શ્રી કનૈયાલાલ મુનશી આ રીતે કરે છે, "નરસિંહ મહેતાના પછી મધ્યકાલના સાહિત્યમાં જો કોઈના કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો પ્રેમાનંદમાં છે."[૯] ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે પ્રેમાનંદ સ્વામીને પોતાને પ્રત્યક્ષ પરમાત્મા પુરુક્ષોત્તમ નારાયણ સાક્ષાત્ મળ્યા છે, તેવો દઢ નિશ્ચય હતો. તે તેમના

સંપૂર્ણ પ્રેમલક્ષણાભક્તિ ભર્યાં પદોમાં તરી આવે છે. 'પ્રેમસખી'નાં નેહ નીતરતાં પદો પ્રેમલક્ષણાભક્તિના દ્યોતક છે. સહજાનંદ સ્વામીના અંગેઅંગના ચિહ્નોનું વર્ણન, તેમની ઝીણવટભરી અવલોકનદષ્ટિથી રચાયેલી કવિતામાં સુંદર, સુરેખ અને તાદ્રશ જણાય છે. 'પ્રથમ શ્રીહરિને રે ચરણે શિશ નમાવું', 'આજ મારે ઓરડે રે', 'વંદુ સહજાનંદ રસરૂપ', 'કીજીયે ધ્યાન શ્રીધર્મના કુંવરનું', 'હું હીંડુ જીવન જોતી, પ્રીત કરીને ચરણે પ્રોતી, તમે છો મારી નથડીનું મોતી' વગેરે કવિતામાં શ્રીહરિ પ્રત્યેની પ્રીતિ શબ્દે શબ્દે છલકાય છે. જેમાં ભાવવિભોર ભક્તનું હૈયું શ્રીહરિનાં પ્રેમમાં નિમગ્ન રહે છે. દાસત્વ, દીનતા, દઢતા અને આર્જવભર્યા સુકુમાર ભાવોનું હૂબહૂ આલેખન તેમનાં પદોમાં થયું છે. પ્રેમસખીની એકનિષ્ઠા અને દઢભરોસો નીચે પંક્તિઓમાં સ્પષ્ટ જણાય છે :

**એક ભરોસો, એક બલવારી એક આશવિશ્વાસ,**
**પ્રેમાનંદ કહે નાથજી મોયે, સદાય રાખીએ પાસ રે.**

પ્રેમસખીની આ દઢટેકમાં ખુમારી અને નીડરતાનાં દર્શન થાય છે. શ્રીહરિ પણ તેમનાં પદો સાંભળીને પ્રેમરસમાં ગળાગળા થઈ જતાં. તેમની પ્રીતિની મક્કમતા અને દઢતા નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ થાય છે.

**મારે લાગો રે હરિવરથી નેડો સાહ્યો સહજાનંદ–**
**સ્વામીનો છેડૉ... રેખા તે ખેંચી વજ્રને માથે.**

અહીં, કવિનાં હૃદયમાં ઊભરાતાં સૂક્ષ્મ મુલાયમ ભાવો પ્રેમરસ સભર શબ્દોમાં વહેતાં જણાય છે. પ્રેમાનંદની વાણી નમ્ર વિનયભરી અને સરળ છે, સંગીતશાસ્ત્રોને વરેલી છે. તેમના મુખ્ય ગ્રંથોમાં છે (૧) ધ્યાનમંજરી (૨) નારાયણચરિત્ર (૩) વિવેકસાર (૪) તુલસીવિવાહ (૫) ગોપીવિરહ (૬) શ્રીહરિચરિત્રામૃત છે. તે ઉપરાંત પણ બીજાં ઘણાં પદો તેઓએ રચેલાં છે.

પ્રેમાનંદે પોતાની કાવ્યરચનાને 'પદ' તરીકે ઓળખાવી છે. પછી ભલેને તે ધોળ હોય કે ગરબી, મુકતક હોય કે મહિમા, કયાંક–કયાંક તેને ગરબી રાગ તરીકે પણ જણાવી છે. એ ઢાળથી લોકોમાં આનંદ ફેલાયો એટલું જ નહિ કવિ–ન્હાનાલાલ જેવા પણ એ કાવ્યનું રસપાન કરતાં ડોલી ઊઠતાં. તેમની ગરબીઓની ટેકપંક્તિઓની ચારુતા

હૃદયસ્પર્શી બની છે. આત્મા પરમાત્મા સાથે સંલગ્ન બની ભક્તિભાવની મસ્તીના તાનમાં આવી જઈને રચાયેલાં પદો સુશ્લિષ્ટ ભાવચિત્ર ખડું કરતા જણાય છે. આત્માનુભૂતિની અભિવ્યક્તિનું ચિત્રસંપુટ રજૂ કરવામાં પ્રેમાનંદનું રચનાકૌશલ્ય ખરેખર અદ્ભુત છે. ગરબીનું ટેકવૈવિધ્ય સાચવીને તે દ્વારા ગરબીને આકાર સૌષ્ઠવ તથા કલાત્મકતા અર્પીને કવિએ પોતાની કવિપ્રતિભાની ઝાંખી કરાવી છે.

હરિપ્રસાદ ઠક્કર કહે છે, "ભાવગુંજન પ્રગટાવતી, પાત્રગત ઉક્તિભેદ દર્શાવતી, આકર્ષક સ્વતંત્રોક્તિની નિદર્શક બનતી, સમગ્રભાવનું તીવ્ર ઘૂંટણ રજૂ કરતી, સ્વરંજક સંદર્ભના ગુંજન સાથે ભાવતરંગો પેદા કરતી, સમવિષમ પંક્તિભેદ તારવતી વગેરે નહિ નહિ તોય સોળ જેટલી ભિન્ન ભિન્ન શબ્દગુચ્છો અને સ્વરાહોવહરોહક પાસાદાર ટેકપંક્તિઓનું કવિએ રચનાવૈવિધ્ય સાધ્યું છે. આટલું બધું અને આવું ટેકવૈવિધ્ય તો ગરબી સમ્રાટ ગણાતા દયારામેય જાળવ્યું જણાતું નથી."[૧૦] આ વિધાન સાથે પૂરા સંમત ન થઈએ, તો પણ એનું મહત્ત્વ કેટલેક અંશે સ્વીકારીએ.

'પ્રેમસખી' ની કવિતામાં માનુષી શૃંગાર આલેખાયો નથી. પરંતુ અલૌકિક–દિવ્ય શૃંગારની દ્યોતક રસિકતા ભરેલી છે. પ્રણયભક્તિના રસે છલકાતી 'પ્રેમસખી' પ્રેમાનંદની ગરબીઓ માત્ર સત્સંગસમાજને જ ભેટ છે તેમ નથી, એ તો ગુજરાતી સાહિત્યનેય કવિની અણમોલ ભેટ છે. ઊર્મિમયતા (Lyricism) ની બાબતમાં દયારામની કવિતા સાથે સામ્ય છે. દયારામથી ચડિયાતા કવિ એમને ન ગણીએ તો પણ શૃંગારરસની બાબતમાં દયારામ કયારેક વધુ પ્રગલ્ભ બને છે, જયારે 'પ્રેમસખી' સર્વત્ર સંયમશીલ છે એમ તો સ્વીકારવું જોઈએ.

### *મુક્તાનંદ સ્વામી :*

સર્વ સાધુગુણે સંપન્ન આ મહાનસંતનો જન્મ સૌરાષ્ટ્ર પ્રદેશના અમરેલી જિલ્લાના અમરાપર ગામમાં સં ૧૮૧૪ના પોષ વદી સાતમને દિવસે થયો હતો. તેમના પિતાનું નામ આનંદરાય અને માતાનું નામ રાધાબાઈ હતું. મુક્તાનંદ સ્વામીનું બચપણનું નામ મુકુંદદાસ હતું. ભગવાનમાં પ્રીતિ અને ભક્તિ બાલ્યાવસ્થાથી જ તેમનામાં જણાતી હતી, એટલું જ નહીં પિતા પાસેથી ગીતા અને ભાગવત જેવા સત્શાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો.

કાવ્ય, કીર્તન અને સંગીતમાં સ્વાભાવિક રુચિ હોવાથી તેનું પણ શિક્ષણ મેળવ્યું હતું. તેઓ તુલસીકૃત રામાયણના સારા અભ્યાસી હોવાથી સરોદા વાજિંત્ર દ્વારા ઉત્તમ રીતે રામાયણની કથા કરીને ભક્તહૃદયને ભક્તિરસમાં તરબોળ કરતાં હતાં. કવિત્વશક્તિ સહજ રીતે જ તેમનામાં વિકસી રહી હતી. સંસ્કૃત વિદ્યાના પણ તેઓ અભ્યાસી હતા.

મુકુંદદાસની અનિચ્છા છતાં માતાપિતાએ તેમનું વેવિશાળ કર્યું. મુકુંદદાસ સંસારબંધનથી છૂટીને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ માટે સાચા ગુરુની શોધમાં કુટુંબ છોડીને નીકળી જવું તેમ વિચારતા હતાં. ગૃહત્યાગ કરીને તેઓ સાચા સત્પુરુષની શોધમાં નીકળી પડયા. તેઓ ધાંગધ્રાના દ્વારકાદાસ તેમજ વાંકાનેરના કલ્યાણદાસને મળ્યા. ત્યાંથી સરધાર, તુલસીદાસજીના આશ્રમમાં રહ્યાં. રામાનંદ સ્વામી સરધાર આવ્યા ત્યારે તેમનાં દર્શન થતાં જ શાંતિ થઈ ગઈ. અત્યંત ભક્તિભાવ જાગ્યો. અનેક મુશ્કેલીઓની વચ્ચે તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય બન્યા. રામાનંદ સ્વામીએ તેમનું નામ ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષા આપીને મુક્તાનંદ પાડયું અને પોતાના લોજ ગામના આશ્રમમાં પચાસ સાધુનું મંડળ સોંપીને મુક્તાનંદ સ્વામીને તેમના અધ્યક્ષ બનાવ્યા. ભગવાન સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી વેશે જયારે આ આશ્રમમાં પધાર્યા ત્યારે મુક્તાનંદ સ્વામીનો તેમની સાથે પ્રથમ મેળાપ થયો. મુક્તાનંદ સ્વામી તેમજ નીલકંઠવર્ણી એકબીજાના પરિચયમાં આવતાં તેમને વર્ણીનો પારલૌકિક મહિમા સમજાયો. પોતે મોટા હોવા છતાં પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટે વર્ણીની મરજી સાચવવા લાગ્યાં.

રામાનંદ સ્વામીના અંતર્ધાન પછી સહજાનંદ સ્વામીના શિષ્ય તરીકે પોતે ભક્તિ કરતા હતાં. ખાખરાના વનમાં પોતાના ગુરુ રામાનંદ સ્વામીએ દર્શન દઈને "વર્ણી સર્વોપરી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે" તેમ સમજાવ્યું ત્યારે પોતે અતિ આનંદમાં આવી ગયા અને સહજાનંદ સ્વામીની પૂજા કરી 'જય સદ્‌ગુરુ સ્વામી' સ્વરચિત આરતી બોલીને પછી કીર્તન જોડયું 'ભ્રમણા ભાંગી રે હૈયાની નથી એ વાત કેને કહ્યાની' પછી તો તેમને દિન–પ્રતિદિન માહાત્મેયુકત ભક્તિ અને દિવ્યભાવ વિશેષ વધવા લાગ્યાં. તે તેમની કાવ્યરચના પરથી સહેજે જણાઈ આવે છે. સહજાનંદ સ્વામીનું સર્વોપરી સ્વરૂપ

યર્થાથ સમજાયું ત્યારે 'સુખદાયક રે સ્વામી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ' તથા 'માય મેં તો પુરુષોત્તમ વર પાયો' વગેરે કીર્તનો બનાવ્યાં.

તેઓ વીણા તથા સરોદાવાદનમાં પારંગત હતા એટલું જ નહિ પણ નૃત્યકળા પણ તેમને વરેલી હતી. ગ્વાલિયરના ગવૈયાઓ ગઢડા આવ્યા ત્યારે શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ પગે ઘૂઘરા બાંધીને એવી કુશળતાથી ઠેકા લીધા કે જમીન પર હાથીનું ચિત્ર દોરાઈ ગયું આ જોઈ કલાકારો છક્ક થઈ ગયા. તેઓ સંગીતવિદ્યામાં નિપુણ હતાં. તંબૂર–મંજીરા સાથે ધનાશ્રી રાગ સાંભળીને શ્રીહરિએ અતિ પ્રસન્ન થતાં કહ્યું કે, "આવું ગાન તો આજે જ સાંભળ્યું." આ સંપ્રદાયમાં મુક્તાનંદ સ્વામી આદિ કવિ છે. તેઓ પોતેજ કીર્તનમાં જણાવે છે કે, 'મુક્તાનંદ હજુરી હરિના કયાં થકી અન્ય કવિ ગાય રે.' મુક્તાનંદ સ્વામીએ પોતાના સાહિત્યસર્જનમાં હિન્દી, વ્રજ અને ગુજરાતી ભાષાનો સવિશેષ ઉપયોગ કર્યો છે. તેમાં અલંકાર, પદલાલિત્ય અને અર્થગૌરવ વગેરે કાવ્યગુણો જોવા મળે છે. તેઓ પોતાના કીર્તનોમાં 'નૈનસેન', 'નૈનબાન', 'દ્રગ બીચ', 'દ્રગનબાણ', 'દ્રગ તારા', 'નાવ કે કાગ', 'તેરે હાથ બિકાનો', 'વ્રજરાજ લાડીલો' 'પલ કલ્પ સમ' વગેરે શબ્દોનો ઉપયોગ છૂટથી કરે છે. ભક્તિ, વૈરાગ્ય તેમજ ઉપદેશનાં પદો તેમણે ઘણાં રચ્યાં છે.

સ્વામી રચિત ગ્રંથો 'ભગવદ્‌ગીતા ભાષાટીકા' તથા 'કપિલગીતા' વાંચવાથી તેઓને વેદાંતનું જ્ઞાન કેટલું ઊંડુ હતું તે જાણી શકાય છે. કાવ્યમાં તેઓએ લક્ષણા શબ્દ અતિ ટૂંકમાં ગુરુમહિમાનાં કીર્તનોમાં જણાવેલ છે. તે આ પ્રમાણે 'જહદ જહદનો ભેદ જાણ્યા વિના' અને પરબ્રહ્મનું જ્ઞાન ગુરુ દ્વારા કેવી રીતે થાય તેનું અદ્‌ભુત ઉદાહરણ સ્વામીએ આપેલ છે. જેમ કે 'રવિ કે તેજસે રવિ પ્રકાશે, ત્યું ગુરુમુખ બ્રહ્મવિચાર' આ ઉપરાંત તેમના કાવ્યોમાં રાધાકૃષ્ણ સંબંધી શૃંગાર રસ નિરૂપાયો છે. સંતમહિમાનાં તથા સંતલક્ષણનાં કીર્તનો તથા મલ્હાર રાગના 'શયામ ઘટા ચડી આયો' વગેરે કીર્તનોમાં શ્રીહરિની મૂર્તિ, તેમની વાણી સાથે મેઘની ઉપમા–ઉપમેય બપૈયા–મોર વગેરે તથા પ્રાકૃતિક સૌન્દર્યની ઉપમા – ઉપમેય દ્દષ્ટાંતરૂપ છે. કવિ દલપતરામે મુક્તાનંદ સ્વામીના વાણી પ્રવાહને 'ગંગાપ્રવાહ' તરીકે વર્ણવેલ છે. સ્વામીશ્રીએ રચેલ ગ્રંથો આ પ્રમાણે છે.

સંસ્કૃત ગ્રંથો (૧) સત્સંગીજીવન મહાત્મ્ય અધ્યાય–૯, (૨) નિર્ણયપંચક (૩) શ્રી હનુમંત કવચમંત્ર પુરશ્ચરવિધિ સ્ત્રોત અને અષ્ટોત્તરશત નામાવલી. શ્રી વચનામૃત સંગ્રહના કર્તાઓમાં પણ સ્વામીશ્રી મુખ્ય છે. હિન્દી અને ગુજરાતી કાવ્યગ્રંથો (૧) ભગવત્‌ગીતા ભાષા ટીકા (૨) કપિલગીતા ભાષાટીકા (૩) નારાયણ કવચ ભાષા ટીકા (૪) ગુણ વિભાગ અધ્યાય ભાષા ટીકા (૫) વાસુદેવાવતાર ચરિતાધ્યાય (૬) અવધુતગીતમ્ ભાષા ટીકા (૭) ગુરુચોવિસી ભાષા ટીકા (૮) વૈકુંઠધામ દર્શનાધ્યાય ભાષા ટીકા (૯) ભાગવત પુરાણ દશમસ્કંધ ભાષા ટીકા (અપ્રકાશિત) (૧૦) પંચરત્ન (૧૧) વિવેકચિંતામણિ (૧૨) સત્સંગ–શિરોમણિ (૧૩) મુકુંદ બાવની (૧૪) ધર્માખ્યાન (૧૫) શિક્ષાપત્રી ભાષા (૧૬) નારાયણચરિત્ર (૧૭) નારાયણગીતા (૧૮) સતીગીતા (૧૯) ધામવર્ણન ચાતુરી (૨૦) કૃષ્ણપ્રસાદ (૨૧) ઉદ્ધવગીતા (૨૨) રાસપંચાધ્યાય (૨૩) રુક્ષ્મણિવિવાહ (૨૪) રાસલીલા (૨૫) ઉત્સવામૃત.

સ્વામીશ્રી રચિત સાહિત્ય ઉપર મુજબનું ઉપલબ્ધ છે. ઉપર જણાવેલ ગ્રંથોમાંથી ૨૧ ગ્રંથો 'મુકતાનંદકાવ્ય' એ નમના પુસ્તકમાં પ્રકાશિત થયા છે. નં–૧ રામાનુજ ભાષ્ય સહિત ભગવદ્‌ગીતાનો અનુવાદ છે. નં–૨ થી ૯ સુધીના ભાગવત પુરાણના કેટલાક સ્કંધના કેટલાંક અધ્યાયનો અનુવાદ છે. નં. ૧ થી ૧૭ સુધીના ગ્રંથો હિન્દી ભાષામાં છે. નં. ૧૪ થી ૨૦ સુધીના ગ્રંથો સાંપ્રદાયિક ગ્રંથો છે. નં. ૨૫ હિંદી, ગુજરાતી અને વ્રજ ભાષામાં છે. આ ઉપરાંત બ્રહ્મસૂત્રો પર 'બ્રહ્મમીમાંસા' નામથી ભાષ્ય રચનાર પણ મુકતાનંદ સ્વામી છે. આ ભાષ્યની પ્રતિપાદન શૈલી વિદ્વાનોને પણ મુગ્ધ કરે છે.

મુકતાનંદ સ્વામી સં. ૧૮૮૬ના અષાઢ વદી એકાદશીએ મધ્યાહ્ન સમયે ગઢ પુરમાં અક્ષરધામ સિધાવ્યા. કનૈયાલાલ મુનશી એમના કાવ્ય સર્જન વિષે કહે છે "આ કવિની કલા સમકાલીન ધોરણો જોતાં ઊંચા પ્રકારની હતી એ 'ઉદ્ધવગીતા' અને 'સતીગીતા' પરથી દેખાય છે. એણે પુરોગામી સાહિત્યમાં નવી ઘાટી અને નવી મોહકતા આણ્યા." આમ, આ કવિનું પ્રદાન કેવળ સંપ્રદાયમાં જ નહિ પરંતુ સાહિત્યક્ષેત્રમાં પણ અનેરું છે.

## નિષ્કુળાનંદ સ્વામી :

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સૌરાષ્ટ્ર દેશના હાલાર પ્રાંતમાં 'શેખપાટ' નામે ગામમાં વિ. સં. ૧૯૨૨માં વસંતપંચમીના દિને ગુર્જર સુતારને ત્યાં થયો હતો. તેમના પિતાનું નામ રામભાઈ અને માતાનું નામ અમૃતબા હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ લાલજી હતું બાળપણથી જ તેમનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે ઉત્તમ ગુણો વિકસેલાં હતા. તેમની અનિચ્છા છતાં માતા–પિતાએ તેમનાં લગ્ન કર્યા. તેમની પત્નીનું નામ કંકુબાઈ હતું. વ્યવહારકાર્યમાં ગૂંથાયા છતાં જળકમળવત્ નિર્લેપ રહ્યા અને પ્રભુપરાયણ જીવન જીવ્યા. શ્રી રામાનંદ સ્વામીના લોજ ગામે દર્શન થતાં તેમને પૂર્વના તીવ્ર વૈરાગ્યના સંસ્કાર ઉદય થવાથી દીક્ષા લેવા ઈચ્છા દર્શાવી. પરંતુ રામાનંદ સ્વામીએ જરૂર પડયે બોલાવી લઈશું તેમ આજ્ઞા કરી ઘેર મોકલ્યા. લોજમાં વર્ણીવેશે શ્રીહરિ મુકતાનંદ સ્વામી પાસે રહ્યા હતા, ત્યારે રામાનંદ સ્વામીએ લાલજીને ભૂજ ન આવતાં લોજમાં વર્ણીન્દ્રના દર્શન કરવા જવાની આજ્ઞા આપી હતી. પરંતુ, પોતાને રામાનંદ સ્વામી જ ભગવાન છે તેવો દઢ નિશ્ચય હોવાથી તેઓ ભૂજ ગયા. રામાનંદ સ્વામીએ તેમને સમજાવ્યા કે અમો તો વણીન્દ્રના સેવક છીએ તે અમારા પણ ઈષ્ટદેવ છે, ત્યારે લાલજીનો ભ્રમ નિવૃત્તિ પામ્યો અને વર્ણીને પરબ્રહ્મ પરમાત્મા જાણ્યા. લાલજી લોજ આવીને ગદ્ગદ્ કંઠે વર્ણીન્દ્રને પ્રાર્થના કરતા સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિએ થોડો સમય પોતાની પાસે રાખ્યા તે દરમિયાન વર્ણીન્દ્રનું અદ્ભુત ઐશ્વર્ય જોઈ દઢ નિશ્ચયવાળા ભક્ત બની પોતાને ગામ ગયા.

સં. ૧૮૬૦માં મહાસુદી પંચમીના રોજ લાલજી સુતારે શ્રીહરિ તથા સંતો – હરિભકોને તેડાવી વસંતનો મોટો ઉત્સવ કરાવ્યો. તે પછી થોડા દિવસે શ્રીહરિ લાલજી ભક્તને સાથે લઈ રણમાર્ગે કચ્છમાં ચાલ્યા. રસ્તામાં ભાતું હતું તે ભીખારીને, પાણી હતું તે તરસ્યાને અને નાણું હતું તે ચોરોને અપાવી દીધું. કચ્છમાં યાત્રા કરતાં કરતાં શ્રીહરિ અને લાલજી આધોઈ ગામમાં આવી પહોંચ્યા. શ્રીહરિએ તેમને ગામમાંથી ભિક્ષા માગી લાવવા આજ્ઞા આપી. પરંતુ લાલજી ભગત ક્ષોભ પામ્યા. કારણ અહીં તેમનું સાસરું હતું અને તેમના પત્ની પણ તે વખતે પિયરમાં હતાં. લાલજી સંકોચપૂર્વક ઊભા રહી ગયાં.

શ્રીહરિ કહે તમને એવા બનાવી દઈએ કે કોઈ ઓળખી જ શકે નહિ. એમ કહી શ્રીહરિએ લાલજી ભગતને કેશ કપાવી નાખવા આજ્ઞા કરી અને પછી સન્યાસીની દીક્ષા આપી નિષ્કુળાનંદ નામ આપ્યું.

લાલજી પણ નિષ્ઠાવાન સન્યાસી તરીકે સસરાને ઘેર જ ભિક્ષા માગવા ગયાં. સ્વાનુભવના પ્રસંગ પરથી જ તેમણે 'જંગલ વસાવ્યું રે જોગીએ' એ કાવ્ય રચ્યું છે. શ્રીહરિએ લાલજી ભગતને સન્યાસીની દીક્ષા આપી છે તેમ તેમના સ્વજનોને જાણ થતાં તેઓએ ફરી ઘેર આવવા આગ્રહ સેવ્યો ત્યારે કવિએ નીચેની કાવ્યપંક્તિઓ દ્વારા પોતાની અભિરુચિ વ્યક્ત કરી છે.

**'મને સ્વપ્ને ન ગમે સંસાર, કો'ને કેમ કિજિયે,**
**વમન થયું મન ઊતર્યું, એવો જાણ્યો સંસાર,**
**નિષ્કુળાનંદ નિશ્ચે કર્યું, સુખ તો સદ્‌ગુરુ પાસ'**[૧૧]

**'જનની જીવો રે ગોપીચંદની પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી' તથા 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જી' તેમજ 'વૈરાગ્ય વિના વિષયસુખનો અંતરે ન થાય અભાવ ; નિષ્કુળાનંદ નિરવૈદ વિના, રૂઝે નહિ વિષય ઘાવ.'** ઉત્કૃષ્ટ વૈરાગ્ય સૂચવતાં ઉપરોક્ત કાવ્યો તેમની જ રચના છે. નિષ્કુળાનંદ સ્વામીનું સાહિત્ય પ્રદાન નીચે મુજબ છે : (૧) ભક્તચિંતામણી (૨) યમદંડ (૩) સારસિદ્ધિ (૪) વચનવિધિ (૫) હરિબલગીતા (૬) ધીરજાખ્યાન (૭) સ્નેહગીતા (૮) પુરુષોત્તમ પ્રકાશ (૯) ભક્તિનિધિ (૧૦) હૃદયપ્રકાશ (૧૧) કલ્યાણ નિર્ણય (૧૨) મનગંજન (૧૩) ગુણગ્રાહક (૧૪) ચોસઠપદી (૧૫) હરિવિચરણ (૧૬) હરિસમૃતિ (૧૭) અરજીવિનય (૧૮) અવતાર ચિંતામણિ (૧૯) ચિહ્નચિંતામણિ (૨૦) પુષ્પચિંતામણિ (૨૧) લગ્નશુકનાવલિ (૨૨) વૃત્તિવિવાહ (૨૩) શિક્ષાપત્રી પદ્યરૂપા વિગેરે ઘણાં સદ્‌ગંથો અને આ ઉપરાંત હજારો કીર્તનો કવિએ રચેલાં છે. તેમના ગ્રંથમાં ખાસ કરીને પ્રગટ પુરુષોત્તમ નારાયણનું સર્વોપરિપણું અને એમની ભક્તિનો મહિમા યુક્તિપૂર્વક વર્ણવેલ છે.

સ્વામીશ્રીનો વૈરાગ્ય શુષ્ક ન હતો. શ્રીહરિ પ્રત્યેની પ્રેમભક્તિમાં પણ તેઓ રસબસ હતા એ નીચેની કાવ્યપંક્તિમાં જણાય છે.

**'ભેટજો ભેટજો ભેટજો રે ભાવે કરી ભૂધર મને ભેટજો.'**

આ ઉપરાંત કવિ કાષ્ઠ–શિલ્પકળામાં વિશ્વકર્માને પણ વિસ્મય પમાડે તેવા હતાં. તેમની ઉત્તમકૃતિમાં બાર બારણાનો હિંડોળો તથા ધોલેરાના મંદિરનું સ્વહસ્તે કરેલું લાકડા ઉપરનું કોતરકામ મોજૂદ છે. નિષ્કુળાનંદ સ્વામી સં. ૧૯૦૪માં ધોલેરામાં ૮૨ વર્ષની વયે અક્ષરવાસી થયા.

### *દેવાનંદ સ્વામી :*

દેવાનંદ સ્વામીનો જન્મ ભાલપ્રદેશમાં ધોળકાથી દૂર બળોલ ગામમાં ચારણ પરિવારમાં સં. ૧૯૫૯માં કારતક સુદી પૂનમના દિવસે થયો હતો. તેમના પિતા જીજીભાઈ રત્નુશાખાના મારુચારણ ગઢવી હતા. દેવાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ દેવીદાન હતું. એક વખત સહજાનંદ સ્વામી બળોલ પધારેલા ત્યારે દેવીદાનને તેમનાં પ્રથમ દર્શને જ સાક્ષાત્ ભગવાનનો અનુભવ થયો હતો. સહજાનંદ સ્વામીને તેમણે વિનંતી કરી કે આપ મને આપની સેવામાં રાખો. સહજાનંદ સ્વામીએ પાસે રાખી પછીથી દીક્ષા આપી દેવાનંદ નામ આપ્યું. પ્રથમ તેઓ બ્રહ્માનંદ સ્વામી પાસે કાવ્યદીક્ષા પામ્યાં અને અષ્ટકવિઓમાંના એક ગણાયાં. તેઓ એક સમર્થ ગવૈયા બન્યાં. રાગ–રાગિણીઓને મૂર્તિમંત કરવાનું એમનામાં અપૂર્વ કૌશલ્ય હતું. તેમની ભાવનીતરતી મધુર પદાવલીઓ સાંભળીને ભક્તજનો ભાવિવિભોર બની જતાં.

દેવાનંદ સ્વામી કવિ દલપતરામના કાવ્યગુરુ હતા. 'છંદશૃંગાર' નામનું પિંગળશાસ્ત્ર અને 'ભાષાભૂષણ' નામનો અલંકારગ્રંથ દેવાનંદ સ્વામી પાસેથી દલપતરામ પ્રથમ શીખ્યા હતાં. દલપતરામ કવિતાના પાઠો દેવાનંદ સ્વામી પાસેથી શીખ્યા પછી જ તેમની કવિતાનું લાક્ષણિક સ્વરૂપ પ્રગટ થયેલું તે નોંધપાત્ર છે. ડૉ. અમૃતલાલ યાજ્ઞિક કહે છે, "દલપતરામના કાવ્યગુરુ દેવાનંદ સ્વામીનો ફાળો ગુજરાતી કવિતામાં પરોક્ષ રીતે રહ્યો છે એ ઐતિહાસિક ઘટનાની નોંધ લેવાવી જ જોઈએ."[૧૨]

દેવાનંદ સ્વામીની સિતારવાદનની કલા અનોખી હતી, તેમણે રચેલા કાવ્યોમાં વૈરાગ્ય છલકાતો માલૂમ પડે છે. તેમના કીર્તનની ભાષામાં સરલતા, માધુર્ય અને

ભાવભીના હોય છે. મોહમાયામાં ફસાયેલા હરિવિમુખ વૃદ્ધોની અવદશા તીખી વાણીમાં કવિએ આ પ્રણામે વર્ણવી છે.

**'ઘરના માણસ કાઈ ગયા રે ટરડાની કરી કરી ટેલ,**
**દીકરા દીકરિયું દૂર ફરે રે ફોગટ દેખી ડોસાના ફેલ.'**

મનુષ્યદેહ ભગવાન ભજીને સાર્થક કરવો જોઈએ તેવી રજૂઆત નીચેના કાવ્યમાં સચોટ રીતે કવિ કરે છે.

**'મોતી સરખો કણ લઈ મૂરખ ઘંટીમાં દળે,**
**બાવળિયાનું બી બોઈ આંબો કેમ ફળે ?'**

કવિના મતે જે ભગવાન નથી ભજતો તે જીવતો મરેલો જ છે તેવો ભાવ નીચેની કાવ્યપંક્તિમાં દર્શાય છે.

**'ભજયો નહિ ભગવાન મૂરખ જીવતા મર્યો.'**

દેવાનંદ સ્વામીની કાવ્યરચનામાં પ્રેમલક્ષણા ભક્તિસભર પદોનું પ્રમાણ સૌથી વિશેષ છે. તેમાં દાસીભાવે, ગોપીભાવે કૃષ્ણપ્રીતિ વ્યક્ત થઈ છે. પ્રેમમાં વિરહ, મિલન, ઝંખના, ઉત્કંઠા, વ્યથા, આનંદ, સુખ, સંભોગ, અનુનય વિનય, દર્શનનો તલસાટ, મોહિની, વ્યાકુળતા, આકર્ષણ, કામણ, રંગરમણા વગેરે ભાવો વ્યક્ત થતા જણાય છે. કવિને કાવ્યરચનામાં સારી સફળતા મળેલી જણાય છે.

મિલનની ઉત્કંઠા અને વિરહવેદનાને કવિ ભાવભરી વાણીમાં વર્ણવે છેઃ

**'લગની લાગી રહી ઉર ઘનશ્યામ મિલન કી આસી,**
**હેરત પંથ થકે દોઉ નેના અવધ ગઈ ખટ માસી.'**[૧૩]

ગોપી ઉદ્ધવ પાસે અંતર ખાલી કરતાં કહે છે :

**'કેની આગળ કહીએ ઓધા, જીવતાણું રે દુઃખ જોઈને,**
**ભાગ્ય લખ્યું તે અમે ભોગવીને છૂટશું, કીધલ પૂરવ કમાઈને.'**

પ્રેમવશ ગોપી પરવશતા અનુભવતા કહે છે :

**'જોર ન ચાલે જાદુગરા ઉપર્યે; મુખમાં બળેલ ઉનું ખાઈને.'**

દેવાનંદ સ્વામીએ હોરીના અને દાણલીલાના પદોમાં પ્રેમશૃંગારનો ચાતુરીભર્યો ગુલાલ ઉડાડયો છે. કવિએ ગુજરાતી, વ્રજ અને રાજસ્થાની એ ત્રણ ભાષામાં પદરચના કરેલી છે. કેટલીકવાર એક જ પદમાં એ ભાષાઓને મિશ્રરૂપે પ્રગટ કરે છે. દેવાનંદ સ્વામી કવિ અને ગવૈયા હોવા ઉપરાંત તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી પણ હતાં. તેઓ સં. ૧૯૧૦ના શ્રાવણ વદી દશમે મૂળીમાં અક્ષરધામ પધાર્યાં. સ્વામિનારાયણ સંપ્રદાયના અન્ય કવિઓની જેમ દેવાનંદ સ્વામીનું અર્પણ નોંધપાત્ર છે.

### *દયાનંદ સ્વામી :*

દયાનંદ સ્વામીનો જન્મ ગુજરાતનાં નળકાંઠાના રેથળ ગામે લોહોણા જ્ઞાતિમાં સંવત ૧૯૪૫માં થયો હતો. તેમના પિતાનું નામ સુંદરજી અને માતાનું નામ અમૃતબાઈ હતું. બાળપણથી જ પુત્રમાં વૈરાગ્યવૃત્તિ જણાતી હતી. ધોળકાની નજીકમાં આવેલાં ગોધનેશ્વર મહાદેવના મંદિરમાં જઈને એકાંતમાં ઉપાસના કરવા લાગ્યાં. ત્યાં તેમને પ્રેરણા મળી કે પ્રભુના દર્શન જરૂર થશે અને લાંબો સમય તેમના સંપર્કમાં રહેવાનું પણ મળશે.

એક સમયે શ્રીજીમહારાજ જેતલપુર જવા નીકળ્યા ત્યારે મછિયાવના દરબાર સુરસિંહજીના આગ્રહને માન આપીને શ્રીહરિ રાજમહેલમાં રોકાયાં અને ફૂલદોલનો ઉત્સવ કરવાનું ત્યાં જાહેર કર્યું. આ વાતની જયારે વૈરાગ્યવૃત્તિવાળા સુંદરજીભાઈના પુત્રને જાણ થઈ ત્યારે તેઓ ત્યાં પહોંચી ગયા. શ્રીહરિના પ્રથમ દર્શને જ જ્ઞાન–વૈરાગ્યની વૃત્તિવાળા આ યુવાનને તેમનું સાંનિધ્ય અતિશય ગમી ગયું. "મને દીક્ષા આપી આપની પાસે રાખો, આપના દાસ બનવાની ઈચ્છા પૂર્ણ કરો." તેમની આ પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તેમને દીક્ષા આપી ઉત્તમાનંદ એવું નામાભિધાન કર્યું અને અમદાવાદના મહાનુભાવાનંદ સ્વામીના મંડળમાં તેમને રાખ્યાં. તેમની પ્રકૃતિ શાંત હતી. તેમની કવિત્વશક્તિ શ્રદ્ધાભક્તિમાંથી ખીલી ઊઠી. શ્રીહરિનું સ્મરણ સતત કરતાં કરતાં તેમણે શ્રીહરિચરિત્રના પદો રચ્યાં છે. એ પદોમાં ભાવ પણ છે અને સંગીત પણ છે. ૨૦૫ પદોવાળો એક કાવ્યગ્રંથ સં. ૧૯૧૭ના કાર્તિક પૂનમે તૈયાર થયો. તે ગ્રંથ 'હરિચરિત્ર

ચિંતામણિ' નામે પ્રગટ થયો. કાવ્યરચનામાં એમને ઉત્તમાનંદ નામ ગોઠયું નહીં. તેથી બંધબેસતું થાય તેવું દયાનંદ નામ ધારણ કર્યું.

**'દયાનંદને વ્હાલે કહ્યું જેહ, સત્ય માની લેવું સર્વ તેહ.'**

દયાનંદના કાવ્યોમાં શ્રીહરિના ચરિત્ર મુખ્ય છે તે ઉપરાંત ઇતિહાસ છે, ઉપદેશ છે, પોતાની તાલાવેલીનું વર્ણન છે. આવા વસ્ત્ર, આવા આભૂષણ, આવી ચાલ, આવા નેત્ર, આવા મંડપ, આવા આસન એમ કાવ્યમાં કહેતાં જ રહ્યા છે.

**'દયાનંદના વ્હાલાનો જોગ રે, ટાળે અનંત જન્મનો રોગ રે.'**

ઉત્તમાનંદે કાવ્યની સરળતા સાચવવા નામ બદલ્યું, સત્સંગમાં પણ સ્વામીને સહુ દયાનંદના નામે ઓળખવા લાગ્યા, દયાનંદ મુનિ કહેવાયા, કવિ કહેવાયા. દયાનંદ કહે છે હરિરસનો આનંદ તો જરૂર લેવો. વારંવાર ભગવાનને સંભારીને ભક્તિભાવથી તેમને રોકવાં. આપણું એમને બોલાવવું પ્રમાણ કરવું. ગુણ લઈને એમનું જતન પણ કરવું.

**'દયાનંદના નાથ રોકયાની કરીએ કાંઈક જતન, 'આજ થઈ મારે આનંદ હેલી રે મૂરતિ મહારાજની મન ઠેરી રે.'** દયાનંદ રચિત ખીચડીનો થાળ સ્વામિનારાયણ સંપ્રદાય પ્રચલિત છે. **'રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી રે.'** એ પદ મંદિરોમાં રાત્રે થાળ સમયે ગવાય છે.

તેઓ ૨૦મા વર્ષે શ્રીહરિને મળ્યા, બીજા ૨૧ વર્ષ શ્રીહરિ સાથે રહ્યા. શ્રીહરિની મૂર્તિ ધારીને અંતરસુખની અનુભૂતિ લેતાં લેતાં કાવ્યરચના કરતા રહ્યાં. વિચરણ દરમિયાન ગામેગામ કાવ્ય સંભળાવતા અને મંદિરો રચી ધર્મની દઢતા દરેકને કરાવતાં. શ્રીહરિના સ્વધામગમન પછી ૩૬ વરસ તેમણે વિરહવેદનામાં અંતરમાં મૂર્તિનું દર્શન સમાગમ કરતાં વિતાવ્યાં. ૭૭ વર્ષનું આયુષ્ય ભોગવી સં.૧૯૨૨માં વિસનગરમાં અક્ષરવાસી થયા. ક્ષરદેહ ત્યજીને કાવ્યદેહરૂપે આજે પણ તેઓ સંપ્રદાયમાં જીવંત છે.

### *ભૂમાનંદ સ્વામી :*

ભૂમાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૫૨ વૈશાખ સુદી સાતમને રવિવારે જામનગર તાબાના કેશિયા ગામમાં કડિયા જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ રામજીભાઈ અને માતાનું નામ કુંવરબાઈ હતું. તેમને ચાર પુત્રો હતા. તેમાં ત્રીજા પુત્રનું નામ રૂપજીભાઈ

હતું. બાલ્યાવસ્થાથી જ રૂપજીભાઈની વાણીમાં અને ઈન્દ્રિયોમાં વૈરાગ્ય ઝળહળતો હતો. સાંસારિક સુખોની બચપણથી જ તેમને નફરત હતી. તેઓ સાહિત્યના શોખીન હતાં. પદબંધની સ્વાભાવિક ટેવ પણ તેમનામાં હતી. વિચક્ષણ બુદ્ધિવાળા રૂપજીભાઈમાં કવિત્વશક્તિ સહજ હતી. શ્રીકૃષ્ણ ભગવાનનું નામસ્મરણ કર્યા કરવું, મૂર્તિનું ધ્યાન ધર્યા કરવું તે જ તેમની રુચિ હતી. સ્ત્રી–પુરુષના એકત્ર સમુદાયમાં બેસી કથા સાંભળવાની વાત તેમને પસંદ ન હતી. ઘરમાં બેસીને પ્રભુસ્મરણ કરવું તે તેમને વધારે ઉચિત લાગતું હતું. રૂપજીભાઈના પિતાશ્રીએ પોતાના બાળકના આવા વિચારો જોઈને કહ્યું, "એક જીવનમુકતાનો પંથ છે જે સ્વામિનારાયણ સંપ્રદાય નામે ઓળખાય છે, તેના જેવા તમારા વિચારો છે." રૂપજીભાઈને કાને સ્વામિનારાયણ શબ્દ પડતાં જ જેવી રીતે મેઘની ઘટામાં વીજળીનો ઝબકારો થાય તેમ તેમનાં અંતરમા અલૌકિક આનંદની ભરતી આવી. તરત તેઓએ પિતાને પૂછયું, "સ્વામિનારાયણ કોણ છે ? તે કયાં હશે ? મને તેમની વાત કરો." પિતાએ જે કંઈ માહિતી હતી તે પુત્રને કહી સંભળાવી. પુત્ર પિતાને વારંવાર પૂછયા જ કરે અને પિતા સ્વામિનારાયણના ચરિત્ર સંબંધી હકીકત કહ્યા કરે. રુપજીભાઈને લગ્ન કરવા માટે સગાં સ્નેહીઓ તરફથી ઘણું જ કહેવામાં આવ્યું પરંતુ તેઓ તેમાં અણનમ રહ્યાં. નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનો તેમણે દઢ નિશ્ચય કર્યો હતો. પિતા સાથે છએક વર્ષ કચ્છમાં રહીને પછી રાજકોટ આવ્યા ત્યાંથી વાંકાનેર, મૂળી વગેરે ગામોમાં ફરતા–ફરતા વઢવાણ પાસે ખારવા ગામે આવ્યા. ગામ બહાર એક તળાવના કાંઠે પોતે વિશ્રાંતિ લેવા મુકામે કર્યો. ભગવાનના સ્વરૂપમાં રહેલી તેમની વૃત્તિ કવિત્વશક્તિ દ્વારા નીચેના સવૈયામાં સરી પડી :

**જે દિ' જન્મ દીધો કે તે દિ' વાયદો કિધો,**  
**છોડ શામળા મુને કે નહિ, વિસારું હું તને,**  
**બંધિમાંથી છૂટી ગયો કે પછી માટી થયો,**  
**મૂરખે કર્યો ન વિચાર, આગળ પડશે જમના માર,**  
**મુખ જપો નારાયણ સ્વામી સચ્ચા નાણાં,**  
**ચેતાવન કહેતા હૈ રૂપ આગે ખાખ હો જાના. ।। ૧.**

આ પંક્તિઓ પર ભોજાભક્તનો પ્રભાવ દેખાય છે.

**ન કરો પરણ્યા કેરું કામ કદિ ચૂડો ભાંગે,**
**રાખો હરિ સંગે હેત ચૂડો અમર રાખે,**
**પહેરો સંતની વરમાળ, જમ પાસે ના'વે,**
**સુંપો તન મન ઘન હરિ તેડવા આવે. ॥ ૨.**[૧૪]

તેઓ જયારે આ સવૈયા બોલતા હતા ત્યારે ત્યાં રહેલા ધનારાબા જે ભગવાન સ્વામિનારાયણના પરમભક્ત હતાં તેમણે સાંભળ્યાં. તેઓ બંને સાથે બેસી ભગવાન સ્વામિનારાયણ સંબંધી જ્ઞાનગોષ્ઠિ કરતાં. રૂપજીભાઈ કહેતા ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે, આત્યંતિક કલ્યાણના દાતા છે. ધનારાબા રૂપજીભાઈના આવા બળભર્યા વચનો સાંભળી પોતાનાથી રૂપજીભાઈને અધિક માનવા લાગ્યાં. સહજાનંદ સ્વામીના દર્શનની તીવ્ર ઈચ્છા રૂપજીભાઈની હતી. તે સમયે સહજાનંદ સ્વામી ગઢપુરમાં બિરાજમાન હતા. દર્શનાભિલાષી બંને ભક્તો ગઢડા જવા નીકળ્યા. બે દિવસે પહોંચ્યા ત્યારે શ્રીજીમહારાજ ભારે–ભારે વસ્ત્રાભૂષણ પહેરી રોઝે ઘોડે અસ્વાર થઈ સંત–મંડળ, પાર્ષદ અને હરિકતોથી વિંટળાયેલા દાદાના દરબારમાંથી નીકળી લક્ષ્મીવાડીએ જતા હતાં. રૂપજીભાઈનું અંતર શ્રીહરિના દર્શનથી જ દ્રવી ગયું અને તરત જ **'સર્વે સુખી જીવન જોવાને ચાલો રે.'** એ કીર્તન બનાવી ગાયું. શ્રીહરિ લક્ષ્મીવાડીમાં આંબાના વૃક્ષ નીચે સભા કરી બિરાજ્યા. રૂપજીભાઈ સન્મુખ આવી શ્રીહરિના ચરણોમાં પડયા અને આંતરનાદથી પ્રાર્થના કરી કહ્યું કે, "આપના પદારવિંદના સેવનનો લાભ આપવા કૃપા કરો તો સારું." શ્રીહરિ આ સાંભળી રાજી થયા અને તે જ ક્ષણે દીક્ષા આપી ભૂધરાનંદ નામ પાડયું. સહજાનંદ સ્વામીને **'સર્વે સખી જીવન ચાલો રે'** એ કીર્તન એટલું બધું પ્રિય હતું કે તે કીર્તન સ્વામી પાસે વખતોવખત ગવડાવતાં તેમજ તેમના બીજાં બનાવેલાં કીર્તનો પણ શ્રીહરિ તેમની પાસે ગવડાવી પ્રેમથી સાંભળતાં. પદના અંતમાં આવતું નામ બોલવામાં સરળ ન લાગવાથી શ્રીહરિએ જ પોતે તેમનું નામ ભૂમાનંદ સ્વામી પાડયું. પહેલાનાં કાવ્યો તેમજ પછીની તેમની બધી રચના ભૂમાનંદ સ્વામીના નામથી પ્રસિદ્ધિને પામી.

ભૂમાનંદ સ્વામીને હિન્દીભાષાનું જ્ઞાન અપૂર્વ હતું. તે તેમના ગ્રંથો પરથી જણાય છે. કવિઓની મનોવૃત્તિને આકર્ષિત કરી અલૌકિક આનંદ પ્રગટ કરે તેવા અદ્‌ભુત ગ્રંથ તેમણે રચેલા છે, તેમાં નીચેના મુખ્ય છે. (૧) શ્રી વાસુદેવમાહાત્મ્ય (વ્રજભાષા) (૨) પંચમ સ્કંધ (શ્રીમદ્‌ ભાગવત વ્રજભાષા) (૩) દશમસ્કંધ (૪) ઘનશ્યામ લીલામૃતસગાર (ગુર્જર ભાષા) (૫) કીર્તનકાવ્ય. એમનાં પદોમાં લાલિત્ય, રસસિંચન અને ઉત્તમભાવ જણાય છે. ઘનશ્યામ લીલામૃત ભાગ ૧–૨ દોહા ચોપાઈમાં રચેલો ગ્રંથ છે. પૂર્વાર્ધમાં સહજાનંદ સ્વામીનું બાળચરિત્ર અને ઉત્તરાર્ધમાં સત્સંગમાં તેમનું વિચરણ વર્ણવેલ છે. તેમણે બારમાસની તિથિઓ તથા વિરહનાં પદો રચ્યાં છે.

**'જીવ જોને તપાસી તારું કુણ રે'** જેવાં પદો દ્વારા જ્ઞાનોપદેશ આપ્યો છે. સંસારી માનવીને મીઠી ટકોર કરતા ચેતવે છે :

**દેખીને દીકરા દીકરી કુળ કુટુંબ પરિવાર;**
**માન પામી ફૂલ્યો મનમાં રે થયો કુળનો મજૂર.**
**લીધો પથ્થર લોકલાજનો ધારી નાતની ધૂર;**
**બાળપણ ખેલમાં ખોઈ જુવાની જીવતી જોઈ**
**વૃદ્ધપણે ચિંતા ભારી તેમાં મેલ્યા નાથ વિસારી.**

સ્વામી રચિત હોરી તથા કુંડલિયા જ્ઞાનથી ભરેલાં છે. **'જમો થાળ જીવન જાંઉ વારી'** તે થાળ તેમના હૈયાની ઊર્મિનો દ્યોતક છે. તેઓ સં. ૧૯૨૪ના મહા વદી આઠમના રવિવારે બપોરે બે વાગે ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામ નિવાસી થયાં.

### *મંજુકેશાનંદ સ્વામી :*

સોરઠ જિલ્લામાં માણાવદર નામે ગામ છે, તે ગામમાં મંજુકેશાનંદ સ્વામીના પિતાશ્રી વાલાભાઈ પટેલ અને માતુશ્રી જેતબાઈ રહેતાં હતાં. બંને અત્યંત ભક્તિભાવવાળાં હતાં. તેમના બીજા પુત્ર તે મંજુકેશાનંદ સ્વામી. મહાદીક્ષા પહેલાનું નામ તથા ચોક્કસ જન્મદિન વિષે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. મંજુકેશાનંદ સ્વામીએ તેમની બાલ્યાવસ્થાથી જ સંસારવ્યવહારમાં કયાંય પણ ચિત્ત દીધું નહીં અને પોતાનું જીવન ભગવાનપરાયણ કરી નાખ્યું હતું. તેમના માતાની પણ એવી ઈચ્છા હતી કે

પોતાના આ પુત્ર સ્વામિનારાયણ ભગવાનની સેવામાં જ રહે. એક સમયે સદ્‌ગુરુશ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી માણાવદર પધાર્યા. કથાવાર્તાનો હરિભક્તોને લાભ આપવા થોડાં દિવસ તેઓ ત્યાં રહ્યાં. તે દરમિયાન જેતબાઈના નાના પુત્ર વૈરાગ્યવૃત્તિથી ભગવાન ભજવા તેમની સાથે જવા તૈયાર થઈ ગયાં. માતા–પિતાએ રાજીખુશીથી તેમની સાથે જવા રજા આપી. સ્વયંપ્રકાશાનંદ સ્વામી સાથે રહ્યાં પછી તેમનો વૈરાગ્ય તીવ્ર બન્યો, ભક્તિભાવના ખીલી ઊઠી અને જ્ઞાનગંભીર બન્યાં. સ્વયંપ્રકાશાનંદ સ્વામી જયારે ગઢપુર પધાર્યાં ત્યારે સહજાનંદ સ્વામી પાસે મહાદીક્ષા અપાવીને મંજુકેશાનંદ નામ ધારણ કરાવ્યું.

પ્રાથમિક શિક્ષણ માણાવદરમાં જ મેળવ્યું હતું. મહાદીક્ષા લીધા પછી નિત્યાનંદ સ્વામી પાસે સંસ્કૃત ભણવા રહ્યાં હતાં. વ્યાકરણ, કાવ્ય, પુરાણો અને મહાભારત વગેરેનો અભ્યાસ કર્યો હતો. તુલસીદાસજી અને સૂરદાસજી આદિ ભક્તકવિઓના સાહિત્યનું અધ્યયન કરીને હિંદી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું. તેમને મરાઠી ભાષાનું પણ જ્ઞાન હતું. પ્રખર બુદ્ધિમત્તા, સૂક્ષ્મ ગ્રહણશક્તિ, અદમ્ય ઉત્સાહથી વાંચન અને મનન જેવા ઉત્તમ ગુણોને લીધે એક પ્રૌઢ પંડિત અને કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યાં. અધ્યયનકાળ દરમિયાન જ કવિતા કરવાનો અતિ શોખ હતો. તેમણે સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ઘણાં કાવ્યોની રચના કરી છે. તેમની વક્‌તૃત્વશક્તિ ઘણી જ આકર્ષક અને મોહક હતી. તેમનામાં વૈદિક જ્ઞાન ઊંડુ અને ગહન હતું. મંજુકેશાનંદે રચેલાં ગ્રંથો નીચે મુજબ છે.

(૧) ઐશ્વર્યપ્રકાશ (૨) ધર્મપ્રકાશ (૩) હરિગીતાભાષા (૪) એકાદશી માહાત્મ્ય (૫) કીર્તનસંગ્રહ (૬) નંદમાલા (૭) સ્તોત્ર.

સદ્. શ્રી મંજુકેશાનંદ સ્વામી એક ઉત્તમ વિદ્વાન, અદ્વિતીય વકતા, ઉત્તમ કવિ, સત્સંગનો ઉત્કર્ષ સાધવામાં ઉત્સાહી, એક આદર્શ સંતપુરુષ હતા. વડતાલના જ સદ્‌ગુરુ પુરાણી સ્વામીશ્રી રઘુવીરચરણદાસજીની મળી આવેલી એક નોટબુકમાં મંજુકેશાનંદ સ્વામીનો અક્ષરવાસ વિક્રમ સંવત્ ૧૯૧૧ ના કાર્તિક માસમાં લખ્યો છે. તે સિવાય વિશેષ કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી.

આપણે જોઈ શકયા કે ગુજરાતમાં જે મધ્યકાલીન કવિતા ઉત્તરોત્તર નવા ઉન્મેષો દાખવે છે. એમાં સ્વામિનારાયણ સંપ્રદાય પણ એક ગણનાપાત્ર અને વિશેષ વળાંક લાવે છે. આ સંપ્રદાયના આદ્યસ્થાપક વિભૂતિપુરુષ સહજાનંદજી મૂળનામ ઘનશ્યામ ; છપૈયા જેવું અયોધ્યા પાસેનું ગામ, ત્યાં પ્રગટીને સમગ્ર ભારતની યાત્રા કરતાં–કરતાં પોતાની અલૌકિક તપશ્ચર્યાનો પ્રભાવ ગુજરાતમાં પ્રસારે છે. સહજાનંદ સ્વામી, વિદેશીઓના શાસનકાળ દરમિયાન ભારતમાં અવતરિત થઈને રાષ્ટ્રોત્થાનના કાર્યમાં મહત્ત્વનું પ્રદાન કરી ગયા છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન તો એમના 'લોહીનો લય' હતો. પરંતુ, કટોકટીના સમયમાં અંધકારભર્યા ભારતમાં સામાજિક ઉત્થાન માટે પણ તેઓ મથી રહ્યાં હતાં. આ સંપ્રદાયના પ્રસ્થાપક સ્વામી સહજાનંદજીના ચરિત્ર ઉપર અને એમના અષ્ટ કવિઓના ચરિત્રો ઉપર દષ્ટિપાત કરીએ છીએ ત્યારે પ્રતીતિ થાય છે કે ધર્મસંપ્રદાયના પ્રસાર દ્વારા સમાજોદ્ધાર તથા સાંસ્કૃતિક મૂલ્યોનો પ્રચાર અને પ્રસાર કેવો એક સાથે સાતત્યપૂર્વક થઈ શકે છે. !

આ સાધુજનો પોતાની સમાજોપયોગિતાને વીસરી ગયા નથી અને એટલે જ સમાજે એમને પોતાના હૃદયમાં સ્થાપ્યાં છે. આ પ્રકારના અખિલ જીવનધર્મના દષ્ટાઓ જે શબ્દ ઉચ્ચારે કે લખે તે મંત્ર બની શકે એટલું જ નહિ પણ એના દ્વારા ઉચ્ચકોટિનું આત્માનું સાહિત્ય પ્રગટી શકે. ડૉ. રાધાકૃષ્ણને સાહિત્યના વિભાગો દર્શાવતી વખતે ઊર્મિનું સાહિત્ય, જ્ઞાન અને માહિતીનું સાહિત્ય એવા બે જૂના વિભાગો સાથે પોતાના તરફથી એક ત્રીજો સાહિત્યનો વિભાગ દર્શાવ્યો એને તેઓ "આત્માનું સાહિત્ય" (Literature of the soul) કહીને ઓળખાવે છે. આ શબ્દોપાસનામાં સર્જકનાં ઊર્મિ, વિચાર તત્ત્વ, ધાર્મિકતા અને નીતિમત્તા એ સર્વ આત્માના ગુણો ઉત્કૃષ્ટ કક્ષાએ વ્યક્ત થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાંથી પસાર થઈએ છીએ ત્યારે ડૉ. રાધાકૃષ્ણનના આ ત્રીજા સાહિત્યિક સ્તરનો અનુભવ થાય છે.

'શિક્ષાપત્રી' કે 'વચનામૃત' અને અન્ય વાર્તાલાપ ગ્રંથો આપણને ચૈતન્યશક્તિની ઝલક દર્શાવે છે. જિવાતા જીવનમાં વિશુદ્ધિઓ અને એના દ્વારા આત્મોન્નતિ સાધવાની વાત એમાં વારંવાર થાય છે. આપણા વેદ, ઉપનિષદ અને પુરાણો સનાતન સાહિત્ય

ગણાય છે, એનું સારસંદોહન શ્રીજીમહારાજના 'વચનામૃત'માં પોતાની અનુભૂતિના આધારે રજૂ થતું જોઈ શકાય છે. આપણે આ સંપ્રદાયના ઉત્સવો વિષે પણ થોડી ચર્ચા અગાઉ પ્રકરણ એકમાં કરી ગયાં... એ પ્રત્યેક ઉત્સવ મનુષ્યની જીવનલીલાના સંદર્ભમાં ભક્તિનો અભિષેક બની રહે છે. એમાં આનંદનો ઉછાળ છે પણ તેની સાથે ઉર્ધ્વમુખી ગતિ પણ જોઈ શકાય છે. સંપ્રદાયના મોટાભાગના ગ્રંથો વાર્તાલાપો રૂપે રચાયા છે જેમાં સમૂહમાં સાથે બેસીને પ્રશ્નોત્તર પદ્ધતિએ જીવન અને તત્ત્વજ્ઞાનના રહસ્યોનું પ્રભાવક ચિંતન થયું છે. ગુજરાતી ગદ્યસાહિત્યમાં એ વાર્તાલાપોનું અત્યંત મહત્ત્વ વિદ્વાનોએ સ્વીકાર્યું છે. શ્રી આનંદશંકર ધ્રુવ, ઉમાશંકર જોશી, ભોગીલાલ સાંડેસારા અને કે. કા. શાસ્ત્રી જેવા વિદ્વાનોએ આ ગદ્યગ્રંથોની ભાષા વિષે ઐતિહાસિક દષ્ટિકોણથી વિશ્લેષણ કર્યું છે, જે એની મહત્તા પુરવાર કરે છે.

અષ્ટકવિઓની કવિતામાં પણ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ અને સંયમનો સમન્વય છે. એમાં પ્રજ્ઞાની ઊંચાઈ દ્વારા પ્રભાવકતા સિદ્ધ થાય છે. આથી આપણાં ધ્યાનમાં રહેવું જોઈએ કે સંપ્રદાયનાં સાહિત્યની આ વિશાળ પરંપરામાં એમની વાણી વહેતી રહી હતી. ક્રોચે કહે છે તેમ કાવ્યકલા સ્વયંભૂ 'સહજોપલબ્ધિ' છે. આપણે ત્યાં પણ એ 'ત્રીજા લોચનની પ્રસાદી' તરીકે ઓળખાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ પાસે આ પ્રતિભા અને પ્રજ્ઞાનું ત્રીજું લોચન હતું. આથી જે કંઈ ગદ્ય–પદ્ય રચાયાં એમાં કાવ્યનું સૌન્દર્ય મહદ્અંશે પ્રગટી આવ્યું છે. એ સાહિત્ય લોન્જાઈનસ કહે છે તેમ ઊર્જસ્વી અને ઉદાત્ત છે. એમાં કયાંય કૃતકતા નથી.

**સ્વામિનારાયણ સંતકવિઓનું સ્વરૂપ–વૈવિધ્ય અને પદ સ્વરૂપ વિચાર**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, આપણે જાણીએ છીએ તેમ, ભક્તિરંગ્યું છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય–ઉપદેશની વાણી મહદંશે. આપણને એ કાલ–ખંડમાં સાંભળવા મળે છે. ભાગવતધર્મનો–પ્રેમલક્ષણાભક્તિનો પ્રવાહ એ સમયે આપણે ત્યાં વેગપૂર્વક વહ્યો છે. માનવીની જેમ હસતો – રડતો – રમતો – જમતો – શયન કરતો કૃષ્ણ ગુજરાતી પ્રજાના હૃદય સાથે જડાઈને, વિધવાઓને પતિરૂપે અને વૃદ્ધાઓને પુત્રરૂપે પ્રાપ્ત થઈને, જીવનમાં અને સાહિત્યમાં પ્રબળ રીતે છવાઈ રહે છે. એ કૃષ્ણભક્તિની

કવિતા, ઈશ્વર પ્રત્યેના પ્રગાઢ પ્રેમની કવિતા, નરસિંહ થી દયારામ સુધીના કવિઓએ ઉત્કટતાથી ગાઈ છે. એ ભક્તિસંપ્રદાયની જ એક પ્રશાખા જેવા સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુકવિઓએ પણ ગુજરાતીમાં (અને હિન્દી – વ્રજ આદિમાં પણ) ભક્તિમાર્ગી ઉપાસનાને કેન્દ્રમાં રાખીને પોતાની ભાવોર્મિઓ સરલ અને સાહજિક વાણીમાં પ્રગટ કરી છે. એ વાણી સદાચાર, તપ અને સંયમનો મહિમા ગાતી, વૈરાગ્યભાવને પ્રબોધતી, ભક્તિની આર્દ્રતાથી ભીંજાયેલી છે. ભગવદ્લીલાના ગાન સાથે જ્ઞાનોપદેશ કરતી એ સંતકવિઓની વાણી વ્યાપક રીતે ભક્તિ અને વૈરાગ્યભાવને ઊઠાવ આપે છે અને સ્વામી સહજાનંદના ગુણકીર્તન કરી સાંપ્રદાયિકતાની છાયા પણ ઝીલે છે.

## પદ સાહિત્ય સ્વરૂપ

'પદ' એ મધ્યકાલીન ઊર્મિકવિતાનું સ્વરૂપ છે.

મૂળે તો 'પદ' એટલે પંક્તિનું એક ચરણ. એ પદ દ્વિપદી, ત્રિપદી, ચતુષ્પદિકા(ચોપાઈ), ષટ્પદી (છપ્પો) એમ વિસ્તરતું ગયું અને પદ એટલે અમુક કડીનું નાનું કાવ્ય એવો એનો અર્થ રૂઢ થયો. પદ લઘુ કાવ્યસ્વરૂપ કે ઊર્મિકાવ્યનું સ્વરૂપ છે. અર્વાચીન ઊર્મિકવિતાનાં બધાં લક્ષણો – ભાવની કેન્દ્રીયતા, આત્મલક્ષિતા, ભાવોદ્રેક, ઈન્દ્રિયસ્પર્શક્ષમતા, સુગેયતા કે સુપાઠયતા, કોમળ ભાવ–વિચાર–કલ્પના, પ્રતીકાત્મક કે વ્યંજનાત્મક ભાષાશૈલી, નાનકડી સુશ્લિષ્ટ આકૃતિ, અનુભૂતિનું મર્યાદિત પણ સ્વતંત્ર નાનું એકમ, અનુભૂતિની સચ્ચાઈ, અભિવ્યક્તિનું સૌંદર્ય – પદનાં લક્ષણો છે.

મધ્યકાલીન પદકવિતા નરસિંહથી શરૂ થઈ. મીરાં દ્વારા આગળ વધી, દયારામમાં પરાકાષ્ઠાએ પહોંચી. આ ત્રણે શ્રેષ્ઠ કવિઓએ પદનાં ઉત્તમ દષ્ટાંત પૂરાં પાડયાં છે.

નરસિંહનાં પ્રભાતિયાંમાં 'જાગને જાદવા' તો સીધી ઉક્તિ છે, 'નીરખને ગગનમાં' ચિંતનોર્મિ કાવ્ય છે, 'જળકમળ છાંડી જાને બાળા' સંવાદોર્મિ–નાટયોર્મિકાવ્ય છે.

મીરાંનું 'નહિ રે વિસારું હરિ' ઊર્મિ–સંબોધન છે, 'બોલ મા, બોલમા, બોલમા' ભક્તિબોધકાવ્ય છે, 'જૂનું તો થયું દેવળ' રૂપકકાવ્ય છે. દયારામનું 'સાંભળ રે તું સજની મારી, રજની કયાં રમી આવી જી' સંવાદકાવ્ય છે.

મધ્યકાલીન પદ સુગેય, અભિનેય, સમૂહગેય, નૃત્યક્ષમ હોય છે. ગીત, નૃત્ય, વાદ્ય, સંગીતનું અજબ રસાયણ છે. લોકગીતોના ઢાળો પદોને ઉપયોગી છે. રાગો અને દેશીઓમાં પદો શોભી રહે છે. તેથી પદ લોકકંઠનું આભરણ બની રહે છે.

મધ્યકાલીન પદ ભક્તિ, જ્ઞાન,યોગ,વૈરાગ્ય,કર્મયોગ, ટૂંકમાં ભાવભક્તિ અને ભક્તિબોધ કે જ્ઞાનબોધના પદો છે.

જૈન પદ મુખ્યત્વે સ્તવન–સ્તુતિ, સજ્જાય, વંદન, લાવણી, ચોપાઈ, ધોળ, આરતી, વિવાહલુ, ચચ્ચરી, માતૃકા–કક્કા, ફાગુ, બારમાસી સ્વરૂપનાં છે.

વૈષ્ણવ ધર્મના મોજાં સાથે પદોમાં ભરતી આવી. પ્રેમભક્તિની કવિતા ભજન, કીર્તન, સ્તુતિ, પ્રાર્થના, થાળ, આરતી, હાલરડું, ધોળ, મંગલ, મહિના, વાર, તિથિ, ગરબી, ગરબો, રાસસ્વરૂપનાં પદો આપે છે.

જ્ઞાનભક્તિ કે ભક્તિ–જ્ઞાનબોધની કવિતા દુહા, સાખી, છપ્પા, પ્રભાતિયાં, કાફી, ચાબખા, તાજણા (સાટકા) રાજિયા, રવેણી, પ્યાલા , ચેતામણી વગેરે સ્વરૂપમાં ઊતરી છે.

અખા અને અન્ય આધ્યાત્મિક કવિઓની દાર્શનિક વાણી જ્ઞાનોર્મિ, દર્શનોર્મિ અને ચિત્તનોર્મિ કવિતા બની જાય છે.

પ્રેમભક્તિના કવિઓ નરસિંહ, મીરાં, પ્રેમસખી, દયારામ ગોપીભાવે ભક્તહૃદયના ઉદ્‌ગાર કૃષ્ણ પ્રતિ કે પ્રિયતમ પ્રતિ કાઢે છે. એમાં અંગતતા, આત્મલક્ષિતા, અનુભૂતિની સચ્ચાઈનો રણકો ને ભાવલક્ષિતા ધ્યાન ખેંચે છે.

મીરાં જેવાની સહજ ઉક્તિ હૃદય સોંસરવી ઊતરી જાય છે. દયારામ, પ્રેમસખી, બ્રહ્માનંદનો કલાત્મક આયાસ પણ શોભે છે પણ કેટલાક કવિઓનાં ભક્તિપદ પરંપરિત, નીરસ, ભાવહીન ને કૃત્રિમ બની જાય છે.

ભક્તિપદોમાં નરસિંહ અને દયારામનો ભક્તિશૃંગાર અમર્યાદ બને છે, ત્યાં ખટકે છે. બાકી તેમનાં અને રાજે, રણછોડ, રત્નો, પ્રેમસખી, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદનાં ભક્તિશૃંગારનાં પદો ભાવભરી ઊર્મિકવિતા છે.

શાંત રસનાં ભક્તિપદો છે. આ બધા કવિઓ રચે છે. ભક્તિબોધનાં પદો પણ આપે છે. પણ તેમાં ભક્તિશૃંગારની ભાવમધુરીની સરસતા નથી આવતી. મીરાંનાં પદો ભક્તિની ઉત્કટતા સાથે સ્ત્રીસહજ સંયમથી દીપે છે. નરસિંહનું 'વૈષ્ણવ જન', દયારામનું તાદશીજન, ગેમલનું 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે', પ્રીતમનું 'હરિનો મારગ છે શૂરાનો' જેવાં પદો ભક્તિ અને ભક્તનું ગૌરવ કરે છે.

પદનાં મુખ્ય સ્વરૂપનો ટૂંક પરિચય મેળવીએ.

ભજન એ ઈષ્ટ દેવ–દેવીને ભજવા માટેનું ને ભજનમંડળમાં ગવાય તેવું પ્રભુભક્તિપદ છે. તેમાં સંસાર પ્રત્યે વિ–રતિ અને પ્રભુ પ્રત્યે ભક્તિભાવ દર્શાવાય છે. મીરાંનું 'મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા', 'દીનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશો મા' (કેશવ), 'હરિનો મારગ છે શૂરાનો' (પ્રીતમ), ભોજાનું કાચબા–કાચબીનું ભજન, કબીરપંથી 'પ્યાલો' અને અન્ય ભક્તોનાં ભજનો એના દષ્ટાંત છે.

**કીર્તન** : ભજનનું જ સ્વરૂપ છે, એમાં પ્રભુ, ઈષ્ટદેવનું કીર્તન–સ્તવન–સ્તુતિ–પશંસાવર્ણન થાય છે. મંગળા, શણગાર, ભોગ, થાળ, આરતી, શય્યા, હિંડોળાનાં પદોમાં આરાધ્ય દેવનું કીર્તન હોય છે.

**પ્રભાતિયાં** : પ્રભાતના પહોરમાં ગાવાનાં જીવનજાગૃતિનાં પ્રભાત રાગ કે ઝુલણામાં બંધાયેલાં ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિ અને જ્ઞાનનાં પદો છે. એ પણ ભજન–કીર્તનનું જ સ્વરૂપ છે. નરસિંહ પ્રભાત કવિ છે. તેનાં પ્રભાતિયાં દાર્શનિક કવિતા છે. તે 'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા' દ્વારા આત્માને જાગવાનું કહે છે. 'રાત રહે જયાહરે'માં બોધ આપે છે. 'નીરખને ગગનમાં' ને 'અખિલ બ્રહ્માંડ'માં દાર્શનિક અનુભૂતિ છે. રણછોડનાં પ્રભાતિયાં પ્રશસ્ય છે.

**થાળ** : ઈષ્ટદેવ કે દેવીને થાળ ધરાવવાના પ્રસંગે તેમને થાળ આરોગવાની પ્રાર્થના કરતાં થાળની વાનગીઓ અને ભગવાનના ગુણો વર્ણવતું પદ તે થાળ છે. એમાં થાળની સમૃદ્ધિ અને દીનતા બંને વર્ણવાય છે. કોઈવાર 'જમતાં મુખ ન્યાળુ રે' જેમાં મધુર ચિત્ર મળે છે, મોટે ભાગે વાનગીઓની યાદી.

**આરતી :** આરતી એ ખરેખર તો ભક્ત હૃદયની આર્ત વાણી, 'આરત' કે 'આરઝુ' છે. પણ એની સાથે દીપ–આરતી, પ્રાતઃસાર્ય આરતી – પ્રસંગ જોડાયો એટલે એ 'આરતી' મટી, 'જયજયકાર' વાણી બની ગઈ. આરતી મંદિરસંસ્થાનું આકર્ષક અંગ અને મનોહર દશ્ય છે. હવે આરતી એ ઈષ્ટ દેવ કે દેવીના અવતાર, ગુણ, પરાક્રમ, રૂપના વર્ણનના 'જયનાદ' છે. વૈષ્ણવ, શાકત અને સ્વામિનારાયણીય કવિઓની આરતીઓ પ્રશસ્ય છે.

**પારણું (હાલરડું) :** બાલકૃષ્ણ કે બલરામને પારણે ઝુલાવતી વખતે ગાવાનું, વાત્સલ્ય–ભક્તિનું પદ તે હાલરડું વૈષ્ણવ ધર્મને પુષ્ટિ સંપ્રદાયમાં આ પારણાનાં પદોનો મહિમા છે.

માતા બાળકને પોઢાડતી વખતે જે ગીત ગયા કે હાલરડું. તે બાળક ભગવાન હોય તો તે ભક્તિપદ. અન્યથા, લોકગીતોમાં 'તમે મારા દેવના દીધેલ છો' કે મેઘાણીનું 'શિવાજીનું હાલરડું' જેવાં ગીતો વાત્સલ્ય ગીત છે.

**પ્રાર્થના :** પ્રભુ, ઈષ્ટ દેવ કે દેવીને ઉદ્દેશીને થતી કશી વિનંતી, વિજ્ઞપ્તિ, યાચના, કૃપાની માગણી, અરજ કે પ્રાર્થના પદ છે. એમાં ભજન–કીર્તન અને યાચના ભેગાં આવે છે. 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે', 'કૃપાસિંધુ કહાવો રે, કૃપા મને કયમ ન કરો ? ' (દયારામ) પ્રાર્થનાઓ છે.

**ગરબી–ગરબો–રાસ :** ગરબી, ગરબો અને રાસ એ સુગેય અને સમૂહગેય, નૃત્યક્ષમ, તાલબદ્ધ, વર્તુળાકારે ઘૂમી રમીને નાચવા–ગાવાનાં ગતિશીલ ઊર્મિપદ છે. એમાં કવિતા, સંગીત અને નૃત્યનો ત્રિવેણી સંગમ છે.

ગરબી એ પ્રેમભક્તિનું સુગેય, સમૂહગેય, નૃત્યક્ષમ, નાજુક, ઊર્મિગીત છે. દયારામની ગરબી તેનું ઉત્તમ દષ્ટાંત છે. એ કૃષ્ણભક્તિની ગરબી છે. ભાણદાસની 'ગગન મંડળની ગાગરડી' શકિત ભાવનાની ગરબી છે.

ગરબા મોટે ભાગે શકિત (અંબાજી, બહુચરાજી, મહાકાળી માતાજી) ભક્તિનું સુગેય, સમૂહગેય, નૃત્યક્ષમ, શકિતના રૂપ–ગુણ–પરાક્રમ–વર્ણનનું લાબું અને કંઈક કથાત્મક વર્ણનકાવ્ય છે. વલ્લભ મેવાડાના અંબાજી આદિના ગરબા ઉત્તમ છે. 'કજોડાના ગરબા' સામાજિક છે.

**રાસ** : એ ભાગવતની રાસલીલાને અનુસરતું તાલી, દાંડિયા વગેરેના તાલ સાથે સમૂહમાં ઘૂમીને નાચવાગાવાનું, ગોપ–ગોપીગાન–નૃત્યનું સ્વરૂપ છે. આમ તો તે બ્રહ્માંડના રાસનું અને રાધાકૃષ્ણ–ગોપીઓના રાસનું પ્રતીક છે. નરસિંહ, રણછોડ, દયારામના રાસ ઉત્તમ છે. કાઠિયાવાડના દાંડિયારાસ જાણીતા છે.

નવરાત્રિ પ્રસંગે ગુજરાતમાં ગરબી, ગરબા ને રાસની રમઝટ બોલે છે. એ જીવનના ઉલ્લાસનું ગાન છે.

**રાસડા** : એ વીરચરિતાના પરાક્રમનાં લાંબા કથનાત્મક વર્ણનકાવ્ય છે. દા.ત. ભાથીજીનો રાસડૉ.

**માસ (મહિના, બારમાસી)** : જૈન બારમાસી રાજુલ–નેમિનાથના વિરહને બારે માસના પ્રકૃતિવર્ણનની ભૂમિકામાં ગાય છે. વિનયચંદ્ર–કૃત 'નેમિનાથ–ચતુષ્પાદિકા' તેનો ઉત્તમ નમૂનો છે.

વૈષ્ણવ ભક્તિ કવિઓ રાધાવિરહના બાર માસ ગાય છે. એ વહાલાજીના મહિના છે. 'કારતક મહિને મેલી ચાલ્યા કંથ રે' થી આરંભાય છે. પ્રત્યેક માસની પ્રકૃતિ સાથે થતી પ્રણય–વિરહ–અનુભૂતિ વર્ણવે છે. દુષ્કાળમાં અધિક માસ, તે વિરહમાંય અધિક માસ આવે છે. પણ એ તેરમા માસમાં પ્રિયતમ ત્રિકમજી આવી મળે છે પ્રેમભક્તિના મહિનામાં રત્નાના બારમાસ ઉત્તમ છે.

જ્ઞાની કવિઓ જ્ઞાનના માસ રચે છે. જીવ અને બ્રહ્મના દ્વૈતથી શરૂ કરી માસે માસે અદ્વૈત પ્રતિ ગતિ કરી અંતે જીવ–બ્રહ્મ–અદ્વૈત સાધે છે. જ્ઞાનના મહિનામાં પ્રીતમના ને સારંગદાસના નોંધપાત્ર છે.

માસની જેમ, 'તિથિ', 'વાર' અને 'ખડ્1તુવર્ણન' (દયારામ) પણ વિરહનાં પદો છે, જેમાં અંતે મિલન સધાય છે.

'તિથિ'માં પંદર તિથિમાં વિરહવર્ણન થાય છે, 'વાર'માં સાત વારમાં.

દયારામ 'ષડ્1તુવર્ણન'માં કાલિદાસના '1તુસંહાર'ની જેમ છ 1તુઓમાં વિરહ વર્ણવે છે.

આ 1તુકાવ્યો કે પ્રકૃતિકાવ્યો વિપ્રલંભ શૃંગારકાવ્યો છે.

**પદસ્વરૂપ–વિકાસ :**

ગુજરાતી પદકવિતાનો પ્રારંભ નરસિંહ કરે છે. જૈન પદો સાચાં ઊર્મિકાવ્યો નથી. નરસિંહથી જ ઊર્મિકાવ્યસ્વરૂપ પદો રચાય છે. નરસિંહે 'ગીતગોવિંદ' – માંથી પ્રેરણા લઈને, પુરોગામી ગીતરચનાઓ કે લોકઢાળોનો લાભ લઈને, કૃષ્ણભક્તિનાં પદો સર્જ્યાં. પ્રેમભક્તિના ઊર્મિઉછાળમાંથી તેનાં કૃષ્ણભક્તિનાં પદો અને બ્રહ્મજ્ઞાનની અનુભૂતિમાંથી તેનાં જ્ઞાનભક્તિનાં પ્રભાતિયાં રચાય છે અને પદના બે પ્રવાહ શરૂ થાય છે. તે વિવિધ સ્વરૂપનાં પદો આપે છે. ભક્તિશૃંગારનાં ભોગપ્રદાન પદ આપે છે.

મીરાંબાઈ પ્રેમભક્તિનાં જ સુકોમળ નાનાં પદો આપે છે. તેમાં વિરહની સંવેદના ઉત્કટ છે.

અખામાં 'અભિનવો આનંદ આજ અગોચર ગોચર હવું રે'માં, જ્ઞાન–દર્શનની ઊર્મિકવિતા મળે છે. પણ મોટે ભાગે તે જ્ઞાન–બોધના છપ્પા વગેરે પ્રકારોમાં વિચાર–પ્રધાન કાવ્ય આપે છે. અનુગામી જ્ઞાની કવિઓ એને અનુસરે છે.

નાકર અને પ્રેમાનંદના આખ્યાનપ્રવાહમાં પદપ્રવાહ મંદ થઈ જાય છે.

ભાણદાસની ભવ્ય ગરબીમાં ભવાનીની ભક્તિ છે, વલ્લભના ગરબા શક્તિભક્તિના રમ્ય–ભવ્ય ગરબા છે.

અઢારમી સદીમાં પુન : ઉત્તરભક્તિ યુગ આવે છે. રણછોડ, રાજે ને રત્નો પ્રેમભક્તિની ઉત્કટ ઊર્મિપદકવિતા વહાવે છે. રણછોડ અને પ્રીતમ ભક્તિપદ સાથે જ્ઞાનપદ આપે છે. એ પછી પ્રીતમનાં પદો, ધીરાની કાફીઓ, નિરાંતનાં પદો, બાપુસાહેબ ગાયકવાડનાં પદો ને રાજિયા, ભોજાના ચાબખા, કબીરપંથી કવિઓનાં જ્ઞાન–રહસ્યપદો, સ્વામિનારાયણ સંપ્રદાયનાં ભક્તિભાવનાં પદો અને જ્ઞાન–વૈરાગ્યનાં પદો એમ પદસમૃદ્ધિ ઊભરાય છે.

પદોની પરાકાષ્ઠા દયારામમાં આવે છે. પ્રેમભક્તિની ગરબીઓ શ્રેષ્ઠ પદરચનાઓ છે. તેનાં શાંત ભક્તિનાં દાસભાવનાં પદો અને જ્ઞાનબોધની કાફીઓ ને પદો પણ ગણનાપાત્ર છે.

પ્રેમભક્તિનાં પદોની સમૃદ્ધિ એ સાચ્ચાં ઊર્મિકાવ્યો – કાવ્યફૂલડાં છે.

## *સ્વામિનારાયણીય પદવૈભવ અને કૃષ્ણવિષયક નિરૂપણ :*

મધ્યકાળમાં કવિઓએ પોતાનાં સંવેદનો આત્મલક્ષી ઊર્મિકાવ્યો જેવાં પદોમાં જ મહદંશે પ્રગટ કર્યા છે. પદ અને આખ્યાન– આ બે કાવ્યપ્રકારો મધ્યકાળમાં વિશેષ ખેડાયાં છે અને વિશેષ પ્રજાપ્રિય પણ રહ્યાં છે. આપણા સાહિત્યના આરંભકાળમાં પદો – ઊર્મિગીતોનો ફાલ વિશેષ ઊતર્યો છે અને એ પરંપરા છેક દયારામ સુધી ચાલુ રહી છે. ટૂંકા ગેયકાવ્ય તરીકે ઓળખાતા પદના આ લઘુ કાવ્યસ્વરૂપમાં આપણા કવિઓએ મિલનના, વિરહના, તલસાટના, ઉલ્લાસના – એમ વિવિધ ભાવોનું હૃદયંગમ નિરૂપણ કર્યું છે. મંદિરોએ પણ પદોનાં ઉત્પત્તિ અને વિકાસમાં સારો એવો ભાગ ભજવ્યો હોવાનું લાગે છે. આ પદોમાં કવિઓએ કૃષ્ણજન્મને, એની શૈશવલીલાને, એના પ્રેમભાવને મન ભરીને ગાયો છે. ધર્મ અને ભક્તિના કેન્દ્રબિન્દુમાંથી પ્રસરતાં હૃદયનાં આ ભાવવર્તુળો શૃંગારની રસિકતાને અને જ્ઞાન–વૈરાગ્યની પ્રબળતાને પણ પ્રગટ કરી આપે છે. આ પદો વિધવિધ રૂપો ધારીને આપણે ત્યાં પ્રસર્યાં છે. હૃદયના ભક્તિભાવને વ્યક્ત કરવા મધ્યકાળના કવિઓએ પ્રભુના 'વાર' લખ્યાં, 'તિથિ'ઓ લખી, 'મહિના' લખ્યાં; એમાં પ્રકૃતિચિત્રોનાં અવલંબનો લીધાં. હિંડોળાનાં–હોરીનાં–વસંતનાં ઉલ્લાસચિત્રો ઉપસાવ્યાં; દાણલીલા અને ચાતુરીઓ લખી. આ પદોમાં 'થાળ' ગાયાં અને 'આરતી' ઓ ઉતારી; 'પ્રાર્થના'ઓ કરી અને 'ભજનો' ગાયાં. વૈરાગ્યનો બોધ આપ્યો અને જ્ઞાનને કવિતાનો પુટ આપ્યો. પદકવિતાની વિવિધતા સંતર્પક છે.

સ્વામિનારાયણ સાધુકવિઓએ મહદંશે 'પદ'ની જ ઉપાસના કરી છે.[૧૫] એ બધા પદ – કવિઓએ સેંકડો નહિ, હજારોની સંખ્યામાં પદો લખ્યાં છે. હા, એમણે આખ્યાનો લખવાનો પ્રયત્ન કર્યો છે પણ એવી કૃતિઓ પણ મોટે ભાગે પદમાળાઓ જ બની ગઈ છે. નિષ્કુળાનંદનું 'ધીરજાખ્યાન' ભક્તોનાં દષ્ટાંતોવાળી વૈરાગ્યબોધક પદ્યકૃતિ બની, 'પ્રેમસખી'નું 'સત્યભામાનુંરૂસણું' પદોવાળી કથાત્મક રચના બની અને એ જ કવિની 'તુલસીવિવાહ' વૃંદા–જાલંધર અને શાલિગ્રામ તુલસીની પૌરાણિક કથાને – 'વરણવું વૃંદાતણું આખ્યાન રે' એમ કવિએ પોતે એને આખ્યાનસંજ્ઞા આપી હોવા છતાં અને તત્કાલીન લગ્નવિધિની વિગતપ્રચુર સામગ્રીનાં આકર્ષક ચિત્રો એમાં નિરૂપ્યાં હોવા છતાં,

એમાં કથન એક પદમાંથી બીજા પદમાં વિસ્તરે છે અને એને આખ્યાન–આકારી કથા–કાવ્ય બનાવે છે. મુક્તાનંદની 'ઉદ્ધવગીતા' અને 'સતીગીતા', 'રુકિમણિવિવાહ' અને 'ધર્માખ્યાન' પણ પદમાળા સુધી જ પહોંચી શકયાં છે. ભગવદ્‌લીલા ભાખવા માટે, વૈરાગ્યબોધ આપવા માટે રચાયેલી આ રચનાઓ, આખ્યાનના કલારૂપને પામી શકી નથી. સંસારદક્ષ આખ્યાનકવિ પ્રેમાનંદમાં પરાકાષ્ઠાએ પહોંચેલું એ કાવ્યસ્વરૂપ પછીના મધ્યકાળના કવિઓને, ધર્મ–ભક્તિના પ્રબોધકોને ઝાઝું ખપમાં આવ્યું નથી.

જૈનકવિઓએ ખેડેલો 'રાસો', જૈન–જૈનેતરોએ ખેડેલાં આખ્યાન અને ઐતિહાસિક–ચરિત્રાત્મક વસ્તુવાળા 'પ્રબંધો' કે વસંતોત્સવના વિહાર વર્ણવતાં ફાગુકાવ્યો કે સાંસારિક–કાલ્પનિક પદ્યવાર્તાઓ આ સાધુકવિઓના ભક્તિભાવના ગાન માટે એમને અનુકૂળ આવે એવું એકમાત્ર માધ્યમ 'પદ' એ કવિઓએ વિપુલ પ્રમાણમાં ખેડયું છે.

બ્રહ્માનંદ જેવા ચારણ–કવિ 'રાસ'ને વર્ણવે છે એમાં પણ પદકવિતાની વિશિષ્ટ ભાવલીલા રેણકી અને ચર્ચરી છંદનો સારો કસ કાઢી, નાદવૈભવની ભવ્યતાનું દર્શન કરાવી, એમાંની ગતિશીલતાથી આપણને મુગ્ધ કરી, ભક્તહૃદયના ધન્યોદ્‌ગારને ભગવદ્‌લીલાનું સ્તોત્રરૂપ આપી રહે છે. 'શ્રી હરિકૃષ્ણાષ્ટક'નો ચર્ચરી છંદ પ્રભુનો મહિમા આ રીતે વર્ણવે છે :

*ધર્મ વર્મ મર્મ ધાર, ફરન મરત હરનહાર;*
*ચરન શરન કરન પાર, અતિ ઉદાર સોહે;*
*હિત કૃતચિત નિત હુલાસ, સટત મિટત વિકટ પાસ;*
*પ્રેમ નેમ અતિ પ્રકાશ, દાસ હાસ મોહે.*
*છબી અનૂપ રૂપ બનિત, હરખ ઓઘ શોક હનિત.*
*ધન ધન જુબાની ભનિત, અગનિત નર નારી;*
*જય જય હરિકૃષ્ણ રાજ, જગ કર વર ગુણજહાજ;*
*પ્રગટવ સંગ લે સમાજ, કાજ ભક્ત કારી...(૧)*

એ જ રીતે એમની ચારણી–રચનામાંના અન્ય 'રાસાષ્ટક'માં, રેણકી છંદમા, પણ કવિએ શબ્દનાદથી ગતિશીલ ચિત્રો પ્રગટાવ્યાં છે. કવિના ભક્ત–હૃદયમાંથી ઊઠતી પ્રભુશ્રદ્ધા એમાં કવિની ચિત્રશક્તિનો પણ સુભગ પરિચય કરાવે છે :

*એક નિશિ શશિ અતિ ઉજાશ, પ્રૌઢ શરદ રુતુ પ્રકાશ;*
*રમત રાસ જગ નિવાસ, ચિત્ત વિલાસ કીને.*
*મુરલી ધુન અતિ રસાલ, ગેહરે સુર કર ગોપાલ;*
*તાન માન સુભગ તાલ, મન મરાલ લીને...*

***અને પછી તો શબ્દોની રમઝટથી કવિએ રાસને ખરેખરો ચગાવ્યો છે !***

નિષ્કુળાનંદ જેવા કવિઓએ 'યમદંડ', 'ધીરજાખ્યાનમ્' જેવી મુખબંધ–કડવાંવાળી કૃતિઓ આપી હોવા છતાં એ સારી આખ્યાનકૃતિઓ બની શકી નથી.

'પુરુષોત્તમપ્રકાશ'માં આ કવિ 'કડવું' ને બદલે 'પ્રકાર' સંજ્ઞા પ્રયોજે છે. 'ધીરજાખ્યાનમ્'માં ભક્તોની દુઃખ કથાઓ અને ધીરજ રાખવાનો બોધ આપે છે. પણ આ સ્વરૂપમાં આ કવિઓ રસસિદ્ધિ દાખવી શકયા નથી અને એથી દષ્ટાંત કથા અને બોધકથાથી એ આગળ જતા નથી. એમાં પણ 'પદ' જ કવચિત્ કવિની શક્તિનું પરિચાયક બની રહે છે. ભક્તિ–વૈરાગ્યના હૃદયસ્ફૂર્યા ભાવ માટે આત્મલક્ષી કાવ્યપ્રકાર 'પદ' જ આ સંતકવિઓનું પ્રમુખ કાવ્યસ્વરૂપ રહ્યું છે.

આ 'પદ'ના કાવ્યપ્રકારને આ કવિઓએ સારાં લાડ લડાવ્યાં છે. વૈરાગ્ય–કવિ દેવાનંદ અને નિષ્કુળાનંદે સહજભાવે વૈરાગ્યોપદેશ માટે પદને પસંદ કર્યું છે. દેવાનંદે કવચિત્ ભોજાનું સ્મરણ કરાવે એવા –

કર પ્રભુ સંગાથે દઢપ્રીતિ રે, મરી જાવું મેલી ધનમાલ

* * *

તારે માથે નગારાં વાગે મોતનાં રે નથી એક ઘડીનો નિરધાર

* * *

ભજ્યો નહીં ભગવાન મુરખ જીવતો મર્યો

જેવી ચાબખા–કલ્પ રચનાઓ આપી છે. એનાં પદોમાં આવતાં શબ્દોનાં આવર્તનો –

*મુને લેહ લાગી નંદલાલની*

*લાલાની, લાલાની, લાલાની રે નંદલાલાની.*

******

*રંગમાં ભીની છબી છેલાની*

*છેલાની, છેલાની, છેલાની રે – રંગમાં.*

*રંગમાં ભીની રંગમાં ભીની રંગમાં ભીની રે*

*રસીલાના રંગમાં ભીની રે – રંગમાં.*

પરંપરાગત શબ્દચોસલાંને બદલે નવીન શબ્દરૂપોથી, પુનરુક્તિઓથી આકર્ષવાની, લયલીલા પ્રગટવાની એમની શક્તિ ધ્યાન ખેંચે છે.

નિષ્કુળાનંદના આત્મલક્ષી ઉદ્‌ગાર જેવા–

*જંગલ વસાવ્યું રે જોગીયે, તજી તનડાની આશજી*

*વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી...*

–એ પદમાં, આત્મપરિચય આપ્યો છે એ રીતે, પોતાના કવનમાં વૈરાગ્યને કેન્દ્રમાં મૂક્યો છે : "સર્વે સુખસંપત્તિ વસી રહી વૈરાગ્યમાંઈ,"

*"બૃહત્ વૈરાગ્ય છે વણમૂલું ઘરેણું જી...*

*પેરતાં ઊતરે ભવમેણુંજી*

*તે પામીએ હોય પુરણ જો લેણું જી."*

–એમ વૈરાગ્યને તૂબડું અને ઘાબાજરિયું કહીને એનો મહિમા કર્યો છે અને "જનની જીવો રે ગોપીચંદની...... ભલો રે ત્યાગ ભરથરી તણોજી, તજી સોળસો નારજી"–માં એને દષ્ટાંતો દ્વારા ગાયો છે. કવિનું પ્રસિદ્ધ પદ–

"ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરતાં કોટિ ઉપાય જી"માં ત્યાગભાવના સાથે વૈરાગ્યને સાંકળી લીધો છે. કવિની હૃદયસ્થ વૈરાગ્યોર્મિ અસરકારકતાથી ભજનનું રૂપ

ધારીને અહીં અવતરી છે. વૈરાગ્યને–સાચા વૈરાગ્યને કવિએ 'સુખનિધિ' કહ્યો છે અને એમનો વૈરાગ્ય – આદર્શ ગીતાનાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાંથી આકારિત થયો છે.

બ્રહ્માનંદ જેવા કવિ પણ એમના લોકપ્રિય ઉપદેશપ્રધાન પદમાં, સ્વાભાવિક રીતે વર્ણસગાઈથી મોહક બનતી વાણીમાં–

*આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;*

*અસંખ્ય ગયા ધનસંપત્તિ મેલી, તારી નજરું આગેજી.*

–દેહની ક્ષણભંગુરતાને, પ્રભાવક રીતે અને આક્રમક બન્યા વિના વર્ણવે છે.

વૈરાગ્યભાવને પોષક બનતાં આ પદો એમાંના સરલ સહજ ઉદ્‌ગારોથી લોકજીભે ચડીને ચિરંજીવ બન્યાં છે; તો ભક્તિભાવને દઢાવવા માટે આ સાધુ કવિઓનાં વાણીવૈભવ, મનોરમ પ્રાસરચના અને ભક્તિશ્રદ્ધાથી ઊછળતાં પદોએ આપણે ત્યાં વિશિષ્ટ સ્થાન પણ પ્રાપ્ત કર્યું છે. ભક્તહૃદયની ભક્તિ–ઊર્મિ, ખાસ તો, બ્રહ્માનંદનાં પદોમાં, નિશ્ચયાત્મક અવાજમાં, શ્રદ્ધાનો તેજસ્વી પુટ પામીને રજૂ થઈ છે. પ્રીતમ કવિના 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને'નું સ્મરણ કરાવતું કવિ બ્રહ્માનંદનું–

*રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ*

***

*રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોડે હોડે જુદ્ધે નવ ચડીએ.*

*જો ચડીએ તો કટકા થઈ પડીએ.*

–એ પદ એના ઉદ્‌બોધનાત્મક લહેકાથી, પ્રત્યેક કડીની સબળ પ્રાસરચનાથી તળપદાં ક્રિયારૂપો દ્વારા ઊઠાવ પામતાં અસરકારક ચિત્રોથી, ટેકપંક્તિના ઓજસથી અને ભક્તિઅંતર્ગત શૌર્યભાવના તેજસ્વી અંકનથી ગુજરાતી ભાષાનું એક ઘરેણું બન્યું છે. બ્રહ્માનંદને પ્રાસરચના એટલી સહજ અને સ્વાભાવિક છે કે એનાં પદો દઢબંધથી બંધાઈને ભાવકના ચિત્તમાં લીલયા સંક્રાન્ત થઈ જાય છે.

'રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વ ક્ષણભંગુર કાચું...' થી આરંભાતું આ કવિનું બીજું પદ પણ આવીજ લય રચનામાં, વર્ણસગાઈની ચમત્કૃતિથી કામણ કરે છે.

કવિનો ક્ષાત્રોદ્રેક જાણે કે આવાં પદોને, ભક્તિ–પદોને, નવું પરિમાણ આપી કાવ્યકોટિએ લઈ જાય છે. 'રે' થી આરંભાતાં આ પ્રકારનાં પદોમાં માથું મૂકવાનો – સર્વસમર્પણનો ભાવ શૌર્યની પરિભાષામાં રજૂ થયો છે, તો કેટલાંક 'કે' થી આરંભાતાં પદો ("કે વર્યા મેં તો રંગભર વહાલા ને, કે લટકાળા નંદ લાલાને...") એવી જ રીતે પ્રેમભક્તિના ભાવને સ્ફુટ કરે છે.

કવિની કવિતાનો ઓજસગુણ પ્રશસ્ય છે.

સંપ્રદાયના આ કવિઓએ વૈરાગ્ય–ભક્તિના પ્રબોધ સાથે ભક્તિની લલિત મધુર પદરચનાઓ પણ આપી છે. નરસિંહ, મીરાં અને દયારામનાં પદો–ગરબીઓનું સ્મરણ કરાવે એવી ભક્તિ–ઊર્મિ, એવી જ આકર્ષક નિરૂપણ રીતિથી એમનાં ભક્તિનીતરતાં પદોને પણ આસ્વાદ્ય બનાવે છે. આ પદોમાં પ્રીતિની મધુર સરવાણીઓ છે અને વિરહવેદનાનાં અશ્રુ પણ છે; વિનોદ અને વ્યંગના ચમકારા છે અને દીનતાભર્યો દાસત્વભાવ પણ છે. પ્રેમલક્ષણા–ભક્તિનાં આ પદોમાં પરંપરાગત શૃંગારની પરિભાષાનું સંયમિત નિરૂપણ છે અને એમાં આ કવિઓએ સારું વૈવિધ્ય પણ પ્રગટાવ્યું છે. શૃંગારનાં, દાણલીલાનાં, શણગારનાં, ઉદ્ધવસંદેશના આ પદોમાં ભક્તિરસના ઉછાળાનો આપણને અનુભવ થાય છે. ગોપીભાવે આલેખાયેલા આ ભક્તિભાવમાં, મુક્તાનંદ કહે છે :

*ઓધવ ! કયારે આવશે વનમાળી રે ?*
*થાય સુખિયાં મોહન–મુખ ભાળી રે.*

–ભ્રમર–ગીતા જેવાં આ પદોમાં ગોપીભાવે અનુભવેલી વિરહવ્યથા નિરૂપાઈ છે. હરિની રટણા અને ભક્તિની દઢતા આ કવિઓએ પ્રેમસભર શૃંગાર–પદોમાં દયારામ–રીતિએ વ્યક્ત કરી છે. એટલે આ પદો, એક રીતે, નાટયોર્મિકાવ્યો (Dramatic Lyrics)નું રૂપ ધારણ કરે છે. આ પદોમાં કૃષ્ણની મોરલીનો જાદુ નિરૂપાયો છે, એનાથી ઘાયલ થયેલી ગોપીની વેદનાભરી સ્થિતિનું ચિત્રણ થયું છે. ગોપિકાના રોમાંચનું અને એની રસિકતાનું, એનાં ચાતુર્યનું, એનાં વિનોદનું, એની તાલાવેલીનું અને એની પ્રભુલગનીનું એમાં આકર્ષણ નિરૂપણ થયું છે. પ્રેમીસખી પ્રેમાનંદનાં ભક્તિ–પદો

દયારામની ગરબીઓ જેવાં રસભર્યાં છે અને વિવિધ ભાવોર્મિઓની ઉત્કટતાને માનવીય પ્રણયની પરિભાષમાં નિરૂપે છે.

*વૃંદાવનમાં વહાલે વજાડી વાંસળી જો*

* * * *

*મંત્ર ભણીને વીંધી મારી પાંસળી જો.*

* * * *

*'હાં રે વેણ વાગી રે વેણ વાગી*
*હાં રે હું તો ઓચિંતાની ઝબકીને જાગી રે'*

–જેવાં પદોમાં ગોપીની પ્રભુલગનીને પ્રત્યક્ષ કરાવતો કવિ –

*'સખી મને પ્રીત બંધાણી કોડિલા કાનમાં રે*
*નેણામાં વાસ જ કીધો રે શામળીયા વાનમાં રે...'*

–માં શૃંગારનો અણસારો આપીને

*'સામું જોઈને સામળિયે મુજને રે*
*હાં રે માવે હસીને બોલાવી મીઠી વાણી રે*
*પહેલવહેલી પાતળિયા સાથે*
*હાં રે હું તો કંઈક શરમાણી રે...'*

–જેવાં પદોમાં શૃંગારની રસિકતાને વાચા આપે છે. બ્રહ્માનંદનાં પણ આ પ્રકારનાં કેટલાંક પદો ધ્યાન ખેંચે છે. જળની હેલ લઈને જતી ગોપાંગનાની 'માનો હઠીલા કુંવર નંદના રે' થી આરંભતી એકોક્તિ 'ઘોળ્યા ઠાલી ચડાવશે આળ રે'

જેવા અનેક બૈરક પ્રયોગથી આકર્ષક બની છે. 'રંગીલા કહાન' ને કરેલી વિનવણીઓ, 'પાતળિયા સંગાથે બંધાણી મારે પ્રીતડી રે' માંની કૃષ્ણપ્રીતિ અને 'તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે' માંનું પ્રકારાન્તરે સહજાનંદ સ્વામીનું વર્ણન આ સૌ આપણને સ્પર્શી જાય એવી રીતે નિરૂપાયાં છે.

એમ તો નિષ્કુળાનંદ અને અન્ય કવિઓમાં પણ લટકાળા લટકતા મોહન મોરલીવાળાનાં, કેસરિયા વાઘાવાળા, કસૂંબલ પાઘવાળા, ફૂલના તોરા અને ગજરાની

ટોપીવાળા, મધુરાં ગીત ગાતા શામળિયા સ્વામીનાં ચિત્રો પણ આપણને મળે છે. આ કવિઓએ પોતાની નાટયાત્મક ગરબીઓમાં 'લાગી મારી નટવરથી લગની કે મર્યાદા મેલી જગની', 'પ્રીતમ પાતળિયો રે, પાતળિયો રે, પાતળિયો રે, આવી અઢળક મુજ પર ઢળિયો' (પ્રેમાનંદ :'અઢળક ઢળિયો રે શામળિયો' – 'સુદામાચરિત' યાદ આવે છે ને !', 'સાચું કહો શ્યામળિયા વહાલા, જાગ્યા કેને સંગે રે' – જેવાં અનેક પદોમાં નટવર માટે હૃદયનાં છલકાતા ભાવનું, એની પ્રીતના આકર્ષણનું, ગોપીની ચતુરાઈનું અને 'બાઝો મા ઓઢણે રે, સૌ દેખે સહીયરુંનો સાથ' જેવી પ્રેમચેષ્ટાઓ અભિવ્યક્ત થઈ છે. ગોપીઓની અને કવચિત્ કૃષ્ણની ઉક્તિઓમાં વહેતો આ ભક્તિમૂલક શૃંગાર આ સંતકવિઓએ મર્યાદામાં રહીને ગાયો છે. બ્રહ્માનંદનાં હિંડળાનાં કાવ્યોમાં 'હાં રે મારો નાથ હિંડોળે ઝૂલે રે' – કે કૃષ્ણજન્મહોત્સવનાં કે વસંતોત્સવનાં પદોમાં ભક્તિનો ઉલ્લાસ અછતો રહેતો નથી. પ્રેમાનંદ જેવામાં બારમાસી–વિરહપદોમાં ઉદ્ધવસંદેશનાં પદોમાં પણ એ જ ભક્તિમૂલક પ્રેમભાવ ઉલ્લસેલો પ્રગટ થાય છે.

થાળનાં પદોમાં વિવિધ વાનગીઓની યાદી આપતા પ્રેમાનંદે બારમાસી, મહિના, તિથિ, વાર જેવાં સ્વરૂપોનું વૈવિધ્ય પણ દાખવ્યું છે અને લાંબી પદમાળાઓ પણ આપી છે. ઉપર નિર્દેશ કર્યો છે એમ સહજાનંદ સ્વામીનાં અંગવર્ણનનાં પદો અને એમના સંકીર્તનની સ્તુતિઓ ઉપરાંત તેમના વિરહનાં પદ પણ આલેખાયાં છે.

પાપકર્મી જીવને મૃત્યુ પછી ભોગવવાં પડતાં દુઃખોની, ગરુડપુરાણની કથાને આધારે, વિરક્તિભાવ પ્રગટાવવા બે મોટાં પદોનાં 'નિસરણી' પ્રકારની પણ રચનાં થઈ છે.

સ્વામી સહજાનંદ પ્રત્યેની પ્રીતિને આ કવિઓએ દઢતા અને એકનિષ્ઠાથી, મુલાયમ રીતે વર્ણવી છે. એ પદો વર્ણમાધુર્ય, શબ્દોની પુનરુક્તિઓ, પ્રાસની સ્વાભાવિકતા, તળપદા શબ્દોના ચોટદાર પ્રયોગો અને મનમાં ગુંજી રહે એવી રમણીય ધ્રુવપંક્તિઓથી સત્સંગીઓમાં પ્રિય થઈ પડેલાં અને લોકકંઠે વસી ગયાં છે. ભક્તહૃદયની ઊર્મિઓ કવચિત્ વર્ણનનો આશ્રય લઈને આ પદોમાં – ઊર્મિકાવ્યોમાં અવતરી છે. એમાં થયેલું સંવાદનું નિરૂપણ સ્વાભાવિકતા પણ લાવે છે. દયારામ જેવી નાટયોર્મિરચનાઓ આ

સંપ્રદાયના કવિઓએ સારા પ્રમાણમાં સિદ્ધ કરીને એમની રસિકતા તેમ જ સૌન્દર્યદષ્ટિનો પણ પરિચય આપ્યો છે.

પદના સ્વરૂપનો વૈવિધ્યવંતો ઉપયોગ આ કવિઓએ સહજ અને સબળ રીતે કર્યો છે. આ પદો કયાંક ભજન બને છે, કયાંક ગરબી બને છે અને કયાંક પ્રાર્થના કે સ્તુતિકાવ્યનું રૂપ ધારણ કરીને આપણને આકર્ષી રહે છે. આ પદોમાં ટેક અને ઢાળનું પણ સારું એવું વૈવિધ્ય છે.

આ કવિઓ વૈરાગ્યપ્રબોધમાં સાંપ્રદાયિકતાથી ઉફરા ચાલ્યાં છે અને એમને ભક્તિનિરૂપણમાં સ્વામી સહજાનંદ વિષયક રચનાઓ સિવાય (એમનાં વર્ણનોમાં અંગ અને અલંકાર શોભાનાં વર્ણનોમાં પણ એમના કવિત્વની ઝાંખી થયા વિના રહેતી નથી)ની કૃતિઓમાં ભક્તિના મર્મને પ્રબળતાથી વ્યક્ત કરવામાં સારી સફળતા મળી છે – એ એમની પદકવિ તરીકેની સિદ્ધિ છે.

'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' એ નરસિંહના પ્રભાતિયામાં–પદમાં–નર્યું કથન પણ કવિતાકોટિએ પહોંચે છે. આ સંપ્રદાયના સંત–કવિઓનાં પણ કેટલાંક જ્ઞાન–વૈરાગ્યનાં પદો, કથન અને વર્ણનને ભાવબળથી કવિતા સુધી લઈ જાય છે. અગાઉ નિર્દેશ કર્યો છે તે બ્રહ્માનંદનાં 'રે શિરે સાટે નટવરને વરીએ જેવાં, 'પ્રેમસખી' નાં થોડાંક ભક્તહૃદયની ઉત્કટતાને નિરૂપતાં અને નિષ્કુળાનંદ જેવાનાં એકાદબે વૈરાગ્યભાવને પ્રબોધતાં પદો ગુજરાતી સાહિત્યમાં બસો વર્ષ સુધી ટકી શકયાં છે એ નાની સૂની સિદ્ધિ નથી અને આ કવિઓનાં બેચાર પદો તો ગુજરાતી ભાષા બોલાશે ત્યાં સુધી ગવાતાં પણ રહેશે. એક સંપ્રદાયનાં પાંચ–સાત કવિઓનાં કેટલાંક પદો ગુજરાતી ભાષાનું 'કિમપિ દ્રવ્ય' બની રહે એ નોંધપાત્ર અર્પણ ગણાય.

**સ્વામિનારાયણીય સંપ્રદાયની પદકવિતામાં કૃષ્ણનિરૂપણનાં પ્રેરણાસ્ત્રોત ગુરુ સહજાનંદ સ્વામી પ્રગટ પુરુષોત્તમ :**

'સંતો શ્રીજીના સાજ હતા ને શ્રીજી કીર્તન હતા.'

—ન્હાનાલાલ દ. કવિ

સહજાનંદ સ્વામીનાં શુદ્ધિકાર્યને કાર્યસાધક સફળતા સુધી પહોંચાડવામાં, તેને ઊંડાણમાં ગામડાં સુધી વિસ્તારવામાં અને લોકહૃદયને જીતી તેને સત્સંગી બનાવવામાં એમના નિષ્ઠાવાન સમર્પિત સાધુઓનો ફાળો ઓછો નથી. એમની પ્રેરણા અને એમના આદેશને અનુસરી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા પંથકમાં મુખ્ય મુખ્ય સાધુઓના અગ્રેસરપણા નીચે ફરતાં સાધુમંડળોએ ઘણી વાર ભૂખ–તરસ, ટાઢ–તડકો, નિંદા, માર, અપમાન વગેરે શાંતિ અને ધીરજથી વેઠી પોતાની સાધુતાથી વિરોધીઓને શરમાવી અને જીતી સત્સંગનો જે પ્રસાર સાધ્યો, તેમાં તે સાથે તેમના ઉપદેશનો પણ ફાળો મોટો છે. એ સાધુઓની અંદર પડેલી સુપ્ત શકયતાઓને શ્રી સ્વામિનારાયણની પ્રેરકતાનો જાદુઈ સ્પર્શ થતાં એ બધાની 'ઊઘડી વાણ'. ગુણાતીતાનંદ, ગોપાળાનંદ અને નિર્ગુણદાસને વાર્તાલાપી શૈલીમાં ગદ્યમાં વાતો કરીને લોકોનાં હૈયાંને સ્પર્શવાની ફાવટ હતી, તો તેમને એ સાધનનો આશ્રય લેવાનો શ્રી સ્વામિનારાયણે આદેશ આપ્યો અને મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, મંજુકેશાનંદ, ભૂમાનંદ, દયાનંદ જેવા સ્વામીઓને તેમની કવિત્વશક્તિ પારખીને કવિતા દ્વારા પોતાનો ભક્તિભાવ પોષવા તથા સંપ્રદાયની સેવા કરવા તેમણે પ્રોત્સાહિત કર્યાં. પોતાને પ્રગટ પુરુષોત્તમ તરીકે જોતાં, ભજતાં અને ગાતાં આ સાધુવરો પ્રત્યે શ્રી સ્વામિનારાયણનો રાજીપો અને રખાપત પણ ભગવાનનાં ભક્તો પ્રત્યે હોય તેવાં હતાં. મુક્તાનંદ સ્વામી પ્રત્યે તો તેઓ હમેશાં આદરભાવ બતાવતાં. એક મેળામાં પોતાને ઠેકાણે એમને મોકલી એમનું પૂજન તેમણે કરાવેલું. પ્રગટ પ્રભુનાં દર્શન માટે પોતાની ઘોડી સાથે એક વાર પાછે પગે દોડેલાં સેવામૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને એક વાર 'સદ્‌ગુરુ' નામને સૌથી વધુ પાત્ર જાહેર કરી શ્રી સ્વામિનારાયણે પછી તો ઘણી વાર તેમને પોતાની સાથે આવેલ પોતાનું અક્ષરધામ કહી એમની મોટપ કરી હતી. બ્રહ્માનંદ સ્વામીને હનુમાનજતિ અને લક્ષ્મણજતિ સાથે સરખાવી એમને તેઓ બ્રહ્મમુનિ કહેતાં ને તેમની રમૂજથી પ્રસન્ન થતા. 'હું તમારા દીકરાની મા થઈશ' એમ તેમણે એની માતાને કહેલું. પ્રેમાનંદ સ્વામીને એમની જાતપાંત પૂછયા વિના દીક્ષિત સાધુ બનાવી સંગીતની વિશેષ સાધના માટે ગુજરાત બહાર મોકલનાર શ્રી સ્વામિનારાયણે તેમને કીર્તન રચવા આદેશ આપેલો. તેમનાં આઠ પદો

સાંભળી 'આ સાધુને તો પગે લાગવાનું મન થાય છે એમ કહી સારા શબ્દોમાં તેમની પ્રશંસા પણ એમણે જાહેરમાં કરેલી. તેમને 'પ્રેમસખી' કહેવા ઉપરાંત તેઓ ભૂજમાં એક સ્વાગત–સામૈયામાં તેમના ગળામાં હાથ નાખીને ચાલેલાં. પોતાને શબ્દે સંસારી મટીને એક ઘડીમાં સાધુ બની જનાર નિષ્કુળાનંદને પોતે ગઢડાના મંદિરના મહંત બનાવવા ચાહેલું, પણ એ વૈરાગ્યમૂર્તિને એ ભાર વહેવો ગમેલો નહિ. પોતાને સંસાર તરાવી જવા આવનાર 'પ્રગટ પુરુષોત્તમ'ને તેઓ સર્વથા સમર્પિત બની પોતાની અનન્ય ભક્તિનો અભિષેક તેમની ઉપર કેમ ન કરે ?

આ સાધુકવિઓએ કવિપદની કોઈ લાલસા વિના, કેવળ પોતાની ઈષ્ટની આજ્ઞા કે સૂચનાથી, તેમ જ પોતાનો ભક્તિભાવ દઢવવા, લોકોને ભક્તિ–વૈરાગ્યનો બોધ કરવા અને પ્રગટ પ્રભુનું લીલાસંકીર્તન કરી કૃતકૃત્યતા માણવાં કાવ્યરચનાને પોતાનું જાણે નિત્યકર્મ જ બનાવી દીધું હતું[૧૬]. રામાનંદ સ્વામીએ જેમનાં રચેલાં પદો ગાયેલાં એ મુક્તાનંદ સ્વામીએ ઈષ્ટના આદેશથી ફટાણાંનું સ્થાન લે એવાં 'રુકિમણી વિવાહ' ને બીજા પદો લખ્યાં અને સ્ત્રીઓને ભક્તિ–ઉપદેશ આપતાં પદો લખ્યાં; અને છેક અંતિમ અવસ્થામાં લખવા–લખાવવા અશકત બની બેઠાં અને અધૂરું રહેલું 'ધર્માખ્યાન' નિત્યાનંદે પૂરું કરવાનું માથે લીધું ત્યાં સુધી લખ્યે રાખ્યું હતું. પૂર્વાવસ્થાના લાડુદાન ગઢવી – બ્રહ્માનંદ સ્વામી તો પદ્યરચનાકુશળ કવિ હતાં જ, એટલે તે પોતાને ફાવતી કાવ્યલેખનની રીતે સંપ્રદાયની સેવા કરતાં રહે એ સ્વાભાવિક જ હતું. તેમને પણ એક ચાતુર્માસમાં રોજનાં ચાર પદ રચવાની આજ્ઞા શ્રી સ્વામિનારાયણે કરી હતી. 'પ્રેમસખી' પ્રેમાનંદ સ્વામીએ કાવ્યસર્જનનો આરંભ કરેલો તે પણ એમના જ સૂચનથી. મધ્યકાળમાં ભક્તિબોધ, ધર્મજાગૃતિ ને ધર્મપ્રચારનું લોકમાધ્યમ પદ અને આખ્યાન કવિતાનું હતું. શ્રી સ્વામિનારાયણે એની એવી અગત્ય પ્રીછી, સત્સંગના પ્રસાર અને દઢીકરણમાં તેનો ઉપયોગ પુરસ્કાર્યો એ તેમની લોકપરખ અને દીર્ઘદષ્ટિ બતાવે છે. સાધુજીવનમાં સંસારવ્યવહારની ઉપાધિઓ કે તેમાં થતું સમય ને વૃત્તિનું રોકાણ તો હોય નહિ. એટલે શ્રી સ્વામિનારાયણ સાથે પ્રવાસમાં જવું, તેમનાં વચનામૃત સાંભળવાં, તેમની સમક્ષ કીર્તન ગાવાં, નિત્યનાં જપ–ધ્યાન કરવાં, શ્રી સ્વામિનારાયણનાં સંદેશના ઉપદેશાર્થે ગામ ગામ

ફરવું, એ બધાંમાંથી મળતો સમય ઉપર ગણાવ્યા તે અને બીજા પણ જેઓ કવિતા રચી શકતા કે રચવાનો ઉમંગ સેવતા તેઓ કાવ્યરચના ખાતે રોકવા અને તેને પોતાની ભક્તિ–સાધનાનું જ અંગ ગણતા. પરિણામે એટલું વિપુલ કાવ્યસર્જન તેમને હાથે થયું છે કે તેણે જેટલું સંપ્રદાયને તેટલું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને નોંધપાત્ર પ્રમાણમાં સમૃદ્ધ કર્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ અને હરિભક્તો વડે મંદિરોમાં તથા ઘેર આ સાધુ–કવિઓનાં પ્રભાતિયાં, થાળ, આરતી અને શ્રી સ્વામિનારાયણની ચેષ્ટાઓ તથા લીલાનાં તેમજ ભક્તિ, વૈરાગ્યને સંપ્રદાય સિદ્ધાંતનાં પદો આજ સુધી ગવાતાં રહ્યાં છે.

આવી સ્વામિનારાયણીય સંત–કવિતાના પ્રધાન સર્જકોમાં મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ, દયાનંદ વગેરે નામો ગણાવી શકાય. કાવ્યસર્જનની વિપુલતા તથા ગુણવત્તાની દષ્ટિએ એમની કવિતા આગળ તરી આવે. એ બધાએ ગુજરાતી તેમજ વ્રજ અને રાજસ્થાની છાપની હિંદીમાં કાવ્યરચના કરી છે. બધાનો મોટો કવનવિષય તેમના ઈષ્ટ આરાધ્ય પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ છે. બીજો પ્રધાન વિષય છે કૃષ્ણકીર્તન, જે ગોપીભાવ તથા પ્રેમલક્ષણા ભક્તિનાં ગાનને મોકળો અવકાશ આપે છે. ભક્તિ–વૈરાગ્યનો બોધ –એવો જ સમાન વિષય એ બધાનો છે. બધા કવિઓએ ભક્તિ–વૈરાગ્ય કવિતાની મધ્યકાલીન પૂર્વપરંપરા જાણી અને પચાવી હોવાની એમની કવિતાના પહેલા જ વાચને તરત પ્રતીતિ થાય છે. એથી નરસિંહ, મીરાં, સૂરદાસ, તુલસીદાસ આદિ સંતકવિઓની વાણીના પડઘા એમની ઘણી રચનાઓમાં સંભળાય છે. એમાંના લગભગ બધા જ કવિઓ સારા સંગીતજ્ઞ ગાયકો ને કીર્તનકારો હોઈ તેમની કવિતાને લોકસંગીત તેમ જ શાસ્ત્રીય સંગીતનો સારો લાભ મળ્યો છે. બ્રહ્માનંદ અને દેવાનંદ પૂર્વજીવનના ચારણ કવિઓ હોઈ પિંગળના સારા જાણકાર હતાં. બ્રહ્માનંદે ચર્ચરી ને રેણકી છંદમાં કરેલ રાસવર્ણન તથા ઘનશ્યામાષ્ટકનાં એના સવૈયા એનું વિશિષ્ટ પ્રદાન બની રહે તેવાં છે. લય, પ્રાસ, ઝડઝમક, અલંકાર વગેરેમાં પણ આ કવિઓએ પોતાની કુશળતા દેખાડી છે. કાવ્યવસ્તુ લગભગ સૌનું સમાન હોવાથી કયા પદો કોનાં, એ નીચે નામ ન હોય તો નક્કી કરી ન શકાય એવાં આપણને પ્રથમ નજરે લાગે. પણ વિશેષ વાચને પ્રત્યેક કવિની વિશિષ્ટતા વરતી શકાય તેમ હોય છે. બધાની ભાષા બને તેટલી

સીધી, સરળ, લોકભાગ્ય અને તળપદી હોય છે. અલબત્ત, એમાં પણ પોતપોતાની રીતે ભાષા–પ્રભુત્વ આ કવિઓ દેખાડી ગયા છે.

સ્વામિનારાયણીય સંત–કવિઓમાં વયજયેષ્ઠ એવા મુક્તાનંદ સ્વામીનું સર્જન ઘણું વિપુલ છે. 'પંચરત્ન', 'વિવેક–ચિંતામણિ', 'સત્સંગશિરોમણિ' તેમની વૈરાગ્ય, ઉપદેશ ઈત્યાદિની પ્રણાલિકાનુસારી હિંદી રચનાઓ છે. ગીતાની ભાષાટીકા પણ હિંદી પદ્યમાં તેમણે લખી છે. ગુજરાતીમાં તેમની એવી બોધક રચનાઓમાં 'નારાયણગીતા' તથા 'મુકુંદબાવની'ને ગણાવી શકાશે. કપિલ મુનિએ માતા દેવહુતીને આપેલ ઉપદેશ અને કૃષ્ણ–ઉદ્ધવ સંવાદ તથા દત્તાત્રેયના ૨૪ ગુરુઓની વાત સુગમ ભાષામાં રજૂ કરનારી તેમની ભાગવતાનુવાદી રચનાઓ તેમનું જ્ઞાનોપદેશ પ્રતિ ઢળતું વલણ પ્રગટ કરે છે. 'ધર્માખ્યાન' એ શ્રી સ્વામિનારાયણચરિત્રને ગુજરાતી પદ્યમાં ગાતી કથાત્મક રચના છે. કવિતાની દષ્ટિએ તેમની ધ્યાન ખેંચતી રચના 'ઉદ્ધવગીતા' છે. મુક્તાનંદની ભ્રમરગીતા છે. એમાં ઉદ્ધવને જોવા–સાંભળવા મળતી ગોપીઓની શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ તેના વિષયવસ્તુને લીધે હૃદયસ્પર્શી ભક્તિ–કવિતા બની રહે છે. એ રચનામાં રાત્રે કરેલા સીતાના નિર્વાસનનો વિગતે ગૂંથી લેવાયેલો આખ્યાનનો સ્વાદ આપતો પ્રસંગ ધ્યાન ખેંચે તેવો છે. 'રુકિમણીવિવાહ'એ પંદર પદની લઘુ રચના લગ્નપ્રસંગે તે સમયમાં ગવાતાં ફટાણાંનું સ્થાન પૂરવા અનુકરણ માટે રજૂ કરવાના એક નૂમના તરીકે યોજાઈ હતી. એમની 'સતીગીતા' સ્ત્રીઓને શીલ તથા સતીધર્મનો બોધ કરવા સાથે વિધવાઓને પોતાની બધી ભક્તિ પરમાત્માને સમર્પિત કરવાનો બોધ કરી વૈધવ્યને વ્યર્થતા અને શુષ્કતામાંથી ઉગારી તેને હેતુપૂર્ણ અને ઉચ્ચાશયી સતીધર્મની ભૂમિકા પર સ્થાપી આપે છે.

*છાંડી કે શ્રી ઘનશ્યામ ઓર કો મેં ધરું ધ્યાન,*
*ફોરી ડારો છાતી મોરી કઠિન કુઠાર સે.*

ગાનાર મુક્તાનંદજીની 'જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ' એ આરતી સત્સંગમાં અદ્યાપિ રોજ ભાવથી ગવાતી રહી છે. પ્રેમલક્ષણા ભક્તિનાં ગોપી ભાવનાં તેમનાં પદો કાવ્યગુણમાં ચડિયાતા ઠરે એવાં છે.

પૂર્વાસ્થામાં શિરોહીના રાજકવિના પુત્ર અને દશ વર્ષ ભૂજની વ્રજભાષા પાઠશાળામાં પિંગળ અને કવિતાનો અભ્યાસ કરી આવેલા સ્વામી બ્રહ્માનંદ સાહિત્યદષ્ટિએ સ્વામિનારાયણ સંપ્રદાયના એક મોટા કવિ છે. છંદ અને ભાષા પરનું તેમનું પ્રભુત્વ તેમના સવૈયા, ચંદ્રાવળા, ઝૂલણા, છપ્પા, કુંડળિયા, ચર્ચરી અને રેણકીમાં તરત પરખાઈ આવે છે અને તેમની પદસિદ્ધિ પણ એટલી જ નોંધપાત્ર છે. કેટલાંક પદોમાં તેમણે રાજસ્થાની અને કચ્છી ભાષાનો પણ પ્રયોગ કર્યો છે, પણ તેમની મોટા ભાગની રચનાઓ વ્રજ છાપની હિંદીમાં અને ગુજરાતીમાં છે. ભક્તિ–વૈરાગ્ય–બોધની તેમની કવિતામાં 'રે સગપણ હરિવરનું સાચું' અને 'આ તન રંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગે જી' જેવાં પદો તેમનાં જાણીતાં છે, પણ વિશેષ નોંધપાત્ર છે ભક્તિનાં શૂરાંઓને પાણી ચડાવતી તેમની કડખેદ જેવી તેજીલી વાણી : દાખલા તરીકે, નીચેની જેવી :

*"રે સમજ્યા વિના નવ નિસરીએ.*
*રે રણ મધ્યે જઈને નવ ડરીએ;*
*ત્યાં મુખ પાણી રાખીને મરીએ"*

*

*રે હાક લાગે પાછા નવ હટીએ*
*બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ.'*

'લાગ્યો મારે નટવરથી નેડો, કે હવે મેં તો શિર નાખ્યો છેડો રે' એ પદમાંની

*કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચડી શંકા કોણ ધરશે ?*
*કે શ્વાન ભસી ભસીને મરશે રે.'*

તે એ જ ભાવના એક બીજા પદમાંની

*'કે જેમ રણશૂરાની લગની, કે ઊડે તોય બાણ અને અગની;*
*કે પાની ન ધરે પાછી પગની રે.*
*કે સતી જેમ પાછું નવ ભાળે, કે તન કેરાં સુખને ટાળે;*
*કે અગ્નિમાં અંગ પરજાળે રે'.*

એ પંક્તિઓ, તેમ જ

*'શું કરશે સંસારી, કહીને રે, હરિ વરિયા,*
*ચાલી જગ માથે પગ દઈને રે, હરિ વરિયા.'*

એ પદમાં પણ રણમાં માથું મૂકીને ખેલતા શૂરવીરનું દષ્ટાંત આપીને છેલ્લે

*'માથા સાટે વર્યા વનમાળી રે, હરિ વરિયા.'*

એ પંક્તિઓ એ જ પ્રકારની છે. 'તન કરી નાખે રે ગુરુવચને ચૂરા ચૂરા'

એવું જ હોય એમને મન ભક્તનું લક્ષણ.

આ કવિને માર્દવ પણ એટલું જ સિદ્ધ છે. ઈષ્ટ આરાધ્ય શ્રી સહજાનંદ મહારાજને ભાવછલકતી નીચેની જેવી––

*'આજની ઘડી રે ધન્ય આજની ઘડી,*
*'મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.'*

*

*'સખી, જોને શોભા ઘનશ્યામની.'*

*

*'તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે.'*

*

*'લટકાળા તારે લટકે રે લેરખડા, હું લોભાણી.'*

પંક્તિઓમાં ગાતાં–બિરદાવતાં પદોનો સૂર ન્યારો જ છે. સૌથી વિશેષ કાવ્યગુણ ધરાવતી બ્રહ્માનંદ સ્વામીની કવિતા કૃષ્ણલીલા અને ગોપીઓની શ્રીકૃષ્ણ માટેની ભાગવત, નારદ અને શાંડિલ્યે પ્રશંસેલી પ્રેમલક્ષણા ભક્તિનાં વિવિધ ભાવસંવેદનો રસિક કવિ–કલ્પનાએ કલ્પેલા જુદા જુદા પ્રસંગસંદર્ભમાં ગાતાં પદોની ગણાશે. એનાં ભાષા, ભાવ, પ્રસંગાલેખન ઈત્યાદિ મુક્તાનંદ, પ્રેમાનંદ અને દેવાનંદ સ્વામીઓની એવી જ કવિતાનાં હોઈ એકને બદલે બીજાનું નામ પદાન્તે મૂકી દીધું હોય તો ફેર ન પડે. બ્રહ્માનંદનાં આવાં પદો એમના સ્વામી કવિબંધુઓનાં એવાં પદોની પેઠે ગુજરાતી તથા વ્રજ–છાપની હિંદી, એમ બેઉં ભાષામાં છે. બ્રહ્માનંદે પ્રેમાનંદની પેઠે રાજસ્થાની તથા કચ્છી ભાષામાંય પદ લખ્યાં છે. આ સ્વામીઓની ગોપીઓની કૃષ્ણરતિ સંબંધી નાનકડાં નાટયોર્મિકાવ્યો

બનાવતી રસિક પદકવિતા નરસિંહથી દયારામ સુધીની ભક્તિશૃંગારની પ્રેમલક્ષણા કવિતાની પ્રણાલી જોડે અનુસંધિત થઈ તેમાં ભળી જઈ મધ્યકાલીન ગુજરાતી કવિતાના એ પ્રવાહને સમૃદ્ધ કરી ગઈ છે. એના વીતરાગ રચનારાઓએ એટલો વખત અંતરમાં વ્રજની ગોપીઓ જ બની પોતાના ભક્તિભાવને જ રમાડયો હોવાનું માનીએ તો સાધુઓ હોવા છતાં એવી શૃંગારિક કવિતા લખતાં એમને કેમ સંકોચ થયો નહિ હોય એનો ખુલાસો મળી રહેશે. બ્રહ્માનંદની આવી કવિતા 'ઝુલત શ્યામ હિંડોરે', 'હરિકુ રાધે નાચ નચાવે', 'કહાનસે નેડો, કહાનસે નેડો, લગો મુંજો કહાનસે નેડો' જેવાં પદો યાદ રહી જાય તેવાં છે. સૌથી નોંધપાત્ર કે વિશિષ્ટ પ્રદાન તો એમનું ગણાશે રેણકી અને ચર્ચરી એ ચારણી છંદોમાં અદ્‌ભુત શબ્દઝલક અને નાદવૈભવની દેવીપુત્ર–સહજ કસબ–કારીગરીવાળું અને શ્રીકૃષ્ણ અને ગોપીવૃંદના શરદપૂનમની રાતે જમુનાતીરે ખેલાતા રાસનું એની રસમસ્ત રમઝટ સાથે તાદશ ચિત્ર ખડું કરી દેતાં બે અષ્ટકોની કવિતા. રેણકીવાળા રાસાષ્ટકની

*ધણ રવ પટ ફરર પદ ઘૂઘર,*
*રંગભર સુંદર શ્યામ રમે.*

અને ચર્ચરીવાળાની

*હરિ હર અજ હેર હેર, વિકસત સુર બેર બેર,*
*ફરગટ ઘટ ફેર ફેર, નટવર નાચે.*

એ ધ્રુવપંક્તિઓ આજના ચારણ ગાયકોના મરદાની કંઠે ગવાતી સંભળાયાં કરશે ત્યાં સુધી એના રચયિતા બ્રહ્માનંદ સ્વામીનું સ્મરણ સજીવ રહેશે. બ્રહ્માનંદના રાસવર્ણનના ચર્ચરીનું પ્રથમ પંક્તિ–અષ્ટક એમાંની પ્રાસયોજના, શબ્દ–સંગીત ઈત્યાદિ પર નજર નાખવાં નમૂના કે દાખલા અત્રે ટાંકયા વિના રહી શકાતું નથી :

રવાનુકારી શબ્દરચનાથી સમૃદ્ધ નાદવૈભવ આની પછીની કડીઓમાં વિશેષ આવે છે. કવિશ્રી ન્હાનાલાલે ચારણી છંદરચના પણ પોતાનાથી વણઅજમાવાઈ રહી ન જાય એ મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને આ રચનાનું સફળ અનુસરણ કે અનુકરણ 'વિશ્વગીતા' ના ત્રીજા અંકમાં છેલ્લા પ્રવેશમાં મુકાયેલા :

ધ્રાંગ ધ્રાંગ રસરાજના અનહદ મૃદંગ વાય;
પરબ્રહ્મના ચોકમાં રસના રાસ રચાય.
ઊગત શરદપૂનમચંદ, જ્જમાં મળી વૃંદવૃંદ,
કિરણ કિરણ ઝીલી ઘૂમની, ગગનગોફ ગૂંથે;
ગહરા ગજવી દિગન્ત, મધુરી મુરલી બજન્ત,
રસભર નટવર રમન્ત જગવિભૂતિ જૂથે;
અસરપરસ હસીહસાવી, વળી વળી નયનન નચાવી,
ઢોળી દગરસ ભીંજાવી છબિ અનૂપ છાજે;
વિલસે રસના વિલાસ, રાધાવર રમત રાસ,
*ઊછળે આનંદહાસ પ્રભુતા ગાજે; હો સંત ! પ્રભુતા ગાજે.*

—એ પ્રથમ પંક્તિ—અષ્ટકવાળા રાસમાં કર્યું છે તે અત્રે ઉલ્લેખવું જોઈએ : ખાસ તો એટલા માટે કે તેની પ્રેરક છે બ્રહ્માનંદની રચના. એ જન્મી ન હોત તો ન્હાનાલાલની એ રચના અને 'વિશ્વગીતા' નાટકમાંની તેની બેસણી પણ અજન્મ્યાં રહ્યાં હોત. એ રીતે બ્રહ્માનંદનું 1ણ ગુજરાતી કવિતા પર મોટું છે. બ્રહ્માનંદે શ્રી સ્વામિનારાયણ પર પણ ચર્ચરીમાં અષ્ટક લખ્યું છે.

બ્રહ્માનંદ સ્વામીએ રચેલાં પદોની સંખ્યા આઠ—દશ હજારની કહેવાય છે. જોકે અત્યાર સુધીમાં મુદ્રિત સ્વરૂપમાં પ્રગટ થઈ ચૂકેલાંની સંખ્યા અઢી હજારથી થોડી વધુ છે. એમણે સ્વામિનારાયણ સંપ્રદાયના આચારગ્રંથ 'શિક્ષાપત્રો'ને હિંદીમાં તથા ગુજરાતીમાં ઉતારી છે અને બીજી પણ ઘણી કૃતિઓ રચી છે, જેમાં 'સુમતિપ્રકાશ', 'વિવેકચિંતામણિ', 'ઉપદેશચિંતામણિ', 'બ્રહ્મવિલાસ' વગેરેને ગણાવી શકાય.

સ્વામિનારાયણીય સંતકવિઓમાં 'પ્રેમસખી' પ્રેમાનંદ સ્વામીનું કાવ્યસર્જન ઈયત્તા તેમ જ ગુણવત્તામાં બ્રહ્માનંદનાની બરોબરી કરે અને કોઈ કોઈ બાબતમાં તેનાથી ચડિયાતું પણ લાગે એવું છે. સંપ્રદાયની દીક્ષાવિધિ, શિષ્યનાં લક્ષણો વગેરે પરની બોધક અને સાંપ્રદાયિક કવિતા તેમ જ રાશિ, વાર, તિથિઓ, મહિના, થાળ, આરતીઓ વગેરેની તેમની પ્રણાલિકાનુસારી કવિતામાં તેમનું કાવ્ય સ્વરૂપ બહુધા પદનું રહ્યું છે. 'એકાદશી

આખ્યાન', 'રાધાકૃષ્ણનો વિવાહ', 'સત્યભામાનું રૂસણું' અને 'તુલસીવિવાહ' જેવી કથાત્મક કૃતિઓમાં પણ તેમનું વાહન પદનું જ રહ્યું છે. આમેય બધા સ્વામિનારાયણીય સાધુ–કવિઓ પદ–કવિઓ જ છે. સત્તરમા શતકમાં શામળની વારતાઓ પછી અઢારમા–ઓગણીસમાં શતકોમાં નરસિંહ, ભાલણ, મીરાંબાઈના સમયે હતું તેવું પદનું ઊર્મિ–કવિતાને ભાવતું–ફાવતું કાવ્યસ્વરૂપ પુનઃ વધુ ચલણી બન્યું હતું. આ સાધુ કવિઓ, કબીરપંથી સંત–ભજનિક કવિઓની જ પેઠે એ પરિસ્થિતિમાં પદકવિઓ જ બને એ સ્વાભાવિક હતું. પદોમાં લખાયેલી એ કથાત્મક કૃતિઓમાં 'રાધાકૃષ્ણનો વિવાહ' જયદેવશાઈ રસિકતાથી અને 'સત્યભામાનું રૂસણું' રોષ, વિનોદ અને ચાતુર્યને અવકાશ આપતા સત્યભામા અને શ્રીકૃષ્ણ વચ્ચેના સંવાદથી અને આરંભમાં આવતા દ્વારિકા–વર્ણનથી કાવ્યાસ્વાદ આપે તેવી રચનાઓ છે. ૬૫ પદોમાં વાર્તારસ સાથે કંકોતરીથી માંડી કન્યાવિદાય સુધીની બધી શાસ્ત્ર અને લોકાચારની વિવિધઓના પણ નિરૂપણને સ્થાન આપતી 'તુલસીવિવાહ' મધ્યકાલીન વિવાહ આખ્યાનોમાં માનભર્યું સ્થાન પામી શકે એવી કૃતિ છે. એમાં આવતાં વેવાઈપક્ષને અપાતાં લાડના મહેણાં લગ્નપ્રસંગે ગવાતાં કુરુચિપૂર્ણ ફટાણાંનું સ્થાન કેવાં ગીતોએ લેવું જોઈએ તે ચીંધનારી સામગ્રી કહેવાય. જેમ મુક્તાનંદ સ્વામી રચિત 'રુકમણીવિવાહ'નું તેઅ એ વિવાહના પ્રતીકરૂપ 'તુલસીવિવાહ'ની 'પ્રેમસખી'નું આ પદાખ્યાનનું સર્જન ફટાણાં સામેની શ્રી સહજાનંદ સ્વામીની ઝુંબેશને આભારી ગણાય.

પ્રેમાનંદ સ્વામીનું આ સિવાયનું કાવ્યસર્જન પણ બ્રહ્માનંદ સ્વામીના જેટલું દશ–બાર હજાર પદોનું કહેવાય છે. એમનાં પ્રસિદ્ધ થયેલાં પદોની સંખ્યા ચાર હજારની તો છે જ. પ્રેમાનંદનાં એ પદોની વિશિષ્ટતા બે છે : લોકસંગીત સાથે શાસ્ત્રીય સંગીતનું પ્રાધાન્ય અને ગુજરાતી જેટલું જ વ્રજ, રાજસ્થાની, પંજાબી, કચ્છી અને ઉર્દૂ ભાષાઓ ઉપરનું કવિનું પ્રશસ્ય પ્રભુત્વ. એક પદ ('મોહનબેન બજાઈ ગૃહ તજી બન આઈ, બન આઈ')માં કવિએ વિનોદ ખાતર એક કડી હિંદીમાં, બે કાઠિયાવાડી ગુજરાતીમાં, એક મરાઠીમાં અને છેલ્લી રાજસ્થાનીમાં લખી છે ! ગુજરાતી અને હિંદી તો એ સવ્યસાચીની સિદ્ધહસ્તતાથી બ્રહ્માનંદ સ્વામીની જેમ એકસરખી આસાનીથી પ્રયોજી જાણે છે. એમણે

વાપરેલા રાગોની વિપુલ સંખ્યા, 'સૂર', 'ગ્રામ', 'તાન', 'આલાપ', 'મૂર્છના' જેવા સંગીતના પારિભાષિક શબ્દોનો તેમજ ઘણાં પદોમાં મૃદંગના નાદગુંજનને પ્રગટ કરતો એમનો રવાનુકારી શબ્દવિન્યાસ એમની કવિતામાં એમની સંગીતજ્ઞતાએ કેવી બહોળી મદદ કરી છે તે દેખાડી આપે છે. એમની સાંપ્રદાયિક અને વ્યાપક પ્રકારની ભક્તિ–વૈરાગ્ય–બોધક કવિતામાં 'હમ તો ના ખેલે એસી હોરી' અને 'હો મેં તો તેરે દ્વારે જોગન હોઈ આઉંગી માધો રે' અને પ્રાર્થના ગીતોમાં કવિના ભક્તિભાવાર્દ્ર હૈયામાંથી સીધાં નીકળી આવતાં લાગતાં 'હો રસિયા, મેં તો શરન તિહારી', 'મેં તો તેરે બિરદ ભરોંસે સ્વામી', 'હો જી મેરે સાંવરે સનેહી મીત', 'હમ તો હરિ જું તોરે શરન પરો' જેવાં પદો કાવ્યદષ્ટિએ આગળ તરી ઓ એવાં છે.

ઘણાં પદોને અંતે 'પ્રેમસખી' શબ્દથી પોતાને ઓળખાવતા આ કવિએ શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યે એવો જ ગોપીસદશ્ય ભક્તિભાવ દર્શાવતાં સંખ્યાબંધ પદોમાં એમના પૂર્વજીવનની અને પછીની લીલા, એમનાં સામુદ્રિક લક્ષણો, એમની યાત્રાઓ અને એથી તીર્થરૂપ બનેલાં સ્થળો વગેરેને અન્ય ગુરુબંધુ સાધુ–કવિઓની માફક કવનવિષય બનાવેલ છે, પણ કાવ્યદષ્ટિએ આપણને સ્પર્શે–આકર્ષે એવાં પદો તો જેમાં ભાવસિક્ત હૃદયે તેઓએ 'પ્રગટ પુરુષોત્તમ' અને 'દ્વિભુજ સાકાર શ્રીનાથજી'ને સમર્પિત પોતાની ભક્તિ –

*'મુને મળિયા રે સહજાનંદ સ્વામી, મારા જનમસંગાથી અંતરજામી.'*

*'નેણામાં રાખું રે નેણામાં રાખું રે, નાથજીને જતન કરી, મારા નેણામાં રાખું રે.'*

*'તોહે મેરી બાંહ ગ્રહેકી લાજ, હો મેરે મહારાજ.'*

*'બિસર ન જાઓ મોહે રાખો નિકટ પિય.'*

જેવી પંક્તિઓમાં ગાતાં અને સહજાનંદ સ્વામીના અલ્પકાલીન તેમ જ સ્વધામ પધાર્યા પછીના ચિરકાલીન વિરહનાં દર્દભર્યાં એથીય વધુ હૃદયસ્પર્શી પદો છે. 'સજની શ્રીજી મુજને સાંભર્યા રે' અને એની જોડનાં એમનાં પદોએ એમને તેમ જ શ્રોતા સત્સંગીઓને રડાવ્યાનો ઇતિહાસ છે.

'પ્રેમસખી'નું વિશિષ્ટ અર્પણ આમ પરંપરાનુસારી છતાં તેમની પોતીકી કવિપ્રતિભા અને કાવ્યકલાની પ્રતીતિ કરાવતું કૃષ્ણકીર્તન છે. એનાં વિપલુસંખ્ય પદોમાં સુંદર પ્રાકૃતિક પ્રભાતચિત્ર દોરી બાલકૃષ્ણને જગાડતાં પદો, શ્રીકૃષ્ણના લીલાતનુનાં રૂપ અને શોભા–શણગારને વર્ણવતાં પદો, કૃષ્ણની બાળલીલાનાં પદો, કૃષ્ણના બંસીવાદન ને તેની અસરનાં પદો, રાસવર્ણન અને દાણલીલાનાં પદો, જુદી જુદી પરિસ્થિતિઓમાં ગોપીઓના વિવિધ ભાવોર્મિઓને ગાતાં પદો, શ્રીકૃષ્ણના મથુરાગમન વેળામાં ને તે પછીના ગોપીઓના કૃષ્ણવિરહનાં પદો, ઉદ્ધવને સંબોધાયેલાં અને તેની દ્વારા શ્રીકૃષ્ણને કહેવાયેલા સંદેશનાં પદો, કૃષ્ણવિરહની બારમાસી–એમ સારું એવું વૈવિધ્ય જોવા મળે છે. બ્રહ્માનંદ જેવા અન્ય ગુરુબંધુ કવિઓનાં તેમ નરસિંહ, મીરાં, સૂરદાસ, રાજે, દયારામ આદિનાં આવાં પદોની સાથે સફળતાથી હોડમાં ઊતરે અને કેટલીક વાર તેમને ઝંખવે એવાં છે. એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે પ્રેમાનંદ સ્વામી પણ બ્રહ્માનંદ સ્વામીના જોટાના, સંપ્રદાયના મોટા કવિ છે અને એટલાં જ મધ્યકાલીન ગુજરાતી કવિતાના પણ. શબ્દસૌન્દર્ય માટે બ્રહ્માનંદ પ્રશંસાયા છે, તો ભાવોર્મિ–સૌન્દર્ય માટે પ્રેમાનંદ પણ એવી જ પ્રશંસાના અધિકારી છે. એમનાં કોઈ ને કોઈ પદના કીર્તન વિના સ્વામિનારાયણ સંપ્રદાયના ત્યાગીઓ તેમ સંસારી ભક્તોનો દિવસ ખાલી જતો નથી, એ હકીકત સંપ્રદાયમાં તેમની કવિતાના સ્થાનની નિદર્શક છે.

શ્રી સહજાનંદ સ્વામીના પ્રધાન શિષ્ય–સાથી સંતોમાં ઉપરના ત્રણે જેટલા ગણનાપાત્ર સ્વામી નિષ્કુળાનંદે સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યસર્જનમાં પણ એવો જ ગણનાપાત્ર ફાળો આપ્યો છે. એમના એક આત્મલક્ષી પદમાં પોતે કહ્યું છે તેમ 'અન્ન, ધન, ધામ, ધરણી, પરણી અને છોટાં છોટાં છોકરાં' વાળા સંસારી દષ્ટિએ સુખી એવા પૂર્વાશ્રમના એ લાલજી સુથારે, એને જુવાનીમાં જ 'જ્ઞાનવૈરાગ્યે ગળે ઝાલ્યો' હોઈ, શ્રી સહજાનંદ સ્વામીના શબ્દ માત્રે ભેખ લઈ નિષ્કુળાનંદ બનતાંની સાથે એમના આદેશથી કલમ પકડી પૂરી પાકટ વયે દેહ છોડયો ત્યાં સુધીમાં ત્રણ હજાર જેટલાં પદો અને નાની–મોટી ચોવીસેક કૃતિઓની રચના કરી છે. 'ભક્તચિંતામણિ' એ સંપ્રદાય વિશેનો સારો માહિતીગ્રંથ બનેલી સાડાઆઠ હજારથી વધુ દોહરા–ચોપાઈની રચનામાં શ્રી

સહજાનંદ સ્વામીનું ચરિત્ર તેમ જ સંપ્રદાયના ભક્તોને અને પોતાને વિશેષ વાત છે. શ્રી સહજાનંદ સ્વામીને 'પુરુષોત્તમપ્રકાશ' અને 'હરિવિચરણ' માં પણ મુખ્ય કથન–વિષય આગળ ઉલ્લેખેલાં સંત–કવિઓની માફક આ કવિએ બનાવેલા છે. 'શિક્ષાપત્રી'નો પણ એ ગુરુબંધુઓની પેઠે સરળ અનુવાદ પદ્યમાં એમણે કર્યો છે. આવા સાંપ્રદાયિક સાહિત્ય સાથે પરંપરાનુસારી બોધક સાહિત્ય પણ નિષ્કુળાનંદનું ઘણું છે. કડવાં અને પદોમાં લખાયેલા 'હરિબલગીતા'માં અવિદ્યા અને તેમાંથી ઈશ્વરપ્રપત્તિ દ્વારા સાધવાની મુક્તિનો બોધ છે. એ જ પદ્ધતિએ એટલે પદોને કડવાંમાં રચાયેલ 'સારસિદ્ધિ'નો વિષય ભક્તિ, ધર્મ, વૈરાગ્ય, સત્સંગનો મહિમા વગેરે છે. 'વચનવિધિ'નો ચાબખાશૈલીનો બોધ છે અને 'ચોસઠપદી'માં સાધુ–અસાધુનાં અને સજ્જન–દુર્જનનાં લક્ષણો છે. 'કલ્યાણ–નિર્ણય' તથા 'હૃદયપ્રકાશ' પણ બોધક કવિતાના વર્ગમાં આવે. 'ભક્તિનિધિ' અનેક દૃષ્ટાંતો સાથે 'ભવજળવહાણ' એવી ભક્તિનો મહિમા ગાય છે.

નિષ્કુળાનંદના કાવ્યસર્જનમાં રસદૃષ્ટિએ નોંધપાત્ર એમની 'અરજીવિનય'ની પ્રાર્થનાકવિતા અને 'સ્નેહગીતા' તથા 'વ્રેહના બાર મહિના'માંની ગોપભાવની વિરહકવિતા ગણાશે.'પુષ્પચિંતામણિ' નામક કચ્છી ને હિંદીમાં રચાયેલાં કાવ્યમાં કૃષ્ણવિરહી ગોપીના હૃદયભાવ આલેખવાને મિષે જુદાં જુદાં પુષ્પોનાં કવિએ કરેલા ચોપાઈબદ્ધ વર્ણન પણ ધ્યાન ખેંચે. શ્રી સહજાનંદ સ્વામીને માટેની તત્ત્વદૃષ્ટિવાળી તેટલી જ ભાવસિનગ્ધ રચના 'સહજાનંદ સિંધુ રે આજ મારે ઊલટાયો રે' પણ અત્ર સંભારી શકાય. એમાંની

*સહજાનંદ સિંધુ રે સખી, જો સભર ભર્યા રે, એકરસ અખંડ ને અવિનાશ;*
*અંતરની આંખેથી જે જોશે તે જાણશે રે, આવે ન જાય જેમ આકાશ.*

* * *

*ભાંડ ભરિયે રે જેમ કોયે જળનું રે, રાખીએ રત્નાગરની ;*
*ભીતર બાહિર રે, ભર્યું જળ ભાળિયે રે, ભજન ભાંગતે તોય રહ્યું ત્યાંય.*
*આવે ન જાય રે, અખંડ એ આતમા રે, જેમ સ્થિર અસ્થિર તે નવ થાય,*
*નિષ્કળાનંદ રે લેર આનંદની રે, ઊપની ને સાયરમાંહિ સમાય.*

એ પંક્તિઓ તેમની જ્ઞાનદષ્ટિ અને તેમને મન પ્રગટ પરબ્રહ્મરૂપ શ્રી સહજાનંદ સ્વામી સાથેનું એમનું તામાત્મ્ય સુંદર રીતે નિરૂપી આપે છે.

પણ નિષ્કુળાનંદ સંપ્રદાય બહાર વિશેષ ધ્યાન ખેંચી ગયા છે તેમનાં ઉત્કટ વૈરાગ્ય અને ત્યાગનાં પ્રબોધક બાર પદોથી. એમાંનાં

*જંગલ વસાવ્યું રે જોગીએ તજી તનડાની આશજી.*
*જનની જીવો રે ગોપીચંદની પુત્રને પ્રેર્યો રે વૈરાગજી.*
*ત્યાગ ટકે ન વૈરાગ્ય વિના, કરોને કોટિ ઉપાય જી.*
*જડભરતની જાતના જોગી જે જગમાંયજી.*

જેવાં પ્રસિદ્ધ પદો ગાંધીજીના આશ્રમની પ્રાર્થનાપોથી 'આશ્રમભજનાવલિ' માં પણ સ્થાન પામ્યાનું આપણે જાણીએ છીએ. શ્રી સહજાનંદ સ્વામીએ કસોટી ખાતર પોતપોતાની પાસેની ધોરાજીની ધાબળીઓ બાળી નાખવાનું કહેતાં સંસાર છોડી આવેલા ત્યાગીઓમાંય થયેલા ધાબળીલોલુપ ફફડાટનો ઉપહાસ કરતાં હળવા કાવ્ય 'મારી ધોરાજીની ધાબળી' તેમ જ ત્યાગીઓની દેખાવા માંડેલ અને શ્રીજી જતાં વધતી જતી સંભવિત શિથિલતાની ફિકર વ્યક્ત કરતા 'શ્રીજી પધાર્યાં સ્વધામમાં રે' એ ધોળના રચનાર, ઉપર ઉલ્લેખ્યાં તેવાં પદોમાં તીવ્ર વૈરાગ્ય અને નિષ્ઠુર નિર્મમ ત્યાગની પુરસ્કૃતિ કરે અને પુરાણાં સમયની મદાલસાની નવી આવૃત્તિ જેવી ગોપીચંદની માતા મેનાવતીનું ગૌરવ કરે એ સ્વાભાવિક જ હતું. શ્રી સહજાનંદ સ્વામી ગઢડાના મંદિરના મહન્ત પોતાને બનાવવા ઈચ્છે છે એનો ઈશારો મળતાં તો ગઢડા છોડી રાતોરાત બીજે ગામ ચાલ્યા જવાનું આવા તીવ્ર વિરાગી પછી કેમ ન કરે ?

બ્રહ્માનંદ અને દેવાનંદ જેવા પદરચનાના પૂર્વાભ્યાસ અને તેની પૂર્વે સિદ્ધ કરેલી છંદોરચના અને પિંગળજ્ઞાનની સજ્જતા વિનાના છતાં નિષ્કુળાનંદે પ્રાસ અનુપ્રાસ ઝડઝમક વગેરેનો ઠીક પ્રમાણમાં ઉપયોગ કરી જાણ્યો છે એ તેમની કવિતા બતાવી આપે છે.

આ સ્વામિનારાયણીય સંતકવિઓના એક અનુગામી અવિનાશાનંદે પોતાના પુરોગામી અને સમકાલીન સંપ્રદાય–કવિઓને મૂલ્યદર્શી અર્ઘ્ય આપતાં લખ્યું છે :

*બ્રહ્મમુનિ કવિ ભાનુસમ, પ્રેમ, મુક્ત, દોઉ ચંદ;*
*ઓર કવિ ઉડુગણ સમ, કહે કવિ અવિનાશાનંદ.*

સ્વામી બ્રહ્માનંદ તે એ કવિવૃંદમાં સૂર્ય જેવા, સ્વામી પ્રેમાનંદ અને મુક્તાનંદ એ બેઉ ચંદ્ર જેવા અને બાકીના બધા કવિઓ તારા–નક્ષત્ર–ગણ જેવા : એવું મૂલ્યાંકન સાહિત્યદષ્ટિએ તેમ સંપ્રદાયની પણ દષ્ટિએ ખોટું કે વિવાદાસ્પદ નથી. માત્ર એમાં એટલું જ ઉમેરવાનું આપણને મન થાય કે સ્વામી નિષ્કુળાનંદ એમાં શુક્રના તારા જેવા છે. સંપ્રદાયના પ્રમુખ સાધુ–કવિઓમાં આ ઉપરાંત દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ અને દયાનંદ છે. શુક્રતારક સુધી પહોંચ્યા તો તેની પછી પ્રકાશની બાબતમાં બીજા તારા ને ગ્રહો કરતાં તેજસ્વી એવા વ્યાધનો તારાઓ એમને કહી શકાય તેમ છે. દેવાનંદ સ્વામી એટલે પૂર્વાશ્રમના એ દેવીદાન ગઢવીને દીક્ષા આપ્યા પછી બ્રહ્માનંદ સ્વામીને શ્રી સહજાનંદ સ્વામીએ સોંપતાં એમનું કાવ્યઝરણું પણ વહેતું થઈ ગયું અને ગુજરાતી, રાજસ્થાની અને વ્રજ એ ત્રણે ભાષાઓના વહેળામાં એ એમના અંતકાળ સુધી વહેતું રહ્યું. એમનાય કથનવિષય આગલા ચારે સ્વામીઓના જ છે : સહજાનંદ સ્વામી, ભક્તિ–વૈરાગ્ય–બોધ અને કૃષ્ણલીલાકીર્તન. એમાં મધ્યકાલીન ભક્તિ–કવિતાની પરંપરા અને કયાંક એના પ્રસિદ્ધ કવિઓના ભાવ અને ભાષાની અસર દેખાય છે તેમ છતાં દેવાનંદની નિજી કવિસંપત પણ અછતી રહેતી નથી. સંસારરત જીવને મૂકવા માટે ઉપાલંભ અને ચેતવણી સંભળાવતાં એનાં પદોમાં વૃદ્ધાવસ્થાનાં વિસારી મૂકવા માટે ઉપાલંભ અને ચેતવણી સંભળાવતાં એનાં પદોમાં વૃદ્ધાવસ્થાનાં અને મરણ વખતનાં ચિત્રો આપતાં પદો તથા

*'તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિરધાર,*
*તોય જાણ્યા નહીં જગદીશને રે.'*

*'કર પ્રભુ સંગાથે દઢ પ્રીતડી રે, મરી જાવું મેલી ધનમાલ,*
*અંતકાળે સગું નથી કોઈનું રે.'*

જેવી ગરબીઓ અને

જનમસંગાથી વિસાર્યા જગદીશને રે, એળે ખોયો મનુષ્ય–અવતાર.

જેવો ધોળ સત્સંગની બહાર પણ ગુજરાતમાં પહોંચી જઈ આજ સુધી ગવાતાં રહ્યાં છે. પણ કાવ્યદષ્ટિએ સ્વામીની વિશેષ સમૃદ્ધ રચનાઓ ગોપીહૃદયનાં શ્રીકૃષ્ણવિષયક ભાવસંવેદનાને શબ્દસ્થ કરતાં

*'મુને લે' લાગી રે નંદલાલાની.'*

*'થારી મોરલી ઠગારી મતવારાજી.'*

*'અખિયાં શ્યામ દરસકી પ્યાસી.'*

*'અજહુ ન લઈ પિયા મોરી ખબરવા, બરખન લાગી બેરન બદરવા.'*

*'તેરી અખિયાં ગુલાલ ભરુંગી કનૈયા રે, હોરીખેલ કરૂંગી.'*

*'હોરી ખેલત દેખ્યો આજ નંદદુલારો.'*

*'મોકુ બાવરીસી કરી બનવારી રે, મેં બન બન ઢૂં ઢૂં ગિરધારી.'*

*'ઉધો, મન માધોકુ મિલન આશ, જૈસે ચાતુક હિત જલધર કી પ્યાસ.'*

જેવાં પદો ગણાશે. શ્રી સહજાનંદ સ્વામી પરનાં તેમનાં પદો તેમનો એમની પ્રત્યેનો ભક્તિભાવ વ્યક્ત કરી રહે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ કવિ દલતપરામ કાવ્યરચનાના પહેલા પાઠ આ દેવાનંદ સ્વામી પાસે ભણેલા. ગુજરાતીમાં 'કવીશ્વર' બિરદ પામેલા દલપતરામે આયુષ્યના અંતિમ દાયકામાં આચાર્ય બિહારીલાલજીને શ્રી સહજાનંદ સ્વામીના બૃહત્ જીવનચરિત્રનો પદ્યગ્રંથ 'શ્રી હરિલીલામૃત' રચી આપ્યો હતો. દલપતરામ સુધીના સંપ્રદાયકવિઓમાં સ્વામી દેવાનંદના સમકાલીન સાધુઓ મંજુકેશાનંદ, ભૂમાનંદ, દયાનંદ, યોગાનંદ, અવિનાશાનંદનાં નામ ગણાવવાં જોઈએ.

આટલું જોયા પછી બે પ્રશ્ન મનમાં ઊઠવા સ્વાભાવિક છે. નીલકંઠવર્ણીનું ૨૦૦ વર્ષ પહેલાં ગુજરાતમાં આગમન થયું તે ન થયું હોત તો ? તો, આ સંતો ને તેમની કવિતા ગુજરાતને મળ્યાં હોત ખરાં ? અને બીજો પ્રશ્ન : શ્રી સહજાનંદ સ્વામીને આવા પ્રતાપી અને આજ્ઞાનિષ્ઠ ભક્ત અને કવિ શિષ્ય–સાથીઓ મળ્યા ન હોત તો ? છેલ્લા બે શતકનું ગુજરાતનું ભક્તિજીવન, સંસ્કારજીવન અને સાહિત્ય તેમનું બેઉનું અને તેમના સર્જનરૂપ સ્વામિનારાયણ સંપ્રદાયનું કેટલું 1ણી છે તે આ પ્રશ્નોથી સહજ સૂચવાઈ જાય છે.

## પ્રકરણ – ૩

## સ્વામિનારાયણ સંપ્રદાયનું પદ સાહિત્ય અને કૃષ્ણવિષયક પદકવિતા

*પાદટીપ :*

૧. 'સહજાનંદ સ્વામી' કિશોરલાલ મશરૂવાળા પૃ. ૮૪

૨. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય' અંતર્ગત ''એક અપૂર્વ ગદ્યગ્રંથ'' 'વચનામૃત' – ડૉ. ભોગીલાલ સાંડેસરા પૃ. ૩૩

૩. એજન, પૃ. ૩૭

૪. 'ગુજરાતી સાહિત્ય'' – મધ્યાકાલીન, પ્રો. અનંતરાય રાવળ પૃ. ૨૨૪

૫. યોગીબાપા : વ્યક્તિત્વ અને સાહિત્ય. ડૉ. રેખા એસ. કકકડ પૃ. ૪૩

૬. પ્રેમાનંદ સ્વામી – નાનુભાઈ દવે પૃ. ૯

૭. ''થોડાંક રસદર્શનો સાહિત્ય અને ભક્તિનાં'' – કનૈયાલાલ મુનશી પૃ. ૨૩૪

૮. યોગીબાપા : વ્યકિત્વ અને સાહિત્ય. ડૉ. રેખા કકકડ પૃ. ૪૬

૯. ''થોડાક રસદર્શનો સાહિત્ય અને ભક્તિનાં'' કનૈયાલાલ મુનશી પૃ. ૨૩૨

૧૦. ''સંતસાહિત્યનો સ્વાધ્યાય'' પ્રેમસખી પ્રેમાનંદની નૃત્ય શૃંગારાત્મક ગરબીઓ – ડૉ. હરિપ્રસાદ ત્રિ. ઠકકર પૃ. ૨૧૦

૧૧. નિષ્કુળાનંદ કાવ્યમ્ – પ્રકાશન અને સંશોધક – શાસ્ત્રી સ્વયંપ્રકાશદાજી પૃ. ૪

૧૨. દેવાનંદની અક્ષર આરાધના – અમૃતલાલ યાજ્ઞિક પૃ. ૧૦

૧૩. ''દેવાનંદ પદાવલી'' સંપાદક – ડૉ. જયન્ત પાઠક પૃ. ૪

૧૪. ''ઘનશ્યામ લીલામૃત સાગર' લેખક : પુરાણી નંદકિશોરદાસ પૃ. ૪

૧૫. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય'નો લેખ ''સ્વામિનારાયણ સંતકવિઓનું સ્વરૂપ વૈવિધ્ય'' ચિમનલાલ ત્રિવેદી પૃ. ૧૩૦

૧૬. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય'નો લેખ ''સ્વામિનારાયણ સંત સાહિત્યના પ્રમુખ કવિઓ'', અનંતરાય રાવળ પૃ. ૧૦૩

☆☆☆

# પ્રકરણ-૪
# મુક્તાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરુપણ

જન્મ : ઈ.સ. ૧૭૫૮, સંવત ૧૮૧૪, પોષવદ ૭ (અમરેલી)
અવસાન : ઈ.સ. ૧૮૩૦, સંવત ૧૮૮૬, અષાઢ વદ ૧૧ (ગઢડા)

*મોટા મુકતાનંદ સ્વામી બુદ્ધિવાન, કવિને તપસ્વી હ્રદે હરિધ્યાન ।*
*ત્યાગ્યું તનસુખ પ્રેમી અતિપૂરા, સદા હરિભક્ત કર્યામાં શૂરા ॥*
*નારદમુનિ આપે ધરી અવતાર, મુકતાનંદ નામે થયા નિરધાર ।*
*સપ્તસ્વર, તિનગ્રામ, ષટ્રાગ, સર્વને જાણે મુનિ બડભાગ ॥*
*(નંદમાળા – મંજુકેશાનંદજી)*

## સ્વામિનારાયણીય આદિકવિ મુક્તાત્મા શ્રી મુક્તાનંદ સ્વામી :

**જન્મ :** આ ધરતી બહુરત્ના વસુંધરા છે. રણવગડામાં ફૂલ ખીલી શકે. દાસી કૂખે વિદુરજીનો પ્રાદુર્ભાવ થઈ શકે છે, એમ રતનબાઈની પુત્રી રાધાદેવીના પેટે અનાદિ મુક્ત શ્રી મુક્તાનંદ સ્વામી અવતાર લઈ શકે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનાં પાંચસો પરમહંસોમાં પ્રથમ સ્થાન શોભાવી શકે, એવાં આ પરમ પ્રભુશ્રી સહજાનંદ સ્વામીના કૃપાપાત્ર સદ્ગુરુ શ્રી મુક્તાનંદનો જન્મ ગાયકવાડી ગામ અમરેલીમાં સંવત્ ૧૮૧૪ના પોષ વદી સાતમના શુભ દિને થયો હતો. 'હરિલીલામૃત' ગ્રંથમાં સ્વામીનો જન્મ અમરાપુરમાં બતાવ્યો છે. માતા રાધાદેવીની કૂખે જન્મેલ આ બાળક કમળ જેવી કાંતિ ધરાવતું હતું તેથી તેનું નામ મુકુંદદાસ રાખ્યું હતું.

**વિદ્યાપ્રાપ્તિ :** અમરેલીમાં રામાનુજ સંપ્રદાયના જગ્યાધારી મૂળદાસજી નામે એક ગોંડલિયા સાધુ રહેતા હતા. તેઓ સાધુ ગુણસંપન્ન અને ચમત્કારિક પ્રતિભા ધરાવતા હતાં.

મુકુંદદાસ મૂળદાસજીનો સત્સંગ કરવા માંડયા અને મૂળદાસ તેમનામાં જ્ઞાન અને વૈરાગ્યના બીજ રોપવા લાગ્યાં. બીજે પક્ષે મુકુંદદાસના પિતાજી આનંદરામ વિદ્વાન વ્યક્તિ હતા અને મૂળદાસજીના બે શિષ્યો હાથીરામ અને જદુરામની પણ સંનિષ્ઠ વિદ્વાન તરીકે ગણના થતી હતી. આ બધાનો પાસ–રંગ મુકુંદદાસને લાગવા માંડયો.[૧]

અને પછી મુકુંદદાસે સંગીત સાધના પણ આરંભી અને ગાનવિદ્યા તેમજ વાદ્યવિદ્યામાં કુશળતા પ્રાપ્ત કરી લીધી. પરિણામે રામાયણના એક સારા કથાકાર તરીકે તેમની કીર્તિ ચોતરફ પ્રસરી ગઈ હતી અને એમની અમૃતવાણીનો આસ્વાદ લેતા લોકો તેમની કથામાં ઊભરાવા લાગ્યાં.

**ગૃહત્યાગ :** પૂર્વના સંસ્કારબળે મહાપુરુષ મુકુંદદાસને જગતની નશ્વરતા અને સંસારની ક્ષણભંગુરતા સમજાઈ ગઈ હતી. છતાં માતાપિતાની ઈચ્છાને આધીન થઈને મુકુંદદાસે લગ્ન તો કરી નાખ્યાં પણ તેનું મન સંસારથી અલિપ્ત રહ્યું હતું. આ વળગણમાંથી કેમ અને કયારે છુટાય એ માટેના ઉપાયો મનમાં વિચાર્યા કરતા હતા.

એવામાં એકવાર આજીવિકા મેળવવા અમરેલીથી દસ માઈલ દૂર અમરાપુર જવાનું થયું. ત્યાં તેમને મુક્તિનો માર્ગ મળી ગયો. તેમણે જાણી જોઈને ગાંડાની જેમ ઉન્મત થઈને આમતેમ ભટકવા માંડયું અને 'રામ ગટાગટ મહૂડી ફૂલી રામ ગટાગટ મહૂડી ફૂલી' એવા વાકયની ધૂન લેતા લેતા ગામમાં ભટકવા માંડયું. એટલું જ નહીં પણ ગામ લોકોની જે ચીજ હાથમાં આવે તે ઉપાડીને એકની બીજાને ત્યાં મૂકવા માંડયા.

થોડા દિવસ તો સૌએ કુતૂહલ અનુભવ્યું પણ આખરે ગામલોકો ત્રાસથી પીડાવા લાગ્યા અને મુકુંદદાસના માતા–પિતાને ફરિયાદ થવા લાગી. મુકુંદદાસના માતા–પિતા તેના ઢોંગને સમજી ગયા અને સ્ત્રીનાં વળગણમાંથી એને મુક્તિ આપી.

**ગુરુની શોધમાં :** પણ પોતાની મનોકામના ઘેર બેઠા સિદ્ધ થાય એવું લાગ્યું નહિ એથી સત્પુરુષની શોધમાં ગૃહત્યાગ કરી નીકળી પડયાં. કોઈએ ધ્રાંગધ્રામાં રહેલા પ્રસિદ્ધ

બાવાજી શ્રી દ્વારકાદાસનું નામ આપ્યું. એટલે એ તરફ દોટ મૂકી. તે વૈરાગી પાસે કેટલોક સમય શિષ્યભાવે રહ્યાં. પણ એને તૃપ્તિ થઈ નહિ તેથી એકવાર દ્વારકાદાસ પાસે દિલ ખોલીને વાત કરી દીધી કે, 'મારે તો બ્રહ્મ સ્થિતિ સિદ્ધ કરવી છે'

શિષ્યની જિજ્ઞાસા જાણીને ગુરુએ નિખાલસતા પ્રગટ કરી જણાવ્યું કે, 'ભાઈ, આ સ્થિતિ હજી મને સિદ્ધ થઈ નથી, તારે તાલાવેલી હોય તો વાંકાનેરમાં વૃદ્ધ અને વિદ્વાન સંત શ્રી કલ્યાણદાસજી રહે છે તેની પાસે જા ત્યાં તારા મનોરથ સિદ્ધ થશે.'

મુકુંદદાસને તો ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યા જેવું થયું. એ તો ઉપડયા વાંકાનેર. કલ્યાણદાસની નિષ્કામી પુરુષ તરીકે પ્રસિદ્ધિ સર્વત્ર હતી. તે પિતળનું કોપિન પહેરતા હતાં અને તેને તાળું મારતા હતાં. તેની ચાવી શિષ્ય પાસે રહેતી હતી. એના આ બાહ્યાચારથી સૌ અંજાયા હતાં. મુકુંદદાસને પણ શ્રદ્ધા બેઠી. એટલે એમણે તેમની પાસે નિષ્કામ વર્તમાન દઢ કરાવવાની માંગણી કરી.

ઉગીને ઊભા થતા આ બાળકની આવી માંગણીથી કલ્યાણદાસે આશ્ચર્ય અનુભવ્યું અને શિખામણના શબ્દો કહેતાં કહ્યું 'બાળક, તું હજી નાનો અને નમણો છે, તને દીવાની યુવાનીનો અનુભવ થયો નથી, તેથી આવી વાત કરે છે, પણ મોટો થઈશ ત્યારે ખ્યાલ આવશે કે અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવું અતિશય કઠિન અને આકરું કામ છે :

**બ્રહ્મચર્યની સાધના :** પણ મુકુંદદાસે અખંડ બ્રહ્મચર્યનું વ્રત દઢ કરાવવાનો આગ્રહ રાખ્યો એટલે કલ્યાણદાસે નજીક બોલાવી પોતાનો આ અનુભવ કહ્યો. 'સાંભળ ભાઈ, વર્ષો પહેલાંની વાત છે, હું કાશીની યાત્રાએ નીકળ્યો હતો. રસ્તામાં ખાત્રોજની ભાગોળે પાણી ભરતી પનિહારીને મેં ઉજ્જૈન જવાનો રસ્તો પૂછયો. ત્યારે તે યુવતિએ લાંબો હાથ ધરીને મને રસ્તો બતાવ્યો. પણ તે હાથનું લટકું. તે વાતને આજે ચાલીસ વરસ થવાં છતાં અધાપિ ભૂલ્યો નથી કે તે મારા હૃદયમાંથી ખસ્યું નથી'.

આમ કહીને કલ્યાણદાસે અખંડ બ્રહ્મચર્ય અસીધારાવ્રત (તલવારની તીક્ષ્ણ ધાર ઉપર ચાલવા જેવું વ્રત) છે તે સમજાવ્યું તેની સાથે જ પોતાની અપૂર્ણતા પ્રગટ કરી દીધી છતાં મુકુંદદાસનો મુમુક્ષુ જીવ જોઈને કલ્યાણદાસે કહ્યું કે, 'ભાઈ, તું સરધાર જા. ત્યાં તુલસીદાસ નામે પવિત્ર સાધુ વસે છે તે કદાચ તારી ઈચ્છાપૂરી કરશે'

તે મહાત્મા સાત્ત્વિક અને સરળ છે. હું તમને ભલામણનો પત્ર લખી આપીશ તે તમને માર્ગદર્શન આપશે. મુકુંદદાસે તે વાત સ્વીકારી એટલે કલ્યાણદાસે સરધારના તુલસીદાસ મહાત્માને ભલામણ પત્ર લખી આપ્યો. મુકુંદદાસ પત્ર લઈ પ્રણામ કરી ત્યાંથી સરધાર તરફ રવાના થયાં.

**તુલસીદાસના આશ્રમમાં :**

શ્રદ્ધા અને ખંતથી પ્રયત્ન કરે તો માણસ જરૂર ઈષ્ટ કાર્યસિદ્ધિ કરે છે. મુકુંદદાસને ધારેલ કાર્ય કરવામાં શ્રદ્ધા અને ખંત અતિશય હતા. તેઓ કલ્યાણદાસનો ભલામણ પત્ર લઈને સરધાર પહોંચ્યા અને તુલસીદાસને મળ્યા. સૌરાષ્ટ્રના એ પ્રદેશમાં તુલસીદાસની પ્રતિષ્ઠા સારી હતી, રાજાઓ તરફથી તેમને અનાજનું વર્ષાસન મળતું અને તેનો ઉપયોગ તેઓ સદાવ્રત માટે કરતાં. અત્યારે પણ સરધારમાં રામજી મંદિરનો બે માળનો વિશાળ ચોરો છે તથા સાધુઓને ઉતરવાની અલગ ધર્મશાળા છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે તે વખતે તુલસીદાસની પ્રતિષ્ઠા કેટલી હશે. મુકુંદદાસને તુલસીદાસના આશ્રમમાં અનુકૂળતા આવી ગઈ રામચંદ્રજીની પૂજા અને સદાવ્રતના તમામ કાર્યમાં તેઓ ઓતપ્રોત થવાં લાગ્યાં. ધીરે ધીરે તેઓ રામકથા કરીને જન સમાજમાં શ્રેષ્ઠ કથાકાર તરીખે ખ્યાતિ પામ્યાં. તેમના સદ્‌ગુણોથી તુલસીદાસે પોતાના સર્વ શિષ્યોમાં મુખ્ય શિષ્ય તરીકે મુકુંદદાસને નિયુકત કર્યાં, આ બધું હોવા છતાં મુકુંદદાસે ધારેલ કાર્ય તો અપૂર્ણ જ હતું તેથી તે સાચા સદ્‌ગુરુ મેળવવા માટે શું ઉપાયો કરવા તે વિચાર કર્યા કરતાં.

**ગુરુ મળ્યા :**

એવામાં ઉદ્ધવના અવતાર ગણાતા સદ્‌ગુરુ રામાનંદ સ્વામીની પુનિત પધરામણી સરધારમાં થઈ. રામાનંદ સ્વામીની સાધુતા, ઉપદેશ શૈલી અને ભક્તિથી લોકો તેના તરફ ખેંચાવા માંડયા હતા. એટલે મુકુંદદાસને પણ તેમના દર્શન કરવાની તીવ્ર ઈચ્છા જાગી અને દર્શને ગયાં.

મુકુંદદાસની મુમુક્ષતાને પોષણ આપવાનું કાર્ય શ્રી રામાનંદ સ્વામીએ કર્યુ એથી મંદિરનું કામ ઝટપટ પતાવી, હરહંમેશ રામાનંદ સ્વામીના દર્શને મુકુંદદાસ જવા માંડયાં. પણ તુલસીદાસમાં દ્વેષભાવ જાગ્યો. પોતાનો ચેલો બીજા ગુરુ પાસે જ્ઞાન મેળવવા જાય એ

તેનાથી સહન થયું નહિ, અને એ મુકુંદદાસના કલ્યાણારી યજ્ઞમાં હવનમાં હાડકા નાખવાનું કાર્ય કરવા લાગ્યાં અને અંતરાયો ઊભા કરવા માંડયાં.

પણ મુકુંદદાસ રામાનંદની અમૃતતુલ્ય વાણીનો લાભ છોડી શકે એમ ન હતાં. તેથી તેમણે ઘરના પાછળના સાંકડા વાડામાં બેસીને રાત્રે વરસતા વરસાદમાં પણ રામાનંદ સ્વામીનો ઉપદેશ ગ્રહણ કરવાનો ક્રમ ચાલુ રાખ્યો.

મુકુંદદાસનો રામાનંદ સ્વામી પ્રત્યેનો અનુરાગ તુલસદાસથી અછતો રહી શકતો નહિ અને તે વધારે ક્રોધે ભરાયો. રામાનંદ સ્વામીએ પોતાનો સમય પૂરો થતાં ત્યાંથી મુકામ ઉપાડયો. પણ ગોપીના જેવા વિરહ વેઠતા મુકુંદદાસની અંતરવ્યથા વધી પડી. એક વખત ગાંડા હોવાનો ઢોંગ કરી કાંચન અને કામિનીથી મુક્તિ મેળવી હતી. હવે તુલસીદાસની પકડમાંથી કોઈ પણ ઉપાયે છૂટવાની યુક્તિ યોજવાની હતી.

અને કલ્યાણના પંથે પ્રયાણ કરવાનો માર્ગ મળી ગયો.

**દીક્ષા :**

તુલસીદાસ લોભી હતો. કોઈને પૂરતા પ્રમાણમાં સીધાની સામગ્રી અપાય તે તેને રુચતું નહિ તેથી મુકુંદદાસે તુલસીદાસની લોભી વૃત્તિનો લાભ લઈ દરેકને ઉદારતાથી સીધાની સામગ્રી આપવા માંડી. તુલસીદાસ આ સહન કરી શકયો નહિ. તેથી તેમણે મુકુંદદાસને આ બાબતમાં સંકોચ રાખવા કહ્યું પણ તેને તો છૂટકારો મેળવવો હતો. એટલે એમની સૂચનાની અવગણના કરી તેથી તેમણે મુકુંદદાસને પોતાના મઠમાંથી છૂટા કર્યા એટલે તેઓએ છૂટકારાનો દમ ખેંચ્યો.

પણ હવે મુમુક્ષુ જીવ રામાનંદ સ્વામીને મળવા ઉત્સુક હતો. રામાનંદ સ્વામી ગોંડલ પાસેના બંધિયા ગામે બિરાજમાન હતા. એટલે તુલસીદાસની રજા–ચિઠ્ઠી લઈને તેઓ બંધિયા પહોંચ્યા અને પોતાને અપનાવી લેવા તેમજ સાધુની દીક્ષા આપવા વિનંતી કરી એટલે રામાનંદ સ્વામીને તેમની કસોટી કરવાનું મન થયું.

અને રામાનંદ સ્વામીએ આજ્ઞા કરી કે, 'તમારે અમારા શિષ્ય થવાનો ખપ હોય તો અમારા ભક્તરાજ મુળુભાઈનું હળ હાંકો. 'ગુરુ આજ્ઞા માથે ચડાવી મુકુંદદાસ મુળુભાઈનું હળ લઈ ખેતરે ચાલતા થયા !

પણ પછી ભક્તરાજ મુળુભાઈએ મુકુંદદાસના ઉત્કટ ભક્તિભાવને સમજીને રામાનંદ સ્વામીને વિનંતી કરી કે, 'સ્વામી ! આ તો કેવળ ભગવાન ભજવા જ આવ્યા છે. કૃપા કરી એમને હળ ચલાવવામાંથી મુક્ત કરો.' રામાનંદજીએ તથાસ્તુ કહી ભક્તરાજની વિનંતી માન્ય કરી અને મુકુંદદાસ પર પ્રસન્ન થઈ સં. ૧૮૪૨ ની વસંત પંચમીના શુભદિવસે ૨૮વર્ષની ભરયુવાનીમાં તેમને ભાગવતી દિક્ષા આપી. તે દિવસથી મુકુંદદાસ ભાગવતી ધર્મધારી મુક્તાનંદ બન્યાં. તેમની સાધુતા, સ્વાર્પણ અને ઉચ્ચ અભિલાષાને કારણે રામાનંદ સ્વામીના પટ્ટ શિષ્ય તરીકે તેમની ગણતરી થવા માંડી. રામાનંદ સ્વામી સમર્થ સદ્‌ગુરુ હતાં. તેમના ત્યાગી શિષ્યોમાં સર્વથી વૃદ્ધ ભાઈ રામદાસજી હતા અને એ સિવાય ૬૦ ત્યાગી શિષ્યો રામાનંદ સ્વામીના હતાં. સ્વામીશ્રીએ ગુજરાત, ઝાલાવાડ, કાઠિયાવાડ, સોરઠ, કચ્છ આ બધાં પ્રદેશોમાં વિચરણ કરીને ૧૬ થી વધારે સ્થાનોમાં સદાવ્રતો ચાલુ કરાવ્યા હતાં. તે બધા સ્થાનોની વ્યવસ્થા રામાનંદ સ્વામી પોતાના ત્યાગી શિષ્યો દ્વારા કરાવતા હતાં. તે બધા શિષ્યોમાં મુક્તાનંદ સ્વામી વ્યવહાર કુશળ, સહિષ્ણુ અને ધીરપુરુષ હતાં અને તેથી જ તે રામાનંદ સ્વામીના કૃપાપાત્ર બન્યા હતાં. મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ ધીરે ધીરે સાંપ્રદાયિક નીતિ નિયમોના સંસ્કાર આપ્યા. ધ્યાન, ધારણા, સમાધિની પ્રાથમિક પ્રક્રિયાનો અભ્યાસ પણ કરાવ્યો. મુક્તાનંદ સ્વામી પણ સમય સમય પ્રમાણે ગુરુની આજ્ઞા મુજબ રહીને ગુરુના વિશ્વાસપાત્ર બન્યા. મુક્તાનંદ સ્વામી ગુરુ સાથે સોરઠ, કાઠિયાવાડ, ઝાલાવાડ, ભાલ, ગુજરાત વગેરે પ્રદેશમાં ફરીને રામાનંદ સ્વામીના ગૃહસ્થ શિષ્યોનાં ખૂબ જ પરિચયમાં આવ્યા હતાં.

**વિદ્યાભ્યાસ માટે ભૂજમાં :**

રામાનંદ સ્વામીએ વિચાર્યુ કે સંપ્રદાયની પ્રગતિ કરવી હોય તો વિદ્વાનોની ખાસ જરૂર પડે. વિદ્વાન સંત હોય તો કથાવાર્તા કરી શકે. સાહિત્ય રચી શકે. માટે યોગ્ય શિષ્યોને ભણાવવાની વ્યવસ્થા કરીને વિદ્વાન બનાવવા. આમ વિચારીને તેમણે મુક્તાનંદ સ્વામી તથા દેવાનંદ સ્વામી આ બંને સંતને ભણવા માટે કચ્છ ભુજ મોકલ્યા. એ વખતે ભૂજમાં રાજ તરફથી વિદ્યાર્થીઓને ભણાવવાની પાઠશાળા ચાલતી અને સમગ્ર ગુજરાતમાં ભૂજનું તે વિદ્યાલય વખાણવા લાયક હતું. આ પાઠશાળામાં ખાસ કરીને પિંગળશાસ્ત્ર,

અલંકારશાસ્ત્ર તથા સંગીતકળાનો વિશેષ અભ્યાસ કરાવવામાં આવતો સ્વામીની આજ્ઞાથી બંને સંતો ભૂજ ગયાં. ત્યાં શરૂઆતમાં રામવાડી નામે સાધુ આશ્રમમાં બંને રહેતાં અને પાઠશાળામાં પાઠ લેવા જતાં. ભિક્ષાવૃત્તિથી ભોજન કરે અને રામવાડીમાં રહે. આ રીતે ભૂજમાં રહીને કવિતા કરવાનાં અભ્યાસની શરૂઆત મુક્તાનંદ સ્વામીએ કરી. એક યા બીજા કારણે રામવાડી આશ્રમમાં રહેવાની મુશ્કેલી થઈ. એટલે ભૂજના સદ્‌ગૃહસ્થ સુંદરજીભાઈ સુતારનાં માતુશ્રીને આ સંતોએ પોતાને રહેવાની મુશ્કેલીની વાત કહી. તેથી તેમણે સુંદરજીભાઈને કહીને એક ઓરડી સંતોને રહેવા માટે આપી અને કહ્યું કે આ ઓરડીની બાજુમાં વડ છે. તેમાં ભૂત થાય છે. તેથી તમારે વાંધો ન હોય તો રહો. સંતો કહે અમને ભૂતનો ડર નથી. તેથી અમે તેમાં રહેશું. એ રીતે તે ઓરડીમાં રહીને અભ્યાસ ચાલુ રાખ્યો. સુંદરજીભાઈ તથા બીજા મુમુક્ષુઓ આ બે સાધુના સદ્‌વર્તનથી પ્રભાવિત થયાં. ધીરે ધીરે તેમની વાતો સાંભળીને તેઓએ રામાનંદ સ્વામીનું શિષ્યત્વ સ્વીકાર્યું. આ રીતે ભૂજમાં સત્સંગની પ્રથમ શરૂઆત કરાવનાર મુક્તાનંદ સ્વામી હતાં. ભૂજમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્ર તથા સંગીતશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને સત્સંગ પ્રચાર કર્યો. પછી બંને સંતો ગુરુ પાસે આવ્યાં. પછી તો રામાનંદ સ્વામીએ લોજના આશ્રમની વ્યવસ્થા મુક્તાનંદ સ્વામીને સોંપી દીધી અને પોતે સત્સંગ પ્રચારાર્થે શિષ્યો સાથે વિચરણ કરતાં. મુક્તાનંદ સ્વામી પણ ગુરુના પ્રતાપથી બ્રહ્મચર્યવ્રતની સિદ્ધિ પ્રાપ્ત કરી શકયાં અને ધ્યાન, ધારણા, સમાધિના અભ્યાસમાં ઘણી પ્રગતિ મેળવી શકયા હતાં. તે એટલે સુધી કે ધ્યાન ધારણા દ્વારા પોતે ગુરુ કયા ગામમાં કયા સ્થળે બિરાજે છે તે પણ જાણી શકતાં અને તેથી જ તે રામાનંદ સ્વામીને ઈશ્વર માનતાં. આ રીતે મુક્તાનંદ સ્વામી ગુરુકૃપાથી કાવ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર અને યોગ શાસ્ત્રમાં પ્રભુત્વ મેળવી શકયા હતાં.

*રામાનંદ સ્વામી સાથે :*

મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામી સાથે કયા કયા ગામમાં ફર્યા તેનો વિગતવાર ચોકકસ ઉલ્લેખ મળતો નથી. પરંતુ સામાન્યતઃ લગભગ ૨૪ વર્ષ રામાનંદ સ્વામી સાથે રહ્યા હોય તેવું અનુમાન કરી શકાય.[૧] આટલા લાંબા સમય દરમિયાન રામાનંદ સ્વામી સાથે લગભગ બધે વિચર્યા જ હોય એ સ્વાભાવિક છે. પરંતુ તેનો વિગતવાર ઉલ્લેખ

મળતો નથી. તેમ છતાં રામાનંદ સ્વામી જયાં જયાં ઉત્સવ સમૈયા કરે ત્યાં ત્યાં મુક્તાનંદ સ્વામીની હાજરી હોય જ એમ માનવું અસંભવિત નથી. વિ.સં. ૧૮૫૭માં કાલવાણીમાં વસંતોત્સવના કીર્તનો પોતે ગાયાં. આમ ગુરુ, શિષ્યોનાં બનાવેલાં કીર્તનો બોલે અને શિષ્ય તેને તાલ પુરાવે તે કેટલી મહત્ત્વની બાબત છે. આ સિવાય ધોરાજી, કારિયાણી, ગોલીડા, સરધાર, ભુજ, માણાવદર વગેરે ગામોમાં ગુરુ સાથે મુક્તાનંદ સ્વામી ઘણીવાર વિચર્યા છે અને ગુરુની આજ્ઞા પાળી ગુરુની પ્રસન્નતા મેળવી છે.

***મુક્તાનંદ સ્વામી અને નીલકંઠવર્ણી :***

નીલકંઠવર્ણી અયોધ્યાથી નીકળીને તીર્થોમાં ફરતાં ફરતાં અષાઢી સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ ૬ના મંગળ દિવસે (નીલકંઠવર્ણી) ગુજરાત રાજયના જૂનાગઢ જિલ્લાનાં માંગરોળ તાલુકાના લોજ ગામે પહોંચ્યાં. તેમને રામાનંદ સ્વામીના શિષ્ય સુખાનંદ સ્વામી વાવ પર મળ્યાં અને તેઓ વર્ણીને પોતાના આશ્રમમાં લાવ્યા અને મુક્તાનંદ સ્વામીનો પરિચય કરાવ્યો. સ્વામીશ્રીએ વર્ણીનું આદરપૂર્વક સન્માન કર્યુ અને આપ અહીં રોકાઈ જાવ એવી વિનંતી કરી ત્યારે સં. ૧૮૫૬ના શ્રાવણ વદી ૬ નો શુભદિન હતો. નીલકઠવર્ણી મુક્તાનંદ સ્વામીના સદ્‌ગુણો તથા સંતોના સદાચાર ધર્મથી પ્રસન્ન થઈને આશ્રમમાં રોકાયાં. વર્ણીએ મુક્તાનંદ સ્વામી સાથે આધ્યાત્મિક જ્ઞાન સંબંધી કેટલીક ચર્ચાઓ કરી. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ સંબંધી પ્રશ્નો પૂછયાં. જેમાં વર્ણીના મનમાં ઘણો સંતોષ થયો. તેથી તેઓએ સ્થિર મને વિચાર કર્યો કે આમના ગુરુ રામાનંદ સ્વામી સમર્થ મહાપુરુષ હોવા જોઈએ. માટે આપણે એવા સત્પુરુષને મળીને પછી જ આગળની યાત્રા કરવા જવું. આમ વિચારીને રામાનંદ સ્વામીના દર્શન કરવા માટે જ નીલકંઠ વર્ણી નવ મહીનાથી વધારે સમય મુક્તાનંદ સ્વામીને ગુરુ માનીને તેની આજ્ઞા પાળીને લોજમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા તે નવમાસમાં વર્ણી અને મુક્તાનંદ સ્વામી વચ્ચે કેટલાંક વિશિષ્ટ પ્રસંગો બન્યાં.

***સરજુદાસ નામ પાડયું :***

નીલકંઠવર્ણીએ રામાનંદ સ્વામીના દર્શન થાય ત્યાં સુધી રામાનંદ સ્વામીના સાધુ સાથે રહેવાનું નકકી કર્યુ. ને મુક્તાનંદ સ્વામીને કહ્યું કે 'તમારા ગુરુ રામાનંદ સ્વામીના

દર્શન કર્યા પછી જ હું બીજે સ્થળે યાત્રા કરવા જઈશ. સ્વામીના દર્શન કરવા માટે હમણા આપના આશ્રમમાં રહીશ ને તમે કહેશો તે સેવા કરીશ'. વર્ણીની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી ખૂબ જ પ્રસન્ન થયા અને આદરથી કહ્યું કે ભલે આપ અહીં રહો આ તમારો જ આશ્રમ છે તેમ માનીને જ રહેજો પરંતુ અમારા ગુરુનો એવો આદેશ છે કે આશ્રમના દરેક ત્યાગીઓએ એક સરખો જ ગણવેશ રાખવો, માટે આપે પણ આ નિયમોનું પાલન કરવાનું રહેશે. વર્ણી કહે ભલે આપ કહેશો તે પ્રમાણે હું વસ્ત્રો પહેરીશ અને તમારી આજ્ઞા પ્રમાણે જ રહીશ.

પછી મુક્તાનંદ સ્વામીએ વાણંદને બોલાવીને વર્ણીની જટા ઉતરાવી અને બે કોપીન આપીતેની ઉપર પહેરવાના બે વસ્ત્રો આપ્યા અને કહ્યું કે આજથી તમારૂં નામ સરજુદાસ રાખવામાં આવે છે. માટે અમો તમને સરજુદાસ નામથી બોલાવીશું અને તમારે પણ બીજાઓને તમારી ઓળખાણ એ નામથી જ આપવી. નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીની આજ્ઞાનું યથાર્થ પાલન કરીને ઉપરોક્ત સર્વ વસ્ત્રો ધારણ કર્યાં અને સરજુદાસ નામથી તેઓ પોતાને ઓળખાવવા લાગ્યાં.

*આશ્રમની સેવાઓ કરી :*

મુક્તાનંદ સ્વામીની આજ્ઞા મુજબ સરજુદાસ હંમેશાં કાવડ માગવા જતાં. ઈંધણ લાવવા, છાણા થાપવાં, વાસણ માંજવા, પાણી ભરવું વગેરે સર્વે ક્રિયાઓ કરતાં. એક વાર તો બાજુના ગામમાંથી ૧૮ મણ ચીભડાનો ભારો માથે ઉપાડીને પોતે લાવેલાં. નીલકંઠવર્ણીએ ત્યાગીઓના જીવનની વિશુદ્ધિ માટે અને સમાજમાં તેઓની પ્રતિષ્ઠા જળવાઈ રહે તેમજ ત્યાગીઓ માથે ખોટા કલંકો ન આવે તેને માટે શરૂઆતથી ઘણા સુધારા કરાવ્યા હતાં. તે પૈકીના કેટલાક નીચે મુજબના છે.

*બહેનોની સભા અલગ કરી :*

સમગ્ર ગુજરાતમાં એવો રિવાજ છે કે શ્રાવણ માસમાં ધર્મપ્રેમી લોકો ભગવદ્કથા નિયમિત રીતે સાંભળતા હોય છે. તે રિવાજ મુજબ લોજમાં પણ શ્રાવણ માસમાં કથા થતી. આ વર્ષે શ્રાવણ માસમાં રામાયણની કથા વાંચવા–સાંભળવાનું નકકી થયેલું અને તે કથાના વકતા તરીકે આશ્રમના સંત મુક્તાનંદ સ્વામીની પસંદગી થયેલી. તેથી મુક્તાનંદ

સ્વામી દરરોજ કથા વાંચવા જતાં. વર્ણી આવ્યા તે દિવસે પણ કથા વાંચવા નિયત સ્થાને અને નિયત સમયે મુક્તાનંદ સ્વામી પહોંચી ગયાં અને બીજે દિવસે સમયમુજબ કથા વાંચવા જવા માટે સ્વામી તૈયાર થયાં એટલે નીલકંઠવર્ણી પણ સ્વામી સાથે ચાલ્યાં. સભા સ્થાનમાં વર્ણીને પણ બેસાર્યા અને સ્વામીએ નિયમ મુજબ કથા વાંચવાની શરૂઆત કરી. સભામાં ભાઈઓ–બાઈઓ સાથેજ બેઠા હતા. કથા પુરી થઈ એટલે વર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે નૈષ્ઠિક બ્રહ્મચારીઓને બહેનોની સભામાં કથા કરવી અથવા બહેનોને ઉદ્દેશીને કથા કરવી તે પદ્ધતિ તો નૈષ્ઠિક વ્રતધારીઓ માટે તેના વ્રત પાળવામાં વિઘ્નકારક જ છે અને તે બાબતની વિસ્તૃત છણાવટ વર્ણીએ કરી. મુક્તાનંદ સ્વામીને નાના વર્ણીની આ વાત શાસ્ત્ર સંમત અને વાજબી લાગી. તેથી એજ સભામાં સ્વામીએ જાહેરાત કરી કે આવતી કાલથી બહેનોએ જુદા સ્થાનોમાં બેસવું અને બહેનોની સભામાં બહેનો જ કથા વાંચે તેવી વ્યવસ્થા કરવી. કાલથી હું પુરુષોની સભામાં જ કથા વાંચીશ. આ જાહેરાતથી રૂઢિગત ચાલી આવતી જુની પ્રણાલિકામાં રાચતા કેટલાકને મનદુઃખ થયું. તેઓએ વિરોધ પણ કર્યો પણ મુક્તાનંદ સ્વામી પોતે પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યાં અને ત્યારથી બહેનો અને ભાઈઓની સભા જુદી કરવાની શરૂઆત થઈ.

*ભીંતનો ગોખલો પુરાવ્યો :*

આશ્રમમાં ચાલતા રસોડાના વ્યવહારની સુવિધા માટે રસોડાના મકાનની દીવાલની સાથે જ એક વાણંદનું મકાન હતું. રસોડાની દીવાલમાં એક ગોખલો કર્યો હતો, જેથી રસોડા માટે કયારેક જોઈતાં પદાર્થ લેવા દેવામાં સગવડતા રહે. વર્ણીએ આ ગોખલો જોયો અને તે સંબંધમાં બધી વિગત જાણી પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું કે રસોડાના કામકાજ નિમિત્તે પણ આ ગોખલા દ્વારા ત્યાગીઓને બહેનોનો પ્રસંગ તો થાય જ. માટે ત્યાગીઓના હિત ખાતર આ ગોખલો બંધ કરવો જરુરી છે. મુક્તાનંદ સ્વામીએ વર્ણીની આ વાત સ્વીકારી અને તરતજ તે ગોખલો બંધ કરાવ્યો.

*અલગ રસ્તા કરાવ્યા :*

પ્રથમ આશ્રમમાં પુરુષો અને સ્ત્રીઓને જવા આવવાનો રસ્તો એકજ હતો. નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહીને બીજો રસ્તો નવો કરાવ્યો. જેથી પુરુષો માટે

તથા સ્ત્રીઓ માટે અલગ રસ્તો થાય. આમ આશ્રમમાં પુરુષો અને સ્ત્રીઓના અલગ રસ્તાની વ્યવસ્થા પણ વર્ણીએ મુક્તાનંદ સ્વામી પાસે કરાવી.

*ત્યાગીઓએ કયારેય એકલા રહેવું નહીં :*

આશ્રમ માટે અનાજ ભેગું કરી લોજ પહોંચાડવા માટે આશ્રમમાં એક પોઠીયો રાખ્યો હતો. એક વખત વર્ણી અને મુક્તાનંદ સ્વામી પોઠીયો લઈને આજુબાજુના ગામમાંથી અનાજ ભેગું કરીને કાલવાણી લાવ્યા. બંનેએ સાંજે આરતી ધૂન કરી અને રાત્રે અનાજ ભરીને પોઠીયા ઉપર નાખ્યું અને વર્ણી પોઠીયો લઈને કાલવાણીથી લોજ આવ્યાં અને અનાજ ખાલી કરીને રાત્રેને રાત્રે પાછા કાલવાણી આવ્યાં. મુક્તાનંદ સ્વામીએ કહ્યું અરે ! તમે બહુ જ પરિશ્રમ કર્યો. કાલ સવારે આવ્યા હોત તો પણ ચાલત. વર્ણી કહે મને એમ થયું કે રાત્રિએ સ્વામી એકલા રહે તે સારૂં નથી. એમ વિચાર થવાથી હું તત્કાળ આવ્યો છું. તેમણે વધુમાં કહ્યું કે ત્યાગીઓએ રાત્રિએ એકલા રહેવું કે એકલા ચાલવું તે તેઓને માટે સારું નથી, એમ હું માનું છું. મુક્તાનંદ સ્વામીએ આ વાત પણ સ્વીકારી અને બને ત્યાં સુધી ત્યાગીઓએ એકલા ન રહેવું તેવો નિયમ રાખ્યો.

*ચિત્તની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રાખો :*

એક વખત મુતાનંદ સ્વામી આસનવાળી સ્વસ્થ મને ભગવાનનું ધ્યાન કરવા બેઠાં. મનને ભગવત્ સ્વરૂપમાં સ્થિર કર્યું. થોડીવાર થઈ ત્યાં તો મનમાં સંકલ્પ થવા લાગ્યો કે મેં તુંબડી રંગીને તડકે સુકવી છે, તેને કાગડો કે કૂતરું અડશે તો તુંબડી અભડાઈ જશે. વળી પાછું મનને સ્થિર કર્યુ અને ધ્યાન કરવા લાગ્યાં સમય પ્રમાણે ધ્યાન પૂર્ણ કરીને તેઓ જાગૃત થયા એટલે વર્ણીએ કહ્યું કે સ્વામી તૂંબડીમાં વધારે માલ છે કે ભગવાનનાં ધ્યાનમાં ? વર્ણીના વાકયો સાંભળીને મુક્તાનંદ સ્વામીએ તરત જ વિનય સહિત કહ્યું કે 'મહારાજ આપ સત્ય કહો છો, હું ધ્યાન કરતો હતો ત્યારે તુંબડી સાંભરી આવી હતી. હવે ધ્યાન કરતાં આવો સંકલ્પ ન થાય તેની કાળજી રાખીશ.

*મુક્તાનંદ સ્વામી, રામાનંદ સ્વામી સાથે નીલકંઠવર્ણી :*

લોજથી મુક્તાનંદ સ્વામી નીલકંઠવર્ણી સાથે લઈને ચાલ્યા. સં. ૧૮૫૬ ના જેઠ વદ ૧૧ ના દિવસે પીપલાણામાં રામાનંદ સ્વામીને મળ્યા ત્યારથી આરંભીને આ ત્રણેય

પૂજય પુરુષો પીપલાણા, આખા, અગતરાય, કાલવાણી, માણાવદર, મેઘપુર, માંગરોળ, ભાડેર, ધોરાજી, જેતપુર, વગેરે ગામોમાં વિચર્યા ને વિવિધ ઉત્સવો કર્યા.

*ગુરુમાંથી શિષ્ય ! :*

સૌરાષ્ટ્રમાં જેતપુર મુકામે સં. ૧૮૫૭ના કારતક સુદી અગિયારસના રોજ ઉદ્ધવ સંપ્રદાયનું આચાર્યપદ પણ રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને સોંપી દીધું અને મુક્તાનંદ સ્વામી સહિત સર્વેને એમની આજ્ઞામાં રહેવાનો અનુરોધ કરી 'હવે મારું જીવનકાર્ય પૂરું થાય છે; 'જયશ્રી સ્વામિનારાયણ' કરીને સંતોષ સાથે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ ધોરાજી પાસેના ફરેણી ગામમાં સ્વેચ્છાએ દેહત્યાગ કર્યો.

સોળ સોળ વર્ષ સુધી રામાનંદ સ્વામીની આજ્ઞામાં રહેનાર અને સ્વામી સહજાનંદથી ત્રેવીસ ત્રેવીસ વર્ષ મોટા મુક્તાનંદ સ્વામી તદ્દન નવા આવેલાં, તદન નાની વયના અને પોતાના શિષ્યમંડળના માંહેના એક કહી શકાય એવાં એક તરુણ બ્રહ્મચારીને ઉદ્ધવ સંપ્રદાયની ગાદીએ રામાનંદ સ્વામી બેસાડે છતાં વિરોધનો જરા સરખો સૂર પણ ન કાઢે એ જેવી તેવી વાત નથી. વિરોધ કરવો તો બાજુએ રહ્યો પણ તેમણે સહજાનંદ સ્વામીની એક પણ આજ્ઞાને ઉથાપી નહીં અને દરેક બાબતમાં ખરા દિલથી સહકાર આપ્યો અને સમર્પણ ભાવે પૂરી નિષ્ઠાથી ભક્તિ કરી એ એમના જીવનની અનુપમ ઉદારતા સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

*રામાનંદ સ્વામીએ શ્રીહરિને નિશ્ચય કરાવ્યો :*

મુક્તાનંદ સ્વામીએ અનેક સંત મહાત્માઓનો સમાગમ કર્યો. અંતે રામાનંદ સ્વામીને સાચા બ્રહ્મનિષ્ઠ જાણી તેને શરણે રહ્યાં. રામાનંદ સ્વામીના પ્રતાપથીતેમને બ્રહ્મચર્યની સિદ્ધિ થઈ તથા ધ્યાન ધારણા દ્વારા આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર પણ થયો અને આ કારણથી જ તેઓ રામાનંદ સ્વામીને ઈશ્વરનો અવતાર માનતાં. રામાનંદ સ્વામી પછી સહજાનંદ સ્વામી સંપ્રદાયના ગુરુપદે આવ્યા. ત્યારે પણ મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીને જ ભગવાન માનતાં. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી સહજાનંદ સ્વામીએ કચ્છ ભૂજના સત્સંગીઓને કથા વાર્તા કરીને પ્રસન્ન કરવા માટે મુક્તાનંદ સ્વામીને કચ્છ ભૂજ મોકલ્યાં. સહજાનંદ સ્વામી જૂનાગઢ જિલ્લો અને સોરઠ દેશમાં સત્સંગ પ્રચાર કરવા

માટે રહ્યા. મુક્તાનંદ સ્વામી કચ્છમાં રહી કથા વાર્તા કરતા વિચરણ કરવા લાગ્યા. આ બાજુ શ્રીહરિ નાત–જાત, પાત્ર–કુપાત્રના ભેદભાવ વગર પોતાના સંપર્કમાં આવનાર કોઈપણ પ્રાણીને પોતાની યોગ શક્તિ દ્વારા સમાધિઓ કરાવવા લાગ્યા અને તેથી જ લોકો સહજાનંદ સ્વામીને ભગવાન માનવા લાગ્યા. સહજાનંદ સ્વામીના સમાધિ પ્રકરણની અલૌકિક વાત વાયુવેગે સર્વત્ર પ્રસરી ગઈ તે છેક કચ્છમાં મુક્તાનંદ સ્વામીને પણ આ વાત સાંભળવામાં આવી. એટલે તેઓ કચ્છમાં ફરતા ફરતા સોરઠમાં આવીને મેઘપુરમાં શ્રીહરિને મળ્યા. શ્રીહરિએ સ્વામીને દંડવત કર્યા. સ્વામીએ તરત જ શ્રીહરિને બાથમાં લીધા અને બંને મળ્યાં. સ્વામીને પાટ ઉપર બેસાર્યા અને શ્રીહરિ નીચે બેઠા. જમવા સમયે શ્રીહરિએ સ્વામીનો થાળ પ્રથમ પીરસાવ્યો પછી પોતાનો થાળ પીરસાવ્યો. આટલું બધું સન્માન મુક્તાનંદ સ્વામીને ગમ્યું નહીં. કચ્છ દેશના ભક્તોનાં સમાચાર મહારાજે પૂછયાં મુક્તાનંદ સ્વામીએ વિગતવાર બધી વાત કરી. મહારાજે પણ સોરઠના સત્સંગની વાત સ્વામીને કરી. બપોર પછી સ્વામીએ શ્રીહરિને એકાંતમાં બેસાર્યા અને કહ્યુ કે, "મહારાજ, રામાનંદ સ્વામી તમને સત્સંગની જવાબદારી સોંપીને અંતર્ધાન થયા છે. સ્વામી આપણને જે આજ્ઞા કરી ગયા છે તે પ્રમાણે આપણે રહેવું જોઈએ. તમે સમાધિ કરાવવાનું પાખંડ ચલાવ્યું છે તે મૂકી દો. રામકૃષ્ણાદિ અવતારોએ પણ આવું નથી કર્યું. શું તમે તેનાંથી પણ મોટા છો ?"

*"મહારાજ દિયો આ પાખંડ મેલી, સત્સંગ ન થાવું ફેલી;*
*સમાધિ કાંઈ નથી, સોહ્યલી, મોટા યોગીને પણ દોહ્યલી*
*તે તો જેને તેને કેમ થાય, બીજા માને એમ ન મનાય".*

મુક્તાનંદ સ્વામીએ જે જે ઠપકો આપ્યો તે બધો શ્રીહરિએ શાંત ચિત્તે સાંભળ્યો પછી નમ્રતાપૂર્વક શ્રીહરિએ સ્વામીને કહ્યું કે, "સ્વામી આ બધું રામાનંદ સ્વામીની ઈચ્છાથી થાય છે. તે પોતે જ સત્સંગનો વિકાસ અમારા દ્વારા કરે છે. તેમ છતાં જેમ તમો આજ્ઞા કરો તેમ હું વર્તીશ. તમને મેં ગુરુ માન્યા છે, તમારો અપરાધ ન થાય તેવી રીતે મારે રહેવું છે. બીજું રામાનંદ સ્વામી અંતર્યામી છે, જે કાંઈ કહેવું હશે તે રામાનંદ સ્વામી તમને કહેશે. મારાથી તમને કાંઈ કહેવાય નહીં. તમે મારા ઉપર રાજી રહેજો". શ્રીહરિની આવી નમ્રતા

જોઈને મુક્તાનંદ સ્વામી કાંઈ બોલ્યા નહીં. પણ સમાધી પ્રકરણ તે તો પાખંડ જ છે. તેમાં કાંઈ સત્ય નથી. તેમ તે ચોકકસપણે માનતા હતાં. શ્રીહરિ અને સ્વામી સભામાં બેઠા તે સમયમાં ભૂજથી સ્વામીની સાથે આવેલા સાધુ સંતદાસ પણ સભામાં આવ્યા અને તેને સમાધિ થઈ. શ્રીહરિએ સ્વામીને કહ્યું, "સ્વામી ! જુઓ આ સંત તમારી સાથે જ હતાં, તેમને મેં કાંઈ કહ્યું નથી. હજી તો તે સભામાં આવ્યા જ છે તેટલી જ વારમાં જ તેને સમાધિ થઈ હવે તમે જ આ વાતની ખાતરી કરો કે આ સમાધિ સાચી છે કે ખોટી ?". ત્યારે મુક્તાનંદ સ્વામીએ સંતદાસજીની નાડી તપાસી તથા તેને બોલાવવાની ખૂબ જ મહેનત કરી. અંતે નકકી કર્યુ કે આ સાધુના નાડી પ્રાણ જતાં રહ્યા છે માટે કાંઈક ભેદ તો છે જ. પરંતુ આ સત્ય કેમ મનાય ? કારણ કે સમાધિ તો અષ્ટાંગ યોગ સિદ્ધ કરે તો જ થાય. અથવા હઠયોગથી થાય માટે આ સમાધિની સત્યતા કેમ કહેવાય ? આમ, મનમાં વિચારવા લાગ્યાં પરંતુ કાંઈ બોલ્યા નહીં. થોડીવાર થઈ એટલે સંતદાસજી સમાધિમાંથી જાગૃત થયા અને તેણે સમાધિમાં જે જોયું તે બધું સભામાં સર્વને કહ્યું. પરંતુ મુક્તાનંદ સ્વામીને તે વાતમાં કાંઈ તથ્ય ન જણાયું. પછી જેઠો મેર તથા રામાનંદ સ્વામીના શિષ્ય માધવદાસ નામે સાધુ તેમને મુક્તાનંદ સ્વામીએ પુછયું કે "આ બધા જે કહે છે તેમાં તમારો શું મત છે ?" એટલે તેમણે કહ્યું કે ખરેખર આ સમાધિ સત્ય છે. સહજાનંદ સ્વામીની કૃપાથી સમાધિ થાય છે. માટે સહજાનંદ સ્વામી પ્રગટ ભગવાન છે તેમાં સંશય નથી.

મુક્તાનંદ સ્વામીએ સર્વ રીતે ચકાસણી કરી છતાં રામાનંદ સ્વામી જ ઈશ્વરનો અવતાર છે. એ સિવાય બીજાને ઈશ્વર કહેવાય નહિ એ જે પોતાની માન્યતા તેને દઢપણે વળગી રહ્યાં, ઉપરાંત એમ પણ લાગ્યું કે સહજાનંદ સ્વામીની પ્રવૃત્તિ સાચી નથી. આ પ્રવૃત્તિથી રામાનંદ સ્વામીના સત્સંગીઓને હાનિ પહોંચશે પણ કહેવું કોને ? કોઈ પોતાની વાત માનવા તૈયાર ન હતું. શ્રીહરિ તો મુક્તાનંદ સ્વામીનું સર્વ પ્રકારે માન જાળવતાં પોતાની સાથે જ બેસાડે, સ્વામી કહે તેમ કરે. પરંતુ મુક્તાનંદ સ્વામી મનમાં ઉદાસ થયાં. શ્રીહરિ સંતોને સાથે લઈને પીપલાણા આખા અગતરાઈ થઈને કાલવાણી ગયા અને ત્યાં રોકાયા.

એકવાર મુક્તાનંદ સ્વામી પર્વતભાઈ અને બે સંતોને સાથે લઈને સ્નાન કરવા નદીએ ગયા. મનમાં ઉદાસ તો હતા જ. પોતે રામાનંદ સ્વામીને સંભારીને નદીને કાંઠે વૃક્ષ હેઠે ધ્યાન કરીને બેઠાં. એ વખતે રામાનંદ સ્વામીએ આવીને દર્શન દીધાં અને કહ્યું કે "મુક્તાનંદ સ્વામી કેમ તમે ઉદાસ છો? મેં તમને એકવાર કહ્યું હતું કે હું તો ડુગડુગી વગાડનાર છું ખરો વેશ ભજવનાર પછીથી આવશે. માટે આ સહજાનંદ સ્વામીને તમે પરબ્રહ્મ માનજો. અમે તમને આ વાત કહેવા માટે જ અહીં આવ્યા છીએ. એ સહજાનંદ સ્વામીની સેવા મળવી દુર્લભ છે. તે તમને સહેજે મળી છે. માટે હવે તમે તેની સેવા મન, કર્મ, વચનથી બરાબર કરજો અને સહજાનંદ સ્વામીના ચરિત્રોમાં સંશય કરતા નહીં" આ રીતે કહીને રામાનંદ સ્વામી અંતર્ધાન થયા.

આ રીતે, રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. (હ.ચ.સા.પુ /૩/ત. /૩૩/૩૪/ તથા ભક્ત ચિ. ના આધારે)

*જય સદ્‌ગુરુસ્વામી :*

પોતે જે ગુરુને સર્વ રીતે શ્રેષ્ઠ માન્યાં હતાં અને જેનો પોતાને સંપૂર્ણ વિશ્વાસ હતો અને જેનાથી પોતાની સર્વ રીતે સર્વથા પ્રગતિ થઈ હતી એજ ગુરુએ દિવ્યરૂપે આવીને પોતાના મનની શંકાઓ દૂર કરી કહ્યું કે જેને માટે તમે વ્રત, જપ, તપ કરો છો એજ પરમાત્મા તમને મળી ચૂકયાં છે. માટે આ પ્રત્યક્ષ પરમાત્માની સેવામાં સર્વ પ્રકારે જોડાઈ જાવ. આ પ્રમાણે ઉપદેશ આપ્યો, આથી મુક્તાનંદ સ્વામી સર્વ પ્રકારે નિઃસંશય થયાં.

*"ભ્રમણા ભાંગી રે હૈયાની નથી એ કેને વાત કરાવ્યાની*
*વીતી હોય તે રે જાણે અણસમજયા મન ઈર્ષ્યા જાણે."*

મનમાં અત્યંત આનંદ ઊભરાયો અને ઉત્સાહપૂર્વક ગાતાં ગાતાં ચાલ્યા આવતાં હતાં તે જોઈને પર્વતભાઈએ પૂછયું : સ્વામી, તમે જયારે ગયા ત્યારે તો ઉદાસ દેખાતા હતાં અને અત્યારે આટલા બધા આનંદમાં આવી ગયા તેનું શું કારણ ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ ઉપરોક્ત વાત કહી અને મંદિરે આવ્યા. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની પૂજા કરવા માટે ઉત્સાહપૂર્વક ગાદી તકીયા બિછાવ્યાં.જલદી જલદી પૂજાની સામગ્રી તૈયાર કરાવી. તે સમયમાં શ્રીહરિ અને સંતો નદીએથી સ્નાનાદિક કરીને મંદિરમાં આવ્યા.

શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ગાદી તકીયે બેસવાની વિનંતી કરી, શ્રીહરિ ગાદી તકીયાની બાજુમાં બેસવા માટે તે તરફ ગયા એટલે મુક્તાનંદ સ્વામીએ તરત જ શ્રીહરિના હાથ ઝાલીને આગ્રહથી પ્રેમપૂર્વક બીછાવેલા ગાદી તકીયા પર શ્રીહરિને બેસાર્યા અને વિનંતી કરી કે મહારાજ ! તમે મારા બાળ મિત્ર એટલે તમારૂં સત્ય સ્વરુપ હું અત્યાર સુધી સમજી શકયો ન હતો. મેં તો એમ માનેલું કે કોઈક મહામુક્ત આવેલા છે અને ચમત્કારિક છે. પરંતુ તમે તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો. આ વાત મને આજે રામાનંદ સ્વામીએ બરોબર સમજાવી છે, માટે તમોને હું સમજી વિચારીને જ આ ગાદી તકીયે બેસાડું છું, માટે તમે બેસો, તમે તો સદ્‌ગુરુના પણ સદ્‌ગુરુ છો. આમ સ્વામીએ આગ્રહપૂર્વક વિનંતી કરીને શ્રીહરિને ગાદી તકીયે બેસાડયાં અને ભાવપૂર્વક શ્રીહરિની પૂજા કરી અને સર્વ પ્રથમ "જય સદ્‌ગુરુ સ્વામી" એ આરતીનું પદ રચીને તે પદ સભામાં બોલીને શ્રીહરિની આરતી ઉતારી.

મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પુરુષોત્તમ નારાયણ જાણીને શ્રીહરિના મહિમાના કીર્તનો રચવાની શરૂઆત સર્વ પ્રથમ સોરઠ દેશમાં કાલવાણી ગામે કરી. કીર્તન (૧) જય સદ્‌ગુરુ સ્વામી (૨) અલૌકિક આદિત ઉદિયા રે (૩) છાંડીકે શ્રીકૃષ્ણદેવ ઓરકી જો કરુ સેવ (૪) સુખદાયક રે સ્વામી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ.

એકવાર શ્રીહરિએ સ્વામીને કહ્યું કે સ્વામી કોઈ અતિ પામર જીવ હોય અને તમે સંકલ્પ કરો કે આ જીવ સર્વપાપથી મુક્ત થઈને ભગવાનના ધામને પામે તો તમારા સંકલ્પથી પામર જીવ પણ ભગવાનના ધામને પામે. આ રીતે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને અનેકવિધ એશ્વર્ય આપ્યું હતું.

*પામત નહીં ભવ પાર રે*

શ્રીકૃષ્ણ અને અર્જુન હંમેશા સાથે રહેતાં હતાં, પણ અર્જુન શ્રીકૃષ્ણને ભગવાન તરીકે ઓળખતા ન હતાં. ભગવાન તરીકે તો તેમને ઓળખ્યાં કુરુક્ષેત્રના મેદાનમાં. જયારે શ્રીકૃષ્ણે એમને વિરાટ દર્શન કરાવ્યું ત્યારે, અને પછી અર્જુન બોલી ઊઠયા : 'शिष्यस्नेडहं शाधि मां त्वाम् प्रपन्न' (હું તમારો શિષ્ય છું, તમારા શરણે આવેલ મને ઉપદેશ આપો)

એ રીતે મુક્તાનંદ સ્વામી પણ ભવસાગરનાં ફેરામાંથી મુક્ત થઈ ગયા અને સ્વામી સહજાનંદ પાસે જઈ ગાવા લાગ્યા :

*સહજાનંદ સ્વામી રે, ન પ્રગટતા આ સમે રે*

*પ્રાણી કોઈ પામત નહિ ભવ પાર રે.*

પછી પોતે શ્રીજીની પ્રસન્નતા અર્થે ગામે ગામ સત્સંગ પ્રચારાર્થે નીકળ્યાં. શ્રીજી મહારાજ સાક્ષાત્ પ્રભુ છે એ પ્રતીતિ થયા પછી વધુ શ્રદ્ધા અને આસ્થા સાથે દઢપણે પ્રચાર કરતા રહ્યાં અને પોતાના જેમ અન્યને પણ નીચેના વર્તમાન લેવડાવી શ્રીજીના ચરણે ખેંચવા માંડયા. 'કાલ, માયા પાપ, નિષ્કર્ષ યમદૂત મયાત અહં શ્રી સ્વામિનારાયણ શરણં પ્રપન્નડસ્મિ'

**અને આમ રચાયું એક ઐતિહાસિક ભક્તિપદ........**

મુક્તાનંદ સ્વામીને શ્રીહરિએ આજ્ઞા કરી : 'સંતોના મંડળ સાથે ગામડાંઓમાં સત્સંગ માટે વિચરણ કરો' પરંતુ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! આપના આપેલા ઉતર હિન્દુસ્તાની સંતો કરતાં મને બીજા સંતો આપો' નવદીક્ષિત ઉતર હિન્દુસ્તાની સંતોની સાથે કામ પ્રસંગથી સ્વામીને તેમનો અંતરમાં અભાવ આવ્યો હતો. અતિ ઉચ્ચ કોટિના સાધુતાસંપન્ન મુક્તાનંદ સ્વામીના મનમાં એમ રહ્યાં કરતું હતું કે આ નવા સાધુઓ હજુ ગુણસંપન્ન નથી. આવા સાધુઓને લીધે કદાચ સંપ્રદાયની ઉજજ્વળ છાપ ઝાંખી તો નહીં પડે ને ! આથી તેમણે શ્રીહરિને વિનંતી કરી હતી. મુક્તાનંદ સ્વામીની શ્રીહરિ મર્યાદા રાખતાં. તેથી તેમણે વિશેષ કંઈ કહેવાને બદલે ધ્રાંગધ્રા રાજયમાં રામમહોલ છે ત્યાં સદાવ્રત ચલાવાય છે, ત્યાં એક મહિનો રહેવાં જવાની આજ્ઞાકરી. સ્વામી ધ્રાંગધ્રા ગયા. તે મહોલના ભેખધારી બાવાઓના ભેગા રહ્યાં, પરંતુ ચાર જ દિવસમાં તે ભેખધારીઓનું અતિ ઉદ્ધત અને અડબંગી વર્તન જોઈને મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે પોતાના સાધુઓને સમજવામાં તેમણે થાપ ખાધી છે. મંથનમાંથી એક ઐતિહાસિક કીર્તન રચાયું. મુંઝાઈને એક સત્સંગીની સાથે તેમણે તાત્કાલિક શ્રીહરિને આપવા કીર્તન બનાવીને ગઢપુર મોકલાવ્યું :

*મારા વા'લાજી શું વા'લપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ,*

*તે વિના કેને ભજીએ રે... ટેક*

*સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મેહ વરસે રે;*

*હંસ જઈ હરિજનને મળશે, પછી કાચી તે કાયા પડશે રે .. તેનો ૧*

*શૂળી ઉપર શયન કરાવે તોય, સાધુને સંગે રહીએ રે*

*દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે ... તેનો ૨*

*અમૃતપેં અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે,*

*બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે... તેનો ૩*

*નરકકુંડથી નરસું લાગે, દુરિજનનનું મુખ મનમાં રે,*

*મુક્તાનંદ મગન થઈ માગે વહાલા, વાસ દેજોહરિજનમાં રે... તેનો ૪*

વડતાલમાં ૧૮૮૨ની પોષી પૂનમની સભામાં મહારાજે ભક્તના દ્રોહથી જીવનો નાશ થાય છે તે વાત કરીને નરસિંહ મહેતાના 'મારા હરજી શું...' પદ સાથે આ પદ ગવરાવ્યું હતું અને આજ્ઞા કરી કે આ બે પદમાં જે વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી.[૨]

મુક્તાનંદ સ્વામીની શ્રીહરિ પ્રત્યેની અતિ દઢ નિષ્ઠા પણ અસાધારણ હતી. પૂજામાં રામાનંદ સ્વામીનો કૌપીનનો આડબંધ તેઓ રાખતા. એક સમયે એમણે ચૈતન્યાનંદ સ્વામીને એનાં દર્શન કરવા કહ્યું, પણ એ સ્વામીએ તો આંખો મીંચી દીધી. બોલ્યા :'મારે તો પતિવ્રતા જેવી એકાંતિકી ભક્તિ છે, ભગવાન સ્વામિનારાયણ સ્વિાય બીજી વસ્તુઓ કેવી રીતે મને જચે ?' આ સાંભળી સ્વામીને માઠું ન લાગ્યું, એમણે પેલો આડબંધ સળગતી સઘડીમાં મૂકી દીધો પોતાની કસર કાઢી નાંખી તે જ વખતે તેમણે ચાર પદ રચ્યાં : 'છાંડી કે શ્રીકૃષ્ણદેવ ઓર કી જો કરું સેવ, કાટી ડારો કર મેરો તીખી તલવારસે' એમ કરતાં મુક્તાનંદ સ્વામીની શ્રીહરિ પ્રત્યે દઢ નિષ્ઠા ચઢતે ક્રમે એક પછી એક શિખરો વટાવી રહી. એમનાં પદોમાં એ ઉત્ક્રાંતિ પણ પડઘાય છે : 'માઈરી મૈંને પુરુષોત્તમ વર પાયો....' 'રે પિયા પાયા તો ફિર કયા સોના....'

સાક્ષાત્કાર કર્યા પછી મુક્તાનંદ સ્વામીએ પોતાની જાતને મહારાજના હાથમાં સોંપી દીધી હતી. એમને જેમ રાખવા હશે તેમ રહેવા તથા જે કામ કરાવવું હોય તે કરવા, એમણે નિશ્ચય કરી લીધો હતો. મહારાજના કહ્યાંથી એમણે અનેક જોખમો ઊઠાવ્યાં, જીત મેળવી, સંપ્રદાયની પ્રતિષ્ઠા ખૂબ વધારી અને છેવટે જશ બધો એમણે મહારાજને ચરણે ધર્યો.

એકવાર વડોદરાના પ્રકાંડ પંડિતો સામે શાસ્ત્રાર્થ કરવાની શ્રીહરિએ આજ્ઞા કરી. તેમણે માથું નમાવી હાથ જોડયાં. કહ્યું : 'હું તો જઈશ પણ શાસ્ત્રો વિશે હું ઝાઝું જાણતો નથી. મારો અભ્યાસ છૂટી ગયો છે અને પંડિતવર્ગ તો એમાં પ્રવીણ હોય છે. એમને જીતવા જેવું મારું ગજું નથી'

વડોદરાની સરકારી હવેલીમાં સભા મળી. વાદી તરીકે પાંચ પંડિતો બેઠા. સભાપતિ શ્રીમંત સરકાર હતા. પ્રતિવાદીમાં મુક્તાનંદ સ્વામી હતા. ગોરો દેહ, ભગવાંવસ્ત્ર, તપેલા કુંદન જેવી કાયાનું તેજ, નિશ્ચલ અને સ્વસ્થ હતા. આખી સભાનું એ કેન્દ્ર બની ગયા હતા. પોતાની અપ્રતિમ સાધુતાથી તેમણે વિજય કર્યો. એટલું જ નહીં, વડોદરામાં સાડા ત્રણ મહિના રહ્યા અને સત્સંગનો ખૂબ પ્રસાર કર્યો. મહારાજે મુક્તાનંદના વિજયના સમાચાર સાંભળી ખૂબ પ્રસંશા કરી.

એકવાર ભરૂચ પાસે નર્મદા કાંઠે તવરા ગામમાં અધિક વૈશાખનો મેળો થયો. વળી, મહારાજે મુક્તાનંદને સંભાર્યા : 'હરિભક્તોની માંગણી છે કે આ મેળામાં એ બધા અમારું પૂજન કરે પણ અમારી ઈચ્છા છે કે તમે ત્યાં જજો અને લોકોના ભાવ વધારજો' કાનમના વેમારડી ગામમાંથી લોકો મહારાજને તેડી જવા આવ્યા ત્યારે પણ એમણે કહ્યું : 'મુનિને લઈ જાવ. એ આવશે એટલે અમે જ આવ્યા છીએ એમ માનજો' એ યાત્રા મુનિને વસમી લાગી કેમ કે વેમારડીમાં ફૂલોનો હિંડોળો કર્યો અને મુનિને સુંદર વસ્ત્રો અને કિંમતી આભૂષણો પહેરીને હિંડોળે બેસવું પડયું. સાધુવૃત્તિવાળા નિર્માની મુક્તાનંદ આવા આટોપથી મૂંઝાતા પણ મહારાજની આજ્ઞા થાય પછી એનું પાલન કરીને જ રહેતાં.

ગઢડામાં ઉઘાડી તલવારો લઈને વેરાગી ઘસી આવેલાં ત્યારે પણ મહારાજે એમની સામે મુનિને મોકલેલા અને એમણે સાધુતા તથા કુનેહથી બાવાઓને શાંત પાડેલા.

સુરતમાં કેટલાંક ભૂતિયાં ખાલી ઘર હતાં. સુતારની એક જાન વહાણમાં ઘોઘા ગયેલી ને વહાણ ડૂબી ગયેલું. એ બધા જીવોની અવગતિ થઈ હતી. ભાલચંદ્ર શેઠે ગઢપુરમાં કાગળ લખેલો ને ભૂતોને કાઢે એવા કોઈ સમર્થ સાધુને સુરત મોકલવા વિનંતી કરેલી. શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી ગયાં. એમણે પેલાં ભૂતિયાં ઘરોમાં જ ઉતારો કર્યો, ત્યાં સંધ્યા આરતી કરી, ધૂન–કીર્તન કર્યા, ભૂતોની મુક્તિ કરી : 'તમે બધા હમણાં બદરિકાશ્રમમાં જજો અને ફરી સત્સંગમાં જન્મ લેશો' ભૂતોની સદ્ગતિ કરી એટલે એ ઘરો મુક્તાનંદને મળ્યાં અને તે સ્થળે સભામંડપ થયો, પડખે મંદિર થયું.

સુરતની માફક મુક્તાનંદ અમદાવાદમાં પણ જૈન સ્મશાન પાસે ૬૦ સંતોનું મંડળ લઈને રહ્યાં. દરિયાખાનની જગ્યામાં સવારે ધ્યાન કરતા જોઈને સ્મશાને આવેલા લોકોને એ દંભી લાગ્યાં. એટલામાં ઝાડ ઉપરથી મોટો સાપ પડયો. એ વખતે બીજા વેરાગીઓ ઊઠીને ભાગી ગયાં પણ મુક્તાનંદજીનું મંડળ સ્થિર રહ્યું, કોઈ ભાગ્યા નહિ. એથી જૈનો ગુરુને મળ્યાં અને બીજે દિવસે ભોજનનું નિમંત્રણ આપવા આવ્યા ત્યારે સ્વામીએ વિચાર્યુ કે સન્માન થાય ત્યાંથી ખસી જવું જોઈએ. એ સમયે મહારાજે પ્રકરણ ફેરવેલું કે લોકો તરફથી પ્રશંસા થાય કે સારી રસોઈ મળે ત્યાં રહેવું નહિ, આસક્તિ વધારવી નહીં.

તેઓ જયાં જયાં જતા ત્યાં ત્યાં અનોખું આકર્ષણ જમાવતાં. સ્વરચિત કીર્તનો ગાતાં અને ઉપદેશ આપતા ત્યારે સૌ સ્તબ્ધ થઈ જતા. હિમાલયમાં જેમ ગંગાનો પ્રવાહ છૂટે તેમ મુક્તાનંદની વાણીથી સૌ કોઈ પ્રભાવિત થતાં.

વડતાલની એક સભામાં પચાસેક વૈરાગીઓની જમાત આવી. એમને ઘણો રોષ ઉપજયો હતો અને એમને કોણ શાંત પાડે ? મહારાજે મુક્તાનંદને તેડાવ્યાં. સ્વામી વેરાગીઓ પાસે જઈને મીઠાશથી વાત કરવા લાગ્યા : 'તમે તો વૈકુંઠનાથના માનીતા પાર્ષદ છો, તમને અમારી રક્ષા માટે ભગવાને અહીં મોકલ્યા લાગે છે !' આવી વાતોથી વેરાગીઓ શાંત પડયા એટલું જ નહિ પરંતુ ભૂલ કબૂલ કરીને માફી પણ માગી.

સ્વામી સંતોની વાત્સલ્ય અને મહિમાપૂર્વક સંભાળ લેતા, હેત કરતા ને નિર્ભય કરતા.

મહારાજ ઘણીવાર કહેતા : 'મુક્તાનંદજી તો સંતોની મા છે' એક પ્રસંગે સ્વામી વિશે વધારે વાત કરી : 'એમના બળની એમને ખબર નથી પણ અમે જાણીએ છીએ. અલ્પ જેવો જીવ હોય, પણ એ જો ધારે તો અષ્ટ આવરણો ભેદીને તત્કાળ ધામમાં પહોંચાડી શકે એવા સમર્થ છે. લોજમાં અમે એમનું તેજ જોયું હતું, તેવું અખંડ રહ્યું છે.

સ્વામીને સંગીતનું જ્ઞાન હતું, વીણા તથા સરોદવાદનમાં એ પારંગત મનાતા. એમને નૃત્યનું પણ જ્ઞાન હતું. રજવાડાંઓમાં ફરીને ગ્વાલિયરનાં એક ગવૈયા ગઢડા આવ્યા અને મહારાજની સભામાં એમની કળા રજૂ કરી. એ પ્રંસગે મહારાજની આજ્ઞાથી મુકતાનંદ સ્વામીએ પગે ઘુંઘરું બાંધ્યા અને પગના ઠેકા તો એવી કુશળ રીતે દીધાં કે એ વડે ભોંય ઉપર હાથીનું ચિત્ર દોરાયું. એ સુંદર ચિત્ર જોનાર પણ સમજી શકે કે નૃત્યમાં મુનિ કેવા પ્રવીણ હતાં. સંગીતમાં રજવાડાનાં માન–ચાંદ લઈને આવેલા પેલા ગ્વાલિયરના ગવૈયાઓ છક થઈ ગયા.

મુક્તાનંદજીને વૈદકનું પણ સારું જ્ઞાન હતું. નાડી પરીક્ષા વડે રોગ પારખવામાં એ પારંગત હતા. મહારાજ એમને નાડી બતાવતા અને મંદવાડ જણાય તો મુનિ એમને વિનંતી કરતા કે હરિભક્તો ઉપર કૃપા કરી મંદવાડ છોડી દેજો.

મુક્તાનંદ સ્વામી પાસે કેટલાંક સાધુઓ વિદ્યાભ્યાસ માટે રહેતા. એમને હેતથી વિદ્યા શીખવતા અને શિષ્યો એમના ગુણો મેળવી લેતા, ચારિત્ર્ય ઘડી લેતા. જે હરિભક્તો કોઈ ગ્રંથિથી પીડાતા હોય તેમને મહારાજ મુક્તાનંદ સ્વામી પાસે રાખતા અને શરીરની કે મનની કચાશનો ઉપાય કરાવતા.

મુક્તાનંદ સ્વામીને વિષે મહારાજ ગુરુભાવ રાખતા. હેત વર્ષાવતાં. ભૂલ ઓળખાવતાં. એક અદના આદર્શ મુમુક્ષુ સાધકની રીતે જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ વર્તી રહ્યા. મહારાજે આત્મનિષ્ઠા, દાસત્વ ને પતિવ્રતાપણાની અતિ ગંભીર વાતો કરી જે સમજવા છતાં વર્તનમાં મૂકવી અશકય હતી. એટલે લક્ષાવધિ મનુષ્યને ધ્યાનમાં લઈ કોઈક સરળ ઉપાય મુક્તાનંદ સ્વામીએ પૂછયો ત્યારે મહારાજે કહ્યું : 'તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે. એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે. માટે જેને ભગવાનના

ભક્તની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું અને આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ તો મુક્તાનંદ સ્વામી સારું કરી છે અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે ને એમને શરીરે મંદવાડ છે, તે રખે કોઈ વાતની સમજણમાં ખામી રહી જાયનહિ. એમ જાણીને આ વાર્તા કરી છે.' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! મેં પણ જાણ્યું છે જે, 'મારા સારુ જ આ વાર્તા કરી છે'[૩].

શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી : 'તમે જીવનપર્યત સંપ્રદાયની પુષ્ટિ માટે શાસ્ત્ર રચજો'.

આ આજ્ઞા અદ્ધર ઝીલીને મુક્તાનંદ સ્વામીએ સત્સંગનું સાહિત્ય રચવાનો ઉત્તમ પુરુષાર્થ કર્યો. તેમાં મોટું પ્રદાન 'વચનામૃત' સંકલનનું છે. શ્રીજીમહારાજની વાણીને લખીગૂંથી સંકલિત કરવામાં ચાર સદ્‌ગુરુઓ પૈકી તેઓ પણ એક હતા. કેટલાક ગ્રંથો તેમણે સંસ્કૃતમાં રચ્યા.જેવા કે બ્રહ્મસૂત્રોનું ભાષ્ય, ભાગવત્‌ના દશમસ્કંધનું ભાષ્ય, અનાદિ પંચ તત્ત્વોનું નિરૂપણ કરતો ગ્રંથ વગેરે મુખ્ય ગ્રંથો છે. એમણે રચેલાં પદ, આરતી, કીર્તન વગેરે ઘણું સાહિત્ય લોકજીભે રમી રહ્યું છે. કાવ્યોમાં દોહા, ચોપાઈ, ધ્રોળ, પ્રભાતી, ગોડી, ગરબી, એવી ઘણી વિવિધતા છે. શબ્દે શબ્દે ભક્તિભાવ નીતરી રહ્યો છે, અંતરની વાણી પ્રગટ થઈ છે.

સ્ત્રીઓમાં લગ્ન પ્રસંગ ગવાતાં બીભત્સ ગીતોને બદલે મુક્તાનંદજીએ શ્રીહરિની આજ્ઞાથી રુકિમણી વિવાહનાં અને બીજાં પદ રચ્યાં.

'મોહનને ગમવાને ઈચ્છો માનુની, ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો.
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો, હરિચરણે રહેજો અબળા થઈ છેક જો'.

એમણે રચેલાં આ પદ મહારાજે સભામાં ગવરાવ્યાં. આમ, ગુજરાતનાં ભાવિક નરનારને મુક્તાનંદ સ્વામીએ સાહિત્ય દ્વારા શ્રદ્ધા–ભક્તિનું અખૂટ ભાથું બંધાવ્યું છે. એનું મૂલ્ય પારખી મહારાજે એમને આજ્ઞા કરેલી તે મુજબ અંતકાળ સુધી સ્વામીજીએ સાહિત્યનું કાર્ય અખંડ કર્યું.

શ્રીહરિ ઘણીવાર કહેતાં કે, ભગવાનમાં ચિત્તવૃત્તિ રાખીને મધુર સ્વરે, મધુર વાજીંત્રો સહિત ભગવાનના કીર્તનોનું ગાન કરવાથી ભગવાન અતિ પ્રસન્ન થાય છે.

'સંગીત કરીને ભગવાનને પ્રસન્ન કરવા એ મૂળભૂત વસ્તુ છે ભગવાન સંબંધી વર્ણન જે કીર્તનોમાં હોય તેવા કીર્તન જેવી અન્ય કોઈ વસ્તુ નથી.

સંગીત સહિત કીર્તન બોલનારા ગવૈયા સંતોને, શ્રીહરિ બહુમાન આપતા સાકરનું જળપાતાં સંગીત સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થાય ત્યારે સંતોને પ્રસન્ન થઈને અમૂલ્ય ચીજો પણ આપતાં.

મુક્તમુનિ સંગીત વિદ્યામાં નિપુણ હતાં. તેઓશ્રી વિવિધ વાદ્યો બજાવતા. વિવિધ રાગના કીર્તનો પણ ગાતા. અરે ! કોઈ વખત તો નૃત્ય પણ કરતાં. આ બધી વિવિધ કળાઓથી તેઓ શ્રીહરિને પ્રસન્ન કરતા અને શ્રીહરિ પ્રસન્ન થઈને તેઓશ્રીને પ્રસન્નતાના પ્રતિક રૂપે અમુલ્ય વસ્તુઓ આપતા.એક વખત તો મુક્તાનંદ સ્વામીએ તંબુર અને મંજીરા સાથે ધનાશ્રી રાગ ગાયો તે સાંભળીને શ્રીહરિ આસનેથી સ્વામી પાસે આવ્યાં અને સ્વામીની પ્રસંશા કરતાં કહ્યું કે, "આવું ગાન તો આજે જ સાંભળ્યું"

શ્રીહરિ અને સંતો સંવત ૧૮૫૯ ની સાલમાં ગોંડલ પધાર્યા. ત્યારે શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ સરોદો બજાવીને કીર્તનો ગાયા. વસંત પંચમીના ઉત્સવમાં વસંતના પદો બોલીને શ્રીહરિને પ્રસન્ન કર્યા.

આદરજમાં કીર્તનો ગાયા. આ સિવાય વડતાલ, અમદાવાદ, ગઢડા વગેરે અનેક સ્થળોએ સંગીતમય કીર્તન ભક્તિ દ્વારા શ્રીહરિને પ્રસન્ન કર્યાના ઉલ્લેખો છે. 'સત્સંગી જીવન' પ્ર.ઉજા માં વડતાલના ઉત્સવ પ્રકરણ ફૂલડોલમાં ઉલ્લેખ છે કે શ્રીહરિ સન્મુખ મુક્તાનંદ સ્વામીએ વીણા બજાવીને અષ્ટપદી સ્તોત્ર ગાયું.

પીપળાવમાં સ્વામીશ્રીએ સ્વરચિત કીર્તનોનું ગાન કર્યુ ને શ્રીહરિએ ફૂલહારો આપ્યાં. વડતાલમાં મુક્તાનંદ સ્વામીના સંગીતથી પ્રસન્ન થઈને તેમણે પાદ્ય તથા કેવડાની ટોપી આપી. મચ્છીઆવમાં મુક્તાનંદ સ્વામીએ સરોદો બજાવીને ધનાશ્રી રાગમાં કીર્તન ગાયું જેથી શ્રીહરિ પ્રસન્ન થયા.

***મધુર સંગીત સહ કીર્તન ગાવાનું નિયમ :***

સંવત ૧૮૭૬ના માગશર સુદ ૪ ના દિવસે દોઢ પહોર રાત્રિ વીતી હતી એ સમયમાં શ્રીહરિ ચોકમાં પલંગ ઉપર વિરાજમાન હતા.

સંતોના આશ્રમમાં મુક્તાનંદ સ્વામી સરોદાના સુરસહિત 'બિહાગ' રાગના કીર્તનો ગાતાં હતાં. સાથે આધારાનંદ સ્વામી 'સૂર' પુરાવતા હતાં. બીજા સંતો પોઢી ગયા હતાં. કીર્તનનો સ્વર સાંભળીને શ્રીહરિની સમીપે સૂતેલા પાર્ષદો બોલ્યા કે 'બ્રહ્માનંદ' સ્વામી કીર્તન ગાય છે. શ્રીહરિ કહે ચાલો તપાસ કરીએ કારણ કે આ અવાજ બ્રહ્માનંદ સ્વામીનો નથી.

પાર્ષદો સહિત શ્રીહરિ સંતોના આશ્રમમાં આવ્યાં અને જોયું તો મુક્તાનંદ સ્વામી પ્રેમમગ્ન થઈને કીર્તન ગાતા હતાં. અન્ય સંતો પોઢયા હતાં. પછી આધારાનંદ સ્વામીએ આસન પાથરી દીધું. એટલે શ્રીહરિ બેઠા અને સંતો પણ જાગ્યા. કીર્તનો પુરા થઈ રહ્યા એટલે મુક્તમુનિની શ્રીહરિએ પ્રશંસા કરી.

મુક્તમુનિએ કહ્યું કે મહારાજ ! મારે હંમેશાં આ રીતે કીર્તન બોલીને શયન કરવું તેવો નિયમ છે.૪

*સંપ્રદાયના આદ્ય કવિ સ્વામીશ્રી :*

સંસ્કૃત સાહિત્યમાં શ્રી વાલ્મિક 1ષિને આદ્યકવિ માનવામાં આવે છે અને ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાને આદ્ય કવિ માનવામાંઆવે છે એમ આ ઉદ્ધવ સંપ્રદાયમાં મુક્તાનંદ સ્વામી આદિ કવિ છે. કારણ કે તેઓશ્રી રામાનંદ સ્વામીના સમયથી જ કાવ્યો બનાવતા. જે સમયમાં સંપ્રદાયમાંએક પણ કવિ ન હતા અને સહજાનંદ સ્વામી ૧૮૫૮ માં સંપ્રદાયના ગુરુપદે નિયુકત થયા. ત્યાર પછી થોડા વર્ષો બાદ બ્રહ્માનંદ સ્વામી વગેરે કવિઓ થયા. સ્વામીશ્રી આદિ કવિ છે તે બાબત પોતે જ પોતાના કીર્તનમાં જણાવે છે કે –

*"મુક્તાનંદ હજુરી હરિનાં, કર્યા થકી અન્ય કવિ ગાય રે"*

શ્રી કૃષ્ણ ભગવાન ગોકુળચંદ, ગિરધર, બંસીધર, રાધારમણ રુપે જે સ્વરૂપ પૂજય સેવ્ય અને ગેય છે. એજ 'દ્વારિકાધીશ' 'રણછોડરંગીલા' રુકિમણિપતિ તરીકે પણ સેવ્ય છે. એમ સંપ્રદાયની વિશુદ્ધ વિશિષ્ટ માન્યતા પણ સ્વામીશ્રીએ ઘણા કીર્તનો દ્વારા સ્પષ્ટ કરી છે. નંદનંદન અને ધર્મનંદન આ સ્વરુપની અને લીલાચરિત્રની સામ્યતાનું વર્ણન સ્વામીશ્રીએ અનેક કીર્તનોમાં કરેલ છે. આરતી કરત 'જોગ્યઅવતારી' તથા 'ભજ મન

ધર્મતનય નંદનંદ' રાધાજીના અંગની ઉપમા ઉપમેયનું વર્ણન કરતા કીર્તનો પણ ઘણા છે.તેમાં પણ આ પદની તો અદ્ભુત રચના છે. દ્વારિકાધીશ શ્રીકૃષ્ણનું વર્ણન કરતા કીર્તનો ઘણા છે. તેમાં પણ 'વાસુદેવ રુકિમણી સજે શણગાર' વગેરે પદો દૃષ્ટવ્ય છે.

આ સિવાય અન્ય કીર્તનોમાં સ્વામીશ્રીએ રાધાકૃષ્ણ સંબંધી શૃંગારરસ પણ વર્ણવ્યો છે. સંત મહિમા તથા સંતલક્ષણોના કીર્તનો તથા મલાર રાગના 'શામ ઘટા ચડી આયો' વગેરે કીર્તનોમાં શ્રીહરિની મૂર્તિ, તેની વાણી વગેરે સાથે મેઘની ઉપમા ઉપમેય તથા બપૈયા મોર વગેરે તથા પ્રાકૃતિક સૌન્દર્યની ઉપમા ઉપમેય દૃષ્ટવ્ય છે.

***બહેનને મુક્તિનો ઉપદેશ :***

મુક્તાનંદ સ્વામીના પૂર્વાશ્રમના બહેન ધનબાઈ નામે ધન્ય ભાગી હતા.તેમને સ્વામી પર અપાર સ્નેહ હતો. ભાઈ–બહેનને સ્વાભાવિક સ્નેહ હોય છે, પરંતુ આ બહેનનો સ્નેહ અદ્વિતીય હતો. તે ભાઈને જોઈને ઓછી ઓછી થઈ જતી હતી અને તેને જોયા વિના વ્યાકુળ થઈ બની જતી હતી. જયારે ભાઈએ સંસારનો ત્યાગ કર્યો ત્યારે તે જાણે પાંખ વગરની પંખીણી જેવી નિઃસહાય થઈ ગઈ હતી.

ભાઈને મળવા માટે તેનો અંતરાત્મા તલસ્યા કરતો. તેમણે મુક્તાનંદ સ્વામીને પાછા વ્યવહાર માર્ગમાં લઈ જવા માટે ઘણી વખત પ્રયત્નો કર્યા હતાં, પણ સ્વામીનો વૈરાગ્ય એ સાધારણ વાત ન હતી. મુક્તાનંદ સ્વામીના સ્થાને અન્ય વ્યક્તિ હોત તો એ બહેનના પ્રીતિના પૂરમાં તણાઈને જરૂર સંસાર વમળમાં ખેંચાયા વિના રહેત નહીં. પણ આ તો વૈરાગ્ય ભાવથી વિભૂષિત ત્યાગ મૂર્તિ મુક્તાનંદ સ્વામી હતા.

ધનબાઈ એક દિવસ ગઢપુર આવ્યા. દાદા ખાચરના દરબારમાં રહીને તેઓ રામકથા વાંચતા હતાં. તે સાંભળીને મુક્તાનંદ સ્વામીએ તેમના શિષ્ય શાંતાનંદજીને પૂછયું કે, આ કોણ રામકથા વાંચે છે ? શિષ્યે જવાબ આપ્યો કે 'એ તો ધનબાઈ આવ્યાં છે'

મુક્તાનંદ બોલ્યા, 'જે માર્ગીપંથી કોઈ સારા ન નીવડે, માટે એમને રજા અપાવી દો'

ધનબાઈએ અનેક વખત આ ભાઈને સંસારમાં પાછા ખેંચી જવાની કોશિશો કરી છતાં તે સફળ ન થઈ, ત્યારે તેણે છેવટે એ જ પ્રીતિનું વલણ પોતાના ભાઈની રુચિને

અનુકૂળ કર્યુ. સાચી પ્રીતિનું એ જ લક્ષણ છે કે પોતાનું સમસ્ત વ્યક્તિત્વ સ્નેહીની ઈચ્છામાં હોમી દે છે.

ધનબાઈએ ધાર્યું કે જયારે ભાઈએ આત્મકલ્યાણનો માર્ગ સ્વીકાર્યો છે ત્યારે તો મારે પણ એ જ માર્ગે જવું જોઈએ. ગમે તેમ તોયે પણ એ મુક્તાનંદ સ્વામી જેવા મહાવૈરાગ્યવાન ભાઈની બહેન હતી ને?

આમ વિચારીને ધનબાઈ એક દિવસ સહજાનંદ સ્વામી પાસે આવ્યા ને વિનંતી કરી, કે 'મારે પણ કલ્યાણની ઈચ્છા છે, તો મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરો કે તે મને ઉપદેશ આપી, મોક્ષ માર્ગબતાવે. હું એમનું વચન માની એ કહેશે તેમ કરીશ, એમના મુખની વાણી સાંભળવાની મને અતિ ઉત્કટ ઈચ્છા છે'.

સહજાનંદ સ્વામીએ તેમને કહ્યું, 'કે અમારા સાધુને સ્ત્રીઓના સંબંધમાં આવવાની મનાઈ છે, છતાં તમારો આવો કલ્યાણનો ખપ જોઈને અમે આજ્ઞા આપીએ છીએ કે મુક્તાનંદ સ્વામી અમુક સ્થળે બેસીને સભામાં વાત કરે તે તમે પડદા પાછળ રહીને સાંભળો, તે તમારે માટે ઉપદેશની વાત કહે એમ અમે ભલામણ કરીશું.'

આ વાતની જયારે મુક્તાનંદ સ્વામીને ખબર પડી ત્યારે તેમણે સહજાનંદ સ્વામીને કહ્યું કે, 'મહારાજ ! એ રીતે સાધુના નિયમો મારાથી પૂરા નહીં પાળી શકાય. હું સ્ત્રીને ઉદ્દેશીને વાત કેમ કરી શકું ? માટે આપ જો કૃપા કરીને મારી વાત સ્વીકારો તો હું કીર્તનના ચાર પદ સામાન્ય ઉપદેશના સ્ત્રીઓ માટે રચી આપું.

'તે ધનબાઈને આપો અને તેમાં તેમને અનુકૂળ ઉપદેશ આવી જશે.' સહજાનંદ સ્વામીએ તેમની તે વાત સ્વીકારી અને મુક્તાનંદ સ્વામીએ સંપ્રદાયના સાધુવર્ગના બંધારણનું નિયમોનું ભારપૂર્વક પાલન કર્યુ. એ પ્રસંગ સંપ્રદાયના ઇતિહાસમાં અમર પંક્તિએ લખાયો છે અને તે પછી મુક્તાનંદ સ્વામીએ નીચેની લીટીઓથી શરૂ થતા ચાર પદ રચી આપ્યાં, જે સત્સંગમાં શ્રેષ્ઠ કાવ્ય તરીકે પ્રસિદ્ધ છે.

*'મોહનને ગમવાને ઈચ્છો માનુની,*
*ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો,*

*પતિવ્રતાનો ધર્મ અચલ કરી પાળજો.*
*રહેજો હરિચરણેઅબળા થઈ છેક જો.*

* * *

*'સાંભળ બેની હરી રીઝયાનીરીતડી,*
*મોહન વરને માન સંગાથે વેર જો;*
*સાધન સર્વે માન બગાડે પળ વિષે,*
*જેમ ભળીયું પય સાકરમાં અહિઝેર જો.*

કેવા સુંદર ઉપદેશ ! કેવી નિર્માની બનવાની મીઠી સૂચના ? બેન માટે લખાયેલા કીર્તનના શબ્દો દરેક માનવ હૃદયના તારો ઝણઝણાવી નાખે તેવાં તેજસ્વી છે. સ્વામિનારાયણ સંપ્રદાય આવા નરપુંગવોથી તો ગૌરવાન્વિત બન્યો છે એમ કહેવામાં લેશ અત્યુક્તિ ગણાશે નહીં.

*મુક્તાનંદનું મહત્ત્વ :*

સહજાનંદ સ્વામી તો ગુરુના જેટલું મુક્તાનંદ સ્વામીનું માન રાખતા. તેમની ખૂબ આમન્યા પણ રાખતા. મુક્તાનંદ સ્વામી સભામાં બેઠા હોય ત્યાં સુધી સહજાનંદ સ્વામી વિનોદ કરીને હસતા પણ નહીં અને કયારેક જો આનંદ કલ્લોલ કરતા હોય અને મુક્તાનંદ સ્વામી સભામાં આવી જાય તો તેઓશ્રી ચૂપ થઈ જતા. એટલી એમની મર્યાદા સાચવતાં, સંપ્રદાયનું ગમે તેવું નાનું–મોટું કામ હોય અથવા કાંઈ મુશ્કેલી હોય તો પણ મુક્તાનંદ સ્વામીને પૂછીને તેમની સલાહ અનુસાર અમલ કરવામાં આવતો. પરમહંસોને દીક્ષા સહજાનંદ સ્વામી પોતે આપતાં પણ નામ તો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પાસે જ પડાવતા એટલું જ નહિ પરંતુ ભક્તોને વર્ષમાં એક માસ સુધી મુક્તાનંદ સ્વામીનો સત્સંગ કરવાની પણ આજ્ઞા આપી હતી.

હજારો મનુષ્યો હરિભક્તો તથા ત્યાગીઓને સહજાનંદ સ્વામીએ અનેકવાર સમાધિઓ કરાવી તથા મુક્તાનંદ સ્વામી દ્વારા પણ કરાવી, એકવાર ખુદ મુક્તાનંદ સ્વામીએ આ પ્રવૃત્તિ સામે શંકા ઊઠાવી છતાં મુક્તાનંદ સ્વામીને એકપણ વખત સમાધિ કરાવી નથી. તેઓ રાજી થતાં ત્યારે મુક્તાનંદ સ્વામી સરખું કલ્યાણ કરવાનું કહેતા.

એકવાર તેમણે મુક્તાનંદ સ્વામીનો મહિમા જણાવતાં શ્રીમુખે કહેલું કે, 'તમે કોઈ જીવને અહીંથી હાથે ઝાલીને ફેંકો તો તે અક્ષરધામ સુધી પહોંચે એટલું અમારું સામર્થ્ય છે'

*સ્વામીશ્રીનું બ્રહ્મધામ ગમન :*

આધારાનંદ સ્વામીએ "શ્રીહરિ ચરિત્રામૃત સાગર" ગ્રંથ લખ્યો છે. તે ગ્રંથના વકતા સર્વત્ર મુક્તાનંદ સ્વામી જ છે. શ્રોતા દાદાખાચર વગેરે ભિન્ન ભિન્ન છે. આ ગ્રંથના પુર ૧૦ ના તરંગ ૧ માં મુક્તાનંદ સ્વામી કહે છે કે 'આ ગઢપુરમાં અને આ ભવનમાં ઉગમણા બારની ઓસરીમાં સંવત ૧૮૮૪ ના આસો સુદી ૧૦ દશેરાને દિવસે શ્રીહરિએ મને આજ્ઞા કરી કે તમે દાદા ખાચરને તથા સર્વે ભક્તોને હમેશાં મારા ચરિત્રો કહેજો. એ શ્રીહરિની આજ્ઞા યથાર્થ પાળવા મેં પ્રતિજ્ઞા કરી. તેથી શ્રીહરિએ પ્રસન્ન થઈને મારી છાતીમાં પોતાના ચરણારવિંદ આપ્યા. ત્યારથી હું દરરોજ નિયમિત તમોને ભગવાનના ચરિત્રો સંભળાવું છું અને તે જ દિવસે મેં આ ધર્માખ્યાન ગ્રંથ લખવાનો આરંભ કર્યો છે. સ્વામીશ્રીએ શ્રીહરિ ધામમાં ગયા તો પણ પોતે જે નિયમ રાખેલો તે મુજબ હમેશાં હરિભક્તોને કથાવાર્તા કરતાં. સ્વામીશ્રીને જેટલા ચરિત્રો યાદ હતા તે બધા ચરિત્રો ભાવથી કહેતા. સ્વામશ્રીની વાતો કલ્પતરૂ અને ચિંતામણી તુલ્ય હતી. શ્રીહરિ ધામમાં જવાથી સ્વામીશ્રીને તે દુઃખ અસહ્ય હતું. છતાં જણાવા દેતા નહીં.

વૃદ્ધ શરીર અને શ્રીહરિના વિયોગનું દુઃખ અને ક્ષય રોગની બિમારી. આ બધા કારણોને લીધે શરીર બહુ જ અશકત થયું. તેથી સુતા સુતા પણ હરિ ચરિત્રો કહેતા અને ધર્માખ્યાનનું સંશોધન કરતાં. એક સમયે લખતાં લખતાં વૃદ્ધથાવસ્થાને કારણે હાથમાંથી કલમ પડી ગઈ ત્યારે ગોપાળાનંદે નિવૃત્તિ લેવા કહ્યું. એ સમયે નિત્યાનંદ સ્વામીએ સ્વામીશ્રીને વિનંતી કરી કે, 'સ્વામી આપનું શરીર બહુ જ અશકત છે, છતાં આપ પરિશ્રમ કરો છો. તો આપ હવે એ પરિશ્રમ છોડી દો અને આપનું જે કાર્ય બાકી હોય તે હું પુરું કરીશ. તેમાં જરા પણ ફેર નહીં પડે અને આપ આરામ કરો,નિત્યાનંદ સ્વામીની વાત સાંભળીને સ્વામી અતિ પ્રસન્ન થયાં અને નિત્યાનંદ સ્વામીના મસ્તકે સ્વામીએ પોતાના બંને હાથ મુકયા અને બોલ્યા કે 'નિત્યાનંદ સ્વામી મને તમારો સંપૂર્ણ વિશ્વાસ છે' અને તેથી જ તમને ભલામણ કરું છું કે આ ધર્માખ્યાન ગ્રંથનું સંશોધન કરીને તૈયાર કરજો.બંને

આચાર્યોને વફાદાર રહેજો અને સંપ્રદાયનો દિગ્વિજય કરજો. શ્રીહરિના પ્રતાપે તમને શાસ્ત્રાર્થમાં કોઈ જીતી શકશે નહીં.આ રીતે સ્વામીએ વરદાન આપ્યું. એ પછી લેખન કાર્ય સ્વામીએ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી છોડી દીધું. અષાઢ વદ એકાદશીને દિવસે સવારમાં મંદિરમાં ગોપીનાથ મહારાજના દર્શને જઈને પ્રાર્થના કરી હવે મને બોલાવી લો તે પ્રાર્થનાથી પ્રસન્ન થઈને શ્રીહરિએ દર્શન દીધા ને કહ્યું કે સ્વામી આજે મધ્યાહ્નને અમે તમને તેડવા આવીશું. પછી સ્વામી પોતાને આસને આવ્યા અને બપોરે બધાને બોલાવીને અંતિમ સમયે સર્વને ધર્મબોધ આપ્યો. આચાર્ય રઘુવીરજી વડતાલ જવાના હતાં તેમને રોકી રાખ્યાં. સ્થાનની પસંદગી મુક્તાનંદ સ્વામીએ જ કરી. શ્રીહરિની મૂર્તિ સામે પદ્માસન વાળી ધ્યાનમાં બેસી ગયાં. સંતોએ ભગવાનના નામનો જાપ શરૂ કર્યો. આધારાનંદ સ્વામી લખે છે કે પછીથી મુક્તાનંદ સ્વામીએ સદાને માટે સર્વ ઈચ્છાઓ ત્યજી દીધી.ઈન્દ્રિયોની વૃત્તિ સંકેલીને હૃદયમાં શ્રીહરિને ધાર્યા તેથી તેમને હૃદયમાં શ્રીહરિના દર્શન થયા. પોતે ત્રણ દેહથી પૃથક આત્મારૂપે થયા અને એ સમયે શ્રીહરિની ઈચ્છાથી ચૈતન્ય ભાગવતી શરીર સ્વામીશ્રીને પ્રાપ્ત થયું અને શ્રીહરિ સાથે સ્વામીશ્રી વિમાનમાં બેઠાં અને મુક્તો સહિત શ્રીહરિની સાથે સ્વામીશ્રી બ્રહ્મધામમાં ગયાં[૫].

આ રીતે શ્રીહરિ ધામમાં ગયા. પછી એકમાસ અને પંદર દિવસે સ્વામીશ્રી બ્રહ્મધામ પધાર્યાં.

***વચનામૃત અને મુક્તાનંદ સ્વામી :***

શ્રી સહજાનંદ સ્વામીએ પોતે જ પોતાના શબ્દોમાં જનતાને ધર્મોપદેશ આપેલો. તે ઉપદેશનો સંગ્રહ હમેશાં તેમની સાથે રહેનારા તેમના સંતોએ કરેલ છે. તેને પુસ્તકરૂપે તૈયાર કરીને તેનું 'વચનામૃત' નામ આપીને સત્સંગીજનો માટે તે સમયમાં જ તે સંતોએ પ્રસિદ્ધ કરેલ છે.

આ વચનામૃતની વિશિષ્ટતા એ છે કે આત્મા પરમાત્મા સંબંધી અધ્યાત્મ વિષયો સાધારણ જનતાને સમજવા માટે કઠીન વિષય ગણાય. શ્રી સહજાનંદ સ્વામીએ આ કઠીન અધ્યાત્મ વિષયની સમજ સરળ સાદી ગુજરાતી ભાષાના આ વચનામૃતમાં આપેલી છે. ૧૭૫વર્ષ પહેલા લખાયેલ આ વચનામૃતથી ગુજરાતી ભાષા ખરેખર અદ્‌ભુત છે અને

તેથી જ આ ગ્રંથ ભાષાકીય રીતે પણ અતિ મહત્ત્વનો છે. આ વચનામૃતની પ્રાથમિક નોંધ તૈયાર કરનાર શ્રીમુક્તાનંદ સ્વામી છે.

વિ.સં. ૧૮૭૬ની સાલમાં શ્રીહરિએ સ્વામીશ્રીને આજ્ઞા કરી કે, અમે જે જે વાત કરીએ તે તમારે સંભાળપૂર્વક લખી લેવી' આજ્ઞાનુસાર સ્વામીશ્રી શ્રીહરિની સાથે રહીને જે સમયે જે ઉપદેશ શ્રીહરિ આપે તે ઉપદેશ સ્વામીશ્રી નિયમિત હમેશાં લખતાં અને પછી શુકાનંદ સ્વામી વગેરે લહિયા સંતો પાસે તે નોંધને વ્યવસ્થિત રીતે સારા અક્ષરથી લખાવતા.[૬]

'વચનામૃત' પુસ્તકનું સંશોધન કરનાર સંતોમાં સ્વામીશ્રીનું નામ પ્રથમ છે. ૨૬૨ વચનામૃતોમાં સ્વામીશ્રીના એકના જ ૯૨ પ્રશ્નો છે. આ ઉપરથી સહેજે સમજાય કે સ્વામીશ્રીને અધ્યાત્મજ્ઞાન કેટલું છે અને તે અંગે વિશેષ જાણવાની ઈચ્છા કેટલી છે.

***વચનામૃતમાં સ્વામીશ્રીનો મહિમા :***

'અમે ગોલોકમાં ગયા ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા' ××× તેમાં કેટલાક તો ભગવાનના કીર્તનો ગાય છે. તે કીર્તનો પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના ગાય છે.'

'કામ, ક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તેતો ગુણથકી પર છે અને તે તમારા જીવમાં રહ્યો છે.' તે પૂર્વજન્મનો સંસ્કાર છે.

'મુક્તાનંદ સ્વામી આદિક સાધુના જે કાવ્ય કીર્તનને ગાવવાને સાંભળવા[૯].

'આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારૂ કરી છે અને મુક્તાનંદ સ્વામી ઉપર અમારે ઘણું હેત છે.[૧૦]

'અમે સ્વામીના દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.[૧૧]

મુળજીબ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામી ઈત્યાદિ સત્સંગી તેમણે ભગવાનને અર્થે અને સંતને અર્થે જે જે કર્યુ હતું તે કહી દેખાડયું.[૧૨]

'મુક્તાનંદ સ્વામી જેવા વાર્તા કરતા હોય તથા કથા વાંચતા હોય તેમાં વચમાં ડહાપણ કરીને પોતે બોલવું નહિ.(વ.લો.૮)

'જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠાહતા અને જેવી શ્રદ્ધાને ભગવાનનું મહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવુંને નવું છે.[૧૪]

'ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય. તેના નામ લઈ તેની પ્રાર્થના કરવી. તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય.[૧૫]

'મુક્તાનંદ સ્વામી જેવા હોય ને તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય.[૧૬]

'આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય.[૧૭]

'એવો તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે નહિ.[૧૮]

''મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે ××× આપણે બે જણ વનમાંજઈને ભગવાનનું અખંડ ધ્યાનકર્યા કરીશું.[૧૯]

'મુક્તાનંદ સ્વામીને કહ્યું જે તમે પણ પોતાના સંપ્રદાય સંબંધીને જો પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે દેહ પર્યંત કર્યા કરજો.[૨૦]

'એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી અને બીજા મુક્તાનંદ સ્વામી છે.[૨૧]

'મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ.[૨૨]

'મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું'[૨૩]

'આ મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ થયો છે.[૨૪]

'મુક્તાનંદ સ્વામીએ અને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે અમારે તો સમજણનુ અંગ છે.[૨૫]

'મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે 'અમારી નાડી જુઓ'[૨૬]

***સંપ્રદાયના સાહિત્યમાં સ્વામીશ્રી :***

સામાન્યતઃ તો આ સંપ્રદાયના દરેક પ્રાચીન ગ્રંથોમાં મુક્તાનંદ સ્વામીનું નામ આપણને વાંચવામાં આવશે જ. વિશેષમાં સત્સંગિજીવનમાં શ્રીહરિ અને સ્વામીશ્રીનો

લોજપુરમાં મેળાપ, જીવેશ્વરાદિ વિષયક પ્રશ્નોતર, સ્વામીશ્રીએ રામાનંદ સ્વામી પ્રતિ પત્ર લખેલ વગેરે બાબત સ.જી.પ્ર.પ્ર.માં આપણને વાંચવા મળે છે.

હરિભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિએ સ્વામીશ્રીને વડોદરા મોકલ્યાને ત્યાં ત્રણ મહિનાને પંદર દિવસ સતત રહીને સત્સંગ પ્રચાર કર્યો. પંડીતો સાથે શાસ્ત્રાર્થ કર્યો વગેરે બાબતનો ઉલ્લેખ સ.જી.પ્ર. ૪થા માં છે.

સ્વામીશ્રીના પૂછવાથી બ્રહ્મધામસ્થ ભગવતસ્વરૂપ અને ભૂતલસ્થ ભગવતસ્વરૂપ આ બંને સ્વરૂપો એકજ છે તેની વિશદ્ છણાવટ સ.જી.પ્ર.૩ માં છે.

ગઢપુરમાં અન્નકુટ પ્રસંગે સંતોને પીરસવાની સેવા સ્વામીશ્રીએ બજાવી તે લખાણ સ.જી.પ્ર. ૩ માં છે.

વડતાલમાં ફૂલદોલ ઉત્સવમાં વીણા બજાવીને સ્વામીશ્રીએ અષ્ટપદી સ્તોત્રગાયું તે વર્ણન સ.જી.પ્ર.૩ માં છે.

શિક્ષાપત્રી તથા સર્વમંગલસ્તોત્રમાં પણ સ્વામીશ્રીનો ઉલ્લેખ છે. ભક્તચિંતામણી, હરિલીલામૃત, હરિદિગ્વિજય વગેરે ગ્રંથોમાં પણ સ્વામીશ્રીના જીવન વિષે ઘણી માહિતી ઉપલબ્ધ છે.

આ લખાણમાં જેનો બહુધા આધાર લીધો છે તે 'શ્રીહરિ લીલા ચરિત્રામૃત સાગરમાં તો સ્વામીશ્રીના નામનો વારંવાર ઉલ્લેખ આવે છે કારણ કે આ ગ્રંથના વકતા જ સ્વામીશ્રી છે.

*હાટકેશ્વર મંદિરમાંકીર્તનો ગાયાં :*

વડનગરમાં શ્રીહરિ પધાર્યાં હતાં ત્યારે એકવાર એક સંગીતસભા થઈ. આ સભામાં સુપ્રસિદ્ધ ગાયક ગાંધર્વો પણ આવ્યા હતા. જેમાં સદારામ નામનો પ્રસિદ્ધ સંગીતકાર ગાંધર્વ પણ ઉપસ્થિત હતો. એ સભામાં મુક્તાનંદ સ્વામીએ આ કીર્તનો ગાયાં હતાં.

(૧) "સ્વામિનારાયણ, નારાયણ, સ્વામિનારાયણ સ્વામી"

(૨) "રાધે રાધે ગોવિંદા, રાધે રાધે ગોવિંદા ! ભજ રાધેરાધે ગોવિંદા"

(૩) "તુહિ તુહિ તું તુંરે રામ!"

સંગીત સભા પૂરી થયા બાદ શ્રીહરિએ સર્વ સંગીતકારોનું સન્માન કર્યુ હતું અને એ વખતે રૂા.૧૦૦નું દાન શ્રીહાટકેશ્વર મંદિરમાં આપ્યું હતું.[૨૭]

*ધર્મપુરમાં કીર્તનો ગાયાં:*

શ્રીહરિ ધર્મપુમાં પધાર્યાં ત્યારે સૌ સંતો સાથે મુક્તાનંદ સ્વામી પણ સાથે હતા. ત્યાંની સભામાં વાદ્યો સાથે મુક્તાનંદ સ્વામીએ નીચેનાં કીર્તનો ગાયાં હતાં.[૨૮]

(૧) "કુંવર કનૈયા ખેલે હોરી" (સવારની સભામાં)

(૨) "મોય મોહન મુખકી પ્યાસરી" (સાંજની સભામાં)

(૩) "જનઅંતરકી તુમજાન હો" (રાત્રિ સભામાં)

અમદાવાદમાં વસંતોત્સવ પ્રસંગે મુક્તાનંદ સ્વામીએ "જહાં વાસુદેવ ખેલત વસંત" એ કીર્તન ગાયું હતું અને શ્રીહરિ પ્રસન્ન થયા હતા.[૨૯]

નોંધ :

*मुक्तमुनि जो उदाश्च डेढ मास हश्चि पिछे श्चहे ।*
*तन सो श्चवे विचाश्च श्रीहश्चिचश्चित्र कहत हित ।।*[३०]

શ્રી મુક્તાનંદ સ્વામી શ્રીહરિ ધામમાં ગયા પછી દોઢ મહિના બાદ ધામમાં ગયા હતાં. એનું આ સ્પષ્ટ પ્રમાણ આધારાનંદ સ્વામીના ગ્રંથમાં પ્રાપ્ત થયું છે.

**મુક્તાનંદ સ્વામીના ગ્રંથોની સંક્ષિપ્ત સમીક્ષા**

**ધર્માખ્યાન :** આ ગ્રંથમાં સત્સંગી જીવન અને ભક્ત ચિંતામણી અનુસાર ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યથી સ્વધામગમન સુધીનું અલૌકિક લીલાચરિત્રોનું સંક્ષેપમાં વર્ણન કર્યુ છે. ધર્માખ્યાન યથા નામ તથા ગુણ જેવું સાર્થક છે આ ગ્રંથ ગઢપુરમાં સં.૧૮૮૫ ના શ્રાવણ સુદી ૩ ને દિવસે સંપૂર્ણ કર્યો છે. તેમાં ૧૩૨ કડવા, ૩૩ પદો અને ૯૭૦ ચરણ છે. બહુવિધ છંદો અને વૃત્તોથી ગૂંથેલો આ ગ્રંથ ગુજરાતી ભાષામાં છે.

**પંચરત્ન :** વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ધ્યાન અને વિજ્ઞાન,આ પાંચ વિષયોનું જુદું જુદું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ કૃતિ પણ ગઢપુરમાં સં. ૧૮૭૮નાં શ્રાવણ સુદ બીજને દિવસે શ્રીહરિની આજ્ઞાથી પૂરી કરી છે. આ ગ્રંથ હિંદીમાં છે .જેમાં ૪૪ દોહા અને ૭૭ ચોપાઈઓ છે.

**વિવેકચિંતામણી :** સત–અસત્ય વિવેકનું સવિસ્તર નિરૂપણ કર્યુ છે. જેમ, સુભાષિત રત્ન ભાંડાગાર આદિ સાહિત્ય ગ્રંથમાં વિવિધ વિષયોનું વિવરણ સંગ્રહિત થયું છે. તેમ આ ગ્રંથમાં સદ્‌ગુરુ, કપટગુરુ, આદિ ૬૪ અંગોનું વિવેચન સાખીઓમાં, સરળ ભાષામાં અને ભાવવાહી શૈલીમાં કરવામાં આવ્યું છે.

ચિંતામણીની માફક ચિંતિત અર્થને આપનાર હોવાનું એનું 'વિવેકચિંતામણી' એવું શ્રીહરિએ જ આપેલું નામ સાર્થક છે. આ ગ્રંથ શ્રીજી મહારાજની ખાસ આજ્ઞાથી ગઢડામાં સં.૧૮૮૨ના કૃષ્ણપક્ષ ગુરુવારે અધરન એકાદશીએ પૂરો કર્યો છે. જેમાં ૧૧૪૦ સાખીઓનો સમાવેશ કર્યો છે.

**ઉદ્ધવગીતા :** પ્રેમભક્તિનો ઉજ્જવલ પ્રકાશ પાથરનાર આ ગ્રંથ ભાગવતના દશમ સ્કંધમાં રહેલા ઉદ્ધવ ગોપિકાના સંવાદના ભાષાંતરરૂપ છે.જેમાંથી કૃષ્ણ વિષે ગોપીઓની કેવી શુદ્ધ હૃદયની ભક્તિ અને પ્રીતિ હતી. તેનું તાદશ્ય વર્ણન ખડું કરવાનો લેખકે અદ્‌ભુત પ્રયાસ કર્યો છે. આ ગ્રંથ ગુજરાતીમાં છે.તેથી ઓછું ભણેલાઓને પણ ઉપયોગી છે. આ ગ્રંથ સં. ૧૮૮૦નાં શ્રાવણકૃષ્ણ પક્ષની આઠમને બુધવારે ગઢડામાં પૂર્ણ કર્યો છે. તેમાં ૧૨૮ કડવાઅને ૨૭ પદો છે.

**સત્સંગશિરોમણિ :** આ ગ્રંથમાં ૨૪ અધ્યાયો છે. જેમાં સંપ્રદાયનાં વિવિધ વિષયો પર પ્રકાશ પાડતા સંવાદો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રીમુખે આપેલા સિદ્ધાંતરૂપ શાસ્ત્રોના સારરૂપ જવાબોથી ભરપૂર છે.

શ્રીહરિની પ્રેરણાથી આ ગ્રંથ ગઢપુરમાં સં. ૧૮૭૫ના અષાઢ માસની ચતુર્થીને સોમવારે પૂરો કર્યો હતો. જેમાં છંદ, ચોપાઈ અને દોહા–સોરઠા મળીને ૧૨૦૧ની સંખ્યા છે. સત્સંગી જીવનના ઉપયોગી સર્વજન હિતાવહ પ્રકરણનો અનુવાદ સરળ રીતે સમજવા આ ગ્રંથ દરેક સત્સંગીઓને એકવાર વાંચવો અને વિચારવો ઘટે છે.

**સતીગતા :** પૂર્વે કૈલાસમાં સતી પાર્વતીએ ગંગા આદિનારીઓને ઉદ્દેશીને શંભુના સાંનિધ્યમાં રહી સ્ત્રીઓના હિત માટે કરેલાં ઉપદેશ દ્વારા પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ સમજાવ્યો છે.

સત્સંગી જીવનના પાંચમા પ્રકરણનાં અધ્યાય ૩૦થી ૩૭ સુધી શ્રીહરિએ કરેલા પતિવ્રતા સ્ત્રીઓના ધર્મોનો ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ રૂપ આ ગ્રંથ છે. આમાં ૮૮ કડવા અને ૨૨ પદનો સમાવેશ થયો છે.

**શિક્ષાપત્રી :** આ ગ્રંથ સંસ્કૃત ભાષાનાં ૨૧૨ શ્લોકોનો હિંદી ભાષામાં પદ્યાનુવાદ છે.

**મુકુન્દ બાવની:** આ ગ્રંથ બ્રહ્મવિદ્યાના નામે પણ ઓળખાય છે.

શ્રી મુક્તાનંદ મુનિનું પૂર્વાશ્રમનું નામ મુકુંદ હતું તે પરથી ગ્રંથનું 'મુકુંદ બાવની' નામ રાખ્યું જણાય છે.

આ ગ્રંથમાં સર્વ શાસ્ત્રોનો સાર સરળ ભાષામાં રજૂ કર્યો છે. માનવ જન્મ આપીને મનુષ્યે સારા સદ્ગુરુનો સમાગમ સાચા ભાવે કરીને ધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય,મહાત્મ્યજ્ઞાન,ભક્તિ અને તે માટે જરૂરી શ્રદ્ધા, નિયમ અને સત્સંગ વગેરે સાધનો પ્રાપ્ત કરીને આત્યંતિક મોક્ષ મેળવવા માટેનું સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ ગ્રંથનો રચનાકાળ ઉપલબ્ધ નથી.

**ધામવર્ણનચાતુરી :** આ ગ્રંથમાં સત્સંગી જીવનપ્રકરણ ત્રણના અધ્યાય ૪૧ તથા ભ.પ્ર. ૧૫૯માં વર્ણવ્યા મુજબ એકાંતિક ભક્તિ પામવા માટે ગોલોક ધામનું અને તેમાં બિરાજમાન શ્રી રાધા–કૃષ્ણનું તેમના ગુણ, ઐશ્વર્યનું સરળ રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. કડવાને બદલે ચાતુરી શબ્દ વાપર્યો છે. જેથી ગ્રંથનું નામાભિધાન પણ જળવાઈ રહે છે. જેમાં ૧૮ ચાતુરી છે. ગ્રંથ નિર્માણ કાળ દર્શાવ્યો નથી.

**વાસુદેવાવતાર ચરિત્ર :** ભાગવત સ્કંધઅધ્યાય ૭માં બ્રહ્મા અને નારદજી વચ્ચે થયેલા સંવાદનું આ ગ્રંથમાંવર્ણન કર્યુ છે. વાસુદેવ ભગવાનના વારાહ, મત્સ્ય,કર્મ, નરસિંહ, વામન, રામ અને કૃષ્ણ વગેરે અવતારો અને તેમના ઐશ્વર્યપૂર્ણ કાર્યો અને જીવન–ચરિત્રનો ભાવાનુવાદ સરળ ભાષામાં આપ્યો છે તે સત્સંગીઓએ અવશ્ય વાંચવા જેવો છે.

**અવધૂત ગીતા :** ભાગવત સ્કંધ ૧૧ના અધ્યાય ૭–૮–૯માં ભગવાન શ્રીકૃષ્ણ અને ઉદ્ધવના સંવાદરૂપે અવધૂત ગીતા કે જે દત્તાત્રેય મુનિના ઉપદેશ ચરિત્રરૂપ છે તેનો

સંક્ષિપ્ત અને સરળ ભાવાનુવાદ આ ગ્રંથમાં સમાવિષ્ઠ થયો છે. આ ગ્રંથ સં. ૧૮૮૪ના ચૈત્રમાં રામનવમીને રવિવારે હરિ જયંતિએ શ્રીહરિની આજ્ઞાથી અને શ્રીહરિના ધામમાં વડતાલમાં જ પૂર્ણ થયો છે.

**ગુરુચોવીશી :** શ્રીભદ્ ભાગવત સ્કંધ ૧૧માં દત્તાત્રેય મુનિ અને યદુ રાજાના સંવાદરૂપે કહેવાયેલી કથા તે શ્રી અવધૂત ગીતા કે જેમાં દત્તાત્રેયે જે ચોવીસ ગુણ ગ્રહણ કરી ગુરુપદનું માહાત્મ્ય દર્શાવ્યું છે. આ ગ્રંથમાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને મુખ્ય ગુરુ તરીકે વર્ણવ્યા છે. કર્તામાં તેમણે મૂળદાસનું નામ આપ્યું છે પરંતુ કૃતિ તો મુક્તાનંદજીની જ રચેલી છે. આ ગ્રંથમાં ૩૩ છપય છે અને તે સં.૧૮૬૩ ના જયેષ્ઠ માસની કૃષ્ણ પક્ષની તેરસને શુક્રવારે પૂર્ણ કર્યો છે.

**કૃષ્ણપ્રસાદ :** સત્સંગી જીવનના પ્રકરણ ૪, અધ્યાય ૨૮ થી ૩૩ સુધીનો પદ્યમાં ભાવાનુવાદ કર્યો છે. સંત શ્રી સચ્ચિદાનંદ મુનિ ઉપર શ્રી દ્વારકાધીશ શ્રીકૃષ્ણે જે અનુગ્રહ વૃત્તાલયમાં આગમનરૂપે કર્યો તેનું વિવેચન એમાં હોવાથી તેનું નામ કૃષ્ણપ્રસાદ યથાર્થ છે. આ ગ્રંથ ગુજરાતી ભાષામાં ગરબી પદરૂપમાં હોઈ ગાવા સાંભળવામાં સરલ અને સરસ છે એના ૧૧૨ પદ છે અને ૧૧૨માં ગ્રંથ માહાત્મ્ય છે.

**નારાયણ–ચરિત્ર :** આ ગ્રંથ ભગવાન શ્રી સ્વામિનારાયણના આવિર્ભાવથી અંતર્ધાન થયા સુધીનો અદ્ભુત ચરિત્રના સંગ્રહરૂપ અને સત્સંગી જીવન ગ્રંથના છાયાનુવાદ જેવો છે. મંગળ બિહાગ જેવા રાગમાં અને હિંદી ભાષામાં રચાયો છે તેમાં ૩૪ પદ છે અને ગઢડામાં સં. ૧૮૮૨ ના જયેષ્ઠ વદી દસમને ગુરુવારે સંપૂર્ણ થયો છે.

**નારાયણ–કવચ :** શ્રીમદ ભાગવતના સ્કંધ ૬,અધ્યાય ૮ માં આવેલા નારાયણ–કવચનું પદ્યાત્મક ભાષાંતર છે. આ ગ્રંથ દોહા–ચોપાઈથી હિંદીમાં રચાયેલો છે.

**વૈકુંઠધામ દર્શન :** આ લઘુ ગ્રંથ ભાગવત સ્કંધ ૧૦, અધ્યાય ૨૮નો ભાવાનુવાદ છે. આ ગ્રંથ દોહા–ચોપાઈમાં છે. લોયાના ૧૮માં વચનામૃતમાં વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્ર દેખીને નારાયણનો ભાવ આવ્યો. એ કથાનો અંશ પણ ભળ્યો છે.

**ભગવત ગીતા ભાષા ટીકા :** શ્રીમદ્ ભાગવત ગીતા ગ્રંથનો પદ્યાત્મકમાં પાઠ કરવા માટે ઉપયોગી ભાવાનુવાદ કર્યો છે. આ ગ્રંથમાં શ્રીમનરામાનુજાચાર્યના ભાષ્યને અનુસરીને અર્થોનો ઉલ્લેખ મુખ્યત્વે કરાયો છે.આ ગ્રંથ સહજાનંદ સ્વામીની આજ્ઞાથી ગઢડામાં સં. ૧૮૮૨ના અષાઢમાં કૃષ્ણ પક્ષની ત્રીજને રવિવારે પ્રકાશિત કર્યો છે.

**કપિલ ગીતા :** આ ગ્રંથ ભાગવત સ્કંધ અધ્યાય ૨૫ થી ૩૩ સુધી કપિલ અને દેવહુતિના સંવાદરૂપે ચર્ચાયેલ તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. કાવ્યમાં કાર્યભેદનું વિવેચન કરવામાં આવ્યું છે. તેનો ભાવાનુવાદ છે.

**નારાયણ ગીતા :** સત્સંગી જીવન પ્રકરણ ૨, અધ્યાય ૭નો ભાવાનુવાદ કાવ્યમય રીતે આ ગ્રંથમાં કર્યો છે. આ ગ્રંથ ગુજરાતીમાં ગઢડામાં વાસુદેવ નારાયણ સમક્ષ રચ્યો છે, જેમાં દોહા– ચોપાઈ અને સોરઠા મળીને ૧૮૨ની સંખ્યા છે.

**રુકિમણિ વિવાહ :** આ લઘુ ગ્રંથમાં શ્રીકૃષ્ણ ભગવાન સાથે થયેલાં શ્રી લક્ષ્મીના અવતારભૂત રુકિમણિના વિવાહ મંગલના વર્ણનરૂપ પદ્યાત્મક ભાવાનુવાદ લોકોના મનોરંજન માટે સુંદર શૈલીમાં કર્યો છે. જે સત્સંગી સ્ત્રીસમુદાયમાં ઉત્સાહપૂર્વક ગવાય છે. શ્રીહરિની પાસે આજ્ઞાથી આ ગ્રંથની રચના થઈ છે જેમાં૧૧ વિવાહ મંગલ અને ૪ ફટાણાંના મળીને કુલ ૧૫ પદ છે.

સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીએ શીઘ્ર આરતી રચી સંપ્રદાયને એક અમર પ્રશસ્તિ કાવ્ય પ્રદાન કર્યું. ભગવાન સ્વામિનારાયણનાં મહિમાનું રચાયેલું આ સર્વપ્રથમ પદ આજે લાખો ઘરોમાં આરતી તરીકે સવાર સાંજ ગવાય છે. આ પદના રચયિતા મુક્તાનંદ સ્વામી સંપ્રદાયનાં આદિ કવિ તરીકે અમર બની ગયાં.

*મુક્તાનંદ સ્વામીની સંસ્કૃત રચના*

૧. હરિવાકયસુધા સિંધુ(વચનામૃત) (અન્ય સદ્ગુરુઓ સાથે)

૨. બ્રહ્મસૂત્ર ભાષ્ય

૩. સત્સંગી જીવન માહાત્મ્ય

૪. હનુમંત અષ્ટ્રોતર શત નામાવલિ

૫. નિર્ણયપંચક

૬. હનુમંતકવચમંત્રપુરશ્ચરણ વિધિસ્તોત્ર

અષ્ટસંતકવિઓને પોતાની આગવી કવિપ્રતિભા છે.

અષ્ટસંતકવિઓની પરંપરામાં મુક્તાનંદ સ્વામી એટલે સહજ સરળતા અને સાધુતાનો સમન્વય. દાસત્વભાવે આલેખાયેલ સગુણભક્તિની રમણીયતા તેમનાં શુદ્ધાદ્વૈતનાં પદોમાં જોવા મળે છે. તેમણે શૃંગારની પરિભાષાને વાત્સલ્યના રૂપમાં આલેખી છે.

*પ્રેમ–રસાયન જે જન પામે, તેનો તે મારગ ન્યારો રે,*
*પિંડ બ્રહ્માડમાં પ્રીત ન રાખે,ઉર ધારે પ્રભુ પ્યારો રે'*

વૈરાગ્ય એ જ ભક્તિનું અંગ છે તેનું આલેખન આ પંક્તિઓમાં છે. કૃષ્ણની કામણગારી આંખોની જાદુ કવિ કંઈક આ રીતે આલેખે છે :

*'કાળજડું કોરીને પેઠી,શ્યામ નયન કટારી રે'*

***

*'તારી વાંસલડી વ્રજરાજ, ચિતડુંચોરે રે,*
*તારાં નયણાંનંદ કુમાર, કાળજ કોરે રે'*

મુક્તાનંદ સ્વામીની અચળ નિષ્ઠામાટે પ્રભુ એક જ આધાર છે અને તે ન હોય તો ભક્તની સ્થિતિ કેવી થાય તેનું વર્ણન આ પદમાં છે.

*'મેરે તો એક તુમહી આધારા,*
*નાવ કે કાગકી ગતિ ભયી ન્યારી,*
*જહાં દિખો તહાં જલનિધિ ખારાં'*

મીરાંનું 'ગોવિંદો પ્રાણ અમારો રે. મુને જગ લાગ્યો ખારો રે' નું સ્મરણ કરાવે તેવું આ પદ છે. મીરાંની જેમ મુક્તાનંદ પણ અખંડ સોહાગની માંગણી કરે છે. 'માય મેં તો પુરુષોત્તમ વર પાયો', 'પિયા પાયા તો ફિર કયા સોના' જેવા મુક્તાનંદ સ્વામીના પદોમાં સ્નેહ સાથે કેફ અને ખુમારી છે.

*'ગિરધારી રે સખી ! ગિરધારી,*
*મારે નિરભે અખૂટ નાણું ગિરધારી'*

***

*'માધોજી ! મેરો તો તુમહી એક પાઉં ઘરન કો ઠીંકાનો'*

કવિનો 'ઉદ્ધવગીતા', 'મુકુંદબાવની', 'સતીગીતા' જેવી પ્રતિષ્ઠિત રચનાઓમાં પણ પ્રેમલક્ષણા ભક્તિનો સૂર મળે છે :

*'ઉદ્ધવજી અમે અધિક ભોળાં, જાણ્યું નહિ છળ લેશ.*
*મન કર્મ વચને માનિયો, કપટી તેણો ઉપદેશ.*
*પારધિ જેમ કુરંગને, સુંદર સુણાવે નાદ,*
*પછી એ મારે બાણ તનમાં, એવો મળ્યો રસાસ્વાદ'*

મુક્તાનંદ સ્વામીએ પ્રાપ્તિનો કેફ, ધન્યતાને સુંદર રીતે ગાઈ છે :

*'આનન્દ ઉરમાં હે હો, ભારી,*
*શિરપે ગાજે ગિરિવરધારી.*
*નિર્ભય નોબત રે હો, વાગી.*
*કહે મુક્તાનન્દ, ભ્રમણા ભાગી !'*

મુકતાનંદ સ્વામીએ ગોપીની પ્રભુ માટેના પ્રેમની પરાકાષ્ઠા વર્ણવી છે. 'પિયા' માં જ તેનું સર્વસ્વ સમાયેલું છે. ગોપીનો પ્રેમ શારીરિક આકર્ષણથી પર થઈ આધ્યાત્મિક સમજ પર આગળ વધે છે.

મુક્તાનંદ સ્વામીની વ્રજહિન્દી કવિતા તેમના વ્યાકરણ જ્ઞાનથી પરિચિત કરાવે છે. ગુજરાતી ભાષા જેટલીજ સહજતા આ વ્રજ હિન્દી ભાષાની કવિતામાં મળે છે. અલંકારમાં ઉપમા, કલ્પન, વિરોધાભાસ પ્રચુરમાત્રામાં મળે છે. મુક્તાનંદ સ્વામીનું સંગીતનું જ્ઞાન તેમનાં પદોના લયમાં પ્રગટે છે. મુક્તાનંદ સ્વામીએ કરેલું કૃષ્ણ ગુણસંકીર્તન ભાષાને ધન્ય બનાવે છે.

મુકતાનંદ મુક્તિનો મારગ દર્શાવે છે પોતાની પદકવિતામાં કૃષ્ણનાં નિરૂપણ દ્વારા આવો, એ પ્રેમલક્ષણાભક્તિનું ગાન આપણાં ઉરે ધરીએ આ પદોનાં અવલોકન વડે, આ પદોનાં સ્મરણ વડે, હૈયે પાંગરતી ભક્તિનાં મૂળ બની રહે એવી કૃષ્ણ નિરુપિત કવિતાની છે મુકતાનંદની પદસૃષ્ટિ.

(રાગ : ગરબી)

*વા'લા રૂમઝૂમ રતા કા'ન, મારે ઘેર આવો રે,*
*મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે.... ૧*
*મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે,*
*મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે....૨*
*વા'લા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે,*
*હું તો જન્મોજનમની નાથ, દાસી તમારી રે.... ૩*
*મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે,*
*પળ રહો મા નટવર નાથ, મુજથી ન્યારા રે.... ૪*
*આવો છોગાં મેલીને શ્યામ, ઘડક મ ધારો રે,*
*મેંતો ફૂલડે સમારી સેજ, શ્યામ સુધારો રે.... ૫*
*વા'લા નયણાંતણું ફળ આજ, મુજને આપો રે,*
*મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાંકાપો રે.... ૬*

પ્રસ્તુત પદ વડોદરાના ગાયકવાડની સભામાં ધર્મના શાસ્ત્રાર્થ માટે જતાં મુક્તાનંદે રસ્તામાં નાચતાં નાચતાં રચ્યાનું કહેવાય છે. આ પદમાં નૃત્યનો ઉલ્લાસ પદ લયની ગતિમાંયે વરતાય છે. મુક્તાનંદના આ પદમાં ગોપી શ્રી કૃષ્ણ ભગવાનને પોતાને ઘેર પધારવા ભાવભર્યુ નિમંત્રણ આપે છે. ગોપીને શ્રી કૃષ્ણ માટે સહજ અને ઉત્કટ પ્રેમ છે. એ પ્રેમને માટે એણે કુટુંબની માનમર્યાદાની પરવા કરી નથી. ભગવાનની સાથેના પ્રેમનો મામલો હોય ત્યાં કુટુંબ–સંસારની બાધાઓને કોણ માને ? ગોપીનેતો શ્રીકૃષ્ણ પ્રાણના આધારરૂપ છે. એમની સાથેનો સંબંધ એ કંઈ આ ભવમાં શરૂ થયો માનતી નથી, એ તો ભવોભવનો સંબંધ છે. એ તો ભવોભવથી શ્રી કૃષ્ણની પોતે દાસી હોવાનું માને છે અને તેથીજ ગોપી શ્રી કૃષ્ણની સેવા ઈચ્છે છે. એ માટે શ્રીકૃષ્ણનું સાંનિધ્ય વાંછે છે. એને જન્મ મળ્યાની કૃતાર્થતા પણ ત્યારે જ સમજાય એમ છે જયારે શ્રી કૃષ્ણ સાથે પોતાનું સાયુજય સધાય. એટલા માટે તો શ્રી કૃષ્ણને માટે સુખશય્યા બિછાવી રાખે છે. શ્રી કૃષ્ણનું જીવનના એકાંતમાં પૂર્ણ મિલન એ વાંછે છે. એ ઈચ્છે છે શ્રી કૃષ્ણનું દર્શન. ભગવાને નેત્ર આપ્યાં

તો નેત્રના ફળરૂપે દર્શન પણ આપવાં જોઈએ ને ? ભગવાન પોતાના જેવી અબળા નાર પર કૃપા કરે એમાં એમની વડાઈ છે. ગોપી ઈચ્છે છે કે શ્રી કૃષ્ણ પોતાના ઘરે ઉલ્લાસથી પધારે. એ રૂમઝૂમ કરતા આવે. માથે સુંદર મોરમુગટ આદિ સજીને આવે. એ જરાયે ક્ષોભ વગર પોતાની કને આવે, પોતાને પ્રેમથી હસીને બોલાવે. પોતે તો સ્વાગતોત્સુક નાયિકા તરીકે ઉપસ્થિત છે જ. પોતે તો સતત શ્રી કૃષ્ણનુ ંસાંનિધ્ય વાંછે છે. તેની તો દઢ પ્રતીતિ છે કે પોતાના કોડ જો પૂરાં કરી શકે તો એકમાત્ર શ્રી કૃષ્ણ જ છે. શ્રી કૃષ્ણ જ એના માટે તો સૌભાગ્યના અધિષ્ઠાતા – સોહાગી છે. ગોપી તો શ્રીકૃષ્ણના સાંનિધ્યમાં જ જીવનનો સાચો રસ, સાચો આનંદ માણી શકવાની. તેથી તો તે આગ્રહપૂર્વક શ્રી કૃષ્ણને આવવાની વિનંતી કરે છે શ્રી કૃષ્ણ આવશે પછી કોઈ દુઃખ રહેનાર નથી.

આ પદમાં ગોપીનો હૃદયભાવ સરળતાથી અને સ્પષ્ટતાથી પદમાં રજૂ થયો છે. પદનો ઢાળ ગોપીના હૃદયભાવને વશ વર્તે છે. પ્રાસયોજનામાં સ્વાભાવિકતા છે તે જોઈ શકાશે પદ સુગેય છે.

(રાગ : ગરબી)

*સાંભળ બેની હરિ રીઝયાની રીતડી,*
*મોહનવરને માન સંગાથે વેર જો;*
*સાધન સર્વેમાન બગાડે પળ વિષે,*
*જેમ ભળિયું પય સાકરમાં અહિ–ઝેર જો... સાંભળ ૧*
*દાસી થઈ રહેજે તું દીનદયાળની,*
*નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;*
*ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતીનથી,*
*પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો... સાંભળ ૨*
*પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,*
*દાઝીશ મા દેખી કે'નું સન્માન જો;*
*મુક્તાનંદના નાથ મગન થઈ સેવજો,*
*તો રીઝવે રસિયો સુંદરવર કહાન જો... સાંભળ ૩*

સ્વામી મુક્તાનંદે આ પદ તેમનાં બહેનને ઉદ્દેશીને લખ્યું હોવાનું મનાય છે. આ પદમાં કવિ 'હરિ રીઝયાની રીતડી' સમજાવે છે. એક ગોપી શ્રીકૃષ્ણના પ્રેમરસની અનુભવી ગોપી બીજી ગોપીને કહેતી હોય એ રીતની અહીં પદાભિવ્યક્તિ છે.

અહીં પેલી અનુભવી ગોપી અન્ય ગોપીને હરિને પ્રસન્ન કરવાની રીત સમજાવતાં કહે છે : શ્રીકૃષ્ણને અહંકાર–અભિમાન સાથે વેર છે, કેમ કે તે ભક્તમાં જો અહંકાર–અભિમાન હોય તો પછી ઘણી બધી બાબતો વિકૃત થાય છે. દૂધમાં સાપનું ઝેર ભળતાં દૂધ જેમ પીવા લાયક ન રહે તેમ જે પ્રીતિમાંઅહંકાર ભળે એ પ્રીતિ પણ બેસ્વાદ બની જાય. કદાચ એવી પ્રીતિ પ્રીતિ જ હોતી નથી. ભગવાન એવી પ્રીતિનો સ્વીકાર પણ કરતાં નથી. એ તો ભક્ત પાસે પૂર્ણ સમર્પણ વાંછે છે. પૂર્ણ સાયુજય માટે અહંમુક્તિ–માનત્યાગ અનિવાર્ય છે.

જો ગોપી અહંનો, માનનો ત્યાગ કરશે તો તે શ્રીકૃષ્ણની વધારે સારી રીતે સેવા કરી શકશે. ભગવાનનું સાંનિધ્ય પણ બ્રહ્મા, શંકર વગેરેને તો દુર્લભ છે. ગોપીને પ્રેમના અધિકારે એ સાંનિધ્ય સહજ રીતે જ મળશે. પરમાત્માના સાંનિધ્યમાં રહેવું અને તેમની જે કંઈ સેવા કરવાની તક મળે તે ઊલટથી, સદ્‌ભાગ્યને આવકારવામાં આવે એ રીતે આવકારીને લેવાય એ ઈષ્ટ છે. ભગવાનની ટહેલ–ચાકરી, ભલેને નીચા પ્રકારની મળે, પરંતુ ભગવાનનો જે સાચો દાસ છે તે તો એવી ચાકરીમાંયે અપાર આનંદ માણવાનો. એ રીતે 'નીચી ટહેલ મળે તો માને ભાગ્ય' એ દાસ્યભક્તિની પરાકાષ્ઠા સૂચવતી ઉક્તિ છે.

ભગવાનને તો અનેક ભક્તો રહેવાનાં. ભગવાનનો પ્રેમ માત્ર એક ગોપી પૂરતો સીમિત નહિ રહેવાનો. એતો જે કોઈ માન ત્યાગીને એમના શરણે આવે તેનો પ્રેમથી સ્વીકાર કરવાનાં. તેથી જ અહીં ગોપીને એવી શીખ આપવામાંઆવે છે કે તારે કદીયે અદેખાઈ કે અસૂયા કરવી નહીં, ઊલટું ભગવાન જો બીજા પ્રત્યે સ્નેહ દાખવતા હોય તો તેથી રાજી થવું. ભગવાનને હંમેશાં પૂરી પ્રસન્નતાથી સેવવા ને તો જ તેઓ પ્રસન્ન થશે અને અલૌકિક આનંદનો અનુભવ કરાવશે.

પદ પ્રાસાદિક અને સુગેય છે. એનો ઢાળ પણ જાણીતો છે. 'પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો' જેવી ઉક્તિમાં કેવી ઘરેળુતાથી ને છતાં કાવ્યાત્મકતાથી અંદરની વાત રજૂ થઈ છે તે જોવા જેવું છે.

(રાગ : સામેરી)

*પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે;*
*જાતિ વરણ ને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિપ્યારી રે.... પ્રેમી ૧*
*પ્રેમ ન નીપજે દેશવિદેશે, પ્રેમન હાટે વેચાય રે,*
*પ્રેમીના પાસંગમાં જે શીશ સોંપે, તે નર પ્રેમી થાય રે.... પ્રેમી ૨*
*પ્રેમની વાત સુણી પરીક્ષિત, સવળી સમજણ નવ લીધી રે;*
*સમજીને શુકમુનિએ રસને છપાડયો,મોક્ષ રીત કહી દીધી રે...પ્રેમી ૩*
*વ્રજવનિતાના પ્રેમનીઆગે, ઉડયા કોટિ કબીરા રે;*
*મુક્તાનંદ એ પ્રેમનો મારગ, સમજે તે સંત સુધીરા રે... પ્રેમી ૪*

મુક્તાનંદે આ પદમાં પ્રેમભક્તિનો મહિમા કર્યો છે. ભગવાનને મેળવવા માટે સૌથી વધુ અસરકારક સાધન પ્રેમ છે. જ્ઞાન પણ એની બરોબરી કરી શકતું નથી. જે પ્રેમનો અનુભવ વ્રજની ગોપીઓને છે. પ્રેમની આગળ તો કબીર જેવા કરોડો જ્ઞાનીઓ પણ શું વિસાતમાં ? એ પ્રેમની વાત તો કોઈ શુકદેવજીજ સમજીશકે, પરંતુ શુકદેવજીપણ એ તો સમજતા જ હતાં કે પ્રેમની વાત સૌના માટે હોતી નથી ? પરીક્ષિત જેવો રાજાય એમની પ્રેમની વાતનો મર્મ પૂરો ગ્રહવા અસમર્થ હતો અને તેથી જ તેનેય મોક્ષની જ વાત સમજાવીને સંતોષ માન્યો.

આ પ્રેમ–ને તે ય ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ એક અસાધારણ ચીજ છે. તે કંઈ બજારમાં વેચાતી મળે એવી ચીજ–બજારુ ચીજ નથી. એ તો શિર સાટે મળે એવી મોંઘેરી ચીજ છે. મુક્તાનંદ તો કહે છે કે જે નર પ્રેમીના પાસંગમાં પોતાનું માથું સોંપે છે તે જ ખરો પ્રેમી થાય છે. મુક્તાનંદે અહીં 'પાસંગ' શબ્દ સચોટ રીતે પ્રયોજયો છે. પાસંગ એટલે 'ત્રાજવાનો ઘડો કાઢવા એક તરફ રખાતું વજન' એક પલ્લામાં પરમાત્માનો પ્રેમ તો સામે પલ્લે ભક્તનું માથું, આ રીતે ભક્ત ને ભગવાન વચ્ચે પ્રેમનો સમતોલ વ્યવહાર ચાલે છે.

પ્રેમ તો પરમાત્માની કૃપા હોય તો હૃદયમાંથી નીપજે. એ કંઈ દેશ– વિદેશમાંથી મળી શકે એવી બાહ્ય ચીજ છે ? આ પ્રેમનો માર્ગ જેમ શૂરવીરતા તેમ ધીરતાયે માગે છે. ઈશ્વરી પ્રેમના મારગને જેઓ સમજે છે તેઓ ધૃતિવાન સંતો છે એમ કવિ દર્શાવે છે.

જેઓ સ્વયં સ્નેહના અવતારરૂપ છે, કામદેવને ય વશ કરે એવા સુંદર અને આનંદસ્વરૂપ છે એ પરમાત્માયે ભક્તિને તુરત વશ થાય છે. ભગવાનભક્તની નાતજાત કે રૂપરંગ જોતા નથી, એની ભક્તિ– એનો પ્રેમ જુએ છે. ભગવાનને પણ પ્રેમથી ચઢિયાતું અન્ય કશું નથી. ભગવાન જેનો અંગીકાર કરે છે તેનામાં પ્રેમની અઢળક શક્તિ મૂકે છે. એવા પ્રેમીજનો ભક્તજનોને મુક્તાનંદ ઊંચી પ્રતિષ્ઠા આપે છે.

આ પદમાં ભાષા સાદી ને સરળ છતાં એમાંના ઉન્નત વિચારભાવને કારણે પ્રભાવક બનેલી વરતાય છે.'પ્રેમીના પાસંગમાં જે શિશ સોંપે, તે નર પ્રેમી થાય રે' જેવી પંક્તિ સ્વતંત્ર સૂક્તિરૂપેય આસ્વાદ્ય બની રહે છે. મુક્તાનંદની કવિતા શુષ્ક જ્ઞાનબોધની કવિતાનથી, પ્રેમની આર્દ્રતા પણ એમાં અત્રતત્ર અનુભવાય છે. આ પદમાં એ આર્દ્રતા સૂચવાય છે. આ આર્દ્રતાના અનુભવે જ આ પદમાં પ્રેમની વાત માર્મિકતાથી કથાઈ છે.

(રાગ : કેદારો)

*માવજી મુજ પર ખૂબ અઢળક ઢળ્યા, માહરું મંદિર ધામ કીધું ;*
*સુખતણા સિંધુ સહેજે મળ્યા શામળો, તમ થકી માહરું કાજ સીધું....* ૧
*દીન દુર્બળ તણી પીડ જાણી તમે, મુજ પર મહેર અતિશે જ કીધી;*
*દોહલી વેળાના દામ છો નાથજી, શામળા મારી સંભાળ લીધી....* ૨
*જે સંગ નેહ કર્યો તેને નવ વીસરો, ભક્ત વત્સલ તમે અધિક રસિયા;*
*બિરુદ પોતાતણું સત્ય કરવા તમે, માહરે મંદિરે નાથ વસિયા....* ૩
*આજ અમૃત તણા મેહુલા વરસિયા, ભવ તણી ભાવટ આજ ભાંગી;*
*આજ મુક્તાનંદ અધિક સુખ ઊપજ્યું, તમ સંગ શ્યામ દૃઢ લગની લાગી...૪*

મુક્તાનંદે આ પદમાં માવજીના મિલનનો આનંદ ગાયો છે. હરિકૃષ્ણ સુખના સાગર છે અને તેથી તેમના મિલનથી ભક્તને કેવળ આનંદ જ થાય છે. પ્રભુ પોતા તરફ

ઢળે ને તેય અઢળક ઢળે એ કોને ન ગમે ! જે સ્થળનો કશો મહિમા ન થાત એ સ્થળ જ શ્રીહરિ આગમને – નિવાસે દિવ્ય ધામ બનીરહે છે !

ભગવાન ભક્તનાં સર્વ કાર્ય સિદ્ધ કરે છે; પરંતુ ભક્તના કોઈ પણ કાર્યમાં ભગવાનને સંબંધ હોય જ એ યાદ રાખવું ઘટે. શ્રીહરિ દીનતાભાવે,નમ્રતાથી પોતાને શરણે આવેલા જીવને કૃપાપ્રસાદ અર્પે જ છે; શ્રીહરિ તેની સારસંભાળ લેતા જ હોય છે. તેઓ ભક્તવત્સલ હોઈ ભક્તની પ્રીતિભક્તિને જરાય ભૂલતા નથી. પોતે ભક્તાધીન થઈને રહેવા–વર્તવામાં આનંદ માણે છે. ભક્તને પણ ભગવાન મળતાં અમૃતના મેહ ઝીલવા મળ્યા હોય એવો આનંદ, એવી કૃતાર્થતા થાય છે.

આ કાવ્યમાં કવિનું ભાષાકર્મ ધ્યાનપાત્ર છે. 'ખૂબ અઢળક ઢળ્યા', 'સુખતણા સિંધુ સહેજે મળ્યા શામળો', 'દોયલી વેળાના દામ છો નાથજી', 'ભવ તણી ભાવટ આજ ભાંગી' આ પંક્તિ ખંડોમાં જે વર્ણસંયોજન છે તે પંક્તિની સુશ્લિષ્ટતા વધારવા સાથે જે તે ભાવનીરમણીયતાને ઉપસાવવામાં પણ સહાયક થાય છે. શ્યામ પ્રત્યે દઢ લગની અને લાગણી છે તેથી તો મુક્તાનંદને શ્યામમાં સુખનો સાગર, અમૃતનો મેહ વગેરેની પ્રતીતિ થાય છે. 'અઢળક ઢળિયો રે શામળિયો' એ સુદામામિત્ર કૃષ્ણનું વર્ણન ભટ્ટ પ્રેમાનંદે કર્યું જ છે. આ કાવ્યમાં પણ શામળિયાનું ભક્ત પ્રત્યે જે અઢળક ઢળવાપણું તે બરોબર બતાવ્યું છે. ભગવાન પોતાના ભક્ત માટે થઈને કેટકેટલી જવાબદારી ઉપાડે છે ! ભક્તનું મંદિર ધામરૂપ બને છે તે ભગવાનની જ પધારામણીએ.

અહીં ઝૂલણા છંદનો ધીરગંભીર લય છે. મુક્તાનંદની પદાવલિમાં ભાવનું ગાંભીર્ય અને ગરિમા બંને ય હોય છે અને તેને અનુરૂપ વાણી હોય છે. અહીં તે જોવા મળે છે. કવિએ અહીં પ્રાસવિધાનમાંયે સ્વાભાવિક કૌશલ પ્રગટ કર્યુ છે. કવિ ભગવાનની ભક્ત–વત્સલતા સાથે પોતાની ભગવન્નિષ્ઠા સરસ રીતે વ્યક્ત કરે છે.

(રાગ : મલાર)

*મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ,*

*તે વિના કોને ભજીએ રે .... ટેક*

*સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મેહ વરસે રે;*

*હંસ થઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે... તેનો.*

*શૂળી ઉપર શયન કરાવે તોય, સાધુને સંગે રહીએ રે;*

*દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે... તેનો.*

*અમૃતપે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;*

*બ્રહ્માભવસનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે ... તેનો.*

*નરકકુંડથી નરસુ લાગે, દુરિજનનું મુખ મનમાંરે;*

*મુક્તાનંદ મગન થઈ માગે વહાલા, વાસ દેજો હજિનમાંરે ... તેનો.*

મુક્તાનંદનું આ એક સુંદર પદ છે. અહીં શરૂઆતમાં સ્પષ્ટ કહેવામાંઆવ્યું છે કે જો ભગવાન માટે પ્રેમ છે તો પછી તેનો સંગ કદીયે ન છોડવો. જેના પ્રત્યે આપણને સહજ પ્રેમ જાગે એનો આશ્રય, એની જ સોબત ઈષ્ટ.આવા ભગવાન પ્રત્યે જતાં પછી કોઈ શંકા–ભયનું નડતર ન રહેવું જોઈએ. પ્રેમ હોય ત્યાં શંકા ટકે જ નહિ. ભગવાનમાં શંકા જાગે તો પ્રીત કાચી છે એમ જ સમજવું. બાકી ભગવાન પ્રત્યે સાચી પ્રીત હોય તો તો ગમે તેટલા અવરોધો છતાં ભગવાનથી ભક્ત વિમુખ થવાનો જ નહીં. પ્રહલાદને કેટલા સિતમ સહેવાના આવ્યાં, તેણે પ્રભુનામ ન જ છોડયું.

ભગવાન જ સૌ જીવનુ અંતિમ ગંતવ્ય સ્થાન છે. મનુષ્યનો આત્મહંસ તો ભગવાનનાં જનને – ભગવાનને જ જઈને મળશે. કેમ કે આ કાયા છે તે તો કાચી ક્ષણભંગુર છે. એ કંઈ હંસનું હંમેશનુ ઘર ન થઈ શકે. હંસ એમાં સનાતન કાળ માટે ન રહી શકે. મનુષ્યે આ વસ્તુ બરોબર સમજીને હરિના જનનો અને હરિનો સંગ જારી રાખવો જોઈએ. જેઓ દુષ્ટછે તેઓ તો ગમે તેવું ખરાબ બોલે,પણ એ ધ્યાનમાં નહિ લેતાં, સુખદુઃખને નિર્મળભાવે સ્વીકારીને, ભગવાનના જ અમૃતરસભર્યા ગુણસંકીર્તન જ સાંભળવામાં રસ લેવો જોઈએ. (ભગવાનનું ચરિત્ર કીર્તન કરનાર મુખ જ અમૃતથીયે

અદકેરું મીઠું લાગે છે!) બ્રહ્મા, શંકર, સનક આદિ 1ષિઓ સર્વ, ભગવાનનાં દર્શન ઝંખે છે. એવા ભગવાનનો સંગ–સંબંધ તો છોડાય જ કેમ? દુષ્ટ જનો – જેઓ ભગવાન કે ભક્ત વિશે વાંકું બોલે છે તેમના મુખને તો મુક્તાનંદ નરકકુંડથી યે ખરાબ કહે છે. એવા મુખ સામે તો જોવાય પણ નહિ. એમના સંગમાં રહેવાની તો વાત જ ઉપસ્થિત થતી નથી. રહેવું હોય તો ભક્તજનના જ સંગમાં રહેવું જોઈએ. ભક્ત માટે જો ભગવાન પ્રિયતમ છે, તો જે જે પ્રિય હોય તે ભક્તને પણ પ્રિય થાય એ સ્પૃહણીય સ્થિતિ છે. મુક્તાનંદ તો ઈચ્છે છે કે ખરો ભક્ત ભગવાન અને તેના ભક્તો વચ્ચે જ પોતાનું જીવન વ્યતીત થાય એમ ઈચ્છશે, એમ કરતાં શૂળીનું દુઃખ પડે તોય શું ? એ દુઃખ પણ ઈશ્વરના પ્રેમે તો છેવટે સુખરૂપ જ થવાનું ! મુક્તાનંદ પ્રસન્નતાપૂર્વક 'વાસ દેજો હરિજનમાં રે' એમ ભગવાન પાસે પ્રાર્થના કરે છે. ત્યારે તે માત્ર હરિજનોની વચ્ચે જ નહીં, હરિજનના હૃદયમાં નિર્મળ પ્રેમના અધિકારે રહેવાનું માંગે છે એમ સમજવું જોઈએ. જે હરિજનની પાસે, હરિજનના હૃદયમાં રહેશે તે હરિની પાસે, હરિના જ હૃદયમાં વાસ પામી રહેશે એ સ્પષ્ટ છે.

મુક્તાનંદની ભક્તિનિષ્ઠાનું આ પદ છે. અહીં દુરિજનનું મુખ નરકકુંડથીયે નરસું હોવાની વાત સચોટ રીતે રજૂથઈ છે. રચના પ્રાસાદિક અને ગેય છે.

* * * * *

*(રાગ : વિરાગ)*

*કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા;*
*આવી મારા તનડા કેરા તાપ નિવાર્યા.* *સજની... કોડે૦ ટેક.*
*હરખેશું ઊઠી હું તો સન્મુખ ચાલી,*
*તેડી બેસાર્યા મેં તો બાહ્યલડી ઝાલી,*
*હરિને નીરખીને હું તો થઈ રહી અનુરાગી,* *સજની... કોડે૦* ૨
*હરિને જમાડયા મે તો હાથે સાહેલી,*
*કુળની મરજાદા પણ મેં કોરે લઈ મેલી,*
*હરિને જમાડી હું તો થઈ રહી છું ઘેલી,* *સજની... કોડે૦* ૩
*ઊંચી અગાશીમારી નૌતમ મેડી,*

*ઊંચે આવાસે મુજને એકાંતે તેડી,*
*હૈડાની રાડયો મેં તો હરિ આગળ રેલી,* *સજની... કોડે૦* ૪
*વણ તેડયા વહેલા મારે મંદિર આવે,*
*મન કોડે મોહન મીઠી વેણુ વગાડે,*
*હેત કરીને મુજને હસીને બોલાવે,* *સજની... કોડે૦* ૫
*રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો,*
*કેડયે ફરે છે જીવનપ્રાણ અમારો,*
*મુક્તાનંદ કહે છે મારો જન્મ સુધાર્યો,* *સજની... કોડે૦* ૬

પ્રસ્તુત પદ સ્વામી શ્રી મુક્તાનંદે સહજાનંદ સ્વામીએ જેતલપુરની ગણિકાનો જે સમુદારથી સ્વીકાર કરીતેને સન્માર્ગે વાળી તે પ્રસંગનો સંદર્ભ લઈને રચેલી છે. આમ તો આ પદ ગોપીની ઉક્તિરૂપે અહીં રજૂ થયું છે અને 'મોહન મીઠી વેણ વગાડે' એ સંદર્ભ ધ્યાનમાં રાખતાં આ પદમાં વર્ણ્યવિષય કૃષ્ણ છે એમ પણ કહી શકાય. મૂળ ગણિકાનો સંદર્ભ ધ્યાનમાં લેનાર સ્વામી સહજાનંદનાં જ મોહન સ્વરૂપનાં દર્શન કરવા પ્રેરાય એમ બની શકે.

આ પદમાં એક ગોપી પોતાની એક સખીને એના અંતરની એક અત્યંત ગૂઢ વાત શ્રી કૃષ્ણ સાથેના પોતાનાં સ્નેહમિલનની ખૂબ વિશ્વાસ ને રસથી કરે છે. એના મનમાં શ્રી કૃષ્ણનો મળ્યાનો આનંદ માતો નથી. માટે તો તે પોતાની સખી આગળ એ વ્યક્ત કરવા પ્રેરાય છે. તે પોતાની સખીને કહે છે કે શ્રી કૃષ્ણ પોતે મારે ત્યાં પધાર્યા અને ઘણા વખતનો મારો જે વિરહ–તાપ તે દૂર કર્યો. ગોપી શ્રી કૃષ્ણના મિલન માટેઘણા સમયથી આતુર હશે તેતો સ્પષ્ટ સમજી શકાય છે, તનના તાપનો સંદર્ભ જોતાં.

આ ગોપી શ્રીકૃષ્ણ સાથે પોતાનો સ્મરણીય મિલનાનુભવ થયો છે તેનું વિગતે બયાન કરવામાં રસ લે છે. તે ભગવાન આવતાં કેવી અધીરાઈથી ને ઉત્સાહથી એમની તરફ જાય છે અને એમનો હાથ ઝાલીને પાસે બેસાડી ઉલટથી પોતાની વાત કરે છે ! ભગવાનને આ ગોપીયે ધારી ધારીને જોતી હતી, કેમ કે એ તો એના પ્રિયતમ સુંદર શ્યામ હતા. તેણે भोज्येषु माता એ રીતે ભગવાનને પોતાના હાથે જમાડવાનો લહાવો માણ્યો.

પોતાની કુલમર્યાદા છોડી એણે તો હરિને જમાડવાની ને એવી બધી સરભરા કરવા માંડી અને એ કરવાનો આનંદ પણ છુપાવ્યો નહીં. ગોપીએ શ્રીકૃષ્ણ અંતર્યામીની સાથે પોતાનું પૂર્ણ સાયુજય થઈ શકે એ માટે જ પોતાના ભવનની મેડીએ એકાંતમાં મિલન ગોઠવ્યું. ત્યાં કૃષ્ણ આગળ એણે પોતાના હૃદયની બધી જ દુગ્ધાઓ–વેદનાઓનું નિવેદન કર્યુ, કેમ કે એના માટે શ્રી કૃષ્ણ હવે કોઈ રીતે પરાયા રહ્યાં જ નહોતા.

આ શ્રી કૃષ્ણ એની પછી તો કેટલી બધી કાળજી લે છે ! એને કેટલો બધો સ્નેહ કરે છે ! પોતાની મોરલી વગાડી તે ગોપીના હૃદયને પ્રસન્ન કરે છે. તેઓ તો સ્નેહમૂર્તિ, ગોપીજનવલ્લભ, તે કંઈ ગોપીના નિમંત્રણની રાહ જોતા નથી. તેઓ જ સામેથી ચાલીને વણતેડાવ્યા જ એને ત્યાં પહોંચે છે અને એને હસીને બોલાવે છે. ગોપીનેય હવે બરોબર એમના સંગનો રંગ લાગ્યો છે. ગોપીનો જીવ હવે શ્રી કૃષ્ણની જ આસપાસ ઘૂમે છે. જયાં ગોપીને પ્રત્યક્ષ જીવનમાં ભગવાનના સાંનિધ્યનું સુખ સાંપડે ત્યાં પછી બીજી કઈ અપેક્ષા રહે ? ગોપીને તો પોતાનો જન્મ સાર્થક થયાનું જ લાગે ને ! મુક્તાનંદ પણ આવું જ જીવન સર્વોત્તમ માને છે. આપણું જીવન એવું હોવું જોઈએ કે ભગવાન ત્યાં પધારવા, નિવસવા ને વિવિધ રીતે મુક્ત લીલા કરવા ઉદ્યત થાય.

આ પદનો ઢાળ સુગેય છે. ભાષા પ્રાસાદિક છે. સમસ્ત રચના ભાવપ્રધાન હોઈ સદ્યસંવેદ્ય બની રહે છે. સ્નેહની વાત સાચી હોય ત્યારે સાદી રીતે કહેવાય છતાં આકર્ષક લાગે છે તે અહીં અનુભવી શકાય છે.

* * * * *

(રાગ : કેદારો)

*પુરુષોત્તમ તમે પ્રગટ મુજને મળ્યા, આજ આનંદના ઓઘ મારે;*
*અસતની આશ સર્વ ઉપરથી પરહરી, શામળા થઈ દઢ શરણ તારે...* ૧
*વિષય–વાયુ વડે તરણ જેમ ઊડતી, માવજી મેરુને તુલ્ય કીધી;*
*કોટિ બ્રહ્માંડના નાથ કર સાહીને, અચળ પદવી મુને આજ દીધી ....* ૨
*હાસ્ય–વિનોદ બહુ હેત દેખાડતા, મહાપ્રભુ આવિયા મો'લ મારે,*
*નટવર અલૌકિક રૂપ નિહાળતાં, રસિયાજી રાચી હું રંગ તારે ....* ૩

*દુઃસહ દુઃખ કાપિયુ અખંડ સુખ આપિયું, અસ્થિર સ્થિર સ્થાપિયું છેલ રસિયા;*
*કહે છે મુક્તાનંદ સર્વે કસર ટળી, માહરે મંદિર નાથ વસિયા....* ૪

કવિ મુક્તાનંદ રચિત આ પદ ઝૂલણા છંદમાં રચાયેલું છે. આ પદમાં પરમાત્માના મિલનનો આનંદ–મહિમા પ્રબોધક રીતે રજૂ થયો છે. કવિ સીધા પરમાત્માને જ ઉદ્‌બોધન કરતાં એમની ઉપલબ્ધિના આનંદને ગોપીભાવે ગાય છે.

તેઓ કહે છે : 'તમે આજે સાક્ષાત્ મને મળ્યા એથી મારે તો આજે આનંદનાં પૂર ઉછળે છે. જે કંઈ જૂઠી માયા હતી તે બધી હૃદયથી છોડીને હવે તમારું જ શરણ દઢતાથી મેં સ્વીકાર્યુ છે. તમે નહોતા મળ્યાં ત્યાં સુધી હું વિષયના વંટોળમાં તણખલાની જેમ ઊડતી હતી; તમે જ મને મેરું પર્વતનું ગૌરવ આપી સ્થિરતા બક્ષી. કરોડો બ્રહ્માંડના અધિપતિ છતાં તમે મારા પ્રત્યે કેવી પ્રેમાળ વર્તણૂંક દાખવી ! તમે તો મને હાથ ઝાલીને એવી અચળ પદવી આપી કે જયાં પહોંચ્યા પછી કેવળ આનંદ જ અનુભવવાનો હોય. આ ભગવાનના સાંનિધ્યે તો મુક્તાનંદનું જીવન ઉત્સવમય બની જાય છે. ભગવાન પોતાના ભક્તને સુખ–આનંદ આપવામાં જરાય ન્યૂનતા દાખવતા નથી. ભગવાન ભક્તના જીવનની બધી ઊણપો ટાળી દે છે. એનાં દુઃખ કાપી દે છે અને સુખ આપી રહે છે. જીવનમાં જો કંઈ ડામાડોળ થયું હોય તો બધું સ્થિર કરી સ્વસ્થતા બક્ષે છે. ભગવાનના અલૌકિક રૂપનુંદર્શન અને એમનું સાંનિધ્ય મુક્તાનંદને અનેરી કૃતાર્થતા અર્પે છે.

આ પદમાં મુક્તાનંદ એક ભક્તની રીતે ભગવાનના મિલનનો આનંદ ગાય છે. આ ગાનમાં તેમના મનની સાહજિક પ્રસન્નતા પ્રગટ થયા વિના રહેતી નથી. તેમણે ઝૂલણાના લાંબા લયમાં બહુ સુઘડતાથી પોતાના મનોભાવને રજૂ કર્યો છે. યથાવકાશ 'દુઃસહ દુઃખ કાપિયું, અખંડ સુખ આપિયું' જેવા વર્ણાનુપ્રાસ આંતરપ્રાસથી, તેમ જ 'વિષય–વાયુ' જેવાં રૂપકોથી અભિવ્યક્તિની ચારુતા ને સચોટતા સિદ્ધ કરી જણાય છે. સમગ્ર પદમાં પ્રસન્નતાદ્યોતક પ્રાસાદિકતા છે. આ પદ પઠન તેમ જ ગાન ઊભય રીતે શ્રવણીય છે.

* * * * *

*ગિરધારી રે સખી! ગિરધારી,*

*મારે નિરભે અખૂટ નાણું ગિરધારી...* ટેક.

*ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે,*

*દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું ન છૂટે.....* ૧

*અનગણ નાણું સંચે, અંતે નિરધનિયા જાયે,*

*તેની પેઠે નિરભે નાણું દૂર ન થાયે....* ૨

*સંપત–વિપત સર્વે સ્વપ્નું જાણું,*

*હરિના ચરણની સેવા પૂરણભાગ્ય પરમાણું...* ૩

*મુક્તાનંદ કે' મોહનવરને ઉરમાં ધારી,*

*દુઃખ ને દારિદ્ર થકી થઈ છું ન્યારી....* ૪

મીરાંબાઈનું 'રામ રતન ધન પાયો' પદ તો જાણીતું છે. ભગવાનરૂપી ધન સર્વ ધનમાં શ્રેષ્ઠ મનાયું છે. એવું ધન કે જે કોઈ લઈ જતું નથી, જે કદી નાશ પામતુંનથી. આ પદમાં કવિ મુક્તાનંદ ગિરધારી ભગવાનને 'નિરભે નાણાં'રૂપે ઓળખાવે છે.નિર્ભય નાણું, જે નાણું પાસે હોય તો ભય જ ન લાગે ! દુનિયાનું ચલણી નાણું જો પાસે હોય તો બીક લાગે છે, રખે ને કોઈ ચોરી જશે, લૂંટી જશે. આ ભગવાનરૂપી નાણું હાથમાં હોય તો તો નરી નિર્ભયતા. એને મરજી મુજબ વાપરો, ખૂટવાનું જ નહીં; બલકે એ અલૌકિક નાણું જેમ ખરચાશે તેમ વધતું જશે. એ નાણું એક વાર મળ્યું પછી જતું નથી. ખરું ગાંઠે બંધાય એવું નાણું તો એ જ છે. એ નાણું કમાનારને ખોટ કે હાનિનો પ્રશ્ન જ ઊભો થતો નથી. દુનિયાનું ચલણી નાણું જિંદગીભર કમાઈ કમાઈને છેવટે તે બધુંય ગુમાવી બેસનાર ને એ રીતે દેવાળું કાઢનાર કમનસીબ લોકોને આપણે જાણીએ છીએ. આ ભગવાનરૂપી નાણું જેકમાયો તે જ સાચું કમાયો એમ જાણવું. એ નાણું કમાનારને કદી પસ્તાવાવારો આવનાર નથી. આમ સાચો ધનવાન તો એ જ કે જેમની પાસે ભગવાનરૂપી – લક્ષ્મીવરરૂપી નાણું હોય. એ નાણું હશે તો પછી જીવનમાં જરાય કંગાળિયત કે દુઃખ રહેશે નહીં. ખરી કંગાળિયત કે ખરું દુઃખ તો દૂર થવાનું ભગવાનની જ પ્રાપ્તિથી. તેથી જ મુક્તાનંદ હરિચરણની સેવા મળે તો તેમાં પોતાનું પૂર્ણ ભાગ્ય સમજે છે. તેમને મન સંસારનાં

સુખ–સંપત્તિ કે દુઃખ–વિપત્તિ સ્વપ્ન જેવાં પોકળ છે. જીવનની ખરી સંપત્તિ તો ભગવાન મળ્યાંથી જ આવે છે. એ સંપત્તિ જ છેવટે ટકે છે.તેથી જ મુક્તાનંદ આ પદમાં ભગવાનના ગુણ ગાય છે. મુક્તાનંદને લક્ષ્મીવર મળે તો પછી તેઓ ધન–લક્ષ્મીની પરવા શા માટે કરે ?

આ પદમાં પ્રાસાદિકતા છે, સુગેયતા પણ છે. મુક્તાનંદે આ પદ ગોપીભાવે રચ્યું છે તે તેની છેલ્લી પંક્તિથી સ્પષ્ટ થાય છે. પોતાને ભગવાનરૂપી ઉત્તમ ધન મળ્યાનો આનંદ તેઓ જે રીતે સખી આગળ એની વાત માંડે છે તેમાંથી પ્રગટ થયા વિના રહેતો નથી. કવિની શબ્દ–પસંદગી, પ્રાસવિધાન આદિ, પદના માધુર્યનાં પોષક છે. કવિનો આનંદ–ઊલટ પદના 'ગિરધારી રે સખી ! ગિરધારી' એ ઉપાડની પંક્તિમાં જ વરતાય છે. આ પદ ઘણું પ્રસિદ્ધ છે.

*प्राभूद्वार्ताप्रवाहोऽमितहरियशसां पापतापप्रणाशो*
*दिव्यानां यन्मुखेन्दोरिव तुहिनगिरेः पूर्णगङ्गाप्रवाहः ।*
*तं निर्वेदातितुच्छीकृतसकलमहालोकभोगं पवित्रं*
*मुक्तानन्दाभिधान मुनिमनुदिवसं नौमि सद्वृन्दमुख्यम् ।।*
*કીર્તિ શ્રીકૃષ્ણની જે સુખદ બહુકહી, પાપતાપો પ્રજાળે,*
*ગંગાના સ્ત્રોત જેવી, વદનશશી વહે, દિવ્ય માંગલ્યવાણી.*
*ભોગો સ્વર્ગાદિના આ જગતસુખ બધાં, ત્યાગી જે વિરાગી,*
*શ્રીમુક્તાનંદ નામે, મુનિવરપદમાં, વંદતો ભક્તિભાવે.*

હિમાલય પર્વતમાંથી ગંગાનો વિશાળ પ્રવાહ જેમ સતત વહે છે, તેમ જેના મુખચન્દ્રમાંથી ભગવાનનાં દિવ્ય અને અમાપ યશની વાર્તાનો, પાપના તાપને ટાળનારો પ્રવાહ સતત વહેતો હતો, વૈરાગ્ય વડે જેણે મોટા લોકના ભોગો પણ અત્યંત તુચ્છ બનાવી નાખ્યાં હતાં અને જે સાધુઓના સમૂહમાં મુખ્ય હતા તેવા મુક્તાનંદજી નામના મુનિને હું હમેશાં નમસ્કાર કરું છું.

*   *   *   *   *

*મારે પ્રીત બંધાણી રે, કે શામળિયા સંગે;*
*મારું મન રંગાણું રે,કે રસિયાને રંગે.*

અનુરૂપ જોઈને રે, કે મન મારું મોહી રહ્યું ;
મારે હરિ વિન બીજું રે, કે સુખ વીખતુલ થયું.
મીઠી મુખડાંની વાણી રે, કે સુંણી હું તો લોભાણી;
તજ્યું હરિ વિન બીજું રે, કે દુઃખદાયક જાણી.
તાજી લોક લજયાને રે, કે હરિ વરને ગમવા;
મારે હોસ ઘણી છે રે, કે રસિયા સંગ રમવા.
હવે નીમખ ન મેલુ રે, કે નટવરનેન્યારા;
વહાલો મુક્તાનંદનો રે, પ્રભુ મને અતિ વાલા.
*     *     *     *     *
લગની લાગી રે, મારે લગની લાગી,
સખી ! શામળિયા સંગાથે મારે લગની લાગી... ટેક
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી,
સાંભળતામાં ચટકી લાગી ઝબકી જાગી... લગની૦૧
વૃંદાવનની વાટે ચાલી કુળલજ્જા ત્યાગી,
વાંસળી વગાડતાં જોયા શ્યામ સોહાગી ... લગની૦ ૨
રસિયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાગી,
મેં તો અખંડ સોહાગ લીધો મુખડે માગી... લગની૦ ૩
મુક્તાનંદ કે' પળ એક ન્યારા નહીં મેલું વા'લો,
શિરને સાટે કયાંથીમળે નંદનો લાલો ? ... લગની૦ ૪
*     *     *     *     *
સગપણ કીધું રે શ્યામશુ, મનમાં સમજી વિચારી;
આશ તજી સંસારની, ધાર્યો ઉરમાં મોરારિ. સગપણ ૧
નીમીશ ન મેલું નાથને, નેણું થી ન્યારા;
પરમ સ્નેહી શામળો, મુને પ્રાણથી પ્યારા, સગપણ ૨
ભવ બ્રહ્માદિક મહામુનિ, તેને દુર્લબ વાલો;
તે રસીઓ મુજને મળ્યા, નટવર નંદલાલો. સગપણ ૩

થઈ છું અધિક અલબેલડી, લજયા લોકની મેલી ;
મુક્તાનંદના નાથશુ,બાંધી દઢ કરી બેલી.   સગપણ ૪
મેં તો સગપણ કીધું રે, કે સુંદરવર સાથે;
કરુણા કરી પુરણરે, કે હરિવર ગ્રહી હાથે.
મેં તો જપ તપ તીરથકે, કે સાધન નવ્ય કીધું ;
મારું મન મોહન થકી રે, કે સર્વ કારજ સીધ્યું.
જેનું ધ્યાન ધરે છે રે, કે અજ શંકર જેવા ;
તેના ચરણકમળની રે, કે મલી મુજને સેવા.
મુંને કીધી પોતાની રે,કે હરિ અંતરજામી;
થયા રસિયોજી રાજી રે,કે બળવંત બહુનામી.
મારે સામ સુંદરશું રે, કે દઢ લગની લાગી;
વહાલેમુક્તાનંદને રે, કીધી મુંને બડભાગી.
*   *   *   *   *
મે ંતો તમ સંગ જોડી પ્રીત, સામ સુહાગી રે;
તારું રૂપ જોઈ વ્રજરાજ, લગની લાગી રે.   ટેક
સુંદર નેણ સોહામણો રે, કુંડળ ઝળકે કાન;
હસતું વદન વિલોકતાં. હુંતો મગન થઈ મસ્તાન.   સામ૦
ભાલ વિશાલ વિરાજતું રે,શીશ સુરંગી પાઘ;
ફુલડાંના તોરા જોઈને, મારે અધિક વધ્યો અનુરાગ.   સામ૦
હીડલતા શુભ હારમાં રે, ભમર કરે ગુણગાન;
છબી ખુતી અંતરે રે, મન માન્યું છે ભીનેવાન.   સામ૦
નેણાની સાને નાથજી રે, શામ કરી ચકચૂર;
મુક્તાનંદના નાથજી, હવે નીમેખ ન મેલું દૂર.   સામ૦

## પ્રકરણ – ૪

## મુક્તાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ :*

૧. 'કવિવરશ્રી મુક્તાનંદ સ્વામી' – પ્રભુસ્વામી, પ્રકાશક – શાસ્ત્રી પુરુષોત્તમવલ્લભદાસજી શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ પૃ. ૧૧

૨. સ્વામિનારાયણ પ્રકાશ, એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૬

૩. વચનામૃત ગ.મ. ૬૨

૪. હ. ચ. સા. પુ. ૨૧, ત. ૧–૨ના આધારે

૫. હ. ચ. સા. પુ. ૧૦, ત. ૧, પુ. ૧૨–૧, પુ. ૭ ત. ૪૮–૪૯ના આધારે

૬. હ. ચ. સા. પુ. ૨૧, ત. ૩ થી ૧૪ તથા ૫૭ના આધારે

૭. વ. મ. પ્ર. ૧૯

૮. વ. મ. પ્ર. ૨૭

૯. વ. મ. પ્ર. ૩૫

૧૦. વ. મ. પ્ર. ૬૨

૧૧. વ. લો. ૩

૧૨. વ. લો. ૩

૧૩. વ. લો. ૮

૧૪. વ. લો. ૩

૧૫. વ. લો. ૬

૧૬. વ. લો. ૬

૧૭. વ. લો. ૧૩

૧૮. વ. અંત્ય. પ્ર. ૩૩

૧૯. વ. અંત્ય. પ્ર. ૧૩

૨૦. વ. મ. પ્ર. ૫૮

૨૧. વ. મ. ૬૨

૨૨. વ. મ. અંત્ય. પ્ર. ૨૪

૨૩. વ. અંત્ય. પ્ર. ૨૭

૨૪. વ. મ. પ્ર. ૪૭

૨૫. વ. પ્ર. પ્ર. ૩૩

૨૬. વ. કા. ૧૦

૨૭. શાસ્ત્રી લક્ષ્મણરામ કૃત લીલાચિંતામણી

૨૮. એજન

૨૯. હ. ચ. સા. પુ. ૨ ૭/૬૨

૩૦. આધારાનંદ સ્વામી કૃત શ્રી હ. ચ. સા. ૧/૩

☆☆☆

# પ્રકરણ - ૫
# 'બ્રહ્માનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરુપણ'

જન્મ : ઈ.સ.૧૭૭૨, સંવત ૧૮૨૮ મહાસુદ. ૫

અવસાન : ઈ.સ. ૧૮૩૨, સંવત ૧૮૯૮, જેઠસુદ ૧૦

બ્રહ્માનંદ સ્વામી મોટાગુણનિધિ, જેણે છંદ આદિ કવિતા કીધી,
ત્યાગ્યા પંચવિષે જાણીને અસાર, હરિની ભક્તિ કર્યામાં પ્યાર.

નંદમાળા – મંજુકેશાનંદજી

**જન્મ અને જીવન :**

સૂરજસમા તેજસ્વી સ્વયં બ્રહ્માનંદ સ્વામીએ 'બ્રહ્મવિલાસ' ગ્રંથમાં પોતાનો પરિચય આપતાં કહ્યું છે કે :

*"જ્ઞાતિ ચારણ ઓડક આસિયુંકી, આબુ છાંય ભયો ખાણ ગામમે જી,*
*તાકે નામ શંભૂદાન તાતહૂકો, માત લાલુબાઈ ધર્યો ઠામ મેં જી,*
*લાડુ મેટ કે શ્રીરંગ નામ ધરયો, દોઉ લિન બ્રહ્માનંદ નામમેંજી,*
*ચિત્ત ધાર સહજાનંદ શામ છબી, જગ જીત ગયો નિજ ધામમે જી."*[1]

'બ્રહ્મવિલાસ'માં સચવાયેલા છંદો 'છંદરત્નાવલિ' માં પ્રગટ થયાં છે. તેમાં જ્ઞાન–ઉપદેશ વિષયક ઝૂલણા છંદની ૪૯મી કડીમાં બ્રહ્મમુનિએ પોતાનો પરિચય ઉપર્યુક્ત પંક્તિ દ્વારા આપતાં જણાવ્યું છે કે : 'હું આબુની છાયામાં આવેલ ખાણ ગામનો વતની છું. ચારણકુળમાં આશિયા શાખામાં મારો જન્મ થયો છે. મારા પિતાનું નામ શંભુદાન અને માતાનું નામ લાલુબાઈ હતું. પૂર્વાશ્રમમાં ચારણ તરીકે હું લાડુદાન હતો અને સ્વાનિનારાયણ સંપ્રદાયમાં દીક્ષિત થતાં પ્રારંભે શ્રીરંગદાસ નામ ધારણ કર્યું હતું. પછીથી બ્રહ્માનંદ નામ સ્વીકારતાં આ પૂર્વેનાં બંને નામો એમાં સમાઈ ગયા છે. મેં

ઘનશ્યામ એવા સહજાનંદ સ્વામીની મૂર્તિ ચિત્તમાં ધારણ કરી છે. આથી પ્રભુકૃપાથી હું નિજધામ–અક્ષરધામનો અધિકારી બન્યો છું.

શ્રી બ્રહ્મમુનિનાં માતા–પિતા પણ અત્યંત શ્રદ્ધાળુ અને ભક્તિભાવનાવાળા હોવાની વિગતો મળી આવે છે. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. વિ.સં. ૧૮૨૮ માં ખાણ ગામે શ્રી રામાનંદ સ્વામી મહોત્સવ નિમિત્તે પધારેલા, ત્યારે રાત્રે સત્સંગ વખતે લાલુબાઈની કુખે અવતરનાર સંતાને કહ્યું કે : 'ગુરુ મહારાજ પ્રગટ કી બાત સુનાઈયે', શ્રી રામાનંદ સ્વામીએ કહ્યુ : 'પ્રગટ કી બાત મેં કયાં સુનાઉ ?" વો તો આપ હી સુનાયેંગે ?" આ દિવ્ય શબ્દો સાંભળીને બધાને આશ્ચર્ય થયું. બધાની શંકાનું સમાધાન કરતાં રામાનંદ સ્વામીએ સૌને પરબ્રહ્મના એકનિષ્ઠ ભક્તના અવતારનો સંકેત આપ્યો. તેમજ લાલુબા પિયર જવાને બદલે અહીં જ રહે તેમ કહ્યું. ગુરુની વિદાય પછી બે માસ અને ૨૪ દિવસે વિ.સં. ૧૮૨૮ મહાસુદ ૫, તથા ૮–૨–૧૭૭૨ના રોજ ખાણ ગામમાં શંભુદાનજીને ત્યાં એક બાળકનો જન્મ થયો. એ બાળક જ આગળ જતા બ્રહ્મમુનિ તરીકે સુખ્યાત થયા. બાલ્યાવસ્થાથી જ દૈવીશક્તિ ધરાવતાં આ બાળકને કારણે અનેક એવા સંકેતો મળવા લાગ્યાં કે તેમની પ્રતીતિ સૌને થવા લાગી. તેઓનું મોસાળ ભાપડી ગામે અમરદાનજી રોહડિયાને ત્યાં હતું. મોસાળમાં થોડા સમય જતાં ત્યાં પણ તેમનાં ઐશ્વર્યનો અનુભવ સૌને થતો રહેતો. આથી કિશોરાવસ્થા દરમિયાન જ તેમનું નામ અને તેમની આધ્યાત્મિકશક્તિ રાજસ્થાનમાં લોકજીભે ચડી ગઈ હશે.[૨]

કિશોરવસ્થાથી જ વિશિષ્ટ સર્જકપ્રતિભા ધરાવનાર લાડુદાનજીની કવિત્વકલાથી પ્રભાવિત થયેલા સૌ સ્વજનો અને રાજા–મહારાજાઓએ તેમને વિદ્યાભ્યાસ માટે ભુજ મોકલવાની વાત કરી, પરન્તુ માતા–પિતાનું મન માનતું નહોતું. એમાં એક રાત્રે શ્રી સહજાનંદ સ્વામીએ લાડુદાનજી અને તેમનાં માતા–પિતાને સ્વપ્નમાં આવીને દર્શન આપ્યાં અને કોઈ ચિંતા વગર ભુજ મોકલવાની સૂચના કરી. તેમજ બે દિવસમાં જ બ્રાહ્મણ સ્વરૂપે આવીને ભુજ તરફ જતાં હોવાથી સાથે મુસાફરી કરવા કહ્યું તેમની સાથે ભુજ ગયા પછી લાડુદાનજીએ ૧૦ વર્ષ સુધી પાઠશાળામાં રહી વિદ્યાભ્યાસ કર્યો. તેમની અધ્યયનપ્રીતિ અને વિષયને સમજવાની સૂઝ–બૂજથી પ્રભાવિત થયેલાં આચાર્યએ તેમને

પરીક્ષા માટે મહરાવની કચેરીમાં રજૂ કર્યા. ત્યાં તેમની કસોટી પછી તેમને મહારાવે પિંગળાચાર્ય, રાજકવિરત્ન, મહાશીઘ્રકવિ, મહામહોપાધ્યાય અને સહસ્ત્રાવિધાનાચાર્યની પદવી આપી. અનેક સુવર્ણચંદ્રકો આપ્યાં. તેમજ દોવળી તાજીમ આપીને કહ્યું, 'કવિરાજ, લાડુદાનજી તમો હવે જો કચ્છભુજમાં કાયમના વતની થઈ રાજકવિ તરીકે અહીં રહો તો હું તમને ક્રોડપશાવ સાથે બારગામનું એક પરગણું આપું', પરન્તુ લાડુદાનજીએ વતનમાં જવા ઈચ્છા પ્રગટ કરી વિદાય લીધી. વચ્ચે ધમડકામાં રહીને બે વર્ષ સુધી વિજયકૃષ્ણજી ભટ્ટાચાર્ય પાસે સંગીતશાસ્ત્ર અને વિવિધ કલાઓનું જ્ઞાન મેળવ્યું. એ પછી તેઓ ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ, પાલીતાણા અને ભાવનગરની કચેરીમાં ગયા. એ બધા રાજા–મહારાજાઓએ તેમની કવિત્વશક્તિથી પ્રભાવિત થઈને તેમનું રાજરીત મુજબ સ્વાગત કર્યું અને લાખપશાવો આપ્યા. આમ, બધા રજવાડાઓમાં માન–સન્માન પામીને આવેલા કવિરાજ શાહી ઠાઠ–માઠથી રહેવા લાગ્યા[3]. ભાવનગર મહારાજની કચેરીમાં ભગવાન સ્વામિનારાયણ સંદર્ભે વાત નીકળતાં તેઓ તેમની કસોટી કરવા માટે જવા તૈયાર થયા ત્યારે એક હરિભક્ત સોનીએ કહ્યું, 'કવિરાજ દરિયાનો તાગ લેવા જનાર મીઠાની કોથળીની શી સ્થિતિ થાય તે યાદ રાખજો.' લાડુદાનજી પોતાનો બધો રસાલો ભાવનગર જ રાખીને ગઢડા જવાં મામા સાથે રવાના થયાં.

ભગવાન સહજાનંદની કસોટી કરવા જનાર કવિરાજે કેટલાક સંકલ્પો કર્યા કે જો તેઓ પ્રભુ હોય તો ત્યાં જતાં જ મેં અંતરમાં કરેલ સંકલ્પ મુજબની ચાર બાબતો થવી જોઈએ. તેમણે કરેલ સંકલ્પ મુજબની જ ઘટનાઓ બની, આથી કવિ વિચારમાં પડી ગયાં. કેમ કે, મહારાજશ્રીએ લાડુદાનજીને જોતાં જ તેમને નામથી બોલાવ્યા. તેમણે શ્વેતવસ્ત્રો ધારણ કરેલાં અને ગળામાં તાજા ગુલાબનો હાર હતો. કવિને ઊભા થઈ ભેટયા. તેમજ રાઓ, લખપત પાઠશાળામાં મૂકવા આવનાર પણ પોતે જ હતાં, એમ કહીને તેમનાં જીવનની અથથી ઈતિ સુધીની બધી વાત કરી. તેઓને કહ્યું કે : 'તમે તો અનાદિથી અમારા જ છો ને અમારા જ થઈને રહેશો. લ્યો ઓળખો, અંતર અજવાળો. અગમ્ય, અવિનાશીની અક્ષરલીલા ઉચારો'. આમ કહી તેઓ એ રીતે બેઠા કે લાડુદાનજી

તેમનાં ચરણારવિંદ જોઈ શકે. લાડુદાનજી જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા હોવાથી એ બધાં શુભ ચિહ્નો જોતાં ભાવવિભોર થઈને ગાવા લાગ્યા કે :

*આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;*
*નેણે નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.... ટેક*
*જ્ઞાનકૂંચી, ગુરગમસે, ગયાં તાળાં ઉઘડી;*
*લાડુ–સહજાનંદ નિરખતાં, ઠરી આંખડી રે ધન્ય.*

લાડુદાનજી તો આ કાવ્યની પંક્તિ વારંવાર બોલવા લાગ્યા અને એમાં જ ધ્યાનસ્થ થઈ ગયા, સમાધિ લાગી ગઈ. સમાધિમાં તેમને શ્રી સહજાનંદ મહારાજના જ દશે અવતારોનાં દર્શન થયાં. પ્રભુની 'અવતારલીલા'ના દર્શન થયા પછી આંખ ખુલતાં જ આ શીઘ્રકવિએ પ્રભુની દશાવતારલીલાને ચારણી શૈલીમાં છંદોબદ્ધ કરી. બે દુહા, અગિયાર રૂપમુકુંદ છંદ અને એક એક છપ્પયમાં કવિએ પ્રગટ પુરુષોત્તમનાં દિવ્ય દર્શનને વર્ણવ્યું છે. જેની અંતિમ પંક્તિઓ છપ્પય છંદમાં છે, જુઓ :

*એહી મચ્છ એહી કચ્છ, એહી શુકર તનુ ધાર્યો;*
*એહી બને નરસિંઘ, દુષ્ટ હરનાકંસ માર્યો;*
*એહી વામન વપુકીન, લીન પદ તીન ભુવનત્રય;*
*એહી ફરશી ધર રામ, એહી રઘુપતિ કિય જગ જય;*
*એહી કૃષ્ણ બુધ નકળંક, એહી તેહી ભેટત ભવ ભ્રમ ટળે;*
*કિતનેક રૂપ લાડુ કહે, સૌ યહ સહજાનંદ મળે*[૪] –

લાડુદાનજીના આનંદનો કોઈ પાર ન રહ્યો. લાડુદાનજી બોલ્યાં : 'મહારાજ ! હવે આપના ચરણકમળથી મને વેગળો ન કરશો ! કવિરાજ ભગવાન સ્વામિનારાયણ ચરણોમાં સમર્પિત થઈ ગયાં.

પ્રભુશ્રી સ્વામિનારાયણની કૃપા થતાં લાડુદાનજીને સત્ય સમજાયું. તેમણે કાયમ માટે પ્રગટ પુરુષોત્તમનાં સાંનિધ્યમાં રહેવાનો નિર્ણય જાહેર કર્યો. તેમને 'શ્રીરંગ' નામ આપવામાં આવ્યું. એક વખત મહારાજે કવિરાજને આજ્ઞા કરી કે તમે એભલ ખાચરનાં બંને દીકરીઓ જીવુબા અને લાડુબાને સંસાર તરફ વાળો. તેઓને સમજાવવા કવિરાજ

ગયાં, પરન્તુ તેમની બધી વાત સાંભળ્યા પછી બંનેએ કહ્યું કે, 'તમે સત્ય સમજવા પ્રયત્ન કરો. આ મિથ્યા સંસાર તરફ અમને પ્રેરવાને બદલે તમે નાશવંત સંસાર ત્યજી દયો અને સાચા અર્થમાં પરમતત્ત્વને ઓળખી લ્યો.' કવિની આંખ ઉઘડી ગઈ. તેમણે બધો ઠાઠમાઠ ત્યજીને મુનિવેશ ધારણ કર્યો. માતા–પિતા અને સગા–સ્નેહીનોને ખબર પડતાં તેઓ સપરિવાર લાડુદાનજીને તેડી જવા આવ્યાં. લાડુદાનજીનું વેવિશાળ પેશુવા ગામના આઢા પરિવારમાં કર્યું હોવાથી એ બંને બહેનોને સાથે લાવ્યા. તેમણે સૌએ આવીને સહજાનંદ સ્વામીને વંદન કર્યાં. બધી વિગત જાણીને પ્રભુએ શ્રીરંગદાસજીને આજ્ઞા કરી કે તમે બધાને મળો. સૌને મળીને તેમના આગ્રહ છતાં તેઓ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા, માતા–પિતાનાં અને સ્નેહીજનોનાં આંસુ અને સ્નેહભરી વિનંતીઓ ખપમાં ન લાગી. તેમણે કહ્યું : 'પિતાજી હું તો આપના ગુરુભાઈને ત્યાં પ્રગટ પુરુષોત્તમને ત્યાં આવ્યો છું. છેવટે હું ભૂલો પડીને પણ ઘેર જ આવ્યો છું. માટે મને લઈ જવાની વાત છોડી દો મારા માટે દુન્યવી સંબંધોનો હવે કોઈ અર્થ નથી : મારું સગપણ તો હવે પ્રભુ સાથે જ છે :

*રે સગપણ હરિવરનું સાચું, બીજુ સરવે ક્ષણભુંગર કાચું.... ટેક*
*રે સહુ સાથે પ્રીતિ ટાળી, ભાંગ્યું મન મિથ્યા ભાળી,*
*છે વરવા જેવો એક જ વનમાળી, રે સગપણ હરિવરનું સાચું....*

લાડુદાનજી સાથે જેમનું સગપણ થયેલું એ કન્યાએ તેમનો સ્વીકાર કરવા હઠાગ્રહ કર્યો, અન્યથા પ્રાણત્યાગ કરવા કહ્યું, ત્યારે પણ તેઓ અડગ રહ્યા. તેમણે તો કહ્યું કે :

*"મારે મનડે ભાવ્યા રે, કૈ મોહન મરમાળા,*
*સો માથાં જાતાં ભલે રે, કે સોંઘા છોગાળા".*

આમ, તેઓ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા, ત્યાં વડોદરાના મહારાજ ગાયકવાડશ્રી તરફથી સમાચાર આવ્યા કે તેઓ વડોદરાનું કવિપદ સ્વીકારે તો હું કરોડપશાવ અને ૨૫ ગામનું પરગણું આપું, પરન્તુ તેઓને કંચન અને કામિનીનો મોહ ચલિત ન કરી શકયો. તેમણે વડોદરાના મહરાજને પદમાં જ જવાબ આપ્યો કે :

*મૈં ઢાઢી મહરાજ કો, હાજર હુકમ હજુર,*
*ગાયો જશ ગોવિંદ કો, પાયો ધન ભરપૂર....*

છેવટે માતાપિતા અને સર્વએ વિદાય લેવાનો નિર્ણય કર્યો, પરન્તુ માતા લાલુબાઈ પુત્રની ચિંતામાં અત્યંત રડતા હતાં. આથી કૃપા કરી શ્રીજી મહારાજે કહ્યું કે :

"આ બ્રહ્માનંદ સ્વામીની 'મા' હું પોતે થાઉં છું. માટે હે લાલુબા દેવી, તમે તેની જરાપણ ચિંતા ન કરશો. તેમને તમામ પ્રકારના લાડ અમે લડાવશું." પ્રભુએ મા બનવાનું સ્વીકાર્યાના ઉલ્લેખો સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામીનાં કેટલાંક પદોમાં પણ મળી આવે છે.

*"અધમ ઉદ્ધારણ અવિનાશી તારા, બિરદની બલિહારી રે;*
*ભરી સભામાં ભૂધરજી, તમે મા થયા છો મારી રે";*

* * *

*"સહુ દેખતાં શામળિયા, મા થયાં છો માવા રે;*
*છોરુની ચિંતા રાખીને, માં દેશો મૂંઝાવા રે"*

આમ, પરમતત્ત્વની અહર્નિશ કૃપાદષ્ટિ થતાં બ્રહ્મમુનિ–શ્રી રંગદાસજી સતત ભક્તિભાવમાં જ લીન રહેવા લાગ્યાં. એક વખત ઊંચા સાદે પદોનું ગાન કરતા હતા, ત્યાં સહજાનંદ સ્વામીએ આવીને કહ્યું કે વાહ બહ્માનંદ ! વાહ ! બ્રહ્માનંદ ! તમે તો ખૂબ જ બ્રહ્મનો આનંદ માણો છો. ત્યારથી તેમનું નામ બ્રહ્માનંદ રાખ્યું. ૩૧ વર્ષની ઉંમરે સન્યાસ લીધા પછી પણ તેમણે સાહિત્ય સર્જન ચાલુ રાખ્યું અને ૮,૦૦૦ જેટલાં પદો અને અઢાર જેટલાં સાહિત્યિક ગ્રંથોનું સર્જન કર્યું છે[૫]. વસ્તુત : તો તેમનાં આ અગાધ સાહિત્ય રાશિમાંથી પસાર થતાં એક વાતની પ્રતીતિ થાય છે કે કવિ કે પંડિત હોવું એક વાત છે. એ પછી કાવ્યાશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરવો બીજી વાત છે, પરન્તુ એ બંને બાબતોથી ભક્તિ સિદ્ધ થતી નથી જયારે ભક્તિભાવ કે આધ્યાત્મિકભાવ પ્રગટ્યા પછીનું જે સર્જન હોય છે, તેની વાત જ કંઈક જુદી હોય છે. આજે પણ બ્રહ્માનંદ સ્વામી રચિત ચર્ચરી, છંદ ગુજરાતી કવિતાના શિખર સ્થાને આરુઢ છે અને તે અદ્વિતીય જણાય છે.

સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામીએ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી મેળવેલ ઐશ્વર્ય–આધ્યાત્મિક શક્તિ તેમના વ્યક્તિત્વમાં તાણા–વાણાંની જેમ વણાય ગયેલ છે. શ્રીહરિએ બ્રહ્મમુનિને બોલાવી સુરત જઈને સંસ્કૃત ભણવા માટે આજ્ઞા કરી. સુરતમાં સંસ્કૃતવિદ્યાના પ્રખર વિદ્વાન અને અદ્વૈત મતવાદી મુનિબાવા પાસે તેઓ ભણવા પહોંચ્યાં.

મુનિબાવાને રાજય તરફથી માન્યતા મળી હતી, સાથે વિદ્વત્તા તેથી ઘમંડ પણ ભારોભાર ફાલ્યો હતો. આથી તેમને છંછેડવાનું કોઈને યોગ્ય લાગતું નહિ. પરંતુ પ્રખર બુદ્ધિમત્તા અને ઈષ્ટદેવના આશિષને કારણે બ્રહ્મમુનિ મુનિબાવાનું પ્રિયપાત્ર બન્યાં. બ્રહ્માનંદ સ્વામીના સંગે મુનિબાવાને શ્રીહરિનાં દર્શનની ઝંખના જાગી. બ્રહ્મમુનિ સાથે ગઢપુર શ્રીહરિનાં દર્શને આવ્યાં. શ્રીહરિના દિવ્ય ચરિત્રથી પ્રભાવિત થઈને મુનિબાવા શ્રીહરિના આશ્રિત સાધુ થઈ ગયા[૭].

મુમુક્ષુઓને શુદ્ધ ઉપાસનાનો રાહ મળે તે હેતુથી ભગવાન સ્વામિનારાયણે મંદિરોનું નિર્માણકાર્ય હાથ ધર્યું. આ માટે તેમણે બ્રહ્મમુનિને શિરે આ કાર્યભાર મૂકયો.

શ્રીહરિએ બ્રહ્મમુનિએ નકશો દેખાડી કહ્યું : 'આવું નાજુક મંદિર વૃત્તાલય (વડતાલ)માં કરવાનું છે.' બ્રહ્માનંદ સ્વામી આજ્ઞા સ્વીકારી વડતાલ પહોંચ્યાં. જગ્યાનાં પ્રમાણમાં નાના મંદિરને વિશાળ કરવા ફરી સુંદર નકશો તૈયાર કર્યો. કામ શરૂ થયું. ગઢડામાં શ્રીજીમહારાજને આની જાણ થઈ તેથી પત્ર લખી મંદિર નાનું કરવું તેમજ બહુ ખર્ચ ન કરવા સૂચવ્યું. સાથે લખ્યું :

*"આપકી પહોંચ બિચારકે, કરીએ તેતી દોડ;*
*તેતા પાવ પસારીએ, જેતી લંબી સોડ".*

બ્રહ્મમુનિ પત્ર વાંચીને હસ્યાં અને પત્ર મસ્તકે ચડાવ્યો. જવાબ લખ્યો :

*"સાહેબ સરીખા શેઠિયા, બસે નગરકે માંહી;*
*તાકે ધનકી કયા કમી, જાકી હૂંડી ચલે નવખંડ માંહી."*

શ્રીહરિને પત્ર મળ્યો. પ્રસન્ન થયાં. મંદિર પણ પૂરું થઈ ગયું. મૂર્તિપ્રતિષ્ઠા થઈ. વડતાલથી ગઢડા જતાં શ્રીહરિએ એકાએક બ્રહ્મમુનિને સાથે આવવા જણાવ્યું. બ્રહ્મમુનિને આશ્ચર્ય થયું. અચાનક, અણધારી આજ્ઞા શાથી ? કોઈ અપરાધ થયો હશે કે શું ? તેઓ સાથે નીકળ્યા. શ્રીહરિ સાથે સીંજીવાડે રાત રહ્યાં. રાત્રે નિદ્રા વેરણ થઈ. બ્રાહ્મમુહૂર્તમાં પ્રભાતી પદ શરૂ કર્યાં.

*અધમ ઉદ્ધાહરણ અવિનાશી તારા બિરુદની બલિહારી રે;*
*બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે.*

*સહુ દેખતાં શ્યામળિયા તમે, માડી થયા છો માવા રે;*
*છોરુની ચિંતા રાખીને, મા દેશો મૂંઝાવા રે.*

ચાર પદ પૂરાં થતાં જ મહારાજ તેમની સન્મુખ પ્રગટ થયાં. માથે હાથ મૂકી, ઊભા કરી, છાતી સરસા ચાંપ્યા.

સ્વામિનારાયરાણ ભગવાને તેમની સાથે રહેતાં તેમના પાંચસો પરમહંસોની આકરી કસોટી કરી હતી. એકવાર તેમણે પરમહંસોને કહ્યું : 'હવે શરીર પર એક કંતાન વીંટીને જ રહેવું પડશે.' સૌએ આજ્ઞા સ્વીકારી. તેઓ પોતે જ પરમહંસોને સૌને ત્રણ હાથનો કંતાનનો ટુકડો ફાડી ફાડીને આપે. બ્રહ્મમુનિને ભાગે પણ એક ટુકડો આવ્યો. સ્થૂળકાય બ્રહ્મમુનિને કંતાન નાનું પડયું, તેથી વિનંતી કરી : 'મહારાજ ! મને ચાર હાથનો ટુકડો આપો તો કાયા ઢંકાય.'

શ્રીહરિએ જરા રોષ લાવી કહ્યું : 'શરીર શાને વધાર્યું છે ? ઉપવાસ કરો, કાયા સૂકવી નાંખો. કંતાન વધુ નહિ જ મળે.'

પણ બ્રહ્મમુનિએ કહ્યું : 'મહારાજ ! ઉપવાસ આજથી શરૂ કરું ત્યારે પંદર દિવસે કંતાનના બે છેડા ભેગા થાય, ત્યાં સુધી શો ઉપાય ?'

શ્રીહરિ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. બ્રહ્મમુનિ દશે દિશામાં કંઈ શોધતા હોય તેમ બાવરા બાવરા ચારે દિશામાં જોવા લાગ્યા. શ્રીહરિએ પૂછયું : 'મુનિ ! આમ ચારે તરફ શું જુઓ છો ? આજ્ઞા પાળો.

બ્રહ્મમુનિએ કહ્યું : 'મહારાજ ! દશે દિશામાં જોતો હતો કે આ પૃથ્વી પર આપ વિના અન્ય કોઈ ભગવાન છે ? પરંતુ નખ જેટલી પૃથ્વીમાં પણ કોઈ ન મળ્યું, નહિતર અહીં ઊભો શાને રહું ? હવે આપને છોડી કયાં જવું ?' તેમની આ અનન્ય શરણાગતિથી પ્રસન્ન થઈ શ્રીહરિએ પાંચ હાથના કંતાનનો કટકો ફાડી આપ્યો. સ્વામીજી સાથે એક વખત ચર્ચા કરતાં તેમણે કહેલું કે : 'પ્રભુ આપ તો અંતર્યામી છો, જુઓ કયારેય મનસા, વાચા, કર્મણા પણ મેં બ્રહ્મચર્યનો ભંગ કર્યો નથી.' ત્યારે પ્રભુએ સંતો અને હરિભક્તોને કહ્યું કે : 'તેમની વાત સાચી છે, તેઓ એકનિષ્ઠ બાલબ્રહ્મચારી છે.''

જૂનાગઢમાં મંદિર બનાવવામાં તેમની સૂઝ–બૂઝે મોટો ભાગ ભજવેલો. નવાબે બ્રહ્માનંદજી કાવ્ય–રચના કરે તો લાખપશાવ આપવા કહ્યું, ત્યારે તેમણે કહ્યું "આ મુખે હરિનાં ગુણ ગાયાં છે, હવે માનવનાં ગુણ ગાઈને કોલસા ચાવવા નથી." તેમાં તેમની અડગભક્તિનાં દર્શન થાય છે તો મૂળી મંદિર બંધાવતી વખતે પાયો, પથ્થરો, પાણી અને મૂર્તિપ્રતિષ્ઠા વગેરે પ્રસંગે તેમની દઢશ્રદ્ધાનાં દર્શન થાય છે. બ્રહ્મમુનિ અત્યંત બિમાર પડયા ત્યારે તેમની સત્સંગમાં ખાસ જરૂર છે, એમ કહીને જીવુબાબહેન વગેરે પોતાનું થોડું થોડું આયુષ્ય આપે અને શ્રીજી મહારાજ તેને મંજૂર કરી આપે.

એક પ્રસંગે શ્રીહરિ સર્વે સંતોને તેમની વિશેષતા વિશે પૂછતાં હતાં. તેમાં બ્રહ્માનંદ સ્વામીને પૂછયું ત્યારે તેમણે કહ્યું : "પ્રભો ! આમ તો નિર્બળ છું, પણ આપના બળે છંદ; છપ્પયમાં મને કોઈ પહોંચી શકે તેમ નથી, મારા પદોમાં પ્રાસ સાથે ઝડઝમક છે, લાલિત્ય છે, તે અન્ય કવિ ન લાવી શકે." શ્રીજીએ તેમના કથનને સંમતિ આપી.

જૂનાગઢમાં ભગવાન સ્વામિનારાયણની ભક્તો સાથે હાથી પર સવારી નીકળી. રાજયના નાગર દીવાન ઇર્ષ્યાગ્નિથી બળવા લાગ્યાં. સવારી નવાબના મહેલ પાસેથી પસાર થતી હતી ત્યારે લાગ જોઈ દીવાને અશ્વપાળ સાથે એક મદોન્મત્ત બેકાબૂ એવા અશ્વને લઈ જવા જણાવ્યું. અશ્વપાલ  ઘોડાને સવારી વચ્ચે જ લઈ આવ્યો અને 'નવાબની ઈચ્છાથી દીવાને આપની સવારી માટે મોકલ્યો છે' એમ જણાવ્યું. શ્રીહરિએ બ્રહ્મમુનિ તરફ નિર્દેશ કર્યો. બ્રહ્મમુનિએ અશ્વને પારખી લીધો. પીઠ પર હાથ ફેરવતાં જ અશ્વ શાંત થઈ ગયો. રજકણ બદલાયા. સવારી દરમિયાન બ્રહ્મમુનિ તેના પર જ રહ્યા. કાઠી ગરાસદારોની પાણીદાર ઘોડીઓ વચ્ચે પણ અશ્વ નિષ્કામી સંતની કૃપાએ શાંત રહ્યો. નાગર દીવાને ફેંકેલ પાસાં વ્યર્થ ગયાં. સહજાનંદજીએ બ્રહ્મમુનિને યતિનું બિરુદ આપ્યું.

એકવાર મુસલમાન ગવૈયાઓનું વૃંદ ફરતું ફરતું ગઢડે આવ્યું. સ્વામિનારાયણ ભગવાનના પરમહંસો સંગીતવિદ્યામાં કુશળ છે તેવું તેમણે સાંભળ્યું હતું. સભામાં આવી કુરનિસ બજાવી આર્દ્ર ભાવે કહ્યું : 'સુના થા કિ ભગવાન કા અવતાર પ્રગટ હુઆ હૈ, ઉનકે ફિરસ્તે રૂહાની સંગીત  પેશ કરતે હૈ, આપકે દિદાર કરને ઔર સંગીત  સુનને કી ઈચ્છાસે

આયે હૈં.' એમ કહી એક મૃદંગ બતાવ્યું. મૃદંગ મૂળ ચૌલાદેવનું પરંતુ વિશાળ લંબાઈને કારણે ચૌલાદેવી બાદ કોઈ વગાડી ન શકયું. આઠસો વર્ષના ગાળા પછી આ મુસ્લિમવૃંદને પ્રેરણા થઈ કે આ ફિરસ્તા જેવા પરમહંસો વગાડે તો એનો નાદ તેમજ વગાડવાની કળા માણી શકીએ. તેથી મૃદંગ સાંભળવાની ઈચ્છા પ્રગટ કરી. સ્વામી સહજાનંદજીએ બ્રહ્મમુનિ તરફ દષ્ટિ કરી. સ્થૂળકાય બ્રહ્મમુનિ ઊભા થયા, આંગતુકોને મનોમન થયું, આ શું વગાડશે ! બ્રહ્મમુનિએ તાલનો મેળ કર્યો, પડછંદા આખા ગામને ઘેરી વળ્યા. સૌ શબ્દની દિશામાં ઊમટયા. એક કલાક વગાડી બ્રહ્મમુનિ પ્રભુચરણોમાં નતમસ્તક થયા. સંતીગજ્ઞોએ માન્યું, સાક્ષાત્ પરમાત્માની કૃપા વગર આ બની શકે નહિ. કુરનિસ બજાવી બ્રહ્માનંદજીના યશોગાન ગાતું ગાતું મુસલમાનોનું વૃંદ ચાલતું થયું.

બ્રહ્મમુનિ તેમના રમૂજી સ્વભાવને કારણે જયાં જયાં જતાં ત્યાં વાતાવરણ પ્રફુલ્લિત થઈ ઊઠતું. શ્રીહરિ જયારે ઉદાસ થઈ જતાં ત્યારે બ્રહ્મમુનિ જ તેનું નિવારણ કરતા. શ્રીહરિ રમૂજના પ્રસંગે સ્થૂળકાય બ્રહ્મમુનિને લક્ષ્ય બનાવતા.

શ્રીહરિ જયારે કથા કરે ત્યારે સૌને જાગ્રત રાખે. કોઈ ઝોકું ખાય તે તેમને રુચે નહિ. કોઈ ઝોકે ચડે તો, માળાનો બેરખો રાખતા તે મારે તેથી ઝોકું ઊડી જાય, જાગૃતિ આવે. બ્રહ્મમુનિ ઝોકું ખાતા ઝડપાયાં. મહારાજે તેમના પર બેરખો ફેંકયો, બ્રહ્મમુનિએ ઊભા થઈ બેરખો પ્રભુને આપતાં કહ્યું : 'મહારાજ ! બેરખો શાથી ફેંકયો ?'

શ્રીહરિએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : 'કેમ ? તમને ઝોકું આવ્યું હતું તેથી'.

'મહારાજ ! હું તો નેત્રો મીંચી આપની મૂર્તિ ધારી કીર્તનની રચના કરતો હતો'.

'કીર્તન બનાવતા હતાં તો ગાઓ, કયું કીર્તન બનાવ્યું ?' મહારાજ બોલ્યા. બ્રહ્મમુનિએ સૌને એ ઝીલવાનું કહી કીર્તન શરૂ કર્યું :

*તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે;*
*કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.*

આમ, એક કડી પોતે બોલે. એ કડી સૌ ઝીલે એ દરમિયાન બીજી કડી ગોઠવી લે, એમ ઊભા ઊભા જ ચાર પદ રચ્યાં. શ્રીહીરને તેમની શીઘ્ર કવિત્વશક્તિનો ખ્યાલ હતો, તેથી પ્રસન્ન થઈ બાથમાં ભીડીને બ્રહ્માનંદ મુનિને આશીર્વાદ આપ્યાં.

બ્રહ્મમુનિની શીઘ્ર કવિત્વશક્તિનો એક અદ્ભુત પરિચય એટલે એમના ચર્ચરી અને રેણકી છંદના દોહાઓ. પંચાળામાં શરદોત્સવ પ્રસંગે શ્રીહરિ સાથે બ્રહ્મમુનિએ જે દિવ્ય સુખામૃતના ઘૂંટડા પીધા તેને કાવ્યરસમાં ભેળવી લીધાં. સહજાનંદજીની મૂર્તિનું અદ્ભુત વર્ણન કરતું રેણકી છંદમાં રચાયેલું તે કાવ્ય પણ બેનમૂન છે :

*સર સર પર સધર અમર તર અનુસર, કર કર વર ધર મેલ કરે,*
*હરિહર સુર અવર અછર અતિ મનહર ભર ભર અતિ ઉર હરખ ભરે;*
*નિરખત નર પ્રવર પ્રવર ગણનિરજર, નિકટ મુકુટ શિર સવર નમે,*
*ઘણરવ પટ ફરર ઘરર પદ ઘૂઘર, રંગભર સુંદર શ્યામ રમે.*

આમ, આઠ પંક્તિમાં બ્રહ્માનંદજીએ પંચાળાની ધન્ય ધરણી પર શ્રીહરિએ ખેલેલા રાસનું વર્ણન કર્યું છે.

શ્રીહરિ ઓગણપચાસ વર્ષ આ લોકમાં ભક્તો મુમુક્ષુઓને સુખ આપતા રહ્યાં.

એમણે અંતિમ બીમારી ગ્રહણ કરી ત્યારે બ્રહ્મમુનિને બોલાવે, આનંદ કરે, પ્રસાદ આપે. આ ક્રમ લાંબો ચાલ્યો. બ્રહ્મમુનિને લાગ્યું કે ચોક્કસ શ્રીહરિ અણધારી આજ્ઞા પાલન કરાવવા ઈચ્છે છે. એકવાર બ્રહ્માનંદજીને બોલાવી કહ્યું : 'સ્વામી ! તમારી જૂનાગઢ જરૂર પડી છે તેથી જૂનાગઢ જવાનું છે અને ત્યાંથી ગુણાતીતાનંદ સ્વામીને અહીં મોકલવાના છે.' આજ્ઞા લોપી શકાય નહિ તેથી તૈયાર થયા. ગઢપુરની સીમમાંથી પસાર થતાં હરણિયાં આડાં ઊતર્યાં. બ્રહ્માનંદજીને અમંગળ એંધાણ વર્તાયાં. તેઓ જૂનાગઢ પહોંચ્યા. અક્ષરબ્રહ્મ ગુણાતીતનંદ સ્વામીને અશ્રુભીની આંખે તેમણે કહ્યું : 'સ્વામી ! મને લાગે છે કે મહારાજ હવે દેહ નહિ રાખે, આપને જલદી બોલાવે છે.' તરત સ્વામી એક જોડ લઈ ગઢપુર પહોંચ્યા. મહારાજે ગુણાતીતને પોતાનું સર્વસ્વ ગણ્યાં હતાં તેના સાક્ષી બ્રહ્માનંદ સ્વામી હતાં.

થોડા જ સમયમાં શ્રીહરિએ જેઠ સુદ દશમને દિવસે ભૌતિક દેહનો ત્યાગ કર્યો. તે સમાચાર મળતાં જ બ્રહ્માનંદ સ્વામી ગઢડે પહોંચ્યા. મહારાજના દેહનો અગ્નિસંસ્કાર થઈ ગયો હતો તેથી અતિશય દુઃખ થયું. તેમણે ગોપાળાનંદ સ્વામી વગેરેને વ્યથિત હૃદયે કહ્યું : 'અગ્નિસંસ્કાર ન કર્યો હોત તો ગમે તેમ કરી મહારાજને દેહમાં લાવત, પણ હવે હાથની

વાત નથી. આ કાળિયાએ કપટ કર્યું.'[૮] છેવટે અક્ષર ઓરડીમાં જઈને દર્દભર્યા અવાજે પદ ગાયું કે :

*"પ્રાણ સ્નેહી ઘરું આવો અબ પીયરા,*

*હીયરા ધીર ધરત નહિ મેરા... પ્રાણ"*

બ્રહ્માનંદ સ્વામીએ પદ પૂર્ણ કરતાં મૂર્તિમાંથી પ્રગટીને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં, ધૈર્ય ધારણ કરવાં તેમજ જરૂર પડે સત્વરે સદા આવવાનું વચન આપવું તેમાં બ્રહ્માનંદની વ્યક્તિમત્તા અને પ્રભુને પણ પ્રગટ કરવા જેવો ઉત્કટ ભાવ જણાય છે.

શ્રીહરિનાં વિરહમાં ઝૂરતા બ્રહ્માનંદ સ્વામી મૂળી પધાર્યાં. મૂળીમાં મંદિર સ્થાપવાની આજ્ઞા હતી તેથી તેઓ અહીં મંદિરની સેવામાં જોડાઈ ગયા. નિર્માણકાર્ય પૂરું થતાં તેઓ ધ્યાનમાં વધુ બેસતાં. કયારેક હાથમાં માળા લઈ ધ્યાન કરતાં કલાકો વીતી જતાં. એકવાર તેઓ આ રીતે ધ્યાનાવસ્થામાં હતાં તેવામાં ઉત્તર હિન્દુસ્તાનનો ચિત્રકાર આવી ચડયો. દર્શન થતાં તેને શાંતિ થઈ. કોલસાનો એક ટુકડો લઈને બ્રહ્મમુનિની મૂર્તિ ચીતરી. સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી આ મૂર્તિ જોઈ વિસ્મિત થયાં. ચિત્રકાર વિશે પૂછતાં જાણવા મળ્યું કે કોઈ આવી ચડેલા મુસાફરે ચીતરેલ છે. ચિત્ર પર કાગળ ગોઠવીને તેની નકલ કરી લીધી. બ્રહ્માનંદ સ્વામીએ પણ સવારે દર્શને જતાં આલેખન જોયું. 'કારીગર ઉત્તમ છે, પણ સાધુનાં આવાં ચીતર ન શોભે' કહી પાણી મગાવી કપડા વડે તે આલેખન ધોવરાવી નાખ્યું.[૯]

સ્વામી બ્રહ્માનંદજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સન્મુખ ઊભા રહી ધ્યાન કરતાં. એકવાર ધ્યાનમાંથી જાગ્રત થઈ બારમાસીનાં પદ ગાવાં શરૂ કર્યાં. છેલ્લા પદની કડીમાં વિનંતી કરી :

*"બ્રહ્માનંદની વિનતી, ઉર ધરજો અવિનાશ,*

*મહેર કરીને માવજી, તેડી લેજો તમ પાસ."*

આ શબ્દો સાંભળી દેવાનંદ સ્વામીએ વિનંતી કરી : 'સ્વામી ! આ શબ્દો ફેરવો તો સારું.' સ્વામીએ મહારાજના સાન્નિધ્યમાં જવાની ઈચ્છા બતાવી.

બ્રહ્માનંદજીનાં પદોમાં ગહન તત્ત્વજ્ઞાન પણ જોવા મળે છે.

તેમનાં શૌર્યપૂર્ણ પદો, મડામાં પણ ચેતન પ્રગટાવી દે છે. ચર્ચરી, રેણકી, રેખતા વગેરે છંદોમાં રચેલ અષ્ટકો ચારણી સાહિત્યમાં પંકાયાં છે. તેમણે રચેલો થાળ પણ પ્રસિદ્ધિ પામ્યો છે : "જીમંતનાથ સમરાથ સંત હાથ સુંદરે...."

વળી, ગુણાતીત સંતનો મહિમા પણ તેમણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન નિહાળીને જાણે શબ્દબદ્ધ કર્યો છે :

*'એવા સંત હરિને પ્યારા રે,*
*જેથી ઘડીએ ન રહે વ્હાલો ન્યારા રે...*
*મહિમા હરિનો સારી પેઠે જાણે,*
*મન અભિમાન તેનો લેશ ન આણે,*
*હાં રે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલા રે...*
*બ્રહ્મવિદ્યા જેણે દઢ કરી સાધી,*
*પિંડ બ્રહ્માંડની તજી રે ઉપાધિ,*
*હાં રે ભૂતપ્રાણી તથા હિતકારી રે...'*

કવિના આ અનુભૂતિપૂર્ણ વચનો આજે પણ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત માટે એટલાં જ પ્રમાણભૂત ઠરે છે. પરમાત્મા સાથે સખાભાવ હોવાનાં પ્રસંગો અને પદો પણ ઘણાં જ મળે છે, જેમ કે :

*"બ્રહ્માનંદના બાળસ્નેહીડા, રાખું જોર કરી નહિ દઉં જાવા"*

તો પ્રગટ બ્રહ્મ પરમાત્માની ઓળખ પ્રાપ્ત થયાં પછી પણ તેમને અપ્રગટપણે ગાવાની વ્યથાથી પ્રભુ પાસે વેદનાના આંસુ સારવા અને પ્રભુએ સાંત્વન આપવું. આમ પ્રભુએ જ તત્કાલીન પરિસ્થિતિને અનુરૂપ પદો રચવાની આજ્ઞા કરેલી, છતાં તેમના હૃદયમાં પડેલા ભાવ પરમાત્માને સર્વોચ્ચ સ્થાને મૂકે જ છે :

*ઘનશ્યામ વિના ઈષ્ટ જાન શિર મેરો કોઈકું ના નમે... ટેક*
*દેવીદેવ અનેક ઓર કોર મન મોર કબહુ ન ભમે,*
*જો રીઝુ ધન ત્રિય રાગ મેં, જો પરે ફેર મેરે ત્યાગમેં,*
*તો ડારી દીયો મોકું આગમેં....*

જેમની આવી એકનિષ્ઠ ભક્તિ હોય, પોતાની વાણી, વ્યવહાર અને ચારિત્ર્યમાં યતિ જેવી દઢતા હોય એમના જીવનપ્રસંગોને વિશે કે એમની આધ્યાત્મિક તાકાતને આપણે શી રીતે મુલવીએ. વસ્તુતઃ આવા સંતોના જીવન પર તો પરમાત્માએ જ મહોર મારી છે કે 'બ્રહ્મમુનિ આપ તો અક્ષરધામમાં જ સદા વસવાનાં છો, પરન્તુ આપે રચેલાં પદોનું પણ જે કોઈ ગાન કરશે તેમને હું અક્ષરવારસ આપીશ''.

સંવત ૧૮૮૬ જેઠ સુદ ૧૦ શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછીથી સતત તેમના વિરહમાં અંદર અંદરથી ઝૂરતાં બ્રહ્મમુનિ તો પ્રભુનું સાંનિધ્ય ઝંખતા, પરન્તુ મૂળી મંદિરની જવાબદારી પૂર્ણ કરીને પછી જ ધામમાં આવવાની પ્રભુની આજ્ઞા હોવાથી એ કાર્ય પૂર્ણ કરી મંદિરમાં મૂર્તિઓ પધરાવીને મહોત્સવ કર્યો. તેમજ વિ.સં.૧૮૮૮ જેઠ સુદ ૧૦ ના શ્રીજી મહારાજની દ્વિતીય પુણ્યતિથિના દિવસે પ્રાતઃ કાળે મૂળીમાં રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજની સન્મુખ બેઠાં અને શ્રીહરિએ પ્રસાદીમાં આપેલ સરોદો હાથમાં લઈ કીર્તન ગાવા લાગ્યાં. મંદિરમાં ઉપસ્થિત સૌ સ્વજનોને બોલાવ્યાં, તેમને બધાને સંપથી રહેવાની શિખામણ આપી અને 'મને શ્રીહરિ લેવા આવ્યા છે, હું જાવ છું' એમ અંતિમ ક્ષણ સુધી વાતચીત કરતાં શ્રીજી મહારાજ સાથે ધામમાં પધાર્યા.

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનનું સાંનિધ્ય પ્રાપ્ત કરીને, તેમને સમર્પિત જીવન જીવીને, શ્રીજી મહારાજને પ્રેમથી વશ કરીને, તેમના અંતરંગ સખા બનીને, નિષ્કામ અને નિસ્પૃહ યોગી બનીને તથા કંચન અને કામિનીના પ્રલોભનો સામે અડગ રહીને, અહર્નિશ શ્રી સહજાનંદ સ્વામીનાં ગુણાનુવાદ નિમિત્તે સાહિત્ય સર્જન કરીને પોતાના હૃદયકમળમાં રહેલ નૈષ્ઠિક ભક્તિને શબ્દસ્થ કરનાર સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામી માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના કે ચારણ સમાજના જ નહિ, પરન્તુ ગુજરાતી ભક્તકવિઓના સમુદાયમાં પણ વિશિષ્ટ માન–સન્માન પામે તેવા મોટા ગજાના સંતકવિ હતા. તેમનું સામ્ય માત્ર નરસિંહ કે મીરાં સાથે નહિ પણ તુલસીદાસ, વાલ્મીકિ, નરહરદાસ બારહટ, ઈસરદાસજી રોહડિયા અને સુરદાસ ઈત્યાદિ સાથે પણ થઈ શકે તેવું વિશાળ, વ્યાપક અને આધ્યામિક ઐશ્વર્યયુકત છે. આવું જીવન અને કવન ધરાવનારા બ્રહ્માનંદ સ્વામી માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય કે ગુજરાતી ચારણી સાહિત્ય કે ચારણ સમાજ માટે જ નહીં પરન્તુ

ભારતીય સંસ્કૃતિના ઉપાસકો–આરાધકો માટે પણ આધાર અને શ્રદ્ધાના કેન્દ્ર સમા છે અને સમગ્ર ભારતવર્ષના અણમોલ રત્નોમાં સ્થાન અને માન પામે તેવું તેમનું વ્યક્તિત્વ છે. આ સંદર્ભે અવિશાનંદજીએ યથાર્થ જ કહ્યું છે કે :

*"બ્રહ્મમુનિ કવિ ભાનુસમ, પ્રેમમુક્ત દોઉ ચંદ્ર,*
*ઔર કવિ ઉડુગણ સમ, કહે કવિ અવિશાનંદ".*

બ્રહ્માનંદજીનાં કીર્તનો સર્વતોમુખી છે, હૃદયંગમ છે, તેથી સાહિત્ય–પ્રેમીઓને ભાવ્યાં છે. આવા ચિરંતન મહાકવિ અને સૂર્યસમા તેજવંત કવિરાજ બ્રહ્માનંદ સ્વામીને કોટિ કોટિ વંદન.'

**બ્રહ્માનંદ સ્વામીનું કવન :**

બ્રહ્માનંદ સ્વામીના કવનની ચર્ચા કરતાં પહેલાં એક બાબતની સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે હિન્દી સાહિત્યમાં 'બ્રહ્માનંદ' નામે બે ભક્ત કવિઓનો ઉલ્લેખ મળે છે. એક – ગુજરાતના સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્માનંદ સ્વામી, જેમણે વ્રજભાષા તેમજ ગુજરાતીમાં સાહિત્યસર્જન કર્યું છે અને બીજા – પુષ્કરતીર્થ (અજમેર) નિવાસી બ્રહ્માનંદ સ્વામી જેમણે ખડીબોલી – હિંદીમાં પદ, કીર્તન તથા ગઝલોની રચના કરી છે. પોતાની જન્મજાત કાવ્યપ્રતિભા દ્વારા લોકચિત્તનાં જ્ઞાનને કારણે બ્રહ્માનંદ સ્વામી સત્સંગી કવિઓમાં પોતાનું ઊંચું સ્થાન ધરાવે છે. તેમના પદોમાં ખીલી ઊઠેલા ભાષાસૌન્દર્યથી પ્રભાવિત થઈને સ્વ.ક.મા.મુનશી પોતાના 'Gujarat and its Literature' નામના ગ્રંથમાં લખે છે :

'All these poets or sadhus sang about krishna's amours, rhymed moral teachings and bewailed the futility of life in the best style of the age. In beauty of language. Brahamanda, surpasses all his contemporaries except Dayaram.' (Page – 268)

ગુજરાતી અને હિંદી બંને ભાષાઓમાં ૨૦ થી વધુ ગ્રંથોના[૧૦] સ્વરૂપમાં લગભગ ૮૦૦૦ પદોની રચના કરી છે. આ ગ્રંથોમાંથી દસેક ગ્રંથો પ્રકાશિત છે. બાકીના

હસ્તલિખિત ગ્રંથોના સ્વરૂપમાં છે. અપ્રકાશિત છે. પસંદ કરેલા બ્રહ્માનંદ સ્વામીના લગભગ ત્રણ હજાર પદ તેમજ આઠસો જેટલા દોહા–કવિત–સવૈયાનું ૯૦૦ પૃષ્ઠોનું એક બૃહદ્ સંકલન પ્રાપ્ય છે.

શ્રીયૂત મોતીલાલ ફોજદાર દ્વારા સંપાદિત 'બ્રહ્માનંદ કાવ્ય' નામે આ સંકલન મુંબઈના ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસે ઈ.સ.૧૯૩૧ માં પ્રકાશિત કર્યું. આ ઉપરાંત 'બ્રહ્મસંહિતા' નામે આવો જ એક દળદાર સંકલન ગ્રંથ, કાલાવડ–જામનગરના રાજકવિ માવદાનજી રતનુએ ઈ.સ.૧૯૬૧માં પ્રકાશિત કર્યો છે.

પદો ગુજરાતી, હિન્દી, ચારણી, કચ્છી ભાષામાં અને ગરબી, થાળ, આરતી, ભજન, બારમાસા જેવા પ્રકારોમાં, ઝૂલણા, ચોપાઈ, હરિગીત, કુંડળિયા, રેણકી જેવા છંદોમાં લખાયેલ પદો પર સાંપ્રદાયિક અસર વિશેષ જોવા મળે છે. સાંપ્રદાયિક ઉત્સવો, આરતી, પ્રાસંગિક પદરચનાઓ જેમાં મુખ્ય લક્ષ્ય સહજાનંદ સ્તુતિ છે. ભક્તિને વૈરાગ્યનાં પદો, શૌર્યસભર શૈલી, વિશિષ્ટ ખુમારી, પ્રાસ મેળવવાની સાહજિકતા, પદરચનાની સફાઈ, માધુર્ય, ધ્રુવપંક્તિનું લયવૈવિધ્ય. અભિવ્યક્તિની દષ્ટિએ **અગત્યની કૃતિઓ (પ્રસિદ્ધ) :**

(૧) બ્રહ્મવિલાસ, (૨) શ્રી સુમતિપ્રકાશ (૩) ઉપદેશચિંતામણિ (૪) ઉપદેશરત્નદીપક (૫) ધર્મવંશપ્રકાશ (૬) ધર્મસિદ્ધાંત (૭) વિવેક ચિંતામણિ (૮) બ્રહ્માનંદ કાવ્ય (૯) છંદ રત્નાવલિ (૧૦) શિક્ષાપત્રી (ગુજરાતી પદ્ય)

**અપ્રસિદ્ધ કૃતિઓ :** શ્રી નારાયણગીતા, દશાવતાર ચરિત્ર, વર્તમાનવિવેક, સતીગીતા, નીતિપ્રકાશ, શિક્ષાપત્રી (હિન્દી), સંપ્રદાય પ્રદીપ, ધર્મકુળ ધ્યાન (દીક્ષા વિધિ).

બ્રહ્માનંદ સ્વામી રચિત ગ્રંથોનો ટૂંકમાં પરિચય મેળવી લઈએ.

**(૧) સુમતિપ્રકાશ :** વીસ અધ્યયોમાં લખાયેલ આ ગ્રંથ હિંદી ભાષામાં લખાયેલ છે. જેમાં સહજાનંદ સ્વામીના જીવનપ્રસંગો ઉપરાંત સ્ત્રી–પુરુષ–ધર્મ વગેરે સંબંધી આકર્ષક ભાષાશૈલીમાં ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૨) **વિવેકચિંતામણિ** : અસાધુ તેમજ હીનવૃત્તિવાળા માનવીઓનાં કપટાચરણનાં અનેક ઉદાહરણોથી યુકત આ નાનકડો ગ્રંથ વિવેકનું માહાત્મ્ય સ્થાપે છે.

(૩) **ઉપદેશચિંતામણિ** : આ ગ્રંથ પણ વિવેકચિંતામણિની શૈલીમાં જીવનની ક્ષણભંગુરતાના ચિત્રણ દ્વારા બોધાત્મક શૈલીમાં લખાયેલો છે.

(૪) **સંપ્રદાયપ્રદીપ** : ૧૮ અધ્યાયમાં વિભાજિત આ ગ્રંથમાં કવિએ પોતાના સંપ્રદાયની પરબ્રહ્મ સાથેની પરંપરા સ્થાપિત કરતાં ભાગવતધર્મની પરંપરા કહી છે.

(૫) **ગુરુદેવ કો અંગ** : અન્ય ગ્રંથોની તુલનામાં આ ખૂબ જ નાની કૃતિ છે જેનો વિષય છે 'ગુરુભક્તિ'. જેના પોતાના ગુરુ શ્રીજીમહારાજના પરાત્પર સ્વરૂપનું મહિમાગાન કર્યું છે.[૧૧]

(૬) **ઝૂલણા** : ૫૦ ઝૂલણા છંદમાં લખાયેલ આ કૃતિમાં બ્રહ્મમુનિએ માયિક જીવોને કઠોર શબ્દોમાં ચેતવણી અને અંતિમછંદામાં સંતના લક્ષણનું માહાત્મ્ય ગાયું છે.

(૭) **ધર્મવંશપ્રકાશ** : પ્રસ્તુત ગ્રંથ ૭૦ પૃષ્ઠનો છે. જેમાં બ્રહ્માનંદ સ્વામીએ અક્ષરધામનું આકર્ષક વર્ણન કર્યું છે.

(૮) **નીતિપ્રકાશ** : આ ગ્રંથમાં 'વિદુરનીતિ'ને કેન્દ્રમાં રાખીને ખૂબ જ સરળ ભાષામાં નીતિ સંબંધી આલેખન કર્યું છે.

(૯) **વર્તમાનવિવકે** : પંચવર્તમાન સંબંધી વિસ્તૃત વિવરણ આ ગ્રંથમાં છે.

(૧૦) **છંદરત્નાવલી** : આ નાનકડા ગ્રંથમાં વિવિધ વિષયોના નિરૂણપ સાથે છંદ શાસ્ત્રને પ્રાધાન્ય અપાયું છે.

(૧૧) **શિક્ષાપત્રી (પદ્યાત્મક)** : ગરબીના ઢાળમાં ઉતારેલી આ પદ્યરચનામાં શ્રીજીમહારાજ દ્વારા પોતાના ભક્તોને ઉપદેશ માટે રચવામાં આવી છે.

(૧૨) **દશાવતારચરિત્ર** : બે વિભાગમાં વહેંચાયેલા આ ગ્રંથમાં ભાગવતવિષયક ભગવાન વિષ્ણુના દસ અવતારોને સંક્ષિપ્તમાં વર્ણવાયા છે.

(૧૩) **સતીગીતા** : શ્રીજીમહારાજ દ્વારા મૂળ સંસ્કૃતમાં લખાયેલ આ ગ્રંથનો બ્રહ્માનંદ સ્વામીએ મૌલિકતાપૂર્વક હિંદીમાં અનુવાદ કર્યો છે.

**(૧૪) બ્રહ્મવિલાસ :** સંપ્રદાયના સાહિત્યમાં આ ગ્રંથનું આગવું અને મહત્ત્વનું સ્થાન છે. ૩૮૦ છંદોમાં રચાયેલા આ ગ્રંથમાં વિરહિણી, સાધુ, અસાધુ, પતિવ્રતા વગેરે અંગોનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

બ્રહ્માનંદની પ્રેમભક્તિની પદાવલિમાં ઊંચા કાવ્યત્વ તેમજ સુકુમારતાની પ્રતીતિ ઘણાં પદોમાં થાય છે. બ્રહ્માનંદ બહુધા પદકવિ છે. એમને ભાવે છે – ફાવે છે પદરચના. ડૉ.બળવંત જાનીને એમનું સાહિત્યસર્જન ચતુર્વિધ પ્રકારનું જણાયું છે. (૧) ચરિત્રમૂલક સાહિત્ય (બાયોગ્રાફિકલ લિટરેચર) (૨) સિદ્ધાન્ત મૂલક સાહિત્ય થિયોરોટિકલ લિટરેચર) (૩) તત્ત્વદર્શન મૂલક સાહિત્ય (ફિલોસોફિકલ લિટરેચર) અને (૪) ઊર્મિ મૂલક સાહિત્ય (લિરિકલ લિટરેચર) – અહીં આપણે બ્રહ્માનંદ સ્વામીની પદકવિતા (લિરિકસ લિટરેચર)માં કૃષ્ણનું નિરૂપણની વિગતે વાત કરીશું.

આ બધી રચનાઓ બ્રહ્માનંદની યમક, પ્રાસ, અનુપ્રાસ, કલાશક્તિ આદિની પરિચાયક છે. અવનવા ભાવનું નિર્માણ કરીને ઊર્મિના ઓઘ ઉછાળ્યા છે. બ્રહ્માનંદ સ્વામીના ઊર્મિભાવ આલેખનની શક્તિનો સુંદર પરિચય અહીં થાય છે.

*પદસંગ્રહ*

બ્રહ્માનંદે વ્રજ, હિન્દી, રાજસ્થાની, ગુજરાતી, કચ્છી એમ વિવિધ ભાષામાં વિપુલ માત્રામાં પદોની રચના કરી છે. એ બધા બ્રહ્માનંદકૃત પદસંગ્રહોના સંપાદનો પણ પ્રકાશિત થયાં છે. બ્રહ્માનંદનાં પ્રાપ્ત પદોની સંખ્યા આઠ હજાર જેટલી થવા જાય છે. એમાં ઊર્મિભાવનું આલેખન કરીને બ્રહ્માનંદે એમની કવિપ્રતિભાનો ખરો પરિચય કરાવ્યો છે.

બ્રહ્માનંદનું ઊર્મિમૂલક સાહિત્ય એમની સાહિત્યકાર તરીકેની પ્રતિભાનું દ્યોતક છે. એમની સર્જકતાનું ઊજળું ઉદાહરણ આ પદો છે.[૧૨]

કવિશ્રી બ્રહ્માનંદનું પદસર્જન માત્ર સ્વામિનારાયણ ભક્તિસાહિત્યની જ સંપદા ન બની રહ્યું. એમની વિપુલ અને સત્ત્વશીલ પદરચનાઓ સંપ્રદાયની સીમારેખામાં જ બદ્ધ ન રહી પરંતુ મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતામાં સ્થાન અને માન પામી એનું પ્રમુખકારણ કૃષ્ણસ્વરૂપનાં વિવિધ રૂપોની અસરકારક અને અર્થપૂર્ણ અભિવ્યક્તિ.

**૧. બાલકૃષ્ણલીલાનાં પદો :**

બ્રહ્માનંદની કવિતાનો વિશેષ ભાવ કૃષ્ણભક્તિ કવિતાનો છે. કવિ પોતે જ જાણે ગોપી બનીને ગાય છે છે અથવા ગોપીના કૃષ્ણ પરત્વેના મનોભાવને અભિવ્યક્તિ અર્પે છે. કૃષ્ણજન્મ સમયનો આનંદ સમગ્ર ભૂખંડમાં છે. એ અવતારી પુરુષનું આગમન ત્રણ દેવોથી માંડીને ગંધર્વો, સિદ્ધો અને ચારણો આદિને એનો મહિમાગાન ગાતાં કરે છે. ત્રણેય લોકમાં પડેલાં એના પ્રભાવને વર્ણવીને કૃષ્ણ અવતારી પુરુષ છે, એવું બ્રહ્માનંદે ભારે સૂઝથી 'શ્રાવણ વદિ આઠમ' પદમાં આલેખ્યું છે. કૃષ્ણજન્મની વધામણીનાં પદો અનેક છે પણ બ્રહ્માનંદ એક અવતારીપુરુષના જન્મની પ્રતીતિ જે રીતે કરાવે છે એ આસ્વાદ્ય છે. ત્રિલોકથી શરૂ થયેલું ચિત્ર, ગોપી, ચારણ, ગંધર્વ અને પછી સમગ્ર વ્રજની વનિતાઓ હેતથી કૃષ્ણનાં વધામણા લે ત્યાં સુધી લંબાવ્યું છે. ત્રણ લોકમાં શું થઈ રહ્યું છે ? તેનું, પછી સમગ્ર ગોકુળમાં અને અંતે નંદને ઘેરે આખા વ્રજને ઉમટેલું દર્શાવીને કૃષ્ણજન્મની વધાઈ બ્રહ્માનંદે ગાઈ છે.

કૃષ્ણજન્મ માફક બ્રહ્માનંદે બાળકૃષ્ણની લીલાને પણ ભારે ભાવથી વર્ણવી છે. સવારના પ્રહરમાં જ મહી–માખણપ્રિય કૃષ્ણ મહીડાની ગોળીને વળગી પડેલા હોય છે. બાળકૃષ્ણના આવા વલણને સમજાવતાં યશોદામાતા કહે છે કે પ્રથમ દાતણ કરાય અને માત્ર મહિમાખણ જ નહીં પરંતુ રોટલી વગેરે પણ ખવાય. પરંતુ કૃષ્ણ તો વળગેલો જ રહે છે મહીની ગોળીને. માતા એને સમજાવે છે કે આમ બેસી ન રહેવાય, ખરાબ છાપ પડશે, કારણ કે તને જોવા માટે અનેક સગાવહાલા ડેલીએ આવ્યા છે અને તારું સગપણ કરવાનું છે. માતાની પાસેથી આવી મનભાવતી વિગત સાંભળીને કૃષ્ણે મહીની ગોળીને છોડી દીધી. **'માતા મનાવે'**માં બ્રહ્માનંદે માતાની આવી ચાતુરીને આલેખતું નિરૂપણ ભારે ભાવથી કર્યું છે. એવો જ ભાવ **'મોહન વરને બાંધે'**માં પણ વ્યક્ત થયો છે. અહીં કૃષ્ણને રક્ષા બાંધતી યશોદાનું ચિત્ર વાત્સલ્યના ભાવને પ્રગટાવે છે. બ્રહ્માનંદે માતા યશોદાની ચાતુરીની નિરૂપીને એમાંથી વાત્સલ્ય–પ્રેમ પ્રગટાવ્યો છે પરંતુ ગોપીની ચાતુરીને આલેખીને એમાંથી કૃષ્ણ પરત્વેના મોહભાવને – આસક્તિને – પ્રીતિને પ્રગટાવેલ છે. **'મા જશોદા રે'**માં ગોપી યશોદાની સમક્ષ કૃષ્ણને પોતાને ત્યાં મહી વલોવવા મોકલવા

વિનંતી કરે છે. પોતે એકલી છે, ઘર સાથે ગાઢ અને જૂનો સંબંધ છે, વળી સૌથી વિશ્વસનીય કોઈ હોય તો કૃષ્ણ છે, માટે મોકલો. કૃષ્ણને મહી માખણ અને ભાવતા ભોજન આપશે એમ કહે છે, પરંતુ હકીકતે ગોપીના ચિત્તમાં નિહિત ભાવને તો છેલ્લી બે પંક્તિમાં ભારે લાઘવથી અભિવ્યક્તિ અર્પી છે.

*'બ્રહ્માનંદના વહાલાની રે, ફકર મા રાખજો રે*
*રાજી થઈને રહેશે તો રાખશું રાત'*

કૃષ્ણને રાતવાસો કરાવવા માટે યશોદાને યાચતી ગોપીના ચિત્તને બ્રહ્માનંદે વાચા આપી છે. એમાંથી બ્રહ્માનંદની ભાવનિરૂપણ કલાના કૌશલ્યનો પરિચય મળી રહે છે. કૃષ્ણ–ગોપી પ્રભાવને બ્રહ્માનંદે બહુ ગાયો છે. કૃષ્ણનું સામીપ્ય ઝંખતી ગોપાંગના બ્રહ્માનંદનાં પદોમાં વિશેષ જણાય છે. બ્રહ્માનંદને ગમે છે કૃષ્ણની ઝંખના કરતું, કૃષ્ણ માટે તડપન અનુભવતું, કૃષ્ણને પામવા સતત મથતું વ્યક્તિત્વ. આવું વ્યક્તિત્વ ધરાવે છે માત્ર ગોપાંગના–ગોપી. આવા કારણે બ્રહ્માનંદ ગોપીઓનું જાણે કે મુખ બન્યા છે.

૨. ગોપી–કૃષ્ણપ્રીતિનાં પદો :

**'આવો ને નવરાવું'** પદમાં પોતાને ત્યાં ભોજન માટે ઈજન આપતી અને આ ઈજન સ્વીકારાય એ માટે વિવિધ પ્રલોભન પ્રસ્તુત કરતું ગોપીહૃદય નિરૂપાયું છે **'જીવું છું રસિલા'**માં કૃષ્ણનું મુખ જોઈને જીવન પસાર કરી રહેલી ગોપીનું ચિત્ર છે. **'જેમ ચંદા વિના રે'**માં ચંદ્ર વગર ચકોરીની જે અવસ્થિતિ હોય એ સ્થિતિ ગોપીની છે. એ વેદનશીલતા ભારે બળકટ રીતે પ્રયોજાઈ છે. **'નટવર કહાન'**. **'નેનું પિયાવદનકી'** અને **'બેઠી ગોખ અટારી રે'**માં કૃષ્ણપ્રેમ ગોપાંગનાને કેવી રીતે કેટલી અધીરાઈથી રાહ જોવડાવે છે એ ભાવ ભારે અસરકારક રીતે નિરૂપાયેલ છે. કૃષ્ણ સાથે અતીતમાં ગાળેલા સમયને પ્રત્યક્ષ કરીને સમય પસાર કરી રહેલી ગોપીનો કૃષ્ણપ્રેમ ભાવકને પણ વિવશ બનાવે છે.

**'કે વર્યા મેં તો રંગભર'**માં ગોપીને કૃષ્ણ તરફની અપાર પ્રીતિવાળી અને કૃષ્ણને કંથ બનાવવા માટે દઢ મનોબળવાળી બતાવી છે અને એમાં ગોપી અડગ રહેવાની છે એ ભાવ સ્થાન પામ્યો છે. સતી પતિવ્રતા ડગે પણ પોતે નહીં ડગે એ નિશ્ચિત છે. કૃષ્ણે ખૂબ

સમજાવી છે પણ ગોપીએ તો ધણી ધારી લીધો છે એ ભાવ હ્રદયસ્પર્શી બને એ રીતે નિરૂપાયેલ છે.

કૃષ્ણ પરત્વે આસકત ગોપીનું કૃષ્ણ પર આધિપત્ય સ્થપાય એ સ્વાભાવિક છે. ગોપી જે રીતે એકમાત્ર કૃષ્ણ પરત્વે પ્રીતિ દાખવે છે એ રીતે કૃષ્ણ પણ અન્ય પરત્વે પક્ષપાત દાખવે એ એને મંજૂર નથી. **'સાચુ કહો શામળિયા'**માં એ ભાવ અભિવ્યક્તિ પામ્યો છે. ગોપાંગના, કૃષ્ણનાં વસ્ત્રો અને વ્યવહારથી, પરિસ્થિતિને પામી ગઈ છે. એ બધું બહુ ઠાવકાઈથી બ્રહ્માનંદે પ્રતીકાત્મક રીતે નિરૂપ્યું છે.

*'સાચું કહો શામળિયા વ્હાલા, જાગ્યા કેને સંગે રે*
*રૂપાળો બાંધ્યો છે રેટો, અતિ ઉછરંગે રે...*
*તોતમાં બોલો છો વેણાં, નેણાં નિંદે વેર્યા રે*
*ઉતાવળા ઊઠતાં વસ્ત્રો, જેમ તેમ પહેર્યા રે...*
*બ્રહ્માનંદ કેરા સ્વામી, રીઝી ભીંજી રહ્યા છો રે*
*મોતીડાંની મોંઘા તે તમે, સોંઘા કેને થયા છો રે...'*

જે ગોપી કૃષ્ણને પામી શકી નથી. એના વિરહભાવને બ્રહ્માનંદે ગાયો છે. **'બેદરદી મેરા પિયરા'**માં જયારે કોઈ ગોપી કૃષ્ણપ્રેમનો અસ્વીકાર પણ કરતી નિરૂપાઈ છે. **'છડી રે ધુતારા'**માં છેડો પકડેલા કૃષ્ણને રોષથી સંભળાવતી ગોપીનો એ ભાવ બ્રહ્માનંદે કચ્છી બોલીમાં નિરૂપ્યો છે. **'વહેતા રોકો'**માં કોડીલા કહાનને રસ્તો રોકવાનું છોડી દેવા ગોપી વિનેવે છે. કૃષ્ણ હજુ બાલસ્વરૂપમાં છે, નાના છે અને આકળા ન થઈને લોકોની શરમ રાખવાનું ગોપાંગના વિનવે છે. બ્રહ્માનંદે ગોપાંગનાના ચિત્તમાં ઊઠેલા આવા ઈર્ષ્યાના અને રોષના ભાવને પણ પદકવિતામાં વણી લીધેલ છે. પરંતુ બ્રહ્માનંદને પ્રબળ આકર્ષણ છે ગોપીના ચિત્તમાં કૃષ્ણ પરત્વે પ્રગટતી અપાર પ્રીતિને વર્ણવવાનું. એટલે વધુ ને વધુ પદોમાં તો કૃષ્ણપ્રીતિ જ પ્રગટી છે. **'ગોકુળથી ગિરિધર રે'**માં પણ મથુરા ગયા પછી કશા સમાચાર પ્રાપ્ત થયા નથી એનો વલવલાટ અભિવ્યક્તિ પામ્યો છે. ઈચ્છા તો છે કૃષ્ણ સાથે એકાંત ગોઠડી કરવાની અને પરિતૃપ્ત થવાની પણ કૃષ્ણ જ નથી. એના અભાવનું ઊંડું દુ:ખ અહીં બ્રહ્માનંદે નિરૂપ્યું છે.

**'રે લગની તો હરિવરથી લાગી'**માં હરિવરની સાથે જીવન જોડી દઈને દઢ નિશ્ચયી બનેલી ગોપાંગનાના હૃદયને ઉદ્‌ઘાટિત કરાયું છે. **'લટકાળા હો લાલ'**, **'લાગ્યો મારે નટવરથી નેડો'** અને **'વહાલાં લટકાં'**માં કૃષ્ણની મોહક છબિ, એની છટા અને અંગભંગિમાને વર્ણવીને એમાં મોહિત થયેલી ગોપાંગનાનો હૃદયભાવ સ્થાન પામ્યો છે. વહાલાના લટકામાં રંગાયેલી ગોપાંગનાને હવે અન્યનો સંગ પસંદ નથી. એના લટકાથી મોહિત થયેલી ગોપીએ અન્ય સાથે ન જોડાવાની આખડી – બાધા – પ્રતિજ્ઞા લીધી છે.

કૃષ્ણના લટકાથી વશ થયેલી વ્રજવનિતા પોનાની સુધ–બુધ ખોઈ બેઠી છે, નટવરથી નેડો લાગવાને કારણે એના પરત્વે સ્નેહભાવ થયાને કારણે એના નામનો છેડો–ચુંદડી–પોતે માથે ઓઢી લીધી છે. આ કારણે લોકો નિંદા કરશે તો એની પરવા નથી. એ લોકસમૂહને શ્વાન સાથે સરખાવીને એના ભસવા સમાન બોલાયેલા વચનોની અવગણના કરે છે. આવા લટકાળા અને લોભામણા રૂપવાન કૃષ્ણના નયણાંની રતાશ અને એના કારણે જન્મેલું આકર્ષણ **'નેણાં થારાં રાતાં'**માં છે. આવા કૃષ્ણપ્રિયતમને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવા માટે તલપાપડ ગોપીએ સેજ – પથારી – બિછાવી છે અને રસરાજ કૃષ્ણની રાહ જોઈ રહી છે એ ચિત્ર **'હો પ્રીતમજી'**માં અંકિત થયેલું છે. આખરે તો માત્ર કૃષ્ણ સાથે જ સગપણ અને એની ઝંખના એકનિષ્ઠ ભાવે કૃષ્ણપ્રીતિ કેવી રીતે જન્માવીને એને ધારણ કરવાની હોય એ ભાવ અનેક પદોમાં બ્રહ્માનંદ પ્રયોજે છે. **'મારે સગપણ'**, **'મેં તો સગપણ કીધું રે'**, **'વરીએ તો'** અને **'શું કરશે સંસારી'**માં ભારે બળકટ રીતે બ્રહ્માનંદે ગોપીની આવી અવ્યભિચારિણીભક્તિને આલેખી છે. આખરે તો ભક્તસમુદાયમાં કૃષ્ણ માટેનો આ અવ્યભિચારી ભક્તિભાવ પ્રગટે એ બ્રહ્માનંદને અભિપ્રેત છે. સ્ત્રી લજ્જાશીલ છે, છતાં અનેક અવરોધો વચ્ચે પણ પોતાનો ભક્તિભાવ દઢ રીતે પ્રગટાવે તો આપણે ભક્તસમુદાયે તો માત્ર ને માત્ર કૃષ્ણ પરત્વે સમર્પણભાવ પ્રગટાવીને એમને જ ભજવાના હોય, એવો ભાવ ભાવકચિત્તમાં રોપતાં જણાય છે. બ્રહ્માનંદની આ મોટી વિશિષ્ટતા છે કે તેઓ કૃષ્ણ–ગોપી પ્રેમના માધ્યમથી સમગ્ર ભક્તોને એનો પ્રેમ પ્રભુ પરત્વે પ્રગટાવવા પ્રબોધે છે.

### ૩. રાસલીલામૂલક પદો :

કૃષ્ણચરિત્ર સાથે સંકળાયેલ પ્રસંગ રાસ મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતાની મહત્ત્વની વિષયસામગ્રી છે. બ્રહ્માનંદે ભાવનિરૂપણ માટે અને વર્ણનકલાશક્તિના કૌશલ્યનો પૂરો પરિચય કરાવવા માટે રાસને કેન્દ્રમાં રાખીને પણ કેટલીક પદરચનાઓનું સર્જન કર્યું છે. **'કૃષ્ણસંગાથે'** રાસ રમતી ગોપાંગનાના ચિત્તમાં અભિમાને પ્રગટે છે. અંતર્યામી શ્રીકૃષ્ણને આનો ખ્યાલ આવી જતાં તેઓ અદશ્ય થઈ જાય છે અને પછી ગોપી વિરહભાવ અનુભવીને દુઃખી થાય છે એનું બળકટ નિરૂપણ શ્રીમદ્ ભાગવત્‌ના **'ગોપીચિત્ર'**માં છે એ પ્રકારે અહીં થયું છે. ગોપીની વ્યાકુળતાને વિવિધ દષ્ટાંતોના નિરૂપણથી મૂર્ત સ્વરૂપે પ્રગટાવી છે. વિરહનું નિરૂપણ તો બારમાસી સ્વરૂપની 'બાર મહિના' રચનામાં છે. એક રીતે આ પદમાળા પ્રકારની રચના છે. ભાવનું સાતત્ય પ્રત્યેક પદમાં છે અને પદસમૂહમાંથી પ્રગટે છે કૃષ્ણનો વિરહ, પ્રત્યેક મહિને એનું વાતાવરણ ગોપાંગનાને કૃષ્ણની સ્મૃતિમાં ખેંચી જાય છે, વિરહભાવમાં. પ્રકૃતિ નિરૂપણને અનુષંગે ગોપીના ચિત્તની વિરહવ્યથા અહીં ક્રમશઃ તીવ્ર થતી નિરૂપાઈ છે. અધિક માસ એ તો પુરુષોત્તમ માસ કહેવાય. આ સમયે શ્રીકૃષ્ણ સાથેનું મિલન અને એની પ્રસન્નતા સાથે બારમાસી પદમાળા પ્રકારની રચના પૂર્ણ થાય છે. અહીં બ્રહ્માનંદની વિરહભાવને આલેખવાની શક્તિનું દર્શન થાય છે.

બ્રહ્માનંદે કાવ્યરચના શિક્ષણ ભૂજની સુખ્યાત 'રાઓ વ્રજભાષા કાવ્યશાળા'માં લીધેલું. પોતે પૂર્વાશ્રમમાં ચારણ જ્ઞાતિના હોવાને કારણે કાવ્યમાં ચારણી છંદો પ્રયોજવાનું અને વર્ણનછટા પ્રગટાવવાનું એમને સવિશેષ ફાવે. પોતે સંગીતના પણ અભિજ્ઞ હતાં અને સ્વામિનારાયણ સંપ્રદાયનું ઊંડું જ્ઞાન. આ બધાનું સુંદર પરિણામ **'રાસાષ્ટક'** રચનાઓ છે. બ્રહ્માનંદકૃત **'રાસાષ્ટક'** ચર્ચરીછંદનું અને **'શ્રી રાસાષ્ટક'** રેણકી છંદનું એમ બે રાસાષ્ટક રચનાઓ મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણભક્તિ કવિતાનું આભરણ છે. બ્રહ્માનંદે અહીં રાસ રમી રહેલ ગોપાંગનાઓની અને કૃષ્ણની છબીને કેન્દ્રમાં રાખી છે. એની આસપાસ વર્ણનોને પ્રયોજીને શબ્દચિત્ર–નાદચિત્ર ખડું કર્યું છે. રાસાષ્ટક ચર્ચરી છંદમાં બ્રહ્માનંદે શબ્દચિત્ર આલેખતાં નિર્દેશ્યું છે કે શરદ1તુના પ્રકાશમાં મુરલીધર

શ્રીકૃષ્ણ યમુનાતીરે રાસ રમી રહ્યાં છે. શહનાઈ વાગી રહી છે. એમનું શરીર પ્રકાશથી જ ઝળહળી રહ્યું છે. પ્રિયતમા એવી ગોપાંગના સાથે નટવર નાચી રહ્યાં છે અને સાથે સાથે મંદ–મંદ હસી પણ રહ્યાં છે. મોરલી વાગી રહી છે. આમ સમગ્ર વિશ્વમાં જાણે કે આનંદ પ્રગટી રહ્યો છે. મંગલસૂર વાગી રહ્યા છે અને નાચવામાં તલ્લીન થઈ ગયેલા લોકો સાન–ભાન ભૂલી જાય છે. અહીં કવિએ રાસલીલાનું મનોહર ચિત્ર દોરી આપ્યું છે. ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની પ્રીતિ પણ અહીં વ્યક્ત થાય છે. ચર્ચરી છંદમાંથી પ્રગટતું નાદચિત્ર અને વર્ણનોની બોછાર ભાવકને ભીંજવે છે. રાસલીલાની તાદશ અનુભૂતિ થાય છે. બ્રહ્માનંદની કવિત્વશક્તિનો સુંદર પરિચય કરાવતી આ રચના ઉપરાંત એક બીજી 'શ્રી રાસાષ્ટક' રચના રેણકી છંદમાં પ્રયોજી છે. એમાં પણ બ્રહ્માનંદે શરદ1તુનો સંદર્ભ રચીને એક દિવસ ચંદ્ર આકાશમાં શોભી રહ્યો છે ત્યારે યમુનાતટે વ્રજનારીઓ મનોહર રાસ રમી રહી છે, એવા સ્થળે વિશેષ વર્ણનથી કાવ્યારંભ કર્યો છે. ગોપાંગનાઓ કૃષ્ણનો હાથ પકડીને વનમાં વિહાર કરી રહી છે. સુંદર ઘરેણાં પહેરેલી ગોપીઓનું મન આનંદથી ભરેલું છે. તેઓનાં ઝાંઝર ઝણકી રહ્યાં છે. ઢોલ–નગારાં વાગી રહ્યાં છે. પગનાં ઘૂઘરા રણકી રહ્યા છે અને સુંદરશ્યામ સાથે આનંદથી ગોપીઓ રાસ રમી રહી છે. દરેકના હૃદયમાં કૃષ્ણ રમી રહ્યો છે. કૃષ્ણની ઉપસ્થિતિથી વન ધન્ય બની ગયું છે અને ધરતી પણ ધન્ય બની થઈ છે. બધી જ ગોપાંગનાઓ રાસલીલાનાં રંગથી લીન બની ગયેલ છે. સર્વત્ર તેજ પથરાયું છે. ચંદ્ર પણ મોહ પામીને આ રાસલીલા જોવા થંભી ગયો છે. આમ રંગભર સુંદર શ્યામ રમી રહ્યો છે. કૃષ્ણલીલાનું મનહર વર્ણન અને કવિની મનભર એવી શબ્દચિત્રાત્મક શક્તિનાં અહીં દર્શન થાય છે.

**૪. રાધા અને કૂબ્જામૂલક પદો :**

ગોપી–કૃષ્ણલીલા પ્રસંગો અને રાસલીલા જેવો બીજો મહત્ત્વનો પ્રસંગ કૃષ્ણના રાધા સાથેના પ્રસંગોના આલેખનનો છે. બ્રહ્માનંદે – સ્વામિનારાયણ સંપ્રદાયની સીમારેખામાં રહીને જ રીતે ગોપી–કૃષ્ણ લીલાપ્રસંગો નિરૂપ્યા છે એ જ રીતે રાધા સંદર્ભે ભારે સંયમથી આંતર મનોભાવો અને બાહ્ય ક્રિયાકલાપોને પણ આલેખ્યા છે. 'ઝૂલત શ્યામ'માં હિંડોળે ઝૂલતાં રાધાકૃષ્ણની મોહક છબી બ્રહ્માનંદે દોરી છે. શ્યામકૃષ્ણ અને

તેજો ધવલ રાધિકાને હિંડોળે ઝૂલતા જોવા માટે ભારે ભીડ જામી છે, પ્રકૃતિ પણ પ્રસન્નતાથી પોતાનો પ્રતિસાદ આપી રહી છે. રાધા–કૃષ્ણના યુગલ સ્વરૂપનું રમણીય આલેખન અહીં થયું છે. 'માનીતીને મનાવવા'માં રાધાનાં રિસામણાં દૂર કરવા માટે ફૂલગજરો ગૂંથવામાં રત કૃષ્ણનું આલેખન છે.

રાધામાં તન્મય કૃષ્ણ છે, એટલે એ રાધાના પ્રાગટ્યનું જન્મસમયનું પદ પણ બ્રહ્માનંદે રચ્યું છે. 'રાધાકુંવરી પ્રગટ થઈ'માં કૃષ્ણજન્મ જેવો ને જેટલો જ આનંદ વાતાવરણમાં પ્રગટતો નિરૂપેલ છે. રાધાની મહત્તાને બ્રહ્માનંદે ભારે માનથી સ્વીકારી છે. જે રાધા નાચ નચાવી શકે છે એ આધિપત્યરૂપ માતૃશક્તિને બ્રહ્માનંદને ભારે ભાવથી પ્રણવી છે. હરિ ઉપરના એના આધિપત્યને નિરૂપતું પદ 'હરિકું રાધે નાચ ચનાવે' વ્રજબાની અને ભાવવૈવિધ્યને કારણે ભારે મહત્ત્વનું બની રહે છે. રાધા અને વ્રજનારી સમૂહ જે રીતે કૃષ્ણનું રૂપ બદલાવી રહી છે અને નારીને ધારણ કરવાના વસ્ત્રાઅલંકારો ધારણ કરાવીને જસોદા પાસે લઈ જાય છે, કૃષ્ણને પરણાવવા માટેની આ અંગના છે એ પ્રકારની ઓળખ કરાવે છે. બ્રહ્માનંદે કૃષ્ણભક્તિપદ–રચનાઓમાં આવા વિવિધ ભાવોને ભારે સૂઝથી આલેખ્યાં છે. બ્રહ્માનંદની આ એક ઉત્તમ રચના છે. મુલાયમ ભાવની મનભર અભિવ્યક્તિ ચિત્તને સભર કરે છે. ભાવ, ભાષા અને અભિવ્યક્તિ કારણે આ રચના બ્રહ્માનંદની કવિપ્રતિભાની પરિચાયક છે.

રાધાની સાથે જ યાદ આવે કૂબ્જાનું ચરિત્ર. કૃષ્ણ ઉપર એણે પણ કંઈ ઓછાં કામણ નથી પાથર્યાં. કૃષ્ણ ઉપર કામણ પાથરીને, સમર્પિત થઈને એણે કૃષ્ણને જીતી લીધાં છે અને એટલે કૃષ્ણ એના પ્રેમના પ્રભાવથી એની પાછળ ઘૂમે છે એવો ભાવ **'કામણિયાં રે કાંઈ'** રચનામાંથી પ્રગટે છે. **'જુગતિ તમારી રે મેં જાણી'**માં પણ કૂબ્જા સાથે જોડાયેલા કૃષ્ણ પરત્વે રોષભાવ પ્રગટાવતી ગોપીના હૃદયભાવો આલેખાયા છે. કૂબ્જા દાસી છે, એની સાથે જોડાવાથી તમારી ટીકા થશે જેવા સામાજિક પ્રશ્નો ઊભા કરીને કૃષ્ણને કૂબ્જાના કામણમાંથી મુકત કરવા માટે મથતી ગોપીઓનું ચિત્ત ભારે કુનેહથી આલેખ્યું છે. કૃષ્ણની કુબ્જાપ્રીતિના આલેખનથી બ્રહ્માનંદ તો પ્રેમભાવનો પ્રતિભાવ

પાઠવતા પરમેશ્વરનાં રૂપને જ પ્રયોજતા જણાય છે. બ્રહ્માનંદની ભાવવિશ્વ યોજનાની આ મોટી વિશેષતા છે.

અહીં આપણે સહજાનંદભક્તિના પદો, તત્ત્વદર્શન મૂલક પદો અને બોધમૂલક પદો પણ સંક્ષિપ્તમાં જોઈશું કેમકે બ્રહ્માનંદ સ્વામીની આ પદકવિતામાં પણ કૃષ્ણ નિરુપાયા છે.

**૫. સહજાનંદભક્તિનાં પદો :**

બ્રહ્માનંદને કૃષ્ણપ્રીતિ જેટલી જ સહજાનંદ સ્વામી પરત્વે પ્રીતિભક્તિ હતી. સહજાનંદ સ્વામી પરત્વેનો તેમનો આદર જાણીતો છે અને સહજાનંદ સ્વામીને પણ એમના ઉપર અપાર હેત હતું. સહજાનંદ સ્વામીના અપત્યાવાત્સલ્યનો પ્રતિઘોષ બ્રહ્માનંદે એમની સહજાનંદ સ્વામી વિષયક પદરચનાઓમાં પાડયો છે. કહેવાય છે કે પૂર્વાશ્રમનાં સગાસંબંધીઓ લાડુદાનને (બ્રહ્માનંદ સ્વામીને) દીક્ષા ન લેવા સમજવવા આવેલા. લાડુદાને બધાને નિરાશ કરેલાં. છેલ્લે માતા લાલુબાઈને પુત્રવિરહનો ભાવ અનુભવતા જોઈને સહજાનંદ સ્વામીએ કહ્યું કે 'લાલુબા, હું આજથી લાડુદાનની મા થાઉં છું.'

બ્રહ્માનંદે આ પ્રસંગને 'અધમ ઉધારણ' પદમાં ઢાળેલ છે. અહીં કવિ ગાય છે કે અવિનાશી ગિરધર પોતે ખરી માતા છે. અહીં સહજાનંદને કૃષ્ણાવતાર સમાન માનીને તેમના પરત્વેની એકનિષ્ઠ ભક્તિનો પરિચય પણ બ્રહ્માનંદ સ્વામીએ પ્રગટાવ્યો છે. ઈશ્વરના માતૃસ્વરૂપનું આલેખન બ્રહ્માનંદના પરમતત્ત્વ સાથેના નિકટતમ ભાવનો પરિચય પણ કરાવતું હોઈને આ પદ બ્રહ્માનંદના આત્મવૃત્તાંત્મક પદોમાં ઘણું મહત્ત્વ ધરાવે છે.

બ્રહ્માનંદને દીક્ષા ધારણ ન કરવા સમજાવવાના પ્રયત્નોમાં પત્ની પણ જોડાય છે અને પોતે 'લગ્નસંબંધથી જોડાયેલી છે.' 'સગપણ થયેલું છે માટે આપ મને નિરાશ ન કરો.' બ્રહ્માનંદે એને જવાબ આપતું પદ 'રે સગપણ હરિવરનું સાચું' ગાયેલું. મનુષ્યજન્મમાં બધું સુખ–સગપણ ક્ષણભંગુર છે. એક વનમાળી જ પ્રીતિને પાત્ર છે એમ કહીને બ્રહ્માનંદ કહે છે કે ગોપાંગનાઓ પણ કૃષ્ણ સાથેના સગપણને બધાં સગપણમાં સર્વશ્રેષ્ઠ ગણે છે. આ ભાવને બ્રહ્માનંદે ભારે ઝટકાથી નિરુપ્યો છે. એમનાં પદોમાં

સર્વાધિક લોકપ્રિય જે કેટલાંક પદો છે એમાં આ પદનું સ્થાન છે. બ્રહ્માનંદની સહજાનંદ સ્વામી સાથેની નિકટતાને પ્રગટાવતાં જે કેટલાક પદો છે એમા **'મેં ઢાઢી મહારાજકો'** પદ ગણાય છે. અન્ય કોઈ પાસે કશું માગવાનું નથી. પૂર્ણપુરુષોત્તમના ઢાઢી થવાનું અને એમની પાસેથી માગીને ન્યાલ થઈ જવાની પ્રતીતિ એમના પદમાંથી પ્રગટે છે. **'તારો ચટક રંગીલો છેડલો'**માં સહજાનંદના સ્વરૂપનું વર્ણન છે. બ્રહ્માનંદની આ રચનાનું શ્રવણપાન કરીને સહજાનંદ સ્વામી એમને ભેટેલાં. સહજાનંદ સ્વામીને સંબોધીને એમના સ્વરૂપના મહિમાને વર્ણવતાં **'વહાલા લાગો છો'** તથા **'આજની ઘડી'** અને **'મારા હૃદિયામાંય'** જેવાં પદો હકીકતે સહજાનંદ સ્વામીના મોહક સ્વરૂપનું વર્ણનાત્મક આલેખન છે. સહજાનંદનાં રૂપવર્ણનોનાં કીર્તનોથી સહજાનંદ પણ પ્રસન્ન રહેતાં, કારણ કે એમાંથી કવિહૃદયના ભક્તિભાવ અને એ ભાવનું ધવલતેજ દ્રવે છે. સહજાનંદ સ્વામીએ આવા કારણથી તો 'બ્રહ્માનંદનાં કીર્તનનું ગાન કરજો. હું પ્રત્યક્ષ દર્શન આપીશ' એવો ઉદ્‌ગાર કાઢેલો.

**'સહજાનંદ સહજાનંદ'** તથા **'સહજાનંદ સુખકારી રે'** એ બંને પદો સહજાનંદમય બનીને એમના રૂપમાં તન્મય બનેલા કવિના ઉદ્‌ગારો છે. બ્રહ્માનંદે ગોપીભાવ ધારણ કરીને એની સમક્ષ કોઈ અન્ય સખી છે એવું કલ્પીને પણ એક પદની રચના કરી છે. **'સુણ સાહેલી'** નામનું એ પદ બ્રહ્માનંદનું સમર્પણ ભાવથી ભીંજવતું પદ છે. અહીં બ્રહ્માનંદ ગોપીરૂપે એની સહેલી – સખીને સંબોધીને કહે છે કે હે સહેલી, મારું મન સહજાનંદમાં લીન થયું છે. મારે એમની સાથે પ્રીત બંધાઈ છે. સાંસારિક સુખ–વૈભવો તરફ આ કારણે અણગમો પ્રગટયો છે અને અહર્નિશ સહજાનંદ પરત્વે જ રટણ રહે છે. અન્ય સુખ તુચ્છ લાગે છે. બ્રહ્માનંદના સહજાનંદ સ્વરૂપવર્ણનનાં પદો મધ્યકાલીન ગુજરાત ભક્તિકવિતાની એક મહત્ત્વની ધારા છે.

બ્રહ્માનંદકૃત બારમાસીઓ મધ્યકાલીન ગુજરાતી બારમાસી કવિતા–પરંપરામાં ખૂબ જ મહત્ત્વની રચનાઓ છે. પ્રકૃતિ, પરમતત્ત્વ અને અધ્યાત્માનુભૂતિ એમ ત્રિવિધ વિગતો એમાં સ્થાન પામે છે. એક 'બાર મહિના' અષાઢથી આરંભાય છે કારણ કે હાલારમાં હાલારી સંવતના નૂતન વર્ષનો આરંભ અષાઢથી થતો હોઈને એનો આરંભ

અષાઢથી કરાયો છે. પણ બીજી 'બારમાસી'નો આરંભ જેઠથી કર્યો છે. કારણ કે સહજાનંદ સ્વામી પરમધામમાં અક્ષરધામમાં જેઠ મહિને સિધાવ્યા હતા. આ ભાવને બારમાસીના પ્રથમ પદમાં ભારે હૃદયદ્રવક રીતે નિરૂપેલ છે.

*'જેઠે જીવન ચાલિયા, નિર્મોહી મારા નાથ*
*દર્શન વિના દુઃખિયો ઘણો, સર્વે વ્રજનો સાથ*
*ફળિયામાં ઘોડીને ફેરતા, છોગા ધરતા શીશ*
*તે દિન કે દિ દેખાડશો, ડોલરિયા જગદીશ'*

અહીં પ્રત્યેક મહિને સહજાનંદ સાથેનાં અતીતનાં સ્મરણોને આલેખ્યાં છે. કરુણનું હૃદયસ્પર્શી નિરૂપણ હૃદયને હાલબલાવી નાખે છે. આખી બારમાસીમાં જાણે કે બ્રહ્માનંદનું હૃદય ઠલવાયું છે. અશ્રુનો ધોધ વહે છે.

સહજાનંદને પૂછે છે કે તમારા વગર કેવી રીતે રહેવાશે ? 'બ્રહ્માનંદના નાથજી આવોને'... એમ કહીને હૈયાના વલવલાટને ધલવલાટને અહીં અભિવ્યક્તિ અર્પી છે.

બારમાસી જેવી જ બીજી હૃદયસ્પર્શી દીર્ઘ સ્વરૂપની રચનાઓ છે. **'ઘનશ્યામાષ્ટક'** અને **'હરિકૃષ્ણાષ્ટક'** બ્રહ્માનંદની નાદવૈભવની કળશશક્તિનો, કલપ્નાવૈભવનો અને શબ્દચયનના માધુર્યનો અહીં સુંદર પરિચય થાય છે. ચારણછંદોની છટા, અવતારપુરુષ સહજાનંદના વ્યક્તિત્વની છટા એમ બંને છટાનું ભવ્ય – ભાવગંભીર અને ભાવગહન રૂપ અહીં સ્થાન પામ્યું છે. એનું નાદ સૌન્દર્ય અને એ નિમિત્તે પ્રયોજાયેલા અલંકારો પણ અભ્યાસપાત્ર બને એ કક્ષાના છે. બ્રહ્માનંદનું 'વ્રજભાષા કાવ્યશાળા'નું શિક્ષણ અહીં સરાહનીય રીતે સહજ રીતે જ સ્થાન પામ્યું છે અને એમાંથી પ્રગટે છે અદ્ભુત શબ્દછટાસભર કાવ્યબાનીનો ધોધ પ્રવાહ, જે ભાવકને તાણી જાય છે અને સહજાનંદમય બનાવે છે. બ્રહ્માનંદના કાવ્યપ્રયોગોમાં ચારણી કાવ્યબાનીવાળી રચનાઓ અનુભૂતિની અસરકારક અભિવ્યક્તિ તરીકેના ઉદાહરણ રૂપે જણાઈ છે.

બ્રહ્માનંદે માત્ર કૃષ્ણાવતાર રૂપ સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ સાધનાધારાને જ પદકવિતામાં સ્થાન આપ્યું છે એવું નથી. એમણે **'નૃપ દશરથ ગહર રઘુવર'** માં રામાવતારનું વર્ણન કર્યું છે. **'એની ધન્ય ધન્ય'** માં પણ શ્રીરામ અને

હનુમાનના મહિમાને આલેખ્યા છે. **'નારાયણ નામ લેને'** તથા **'સિંધુ સુતાપતિ'**માં વિષ્ણુ અવતારનો મહિમા ગાયો છે. આમ અન્ય અવતારધારીઓના ગાન દ્વારા બ્રહ્માનંદે એમના અન્ય અવતાર પરત્વેના આદરભાવને–પૂજયભાવને પ્રગટાવ્યો છે. બ્રહ્માનંદની આવી વ્યાપક ધર્મભાવના અને શ્રદ્ધા એમને માત્ર સંપ્રદાયના કવિ બનાવતા અટકાવે છે. તેમની પ્રીતિ પરમતત્ત્વ સાથે છે કે જે કોઈપણ સ્વરૂપે અવતાર ધારણ કરીને અવનિ પર ઉપસ્થિત હોય. બ્રહ્માનંદ એમનાં ગીતો ગાવામાં અને વધામણીમાં પાછા પડતા નથી. બ્રહ્માનંદકૃત સહજાનંદ–સ્વરૂપવર્ણનનાં પદો મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતાની એક મહતવની ધારા છે.

**૬. તત્ત્વદર્શનમૂલક પદો :**

બ્રહ્માનંદનાં કાવ્યવિશ્વમાં ભક્તિની સાથે તત્ત્વદર્શન પણ સંકળાયું છે. એમના અનેક ગ્રંથો સંપ્રદાયના સિદ્ધાંતોને–તત્ત્વદર્શનને આલેખે છે. પદોમાં પણ ઉદ્ધવ તત્ત્વદર્શન અનેક સ્થાને પડઘાય છે. **'એક વાત સુણો'**માં કૃષ્ણ વ્રજવાસીઓને પોતાના અસલ સ્વરૂપની ઝાંખી કરાવે છે. આ માટે તે પ્રકૃતિ તત્ત્વોનું નિરૂપણ કરે છે. પોતે એક છે અને અનંતરૂપો ધારણ કરે છે. સકલ બ્રહ્માંડ પરમતત્ત્વથી વ્યાપ્ત છે. માયા, સગુણ, નિર્ગુણ વગેરેનું નિરૂપણ કરીને વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે. બીજી રીતે કહીએ તો શિવ અને જીવ જુદા નથી. અહીં ઉપનિષદનું તત્ત્વજ્ઞાન સરળ ભાષામાં પદના માધ્યમ દ્વારા અભિવ્યક્તિ પામ્યું છે. ગહન ગંભીર સિદ્ધાન્તસાર 'એક વાત સુણો' દ્વારા કહેવાઈ છે. આ પ્રકારનું એક બીજું એક પદ **'કહોને ઉદ્ધવજી'** છે. અહીં ઉદ્ધવજીને ગોપાંગનાઓ કૃષ્ણના સમાચાર પૂછે છે. કૃષ્ણ વ્રજની વાતો કરે છે ! નંદ જશોદાને મળવાની તેને ઈચ્છા થાય છે ? મહિયારીઓને રસ્તામાં રોકીને માખણ લૂંટી લેતા, ગોપીના ઘરમાં પેસીને માખણ ખાઈ જતાં, યમુના નદીમાં ન્હાવા જતાં, ગોવાળો સાથે વનમાં જતાં, ગળામાં હાર પહેરતાં, આ બધા આનંદના દિવસો કૃષ્ણને યાદ આવે છે ખરા ? એવા પ્રશ્નો પૂછયા છે. અહીં ગોપીઓની કૃષ્ણ તરફની ભક્તિ પ્રગટ થઈ છે. ભૂતકાળના બનાવો યાદ કરીને કૃષ્ણની સ્તુતિ કરે છે. એમાં નવધા ભક્તિનું સ્વરૂપ બ્રહ્માનંદે ભારે કુનેહથી નિરૂપ્યું છે. તત્ત્વદર્શનનું ગહન સ્વરૂપ રચ્યું છે. **'વ્યાપક બ્રહ્મને'** નામના પદમાં ઉદ્ધવ અને

ગોપાંગનાઓ દ્વારા પ્રેમભક્તિ અને જ્ઞાનમાર્ગને સામસામે મૂકીને ભારે સરળતાથી જ્ઞાનને આલેખ્યું છે.

આ સકલવિશ્વ બ્રહ્મસ્વરૂપ છે, એવું ઉદ્ધવજી માને છે. ગોપીઓ કહે છે કે અમે તો કૃષ્ણનાં પ્રેમભૂખ્યા છીએ. તમારે તો નિરાકાર ઈશ્વર છે અને અમારે તો સાકાર નંદકુમાર જ ઈશ્વર છે. લટકાળા મનમોહન સિવાય અમારું મન બીજે કયાંય લાગતું નથી. જેવી રીતે અમૃતના પીનારાને ખાટી છાશ ભાવતી નથી તેમ અમને કૃષ્ણ સિવાય કયાંય સુખ મળતું નથી એમ ગોપી કહે છે. સો દિવસ સુધી ભૂખ્યો રહીને સિંહ ઘાસ ખાતો નથી એમ અમે કૃષ્ણ સિવાય બીજાને પ્રીતિ કરનારાં નથી. અમે બીજા જન્મનો વિચાર પણ કરતાં નથી. અમે ઉધાર વ્યાપારમાં માનતા નથી. અમે તો આ ભવમાં જ કૃષ્ણની પ્રીતિનો અનુભવ કરવા માંગીએ છીએ. પ્રેમમાર્ગ – જ્ઞાનમાર્ગની સામે જીતે છે એ તત્ત્વદર્શન બ્રહ્માનંદને અભિપ્રેત હોય એમ લાગે છે.

આમ, તત્ત્વદર્શનમૂલક ઉદ્ધવ નિરૂપણવાળી રચનાઓ પણ વિષયસામગ્રીની દષ્ટિએ અને ભાવની અભિવ્યક્તિની દષ્ટિએ મહત્ત્વની છે.

**૭. બોધ ઉપદેશમૂલક પદો :**

બોધઉપદેશનાં બ્રહ્માનંદકૃત પદો પણ બ્રહ્માનંદીય છાપને – છટાને કારણે મધ્યકાલીન ગુજરાતી પદકવિતામાં મહત્ત્વના સ્થાન–માનને પામે છે. બ્રહ્માનંદનું પ્રતિનિધિત્વ કરતાં જે કેટલાંક પદો છે એમાંનું એક પદ **'રે શિર સાટે નટવરને વરીએ'** છે.

બ્રહ્માનંદનાં ખૂબ જાણીતાં એવાં પદોમાં **'રે શિર સાટે નટવરને વરીએ'** પદનું પણ સ્થાન છે. નટવરને વરવું હોય તો બલિદાન આપવું પડે છે. બ્રહ્માનંદ માથું મૂકીને નટવરને વરવાનું કહે છે. બુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય નટવર સાથે પ્રીતિ કરી છે. કોઈપણ રસ્તો વિચાર કરીને પસંદ કરવો જોઈએ. પછીથી ડરી જઈને પાછાં પગલાં કરવાં જોઈએ નહિ. શૂરવીર થઈને યુદ્ધ કરવા જાય અને પછી બીકથી પાછો ભાગી આવે તો એનું જીવન નકામું છે. યુદ્ધે ચઢીએ તો ભલે શરીરનાં કટકેકટકા થઈ જાય પરંતુ પાછા ફરવાનું હોય નહીં. અહીં કવિ કહે છે કે ભક્તિ તો મુશ્કેલીથી ભરેલી છે. એના માટે

બલિદાન આપવું પડે છે. એક વખત ભક્તિમાર્ગ પસંદ કર્યો એટલે પાછા ફરવાનું હોય નહીં. શીર સાટે નટવરનો સોદો કર્યો એમાંથી માથા સાટે અર્થાત્ મૃત્યુની બીક છોડીને પ્રભુમય–પરમતત્ત્વમય બનવાનો બોધ ભારે અસરકારક રીતે પ્રાપ્ત થાય છે.

**'બંદે બહુન ન કીજીએ'**... પદમાં મનુષ્યે બહુ અભિમાન કરવું જોઈએ નહિ એમ કવિ કહે છે અને આગળ ઉપર ગાય છે કે પરમાત્માની ઈચ્છા વિના પાંદડું પણ હલી શકતું નથી. મૂર્ખ માણસ અભિમાન કરે છે. પરંતુ કાલદેવતા તેને કયારે ઝડપી લેશે ? એની ખબર નથી. પરમાત્મા સર્જન અને વિસર્જન કરે છે. તે જ રંકને શ્રીમંત બનાવે છે અને શ્રીમંતને રંક બનાવે છે. સંસાર તો સ્વપ્ના જેવો છે. આથી જ પરમાત્માને જ સ્વજન માનવાનું કહે છે. આ દુનિયામાં પ્રપંચ ત્યજી દઈને ઈશ્વરની ભક્તિ કરવાનું કહે છે. અહીં માનવજીવન કેવું નિર્દંભ અને સદાચારી હોવું જોઈએ, એનો ભાવ તારસ્વરે ગાયો છે. **'દાટયો રહે ને ચોર'** પદમાં પણ મનુષ્યને પ્રભુભક્તિમાં લીન થવાનું અને સાંસારિક પ્રપંચો છોડવાનું કહે છે. બોધ ઉપદેશ લય–નાદ દ્વારા ભારે અસરકારક રીતે બ્રહ્માનંદે મૂકયા છે. **'આ તન રંગ પતંગ'** નામના પદમાં કવિએ જે લય, હિલ્લોળ અને નાદસૌન્દર્ય ખડું કરેલ છે એ બ્રહ્માનંદની કવિપ્રતિભાનું પરિચાયક છે. આ શરીર ક્ષણભંગુર છે. આ જગતમાં આવનજાવન ચાલતી જ રહી છે. અસંખ્ય લોકો સંપત્તિ મૂકીને ચાલ્યા ગયા છે. પરલોકમાં કોઈ સાથે આવતું નથી. લોકો પોતાના શરીરને શણગારે છે. યૌવન અને ધનના અભિમાનથી છાતી કાઢીને ચાલે છે. એને એટલું બધું અભિમાન આવી જાય છે કે જાણે કે ઊંદર દારૂ પીને મસ્તીમાં ડોલતો ન હોય ? અભિમાનથી જેમતેમ બોલે છે. મનમાં વિચારે છે કે મારા જેવો રસિક કોઈ નથી. એને ખબર નથી કે કાળરૂપી બિલાડી એનો કયારે શિકાર કરી લેશે. આથી બ્રહ્માનંદ કહે છે કે અજ્ઞાની મારું–તારું કરવાનું છોડી દે. યમરાજા તને પકડીને લઈ જશે, એનો ખ્યાલ રાખ. બ્રહ્માનંદ સાદાં દષ્ટાંતો દ્વારા પણ ભારે ઝટકાથી ભાવને આલેખે છે. મૂળ આશય તો બોધ–ઉપદેશનો છે.

બાળકૃષ્ણલીલાનાં અને ગોપી–કૃષ્ણપ્રીતિનાં પદો તથા રાસલીલામૂલક અને રાધા–કુબ્જામૂલક પદો ઉપરાંત સહજાનંદભક્તિનાં, તત્ત્વદર્શનમૂલક અને બોધ

ઉપદેશમૂલક પદોના ભાવવિશ્વમાંથી પસાર થતાં એમની શબ્દચયનની માધુર્યતા, લય અને નાદનો કર્ણપ્રિય ગુંજારવ, ઢાળ, કાવ્યતાની અલંકાર વિનિયોગ નિમિત્તે પ્રગટતી કવિત્વકૌશલ્ય છટા અને વિષયસામગ્રીને હૃદયસ્પર્શી અભિવ્યક્તિ અર્પવાની અભિજ્ઞતાનો સુંદર પરિચય થાય છે.

પ્રેમભક્તિનાં પદોમાં બ્રહ્માનંદ સ્વામી નરસિંહ, મીરાં, દયારામની કક્ષાએ પહોંચે છે. પ્રેમસખી પ્રેમાનંદની સુકુમારતા છે તો મીરાંની ખુમારી પણ છે.

તેમની પ્રેમભક્તિભાવની સુકુમાર રચના –

*'વ્હાલા લાગો છો વિશ્વ આધાર રે,*
*સગપણ તમ સાથે.*

તો સર્વ સમર્પણભાવના આલેખતું પદ 'લાગ્યો મારે નટવરથી નેડો' સુંદર છે. ગોપીની પ્રતીક્ષા તેના સ્વપ્નની રસિકતા નીચેના પદમાં આલેખી છે.

*'મારે આજ પ્રીતમ ઘેર આવશે જીરે.'*

કૃષ્ણ જ સાક્ષાત્ બ્રહ્મ છે તે ભાવની કવિતા અનેક કાવ્યોમાં આલેખાય છે. અનેક પદોમાં નિમંત્રણ, પ્રતીક્ષા, રમણીય, રાસલીલાઓ, કુબ્જાપ્રત્યેનો રોષ જેવાં દશ્યોમાં શૃંગાર છે, પરંતુ પદોની ભાવભક્તિમાં પ્રભુ પ્રત્યેની પ્રીતિ છે –

*'મારે સગપણ નટવરજી સંગે રે,*
*હું તો રીઝું નહિ જો બીજે રંગે રે.'*

* * * * *

*'રમે ગોકુલમાં ગિરધારી રે, મળી ખ્યાલ કરે વ્રજનારી'*

આ પદમાં ગોકુળની ગોપીને ગિરિધરની મજાક ઉડાવવાની તક મળી છે. તે બતાવે છે કે પ્રણય–શૃંગારના ભાવોને ભક્તિથી સંયોજી છે. સાથે વિનોદપૂર્ણ રસોલ્લાસથી ધબકતું જીવન મધુર બનાવ્યું છે.

બ્રહ્માનંદ સ્વામી બહુભાષાવિદ્ હતાં. જુદી જુદી ભાષાઓમાં કાવ્યસર્જન કરવા સમર્થ હતા. ગુજરાતી ઉપરાંત રાજસ્થાની, કચ્છ, હિન્દી, વ્રજ, ચારણી ભાષામાં અનેક સુંદર, સ્મરણીય પદો, આ સંતકવિ પાસેથી મળ્યા છે.

પાતળિયો, છોગાળો, રૂપાળો, કામણગારો, લટકાળો આ શબ્દોમાં પ્રભુની મૂર્તિના સૌન્દર્યમાં ગોપીનું ચિત્ત હરી ગયો છે. તેને બધું જ મધુર લાગે છે. હૃદયના ભાવ વ્યક્ત કરતી શૃંગારરસિક રચનાઓ છે.

ભક્તિમાં ખુમારી, વીરતા, શૌર્યના ભાવને તેજસ્વી બાનીમાં બ્રહ્માનંદ સ્વામીએ વ્યક્ત કર્યો. આ પદોમાં સમર્પણભાવ મુખ્ય છે. તેમાં હૃદયની શુદ્ધ ભાવનાનું નિતાંત દર્શન થાય છે. આ પદોમાં આલેખાયેલ ગોપીની અનન્ય પ્રીતિમાં સંસાર રસના બધા જ વિકારોને ત્યજી દીધાનું વર્ણન છે. તેમાં શૂરવીરતા છે. તે બતાવે છે કે નંદલાલને વરેલી આ ગોપી કાયર નથી કે નથી વિચલિત. તેનું તો અખંડ સૌભાગ્યપણું ઈશ્વર સાથેના લગ્નમાં ખરી પ્રીતિના આલેખનમાં મળે છે.

બ્રહ્માનંદનાં પદોમાં આવતા 'મતવાલા' શબ્દમાં પ્રેમની મસ્તીમાં ચકચૂર ગોપીના દર્શન થાય છે. કૃષ્ણનાં સાકાર રૂપનો સાક્ષાત્કાર વિવિધ ભાવોર્મિ દ્વારા આલેખાયો છે.

કૃષ્ણપ્રીતિએ ગોપીના વ્યક્તિત્વમાં કેવા રૂપાંતર થયાં તેનું વર્ણન આ પદમાં સુંદર રીતે વર્ણવાયું છે. પ્રભુની અલૌકિક ઓળખ ભક્તને થઈ છે તેનું વર્ણન છે.

*'નંદના નંદનથી રે, લાગ્યો મારે નેહડો રે'*
*... થઈ મારે અલબેલાથી ઓળખાણ...*
*દેખીને દીવાની રે, જેવી બેની હું થઈ રે,*
*છેલાજીની અજબ અલૌકિક ચાલ.'*

પ્રભુના દરેક અંગ, દરેક ક્રિયા બધું જ ભક્તને મધુર લાગે છે. એવું ભક્તિ શૃંગારપદમાં નિમખ એટલે એક ક્ષણ માટે જેને અળગી નથી થવા દેવી એવી અલૌકિક મૂર્તિનું વર્ણન –

*'... મન મોહન તારી નૌતમ મૂરતિ,*
*નિમખ ન મેલું મારા ઉરથી રે...'*

આવું જ એક ક્ષણ પણ અળગા ન થવાની વાત આલેખતાં આ પદની વિશિષ્ટતા એ છે કે આ પદને ચારણ જ્ઞાતિના લગ્નગીતોમાં સ્થાન મળ્યું છે. ભક્તિના કામણનું આ પદ વિશિષ્ટ છે. 'કામણિયા' પ્રયોગ વિશેષ લાલિત્ય ધરાવે છે.

*'કામણિયા રે કાંઈ કુબજા જાણે, કહાનકુંવર વશ કીધા, રાજ કા.*

*... સર્વ કામ કરાવે મારી બેની, નીમખ ન મેલે ન્યારો, રાજ કા.*

*નીમખ ન મેલે ન્યારો મારી બેની, બ્રહ્માનંદનો પ્યારો. રાજ કા.'*

આ પંક્તિઓ પણ જુઓ જેમાં અદ્યતન કાવ્યબાનીનો રણકાર સંભળાય છે.[૧૩]

*'રંગ રાતો રે ખેલે રાતો !*

*પોતે પરિબ્રહ્મ ગોવાળ ને રંગ રાતો !'*

અથવા

*'મણીગર મોરલીવાળો.*

*છબીલો છેલ છોગાળો !'*

આમેય કવિ બ્રહ્માનંદનું કવિકર્મ અને ભાષાકર્મ સ્પૃહણીય છે. એનું શબ્દ લાલિત્ય, ભાવસઘનતા અને લયમાધુર્ય તથા લયવૈવિધ્ય ધ્યાનાર્હ છે. થોડાંક ઉદાહરણો જોઈશું :

બ્રહ્માનંદનું પ્રાસકૌશલ્ય તપાસીએ :

*'ભૂધર ભેટયા ભય ભાગો,*

*રે સહુ સાથે તોડયો ધાગો,*

*એ રસિક રંગીલાથી રંગ લાગો.'*

અહીં 'ભાગો', 'ધાગો' અને 'લાગો'ના પ્રાસ ધ્યાન ખેંચે છે. કવિએ 'ભાગ્યો' અને 'લાગ્યો' ને સ્થાને અનુક્રમે 'ભાગો' તથા 'લાગો' પ્રયોજીને શબ્દ સૌન્દર્ય સિદ્ધ કર્યું છે.

બોલચાલની ભાષાના કેટલાંક રૂઢિપ્રયોગોનો વિનિયોગ પણ આ સંત કુળશતાથી કરી લે છે. આ પંક્તિઓ જુઓ :

'લાગ્યો મારે નટવરથી નેડો,

કે હવે મેં તો શિર નાખ્યો છેડો રે...'

આ પંક્તિઓમાં માત્ર 'નેડો' સાથે 'છેડો'ની પ્રાસયોજના જ નથી, પણ 'શિર નાખ્યો છેડો રે' દ્વારા સ્ત્રીહૃદય અને સ્ત્રીવર્તનની સચોટ અભિવ્યક્તિ પણ સધાઈ છે.

બહુધા લલિતમધુર પદાવલિ પ્રયોજનાર આ કવિ કયારેક કવિતાના ભાવને અનુરૂપ કેવી અરૂઢ ને આખાબોલી ભાષા વાપરે છે તે માટે આ પંક્તિઓ જોવા જેવી છે :

*'કે કોઈ કહી મુજને શું કરશે ?*
*કે ગજ ચઢી શંકા કોણ ધરશે ?*
*કે શ્વાન ભસી ભસીને મરશે.'*

અહીં ભક્તહૃદયની નિશ્છલ ને ઉત્કટ આરત 'ગજ ચઢી શંકા...' ને 'શ્વાન ભસી ભસીને મરશે' જેવી તાર–સ્વરિત પદાવલિમાં વેધતાથી વ્યક્ત થઈ છે.

એક પદમાં કવિ 'ઊગ્યો ઊગ્યો રે સોના કેરો સૂર' જેવી સુભગ પંક્તિ યોજી પોતાના કવિકર્મનો ખ્યાલ આપે છે. તો 'વર્યા મેં તો વનમાળી' જેવા પદમાં 'સંસારીમાં સુખ એવાં, ઝાંઝવાનાં પાણી જેવાં, તુચ્છ જાણી આશા ટાળી રે, પરણી પ્રીતમ પ્યારો, અખંડ સોહાગ મારો, રંડાપાની બીક ટાળી રે...' જેવી પંક્તિઓમાં ભક્ત–કવયિત્રી મીરાંબાઈ સાથે તેમ જ 'જાણી જાણી છબીલા તારી વાતડી જી રે, ઘણી કીધી છે મુજને ઘાતડી જી રે' માં ભક્ત–કવિ દયારામ સાથેનો ભાવતંતુ પમાય છે, તો 'મેં તો ખાંતે રે ઢ ાળી ખાટલડી, વહાલા, ઊભી જોઉં છું તારી વાટલડી' જેવી પંક્તિઓએ કવિ નાનાલાલને પ્રેરણા આપી હોય તો તે સ્વાભાવિક ગણવું પડે તેમ છે.

બ્રહ્માનંદ લોકકવિ હતા તેથી તેમનાં પદોમાં લોકબોલીના શબ્દો, કાકુ વગેરે વારંવાર અનુભવાય છે. દા.ત. 'સૌ સાથે તે નાતો તોડયો રે, હથેવાળો તે હરિશું જોડયો રે'માં 'હથેવાળો' શબ્દ તેના લોકબોલીના રણકાને કારણે ધ્યાન ખેંચે છે. એવો જ રણકો નીચેની પંક્તિઓમાં પણ વર્તાશે :

*'નટવર, નિરખીને તુંને, અંતર ઠરે છે રે,*
*દુરિજન લોક ઘોળ્યાં દાઝીને મરે છે રે.'*

અહીં 'ઘોળ્યાં' જેવો સૌરાષ્ટ્રી લોકબોલીનો શબ્દ સાર્થક રીતે પ્રયોજાયો છે.

કવિ બ્રહ્માનંદનું ઉક્તિ–ઉપમા–કૌશલ ઘણું નોંધપાત્ર છે. આ પંક્તિઓ જોઈએ :

*'મનમોહન લટકાળાને મેલીને બીજે મન નવ જાવે રે,*
*અમૃતના પીનારાને ઉદ્ધવ, ખાટી છાશ કેમ ભાવે રે ?*
*અલબેલા નટવર વિના અમને અંતરે સુખ નવ ખાય રે,*
*સો લાંઘણ પડે આવીને સામટી કેસરી ઘાસ ન ખાય રે.'*

અહીં 'અમૃત' અને 'ખાટી છાશ' તથા 'સો લાંઘણ' અને 'કેસરી'ના ઉલ્લેખો કવિકર્મથી રસિત છે.

ભાવની ઉત્કટતા દ્વારા ચરમ રસનિષ્પત્તિ સિદ્ધ કરવાનું આ કવિ માટે સહજ છે. નિમ્ન લિખિત ઉત્કટતા દ્વારા એવું રસશિખર સિદ્ધ થતું અનુભવાશે :

*'શ્યામળિયા સલુણા કેરા હું તો રૂપમાં લોભાણી રે,*
*ડોલરિયાને દેખી હું તો બીજું સર્વે ભૂલી રે,'*

અહીં 'ડોલરિયા' જેવું એ વિશેષણ માત્ર જ પંક્તિને રસની ઊંચી કોટિએ મૂકી આપે છે.

રસવૈવિધ્ય અને રસસંક્રમણ પણ આ કવિને સહજસાધ્ય છે. ભક્તિભાવ આ પદોનો તંતુ છે, જેમાંથી શાંત રસની વિશદ નિષ્પત્તિ થાય છે. તે સાથે શૃંગાર અને હાસ્યરસનો પણ કવિ અવારનવાર આશ્રય લે છે. 'સાચું કહો શ્યામળિયા વહાલા, જાગ્યા કેને સંગે રે ?' જેવાં પદોમાં શ્રીકૃષ્ણના સંદર્ભે ઉપાલંભયુકત શૃંગારરસ તો છે જ, તે સાથે તેમાંથી હાસ્યરસનો પણ સહજ આવિર્ભાવ છે.

*'કહોને આજ કેને સંગે રંગમાં રોળાણા પ્યારા !*
*બીતાં મુખ બોલો જાણે સેજડીએ ચોળાણા પ્યારા !*
*લથડતાં માંડો છો પગલાં નિદ્રામાં ઘેરાણા પ્યારા !*
*કુચને કુમકુમે કરી છાતીમાં રંગાણા પ્યારા !*

આ પંક્તિઓ બ્રહ્માનંદને એક ઉચ્ચ કોટિના કવિ સિદ્ધ કરવા માટે પૂરતી છે. તેમાં લય–વૈશિષ્ટય, શબ્દસૌન્દર્ય, ભાવલાલિત્ય તથા શૃંગારરસનિરૂપણ અત્યંત ધ્યાનાર્હ છે. શૃંગારરસનું આવું પ્રગલ્ભ નિરૂપણ કર્યા પછી તરત જ કવિ એવી કુશળતા અને સહજતાથી હાસ્યરસમાં સંક્રમણ કરે છે કે કયાંય સાંધો કે રેણ કળાતાં નથી. જુઓ તે પછી તુરત આવતી આ પંક્તિઓ :

*'વેલણ સાટે મેલી આવ્યા મોરલી મરમાળી પ્યારા !*
*પીતાંબર વીસરી લાવ્યા ચુંદડી રૂપાળી પ્યારા !'*

તો એ જ પ્રકારના અન્ય એક પદમાં કવિ ગોપીભાવે શ્રીકૃષ્ણને 'મોતીડાંથી મોંઘા તે તમે સોંઘા કે'ને થયા છો રે ?' જેવો ઉપાલંભ આપે છે ત્યારેય તેમાં કાવ્યસ્પર્શ અછતો રહેતો નથી.

આ કવિનું ભાષાકર્મ તો 'થયું  તેમ કહોને હવે રંગડાના ભીના રે' કે 'જીવું છું જોઈને સલુણા મારા છેલા, સણુલા મારા છેલા, છો રંગના રેલા' જેવી અનેક પંક્તિઓમાં પ્રતીત થાય છે. 'મારા હૃદિયામાંય રાતદિવસ એક રટના સહજાનંદની' જેવા પદમાં કવિએ 'સંસૃતિ' સરખો શબ્દ પ્રયોજયો છે, તો 'હેરી', 'હેરિયાં', 'હેરણ', 'હેરણા' જેવા શબ્દો, 'પ્રીત બંધાણી રે હોજી મારે પ્રીત બંધાણી રે' જેવો પદ–ઉપાડ, 'અસૂરી' જેવો લોકબોલીનો શબ્દ, 'જળ'ને બદલે 'જળડું' 'ઘર'ને બદલે 'ઘરડુ' 'લોક'ને સ્થાને 'લોકડું' સરખા વિશિષ્ટ શબ્દપ્રયોગો, કવિને ભાષાકર્મને સંદર્ભે ઊંચા સ્થાનના અધિકારી સિદ્ધ કરે છે.

હવે આ ચાર પંક્તિઓ તપાસીએ :

*'રંગીલા કહાન, અરજી અમારી એક ઝેલીએ,*
*રંગીલા કહાન, મનની આંટી તે હવે મેલીએ.*
*રંગીલા કહાન, રહોને આવીને અહીં રાતડી,*
*રંગીલા કહાન, વાલપની કરીએ જો વાતડી.'*

અહીં પ્રત્યેક પંક્તિનો આરંભ 'રંગીલા કહાન' જેવા સંબોધનાત્મક શબ્દોથી કરવામાં આવ્યો છે તે વિશિષ્ટ ને તેથી નોંધપાત્ર છે.

કોઈક કોઈક પદમાં કવિ કલમ પાસે કેમેરાનું કે પીંછીનું કામ લે છે. આ પંક્તિઓ જોઈશું !

*'સાંજને ટાણે આવતો વા'લો શેરિયે રે,*
*સામો મળિયેલ નંદકિશોર રે....'*

અહીં સંધ્યાટાણે શેરીમાં આવતા ને સામા મળતાં નંદકિશોરનું ચિત્ર ક્ષણાર્ધમાં અંકિત થઈ ઊઠે છે. 'મળિયેલ' જેવો શબ્દપ્રયોગ તો અહીં ધ્યાનાર્હ છે જ.

કવિના પ્રાસકૌશલનું એક વધુ દષ્ટાંત તપાસવા જેવું છે :

*'હસીને છેલછબીલે સામું હેરિયું રેં,*
*તેને કોઈ ભેદુ જાણે ભેદ રે,*
*ચિતડું મોયું લખાણિ જાણું ચિત્રમાં રે,*
*થયા છે કાંઈ છાતલડીમાં છેદ રે.'*

અહીં 'ભેદ' સાથે 'છેદ'નો પ્રાસ તરત ધ્યાન ખેંચે છે, તો 'છાતલડી' જેવો લલિત શબ્દપ્રયોગ  શબ્દપ્રયોગ પણ સ્પૃહણીય લાગ્યા વિના રહેતો નથી.

આમ સંત કવિ હોવા છતાં બ્રહ્માનંદમાં શુદ્ધ કવિપણુંયે વારંવાર પૂર્ણ તેજે પ્રકાશતું રહે છે. બ્રહ્માનંદનાં સાત્ત્વિક દીન હૃદયનાં આપણને દર્શન થતાં રહે છે. 'લટકાળા તારે લટકે રે લેરખડા હું લોભાણી રે', 'રે શિર સાટે નટવરને વરીએ', 'રે સગપણ હરિવરનું સાચુ, બીજું સરવે ક્ષણભંગુર કાચું' જેવી પંક્તિઓમાં હરિ પ્રત્યેની નિરંતર રટણા, પ્રીતિની મક્કમતા અને દૃષ્ટાંત સચોટ રીતે વર્ણવ્યાં છે. તેઓના હૈયાના હોજમાં પ્રીતિની સરવાણીઓ ફૂટે છે અને તેનો આનંદ તેમનાં પદોમાં ફેલાય છે. તદુપરાંત તેઓના હૈયાનો ઊછળતો ભાવ અને થનગનાટ દષ્ટિગોચર થાય છે.

માનવ ઉરની સનાતન લાગણી વિરહની છે. પ્રેમભક્તિથી કૃષ્ણમય બની ગયેલી ગોપીની કૃષ્ણદર્શનની ઉત્કંઠાભરી ઘેલછામાં તેના હૈયાની માદકતાનો સંકેત મળે છે. ગોપીના હૈયાની વિહ્વળતા, વિવશતા, બેચેની અને મૂક વેદના સ્પષ્ટ રીતે કવિ બ્રહ્માનંદે એક પદમાં વ્યક્ત કરી છે.

*'વાલા પહેલાં હરિયા પ્રાણ પ્રીત લગાડીને*
*પછી મેલ્યા તમે માવ ડાબાં પાડીને.'*

વર્ષાની કાળી ઘનઘોર ઘટાઓ, વીજળીનો ચમકાર, મેઘગર્જના, મોરના મીઠા ટહુકા વાતાવરણમાં આહ્લાદકતા લાવી વિરહિણીના હૈયામાં અકળામણ, ખળભળાટ, બળતરા મચાવે છે.[૧૪]

*'સખી ફાગણ મહીને ફાગ ખેલે નરનારી રે*
*સખી અંતરે મારે આગ નાયા મોમારી રે'*

આ પંક્તિઓમાં "આગ" શબ્દ જ વિરહિણીના હૈયાની હોળી કેવી પ્રજવળે છે તેનો ખ્યાલ સ્પષ્ટ કરે છે. આમ ઉત્કટ તલસાટને અંતે પ્રિયતમનાં દર્શને કેવળ આનંદના ઓઘ ઊમટે છે તેનું દર્શન નીચેની પંક્તિઓમાં છતું થાય છે.

*'સખી પૂરી સરવે હામ કે ભૂજ બળ ભીડી રે*
*સખી કીધી પૂરણ કામ કે કીધી બીડી રે*
*સખી છેલ છબીલા સાથે, કે ખાંતે ખેલું રે*
*હવે બ્રહ્માનંદના નાથ કે, પલક નહીં મેલું રે.*

શ્રીકૃષ્ણની મીઠી મોરલીના મીઠા સૂરોએ વધુ મીઠાશ અને માદકતા પૂરી. એ કામણગારી બંસીની વેધક અસરે વ્રજનારી હૈયે આકુળવ્યાકુળ બની ગઈ; તેનું તન મન ડોલી ઊઠયું. શ્રીકૃષ્ણ પાસે આવી ઉત્કંઠાભરી આવેલી ગોપીઓને શ્રીકૃષ્ણે જાકારો આપ્યો અને શીખ આપી કે પરપતિ પાસે લજ્જા લોપી રાત્રીએ વનમાં કેમ આવ્યાં ? હજી તમારું હેત કોઈએ જાણ્યું નથી માટે પાછાં ચાલ્યાં જાઓ તો સારું– ત્યારે ગોપીઓ સ્ત્રીસહજ લજ્જા અનુભવે છે એ નીચેની પંક્તિમાં કવિએ ઝીલી છે :

*'નીચું જોઈને રે ખણે પગ અંગુઠે ધરણી.'*

પછી એકત્ર થઈ નીડરતાપૂર્વક શ્રીકૃષ્ણને સંભળાવે છે.

*'ન ઘટે તમને એવું બોલ્યું બહુનામી*
*જીવન મનની રે જાણો છો અંતરજામી.'*

ગોપીઓ વધુ આર્જવતાથી કહેવા લાગી કે : અમે સગાંસંબંધીઓનો ત્યાગ કરી તમારાં ચરણોમાં જ મન પરોવ્યું છે. સંસારની લાજ ત્યજી મીઠી મોરલીના તીખા તાને તમારી સન્મુખ ચાલ્યાં આવ્યા છીએ. પાછાં ઘરમાં અમે શું મુખ લઈને જઈએ ? માટે –નિઃશંક થઈને રે હૈડાનો તાપ નિવારો. આવો અબળાના હૈયાનો અલૌકિક ભાવ નિહાળી મોરારિ ખૂબ રીઝયાં, વનમાળીએ વ્રજનારીને કંઠે લગાવી બહુવિધ હાસ્યે અંતરની દાઝ બુઝાવી.

*'રમે રાસ મનોહર રસિયો જરિયાન ફેંટો કટિ કસ્યો*
*એક એક ગોપી એક એક કાનો મહાખેલ રચ્યો મસ્તાનો.*
*હેતે મર્મ કેરી કરે હાંસી, ખેલે નટવરકુંજ વિલાસી.'*

અહીં મીઠાંમધુરાં શરીર પુલકાવતાં ચુંબનો ગોપીઓ અર્પે છે. મોહન પણ રાસ સમાધિમાં પ્રફુલ્લિત બને છે.

*'ગોપી મોહનનો કર ઝાલી, કરે ચુંબન મદમસ્તવાલી'*

*'બાંહલડી બલવન્ત કેરી રે, ઝાલી તે વિનતા ઝૂલે*
*બ્રહ્માનંદનો વહાલો લહેરી રે, જોઈ જોઈને મનમાં ફૂલે.'*

*'ગોવાલણી હરિસંગ ગાવે રે, કંઠ બાંહલડી નાંખીને*
*મુખ સાથે મેલાવે રે આંખ્યું સાથે આંખીને'*

મોહન અને વ્રજનારી વિષેની કવિકલ્પના પણ નોંધપાત્ર છે.

*'જાણે શ્યામ ઘટા માંહે શોભે રે વીજ સરીખી વ્રજ નારી.'*

આ ચુસ્ત સંયમી વિરકત કવિએ મઘમઘતાં પ્રીતિભર્યાં શૃંગારનાં પદોમાં રાસ રમતા શ્રીકૃષ્ણનું કરેલું શૃંગારી વર્ણન રસિકતાની મહેંક મૂકી જાય છે. આ કવિએ કૃષ્ણ રાધાને કૃષ્ણગોપીની પ્રણય બેલડીને પોતાના કાવ્યસર્જનનો વિષય બનાવી છે. રાધા–કૃષ્ણના રસિક, માર્મિક સંવાદોની ગૂંથણી સુંદર છે. રાધિકા પોતાની કેડે પડેલ કાનુડાને મીઠો ઠપકો આપી લોકલજ્જા રાખવાની શીખ આપે છે અને અન્ય ફેલ ત્યજવા વિનવે છે. પણ અંતે રીસ ટળી જતાં શ્રીકૃષ્ણ સાથે રસ એકતાર થઈ ગુલતાન બને છે. કવિ બ્રહ્માનંદ એ રંગીલી જોડ પર વારી જાય છે.

કૃષ્ણ કનૈયાનાં કામણગારાં નયનોની ચોટ વર્ણવતાં કવિ બ્રહ્માનંદ તો નયનની એ મીટમાં "મોહનવેલ"નું દર્શન કરે છે.

*'ઘાયલ થઈ ઘરમાં પડી મારા પરવશ થઈ ગયા પ્રાણ*
*કુંવર રંગીલા કહાનનાં લાગ્યાં નેણાં કેરાં બાણ,*
*લજ્યા ભૂલી લોકની, ભૂલી પાણીડાંની હેલ.*
*બ્રહ્માનંદના નાથની કાંઈ મીટમાં મોહનવેલ.'*

કાનુડાની નેણકટારીએ ગોપીનું હૈયું વિંધાઈ જાય છે. એ ચોટે ચિતડું ચોરાઈ જાય છે અને હૈયામાં પ્રથમ દષ્ટિએ ચક્ષુરાગ થાય છે. કૃષ્ણની મોરલીનો જાદુ કેટલો માદક છે તેનું વર્ણન કરતાં પદો આ કવિએ રચ્યાં છે પરંતુ 'મોરલીઆં કોન મહા તપ કીનો'

ધ્રુવપંક્તિથી શરૂ થતા પદમાં મોહનના અધરામૃતનું સદાય રસપાન કરતી, શ્રીકૃષ્ણનું મુખાસન પ્રાપ્ત કરી ચૂકેલી મોરલી પ્રત્યે ગોપિકાને થયેલી સ્ત્રીસહજ ઈર્ષાનું દર્શન કવિએ કુશળતાપૂર્વક રજૂ કર્યું છે. તદુપરાંત બ્રહ્માનંદ કવિ કૃષ્ણની કામણગારી મોરલીની આહ્‌લાદક અને વેધક અસર વર્ણવતાં કહે છે કે મૃગલાં મોરલીના નાદે મોહિત થઈને તૃણજળનો ત્યાગ કરે છે, યમુનાનાં વહેતાં પાણી પણ થંભી જાય છે. વન–વેલીઓ અને પંખીઓ પણ પ્રફુલ્લિત બને છે. આમ મોરલીના તાનમાં ભાન ભૂલી ગુલતાન બનતી કુદરતનું વર્ણન ખરેખર કાવ્યમય છે.

મોરલીના મીઠા સૂરે ઘાયલ થયેલી ગોપીની વેદનાભરી સ્થિતિનું વર્ણન કવિ આ રીતે કરે છે :

*'મોરલીના નાદે ઘાયલ થઈને ધરણી પર ઢળીએ રે*
*બ્રહ્માનંદ કહે દરદ ટળે નહીં, વેધી મને પાંસળીએ રે.'*

બ્રહ્માનંદ કવિની કલ્પનાશક્તિ અને ચિત્રાત્મકતાનાં દ્યોતક કલ્પનાચિત્રો આસ્વાદીએ :

*'અરુન કમળ લોચન અણિયારે કાળે ભ્રમર છબીઆની*
*છૂટે કેશ ઝુકે કુંડળ પર, મીન શીશું નાગની લપટાની.'*
*'છુટે પેચ પાઘ ઉજલતે, લટકે લલિત બદન પર છાયે*
*માનો હંસ માનસર મુકતા ચુનન કાજ આતુર ઉડી આયે'*

બ્રહ્માનંદ સ્વામીના કેટલાંક પદોમાં અર્થ–ગાંભીર્ય અને દુર્બોધતા જણાય છે. પરંતુ શબ્દાર્થ અને ભાવાર્થ સ્પષ્ટ થતાં, તેમણે યોજેલી શબ્દચમત્કૃતિ અને શબ્દમાધુર્યથી વાચક પ્રભાવિત થાય છે.

*'સિંધુસુતા પતિ કયું ન સંભારે*
*જગઢંકન રિપુ તનયાપતિ રિપુ તામે નિશદિન ચિત્ત ધારે.'*

અહીં કામદેવ માટે જે શબ્દસમૂહ યોજયો છે તેમાં કવિની બુદ્ધિમત્તાનું દર્શન થાય છે. બ્રહ્માનંદ કવિમાં નૈસર્ગિક બુદ્ધિમત્તાના પ્રભાવવાળી તર્કશક્તિયુકત કવિત્વશક્તિનાં દર્શન થાય છે. તેમની કવિતા નિર્મળ શીતળ–ઝરાની માફક ભાવકની તૃષા તૃપ્ત કરે છે.

એમનામાં ઉચ્ચપ્રકારની ભક્તાધીનતા, શરણ્યભાવ, પ્રેમ, દઢતાભરી ટેક જણાઈ આવે છે. તેમની કવિતા વાંચતા જિજ્ઞાસુઓના હૈયામાં વિવેક જાગૃત થઈ. મોહ–મમતા નષ્ટ થઈ. ભગવાનમાં લગની લાગે છે.

શ્રીમદ્ ભાગવતથી વિશેષ પ્રબળ બનેલું ભક્તિશૃંગારનું મોજું નરસિંહ દ્વારા ગુજરાતીમાં ફેલાણું અને સ્વામિનારાયણ સંતકવિઓની કવિતામાં પણ એનાં શિકરો ઝિલાયાં. રાધાકૃષ્ણના શૃંગાર સાથે બ્રહ્માનંદ સ્વામીએ સહજાનંદનો શૃંગાર પણ 'પાઘડલીના પેચ છૂટા, હાર હૈયે ઉગ્ર પ્યારા' આદિ પંક્તિઓમાં આલેખ્યો. ભક્તિશૃંગાર જે મધ્યકાળની વિશેષતા છે, તેની અસરથી મુકત રહેવાનું ભાગ્યે જ કોઈ કવિથી બની શકેલ છે.

આમ જુઓ તો ભક્તિશૃંગારે ગુજરાતી કવિતાને મૂલ્યવાન બનાવી છે. વૈરાગ્યની નીરસતા અને જ્ઞાનની શુષ્કતાને ગાળી નાખી, 'આ જીવન પણ જીવવા જેવું છે' એવા મધુર ભાવનાવાદને તેણે જન્મ આપ્યો અને નરસિંહ, મીરાં દયારામ વગેરેની રચનાઓને કવિતાનું નામ આપી શકાય એવી 1જુમંજુલ બનાવી. માત્ર કવિતા નહિ, ગુજરાતની સંસ્કૃતિના ઘડતરમાં પણ આ ભક્તિશૃંગારની ધારા ઉપયોગી અને શકવર્તી બની રહેલ છે.

બ્રહ્માનંદની કવિતાને, આ ધારાના સંદર્ભે નિહાળીએ તો કવિ તરીકે બ્રહ્માનંદની એ વિશેષતા છે કે એનું શૃંગાર–નિરૂપણ કંઈક તેજસ્વી અને વીરત્વભર્યું છે.

*"છેલા ચાલંતા ગજચાલ, આવો મારે આંગણે,*
*હું તો મોહી છું મોહનલાલ, તોરે ફૂલડાં તણે."*

*"પ્યારી લાલ સુરંગી પાઘ, અનોખી બાંધણી;*
*છૂટા પેચ ઝૂકયા ચહુકોર, અધિક શોભા બણી."*

*"સખી કેસરભીનો કહાન, ઠરે જોઈ છાતડી;*
*રૂડી આંખડલીમાં રેખ, મનોહર રાતડી*
... ... ... ... ... ... ... ... ... ... ... ...
*શોભે બ્રહ્માનંદનો નાથ, રસીલો રાજવી."*

અહીં શ્રીકૃષ્ણનું જે ચિત્ર ઊપસે છે તે નરસિંહ, મીરાં, દયારામ કરતાં એક વિશેષ રંગ ધરાવે છે અને આ બ્રહ્માનંદની વિશિષ્ટતા છે.[૧૫]

બ્રહ્માનંદની કવિતામાં 'કુચને કુમકુમે કરી, છાતીમાં રંગાણા પ્યારા', 'બાઝોમાં ઓઢણે રે, સૌ દેખે સહિયરું નો સાથ' તેમજ 'પાતળિયાના પ્રેમની રે લાગી, છાતલડીમાં સાંગ' વગેરેમાં ભક્તિશૃંગારનું નિરૂપણ થયેલું છે.

માતાપિતાથી ગુપ્ત રીતે રાધાકૃષ્ણ લગ્નગ્રંથિથી જોડાય એવા નિરૂપણને ડૉ. દવે બ્રહ્માનંદની વિશેષતા ગણાવે છે. અન્ય સત્સંગીઓએ તેમ જ સૂરદાસ આદિક કવિઓએ પણ એ જાતનું લીલાવર્ણન કરેલ છે.

બ્રહ્માનંદમાં કવિતાની સૂઝ છે, બાહ્ય આકાર પરત્વે તો એના જેવો સજ્જ કવિ ભાગ્યે જ બીજો હશે, કવિ તરીકે બ્રહ્માનંદની નરસિંહ, મીરાં અને દયારામની કાવ્યમય રચનાઓની સામ્યતા કે અનુકરણ પણ બ્રહ્માનંદમાં મળે છે. તે થોડાંક ઉદાહરણો સાથે જોઈએ :

*'આજની ઘડી રળિયામણી રે,*
*મારો વાલો આવ્યાની વધામણી રે.'*

નરસિંહના આ પ્રખ્યાત પદનું અનુકરણ બ્રહ્માનંદ આ પ્રમાણે કરે છે :

*'વહાલો વધાવું, મારો વહાલો વધાવું*
*આજની ઘડી રળિયામણી રે મારો વાલો વધાવું.'*

મૂળે તો શ્રીમદ્ ભાગવતથી વિશેષ બનેલા ભક્તિશૃંગારનાં મોજાંના ગોત્રનાં આ સંતકવિઓ છે એટલે સામ્યતા કે અનુકરણ જરૂણ જણાવાનાં જ.

બ્રહ્માનંદ મીરાંથી વધારે પ્રભાવિત દેખાય છે.

(અ) 'મુખડાંની માયા લાગી રે' – મીરાં

(અ) 'મુખડાંની માયા લાગી' – બ્રહ્માનંદ

(બ) 'અખિયાં હરિદર્શનકી પ્યાસી' – મીરાં

(બ) 'નેનું પિયાવદનકી પ્યાસી' – બ્રહ્માનંદ

આ ઉપરાંત મીરાંબાઈની બીજી રચનાઓનું અનુકરણ પણ બ્રહ્માનંદમાં મળે છે. ભાષ્ય, ભાવ, ભંગી અને ટેક સુદ્ધાં મીરાંબાઈમાંથી બ્રહ્માનંદે લીધાં છે. 'પરણું તો વર પુરુષોત્તમ' તેમ જ 'વરીએ તો નટનાગર વરીએ' એવી બ્રહ્માનંદની રચનાઓ મીરાંબાઈની એવી રચનાઓના અનુસંધાનમાં આવેલ છે. એમ લાગે છે કે મીરાંબાઈની નાજુક રચનાઓનો પુરુષોચિત પડઘો બ્રહ્માનંદે પાડયો છે.

દયારામ બ્રહ્માનંદના સમકાલીન છે. એમાંથી પણ બ્રહ્માનંદે પ્રેરણા મેળવી છે ' રાત કયાં રમી આવ્યા ? ' એવા પ્રશ્નવાળી બ્રહ્માનંદની કેટલીક રચનાઓ દયારામના અનુકરણમાં સર્જન પામેલી છે. 'આજ ઉજાગરો નેણ દીસે હરિ, વદન કાજળ તણા ડાઘ લાગ્યા.' તેમ જ 'માળા મોતી તણા ચિન્હ છાતી' વગેરે બ્રહ્માનંદની પંક્તિઓ દયારામની 'હારના ચિન્હ દે છે ઉર દેખા, અધર પર દીસે છે અંજન રેખા' વગેરે પંક્તિઓથી પ્રેરિત છે. 'શોભા સલૂણા શ્યામની તું જોને સખી, શોભા સલૂણા શ્યામની' આ દયારામની પ્રખ્યાત રચના 'શી કહું રે, શોભા રે, સુંદર શ્યામની' એમ બ્રહ્માનંદમાં પ્રતિધ્વનિત થાય છે. કયારેક દયારામની એક પંક્તિનો અર્થવિસ્તાર બ્રહ્માનંદમાં મળે છે. જેમ કે 'તમારા હરિ સઘળે રે, અમારા તો એક સ્થળે, એ દયારામની રચનાનો વિસ્તાર :

*"નામ રે રૂપ મળે નહિ જેને, નહિ જેને આકાર રે;*
*એવા તેહિ પ્રભુ તમારે, અમારે નંદકુમાર રે."*

એમ બ્રહ્માનંદમાં મળે છે !

મધ્યકાલની કવિતાનો મોટો ભાગ આમ પરસ્પરના પડઘાઓથી ભરેલો છે. નરસિંહનું અનુકરણ દયારામમાં છે, દયારામની પ્રેરણા પ્રેમસખીમાં છે અને આમ અનુકરણમાં જ કાવ્યની હીના કયાંક કયાંક સૌરભિત થઈ ઊઠી છે. બ્રહ્માનંદનો રાજવી ઠાઠ–યુકત ભક્તિશૃંગાર અને એનું સચ્ચાઈભરેલું વૈરાગ્યગાન સ્વામિનારાયણ કવિતનાનાં ઉન્નત શિખરો છે અને કાવ્યસાહિત્યનું અમર ધન છે.

આવો, બ્રહ્માનંદની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ કરતાં કેટલાંક વધુ પદોનો આસ્વાદ માણીએ.

*તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી;*
*એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી... ટેક*
*ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે રે કેડે કડે રે.... મો*
*રંગડો જામ્યો છે ફૂલડાને તોરે, ભ્રમર ભમે છે ચહુ કોરે....... મો*
*ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે.... મો*
*બ્રહ્માનંદ કહે સર્વસ્વ વારું, રૂપ જોઈને વહાલા તારું રે.... મો*

બ્રહ્માનંદ મર્મી સાધુ–કવિ છે. એમણે આ પદનો આરંભ કરતાં જ 'લાવણતા' એવો વિશિષ્ટ શબ્દ વાપર્યો છે. એ શબ્દ લવણતા–લાવણ્ય પરથી આવ્યો જણાય છે. સમગ્ર સૌન્દર્યના સારરૂપ જે તત્ત્વ, તે તેમને મોહન વનમાળીના મુખ–દર્શનમાંથી લાધે છે. ભગવાન 'મોહન' મોહ પમાડનારા છે તેનું કારણ તેમના મુખની લાવણ્યશ્રી સૌન્દર્યશ્રી છે. ભગવાનનું મુખ મીઠું લાગતું હોય તો આ લાવણ્યના કારણે ને સ્નહેના કારણે. સ્નેહ હંમેશા સૌન્દર્ય જોનારો હોય છે. આ તો મરમાળી મૂર્તિના મુખનું સૌન્દર્ય. એનો તો ત્રણેય લોકમાં જોટો ન જ મળે ને !

શ્રીકૃષ્ણનું મુખ જો સુંદર છે, તો તેને અનુરૂપ એમનો સાજ–શણગાર છે. એમણે માથે જે પાઘ બાંધ્યો છે તે પણ લાલચટક રંગનો છે. એના ઊડતા છોગલા–છેડલા સાથે સાધુ–કવિનું મન પણ જાણે ઊડે છે. અહીં કવિએ માર્મિક રીતે પોતાનું મન કૃષ્ણમાં જે રીતે પરોવાયેલું છે તેનું વર્ણન કર્યું છે. ભગવાનનું છેલછબીલાપણું એમના પાઘમાં છોગલામાં કે ફૂલડાંના તોરામાંથી પણ પમાય છે. ચટક રંગીલાએ જે ફૂલ–તોરા સજયા છે એ પણ એવા તો ઉત્કૃષ્ટ સુવાસવાળા છે કે ભ્રમરો સતત એની આસપાસ ભમે છે અને એ ભ્રમરની સાથે કવિનું મન પણ. મોહન વનમાળીનું કેસરતિલકે અંકિત ભાલનું, એમના મુખનું સૌન્દર્ય જોઈ ચંદ્ર પણ શરમાતો હોવાની કલ્પના બ્રહ્માનંદ કરે છે. ભગવાનનાં સૌદંર્યનુ વર્ણન કરવામાં કદી કોઈ ઉપમા સફળ થાય કે ? ભગવાનની આગળ તો સર્વ ઉપમાનો હેઠા જ પડે. શશિયર–ચંદ્રનું ઉપમાન પણ ભગવાનના મુખ આગળ તો ઝાંખુ જ પડે છે.

આમ પોતાને અત્યંત વહાલા એવા કૃષ્ણનું સૌન્દર્ય એવું અલૌકિક છે કે બ્રહ્માનંદને પોતાનું સર્વસ્વ એ ભગવાનને ચરણે ધરી દેવાનું મન થાય છે.

બ્રહ્માનંદની નિર્મળ રૂપરસિકતા આ પદમાં સુરેખ રીતે પ્રગટ થાય છે. કાવ્યમાં મધુરતા–પ્રાસાદિકતાનો ગુણ ધ્યાન ખેંચે છે. 'ચટક રંગીલા,' 'રંગડો' જેવા શબ્દપ્રયોગો રૂપદર્શનના ઉલ્લાસને ઉત્કટતાથી પ્રગટ કરે છે. કવિના કહેવાનો મર્મ કાવ્ય સાંભળતાં વેંત જ સમજાઈ જાય છે.

(રાગ : ગરબી)

*મારે આજે પ્રીતમ ઘેર આવશે જી રે,*
*મને હેતે કરીને બોલાવશે જી રે....મારે આજ*
*એના સાથીડાને સાથે લાવશે જી રે,*
*કરી લટકાં તાળી દઈ ગાવશે જી રે....મારે આજ* ૧
*હરિ હેતે કરીને સામું ભાળશે જી રે,*
*રંગડાની તે રેલું વાળશે જી રે....મારે આજ* ૨
*કરી ખ્યાલ અલૌકિક ખેલશે જી રે,*
*માથે ફૂલડાના છોગલાં મેલશે જી રે....મારે આજ* ૩
*બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો જી રે,*
*સુખ દેશે આવીને ઉતાવળો જી રે....મારે આજ* ૪

બ્રહ્માનંદનું એ એક સુંદર ભાવમધુર પદ છે. પોતે તો શ્રી કૃષ્ણના પરમ ભક્ત છે, તેથી તેમના માટે તો શ્રી કૃષ્ણ જ પ્રિયતમ હોય. સામાન્ય જન પણ ઘરે આવે તો મનુષ્યને ગમે છે, ત્યારે આ તો મનનો માનેલ, સૌથી પ્રિય એવા પરમાત્મા સ્વયં ઘેર પધારવાના હોય ત્યારે એનો ઉમળકો કંઈ ઓછો હોય ? અહીં ભાવોલ્લાસથી પ્રિયતમનું આગમન વધાવાયું છે. 'બોલાવશે', 'ગાવશે', 'વાળશે', 'મેલશે' ને 'દેશે' એ ક્રિયાપદો વ્યાકરણની દષ્ટિએ સાદા ભવિષ્યકાળનાં છે, પરંતુ કાવ્યની દષ્ટિએ તો ઊજળા–રમણીય એવા ભવિષ્યકાળનાં છે. શ્રી કૃષ્ણ સાક્ષાત્ પધારે પછી કઈ બાબતની ઊણપ રહે ? એક અપૂર્વ આસ્વાદ્ય વાતાવરણ હશે. કૃષ્ણ આવશે, પ્રેમથી સામે ચાલીને પોતાને બોલાવશે; પાછા તે

એકલા નહિ આવે, મિત્રોને, ભક્તોનેય સાથે લેતા આવશે. એથી વળી આનંદ—ઉલ્લાસમાં ઓર વધારો થવાનો વળી એ બધા કંઈ સાવ મૂંગામંતર બેસશે નહીં. ગાનતાન ને રાસમાં સૌ ભાગ લેશે, એ રીતે અલૌકિક રસક્રીડાથી દિવ્ય આનંદની લહાણ કરશે. આમ શ્રી કૃષ્ણ આવતાં પોતાના શુષ્ક જીવનમાં અનેરો ઉત્સવનો આનંદ રેલાઈ રહેશે. સૌ મસ્તીમાં રમમાણ રહેશે. શ્રી કૃષ્ણ પણ પોતાની પાસે આવશે ત્યારે માથે ફૂલનાં છોગાં મૂકીને મસ્તીમાં મહાલશે. એ તો રસેશ છે, રાસેશ્વર છે. ભક્તને—સાચા ભક્તિરસના પિપાસુને તો તે સદ્ય સુખ આપશે. આમ આ પદમાં બ્રહ્માનંદે સ્નેહમાંથી સ્ફુરતી અલૌકિક રસમય ભાવિ સૃષ્ટિનું હૂબહૂ આલેખન કર્યું છે. ભગવાનના સ્નેહમિલને જે રંગોત્સવ જામવાનો છે, જે મસ્તીનું વાતાવરણ સર્જાવાનું છે તેને સ્ફુટ કરવા જ કવિ 'કરી લટકાં તાળી દઈ ગાવશે', 'રંગડાની તે રેલું વાળશે', 'માથે ફૂલડાનાં છોગલાં મેલશે' જેવી ઉક્તિઓનો વિનિયોગ કરે છે. કવિના ભાવસૃષ્ટિના અને ભાવસૃષ્ટિના ચિતારમાં શેખચલ્લી નથી, એમાં ભગવાન જે કંઈ કરવાના છે તેનું શ્રદ્ધાપૂર્વકનું બયાન છે. ભક્ત ભગવાનની વર્તમાન ચાલ તો જાણે, ભવિષ્યનીયે જાણવાનો. ભગવાનની જ કૃપાએ સાંપડેલા—સ્નેહના અધિકારે શ્યામળો પોતાના ભક્તની ભવિષ્યની જે અપેક્ષાઓ છે તે સર્વ સાચી પાડવાના. અહીં ભગવાનનું ઉતાવળે આવવાનું અનેક રીતે ભાવવ્યંજક છે. ભગવાનનો ભક્તના સ્નેહ માટેનો તલસાટ પણ તે સૂચવે છે. ભગવાનને અનેક ભક્તોના મન રાખવાનાં હોય, તે સંદર્ભેય આ 'ઉતાવળ' હોઈ શકે.

અહીં પ્રીતમ તો હજુ ઘેર આવવાના છે, પણ ભક્તને માટે તો એ જાણે આવી ગયાં બરોબર છે. કૃષ્ણ ભક્તના ઘરમાં હવે પ્રવેશવાના છે, પરંતુ ભક્તના મનમાં તો કયારનાય પ્રવેશેલ જ છે અને તેથી ભક્ત પરમ આનંદથી ભગવાને કરીને શું શું થશે એની રસિક કલ્પનાસૃષ્ટિમાં, ભાવસૃષ્ટિમાં રાચે છે.

આ કાવ્ય સરળ છતાં મર્મસ્પર્શી બન્યું છે તે આવી વિશિષ્ટ ભાવાનુભૂતિને કારણે પદ સુગેય છે.

* * * * *

(રાગ : ગરબી)

*તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે,*
*કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે....*
*શિર અજબ કલંગી શોભતી, અ૦ હૈડામાં રાખ્યા લાલ....રંગના* ૧
*મોળીડું છાયું મોતીએ, અ૦ ફૂલડાંની સુંદર ફોર....રંગના* ૨
*ઘેરે રંગે ગુચ્છ ગુલાબના, અ૦ જોઈ ભ્રમર ભમે તે ઠોર....રંગના* ૩
*તારી પાઘલડીના પેચમાં, અ૦ મારું ચિત્તડું થયું ચકચૂર....રંગના* ૪
*બ્રહ્માનંદ કહે તારી મૂરતિ, અ૦ વણદીઠે ઘેલીતૂર....રંગના* ૫

આ પદની રચનાનો એક ઇતિહાસ છે. એક વાર બ્રહ્માનંદ સહજાનંદ સ્વામીની સત્સંગસભામાં બેઠેલા, પણ ત્યાં તેમને વચમાં વચમાં ઝોકાં આવતાં હતાં. ભગવાન સહજાનંદ સ્વામી એમની એ દશા તુરત જ પામી ગયા તે તેમને ટકોર કરી, ત્યારે બ્રહ્માનંદે કહ્યું કે, હું તો આંખ મીંચી આપની મૂરતનું ધ્યાન ધરતો હતો. એ અંગે વધુ જિજ્ઞાસા પ્રગટ કરવામાં આવતાં બ્રહ્માનંદે શીઘ્રકવિતાની પોતાની શક્તિનો લાભ લઈ પ્રસ્તુત પદ ગાતાં ગાતાં સભાને ઝિલાવતાં રચેલું.

આ પદમાં સ્વામી બ્રહ્માનંદે કૃષ્ણરૂપી શ્રી સહજાનંદ સ્વામીનું સુંદર ચિત્ર રજૂ કર્યું છે. સહજાનંદ બ્રહ્માનંદના હૃદયમાં વિરાજમાન છે. એમના પ્રત્યે બ્રહ્માનંદનો એવો ઉત્કટ ભાવ છે. શ્રી સહજાનંદ જે કંઈ પહેરે–ઓઢે, જે કંઈ કરે તે બધું જ પારાવાર સ્નેહના કારણે બ્રહ્માનંદને તો રમણીય ને પ્રસન્નકર જ જણાય એ દેખીતું છે. બ્રહ્માનંદ તો અલબેલા એવા સહજાનંદનો લાલચટક રંગના છેડાવાળો કસુંબી પાઘ જોઈને જ પ્રસન્ન થઈ જાય છે. હૈયામાં જે સ્નેહનો લાલ રંગ છે એ જ જાણે એમના આ પાઘથીયે સૂચવાય છે ! આ પાઘમાંય પાછાં મોતી ગૂંથેલા છે, ફૂલના તોરા એમાં બાંધેલા છે. એ ફૂલ પણ પાછાં ગુલાબનાં ઘેરા રંગના, જે જોતાં મધુકરો તો દૂર જાય જ શાના ? બ્રહ્માનંદનું મન પણ પેલા મધુકર જેવું જ. એ આ પાઘની શોભા જોતાં ત્યાં રસભ્રમણ કરતું રહે છે. એમનું મન તો એમના પાઘના જે સુંદર આંટા છે તેથીયે આકર્ષાય છે. બ્રહ્માનંદ એ રીતે સ્વામી સહજાનંદનું દર્શન કરતાં આનંદમાં ભાવવિભોર બની જાય છે.

બ્રહ્માનંદને સહજાનંદની સમગ્ર મૂર્તિમાં દિવ્યતાનું તેજ, અલૌકિતતાનો ભાવ ભરેલો વરતાય તે સહજ છે; કેમ કે બ્રહ્માનંદને તો સહજાનંદમાં ભગવન્મયતાનો : કૃષ્ણનો સાક્ષાત્કાર થયેલો જ છે. બ્રહ્માનંદે ઊલટથી સહજાનંદનું રૂપવર્ણન કરતાં પોતાના એમના પ્રત્યેના દૈવી સ્નેહને જ વાચા આપી છે એમ સમજવું જોઈએ.

આ પદમાં 'અલબેલા રે' અને 'રંગના રેલા રે' એ ધ્રુવપદોનું વારાફરતી આવવું, ગેયતાની દષ્ટિએ ખૂબ આકર્ષક બને છે અને સહજાનંદનું દર્શન રસરૂપ અને આહ્‌લાદક છે એ ભાવને ઘૂંટવામાં તેનું રટણ ઉપયોગી થાય છે. કવિની પ્રાસરચના સહજસિદ્ધ છે ને ગેયતાને પરિતોષ કરનારી છે. આ પદ સુંદર રીતે સમુદાયમાં પણ ગવાય છે.

* * * *

*રાજ મારે દિન દિન દિવાળી રે,*
*વહાલા મળતા તમને વનમાળી રે, જી હો ગિરધારી....રાજ*
*મોહન આવ્યા તમે મંદિરીએ, કાજુ દીપ તણા ઉત્સવ કરીએ....રાજ*
*અજવાળ્યા તમ સારુ ઓરડિયા,*
*મેં તો જાળીડે જાળીડે નંગ જડિયા રે....જી*
*બ્રહ્માનંદના પ્રીતમ તમ સંગે,*
*અતિ આનંદ વાધ્યો છે મારે અંગે રે....જી*

આ પદમાં બ્રહ્માનંદ દિવાળીના ઉત્સવનું નિમિત્ત કરીને ભક્તિનું ગાન કરે છે. જો વનમાળી મળે તો જ દિવાળી અનુભવાય. રોજે રોજ કૃષ્ણ મળે તો રોજે રોજે દિવાળી. પ્રભુ આવે તો ઘર કંઈક ગંદુ–ગોબરું રખાય નહીં. ઘર સ્વચ્છ થાય, અનેક રીતે શણગારાય, રોશની વગેરે પણ થાય. એ જ રીતે આ આપણા દેહરૂપી ઘરને ય સજાવવું પડે, જો ગિરધારીની પધરામણી અને પ્રતિષ્ઠાને લાયક એને બનાવવું હોય તો.

બ્રહ્માનંદ કહે છે કે વહાલા વનમાળી જો ઘરે આવે તો રમણીય દીપોત્સવ કરીએ. જાળીએ જાળીએ રત્નો જડાવીએ. જયાં મોહનને ઉતારો આપવાનો હોય ત્યાં પૂરતા ઉજાશની સગવડ કરીએ. પ્રભુ આવે ને બધું સુંદર ઝાકઝમાળ, ઉત્સવના ઉલ્લાસથી સભર ન હોય તો કેમ ચાલે ? બ્રહ્માનંદને તો આનંદ એ વાતનો છે કે હરિકૃષ્ણનો સંગ મળ્યો.

એમનો સંગ એટલે નરસિંહ મહેતા કહે છે તેવો નિત્ય ઓચ્છવનો સંગ. જ્યાં સુધી પ્રભુ ભીતર હશે ત્યાં સુધી પ્રકાશ જ છે, દીપોત્સવી છે. અમાસ પણ અંધારી નહીં રહે, એ ઉલ્લાસની ગંગોત્રી બની રહેશે. બ્રહ્માનંદે આ રીતે દિવાળીને ભગવાનની સાથે સાંકળી છે.

પરમાત્માનું તેજોમય દર્શન થતું રહે એ માટેની બ્રહ્માનંદની અભીપ્સા આ કાવ્યના મૂળમાં રહી હોય તો નવાઈ નથી. આ કાવ્ય સરળ, સુગેય, ભાવમધુર પદ તરીકે આસ્વાદ છે.

* * * * *

*(રાગ : ગરબી)*

*એકાદશી ઉત્સવનો દિન રૂડો રે,*
*કોડે નિરખીએ છેલ કાનુડૉ....* ટેક
*રસિયા સંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ મન દમીએ રે;*
*ત્યારે ગિરધરને મન ગમીએ....* ૦૧
*નિત્ય પ્રેમસુધારસ પીજે રે, કરી વ્રત નવ રાખીએ બીજે રે,*
*રસિયો નટનાગર રીઝે....* ૦૨
*જેણે વચન થકી વ્રત કીધું રે, તેનું સઘળું કારજ સીધું રે;*
*બ્રહ્માનંદ કહે જન્મફળ લીધું....* ૦૩

સ્વામિનારાયણ સંપ્રદાયમાં એકાદશીનું માહાત્મ્ય ઘણું છે. શ્રીજી ભગવાને પોતે સૌ ભક્તોને નિયમિતપણે એકાદશી કરવાની આજ્ઞા આપેલી છે. આ પદમાં એકાદશીનો ઉત્સવરૂપે મહિમા ગાયો છે. કવિ બ્રહ્માનંદે આ કાવ્યમાં રસ અને સંયમનો અનોખો મેળ કરી બતાવ્યો છે. એકાદશી એ ખરેખર તો વ્રતનો દિવસ છે; પણ તે સાથે બ્રહ્માનંદે તેને 'ઉત્સવનો રૂડો દિન' પણ કહ્યો છે; કેમ કે એ દિવસ કૃષ્ણદર્શનનોયે દિવસ બની રહે છે. કૃષ્ણ સિવાયના ઈતર વિષયમાં ઇન્દ્રિયો ખેંચાય નહીં એવી મનના સંયમની ભૂમિકા એકાદશીના વ્રતધારીએ હાંસલ કરવી જોઈએ. એકાદશીનો એક અર્થ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા મન–એ રીતે કુલ અગિયાર ઈન્દ્રિયોને સંયમમાં રાખી કાનુડાની

સંનિધિમાં (ઉપ + વાસમાં) રોકવી એવો ય થાય છે. એક બાજું કૃષ્ણ સિવાયના ઈતર વિષયોમાંથી મનને ખેંચી લેવું, તેનું દમન કરવું અને બીજી બાજુ રસિયા એવા શ્રી કૃષ્ણમાં તેને યથેચ્છ રીતે વિલસવા દેવું – રમવા દેવું – એવી રસ–સંયમની અનોખી ભૂમિકા બ્રહ્માનંદ એકાદશીના વ્રતધારીને ચીંધે છે.

જેને શ્રીકૃષ્ણના પ્રેમરસનો – સુધારસનો સ્વાદ લાગશે તેને પછી સંસારના તુચ્છ રસોમાં મજા નહીં આવે. જેના સાન્નિધ્યમાં અલૌકિક આનંદ મળે છે એવા રાસેશ્વર અને રસેશ શ્રી કૃષ્ણ સદાયે કેમ પ્રસન્ન રહે એ જ સાચા વ્રતધારી ભક્તની સતત ચિંતાનો–સાધનાનો વિષય રહેવાનો. વ્રતમાં સંયમ સાથે એકાગ્રતા હોય. કૃષ્ણમાં જ જેનું મન છે એને માટે આ સંયમ અને એકાગ્રતા સહેલાં થઈ જવાનાં. તેથી જ એકાદશીએ ઈન્દ્રિસંયમ સાથે પ્રભુ–નામ–સ્મરણ પણ અવિયોજય ભાવે થતું રહેવું જોઈએ.

જે એકાદશીનું વ્રત લઈ, પરમ રસના સ્વામી એવા રસિયો નટનાગર શ્રી કૃષ્ણનું સાનિધ્ય સેવે છે તેનું સર્વ કાર્ય સફળ થાય છે. એનું આ સંસારમાં મનુષ્યરૂપે જન્મવું સાર્થક થઈ રહે છે.

બ્રહ્માનંદે આ સંક્ષિપ્ત પદમાં ગિરધર રસિયા રંગભર રમવા સાથે પ્રાણ, મન, ઈન્દ્રિયને દમવાની વાત મૂકી છે એ સૌથી ધ્યાનમાં રાખવા જેવી છે. એમ થાય તો વ્રતધારી, પરમાત્મા દ્વારા વરણને પાત્ર બને છે. પરમાત્માના પ્રિય થવું હોય તો તેનામાં અતૂટ શ્રદ્ધા ને સ્નેહ અને પરમાત્મા સિવાયના વિષયોમાં વિરક્તિ રહેવાં જોઈએ ને એ વાત બ્રહ્માનંદ માર્મિક રીતે આ પદમાં સૂચવી શકયા છે. આ પદ સુગેય અને સરળ છે તે જોઈ શકાશે.

* * * * *

*(રાગ : સારંગ)*

*કુંવર રંગીલે કા'ન, બેઠે રથ કુંવર રંગીલે કા'ન;*
*ધીરે ધીરે હાંકત રથ કું, ગાવત સુંદર તાન....બેઠે* ૧
*કંચન કો રથ બન્યો અલૌકિક, હય જોરે મસ્તાન;*
*નટવર નાથ સહલ કું નિકસે, ગોકુલ કે સુલતાન....બેઠે* ૨

*મીલમીલ જુથ સબે બ્રજબનિતા, કરત હરખ મુખગાન;*
*નિરખ હરખ નિજ નિજ નેનન સે, હોત રૂપ કો પાન....બેઠે* ૩
*ઈન્દ્રાદિક સુર દેખન આયે, છાયે નભ વિમાન;*
*બ્રહ્માનંદ નવલ પ્રીતમ કો રહો નિરન્તર ધ્યાન....બેઠે* ૪

આ કાવ્યમાં શ્રીકૃષ્ણની રથયાત્રાનું વર્ણન છે. કૃષ્ણને અર્જુનના રથના સારથીરૂપે તો આપણે જાણીએ છીએ. એ શ્રીકૃષ્ણ રથમાં બિરાજમાન હોય ને રથ હાંકતા હોય એવા દર્શન અનપેક્ષિત નથી. શ્રીકૃષ્ણ તો નટવર–નટખટ, જાત–ભાતની લીલા કરી જાણે. તો આ પણ – રથમાં સહેલવા નીકળવાની યે લીલા. મહાભારતના યુદ્ધમાં અર્જુનનો રથ હાંકતાં જે ભાર એમના માથે હતો તે અહીંની રથ–હાંકણીમાં નથી. તેથી જો આ રથ પોતે જ હાંકીને ઘૂમવા નીકળ્યા હોય ને રથ હાંકતાં હાંકતાં મસ્તીમાં આવીને કંઈક મીઠું લલકારતા હોય તો તે સ્વાભાવિક જ લેખાય. અહીં શ્રીકૃષ્ણ ભગવાના પોતે તો અલૌકિક જ બની રહે છે. જેમાં ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાન હોય એવા રથને ખેંચવાનો આનંદ ઉલ્લાસ અશ્વોને પણ ઓછો કેમ હોય ? આ તો નંદરાજાના પુત્ર, ગોકુલના રાજા–સુલતાન, એટલે એમની તો રથયાત્રા દરબારી–શાહી ઠાઠવાળી હોય એ દેખીતું છે. એ રથયાત્રા જોવા–માણવાનો લહાવો કોણ જતો કરે ?

રથારૂઢ શ્રીકૃષ્ણનું દર્શન કરવા ગોપીઓ ટોળે વળે છે. સૌ એમને હર્ષથી વધાવતાં ગાય છે. સૌ એમના અલૌકિક રૂપનું પાન કરતાં આનંદવિભોર બની જાય છે.

શ્રીકૃષ્ણની આ રથયાત્રા એવી અનોખી છે કે સ્વર્ગમાં વિમાનમાં ઘૂમનારા જે ઈન્દ્ર વગેરે દેવો, તેઓ પણ એનું દર્શન કરવા એક સાથે દોડી આવે છે. એમના વિમાનોથી આકાશ છવાઈ ગયાનું બ્રહ્માનંદ જણાવે છે ! આવા શ્રીકૃષ્ણ તો સદાયે, જયારે તેમના દર્શન કરો ત્યારે પ્રિયતમ જ લાગવાના. એવા શ્રીકૃષ્ણ પ્રત્યે મન સદાય રમમાણ રહે એ જ સ્મરણીય સ્થિતિ લેખાય. જો સુવર્ણનો રથ ભગવાનના વિરાજવાથી અલૌકિક બને છે તો આ દેહરૂપી રથ પણ ભગવાનના બિરાજવાથી અલૌકિક ન બને એમ બને ? વસ્તુતઃ તો ભગવાન આ દેહ–રથમાં બિરાજમાન છે. એમનાં દર્શન કરવાં એ જ મહત્ત્વની બાબત છે. એકવાર પણ દેહારૂઢ પરમાત્માનાં દર્શન થશે તો પછી આનંદની કોઈ સીમા નહીં રહે.

ગોકુલનો એક અર્થ ઈન્દ્રિયોનો સમુદાય એવો યે થાય છે. આપણી સર્વ ઈન્દ્રિયોનાં સ્વામી—સુલતાન શ્રીકૃષ્ણ જો આપણા જીવન—રથના સંચાલનની બધીયે જવાબદારી ઉપાડી લે તો તો ધન્યતાનો પાર ન રહે.

આ પદની ભાષા ગુજરાતી મિશ્ર હિન્દી છે. કવિએ સહેલવાને નીકળેલા 'નટવર નાથ' એવા શ્રીકૃષ્ણ માટે 'ગોકુલ કે સુલતાન' ઉક્તિનો પ્રયોગ કર્યો છે તે ધ્યાનાર્હ છે. 'મુસલમાન રાજા' એવા અર્થના 'સુલતાન' શબ્દના ભગવાન શ્રીકૃષ્ણ માટે થયેલા પ્રયોગમાં કોઈ કવિની અંતરતમ સમુદાર ધર્મભાવનાનોયે પ્રભાવ જુએ તો નવાઈ નહીં. કવિના એ ભાષા પરના પ્રભુત્વનો સંકેત આ પદ પણ આપી શકે એમ છે.

* * * * *

(રાગ : ગરબી)

*રે શિર સાટે નટવરને વરીએ,*
*રે પાછાં તે પગલાં નવ ભરીએ....રે શિર ટેક*
*રે અંતર્દષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડો'ળ્યું,*
*રે હરિ સારું માથું ઘોળ્યું....રે શિર* ૧
*રે સમજ્યા વિના નીસરીએ, રે રણ મધ્યે જઈને નવ ડરીએ,*
*ત્યાં મુખ પાણી રાખીને મરીએ....રે શિર* ૨
*રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને,*
*તે શું જીવે ભૂંડું મુખ લઈને....રે શિર* ૩
*રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે જુદ્ધે નવ ચડીએ,*
*જો ચડીએ તો કટકા થઈને પડીએ....રે શિર* ૪
*રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગ્યે પાછા નવ હઠીએ,*
*બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ....રે શિર* ૫

બ્રહ્માનંદ સ્વામીનું આ પદ ખૂબ જાણીતું છે. જેમ કવિ પ્રીતમે હરિનો મારગ શૂરાનો હોવાનું જણાવ્યું છે તેમ બ્રહ્માનંદે પણ પોતાની રીતે એ જણાવ્યું છે. ભગવાન તો નટવર – શ્રેષ્ઠ લીલાપુરુષ. એની સાથે સંબંધ બાંધવો, એટલે કે એને પ્રિયતમ કરવો

અથવા એના સૌથી વધુ પ્રિય પાત્ર–પ્રિયતમ થવું એ કંઈ સહેલું ન જ હોય. ઉત્કૃષ્ટ પ્રાપ્તિ માટે ઉત્કૃષ્ટ ત્યાગ જરૂરી હોય છે. જેની માથું આપવાની તૈયારી હોય તેને જ ભગવાન, તો મળે. એક વાર જો મનમાં એમને પામવાનું નક્કી કર્યું તો જે કંઈ કરવું પડે તે કરીનેય એમનો સ્નેહ સંપાદન કરવો જોઈએ. આપણે સતત ત્યાગ ને બલિદાનથી આપણી ઈશ્વરને વરવા માટેની સુપાત્રતા હાંસલ કરવી જોઈએ.

આપણે એક વાર બરોબર આત્મનિરિક્ષણ કરીને, આપણા હિતમાં શું છે તે વિચારી લેવું જોઈએ. જો એક વાર આપણે ઈશ્વર પર પસંદગી ઉતારી તો પછી કોઈ પણ રીતે તેને મેળવવા મથવું જોઈએ. વીરપુરુષો એક વાર રણમેદાનમાં ઊતરે પછી પાછીપાની કરતાં નથી. જે કરીએ તે બરોબર સમજીને કરીએ, પણ પછી જે કરીએ તે અધૂરું ન છોડીએ; કેમ કે અધૂરું છોડનારને આ દુનિયામાં પછી કાળા મુખે જીવવાનો વારો આવે છે. એક વાર યુદ્ધમાં – ખરાખરીના ખેલમાં ઝુકાવ્યા પછી તો ' कार्यं साधयामि देहम् पातयामि वा' – એવો જ ભાવ મનમાં રાખીને ઈશ્વરભક્તિના માર્ગે આગળ વધવું જોઈએ. ભક્તિ કંઈ દેખાદેખીનું કામ નથી. હૃદયમાં ભગવાન માટે ખરો ભાવ જાગે તો જ ભક્તિ કરવા બેસવું. 'બીજો ભક્તિ કરે છે માટે હું કરું' – એવો દેખાદેખીનો ભાવ બરોબર નથી. (હોરે હોરે – હોડે હોડે જુદ્ધે નવ ચડીએ.) એથી તો પસ્તાવાનો વારો આવે. ભગવાનની ભક્તિ તો ઊલટથી – ઉલ્લાસથી – રંગથી કરવાની હોય; નિર્ભયતાથી કરવાની હોય. એમાં ડરવાપણું તો હોય જ નહીં. એક વાર ભક્તિમાં ઝુકાવ્યા પછી 'કમ વોટ મે'ના ભાવથી આગળ વધવું જોઈએ. ગીતા–વચન અનુસાર ઈશ્વર કદી સારું ને સાચું કરનારનું – કલ્યાણ કરનારનું અહિત કરતો નથી તો પછી જેઓ સર્વસ્વ શ્રીકૃષ્ણને ચરણે સમર્પીને ભક્તિ કરવા નીકળ્યાં છે તેની ફિકર–ચિંતા કરશે જ. જો આ શ્રદ્ધા હોય તો ભક્તિના સમરાંગણમાં ભક્તના ચરણ કે એનું મન જરાય ડગશે નહીં. ભક્ત કોઈ પણ પડકારને હિંમતથી ઝીલશે ને 'મરીને જીવવાનો મંત્ર' બરોબર રીતે સિદ્ધ કરી બતાવશે.

બ્રહ્માનંદે આ પદમાં નટવરને વરવાની વાત રણમેદાનમાં જંગ જીતવા જેવી છે એમ સૂચવ્યું છે. અહીં ભક્તિની વાત લડાઈના ધોરણે, એનાં રૂપકોમાં રજૂ થઈ છે. એ

રજૂઆતમાં બળ છે, ઓજસ છે. કવિના ચારણી તેજ અને કવિત્વનું આ પરિણામ હોવાનું લાગે છે. કવિએ 'પાછાં તે પગલાં નવ ભરીએ રે', 'હરિ સારું માથું ઘોળ્યું રે', 'ત્યાં મુખ પાણી રાખીને મરીએ રે', 'જો ચડીએ તો કટકા થઈને પડીએ રે', 'હાક વાગ્યે પાછા નવ હઠીએ', આ સર્વમાં મર્દાનગીની તળપદી ભાષા પ્રયોજેલી જોઈ શકાય છે. 'ડહાપણ ઝાઝું નવ ડો'ળ્યું' જેવી ઉક્તિઓમાં પણ તળપદી ભાષાની તાકાત દર્શાવી છે. 'ત્રેવડ' પરથી કરેલ નામધાતુ 'ત્રેવડીએ'નું સામર્થ્ય પણ સહૃદયો જોશે જ. આ પદમાં કવિએ આત્મીયતાના ભાવે, પૂરી સચ્ચાઈથી મર્મવેધકતાથી ભક્તિની રીત કેવી છે, તે આપણને બતાવી આપ્યું છે. ભક્તિનો પંથ ઈશ્વર પ્રત્યે પહોંચવાનો પ્રેમ–શૌર્યનો પંથ છે. પ્રેમ પણ જ્યાં શૂરવીરતા વિના નથી ટકતો, એવું આ ભક્તિનું રણક્ષેત્ર છે. ત્યાં રંગ–રાસ છે, પણ એ તો પૂરા સમર્પણે જ લહાય એવા. આ પદમાં ગુજરાતી ભાષાનું તેજ અનુભવી શકાશે. પદ સુગેય છે.

હે કૃષ્ણ પ્રેમીઓ હે સહજાનંદ પ્રેમીઓ, હે બ્રહ્માનંદ પ્રેમીઓ – આવો

બ્રહ્મબોલનાં કવિ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ તેમની પદકવિતામાં કૃષ્ણનિરૂપણ દ્વારા આપણને બ્રહ્મવિદ્યા ભણાવી છે તેના વધુ દષ્ટાંતો આ પદાનુભવ દ્વારા સ્વાનુભવ સર્વાનુભવ બને એ હેતુથી.

### રે લગની તો હરિવરથી લાગી

(રાગ : ગરબી)

*રે લગની તો હરિવરથી લાગી,*
*મેં તન ધનની આશા ત્યાગી....*　　　　*ટેક*
*રે વાત કહું સુણ સાહેલી, રે બળિયોજી કીધા બેલી;*
*માથું પહેલું પાસંગમાં મેલી... રે*　　　　*લગની – ૧*
*રે ન ડરું હું લોક તણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે;*
*આ દેહ ધર્યો નટવર કાજે... રે*　　　　*લગની – ૨*
*રે શિર પર જો બીજે ધારું, રે તો બગડે જીવતર મારું;*
*હું જીતી બાજી તે કેમ હારું... રે*　　　　*લગની – ૩*

*રે હરિ વિના બીજાને વરવું, રે ગજ તજી ખર ચડીને ફરવું;*
*એ જીવ્યાથી રૂડું મરવું... રે લગની – ૪*
*રે મરજાદા જગની મેટી, રે બાંધી મેં તણી પેટી;*
*બ્રહ્માનંદનો વ્હાલો ભેટીં... રે લગની – ૫*

## રે સગપણ હરિવરનું સાચું

*(રાગ : ગરબી)*

*રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું... ટેક*
*રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;*
*છે વરવા જેવા એક વનમાળી... રે સગપણ – ૧*
*રે થીર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા તોડી;*
*મેં જગના જીવન સાથે જોડી... રે સગપણ – ૨*
*રે ફોકટ ફેરા નવ ફરીએ, રે પરઘર પાણી શું ભરીએ;*
*રે વરીએ તો નટવરને વરીએ... રે સગપણ – ૩*
*રે ભૂધર ભેટયા ભય ભાગો, રે સહુ સાથે તોડયો ધાગો,*
*એ રસિક રંગીલાથી રંગ લાગો... રે સગપણ – ૪*
*રે એવું જાણીને સગપણ કીધું, રે મેહણું તે શિર ઉપર લીધું;*
*બ્રહ્માનંદનું કારજ સીધું... રે સગપણ – ૫*

## પ્રીતમ પાતળિયો રે

*(રાગ : ગરબી)*

*પ્રીતમ પાતળિયો રે પાતળિયો,*
*આવી અઢળક મુજ પર ઢળિયો રે... પ્રીતમ–૧*
*હેત ઘણે મુખ હાસ્ય કરીને,*
*હાં રે આજ મોહન મુજને મળિયો રે... પ્રીતમ–૨*

મહેર કરી મારે મંદિરીએ,
હાં રે કહાનો હેતે આવે છે નિત્ય હળિયો રે... પ્રીતમ–૩
શિવ બ્રહ્મા ઈંદ્રાદિક સરખા,
હાં રે વહાલો કોઈથી ન જાય કળિયો રે... પ્રીતમ–૪
બ્રહ્માનંદના નાથને ભેટી,
હાં રે હવે જનમ–મરણ ભય ટળિયો રે... પ્રીતમ–૫

## લાગ્યો મારે નટવરથી નેડો

(રાગ : ગરબી)

લાગ્યો મારે નટવરથી નેડો,
કે હવે મેં તો શિર નાખ્યો છેડો રે... ટેક
કે સહુ મળીને મુજને વારી, કે અટકી મન વૃત્તિ મારી;
કે ધણી મેં તો ધાર્યા ગિરિધારી રે... લાગ્યો–૧
કે શું મતલબ મારે કોઈ સાથે, કે મેહેણું મારે મોહનનું માથે;
કે હરિવરે મુંને ઝાલી હાથે રે... લાગ્યો–૨
કે મોડું વેહેલું સહુ જાવાનું, કે તેન ખિજયે તે શું થાવાનું;
કે મેહેણું મારે અવિચળ માવાનું રે... લાગ્યો–૩
કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચઢી શંકા કોણ ધરશે;
કે શ્વાન ભસી ભસીને મરશે રે... લાગ્યો–૪
રે સમઝીને મેં તો પગ ભરીઆ, કે સર્વે વિષય રસ વિસરીઆ;
કે બ્રહ્માનંદનો વહાલો વરીઆ રે... લાગ્યો–૫

## વરીએ તો

*વરીએ તો શ્યામળિયો વરીએ,*
*વરીએ તો શ્યામળિયો વરીએ; ચતુર વર વરીએ...*
*તેનું તો એવાતન કાચું, પરણી રંડાવું પાછું;*
*તેને ઘર શું પાણી ભરીએ રે... ૧*
*જેને પરણે દુઃખ જાયે, અખંડ સોહાગ થાયે;*
*તેની સંગે પ્રીતિ કરીએ રે... ૨*
*સરવે સંસારી જૂઠાં, શું થાવાનું રુઠયાં ત્રૂઠયાં*
*તેને તુચ્છ જાણી ફરીએ રે... ૩*
*બ્રહ્માનંદ કેરે વહાલે, લટકાળે નંદ લાલે,*
*હાથ મારો સ્હાયો હરિયે રે... ૪*

## વ્યાપક બ્રહ્મને

*વ્યાપક બ્રહ્માને કોઈક વિચારે, જે તમ જેવા જોગી રે;*
*અમે તો ભોગીલાં આહિરડા, ભૂધરજીનાં ભોગી રે...* ૧
*નામ ને રૂપ મળે નહીં જેને, નહીં જેને આકાર રે;*
*એવા તેહિ પ્રભુ તમારે; અમારે નન્દકુમાર રે...* ૨
*મનમોહન લટકાળાને મેલીને, બીજે મન નવ જાવે રે;*
*અમૃતના પીનારાને ઉદ્ધવ, ખાટી છાશ કેમ ભાવે રે...* ૩
*અલબેલા નટવર વિના અમને, અંતર સુખ નવ થાય રે;*
*સો લાંઘણ પડે આવીને સામટી, કેસરી ઘાસ ન ખાય રે...* ૪
*અમે વેપાર ન કરીએ ઉદ્ધવજી આગલા ભવની ઉધારે રે;*
*બ્રહ્માનંદ કહે હરિ જોએ, પ્રગટ પ્રમાણ અમારે રે...* ૫

## પ્રકરણ – ૫

## બ્રહ્માનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ :*

૧. ચારણી સાહિત્ય : સર્જન અને ભાવન, ડૉ. અંબાદાન રોહડિયા, પૃ. ૭૧

૨. એજન, પૃ. ૭૫

૩. એજન, પૃ. ૭૬

૪. એજન, પૃ. ૭૭

૫. એજન, પૃ. ૭૮

૬. એજન, પૃ. ૭૮

૭. સ્વામિનારાયણ પ્રકાશ એપ્રિલ ૨૦૦૩નો અંક, પૃ. ૪૩

૮. ચારણી સાહિત્ય : સર્જન અને ભાવન, ડૉ. અંબાદાન રોહડિયા, પૃ. ૮૦

૯. સ્વામિનારાયણ પ્રકાશ એપ્રિલ ૨૦૦૩નો અંક, પૃ. ૪૫

૧૦. સ્વામિનારાયણ સંત પરંપરા અને કૃષ્ણભક્તિ કવિતા, દર્શના ઓઝા, પૃ.૨૧

૧૧. એજન, પૃ. ૨૩

૧૨. 'રે સગપણ હરિવરનું સાચું', સંપા. ડૉ. બળવંત જાની, પૃ. ૨૦

૧૩. 'બ્રહ્માનંદનું કવિ કર્મ' લેખ – ભગવતીકુમાર શર્મા
'સ્વામિનારાયણ સંત સાહિત્ય', સંપા. રઘુવીર ચૌધરી પૃ. ૨૧૪

૧૪. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ–૨ (ઈ.સ. ૧૪૫૦–૧૮૫૦), ગુજરાતી સાહિત્ય પરિષદ, પૃ. ૬૩૦

૧૫. 'બ્રહ્માનંદની પદ કવિતા' લેખ – નરોત્તમ પલાણ, સ્વામિનારાયણ સંત સાહિત્ય, સંપા. રઘુવીર ચૌધરી પૃ. ૨૨૧

✰✰✰

# પ્રકરણ-૯
# પ્રેમાનંદ સ્વામીની પદ કવિતામાં કૃષ્ણનું નિરૂપણ

જન્મ : ૧૮મી સદીનો ઉતરાર્ધ

અવસાન : ઈ.સ. ૧૮૫૫, સંવત ૧૯૧૧, માગસર સુદ ૧,

પ્રેમાનંદ ગવૈયા ભારી, ગાઈ રાજી કર્યા સુખકારી,

રાગરાગના કીર્તન કીધાં, જેને શ્રીહરિએ ચરણ ઉર દીધાં.

(નંદમાળા – મંજુકેશાનંદજી)

ગઢડામાં એકવાર પોતાના સંતમંડળ વચ્ચે બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ સૌ સંતોને સંસ્કૃત અભ્યાસની પ્રેરણા આપી રહ્યાં હતાં. રંગે ઉજજવળ, શરીરે દેખાવડા, સહેજ નીચી દડીના એક નવદીક્ષિત સાધુ ભગવાન સ્વામિનારાયણને એકીટશે નીરખી નીરખીને એમના પ્રત્યેના લટકાને હૃદયમાં ઘૂંટી રહ્યાં હતાં. અચાનક એમની આંખોમાં આંખો માંડીને શરમાળ પ્રકૃતિના એ સાધુને ભગવાન સ્વામિનારાયણે વાત્સલ્યપૂર્વક પૂછયું : 'સ્વામી ! તમે શું ભણો છો?'

નિજબોધાનંદ નામના એ સાધુ ચોંકીં ગયા. નીચી દષ્ટિ કરી કહેવા લાગ્યા : 'મહારાજ! સંસ્કૃતમાં સારસ્વત ભણું છું'

'તો પછી તમે મૂર્તિનાં કીર્તનો શરૂ કરોને!' મહારાજે આજ્ઞા આપી.

'પણ મહારાજ ! મારું એ ગજું નહીં. એ તો મુકતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી જેવા મહાન કવિનું કામ, એમનાં જેવાં કીર્તનો બનાવતાં મને કેવી રીતે આવડે ? હું પિંગળ ભણ્યો પણ નથી' સંકોચાતાં સંકોચાતાં નિજબોધાનંદે કહ્યું.

'તમે અમારી મૂર્તિ અને લીલાનાં કીર્તનો કરો. કીર્તનોના શબ્દો આપોઆપ હૈયામાં સ્ફુરવા માંડશે' શ્રીજીએ પ્રેરણા કરી.

નિજબોધાનંદે શ્રીજીની આજ્ઞા ઝીલી લીધી. કલમ હાથમાં લીધી. શ્રીજીની મૂર્તિનું નખશિખ સ્મરણ કર્યુ. રોમેરોમમાં રોમાંચ વ્યાપી ગયો, કાગળ પર કલમ સરકવા માંડી. પ્રથમ કીર્તન રચાયું : 'ફુલન હીંડોળે ઝુલત લાલ...' પ્રથમ ભક્તિપદ પૂરું થયું અને તરત જ બીજું પદ રચાવાનું શરૂ થયું. એમ કરતાં ચાર પદ રચાઈ ગયાં. આ નવકવિએ ઉત્સાહભેર શ્રીજીમહારાજનાં નવરચિત કીર્તન ગાયાં. સંતોએ વાદ્યોની સંગત આપી. શ્રીજી રાજી રાજી થઈ ગયાં. એક મહાકવિના ઝળહળતા સૂર્યનો આ રોમાંચક ઉદય હતો. એક અજોડ સંતકવિ જન્મ્યાનો એ અવસર હતો. કવિએ પદાન્તે પોતાનું નામ નિજબોધાનંદ મૂકયું. પરંતુ પદમાં આ નામ મોટું પડવા લાગ્યું. શ્રીહરિએ કહ્યું : 'આ નામ પદના અંતે ઉચિત નથી લાગતું' એમ કહી શાથમાં માળા લઈને એક એક મણકે 'મુકતા', 'બ્રહ્મા', 'નિત્યા', 'પરમાં' એવાં નામ સંભારવા લાગ્યા અને 'પ્રેમા' કહીને અટકી ગયા. કવિને બોલાવી એમને નવું નામ આપ્યું : 'આજથી તમારું નામ પ્રેમાનંદ સ્વામી. તમારે હવેથી પ્રેમાનંદનાં નામે કીર્તનો રચવાં.' પ્રેમાનંદે કીર્તનોની હવે હેલી વરસાવવા માંડી.

એક વખત પ્રસિદ્ધ કૃષ્ણભક્ત 'ચંદ્રસખી'નું હિંદી કીર્તન સાંભળી શ્રીજીએ પ્રેમાનંદનું 'પ્રેમસખી' નામ પાડીને કહ્યું : 'આજથી તમારાં બે નામ. પ્રેમાનંદ અને પ્રેમસખી. બેઉ નામે કીર્તનો કરજો.'

ભારતવર્ષના ભક્તિકાવ્યોના વારસામાં જેમનું નામ એક મહાકવિ તરીકે ગૌરવભેર લેવામાં આવે છે. એવા પ્રેમસખી સ્વામી પ્રેમાનંદજી સ્વામિનારાયણીય સંતકવિઓમાં મુઠ્ઠી ઊંચેરું નામ છે. એમના જન્મ વિષે અનેક કિંવદંતીઓ સાંભળવા મળે છે. એક પ્રચલિત કથા પ્રમાણે ભરૂચ જિલ્લાના દોરા ગામે ગાંધર્વ જાતિમાં તેમનો જન્મ. બાળપણમાં એમનું નામ હાથીરામ હતું. પાંચ વર્ષની નાની ઉંમરે માતાપિતા ખોયાં અને હાથીરામ નિરાધાર થયો. ગામલોકોએ એને વેરાગી બાવાની જગ્યામાં મૂકયો. બાવાઓના ઝુંડમાં એ ફરવા લાગ્યો. આ છોકરો જયરામદાસ[૧] (જિજ્ઞાસાનંદ સ્વામી) તીર્થયાત્રા પ્રવાસ કરતાં કરતાં ગુજરાત રાજયના દોરા ગામમાં વૈરાગીની જગ્યામાં ઉતરેલાં તેમના સંપર્કમાં આવ્યો. જયરામદાસે છોકરામાં તીર્થાટનની જિજ્ઞાસા જાગૃત કરી.

'પ્રેમસખી–પ્રેમાનંદ સ્વામીનું જીવનચરિત્ર'

તે તીર્થયાત્રા કરવા જયરામદાસ સાથે ચાલી નીકળ્યો. દ્વારિકાની યાત્રા કરીને તે બંને શિનોર ગામ પહોંચ્યા. ત્યાં તેમને મહાનુભાવાનંદ સ્વામી અને સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ થયો. તેમણે તેઓને સહજાનંદ સ્વામીનો મહિમા કહ્યો. બંનેની પૂર્વની મુમુક્ષુતા જાગૃત થઈ. તેથી તે બંને સહજાનંદ સ્વામીના દર્શન કરવા ગઢપુર આવ્યાં. સહજાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. દર્શન થતાં જ હાથીરામે નકકી કરી લીધું : હવે ભવમાં કયાંય ભટકવું નથી. અહીંજ ભવસાગરનો અંત લાવવો છે. હાથીરામ ભગવાનનાં ચરણોમાં સમર્પિત થઈ ગયો. છોકરાનો પોતાના વિશે અધિક સ્નેહભાવ જોઈ શ્રી સ્વામિનારાયણે નાત જાતની પરવા કર્યા વિના એને દીક્ષા આપી. તે સમયે સહજાનંદ સ્વામીએ જયરામદાસનું જીજ્ઞાસાનંદ સ્વામી નામ આપ્યું અને તેની સાથે જે યુવાન હતો તેનું નિજબોધાનંદ નામ રાખેલું.

*ભક્તબીજ પલટે નહીં, કુળ જાય અનંત*
*ઊંચ નીચ ઘરે અવતરે, આખરે સંતના સંત*[૨]

**પુરુષ પ્રયત્ન અને ઈશ્વરકૃપા :**

નિજબોધાનંદ સ્વામી વિદ્વાન સંતો પાસે સંસ્કૃત અને કાવ્ય શાસ્ત્રનો અભ્યાસ કરતાં. તે સમયે એક વખત શ્રીહરિએ તેમને કહ્યું કે, "નિજબોધાનંદજી ! મુકતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે કવિસંતો જે રીતે કીર્તનો રચે છે તે રીતે તમે પણ કીર્તનીય પદોની રચના કરો"

નિજબોધાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, "મહારાજ! તેઓશ્રીમાં જેવી કવિત્વ શકિત છે તેવી કવિત્વ શકિત મારામાં નથી"

નિજબોધાનંદજીની વાત સાંભળીને શ્રીહરિએ તેમને કહ્યું કે, "સ્વામી ! તમે સંસ્કૃત ભાષાનો અને કાવ્યશાસ્ત્રનો અભ્યાસ તો કરો જ છો તેથી કીર્તનીય પદો રચવાનો પ્રયત્ન કરો. પુરુષપ્રયત્ન અને ઈશ્વરકૃપાથી તમારી બુદ્ધિમાં કવિત્વ શકિતનો વિકાસ થશે જ"

ઈષ્ટદેવ શ્રીહરિના આશીર્વાદ પ્રાપ્ત કરીને નિજબોધાનંદ સ્વામીએ ઈષ્ટદેવના સ્વભાવ, ગુણ, ચરિત્રમય કીર્તનીય પદો રચવાની શુભ શરૂઆત કરી અને 'નિજબોધાનંદ'

નામથી કેટલાક પદોની રચના કરીને તે પદો શ્રીહરિને વંચાવ્યા તે વાંચીને શ્રીહરિ પ્રસન્ન થયાં.

**નિજબોધાનંદ એ જ પ્રેમસખી પ્રેમાનંદ :**

એક સમયે ગઢપુરમાં પ્રેમાનંદ સ્વામીએ સિતાર વગાડીને સ્વરચિત પદોનું સંગીતમય ગાન કર્યું. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. તે સમયમાં પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, "મહારાજ ! પ્રથમ તમે મારું નામ નિજબોધાનંદ રાખેલું પરંતુ કીર્તન રચવામાં તે નામ અનુકૂળ ન હતું તેથી તમે મારું નામ પ્રેમાનંદ રાખ્યું તે બહું જ સારું થયું કારણ કે કીર્તન રચવામાં 'પ્રેમાનંદ' નામ ખૂબ જ અનુકૂળ આવે છે"

સ્વામીશ્રીની વાત સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, "સ્વામી ! તમે પ્રથમ બનાવેલા પદોમાં પણ પ્રેમાનંદ નામ રાખજો"

પ્રેમાનંદ સ્વામી અને નિર્વિકારાનંદ સ્વામી સંગીતના અભ્યાસ માટે બુરાનપુર ગયેલા. ત્યાં અભ્યાસ કરીને પૂર્ણાનંદ સ્વામી અને અદ્ભુતાનંદ સ્વામી સાથે ગઢપુર આવ્યાં અને શ્રીહરિએ આદરપૂર્વક તેઓને પોતાની સાથે રાખ્યા.[૩]

**સ્વામીશ્રીનો વિદ્યાભ્યાસ :**

વિ.સં. ૧૯૦૫ ની સાલમાં કવિશ્રી દલપતરામ પ્રેમાનંદ સ્વામીને મળેલાં. તેમની મુલાકાત સારસ્વરૂપે સ્વામીશ્રી વિષયક માહિતી અંગે કવિશ્રી લખે છે કે, "સ્વામીશ્રી ગાંધર્વ જ્ઞાતિમાં જન્મેલા. તે સમયમાં તેમની ઉંમર અંદાજે સીતેર વર્ષની જણાતી હતી." સંવત ૧૯૦૫ માં તેઓ હૈયાત હતાં અને તે વખતે તેમની ઉંમર આશરે ૭૦ વર્ષની જણાતી હતી. તે ઉપરથી ધારી શકાય કે તેઓ આશરે સં. ૧૮૩૫ માં જનમ્યાં હતાં) પ્રેમાનંદ કાવ્ય ભાગ–૧, ભાગ–૨ પ્રકાશિત કરનાર ઈશ્વરદાસ દેસાઈ લખે છે કે ત્રીસેક વર્ષની ઉંમરમાં પ્રેમાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનું શિષ્યત્વ સ્વીકાર્યુ અને ત્યારથી તેઓશ્રી સહજાનંદ સ્વામી સાથે રહ્યાં.

ઉપરોક્ત બંને માહિતીને આધારે એમ કહી શકાય કે બાલ્ય અવસ્થાથી ત્રીસેક વર્ષની યુવાવસ્થાનાં સમય દરમિયાન ગુજરાતી ભાષાનું જ્ઞાન પ્રેમાનંદ સ્વામીએ પ્રથમથી જ મેળવેલું હોય જ.

પોતાના પિતા ઉત્તમ સંગીતકાર હોવાથી સંગીતકળાનો પ્રાથમિક અભ્યાસ તેમણે પોતાના પિતા પાસે જ કરેલ હોય.

**સાધુદીક્ષા પછીથી વિદ્યાભ્યાસ :**

૧. પ્રેમાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે ગુરુભાવ રાખતા. તેમની પાસે કાવ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર વગેરે વિવિધ વિદ્યાનો અભ્યાસ કરતા.

૨. દેવાનંદ સ્વામી ઉત્તમ સંગીતકાર હતા. તેમની પાસે સંતો સંગીતનો અભ્યાસ કરતા.

૩. પ્રેમાનંદ સ્વામીએ સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ સંતો પાસે જ કરેલો.

૪. 'બુરાનપુર હિ ગાન શિખ આયે, સુખાનંદ મુનિ સિતાર શિખાયે' અર્થાત્ પ્રેમાનંદ સ્વામીએ સુખાનંદ સ્વામી પાસે સિતારવાદનનો અભ્યાસ કરેલો.[૪]

**વિશેષ અભ્યાસ માટે વિવિધ સ્થળોએ વિચરણ :**

૧. પ્રેમાનંદ સ્વામી અને નિર્વિકારાનંદ સ્વામી બંને સંતો સંગીતના અભ્યાસ માટે બુરાનપુર ગયા અને ત્યાં 'તાપીદાસ' વેરાગીના અખાડામાં એકાદ વર્ષ રહ્યા અને સંગીતનો વિશેષ અભ્યાસ કર્યો.

૨. વડનગરમાં સદારામભાઈ ઉત્તમ સંગીતકાર હતા. તેમને શ્રીહરિએ કહ્યું કે, વડતાલ આવો. આપને રહેવાની બધી જ સગવડતા આપીશું. ત્યાં રહીને આપ અમારા સંતોને સંગીતનો અભ્યાસ કરાવો. શ્રીહરિની આજ્ઞાથી સદારામભાઈ વડતાલ આવ્યા. ત્યાં રહ્યા અને તેમની પાસેથી સંતોએ સંગીતનો અભ્યાસ કર્યો.

૩. તેમણે રચેલા પદો વાંચવાથી સ્પષ્ટ સમજાય છે કે સ્વામીશ્રીને વિવિધ ભાષાના શબ્દકોષનો તલસ્પર્શી અભ્યાસ છે.

૪. સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, રાજસ્થાની (મારવાડી), બંગાળી, મરાઠી, વ્રજભાષા, ઉર્દૂ વગેરે વિવિધ ભાષાના શબ્દોનો પ્રયોગ તેમણે રચેલ પદોમાં વાંચવા મળે છે. તે ઉપરથી સમજાય છે કે સ્વામીશ્રીને વિવિધ ભાષાનું સારું જ્ઞાન છે.

૫. હિન્દી અને ગુજરાતી ભાષા પર તેમનું અદ્ભુત પ્રભુત્વ છે. હિન્દી ભાષાના પદોમાં ગુજરાતી ભાષાના શબ્દોનો પ્રયોગ અને ગુજરાતી ભાષાના પદોમાં હિન્દી

ભાષાનાં શબ્દોનો પ્રયોગ કરવો એ તો તેમને માટે સ્વાભાવિક હોય એમ સ્પષ્ટ સમજાય છે.

**નૃત્ય સહિત સંગીતગાન :**

એક સમયે વડતાલમાં અન્નકૂટ ઉત્સવ પ્રસંગે શ્રીહરિએ મુકતાનંદ સ્વામીને નૃત્યગાન કરવાનું કહ્યું એટલે પ્રથમ પ્રેમાનંદ સ્વામીએ પગે ઘૂંઘરું બાંધીને નૃત્ય સહિત સંગીતગાન કર્યુ. પછીથી મુકતાનંદ સ્વામીએ નૃત્યગાન કર્યુ.આ પ્રસંગ પરથી કહી શકાય કે પ્રેમાનંદ સ્વામી નૃત્યકળામાં પણ પ્રવીણ હતાં તેની પ્રતીતિ સ.ગુ.મુકતાનંદ સ્વામીએ હોરીના પદોમાં આ રીતે કરી છે, "નિરત્ય સુરત્ય પકરે પિયાકું, પ્રેમસખી તહાં નાચ નચીરી, લાડીલે લાલ કી ધૂમ મચીરી" (સંભવછે કે પ્રેમાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી પાસેથી નૃત્યકળા શીખ્યા હોય).[૫]

**ધરમપુરમાં સંગીતગાન :**

શ્રીહરિ ધરમપુર પધાર્યા ત્યારે તે રાજયના સંગીતકારોએ રાત્રિની સભામાં સંગીતગાન કર્યુ. તેનું સંગીત સાંભળીને શ્રીહરિએ તેમને કહ્યું કે આપે સરસ સંગીતગાન કર્યુ. અમારા સંતો પણ સંગીતના અભ્યાસી છે. આપ તેનું સંગીત સાંભળો અને તેના સંગીતગાનમાં કોઈપણ ક્ષતિ હોય તો કહેજો. એમ કહીને શ્રીહરિએ સંગીતકાર દેવાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને સંગીતગાન કરવાનું કહ્યું તેથી પ્રથમ પ્રેમાનંદ સ્વામીએ 'સિતારવાદન' સહિત સંગીતગાન કર્યુ ત્યારપછી દેવાનંદ સ્વામીએ 'સરોદ' વાદન સહિત સંગીતગાન કર્યું. તે સંગીતગાનમાં દેવાનંદ સ્વામીએ 'સુરફાગ' રાગનો આલાપ કર્યો. સંગીતગાનમાં અતિશય કુશળ બંને સંતોનું સંગીત સાંભળીને રાજયના સંગીતકારોએ પોતાનો પરાજય અનુભવ્યો તેથી તેઓ શરમિંદા બની ગયાં. સંતોના ગાનથી પ્રસન્ન થયેલાં શ્રીહરિએ પોતાના સોનેરી વસ્ત્રો ઉતારીને તે બંને સંતોને માથે ઓળધોળ કરીને રાજયનાં સંગીતકારોને આપ્યા. વિશેષમાં સોનામહોર આપીને તેમને સન્માનિત કર્યા.

**ગઢપુરમાં સંગીતગાન :**

સંવત ૧૮૭૫ ના આષાઢ માસમાં ગઢપુરમાં શ્રીહરિ વિરાજમાન હતા. તે સમયના એક દિવસે સંતસભામાં શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીને મલાર રાગના કીર્તન

ગાનની આજ્ઞા કરી. તેથી પ્રેમાનંદ સ્વામીએ સ્વરચિત કીર્તન "સખી રી શ્યામ ઘટા ચડી આયો" એ ચાર પદોનું ગાન કર્યું. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થય અને મસ્તકે બાંધેલ જરકસી પાઘ, છીંટની ડગલી વગેરે ત્રણ કિંમતી વસ્ત્રો પ્રેમાનંદ સ્વામીને આપ્યા. ત્યારે સ્વામીએ કહ્યું કે, "મહારાજ ! અમારે સાધુને તો સાદા વસ્ત્રો શોભે" મહારાજ કહે, "સ્વામી ! તમારા જેવા સંત માટે તો આવા અનંત વસ્ત્રો–આભૂષણો વારી ફેરી નાંખીએ તો પણ ઓછા છે. સંતથી અધિક કંઈ નથી."[૬]

**રાત્રિએ સતત કીર્તનગાન :**

એક વખત પ્રેમાનંદ સ્વામીએ મહારાજ પાસે આખી રાત્રિ કીર્તનગાન કર્યું. સ્વામીશ્રીની શ્રદ્ધા અને સંગીતગાનથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને વરદાન માગવાનું કહ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે, "મહારાજ ! તમારા સ્વરૂપના મને અખંડ દર્શન થાય તેવી કૃપા કરો."[૭]

**સંગીતકારો પ્રભાવિત થયાં :**

ગ્વાલિયર સ્ટેટના સંગીતકારો ગઢપુર આવ્યા. તેઓ શ્રીહરિને મળ્યા અને પોતાનો પરિચય આપ્યો. શ્રીહરિએ તેમનો આદર સત્કાર કર્યો અને બે દિવસ રહેવાનો આગ્રહ કર્યો તેથી તેઓ રોકાયા.

બીજે દિવસે સંધ્યા સમયની સભામાં શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને સંગીતગાન કરવાની આજ્ઞા કરી તેથી બ્રહ્માનંદ સ્વામીએ પ્રથમ સંગીતગાનની શરૂઆત કરી.

સંધ્યા સમય હતો તેથી જે તે સમયમાં જે રાગથી સંગીતગાન કરવાનું હોય એ જ રાગથી સંગીતગાન કરવું જોઈએ એવો સંગીતશાસ્ત્રનો નિયમ છે. પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ તો પ્રભાત સમયમાં ગવાતા ભૈરવી રાગથી સંગીતગાન શરૂ કર્યું. તે સાંભળીને આગંતુક સંગીતકારોએ વિચાર્યુ કે સમય સમયના ગેય રાગનું જેને જ્ઞાન નથી તે સંગીતગાન શું કરી જાણે ? પરંતુ તેઓ કંઈ બોલ્યા નહીં. ભૈરવી રાગથી ગેય પદનું સંગીતગાન સ્વામીએ સમાપ્ત કર્યુ તે સમયે સ્વામીશ્રીના આલાપના પ્રભાવથી આકાશમાં પ્રભાત જેવું વાતાવરણ છવાઈ ગયું.

ત્યારપછી પ્રેમાનંદ સ્વામીએ સ્વરચિત પદ "ચંદન ચર્ચિત નીલ કલેવર" આ પદનું રાગ ભૈરવ ધ્રુપદ ચૌતાલથી સંગીતગાન કર્યુ. હૃદયના ભાવથી ઈષ્ટદેવના સ્વરૂપ સ્મરણ સહિત ભૈરવી રાગના આલાપના પ્રભાવથી આકાશમાં પૂર્ણપ્રભાત જેવું વાતાવરણ છવાઈ ગયું અને કુકડા, ચકલા વગેરે પક્ષીઓ કલરવ કરવા લાગ્યા. ગ્વાલિયરના સંગીતકારો સંતોના આલાપનો પ્રભાવ જોઈને આશ્ચર્ય પામ્યાં અને શ્રીહરિ, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીના ચરણમાં મસ્તક નમાવીને બોલ્યા કે, "આ સંતો સમય, સંગીત કે આલાપને આધીન નથી પરંતુ સમય, સંગીત અને આલાપ એ બધું આ સંતોને આધીન છે. ભગવદ્‌ભક્ત સંગીતકાર સંતો મળવા દુર્લભ છે." સંતો પ્રત્યે તેઓની ભાવના ભાળીને શ્રીહરિએ તેઓની પ્રશંસા કરી અને કિંમતી વસ્ત્રો આભૂષણ આપીને તેઓનું સન્માન કર્યું.

ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિના પ્રેમમાં વહેતા પ્રેમાનંદ સ્વામીએ એટલાં અદ્‌ભુત કીર્તનો રચ્યાં છે કે જેનો જોટો જડવો મુશ્કેલ છે. ગોપીભાવે પ્રેમાનંદ સ્વામીએ રચેલાં હજારો કીર્તનોમાં ભગવાન સ્વામિનારાયણનો અપરંપાર મહિમા, દાસત્વભક્તિ અને નિરાળી પ્રેમભક્તિનો આવિર્ભાવ ઉછળે છે. ભગવાન સ્વામિનારાયણના ઉપદેશને પણ તેમણે પોતાના પદોમાં આવરી લીધો છે. ભગવાન સ્વામિનારાયણે પોતાના સ્વરૂપ અને અક્ષરધામ વિશે કેટલીક રહસ્યમય વાતો પોતે અનુયાયીઓને કહેલી અને પ્રેમસખીએ કાવ્યમાં ગૂંથી લેતાં ચાર ગરબીની એક ચોરસ રચી છે. કવિએ એનો ઉપક્રમ આ રીતે બાંધ્યો છે :

*રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, કહું છું સર્વે સાંભળો એક ચિતે,*
*રે સત્ય કહું છું નરનારી, રે જેમ છે તેમ કહું વિસ્તારી,*
*એમાં ખોટી ન મળે લગારી.*
*રે સમજાવું કહી દષ્ટાંતે, જથારથ હોય તેમ કહું ખાંતે,*
*મારું રૂપ જેમ છે તેમ ભારી રે.*
*રે અક્ષર આકાશ ઠેકાણે રે, માયા મહાશૂન્ય પરમાણે,*
*મુકત કોટિ વીજળિયો જાણે રે.*

અનંતપુરુષને આકાશમાં ઊડતાં પક્ષીની સાથે અને મહાવિષ્ણુને વાદળિયાં સાથે સરખાવતાં કવિ સ્થિર અને અસ્થિર ગતિઓને પરમાત્માની કાળશકિત ગણાવે છે. જયારે એ સર્વ અક્ષરમાં લીન રહે છે ત્યારે એક અક્ષરબ્રહ્મ જ દેખાય છે. આ અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક નિરાકાર નિર્ગુણ અને બીજું સાકાર સગુણ સ્વરૂપ.

*રે રચના બ્રહ્માંડોની રચાયે, રે સગુણ સ્વરૂપ અક્ષર થાયે*
*જેને વેદ જય જયકારી ગાયે રે.*
*રે મહાવિષ્ણુ આદિ અનંતકોટિ, રે ધરી દેહ મહાકૃતિ મોટી,*
*રહે અક્ષર રોમમાંહી લોટી રે.*

આવા અનંત શકિતધર અક્ષરધામમાં પરમાત્મા સદા બિરાજે છે. એને સમજાવતાં કવિ સ્વામિનારાયણની વાણીમાં કહે છે :

*રે જેમ અક્ષરમાં હું રહું છું, રે તે સમજાવીને કહું છઉં,*
*ગુણ એક દષ્ટાંત દઉ છું રે.*
*રે શબ્દ બોલે નભમાં રહીને, રે એક અનેકરૂપ થઈને,*
*સમજાવે વહાલો પ્રેમસખીનો કહીને રે.*

આવા અક્ષરાધિપતિ સ્વામિનારાયણની પ્રગટભક્તિનો કેફ વ્યક્ત કરતાં કવિ કહે છે :

*મેં તો એમ જ મૂઢ નિશ્ચય કર્યો સહજાનંદજી;*
*બીજો વિવેક સર્વે મેલ્યો ધર્યો સહજાનંદજી;*
*આ પ્રગટ તમારો આકાર છે સહજાનંદજી;*
*સર્વે સાર તણો એ સાર છે સહજાનંદજી;*
*મારી સમજણનો એ સિદ્ધાંત છે સહજાનંદજી;*
*મારું તત્ત્વ એ વેદ વેદાન્ત છે સહજાનંદજી;*

આ સર્વોપરિ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની મોહિની કેવી હતી તેનું વર્ણન કરતાં પ્રેમસખી ગાય છે. તેઓ મનમાં નિશ્ચ્યની પાકી આંટી વાળે છે કે,

*'તમ વિના બીજું નહીં ભાળું રે, એવી આંટી હું મનમાં વાળું રે.'*

સહજાનંદ એ જ અક્ષરધામમાંના પરબ્રહ્મ પરમાત્મા છે એવો જ્ઞાન સહિત જેણે નિશ્ચય કર્યો એને બીજો વિવેક, વિચાર કરવાનો બાકી રહેતો નથી; કારણ કે કવિને મન તો એ 'સર્વ સારનો સાર' અને 'વેદાન્ત' નો નિષ્કર્ષ સહજાનંદજીનો 'પ્રગટ આકાર' જ છે.

*'વહાલા સર્વ નિશ્ચય થકી ઉત્તમ, નિર્વિકલ્પ નાથ રે,*

*વહાલા નિશ્ચે તમારા સ્વરૂપનો, આપો રાખીને સાથ રે.'*

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં ઉપાસના–નિષ્ઠાના કુલ છ ભેદ વર્ણવ્યા છે. એમાંના સર્વ શ્રેષ્ઠ પ્રકારને એટલે કે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને પ્રેમાનંદજી વારે વારે ગાય છે. 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામથી' મોક્ષનું દ્વાર ખુલ્લું થાય છે. મોક્ષ માટેનું શ્રેષ્ઠ સાધન પણ આ જ છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે, 'અષ્ટાવરણે યુકત એમાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિશે અણુની પેઠે જણાય છે; એવું જે પુરુષોત્તમ ભગવાનનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે' તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો છે. પ્રેમાનંદ સ્વામીનાં કીર્તનોમાં એ ઠેરઠેર પડઘાય છે.

**અને આમ રચાયું એક ઐતિહાસિક ભક્તિપદ....**

એક વખત સુરતથી ભાલચંદ્ર શેઠ મહારાજનાં દર્શન કરવા આવ્યા અને બહુમૂલ્ય વસ્ત્રો, આભૂષણો વગેરે મહારાજને ધારણ કરાવ્યાં. મહારાજ એ પહેરીને ઢોલિયે વિરાજયા. અંગોઅંગ અત્તરની સુગંધ ફોરતી હતી.

એ સમયમાં શ્રીવાસુદેવનારાયણની આરતી થઈ એથી શ્રીજીમહારાજ સભામાંથી ઊઠીને શ્રીવાસુદેવનારાયણના ઓરડામાં પધાર્યા. ત્યાં જીવુબા અને લાડુબા દર્શન કરવા આવ્યાં. તે વખતે મહારાજે ચાકળો આપીને બેસાર્યા. બંને બહેનોએ પ્રશ્ન કર્યો, 'મહારાજ! આપે અમારા પિતાજીને શ્રીકૃષ્ણરૂપે દર્શન આપ્યાં હતાં તે શ્રીકૃષ્ણ ભગવાન તો ગૌલોક ધામના પતિ છે અને આપને તો સર્વે પરમહંસો, બ્રહ્મચારી, પાર્ષદો તથા સત્સંગીઓ અક્ષરધામના પતિ કહે છે. તેમજ આપનું નામ તો સહજાનંદ સ્વામી, તથા સ્વામિનારાયણ છે. માટે કૃપા કરીને અમારી શંકાનું સમાધાન કરીને આપના રહસ્ય–અભિપ્રાયની વાર્તા સંભળાવો'

મહારાજે તેમને પોતાના ધામની અદ્ભુત વાતો કરી. આ વાત પ્રેમાનંદ સ્વામીએ ઓરડાની બહાર ઊભા રહીને અથેતિ સાંભળી અને તે જ વખતે તેઓ કીર્તનની રચનામાં પરોવાઈ ગયા. મહારાજ જયારે બહાર પધાર્યા ત્યારે તેમને ઊભેલા જોઈને પૂછયું : 'શું કરો છો પ્રેમસખી?' 'આપે હમણાં વાર્તા કરી તેનું કીર્તન બનાવું છું મહારાજ.' 'તો સંભળાવો જોઉં !' તરત પ્રેમસખીએ જે પદોની રચના કરી હતી તે સંભળાવવા લાગ્યાં. અંતરમાં સંગ્રહેલી મહારાજની વાતને તેમણે કાવ્યદેહ આપ્યો અને તે 'આજ મારે ઓરડે રે…' ઓરડાનાં પદો તરીકે સંપ્રદાયમાં પ્રચલિત થયાં. સાંભળી મહારાજ તેમના પર બહુ રાજી થયા.[૮]

આ ચાર પદ પૈકી એક પ્રાસાદિક પદ માણીએ :

*બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;*
*મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન … ૧*
*મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુકત;*
*સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુકત … ૨*
*મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;*
*સર્વે સામ્રથી રે, શકિત ગુણે કરી અભિરામ … ૩*
*અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;*
*શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેખાય … ૪*
*તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;*
*દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર … ૫*
*જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;*
*સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન … ૬*
*અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;*
*મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય … ૭*
*એમ મને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;*
*મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી … ૮*

*હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;*
*પ્રેમાનંદનો રે, વા'લો વરસ્યા અમૃત મેહ ... ૯*

**સખી ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે :**

ગઢપુરમાં લીંબતરૂ નીચેના ચોકમાં શ્રીહરિ માણકી ઘોડી ખેલાવતા હતા. તે સમયે પ્રેમાનંદ સ્વામી ત્યાં આવ્યા. સ્વામીને જોઈને શ્રીહરિએ તેમને કહ્યું કે, "સ્વામી ! તમે સંગીતગાન કરો અમે સાંભળીએ" શ્રીહરિની આજ્ઞાથી સિતારવાદન સહિત સ્વામીએ સંગીતગાન કરીને "સખી ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે" એ પદનું ગાન કર્યુ તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયાં તેના જ અનુસંધાને બીજા ત્રણ પદોની રચના કરીને ચાર પદનું કીર્તન કર્યું.[૯]

**પંચભાષીય કીર્તનગાન :**

એક સમયે પ્રેમાનંદ સ્વામીએ પંચભાષામાં એક સુંદર પદની રચના કરી. તેની માહિતી નાજા જોગીયાને મળી. ત્યાર પછી થોડાં સમયમાં શ્રીહરિ અને સંત સત્સંગીઓની સભા થઈ ત્યારે નાજા જોગીયાએ શ્રીહરિને કહ્યું કે પ્રેમાનંદ સ્વામી સિવાય કોઈ કવિ અમને લેખામાં આવ્યા નહીં. શ્રીહરિ કહે 'એમ શાથી ?' નાજા જોગીયાએ કહ્યું કે, "મહારાજ! તેમણે જે પંચભાષાનું કીર્તન બનાવ્યું છે તેમાં અમારી ભાષાનો પણ તેણે ઉપયોગ કર્યો છે." તે સાંભળીને મહારાજે પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે, "તમે પંચભાષાનું જે કીર્તન બનાવ્યું છે તે અમને સંભળાવો." પ્રેમાનંદ સ્વામી કહે, "મહારાજ ! એ કીર્તન મારે તમને સંભળાવવું હતું પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ મને ના પાડી એટલે તે કીર્તન આપને મેં સંભળાવ્યું નથી" શ્રીહરિ કહે "તમે બેફિકર થઈ કીર્તન બોલો અમારે સાંભળવું છે." શ્રીહરિની આજ્ઞા થતાં પ્રેમાનંદ સ્વામીએ "મોહન બેન બજાઈ, ગૃહ તજી બન આઈ બન આઈ" આ પદનું રાગ લલિત અને તાલ આદિથી આલાપન કર્યુ જે સાંભળીને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા અને પોતાને ખભે સોનેરી રેંટો હતો તે પ્રેમાનંદ સ્વામીને આપ્યો અને કહ્યું કે, "આ રેંટો ઓઢીને આ કીર્તન ગાતાં ગાતાં બ્રહ્માનંદ સ્વામી પાસે જાઓ" શ્રીહરિની આજ્ઞાથી પ્રેમાનંદ સ્વામીએ તે પ્રમાણે કર્યુ તે જોઈને બ્રહ્મમુનિ કહે, "અરે ! પ્રેમસખી આવી અમૂલ્ય મોજ કયાંથી લાવ્યા?" ત્યારે પ્રેમાનંદ સ્વામીએ

બ્રહ્માનંદ સ્વામીને પ્રણામ કરીને બધી જ વાત કરી તે સાંભળીને બ્રહ્મમુનિ પણ પ્રસન્ન થયા.[૧૦]

**વીણાવાદન કરીને સ્વરતાલ :**

એક વખત વડતાલમાં શ્રાવણ વદ ૧૧ના દિવસે જોબન પગીના આંગણામાં સંતો અને સત્સંગીઓની સભા થઈ. તે સભામાં મુકતાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યું કે, "સ્વામી ! આજે એકાદશીનો દિવસ છે તેથી આપ નૃત્ય સહિત સંગીતગાન કરીને એકાદશી ઉત્સવ કરો" શ્રીહરિની આજ્ઞાથી મુકતાનંદ સ્વામીએ મસ્તક ઉપર રૂમાલ બાંધ્યો (સંતોએ માથે બાંધવાની પાધને રૂમાલ કહે છે), ખભે ખેસ રાખ્યો, સુંદર ધોતી પહેરી. પગમાં ઘૂઘરા પહેર્યા, હાથમાં ઘૂઘરીયોવાળી કરતાલ ધારણ કરી અને નૃત્ય સહિત સંગીતગાનનો આરંભ કર્યો.

એ નૃત્યસંગીતમાં તાલ પુરાવા માટે પ્રેમાનંદ સ્વામીએ વીણાવાદન શરૂ કર્યું. નૃત્ય કરતા કરતા મુકતાનંદ સ્વામી જે રીતે શારીરિક અભિનય કરતા હોય તે અભિનય અને સંગીતસ્વરને અનુસંધાને પ્રેમસખી નૃત્ય અભિનયમાં સ્વરતાલ પૂરાવતા હતા. મુકતાનંદ સ્વામીના નૃત્યકળાના અભિનય અને સંગીતગાન તેમજ વીણાવાદન સહિત સ્વરતાલ પૂરાવવાની પ્રેમાનંદ સ્વામીની પ્રાવિણ્યતાથી શ્રીહરિ ખૂબ જ પ્રભાવિત થયા અને પ્રસન્ન થઈ બંને સંતોનું સન્માન કર્યુ.[૧૧]

**સ્વભાવાનુસાર કીર્તનગાન :**

અમદાવાદમાંનરનારાયણદેવ પધરાવ્યા તે સમયમાં એક દિવસ સભામાં સંતોને શ્રીહરિએ કહ્યું કે, જેને જેવું અંગ હોય તેવા કીર્તન બોલો. એ સમયે પ્રેમાનંદ સ્વામીએ પોતાના અંગને અનુરૂપ એવા આ કીર્તનનું ગાન કર્યુ. તે કીર્તનના શબ્દો આ મુજબ છે. "ઓ સાથીડા મેરો નેહ નિભાવજો"

**કપિલાષષ્ઠી ઉત્સવમાં સંગીતગાન :**

શ્રીહરિએ ગઢપુરમાં કપિલાષષ્ઠી ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં રાસોત્સવ સહિત સંતો કીર્તનગાન કરતા હતા.તેમાં સંતો સાથે રાસ રમતા રમતા પ્રેમાનંદ સ્વામીએ કીર્તન ગાન કર્યુ. તે કીર્તનના શબ્દો આ મુજબ છે, "ઊઠો મારા આત્માના આધાર."[૧૨]

**સુરતમાં સંગીતગાન :**

સુરતમાં સંગીતકારો સુપ્રતિષ્ઠિત અને સુપ્રસિદ્ધ ગાયક હતા. તેમને પોતાની ગાયકીનો ગર્વ પણ હતો. તેમણે સાંભળેલું કે સહજાનંદ સ્વામી સાથે સંગીતના જાણકાર સંતો છે. એ સંતોને આપણે સાંભળવા છે. તેથી તેઓ સભામાં આવ્યા. તે સમયે સભામાં સંગીતકાર ચાર સંતો હતા. પ્રથમ સુરતના સંગીતકારોએ સંગીતગાન કર્યુ ત્યારબાદ વિવિધ વાજીંત્રોના તાલ સાથે સંતોએ સંગીતગાન કર્યુ તેમાં પ્રેમાનંદ સ્વામીનું સંગીતગાન સાંભળીને સુરતાના સંગીતકારો શરમિંદા થઈ ગયા.[૧૩]

**અમદાવાદમાં સંગીતગાન :**

શ્રીહરિ એકવખત અમદાવાદ પધારેલા, ત્યાં રોકાયા. પ્રતિદિન સભા થાય. ધૂન–કીર્તન, સંગીતગાન અને ધર્મોપદેશ થાય. ગામના ભાવિક નાગરિકો સભામાં આવે. એક દિવસ શહેરના નામાંકિત સંગીતકારો સભામાં આવ્યા. શ્રીહરિએ તેમનું સન્માન કર્યું. સંગીતગાન કરવાનું કહ્યું. તેઓએ સંગીતગાન કર્યુ. ત્યારબાદ બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય દેવાનંદ સ્વામીએ સંગીતગાન કર્યુ. તે સાંભળીને આગંતુક સંગીતકારોએ કહ્યું કે, "સ્વામીશ્રીની ગાયકી મધ્યમ છે" ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "અમારા સંતોએ પદ્ધતિસર સંગીતવિદ્યાનો અભ્યાસ કરેલ નથી. તેમાં આ સંત તો સંતો પાસે રહીને સંગીતવિદ્યાનો અભ્યાસ કરે છે. અમારા બીજા સંત છે તે સંગીતગાનના અભ્યાસી છે તેનું સંગીતગાન તમે સાંભળો." એમ કહીને શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીને સંગીતગાન કરવાની આજ્ઞા કરી. એટલે પ્રેમાનંદ સ્વામીએ શાસ્ત્રીય પદ્ધતિથી ઉત્તમ પ્રકારે આલાપ કરીને સંગીતગાન કર્યુ. તે સાંભળીને સભામાં ઉપસ્થિત સંગીતકારો આનંદિત થયા અને પ્રેમાનંદ સ્વામીની પ્રશંસા કરી. ત્યારબાદ શ્રીહરિએ આગંતુક સંગીતકારોનું સન્માન કર્યું.

**જયદેવકૃત ગીતગોવિંદનું સંગીતગાન :**

એક વખત શ્રીહરિ પંચાળા પધાર્યાં. ત્યાં બીમાર થયા. બીમારી વધી ગઈ. અન્ન જળ લેવાયા નહીં, શરીર અશકત થયું. એ સમયમાં સંત હરિભક્તોએ શ્રીહરિને વિનંતી કરી કે, "મહારાજ! ભાવતું ભોજન થોડું થોડું જમો તો ધીરે ધીરે ભોજનની રૂચિ થાય." તે સમયમાં લાકડી 'મા' એ કહ્યું કે, "મહારાજ ! તમે નહીં જમો તો આ સંતો કે સત્સંગીઓ

કોઈ જમશે જ નહીં" પ્રેમાનંદ સ્વામીએ પણ એમ જ કીધું. તે સાંભળીને મહારાજ કહે, "સ્વામી ! તમે જયદેવકૃત 'ગીતગોવિંદ'નું ગાન કરો તો અમે જમીએ" તેસાંભળીને પ્રેમાનંદ સ્વામી આનંદિત થયા અને સિતારવાદન કરીને 'ગીતગોવિંદ' નું સંગીતગાન કર્યુ. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને પ્રેમથી ભોજન કર્યુ અને થાળની પ્રસાદી પ્રેમાનંદ સ્વામીને આપી.

**સખીરી શ્યામ ઘટા ચડી આયો સખીરી :**

સં.૧૮૭૫ના અષાઢ માસમાં એક વખત ગઢપુરમાં સંત સભામાં શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીને મલાર રાગના કીર્તન ગાવાની આજ્ઞા કરી. ત્યારે સ્વામીએ "સખીરી શ્યામ ઘટા ચડી આયો" આ કીર્તનના ચાર પદોનું ગાન કર્યુ તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને મસ્તકે બાંધેલ જરીયાની પાઘ છીંટની ડગલી વગેરે ત્રણ કિંમતી વસ્ત્રો પ્રેમાનંદ સ્વામીને આપ્યાં.

**સ્વામી રચિત કીર્તનગાનથી કામવાસના નષ્ટથઈ :**

શ્રીહરિ અને સંતો અમદાવાદમાં હતા. તે સમયે એક દિવસ ભોજન માટે સંતોની પંક્તિ થઈ અને સંતોને પીરસવા માટે શ્રીહરિ પધાર્યા. તે સમયમાં શ્રીહરિએ જરીયાની (સોનેરી) વસ્ત્રો પહેર્યા હતા. શિર ઉપર સોનેરી પાઘ, જરકસી જામો અને ખભે સોનેરી શાલ અને પીળું પિતાંબર તથા કંઠમાં મોતીના હાર. આ પ્રકારના સુંદર શણગાર ધારણ કરીને શ્રીહરિ સંતોને પીરસતા હતા તે સ્વરૂપનું વર્ણન પ્રેમાનંદ સ્વામીએ સ્વરચિત પદોમાં કર્યુ. શ્રીહરિ અને સંતોની સભામાં પ્રેમાનંદ સ્વામીએ ઠુંમરી રાગથી આલાપન કરીને તે પદોનું ગાન કર્યું. તે સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા. તે પદોના પ્રથમ શબ્દો આ મુજબ છે.

*"તેરી સાવરી સુરત છટાદાર, મન હરે પ્રાન હરે"*

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે કે સ્વામીશ્રી રચિત આ પદોથી હૃદયના ભાવથી ગાન કરનાર કેટલાક સત્સંગી બહેનોની કામવાસના નષ્ટ થઈ.[૧૫]

**મેં તો ગુન્હેગાર તેરા રે :**

એક વખત ગઢપુરમાં સંતો તથા સત્સંગીઓની સભામાં શ્રીહરિએ ધર્મોપદેશ આપતા કહ્યું કે, 'ડગલે ને પગલે જીવાત્મા પરમાત્માનો ગુનેગાર બને છે. તે ગુનામાંથી

છૂટવા માટે નિર્માની થઈને દાસભાવે પરમાત્માની પ્રાર્થના કરવી જરૂરી છે." શ્રીહરિના આ ઉપદેશના અનુસંધાને પ્રેમાનંદ સ્વામીએ "મેં તો ગુનેગાર તેરા રે હો સ્વામિન મેરા" એ કીર્તનના ચાર પદનું ગાન કર્યુ. તે સાંભળીને શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા.[૧૬]

**દીખલા દીદાર પ્યારા :**

એક વખત શ્રીજીમહારાજ સંતો–ભક્તો સાથે જૂનાગઢ પધારેલાં. ત્યારે શ્રીહરિના ઐશ્વર્યથી પ્રભાવિત જૂનાગઢનાં નવાબે શ્રીહરિની પધરામણી પોતાના રાજમહેલમાં કરાવેલી. ત્યારે શ્રીહરિની આજ્ઞાથી પ્રેમાનંદ સ્વામીએ દરબારમાં "દીખલા દીદાર પ્યારા મહેબુબ હમારા" એ બે પદો સંભળાવ્યા. તેને સાંભળીને નવાબ ખૂબ જ આશ્ચર્ય પામ્યા અને પ્રેમાનંદ સ્વામીની પ્રશંસા કરવા લાગ્યા.

**ભલાજી મેરો કંગના નિકારી ગયો રે :**

જેતપુરના એકાંતિક ભક્તરાજ જીવાજોષીની પુત્રી કડવીબાઈ પણ શ્રીહરિના ઉત્તમ ભક્ત હતા. કડવીબાઈના લગ્ન જેતપુર ગામના જ એક વિપ્ર સાથે કરેલા. બિનસત્સંગી સાસરીયા પક્ષના ત્રાસથી કડવીબાઈને નિયમ ધર્મો પાળવામાં ખૂબ મુશ્કેલી પડતી. છતાં તે મુશ્કેલીઓને હસતે મુખે સહન કરીને કડવીબાઈ સત્સંગના નિયમો દૃઢ રીતે પાળતા અને કીર્તનો બોલતાં. મધુરકંઠથી કીર્તન બોલનાર કડવીબાઈના કીર્તનો દિવ્યસ્વરૂપે આવીને શ્રીહરિ સાંભળતા.

એક વખત કડવીબાઈ છાણા, લાકડા વીણવા સીમમાં ગયેલા અને છાણા વીણતા વીણતા કીર્તન બોલતા હતા. તે સમયે તે કીર્તન સાંભળવા શ્રીહરિએ દિવ્યસ્વરૂપે ત્યાં આવીને તેને દર્શન દીધા અને કહ્યું કે, "કડવીબાઈ ! બહુ સારા કીર્તન બોલો છો. પરંતુ તમારે તો ભગવાન ભજવાં છે ને?" ત્યારે કડવીબાઈ કહે, "હા મહારાજ!" ત્યારે મહારાજ કહે, "આ બંગડીઓ અને વસ્ત્ર, ઘરેણાઓ વગેરે તમારે છોડવું પડશે" કડવીબાઈ કહે, "ભલે મહારાજ!" એમ કહીને તરત જ તેમણે બધી બંગડીઓ કાઢી નાંખી ને ફકત એક બંગડી પહેરી રાખી. કડવીબાઈએ હાથમાંથી ઉતારેલ બંગડીઓમાંથી શ્રીહરિએ એક બંગડી લઈ લીધી અને શ્રીહરિ ત્યાંથી અદશ્ય થયા. ગઢપુર જઈને શ્રીહરિએ તે બંગડી જીવુબાને આપી અને કડવીબાઈની બધી જ વાત જીવુબાને કરી.

સમય જતા સાસરીયાના ત્રાસથી મુકત કરી શ્રીહરિએ સંસારથી ઉદાસીન અને પ્રભુભજનના પ્યાસી કડવીબાઈને ગઢપુર તેડાવીને જીવુબા પાસે રાખ્યાં અને તેનું નામ મોટા રામબાઈ પાડયું.

એક દિવસ સભામાં પ્રેમાનંદ સ્વામીએ આ રામબાઈનાં અદ્ભુત પ્રસંગના અનુસંધાનમાં બે કીર્તનો રચીને સભામાં ગાઈ સંભળાવ્યા. તેમાં એક તો કડવીબાઈ છાણા વીણવા ગયેલાં ત્યાં મહારાજે દર્શન દઈને જે વાત કરેલી ને તેમની એક ચૂડી લઈ લીધેલી તે પ્રસંગનું "ભલાજી મેરો કંગના નિકારી ગયો રે" એ કીર્તન બોલ્યાં. તેમાં "કંગના નિકારી ગયો રે" એ શબ્દો આવે ત્યારે પ્રેમાનંદ સ્વામી વારંવાર મહારાજ સામે એક આંગળી ચીંધે. તે જોઈને મહારાજ ગુસ્સે થઈને બોલ્યા કે, "અમે એવું કયારે કર્યુ છે ? શા માટે તમે અમોને બદનામ કરો છો?" તે સમયે રામબાઈનું જે કંગન મહારાજે જીવુબાને આપેલ તે જીવુબાઈએ બાઈઓની સભામાંથી મહારાજ તરફ દોડાવી મૂકીને કહ્યું કે, "મહારાજ! આ શું કહેવાય?" તે કંગન જોઈને મહારાજ હસ્યા ત્યારે સ્વામીએ મહારાજ સામે પ્રસંગોચિત બીજું કીર્તન રજૂ કર્યુ. "કરદીની કરદીની રે, બાલાપન મેં બેરાગન કરદીની" તે બંને કીર્તનો સાંભળીને મહારાજ પ્રેમાનંદ સ્વામી ઉપર ખૂબ જ પ્રસન્ન થયાં.

**સજની શ્રીજી મુજને સાંભર્યા રે :**

સુખ અને દુઃખ એ સ્વાનુભવગમ્ય છે.જે સ્વાનુભવગમ્ય હોય તેનું યથાર્થ વર્ણન શબ્દ વડે થઈ શકે નહીં. પોતાના ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીના અંતર્ધાન પછીથી પ્રેમાનંદ સ્વામીને ઈષ્ટદેવના વિયોગનું અત્યંત દુઃખ થયેલું. પ્રિયતમના વિયોગની પ્રેમીજનને કેવી વ્યથા થાય છે તેમજ વિયોગી પ્રેમીજનની કેવી સ્થિતિ હોય છે તેનું યથાર્થ નિરૂપણ સ્વામીશ્રીએ સ્વરચિત કાવ્યના 'વિરહવિલાસ' પ્રકરણમાં કરેલ છે.

'સજની શ્રીજી મુજને સાંભર્યા રે' આ પદમાં સ્વામીશ્રીએ હરિના સ્વભાવ, રૂપ, ગુણ, ક્રિયા અને સંબંધનું યથાર્થ વર્ણન કરેલ છે. સંતો સત્સંગીઓની સભામાં સ્વામીશ્રીએ આ કીર્તનનું ગાન અનેકવાર કરેલું. શ્રીહરિના અંતર્ધાન પછી કાર્તિક સુદ–૧૫ ના દિવસે દર્શનાર્થે સ્વામીશ્રી ગઢપુરથી વડતાલ આવેલા. પૂનમનો સમૈયો હોવાથી વડતાલ મંદરના ચોકમાં સંતો–હરિભક્તોની વિશાળ સભા થઈ. તે સભામાં સિતારવાદન સહિત ઉપરોક્ત

કીર્તનનું સ્વામીશ્રીએ ગાન કર્યુ. પોતાના ઈષ્ટદેવ પ્રત્યેના ઉત્કટ પ્રેમને પ્રદર્શિત કરતું તે કીર્તન ગાન સાંભળીને ઉપસ્થિત સર્વે સંતો હરિભક્તોના નેત્રમાં ઈષ્ટદેવના વિરહના પ્રતીકરૂપે આંસુઓની ધારા વહેવા લાગી.

એક વખત સ્વામીશ્રી અમદાવાદ પધારેલા. ત્યાં સંતો–હરિભક્તોની સભામાં સ્વામીશ્રીએ ઉપરોક્ત કીર્તનનું ગાન કર્યુ. તે સમયે કવીશ્વર દલપતરામભાઈ પણ તે સભામાં ઉપસ્થિત હતા. તેમણે પોતાની નજરે નિહાળેલ આ પ્રસંગની નોંધ 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં કરી છે. કવીશ્વર દલપતરામભાઈનો અભિપ્રાય કંઈક આ મુજબ છે. "સ્વામીશ્રીએ સિતારવાદન સહિત" સજની શ્રીજી મુજને સાંભર્યા રે" એ કીર્તનનું સભામાં ગાન કર્યુ. આ કીર્તનગાનમાં સ્વામીશ્રીના કરુણ રસમય સ્વરની ગતિ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ સભામાં બેઠેલા આબાલવૃદ્ધ ભાવિકભક્તોના હૃદય ભેદાવા લાગ્યા અને સભાજનોના નેત્રોમાંથી આંસુઓનો પ્રવાહ વહેવા લાગ્યો. હૃદયના ભાવથી કીર્તનગાન કરનાર સ્વામીશ્રી પણ કીર્તનગાન સમાપ્તિની સાથે જ બેહોશ બનીને ઢળી પડયાં."

**જીવુબાને ભલામણ :**

શ્રીહરિએ સ્વધામ જતાં પહેલાં જીવુબાને ભલામણ કરેલી કે, "મારા સ્વધામગમન બાદ હમણાંની માફક તમે નિત્ય ઠાકોરજી માટેનો ભોજનનો થાળ તૈયાર કરી તે થાળ ગોપીનાથજી મહારાજને જમાડીને તે પ્રસાદી પ્રેમાનંદ સ્વામીને જમાડજો અને તમે પણ જમજો." શ્રીહરિએ કરેલી આ આજ્ઞાનું બાશ્રી જીવુબાએ આજીવન પાલન કર્યુ અને ગોપીનાથજી મહારાજની પ્રસાદીનો થાળ પ્રેમાનંદ સ્વામીને જમાડીને પછી જ જીવુબા ભોજન કરતા.

**સ્વામીશ્રીનો અક્ષરવાસ :**

શ્રીહરિના સ્વરૂપમાં અતિશય પ્રેમમગ્ન કવિવર સ.ગુ. પ્રેમાનંદ સ્વામી શ્રીહરિના અક્ષરવાસ પછી ૨૫ વર્ષ સુધી સત્સંગમાં રહ્યા અને તે દરમિયાન વિરહના અનેકપદો રચીને પોતાના પ્રિયતમ એવા શ્રીહરિના વિયોગની તેઓને કેવી વ્યથા થયેલી તેનો તાદશ અનુભવ કરાવેલ છે. આ વિરહવેદના પરાકાષ્ઠાએ પહોંચતા શ્રીહરિએ પ્રેમના સાગરરૂપ પ્રેમસખીને પોતાના ધામમાં તેડાવી લીધા અને આ રીતે સ.ગુ.પ્રેમાનંદ સ્વામી સંવત

૧૯૧૧ ના કાર્તિક વદ અમાસ/૧ ને મંગળવાર રાત્રિના ૩ વાગ્યે ગઢપુરમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરવાસી થયા.

**સ્વામીશ્રીની સાહિત્ય સેવા :**

સ.ગુ.પ્રેમાનંદ સ્વામીએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક પદોની રચના કરેલી. જે પ્રેમાનંદ કાવ્ય તેમજ વિરહવિલાસ તરીકે સુપ્રસિદ્ધ છે. તદ્દુપરાંત સ્વામીશ્રી રચિત ગ્રંથો જેવા કે વિવેકસાર, શિક્ષાપત્રી, નિસરણી ભાગ ૧–૨, શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય, ઉન્મતગંગા મહાત્મ્ય, સત્યભામાનું રૂસણું, એકાદશી આખ્યાન, શિવજીનો ગરબો વગેરે અપ્રકાશિત છે. આ રીતે સ્વામીશ્રીએ અનેકવિધ સાહિત્ય દ્વારા સંપ્રદાયની ઉત્તમ સેવા કરેલ છે.

**સ્વામીશ્રીકૃત કાવ્ય રચનામાં પ્રયોજાયેલા રાગ–રાગિણીઓ.**

૧. સોહિણી
૨. મારૂ સોહિણી
૩. પરજ
૪. દેશી પરજ
૫. મારૂ
૬. કાલિંગડો
૭. બિભાસ
૮. ભૈરવ
૯. નટ
૧૦. રામકલિ
૧૧. દેવગંધાર
૧૨. બિલાવલ
૧૩. ભૈરવી
૧૪. ભૈરવી (પ્રભાતી)
૧૫. ટોડી (તોડી)
૧૬. આશાવરી
૧૭. સામેરી
૧૮. સારંગ
૧૯. સોરઠ સારંગ
૨૦. મલ્હાર
૨૧. ધુરીયો મલ્હાર
૨૨. સોરઠ મલ્હાર
૨૩. ધનાશ્રી
૨૪. કાફી
૨૫. જંગલો
૨૬. પૂરબ
૨૭. ગોડી
૨૮. કલ્યાણ
૨૯. ઈમન (યમન) કલ્યાણ
૩૦. હમીર કલ્યાણ
૩૧. કલ્યાણ ભોપાલી
૩૨. ઝીંઝોટી
૩૩. ખમાચ (ખમાજ)
૩૪. શ્રીટંક
૩૫. બિહાગ
૩૬. કાનડો (કાનરો)
૩૭. અડાણો
૩૮. અરગજા
૩૯. કવિત
૪૦. કહરવા
૪૧. કેદાર
૪૨. બિહાગ
૪૩. બિહાગ ઠુમરી
૪૪. તીલાના
૪૫. દાદરા
૪૬. મંગલ
૪૭. રેખતા
૪૮. સોરઠ
૪૯. વસંત
૫૦. બિહાગડો
૫૧. કાનડો–મારૂ
૫૨. માલકૌંશ
૫૩. પરજ હોરી
૫૪. લલિત
૫૫. રામકલિ ઠુમરી
૫૬. ગુજરી (ગુર્જરી)
૫૭. રામગ્રી
૫૮. બંગાલી
૫૯. સોમેરી
૬૦. સોરઠ–સારંગ
૬૧. સારંગ–મલ્હાર
૬૨. કાફી હોરી
૬૩. પૂરબ–માઢ
૬૪. પૂરબી (પૂર્વી)
૬૫. કલ્યાણ પૂરવો
૬૬. પૂરવી કલ્યાણ
૬૭. કાનડો–માઢ
૬૮. મેવાડો
૬૯. નાયકી
૭૦. માલીગાડો
૭૧. લાવણી
૭૨. સોલા
૭૩. વેરાડી
૭૪. મારવા
૭૫. સહાના
૭૬. નાયકી–માઢ
૭૭. બિહાગ–માઢ
૭૮. કલાઈડો
૭૯. જેજેવંતિ
૮૦. ભૂપ–કલ્યાણ
૮૧. નટ–માઢ
૮૨. કાફી–રેખતા

**સ્વામીશ્રી પ્રેમાનંદજીની પ્રશસ્તિ**

ઉત્તમ પ્રકારના સંગીતકારની પ્રશંસા સંગીત શાસ્ત્રમાં આ શબ્દોથી કરી છે :

*वीणावादन तत्त्वज्ञः श्रुति जाति विशारदः ।*
*ताल तत्त्वा प्रयासेन मोक्षमार्ग नियच्छति ।।*

અર્થાત્ : વીણા વગેરે વાદ્યોના તત્ત્વને (વજાડવાની પદ્ધતિને) યથાર્થ જાણનાર, વિવિધ તાલના પ્રકારને યથાર્થ જાણનાર તથા શ્રુતિ, નાદના પ્રકારોને જાણનાર કુશળ સંગીતકાર અન્ય પ્રયત્નો કર્યા વિના જ સંગીતગાનથી મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

સંગીતગાન કરીને પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિને અનેક વખત પ્રસન્ન કર્યા છે. તેના પરિણામ સ્વરૂપે શ્રીહરિએ તેમને અનેક વખત થાળની પ્રસાદી, વસ્ત્રો, હાર વગેરે આપીને સન્માનિત કર્યા છે.[૧૭]

સહજાનંદ સ્વામીએ સ્વમુખે પ્રેમાનંદ સ્વામીની પ્રશંસા આ શબ્દોથી કરી છે : "આ સાધુને તો ઊઠીને સાષ્ટ્રાંગ દંડવત પ્રણામ કરીએ. જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો તેના મા–બાપ પણ કૃતાર્થ થયા જાણવા."[૧૮]

પ્રેમાનંદ સ્વામી સંગીતગાન અને ચર્તુર્વિધ વાદ્યો વજાડવામાં કુશળ હતા. સાથોસાથ થોડે ઘણે અંશે નૃત્યકળાના પણ જ્ઞાતા હતાં. પ્રેમાનંદ સ્વામી સાથે રહેલા અને સ્વામીશ્રીની સંગીતકળાની કુશળતાને નજરે નિહાળનાર, શતાનંદ સ્વામી તથા અખંડાનંદ બ્રહ્મચારી પોતાના ગ્રંથોમાં સ્વામીશ્રીની સંગીતકળાની પ્રાવિણ્યતાની પ્રશંસા આ શબ્દોથી કરે છે :

*प्रेमानन्दो गान कला पटुर्वाद्ये चतुर्विधे ।*
*निपुणः प्राकृताश्चक्रे प्रबंधास्तद्गुणा श्रयान् ।।*

અર્થાત્ : સંગીતગાનમાં કુશળ અને તત, બિતત, ઘન અને સુષિર એ ચાર પ્રકારના વાદ્યો વજાડવામાં પ્રવીણ પ્રેમાનંદ સ્વામી ભગવાનના ગુણ ચરિત્રોમય વિવિધ પદોની રચના વિવિધ ભાષામાં કરતા.[૧૯]

સંગીતશાસ્ત્રના જ્ઞાતા, સંગીતજ્ઞાનમાં ઉત્તમ ગાયક પ્રેમાનંદ સ્વામી વીણા વજાડીને સ્વરતાલ પુરાવતા હતા.[૨૦]

કોઈપણ વાદ્યને કુશળતાથી વજાડી જાણનાર સંગીત સ્વરશાસ્ત્રના પારંગત પ્રેમાનંદ સ્વામી વિવિધ વાદ્યો વગાડીને તથા સ્વરમય સંગીતગાન કરીને પોતાના ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીને પ્રસન્ન કરતા.[૨૧]

(ઉપજાતિવૃત્ત)

*संगीतशास्त्रस्य कलाभिज्ञाता, प्रेम्णाहरेश्च गायति सुकीर्तिम् ।*
*संगीत गानेन हरिश्च प्रसन्नः, धन्यो मुनिः वक्ति स जातयत्र ।।*[२२]

ભાવાનુવાદ : સંગીતશાસ્ત્રની વિવિધ કળાઓને યથાર્થ જાણનાર પમાત્માના સ્વરૂપમાં પ્રેમપરાયણ થઈને પરમાત્માના ગુણ ચરિત્રોનું ગાન કરનાર પ્રેમાનંદ સ્વામીના સંગીતથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ સ્વામીશ્રીની પ્રશંસા આ શબ્દોથી કરી છે. "આ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ. જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો. તેના મા–બાપ પણ કૃતાર્થ થયા જાણવા."[૨૩]

એક કવિએ કહ્યું છે કે

*"कुलं पवित्रं, जननी कृतार्था वसुंधरश्च भाग्वती च येन"*

ભાવાનુવાદ : સદ્‌ગુણી સજ્જન મહાપુરુષ જે વંશમાં પ્રગટે છે તે વંશ પાવનકારી થાય છે. તેનીમાતાના સર્વસંકલ્પ સફળ થાય છે તે મહાપુરુષની પ્રાકટ્ય ભૂમિ તીર્થસ્વરૂપ ભાગ્યવંત થાય છે.

સંગીત મર્મજ્ઞ પ્રેમસખી–પ્રેમાનંદ સ્વામી તેના માતા–પિતા, તેનું કુળ તેની જન્મભૂમિ એ સર્વ મહાભાગ્યશાળી છે, પવિત્ર છે, વંદનીય છે.

(શિખરણી)

*अनिर्वाच्यो प्रेमाऽनुभव विषयः स्वस्य स हि वै ।*
*सदा प्रेमानन्दोऽनुभवति हरेः प्रेमरसनम् ।।*
*स संगीतं कृत्वा प्रभुपद श्रतिं हि दृढयते ।*
*प्रसन्नः श्रुत्वाऽदात् निजधृतपटार्दि प्रभु सदा ।।*

ભાવાનુવાદ : પરમાત્મા સંબંધી પ્રેમના આનંદનું વર્ણન વાણી વડે યથાર્થ થઈ શકતું નથી. એથી જ પ્રભુપ્રેમજન્ય આનંદને અનિર્વાચ્ય કહે છે. પ્રભુપ્રેમજન્ય આનંદ એ

તો પોતાના અનુભવનો જ વિષય છે. પ્રભુપદમાં પ્રેમવૃદ્ધિ થાય તે પ્રેમવૃદ્ધિ દઢ થાય એ રીતે સંગીતગાન કરીને પરમાત્માના સ્વરૂપ સંબંધી પ્રેમના આનંદનો અનુભવ પ્રેમાનંદ સ્વામી નિત્ય કરતા. સ્વામીશ્રીનું સંગીતજ્ઞાન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ પોતાની પ્રસન્નતાના પ્રતીક સ્વરૂપે વસ્ત્ર, હાર, ભોજન વગેરે વિવિધ વસ્તુ પદાર્થો આપીને પ્રેમાનંદ સ્વામીને અનેક વખત સન્માનિત કરેલા.

(અનુષ્ટુપ)

*माधुर्यं गेये यस्यास्ति संगीते षडजादिके ।*
*संगीतज्ञेषु जयति प्रेमानन्द मुनिः सदा ।।*[२३]

ભાવાનુવાદ : ષડજ આદિક સ્વરથી ગેય સંગીત ગાનમાં માધુર્યવંત મધુરકંઠથી સ્વર ગાન કરનાર પ્રેમાનંદ સ્વામી સંગીતજ્ઞ વિદ્વાનોમાં હંમેશાં વિજયવંત વર્તે છે.

પ્રેમસખી–પ્રેમાનંદ સ્વામી રચિત કાવ્યસંગ્રહનું વાંચન, ચિંતન અને મનન દ્વારા જણાયું કે સ્વામિશ્રી રચિત શાસ્ત્રીય સંગીતના ઉત્તમ પ્રકારના વિવિધ રાગ, તાલ, રસ અને અલંકારમય કેટલાક પદો ઉત્તમ પ્રકારનાં શાસ્ત્રીય સંગીતનું માર્ગદર્શન આપે તેવા છે. આ પદો વાંચવાથી સ્પષ્ટ સમજાય છે કે સ્વામીશ્રીને વિવિધ ભાષાના શબ્દકોષનો તલસ્પર્શી અભ્યાસ છે. સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, રાજસ્થાની (મારવાડી) બંગાળી, મરાઠી, વ્રજભાષા, ઉર્દૂ વગેરે ભાષાના શબ્દ પ્રયોગ તેમણે રચેલાં પદોમાં વાંચવા મળે છે. હિન્દી ભાષી પદોમાં ગુજરાતી અને ગુજરાતી ભાષી પદોમાં હિન્દી શબ્દપ્રયોગ તેમને માટે સ્વાભાવિક છે.

**'પ્રેમાનંદનું કવન : નવ રસના ગાયક પ્રેમસખી'**

હવેલી સંપ્રદાયના અષ્ટછાપ કવિઓની અસંખ્ય રચનામાં કૃષ્ણ–લીલાનું વર્ણન થયેલું છે તે જ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયના અષ્ટનંદ સંતોએ પણ પરમાત્માની દિવ્ય લીલાઓનું વર્ણન કર્યુ છે. તે પૈકીના સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ જે રચનાઓ કરી છે તે શિરમહોર રચનાઓ છે, અદ્‌ભુત છે, અકાલ્પનિક છે, અજોડ છે, અકથિત ને અવર્ણનીય છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. કેમ કે કેટલાક કવિઓની રચના ગેય હોય – અગેય પણ હોય. જયારે પ્રેમાનંદ સ્વામીની રચના ગેય જ છે પણ તેની સર્વશ્રેષ્ઠ

વિશેષતા એ છે કે જેમાં શાસ્ત્રીય સંગીતના પ્રબંધ પ્રકારો જેવા કે ધ્રૃપદ, ધમાર, ખ્યાલ, ચતરંગ, ત્રિવટ, તરાના, ટપ્પા, હોરી તથા પ્રાચીન ભક્તિ સંગીત, લોકસંગીત, પિંગળ સંગીતનો સુભગ સમન્વય જોવા મળે છે, જે બીજા કવિઓમાં સર્વસંમત સંપૂણ સ્વરૂપે જોવા મળતો નથી. નવરસનું રસદર્શન અગેય સાહિત્યમાં જોવા મળે છે તેનાથી વિશેષ પ્રેમાનંદ સ્વામીની રચનાઓમાં જોવા મળે છે. આરોહ, અવરોહ, ગ્રહ, અંશ, ન્યાસ, વિન્યાસ, સન્યાસ, વાદિત્વ, સંવાદિત્વ, રાગાલાપ, રૂપકાલાપ, ગાયનવાદન શૈલીના રાગ સંગીતના બંધારણના સ્વરોનું ગૂંફન, મૃદંગના બોલબાંટ, ગાયનના લાગદાંટ, તાન પ્રકારો, ધુરન, મુરન, ઉલટ–પલટ, ઉઈતુઈ, ગત, લાગદાંટસો આદિકનું શબ્દદર્શન એ અત્યાર સુધીમાં થઈ ગયેલા સંત–ભક્ત કવિઓમાં પ્રેમાનંદ સ્વામી બિનહરીફ સંતકવિ ગણાવી શકાય.[૨૪]

ગાયન–વાદન શૈલી ઉપરાંત નૃત્યશૈલીના શબ્દોની ગૂંથણી પોતાની રચનાઓમાં કરાયેલી છે. એ જોતાં એમ કહી શકાય કે પ્રેમાનંદ સ્વામી ગાયન, વાદન અને નૃત્યની પરંપરાના આદિ કવિ હતા. નવરસના સ્થાપક પરમાત્મા કૃષ્ણચંદ્રને ગણી શકાય તો નવરસના ગાયક સ.ગુ.પ્રેમાનંદ સ્વામીને ગણવામાં આવે તો તે અસ્થને નથી. પ્રેમાનંદ સ્વામીએ અલગ અલગ તાલોમાં રાગમાળાનું સર્જન કર્યુ છે. એક જ રચનામાં અલગ અલગ તાલ હોય આવું ભાગ્યે જ કયાંય જોવા મળી શકે. શાસ્ત્રીય સંગીતમાં રાગમાલા જોવા મળે છે પણ સ.ગુ.પ્રેમાનંદ સ્વામીની રાગમાલા અલૌકિક અદ્‌ભુત છે.

પ્રેમાનંદ સ્વામી પાસે જે વિદ્યા હતી, જે સમજણ હતી, જે શકિત હતી તેનો તેમણે કેવળ પ્રભુસ્મરણ, પ્રભુ પ્રસન્નતા ને પ્રભુકૃપા માટે જ ઉપયોગ કરેલો છે. પોતાના ગાયનથી ને સંગીતથી પ્રકૃતિ ઉપર પણ દિગ્વિજય કર્યાના પ્રમાણો સંપ્રદાયમાં ઇતિહાસરૂપે પડયાં છે. ગ્વાલયરના ગવૈયાઓને સાંજના સમયે ભૈરવ રાગ સંભળાવીને પ્રભાત દર્શન કરાવ્યું હતું. અમોઘ સિદ્ધિના ધારક સ.ગુ.પ્રેમાનંદ સ્વામીની વિશેષતા એ હતી કે અતિદીન, નિર્માની, નિઃસ્પૃહી, નિર્લોભી, નિષ્કામી, નિસ્વાંદી આદિક ગુણે સંપન્ન હતા.તેનું દર્શન, તેની વિવિધ શબ્દ રચનઓમાં જોવા મળે છે. જેમ કે – 'કાંઈ ન માંગુ બસ બોલાવજો મીઠેવેણે' અને 'પ્રાણજીવનના દર્શન વિના કટલા દા'ડા મુને થઈ

ગયા, પ્રેમાનંદ કહે શું સુખ લેવા પાપીયા પ્રાણ વાંસે રહી ગયા'. આદિક અનેક ઉક્તિઓનું વિશ્લેષણ અવર્ણનીય જ રહ્યું છે.

કોઈ સાધન નહિ, કોઈ ચાતુરી નહિ તો ય ચતુરનાથને પામી જનાર એવા હતાં પ્રેમાનંદ!

**પ્રેમમૂર્તિ – પ્રેમસખી**

ભક્તિને જનસમુદાય સુધી પહોંચાડવાના હેતુથી સ્વામી સહજાનંદે પ્રેમાનંદને દેશી ઢાળમાં પદો રચવાની આજ્ઞા કરી અને ગરબી, ધોળ જેવી દેશ તર્જમાં પ્રેમાનંદ દ્વારા ઉત્તમ પદોની ગુજરાતને ભેટ મળી.દેશી ગરબીની તર્જમાં તેમણે 'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ, જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ' પ્રત્યક્ષ પ્રભુની મૂર્તિમાંલીન થઈ ભાવવાહી કંઠે કાવ્ય અને સંગીતનાં સુમેળથી આ ભજન ગાઈ પ્રેમાનંદે સભામાં બેઠેલા શ્રોતાજનોને બધુ જ ભૂલાવી દિવ્યરસમાં તરબોળ કરી દીધા. આ કીર્તન સમાપ્ત થયું અને સ્વામી સહજાનંદ બોલી ઊઠયા, "આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટ્રાંગ દંડવત પ્રણામ કરીએ"

પ્રેમાનંદ સ્વામીને સંગીતના સપ્ત સૂરોમાં બ્રહ્મનાં દર્શન થતાં હતા એટલે સંગીત ઉપાસકને સાધના કરવાથી બ્રહ્મનંદનો આનંદ પ્રાપ્ત માટે સાધકને એક શીખ આપતાં પદમાં "स्वश्ल्ज साध साधश्चेषडज श्रीषभ गंधाश्चमध्यम पंचम धैवत निषाद एहि ब्रह्मानंद" સાધનાથી પરમાત્માની થતી અનભૂતિનું વર્ણન કરતાં છેલ્લે કહે છે. "श्चेमानंद श्याम संग गावन सुख पावत, श्चीजत हश्चि देत भोज महाश्चसाद" આ રીતે અસંખ્ય પદોમાં સહજાનંદ સ્વામીની સાથે કવિનું સામિપ્ય સધાયું છે.

પ્રેમાનંદ મૂળે મીરાંની પ્રકૃતિનાં પ્રેમલક્ષણાભક્ત કવિ અને સ્વભાવે પ્રેમાર્દ્ર એટલે એ પોતાની શ્યામ વિરહની વેદના અને દર્શનની પ્યાસને દર્દભરી વાણીમાં ઉત્કટ વાચા આપે છે,

શ્રી સહજાનંદ સ્વામીના પ્રગટ પુરુષોત્તમપણાંની તેમને આત્મપ્રતીતિ થઈ પછી તો તેમના પદોમાં "श्चेमानंद घनश्याम सुंदश्च छबी नीत श्चखत उश्च धाश्ची" દઢ શ્રદ્ધાનું તત્ત્વ ઉમેરાયું અને તેમનું પ્રેમભક્તિસંગીત સંસ્કૃત ભાષામાં ભૈરવી રાગમાં "नाश्चयणत्वं

जो प्राणपति देहिमां निज चरण सरोज श्रीम् ।। न चलं सुतरां ध्रुवमेव मति रवधार्य प्रेमानंदस्य प्रणतिम ।। पाहिमां पाहिमां भव सागरात् ।। શ્રી સહજાનંદ સ્વામીના શ્રીચરણે સંપૂર્ણપણે સમર્પિત થઈ તેમની સ્તુતિનો વિષય બની રહ્યું, "જય શ્રીનારાયણ સર્વકારણ સદા, જય શ્રીઅક્ષરપતિ અંતર્યામી, જયશ્રીધર્માત્મજ પ્રગટ પુરુષોત્તમ, જય શ્રીસહજાનંદ સુખદ સ્વામી"

સ્વામિનારાયણ સંપ્રદાય તેમજ મધ્યકાલીન ગુજરાતી કવિવૃંદમાં ભક્તકવિ અને સંગીતજ્ઞ તરીકે પ્રેમાનંદનું સ્થાન ઊંચું છે. એમનો અક્ષરદેહ અને નાદસંગીત ચિરંજીવ છે. પ્રેમલક્ષણાભક્તિના કવિ, સંગીતના કવિ, માધુર્યના કવિ પ્રેમાનંદનાં પદોના સૂર કેવળ સંપ્રદાયના મંદિરોમાં જ નહીં સર્વત્ર હવામાં લહેરાય છે, લોકોના ગાનમાં ગુંજે છે. લોકમુખે ગવાતા થયાં છે.

સંગીતકળા, કવિત્વશકિત અને ભક્તિમય હૃદય એ શુભ ત્રિવેણી સંગમ સ્વામીશ્રીના જીવન અને કાર્યમાં દૃષ્ટિગોચર થાય છે. તેમના પદ્યકાવ્યમાં રાગ, તાલ અને સ્વર એ સંગીતશાસ્ત્રનાં ત્રિવેણી સંગમનો શુભ સમન્વય સધાયો છે.

વર્ણનીય વિષય વર્ણન રસ, અલંકાર વગેરે કાવ્યશાસ્ત્રના વિવિધ વિષયોનું યથાર્થ નિરૂપણ કરાયું છે.

અંતરના વિશુદ્ધ પ્રેમરસની ઊર્મિઓમય તેમના પદો સ્વામીશ્રીના પ્રેમની સ્વાનુભૂતિનું પ્રતિબિંબ પાડે છે તેથી જ કેટલાક વિદ્વાનો સ્વામીશ્રીના પદ્યાત્મક કાવ્યને પ્રેમપૂર્ણ ઊર્મિકાવ્ય સ્વરૂપે સ્વીકારે છે.

ઈષ્ટદેવના સ્વરૂપ, રૂપ, સ્વભાવ, ગુણ ક્રિયા અને તેના સંબંધવાળા પદાર્થો અને સ્થાનોને હૃદયના ભાવપૂર્વક સંભારીને સ્વરચિત પદો દ્વારા ઈષ્ટદેવના વિરહનું ગાન કરનાર સ્વામીશ્રીએ સ્વકાવ્યમાં કરુણરસને વિવિધ પ્રકારે વિસ્તારેલ છે. તેમણે રચેલા વિરહપદોનું ભાવનું ગાન કરનાર ભક્તજનોને વર્તમાન સમયમાં પણ ઈષ્ટદેવની વિરહ વેદનાનો હૃદયમાં અનુભવ થાય છે.

એક જ પદમાં વિવિધ ભાષાની કડીઓની રચના કરીને પદ્યસાહિત્યકારોમાં સ્વામીશ્રીએ પોતાની વિશિષ્ટ પ્રતિભા પ્રગટાવી છે.

સ્વામીશ્રીએ સાંપ્રદાયિક માન્યતા અનુસાર ઈષ્ટદેવનું સ્વરૂપ, તત્ત્વો, સૃષ્ટિસર્જનક્રમ અને વેદાંત યોગ વગેરે દર્શનશાસ્ત્રનાં જ્ઞાનબોધક પદોની રચના કરી છે.

પૌરાણિક કથાવિષયક પદોમાં શ્રી રાધિકા–વિરજા–શ્રીદામા અને શ્રીકૃષ્ણના પરસ્પરની કલહ કથા તથા પરસ્પરની શાપની કથા તથા રાધાકૃષ્ણના વિવાહ વગેરે પૌરાણિક કથાના પદ્યો બ્રહ્મવૈવર્ત પુરાણના આધારે સ્વામીશ્રીએ રચેલા છે.

ઉત્સવપદોમાં અવતારોની જન્મજયંતિ તિથિ, અવતારોના ચરિત્રોના પદો, અવતારોની આરતી વગેરે ઉત્સવપદો સ્વામીશ્રીના પુરાણ વિષયક જ્ઞાનના દ્યોતક છે.

સ્વામીશ્રી રચિત તુલસીવિવાહના પદોમાં મુહૂર્ત જોવરાવવું, ગણેશસ્થાપન, માતૃકાપૂજન, બે પ્રકારના માતૃકા અને તેના નામો વગેરે વિવાહ વિષયક ધાર્મિક પૂજા વિધિક્રમનું યથાર્થ નિરૂપણ કરાયું છે. તે પદોમાં વિવાહમાં બોલાતા ફટાણાના પદો વગેરે વાંચનાર અને સાંભળનારને આશ્ચર્ય અને આનંદ ઉપજાવે તેવા છે.

શ્રીકૃષ્ણ અને રાધિકાના લીલાવિષયક પદોમાં તથા રાસપંચાધ્યાય વિષયક પદોમાં સ્વામીશ્રીએ શ્રૃંગારરસનું વિવિધ પ્રકારે નિરૂપણ કર્યુ છે.

પ્રેમાનંદ સ્વામીએ જયદેવ કૃત 'ગીતગોવિંદ' ના પદોનો પણ અભ્યાસ કર્યો છે. એટલું જ નહીં તેમાંથી પ્રેરણા લઈને તેઓશ્રીએ સંસ્કૃત ભાષામય કેટલાક પદો અને અષ્ટકોની રચના કરી છે. 'ગીતગોવિદ' ના પદોનું સંગીતગાન કરીને તેણે શ્રીહરિને પ્રસન્ન કર્યાં છે.

સ્વામીશ્રી રચિત પદોમાં પણ "બોલ્યા શ્રીહરિ", "સજની શ્રીજી મુજને સાંભર્યા રે", "વંદુ સહજાનંદ રસરૂપ", "શોભા શી કહું રે રૂડી" વગેરે કેટલાક પદોનું હૃદયના અનન્યભાવપૂર્વક એકાગ્ર ચિત્તથી ગાન કરનાર ભક્તજનોના વિઘ્નો અને વિપત્તિઓ દૂર થાય છે, ઈચ્છિત સુખ પ્રાપ્ત કરે છે. સંસાર બંધનથી મુકત થાય છે અને પરમપદ પ્રાપ્ત કરે છે.

**'પ્રેમસખી' નાં કૃષ્ણ :**

મધ્યયુગની પ્રેમલક્ષણા ભક્તિધારાના સાહિત્ય સ્વામીઓના અનુસંધાનમાં જોતાં પ્રેમસખી પ્રેમાનંદ કાળાનુક્રમે એ ધારાના દયારામ પહેલાંના મહત્ત્વના પ્રતિનિધિ છે.

એમનું વિપુલ કાવ્યસર્જન, સંખ્યા દષ્ટિએ તેમજ ગુણવત્તાની દષ્ટિએ વિચારતાં એમને એ ભક્તિધારાના શ્રેષ્ઠ ભક્ત–કવિઓની પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવે છે.

અર્વાચીન યુગના 'પહેલા સંસ્કાર–રક્ષક' અને એ 'યુગના આભૂષણરૂપ' સ્વામિનારાયણ સંપ્રદાયના અષ્ટ કવિ વૃંદમાં પ્રેમસખીનું પદસાહિત્ય વિપુલ છે.[૨૫] એમની સાહિત્યોપાસના જીવનના અંત સુધી અખંડ ચાલું રહી છે. એમની ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યબોધ વર્ણવાયાં હોવા છતાં શુષ્ક નથી, પણ હૃદય ભીંજવે છે, રસિકતા પ્રટાવે છે અને સંપ્રદાયની પ્રેમભક્તિની આત્મસૌરભ પ્રસરાવે છે. કારણ કે હૃદયનો જબરદસ્ત પ્રેમપ્રવાહ એમની કવિતામાં પ્રબળ વેગે વહે છે. રાધાકૃષ્ણની ગૂઢ લીલાનું દર્શન કરવાનો અધિકાર એમની સખીઓ સિવાય અન્ય કોઈને નથી, માટે સખીભાવ કેળવતા ચૈતન્ય મહાપ્રભુજી કૃષ્ણઘેલાં બન્યાં, તેમ પ્રેમસખીએ પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણને જ પ્રેમલક્ષણા કવિતાનો વિષય બનાવી, સંયોગ અને વિપ્રલંભ શૃંગારની છોળો ઊછાળી હૃદયના ઊંડા અનુરાગથી ગાયેલી શૃંગારભક્તિમાં માધુર્ય રેલાવી 'પ્રેમસખી' નામને સાર્થક કરે છે. પ્રેમભક્તિ આગળ એમને કોઈ વસ્તુ અધિક મહત્ત્વની લાગતી નથી. તેઓ ભગવાન સ્વામિનારાયણને નિરખીને સ્નેહાતિશયથી રોમાંચિત બની 'નાથજી આગળ નિશદિન ગાવા' આનંદથી નચી ઊઠે છે. કયારેક વ્યાકુળ બની વિરહવેદના ગાય છે, કયારેક ઈંદ્રિયોના સર્વ વ્યાપાર પ્રગટ પરમાત્માના સુખમાં વિલીન કરી સ્તબ્ધ બની જાય છે, કયારેક પ્રાર્થના કરે છે. તો કયારેક પ્રેમવશ થઈ લોકલાજ તજીને ઊંચા સ્વરે પ્રભુનું ગુણ–સંકીર્તન કરી પોતાની અનન્યાશ્રયી પ્રણયભક્તિની દઢતા દર્શાવે છે. એમનાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય પણ પ્રેમરસથી પરિપ્લાવિત બની ભક્તિમાં પર્યવસાન પામે છે. જેમ બ્રહ્માનંદ શૂરવીર ઉપદેશ–કવિ, મુકતાનંદ જ્ઞાની–કવિ અને નિષ્કુળાનંદ વૈરાગ્ય કવિ છે, તેમ પ્રેમસખી પ્રેમાનંદ પ્રેમમસ્ત પ્રેમસ્વરૂપ પ્રેમી ભક્તકવિ છે.

આમ ઓપનિષદિક કાળથી શરૂ થતો અને સંત સાધુ તેમજ વૈષ્ણવચાર્યો દ્વારા વિકાસ પામતો, નવા નવા પ્રણયોન્મેષો પ્રગટાવતો, સાંપ્રદાયિક સ્વરૂપ ધારણ કરતો અને સ્વામિનારાયણનાં સમયમાં પ્રેમાનંદના હાથે વિશિષ્ટ સ્વરૂપ ધારતી ભક્તિ–પ્રણાલી તથા જયદેવથી માંડીને સૂરદાસાદિ અષ્ટ છાપના કવિઓ તુલસીદાસ અને નરસિંહ મીરાં આદિ

ભક્ત કવિઓની ભક્તિ–કવિતા પરંપરાની પશ્ચાદ્‌ભૂમાં પ્રેમસખીની પ્રેમલક્ષણા ભક્તિ વિકસી છે. ગુજરાતમાં નરસિંહ મહેતાથી શરૂ થતી મધ્યકાલીન ભક્તિ શૃંગારની કવિતા–પ્રણાલીનું અનુસંધાન કવિ–અક્ષરની સાધનામાં સધાયું છે એટલું જ નહિ પણ ભક્તિકવિતામાં નરસિંહ મીરાં પછી શુદ્ધ ભક્તિની આંચ જો કોઈનામાં દેખાતી હોય તો એ પ્રેમસખીમાં દેખાય છે.

પ્રેમાનંદ સ્વામીએ પોતાની સકલ અક્ષરસાધનામાં ગીત ગોવિંદ, ભાગવતાદિ ગ્રંથો, નરસિંહથી શરૂ થતી મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિની કવિતા ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયની વિશિષ્ટ રીતિનીતિની, ભક્તિ–પ્રણાલીની પ્રેરણા ઝીલી છે. એમની કવિતાની સરવાણી છે સ્વામિનારાયણની પ્રગટ ભક્તિ. એમની જ્ઞાનોપાસના, ભક્ત્યોપાસના અને સાહિત્યોપાસનામાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ જ કેન્દ્રસ્થાને રહ્યા છે. એમનામાંથી જ કવિને અપૂર્વ પ્રેરણા અને અખૂટ પોષણ મળ્યા કર્યા છે. ઈષ્ટદેવની પ્રગટ પ્રેમ–ભક્તિ એમને સ્વર્ગથીયે સમૃદ્ધ અને મોક્ષથી યે મોહક લાગે છે. આથી જ તેઓ કવચિત્ પરમાત્માને 'સનમ' 'માશુક' તરીકેય સંબોધી મસ્ત રંગ માણે છે. આવી સાંપ્રદાયિક પ્રેરણા નરસિંહ–મીરાંને મળી નથી, એટલી આ કવિની વિશેષતા છે. સંપ્રદાય માનવીને સંકુચિત બનાવે છે, એવી માન્યતા ભૂલભરી છે. પ્રેમસખી સ્વામિનારાયણ સંપ્રદાયના હોવા છતાં એમની કવિતામાં વિશાળતા છે, પ્રગટ ભક્તિની ખુમારી છે, સૂફીની મસ્તી છે. આથી જ એમની કવિતામાં શુદ્ધ ભક્તિની આંચ પ્રગટી છે.

એમનો કાવ્યરાશિ વિપુલ પરંતુ પોણી સદી જેટલી લાંબી આયુષ્યાવધિમાં એમણે રચેલી નાની મોટી કૃતિઓની સંખ્યાનો ચોકકસ આંકડો અદ્યાપિપર્યંત નોંધાયો નથી. મુદ્રણ પામ્યાં છે એટલાં જ પદો કવિનાં હશે એમ નથી, અનેક પ્રયાસોને અંતે પ્રેમસખીની કેટલીક અપ્રગટ પદરચનાઓ મળી છે અને હજીય સંપ્રદાયના સાધુઓ 'પ્રસાદી' પ્રગટ કરે તો ઘણી મળે એમ છે. કવિના વિપુલ કાવ્યરાશિમાંથી ચારેક હજાર જેટલાં પદો પ્રકાશિત થયાં છે. પ્રભાતિયાં, આરતી, થાળ, વાર–કાવ્યો, મહિના, બારમાસી, ગોડી, તિથિ–કાવ્યો, ઉત્સવગીતો, પદમાળા, રાસ, ગરબી, ગરબા, વિરહ–ગીતો, શૃંગારનાં પદો, લીલાનાં પદો આદિ મધ્યકાલીન કાવ્યસ્વરૂપમાં એમની લેખિની ફરી વળે છે. તેઓ

મુખ્યતઃ પ્રેમલક્ષણા ભક્તિના આત્મલક્ષી ઊર્મિપ્રધાન ભક્ત કવિ છે. એટલે એમની સમગ્ર અક્ષરોપાસના ઊર્મિસભર, નાનાંમોટાં પદોમાંવહે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના વિશિષ્ટાદ્વૈત મતનું અને નિષ્કામ પ્રેમભક્તિનું નિરૂપણ પણ એમણે ભાવાત્મક રીતે કરીને બતાવી આપ્યું છે કે તેઓને તત્ત્વજ્ઞાનનાં શુષ્ક ચૂંથણાં ચૂંથવાં ગમતા નથી. એમના સૈદ્ધાંતિક નિરૂપણમાંય જ્ઞાનની ગહનતા કે તાર્કિક ખંડનમંડન નથી, પણ એમાં છે કવિના હૃદયની રસિકતા અને ભાવસંવેદનોની પરંપરા, આથી એમ કહી શકાય કે પ્રેમસખીને સંપ્રદાયના તત્ત્વાજ્ઞનના ગાનમાં જેટલો રસ નથી એટલો ભક્તિના ગાનમાં છે. કેટલાંક વિદ્વાનોએ અને સંશોધકોએ પ્રેમસખીનાં પદોની સંખ્યા અનુમાની છે, તેમાં પહેલું તો તેમનો વિપુલ કાવ્યરાશિ પદ્યમાં જ પ્રાપ્ત થાય છે. શ્રી મશરૂવાળા સિવાય કોઈ ચરિત્રકારે એમનાં પદો, ગરબીઓ ઉપરાંતની કોઈ કૃતિઓની વિગત આપી નથી. હા, ઘણા વિદ્વાનો એમ કહે છે કે તેમણે ઊર્મિ સભર પદ–ગરબીઓ સેંકડોની સંખ્યામાં રચ્યાં છે. પરંતુ પ્રેમસખીનાંપદોમાં હસ્તલિખિત પાંચ ચોપડામાંનાં જે પદો મળી આવે છે તેની સંખ્યા ચાર હજારે પહોંચે છે, ઘણી બધી કૃતિઓ તો હજી અપ્રગટ છે. એ બધું જોતાં તેમનાં ૧૦,૦૦૦ જેટલાં પદો મળશે એમ શ્રી ડાહયાભાઈ દેરાસરીએ તો એમના એક પુસ્તકમાં નોંધ્યું છે.[૨૮] જયારે બીજા વિદ્વાનો અને સંશોધકો કહે છે કે અનેક કોશિશથી પ્રાપ્ય હસ્તપ્રતો જયારે મળશે ત્યારે હજી આ સંપ્રદાય–સાહિત્ય ગુજરાતી સાહિત્યમાંએક સીમાચિહ્ન બની રહેશે.

મીઠી હલકથી, સ્વરોના આરોહ–અવરોહને અને લયવળાંકને અનુકૂળ મધુરા કંઠથી અને સમુચિત ઢાળ–રાગથી ગવાતાં પ્રૈમસખીનાં કીર્તનો સત્સંગ સમાજમાં ઘણાં લોકપ્રિય છે. નરસિંહ મીરાંની જેમ પ્રેમસખી પણ લોકપ્રિય કવિ હતા. સંખ્યામાં અને ગુણવત્તામાં અનેક ગણી પદમાળા આપીને આપણા કવિ પ્રેમસખીએ કાવ્ય સ્વરૂપને વૈવિધ્યપૂર્ણ વિકસાવ્યું છે. શૈલીની વિશિષ્ટતા જોઈએ તો પદમાળામાં એમણે સંસ્કૃત કાવ્યરીતિ મુજબ વર્ણન અને અલંકારોનો ઉપયોગ કર્યો છે. 'શોભા શી કહું રે' નામે પદમાળામાં આપણા સાહિત્યમાં વિરલ એવું નખશીખ સ્વભાવોકત વર્ણન છે. આમ

નરસિંહ મહેતાથી શરૂ થતાં પ્રસ્તુત કાવ્યપ્રકારનું સાહિત્યમાં મોટું પૂર તો પ્રેમસખી જ આણે છે.

આપણે  તેમની પ્રેમલક્ષણા ભક્તિ વિશે તો જાણીએ છીએ. આજે પણ તેમનાં પદોનું જ ગાન કરી પ્રભુ પ્રત્યેનો અનુભવ કરીએ છીએ. શૃંગારાત્મક રચનામાં તો તેમણે વાત્સલ્યાસકિત અને સખ્યાસકિતને બદલે પ્રભુની પરમ પ્રેયસી રૂપે ભક્તિરસ ગાયો છે. જયારે તેઓ ઘનશ્યામ મહારાજની શોભા વર્ણવે છે ત્યારે તેમાં તેમની રસિકતા ભળે છે, એ શ્યામની છબી એટલી બધી સુંદર અને રસિક છે કે એને માટે કવિ ચારેય પુરુષાર્થના સુફળ કુરબાન કરી દે છે,  કારણ કે ચારેય પુરુષાર્થના ફળરૂપ મળતી પ્રેમભક્તિ એમને ભાવી છે. મુક્તિમાં પણ કવિને ભક્તિ જ અભિષ્ટ છે. પ્રેમાનંદે પ્રગટ સહજાનંદની ભક્તિ પણ ગોપીભાવે જ કરી છે. 'પ્રેમસખી છે તમારી' કહી ઓળખાવતાં પોતે ગૌરવાન્વિત બને છે.

તે ઉપરાંત પ્રેમસખીએ સહજાનંદ–સ્વામિનારાયણ રૂપે પ્રગટ ગણીને પોતાની સર્વ આકાંક્ષાઓ, ઉત્સુકતા, આશ, અભિલાષને એમના ચરણે ધરી દઈ પ્રેમની પૂર્ણતા અને ઐકય સાધવા દિવ્ય વિરહ–વ્યથાની તીવ્રાભુતિ ગાઈ છે. હૃદય દર્દથી ભરપૂર એવાં પ્રેમસખીનાં આ વિરહનાં પદો એ એમનું ઊંચામાં ઊંચું કાવ્યપ્રદાન છે. મીરાંના જેવી નાજુક હૃદયની કુમાશ અને કમનીયતા બંનેને પ્રેમસખીએ વિરહનાં પદોમાં પ્રગટાવીને માધુર્ય રેલાવ્યું છે. પરંતુ મીરાંની વિરહ વિભાવનામાં જોવા મળતી જીવનની વિષમતા કે નૈરાશ્ય પ્રેમસખીમાં નથી. તેમ જ નરસિંહના જેવી પુરુષસહજ પ્રગલ્ભતા અને સ્વછંદ નિરૂપણ પ્રેમસખીમાં પ્રગટયું નથી. આમ આ બધાથી પર જઈ તેમણે પોતાનું એક વિશિષ્ટ અને મૌલિક પ્રદાન કર્યુ છે. પ્રેમસખીનાં બધાં પદો ગેય હોવાથી એનું સ્વરૂપ સંગીતના સૂર તથા લયથી બંધાયેલું છે. એમાં રાગવૈવિધ્ય પુષ્કળ પ્રમાણમાં છે અને સાથે સંગીતનો સમન્વય થયેલો છે. આમ એમની કવિતા જોતાં લાગે છે કે એમની ભક્તિકવિતા સ્વયંભૂ પ્રતિભાથી ઝળકી ઊઠી છે. તેઓ જીવન પ્રેરિત કવિ પણ છે. પ્રેમસખીની કવિતા એટલે હૃદયની સ્વાનભૂતિ પ્રબળ પ્રેમોર્મિની પરંપરાને આવિષ્કારતી ભક્તિ સંકીર્તનાત્મક પદરચના એ એમની વિશુદ્ધ પ્રેમભક્તિ અને અનન્યનિષ્ઠાનું પ્રતિબિંબ છે.

કવિ શ્રી દયારામે કહ્યું છે કે,

*"એમ કોટિ સાધને પ્રેમવિના પુરુષોત્તમ પૂંઠે ના ફરે,*

*દયા પ્રીતમ શ્રી ગોવર્ધનવર પ્રેમભક્તિએ વરે"*

તેમ કરોડો સાધનો કરવા છતાં ભગવાન રાજી થતાં નથી પણ પ્રેમભક્તિથી વશ થઈ જાય છે. પ્રેમાનંદ સ્વામીએ આવી પ્રેમભક્તિ સિદ્ધ કરેલી. મહારાજની કલ્યાણકારી મનોહર મૂર્તિનું અખંડ ચિંતવન કરતાં એક દિવસ તેમનાં ચિહ્નચરિત્રોને વર્ણવતાં 'વંદું સહજાનંદ રસરૂપ...' ના આઠ પદો રચ્યાં. આ સાંભળી શ્રીજી મહારાજે તેમની ભક્તિ પર રાજીપો દેખાડતાં કહ્યું હતું કે "આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ"

આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં કેવળ વૈરાગ્ય, ધર્મ કે જ્ઞાન જ નથી, પરંતુ ભક્તિના અંતરંગથી રંગાવા, દેહભાવને ભૂલવા અને પરમાત્માના સ્વરૂપમાં તાદાત્મ્ય સેવવા આવા દિવ્ય સંગીત અને સૂરનો આલાપ છે. સ્વામિનારાયણ ભગવાને લલિત કળાને પણ વિકસાવી, સંતોના જીવનમાં ભક્તિરસની રસિકતા પણ રેડી છે.

**પ્રેમસખીનું વિરહગાન**

પ્રેમસખી પ્રેમાનંદની કાવ્યરચનાઓમાં મધ્યકાળની પરંપરાગત પ્રેમલક્ષણા ભક્તિનો ઉત્કટ ઊર્મિનો પ્રબળ આવિર્ભાવ જોવા મળે છે. પરંતુ પ્રગટ સ્વામિનારાયણ પ્રત્યેની એમની એકાંતિક ભક્તિ અને અનન્ય નિષ્ઠા વર્ણ્યવિષય પરત્વે પ્રત્યક્ષયતા, સચોટતા અને વૈવિધ્યમયતાનો ભાવ લાવે છે. પ્રેમસખી પ્રેમાનંદે જુદા જુદા વિષયનાં પદો લખ્યાં છે. આમાં એમણે સહજાનંદ સ્વામીના પૂર્વચરિત્રનાં, સહજાનંદ સ્વામી બન્યા પછીનાં તેમજ તેમની વિવિધ નગરોની યાત્રાને ઉલ્લેખતાં તથા તેમના નિવાસનાં વિવિધ સ્થળોનાં માહાત્મ્યનાં પદો રચ્યાં છે, પરંતુ આ વૈવિધ્યભરી પદાવલિમાં સહજાનંદ સ્વામીનાં અંગવર્ણનનાં પદો ખાસ ધ્યાન ખેંચે છે. આ પદોમાં સહજાનંદ સ્વામીનાં મુખ, નયન, ભૂજા, છાતી, ચાલ, વસ્ત્ર, અલંકાર અને કેટલીક ટેવો—એ બધું વિગતે, ઉમળકાભેર વર્ણવેલું છે. આ કવિએ "નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા" કહીને ધ્યાનની પદમાળાઓમાં "અંગો અંગને રે ગાવું" નો આશય રાખ્યો છે.

એમનાં પદોમાં આવાં અંગેઅંગના વર્ણનો વારંવાર આવતાં હોવાને કારણે પુનરુકિત દોષ લાગે અને તેથી તેની ઉપમા ઈત્યાદિની ચમત્કૃતિ ઓછી થઈ જાય તે સાચું. પરંતુ એ પદોમાં કાવ્યત્વની દષ્ટિએ તેમણે લખેલાં વિરહનાં પદો હૃદયસંતર્પક છે અને તેમાં અન્ય પદોમાં જોવા મળતો પુનરુકિત કે પ્રસ્તાવનો દોષ ખાસ ખટકતો નથી.

સખીભાવે પ્રેમાનંદ ઘનશ્યામસ્વરૂપ સ્વામિનારાયણની ભક્તિ કરતા હતા એટલે તેમના ઉદ્ગારોમાં પ્રેમલક્ષણાભક્તિ આગળ તરી આવશે. એમનાં કેટલાક ઉદ્ગાર તો મીરાંની લગોલગ પહોંચે તેવાં છે.

મીરાંએ કૃષ્ણવિરહનાં પદો રચ્યાં છે, તેમાં કૃષ્ણમિલનની ઝંખના સાથે વિરહની વ્યથાને અત્યંત કોમળ અને આર્ત સ્વરમાં વ્યક્ત કરી છે, તેમ છતાં એ ભક્ત અને ભગવાનનો સંબંધ હતો. અહીં એક બીજી રીતે સહજાનંદ સ્વામી અને પ્રેમાનંદનો સંબંધ વિચારવો જોઈએ. પ્રેમાનંદ એ સહજાનંદ સ્વામીના શિષ્ય હતા. બંને એક જ સ્થળ–કાળમાં થઈ ગયેલી ઐતિહાસિક વ્યક્તિઓ છે. પ્રેમાનંદનો સહજાનંદ પ્રત્યેનો ભક્તિભાવ ઉત્કટ છે. એમનો તો "પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરકિત" છે. આથી જ આરાધ્ય દેવ સહજાનંદની ઉપસ્થિતિમાં તેમની મૂર્તિના દર્શનનો આનંદ અનેક પદોમાં વ્યક્ત કર્યો છે. સવારમાં 'ઊઠી દાતણ' કરવાથી માંડીને રાત્રે શયન કરે ત્યાં સુધીની સહજાનંદ સ્વામીની દિનલીલાનું એમણે મનભર ગાન કર્યુ છે, પરંતુ આરાધ્યદેવના દેહાવસાન પછી પ્રેમાનંદ સખીએ ગાયેલો તેમનો વિયોગ એક પ્રકારનું કરુણપ્રશસ્તિગાન (Elegy) બની રહે છે.[૨૭] કરુણ પ્રશસ્તિમાં સ્વજનના મૃત્યુનો આઘાત વર્ણવ્યો હોય છે અને તેમાંથી ઉત્પન્ન થતો શોક સ્મરણોથી તીવ્ર બનતો હોય છે. એમાં ગત સ્વજનનાં ગુણલક્ષણોની પ્રશસ્તિ કરવામાં આવે અને એ શોકનું શમન ચિંતનથી થાય.

આ લક્ષણોની દષ્ટિએ પ્રેમસખી પ્રેમાનંદના વિરહપદોને જોઈએ તો એમાં કરુણપ્રશસ્તિની ઝાંખી થાય. એમાં સહજાનંદ સ્વામીના અવસાનથી લાગેલા આઘાતનું તળપદું વર્ણન છે. કવિના હૃદયમાંથી વેદનાનો લાવારસ ફાટી નીકળે છે :

*'આકાશ તૂટી કેમ પડતું નથી રે,*
*પૃથ્વી કેમ નથી દેતી માગ, નાથ, આવું.*
*પાણી પિંડ તે કેમ પડતો નથી રે,*
*કાટતો કેમ નથી કાળો નાગ, નાથ. આવું૦*
*કઠણ છાતી કેમ ફાટતી નથી રે,*
*ચાલ્યા મેલી શ્યામ સુજાણ, નાથ. આવું૦*
*શું સુખ લેવાને વાંસે રહ્યાં રે,*
*જાતા કેમ નથી પાપી પ્રાણ, નાથ. આવું૦*

આઘાતમાંથી જાગતો શોક સ્મરણોથી વધુ તીવ્ર બને તે રીતે કવિનાં 'નેણે આંસુની ધારા વહે' છે અને 'વિરહે મનડું વ્યાકુળ થાય' છે. આમાંથી એમને મળવાનો તલસાટ જાગે છે અને એની અશકયતાને કારણે ઊભી થતી લાચારી દર્શાવે છે.

સહજાનંદ સ્વામીનાં ગુણલક્ષણો જ નહીં, પરંતુ તેમની નાની–મોટી વિવિધ ક્રિયાઓ અને વસ્ત્રાદિનું સ્મરણ કરીને કવિ શોકને ઘેરો બનાવે છે. તેઓ કહે છે –

*'આ ઓસરીયે આવી બેસતા રે, આ ઢોલીડે નટવર ઢેલ'*

* * *

*'આ તકિયો તે વાંસે મેલતા રે, માળા આ ફેરવતા શ્યામ'*

* * *

*'આ મોજીડયું વહાલો પહેરતા રે, આછડી લેતા કરવર માંય'*

* * *

*આ ફળિયામાં ઘોડી ફેરતા રે, માણકી મતવાળી મહારાજ. (પદ ૨૯૮)*

કવિ આમાં લાક્ષણિક ઢબે પ્રત્યક્ષતાનો ભાવ જગાડીને શ્યામની; કૃષ્ણવિરહની વેદનાને ઘૂંટે છે. આને કરુણપ્રશસ્તિ ગણવામાં કોઈ ખૂટતું તત્ત્વ હોય તો તે ચિંતનનો અભાવ છે. અહીં કરુણનું શમન ચિંતનથી થતું નથી, પણ ભક્તિની તીવ્ર સંવેદનામાં જ સમાપન પામે છે. આમ તેમાં ચિંતનનો અંશ નહીં જેવો છે, પરંતુ ગુજરાતી મધ્યકાલીન

કવિતામાં જો કોઈ કૃતિમાં કરુણપ્રશસ્તિનો અંશ જોવા મળતો હોય તો તે પ્રેમસખીની આ અત્યંત પ્રચલિત એવી વિયોગની પદાવલિમાં જોવા મળે છે.

આ શોક અને પ્રશસ્તિ ભક્તિના આવિષ્કારનો જ એક પ્રકાર છે. આ દષ્ટિએ પ્રેમસખી પ્રેમાનંદ સંપ્રદાયના બીજા કવિઓ કરતાં જુદા તરી આવે છે. તેમના અવસાન પછી છ વર્ષ ઈ.સ. ૧૮૬૫ માં કવિ દલપતરામે 'ફાર્બસ વિરહ' ની રચના કરી. તેમાં ફાર્બસના ગુણોનું વિસ્તૃત અને ચતુરાઈભર્યુ કથન છે અને તેનાથી શોક ઘેરો બને છે. વળી પ્રેમસખી પ્રેમાનંદ અને દલપતરામમાં એક બીજું પણ સામ્ય છે. આ બંને સર્જકોને અંગ્રેજી કાવ્યસ્વરૂપ Elegy નો ખ્યાલ નહોતો અને બંનેનો કવનવિષય અંગત પ્રેમથી બંધાયેલ વ્યક્તિ છે. અલબત, દલપતરામને ફાર્બસ છે તેના કરતાં પ્રેમાનંદ સખીને સહજાનંદ અનેકગણા પૂજય ગણાય. કેમ કે સહજાનંદ સ્વામીને પ્રેમસખી પ્રેમાનંદ સર્વોપરી અવતારી 'પોતાનાં કૃષ્ણ' માનતાં હતાં. દલપતરામને ફાર્બસ માટે મૈત્રીનો ભાવ હોવા છતાં બંને વચ્ચેનો સંબંધ ઐહિક ગણાય, જયારે સહજાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી વચ્ચેનો સંબંધ આધ્યાત્મિક ગણાય. વળી, પ્રેમસખી પ્રેમાનંદને મુકાબલે દલપતરામમાં ઊર્મિની ઉત્કટતા ઓછી છે, જોકે દલપતરામે સોરઠાનો ઉપયોગ કરીને શોકના નિરૂપણને વેધક બનાવ્યું છે.

પ્રેમસખી પ્રેમાનંદના વિજોગનાં હિન્દી પદો વ્રજભાષાની પરંપરાને અનુસરે છે, જયારે એમનાં ગુજરાતી પદો તળપદી ભાષામાં લખાયેલાં છે. એમનાં વ્રજભાષાની છાંટ ધરાવતાં પદોમાં સંગીતમયતા અને સંવેદનની તીવ્રતા વિશેષ જોવા મળે છે. જયારે ગુજરાતી પદો તળપદી ભાષામાં સાદા અને લોકપ્રચલિત ભાવોને જ આલેખે છે. આથી જ ગુજરાતી પદોમાં 'છાતી કેમ ફાટી પડતી નથી', 'દુ:ખના ડુંગર તૂટી પડયા', 'અમે અભાગિયા થઈને રહ્યા' જેવી તળપદી અભિવ્યક્તિ મળે છે. 'સુવાણ' જેવો શબ્દ પણ આ જ બતાવે છે.

આ પદોમાં પ્રેમસખી પ્રેમાનંદ અને સહજાનંદ સ્વામી વચ્ચેની જ વાત છે. આથી એમાં કોઈ ચિંતન કે વ્યાપક તત્ત્વ આવ્યું નથી. એ તો ઠીક પરંતુ સહજાનંદ સ્વામીના ચરિત્રની વિરલતાનું કે એમની અધમોદ્ધાર સદ્ધર્મસંસ્થાપન, દિવ્ય ઐશ્વર્યદર્શન કે

અંતઃશત્રુવિનાશની જે વાત પ્રેમાનંદ સ્વામીએ અન્ય પદોમાં ગાઈ છે તેનું પણ આ વિરહગાનમાં કોઈ સૂચન મળતું નથી. સહજાનંદ સ્વામીના સ્વભાવની સૂક્ષ્મતાઓ આમાં ભલે ઝિલાઈ ન હોય કિન્તુ એમના વર્તનની કેટલીક લાક્ષણિકતાઓ કવિના વિયોગનાં પદોમાં ઝિલાઈ છે –

*લોચન વ્યાકુલ કહાનજી રે, જોવા ગજગતિ ચાલ*
*સામા મળતાં શેરીયે, સામા મળતાં શેરીયે જી રે*
*હસીને કરતા નિહાલ.લોચન૦*
*રૂમાલ જમણા હાથમાં જી રે, કટિ પર ડાબો કર મેલી*
*ખેસ ખભે હરિ ઓઢતા, ખેસ ખભે હરિ ઓઢતા જી રે.*
*માથે પાઘ અલબેલી. લોચન૦ (પદ ૨૯૫)*

આ વિયોગનાં પદોમાં પ્રેમસખી પ્રેમાનંદની દષ્ટિ કલાકારની નથી, કિન્તુ ભક્તની છે. આમ છતાં એમાં સ્વયંભૂ ઝરતો શોક, પ્રત્યક્ષતાને લીધે ભાવની સચોટતા અને હિંદી પદોમાં જોવા મળતી સંગીતમયતાને કારણે સ્વામિનારાયણ સંપ્રદાયના બીજા કવિઓ કરતાં આ કવિની સર્જનશકિત વિશેષ જણાય છે. કરુણ પ્રશસ્તિનો ગુજરાતી કવિતામાં પ્રથમ આવિર્ભાવ અભાનપણે પણ તેમનાં પદો દર્શાવે છે. તે દષ્ટિએ પણ સહજાનંદવિરહનાં તેમનાં પદો સ્મરણીય રહેશે.

પ્રેમલક્ષણાભક્તિએ વિપુલ કૃષ્ણકીર્તન મન ભરીને કંઠ મોકળો કરીને ગાનાર પ્રેમાનંદ સ્વામીએ રસદષ્ટિ અને સૌન્દર્યદષ્ટિએ તેમની કવિપ્રતિભા ઉઘડી છે. રાશિ, વાર, તિથિઓ, મહિના, થાળ, આરતીઓ, બારમાસી વગેરેની તેમની કવિતામાં તેમનું કાવ્યસ્વરૂપ બહુધા પદનું રહ્યું છે. 'રાધાકૃષ્ણવિવાહ', 'સત્યભામાનું રૂસણું', 'તુલસીવિવાહ' તેમને માનભર્યુ સ્થાન આપે તેવી કૃતિઓ છે. એ કારણે આ કૃતિના વિવાહ ગીતોએ લગ્નપ્રસંગે ગવાતાં કુરુચિપૂર્ણ ફટાણાનું સ્થાન લીધું હતું.

*'મોહન બેન બજાઈ, તજી બન આઈ બન આઈ...*
*... બોન મારે મા બાપે મુને વારી, કે છે તું કયાં જાય છે કુંવારીઃ*

*... સૈયર કાય સાંગુ મી આતા, કુઠે ગલે પહાતાં પહાતાં*

*... પ્રેમ સખી કંઠ લગાસી, આય મિલો બનવાસી બનવાસી'*

એક પદનાં પંક્તિખંડોમાં કવિએ કરેલાં કાઠિયાવાડી, મરાઠી, રાજસ્થાની ભાષાના સાહજિક મ્હાવરા વિશિષ્ટ છે.

પરમાત્માને પામવાનો અને ભવમાંથી મુક્તિ પામવાનો ઉત્તમ ઉપાય ભક્તિ છે. તેનો મહિમા ગાતાં અનેક પદો પ્રેમાનંદ સ્વામીએ લખ્યાં છે.

તો અનેક પદોમાં ભક્તિને માનવપ્રણયની સંવેદનાને જુદી જુદી કક્ષાની અનુભૂતિની પરિભાષામાં વર્ણવી છે. જૈન સાધુઓ (આનંદઘન, યશોવિજય), સૂફી કવિઓએ ભક્તિશૃંગારની ભાષાને સહજભાવે પ્રયોજી છે.ખ્રિસ્તી સંત સાહિત્યમાં પણ પ્રભુનુે પ્રિયતમ તરીકે વર્ણવ્યા છે. પ્રેમસખી પ્રેમાનંદની કવિતાને પણ આ દષ્ટિએ અવલોકવી અને સમજવી જોઈએ. પ્રેમાનંદ જેવા વૈરાગ્યવાન સાધુ કૃષ્ણની પ્રેમલીલાની કવિતા લખે તેમાં કૃષ્ણ જે ગોપીનો આત્મા છે તેમ માની નિષ્કામભક્તિના અનેક ઉદાહરણ મળે છે.

પ્રેમાનંદ સ્વામીનાં સેંકડો પદો નાટયોર્મિકાવ્યો (dramatic lyric) કહી શકાય. એવાં પ્રેમલક્ષણા પદો લખ્યાં છે. 'એકાંતિક ભક્તિ' નો મહિમા કરતાં પદો મળે છે

*'મારાં નેણાં ચકોર, તમે ચંદ રે, સુંદર શામળિયા'*

*'પ્રીત કોયલ, તમે 1તુરાજ રે, સુંદર શામળિયા'*

*'મન મીન, તમે સાગર પીવ રે, સુંદર શામળિયા'*

*'ઘનશ્યામ તમે, હું છું મોર રે, સુંદર શામળિયા'*

આવા ગોપીના ઉદ્ગારને કાવ્યમય ભાષામાં વ્યક્ત કરે છે. શામળિયા પ્રત્યેના આકર્ષણનો અનુભવ ગોપી જુદી જુદી રીતે ગાય છે.

*'મારું ચીતડું લીધું પ્રોય, કાનુડે.*

*'દરદ લગાડી રહ્યા દૂર છો, રસિયા વાલમ'*

કૃષ્ણપ્રીતિનાં દર્શન, આકર્ષણ, સ્મરણ, ઝંખના, મિલન, વિરહવ્યથા વગેરે વિવિધ અનુભવોને શબ્દસ્થ કર્યા છે. એમ કહી શકાય કે પ્રેમલક્ષણાભક્તિના મધુર સંવેદનો વિવિધ રાગ–રાગિણીમાં આલેખ્યાં છે.

કૃષ્ણવિરહની બારમાસીમાં બારમહિનાના વિયોગને મધ્યકાલીન કાવ્યસ્વરૂપની પ્રણાલી અનુસાર કરેલ નિરૂપણ ધ્યાન ખેંચે તેવું છે. પ્રેમાનંદ સ્વામીનાં પદોમાં વિરહગાનમાં આતુરતા વ્યક્ત કરવા ગોપીભાવે સહજ રીતે વિપ્રલંભ શૃંગારમાં ગાયો છે.

પ્રેમાનંદની કવિતામાં પ્રભુ પ્રત્યે અદ્‌ભુત તન્મયતાના દર્શન થાય છે. પ્રેમસખી–પ્રેમાનંદની કવિતા વિશે જોઈએ તો આપણને આશ્ચર્ય થાય તેવી સૂફીવાદની કવિતા અર્વાચીન કવિતાના આરંભ પહેલાં તેમની પાસેથી મળે છે. બાલાશંકર, મણિલાલ, કલાપી, કાન્ત જેવા કવિઓએ સૂફીવાદની ગઝલો લખી છે. મધ્યકાળમાં દયારામની ગઝલ પણ મળે છે. પ્રેમસખી પ્રેમાનંદ ગઝલનું સ્વરૂપ લઈને આવ્યા નથી. પણ ગઝલનો આભાસ ઉત્પન્ન કરે તેવી આશક–માશૂકની તીવ્ર આરતીની, ઝંખનાની, ખુવારી અને ખુમારીની સૂફીવાદની કવિતા રચે છે. મધ્યકાળમાં નરસિંહ દયારામની પ્રેમલક્ષણાભક્તિની કવિતા પ્રસિદ્ધ છે જ. પરંતુ ઈશ્વરને માશૂક કલ્પીને કવિતા રચનારા આ 'પ્રેમસખી' કવિ ધ્યાનપાત્ર બની રહે છે.

પ્રેમાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની પ્રત્યક્ષ મૂર્તિનાં ગુણગાન કરી પ્રેમલક્ષણા ભક્તિનો મર્મ સમજાવ્યો છે.

*'નેણામાં રાખું રે નેણામાં રાખું રે,*
*નાથજીને જતન કરીને રે, નેણામાં રાખું રે.*
*છેલ છબીલાજીની મૂર્તિ ઉપર*
*હાં રે મારા પ્રાણ વારી વારી નાખું રે...'*

ભગવાન સ્વામિનારાયણની દિવ્યમૂર્તિના પ્રેમમાં વહેતા પ્રેમાનંદ સ્વામીએ ગોપીભાવે હજારો કીર્તનોમાં ભગવાન સ્વામિનારાયણનો અપરંપાર મહિમા, દાસત્વભક્તિ, નિરાળી પ્રેમભક્તિ આલેખી છે. તેમણે ભગવાનના સગુણ સ્વરૂપ, અક્ષરધામ પતિની પ્રગટ ભક્તિનો કેફ વ્યક્ત કર્યો છે :

*'મેં તો એમ જ મૂઢ નિશ્ચય કર્યો સહજાનંદજી,*

*બીજો વિવેક સર્વે મેલ્યો ધર્યો સહજાનંદજી*

*આ પ્રગટ તમારો આકાર છે સહજાનંદજી, ...*

ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને પ્રેમાનંદ સ્વામી વારંવાર ગાય છે.

*'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ...'*

મોક્ષ માટે શ્રેષ્ઠ સાધન આને જ ગણે છે. આ પડઘો પ્રેમાનંદ સ્વામીમાં ઠેરઠેર પડઘાય છે.

વડતાલમાં એમણે 'સજની શ્રીજી મુજને સંભાર્યા રે' એ પદનો સૂર છેડતાં જ સૌ જનોની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં.

૭૦૦૦ પદો હિંદુસ્તાની ભાષામાં, ૩૦૦૦ ગુજરાતી ભાષમાં રચેલા રસિક પદો અદ્વિતીય છે'

રાત્રે ચેષ્ટાના પદો ગવાય છે તે :

*'પ્રથમ શ્રીહરિને રે... દશ પદ'*

*ઓરા આવો શ્યામ સ્નેહી... એક પદ'*

*'વંદુ સહજાનંદ... આઠ પદ'*

*'આજે મારે ઓરડે... ચાર પદ'*

*'અક્ષરના વાસી વાલો... ચાર પદ'*

આ બધાં જ પદો પ્રેમાનંદ સ્વામીના ગવાય છે. પ્રેમસખીનું કાવ્યસર્જન વિપુલ છે. અગાઉ જણાવ્યું તેમ ગુજરાતી, હિંદી, વ્રજ, મારવાડી, મરાઠી, સંસ્કૃત જેવી વિવિધ ભાષાઓમાં તેમનું સર્જન વિસ્તરેલું છે. ભાષાના વૈવિધ્ય સાથે રાગ–ઢાળોનું વૈવિધ્ય પણ ઘણું છે. કાવ્યવસ્તુ ઉત્સવોથી માંડી મૂર્તિ, ઉપદેશ, પ્રાર્થના, ભક્તિ, લીલા વગેરે પરત્વેનું છે.

પદમાળાઓમાં મુખ્ય : ધ્યાનમંજરી, નારાયણ ચરિત્ર, તુલસી વિવાહ, ગોપી વિવાહ, શ્રીહરિ ચરિત્ર, વિરહ વિલાસ, જ્ઞાન વિલાસ, ઉત્સવલીલા વગેરે છે.

દાણલીલા : બે પદમાળા – દાણલીલાનાં પદોની ચોસર (ચાર ગરબી) ઘણી છે.

બારમાસી : કુલ ચાર પદમાળા. જેમાંની ત્રણ સહજાનંદ વિરહને અને એક કૃષ્ણના વિરહને આલેખે છે.

રાસરમણ શોભા : છ પદોની માળા. જેને કવિએ નામ આપ્યું નથી.

રાધાકૃષ્ણ સંગ્રામ : નરસિંહના 'સુરતસંગ્રામ' અને દયારામના 'પત્રલીલા' કાવ્યનું આંશિક સ્મરણ કરાવતી ૧૪ પદની પદમાળા છે.[૨૮] (કવિએ આપેલ શીર્ષક નથી.)

રામકૃષ્ણ વિવાહ : જયદેવના 'ગીતગોવિંદ' ની છાયા જીલતી દશપદની પ્રસ્તુત પદમાળા, જે વ્રજભાષી કવિઓની સ્પષ્ટ અસર બતાવે છે.

તુલસીવિવાહ : પૌરાણિક કાવ્યવસ્તુને આધારે રચાયેલી ૬૫ પદની પ્રસ્તુતમાળા બૃહત્કાવ્યદોહન ભા.૩ માં પ્રસિદ્ધ વ્યાપેલી છે.

ધ્યાનમંજરી : ભગવાન સ્વામિનારાયણની લીલાચરિત્રાત્મક, એક જ રાગમાં પણ બે જુદા જુદા ઢાળમાં ૩૦ પદોની સળંગ પદમાળાને અંતે કવિએ 'ઈતિશ્રી હરિસ્વરૂપ ધ્યાન સિદ્ધિનાં પદ સંપૂર્ણ' એવી પુષ્પિકા આપી છે.

ચિહ્નચિંતવન : ભગવાન સ્વામિનારાયણના શરીર પરના બાવન ચિહ્ન અને ત્રેસઠ તલોનું વર્ણન કરતી પ્રસ્તુત પદમાળા આઠ પદોમાં છે. આ સિવાય રામરમણશોભા, ચતુરસંગ્રામ, ધ્યાનની ગરબી, નારાયણલીલા, શોભા શી કહું રે, શણગાર ચિંતવન, લોવાની લીલા, વટપતનલીલા, વસંતોત્સવ, રાસરમણલીલા, પનઘટલીલા કૃષ્ણપ્રીતિ, વિયોગસંદેશો, ધર્મવંશવેલ, વનવિચરણલીલા, સાતવાર (તિથિકાવ્યો), શ્રીકૃષ્ણજન્મ કેપદ, શ્રીકૃષ્ણજન્મ કી વધાઈ, માણકીએ ચડયા રે, વિજોગની ગરબીઓ, પ્રેમાનંદ સ્વામીના મહિના, એકાદશી આખ્યાન (અપ્રગટ), શ્રી ભાગવત માહાત્મ્ય (અપ્રગટ), શ્રી ઉન્મતગંગા માહાત્મ્ય (અપ્રગટ), દુર્પુર માહાત્મ્ય, સત્યભામાનું રૂસણું (અપ્રગટ).

પ્રેમસખીની આટલી વિપુલ સંખ્યામાં મળતી પદમાળાનો મુખ્ય વિષય સહજાનંદ સ્વામી અને શ્રીકૃષ્ણની વિભિન્ન લીલાઓના ગાનનો જ છે. તેમાંની મહત્ત્વની પદમાળા ભાવકના ચિત્તમાં ભાવસંસ્કાર જાગૃત કરતી પાસાદાર પંક્તિઓ અવિસ્મરણીય છે.

આમ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નરસિંહથી શરૂ થતા પદમાળા કાવ્યપ્રકારમાં પરંપરાથી રૂઢ થયેલા સર્વ લક્ષણોનું સાતત્ય જળવાયેલું જોવા મળે છે. છતાં

એમ કહી શકાય કે કેટલીક વિશિષ્ટતાઓ અને વૈવિધ્ય ઉમેરીને પદ કાવ્યપ્રકારના ઘડતરમાં સ્વકીય પ્રદાન છે જે પ્રગટ પ્રભુના પ્રણયરસથી પરિષ્કૃત બન્યું છે. પ્રેમાનંદની પદકવિતામાં કૃષ્ણનિરૂપણ કરતી કેટલીક રચનાઓનો અભ્યાસ કરીએ.

*(રાગ : વિભાસ)*

*શોભા સાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે,*
*મૂરતિ પ્યારી રે નાખું મારા પ્રાણ વારી રે... ટેક૦*
*સુંદરતા જોઈ મુખની શશી સુર લજાઈ રે,*
*મુખ દખાડી નવ શકયા વસ્યા ગગન જાઈ રે... શોભા ૧*
*માન હર્યું મણિધરનું શિખા કેશ કાળે રે,*
*અવનિ ઉપર રહી ન શકયા ગયા પાતાળે રે... શોભા ૨*
*ચંચલ લોચન જોઈને લજ્જા પામ્યાં તીન રે,*
*ખંજન કુરંગ વન વસ્યાં જળે બૂડયાં મીન રે... શોભા ૩*
*ચાલ ચતુરાઈ જોઈને ગજ કરે ધિકકાર રે,*
*પ્રેમાનંદ કહે શિર નાખે ધૂળ વારમવાર રે... શોભા ૪*

પ્રેમસખી પ્રેમાનંદે કૃષ્ણનું રૂપવર્ણન કરતાં સુંદર પદો રચ્યાં છે. આ પદમાં શ્યામના રૂપનું વર્ણન છે. શ્યામની મૂર્તિ એમને પ્યારી છે, શા માટે પ્યારી છે તેનાં કારણો પદમાંથી મળી રહે છે.

પ્રભુને 'શોભાસાગર' એ વિશેષણથી વર્ણવવામાં આવ્યા છે. શ્યામની શોભા અનેરી હોય છે ને એનું વર્ણન નરસિંહથી દયારામ સુધીના અનેક કવિઓએ કર્યુ છે. અહીં પણ પ્રેમાનંદ પ્રાણ ઓવારી દેવાનું ગમે એવી શ્યામની સુંદરતા હોવાનું જણાવે છે. શ્યામનું માત્ર દર્શન કરતાંય પ્રેમાનંદને પોતાનું સર્વસ્વ એમના ચરણમાં ઓવારી દેવાનું મન થાય છે. શ્યામ પ્રત્યે પ્રેમાનંદને અત્યંત આકર્ષણ અને પ્રેમ છે.

'શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે' આ પંક્તિમાં 'શ'કાર તથા 'ર'કારનું પુનરાવર્તન નોંધો. શ્યામની રમણીયતાનું વર્ણન કરવામાં અનુકૂળ થાય તેવા કોમળ વર્ણ

નો ઉપયોગ પદના ઉપાડની આ પંક્તિમાં જોવા મળશે. એમાં સાંગીતિક અસર પણ છે,જે સંવાદ–માધુર્યથી પ્રભુના રૂપવર્ણનનો આહ્‌લાદ વધારે છે.

સામાન્ય રીતે ઉત્તમ કે ઉદાત્ત પાત્રનાં રૂપવર્ણનમાં કવિઓ પ્રથમ મુખની ને તે પછી છેલ્લે ચરણની વાત કરતા હોય છે. આ કાવ્યમાં એવો પ્રશિષ્ટ ઉપક્રમ જળવાયેલો જોવા મળે છે. કવિ શરૂઆતમાં શ્યામના સૂર્ય–ચંદ્રથીયે ચડિયાતા એવા મુખનું વર્ણન કરે છે. આ વર્ણન કરતાં એક સુંદર કલ્પના એ કરે છે કે શ્યામના મુખની સુંદરતા જોઈ ચંદ્ર અને સૂર્ય એવા તો શરમાઈ ગયાં કે તેઓ પોતાનું મુખ એમના આગળ દેખાડી શકયા નહિ ને દૂર આકાશમાં જઈને રહેવાનું પસંદ કર્યુ.

ત્રીજી કડીમાં મણિ ધારણ કરનાર જે ઉત્તમ નાગ, તેનાથી યે વધુ સોહામણી શ્યામની કેશ– શિખા (ચોટલી) ની વાત કરે છે. નાગ દરમાં ભરાઈ રહે છે, એ રીતે પાતાળમાં રહે છે તેનું કારણ શ્યામની કેશ–શિખા જોતાં તેમનું અભિમાન ઘવાયું છે તે છે. આવી કલ્પના આ પૂર્વે આપણા કાવ્ય સાહિત્યમાં પ્રેમાનંદભટ્ટ આદિએ પણ કરેલી છે.

ચોથી કડીમાં શ્યામના નેત્ર–સૌન્દર્યનું વર્ણન છે. સમગ્ર મુખના સૌન્દર્યમાં નેત્રનો મહિમા મોટો છે. સામાન્ય રીતે સુંદર નેત્રોને તેમના આકાર અનુસાર ખંજન, હરણ કે મીન એ ઉપમાનો સાથે સરખાવે છે. અહીં તો પ્રેમાનંદ ત્રણેય ઉપમાનો એક સાથે ઉપયોગમાં લઈ ત્રણેયનું શ્રીપ્રભુનાં નેત્ર, જે ઉપમેય છે તેનાથી તેમનું ઉતરતાપણું બતાવે છે ખંજન પક્ષી અને હરણે જંગલમાં રહેવાનું અને માછલાએ પાણીમાં ડૂબેલા રહેવાનું પસંદ કર્યુ તે આ શ્યામનેત્રો જોતાં એમને જે શરમ લાગી તેના કારણે.

આ પછી છેલ્લે પ્રેમાનંદ શ્યામની ગજથી યે સુંદર જે ગતિ છે તેની પ્રશંસા કરે છે. હાથી વારંવાર માથા પર ધૂળ નાખે છે (હસ્તિસ્નાન) તેનું કારણ કૃષ્ણની પોતાનીથી યે રમણીય ચાલ જોતાં અને પોતાની જાત પર રોષ ચઢયો છે એ છે.

કવિએ આ કાવ્યમાં અગાઉ સૂચવ્યું છે તેમ, રૂપવર્ણનની જે પ્રશિષ્ટ પરંપરા છે તેનં અનુસરણ કર્યુ છે. કવિની કાવ્યરસિકતા આલંકારિક વર્ણનરીતિમાંથી પ્રગટ થાય છે. સૂર્ય, ચંદ્ર, નાગ, ખંજન, કુરંગ, મીન, અને ગજ–આ સર્વ ઉપમાનોનું રૂપવર્ણન અનુક્રમે મુખ, કેશ, નેત્ર અને ચાલનાં સંદર્ભે વિનિયોગ થતો જ આવ્યો છે. કવિએ પણ પ્રાસાદિક ને

પ્રાસાનુપ્રાસબદ્ધ મધુર ભાષામાં આ ઉપમાનોને વણી લીધાં છે ને ચતુરાઈ પૂર્વક સૃષ્ટિના સર્વ સત્ત્વોથી સૃષ્ટિના સરજનહાર, રસેશ એવા શ્રીહરિનું રૂપ ચડિયાતું છે, લોકોત્તર અથવા અલૌકિક છે તે બતાવ્યું છે. અનેક ઉપમાનોથી વર્ણવવા જતાં પણ તેમનું પુરું રૂપવર્ણન તો ન જ થઈ શકે, બધાં ઉપમાનો એમનું પૂરું વર્ણન કરવામાં ઊણાં ઉતરે છે એ ભાવ પણ અહીં કવિના મનમાં હોય એ સંભવિત છે. કવિનો ભગવાન પ્રત્યેનો ઊંડો પ્રેમભાવ–ભક્તિભાવ જ આવી રૂપપ્રશંસા–રૂપસંકીર્તન પ્રતિ કવિને પ્રેરે છે તે પણ અત્રે જોઈ શકાશે.

* * * * *

*ઓરા આવો છેલ તમારું છોગલું જોઉં રે,*
*છોગલું જોઉં રે છેલા મારા મનમાં પ્રોઉં રે...* ટેક.
*છોગલું તારું અટકયું મારા ઉરમાં આવી રે,*
*મોહન તારી મૂરતિ મારા મનમાં ભાવી રે....* ઓરા ૧
*મુખ તણે મરકલડે મુને ઘેલડી કીધી રે,*
*સામું જોઈ તમે શામળા શુધબુધ લીધી રે....* ઓરા ૨
*સુધ ભૂલી શરીરની દિલ કયાંઈ ન ગોઠે રે,*
*મનડું વિંધ્યું માહેરું નેણાની ચોટેરે....* ઓરા ૩
*એટલું તો હવે કરજો માણીગર માવા રે,*
*પ્રેમાનંદના નેણમાં રહો આવા ને આવા રે....* ઓરા ૪

આ પદમાં પ્રેમાનંદ સ્વામી શામળાને પોતાની પાસે આવવા વીનવે છે, એટલા માટે પાસે આવવા કહે છે કે જેથી નિરંતર એમનું દર્શન, એમની મોહક મૂર્તિનો સ્પર્શ હૃદયને થયા કરે.

પ્રથમ કડીમાં 'ઓરા આવો' 'પાસે આવો' એમ કહે છે. પાસે આવવાનું તો છેલછબીલા એવા ભગવાનને જ કહેવાય ને ! જે સુંદર છે, જે દિવ્ય છે, પવિત્ર છે એ આપણી પાસે રહે, આપણા મનમાં રહે તો આનંદ આવે, ધન્યતા અનુભવાય. પ્રેમાનંદ કવિ મોહન છેલ–છબીલા છે, સુંદર વેશપરિધાન કરે છે, સ્નેહથી ભર્યા ભર્યા છે માટે જ

તેમને ઓરા આવવાનું કહે છે. આ છોગાળાને તેઓ નિંમત્રણ આપે છે હૃદયમાં વસવા માટે. શ્રીહરિને તેઓ મનમાં પરોવવા માગે છે, જેમ દેરામાં ફૂલ કે મોતી પરોવવામાં આવે તેમ (વસ્તુતઃ તો આ રીતે કૃષ્ણમાં ચિત્ત પરોવવાની જ વાત કરે છે)

બીજી કડીમાં કૃષ્ણનું સાન્નિધ્ય કેવા પ્રકારનું છે તે બતાવ્યું છે. ભગવાને માથે બાંધેલા પાઘનું છોગલું પોતાના હૃદયમાં અટકયું હોવાની લાગણી પ્રભુ સાથેની ગાઢ નિકટતા સૂચવે છે. પ્રેમાનંદનું સમગ્ર અસ્તિત્વ તન ને મન સર્વસ્વ મોહનની મોહક મૂર્તિના સંપર્કે ધન્યતા અનુભવે છે. મંદિર જેમ પ્રભુના કારણે, તેમ આ મન પણ ઈશ્વરની પોતાનામાં પ્રતિષ્ઠા કરીને કૃતાર્થતા પામે છે. મનમાં ભગવાન નહોતા ત્યારે તે શૂન્ય ને અણગમતું હતું. હવે શ્રીહરિની પ્રતિષ્ઠાએ તે રમણીય બન્યું છે. મન જેનાથી રળિયાત બને છે એ તો કૃષ્ણ જ છે. એ પ્રત્યેનો ઉમળકો આ કડીમાં સરસ રીતે રજૂ થયો છે. મોહન મૂર્તિના માધુર્યના ભાવને અનુકૂળ 'મ'કારવાળા શબ્દોથી બીજી પંક્તિના ઉચ્ચારણમાં પણ મધુરપ અનુભવાય છે.

આવી જ મધુરપ ત્રીજી કડીમાં છે. મુખના મરકલડાથી ભક્ત–હૃદય દુનિયાનું ભાન ભૂલી જઈને પ્રભુની પ્રીતિમાં કેવું પાગલ બની જાય છે તે દર્શાવાયું છે. શામળાએ ભક્તના અસ્તિત્વની નોંધ લીધી છે. એના તરફ કૃપાનજર કરી છે, એને સ્વીકાર્યો છે ને તેથી જ ભક્તને અનહદ આનંદ થયો છે.

એકવાર કૃષ્ણનાં સ્નેહનો અમૃત સ્વાદ જે ચાખે તેને પછી બીજું બધું ફિકકું લાગે. પ્રેમીને પ્રેમીજન વિના બીજે કયાંય ન ફાવે. પ્રેમાનંદ કવિ એ માટે 'ગોઠે' જેવો સચોટ શબ્દ વાપરે છે. ભક્તને ભગવાનના સ્નેહનો એક વાર અનુભવ થયા પછી કયાંય ગોઠતું નથી. મોહનની સ્નેહભરી તીક્ષ્ણ નજરથી તો મન પણ મોતીની જેમ વીંધાઈ રહે છે. ભગવાન જેને પ્રેમથી પોતાનો કરવા માગે છે એની મજાલ નથી એમનાથી દૂર રહેવાની. મરમાળો જેનું વરણ કરે છે એએનો થઈને જ રહે છે.

પ્રેમાનંદ છેલ્લી કડીમાં બહુ જ સરસ વાત કહી દે છે. એ માણીગાર માવાને – રસિક એવા માધવને કહે છે કે બીજું ભલે કશું ન કરાય, પણ જો મારી આંખોમાં રહેવાની કૃપા કરો તોયે બસ છે, ને વળી આંખોમાં રહેવાનું તેય 'આવા ને આવા' રૂપે એમ પણ

કવિ બતાવે છે, જે મહત્ત્વનું છે. રમણીય રૂપે ને સ્નેહભાવે છેલછબીલા માણીગર માવારૂપે ભગવાનની મોહન મૂર્તિનો અનુભવ તેમણે કર્યો છે, તે કાયમ રહે શાશ્વત રહે એવી ભાવના પણ અહીં છેલ્લી પંક્તિમાં સૂચવાય છે. વળી, જે હૃદયમાં હોય તે આંખોમાં રહે એ ન્યાયે નટખટ નટવરનો સતત દર્શનાનુભવ થતો રહે એવી તે ભક્ત હૃદયની અભીપ્સા પણ છેલ્લે વ્યંજિત થાય છે.

કાવ્યમાં ભક્તહૃદયનો નિર્મળ સ્નેહભાવ અછતો રહેતો નથી. એ ભાવને અનુકૂળ વાણી પણ સરળ અને મધુર છે. કાવ્યમાં 'જોઉં પ્રોઉં', 'આવી ભાવી' આદિ પ્રાસોની મેળવણી પણ સ્વાભાવિક લાગે છે ને તેથી પદની માધુરી વધે છે. આવાં પદોની ખરી ખૂબી ગવાય ત્યારે જ પૂરેપૂરી પમાય છે.

આ પદ સુગેય છે.

* * * * *

(રાગ : વિભાસ)

*વા'લી લાગે વાલમ તારા મુખની વાણી રે,*
*મુખની વાણી શ્રવણે સુણી હું લોભાણી રે... ટેક૦*
*મુખની વાણી સાંભળી તજી ચંચળતાઈ રે,*
*સ્થિર થઈને નિત્ય સેવે ચરણ રમા ડાહી રે... વા'લી ૧*
*મુખની વાણી સાંભળી રાચ્યા સુંદર રૂપે રે,*
*જગત સુખને પરહરી લીધો ભેખ ભૂપે રે... વા'લી ૨*
*વાણી સાંભળી સનકાદિકે લીધી હૈયે ધારી રે,*
*ઘરથી ઘર ન માંડિયું રહ્યા બ્રહ્મચારી રે... વા'લી ૩*
*મુખની વાણી સાંભળી મારે પ્રીત બંધાણી રે,*
*પ્રેમાનંદ કે' તન મન કરું કુરબાની રે... વા'લી ૪*

આ પદમાં પ્રેમાનંદ સ્વામીએ કૃષ્ણ ભગવાનની વાણીનો મહિમા દર્શાવ્યો છે. ભગવાનની વાણી તો અનાહત વાણી. એ જ પરાવાણી. જેને એ સાંભળવાનું સદ્ભાગ્ય સાંપડે છે તેનો ભવ સુધરી જાય છે. પ્રેમાનંદ તો કવિ, વાગ્દેવીનાં ઉપાસક, તેઓ

ભગવાનના શ્રીમુખની વાણીનું આકર્ષણ અનુભવે જ એ સમજાય એવું છે. શ્યામનું વાલમની વાણી એવી દિવ્ય છે, પ્રભાવક છે કે જે સાંભળવા માત્રથી મનની ચંચળતા નાશ પામે છે અને ચિત્તની એ રીતે સ્થિરતા પ્રાપ્ત થાય છે. પ્રકૃતિએ ચંચળ એવી લક્ષ્મી પણ વિષ્ણુના ચરણમાં તો સ્થિર થઈ ને રહે છે. આવા વિષ્ણુના મુખની વાણી ચંચળતા ન હરે તો જ નવાઈ લાગે.

સુંદરરૂપનાં (શ્રીહરિનાં) શ્રીમુખની વાણી જેમણે ગ્રહી છે તેઓ સર્વ દૈવી પદને પામ્યા છે. જીવનમાં તેમણે પ્રસન્નતા મળી છે, સૌન્દર્ય મળ્યું છે. એવા રાજાઓ પણ થયા છે જેમણે પરમાત્માની વાણીનો મર્મ ગ્રહી જગતના સુખની ક્ષણિકતા પરખી છે અને એ સુખને તિલાંજીલ આપી છે. સનકાદિ અનેક 1ષિમુનિઓએ એ વાણીનું અમૃતપાન કરી કરાવી પોતાના અને તે સાથેના અનેકના જીવનનો સમૃદ્ધાર કર્યો છે. શુકદેવ જેવાએ તો જન્મતાવેંત જ સંસારમાં ન લપટાવાય એની તકેદારી રાખેલી અને જીવનભર બ્રહ્મચર્યવ્રતનું પાલન કરેલું. આ શુકદેવજીએ પરમાત્માની દૈવી વાણીનો રસ બરોબર ચાખ્યો હતો. પ્રેમાનંદને પણ પરમાત્માની વાણી આકર્ષક લાગી છે. એ વાણીએ જ તેઓ પરમાત્મા પ્રેમી બન્યા છે. પ્રેમાનંદ પરમાત્માને ખાતર જે કંઈ આત્મ સમર્પણ કરવું પડે તે કરવા પણ તૈયાર છે. પરમાત્માની વાણી તો સત્ય ને 1તની વાણી. એ તો સનાતન સ્નેહ અને સૌન્દર્યની વાણી. એ વાણી પ્રેમાનંદ જેવા અભિજાત ભક્ત જીવને વશ ન કરે, મોહિની ન પમાડે એમ બને ? પ્રેમાનંદ તો પરમાત્માની જ વાણીમાંથી એમની પોતાની કાવ્યવાણીનું તેજ પામ્યા છે. એ પ્રેમાનંદ પરમાત્માની અમૃતવાણીનો મહિમા ગાતાં આનંદઊલટ અનુભવે એ સ્વાભાવિક છે. આ પદ એ આનંદઊલટની એક પ્રામાણિક અભિવ્યક્તિ રૂપ છે. કાવ્ય સરળ ને સુગેય છે. 'ચંચળ' પરથી 'ચંચળતાઈ' એવું જે ભાવવાચક નામ અહીં બનાવાયું તે તરફ કાવ્યના અભ્યાસીનું ધ્યાન જશે જ.

*(રાગ : ગરબી)*

*તમારી મૂર્તિ વિના મારા નાથ રે,*
*બીજું મને આપશો મા,*
*હું તો એ જ માગું છું જોડી હાથ રે,*
*બીજું મને આપશો મા...*
*આપો તમારા જનનો સંગ રે,*
*મારા જીવમાં એ જ ઉમંગ રે... બીજું૦ ૧*
*મારા ઉરમાં કરો નિવાસ રે,*
*મને રાખે રસિયા તમ પાસ રે... બીજું૦ ૨*
*એ જ અરજી દયાનિધિ દેવ રે,*
*આપો ચરણકમલની સેવ રે... બીજું૦ ૩*
*કરો ઈતર વાસના દૂર રે,*
*રાખો પ્રેમાનંદને હજૂર રે... બીજું૦ ૪*

આ પદમાં પ્રેમસખી પ્રેમાનંદ પોતાને શ્રીહરિ સિવાય બીજું કશું ખપતું નથી એ વાત બરોબર રીતે પોતાની પ્રાર્થના દ્વારા ઉપસાવે છે. 'બીજું મને આપશો મા' એ ધ્રુવપંક્તિના આવર્તને પ્રેમાનંદનો ભગવત્સેવા કે ભક્તિ માટેનો જે અનન્ય ભાવ છે તે સુંદર રીતે ઘૂંટાય છે વળી, ભગવાનને કવિ તો કહે છે કે તારે મને આપવી હોય તો તારી મૂર્તિ આપ, એ સિવાય બીજું કાંઈ નહીં. બીજું ન જોઈએ એ વાત ભારપૂર્વક બે વાર કહેવામાં આવી છે. પ્રેમાનંદને તો ભગવાન સિવાય એની ભક્તિ સિવાય, બીજા કશામાં આનંદ આવતો નથી. સંગ કરવાનો હોય તો ભગવાનના જ માણસોનો સારો. એ સંગમાં આનંદ મળે છે. ભગવાન પોતાના હૃદયમાં રહે અથવા ભગવાન પોતાને એમની પાસે રાખે એ જ સ્થિતિ ભક્તને તો ઈચ્છવા યોગ્ય લાગે. પ્રેમાનંદ એ જ સ્થિતિ ભગવાન પાસે યાચે છે. નાથ દયાના સાગર છે. એથી એમને કરેલી પ્રાર્થના નિષ્ફળ તો નહિ જ જાય. એમના ચરણારવિંદની સેવા કરવાની પ્રેમાનંદની પ્રાર્થના તેઓ માન્ય કરશે જ. પ્રેમાનંદ ઈચ્છે છે કે દયાનિધિ દેવની મૂર્તિ જો પોતાના હૃદયમાં બિરાજવાની હોય તો ત્યાં કોઈ

વાસનાની અશુદ્ધિ યે રહેવી ન જોઈએ. તેઓ ઈશ્વર પાસે વિશુદ્ધિ પ્રાર્થે છે, નિત્ય સેવાનો અવસર પ્રાર્થે છે. પ્રેમાનંદને જીવનની કૃતાર્થતા ભગવાનની સેવાભક્તિમાં અનુભવાય છે.

આ પદ તેમની એ શ્રદ્ધાની સુરેખ અભિવ્યક્તિ બની રહે છે. પદની ભાષા સરળ છે અને રજૂ કરાયેલી પ્રાર્થનામાં પણ ભક્તહૃદયની ભાવ–સરળતા છે જ.

* * * * *

*(હીંડોળો)*

*આવ્યો શ્રાવણ માસ અનૂપ, હીંડોળો માચ્યો રે,*
*જોઈ રાજી થયો મહેશ, તાંડવ નાચ્યો રે... જોઈ*
*એ... શ્રાવણ 1તુ રળિયામણી રે, બોલે દાદુર મોર,*
*વીજલડી ચમકા કરે, વરસે ગરજે ગગન ઘનઘોર... જોઈ*
*એ...કીટ મુકુટ કટિ કાછની રે કરણે કર્ણિકાર,*
*મુખ મરકલડો જોઈને, મોહયો રતિ વનિતા ભરતાર.. જોઈ*
*એ...હીરામણી હેમે જડયાં રે, પચરંગી રત્ન પ્રવાલ,*
*ગજ મોતીવર પોખરા, શોભે પન્ના પિરોજા લાલ... જોઈ*
*એ...હીંડોળે હરખે ભર્યા રે, ઝુલે શ્રી ઘનશ્યામ,*
*પ્રેમાનંદ જોઈ નાથને, થયો પાવન પૂરનકામ... જોઈ*

ભક્તો ભગવાનની લીલાઓનું અનેક રીતે ગાન કરે છે. તેમની લીલાઓનો પણ પાર નથી. જેમ ઘનશ્યામની બાળલીલા, તેમ તેમની હીંડોળે ઝૂલવાની લીલા પણ ભક્ત કવિઓએ ખૂબ ઉત્સાહથી ગાઈ છે. હિંડોળાનાં પદો નરસિંહથી દયારામ સુધીના અનેક ભક્તકવિઓએ આપ્યાં છે.

સામાન્ય રીતે હીંડોળાનો ઉત્સવ શ્રાવણ માસમાં થતો હોય છે. કવિએ ઊલટભેર 'આવ્યો શ્રાવણ માસ અનૂપ' એમ શ્રાવણની આગમનની વધાઈ ગાઈ છે. શ્રાવણ માસ અનૂપ–અનુપમ એટલા માટે કે આ માસમાં ભગવાનને હીંચવા માટે હીંડોળા બંધાય છે. ભગવાનને હીંડોળે હીંચતા જોઈને નટરાજ શંકર પણ એટલા બધા પ્રસન્ન થઈ જાય છે કે

એ તાંડવ નૃત્ય કરે છે. શ્રાવણનાં સરવડાં વરસતાં હોય ત્યારે એવા વાતાવરણમાં શંકરનાં નૃત્યની કલ્પના બરોબર બંધ બેસે છે.

બીજી કડીમાં રળિયામણી શ્રાવણ 1તુનો ટૂંકમાં ચિતાર અપાયો છે. દાદુર દેડકાં ને મોર બોલતા હોય, વીજલડી ચમકારા કરતી હોય અને ગગનમાં વાદળો ઘેરાઈને ગર્જતાં હોય આ દશ્ય સામાન્ય છે. આપણાં બારમાસી કાવ્યોમાં શ્રાવણનું આવું વર્ણન સામાન્ય છે. કવિએ આ વર્ણન દ્વારા પ્રભુની આસપાસ પ્રકૃતિનો કેવો સરસ પરિવેશ છે તે બતાવ્યું છે. આ કડીમાંનો વર્ણવિન્યાસ પણ શ્રાવણના ચિત્ત નિર્માણમાં ઉપયોગી થાય છે વાણીના નાદસૌન્દર્યનો લાભ કવિ વિવેકપૂર્વક લે છે.

આ પછી ત્રીજી કડીમાં કૃષ્ણનું વર્ણન છે. માથે મોરમુકુટ, કેડે પીતાંબરનો કચ્છ, કાનમાં ગરમાળા અથવા કરણનાં ફૂલ, મુખ પર સ્મિત આવું રમણીયરૂપ જોતાં રતિપતિ કામદેવ પણ મોહ પામે એમાં નવાઈ શી ?

ચોથી કડીમાં રત્નજીડત હીંડોળાનું વર્ણન જણાય છે. સોનાના હીંડોળામાં હીરા, પરવાળાં, હાથીના કુંભસ્થળમાંથી મળતાં મોતી, પોખરાજ ને પન્ના આદિ લાલ, આસમાની વગેરે વિવિધ રંગના રત્નો જડેલાં છે. આવા હીંડોળા પર વિરાજી આનંદથી ઝૂલતાં ઘનશ્યામનું દર્શન કરતાં પ્રેમાનંદની સર્વે મનોકામનાઓ પૂરી થાય છે એ વાત પાંચમી કડીમાં રજૂ થાય છે.

આ પદમાં શ્રાવણ માસનું મેઘાચ્છાદિત વાતાવરણ અને એવા વાતાવરણમાં રત્નોથી ચમકતા હીંડોળા પર મેઘ જેવા જ શ્યામ શ્રીહરિનું પ્રસન્નતા પૂર્વક ઝૂલવું એ દશ્ય અત્યંત આહ્લાદક છે. અહીં હીંડોળે ઝૂલતા પ્રભુનું દર્શન કરતાં ભક્તહૃદય વિરાટના હીંડોળે ઝૂલતા પરમાત્મામાં લીનતા પામે એ સ્વાભાવિક છે. આ પદ સુગેય છે. પ્રેમાનંદની પ્રભુપ્રીતિ શ્રીજીનું અવનવી રીતે લીલાગાન કરવામાં ખીલે છે તે અહીં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

*(રાગ : ગરબી)*

*નહીં મેલું રે પ્રીતમજી પ્યારા,*

*હું તો દાસી તમારી, તમે સ્વામી મારા રે... ટેક*

*તમ કાજે રે થાશે જેથાતાં,*

*કુરબાન કર્યા છે મેં તો સો માથાં ... નહીં૦*

*નહીં લાજું રે લોક તણી લાજે,*

*કીધું તન–ધન તૃણ સમ તમ કાજે... નહીં૦*

*હું તો બેઠી રે ધણી તમને ધારી,*

*માથું કૂટીને રહેશે દુરિજન હારી ... નહીં૦*

*શું કરશે રે દુરિજીનયાં પાજી,*

*પ્રેમાનંદના સ્વામીને રાખીશ રાજી ... નહીં૦*

પ્રેમાનંદ સખીના પ્રભુ પ્રત્યેના ઉત્કટ પ્રીતિભાવને વ્યક્ત કરતું આ પદ છે. આ પદ ગોપીની ઉક્તિરૂપે રજૂ થયું છે. ગોપીને મન શ્રી કૃષ્ણથી વધીને કોઈ નથી. એ જ પ્રિયતમ સૌથી વધારે પ્રિય છે. ગોપીના માટે તો એ જ એક પોતાના સ્વામી થવાને યોગ્ય છે. પોતે તો એમની માત્ર દાસી સેવિકા છે. શ્રી કૃષ્ણને રાજી રાખવાં એ જ ગોપી માટે જીવનનું પરમ લક્ષ્ય છે. ભગવાન પ્રસન્ન રહે તો પછી દુનિયાદારીની શી ફિકર ? કેમ કે ભગવાન જ કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સમર્થ છે, બીજાઓનું ગજું નથી. એવા ભગવાનનો જ આશ્રય હોય, એમની પ્રીતિ ને પ્રસન્નતા હોય તો બીજી બધી બાબતોની શા માટે પરવા કરવી ? ધનદોલત, દેહ એ બધુંય ક્ષણભંગુર ને તુચ્છ છે. ભગવાનની પ્રીતિ જ સૌથીવધુ મૂલ્યવાન છે. એ માટે થઈને જે કંઈ કુરબાની આપવી પડે તે આપવાની, સમર્પણ કરવું પડે તે કરવાની ગોપીની તૈયારી છે. જે લોકો હલકા–દુષ્ટ હોય છે તેઓ શ્રીકૃષ્ણની પ્રીતિનો મહિમા સમજતા નથી. એ લોકો કૃષ્ણની પ્રીતિ વિશે ગમે તેમ બોલે – વર્તે તેથી શું ? એમની શકિત નથી કે ભગવાનની ઈચ્છા વિરુદ્ધ કશુંય કરી શકે ! ભગવાનની ઈચ્છા વિરુદ્ધ દુર્જનોની તો અહિત કરવાનીયે તાકાત હોતી નથી. દુર્જનો તો હારીને જ રહેવાના. ગોપી આ સમજે છે ને તેથી જ સંસારી ગણતરીમાં પડયા વિના, શ્રીકૃષ્ણના ચરણમાં

જીવન સમર્પણ કરી સર્વ–સમર્પણ કરીને તે આનંદ માણે છે. એ તો દઢ સંકલ્પપૂર્વક કહે છે, ગમે તેવી વિપરીત પરિસ્થિતિ પેદા થાય પણ એક વાર મેં તમારા ચરણમાં સર્વસ્વ સમર્પ્યું છે પછી તમને છોડીશ નહીં. હા, તમે પ્રસન્ન થાઓ એવું જે કંઈ કરવા જેવું હશે તે ગમે તેટલા અવરોધ આવે તોય કરતી રહીશ. આ પદમાં ગોપીના કુસુમ જેવા સુકુમાર હૃદયના વજ્ર જેવા કઠોર ને તેથી ઓજસ્વી ને આકર્ષક સ્નેહસંકલ્પનું આહ્‌લાદક દર્શન થાય છે.

પદ પ્રાસાદિક અને સુગેય છે અને ગોપીના મર્મભાવને સુરેખ રીતે રજૂ કરે છે. કૃષ્ણ પ્રત્યેનાં પ્રેમાનંદ કવિના પ્રીતિકોમળ અને શ્રદ્ધાદઢ ભક્તહૃદયનો અહીં સુંદર સંકેત મળે છે.

* * * * *

*નહિ દિયું જાવા રે, નહિ દિયું જાવા રે,*
*નાથ તમને આંખડલીથી રે, નહિ દિયું .. ટેક*
*જીવની પેઠે હું તો જાળવીને રાખીશ,*
*હાં રે એક લગારે ન દઉં દુખાવા રે ...* ૧
*મનગમતાં રે ભોજન જમાડું,*
*હાં રે લાવું સાકર નાખી દૂધ પાવા રે ...૨*
*શ્વેત અંબર અતિ જીણાં રે લાવું,*
*હાં રે મારા પ્રાણ તમને પહેરાવા રે ...* ૩
*જાવાનું તમે નામ લિયો તો,*
*હાંરે પ્રેમાનંદના સમ છે માવા રે...* ૪

આ પદમાં સ્વામી પ્રેમાનંદ સખીની સ્વામી કૃષ્ણરૂપી સહજાનંદ પ્રત્યેની પોતાની પ્રગાઢ પ્રીતિ સુંદર રીતે વ્યક્ત થઈ છે. જીણાં શ્વેત વસ્ત્રોનો સંદર્ભ સ્પષ્ટતયા સ્વામી સહજાનંદને અનુલક્ષીને છે. પ્રેમાનંદ તો શ્રી સહજાનંદને જરાય પોતાની નજરની બહાર જવા દેવા તૈયાર નથી. શ્રી સહજાનંદ રાતદિવસ પોતાની પાસે જ રહે એવું તેઓ તો વાંછે છે. એટલે તેઓ જે કંઈ સહજાનંદ ભગવાનને ગમતું હોય તે બધું જ કરવાની તૈયારી

બતાવે છે. સહજાનંદને તો સાત્ત્વિક આહાર સાકર–દૂધ આરોગવાં ગમતાં હશે. તેથી તેઓ તેમને મનગમતાં સાકરદૂધનાં ભોજન પીરસવાનું જણાવે છે. વળી ભગવાન સહજાનંદને તો ડાઘડૂઘ વિનાનાં સ્વચ્છ સુંદર ઝીણાં વસ્ત્રો જ પહેરવા માટે અર્પણ થાય ને ! પ્રેમાનંદ એની પણ વાત કરે છે. એ કહે છે કે 'તમને સુંદર લાગે એવાં અત્યંત ઝીણાં ને સફેદ વસ્ત્રો લાવીશ'. વળી છેવટે તો સ્વામી સહજાનંદને પોતાના સોગન ખાઈને બાંધે છે. કહે છે : 'તમને મારા સોગન છે, અહીંથી જવાનું નામ પણ લીધું તો' પ્રેમાનંદ કોઈ રીતે માવાનોઃ કૃષ્ણરૂપ શ્રી સહજાનંદનો વિયોગ સહન કરી શકે એમ નથી. એમનું ચિત્ત તો સદાયે એમના સાંનિધ્યના રસે જ પ્રફુલ્લિત રહે છે. તેઓ તો શ્રી સહજાનંદ 'જાઉ' એવો શબ્દ બોલે તો તેય સાંભળવા તૈયાર નથી, ત્યાં ખરેખર જવાની તો વાત જ શી? વળી પ્રેમાનંદને સ્વામી સહજાનંદમાં પારાવાર શ્રદ્ધાય છે. એ ન હોય તો પોતાના સોગન દે ? શ્રીજી પોતાનાં ભક્ત શિષ્યના સોગંદ નહિ જ ઉથાપે એની એમને ખાતરી હશે જ, માટે તો આમ પોતાના સોગંદ આપ્યા. જો પ્રેમાનંદ પ્રતિજ્ઞાપૂર્વક પોતાના ગુરુ શ્રી સહજાનંદને દુઃખ થાય એવું કશુંયે કરવા તૈયાર નથી તો ગુરુ પણ પોતાના શિષ્યને કશુંયે દુઃખ થાય એવું કદીયે કરે ખરા ? ગુરુનેય પોતાના સાચા શિષ્યને વશ થઈને વર્તવામાંયે આનંદ આવતો હોય છે. અહીં પ્રેમાનંદ સ્વામીએ ગુરુ–શિષ્યના સંબંધને પ્રેમલક્ષણા ભક્તિની પરિભાષામાં સચોટ રીતે રજૂ કર્યો છે તે જોઈ શકાય છે. સહજાનંદ પોતાના પ્રિયતમ સ્વામી હોય એ રીતે એમનું અહીં નિરૂપણ થયું છે.

આ કાવ્યમાં આરંભે જ 'નહિ દિયું જાવા રે' એ ઉક્તિનું પુનરાવર્તન પ્રેમાનંદના ગુરુભક્તિજનિત શિવસંકલ્પને દર્શાવે છે. આ રચનામાં ભાષા સરળ છે, ને પ્રાસરચના સાહજિક છે. પ્રેમાનંદના સરળ શિષ્યહૃદયને અનુરૂપ પદની બાની છે તે જોઈ શકાય છે. પદ સુગેય છે.

### *ભક્તહૃદયનો રાગસભર ઉન્મેષ*
### *પ્રેમાનંદ સ્વામીની એક બારમાસી*

પ્રેમાનંદ સ્વામીનાં પદો વિપુલ માત્રામાં છે. તેમાં વિરહવિલાસનાં પદો ભક્તહૃદયની વ્યાકુળતાની ચરમ પરમ અભિવ્યક્તિ રૂપ છે. વિવિધ રાગોમાં અને

કાવ્યરૂપોમાં કવિનો શ્રીહરિ પ્રત્યેનો રૂપરાગ પ્રકટ થયો છે. આ વિભાગમાં અનેક બારમાસીઓ છે. પ્રકૃતિમાં આવતાં પરિવર્તનો સાથે મનુષ્યની ચેતના પણ, જયારે તે એક ખાસ મનઃસ્થિતિમાં હોય ત્યારે જુદી જુદી રીતે પ્રતિક્રિયાન્વિત થાય છે, કવિઓએ તેમાંથી 'બારમાસી' જેવાં કાવ્ય રૂપો આવિષ્કૃત કર્યા છે. સમગ્ર ભારતીય સાહિત્યમાં 'બારમાસી' પ્રકારનાં કાવ્યો વિપુલ માત્રામાં મળે છે.

આ કાવ્ય કવચિત્ ઐહિક ભાવોનું એટલે કે શુદ્ધ માનવીય વિરહનું વ્યથાગાન હોય છે, કવચિત્ માનવીય વિરહની પરિભાષામાં પારલૌકિક ભાવોનું એટલે કે પ્રભુવિરહનું વ્યથાગાન હોય છે.

પ્રેમાનંદ સ્વામીની આ બારમાસી બીજી શ્રેણીમાં આવતી એક હૃદયસ્પર્શી રચના છે. એક વિરહિણી નાયિકાની ઉક્તિ રૂપે આ ભગવદ્ભાવ પ્રકટ થયો છે બારમાસીનું આ પદ જેઠ માસથી શરૂ થાય છે :

*સખી જેઠ માસે પરદેશ, પધારયા શ્રી નાથજી,*
*સખી સુંદર વર્ણિવેષ, નથી કોઈ સાથજી.*

આરંભમાં પરદેશ પધારતા શ્રીનાથજીની ક્ષેમકુશળતાની ચિંતા પ્રકટ થઈ છે. શ્રી નાથજીના જતાં પોતાની કેવી દશા થશે એ વાત મનમાં પ્રથમ આવવાને બદલે પરદેશમાં શ્રી નાથજીને અપાર દુઃખ પડશે એ વાત પ્રથમ આવે છે. અહીં બાલકૃષ્ણના મથુરા જવાનો સંકેત પણ જોઈ શકાય છે. હજી તો હમણાં નાથનું ગમન થયું છે અને નાયિકા વિચારે છે 'કયારે નિરખીશું હવે કરી પ્રીત?'

અષાઢમાસ એટલે તો વિરહી જનોની વ્યાકુળ ઘન વ્યથાનો માસ

*સખી આવ્યો માસ આષાડ, લાગ્યો ઘન ગરજવા,*
*સખી હૈડું ન પકડે ગાઢ, પ્રાણ લાગ્યો ગરજવા.*
*સખી કડકે ન ફડકે પ્રાણ, દમકે દામિની,*
*સખી સાંભરે શ્યામ સુજાણ, નિંદ નહીં જામિની.*

આવી આ 1તુમાં 'ધર્મકિશોર' વિના હૃદય ધીરજ કેવી રીતે ધારણ કરી શકે ? અને એટલામાં તો આવ્યો માસ શ્રાવણ :

*સખી શ્રાવણ માસે મેહ, કે વરસે સરવડે,*

*સખી થરથર કંપે દેહ, પિંડ કયારે પડે.*

વિરહિણી નારી ચકોરની જેમ એક વહાલાના જ મુખને જોવાની ટેક રાખીને બેઠી બેઠી ક્ષીણતનુ થતી જાય છે. પ્રિય વિના પોતાના શ્વાસ એને 'પાપી' લાગે છે. પછી તો ભાદરવો આવે છે :

*સખી ભાદરવે ભરપૂર, જાયે નીર ખલકયાં*

*સખી ના આવ્યા નાથ જરૂર, કોણ જાણે કયાં ટકયા.*

જે નાયિકા પ્રિયની કુશળતા માટે ચિંતિત હતી, તે હવે પોતાની કુશળતા માટે ચિંતિત છે. કેમ જિવાશે જીવન વિના ? સુકુમાર એ પ્રિય હવે 'નિષ્ઠુર' બની ગયો છે. નાયિકાને તો હવે આંસુ જ વહાવવાનાં છે કેમ કે પ્રિય તો જઈને વેગળો છે, પછી 'આવ્યો આસો માસ, કંથ વિના કામની ઉદાસ' છે.

અર્થાત્ યામિની રાત્રિ પિયુજી પાસે ન હોવાને લીધે ખાવા ધાય છે. એવું લાગે છે કે જાણે કોઈ અંતરને વીંધી રહ્યું છે કે કાળજાને કોરી રહ્યું છે.

નાયિકાને હતું કે નાથ પોતે તો ભલે ના આવ્યા, પણ તેમનો સંદેશો તો આવશે. વિરહના દિવસોમાં કાલિદાસે કહ્યું છે તેમ પ્રિયનો સંદેશો પ્રિયના સંયોગથી જરીક જ ઓછો છે, પણ :

*સખી આવ્યો કાર્તિક માસ, સંદેશો ન કહાવિયો,*

*સખી નેણતણો નિવાસ, કેણે ભરમાવિયો.*

પ્રેમની સાથે ઈર્ષ્યા જોડાયેલી છે પ્રિય હજુ ના આવ્યો. સંદેશો પણ ન કહાવ્યો, તો ચોકકસ કોઈએ તેને ભરમાવ્યો લાગે છે. વિરહની વ્યથા સાથે ઈર્ષ્યાની જવાળા ભળતાં નાયિકાનો વલોપાત દ્વિગુણિત બને છે અને એને થાય છે :

*સખી સાથે ન ગયા પ્રાણ, રહ્યા સુખ માણવા,*

*સખી હવે દુઃખનાં વહાણ, ભરી ઘેર આણવા.*

પછી તો માગસર માસ આવ્યો. નાયિકાને થાય છે કે નાથ વિના હજી તો પોતે જીવે છે. પ્રિયની સાથે જીવ ન ગયો, ભલે, તો પછી હવે તે જતો કેમ નથી ? ધરતી માર્ગ કેમ

નથી આપતી ? આકાશ કેમ ફાટતું નથી ? કંઈ નહીં તો છેવટે કાળો નાગ આવીને મને કેમ ડસી જતો નથી ? પોષ આવ્યો.

નાયિકાને થાય છે હવે તો લાગે છે કે ચોકકમસ ત્રિકમજીએ 'તંત' લીધો છે, તેણેય હઠ લીધી છે એટલે તો હવે મારો જીવ નિશ્ચય જશે. નાયિકા અનુભવે છે કે પ્રિયએ સુખ તો એક બિંદુ માત્ર આપ્યું હતું અને દુઃખો તો સોગણાં આપી રહ્યો છે.

માઘ માસ આવે એટલે તો વસંતના આગમનનાં ચિહ્નો પ્રકટ થાય. મોહનજી વિના આ દિવસોમાં કામદેવ પોતાના શસ્ત્રો લઈને આવે છે :

*સખી કરશર સુમન મનોજ આવ્યો વિરહિણી ભણી.*

અને ત્યાં તો ફાગણ આવતાં વસંત પૂરેપૂરો પ્રકટ થઈ રહ્યો :

*સખી આવ્યો ફાગણમાસ, વસંત 1તુ વિલસી,*
*સખી નાથ વિનાની નિરાશ, જાણું કાળે ડસી*
*સખી નરનારી રંગ ધોળી, રમે ભરી બાથજી,*
*સખી બાળી અંતર મારે હોળી, પ્રેમાનંદને નાથજી.*

પ્રિયજન જ પ્રિયજનને કષ્ટ આપે છે. શ્રી નાથે જ હૃદયમાં હોળી પ્રકટાવી. આમ જોઈએ તો હોળી એટલે વસંતનો હુલાસ, પણ હોળી એટલે 'હોળી' પણ પ્રકૃત ગુજરાતી અર્થમાં માત્ર જવાળા. જગત આખું જયારે આનંદમાં છે ત્યારે વિરહિણી અંતરમાં જવાળા છે.

ચૈત્ર માસ આવે છે. વિરહિણીને એકલી જાણીને મદન બાણ મારે છે. સ્વજન વિના સદન સ્મશાન જેવું ભાસે છે. શૈય્યા શૂળી જેવી લાગે છે. એક ઘડી યુગ જેવડી જાય છે અને વૈશાખ આવી ગયો :

*સખી વૈશાખે વરસે લુક, વાવલીયા વાવે ઘણા,*
*સખી હૈડે ઊઠે દુઃખ, ડુંગર સળગ્યા દુઃખ તણા.*

* * * * *

*સખી જોઈ જોઈ વાહાલાની વાટ, આંખડીયું ઝાંખી થઈ,*
*સખી નાથજી ના આવ્યા શા માટે અવધિ વીતી ગઈ.*

બારમાસ તો પૂરા થઈ ગયા, છતાં 'ધર્મસુત' તો ના આવ્યા. હરિ સાચે જ હઠીલા થયાં, તો શું હવે હરિ નહીંજ આવે ? જેઠ માસે નાથ ગયા હતા, આખું બાર મહિનાનું ચક્ર ફરી ગયું. વૈશાખ પણ તો વીતી ગયો ! તો ?

કવિએ સુંદર પ્રયુક્તિ રચી છે. અહીં અધિક માસ છે, આમ તો 'દુઃખમાં અધિક માસ' એમ કહીએ છીએ. કદાચ અહીં પણ એવું થાત પણ એટલામાં તો, જાણે કે વિરહિણીના અંતરની આરજૂ સંભળાઈ અને :

*સખી અધિક માસે અલબેલ, આવ્યા ચઢી માણકી,*

નાથ, માણકી ઘોડી પર સવાર થઈને આવ્યા અને :

*સખી અમૃતવુઠયા મેહ સોના સૂરજ ઊગિયા;*
*સખી નિરખ્યા નવલે નેહ, નેણાં શીતળ થીયાં,*

* * *

*સખી ભેટયા ભૂધર ભરી બાથ, કાજ સરવે સર્યાં,*
*સખી પ્રેમાનંદને નાથ, દુઃખ સરવે હર્યાં.*

સમગ્ર રચનામાં પ્રેમાનંદ સ્વામી, સાચે જ, પ્રેમસખી નામને સાર્થક કરે છે. પરંતુ શું એટલું જ છે ? અહીં એક નારીહૃદયની વાણી ભક્તહૃદયની વાણી બની આવે છે. રવીન્દ્રનાથે પોતાની એક રચના 'વૈષ્ણવકવિતા' માં યોગ્ય રીતે જ કહ્યું છે કે આપણે પ્રિયને આરાધ્ય બનાવીએ છીએ અને આરાધ્યને પ્રિય. આ બારમાસીમાં જે આરાધ્ય દેવતા છે તે 'પ્રિય' બનીને આવ્યા છે.[૨૯] ભક્તકવિએ એટલે સાદ્યંત બારમાસી કાવ્યરૂપનો નિર્વાહ કર્યો છે. અલબત, કવિની વિરહ વર્ણનની રીતિ અને ઉપમાસૃષ્ટિ આદિ પરંપરિત છે, તેમ છતાં તેમાં કવિનો સ્વકીય આવેગ સ્પંદિત થતો અનુભવાય છે. 'સજની શ્રીજી મુજને સાંભરિયા રે' ગાનાર કવિ પ્રેમાનંદ સ્વામીની ઉત્કટ આરજૂ, ભક્તહૃદયનો રાગસભર ઉન્મેષ આ બારમાસીનાં પદોમાં જોઈ શકાય છે. પ્રેમાનંદની પદકસ્વિતામાં કૃષ્ણનું નિરૂપણ કરતાં કેટલાંક વધુ પદો ભણી પ્રેમપ્રયાણ કરીએ.

અલબેલા આતમરામ કે પ્રીતમ પાતળિયા,
તમે છો મારા જીવનપ્રાણ સુંદરવર શામળિયા. ૧
મુને લાગ્યો તારો નેહ કે નટવર નાનડિયા,
મારા જનમ–સંગાથી નાથ, જીવડલા સાથે જડિયા. ૨
કરી રાખું હૈડાના હાર, હરિ હવે નહીં મેલું,
મેં તો તમ સંગ પ્રીતમ પ્રાણ જાણીને બાંધ્યું બેલું. ૩
તમ વિના સ્નેહ શ્યામ વહાલું બીજું નહીં રાખું,
તમ ઉપર સુંદર નેણ પ્રાણ વારી નાખું. ૪
તમે રહો મારે મંદિર માવ, કરો રૂડી વાતલડી,
વહાલા પ્રેમસખીના નાવ, ઠારો મારી છાતલડી. ૫

મુને વહાલા છો પ્રાણથી નાથ રે, સુંદર શામળિયા,
મારો જીવડો ફરે છે તમ સાથ રે, સુંદર શામળિયા.
મારાં નેણાં ચકોર, તમે ચંદ રે, સુંદર શામળિયા,
તમને જોઉં ત્યારે આનંદ રે, સુંદર શામળિયા.
પ્રીત કોયલ, તમે 1તુરાજ રે, સુંદર શામળિયા,
તમ વિના થાયે છે ઘણી દાઝ રે, સુંદર શામળિયા.
મારું ચિત્ત ચાતક, સ્વાત શ્યામ રે, સુંદર શામળિયા,
તમ વિના બીજું હરામ રે, સુંદર શામળિયા.
મન મીન, તમે સાગર પીવ રે, સુંદર શામળિયા,
તમ વિના તલપી જાયે જીવ રે, સુંદર શામળિયા.
ઘનશ્યામ તમે, હું છું મોર રે, સુંદર શામળિયા,
તમ વિના મરું છું કરી શોર રે, સુંદર શામળિયા.
હું તો ભ્રમર, કમળ તમે માવ રે, સુંદર શામળિયા,
આજ આવ્યો છે મારો દાવ રે, સુંદર શામળિયા.

તારા મુખડા જોયાની તાણ રે, સુંદર શામળિયા,
આવો પ્રેમસખીના પ્રાણ રે, સુંદર શામળિયા.

આવા ને આવા રે આવા ને આવા રે,
        રહેજો મારી આંખલડીમાં રે. આવાને આવા ... ટેક
અવા ને આવા મારા નાથ બિરાજો,
        હાં રે મારા તનના તાપ બુઝાવા રે.        રે જો૦ ૧
ડોલરિયાના નિત્ય હાર પેરાવું,
        હાં રે રૂડા તોરા લાવું લટકાવા. રે.        રે જો૦ ૨
અમ્રતવેણે સુકોમલ નેણે,
        હાં રે અતિ અમૃતઝડી વરસાવા રે.        રે જો૦ ૩
પ્રેમાનંદ કહે નાથજી આગે,
        હાં રે રહું હાજર નિશદિન ગાવા રે.        રે જો૦ ૪

નહીં મેલું રે સુંદર શ્યામ, કુંજીવહારી રે;
હું તો દામ વિનાની નાથ, દાસી તમારી રે.
તમે ગુણવંત સુખના ધામ, સારંગપાણિ રે;
હું તો હાથે તમારે નાથજી વેચાણી રે.
જેમ રાખો તેમ રહું નાથ, એક પગે ઊભી રે;
નહીં વરતું કોઈ દ્યિન નાથ, તમને દૂભી રે.
તારાંચરણ તણી રજ શ્યામ, થઈને ચાલું રે;
કહો તો વ્રત રાખું વ્રજરાજ, તમને વ્હાલું રે.
જે કહેવું ઘટે તે કહાન, મુજને કહેજો રે;
વ્હાલા પ્રેમાનંદ પર નાથ, રાજી રહેજો રે.

## પ્રકરણ – ૬

## પ્રેમાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ :*

૧. સંત સુમન સ્રજ, ચયન – પ્રભુશાસ્ત્રી, પ્રકાશક – શાસ્ત્રી પુરુષોત્તમ વલ્લભદાસજી, જૂનાગઢ, ગૂંથન – ખુશાલ પાટડિયા પૃ. ૧૯૪

૨. સ. ગુ. નિર્ગુણદાસ સ્વામીના વાર્તાગ્રંથના આધારે તથા સ્વામિનારાયણ પ્રકાશ એપ્રિલ ૨૦૦૩નાં અંકના આધારે

૩. શ્રી હરિચરિત્રામૃત પુર – ૧૫ ત. ૩૬

૪. શ્રી હ. ચ. સા. આધારાનંદ સ્વામીકૃત

૫. શ્રી હ. ચ. સા. પુ. ૧૫ ત. ૬૪

૬. લક્ષ્મીરામ કૃત લીલા ચિંતામણિ

૭. ગુણાતીતાનંદ સ્વામી અને નિર્ગુણદાસ સ્વામીની વાતોને આધારે 'પ્રેમ પદાવલિ'માંથી પૂ. પ્રભુશાસ્ત્રી સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ પૃ. ૪૨

૮. સ્વામિનારાયણ પ્રકાશ – એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૧૨

૯. પ્રાસાદાનંદ સ્વામીની વાતોને આધારે 'પ્રેમ પદાવલિ'માંથી – પૂ. પ્રભુશાસ્ત્રી પૃ.૪૪

૧૦. ભૂમાનંદ સ્વામીની વાતોને આધારે 'પ્રેમ પદાવલિ', પૂ. પ્રભુશાસ્ત્રી પૃ. ૪૪

૧૧. 'પ્રેમ પદાવલિ', પૂ. પ્રભુશાસ્ત્રી (શ્રીહરિ ચરિત્ર પૂર્વાર્ધ પરિસર–૨) પૃ. ૪૫

૧૨. શ્રીહરિ ચરિત્ર પૂર્વાર્ધ પરિસર–૨, અં. ૨૭

૧૩. શ્રીહરિ ચરિત્ર ઉત્તરાર્ધ પરિચ્છેદ–૪, અં. ૧૬

૧૪. લક્ષ્મીરામ કૃત લીલા ચિંતામણિ, 'પ્રેમ પદાવલિ', પૂ. પ્રભુશાસ્ત્રી પૃ. ૪૭

૧૫. ગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશ પુસ્તકના આધારે 'પ્રેમ પદાવલિ'માંથી, પૂ. પ્રભુશાસ્ત્રી પૃ. ૪૭

૧૬. શ્રી હરિલીલામૃત 'પ્રેમ પદાવલિ'માંથી – પૂ. પ્રભુશાસ્ત્રી પૃ. ૪૮

૧૭. હ. ચ. સા. પુ. ૨, ૧૫, ત. ૩૬

૧૮. વ. ગ. મ. પ્ર. ૪૮

૧૯. સ. જી. તૃ. પ્ર. અ. ૨

૨૦. અખંડાનંદ વાણી વિરચિત શ્રી હરિચરિત્ર પૂર્વાર્ધ પરિસર–૨, પૂવાર્ધ, અ. ૨૬

૨૧. એજન

૨૨. વ. ગ. મ. પ્ર. ૪૮

૨૩. 'પ્રેમ પદાવલિ', 'પ્રેમ સ્વામી પ્રશસ્તિ', પૂ. પ્રભુશાસ્ત્રી પૃ. ૪

૨૪. 'પ્રેમ પદાવલિ', 'નવરસના ગાયક પ્રેમસખી', ડૉ. ચંદુભાઈ રાઠોડનો લેખ પૃ.૨૧.

૨૫. 'પ્રેમ સખીનું કવન' – ભાવના પી. વશી, 'સ્વામિનારાયણ સંત સાહિત્ય', સં. રઘુવીર ચૌધરી પૃ. ૨૦૪

૨૬. એજન, પૃ. ૨૦૫

૨૭. 'પ્રેમસખીનું વિરહગાન' – કુમારપાળ દેસાઈ, સ્વામિનારાયણ સંત સાહિત્ય, સંપા. રઘુવીર ચૌધરી પૃ. ૨૩૪

૨૮. 'સ્વામિનારાયણ સંતપરંપરાની કૃષ્ણ ભક્તિ કવિતા', સંપા. દર્શના ઓઝા પૃ. ૨૬

૨૯. 'ભક્ત હૃદયનો રાગસભર ઉન્મેશ', પ્રેમાનંદ સ્વામીની એક બારમાસી – ભોળાભાઈ પટેલ, સ્વામિનારાયણ સંત સાહિત્ય, સંપા. રઘુવીર ચૌધરી

✩✩✩

# પ્રકરણ - ૭
# નિષ્કુળાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

જન્મ : ઈ.સ. ૧૭૬૬, સંવત ૧૮૨૨, મહાસુદ ૫

અવસાન : ઈ.સ. ૧૮૪૭ કે ૧૮૪૮, સંવત ૧૯૦૩ કે ૧૯૦૪, અષાઢ સુદ ૯

*'નિષ્કુળાનંદ મહાશૂરવીર, કવિને તપસ્વી ત્યાગી તપ ધીર'*

*(નંદમાળા – મંજુકેશાનંદજી)*

## વૈરાગ્યના તપે તપતા નિષ્કુળાનંદ સ્વામી

વૈરાગ્યના અગ્નિથી સદા તેજાયમાન અને છતાં ભક્તિના શીતળ સાગરમાં વિહાર કરતા નિષ્કુળાનંદ સ્વામી માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના નહીં, ગરવી ગુજરાતના એક પનોતા સંતકવિ હતા. ગુર્જરી ગામડાઓમાં હાથમાં એકતારો લઈને ભમતા અને સંસ્કૃતિનો શાશ્વત ઉપદેશ લલકારતા ભરથરીઓથી માંડીને ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સુધી સો કોઈને પોતાનાં ભક્તિપદોથી મોહિત કરનાર સંતકવિ નિષ્કુળાનંદ સ્વામી, ન કોઈ પિંગળશાસ્ત્ર ભણ્યા હતા કે સંસ્કૃત સાહિત્યમાં ન કોઈ ડગલું ભર્યા હતા, પરંતુ રોમેરોમમાં સ્ફુરી ઊઠેલા વૈરાગ્યના ભાવો અને હૈયેથી ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે પ્રગટી ઊઠેલો અનંત ભક્તિભાવ એમને મહાન સંતકવિની ઉત્તમ કક્ષામાં વિરાજિત કરી દે છે.[૧]

હાલાર પ્રદેશ એટલે કે હાલના જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના શેખપાટ ગામના વતની નિષ્કુળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ગુર્જર સુથાર જ્ઞાતિના એક સુખીસંપન્ન પ્રતિષ્ઠિત અગ્રણી હતાં. ગુરુ આત્માનંદ અને પછી તેમના શિષ્ય ગુરુ રામાનંદનાં શિષ્ય ગુરુભક્ત પિતાજી રામભાઈ પ્રથમ લતીપુર નામનાં ગામમાં રહેતાં હતાં, પરંતુ ત્યાં કેટલાંક અલ્પમતિજનો અકારણ ગુરુનિંદા કરતા અને દ્વેષ બુદ્ધિથી વર્તતાં, આથી તે સહન ન થવાથી શાસ્ત્રવચન મુજબ તે ગામ છોડી શેખપાટમાં આવી વસ્યાં તેમ માહિતી મળે

છે.[૨] વિક્રમ સંવત ૧૮૨૨માં તેમનો જન્મ, લાલજી તેમનું નામ. પિતા રામજીભાઈ અને માતા અમૃતબા આત્માનંદ સ્વામીના અનુયાયી. લાલજીભાઈને ઘેર સંવત ૧૮૫૬માં પહેલાં અને સંવત ૧૮૫૯માં બીજા પુત્રનું પારણું બંધાયું. તેમનાં નામ માધવજી અને કાનજી રાખ્યાં હતાં. આત્માનંદ સ્વામી પછી તેમની ધુરા સંભાળનાર રામાનંદ સ્વામીને લાલજીએ ગુરુ તરીકે સ્વીકારી લીધા. હૃદયમાં વૈરાગ્યનો અગ્નિ સહેજે પ્રજવલિત હતો જ એટલે લાલજીએ રામાનંદ સ્વામીને વિનંતી પણ કરી હતી કે "મને સાધુ બનાવો", પરંતુ "જરૂર પડયે બોલાવી લઈશું" કહીને રામાનંદ સ્વામીએ તેમને સંસારમાં જોડયા હતાં. છતાં સંસારી થયા પછી પણ લાલજીના વૈરાગ્યને સતત પોષણ મળતું રહ્યું, તેમના મિત્ર અને તેમનાથી ૧૯ વર્ષ નાના મૂળજી શર્માથી. (જેઓ પાછળથી ગુણાતીતાનંદ સ્વામી તરીકે ભગવાન સ્વામિનારાયણના અનુગામી બનેલા) ભાદરા ગામના વતની એ મૂળજી શર્મા સાથે લાલજી સુથારે રાતોની રાતો સત્સંગ કર્યો હતો.

વિક્રમ સંવત ૧૮૫૬માં રામાનંદ સ્વામીના આશ્રમમાં કિશોર વયના નીલકંઠ વર્ણી તરીકે ભગવાન સ્વામિનારાયણનો પ્રવેશ થયો ત્યારે ભુજથી રામાનંદ સ્વામીએ લાલજી સુથાર વગેરે સૌને ખેપિયો મોકલીને લોજ ગામે આવેલા નીલકંઠના દર્શન કરવાનો આદેશ કર્યો.[૩] લાલજીને એમાં શંકા થઈ. રામાનંદ સ્વામી સિવાય કોઈ હથેળીમાં બ્રહ્માંડ બતાવે તો ભગવાન ન માનવાની તેમની ટેક હતી. આથી નીલકંઠના દર્શન કરવાને બદલે તે રામાનંદ સ્વામી પાસે પહોંચ્યા. રામાનંદ સ્વામીએ તેમને ઠપકો આપ્યો કે 'નીલકંઠ વર્ણીના દર્શને કેમ ન ગયા ?' લાલજીએ પૂછયું કે, 'નીલકંઠ એવા મોટા છે કે તમારાં દર્શન મૂકીને એમનાં દર્શને જવું પડે !' પછી તો રામાનંદ સ્વામી સાથેનો તેમનો સંવાદ, તેમને રૂબરૂ મળેલા કવીશ્વર દલપતરામ હરિલીલામૃત ગ્રંથમાં આમ નોંધે છે :

*કહે લાલજી તે મોટા કેવા, દતાત્રેય કે 1ષભદેવ જેવા,*
*કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન,*
*જેમ કૃષ્ણ મોટા સર્વેથી, તેમ આ છે મોટાવળી એથી,*
*આ છે અવતારના અવતારી, ઘણું શું કહીએ વિસ્તારી.*

જે શ્રીકૃષ્ણનું રામાનંદ સ્વામી અહોરાત્ર ભજન કરતા હતાં, એકનિષ્ઠાથી તેમની ઉપાસના કરતા હતા, આત્મનિવેદી ભક્તિથી તેમના નામથી માળા જપતા હતા, એ જ પોતાના ઈષ્ટદેવ કરતાં રામાનંદ સ્વામી આજે કિશોર વયના નીલકંઠ એટલે કે ભગવાન સ્વામિનારાયણનો અદકો મહિમા ગાઈ રહ્યા હતા ! આ કાળજું તૂટયા જેવી કઠણ વાત હતી. આથી લાલજી સુથારનું મન કંઈ કેટલાંય મંથનની સરાણે ચઢી ગયું. હવે વધુ કંઈ કહેવાની જરૂર નહોતી. તેઓ નીલકંઠનાં દર્શને લોજ દોડી ગયા. એ ક્ષણ લાલજી સુથારના જીવનનો મહત્ત્વનો વળાંક લાવનારી બની રહી. આ જ ભગવાન, પરબ્રહ્મ, પરમાત્મા અને સર્વોપરી અવતારી. લાલજી સુથાર એમના દીવાના બની ગયાં.[૪]

થોડા સમય પછી રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપીને 'સહજાનંદ સ્વામી' નામ પાડયું. પોતાની ધર્મધુરા તેમને સોંપી દીધી. આ બધા પ્રસંગોમાં તો લાલજી સુથાર માટે આ બધી ઘટનાઓ સ્વાભાવિક ઉત્ક્રાંતિ સમી બની રહી. રામાનંદ સ્વામીએ દેહ છોડી દીધો.[૫]

ત્યાર પછી બે વર્ષે એટલે કે વિક્રમ સંવત ૧૮૬૦માં એક મહત્ત્વપૂર્ણ ઘટના ઘટી. શેખપાટ ગામે વસંત પંચમીનો ઉત્સવ કરીને કચ્છ તરફ એકાકી જતા ભગવાન સ્વામિનારાયણે લાલજી સુથારને ભોમિયા તરીકે સાથે લીધા. ફરતાં ફરતાં આધોઈ ગામે પહોંચ્યા. અહીં બનેલો ઘટનાક્રમ 'નિષ્કુળાનંદ કાવ્યમ્' ગ્રંથમાં ગ્રંથસંપાદક વર્ણવતાં લખે છે :

શ્રીહરિ જયારે આધોઈમાં આવ્યા ત્યારે લાલજીને કહ્યું કે ભૂખ બહુ લાગીછે માટે ખાવાનું લાવો. આ ગામમાં પદમશી નામનો લુવાણો રામાનંદ સ્વામીનો શિષ્ય છે તેની પાસેથી બાજરીનો રોટલો લઈ આવો, ત્યારે લાલજીએ કહ્યું કે આ ગામમાં મારા સસરા રહે છે. વળી ઘરનું માણસ બે દીકરા સાથે અહીં છે. તેથી ગામમાં માગવા જતાં શરમ આવે. શ્રીજીએ આશ્ચર્યથી કહ્યું કે 'શું કહો છો ?' એમ કહીને તેમનાં નામ ઠામ પૂછતાં લાલજીએ કહ્યું કે 'કરસનજી નામનાં સુતાર મારા સસરા છે અને કંકુ નામની સ્ત્રી છે અને માધવજી તથા કાનજી નામના બે નાના પુત્ર છે.

શ્રીજીએ કહ્યું કે આ તો બહુ સારી વાત થઈ. એમ કહીને તુરત જ લાલજીને મુંછો મૂંડાવી કૌપીન, અલફી અને ટોપી પહેરાવી દીક્ષા આપી 'નિષ્કુળાનંદ' નામ પાડયું. પછી શ્રીજીએ હાથમાં ઝોળી આપીને કહ્યું કે 'તમારા સસરાના જ ફળિયામાં જઈને તમારી સ્ત્રીના જ હાથનો બાજરીનો રોટલો લઈ આવો.' પછી પોતે આજ્ઞાંકિત મુનિ ફળિયામાં જઈ 'નારાયણ હરે' બોલી ભિક્ષા માગી. તે સમયે તેમની સ્ત્રીએ પતિને સાધુના વેશમાં જોઈ આશ્ચર્ય પામી સખેદ પોતાની માતાને જઈને કહ્યું કે તમારા જમાઈ જોવા હોય તો ફળિયામાં આવીને ભિક્ષા માગવા ઊભા છે.

ડોસી તો સાધુ દશા જોઈને તેમને મોહ પમાડવા દીકરીને કહેવા લાગી કે આ બંને છોકરાને તેડીને ઓસરીમાં જઈને સમીપમાં ઊભી રહે. પછી તેણે તે પ્રમાણે કર્યુ ત્યારે વિરકત મુનિએ નીચી દષ્ટિથી તેને કહ્યું કે હવે અગ્નિને ઉધેવ અડશે નહિ અને પાડા થકી લેશ પણ દૂધની પ્રાપ્તિ થશે નહિ અને તારા જ હાથનો રોટલો જમવાની શ્રીજીને ઈચ્છા છે, તે મને લેવા માટે મોકલ્યો છે. ત્યારે કલ્યાણનો ખપ હોય તો બીજી વાત પડતી મૂકી રોટલો કરી લાવી મારી ઝોળીમાં નાખ.

પછી તે મુમુક્ષુ બાઈએ પ્રેમથી મોટો સારો રોટલો કરી તેમાં પુષ્કળ ઘી ભરી અથાણાં સાથે લાવીને ઝોળીમાં નાખ્યો. એટલે મુનિ તુરત શ્રીજી પાસે આવ્યા અને રોટલો જમાડયો અને પછી પોતે પણ પ્રસાદી જમ્યાં.પછીથી શ્રીજીએ કહ્યું કે તમારા વૈરાગ્યને ધન્ય બલિહારી છે અને તમે મૂર્તિમાન વૈરાગ્ય છો.

ત્યાર પછી એ જ સમયે સ્વામીના સસરા તથા સાસુ રડતાં કળકળતાં ત્યાં આવીને વિનંતીથી શ્રીહરિને કહ્યું કે મહારાજ ! અમારા જમાઈને તમે સાધુ કર્યા તે ઠીક કર્યુ નહીં. ત્યારે કહ્યું કે અમારે તો ઘણાય સાધુ છે માટે અમારે તેમની ગરજ નથી. એમને સમજાવીને તમે લઈ જાઓ. આ પ્રમાણે વાત ચાલે છે એટલા સમયમાં સ્વામીએ કીર્તન રચીને તેમના સસરાના હાથમાં આપ્યું, પણ તેમની સાથે વાત કરી નહીં.

*મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ,*
*સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મિટ ગઈ સર્વે ઉપાધિ... ટેક*

*કહાં કષ્ટ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા,*
*જબતે મોયે સદ્ગુરુ મિલિયા, મિટ ગયા સર્વે ચારા...* મૈં ૧
*કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત,*
*કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત ...* મૈં ૨
*નહિ રહ્યા મૈં નહિ ગયા મૈં, નહિ સુધર્યા નહિ બીગડા,*
*હમે હમારા કુલ સંભાર્યા, મત કરનાર કોઉ ઝગડા ...* મૈં ૩
*પાનીમેં સે પુરુષ બનાયા, મળમૂત્ર કી કયારી,*
*મિલ્યા રામ ને સર્યા કામ, અબ ના રહી કોઉસેં યારી ...* મૈં ૪
*આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા,*
*તે કારણ આ નરતન ધરિયો, સો જાનત હૈ રામા ...* મૈં ૫
*જે કારન આ નરતન ધરિયો, તે સરિયું છે કામ,*
*નિષ્કુળાનંદ કહે પ્રગટ મળ્યા મોહે, ટળ્યું નામ ને ઠામ ...* મૈં ૬

થોડા સમય પછી સ્વામીના મોટા પુત્ર તથા તેમની પત્ની વગેરે સ્વામીને પોતાને ઘેર લઈ જવા માટે ગઢપુરમાં આવ્યાં ત્યારે સ્વામીએ મોટા પુત્રને કહ્યું કે, 'મને તો સ્વપનમાં પણ સંસાર ગમતો નથી. મને આ સંસાર ઊલટી જેવો લાગે છે. તેથી તારા હિતને માટે હું કહું છું કે, તું શા માટે સંસારરૂપી સમુદ્રમાં ગોથાં ખાય છે ? સ્વામીના મુખમાંથી પંક્તિઓ સરી પડી...

*મને સ્વપ્ને ન ગમે રે સંસાર, કો'ને કેમ કીજીયે,*
*વમન થયું મન ઊતર્યું, એવો જાણ્યો રે સંસાર...*
*સ્વારથે સહુ કોઈ મલી, વિધિ વિધ કરે વાત,*
*અંતરમાં કેમ ઊતરે, નજરે દીઠેલ વાત.*
*સમજી વિચારી જે કરો, તજો ખલકની આશ,*
*નિષ્કુળાનંદ નિશ્ચે કર્યુ, સુખ તો સદ્ગરુ પાસ.*

કુળ તજી 'નિષ્કુળ' થયેલાં નિષ્કુળાનંદ સ્વામીએ જે કંઈ વૈરાગ્યના પદો રચ્યાં છે, તે કેવળ પારકાં છોકરાને જતી કરવા માટે ન હતાં. તેનો પ્રયોગ પોતાની જાત પર પ્રથમ કરી, પછી જ બોધ દેવા માટે હતાં.

એમના પુત્ર માધવજી, સહજાનંદ સ્વામીના દર્શનાર્થે ગઢડા એક માસ સત્સંગ સેવી, ગોપાળાનંદ સ્વામીના દર્શને જઈ ગોપાળાનંદ સ્વામીના આદેશથી (તેમના પિતા) નિષ્કુળાનંદ સ્વામીના દર્શનાર્થે અને આશીર્વાદાર્થે, તેમની પાસે ગયાં હતાં. પ્રણામ કરી માધવજી, પોતાના પિતા નિષ્કુળાનંદ સમીપ બેઠા, ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ સંસારની અસારતાનો બોધ આપવો શરૂ કર્યો હતો.[૬]

આ સમયને ઝડપી લઈ, સ્વામી પુત્રને સાધુ કરવાની ઈચ્છાથી ઉપદેશની અમૃતવાણી વહાવે છે.

*માધવ ગઢડાનો તો તું મહેમાન,*
*રહી રહીને કેટલું રહી શકે ?*
*આજ કાલમાં જવું છે ઊઠી*
*ઈયાં રહ્યાની વાત છે જૂઠી,*
*એક જન્મે ને એક મરે છે,*
*એમ અહોનિશ કાળ કરે છે.*
*નથી રહેતું કોઈ નિરધાર, ચાલ્યો જાય છે સહુ સંસાર.*

સંસારની પ્રવૃત્તિઓ તો બહુ કરે છે, માધવ, પરંતુ હરિભક્તિ સિવાયની બધી જ પ્રવૃત્તિ એકડા વિનાના મીંડા જેવી છે.

*'તે એક ભૂંસાડીને એકડો કરે છે મીંડાં વીસ,*
*સરવાળો જયારે ના જડે, ત્યારે કરે છે રીસ,*

માધવ, મીંડાઓનો સરવાળો કર્યા કરવાનો શો અર્થ ? આખરે આ બધી પ્રવૃત્તિની ફલશ્રુતિ શું?

*ધન વિના કરે છે ઘાંખના રે,*
*તું પામીશ નહિ પડીકાં રાખનાં રે.*

તું રાખ પણ પામીશ નહિ. તો પછી આ દુર્લભ નરદેહને, પેલા મૂર્ખને મળેલા મણિની જેમ વેડી નાખવો છે ?

*એક મૂરખને હાથ મણિ રે જોઈ,*
*ચાખી, સૂંઘી ન લાગી ગળી રે.*
*હતો વેવલો ને કહેવાતો વિવેકી રે,*
*જોઈ, તોડી, ફોડી નાખી ફેંકી રે*
*માનવીનું મન તો પેલા મર્કટ જેવું છે ને !*
*મળી મર્કટને રાજ સાજ રિદ્ધિ રે,*
*દેખી ટોપરું ને તરત ઠેક દીધી રે.*

રાજ્ય સિંહાસને બેઠેલો મર્કટ ટોપરું દેખીને કૂદી પડે તેમ મનુષ્ય પણ તુચ્છ વિષયસુખમાં લલચાઈ જાય છે અને

*જેમ હડકાયું શ્વાન દિયે દોટું,*
*તેમ રઝળે કરવા કામ ખોટું,*
*આથડે ઓખરિયું ઢોર,*
*તેમ આથડે દેવનો ચોર.*

અર્થહીન પ્રવૃત્તિમાં શા માટે જીવન વેડફી રહ્યો છે, માધવ?

માધવ ઉપર સ્વામીના ઉપદેશની સચોટ અસર થઈ તેણે શેખપાટ જવાનું બંધ રાખ્યું.

નિષ્કુળાનંદ સ્વામીની વાતો એવી ચોટદાર હતી કે સ્વામીના વૈરાગ્યની ખુમારી તેમના પુત્રને પણ ચઢી ગઈ. એણે પણ સંસાર ત્યાગી દીધો.

સ્વામી નિષ્કુળાનંદના જીવનનો એ ધન્ય પ્રસંગ હતો.[૭] તેમના દિલમાં આનંદ ઊભરાવા લાગ્યો. મુખમાંથી રણકતા શબ્દો સરી પડયતા અને તેમાંથી પેલુ અમરપદ રચાઈ ગયું.

*જનની જીવો રે ગોપીચંદની*
*પુત્રને પ્રેર્યો રે વૈરાગ્ય જી.*

*ઉપદેશ આપ્યો રે એણી પેરે,*

*લાગ્યો સસારિડો આગ જી.*

કપિલવસ્તુના યુવરાજ સિદ્ધાર્થ સંન્યાસી થઈને ભગવાન બુદ્ધ બન્યા. રાજા ગોપીચંદને વિદાય આપતાં મેનાવતી માતાની આંખો ચૂઈ ઊઠી હતી. બુદ્ધ ભગવાન દીક્ષા પછી રાજમહેલમાં પધાર્યાં. ત્યારે બુદ્ધપત્ની યશોધરાએ પુત્ર રાહુલને પિતૃભાગ માગવા આજ્ઞા કરી. બુદ્ધે પોતાના હાથમાં રહેલું ભિક્ષાપાત્ર જ એને આપી દીધું.[૮]

નિષ્કુળાનંદજીના પત્ની કંકુબાઈનું પણ આવું જ થયું. પુત્રને સાથે લાવ્યા હતા, પતિને સંન્યાસમાંથી વાળી લેવા, પણ વિધિના લેખ કંઈક જુદા જ નિર્માણ પામ્યા હશે ! પતિની સાથે પુત્ર પણ સાધુમાર્ગે વળ્યો.

આ પદ તે સમયમાં ઘણી જ પ્રસિદ્ધિ પામ્યું હતું. આ પદના રચનારને મળવા તે સમયના અંગ્રેજ શાસનના ઉચ્ચકક્ષાના એક અમલદાર ઠેઠ ધોલેરા આવ્યા. ભોમિયાને લઈ મંદિરમાં ગયા ત્યારે સ્વામી મંદિરના બાંધકામ માટેનો પથ્થર ઘડી રહ્યા હતા. તેની રજ તેમના મોઢા પર અને શરીરે ઉડી હતી. ભોમિયાએ આંગળી ચીંધી પદના રચનારને બતાવ્યા ત્યારે તે અમલદાર દિગ્મૂઢ બની ગયા. તેમના જીવનમાં જ તેમનો ઉપદેશ મૂર્તિમંત થયેલો જોઈ અમલદાર નમી પડયા.[૯]

ગોપાળાનંદ સ્વામી સાથે નિષ્કુળાનંદ સ્વામીનાં પુત્ર મહારાજનાં દર્શને પધાર્યાં એટલે શ્રીજી મહારાજે પૂછયું કે, 'આ તપસ્વી કોણ છે?'

સ્વામી ગોપાળાનંદે જવાબ આપ્યો કે, 'આ તો નિષ્કુળાનંદ મુનિના સેવક છે.'

શ્રીજી મહારાજ હકીકત જાણીને પ્રસન્ન થયા, જણાવ્યું, 'સિંહના બાળ તો સિંહ જ હોય ને ?' અને આદેશ આપ્યો કે, 'આને નિષ્કુળાનંદ પાસે લઈ જજો અને બાપ–બેટા બાથમાં લઈને એકબીજાને ભેટી રહે ત્યાં સુધી તમે પ્રણામ કરતા રહેજો' આવા પ્રણામપાત્ર નિષ્કુળાનંદ સ્વામીના એક પુત્ર માધવજીએ સતર વર્ષની કાચી વયે સંસારનો તાંતણો તોડી નાખ્યો. 'જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી' ના કીર્તનની પંક્તિને તેમણે સાર્થક કરી બતાવી. મહાત્મા ગાંધીજીએ 'આશ્રમ ભજનાવલિ' માં આ પદનો સમાવેશ કર્યો છે.[૧૦]

આ ગોવિંદાનંદ સ્વામી (નિષ્કુળાનંદ સ્વામીનાં મોટા પુત્ર માધવજી) સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના મંડળના સભ્ય હતાં. તેથી જયારે ગોપાળાનંદ સ્વામીએ સાળંગપુરના કષ્ટભંજન હનુમાનજીની પ્રતિષ્ઠા કરી ત્યારે બ્રહ્મચારી હનુમાનજીની આ નૈષ્ઠિક બ્રહ્મચારીના હસ્તે આરતી ઊતરાવી બહુમાન કર્યુ હતું.[૧૧]

નિષ્કુળાનંદ સ્વામીના બીજા પુત્ર કાનજી પણ ભક્તરાજ હતા, તેમણે ગૃહસ્થી રહી, સત્સંગીઓમાં ભક્ત શિરોમણી તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

'ગોવિંદાનંદ સ્વામી' વાળા પ્રસંગે નિષ્કુળાનંદ સ્વામી કીર્તન બોલી રહ્યાં ત્યારે શ્રીહરિએ સ્વામીને કહ્યું કે, 'તમે વૃદ્ધાવસ્થાવાળા છો માટે આ ભગવાં વસ્ત્રો ઊતારીને સંસારમાં જશો તો સુખી થશો અને તમારા બદલે તારા પુત્ર ત્યાગી થયા છે, માટે તમે અમારી આજ્ઞાથી ઘેર જાઓ. તમે સંસારમાં નિર્લેપ રહેશો !'[૧૨]

ત્યારે સ્વામીએ કહ્યું કે 'હું મારા દેહને પોતાનો માનતો નથી તેમજ મારા દેહના સંબંધીઓને મારાં સંબંધી માનતો નથી. હું હવે સંસારમાં જઈ શકું તેમ નથી. કારણ કે, મને પુરુષોત્તમ મળ્યાં છે અને સદ્‌ગુરુના શબ્દની શારડી મારા જીવમાં ઉતરી ગઈ છે. મને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ છે, સુખનિધાન મને "સહજાનંદ સ્વામી મળ્યા છે" માટે હું હવે કોઈનો રોકયો નહીં રહું' અને ખુમારીપૂર્વક સ્વામીએ ભરી સભામાં કીર્તન લલકાર્યુ :

'મુને મળિયા પુરુષોત્તમરાય, રોકયો કેનો નહિ રહું...'

શ્રીહરિનાં દિવ્ય ચરિત્રો, અનંતને શ્રીહરિએ કરાવેલી સમાધિઓ, પોતાની મૂર્તિમાં ચોવીસ અવતાર લીન કરી પર્વતભાઈ આદિક ભક્તોને શ્રીહરિએ દેખાડયા વગેરે પ્રસંગોથી નિષ્કુળાનંદ સ્વામીનો નિષ્ઠાનો રંગ વધુ ને વધુ ઘાટો થતો રહ્યો. તેમનાં કીર્તનોમાં પણ એ રંગ વધુ ને વધુ ઘુંટાતો રહ્યો. "પુરુષોત્તમ પ્રકાશ" નામનો કાવ્યગ્રંથ એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમનું આ પદ જુઓઃ

*લેર્ય આવે છે આનંદની, પ્રગટ પરિબ્રહને પરસિ રે,*
*અગોચર તે ગોચર થયા, અમુરતિ મુરતિ દરસિ રે.*
*અનંત બ્રહ્માંડ એના રોમમાં, રહે છે અણુની રીત રે,*
*તે નરતન ધરી નાથજી, પ્રગટયા પુરણ પ્રીતે રે.*

*અખિલ બ્રહ્માંડના આતમા, વૈખરિ વાતમાં નાવે રે.*

*નિર્ગુણ તે સગુણ થયા, ભેટિયા ભુદર ભાવે રે.*

નિષ્કુળાનંદ સ્વામીને બ્રહ્મ–પરબ્રહ્મની એટલે કે અક્ષર અને પુરુષોત્તમની ઉપાસનાની શુદ્ધ સમજણ હતી. એમનાં પદોમાં પણ બ્રહ્મ એટલે કે અક્ષરના પડછંદા ગુંજે છે.

*હવે સુણો બ્રહ્મનિરૂપણ, સત્ય જ્ઞાન અનંત પૂરણ,*

*અખંડ ને અક્ષર એનું નામ, પુરુષોત્તમને રહેવાનું ધામ,*

*મૂર્તિમાન અમૃત કહેવાય, શુદ્ધ નિત્ય વિકાર વિનાય,*

*માયા, ઈશ્વર જીવ તત્ત્વ જેહ, તેનું પ્રકાશક જાણો તેહ.*

નિષ્કુળાનંદ સ્વામીના વૈરાગ્યવંત સ્વભાવ વિશે અનેક પરમહંસોએ પોતાની વાતોમાં ઉલ્લેખ કર્યો છે. નિષ્કુળાનંદ સ્વામી સાથે રૂબરૂ મુલાકાત લઈને તેમના જીવન વિશે તત્કાલીન પ્રસિદ્ધ મેગેઝિન 'બુદ્ધિપ્રકાશ' માં (સને ૧૮૬૨, નવેમ્બર) કવીશ્વર દલપતરામ લખે છે :

'એ કવિને ચોમાસામાં એવો નિયમ હંમેશાં હતો કે દરરોજ ચાર ગરબીઓ અથવા કોઈ રાગનાં ચાર પદ નવાં રચ્યા પછી અન્ન જમવું.'

એ કવિએ મને વાત કરી હતી કે 'મારા ગુરુ (ભગવાન સ્વામિનારાયણ) એ અમને સર્વ પરમહંસોને એવી આજ્ઞા કરી હતી કે તમારે વગડામાં જ રાત અને દહાડો રહેવું. ફકત ભિક્ષા માગવા ગામમાં જવું અને ભિક્ષામાં રાંધેલું કાચું અન્ન જે જે લોકો આપે તે બધું એકઠું કરી લેવું. પછી પાણીના ઘાટ ઉપર જઈને તેમાં પાણી છાંટીને તેના ગોળા વાળીને જમવા. પણ કોઈ એક ગૃહસ્થના ઘેર આવીને જમવં નહીં અને ઉઘાડા માથે ફકત નાનું પોતિયું પહેરવું.

વૈરાગીઓએ અમારામાંના કેટલાક પરમસંહોને મારી નાખ્યા હતા અને કેટલાકને અધમૂઆ કર્યા હતા. પછી ગુજરાતમાં જયારે અંગ્રેજ સરકારનું રાજય થયું ત્યારથી થોડે થોડે અમને સુખ થતું ગયું. પછી અમારા ગરુએ વસ્તીમાં રહેવાનું તથા રાંધેલું જમવાની અમને આજ્ઞા આપી'

નિષ્કુળાનંદના શાંત–સૌમ્ય સ્વભાવ અને તેમના વ્યક્તિત્વનો નિર્દેશ કરીને દલપતરામ લખે છે : "તેમનો સ્વભાવ શાંત હતો. તેમના મોઢાનું ભાષણ સાંભળીને લોકોના મનમાં ઘણી અસર થતી હતી. નિર્માની અને ગંભીર સ્વભાવ હતો"

## નિષ્કુળાનંદ સ્વામીની સમજણ :

ધોલેરા મંદિરમાં રહેતા તેઓ શિલ્પશાસ્ત્રમાં નિષ્ણાત હોવાથી મંદિરની કાષ્ઠકલા તેમજ પથ્થરનું નકશીકામ કર્યુ હતું. સ્વામી બહુધા બાજરાનો રોટલો અને છાશ જમતા. તેમને ધોલેરાનું પાણી લાગવાથી શરીરમાં ગરમી ફૂટી નીકળી હતી. તેથી સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો તથા ગામના સત્સંગીઓના અંતરમાં દુઃખ થતું હતું. એકવાર સૌએ ભેગા મળીને મદનમોહનજી મહારાજ પાસે પ્રાર્થના કરી કે, 'સ્વામીના શરીરે વ્યાધિ છે તે કૃપા કરીને દૂર કરો અથવા તો સ્વામીને અક્ષરધામમાં તેડી જાઓ' એમ કહી સૌ "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન કરવા લાગ્યા. નિષ્કુળાનંદ સ્વામીને જયારે આ વાતની ખબર પડી ત્યારે બોલ્યા કે 'મારા પ્રારબ્ધનું દુઃખ મારે ભોગવ્યા વિના છુટકો નથી. જો તમે બધા મહારાજને પ્રાર્થના કરીને અક્ષરધામમાં મને મોકલાવશો તો મારે બીજો જન્મ ધારણ કરવો પડશે'

એમ કહી સ્વામીએ આગળ થઈ ગયેલા મોટા મોટા અવતારો અને સંતોની વાતો કરીને કહ્યું કે 'સૌએ પ્રારબ્ધનું દુઃખ તો ભોગવ્યું જ છે માટે જો તમારે મને રાજી કરવો હોય તો આવી પ્રાર્થના કરશો નહીં'. સ્વામીની આવી સમજણ જોઈ સૌ સ્તબ્ધ થઈ ગયા.

### અને આમ રચાયું એક ઐતિહાસિક ભક્તિપદ...

એક વખત શ્રીજીમહારાજ કારિયાણીમાં અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. ગોપાળાનંદ સ્વામી વડોદરાથી આવ્યા હતા. તેમને બોલાવવા માટે મહારાજે શુકમુનિને મોકલ્યા. ગોપાળાનંદ સ્વામી પધાર્યા અને મહારાજે શુક્રમુનિને ઓરડીની બહાર જવા કહ્યું. નિષ્કુળાનંદ સ્વામી તે વખતે દાડિયા પાસે ચોકડી અને કૂંડી ટિપાવતા હતા, તેમને લાગ્યું કે સ્વામીને ખાસ બોલાવીને મહારાજ વાત કરવા માગે છે એટલે કાંઈક રહસ્યની વાત હશે. તેથી તે એકદમ કામ પડતું મૂકીને ઓરડીમાં આવી ગયા. તેમને જોઈ મહારાજે

તેમને કહ્યું : "સ્વામી ! તમે દાડિયા ઉપર નજર રાખો, નહીં તો કામ બરાબર થશે નહીં" એટલે સ્વામી ઊઠયા અને બંદોબસ્ત કરીને પાછા આવ્યા ત્યારે મહારાજે ફરી કહ્યું : "સ્વામી ! જાત દેખરેખ વગર કામ બરોબર થાય નહીં. માટે ઊઠો અને કામ બરાબર કરાવો"

સ્વામી સમજી ગયા. મહારાજે સ્વામી ઊઠયા પછી બારણું બંધ કરાવ્યું. પરંતુ સ્વામીને લાગ્યું કે જરૂર મહારાજ કાંઈક રહસ્યની વાત ગોપાળાનંદ સ્વામીને કરવાના છે. એટલે તેમનું મન ઝાલ્યું રહ્યું નહીં. તે બારણા આગળ આવીને બેસી ગયાં. અંદર મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમે અક્ષરધામમાંથી અમારું અક્ષરધામ અને તમો બધા મુકતોને લઈને અહીં આવ્યા છીએ તેનો હેતુ જાણો છો?"

સ્વામીએ હાથ જોડીને કહ્યું : "ના, મહારાજ ! હું કાંઈ જ જાણતો નથી" ત્યારે મહારાજે કહ્યું : "સાંભળો, અમે છ હેતુ લઈને આ પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે તમને આજે કહેવા માટે બોલાવ્યા છે. તે જાણીને તે પ્રમાણે સત્સંગમાં કાર્ય કરવા પ્રવૃત્ત થઈ જવાનું છે." આવી ખૂબ જ રહસ્યની વાત સાંભળી સ્વામી એકાગ્ર થઈ ગયા.

મહારાજ બોલવા લાગ્યા : "સ્વામી ! સાંભળો, પહેલો હેતુ : અમારી સર્વોપરી ઉપાસના અને જ્ઞાન આ પૃથ્વી ઉપર પ્રવર્તાવવું. બીજો :પૂર્વે થયેલા અવતારોને તથા તેમના ભક્તોને અમારા સ્વરૂપનું જ્ઞાન કરાવી અક્ષરધામમાં લઈ જવા. ત્રીજો : આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. ચોથો : ભક્તિદેવી તથા ધર્મદેવને અમારી મૂર્તિનું સુખ દેવું. પાંચમો : આ લોકમાં તીર્થ, વ્રત, દાન, તપ વગેરે કરતા કેટલાક યોગભ્રષ્ટ જીવોને અમારો સંબંધ કરાવી અક્ષરધામમાં લઈ જવા. અને છઠ્ઠો હેતુ : અમારા ભક્તના સંબંધે અનંત જીવને અક્ષરધામમાં લઈ જવા. આ છ હેતુઓ લઈને અમે અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે હેતુઓ આપણે સિદ્ધ કરવાના છે"

આ સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ! આપના પ્રતાપથી થઈ જશે."

એટલામાં નિષ્કુળાનંદ સ્વામી બારણું ઉઘાડી અંદર આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ! આ વાત આજે સમજાણી. કડી મળી ગઈ!" એટલે મહારાજે પૂછયું : "કઈ વાત?"

"તમારા પુરુષોત્તમપણાની બીજી વળી કઈ ?" સ્વામીએ તરત જ કહ્યું. પછી તેમણે રામાનંદ સ્વામીએ પ્રથમ વાર કચ્છમાં શ્રીજીમહારાજનો જે મહિમા કહેલો તે પ્રસંગ યાદ કર્યો. અને બોલ્યા : "હું જયારે રામાનંદ સ્વામી પાસે કચ્છમાં ગયો, ત્યારે તેમણે મને ઠપકો આપ્યો અને આપનાં દર્શન કરવા લોજ જવા આજ્ઞા કરી. ત્યારે મેં તેમને પૂછયું કે 'વર્ણી એવા તે કેવા મોટા છે કે આપ મને એમના દર્શને મોકલો છો?' ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : 'લાલજી ! તમને આજે નહીં મનાય, પરંતુ સર્વે અવતારના અવતારી સર્વોપરી પુરુષોત્તમ નારાયણ એ વર્ણી સ્વરૂપે પધાર્યા છે. અમારા જેવા અનંતની એમની પાસે ગણતરી નથી. ભવિષ્યમાં જયારે સમજાશે, ત્યારે તમે જ તેમનો મહિમા ગાવામાં ઝાલ્યા નહીં રહો. મહારાજ ! આજે ખરેખર એ વાત મને અંતરમાં દઢ થઈ ગઈ છે. બહુ કૃપા કરી પ્રભુ !"

આ પ્રસંગ પછી તેમણે મહારાજનું સર્વોપરીપણું મન મૂકીને ગાયું છે. તે પૈકી એક પદ આ રહ્યું :

*આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ, પુરુષોત્તમ પ્રગટી રે... ટેક*
*અમૃતના સિંધુ ઊલટયા રે, રંગડાની વાળી છે રેલ ...* પુ૦ ૧
*વિધવિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય ...* પુ૦ ૩
*ખોટ ગઈ છે ખોવાઈને રે, જીતનાં જાંગી ઢોલ ...* પુ૦ ૪
*દુઃખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ ...* પુ૦ ૫
*કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સહુનાં મસ્તક પર મોડ ...* પુ૦ ૬
*ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહીં જોડ ...* પુ૦ ૭
*નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત ...* પુ૦ ૯
*સર્વેના સ્વામી શ્રીહરિ રે, સર્વેના કહાવિયા શ્યામ ...* પુ૦ ૧૦
*સર્વેના નિયંતા નાથજી રે, સર્વેનાં કરિયાં કામ ...* પુ૦ ૧૧

*સ્વામિનારાયણ નામનો રે, શકકો બેસારિયો આપ ... પુ૦ ૧૨*
*એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ ... પુ૦ ૧૩*
*ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ ... પુ૦ ૧૪*
*બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ ... પુ૦ ૧૭*
*સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત ... પુ૦ ૨૦*
*પૂર્વની દિશાએ પ્રગટયા રે, ખોટા મોટા કર્યા ખદ્યોત ... પુ૦ ૨૧*
*અષાઢી મેઘે આવી કર્યા રે : ઝાઝાં બીજાં ઝાકળ ... પુ૦ ૨૨*
*કહીએ મુખેથી કેટલું રે, આપ્યો છે જે આનંદ ... પુ૦ ૩૨*
*નિષ્કુળાનંદ જાય વારણે રે, સહેજે મળ્યા સહજાનંદ ... પુ૦ ૩૩*

*પુરુષોત્તમપ્રકાશ : પ્ર. ૫૫*

તો વધુ એક અમરપદ જુઓ નિષ્કુળાનંદ સ્વામીનું જે તેમની જીવન દષ્ટિનું ખરું પરિચાયક બની રહે છે.

*ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટિ ઉપાય જી,*
*અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાય જી... ત્યાગ૦ ૧*
*વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી,*
*ઉપરનો અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી ... ત્યાગ૦ ૨*
*કામ ક્રોધ લોભનું, જયાં લગી મૂળ ન જાય જી,*
*સંગ પ્રસંગે તે ઉપજે, ઈન્દ્રી વિષય આકાર જી ... ત્યાગ૦ ૩*
*ઉષ્ણ રતે અવનિ ઉપરે, બીજ ન દીસે બહાર જી,*
*ઘન વરસે વન પાંગરે, એમ ઈન્દ્રી વિષય વિકાર જી .. ત્યાગ૦ ૪*
*ચમક દેખીને લોહ ચળે, ઈન્દ્રી વિષય સંજોગ જી,*
*અણભેટે અભાવ છે, ભેટે ભોગવશે ભોગ જી ... ત્યાગ૦ ૫*
*ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થ જી,*
*તે વરણને આશ્રમથી, અંતે કરશે અનર્થ જી ... ત્યાગ૦ ૬*

*ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડયું દૂધ જી,*
*ગયું રે ઘૃત મહી માખણથી, આપે થયું અશુદ્ધ જી ... ત્યાગ૦ ૭*
*પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગી જી,*
*નિષ્કુળાનંદ કહે એ નરનો, વણસમજયો વૈરાગ્ય જી ... ત્યાગ૦ ૮*

કેટલાક કાવ્યો શાશ્વત સમય માટે હોય છે. આ પદ માટે એવું કહી શકાય. આ પદ ખૂબ જાણીતું છે ને ખૂબ ગવાય છે. આ પદ ગાંધીજીએ તૈયાર કરાવેલ 'આશ્રમ ભજનાવલિ' માં પણ છે. નિષ્કુળાનંદ સ્વામીની સંતકવિની પ્રતિભાનો ઉત્તમ ઉન્મેષ અહીં પ્રગટ થયેલો છે.

પદનો આરંભ જ સુંદર છે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' કેવી મહત્ત્વની માર્મિક વાત કેટલા સરળ શબ્દોમાં રજૂ કરી છે ! 'ત્યાગ' અને 'વૈરાગ્ય' ભાવનો આવો ઝીણો વિવેક બહુ ઓછે ઠેકાણે જોવા મળે છે. ત્યાગના મૂળમાં વૈરાગ્ય છે. સાચો વૈરાગ્ય ન જન્મે તો ત્યાગનો અર્થ રહે નહીં. 'જંગલ વસાવ્યું જોગીએ' એવો અનુભવ કંઈ વિરલ નથી. સાધુ એક સંસાર છોડે, ને એનો વળી બીજો સંસાર ઊભો કરે ! નિષ્કુળાનંદ એ પરિસ્થિતિ બરોબર જાણે છે એટલે તો તેઓ આવી પંક્તિઓ લખી શકે છે : 'વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી' વેશટેકની અખો કહે છે તેવી આડી ગલીમાં અટવાઈ જતી વ્યક્તિ પછી જેને મળવા નીકળેલી તે ભગવાનને જ મળી શકતી નથી. કામ, ક્રોધ, મોહ, લોભ આદિ ષડ્રિપુઓની જાળમાં એ ફસાય છે અને મનમાં ઊંડે ઊંડે જે વિકારો સુષુપ્ત અવસ્થામાં હોય છે તે બહેકી ઊઠે એવી ભૂમિકામાં મુકાય છે. નિષ્કુળાનંદ આ પરિસ્થિતિનું વર્ણન કરતાં સચોટ દષ્ટાંતો ઉપયોગમાં લે છે. બીજ અને વર્ષા, લોહચુંબક અને લોહ, તેમજ બગડેલા દૂધનાં જે દષ્ટાંતો એમણે પ્રયોજયાં છે તે કવિના વર્ણ્ય વિષયને બહુ સચોટતાથી સ્ફુટ કરે છે. 'ઉપર તજેસ ને અંતર ભજે', 'પળમાં જોગી ને પળમાં ભોગી', 'પળમાં ગૃહી ને ત્યાગી' આવી વ્યક્તિના વણસમજયા વૈરાગ્યનું એમનું દર્શન કેટલું વાસ્તવિક ને તેથી સાચું છે ! ભોગથી ભ્રષ્ટ થતા જોગને બગડેલા દૂધના દષ્ટાંતથી વર્ણવતાં ભોગ ને જોગ ઊભય જે રીતે બગડે છે તેનું માર્મિક ભાન કવિ કરાવે છે.

આ કાવ્યમાં વિચારવસ્તુ જેટલું ઉદાત્ત છે એવી જ, એને પૂરો ન્યાય આપે એવી સુંદર વાણી છે. 'ધન વરસે વન પાંગરે', 'ભેટે ભોગવશે ભોગજી', 'ભ્રષ્ટ થયો જોગભોગથી' આવી આવી ઉક્તિઓમાં જે પદમૈત્રીને વર્ણ સામંજસ્ય છે તે આસ્વાદ્ય છે. વૈરાગ્યના ભાવ સાથે કવિની પ્રગાઢ તન્મયતા હોવાથી જ એનું નિરૂપણ મનોવેધક થયું છે. આ કાવ્યનો લય પણ કવિના મનોગતને વશ વર્તતો ચાલે છે. વૈરાગ્યની વાત કેવી સમતોલપણે, સ્વચ્છ રીતે ને સરસ રીતે અહીં રજૂ થઈ છે ! એમાંયે ઈન્દ્રિય વિષય અંગેની વાત ભારપૂર્વક ઘૂંટાઈને રજૂ થાય છે. કાવ્યરસિકો પ્રારંભની પંક્તિમાં 'રે' નો જે પ્રયોગ છે, 'જી' ની પંક્તિવિરામ સૂચક લઢણ છે તેનું યે સૌન્દર્ય પ્રીછશે જ. આ પદ ગવાય છે ત્યારે 'રે' ને 'જી' એમાં ન હોય તો કાવ્યને કેવું નુકસાન થાય તે વિચારીશું તો તુરત તેની કાવ્યોપકારકતા સમજાશે. કાવ્યમાં સાચી વૈરાગ્ય ભાવના માટેનો અનુરોધ વ્યંજનાત્મક રીતે જ પ્રગટ થયો છે તે જોઈ શકાશે. નિષ્કુળાનંદના સમર્થ કવિત્વનું આ કાવ્ય એક રમણીય ઉદાહરણ છે.

**વૈરાગ્યની સાર્થકતા**

એક રીતે જોઈએ તો નિષ્કુળાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી એક ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય જેવા હતા. વળી નિષ્કુળાનંદજી પંદરેક વર્ષ જેટલા મોટા હતા. છતાં સહજાનંદ સ્વામીને એમના જીવનકાળ દરમિયાન પરમેશ્વર સ્વરૂપે આરાધતા રહ્યા હતાં અને સહજાનંદ સ્વામીના અક્ષરનિવાસ પછી પણ અઢાર વર્ષ સુધી તેમના જીવનસંદેશનો વ્યવહાર અને વાણી દ્વારા વ્યાપક પ્રચાર કરતા હતા. સાધુ થયા પછી ભેખને શોભાવવા તરફ જ તેમનું લક્ષ રહ્યું હતું. શ્રી સહજાનંદ સ્વામી પોતે પણ નિષ્કુળાનંદ સ્વામીનું હંમેશાં ગુરુબંધુ તરીકે પૂરું માન જાળવતા.

શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, 'દરેક માનવીએ પોતાના સ્થાનનો નિરંતર વિચાર કરતા રહેવું જોઈએ. કોઈપણ કામ કર્યા પહેલાં, મારા આશ્રમને યોગ્ય આ કાર્ય છે કે નહિ તે વિચારવાનું કદી ચૂકવું જોઈએ નહીં.' આ શબ્દોનું અક્ષરશઃ પાલન કરવામાં નિષ્કુળાનંદ સ્વામીએ કદી આળસ કરી નથી. તેમણે તેમની જીવન કિતાબનાં પાનાં વૈરાગ્યભાવથી જ ભરી દીધાં છે. એમનો આદર્શ વ્યક્ત કરતાં એક પદમાં એમણે ગાયું છે.

*અમે જડભરતી જોગિયા,*
*ઈચ્છું નહીં વૈભવ જગત પદારથ,*
*જીવને રૂચે નહિ જેમ રોગજી,*
*ખટરસ ખાવા નહિ ખોળીએ.*

સ્વામી નિષ્કુળાનંદ જે કંઈ ઉપદેશ આપતા તેનું પોતે પાલન કરતા. નિઃસ્વાદીપણું તેમના ઉપદેશની ધ્રુવપંક્તિ હતી. 'જીભને વશ કરો તો જ મન વશ થશે. ગળ્યા, ચીકણા, સ્વાદિષ્ટ પદાર્થો ત્યજો, રોગ થાય ત્યારે કેમ છોડો છો?' આવો તેમનો આગ્રહ રહેતો. પોતે કદીયે સ્વાદિષ્ટ ભોજન જમતા નહોતા.

એક સમયે તેઓ બોટાદ ગામના પાદરેથી પસાર થતા હતા. ગામના હરિભક્તો આગ્રહ કરી ગામમાં લઈ ગયા. નગરશેઠ ભગા દોશીએ મોટા સાધુ સમજી બિરંજની રસોઈ તૈયાર કરાવી. સ્વામી જમવા બેઠા, ભાણમાં બિરંજ જોઈ, જમ્યા વિના આંખો મીંચી બોલવા લાગ્યા. 'નિષ્કુળાનંદ, તું તો મોટા માણસોનો મહોબતી છે, મોટાનું મન સાચવ; બિરંજ જમ' નગરશેઠ આ સાંભળી ગયા અને સ્વામીના દઢ વ્રતને સમજી, બિરંજ લઈ લીધો. જારના રોટલા અને છાસથી સ્વામીને જમાડયા.

એમની કઠોર નિઃસ્પૃહી ભાવનાને કારણે મોટું શિષ્યવૃંદ પણ એમની આસપાસ જામતું નહીં. બીજા સદ્‌ગુરુઓ પાસે પચાસ સાઠ સાધુઓનું મંડળ રહેતું હતું, ત્યારે તેમની પાસે માંડ પાંચ સાત શિષ્યો રહેતા હતા. એમની ત્યાગ પ્રધાન વૃત્તિને અનુકૂળ થવું સહેલું ન હતું.

નિષ્કુળાનંદ સ્વામી જે ગામમાં જતાં ત્યાં બનતાં લગી હરિભક્તની રસોઈ સ્વીકારતા નહિ, કારણ કે તેમણે સ્વામી માટે મિષ્ટાન્ન મોકલેલ હોય. તેઓ પોતાની જરૂરિયાત મુજબ અમુક ઘરેથી ભિક્ષા માગી લાવતા હતા. કોઈને ત્યાંથી ચપટી તો કોઈને ત્યાં મુઠ્ઠી અનાજ લેતાં અને બાકીનું પ્રસાદ તરીકે પાછું આપતા હતાં. વૃદ્ધ થયા ત્યારે પણ તેમનો આ ક્રમ ચાલુ હતો, એથી હરિભક્તો એમને ભિક્ષાર્થે ન નીકળવા આગ્રહ કરતા હતાં, તેઓ સમજાવતા કે, 'હું ભિક્ષાર્થે નીકળું છું તેથી મને દરેક ઘરે જવાનું થાય છે અને દરેકને જમાડવાનો અને પ્રસાદ મેળવ્યાનો સંતોષ મળે છે. મારી ભિક્ષાવૃત્તિ પાછળ આવો

અર્થ રહેલો છે; માટે કૃપા કરી મારી દેહગાડી પાસેથી કલ્યાણભાવે લેવાય તેટલું કામ લેવા દો.

નિષ્કુળાનંદ સ્વામીનો સ્વભાવ વૈરાગ્યપ્રધાન બની ગયો હતો, છતાં રસિકતા પણ તેમણે સંઘરી રાખી હતી. તેનું પ્રગટીકરણ તો સ્વામી સહજાનંદની હાજરીમાં જ થતું હતું. વૈરાગ્ય અને રસિકતા સામસામા છેડાના ભાવ હોવા છતાં નિષ્કુળાનંદ સ્વામીમાં સાથે કેમ રહી શકતા હતા, તેનું ઘણાં ને આશ્ચર્ય થતું હતું.

સહજાનંદ સ્વામીને હિંડોળાખાટે ઝુલાવવામાં–હિંચોળવામાં એમને આનંદ આવતો હતો. બધી વસ્તુનો એમણે ત્યાગ કર્યો હતો. સર્વ વસ્તુ એમણે છોડી દીધી હતી, છતાં પણ વિશ્વકર્મા તરીકે તેમને મળેલી શિલ્પી તરીકેની આગવી સિદ્ધિ એમણે છોડી ન હતી. જયારે જયારે આ પ્રસંગ સાંપડયો છે, ત્યારે તેમણે આગવા નકશી કામથી અનેક મંદિરો અને ભવનોને વિભૂષતિ કરવાનું કામ કર્યુ હતું. એમની નિગેહબાની તળે બંધાયેલું ધોલેરાનું મંદિર એક અર્થમાં એમનું સ્મારક કહી શકાય એમ છે.

વડતાલમાં સહજાનંદ સ્વામીને ઝુલાવવા માટે એમણે લાકડાનો એક હિંડોળો તૈયાર કર્યો હતો. એ હિંડોળાને બાર બાજુઓ હતી. એના બાર ખૂણા પર દરવાજા હતાં. તે બાર દરવાજેથી સહજાનંદ સ્વામીએ હરિભક્તોને એક સાથે બાર સ્વરૂપે દર્શન આપ્યું હતું. આ હિંડોળાને બે આંબાની વચ્ચે બાંધવામાં આવ્યો હતો. હીર–રેશમની દોરી વડે તેને ઝુલાવવામાં આવ્યો ત્યારે નિષ્કુળાનંદ સ્વામી આનંદ–વિભોર બની કૃતકૃત્ય થયા હતા.

કચ્છની મુસાફરી દરમિયાન' યમદંડ નામનો ગ્રંથ રચવાની સહજાનંદ સ્વામીએ તેમને આજ્ઞા પણ કરી હતી, તેથી નિષ્કુળાનંદ સ્વામીએ હાથમાં કલમ પણ પકડી હતી.

ફરસી લાકડા પર કોતરકામ કરતી હતી અને પ્રભુની મૂર્તિ ઘડતી હતી, તેમ કલમ કાવ્યકૃતિ કંડારતી પ્રભુના ગુણગાન ગાતી હતી અને લોકોને સંપ્રદાય પ્રત્યે અભિમુખ કરતી હતી. નર્મદે કલમના ખોળે માથું મૂકી પ્રતિજ્ઞા કરી હતી. તેવી જ કંઈક નિષ્કુળાનંદ સ્વામીએ નીચેના શબ્દમાં પ્રતિજ્ઞા કરી હતી. એમનું કાવ્યસર્જન ઉદ્દેશ સભર રહ્યું હતું.

*'જ્યાં લગી રહે તન શ્વાસ, તજું નહિ ત્યાં લગી અધ્યાસ,*

*હરિગુણ ગાતાં છૂટે તન, તેમાં મગન છે મારું મન.*

ખરે જ, હરિગુણ ગાતાં એની જીભલડી કદી થાકી નથી તેનું કારણ આપતાં તે ગાય છે કે –

*મારાં સરિયાં સર્વે કાજ, તે તો તમે મળ્યે મહારાજ,*

*દુઃખ દરિયામાંથી તાર્યો વળી અધમને ઉદ્ધાર્યો.*

એથી કરીને –

*મૂર્તિ તમારી મિરાંત મારી, નહિ મેલું હવે હું ન્યારી,*

*રાખીશ જીવ સાથે હું જડી, નહિ મેલું અળગી ઘડી.*

શ્રદ્ધાપૂર્ણ અને ભક્તિભાવ ભરી અનેક કડીઓ એના સર્જનમાંથી આપણને મળી રહે છે. તેમની એકાંતિક ભક્તિ એક સ્વામી સહજાનંદ માટે જ હતી, તે તેમના નીચેના પદમાં રૂડી રીતે કહેવાયું છે.

*જ્યાં લગી પ્રાણ રહેશે જિભા સ્વામી સહજાનંદ કહેશે,*

*કોઈ કહે બીજું કેમ પડી અંતરમાં આંટી એમ,*

*મુખ નહિ કરે બીજો ઉચ્ચાર, નેત્ર નહિ જુએ બીજો આકાર.*

* * *

*બીજાને નહિ નમે અન્ય પાય, હૃદયે બીજું ધ્યાન નહિ ધરાય,*

*મસ્તક નહિ ઝૂકે અન્યને આગે, બીજે પંથ નહિ ચલાય પાય.*

એમને મન પૂર્ણ પુરુષોત્તમ સ્વામી સહજાનંદ સાક્ષાત્ પ્રભુ હતા અને એમના કૃપાનેત્રની પ્રસાદીથી કશી મણા રહી ન હતી. ત્યાગ કર્યા કરતાં અધિક મેળવ્યા જેવું એમને લાગતું હતું, તેથી તે ખુમારી પૂર્વક કહે છે –

*રૂડી મૂડી પામ્યા રોકડી રે, નહિ ઉધારાની વાત*

*અમલભર્યા સહું ઉચ્ચરે, પ્રભુ મળ્યા સાક્ષાત્;*

*ઓશિયાળુ શીદ ઉચ્ચરે, બોલે મગન થઈને મુખ,*

*જન્મ–મરણનું જીવમાં રહ્યું નહિ જરા કેને દુઃખ.*

સ્વામી સહજાનંદના અવતારી કાર્યને વધાવતા નીચેના શબ્દોમાં આલેખે છે –

*અનેક જીવ ઉદ્ધારવા, ફરિયા દેશ વિદેશ,*
*નિરભે કર્યા નારી નરને, આપી ઉત્તમ ઉપદેશ;*
*કલિયુગનું રાજ્ય કાઢિયું, સતજુગ વર્તાવ્યો સોય,*
*સુધર્મમાં સહુ રહે, અશુદ્ધ ન આચરે કોય,*

સ્વામિનારાયણ સાથેનો એમનો સહવાસ વધતો ગયો, તેમ તેમ સહજાનંદ સ્વામીની મહત્તા વધારે ને વધારે પ્રગટ થવા લાગી, એથી કરીને 'છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ' જેથી અખાની ઉક્તિ પેઠે નિષ્કુળાનંદના અંતરના પાતાળકૂવામાંથી પ્રેરણાનો ફુવારો વછૂટતો હોય; એવી પંક્તિઓ સ્ફુરી હતી.

*આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સભામાં અલબેલ,*
*અમૃતના સિંધુ ઊલટયા રે, રંગરાની વાળી છે રેલ;*
*ખોટ ગઈ છે ખોવાઈને રે, જીત્યાના જાગીર ઢોલ,*
*દુ:ખ ગયું બહું દિનનું રે, આવ્યું સુખ અતુલ.*

નરસિંહ મહેતાએ વૈષ્ણવજનના લક્ષણો વર્તાવ્યા છે, તેમ નિષ્કુળાનંદે સાચા ભક્તના લક્ષણ વર્ણવતા લખ્યું છે કે,

*એવા સંત સહુના સગાં રે, પર ઉપકારી પૂરાં છે,*
*જેના દિલમાં નહિ કોઈ દગા રે, સત્ય વાતમાં શૂરા છે.*

એને મન ચારિત્ર્ય અને વૈરાગ્યની બહુ મોટી કિંમત છે, તેથી ચારિત્ર્ય વિના મોટા બનવાની આકાંક્ષા રાખનારને માટે કહે છે કે,

*એક ભૂંસાડીને એકડો રે, વાળ્યા મીંડા વીશ,*
*જોતા સરવાળો ન જડયો, ત્યારે કરે છે રીસ.*

ચારિત્ર્ય વિનાના 'ઢમઢોલ માંહે પોલ' જેવા મોટા માણસો મોર કળા કરે ને ઉઘાડો લાગે તેવા દેખાય છે; તેમ પણ કહે છે.

એમણે અખાની પેઠે અવરને તેમજ સત્સંગીઓને પણ ઠીક સપાટામાં લીધાં છે. દંભ, આડંબર અને ડોળ પર તેમણે તાતા પ્રહારો કર્યા છે. તેમને પોતાની તીખી વાણીનું પણ ભાન હતું, એથી પોતે જ કહે છે –

*કઠણ વચન કહું છું કડવા કાંકચ રૂપ,*
*દર્દીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનુપ.*

કડવી ગોળી આપવા છતાં સમાજનું ઘેન ઉતરતું નહિ હોય તેથી પોતાના પ્રહારો કામયાબ નીવડયા નથી એવા અસંતોષ સાથે, અથવા હજી પોતાનાથી પ્રહારો ઓછા થયા છે એની પ્રતીતિ સાથે તેઓ કહે છે,

*મનની વાતું મનમાં રહી, રહી ગઈ રહી રે,*
*માલમી વિના મનની, કોની આગે દેખાડું કહી રે,*
*ઘણું કહેતા સંતાપ છે, કોને કેમ કહીએ ભાઈ રે,*
*જીવ્હાને રાખી છે ઝાલી, રખે વધુ જાતી તું વહી રે.*

તેમનું આખું જીવન સંતપ્રકૃતિથી ઝળકી રહ્યું હતું, તેમ સાહિત્યપ્રવૃત્તિથી પણ શોભી રહ્યું છે. તેમણે અનેક કાવ્યગ્રંથો લખ્યા છે. સાહિત્ય, સંગીત, ભાષા કે પિંગળનો અભ્યાસ કર્યો ન હોય તેવા એક ગુર્જર સુતાર પાસેથી આવી સાહિત્યિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય એ આશ્ચર્યજક બીના લેખાય. એમનું મોટાભાગનું સાહિત્ય સર્જન ગુજરાતીમાં થયું છે. થોડી રચના હિંદીમાં પણ છે. તેમાં વિચારોની નવીનતા, જોશની નવનીતા, ઉપમાની નવીનતા અને શૈલીની નવીનતા જોવા મળે છે.

તેમનાં કાવ્યો, ભજનો, પદો અને ધોળમાં સંસારની અસારતા, આત્માની ઉન્નતિ, દેહની નશ્વરતા અને પરમ તત્ત્વ પ્રતિ જીવનને વાળવાનો બોધ હૃદયની આરપાર ઉતરી જાય એ રીતે અપાયો છે. ગુજરાતમાં તેમની કવિતા સ્થળે સ્થળે હોંશપૂર્વક ગવાતી રહી છે :

નિષ્કુળાનંદજીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'વૈરાગ્યમૂર્તિ' કહેવાયા છે. તેમણે રચેલા ગ્રંથો આ મુજબ છે :

*ભક્ત ચિંતામણિ :* આ ગ્રંથ ગુજરાતી ભાષામાં પદ્યમાં રચાયો છે. સાહિત્યના સ્વરૂપ તરીકે વિચારીએ તો તે સહજાનંદ સ્વામીની જીવનકથા છે. સહજાનંદ સ્વામીની જીવનલીલા, જીવનનું ઐશ્વર્ય, મુખ્ય ત્યાગી અને ગૃહસ્થ શિષ્યોની નામાવલી, આજ્ઞાઓનું વિવેચન ઈત્યાદિનો સુરેખ ખ્યાલ ૧૬૪ પ્રકરણો દ્વારા આપવામાં આવ્યો છે. ભક્તિમાર્ગનું નિરૂપણ કરતો આ ગ્રંથ એક ઉત્તમ જીવનકથા તરીકે સંપ્રદાયમાં દરરોજ વંચાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું જ્ઞાન અને બોધ સમજવા માટે 'ભક્ત ચિંતામણિ' પર્યાપ્ત પુસ્તક છે.

નિષ્કુળાનંદ સ્વામીએ ગઢડામાં રહીને સંવત ૧૮૮૭ના આસો સુદી તેરસના રોજ આ ગ્રંથ પૂરો કર્યો હતો.

*યમદંડ :* આ ગ્રંથ નિષ્કુળાનંદ સ્વામીની સૌ પ્રથમ કૃતિ છે. આધોઈ ગામે સ્વામીશ્રીએ દીક્ષા ગ્રહણ કરી તે સમયે સંવત ૧૮૬૦માં રચ્યો હતો. જેમાં નરક અને યમયાતનાઓનું તાદશ્ય વર્ણન કરવામાં આવ્યું છે. આ ગ્રંથ શ્રી સહજાનંદ સ્વામીને વંચાવતાં તેઓ સ્વામી પર ખૂબ રાજી થયા હતા અને તેમની કવિત્વશકિતની નિપુણતા જોઈ બીજા ગંથો રચવા પેરણા, પ્રોત્સાહન આપી આજ્ઞા અને આશીર્વાદ આપ્યા હતાં. આ ગ્રંથમાં ૨૦ કડવા છે. પ્રારંભ દોહા અને સોરઠાથી કરી કૃતિનું સમાપન રાગ ધોળમાં કર્યુ છે. પ્રથમ કડવામાં કવિએ પૂર્વછાયાનો ઉપયોગ કર્યો છે.

*પુરુષોત્તમપ્રકાશ :* શ્રી સહજાનંદ સ્વામીએ જે રીતે સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રચાર કર્યો. તેનું વિગતવાર સંક્ષિપ્ત વર્ણન આ ગ્રંથમાં કર્યુ છે. શ્રી સહજાનંદ સ્વામીનું જીવનકાર્ય તેમ જ મહિમા દર્શાવ્યો છે. આ ગ્રંથના ૫૫ પ્રકાર છે. પ્રત્યેક પ્રકારમાં વીસ વીસ ચરણો છે. છેલ્લામાં એક વધારે છે. પ્રત્યેક પ્રકારની શરૂમાં ત્રણ દોહાઓ અને પછી ચોપાઈઓ છે.

*સ્નેહગીતા :* આ ગ્રંથમાં ગોપીઓના નિર્વ્યાજ પ્રેમનું ઉત્તમ વર્ણન, ઉદ્ધવજીનો ગોપીઓને સંદેશો આપી શબ્દદેહ દ્વારા તાદશ્ય ચિતાર ખડો કર્યો છે. શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યે ભક્તોએ કેવો સ્નેહ રાખવો જોઈએ તેમ જ શ્રી સ્વામીનો સહજાનંદ સ્વામી પ્રત્યે કેવો ઉત્કટ સ્નેહ હતો તે પદપંક્તિએ નીતરી રહ્યો છે. આ ગ્રંથમાં ૪૪ કડવા અને ૧૧ પદ બંને

મળીને ૪૯૦ ચરણ છે. આ ગ્રંથ સંવત ૧૮૭૨ના વૈશાખ સુદી ૪ના રોજ લખવામાં આવ્યો છે.

*વચનવિધિ :* ભગવાનના વચન અનુસાર વર્તવું તેનું નામ વચનવિધિ, ગુરુવચન અને શાસ્ત્રવચનનો દ્રોહ કરનારા પર આકરા પ્રહારો કર્યા છે. આ ગ્રંથમાં પર કડવાં છે. એક કડવામાં આઠ ચરણ છે અને ૧૩ પદ છે. આ ગ્રંથનો નિર્માણકાળ સ્વામીએ જણાવ્યો નથી. પરંતુ અનુમાન પરથી એમ લાગે છે કે શ્રી સહજાનંદ સ્વામીના સ્વધામગમન બાદ આ ગ્રંથની રચના થઈ હશે.

*સારસિદ્ધિ :* આ ગ્રંથ યથાનામા, તથા ગુણા મુજબ સર્વ સત્‌શાસ્ત્રના ઉત્તમ સારરૂપ છે. પ્રભુપ્રસન્નતામાં સાધનોનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. આ ગ્રંથની રચના ક્યારે કરવામાં આવી હશે તેની કોઈ નોંધ મળતી નથી. આ ગ્રંથમાં ૪૮ કડવા અને ૧૨ પદ સંપ્રદાયનો તત્ત્વસાર સંક્ષિપ્તમાં જાણવા માટે જિજ્ઞાસુઓને પૂરતો થઈ પડે તેવો છે.

*ભક્તિનિધિ :* ભક્તોની ભક્તિના નિધિ ભંડાર સમાન આ ગ્રંથમાં પ્રગટ સ્વરૂપ, પ્રભુભક્તિનો મહિમા અને ભક્તિના ઉચ્ચતમ મહિમાનું સુંદર વર્ણન કર્યુ છે. આ કૃતિ સંવત ૧૯૦૨માં ચૈત્ર સુદી ૯, રામનવમીએ અથવા શ્રી સ્વામિનારાયણ જયંતીને પવિત્ર દિવસે રચાઈ છે. એ દષ્ટિએ સંપ્રદાયમાં આ ગ્રંથનો અધિક મહિમા છે. તેમાં ૪૪ કડવા, ૧૧ પદ, બે સોરઠા, બે દોહા અને એક ધોળ મળીને ૫૦૮ ચરણ છે.

*હરિબળગીતા :* શ્રીહરિ એટલે સ્વયં સહજાનંદ સ્વામી અને એમનાં ઉપદેશવચનો રૂપી ગીતાનો આ ગ્રંથમાં સુભગ સમન્વય સાધીને અન્ય સાધનો કરતાં પ્રગટ પ્રભુના આશ્રય અને ઐશ્વર્યનું શ્રેષ્ઠત્વ સિદ્ધ કર્યુ છે. આ ગ્રંથ સંવત ૧૮૯૮માં પુરુષોત્તમ માસની પવિત્ર પૂર્ણિમાએ પૂરો કર્યો હતો, જેમાં, ૪૪ કડવા અને ૧૧ પદ મળીને ૪૦૦ ચરણ છે.

*હૃદયપ્રકાશ :* ભક્તહૃદયને માયા રહિત, સ્વચ્છ, નિર્મળ અને શુદ્ધ કરવાનો આ ગ્રંથનો હેતુ છે. ગુરુ–શિષ્યના અદ્‌ભુત સંવાદરૂપે મોક્ષમાર્ગનું નિરૂપણ અત્યંત ભાવવાહી શૈલીમાં સ્વામીશ્રીએ કર્યુ છે. આ રચના સંવત ૧૮૯૮માં વડતાલ ખાતે નીમી એકાદશીને

પવિત્ર પર્વે કરવામાં આવી છે. એટલે નિયમિત રીતે હૃદયમાં પ્રકાશ પામવા માટે આ ગ્રંથનું વિશિષ્ટ મહત્ત્વ છે. તે પંદર પ્રસંગો માનવીય બની રહે તેવા છે.

***ધીરજાખ્યાન :*** આ પુસ્તકમાં સત્યાગ્રહી ભક્તરાજ પ્રહલાદ. દઢ વ્યવસાયી ધ્રુવ, સત્યવાદી હરિશ્ચંદ્ર, પરોપકારી રતિદેવ, દાનવીર મયૂરધ્વજ, તપોમૂર્તિ 1ભુ, શરણાગતના આશ્રય રાજા શિબી, જનક વિદેહી, ધૈર્યશીલ નળ રાજા, આત્મનિવેદી અંબરીષ, ભક્ત વિભીષણ, અખંડ સ્મૃતિમાન સુધન્વા, વૈરાગ્યમૂર્તિ જડભરત, નિરામય દષ્ટિવાળા શુકદેવજી, જ્ઞાની ભક્ત નારદ, નૈષ્ઠિક બ્રહ્મચારી જાજલી, 1ષિપુત્ર આરુણી જેવા પૂર્વના મહાન ભક્તરાજોએ દુર્જનોનાં દુઃખ અને કષ્ટો અપાર ધૈર્યથી સહન કર્યા પરંતુ ભગવાનની ભક્તિનાં ધારેલાં કામ ન છોડયાં. એ સર્વ કથાઓ સર્વજન ઉપયોગી પ્રેરણારૂપ કથાનક દ્વારા ભક્તોને ધૈર્યનો ઉપદેશ સ્વામીએ અનોખી મસ્તી અને છટાથી આ ગ્રંથમાં વર્ણવ્યો છે. તે ગઢપુરમાં સંવત ૧૮૯૯ના ચૈત્ર વદી ૧૦મીએ લખ્યો છે, જેમાં ૬૪ કડવા અને ૧૬ પદ મળીને ૭૧૭ ચરણ છે.

***હરિસ્મૃતિ :*** શ્રીહરિ એટલે શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિમાં ભક્તોએ અખંડ વૃત્તિ રાખવી તેને સ્મૃતિ કહે છે. શ્રી સહજાનંદ સ્વામીના અંગનું જુદી જુદી વખતે જમેલી, વાપરેલી તથા સ્પર્શ પામેલી વસ્તુઓનું યથોચિત વિગતે વર્ણન કરીને આ કૃતિમાં સ્વામીશ્રીએ પોતાનું હૃદય ઠાલવ્યું છે. ઉપરાંત સહજાનંદ સ્વામીનો મહિમા અને તેમણે અસાધારણ ઐશ્વર્ય બતાવ્યું છે તેનું નિરૂપણ સાત ચિંતામણિ દ્વારા ભાવપૂર્વક કરવામાં આવ્યું છે.

***ચોસઠપદી :*** આઠ આઠ પદના આઠ વિભાગ મળીને ચોસઠ પદ થાય છે. આ પદોમાં સંત અસંતનું સ્પષ્ટ સ્વરૂપ વર્ણવી અસંતનો ત્યાગ કરી સંતસમાગમ ઉપર ભાર મૂકયો છે. પ્રસંગોચિત શ્રી સહજાનંદ સ્વામીનું પ્રભુત્વ સંતોના વૈરાગ્ય, ભક્તોનું આત્મજ્ઞાન વગેરે પર પ્રકાશ ફેંકયો છે. માની, દંભી, ઢોંગી અસાધુઓ ઉપર આકરાં વાગ્બાણ છોડયાં છે.

***મનગંજન :*** શરીર–નગર, જીવ–રાજા, હા અને ના પાડનારા મનને બે દીવાન બનાવી, અંતઃશત્રુ અને અંતઃમિત્રો એ બે વચ્ચે ચાલતા નિરંતર યુદ્ધનું સરસ રૂપક દ્વારા

હિંદી ભાષામાં સરળ ચિત્ર ખડું કર્યુ છે. આધુનિક મનોવિજ્ઞાનશાસ્ત્રના કેટલાક સિદ્ધાંતો સ્વામીએ એમાં રજૂ કર્યા છે. એકાંતમાં બેસી પોતાના મનની સાથે શાંતિથી તટસ્થ ભાવે વાતો કરી દરેક માનવી સુધરી શકે છે, તેનું વર્ણન આપ્યું છે. આ ગ્રંથ ૧૮૭ દોહરા–પદનો સંવત ૧૮૭૧માં શ્રાવણ સુદી ૭ને રોજ પૂરો કર્યો હતો.

*ગુણગ્રાહક :* આ કૃતિ હિંદી ભાષામાં છે. શ્રી સહજાનંદ સ્વામીના ઉપયોગમાં જે વસ્તુ આવી હોય તેમાંથી ગુણ ગ્રહણ કરવા વિષે એમાં ભારપૂર્વક ઉપદેશ કર્યો છે. તેમાં ૧૦૧ દોહા છે.

*હરિવિચરણ :* શ્રી સ્વામિનારાયણ ભગવાન જયાં જયાં વનમાં, તીર્થમાં, દેશમાં, ગામમાં, નગરમાં, મુમુક્ષુઓને ત્યાં વિચર્યા અને જે લીલાઓ કરી છે તેનું ભાવવાહી શબ્દોમાં ૩૪૨ કડીઓ અને આઠ વિશ્રામમાં વર્ણન કર્યુ છે.

*અરજીવિનય :* ભગવાનને વિનમ્ર ભાવે પ્રાર્થના કરવી તેનું નામ અરજીવિનય. મિશ્ર ગુજરાતી–હિંદી ભાષામાં શ્રી સહજાનંદ સ્વામીની પ્રાર્થના, ચોપાઈ અને દોહા, છંદો, કડી ૧૦૨માં દર્શાવ્યા છે.

*કલ્યાણનિર્ણય :* આત્યંતિક કલ્યાણ, કલ્યાણનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિના મુખ્ય ઉપાયો બતાવ્યા છે. મુકત અને મુમુક્ષુનાં સંવાદરૂપે આત્યંતિક કલ્યાણના સુગમ માર્ગ માટે ૧૮ વિષયોમાં સુયોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

*અવતાર ચિંતામણિ :* ઈશ્વરના નાના–મોટા જે અવતારો પૃથ્વી પર પ્રગટ થયા છે તેનો મહિમા અને નામાવલિ ૩૧ ચોપાઈઓમાં જણાવી છે.

*ચિહ્નચિંતામણિ :* શ્રી સહજાનંદ સ્વામીના ચરણનાં ૧૬ ચિહ્નોનું વર્ણન સુંદર રીતે વર્ણવી ૧૬ દોહામાં હિંદી ભાષામાં કર્યુ છે.

*પુષ્પ ચિંતામણિ :* ૩૧ પુષ્પો ઉપર હિંદી ભાષામાં દોહા છે.

*લગ્નશુકનાવલિ :* બાર રાશિઓ પર જુદા જુદા દેવોએ પૂછેલા પ્રશ્નો અને તેને જુદા જુદા દેવોએ આપેલા ઉત્તરો. ભાષા હિંદી–ગુજરાતી મિશ્ર છે. ૧૭ દોહા છે.

*શિક્ષાપત્રી ભાષા :* શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાપત્રિકા છે. ગુજરાતી ભાષામાં પદ્યમાં ૨૬૦ ચોપાઈ–છંદમાં ગાવામાં અનુકૂળતા આવે તે પ્રમાણે એની રચના થઈ છે.

*વૃત્તિવિવાહ :* સાંસારિક વિવાહને આધ્યાત્મિક જ્ઞાનદષ્ટિએ મૂલવીને રસિક આલોચના ૨૦ પદમાં કરી છે. આ એક રૂપકાત્મક કાવ્ય છે. પરમાત્મા સાથેનાં લગ્નનું રૂપક પ્રયોજી તે પ્રસંગે લગ્નગીતો તરીકે ગાવા માટે ૨૦ પદોની રચના કરેલી છે.

*છૂટક પદો :* આશરે ૩૦૦૦ ઉપરાંત છે, જેમાં ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિનાં પદોનો સમાવેશ થાય છે. કેટલાંક અપ્રસિદ્ધ પણ છે.

ગુરુ તથા શાસ્ત્રની આજ્ઞાઓનો ભંગ કરનારા પર તીખા પ્રહારો કરતું 'સંન્યાશ્રમનું ભવિષ્યપુરાણ' નામનું કાવ્ય નિષ્કુળાનંદજીએ રચ્યું છે. શ્રીજી મહારાજ પ્રત્યે અનન્ય ભક્તિ તથા એ ભક્તિના આનંદની મસ્તી તેમની રચનાઓમાં ઠેર ઠેર દેખાઈ આવે છે.

ધોલેરા મંદિરનું નિર્માણ કાર્ય શ્રીજી મહારાજે એમને સોંપ્યું હતું. તેથી મંદિર બંધાયા પછી નિષ્કુળાનંદજીનો નિવાસ ત્યાં જ રહ્યો હતો. એમની કર્મભૂમિ ધોલેરા હતી. ધોલેરામાં ટકવું અને વસવું ઘણું કપરું હતું તે કામ પણ નિષ્કુળાનંદજીએ આજીવન ત્યાં રહીને નિભાવ્યું હતું. શ્રી સહજાનંદ સ્વામીએ તેમના એ કાર્યને એક પ્રકારનું તપ ગણ્યું હતું અને સ્વમુખે પ્રશંસા કરી હતી.

*નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ,*
*તિયાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ,*
*માટે સેજે તપ થાય રે, એવું છે જો આ મંદિરમાંય.*

૪૧ વર્ષ સુધી સંસારી તેમજ ૪૧વર્ષ સુધી સાધુનું ભર્યુ ભર્યુ જીવન જીવી સંવત ૧૯૦૪ (કે સંવત ૧૯૦૩) માં ધોલેરા ખાતે નિષ્કુળાનંદ સ્વામીને શ્રીજી મહારાજ અક્ષરધામમાં તેડી ગયાં.

નિષ્કુળાનંદ સ્વામીએ આ સંપ્રદાયમાં આધ્યાત્મિક સાહિત્યનો મહા સંગ્રહ કરીને શ્રીજી અને તદાશ્રિત જનોને ઘણાં પ્રસન્ન કર્યા છે. સ્વામીની શિલ્પ નિપુણતા પણ વિશ્વકર્માને વિસ્મય પમાડનારી અને સ્પર્ધા કરનારી અનુપમ હતી. સર્વજ્ઞ શ્રીજી પણ તેવાં કાર્યોમાં સ્વામીની સલાહ લેતા અને તેવા કાર્યમાં પ્રેરતા. શ્રીજીએ કરેલા મંદિર નિર્માણરુપ કાર્યમાં સ્વામીએ ઘણો ભાગ લીધેલો જણાય છે. તે સમયમાં તેવા શિલ્પીની

દુર્લભતા હતી. શ્રીજીનાં સમયમાં અને સ્વજીવન સુધીમાં થયેલાં ઘણાં ખરાં મંદિરોમાં સ્વામીનો શિલ્પી અંશ હતો. ધોલેરાના મંદિરમાં કડીયાકામ, સુતારકામ અને સલાટકામ પણ સ્વામીએ હાથે જ કેટલુંક કરેલું છે. મંદિર પુરુ કરવાની આજ્ઞા પણ શ્રીજીએ તેમને કરી હતી. ઠાકોરજીની આગળના કમાડનું આરસનું ચોકઠું પોતેજ કર્યુ છે અને ઘુમટની આગળની નાની ઘુમટની પથ્થરની કમાન તે પણ પોતે જ કોતરેલી છે. બીજું સુતારી કામ તો ઘણું કરેલું છે.

કારીયાણીમાં શ્રીજીનાં ઉપયોગ માટે એક કુંડી કરેલી છે. (અક્ષર ઓરડી પણ સ્વામીએ કરી હતી એમ કહેવાય છે) વડતાલમાં બાર બારણાનો હિંડોળો કે જેમાં શ્રીહરિ ઝુલ્યા હતાં અને તે નિમિત્તનો મોટો ઉત્સવ પણ થયો હતો. ઘણા સ્થળોએ શ્રીજીનાં સ્થાન વગેરેની સગવડ પણ સ્વામી કરતા. ગઢડા જૂનાગઢમાં તેવા કામો ઘણાં કર્યા છે.

સ્વામીએ આત્મવૃત્તિ, શિલ્પવૃત્તિ અને આધ્યાત્મિક ગ્રંથ નિર્માણ વૃત્તિથી સંપ્રદાયમાં મોટી મહત્તા મેળવી છે. તેમણે પોતાનું જીવન સાદું, સાત્વિક, સત્યાગ્રહ ભરેલું અને તપ, ત્યાગ, વૈરાગ્ય વિગેરે સગુણવાળું નિર્ગમન કરેલું હોવાથી તે સમયમાં તેમનો ઉપરનો દેખાવ ઓછો પ્રતીત થયો હશે, પરંતુ તેમના કાર્યોનો વિચાર કરતાં તેમનાં જેવા શ્રેયસ કાર્યો બીજાએ ભાગ્યેજ કર્યા હશે એમ કહીએ તેમાં લેશ પણ અતિશયોક્તિને સ્થાન નથી. સાધુતાના ગુણોમાં તો કાંઈ અવશેષ હતું નહીં.

લોકવ્યવહારમાં પણ વિલક્ષણ વિચક્ષણતા હતી જેથી શ્રીજી તેમને યજ્ઞાદિ કાર્યમાં પ્રેરતા હતા. તેમણે જન્મારંભ્ય અક્ષરવાસપર્યંત સ્વકીર્તિમાં પણ કાંઈ કલંક આવવા દીધું નથી. પરમહંસસ્થિતિ પછી મરણપર્યંત ગ્રંથો કીર્તનોજ કર્યા કરતાં હતાં. સં. ૧૯૦૨ માં છેલ્લો ગ્રંથ ભક્તિનિધિ કર્યો હતો. અને અગાઉ જણાવ્યં તેમ પોતે કૃત્ય કૃત્ય થઈને અને બીજાને પણ કૃતાર્થ કરીને ધોલેરામાં રહીને અક્ષરવાસ લીધો હતો. સ્વામીએ આ ભૂમિ ઉપર ૮૨ વર્ષ દેહ રાખ્યો હતો. પોતે ગૌર વર્ણવાળા, ઉન્નત અને કૃષ હોવા છતાં અતિ તેજસ્વી અને સૌમ્ય મૂર્તિ હતા. આવા મુકતવર નરરત્નની ભૂમિ પર ઘણી ખામી છે.

પત્ની અને સંતાનોની સામે ઊભા રહી શ્વસુરગૃહે ભિક્ષા માંગતાં અવિચળ રહેનાર નિષ્કુળાનંદે નાની મોટી અનેક ચિરંજીવી કૃતિઓની રચના કરી છે.

શ્રીહરિ સાથેના વિવાહને અનુલક્ષીને લગ્નગીતો, સંતોને આચારધર્મનો બોધ આપતા પદો, સહજાનંદ રૂપ, વિરહ પ્રેમલક્ષણા ભક્તિ, વૈરાગ્યબોધનાં પદોમાં મુક્તશૃંગાર ને બોધને કારણે તેઓ જુદા પડે છે.

સંપ્રદાય બહાર તેમના ઉત્કટ વૈરાગ્ય, ત્યાગ અને જ્ઞાનથી ઓળખાતા નિષ્કુળાનંદ સ્વામીની સાદી સીધી ભાષા અને ભાવ, પ્રચલિત લોકઢાળોનો ઉપયોગ અને ઉમેરાતું સંગીતનું તત્ત્વ તેમને નોંધપાત્ર બનાવે છે.

નિષ્કુળાનંદની કવિતાનું વિષયવસ્તુ ત્યાગ, સંતમહિમા, સંસાર વ્યર્થતા, જીવનની અલ્પતા છે પરંતુ તેમના પ્રેમલક્ષણા ભક્તિનું પદો અલગ તરી આવે છે. તેનું કારણ તેમની અભિવ્યક્તિની સરળતા અને સચોટતા છે.

*'ભેટજો ભેટજો ભેટજો રે ભાવે કરી ભૂધર મને ભેટજો'*

પ્રેમલક્ષણા ભક્તિનું પદ –

*'હરિ રસ પીજે રે હેતે*
*નો વે અવસર સો શિર દેતે !*
*પ્રીત જે પ્રભસું રે જોડે*
*નિષ્કુળાનંદ કહે નહીં ત્રોડે'*

પ્રભુ પ્રણયનાં પદોમાં સાંસારિક પ્રણયની પરિભાષા અને ભાવસામગ્રી –

*નજર તારી મારા નાથજી રે*
*બહુ મારે છે બાલ,*
*જરા હળવા રૈ ને હેરજો રે,*
*શામળિયા સુજાલ*

તો પ્રીતની પીડાની અભિવ્યક્તિ –

*સખી શીદને ભેદ છ ભલકે રે*
*બાઈ નિંદયા થઈ દલની રે*
*શીદ પ્રોવ છ પ્રાણ*

પ્રિયતમ પ્રભુને –

*આપ્યો આદર મેં એહને*

*હૈયે હરખ નવ્ય માયે,*

*હેતના આંસુ રે આવિયાં*

*લળી લળી લાગી હું પાયે.*

મિલનનો આનંદ –

*આજ મારે દિવાળી રે દિવાળી*

*હાં રે ઘેર્ય આવ્યા વાલો વનમાળી રે*

* * *

*'લાગી મારાં નટવરની લગની કે મર્યાદા મેલી જગની'*

* * *

*'પ્રીતમ પાતળિયો રે, પાતળિયો રે, આવી મુજ પર ઢળિયો'*

* * *

'સાચું કહો શામળિયા વહાલા, જાગ્યા કે ને સંગે રે' જેવાં અનેક પદોમાં કૃષ્ણ માટેની પ્રીતનું આકર્ષણનું વર્ણન છે.

'બાઝો મા ઓઢણે રે, સૌ દેખે સહીયરું નો સાથ' જેવી પ્રેમચેષ્ટાનું, ગોપીની ચતુરાઈનું વર્ણન છે, પણ આ ભક્તિમૂલક શૃંગારને નિષ્કુળાનંદે મર્યાદામાં રહીને ગાયો છે.

*લટકાળો લટકંતો આવે, મોહન મોરલી વાતો રે.*

*નિષ્કુળાનંદનો સ્વામી શામળિયો, આવે અમીરસ પાતો રે.*

'સ્નેહગીતા' માં કૃષ્ણ વિનાનું જીવન, સંબંધ અને ગોપીની દશાનું વર્ણન સ્મરણીય છે.

*જેહ મુખે અમે પાન ચાવ્યાં, તેહ મુખે આવળ કેમ ચાવશું ?*

*કૃષ્ણ વિના ઉદ્ધવ અમે, બીજું અંતર કેમ ઠેરાવશું ?*

*આ તો તનમન આપ્યું છે એહને, એક રતિ અમે રાખ્યું નથી,*

*શ્રી કૃષ્ણ કૃષ્ણ કહેતાં મરશું, પણ બીજું નહીં થાય અમથીં*

આ 'ગોપી ઉદ્ધવ સંવાદ– અત્યંત હૃદયસ્પર્શી છે. ભાષા સરળ છે. જયારે પ્રભુની મૂર્તિમાંથી વૃત્તિ બિલકુલ વિચલિત ન થાય ત્યારે આવું રસ ઉજજવલ, સચોટ વર્ણન મળી શકે, જે ઉત્તમ છે.

*'હું તો આનંદ પામી રે અપાર, વિઠલ વર વરતાં રે,*
*મારો સુફળ થયો અવતાર, કાન વર કરતાં રે.*

* * *

*'સરવસ્ય સોંપ્યું રે સખી મેં તો શામને રે,*
*તન મન ધન જો શિશ સમેત'*

* * *

*સખી કેસરભીનો છે કાનજી*
*મન માન્યા રે, મને મળ્યા મોરાર કે...'*
*'સખી સુંદર શ્યામ સુજાણની,*
*અમે છૈયે રે, ગિરધરની ઘરનાર કે...'*

આમ, સ્વામીશ્રીનો વૈરાગ્ય શુષ્ક ન હતો. શ્રીહરિ પ્રત્યેની પ્રેમભક્તિમાં પણ તેઓ રસબસ હતાં. ભાવાનુભૂતિની સચ્ચાઈ અને અભિવ્યક્તિમાં પ્રતીતિનું ઊંડાણ તથા અવારનવાર સૌરાષ્ટ્રી બોલચાલની લઢણનો વિનિયોગ તેમની કૃષ્ણ નિરુપિત પદ કવિતામાં સૌન્દર્યભક્તિ નહીં પરંતુ ભક્તિ સૌન્દર્ય સિદ્ધ કરે છે. ભક્તિસહજ કાવ્યમાં ભવ્ય કરતાં વધુ મૃદુતા અને 1જુતાનો પરિચય કરાવે છે.

(રાગ : ધોળ)

*સખી મેલી દે મનના મરોડને,*
*એવો આમળો રે, કરે કેને જો કાજ કે ... મેલી૦ ટેક*
*સખી તેને ગણી તુજ સરખી,*
*તુંને બીજે રે, બહુ લાગશે લાજ કે... મેલી૦ ૧*
*સખી અંગ અભિમાન આણીશ મા,*
*રખે ગણતી રે, સખી તાહરા ગુણ કે... મેલી૦ ૨*

*સખી મોટી કરી મળી મોહને,*
*જગમાંઈ રે, તુંને જાણતું કોણ કે...* મેલી૦ ૩
*સખી સુઘડપણાનું શું ઊપજે,*
*પરવીણ રે, પણ પૂછે છે કોણ કે...* મેલી૦ ૪
*સખી રૂપ દેખી નથી રઝિતા,*
*મન મ આણીશ રે, એવું જુવતી જોણ કે...* મેલી૦ ૫
*સખી શોભી તું શ્યામના સંગથી,*
*વા'લા આડી રે, કેમ કરીએ વાડ કે...* મેલી૦ ૬
*સખી ડા'પણથી દેહ દાઝશે,*
*પછે કોઈ રે, પૂછશે નહીં પાડ કે...* મેલી૦ ૭
*સખી તેને તુજ વિના ચાલશે,*
*તારે તે વિના રે, કાંઈ નહિ સરે કામ કે...* મેલી૦ ૮
*સખી પતિવ્રતાનું એ પણ છે,*
*સરાયે નહિ રે, બીજો સુપને શ્યામ કે...* મેલી૦ ૯
*સખી અબળાને એમ ઘટે ઘણું,*
*બળ બાંધી રે, બોલવો નહિ બોલ કે...* મેલી૦ ૧૦
*સખી નિષ્કુળાનંદના નાથને,*
*કાંઈ કે'વું રે, તેનો કરવો તોલ કે...* મેલી૦ ૧૧

સ્વામી નિષ્કુળાનંદનું આ એક સુંદર ભાવવાહી પદ છે. આ પદમાં શ્રીકૃષ્ણની સાથે સંકળાયેલી એક ગોપીને સખીભાવે બોધ અપાયેલો છે. આમ તો આ બોધ પરમાત્માનો સાક્ષાત્કાર વાંછતા જીવાત્માને અનુલક્ષીને જ અપાયેલો છે.

અહીં કોઈ એક સખીને શ્રીકૃષ્ણ સાથે વાકું નહીં પાડવાની અને પોતાનામાં જે કંઈ વાંકાપણું હોય તો તજવાની શીખ સૌમ્ય રીતે અપાઈ છે. પહેલી પંક્તિમાં જ 'સખી મેલી દે મનના મરોડને' એમ કહેવામાં આવ્યું છે. મનના મરોડ–વળ છોડી દેવાનું અહીં સખીને જણાવાયું છે, કેમ કે શ્રીકૃષ્ણ સામે આવું મન રાખવાથી લાભ નથી. પરમાત્મા તો પોતાની

રીતે જ વર્તવાના. એમની સાથે તો સરળ મન રાખ્યું જ સારું. એમના વાદમાં નહીં ઊતરવામાં સાર છે.સખી પોતે પોતાની જાતની મુખત્યાર, તે પોતાને જ સંભાળીને રહે તો પૂરતું છે. નિષ્કુળાનંદ સખીને નિરાભિમાની – નિર્માની થવાનો, સરળ ને વિનમ્ર થવાનો, ઉદાર અને ગુણજ્ઞ થવાનો બોધ આપે છે. કૃષ્ણનાં સત્સંગે જ મોટાઈ મળી છે તેનું સ્મરણ કરવાની, શ્યામ આડે વાડ ન બાંધવાની, કૃષ્ણ આગળ ખોટું ડહાપણ કે ચતુરાઈ નહીં દાખવવાની, ભગવાનની અદેખાઈ નહીં કરવાની કે એમની લીલા વિશે ખોટા ખ્યાલ નહીં બાંધવાની, ભગવાનના અન્ય ભક્તોની અદેખાઈ નહીં કરવાની, પોતાના જ માન–મલાજા તથા શકિત મર્યાદામાં રહેવાની; રૂપ–ચતુરાઈ–આછકલાઈ આદિનો આધાર નહીં લેવાની એમ અનેકવિધ શિખામણો સમભાવથી, કલાત્મક રીતે, 1જુતાથી અહીં રજૂ થઈ છે.

કૃષ્ણ તો ભક્તના અંતરભાવને પ્રીછે છે. બાહ્ય રૂપ – દમામ કે ડોળ–ચતુરાઈ જેવી ઉપલક – તુચ્છ બાબતોને એ વશ થતા નથી તે તેથી છોડવાનો બોધ તેઓ આપે છે. ભગવાન શું કરે છે એ જોવા કરતાં ભગવાન પ્રત્યે પોતાનું શું કર્તવ્ય છે એ વિશે સખીને સજાગ રહેવાનું નિષ્કુળાનંદ સૂચવે છે. ભગવાન પ્રત્યે પતિવ્રતાની જેમ અનન્ય ભક્તિભાવ રાખવાનું કહે છે. તેઓ અબળાનું નારીનું બળ એના પ્રભુ પ્રત્યેના વિનીત વ્યવહારમાં રહ્યાનુંયે બતાવે છે.

આ પદમાં 'કે' નો વિનિયોગ ધ્યાનાર્હ છે. મનના જાતભાતના મરોડ કેવા હોય તેનો ખ્યાલ આપવામાં સંયોજક 'કે' વિવિધ ઉક્તિ–સંદર્ભોમાં ઉપયોગી પુરવાર થાય છે. 'મેલી દે મનના મરોડ' 'ડા'પણથી દેહ દાઝશે', 'વા'લા આડી રે, કેમ કરીએ વાડ', 'બળ બાંધી રે, બોલવો નહિ બોલ' વગેરે ઉક્તિઓમાં કવિકર્મનો આહ્‌લાદક ઉન્મેષ જોઈ શકાશે. આ પદમાં ભાવના સૂક્ષ્મ મરોડ સરસ રીતે અંકિત છે. કૃષ્ણને નિરૂપતું આ પદ સુગેય છે.

નિષ્કુળાનંદના પદોમાં શ્યામ એ જ ઘનશ્યામ છે. પુરુષોત્તમ, મોહનરાય, શ્રીહરિ, શ્યામ આ બધાં જ શબ્દ પ્રયોગો જે કૃષ્ણ માટે પ્રયોજાય છે તે સહજાનંદજી માટે યોજાયાં છે. આમ, આ પદોમાં તેઓ સહજાનંદને જ કૃષ્ણરૂપે આરાધે છે.

*ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ;*
*ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ...* ૧
*અનાથપણાનું મે'ણું ઉતર્યું, સદા થયા સનાથ;*
*ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહયો હરિએ હાથ...* ૨
*કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ;*
*મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ...* ૩
*અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;*
*પાંપળા સર્વે પરાં પળ્યા, મળ્યા શ્રીહરિ સાક્ષાત્ ...૪*
*કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;*
*ખોટ મટીને ખાટય થઈ, રહી ગયો છે રંગ....* ૫
*ભૂધર મળતાં ભલું થયું, ફેરો ફાવ્યો આ વાર;*
*સુખ તણી સીમા શી કહું, મને મોદ અપાર...* ૬
*આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;*
*અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય...* ૭
*આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈ ખોટ;*
*એક કલ્યાણનું કયાં રહ્યું, થયાં કલ્યાણ કોટ ...* ૮
*રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મા કહેશો કંગાલ;*
*નિરધનિયાં તો અમે નથી, મહા મળ્યો છે માલ...* ૯
*કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;*
*ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ...* ૧૦
*ધન્યધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ;*
*નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ...* ૧૧

આ પદમાં નિષ્કુળાનંદે દેખીતી રીતે જ પ્રભુપ્રાપ્તિના આનંદને વર્ણવ્યો છે. ભૂધર, શ્રીહરિ, મહારાજ વગેરે શબ્દો શ્રીકૃષ્ણની પ્રાપ્તિના આનંદ અર્થ સૂચવે છે. તો પ્રગટ પુરુષોત્તમ શ્રીજી મહારાજ; સહજાનંદ સ્વામીની પ્રાપ્તિનો આનંદ પણ અહીં વ્યાપ્ત છે.

સૌના ખરા નાથ કૃષ્ણ પરમાત્મા છે. એનાથી જ સાચી સનાથતા લાધે છે. એ જ રીતે સાચું ધન પણ પરમાત્મા જ છે. એનાથી જ સાચી ધનિકતા લાધે છે. કૃષ્ણની પ્રાપ્તિ પછી દીનતા, હીનતા, દુઃખ, હાનિ વગેરે તો ટકે જ નહીં, બલકે અઢળક કલ્યાણ–સુખ–આનંદની પરિસ્થિતિ જ જીવનમાં અનુભવવા મળે. પરમાત્માનું દર્શન જયાંથી થાય એવા સ્વામી સહજાનંદનું મળવું એ જ જીવનની મહાન ઉપલબ્ધિ છે, એ જ જીવનનું પરમ સાર્થકય, પરમ વિજયપર્વ છે. નિષ્કુળાનંદ વળી વળીને, ઊલટથી કાવ્યમાં થોડું પુનરાવર્તન લંબાણ થતું હોવા છતાં ભૂધરની; પરમાત્માની પ્રાપ્તિનું સદ્‌ભાગ્ય ને સુખ ગાય છે. (એમનું પુનરાવર્તન એ રીતે ભાવપૂરક હોઈ નિર્વાહ્ય થાય છે) શ્રીહરિ મળે; પરમાત્મા મળે, પછી શેનો ભય રહે ? કઈ વાતની કસર રહે ? કઈ અણસમજ, કંગાલિયત ને અનાથતા રહે ? હરિનું મુખોમુખ મળવું એ એક અલૌકિક અનુભવ છે. નિષ્કુળાનંદને તો આવો અનુભવ કઈ રીતે મળ્યો એની જ નવાઈ છે. મહારાજ સાથે એમનો આવો ઉમદા યોગ થયો એ પણ પરમાત્માની કૃપાનું જ ફળ. પોતે કઈ રીતે પરમાત્માની કૃપાને પાત્ર થયા એની જ એમને નવાઈ છે. તેમણે તો આવા શુભ યોગે પોતાનો મનુષ્યાવતાર એળે નહીં જાય એનો જ ભારે ઉત્સાહ–ઉમંગ છે.

આ ઉમંગને અનુકૂળ વર્ણાનુપ્રાસવાળી–સાંગીતિક ગુંજવાળી પદાવલિ યોજવામાં કવિનું કૌશલ નોંધપાત્ર છે. આ કાવ્યમાં નિષ્કુળાનંદના આનંદના મૂળમાં સુદઢ પ્રભુશ્રદ્ધા ને સદ્‌ગુરુશ્રદ્ધા છે તે પણ જોઈ શકાશે. આ પદ સુગેય છે. સંપ્રદાયમાં આ પદ વ્યાપકપણે ગવાય છે.

જે લાલજીનું 'નામ અને કામ' ટળી ગયું હતું, તે લાલજી કુળ તજી 'નિષ્કુળ' થયાં હતાં.

વિક્રમ સંવત ૧૮૬૦ના તે દિવસથી લાકડા ઉપર કારીગરી કરનાર લાલજી, સુથાર મટી, વૈરાગ્યનાં ઉત્તમ પદો ઘડનાર સ્વામી નિષ્કુળાનંદ તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયા.

એમનો ત્યાગ વિશેનો ભાવ એવો પ્રખર હતો કે બહુ થોડા શિષ્યો તેમની પાસે રહ્યા હતાં. ત્યાગને તેમણે 'તેગની ધાર' તરીકે ઓળખાવ્યો છે અને વૈરાગ્ય વિના ત્યાગ

ટકે નહિ એમ તેમણે એક પ્રસિદ્ધ પંક્તિમાં કહ્યું જ છે. વૈરાગ્ય એમના અંતરમાં ઊંડો ઉતરી ગયો હતો.

*'વૈરાગ્ય વિના વિષય સુખનો, અંતરે ન થાય અભાવ,*
*નિષ્કુળાનંદ નિર્વેદ વિના, રુઝે નહિ વિષય ઘાવ...'*

સહજાનંદ સ્વામી તો એમના આવા સંતોનું – ભક્તોનું રૂડી પેરે લાલન પાલન કરતા હતાં. કૃષ્ણની જેમ ગોપીઓ સાથે તેમ સહજાનંદની આ સંતો સાથે મનોહર લીલા રચાતી હતી. સહજાનંદ સ્વામીની મૂર્તિ આ સંત કવિઓનાં હૃદયમાં એવી તો અંકાઈ ગઈ હતી કે એ સર્વે ગોપીઓ જેમ કૃષ્ણને આરાધે તેમ સહજાનંદને આરાધતા હતા, પ્રેમસખી ભાવે. એમાંથી સ્વામી સહજાનંદનાં આકર્ષક ચિત્રો, વર્ણનો સંત–કવિઓને સ્ફૂર્યા છે. નિષ્કુળાનંદે આલેખેલું એક ચિત્ર આ રહ્યું :

*'લટકાળો લટકતો આવે, મોહન મોરલી વાતો રે,*
*સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતો રે.*
*કેસરિયે વાઘે, કસુંબલ પાયે, કેસર રંગમાં રાતો રે,*
*ફૂલના તોરા, ગજરાની ટોપી, ફૂલોના હાંરે ફૂલાતો રે.*
*નિષ્કુળાનંદનો સ્વામી શામળિયો, આવે અમીરસ પાતો રે'*

*પિયા તમારું જે વદન, સદન સર્વ સુખનું,*
*નીરખતાં ભરી લોચન, મોચન ભવ દુઃખનું.* ૧
*પિયા નયણમાં ઘણો નેહ, અમ્રત્યે અતિ ભર્યા,*
*પિયા મિટ ધરી મુજ માથ, નાનજી દુર હર્યા.* ૨
*પિયા મુખે મધુરાંવેણ, દેણ સુખ સંપત્તિ,*
*સુણતાં મન થાયે મેણ, વિરમે સર્વ વિપત્તિ,.* ૩
*પિયા હસવે હેત સમેત, વાણી કહિ વાલની,*
*મોયું મારું મન ચિત્ત, જોઈ શોભા ભાલની.* ૪

પિયા વિધ્યે વિધ્યે કરી વાત, સમઝાવી સુખની,
ઓળખાવી અંતર માંયે, સોબત વિમુખની. ૫
પિયા અમ પર કર્યુ હેત, નિશ્ચે મારા નાથજી,
પિયા અઢળક ઢળિયા અમ સાથ, મલ્યા ભરી બાથજી. ૬
પિયા સાંભરતાં એ સુખ, વિયોગ દુઃખ થાયે છે,
પિયા જોતાં વચન સનમુખ, રાજી જો રેવાયે છે. ૭
પિયા મન મળવા મહારાજ, તલફે મારું તનજી,
પિયા નિષ્કુળાનંદના નાથ, દિજે દર્શનજી. ૮

હું તો આનંદ પામી રે અપાર, વિઠલ પર વરતાં રે;
મારો સુફળ થયો અવતાર, કાન વર કરતાંરે. ૧
મારા સરિયાં જો સરવેરે કાજ, મોહનને મલતાં રે;
ધન્ય ધન્ય ઘડી દન આજ, વિચાર્યુ મેં વળતાં રે. ૨
મારા મનમાં રે માની મેં મોટ, વરી વનમાળી રે;
મારા ખોયેલા દિવસની રે ખોટ, ભાગી મેં તો ભાળી રે. ૩
માનું મોતીડે વુઠા મેહ, આનંદની થૈ હેલી રે;
સખી શામ સું કરતાં સનેહ, રંગ ચાલ્યો રેલી રે. ૪
હું તો રસબસ થઈ રસમાંયે, રસિયાને રસે રે;
મારા અંગમાં ઊલટ ન માયે, હૈયું રયું હસે રે. ૫
મેં તો નીરખ્યા રે નટવર નાથ, શ્યામળી વળી સુરતિ રે;
સખી નિષ્કુળાનંદનોરેનાથ, સુખની મૂરતિ રે. ૬

પાતળિયા સંગાત્યે રે બાંધી બાઈ પ્રિતડીસ રે
હરિ વર વરી કરી ઘણું હેત;
સરવસ્ય સોપ્યું રે સખી મે તો શામને રે,
તન મન ધન જો શિશ સમતે ૦ પા. ૧
રાજી થઈ રાજે રે આપ્યું સુખ અમને રે,
તે તો સુખ મુખે કહ્યું કેમ જાયે;
મગન થઈને રે હાલું હું મલપતિ રે,
આજ મારે અંગે આનંદ ન માયે ૦ પા. ૨
અંગોઅંગ રયું રે ઓપી મારું એહ થકી રે,
વાલે વળી મળી વાળ્યો મારો વાન,
અવેવ ને ફરારે એણે મારા અંગના રે,
કર્યું મુને કાયેક કોડીલે કાન ૦ પા. ૩
જોબન જાળવ્યું રે કામ આવ્યું કાનને રે,
આવ્યો ભલે અબળાનો અવતાર ;
પુરુષનું દેહ રે બાઈ ઘણું પાપનું રે,
જેને નહિ પિયુ ઉપર પિયાર ૦ પા. ૪
ધન્ય ધન્ય નારી રે પ્યાસ જેને પિયુ તણી રે,
પિયુ સંગે બાંધ્યાં પોતાના રે પ્રાણ,
નિષ્કુળાનંદના રે સ્વામી પિયુ સત્ય છે રે,
નથી કર્યા વિકારી નરના વખાણ ૦ પા. ૫

સખી કેસર ભીનો છે કાનજી,
મન માન્યા રે, મને મળ્યા મોરાર કે ... કેસર. ટેક
સખી સુંદર શ્યામ સુજાણની,
અમે છૈયે રે, ગિરિધરની ઘર નાર કે... કેસર૦ ૧

સખી નટવર કુંવર ધર્મનો;

અલબેલો રે, મારો પ્રાણ આધાર કે... કેસર૦ ૨

સખી પ્રેમ પ્રીતે ચોંટયો ચિત્તમાં,

વિસરે નહિ રે, વા'લો નિમિષ વાર કે... કેસર૦ ૩

સખી સૂતાં બેઠા ઘણું સાંભરે,

ચિતવણી રે, ઘણી ચાલતાં ચીત કે... કેસર૦ ૪

સખી અંતરે અખંડ સાંભરે,

મારે થઈ રે, પાતળિયા શું પ્રીત કે... કેસર૦ ૫

સખી અહોનિશ રહું આલોચતી,

મોહનનું રે, મુખજોવાને કાજ કે... કેસર૦ ૬

સખી નેણાં ભરી જયારે નીરખશું,

ત્યારે શમે રે, મારા દિલની દાજ કે... કેસર૦ ૭

સખી મુખ જોયે દુઃખ જાય છે,

થાય છે રે, સખી શાંતિ ને સુખ કે... કેસર૦ ૮

સખી શમે મનોરથ મનના,

જયારે જુએ રે, શામળો સનમુખ કે... કેસર૦ ૯

સખી પૂરણ લેણું છે લાલશું,

જેથી સર્યા રે, મારાં સઘળાં કામ કે... કેસર૦ ૧૦

સખી નિષ્કુળાનંદનો નાથજી,

અલબેલો રે, મારો આતમરામ કે... કેસર૦ ૧૧

સખી મોહનજીને મળતાં રે, રંગ લાગ્યો છે.

મૈં–માટ મૂકયાં મે ટલતાં રે, રંગ લાગ્યો છે.

મેં લોકલજાને લોપી રે. રંગ૦

થઈ ગિરધર વરની ગોપી રે. રંગ૦

મેં કુળમરજાદા મેલી રે. રંગ૦
હું ખાંતીલાસું ખેલી રે. રંગ૦
મેં લાલનનું સુખ લીધું રે. રંગ૦
જે કર્યું તે મે કીધું રે. રંગ૦
હું તો રસિયાને રંગ રાચી રે. રંગ૦
મારે થઈ સગાઈ સાચી રે. રંગ૦
મારા મનની કાસળ ટાળી રે. રંગ૦
મેં તો નિગઠય ગાંઠય જ વાળી રે. રંગ૦
તે તો છૂટે નહિ જો છોડી રે. રંગ૦
મેં પીત પિયુસું જોડી રે. રંગ૦
મારો વર નઉત્તમ નંદલાલો રે. રંગ૦
નિષ્કુળાનંદનો વાલો રે. રંગ૦

જી રે આજ રંગે રમ્યા રસિક રાજયે
ખાંતીલો ખાંત્યે ખેલિયા.
જી રે શામળે હું થઈ છું સનાય. ખાંતીલો૦
જી રે ઠાકરિયે ઠારું છે મારું અંગ. ખાંતીલો૦
જી રે રંગીલાનો લાગો મુને રંગ. ખાંતીલો૦
જી રે તેણે મારું અંગ થયું ઉલાસ. ખાંતીલો૦
જી રે અલબેલે પૂરી છે મારી આશ. ખાંતીલો૦
જી રે રસીલે કરી છે રસબસ. ખાંતીલો૦
જી રે વિઠ્ઠલ વરે કરી મુને વશ. ખાંતીલો૦
જી રે હામ હૈયાની પૂરી પિયુ સાથ. ખાંતીલો૦
જીસ રે હોંશીલો નિષ્કુળાનંદનો નાથ. ખાંતીલો૦

જી રે આવો સેજે રમીએ સુંદર શામ
    લાડીલા લાડ લડાવીયે
જી રે પિયુ પૂરો હૈડાની હામ.        લાડીલા૦
જી રે શામળિયા છો સુખનું સદન.    લાડીલા૦
જી રે પિયુ મારા પ્રાણના જીવન.      લાડીલા૦
જી રે ઠાકરિયા છો ઠરવાનું ઠામ.      લાડીલા૦
જી રે સુંદર વર છો સુખડાના ધામ.  લાડીલા૦
જી રે તમે છો મારા આતમના આધાર. લાડીલા૦
જી રે હરિવર છો હૈડાના હાર.         લાડીલા૦
જી રે અલબેલા છો આનંદભંડાર.    લાડીલા૦
જી રે નટવર મારા નયણના શણગાર. લાડીલા૦
જી રે મોહન મારી સાચેરી મિરાથ.   લાડીલા૦
જી રે નમણા વર નિષ્કુળાનંદના નાથ. લાડીલા૦

## પ્રકરણ – ૭

## નિષ્કુળાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ*

૧. 'વૈરાગ્યના તપે તપતા નિષ્કુળાનંદ સ્વામી' 'સ્વામિનારાયણ પ્રકાશ' એપ્રિલ – ૨૦૦૩નો અંક પૃ. ૧૩

૨. 'શ્રી નિષ્કુળાનંદ કાવ્યકીર્તન –' ૧' અંતર્ગત શા. સ્વામી હરિજીનદાસજી દ્વારા અપાયેલ જીવનચરિત્ર પ્રસિદ્ધકર્તા – મહંત પુરાણી હરિસ્વરૂપદાસજી શ્રી સ્વામિનારાયણીમંદિર – ભુજ પૃ. ૧

૩. 'વૈરાગ્યના તપે તપતા નિષ્કુળાનંદ સ્વામી' 'સ્વામિનારાયણ પ્રકાશ' એપ્રિલ – ૨૦૦૩નો અંક પૃ. ૧૩

૪. એજન, પૃ. ૧૪

૫. એજન, પૃ. ૧૫

૬. વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી' શ્રી ગોરધનદાસ સોરઠિયા પૃ. ૧૮

૭. એજન, પૃ. ૧૯

૮. એજન, પૃ. ૨૦

૯. એજન, પૃ. ૨૦

૧૦. એજન, પૃ. ૨૧

૧૧. એજન, પૃ. ૨૧

૧૨. સ્વામિનારાયણ પ્રકાશ – એપ્રિલ – ૨૦૦૩નો અંક પૃ. ૧૫

✩✩✩

# પ્રકરણ - ૮
# દેવાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*જન્મ : ઈ.સ. ૧૮૦૩, સંવત ૧૮૫૯, કારતક સુદ ૧૫*

*અવસાન : ઈ.સ. ૧૮૫૪, સંવત ૧૯૧૦, શ્રાવણ વદ ૧૦*

*'દેવાનંદ કવિ બીજા સાર'*

*(નંદમાળા – મંજુકેશાનંદજી)*

## હૃદયમર્મને વીંધતા વેધક સંતકવિ દેવાનંદ સ્વામી :

સને ૧૮૦૮ અને વિ.સં. ૧૮૬૫ના શિયાળાની 1તુ હતી. સંધ્યા સમય ઢળી રહ્યો હતો. જેતલપુરમાં ઐતિહાસિક અહિંસક મહાયજ્ઞ કરીને ભગવાન સ્વામિનારાયણ ધોળકા પાસે આવેલા બળોલ ગામે પધાર્યાં હતા. ૨૮ વર્ષના નવયુવાન ભગવાન સ્વામિનારાયણની ખ્યાતિ ગામોગામ કુતૂહલનો વાયરો ફૂંકી રહી હતી. એટલે જ આખું ગામ અહીં પણ એમના દર્શને ટોળે વળ્યું હતું. શ્રીહરિના પ્રેમી ભક્ત રયા ખટાણે આગ્રહ કર્યો : 'મહારાજ ! વાળુ કરીને અહીં રાત રહી જાઓ. અમને લાભ આપો.' પરંતુ શ્રીહરિને તો જવાની ઉતાવળ હતી. એટલે એમની મરજી સમજીને રયા ખટાણે થૂલી અને તાંસળી ભરીને દૂધ તાત્કાલિક અર્પણ કર્યાં. ઘરમાં બેસીને જમવાને બદલે ચારે બાજુ ટોળે મળેલા લોકોની વચ્ચે જ, ગાડાની ઊધ્ય ઉપર બેઠાં બેઠાં શ્રીહરિ થૂલી અને દૂધ આરોગવા મંડયા. ભોંયે લટકતા પગ રાખીને જમતા શ્રીહરિની જમવાની રીત પણ અમાનુષી હતી. હાથનો દોથો ભરીને દૂધ સાથે થૂલી જમતાં શ્રીહરિના હાથે દૂધના રેલા ઊતરતા હતાં. અંગરખાની બાંય કોણીએ ચઢાવીને સૌનાં આશ્ચર્ય વચ્ચે શ્રીહરિ જીભથી કોણી ચાટતા હતાં ! તમાશાની જેમ ટોળે મળેલા કેટલાય લોકોએ મશ્કરી કરી : 'આવા કાંઈ ભગવાન હોતા હશે ?' પરંતુ એ ટોળા વચ્ચે જ ઊભેલો માત્ર છ વર્ષનો એક બાળક આ દૃશ્યને ઘૂંટી ઘૂંટીને પી રહ્યો હતો. મહારાજે કયારે વાળુ આટોપી લીધું એની એને ખબર ન રહી. અને

ઘોડાને એડી મારી મહારાજે વિદાયની તૈયારી કરી ત્યારે જાણે એ સમાધિમાંથી જાગ્યો. ટોળાને વીંધતો એ દોડતો ભગવાન સ્વામિનારાયણ પાસે પહોંચી ગયો.[૧]

'મહારાજ ! મને આપની સાથે લઈ જાઓ. મારે આવવું છે...'

'પણ તમારું નામ ? તમે કયાં રહો છો ?'

'મહારાજ ! અમે મારુચારણ ગઢવી. હું જીજીભાઈ રત્નુનો દીકરો. મૂળીમાં મારું મોસાળ. મારું નામ દેવીદાન ગઢવી....

મહારાજે મુમુક્ષુની પૂર્વભવની મુમુક્ષુતા પારખી લીધી. એમની વિનંતી સ્વીકારી લીધી. સૌ પરિવારને મનાવીને મહારાજે દેવીદાનને સાથે લઈ લીધા. બ્રહ્માનંદ સ્વામીને સોંપીને કહ્યું : 'સ્વામી, આ પણ દેવીપુત્ર છે. તો તમે હવે પલોટજો.'

મહાકવિ બ્રહ્માનંદે સ્વામીએ શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચઢાવી.[૨] દેવીદાનના હૈયામાં પડેલી શકિતઓને એમણે ઝંકારી. કાવ્યશાસ્ત્રમાં – પીંગળમાં દેવીદાન નિપુણ થવા લાગ્યા. રાગ–રાગિણીઓનું પણ તેમને જ્ઞાન થવા માંડયું.

જી હાં. બળોલનાં એ દેવીદાન એ જ પછીથી આપણાં હૃદયમર્મને વીંધતા સંતકવિ સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી.

સંવત ૧૮૫૯ના કારતક સુદી પૂનમના દિવસે ભાલ પ્રદેશમાં ધોળકાથી ૧૨ ગાઉ દૂર બળોલ ગામમાં રત્નુ શાખાના મારૂચારણ ગઢવી શ્રી જીજીભાઈને ત્યાં એક પુત્રનો જન્મ થયો જેનું નામ દેવીદાન પાડયું. તેમના માતુશ્રીનું નામ બહેનજીબા હતું અને તેમની બે બહેનોનાં નામ મધુબા અને બાઈજીબા હતાં. દેવીદાનનું મોસાળ મૂળીમાં હતું.[૩]

દેવીદાન પૂર્વના મુકત હતાં અને તેથી નાનપણથી જ એમનું જીવન બાળરમતમાં લાગતું નહિ ભક્તહૃદય હતું. એમના પિતાશ્રી શંકરના ઉપાસક હતાં. ચારણ કોમમાં વિદ્યાની પ્રવૃત્તિ અનોખી હોય છે અને તેવા જ સંસ્કાર દેવીદાનની ઉપર પડયા હતાં. એમને પાંચ વર્ષ પૂરાં થતાં તેમના પિતાશ્રી જીજીભાઈ બળોલ ગામના સીમાડે ધીંગડા ગામની સીમમાં સાંકળેશ્વર મહાદેવના દેવળમાં શિવપૂજન કરવા જતાં ત્યારે રોજ દેવીદાન તેમની સાથે જતા. એક વખત જીજીભાઈ બહાર ગામ ગયા હતાં. ત્યારે દેવીદાનજી નિત્ય નિમય મુજબ મહાદેવની પૂજા કરવા ગયા. ત્યાં એમના અંતરમાં

એકાએક ગદ્‌ગદ્‌ પ્રેમાસ્પદ ભાવના ઉત્પન્ન થઈ કે ભગવાન શંકર મારી પ્રત્યક્ષ પૂજા નહિ અંગીકાર કરે ?! બાળક વય છે, નિર્દોષ જીવન છે, આંખમાંથી પ્રેમના અશ્રુ વહ્યાં જાય છે, ભક્તિમાં મગ્ન છે. ભગવાન શંકર પ્રસન્ન થયાં, પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને વર માગવા કહ્યું.[૪] દેવીદાનજી શંકર ભગવાનના દર્શનથી હર્ષમાં આવ્યાં. સાષ્ટ્રાંગ પ્રણામ કર્યા અને પ્રેમપૂર્વક ગદ્‌ગદ્‌ કંઠે પોતાનો આત્યંતિક મોક્ષ માંગ્યો. ભગવાન શંકરે 'તથાસ્તુ' કહી એમની પૂર્વસ્થિતિનું જ્ઞાન આપ્યું. મસ્તક ઉપર પોતાના હસ્તકમળ પધરાવ્યાં અને કહ્યુ કે –"ભગવાન પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ પ્રગટ થયા છે અને તમારે ગામ આવશે ને તેમની જીભ કોણીયે અડશે. તમે એમનું શરણ સ્વીકારજો. તમને એ અપનાવશે. એમના શિષ્ય એક મહાન કવિ સદ્‌ગુરુનો તમને મેળાપ થશે. તેમની પાસેથી તમે વિદ્યા સંપાદન કરશો અને મહા કવિ તરીકે પ્રસિદ્ધ થશો." અને પછી બન્યો અગાઉ જણાવ્યો છે તે દેવીદાન અને શ્રીહરિનાં પ્રથમ મિલનનો સુભગ પ્રસંગ.

ભગવાન શ્રીહરિ જેતલપુરમાં યજ્ઞ કરી એક વખત બળોલ ગામે પધાર્યા, ગામલોક દર્શને ઊમટયું. રોકાવાનો અને જમવાનો શ્રીહરિને આગ્રહ કર્યો. સમય ન હોવાથી થુલી અને દૂધ તાંસળી ભરીને રયા ખટાણે તેમના આગળ મૂકયાં. ભગવાને ગાડા ઉપર બેસી એ પીવા માંડયું. તેમા અમાનુષિક ચેષ્ટા જણાઈ. દૂધના રેલા કોણીયે ઉતરતા જીભથી ચાટવા લાગ્યા. ભગવાનની જીહ્‌વા કોણીયે અટકતી જોઈ દેવીદાનને નિશ્ચય થયો કે સ્વામિનારાયણ સાક્ષાત્‌ ભગવાન છે. મનુષ્યની જીભ કોણીએ અટકી શકે નહિ. આવું સુંદર રૂપ, આવા આકર્ષક મહાનુભાવ ! ખરેખર શંકરે વરદાન આપ્યા મુજબ સાક્ષાત્‌ ભગવાને જ મને કૃપા કરીને દર્શન આપ્યાં છે. ભગવાન શ્રીહરિના દર્શનથી એમનું હૃદય દ્રવિત થયું. પ્રેમની અશ્રુધારા ચાલી. ગદ્‌ગદ્‌ કંઠે મહારાજને પ્રાર્થના કરી." આપ મને ન અપનાવો ? આપની સેવામાં મને ન રાખો ?" ભગવાન રાજી થયાં અને કહ્યું કે "અમો તમોને તેડવા જ આવ્યા છીએ." એમની વિનંતી સ્વીકારી અને એમને સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીને સોંપ્યાં. થોડો વખત ધોળે લૂગડે રહ્યાં. પણ પરમહંસ થવાની મનમાં ઘણીજ તાલાવેલી હતી. સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ પણ વિચાર્યું કે દેવ જાતિમાં જન્મ છે. શિવ–શકિત (દેવી) ના ભક્ત હતાં. હવે દેવાધિદેવ–પરમાત્માના ભક્ત થયા છે.

ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી અને મહાદીક્ષા અપાવી દેવાનંદ નામ પાડયું. દેવીદાન હવે દેવાનંદ સ્વામી બન્યાં. માત્ર દેવાનંદ સ્વામી નહીં પરંતુ સંતકવિ દેવાનંદ સ્વામી ! શ્રીહરિની આજ્ઞાથી તેઓ બ્રહ્માનંદ સ્વામી સાથે મૂળી મંદિરનાં નિર્માણમાં જોડાયાં અને પાછળથી અહીં જ સ્થાયી થયાં. બ્રહ્માનંદ સ્વામી પાસે કાવ્યનો અભ્યાસ કર્યો. પોતે પૂર્વના સંસ્કારી હતાં. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી જેવા મહાન કવિ અને પરમ કૃપાળુ ભગવાન સહજાનંદ સ્વામીનો રાજીપો મેળવ્યો. સરસ્વતી દેવીના આશીર્વાદ ઊતર્યા અને એટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા કે તે જયારે ગાન શરૂ કરે ત્યારે રાગ–રાગિણીઓ મૂર્તિમાન હાજર થતાં હોય એમ જણાતું.[૫] ભગવાન શ્રીહરિના સમયમાં અષ્ટ મહાકવિઓ હતાં.

સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી (દેવજાતિ), મુકતાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી અને દયાનંદ સ્વામી તે પૈકીના આ એક ઉત્તમ કવિ હતા. ઉપરાંત એ એક ઉત્તમ ગવૈયા પણ હતા. એ ઉચ્ચ કક્ષાના ગવૈયા તરીકે સારાયે ગુજરાતમાં પ્રસિદ્ધ થયા હતા એના અનેક દાખલાઓ છે.[૬]

દેવાનંદ સ્વામીએ એમની કાવ્ય આરાધનામાં ભગવાન સ્વામિનારાયણને કેન્દ્રમાં રાખીને એક પછી એક સોપાનો સર કરવા માંડયાં. તેમના ભક્તિભાવ, વૈરાગ્યવૃત્તિ તથા કાવ્યશકિતનો ખરો પરિચય તો એમનાં વૈરાગ્યબોધનાં પદોમાં મળે છે. ભોજા ભગતના ચાબખાનું સ્મરણ કરાવતાં એમનાં પદોમાં પ્રેમલક્ષણા ભક્તિ પણ એવી જ જોવા મળે છે. 'માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી...' કે 'તારે માથે નગારાં વાગે મોતનાં રે...' જેવાં પદોમાં જે સચોટ વેધકતા છે તે અજોડ છે.[૭]

ભગવાન સ્વામિનારાયણને રીઝવવા, દેવાનંદ સ્વામીએ એમની કાવ્ય આરાધનાની સાથે સંગીત આરાધના પણ નિરાળી કરી હતી. અવારનવાર જુદા જુદા પ્રસંગોએ તેમણે સ્વરચિત કીર્તન ગાઈને શ્રીહરિને ખૂબ પ્રસન્ન કર્યા હતા. રાગરાગિણીઓને મૂર્તિમાન કરવાનું એમનામાં અનેરું કૌશલ્ય હતું. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિની માધુરી સ્વરચિત ભાવ–નીતરતાં પદોમાં લલકારતાં તેમણે

અનેકને ભાવાર્દ્ર કર્યા હતાં. એમણે પદોની બંદિશ પણ પરજ, મલ્હાર, ખમાજ, કાફી, દેશ, સોરઠ, ધનાશ્રી, કલ્યાણ, બિહાગ આદિ રાગરાગિણીમાં કરી હતી.[૮]

એક વખત શ્રીજી મહારાજ બોટાદમાં પધાર્યાં હતાં. હોળીના દિવસે રાણપુરના મરાઠી હાકેમ જનુબા શ્રીહરિના દર્શને પધાર્યાં હતા. તેમણે શ્રીહરિને વિનંતી કરી કે આજે હોળીનો દિવસ છે તો સંતો પાસે હોળીનાં પદ ગવડાવો. શ્રીહરિએ આજ્ઞા કરી દેવાનંદ સ્વામીને. દેવાનંદ સ્વામીએ વસંતના આલાપ લઈને વસંતલીલાનાં પદો અદ્‌ભુત ગાયાં. જનુબા સંગીતના જાણકાર હતાં. તેઓ આફરીન પોકારી ગયાં અને શ્રીહરિ અંતર્યામી છે એવો તેને નિશ્ચય થઈ ગયો. શ્રીહરિએ દેવાનંદ સ્વામી પર ખૂબ પ્રસન્નતા વરસાવી.[૯]

કવીશ્વર ન્હાનાલાલ લખે છે : 'દેવાનંદ સ્વામી મહાન સિતારી હતા. એક વેળા વડોદરામાં ગાયકવાડ સરકારે સંગીતનો મોટો જલસો કીધો હતો. અમદાવાદ ને અયોધ્યાના ગાંધર્વો આવ્યા હતા. વડોદરામાં તે વખતે સાધુમંડળ વિરાજતાં હતાં; એ પરમહંસોને પણ દરબારી આમંત્રણ હતું. સ્પર્ધામાં તો સંતથી ગૃહસ્થો સાથે ન ઉતરાય; પણ બ્રહ્માનંદપ્રમુખ સંતમંડળ ગાયકવાડ સરકારના આમંત્રણને માન આપી, રાજમહેલે જઈ, સાજ સાથે કીર્તન સંભળાવી આવ્યા હતાં. ધ્રાંગધ્રાના રાજસાહેબ પણ દેવાનંદ સ્વામીનું સિતાર વાદન સાંભળવાને મૂળીએ પધારતા. સાચે જ ને ! સંતો શ્રીજીના સાજ હતાં, ને શ્રીજી કીર્તન હતાં.'

એ સમયે ગવૈયાઓમાં પણ હરિફાઈ ચાલતી અને દેવાનંદ સ્વામી સર્વશ્રેષ્ઠ હતાં. એમનાં આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને ઉચ્ચ વર્તન, ઉત્તમ સાધુતા અને ભગવાનને વિશે અત્યંત પ્રેમમય ઉપાસના, પરાભક્તિ, વિદ્વતા, જ્ઞાન ઉપરાંત વ્યવહારદક્ષતા પણ સંપૂર્ણ હતી.

સંવત ૧૮૭૮ના ફાગણ સુદી ૩ના દિવસે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા પ્રસંગે ભારતના જુદાં જુદાં ભાગોમાંથી એકત્ર થયેલા ગવૈયાઓની સમક્ષ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી દેવાનંદ સ્વામીએ ગાન શરૂ કર્યું. ત્યારે સઘળા ગવૈયા આશ્ચર્ય પામ્યાં અને નત મસ્તકે સ્વામીશ્રીને પ્રણામ કર્યા.

એક વખત ગાયકવાડ સરકારના ગવૈયા દ્વારકા થઈ ગઢડે આવ્યાં. ત્યારે પણ દેવાનંદ સ્વામીનું ઉત્તમ પ્રકારનું ગાન સાંભળી ઘણા આશ્ચર્ય પામ્યા.

ભગવાન શ્રીહરિ સુરત પધાર્યા. ત્યારે શ્રી અરદેશર કોટવાળ જેમને ગાયનનો શોખ હતો. તેમની વિનંતીથી બીજા એકત્ર થયેલા ગવૈયાની સમક્ષ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી જયારે સ્વામીએ કીર્તન ગાન શરૂ કર્યું ત્યારે સર્વ ગવૈયાઓનો ગર્વ ઉતરી ગયો.

ભગવાન શ્રીહરિ જયારે ધર્મપુરના રાજદરબારમાં પધારેલાં ત્યારે રાજાએ ગવૈયાઓ પાસે ગાન કરાવ્યું અને તેમના ગાનના વખાણ કરી રાજાએ તેમને સોનાનાં કડાં આપ્યા. પછી શ્રીહરિએ કહ્યું કે હવે અમારા સંતોનું ગાન સાંભળો એમ કહી શ્રીહરિએ દેવાનંદ સ્વામીને ગાવાની આજ્ઞા કરી. ત્યારે દેવાનંદ સ્વામી કાનરાના પદ મારતે તાલમાં ગાવા માંડયાં. દુક્કડ બજાવનારને તાલની ગમ પડી નહિ. સ્વામીજી બે પદ બોલ્યાં ત્યાં તો ગવૈયા મુગ્ધ બની ગયાં. શ્રીહરિ સ્વામી ઉપર પ્રસન્ન થયાં અને જરીનો જામો ઉતારી મુનિને માથે ફેરવીને ગવૈયાને આપ્યો અને મુનિને પ્રસાદીની ધોળી ડગલી આપી જે શ્રીહરિએ બહુ વાર પહેરી હતી.

આવા તો ઘણા દાખલાં છે. સ્વામીની સિતાર બજાવવાની રીત અનોખી હતી. દેવાનંદ સ્વામી જેવા ગાન વિદ્યામાં કુશળ હતા તેવા મહાન કવિ પણ હતા. એમણે ઘણા કીર્તનો બનાવ્યા છે. તેમાં મોટે ભાગે વૈરાગ્ય છલકાતો માલુમ પડે છે અને તેથી એમ લાગે છે કે એમનું પણ મુખ્ય અંગ નિષ્કુળાનંદ સ્વામીની જેમ વૈરાગ્યનું હશે. એમના કીર્તનની ભાષામાં સરળતા, માધુર્ય અને ભાવ ભીનાશ હોય છે. ભોજા ભગતનાં ચાબખા જેવો બોધ જ્ઞાને સહિત વૈરાગ્ય શ્રોતાઓના હૃદયમાં એમનાં કાવ્યો સાંભળવાથી સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. એમના પદોની પ્રલંબ પદાવલિઓમાં ભાવ ભીનાશ, નાદ સંગીતનો ધ્વનિ, ભાષાનું માધુર્ય અને અર્થનું ઊંડાણ નજરે પડે છે. મનુષ્યનું લક્ષ ઈશ્વર તરફ વાળવાની એમાં અદ્‌ભુત ભાવના છે. સંપ્રદાયની બહાર પણ વડોદરા, સુરત વગેરે સ્થળોએ એમની ગરબીઓ ગવાય છે અને એમાં રહેલી વૈરાગ્ય અને ભક્તિની ભાવના વકતા, શ્રોતાઓના હૃદયને ભાવ–ભીનાં બનાવે છે. કોઈ નવું અને અલૌકિક સ્ફૂરણ ઉદ્‌ભવે છે. આ સંપ્રદાયના સંબંધી જ્ઞાનના અભાવે ગુજરાતના સાક્ષર શ્રી નર્મદાશંકરને

ગુજરાતી ગદ્યના પિતા માનવામાં આવે છે. જ્યારે ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃત સંગ્રહ જે ગદ્યમાં છે, તે નર્મદાશંકરભાઈની પૂર્વે લખાયેલ છે અને ભાષાની દૃષ્ટિએ પણ વાચનારને માલુમ પડશે કે આવો સરળ ભાષામાં આધ્યાત્મિક વિષય ગુજરાતી ગદ્યમાં પહેલો જ હશે. એની ભાષાનું ગૌરવ નિષ્પક્ષ દૃષ્ટિએ વાંચનારને લાગશે કે તે આજે પણ આજના સંશોધિત ગુજરાતી ગદ્યનાં પુસ્તકોની હરોળમાં એ મોખરે ઊભું રહેશે. તે જ પ્રમાણે આ સંપ્રદાયના સંત કવિઓનાં કાવ્ય પણ એવાં જ સરસ અને ભાષાની દૃષ્ટિએ પણ ઉત્તમ અસરકારક છે. દેવાનંદ સ્વામીના કાવ્યોમાં દૃષ્ટાંતો, રમણીયતા, પદલાલિત્ય વગેરે શ્રોતાના મન ઉપર ઊંડી અસર કરે છે. તે નીચેની કડીઓ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

*"કર્ય પ્રભુ સંઘાતે દઢ પ્રીતડી રે,*
*મરી જાવું મેલી ધન માલ અંતકાળે સગુ નહિ કોયનું રે."*
*"ઘણું સૂઝે છે કામ સંસારનું રે,*
*કરે સગાનું બહુ સનમાન, નથી લેતો નારાયણ નામને રે."*
*"ગાદી તકીયાને ગાલ મસુરીયાં રે,*
*અતી આડ કરે છે એજ, તેમાં ભૂલી ગયો ભગવાનને રે."*
*"દેવાનંદ કહે ન જાણ્યા મારા નાથને રે,*
*મલ્યો માણસનો દેહ વિસાળ, તોય જાણ્યા નહીં જગદીશને રે."*
*"પેટ ભર્યામાં રે, પામર નરને અતી પ્રીતી,*
*રંચ ન જાણે રે હરિભજવા કેરી રીતિ."*
*"આ દિતવારે ઉદે થયાં, સૂરજ સહાનંદ*
*મારગ બતાવ્યો મોક્ષનો, મળિયા મુનિવરવ્રંદ"*

* * * * *

*"નર ભૂલી ગયો ભગવાન, માન મોટપ્ય કેરા મોહમાં રે,*
*અતિ અંતર માઈ અજાન, સુખ નાવે સંતના દ્રોહમાં રે"*

*''ભજયો નહીં ભગવાન, મુરખ જીવ તો મર્યો ....ભજયો,*
*પેટને અરથે પાપ કરતાં દિલમાં ન કર્યો.''*

શ્રીજીનાં સખા મહામુકતરાજ બ્રહ્માનંદ સ્વામી મૂળીમાં ત્રણ શિખરનું ભવ્યમંદિર બનાવીને વિક્રમ સંવત ૧૮૭૯ ના મહાસુદી પાંચમના રોજ શ્રી રાધાકૃષ્ણદેવ, હરિકૃષ્ણ મહારાજ વગેરે મૂર્તિઓની પ્રતિષ્ઠા ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સ્વહસ્તે કરાવી અને ત્યારબાદ સંવત ૧૮૮૮ના જેઠ સુદ ૧૦ નાં રોજ બ્રહ્માનંદ સ્વામી અક્ષર નિવાસી થયાં.

'દેવાનંદ સ્વામી શ્રીજીના નિર્માની સંત હતાં. બ્રહ્માનંદ સ્વામી અક્ષરધામમાં પધાર્યે મૂળીનું મહંતપદ ખાલી પડયું. કોને મહંતપદે સ્થાપવા એ સત્સંગને પ્રશ્ન થયો. ઝાલાવડનો સંઘ ધર્મધુરંધર આચાર્યજી મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજીની સમીપે અમદાવાદમાં એકઠો મળ્યો. મૂળીનું મંદિર અધૂરું હતું; શ્રીજીનાં ને બ્રહ્માનંદ સ્વામીનાં આદર્યાં પૂરાં થયાં ન હતાં. બ્રહ્માનંદ સ્વામીના શિષ્યને મહંતપદે સ્થાપવા એ તો નિર્વિવાદ હતું. પણ બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં બે પ્રધાન ને પ્રતાપી શિષ્યો હતાં : એક જાજવલ્યમાન પૂર્ણાનંદ સ્વામી ને બીજા નિર્માની દેવાનંદ સ્વામી. ઝાલાવડના સંઘે અને ધર્મધુરંધર આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે મહંતાઈનો અંચળો દેવાનંદ સ્વામીને ઓઢાડયો. દેવાનંદ સ્વામીએ પછી ગુરુનું અધૂરું મૂકયું પૂરું કીધું ને મૂળીમાં જ આયુષ્યઅવશેષ નિર્ગમ્યો.'[૧૦]

શ્રીહરિની આજ્ઞાથી સંવત ૧૮૬૫ થી ૧૮૮૮ એમ ૨૩ વર્ષ સુધી દેવાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામી સાથે રહ્યાં. સ્વામીશ્રીની ઈચ્છા અને આજ્ઞા મુજબ સ્વામીશ્રીની સેવા કરીને દેવાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીનાં કૃપાપાત્ર બન્યાં અને બ્રહ્માનંદ સ્વામી પાસે જ કાવ્યશાસ્ત્રોનો અભ્યાસ કરીને ઉત્તમ કોટિના કવિ બન્યાં.

હૃદયના વિશુદ્ધ સ્નેહથી માતા બાળકનો ઉછેર કરે છે એ જ રીતે હૃદયના વિશુદ્ધ સ્નેહથી દેવાનંદ સ્વામીનો બ્રહ્માનંદ સ્વામીએ ઉછેર કર્યો. તેનાં મહત્ત્વનાં પાસાઓ આ મુજબ છે.[૧૧]

(૧) છ વર્ષની નાની વયમાં જ સાધુ થયેલા દેવાનંદ સ્વામીને સત્પુરુષોનાં શુભ સંસ્કારોનું સિંચન કરીને મહાપુરુષને યોગ્ય એવી બ્રહ્મસ્થિતિ સિદ્ધ કરાવી.

(૨) ગુજરાતી, ચારણી, વ્રજ વગેરે વિવિધ ભાષાઓનાં વિવિધ કાવ્યશાસ્ત્રોનો અભ્યાસ કરાવીને 'શ્રેષ્ઠ કવિરાજ'ની પદવી પ્રાપ્ત કરાવી.

(૩) સંગીત વિદ્યાનો વિશિષ્ટ અભ્યાસ કરાવીને ઉત્તમ સંગીતકારરૂપે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરાવી.

આ રીતે બ્રહ્માનંદ સ્વામીએ દેવાનંદ સ્વામીનાં જીવનને ત્રિવિધ વિશિષ્ટ ગુણોથી વિકસાવ્યું. સ.ગ. ગોપાળાનંદ સ્વામીએ પણ પોતાના વાર્તાગ્રંથમાં સાચું જ કહ્યું છે કે "સંતની સેવા, સમાગમ અને કૃપાથી સંતનાં સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે અને બ્રહ્મસ્થિતિ સિદ્ધ થાય છે. સંતના ચિરકાળ નિવાસથી અને ચિરકાળના સંબંધથી પૃથ્વી, પહાડ, સરોવરો, નદીઓ વગેરે તીર્થસ્વરૂપ બને છે. દેવ પ્રતિમાના ઐશ્વર્યો તથા સદ્‌શાસ્ત્રની રચના સંતપુરુષના સંબંધથી જ વૃદ્ધિ પામે છે. આ રીતે સંત ત્રિવિધ કામ કરે છે."

દેવાનંદ સ્વામીનું સિતારવાદન વિશિષ્ટ હતું. પોતાની અંતિમ અવસ્થામાં બ્રહ્માનંદ સ્વામીએ દેવાનંદ સ્વામીને આજ્ઞા કરી કે, "આજથી તમને હું આ સિતાર સોપું છું. તમારે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ બેસીને સિતાર બજાડીને હરિકૃષ્ણ મહારાજને નિત્ય ચાર પદો સંભળાવવા." સ્વામીશ્રીએ આપેલ આ નિયમનું પાલન દેવાનંદ સ્વામીએ આજીવન કરેલું.

સ.ગુ. દેવાનંદ સ્વામી કવિવર શ્રી દલપતરામભાઈના કાવ્ય ગુરુ હતા. દલપતરામ અને નાનાલાલ બંને પિતા–પુત્ર પ્રથમ કક્ષાના ઉત્તમ કવિઓ થઈ ગયાં. કવિ દલપતરામના અભિપ્રાય મુજબ આ સંપ્રદાયના બ્રહ્માનંદ સ્વામીને સૂર્યસમાન કવિ તરીકે વર્ણવ્યા છે અને મુકતાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને ચંદ્ર તરીકે વર્ણવ્યા છે અને આ ત્રણની હરોળમાં દેવાનંદ સ્વામીને ચોથો નંબર આપ્યો છે. એ ઉપરથી આ સંપ્રદાયના સંતોની કાવ્ય શકિતનો કંઈક ખ્યાલ આવી શકશે. મુળીમાં દેવાનંદ સ્વામીના કીર્તનો ગવાતાં હતાં. તે સાંભળીને દલપતરામભાઈનો ભાવ સ્વામી પ્રત્યે વધ્યો અને એમણે પીંગળના અભ્યાસની શરૂઆત સ્વામી પાસે કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ

મહાપ્રભુની કૃપાથી સ. ગુ. દેવાનંદ સ્વામીના આશીર્વાદ અને કાવ્ય શિક્ષણથી દલપતરામભાઈ અગ્ર કવિ બન્યાં અને એમનો પહેલો મુકાબલો મૂળીમાં ધ. ધુ. આચાર્ય મહારાજ શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજની સમક્ષ તે વખતના કુસુમ કવિની સાથે થયો. દલપતરામની થયેલી સ્પર્ધામાં દલપતરામનો વિજય થયો. પોતાના શિષ્યનો વિજય થયો. તેથી દેવાનંદ સ્વામી ઘણા રાજી થયા. પણ એમણે તો એટલું જ કહ્યું આતો શ્રીજી મહરાજનો પ્રતાપ છે.

તે વખતે ગુજરાતમાં વડોદરા શાસ્ત્રવિદ્યા, કવિત્વ, મલ્લયુદ્ધ વગેરેમાં અગ્રગણ્ય મનાતું. રાજદરબારમાં અનેક વખતે સ્પર્ધાઓ થતી. તેમાં આપણા સંપ્રદાયના કવિઓ અને ગવૈયાઓને પણ આમંત્રણ આપવામાં આવતું. ત્યારે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી આ સંપ્રદાયનું વાતાવરણ જળવાય એવું હોય ત્યાં સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે જતાં અને પોતાની વિદ્યાનું સર્વોત્કૃષ્ટપણું સિદ્ધ કરતાં અને ધ્રાંગધ્રાના શ્રીરાજ સાહેબ તો દેવાનંદ સ્વામીનું સિતારવાદન સાંભળવા માટે વારંવાર મૂળી પધારતા.

સ. ગુ. દેવાનંદ સ્વામી કવિ અને ગવૈયા હોવા ઉપરાંત અધ્યાત્મ વિષયના ઊંડા અભ્યાસી હતાં. વડતાલના વીસમા વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી સાથે ઉત્તર કરવામાં દેવાનંદ સ્વામીનું પણ નામ છે. સ.ગુ. દેવાનંદ સ્વામીને શ્રીજીમહારાજની અડગ નિષ્ઠા હતી. એમના દ્વારા જે જે શુભકામ થાય તે ભગવાનની કૃપાનું જ ફળ સમજતાં.

શ્રીજી મહારાજના પરમ ભક્ત શ્રી મયારામ ભટ્ટના માતુશ્રી ધામમાં જવાનાં હતાં ત્યારે પોતાના પુત્ર મયારામ ભટ્ટને પાસે બોલાવીને કહ્યું કે "શ્રીજી મહારાજે મને દર્શન દઈને કહ્યું છે કે મૂળી મંદિરમાં સ.ગુ. દેવાનંદ સ્વામી રહે છે ત્યાં શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં હું અખંડ બીરાજમાન છું." જેથી હું જયારે ધામમાં જાઉં પછીથી મૂળી મંદિરમાં રસોઈ આપશો. તે મુજબ મયારામ ભટ્ટ મૂળી મંદિરમાં રસોઈ આપવા આવ્યાં હતાં અને ઉપરોક્ત વાત સ્વામીને કરી હતી.

ગઢપુરથી શ્રીજીના પરમ મુકત રાજ દાદાખાચર તથા લાડુબા જીવુબા વગેરે મૂળી મંદિરમાં રસોઈ આપવા આવેલા હતાં. જયારે પ્રથમ દિવસે જ શ્રીજી મહારાજ પોતે સ્વ

હસ્તે સંતોને પીરસીને જમાડી રહ્યા છે તેવા દર્શન થયાં. આ વાત સ. ગુ. દેવાનંદ સ્વામીને જયારે તેમણે કરી ત્યારે સ.ગુ. દેવાનંદ સ્વામી એ કહ્યું કે શ્રીજીમહારાજને મૂળી મંદિર બહુજ પ્રિય છે અને અખંડ શ્રીહરિ અહીં બીરાજે છે. જેથી દાદાખાચરે બીજા પાંચ દિવસ રસોઈ સંતોને આપીને બીજા પાંચ દિવસ રોકાયા હતાં.

"અંતકાળે આવી રે શ્રી ઘનશામ કરો મારી સહાય રે" આ કીર્તન દેવાનંદ સ્વામીનું સાંભળીને બ્રહ્માનંદ સ્વામીએ વરદાન આપેલ કે જે તમારા કીર્તનો અંતકાળે સંભળાવશે તે સાંભળનાર તેમજ સંભળાવનારને અંતકાળે શ્રીજી મહારાજ તેડવા આવશે.

રાજકોટ દરબારના પડધરી તાલુકાના રતનપર ગામના દરબાર રતનસિંહજીના બહેન કુસુમ કુંવરબાને મોરબી સ્ટેટમાં પરણાવેલાં પણ તેમને સંતાન ન થવાથી દરબારે બીજા લગ્ન કર્યા અને બીજાં રાણીએ કુંવરને જન્મ આપ્યો. અને તેથી રાજયમાં આનંદ થયો. સ્ત્રી સ્વભાવ પ્રમાણે કુસુમકુંવરબાને પોતાને પુત્ર ન થવાથી ક્ષોભ થયો. રતનસિંહજી ઘોડા ખેલાવવામાં ઘણા જ કુશળ હતાં. હાથમાં ભાલા સહિત ઘોડો ખેલવતા, એક વખત એ રમતમાં મોરબીના કુંવરને ખૂબ રસ પડયો અને તે ઘોડા પાસે ગયા. ઘોડો અચાનક કૂદયો અને રતનસિંહના હાથમાંનો ભાલો કુંવરને ગળામાં લાગવાથી કુંવરનું મૃત્યુ થયું. દરબારમાં આનંદને બદલે શોક વ્યાપ્યો રતનસિંહજી ગભરાયા અને ભાગ્યા. તેમના ઉપર કુંવરના ખૂનનો આરોપ મુકાયો. રતનસિંહજી ખૂબજ મુંઝાયાં. છેવટે સ.ગુ. દેવાનંદ સ્વામીનો પ્રતાપ સાંભળીને મૂળી ગયાં. પોતાના દુઃખની સ્વામીશ્રીને વાત કરી. સ્વામીશ્રીએ ધીરજ આપી અને ઘેર જવાની આજ્ઞા કરી. પણ દરબારને ભય હતો. ઘેર જાય પકડાઈ જાય અને ફાંસીની શિક્ષા થાય. દરબાર ઘણા ગભરાયા તેથી સ્વામીશ્રી તેમની સાથે રતનપર જવા નીકળ્યાં. ત્યાં ગામના પાદરમાં રતનસિંહે એક ઘોડેસ્વાર આવતો જોયો તેથી વધુ ગભરાયાં. સ્વામીશ્રીએ ધીરજ આપીને કહ્યું કે આ અસ્વાર તમને પકડવા નથી આવતો પણ વધામણી આપવા માટે આવે છે. ઘોડેસવાર નજીક આવ્યો અને અને રતનસિંહના હાથમાં લાલ અક્ષરે લખેલી કંકોતરી આપી જેમાં જણાવ્યું હતું કે કુસુમકુંવરબાએ કુંવરને જન્મ આપ્યો છે અને રતનસિંહજીના અપરાધને માફ કરવામાં આવ્યો છે અને રતનપુર ગામ બક્ષીસ કરવામાં આવે છે. ફાંસીને બદલે ગરાસ પ્રાપ્તિ એ

સ્વામીશ્રીના આશીર્વાદનું જ ફળ છે. એમ જાણી દરબારે સ્વામીશ્રીની પાસે વર્તમાન ધાર્યા અને શ્રીજી મહરાજના આશ્રીત થયા. મૂળીના મંદિરમાં ૧૦૦ વિઘા જમીન પણ શ્રીકૃષ્ણાર્પણ કરી.

બનારત્નુએ પણ દેવાનંદ સ્વામીની સેવા કરી. સ્વામી રાજી થયાં અને બ્રહ્માનંદ સ્વામી પાસે એમને આશીર્વાદ અપાવ્યા. જેથી એમના કુટુંબમાં ઘણા કવિઓ થયા અને હજુ સુધી પણ કવિકૂળ ચાલ્યું આવે છે. જેમના રાજ કવિશ્રી માવદાનજીભાઈ હાલ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

મૂળીમાં સૂર્યનારાયણનાં મંદિરના ઘુંમટનું કામ સ.ગુ. દેવાનંદ સ્વામીએ કરાવ્યું. બળોલમાં સ્વામીશ્રીના પૂર્વાશ્રમનો એક બ્રાહ્મણ બાળમિત્ર હતો. તેને સ્વામી ઉપર ઘણું હેત હોવાથી અંત સમયે એને દેવાનંદ સ્વામીના દર્શન થયાં અને વિમાનમાં બેસી ધામમાં ગયો.

સંવત ૧૯૧૦ના શ્રવણ વદી ૯મીને દિવસ સ.ગુ. દેવાનંદ સ્વામીએ એક મેરાઈ હરિભક્તને બોલાવ્યા અને કહ્યું કે 'આવતી કાલે મારે ધામમાં જવાનું છે. તો મારે માટે એક વિમાન તૈયાર કરાવી રાખજો'. સ્વામી શરીરે તંદુરસ્ત લાગતા હતાં. તેથી મેરાઈ ને ઘણું આશ્ચર્ય થયું અને સ્વામીને કહ્યું કે 'આપને મંદવાડ નથી. તદ્દ્ન સાજા છો અને ધામમાં જવાની વાત કેમ કરો છો ? અને આ મારે કેવી રીતે માનવું ?' સ્વામીએ જવાબ આપ્યો કે 'તમારા ઘરમાં ઉમરા પાસે કુંકુંમનાં પાંચ પગલાં પડયાં હોય તો જાણવું કે સ્વામી ધામમાં ગયાં.' બીજે દિવસે એટલે કે શ્રાવણ વદી ૧૦ મીના દિવસે મેરાઈ હરિભક્તે પોતાના ઘરના ઉમરા આગળ પાંચ પગલાં જોયાં અને એને ફાળ પડી. તરત મંદિરમાં તપાસ કરી તો સ્વામીશ્રી ભૌતિક દેહ છોડીને અક્ષરધામમાં પધાર્યાં હતાં. ભક્તે તો એમની આજ્ઞા અનુસાર એક સુંદર વિમાન તૈયાર કરાવી રાખ્યું હતું. તેમાં સ્વામીના શરીરને બેસાડી નદી કાંઠે જયાં સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીની છત્રી છે. ત્યાં અગ્નિ સંસ્કાર કર્યા. અને તે સ્થળે તેમના સ્મરણાર્થે આરસની છત્રી બનાવેલ છે.

આ સંપ્રદાયના સંતોની દીક્ષા લીધા પછી નવો જન્મ મનાય છે. તેથી ત્યાગીઓ પોતાના પૂર્વાશ્રમની હકીકત કયારેય કહેતા નથી તેમજ કહેવા દેતા પણ નથી. જે કાંઈ

આછી પાતળી માહિતી મળે છે તે એકઠી કરી આવા મહાન પુરુષોના જીવનમાં દષ્ટિપાત થાય છે.

ભગવાન, ભગવાનના અવતારો અને ભગવાનની પ્રતિમા સિવાય બીજા કોઈનું પણ ધ્યાન ન કરવાની શાસ્ત્રાજ્ઞા હોવાથી અને સહજાનંદ સ્વામીની હયાતીમાંજ તેમને ભગવાન તરીકે ઓળખવાથી સંતોના ચરિત્રોનો વિષય ગૌણ બન્યો અથવા બિલકુલ ઉદ્‌ભવ્યોજ નહીં. આથી જ આ સંતો વિશેની અલ્પ હકીકતો આપણને પ્રાપ્ત થાય છે. સંપ્રદાયના ઇતિહાસમાં 'દેવાનંદ' નામે ચાર સંત–પરમહંસોનો ઉલ્લેખ મળે છે. શ્રીજીમહારાજના સમકાલીન આ ચારે દેવાનંદ નામધારી પૈકી સંપ્રદાયમાં 'ગવૈયા દેવાનંદ' તરીકે પ્રસિદ્ધ દેવાનંદ સ્વામી વૃદ્ધ હતાં. તેમણે જૂનાગઢમાં ગાનવિદ્યાથી શ્રીજીમહારાજની પ્રસન્નતા મેળવી સં. ૧૮૩૬માં દીક્ષા મેળવી હતી. તેમણે ધરમપુરમાં ગાવણું કરીને શ્રીહરિને પ્રસન્ન કર્યા હતાં. સુરતમાં બીમાર થયેલા આ જ દેવાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ ગુણાતીતનંદ સ્વામીએ ખૂબ સેવા કરી હતી. 'કવિ દેવાનંદ' તરીકે પ્રસિદ્ધ સંત એટલે અષ્ટનંદ સંતોમાં જેમની ગણના થાય છે તે પૂર્વાશ્રમના બળોલનાં દેવીદાન. તેઓ પણ ગાન વિદ્યામાં કુશળ હતા. ઉપદેશનાં પદોમાં ચાબખા મારનાર આ કવિ દેવાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય અને કવિ દલપતરામના કાવ્યગુરુ હતાં. અન્ય એક 'સંન્યાસી દેવાનંદ' અથવા 'દેવાનંદ દંડી' તરીકે પણ પ્રસિદ્ધ સંત હતા. ભદ્રના કિલ્લામાં સૂબાએ કાવતરું ઘડીને શ્રીહરિને મારવાનો પેંતરો રચ્યો હતો ત્યારે આ સંન્યાસી સંત શ્રીહરિની સાથે હતાં. અને ચોથા 'બ્રહ્મચારી દેવાનંદ' પણ પ્રસિદ્ધ છે. અહીં જાણકારી હેતું ગવૈયા દેવાનંદ તરીકે પ્રસિદ્ધ વૃદ્ધ દેવાનંદ સ્વામીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર મમળાવ્યું છે.

# સ.ગુ.સ્વામી દેવાનંદજી (ગવૈયા)

*'દેવાનંદ ગવૈયા ઉદાર'*

(નંદમાળા–મંજુકેશાનંદજી)

સંવત ૧૮૬૩ ની સાલમાં શ્રીહરિએ જૂનાગઢમાં રામનવમીનો સમૈયો કરેલો. આ પ્રસંગે શ્રીહરિ પંદર દિવસ રોકાયેલા. જૂનાગઢ રાજયના સંગીતકારોએ સાંભળેલું કે સહજાનંદ સ્વામીના સંતોમાં કેટલાક સંતો વિશિષ્ટ પ્રકારનું સંગીત જાણે છે અને સહજાનંદ સ્વામી પણ સંગીતવિદ્યાના જ્ઞાતા છે અને સંગીતકારોનું સન્માન કરે છે.

એક વખત તેઓ સભામાં આવ્યા. શ્રીહરિએ તેમને આદરથી બોલાવ્યાં અને બેસાર્યા. શ્રીહરિએ કહ્યું કે, "મેં સાંભળ્યું છે કે આપ સર્વે ઉત્તમ સંગીતકારો છો. અનુકૂળતા હોય તો સભાજનોને આપનું સંગીત સંભળાવો." આજ્ઞા મળતા તેઓએ પોતાનો વાદ્યો સજ્જ કરીને મધુરસ્વરથી સંગીત ગાન કર્યું. સંગીત સાંભળીને શ્રીહરિ અને શ્રોતાઓ પ્રસન્ન થયા. શ્રીહરિએ તેમની પ્રશંસા કરી અને ઉપદેશ આપતા કહ્યું કે, "પ્રત્યેક વિદ્યાવ્યવસાયથી પૈસો, પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે પરંતુ એ બધાનું પરિણામ તો અંતે દુઃખ જ છે. પ્રભુ પ્રીત્યર્થે જ વિદ્યાવ્યવસાય કરનારને બધુ જ મળે છે ઉપરાતમાં તેને મોક્ષ મળે છે." એમ કહીને શ્રીહરિએ તેઓનું સન્માન કર્યું.

આ સંગીતકારોની મંડળી પૈકીનો એક ભાવિક મુમુક્ષુ સંગીતકાર શ્રીહરિનો ઉપદેશ એકાગ્રચિત્તથી સાંભળતો હતો અને ભાવથી શ્રીહરિનાં દર્શન કરતો હતો. તેથી તેને સમાધિ થઈ અને સમાધિમાં તેણે પોતાના ઈષ્ટદેવનાં દર્શન કર્યાં. સમાધિમાંથી જાગૃત થઈને તેણે મનમાં નિશ્ચય કર્યો કે આ સહજાનંદ સ્વામી ઈશ્વરનો અવતાર છે. તેના આશ્રયથી જરૂર ઉદ્ધાર થશે. આમ દઢ નિશ્ચય કરીને શ્રીહરિની સમીપમાં આવ્યો અને શ્રીહરિને પ્રણામ કરીને કહ્યું કે, "આપ ઈશ્વર છો. મારે આપની સેવામાં રહેવું છે. આપ મને આપની સેવામાં રાખો." તેની વિશુદ્ધ ભાવના જોઈને શ્રીહરિએ તેને સાધુદીક્ષા આપીને દેવાનંદ સ્વામી નામ આપ્યું.

ધરમપુરમાં શ્રીહરિએ વસંતપંચમીનો સમૈયો કરેલો. તે સમયે સહજાનંદ સ્વામીના સંગીતકાર સંતોને પરાજિત કરવાની ઈચ્છાથી અન્ય રાજયના સંગીતકારો ધરમપુર આવેલા અને તેઓએ સભામાં સંગીતગાન કર્યું. તેઓનું સંગીત સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, "અમે તમારું સંગીત સાંભળ્યું. તમે અમારા સંતોનું સંગીત સાંભળો." એમ કહીને શ્રીહરિએ દેવાનંદ સ્વામીને સંગીતગાન કરવાની આજ્ઞા કરી. સ્વામીશ્રી એ સમયમાં વૃદ્ધ હતા, થાકેલા પણ હતા છતાં તેમણે ઉત્સાહથી સંગીતગાન કર્યું. સ્વામીશ્રીની વાદ્ય વજાડવાની કળા અને ગાયન પદ્ધતિથી મુગ્ધ થયેલા આગંતુક સંગીતકારો શરમિંદા બની ગયા. સ્વામીનું સંગીત સાંભળીને સંગીતના મર્મજ્ઞ સહજાનંદ સ્વામી દેવાનંદ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા અને પોતે ઓઢેલા સોનાના તારવાળો કિંમતી રેંટો અને પાઘ ઉતારીને સ્વામીની ઉપર ઓળઘોળ કરીને કહ્યું કે, "આ પારિતોષિક તો આ સંતને આપવું જોઈએ પરંતુ સંતોને આ પદાર્થ ઉપયોગના નથી." એમ કહીને આગંતુક સંગીતકારોને તે વસ્ત્રો આપીને સન્માનિત કર્યા.

કવિ દેવાનંદ સ્વામીએ સંપ્રદાયને આપેલી એક અણમોલ ભેટ એટલે ગુજરાતના મહાન કવિરત્ન દલપતરામ. દલપતરામે મૂળીના સભામંડપમાં પ્રથમ વખત દેવાનંદ સ્વામીનો પરિચય કર્યો ત્યારથી એમના દિવાના થઈ ગયાં. ન્હાનાલાલ પોતાના પિતાની એ કાવ્યદીક્ષાનો ઉલ્લેખ કરતાં લખે છે : 'સભામંડપમાં ગવાતાં દેવાનંદ સ્વામીનાં કીર્તનો દલપતરામે સાંભળ્યાં. દેવાનંદ સ્વામી છંદો રચતા નહીં, કીર્તનો જ રચતાં; અને તે પણ ત્યાગથી શોભતાં વૈરાગ્યપ્રધાન કીર્તનો. સંતો દુનિયાને સદા સદ્‌બોધે છે. દલપતરામને જિજ્ઞાસા થઈ ને વધુ કીર્તનો મેળવીને વાંચ્યાં. વાંચ્યે જિજ્ઞાસા વધી. પછી તો સ્વામી પાસેથી યાચી યાચીને કીર્તનો વાંચ્યાં. હૈયું હુલસતું હતું, સ્વામી ભણી ભક્તિ ખેંચાતી જતી હતી. પછી સ્વામીને કાવ્યશાસ્ત્રની કેટલીક શંકાઓ પૂછી; સ્વામીના ઉત્તરથી શાંતિ વળી; ને દલપતરામે દેવાનંદ સ્વામી પાસે પિંગળ ભણવા માંડયું. છંદશૃંગાર નામનું પિંગળશાસ્ત્ર અને ભાષાભૂષણ નામનો અલંકારગ્રંથ દેવાનંદ સ્વામી પાસે પ્રથમ દલપતરામ શીખ્યા.'

દેવાનંદ સ્વામીના સ્નેહસિંચનથી પોષાયેલા કવીશ્વર દલપતરામ પણ સંપ્રદાયના એક મહાકવિ હતાં. એ સમયના સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ કવિ સાથેના એક કાવ્યવિજયનો પ્રસંગ, દલપતરામના સુપુત્ર કવિ ન્હાનાલાલે તેમની રસાળ શૈલીમાં નોંધ્યો છે.

એ ફૂલજી ગઢવી; જેમનું કાવ્યાભિનામ કુસુમ કવિ. ફૂલજી ગઢવી મહા મર્મનાં બાણ મારનાર શબદ બાણાવળી હતા. એક વેળા મૂળી મંદિરમાં એમણે પૂછયું કે 'પારસ સ્પર્શે લોઢું સોનું થાય કે નહીં ?' સંતોએ કહ્યું પારસ સ્પર્શે લોઢું સોનું થાય જ.' ગઢવી બોલ્યા કે 'તો પછી તમ સમાગમે અમે આવા લોઢાના કટકા જ કાં રહ્યા ?'

એક સંતે ઉત્તર વાળ્યો : 'ગઢવી ! લોઢાનું સોનું થાય, કાઈ કાટના ગઠ્ઠાનું ન થાય !'

ફૂલબાઈ ગઢવી ચોરે બેસતા, ઠાકર મંદિર જતા, ભાયાતોના ડાયરા ગજવતા. ગઢવી ભરજોબનમાં ઝોલાં ખાતા હતા. સંવત ૧૯૦૧ના ફાગણ કે ચૈત્ર માસમાં કુસુમ કવિ એકદા (મૂળી) મંદિર પધાર્યાં હતા. ત્યારે (મશ્કરી કરતાં) દેવાનંદ સ્વામીને કહ્યું કે 'સ્વામી !' રાજદરબારોમાં કવિઓ નથી રહ્યાં, ને સત્સંગમાંય અસ્તાચળે સૂર્ય લાગે છે. બ્રહ્માનંદ સ્વામી હતા, પ્રેમાનંદ સ્વામી હતા, મુકતાનંદ સ્વામી હતા. (પણ હવે) બધેય આથમણાના ઓળા છે કે શું ?'

દેવાનંદ સ્વામી તો મહાનુભાવ નિર્માની સાધુપુરુષ હતા એટલે એમને કવિના મર્મબાણે માઠું ન લાગ્યું. શીળે ભાવે કહ્યું કે 'હા, ઠીક કહો છો. બ્રહ્માનંદ સ્વામી સમા સૂર્યો આજ સત્સંગમાં નથી.'

પછી જન્માષ્ટમીના સમૈયામાં ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી અમદાવાદથી મૂળીમાં પધાર્યાં ત્યારે સભામંડપમાં એજ ફૂલનછ ગઢવીને કે જેમણે દેવાનંદ સ્વામીનું અપમાન કર્યું હતું તેમને વઢવાણનાં સત્સંગી હરિભક્ત દેવાનંદ શિષ્ય દલપતરામે કાવ્યચર્ચામાં હરાવ્યાં ત્યારે દલપતરામનો વિજય થયો એટલે તેમના કાવ્યગુરુ દેવાનંદ સ્વામીને સૌએ અભિનંદન આપ્યાં. દેવાનંદ સ્વામીએ અભિનંદનનો અસ્વીકાર કરીને કહ્યું : 'આ વિજય શ્રીજીમહારાજનો છે, એમની કૃપાથી જ વિજય થયો છે. આમાં માન શાનું લેવાનું ?' આવા નિર્માની અને પ્રયટમાં ખપવાળા હતાં દેવાનંદ.

૧૨૦૦ ઉપરાંતની સંખ્યાએ પહોંચતા વિવિધ રાગોનો નિર્દેશ ધરાવતાં તિથિ, વાર, બારમાસી, ગરબો, ગરબી, ચાબખા વગેરે પ્રકારોમાં લોકભોગ્ય સરળતા અને સચોટતાથી કૃષ્ણલીલા, સહજાનંદ ચરિત્ર અને ભક્તિવૈરાગ્યબોધ આલેખાયાં છે. મનુષ્યનું લક્ષ ઈશ્વર તરફ વાળવાની એમનામાં અદ્ભુત ભાવના હતી. દેવાનંદ સ્વામીનાં કાવ્યોમાં દષ્ટાંતો, રમણીયતા અને પદલાલિત્ય વગેરે શ્રોતાના મન ઉપર ઊંડી અસર કરે છે તે નીચેની પંક્તિઓ દ્વારા સ્પષ્ટ જણાઈ આવે છે.

*'કર્ય પ્રભુ સંઘાતે દઢ પ્રીતડી રે,*
*મરી જાવું મેલી ધન માલ અંતકાળે સગું નહિ કવિનું રે.'*
*'નર ભૂલી ગયો ભગવાન, માન મોટપ કેરા મોહમાં રે,*
*અતિ અંતર માંઈ અજાન, સુખ નાવે સંતના દ્રોહમાં રે.'*

સ્વામિનારાયણ સંતપરંપરામાં ચાર મુખ્ય સંત કવિઓમાં પાંચમુ નામ ઊમેરવું હોય તો તે દેવાનંદ સ્વામીનું છે.

દેવાનંદ સ્વામીની કાવ્યરચનામાં પ્રેમલક્ષણા ભક્તિસભર પદોનું પ્રમાણ સૌથી વિશેષ છે. તેમાં દાસીભાવે, ગોપીભાવે, કૃષ્ણપ્રીતિ વ્યક્ત થઈ છે. પ્રેમમાં વિરહ, મિલન, ઝંખના, ઉત્કંઠા, વ્યથા, આનંદ, સુખ, સંભોગ, અનુનય, વિનય, દર્શનનો તલસાટ, મોહિની, વ્યાકુળતા, આકર્ષણ, કામણ, રંગરમણા વગેરે ભાવો વ્યક્ત થતાં જણાય છે.[૧૨]

મિલનની ઉત્કંઠા અને વિરહ વેદનાને કવિ ભાવભરી વાણીમાં વર્ણવે છે.

*'લગની લાગી રહી ઉર ઘનશ્યામ મિલન કી આસી,*
*હેરત પંથ થકે દોઉ નેતા અવધ ગઈ ખટ માસી.'*

ગોપી ઉદ્ધવ પાસે અંતર ખાલી કરતાં કહે છે :

*'કેની આગળ કહીએ ઓધા, જીવ તણું રે દુઃખ જોઈને,*
*ભાગ્ય લખ્યું તે અમે ભોગવીને છૂટશું, કીધલ પૂરવ કમાઈને'*

પ્રેમવશ ગોપી પરવશતા અનુભવતા કહે છે :

*'જોર ન ચાલે જાદુગરા ઉપર્યે : મુખમાં બળેલ ઉનું ખાઈને'*

ગોપી હૃદયનાં કૃષ્ણ વિષયક સંવેદનની આ તીવ્રતા :

*'મુને લે' લાગી રે નંદલાલાની'*

દેવાનંદ સ્વામીએ હોરીના અને દાણલીલાના પદોમાં પ્રેમ શૃંગારનો ચાતુરી ભર્યો ગુલાલ ઊડાડયો છે. કવિએ ગુજરાતી, વ્રજ અને રાજસ્થાની એ ત્રણ ભાષામાં પદરચના કરેલી છે. કેટલીકવાર એક જ પદમાં એ ભાષાઓને મિશ્રરૂપે પ્રગટ કરે છે. કવિ, ગવૈયા, તંબૂરા પર કૌશલ્ય ધરાવનાર અને તત્ત્વજ્ઞાનનાં ઊંડા અભ્યાસી દેવાનંદ સ્વામીની કૃષ્ણભક્તિની પ્રબળતાના ઉદાહરણો તેમની રચનાઓમાંથી પ્રાપ્ત થાય છે.

જીવ અને શિવના સંદર્ભમાં પ્રબળ સ્નેહભાવ તેમજ શુદ્ધ કૃષ્ણભક્તિની સાથે સહજ કાવ્યાત્મક અભિવ્યક્તિ તેમને નોંધપાત્ર પદકવિ ઠેરવે છે. કૃષ્ણનાં સુંદર માનવીય પરિમાણ જીવંત અને તરલ લાગે છે.

*નાથના નેણમાં, વાલાના વેણમાં, કાનના કેણમાં*
*ઓધારે મનડું વેધાણું છે મારું રે...*
*ભરવાને પાણી, જાતી'તી હું જાણી, લાલમાં લોભાણી*
*હસીને બોલાવી, મુને લલચાવી, ઊભા પાસે આવી.*
*આંખ્યુ જાદુગારી, પ્રેમની પટારી, કાનાની કટારી.*
*દેવાનંદ ભાળી, વાલો વનમાળી, મૂર્તિ રૂપાળી.*

*　　*　　*

*મારા રસિયા ગુમાની છેલા, રૂપમેં લોભાની હું તો કાન....*
*ઉર મેં અલૌકિક આશ, ચિત્ત ચાહુ બાર માસ*
*અધર અમૃત દીજે દાન...*

ડૉ. અમૃતલાલ યાજ્ઞિક કહે છે તે નોંધપાત્ર છે. : "દલપતરામના કાવ્યગુરુ દેવાનંદ સ્વામીનો ફાળો ગુજરાતી કવિતામાં પરોક્ષ રીતે રહ્યો છે એ ઐતિહાસિક ઘટનાની નોંધ લેવાવી જ જોઈએ."

દેવાનંદની પદવાણીમાં સરળતા અને સહજતા અનુભવાય છે. સંસારની અસારતા, માયાની વ્યર્થતા, જીવનનાં અંતકાળે ધન–સંપતિ અને સ્થૂળ સ્વાર્થી સંબંધોની

વ્યર્થતા, સંતની મહત્તા, પ્રગટ પુરુષોત્તમની આધીનતા–આ બધાંની વાત દેવાનંદ છેડે છે, માંડે છે, એમાંય રસસભર છે ગોપીભાવે, દાસીભાવે તેમણે ગાયેલી પ્રેમલક્ષણાભક્તિ કવિતા. જ્ઞાન, વૈરાગ્યને જીવનમાં સાર્થક કરનાર સદ્‌ગુરુ સ્વામી દેવાનંદ ગોપીનાં, એક પતિવ્રતા ભક્તિસભર નારીનાં ભાવો આબાદ ઝીલે છે. શ્રી કૃષ્ણનું મનહર રૂપ–સ્વરૂપ, તેમનાં અંગેઅંગ અને શણગારનું વર્ણન, નેણાનાં જાદુ, મરમાળા શ્યામ રંગીલાનું મનભર સ્મિત, નટખટ મસ્તી અને છેડછાડ, જલક્રીડા, જમુનાના નીરે જતી ગોપી સાથે લીલા, કૃષ્ણ પ્રિયતમ સાથે મિલનનો સંયોગ શૃંગાર અને વિરહનાં તરફડાટ નિમિત્તે વિપ્રલંભ શૃંગાર, બંસીના બોલે–મુરલીની તાને ખોવાઈ જતી, લલચાઈ જતી, ભોળવાઈ જતી ગોપીની કૃષ્ણનાં મથુરાગમન પછીની ચિત્તસ્થિતિ, ફરિયાદ, રોષ, દુઃખ, વ્યથા, આંસુ, અકળામણ, 'કુબજાનાં કૃષ્ણ' એવી ભીતિ અને આશંકા, પુન : મિલન માટે આરઝૂ, કાકલૂદી, વિનવણી આ બધાં જ ભાવો નાજુક રીતે ઝીલાયાં છે.

ધર્મ–અધર્મની બારીકાઈ અને સધવા–વિધવાનાં વર્તનની લાક્ષણિકતાઓનું પણ દેવાનંદની કવિતામાં ચિત્રાંકન થયું છે. પ્રગટ પુરુષોત્તમની પ્રશસ્તિગાથા અને પ્રાણાધાર સહજાનંદજીનું કૃષ્ણરૂપે લીલાગાન દેવાનંદનાં પક્ષપાત અને પ્રેમપાતનો વિષય બને છે.

Content and Shape આકૃતિ અને અંતઃતત્ત્વ એમ કાવ્યગુણ લેખે પણ ચડિયાતી અને સત્ત્વલેખે પણ ઉત્તમ નિશાન તાકતી દેવાનંદની કૃષ્ણનિરૂપણ કરતી પદકવિતા છે.

પ્રકૃતિનું અવલંબન લઈ મનનાં પ્રિયતા અને પ્રતીક્ષા, વિરહ અને વેદના, સ્મૃતિ અને સાક્ષાત્કારની વાત દેવાનંદની કૃષ્ણ નિરૂપણ કરતી પદકવિતાના ગાનનો પ્રધાન સૂર છે.

મને લાગે છે કે દેવાનંદની પદ કવિતામાં લોકપ્રિય બનવાની તમામ સજજતા અને સઘનતા રહેલી છે. સૌથી મોટી વાત એ છે કે મનભાવન 'મીઠી' લાગતી કૃષ્ણનું નિરૂપણ કરતી આ પદકવિતા માત્ર સાંપ્રદાયિક જ નહીં, સાર્વત્રિક બનવાની સંભવિતતા અને શકયતા ધરાવે છે. બસ, આવશ્યકતા એ છે કે તે લોકસમૂહ સુધી પહોંચવી જોઈએ.

દેવાનંદની પદકવિતામાં કૃષ્ણનિરૂપણ વેળાએ તેમની અભિવ્યક્તિમાં હૃદયની વાણી છે, પ્રતીતિનું બયાન છે. કહો કે ગોપીભાવે, દાસીભાવે જે ચિત્તસ્થિતિ તેઓ અનુભવે છે. તેને તે પોતાનાં પદોમાં ઢાળે છે.

આમ, તેમની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ વધુ સાહજિક, વધુ વાસ્તવિક, વધુ સહજ અને વધુ પ્રતીતિકર બનીને આવે છે. શબ્દ વૈભવ અને અર્થ વૈભવની તેમનાં પદઓરડે ખોટ નથી !!

કૃષ્ણ નિરૂપણ કરતા અનેક નાના નાના પદોમાં કમનીય રીતે ગોપીના હૈયાની આરદા મૂર્તિમંત કરી દે છે દેવાનંદ !!

લોકઢાળ અને સુગમ સુગેય પદો – લોકબોલીનાં શબ્દો તેમનાં કૃષ્ણ નિરૂપિત પદોને લોકભોગ્ય બનાવે છે. પ્રેમલક્ષણાભક્તિમાં તેમનો શૃંગાર પણ મધુર અને માણવા જેવો છે. દેવાનંદ શાંત, સ્થિર, સંયત સંયોગ શૃંગારનું નિરૂપણ કરે છે તો કયાંક કવચિત્ મિલનનાં ભાવોનું ઉન્મુકત આલેખન મળી આવે ખરું પણ તે મીરાં સરીખું બની ઊર્ધ્વગતિ ધારણ કરે છે.

નટખટ નંદકિશોર જસોદાના જાયા વનમાળીની છેડછાડ જુઓ !

*'મારગ જાતાં મુજને ભાળીજી રે,*
*વનમાં રોકીરયા વનમાલી જી રે,*

*હવે મનલુભાવના મસ્તી પ્રગાઢ બને છે.*

*દાણ લીધા સારુ અતિ દુઃખ દીધું જીરે,*
*નહીં કે'વાનું સરવે કીધું જીરે, ઢાળ*

મન પણ માને છે પ્રિયતમ અને ઈચ્છે છે નિરપવાદ સમર્પણ –

*"કીધું સરવે નવ કૈયાનું, લોક લજયા પર હરી*
*વાટમાં મૈ વેરી નાંખ્યું મારી કીધી મશકરી."*

લોકલજજા છોડવાની વાત ગોપીભાવે સ્વામિનારાયણીય નંદસંતોની પદ કવિતામાં કૃષ્ણનિરૂપણ વેળાએ વારંવાર પ્રગટે છે.

કેમ કે આ જ તો આધ્યાત્મિક રહસ્ય છે, પરમને પામવાનું !! રજસ, તમસ અને સત્ત્વથી પણ પર થવાની આ વાત છે. નિગુર્ણ બનવાનો આ રાહ !

ગુણાતીત કે ત્રિગુણાતીત બનીને જ પ્રભુની કૃપાનો પ્રસાદ પમાતો હશે ને !! Surrunder withour reservation અને નિર્‌પવાદ પારદર્શિતા જ પરમને પંથે પ્રયાણ કરાવે છે. એટલે જ સહજાનંદ સ્વામી લાલજી સુથારને સસરાના ગામમાં શ્વસુર ગૃહે જ ભિક્ષા માટે પણ મોકલતાં હશેને !

હવે આત્મા અને પરમાત્માનું ઐકય અને અદ્વૈત જુઓ :

*'માટ ભાંગ્યું મૈ તણું, મારો પાલવ ફાડયો ગોવાલીયે,*

*નખ લગાવ્યો છાતી માંઈ, વશ કરી વનમાલીયે.'*

શું અહીં એ વાત નથી પડઘાતી ! 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને..' જુઓ દેવાનંદ ગોપીભાવે કહે છે :

*'એવા દુઃખ દે છે ઘણાં, તમ આગળ કે'તા લાજીયે*

*અમે તમારું ગોકુલ મેલી અરધ રાત્યે ભાજીયે*

દેવાનંદની કૃષ્ણ નિરૂપણ કરતી અનેક પદકવિતા મને માધુર્ય, પદલાલિત્ય અને શબ્દ વૈભવ ધરાવતી સ્વયં સ્ફૂરિત લાગી છે. પ્રગાઢ કૃષ્ણપ્રીતિ અને કૃષ્ણપ્રીતિ જ તેમના કવનનો પ્રધાન વિષય છે બને છે. ઉછળતા લોઢ જેવા કૃષ્ણભક્તિનાં પૂર દેવાનંદના ઊર્મિપ્રવાહને બળકટ બનાવી આપણને ભીંજવી દેવા જ નહીં સારધાર ઝબોળી દેવા સમર્થ બને છે.

દેવાનંદના કૃષ્ણનિરૂપણ કરતાં અનેક પદો વિશેનો આસ્વાદ રસિક બને તેમ છે હજુ આ વિષય પર ઘણું ખેડવું બાકી છે. જો કોઈ દેવાનંદનાં આ પદોમાં ડુબકી લગાવે તો મોતી થાળ મળી આવે તો નવાઈ પામવા જેવું નથી !! અત્યારે તો જ્ઞાનીઓને વધુ શું સૂચવવું ! કૃષ્ણનું નિરૂપણ કરતી દેવાનંદની પદકવિતાનાં આ પ્રબળ પદ દષ્ટાંતોને આવો આપણે ચૂમીએ, વ્હાલથી વધાવીએ.

પદ

નાથના નેણમાં વાલાના વેણમાં, કાનના કેણમાં,
ઓધારે મનડું વેધાણું છે મારું રે... ટેક
ભરવાને પાણી, જાતી'તી હું જાણી, લાલમાં લોભાણી. ઓ૦ ૧
હસીને બોલાવી, મુને લલચાવી, ઊભા પાસે આવી. ઓ૦ ૨
આંખ્યું જાદુગરી, પ્રેમની પટારી, કાનાની કટારી. ઓ૦ ૩
દેવાનંદ ભાળી, વાલો વનમાળી, મૂર્તિ રૂપાળી. ઓ૦ ૪

રાગ : પરજ પદ

કીધાંતે કાંમણ કાનરે, કામણીયા કાન કીધાં,
રે કામણગારા કાનજી તમે જીવન જાણ સુજાણ,
મંત્ર ભણીને માવજી મુને માર્યા મોહન બાણરે. કાં૦ ૧
રે બલવંત તીખાં બાણથી મારું મન વેધ્યું વ્રજરાજ,
કેડયે ચાલી કાનજી તજી તમ સારું કુળ લાજરે. કાં૦ ૨
એ આવી તમારે આશરે મારે મટી બીજાની બીક,
માવ રંગીલી મૂર્તિ ઠરી મનમાં ઠીકો ઠીક રે. કાં૦ ૩
રે પરવશ્ય કીધી પ્રીતમાં એવા શીખ્યા નવલકીશોર,
દેવાનંદના વાલ્યમાં જીવન જીવું જોર રે. કાં૦ ૪

પદ

વનમાળી તારી વાતરે, વાતલડી વનમાળી,
રે વાતડલીયું જવાર્યનું, છે જીવન જાદવરાય,
કામણગારી કાનજી, સાંભળતા સુખડું થાયરે. વા૦ ૧
રે વિદ્યા બાવન વીરની, તમે શીખ્યા સુંદર શ્યામ,
એ નાખી અમ ઉપરે, કીધું ઘેલું ગોકુળ ગામરે. વા૦ ૨

રે લગની લાગી નંદલાલજી, મારી તમ સાથે એક તાર,
મરમાળા તમને મળી. જાણી સુપનું આ સંસાર રે. વા૦ ૩
રે શું જાણું જે શું કર્યું મુને, મીઠું બોલી માવ,
રસીયા દેવાનંદના તમે, નવલ સનેહી નાવરે. વા૦ ૪

રાગ : પરજ પદ

અલબેલાજી આંગણે આવો આંગણે આવો વેણ્ય બજાવો,
કેશર ભીના કાન કોડીલા, અલબેલા મોરલી નો ઘણો મીઠો લાગે,
નાદે મુને નંદલાલ.
સંભળાવો તમે સુખના સાગર, ગુણવંતા ગોપાલ, કો૦ ૧
ખાંત્ય કરીને આપશું ખાવા, ખોબલે સાકર ખીર,
લાજ નથી મારે લોકડીયાંની, બીશો મા બલવીર કો૦ ૨
પધરાવીશ હું પલંગ ઉપર, વીંજણે ઢોળીશ વાયરે,
રસની રીત્યે રાજી કરીશું, નવલ સ્નહે નાવ. કો૦ ૩
અરજી મારી વાત વિચારી, સાંભળો સુખ નિધાન,
દેવાનંદના નાથજી મારે, ભાવ ઘણો ભગવાન. કો૦ ૪

રાગ : પરજ પદ

નટવર નંદદુલારો, જોયારે વા'લા જમુનાને તીરે, ટેક.

પાઘ બાંધી શીર અજબ પેચાળી, કાજુ કમર કટારો, જોયારે૦ ૧

વ્રજ વનિતા મનરંજન મોહન, જીવન જાદુગરો, જોયારે૦ ૨

હાથકડાં ફુલડાં કેરી માલા, હસવે ચિત્ત હરનારો, જોયારે૦ ૩

દેવાનંદ કહે દિલમાં રાખું, મોહનવર મતવારો, જોયારે૦ ૪

પદ

લાવનમાં લલચાવી, કાને'રે મુને વસ કરી લીધી. ટેક

સુંદર શામ સલુની મૂર્તિ દેખત દિલમાં ભાવી, કાં૦ ૧

મરમ ભરી એના મુખડાની વાણી, મધુરીસી મોરલી બજાવી, કાં૦ ૨

ઘેલી થઈ ઘરકામ ન સૂઝે, વા'લે સુધ્ય વિસરાવી, કાં૦ ૩

દેવાનંદ કહે પ્રીત લગાડી, ભુદરજી ભરમાવી, કાં૦ ૪

## પ્રકરણ – ૮

## દેવાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ :*

૧. હૃદયમર્મને વીંધતા વેધક સંતકવિ દેવાનંદ સ્વામી, 'સ્વામિનારાયણ પ્રકાશ', એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૨૪

૨. એજન, પૃ. ૨૪

૩. 'શ્રી દેવાનંદ કાવ્ય'માં 'સદ્‌ગુરુ મહાકવિશ્રી દેવાનંદ સ્વામીનું જીવન વૃત્તાંત' – શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસ પૃ. ૧૦

૪. એજન, પૃ. ૧૧

૫. એજન, પૃ. ૧૨

૬. એજન, પૃ. ૧૨

૭. હૃદયમર્મને વીંધતા વેધક સંતકવિ દેવાનંદ સ્વામી, 'સ્વામિનારાયણ પ્રકાશ', એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૨૪

૮. એજન, પૃ. ૨૪

૯. એજન, પૃ. ૨૪

૧૦. એજન, પૃ. ૨૪ તથા 'શ્રી દેવાનંદ કાવ્ય', શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસને આધારે પૃ. ૧૩

૧૧. સંત સુમન સ્રજ, પ્રભુશાસ્ત્રી પૃ. ૮૪

૧૨. યોગીબાપા : વ્યક્તિત્વ અને સાહિત્ય, ડૉ. રેખા કક્કડ પૃ. ૫૬

✰✰✰

# પ્રકરણ-૯
# 'ભૂમાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ'

જન્મ : ઈ.સ. ૧૭૯૬, સંવત ૧૮૫૨, વૈશાખ સુદ ૭, રવિવાર

અવસાન : ઈ.સ. ૧૮૬૮, સંવત ૧૯૨૪, મહા વદ ૮, રવિવાર

*ભૂમાનંદ પુરાણી દોય, કરે હરિની ભક્તિ સોય.*

(નંદમાળા – મંજુકેશાનંદજી)

## ઋજુતાભર્યા સંતકવિ ભૂમાનંદ સ્વામિ :

"એક જીવનમુકતાનો પંથ છે જે સ્વામિનારાયણ સંપ્રદાયના નામે ઓળખાય છે, તેનાં જેવા તમારા વિચારો છે" એક પિતાને મુખે પુત્ર રૂપજીભાઈને કાને સ્વામિનારાયણ શબ્દ પડતાં જ જેમ મેઘની ઘટામાં ઝબકારો થાય તેમ તેમનાં અંતરમાં અલૌકિક આનંદની ભરતી આવી. તરત તેઓએ પિતાને પૂછયું, "સ્વામિનારાયણ કોણ છે? તે કયાં હશે? મને તેમની વાત કરો" આ સંવાદ હતાં અનોખા પિતા પુત્રના.

*સર્વે સખી જીવન જોવાને ચાલો રે,*
*શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે...*

જયારે મિલનની; ભગવાનનાં પ્રથમ દર્શનની સુભગ ઘડી આવી પહોંચી ત્યારે શ્રી સહજાનંદજીનું દિવ્ય અને મોહક સ્વરૂપ નિહાળીને પ્રથમ દર્શને જ અંતર કબૂલવા લાગ્યું કે આ સાક્ષાત્ પરમાત્મા છે અને હૈયેથી આ કવિત સરી પડયું, 1જુતાભર્યા સંત કવિ ભૂમાનંદ સ્વામીનાં.

સદ મંજુકેશાનંદ સ્વામીએ પરમહંસ 'નામમાળા' માં ભૂમાનંદ સ્વામી નામના બે સંતોનો ઉલ્લેખ કર્યો છે.

*'ભૂમાનંદ પુરાણી દોય, કરે હરિની ભક્તિ સોય'*

કંઈક મુમુક્ષુઓને અધ્યાત્મ માર્ગે દોરી જનાર અષ્ટકવિઓમાંના ભૂમાનંદ સ્વામી 'મોટા ભૂમાનંદ સ્વામી' તરીકે જાણીતા હતાં.[૧]

જી હા! અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે જયારે કેવળ દયા કરી આ પૃથ્વી પર મનુષ્યરૂપે દેખાયાં, ત્યારે પોતાનાં મહામુકતોને પણ સાથે લાવ્યાં અને અનેક જાતિઓને પાવન કરવા આ મુકતો પણ જુદી જુદી જ્ઞાતિઓમાં અવતર્યા.[૨]

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં હાલાર પ્રદેશનાં જામનગરના કેશીયા ગામે સંવત ૧૮૫૨ ના વૈશાખ સુદ–૭ ને રવિવારના રોજ મહામુકતરાજ આ પૃથ્વી પર પધાર્યાં. કડિયા જ્ઞાતિના ધર્મ પરાયણ પવિત્ર પુરુષ રામજીભાઈ અને તેમના પતિવ્રતા પત્ની કુંવરબાઈની કેવી સાધના હશે કે અક્ષરધામનાં મુકત તેમના ઘેર પુત્ર રૂપે અવતર્યા. પુત્ર ખૂબ જ રૂપાળા ને પરાણે વ્હાલા લાગે તેવા હતાં.[૩] આથી જ તેમનું નામ રૂપજીભાઈ પાડયું હતું. આ રૂપજીભાઈ એજ આપણા સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી.

ચાર પુત્રોમાંના ત્રીજા એવા આ અલૌકિક બાળકનો પ્રતાપ અને ક્રિયા પણ અલૌકિક હતી, જે વારંવાર બધાને જણાઈ આવતી. અગાધ બુદ્ધિ, સંસારની પ્રત્યે અનાસકિત, કુમળીવયે પ્રભુ પામવાનું અતૂટ તાન, અખંડ પ્રભુસ્મરણ, ધર્મપરાયણતા વિગેરે ગુણો આ બાળકનેઅન્યથી સાવ જુદાં તારવી દેતાં.

કેશીયા ગામમાં ભાગવત સપ્તાહમાં સ્ત્રી–પુરુષોની ભેગી સભા જોઈ રૂપજીભાઈએ નકકી કર્યુ કે આ કરતા તો ઘરે પ્રભુ વધુ સારી રીતે ભજાય છે અને જયારે પ્રથમવાર સાંભળ્યું કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રી–પુરુષોની અલગ સભા થાય છે, તો તેમનું મન આનંદિત થઈ ઊઠયું. પૂર્વનું ખેંચાણ થયું અને આ શ્રી સ્વામિનારાયણ કોણ છે ? કયાં મળે ? તેવા અનેક પશ્નો પિતાશ્રી રામજીભાઈને સતત પૂછતાં રહેતાં અને તેવામાં પિતાશ્રી બિમાર પડયાં. તેમને સ્વયં શ્રીહરિએ સાક્ષાત્‌ દર્શન દીધાં ત્યારે રામજીભાઈ બોલ્યાં કે, "હે પુત્ર ! તું વારંવાર મને જેની વાત પૂછતો હતો એ શ્રી સ્વામિનારાયણ મને પોતાના અક્ષરધામમાં તેડી જવા વિમાન લઈને આવ્યા છે.[૪] આ.. હા.. હા.. આ.. શું ! તેજોમય મૂર્તિ છે. તું પણ દર્શન કર." અને જયારે રૂપજીભાઈએ

મહાપ્રભુના દર્શન કર્યા કે તેમને સમાધિ થઈ ગઈ. અક્ષરધામમાં અનંત મુકતોથી સેવાયેલા દિવ્ય સિંહાસન પર તેજોમય વિરાજતા શ્રીહરિનાં દર્શન કરતાં જ ભગવાનનાં સ્વરૂપનું તેમજ પોતાનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ ગયું.[૫] અંતરમાં અલૌકિક શાંતિ થઈ. પિતાશ્રી રામજીભાઈએ ભૌતિક દેહનો ત્યાગ કર્યો. રૂપજીભાઈ ત્યારે ફકત ૧૪ વર્ષના હતાં. આ બાળકને હૈયે સહજ ભક્તિની લગની લાગી હતી એટલે પિતૃ વિરહને સહેજે જીરવી ગયાં.

ભક્તિ કરતાં કરતાં ત્યારબાબદ કેશીયા છોડી જીરાગઢ રહેવા ગયાં.અને ત્યાંથી તરઘરી ગયાં. ત્યાં એક વેપારીને ઘરે નોકરી કરવા લાગ્યાં. પરંતુ પરલોકના મુકતોને આ લોકની રીત ન આવડે. આથી ત્રણ વર્ષ સુધી પગાર જ ન માંગ્યો અને જયારે માંગ્યો, ત્યારે કપટી લુચ્ચા વેપારીએ જૂઠું કહ્યું કે પગાર તો આપી દીધો છે અને મહાજનમાં ફરિયાદ કરી ત્યારે પંચે નકકી કર્યુ કે લાલચોળ સાંકળ ગરમ કરીને રૂપજીએ પહેરવી. જો તે સાચો હશે તો કાંઈ નહિ થાય.. મહામુકતરાજે શ્રીહરિના અડગ નિશ્ચય સાથે આ વાત સ્વીકારી. કયારેય સ્વામિનારાયણને રૂબરૂ ન મળ્યાં હોવા છતાં આજે તેમણે સ્વામિનારાયણનું સ્મરણ કર્યુ અને સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. નામનો ઉચ્ચાર કરતાં લાલચોળ સાંકળ સહુના દેખતાં પોતાના ગળામાં પહેરી. શ્રીહરિએ કાંઈ થવા દીધું નહિ. આમ વેપારીનું કપટ ખુલ્લુ પડયું અને ત્રણ વર્ષનો પગાર આપવો પડયો. પરંતુ સતર વર્ષનાં આ રૂપજીને તો હવે એ પગારમાંયે રસ નહોતો. સ્વાર્થી જગતનો કડવો અનુભવ હવે એમને બીજી દિશામાં દોરી રહ્યો હતો. તેમને તો સ્વામિનારાયણના જે સ્મરણમાત્રથી રક્ષા થઈ તેમાં રસ જાગ્યો હતો.[૬]

ત્યારબાદ રૂપજીભાઈ કચ્છ પધાર્યા. ત્યાં ગંગારામ મલ્લનો સમાગમ કરી મહારાજનાં અલૌકિક આશ્ચર્યો, મહિમા સાંભળી અતિ આનંદિત થયાં. તેમની પાસેથી સ્વામિનારાયણની વાતો સાંભળીને રૂપજી ડોલવા લાગતાં. તીવ્ર વૈરાગ્ય તો હતો જ, આથી લગ્ન નો'તા કર્યાં. કચ્છમાં છ વર્ષ ગાળ્યા બાદ મોરબી, વાંકાનેર, રાજકોટ, મૂળી થઈ વઢવાણ પાસે ખારવા ગામે આવ્યાં. ત્યાં ચારણ જ્ઞાતિનાં 'રાબા' અટકનાં ધનાભાઈ નામે સત્સંગી રહેતા હતાં. તળાવની પાળે બેઠેલાં આ મુકતને જયારે પૃચ્છા કરી તો રૂપજીભાઈના મુખમાંથી સવૈયો સરી પડયો.

*''ન પરણ્યા કેરૂ કામ, કદિ ચૂડો ભાંગે,*
*રાખો હરિ સંગે હેત, ચૂડી અમર રાખે.*
*પહેરો સંતની વરમાળ, જમ પાસે નાવે,*
*સોંપો તન, મન, ધન, (તો) હરિ તેડવા આવે.*

અત્યંત ભાવિક મુમુક્ષુ જાણી ધના રાબા તેમને ઘરે લઈ ગયાં. ત્યાં શ્રીહરિનો અલૌકિક મહિમા અરસપરસ કહી ખૂબ આનંદ પામ્યા.

ધનાભાઈએ રૂપજીને સ્વામિનારાયણ ભગવાનના મહિમાની અપરંપાર વાતો કરી. બાળવયથી સ્વામિનારાયણનું નામ સાંભળતા રહેલા રૂપજીની ધીરજ હવે ખૂટી હતી. કયારે મળશે સ્વામિનારાયણ ? ઈષ્ટદેવની ભક્તિથી થનગનતા ધનાભાઈ તેમને લઈને ગઢપુર જવા નીકળી ગયાં. 'દાદાખાચરના દરબારમાં જઈશું, ત્યાં શ્રીહરિનાં દર્શન કરીશું...' એમ ધારતાં બંને મુમુક્ષુ ગઢડામાં પ્રવેશ્યાં. કેવા હશે સ્વામિનારાયણ? રૂપજીની ધકધક થતી છાતીનાં લયકાર સાથે મન દોડી રહ્યું હતું. પરંતુ એમની બધી જ કલ્પનાઓ કરતાં દશ્ય કાંઈક જુદું હતું. ભગવાન સ્વામિનારાયણ જરિયાની વસ્ત્રો, મસ્તકે સોનેરી મોળિયું ધારણ કરીને રોઝો ઘોડો ખેલવતાં લક્ષ્મીવાડીએ જઈ રહ્યા હતાં. હજારો સંતો તથા હરિભક્તો કીર્તનની રમઝટ બોલાવતાં દિવ્ય મસ્તીમાં ઝૂમી રહ્યા હતાં. ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય અને મોહક સ્વરૂપ નિહાળી રૂપજીભાઈ ભાન ભૂલી ગયાં. જેની વર્ષોથી ઝંખના હતી એ સ્વામિનારાયણ મળી ગયા. પ્રથમ દર્શને જ અંતર કબૂલવા લાગ્યું : આ સાક્ષાત્ પરમાત્મા છે.[૭] એમના હૈયેથી કવિત સરી પડયું ;

*સર્વે સખી જીવન જોવાને ચાલો રે,*
*શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે... ૧*
*એની શોભા મુખે વર્ણવી ન જાય રે,*
*જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે... ૨*
*રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,*
*છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે ... ૩*

*મળ્યાં આવે મહામુનિનાં વૃન્દ રે,*
*તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ રે... ૪*
*શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,*
*નૃત્ય કરે નારદ વીણા બજાવે રે .. ૫*
*નિજ સખા ચમર કરે લઈ હાથ રે,*
*આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે ... ૬*

શ્રીહરિની આ દિવ્ય શોભાને માણતાં રૂપજી તેમની પાછળ તણાતાં ચાલ્યા. લક્ષ્મીવાડીએ આંબાના વૃક્ષની નીચે શ્રીહરિ સભા કરીને બિરાજયાં. રૂપજી શું કરવું એની અવઢવમાં હતાં ત્યાં તો શ્રીહરિએ તેમને સાન કરીને બોલાવ્યા પૂછયું : 'સંસારમાં કયાં સુધી ભમવું છે ?'

રૂપજીની આંખમાંથી અશ્રુ સરી પડયાં. શ્રીહરિનાં ચરણે લળીને તેમણે કહ્યું ; 'આપનાં દર્શનની જ રાહ જોતો હતો. આજે દર્શન કરી કૃતાર્થ થયો છું. હવે તો આપની સેવામાં જ રહેવું છે'

શ્રીહરિએ ત્યાં ને ત્યાં જ એમને પરમહંસ દીક્ષા આપી. નામ આપ્યું : ભૂધરાનંદ સ્વામી.[૮]

શ્રીહરિની આજ્ઞા થઈ એટલે એમણે પોતાનું નવરચિત કીર્તન ગાઈને શ્રીહરિને સંભળાવ્યું. શ્રીહરિએ તેમને કીર્તનોની આ સરવાણીને વહેતી રાખવાની આજ્ઞા કરી અને ભૂધરાનંદ સ્વામીની કલમ હૈયેથી ફૂટવા લાગી. એમના હૈયે વસી ગયેલું ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય મનોહર સ્વરૂપ કાવ્ય સરવાણી દ્વારા બહાર પ્રકટ થઈ સૌનાં હૈયાં વીંધતું રહ્યું. કીર્તન રચનાઓના અંતે નામ જોડવામાં ભૂધરાનંદ અનુકૂળ આવતું ન હોવાથી શ્રીહરિએ તેમને નવું નામ આપ્યું : ભૂમાનંદ સ્વામી.

તેમની પાસેથી નવી નવી કીર્તન રચનાઓ સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થતાં. ઉત્સવ સમૈયાઓમાં કે સભાઓમાં શ્રીહરિ તેમની પાસે અનેક વખત કીર્તનો ગવડાવીને રાજીપો દર્શાવતાં. કયારેક શ્રીહરિ તેમને માંદા સંતો પાસે પણ કીર્તનો ગાવા મોકલતાં.[૯]

એક વખત સ્વરૂપાનંદ સ્વામી ખૂબ બીમાર પડયા હતાં ત્યારે મહારાજ તેમની પાસે રોજ મધ્ય રાત્રિએ જતાં. સ્વરૂપાનંદ સ્વામીના દેહમાં બહુ જ દાહ થતો. તેના શમન માટે તેમને લીલી દ્રાક્ષ ખવરાવતા, સાકરનું પાણી પાતા, અંગે ચંદનનો લેપ કરતા. થોડી થોડી વારે અંગે પાણીનો છંટકાવ કરતા, છતાં દાહની પીડા શમતી નહીં. પરંતુ મહારાજ પધારતા અને તેમનાં ચરિત્રોની વાતો કરતાં, ભૂમાનંદ સ્વામી પાસે કીર્તનો ગવડાવતા એટલે તરત જ તેમની સર્વ વૃત્તિઓ મહારાજના સ્વરૂપમાં લીન થઈ જતી અને અપાર શાંતિ થઈ જતી.

શ્રીહરિમાં પ્રેમભક્તિથી જોડાયેલા આ વિરકત સંતવર્ય શ્રીહરિના અક્ષરવાસ પછી ઘણું ખરું મૂળીમાં રહેતા. તેમણે અનેક મુમુક્ષુઓને શ્રીહરિના નિશ્ચય કરાવીને સાચો રાહ ચીંધ્યો. સરખા અંગ વાળાને એકબીજા સાથે વધુ અનુકૂળ પડે તે ન્યાયે સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી મૂળીમાં કવિવર દેવાનંદ સ્વામી પાસે ઘણું રહેતાં. તે સમયે ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ દલપતરામને મહારાજનો નિશ્ચય કરાવી વર્તમાન ધરાવ્યાં તે પ્રસંગનું વર્ણન કવિ નાનાલાલે તેમની કૃતિ 'કવિ દલપતરામ' માં કર્યુ છે. પ્રસિદ્ધ કવિવર ન્હાનાલાલ પોતાના પિતા કવીશ્વર દલપતરામે સ્વામિનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો એનો યશ ભૂમાનંદ સ્વામીને આપે છે. તેઓ લખે છે :

'મૂળીમાં સંતોને આસને કિશોર દલપતરામ જતા અને પ્રશ્નો પૂછતા. ફરતાં ફરતાં દલપતરામ ભૂમાનંદ સ્વામીને આસને ગયા. ત્યાં કીર્તન ગવાતું હતું. "સર્વે સખી જીવન જોવાને ચાલો રે" કીર્તન પૂરું થયું ને ભૂમાનંદ સ્વામીની કથા ચાલી. "અરે ભાઈ જીવનું કલ્યાણ મનુષ્યના દેહમાંજ છે, માટે મનુષ્યદેહ મોંઘેરો કહ્યો છે. ચોરાશીના ફેરામાં બીજે મોક્ષ નથી. દેવલોક પુણ્ય માણવાને છે. 'ક્ષીણે પુણ્યે મૃત્યુ લોકે વિશંતિ' મારે તમને ખોટું કહેવાનું કારણ શું હોય ? સ્ત્રીધનનો તો અમારે ત્યાગ છે. મન માને, તો માનજો. ઊગ્યો કહીએ તો જ અજવાળાં આપશે ? ન ઊગ્યો કહ્યો પણ અજવાળાં આપશે. શ્રીજીમહારાજ કયાં જન્મેલા ? કયાંથી આ દેશમાં આવ્યાં ? લાખોની વૃત્તિઓ કેવી રીતે ખેંચી લીધી ? એ બધાયે આશ્ચર્યો નથી? સદ્ધર્મનો જાણે સૂરજ ઊગ્યો એમ નથી થતું ? કોઈને શંકા રહેતી

હોય ને પૂછવું હોય તે ભલે પૂછે. પછી વઢવાણના જુવાન છોકરડાએ પોતાના પ્રશ્નો સ્વામીને પૂછયા. સ્વામીએ તેના સચોટ ઉત્તર આપ્યા.

અતિ ધીરજથી સરોવર જેમ હેલિયાં લે; એમ સ્વામી બોલતા. દલપતરામ લખે છે કે, "પ્રથમ તો વાર્તા કરનાર સ્વામીનો ચહેરો જોઈને તથા આંખો જોઈને જ, વાતો સાંભળનારના મનને શાંતિ થઈ જાય.વચન તો પછી નીકળે" બસ થયું, દલપતરામને ધર્મબાણ વાગ્યાં. દલપતરામ સ્વયં કહે છે કે "ઉપદેશ જેમ બાણ વાગે તેમ, છાતીમાં ઊતરી ગયો. અંતઃકરણ પીગળી ગયું. નેત્રમાં આંસુ આવી ગયાં અને સ્વામી પાસે બોલ્યા કે, "મહારાજ ! મારું કલ્યાણ થાય તે બતાવો" સ્વામીએ કહ્યું. "આવજો, વર્તમાન ધરાવીશું". સ્વામીએ દલપતરામને વર્તમાન ધરાવ્યાં અને શિક્ષાપત્રી આપીને કહ્યું કે "બધાયે સત્શાસ્ત્રનો સાર આમાં છે. અમે આથી વિરુદ્ધ બોલીયે ચાલીયે તો ન માનવું. હરિનામની પાંચ માળા ફેરવવી. ને નૈવેદ્ય ધરાવીને જમવું" દલપતરામે સ્વામીના રચેલા કીર્તનો માગ્યાં ત્યારે 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે', એ ચાર પદ ઉતારી આપ્યાં. આ દિવસ હતો સં. ૧૮૯૦ નો વસંતપંચમીનો.

આવા કંઈક મુમુક્ષુઓને અધ્યાત્મના માર્ગે દોરી જનાર, જીવનના છેલ્લા શ્વાસ સુધી ભગવાન સ્વામિનારાયણના ગુણાનુવાદ ગાતા આ સંતકવિએ, વિ.સં. ૧૯૨૪ (ઈ.સ. ૧૮૬૮) માં માણસા ગામે દેહત્યાગ કર્યો.

સદ.મંજુકેશાનંદ સ્વામીએ પરમહંસ નામમાળામાં ભૂમાનંદ સ્વામી નામના બે સંતોનો ઉલ્લેખ કર્યો છે.

*ભૂમાનંદ પુરાણી દોય, કરે ભક્તિ હરિની સોય. (૨૨)*

આ પૈકી ઉપરોક્ત અષ્ટ કવિઓમાંના ભૂમાનંદ સ્વામી અગાઉ કહ્યું તેમ 'મોટા ભૂમાનંદ સ્વામી' તરીકે વધુ જાણીતા હતાં. તેઓ મોટે ભાગે મૂળી તથા અમદાવાદ મંદિરમાં રહેતા. જયારે નાના ભૂમાનંદ સ્વામી વડતાલમાં રહેતાં. શ્રીહરિલીલામૃત ગ્રંથમાં ભૂમાનંદ સ્વામી તથા વાઘજીભાઈનો સંવાદ ગૂંથવામાં આવ્યો છે તે નાના ભૂમાનંદ સ્વામીનો સંવાદ છે. તેમનો અક્ષરવાસ ચૈત્ર સુદ બીજ, વિ.સં.૧૯૩૮માં થયો હતો. વડતાલાના આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ સાથે સંતમંડળના સમૂહ ફોટોગ્રાફમાં

દર્શાવાતો ભૂમાનંદ સ્વામીનો પ્રસિદ્ધ ફોટોગ્રાફ, નાના ભૂમાનંદ સ્વામીનો હોવાની વધુ સંભાવના છે.[૧૦]

**અને આમ રચાયું એક ઐતિહાસિક ભક્તિપદ...**

એક વખત પરમહંસ દશામાં વિચરતા ભૂમાનંદ સ્વામી ગામડે ગામડે ખૂબ તિરસ્કૃત થયાં. દ્વેષીઓએ તેમને ખૂબ કષ્ટ આપ્યું. કયાંય આદર તો ન મળ્યો પરંતુ ખાવાનું ય મળ્યું નહિ. ત્રણ–ચાર દિવસના ઉપવાસ થયા.પરંતુ સ્વામી શ્રદ્ધાહીન નહોતા થયાં. એમણે સત્સંગ પ્રસાર માટે વિચરણ ચાલુ રાખ્યું. ચાર દિવસના ઉપવાસ પછી અશકિતથી લથડતાં લથડતાં જઈ રહેલા ભૂમાનંદજીને કોઈક ભાવિકે સૂકો કઠણ પોંક ખાવા આપ્યો. ભૂમાનંદજીએ હાથમાં લઈને ભગવાન સ્વામિનારાયણની માનસી પૂજા કરી. મનમંદિરમાં બિરાજમાન શ્રીહરિની મૂર્તિને ધરાવવા આજે સૂકો પોંક પણ મળ્યો એનો એમને અપાર હરખ હતો. આ હરખમાં જ એમના હૈયેથી પ્રેમભક્તિની સરવાણી થાળ બનીને વહેવા લાગી. જાણે બત્રીસ જાતના શાક–પાકનો થાળ ધરતા હોય એવી ભાવનાથી એમણે થાળ ગાયો અને ભૂમાનંદ સ્વામીની ભક્તિના એક અનોખા પ્રભાવરૂપે આજે બસ્સો વર્ષ પછીય હજારો સ્વામિનારાયણીય ઘરોમાં એમણે રચેલા એ થાળનું ગાન થાય છે. ચાર દિવસના ઉપવાસ પછી મળેલા સૂકા પોંકનો ઠાકોરજીને થાળ ધરાવતા ભૂમાનંદ સ્વામીએ કેવી અદ્‌ભુત રચના કરી છે ![૧૧]

*જમો થાળ જીવન જાઉં વારી,*

*ધોઉ કર ચરણ કરો ત્યારી.* ટેક

*બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;*

*જળે ભર્યા ચંબુ ચોખાળી...* જમો થાળ૦ ૧

*કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;*

*કાઢયો રસ કેરીનો ઘોળી ...* જમો થાળ૦ ૨

*ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી;*

*પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી ...* જમો થાળ૦ ૩

*અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;*

*દહીં ભાત સાકર છે ઝાજી ... જમો થાળ૦ ૪*

*ચળું કરો લાવું જળઝારી, એલાયચી લવિંગ સોપારી,*

*પાનબીડી બનાવી સારી.. ... જમો થાળ૦ ૫*

*મુખવાસ મનગમતા લઈને, પ્રસાદીનો થાળ મુને દઈને,*

*ભૂમાનંદ કહે રાજી થઈને... જમો થાળ૦ ૬*

સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીએ રચેલાં કીર્તનો સંપ્રદાયમાં ઠેર ઠેર ગવાય છે. પ્રથમ કીર્તન 'સર્વે સખી' તો અત્યંત લોકપ્રિય છે. કીર્તનો સિવાય તેમણે વ્રજભાષામાં વાસુદેવ મહાત્મ્ય, શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ તથા પંચમ સ્કંધ તથા ગુજરાતી ભાષામાં "શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર" વગેરે ગ્રંથો લખીને સત્સંગની તેમજ સાહિત્યની અનુપમ સેવા કરી છે.

શ્રીજી સ્થાપિત ધર્મ મર્યાદામાં રહીને સ્વામીશ્રીએ અનેક ગામોમાં ફરી સત્સંગ કરાવ્યો છે.

પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથેતેમને ઘણો જ સ્નેહ હતો. ત્યાં સુધી કે બંનેએ સાથે ધામમાં જવાની પ્રતિજ્ઞા કરી હતી. અને થયું પણ તેમજ. જીવનનાં ઉતરાર્ધમાં સ્વામી માણસામાં બિરાજતાં હતાં સંકલ્પ થયો કે મહારાજ ધામમાં લઈ જાય તો સારૂં આથી બે સંતોને સાથે લઈ પ.પૂ. આચાર્ય મહારાજ અયોધ્યાપ્રસાદજીને મળ્યા અને પોતાનો સંકલ્પ જણાવ્યો. મહારાજશ્રીએ કહ્યું મને પણ તેવો જ સંકલ્પ થાય છે. આપણા બંનેના સંકેત પ્રમાણે થાય તો સારૂં. સ્વામી કહે 'શ્રીજીમહારાજ સારૂં કરશે' તેમ કહી સ્વામી માણસા પરત આવ્યાં.

થોડા સમયે શ્રીજીમહારાજે સ્વામીશ્રીને દર્શન દઈને કહ્યું કે, "હું આજથી ત્રીજે દિવસે તમને તેડવાં આવીશ અને અયોધ્યાપ્રસાદજીને પંદર દિવસ પછી તેડી જઈશ."

આ વાત પોતાના મુખ્ય શિષ્ય પુરાણી બાલકૃષ્ણદાસજીને કહી અને આપણા સત્સંગની ઉત્કૃષ્ટતા જુઓ ! બીજે કયાંય આવું જોવા ન મળે. સ્વામીશ્રીએ જાતે જ પોતાનું વિમાન તૈયાર કરાવ્યું. પોતે અંદર બેઠાં પછી નીચે ઉતરી કહ્યું કે "બરાબર માપનું થયું છે."

પછી મહારાજનાં અલૌકિક દર્શન થવા લાગ્યાં. શિષ્યોએ જમવા આગ્રહ કર્યો તો કહે "મને હમણાં જ મહારાજે દૂધપાક પૂરી જમાડયાં છે અને હવે અન્નની જરાપણ રૂચિ નથી" એમ કહી સમાધિસ્થ થયાં. ત્રીજે દિવસે મધ્યાન્હે બે વાગ્યે ભગવાનશ્રી સ્વામિનારાયણે અનેક મુકતો સહિત દિવ્ય દર્શન સૌને આપ્યાં અને સંવત ૧૯૨૪ ના મહાવદી આઠમે રવિવારે ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામે સિધાવ્યા. તે સમયે ચંદન પુષ્પની વૃષ્ટિ થઈ અને સ્વામિનારાયણ ધૂન્ય કરતાં સંત હરિભક્તોની સમીપ તેજનો પૂંજ અર્ધઘડી પર્યંત રહ્યો.

હિન્દીનું પ્રશસ્ય જ્ઞાન ધરાવતાં ભૂમાનંદ સ્વામીએ ૪૦૦ જેટલાં પદો રચ્યાં હોવાનું અનુમાન છે.[૧૨] જેમાંના કેટલાંક મુદ્રિત રૂપે મળે છે. જેમાં કૃષ્ણરૂપવર્ણન, કૃષ્ણલીલા, સહજાનંદ ચરિત્ર તથા ભક્તિવૈરાગ્ય છે. જે મધુર ભાવભરી પ્રાસાદિક વાણી અને એમાં રહેલા ગેયત્વથી આ પદો ધ્યાનાર્હ બન્યાં છે. એમના હોરીઓ અને કુંડળિયામાં જ્ઞાનબોધ છે. ૪૨ કડીનો કકકો અને બારમાસી જેવી રચનાઓ પણ એમની પાસે મળી છે. પૂર્વાર્ધમાં ૧૧૦ તરંગમાં સહજાનંદ સ્વામીના બાલચરિત્રને અને ઉત્તરાર્ધમાં ૧૦૧ તરંગમાં સહજાનંદ સ્વામીની યાત્રાને આલેખતી સંવાદરૂપે લખાયેલ 'શ્રીઘનશ્યામ લીલામૃતસાગર' કવિની લાંબી કૃતિ છે. એ સિવાય 'વિદુરનીતિ' નામની કૃતિ પણ એમણે રચી હોવાનું કહેવાય છે.

કવિઓની મનોવૃત્તિને આકર્ષિત કરી અલૌકિક આનંદ પ્રગટ કરે તેવા અદ્‌ભુત ગ્રંથો તેમણે રચેલાં છે. તેમાં નીચેનાં મુખ્ય છે.

(૧) વાસુદેવ માહાત્મ્ય (વ્રજભાષા)

(૨) પંચમ સ્કંધ (શ્રીમદ્‌ ભાગવત વ્રજભાષા)

(૩) દશમસ્કંધ

(૪) ઘનશ્યામ લીલામૃતસાગર (ગુર્જર ભાષા)

(૫) કીર્તન કાવ્ય.

ભૂમાનંદ સ્વામીનાં પદોમાં લાલિત્ય, રસસિંચન અને ઉત્તમ ભાવ જણાય છે. તેમણે બારમાસની તિથિઓ તથા વિરહનાં પદો રચ્યાં છે.

પૂર્વાશ્રમથી જ અપૂર્વ કવિત્વ શકિત તો હતી જ. એ વેળાએ તેમણે સવૈયામાં કહેલું:

*જે દિ' જન્મ દીધો કે તે દિ વાયદો કિધો,*
*છોડ શામળા મુને કે નહિ વિસારું હું તને,*
*બંધિમાંથી છૂટી ગયો કે પછી માટી થયો,*
*મૂરખે કર્યો ન વિચાર, આગળ પડશે જમના માર,*
*મુખ જપો નારાયણ સ્વામી સચ્ચા નાણાં,*
*ચેતાવન કહેતા હૈ રૂપ આગે ખાખ હો જાના ॥*
*આ પંક્તિઓ પર ભોજાભક્તનો પ્રભાવ દેખાય છે.*
*ન કરો પરણ્યા કેરું કામ કદિ ચૂડો ભાંગે,*
*રાખો હરિ સંગે હેત ચૂડી અમર રાખે,*
*પહેરો સંતની વરમાળ, જમ પાસે ના'વે,*
*સુંપો તનમન ધન હરિ તેડવા આવે. ॥*

તો પછીથી

'જીવ જોને તપાસી તારું કુણ રે' જેવાં પદો દ્વારા જ્ઞાનોપદેશ આપ્યો છે. સંસારી માનવીને મીઠી ટકોર કરતાં ચેતવે છે ;

*દેખીને દીકરા દીકરી કુળ કુટુંબ પરિવાર;*
*માન પામી ફૂલ્યો મનમાં રે થયો કુળનો મજૂર.*
*લીધો પથ્થર લોકલાજનો ધારી નાતની ધૂર;*
*બાળપણ ખેલમાં ખોઈ જુવાની જીવતી જોઈ*
*વૃદ્ધપણે ચિંતા ભારી તેમાં મેલ્યા નાથ વિસારી.*

આવા જ્ઞાની અને વૈરાગી સદ્‌ગુરુ સ્વામી ભૂમાનંદ પ્રેમ–ભક્તિનાં આલેખન દ્વારા કૃષ્ણનું નિરૂપણ અને આરાધન પણ કરે છે.

*સર્વે સખીજીવન જોવાને ચાલો રે;*
*શેરડીયુંમાં આવે લટકંતા લાલો રે...૧*

લાલો લટકંતો લાગે છે કેમ કે મન પણ અતિ મુગ્ધ થયું છે.

*જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે;*

*હીરની નાડી સુંથણલી સોનેરી રે... ૧*

કે પછી

*મૂર્તિ ચંચલ જુવો ચટકંતિ ચાલ રે;*

*નેતર છડી કરમા ફૂમતિયાળી લાલ રે...૧*

વ્હાલાની પ્રગાઢ અનુભૂતિનું આલેખન પણ કેવું અસરકારક ઝીલાયું છે !!

*દેતા ચરણ છાતીમાં રે, કેસરમાં ભીના કરી;*

*ભેટતા ભીડી ભુજામાં રે, સુંદર કર શીર ધરી....*

મોહનનો વિરહ કેવો અકારો બને છે અને તેના વિનાનું જીવન કેવું અસંભવ તે અહીં જોવા જેવું છે.

*મોહન ચાલ્યા મેલી, મથુરા મોહન ચાલ્યા મેલી;*

*કેમ કરીએ સાહેલી, મથુરા મોહન... ટેક*

*આવ્યો અકુરજી ચાલ્યો જીવન લઈને;*

*આંઈ કોણ આપણો બેલી... મથુરા૦ ૧*

ભૂમાનંદ માટે તો કૃષ્ણ જ સર્વસ્વ છે અને એટલે જ એમને માટે એ વારંવાર 'જીવન' શબ્દ આરાધે છે.

*જીવત કેમ કરી જાયે,જીવન વિના જીવત કેમ કરી જાયે,*

*અંતરે  શાંતિ ન થાયે... જીવન વિના*

જેમના જતાં અંતરની શાંતિ ખોવાઈ છે અને ઉરે જંપ નથી એ કાન માટે ગોપીભાવે ભૂમાનંદ કહે છે ;

*કાનને એટલું કહેજો, ઉદ્ધવજી કાનને એટલું કહેજો,*

*રાંક પર રૂસણે ન રહેજો... ઉદ્ધવજી કાનને. ટેક*

વ્યથિત ઉર રાંકભાવે કાકલૂદી કરે છે તો શંકા–કુશંકા પણ કરે છે :

*કુબજાને વશ થયા, સખી કાન કુબજાને વશ થયા,*

*નહિ આવે આપણી દયા... સખી કાન૦ ટેક*

વૈરાગીભાવ સેવતાં બ્રહ્મચારી ભૂમાનંદ સ્ત્રીનાં મનોભાવોને કેવા બરાબર પિછાણે છે !! ને છતા (પ્રગટ) પણ કરે છે !!

*તો મિલનનો તલસાટ અને આરઝૂ*

*આવો આવો અલબેલડાજી રે, મોહન કરો મેર રે,*

*આવો આવો અલબેલડાજીરે ... ટેક*

* * *

*મોહન ઉપર લઈને મારું, તન ધન નાખુ વારી રે*

*રાત દિવસ હૃદિયામાં રાખુ, મૂર્તિ મનોહર ધારી રે*

* * *

*સૈયરો સજની, ચાલો સૈયરો સજની;*

*જીવન જોવા કારણે રે, ચાલો સૈયરો સજની.*

અને સૈયરનું મિલન પણ કેવું રોચક બને છે !!

*લાધ્યો હરિવર હીરલોજી રે*

*વિંટી વળી વ્રજનાર રે*

*લાધ્યો હરિવર હીરલોજી રે ....*

* * *

*નાથન મેલું વેગળાજી રે, હરિવર આવ્યા છો હાથ રે*

*નાથ ન મેલું વેગળાજી રે...*

નટખટ રંગભર રસિયો મન કેવું મોહે છે!! એની મનગમતી ક્રીડા તનને કેવી કનડે છે!!

*રંગભરીયા રે, રંગભરીયા...*

*ઊભા જમુનાને તીર, નાવાને અર્થે નીરમાં.. રંગ*

*છળ કરી રે, છળ કરી,*

*ઝાલ્યું મારું ચિર; પરોવી નેણુંના તીરમાં....*

*મુને રોકોમા રસિયા તમે ... રંગ*

મનના તરંગ અને તનના ઉમંગ કેવા ઝુમી ઊઠે છે અવસર પ્રાપ્ત થતાં જ ! જાણે લોક લાજ છોડવા જોઈતું હતું કોઈ બહાનું !! કોઈ નિમિત્ત માત્ર !! નંદલાલ સાથે રમીને રસાઈ જવાની વાત ભૂમાનંદ કેવી રીતે છેડે છે તે જુઓ !!

*રંગભીનો રે, રંગભીનો... ટેક*

*રમવા નંદલાલ આંગણીયે આવ્યા હરિ ... રંગ*

*ઘેર લઈને સંગ ગોવાળની ... રંગ*

*આવ્યા ચાલી રે, આવ્યા ચાલી,*

*ચટકંતી ચાલ; પીચકારી રંગે ભરી ... ૧*

*હાસ્ય વિલાસ કરતા ઘણી.... રંગ*

*રંગ રોળી રે, રંગે રોળી,*

*વધારે વહાલ, અંતરમાં ઊંડો ગરી....૨*

*સરવે અંગે સુંદર શ્યામળો .....રંગ*

*દેખી ને રે, દેખીને,*

*થઈ રહી હું નિહાલ; પધરાવ્યા પ્રેમે કરી. ૩*

*ભૂમાનંદ કહે આવો ભેટીએ ... રંગ*

*નહિ આવે રે, નહિ આવે,*

*ફરી આવો તાલ, લોક લાજ મેલો પરી...૪*

રંગે રમવા આવતા નંદલાલનો મહિમા અપરંપાર છે... એક પળ પણ જુગ જેવડી જણાય;

*સખી સુની દેખી સેજ, અંતરમાં અતિ બળે,*

*મેલી પિયુ ગયા પરદેશ, શોક શાને ટળે...*

*સખી પળ જુગ જેવી જાય, જીવત કેમ નીસરે,*

*દીધું સુખ દેખાડી હેત, વિસાર્યું ન વિસરે*

*સખી દીલમાં લાગ્યો દવ, પડી હું પરજળું*

*હવે ભૂમાનંદનો નાથ, આવે કયારે મળું....*

અહીં ભૂમાનંદ મન ભરીને પ્રેમલક્ષણા ભક્તિનું ગાન કરે છે જેનો વિપ્રલંભ શૃંગાર જાણે છેડછાડ કરે છે.

*સખી ફુલ્યો ફાગણમાસ, વસંત જાય છે,*

*હવે કે સંગે ખેલું ફાગ, ઉચાટ થાય છે.*

*ભર જોબન મારું જાય, વૃથા વાલા વિના*

*હવે શું કરીયે ઉપાય, આવે બક્ષી ગુના.*

* * *

*નવ જોબન એળે જાય, પિયું કયારે મળું;*

*અતિ અંતર વિરહનો તાપ, તેણે હું તો બળું*

શ્રીહરિનો સાક્ષાત્કાર એ જ અંતિમ લક્ષ્ય; એ જ જીવનનું મંગલ ગાન છે –

*મંગલકારી મૂર્તિ, થયો આ અવતાર*

*કૃષ્ણે કર્યો તો વાયદો, હરીને ભુનો ભાર*

'સંભવામિ યુગેયુગે' નું વચન સાર્થક થયું છે એવો હૈયે ભરોસો છે. ધર્મની રક્ષા અને અધર્મના વિનાશ માટે અવતાર ધારણ કરતાં કૃષ્ણનું મનોહર રૂપ જ ચિત્તચોર છે.

*એની આંખનો ઉલાળો ચિત્ત ચોરે રે,*

*કરે લટકું કાળજડાને કોરે રે....*

* * *

*આજ ઠરી અમારી આંખડી*

*ઘનશ્યામ સલુણા છેલને, પધરાવીને પુરણ થાવ રે;*

*પ્યારે મનોરથ પૂરા કર્યાં*

*આવી ભેટયા નટવર નાવ રે... આજ*

* * *

ભાળી તે દિન દિવાળી ન ભાળી તે હોળી!! વ્યક્તિથી માંડી સમષ્ટિ સુધીની આ સ્થિતિ –

*સુખદાયક શ્રીમહારાજ, દીઠ દિવાળી*
*આજ દિવાળી રે, પ્રગટ પ્રભુ મળ્યા રે....*
*રહો મંદિરમાં મહારાજ, મારે દિવાળી*
*કરું જીવન જમવા કાજ, સેવો સુંવાળી... ટેક*
*પલંગ પોઢો પિયાજી, પ્રીતે ચોપું પાવ*
*મોહન હું મરજી તમારી, લોપું નહિ લગાર રે;*
*અધરામૃત આપોને મુજને, વાલા વારંવાર*
*મનોરથ મારા કરો પુરા, કહું કર જોડી નાથ રે;*
*ભૂમાનંદના વાલા ભેટો, ભરીને મુનસે બાથ*

તો કાન ગોપીની મીઠી છેડછાડમાં હૈયાની આરત ઝંકૃત થાય છે.

*કોડીલા મારગડો મેલને મારો,*
*કહું છું તુંને કાન...*

* * *

*પરનારીનું પાલવ ઝાલ્યમાં*
*જાવા દેને જીવન ઝઘડો રે*

* * *

*મુને મારો માં મોહન આંખડલી રે..*

* * *

*ચંચલ ચપળ ચિત્તચોર કનૈયો,*
*મીલ્યો મોયે જમુના આરે;*

તો ચિતડું જેણે ચોરી લીધું છે એ શ્યામ સુંદરવર કેવો લોભાવે છે!!

*મોહી શ્યામ સુંદરવર જોઈ*

*લાવણતામાં હું લોભાણી, લાગ્યાં રસિક દ્રગ દોઈ*

જેની મૂર્તિમાંથી ચિત્ત હટતું જ નથી એવી મૂર્તિ કેવી અલૌકિક છે તેનું વર્ણન સુંદર શબ્દોમાં કર્યુ છે.

*'એની સર્વે દેખી અલૌકિક રીત રે*

*ચોટયું મારું સુંદરવરમાં ચિત્તરે'*

* * *

*'અલબેલે મુજને આંખડી મારી રે'*

* * *

ગોપીહૃદયનું કૃષ્ણવિષયક ભાવ સંવેદન બળકટ રીતે છેડયું છે ભૂમાનંદે –

*આવો ઓરા વાલમ જોઉં, વારી વાલમ જાઉં વારી*

*અધરામૃત પાઓને, હું છું દાસી તમારી.. આવો*

ઉત્કટપ્રણય મધુરની અધીર ઝંખના, મિલનનો તલસાટ, તરફડાટ અને તરસ વ્યવધાનરૂપ બનનારને છોડે નહીં. શોકય બની જાય એમ હોય, એવી હોય તે કુબ્જા કે પછી હોય વાંસળી –

*સુણ સાહેલી, વેરણ થઈ વાંસે પડી છે, વાંસળી*

*આવી અંતરમાં, પરાણે પેસે છે ભેદી પાંસળી... સુણ*

*મળી મોહનને મુખે જઈને*

*પીવે અધરામૃત એ લઈને*

*ભૂમાનંદ કહે શોકય સામી થઈને ... સુણ સાહેલી*

* * *

*કુબજાને વશ થયા, સખી કાન કુબજાને વશ થયા,*

*નહિ આવે આપણી દયા.. સખી કાન. ટેક*

ભાગ્યનો ઉદય ત્યારે થાય જયારે જીવન આધારનાં દર્શન થાય !

*નજરે રે કોઈ મુને મેળાવો, જોઉં ઝાંખીને જીવન મારો*
*એ વિના નથી અમારે, નયન તણો ગુજારો*

*       *       *

*સજની શું કહિયે રે, સુખની વારતા રે,*
*વાલા મુંને આપ્યું એકાંતમાં આજ*
*રાજી થઈને રીઝયારે, વાલો મુજ ઉપર રે,*
*આપ્યું સુખ અલૌકિક એકાંત*

*       *       *

*રંગ હિંડોરે રસિયો ઝુલે, માનિનિ મંગળ ગાય રે,*
*વદનકમળ વાલાનું દેખી, હઈડામાં હરખાય રે.*

*       *       *

*દેખીને ડોલરીયો નટવર વરીયો રે*

*       *       *

*લીધું લટકે રે મન લીધું લટકે*
*સખી શ્યામ સુલુણે મન લીધું લટકે*

*       *       *

*આજ મારો જન્મ સુફલ થયો, વર્યા વર અવિનાશી*
*અખંડ સોહાગણ હું થઈ, કાપી કાળની ફાંસી*

નિત્ય અવિનાશી સાથે વરતાં જન્મારો સફળ થઈ જાય છે. ખંડ નહીં અખંડને પમાય છે. જીવનની અધુરપો મધુરયોમાં ફેરવાઈ જાય છે. કાળ જેને ગ્રસી શકતો નથી તેવી 'અખંડ સોહાગણ' બનવાનો મારગ 'ભૂમાનંદ' 'રૂપજી' હતાં તે દી'નો લીધેલો. એટલે તે કહે છે મહિમાપૂર્વક

*'સૂઈ રહ્યો તું સર્વે ખોયું,*
*સુંદર શ્યામ વિસારી*

પ્રત્યેક શ્વાસમાં કૃષ્ણ... પ્રત્યેક પળે તેનું ધ્યાન બીજું ન કંઈ જ્ઞાન–ભાન. પ્રત્યેક ક્રિયા કેવી એકાકાર થઈ જાય છે મોહન સાથે; સંગાથે –

*મોહન જાગોને જગતના જીવન પ્રાણ, મુખડુ જોયે રે*

*　*　*

*જીવન જમવા સારુ રે, પધારો પ્યારા પુરણકામ*

*　*　*

*મોહન મુખ સુધારો રે, જમીને ઊઠયા જાદવ રાય*

*　*　*

*ધન ઘડી ધન ધન દિવસ સારો રે*
*આજો આવી ઊભા નંદ દુલારો રે*

તો મૂર્તિ મનોહર પ્યારી લાગે વ્હાલાની. તેના સાજ શણગારનું વર્ણન પણ મનભેર ગવાય.

*લાગે છે મુને મુરતિ મનોહર પ્યારી*
*જરકસી જામો પાઘ પેચાળી સોનેરી શિર ધારી;*

આમ, ભૂમાનંદ, પરંપરાનાં જોરમાં પણ કૃષ્ણકવિતા કરે છે અને સ્વયં સહજાનંદ પ્રગટ પુરુષોત્તમને જ કૃષ્ણ તરીકે પણ આરાધે છે!

*ધન્ય મુને મળ્યા સહજાનંદ સ્વામિ*
*જેને કહે છે અક્ષરધામના ધામી..　૧*
*ભલે વાલે ભૂતળ અવતાર લીધો.*
*કૃપા કરી સત્સંગ ચાલુ કીધો...　૨*
*ધન્ય અમો સત્સંગના નિવાસી,*
*જેમાં આવ્યા અક્ષરપુરુષ અવિનાશી ...　૩*
*ધન્ય મુને સહજાનંદ કહાવી,*
*થઈ હવે સર્વે લોકમાં છાવી ...　૪*

*ભલે મળ્યા ભૂમાનંદનો સ્વામી,*

*ધન્ય હું તો પૂરણ પદવી પામી ...  ૫*

ભૂમાનંદને મન શ્યામ એ જ ઘનશ્યામ છે.

*હરિજનને નવ મુકવી રે, એકાદશી કહે શ્યામ;*

*ભૂમાનંદ કહે પામશો રે, તમે જરૂર અક્ષર ધામ...*

ભૂમાનંદની કવિતા પ્રભુના સ્વરૂપ ઓળખની કવિતા છે. અભિવ્યક્તિની સરળતા અને વર્ણનક્ષમતા તેમની કવિતાના મુખ્ય ગુણ છે. તેઓ કૃષ્ણના ભાતીગળ શણગારનું; સૌન્દર્યનું પરંપરાગત રીતે વર્ણન કરે છે.

ભૂમાનંદનો ભક્તિભાવ, વૈરાગ્યવૃત્તિ, જ્ઞાન અને કાવ્ય પ્રતિભાનો પરિચય કરાવે છે આ પદો. પદોમાં કૃષ્ણ નિરૂપણ કરતી વેળાએ તે ખીલે છે. વ્રજનારીની રસિકતા અને પ્રગલ્ભતા બંને પ્રગટ કરતી તેમની આ રચનાઓમાં પ્રગટતો નિર્મળ ભક્તિભાવ ચિત્તને સ્પર્શી જાય છે. ભૂમાનંદની કવિતામાં ગોપીભાવ સાથે વાંસળી, ઉદ્ધવ વગેરે કાવ્યમાં સ્થાન પામે છે.

ગોપીની વિરહિણી, ઉત્કંઠા સભર, કયારેક અભિસારિકા જેવી અવસ્થાઓ પ્રત્યક્ષ થાય છે.

કૃષ્ણભક્તિની શૃંગારમાધુરીની લીલાનો વૈભવ મનભર છે, આવો, વધુ કેટલાંક ભાવવાહી પદોનાં દર્શન, ભાવન, આચમન દ્વારા ભૂમાનંદની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ માણીએ; કૃષ્ણપ્રીતિ અને કૃષ્ણભક્તિ દ્વારા પ્રેમલક્ષણા ભક્તિની પરાકાષ્ટા અનુભવીએ.

(પદરાગ – કાફી)

અલબીલે મુજને મારી આંખડી રે … અલ૦ ટેક
જાદુ ભરેલી જોઈ જગ જીવનની,
લજાય છે કમલ કોરી હો જી પાંખડી રે… અલ૦ ૧
શું જાણું જે મુને શુંયે કરી નાંખ્યું,
રાત દિન રે છે એની હો જી ઘાંખરી રે… અલ૦ ૨
અંતરામાં ઈ અટકી છે એના,
ચરણ સરોજ કોરી હો જી ચાંખડી રે… અલ૦ ૩
ભૂમાનંદ કહે મમતિ હું ડોલું,
જોગણ્ય થઈને એ સારું હો સાંખડી રે… અલ૦ ૪

* * *

જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે;
હીરની નાડી સુંથણલી સોનેરીસ રે…૧
જરકસી જામો બુટાદાર રે,
કસી કમર સોનેરી કટાર રે…૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે,
કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે…૩
ગજરાત તોરા ગળે ગુલાબના હાર રે,
આવી ઉપર ભ્રમર કરે ગુંજાર રે…૪
પોંચી કડાં બાંયે બાજુ–બંધ રે,
નંગ જડયાં કુંડળ મોતીનાં વૃંદ રે…૫
વેગે જુઓ વરણાગીયો વનમાળી રે,
શીતળ થાઈએ ભૂમાનંદ કહે ભાળી રે…૬

* * *

કુબજાને વશ થયા, સખી કાન કુબજાને વશ થયા,
નહિ આવે આપણી દયા ..... સખી કાન૦ ટેક
કાંમણ કરી કુબજાએ નાંખ્યાં,
હાથ જોડી હાજર રહ્યા ..... સખી કાન૦ ૧
કંસની દાસી અંગે કુબડી,
ગુણ એના ન જાય કહ્યા ..... સખી કાન૦ ૨
ચર્ચી ચંદન કર્યા ઓશીયાળા,
ઘેરે એને ચાલી ગયા ..... સખી કાન૦ ૩
ભૂમાનંદનો નાથ દગાદાર,
આગે એને નવ લયા ..... સખી કાન૦ ૪

* * *

આવો આવો અલબેલડાજીરે, મોહન કરો મેર રે,
આવો આવો અલબેલડાજીરે .. ટેક
મેલી ગયાં મહાવનમાંજીરે, પ્રેમદાની શી પેર રે...૧
અમૃત પાઈ ઉછેરીયાંજીરે, જીવન પાઓ માં ઝેર રે. ૩
સુખ અમને શિદ આપીયાંજીરે, વાલા કરવં હતું વેર રે.૩
ભૂમાનંદ કહે કૃપા કરોજીરે, થાયે લીલા લહેર રે. ૪

* * *

લાધ્યો હરિવર હીરલોજી રે. વિંટી વળી વ્રજનાર રે;
લાધ્યો હરિવર હીરલોજીરે .. ટેક
મૂર્તિ મનોહર જોઈનેજીરે, પામ્યાં સુખ અપારરે૦ ... ૧
મોર મુગટ માથે ધર્યોજી રે, ગળે ગુલાબના હાર રે૦ ... ૨
કાંતિમાં ઝાંખા કર્યાજીરે, મહાનવર કોટીક માર રે૦ ... ૩
ભૂમાનંદનો નાથ છે જીરે, નેણુંનો શણગાર રે૦ ... ૪

## પ્રકરણ – ૯

## ભૂમાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ :*

૧. '1જુતાભર્યા સંતકવિ ભૂમાનંદ સ્વામી', 'સ્વામિનારાયણ પ્રકાશ', એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૧૯

૨. મહામુક્ત સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી રચિત 'કીર્તન સંગ્રહ', શાસ્ત્રી નારાયણસેવાદાસનો સંક્ષિપ્ત જીવન વૃત્તાંત લેખ પૃ. ૫

૩. એજન, પૃ. ૫

૪. એજન, પૃ. ૫

૫. એજન, પૃ. ૫

૬. '1જુતાભર્યા સંતકવિ ભૂમાનંદ સ્વામી', 'સ્વામિનારાયણ પ્રકાશ', એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૧૭

૭. એજન, પૃ. ૧૮

૮. એજન, પૃ. ૧૯

૯. એજન, પૃ. ૧૯

૧૦. એજન, પૃ. ૧૯

૧૧. એજન, પૃ. ૧૮

૧૨. 'સ્વામિનારાયણ સંત પરંપરા અને કૃષ્ણભક્તિ કવિતા' – સંપા. દર્શના ઓઝા

# પ્રકરણ - ૧૦
# મંજુકેશાનંદ સ્વામીની પદ્યકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

જન્મ : ઈ.સ. ૧૯ મી સદીનો પૂર્વાર્ધ

અવસાન : ઈ.સ. ૧૮૬૩, સંવત ૧૯૧૯, કારતક વદ ૧૧

મંજુકેશાનંદ તે પંડિત, રૂડા ગુણે કરીને મંડિત।
જેણે કીધા છે ભાષાના ગ્રંથ, કીધો કીર્તન મોક્ષનો પંથ॥

(નંદમાળા – મંજુકેશાનંદજી)

*સોરઠી સંતકવિ સદ્‌ગુરુ*

*શ્રીમંજુકેશાનંદ સ્વામી*

जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ।।[१]

રસભરી રચના કરનારા સત્‌કવિઓ સદા સ્વકૃતિથી વિજયી જ હોય છે. રમણીય કાવ્યથી ફેલાયેલા તેમનાં ઉજજવળ યશને ઝાંખા પડવાનો કે નાશ પામવાનો ડર કયારેય રહેતો નથી. ભારતીય કવિગણ પોતાના હૃદયના ભાવ વૈભવને કવિતામાં વિશદ્‌પણે વ્યક્ત કરતો આવ્યો છે. હૃદયની ઊર્મિમાંથી ભરેલા કવિના શબ્દો જ તેમના વ્યક્તિત્વ અને ચારિત્ર્યને પ્રકટ કરતા હોય છે અને આટલા હેતુથી જ પ્રાયઃ પ્રાચીન કવિઓએ પોતાના જીવન વિષે મૌન સેવ્યું હશે. બીજા કવિઓનું ભલે તે રે રીતે હોય પરંતુ આશરે દાઢસો વર્ષ પહેલા વિદ્યમાન સદ્‌ગુરુ શ્રીમંજુકેશાનંદ સ્વામીના જન્મસ્થાન તથા અન્ય જીવન પરિચય વિષયે એકદમ અજાણ્યું નથી. તેમની શિષ્ય પરંપરા અને સંપ્રદાયના વૃદ્ધ સંત હરિભક્તોના મુખેથી જે કાંઈ જાણવા મળે છે તેને આધારે તેમનું જીવન ચરિત્ર આપણને પ્રાપ્ત થાય છે. જોકે સમગ્ર સદ્‌ગુણોના સમાશ્રયરૂપ આવા મહાપુરુષોના સંપૂર્ણ જીવનને, ગુણ તથા ચરિત્રોને માપવાનો પ્રયાસ કરવો તે મહાકવિ કાળિદાસની

"प्रांशुलभ्ये फले लोभादुद्बाहुश्चि्र वामनः" ઉક્તિની માફક ઉપહાસ્યાસ્પદ ગણાય, છતાં લોકવિલક્ષણ એ મહામુનિનાં જીવન, કવન, ગુણ તથા ચરિત્રોનું વર્ણન અથવા ચિંતન જેટલે અંશે થાય તેટલું અધ્યાત્મ માર્ગે આગળ વધારનાર છે.

વર્તમાન ગુજરાત રાજયના સોરઠ જિલ્લામાં જૂનાગઢથી પશ્ચિમમાં માણાવદર નામે પ્રસિદ્ધ એક ઘણું સુંદર ગામ છે. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીથી આરંભીને આ ગામમાં હરિભક્તોનો સમુદાય ખૂબજ રહ્યો છે. "અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સાંગી"[૨] પ્રમાણે ગૃહસ્થ સત્સંગીઓમાં અગ્રગણ્ય, સેવા તથા નિર્માનીપણાની મૂર્તિ સમાન, સદ્ધર્મનિષ્ઠ અને શ્રીહરિના એકાંતિક ભક્તરાજ શ્રીમયારામભટ્ટ માણાવદરના હરિભક્તોમાં મુખ્ય હતાં તે સિવાય પટેલ શ્રીવાલાભાઈ તથા વણિક ભક્ત શ્રીજાદવજી શેઠ આદિ બીજા ઘણાય શ્રીહરિનાં સર્વશ્રેષ્ઠ ભક્તો હતાં. બાઈઓમાં હરિબાઈ (મયારામભટ્ટની માતા), જેતબાઈ (પટેલ વાલાભાઈના ધર્મપત્ની), જીવીબાઈ (જાદવજી શેઠના પુત્રી) અને તેજુબાઈ વગેરે શ્રીહરિનાં સ્વરૂપમાં અખંડ સમાધિની સ્થિતિને પામેલા ધન્યનામ સ્ત્રી ભક્તો હતા.

વૈરાગ્યમૂર્તિ કવિવર્ય સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં હરિભતકતોના નામ ગણાવતી વેળાએ માણાવદરના હરિભક્તોનો સ્પષ્ટ શબ્દોમાં નામોલ્લેખ કર્યો છે :

*બાળ જોબન વૃદ્ધ સમિષ્ઠ,*
*સરવે જન સમાધિ નિષ્ઠ.*
*ભાવિ ભક્ત વાલો જેત બાઈ*[૩]

તે પ્રમાણે શ્રીહરિના સ્વરૂપમાં અતિશય પ્રેમભાવવાળા તથા તેમની આજ્ઞા પાળવામાં અતિ ઉત્સાહી ભક્તરાજ શ્રીવાલાભાઈ પટેલ અને શ્રીજેતબાઈ બંને શ્રીહરિનાં અનન્ય અનુયાયી હતાં. જેતબાઈનું જીવન અત્યંત ઉજજવળ હતું. તેઓ મયારામ ભટ્ટની માતા હરિબાઈની સાથે બેસી કથા, વાર્તા તથા ભજન–કીર્તન કરીને પોતાના ચિત્તની વૃત્તિને તેલની ધારની જેમ અતૂટપણે શ્રીહરિના સ્વરૂપમાં રાખતાં અને દર્શનમાત્રથી જ અનેક જીવનું મંગળ કરે તેવું પરમ પવિત્ર તથા આદર્શ જીવન ગાળતા હતા.

વાલા પટેલ અને જેતબાઈને બે પુત્ર હતાં. તેમાં મોટાનું નામ ભીમજીભાઈ પટેલ હતું. તેઓ ઘણાં બુદ્ધિશાળી, ધાર્મિક, પતૃભક્તિ તથા શ્રીહરિનાં અનન્ય આશ્રિત હતાં.

*.................... જિયાં ભક્ત થયા ભીમભાઈ,*

*તે તો મોટા મુક્ત મહામતિ, સદા સુખિયા અંતરે અતિ.*

*જેની કહ્યામાં નાવે મોટાઈ; એવા ભક્ત કહીએ ભીમભાઈ.*[૪]

ઉપર્યુક્ત શબ્દોથી સ૦ શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ ભીમજી ભાઈને મહાન બુદ્ધિમાન અને ભગવાન શ્રીહરિનાં સ્વરૂપના સંબંધનું નિતાંત સુખ ભોગનારા કહીને તેમની મોટાઈને વાણીથી પણ પર ગણાવી છે.

તેમના બીજા પુત્ર કે જે ભીમજી ભાઈથી નાના હતાં, તેજ આપણા સદ્‌ગુરુ શ્રીમંજુકેશાનંદ સ્વામી છે. તેમનું મહાદીક્ષા લીધાં પહેલાનું નામ શું હતું તે અત્યારે કોઈના જાણવામાં નથી. તેમજ જન્મદિન પણ ચોક્કસ કોઈ જાણતું નથી, જેતબાઈને પોતાનાં નાના પુત્ર ઉપર ખૂબ જ પ્રેમ હતો. શાંત વૃત્તિ, નિર્મળ સ્વભાવ, ઊંચી સમજણ તથા આજ્ઞાકારિત્વ વગેરે સાધારણજન દુર્લભ ઉત્કૃષ્ટ ગુણોથી યુકત તે નાના બાળ પુત્રને જોઈને માતા જેતબાઈ હરખાતા અને ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં પોતાને જે પ્રેમભાવ તથા અનન્ય નિષ્ઠા આદિ ગુણ હતાં, તે પોતાના પુત્રમાં પણ આવે અને તે ઉત્તમ ભક્ત બને તેમ નિરંતર ઇચ્છતા હતાં. જેતબાઈ વિચાર કરતાં કે "અત્યારે અનંત જીવોનું કલ્યાણ કરવા પરબ્રહ્મ પરમાત્મા 'શ્રી સ્વામિનારાયણ' રૂપે પ્રકટ વિરાજે છે. ગામોગામ તથા ઘરોઘર વિચરણ કરીને આ પરમાત્મા એકાંતિક ધર્મનો પ્રચાર કરી રહ્યાં છે. મારો આ નાનો પુત્ર પણ જો તેમની સેવામાં રહીને આજ્ઞા પાળે તો એનું કલ્યાણ થાય અને શ્રીહરિના સંકલ્પ પ્રમાણે સત્સંગનો પ્રચાર કરવાથી એના ઉપર તેમની પ્રસન્નતા પણ ઘણી થાય." જેતબાઈ પોતાના આવા વિચારોને કયારેક પ્રકટ પણ કરતાં અને પોતાના સુપુત્રમાં સત્સંગના ઉત્કૃષ્ટ સંસ્કારોને રેડયા કરતાં હતાં. જેતબાઈના તે નાના પુત્ર કે જેઓ જન્મ પહેલાંથી જ મુકતાત્મા હતાં, વળી બાળપણથી માતા પિતાના સર્વશ્રેષ્ઠ ગુણોનો સંપર્ક રહ્યો, આથી તેમના પૂર્વના બધાય કલ્યાણકારી સદ્‌ગણો ઉદ્‌બુદ્ધ થયાં અને તેઓ સંસાર વ્યવહારમાં કયાંય પણ ચિત્ત નહિ રાખીને ભગવાન્‌પરાયણ રહેવા લાગ્યાં. માતા

અને પિતાના ઘડતરથી એક નિરાળું ભક્ત–હૃદય તૈયાર થયું. હૃદયમાં ધીરે ધીરે વૈરાગ્ય અને ત્યાગની ધૂણી ધખવા માંડી. ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય અને અમાપ આકર્ષણ આ કિશોરવયના ખેડૂત પુત્રના રોમેરોમમાં રોમાંચ ઉપજાવવા લાગ્યું.

તે સમયમાં સ૦ શ્રીસ્વયંપ્રકાશાનંદ સ્વામી સત્સંગમાં વિચરણ કરતાં કરતાં માણાવદરમાં પધાર્યાં. તેઓ ત્યાં થોડા દિવસ રહી, કથાવાર્તાથી હરિભક્તોને આનંદ આપીને ચાલવા તૈયાર થયાં ત્યારે તેમની સાથે જેતબાઈના નાના પુત્ર પણ વૈરાગ્ય વૃત્તિથી ત્યાગ પ્રધાન જીવન ગાળી ભગવાન ભજવા ચાલી નીકળ્યા. સ૦ શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામીની સાથે રહ્યાં પછી શરણે ચઢાવેલા મણિની જેમ તેમના ગુણ રત્નો ચમકી ઊઠયા. વૈરાગ્ય તીવ્ર બન્યો, ભક્તિભાવના ખીલી ઊઠી. આ પછી સ. શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી ગઢપૂર પધાર્યાં. શ્રીહરિ આ નવયુવાન ભક્તને જોતાં જ મલકી ઊઠયાં. ત્યાગવૃત્તિથી થનગનતા આ ભક્તને શ્રીહરિએ દીક્ષા આપી અને મંજુકેશાનંદ નામ આપ્યું.

સ. મંજુકેશાનંદ સ્વામીને ગુજરાતી ભાષાનું પ્રાથમિક શિક્ષણ માણાવદરમાં જ મળ્યુ હતું. શ્રીહરિએ તેમનામાં એક ઊંચા ગજાના કવિ અને વિદ્વાનનું બીજ જોયું. એટલે જ તેમણે નિત્યાનંદ સ્વામી જેવા મહા વિદ્વાન પાસે મંજુકેશાનંદજીને અધ્યયન કરવાની આજ્ઞા કરી. મંજુકેશાનંદજીએ એ ઝીલી લીધી અને (મહાદીક્ષા લીધા પછી) વિદ્વાન સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી પાસે સંસ્કૃત ભણવા રહ્યાં. તેમણે ખાસ કરીને વ્યાકરણ, કાવ્ય, પુરાણો ઇતિહાસ અને મહાભારત વગેરે સાથે ભારતીય અધ્યાત્મશાસ્ત્રનો ગહન અભ્યાસ કર્યો હતો. તે પછી ગોસ્વામી તુલસીદાસજી અને સૂરદાસજી આદિ ભક્ત કવિઓનાં સાહિત્યનું અધ્યયન કરીને હિન્દી ભાષામાં પણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. આજ રીતે મરાઠી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરી બોલવા–સમજવા વગેરેમાં કુશળતા મેળવી હતી. પ્રખર બુદ્ધિમત્તા, સૂક્ષ્મ ગ્રહણશીલતા, અદમ્ય ઉત્સાહથી વાંચન અને મનનશીલતા જેવા ઉત્તમ ગુણોને લીધે થોડા જ સમયમાં સ્વામીશ્રીએ એક પ્રૌઢ પંડિત અને કવિ તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને અધ્યયન સમયથી જ કવિતા કરવાનો અતિશોખ હતો, તેમાં ભક્તિભાવનાનો સાથ મળવાથી તે શોખ બમણો વધ્યો. શ્રીહરિની પ્રેરણાથી તેમના હૃદયમાં જલતો કાવ્યદીપ હવે અજવાળાં પાથરવા માંડયો. ભગવાન સ્વામિનારાયણનાં

દિવ્ય મનોહર સ્વરૂપનેપ તેમનાં ઉપદેશને અને તેમના ચરિત્રને કાવ્યદેહ આપવા માંડયો. શ્રીહરિ પ્રત્યે અનન્ય ભક્તિભાવથી વહેતી તેમની આ કાવ્ય સરવાણીએ સૌને દંગ કરી દીધાં. ટૂંક સમયમાં જ તેઓ એક ઉત્તમગજાના કવિ તરીકે વિખ્યાત થઈ ગયાં. તેથી જ તેમણે વિવિધ વિષયોના સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં અનેક કાવ્યો કર્યાં છે.

વિદ્વત્તાની સાથે જ સ્વામીશ્રીમાં વિશુદ્ધ ધર્મનિષ્ઠા અને માહાત્મ્ય જ્ઞાનપૂર્વકની ઉત્તમ ભક્તિભાવના જેવા સર્વોત્કૃષ્ટ ગુણોને આપણે તેમના કાવ્ય–કીર્તનો દ્વારા જાણી–જોઈ શકીએ છીએ. પોતાના ઈષ્ટદેવના દિવ્ય ચરિત્ર તથા અલૌકિક ઐશ્વર્ય વૈભવનું વર્ણન કરવામાં અને તેમનાં અનન્ય ભક્તજનોનાં ગુણ ગાવામાં સ્વામીશ્રીનું મન સદાય રાચતું રહેતું. મહિમા કહેવામાં તેઓ અધિક ઉત્સાહ ધરાવતા, તેમજ સ્વાનુભૂતિનો અચળ અને યથાર્થ આશ્રય લઈને મહિમા સમજાવવામાં કોઈની પરવા રાખ્યા સિવાય નિધડકપણે સ્પષ્ટ શબ્દો કહેતાં. જેને આપણે 'ઐશ્વર્યપ્રકાશ' આદિ તેમના કાવ્યોમાં જોઈ શકીએ છીએ.[૫]

એક ઉપદેશકર્તા તરીકે તેમજ શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનાના છડીદાર તરીકે મંજુકેશાનંદ સ્વામીએ જીવનભર સત્સંગમાં કથાવાર્તાના પડછંદા પણ ગુંજાવ્યાં.[૬]

સ્વામીશ્રી જીવનભર સત્સંગમાં કથાવાર્તા કરી તથા શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનાના સૂચક કીર્તનો બોલીને સંત હરિભક્તોને આનંદ પમાડતા તથા જન સાધારણનું અજ્ઞાન દૂર કરી, વિશુદ્ધ જ્ઞાન આપીને મોક્ષના અધિકારી બનાવતા હતાં. તેમની વકતૃત્વશકિત ઘણી જ આકર્ષક તથા મોહક હતી. જન સાધારણ અને વિદ્વાન, બધાં જ તેમની વાત સાંભળવા માટે ખેંચાતા હતાં. તેઓશ્રી જયાં જતાં ત્યાં પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ઉજજવળ મહિમા, દિવ્ય લીલા ચરિત્ર તથા પાળવાના 'વર્તમાન'નો સદુપદેશ આપતાં હતાં અને તેથી તેમણે ઘણા પ્રદેશોમાં સત્સંગનો વિકાસ કર્યો હતો. સૌરાષ્ટ્ર, ચરોતર, કાનમ, કોંકણ, વાકળ અને પૂર્વ ખાનદેશ (મહારાષ્ટ્ર) સુધી તેમણે સત્સંગના પ્રચાર માટે વિચરણ કરી અને તે તે સ્થળોએ ઘણાં ગામોમાં મંદિર પણ બંધાવ્યાં હતાં. જે આજે પણ મૌજૂદ છે. આવા અનેક શ્રેષ્ઠ ગુણો હોવા છતાં તેમનાં મનમાં તે બાબતનું અભિમાન બિલકુલ નહોતું. કોઈ સાધુ–સંતને સાજા–માંદા સાંભળે કે તુરંત

તેમની સેવા કરવા તત્પર થઈ જતાં. તેમની સર્વોત્કૃષ્ટ વિદ્વતા અને સાથોસાથ વિનય વિવેકાદિ ઉત્તમ ગુણોને જોઈને પરમાત્મા શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થતાં અને તેમને પોતાનાં વસ્ત્રો, પુષ્પનાં હાર અને અન્ય પ્રસાદી આપી, સત્કાર કરીને આનંદ અનુભવતા હતાં. સાધુતાથી સંપન્ન આ મૃદુભાષી સંત નાસ્તિકનાં હૃદયમાં પણ આસ્થાની ઈમારત ખડી કરી દેતાં. વળી, તેમની નમ્રતા અને સેવા વૃત્તિ પણ સૌમાં સેવાની સુવાસ પ્રસારતી.

સ્વામીશ્રીમાં અલૌકિક સાધુતાનું સ્વાભાવિક અને શાંત તેજ સદાય ઝળકતું રહેતું, જેનો અનુભવ થવાથી નાસ્કિતનાં હૃદયમાં પણ શ્રદ્ધાના ઝરણાં ફૂટી નીકળતાં. ભગવાન શ્રીહરિ ઘણી વાર તેમના દ્વારા દિવ્ય ઐશ્વર્ય ચમત્કાર બતાવતા હતાં.[૭] સ્વામીશ્રીએ પૂર્વખાનદેશમાં યાવલ તાલકુના નાવી, સાતાદ, હિંગોણા, ભાલોલ, કોડવડ અને બામણોદ વગેરે ગામોમાં ઘણો જ સત્સંગ કરાવ્યો હતો, તેથી તેઓ ત્યાં ઘણી વખત પધારતાં. એક વખત સ્વામીશ્રી સંતોને સાથે લઈને યાવલ પધાર્યાં હતા. ત્યાં થોડાં દિવસ રોકાઈને હરિભક્તોને કથા–વાર્તા કીર્તનથી સારી રીતે લાભ આપ્યો. તેમાં એક દિવસ એકાદશીની રાત્રિએ સંતો અને હરિભક્તોને મળીને જાગરણ નિમિત્તે ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં સામૂહિક ઊંચે સ્વરે ગરબીમાં ગવાતા કીર્તનોને સાંભળીને ગામનાં બીજાં લોકો પણ જોવા જાણવા માટે કુતૂહલવશ ત્યાં આવ્યાં પણ, સંત હરિભક્તના માહાત્મ્યને નહિ જાણતાં હોવાથી તે બધા નમસ્કાર કર્યા વિના જ બેસી ગયાં. ઉત્સવને અંતે જયારે બધા સંત હરિભક્ત ખુરશી ઉપર બેઠેલા સ્વામીશ્રીની ચારે બાજુ બેસીને તેમના દર્શન કરી રહ્યા હતાં તે વખતે કૌતુક માનીને આવેલા તે ગામ લોકોને સ્વામીશ્રીનાં ભગવાન નારાયણના ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થયાં.[૮] થોડી વારે તે સ્વરૂપ અદશ્ય થતાં આશ્ચર્યચકિત થયેલા તે બધા જ માણસો એકદમ ઊઠી સ્વામીશ્રીના પગમાં પડયા અને પોતાના અવિવેક માટે ક્ષમા માંગી. ત્યારે સ્વામશ્રીએ શ્રીહરિના દિવ્ય–અલૌકિક પ્રતાપની વાતો કરી, સદ્ધર્મનું રહસ્ય સમજાવી, તે સૌને સત્સંગના નિયમ આપી હરિભક્ત બનાવ્યાં. આ રીતે પરમાત્મા શ્રીહરિ અનેક વાર સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી દ્વારા પોતાનો અલૌકિક પ્રતાપ જણાવતા હતાં.[૯]

ઉપર્યુક્ત ગુણો સાથે સ્વામીશ્રીમાં બીજી પણ એક વિશેષતા એ હતી કે તેમને વૈદકનું જ્ઞાન ઘણું જ ઊંડું અને રૂઢ હતું. તેઓ ઉત્તમ પ્રકારના ચિકિત્સક હતાં અને બધી દવાઓ પોતાને હાથે બનાવીને જનતાને વિના મૂલ્યે નિઃસ્વાર્થ સેવાભાવથી આપતાં હતાં કે જેથી ઘણા દીન, દુઃખી રોગીઓને સુખ અને સંતોષ થતો હતો. કેટલાયે સંત હરિભક્તને પોતે નિષ્કપટપણે વૈદક શિખડાવતા હતા. આ ક્ષેત્રમાં પણ તેમના ઘણાં શિષ્યો હતા. પૂર્વ ખાનદેશમાં યાવલ તાલુકાના પાડળસા ગામના શ્રીનથુભાઈ પટેલને સ્વામીશ્રીએ અનુભવ સિદ્ધ વૈદકનું ખૂબ સારું જ્ઞાન આપ્યું હતું કે જેથી તેઓ સંગ્રહણી, પાંડુ અને પિત જેવાં રોગથી પીડાતા લોકોને સાજા કરી શકતાં હતા. તે શ્રીનથુભાઈની પરંપરામાં 'નારાયણ' અને 'પાંડુરંગ' આદિ સારા વૈદ્યો થઈ ગયા છે. પછી તે પરંપરામાં શ્રીમહારૂભાઈ એક પ્રસિદ્ધ સફળ વૈદ્ય થઈ ગયા છે.

આ પ્રમાણે સદ્‌ગુરુ શ્રીમંજુકશોનંદ સ્વામી શ્રેષ્ઠ વિદ્વાન, ઉત્તમ કવિ, અદ્વિતીય વકતા, સત્સંગનો ઉત્કર્ષ સાધવામાં ઉત્સાહી, નિઃસ્વાર્થી અને પરોપકારપરાયણ એક આદર્શ સંત પુરુષ હતાં. 'નંદમાળા' ગ્રંથમાં સ્વામીશ્રીએ પ્રમુખ ગુણો તરફ નિર્દેશ કરીને જયાં સૌ સંતોના નામ ગણાવ્યાં છે ત્યાં પોતે પોતાના વિષયમાં પણ સારા પંડિત, કવિ અને સર્વ સદ્‌ગુણ વિભૂષિતતાનો નિર્દેશ કર્યો છે. જેમકેઃ–

*મંજુકેશાનંદ તે પંડિત રૂડા ગુણે કરી મંડિત.*

*જેણે કીધા છે ભાષાના ગ્રંથ, કીધો કીર્તન મોક્ષનો પંથ.*[10]

સદ્‌ગુરુશ્રી મંજુકેશાનંદ સ્વામીના જન્મ તથા અક્ષરવાસની નિશ્ચિત તિથિ વિષે કોઈ પ્રામાણિક આધાર આજ સુધી મળતો નથી. સ્વામીશ્રીએ જેટલા ગ્રંથ લખ્યા છે તેમાં પ્રાયઃ અંતમાં ગ્રંથ પૂર્ણ થયાની તિથિ લખી છે. તેમણે એકાદશી માહાત્મ્યના પ્રારંભમાં ગ્રંથ કયારે રચ્યો તે નહિ, પરંતુ ગઢડા મધ્ય પ્રકરણ વચનામૃત–૮ પ્રમાણે શ્રીહરિએ સંવત્ ૧૮૭૮ ના શ્રાવણ સુદ બારસને દિવસે ગઢડામાં દાદાખાચરના દરબારમાં વાસુદેવ નારાયણના મંદિર આગળ સંત હરિભક્તોની સભામાં જે એકાદશીવ્રતનું માહાત્મ્ય, વિધિ આદિ સાર રૂપે કહ્યું હતું તેને મેં પુરાણોને આધારે કથાઓ કહી વિસ્તાર કરીને કહ્યાં છે, તેમ લખ્યું છે. જેમકે :

*"શ્રીસહજાનંદ સ્વામી કહ્યું, એકાદશી વ્રત સાર.*
*કરવું સૌને પ્રેમ જુત, તે સાચે નિરધાર* ૬
*તેનું માહાત્મ્ય જાણવા, પુરાણની કથાય.*
*મંજુકેશાનંદ કહી ભાષા કરી સુખદાય"* ૭

આ ઉપરથી તે નિશ્ચિત થાય છે કે સ્વામીશ્રીએ 'એકાદશીમાહાત્મ્ય' ગ્રંથ ઉપર્યુક્ત વચનામૃતને આધારે સંવત્ ૧૮૭૮ માં નહિ પણ પછી કર્યો છે, પરંતુ તે કયારે ? તેનું સમાધાન ગ્રંથમાંથી કયાંય જાણવા મળતું નથી. આ સિવાયના ગ્રંથોની સમાપ્તિ થયાની તિથિ તેને ગ્રંથના અંતમાં જે આપી છે તે આ પ્રમાણે છે.

૧–ધર્મપ્રકાશ વિ.સં. ૧૮૮૫ કાર્તિક સુદ–૨.

૨–નંદનામમાળા વિ.સં. ૧૮૮૭ આસો વદ અમાસ.

૩–ઐશ્વર્ય પ્રકાશ વિ.સં. ૧૮૮૯ ચૈત્રસુદ ૯ રામનવમી

૪–હરિગીતા ભાષા વિ.સં. ૧૮૯૫ પોષવદ અમાસ

**સ. શ્રીમંજુકેશાનંદ સ્વામી :**

આથી એ સિદ્ધ થાય છે કે 'એકાદશી માહાત્મ્ય' ને આધારે પણ તેમની જન્મની તિથિનું અનુમાન કરવું તે ભ્રમ છે. અક્ષરવાસ બાબત પણ સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રીધર્મવલ્લભદાસજીએ 'સ્વામિનારાયણ' માસિક જૂન ૭૦ ના પૃષ્ઠ સંખ્યા–૨૨ ઉપર 'વિ. સં. ૧૯૨૮ પછી એકાદ બે વર્ષમાં અક્ષરવાસી થયેલાં' એમ જે નિશ્ચયાત્મક લખ્યું છે તે પણ સંદેહાત્મક જણાય છે, કારણ કે વડતાલના જ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીરઘુવીરચરણદાસજીની મળી આવેલી એક નોટ બુકમાં સ. શ્રીમંજુકેશાનંદ સ્વામીનો અક્ષરવાસ વિ.સ. ૧૯૧૧ ના કાર્તિક માસમાં લખ્યો છે. માટે જયાં સુધી કોઈ વિશેષ પ્રામાણિક આધાર ન મળે ત્યાં સુધી સ્વામીશ્રીના જન્મ અને અક્ષરવાસની તિથિ ચોક્કસ થવી કઠણ છે.[૧૧]

સદ્‌ગુરુશ્રી મંજુકેશાનંદ સ્વામી સ. શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામીના મંડળમાં ગણાતાં હતા કે જે મંડળ, તેમાં ૬૦ સંતો હોવાથી 'સાઠી' એવા નામથી કહેવાતું હતું અને આજ પણ તે બધાની શિષ્ય પરંપરાના મંડળો 'સાઠીના મંડળ' નામથી ઓળખાય છે.

તેમણે કુલ ૭ ગ્રંથો રચ્યા છે : (૧) ઐશ્વર્યપ્રકાશ (હિન્દી) (૨) ધર્મપ્રકાશ (૩) હરિગીતાભાષા (૪) એકાદશી માહાત્મ્ય (૫) નંદમાલા (૬) કીર્તનો (૭) સ્તોત્રો. પ્રકાશિત થયેલા 'મંજુકેશાનંદ કાવ્ય'માં ઉપરોક્ત કેટલીક રચનાઓનો સુપેરે સમાવેશ કરવામાં આવ્યો છે.

ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની એમની શરણાગતિ અને આશ્રયની દૃઢતા એમનાં પદોમાં ઠેરઠેર પડઘાય છે.

આ સંતકવિના જન્મસયમ વિષે, બાળવયના નામ વિષે કોઈ જ વિગતો ઇતિહાસમાં કયાંય પ્રાપ્ત થતી નથી. તે જ રીતે તેમના અક્ષરવાસ વિષે પણ ચોક્કસ માહિતી મળતી નથી. પરંતુ અક્ષરબ્રહ્મ ગુણાતીતનંદ સ્વામીનું વિ. સ. ૧૯૨૨ તથા ૧૯૨૩ની સાલમાં વડતાલમાં અપમાન થયું તે સભાઓમાં તેમની ઉપસ્થિતિ હતી. એ બાબત તેમજ અન્ય પ્રમાણોના આધારે વિ. સં. ૧૯૨૮ સુધી તેમની હયાતી હોવાનું અનુમાન થઈ શકે છે. મંજુકેશાનંદ સ્વામી કયાં સુધી જીવ્યા એનું ભલે કોઈ ચોક્કસ પ્રમાણ ન હોય પરંતુ આજે બસ્સો વર્ષ પછી પણ એમના ભક્તિપદો સૌની જીભે અને હૈયે જીવે છે. એવું એક ચિરંતન પદઃ

*તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે.. શ્રી ઘનશ્યામ હરિ*
*રૂડી ચાલ જગતથી ન્યારી રે...　　શ્રી ઘનશ્યામ હરિ૦ ટેક*
*ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે...　　શ્રી ઘનશ્યામ હરિ*
*રૂડા લાગો છો શ્યામ શરીર રે...　　શ્રી ઘનશ્યામ હરિ૦ ૧*
*તારી છાતી ઊપડતી શ્યામ રે...　　શ્રી ઘનશ્યામ હરિ*
*છે જો અક્ષર કેરું ધામ રે...　　શ્રી ઘનશ્યામ હરિ૦ ૨*
*તારા મુખની શોભા જોઈ રે...　　શ્રી ઘનશ્યામ હરિ*
*રાખું અંતરમાં પ્રોઈ રે...　　શ્રી ઘનશ્યામ હરિ૦ ૩*
*તારાં નેણા કમળ પર વારી રે...　　શ્રી ઘનશ્યામ હરિ*
*મંજુકેશાનંદ બલિહારી રે...　　શ્રી ઘનશ્યામ હરિ૦ ૪*

અને આમ રચાયું એક ઐતિહાસિક ભક્તિપદ.

એક વખત ભગવાન સ્વામિનારાયણ અમદાવાદમાં બિરાજમાન હતાં. શ્રીહરિ સંઘ સાથે સાબરમતી નદીના નીરમાં નાહવા પધાર્યાં. સવારી પાદશાહ વાડી આગળથી પસાર થઈ નારાયણ ઘાટે આવી. અહીં સૌ મહારાજની સાથે જળક્રીડા કરવા તત્પર થઈ ગયાં. મહારાજ નદીના જળમાં પ્રવેશ્યા અને સખા સર્વે મહારાજને વીંટળાઈ વળ્યાં. એટલામાં મંજુકેશાનંદ સ્વામી ઘાટ ઉપરથી કૂદીને પાણીમાં પડયાં. મહારાજે તે જોયું. તેમને તે ગમ્યું નહીં. સ્નાન કર્યા પછી મહારાજે તેમને બોલાવ્યા અને પૂછયું : "તમે કોના મંડળમાં છો ? સાધુની રીત સમજયા છો કે નહીં ?" એમ કહીને પછી બોલ્યાં : "સાધુને આ રીતે આચરણ કરવું તે યોગ્ય ન કહેવાય. અમારી, આ બધા સંતોની, મોટેરા હરિભક્તોની મર્યાદા સાચવવી જોઈએ."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ તો કવિરાજ છે, એટલે પ્રેમમાં મર્યાદાનો ખ્યાલ નહિ રહ્યો હોય."

તે સાંભળી મહારાજ અકળાઈ ગયાં. તેમણે કહ્યું : "પ્રેમની રીત ને મર્યાદાની રીતને જો મેળ ન ખાતો હોય તો તેવો પ્રેમ ખોટો છે. લોકો પ્રેમને જોતાં નથી, પણ મર્યાદાને જ જુએ છે. માટે લોકવિરુદ્ધ આચરણ કદી પણ ન કરવું."[૧૨]

મંજુકેશાનંદ સ્વામીના મિષે સૌને મહારાજની રુચિનો ખ્યાલ આવી ગયો. સૌ મૌન થઈ ગયાં. મંજુકેશાનંદ સ્વામીએ મહારાજની ક્ષમા માંગી કીર્તન ગાયું :

*પ્રભુ તમ વિના મારું કોણ છે,*
*તમે જાણો છો હરિ હરિ......... ટેક૦*
*પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો;*
*મારા પ્રાણતણા તમે પ્રાણ છો.... પ્રભુ૦ ૧*
*આ લોકમાં તમે આપ છો, પરલોકમાં માબાપ છો;*
*સર્વે જગતના પ્રતિપાળ છો... પ્રભુ૦ ૨*
*મારી આશતણા તમે વાસ છો, અતિ કૂડથી તમો દૂર છો;*
*મંજુકેશાનંદના નાથ છો... પ્રભુ૦ ૩*

સહજાનંદ સ્વામી; પરમાત્મા શ્રીહરિએ પોતાનો સર્વજીવહિતાવહ સિદ્ધાંત પ્રર્વતાવવા માટે ઘણાં સાધનો અપનાવ્યા હતાં. તેમાં તદ્નુરૂપ સાહિત્યિક ગ્રંથોનું પ્રથમ સ્થાન છે. શ્રીહરિ પોતાના સંપૂર્ણ જીવનમાં પ્રતિદિન કથા, વાર્તા અને કીર્તન સ્વયં કરી અને તે પ્રમાણે કરવા માટે પોતાના અનુયાયીઓને પુનઃ પુનઃ પ્રેરણા કર્યા કરતાં હતાં. સદ્ગુરુ શિરોમણિ શ્રીમુકતાનંદ સ્વામી જેવાને પણ "તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તેજ દેહ પર્યંત કર્યા કરજયો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે." વચનામૃત મધ્યપ્રકરણ ૫૮ પ્રમાણે જીવન પર્યંત સાંપ્રદાયિક સાહિત્ય સર્જન કરવાની આજ્ઞા કરી હતી. આ વાતને લક્ષમાં રાખીને સ્વયં શ્રીહરિ યોગ્ય વિદ્વાનોને પોતાની પાસે રાખી તેમનું સન્માન કરતા હતાં, અને આ પ્રવૃત્તિને લીધે તેમના સમક્ષ સંસ્કૃત, હિંદી અને ગુજરાતી ત્રણેય ભાષાઓમાં દાર્શનિક અને સાહિત્યિક ગદ્ય પદ્યાત્મક ઘણા ઉત્તમ ગ્રંથ તૈયાર થઈ ગયા હતાં કે જે અત્યારે ઘણા સત્સંગમાં પ્રસિદ્ધ છે. તેમાં ખાસ કરીને ગુજરાતી અને હિંદી ભાષામાં રચના કરનારા સ. મુકતાનંદ સ્વામી, સં. શ્રીબ્રહ્માનંદ સ્વામી, સ.શ્રીપ્રેમાનંદ સ્વામી, સ.શ્રીનિષ્કુળાનંદ સ્વામી તથા સ. શ્રીદેવાનંદ સ્વામી વગેરે મહાકવિ સંતોના કાવ્યો ઘણાં જ ઉત્કૃષ્ટ છે. ઉપર્યુક્ત સદ્ગુરુઓની કોટિના અને તે માંયલાજ એ મહાકવિ સ.શ્રી મંજુકેશાનંદ સ્વામી છે, જેમણે શ્રીહરિની પ્રસન્નતા અને મુમુક્ષુઓના શ્રેય માટે અતિ શ્રેષ્ઠ સાહિત્ય લખ્યું છે. આમાં (૧) ઐશ્વર્યપ્રકાશ, (૨) ધર્મપ્રકાશ, (૩) હરિગીતા ભાષા, (૪) એકાદશીમાહાત્મ્ય, (૫) કીર્તનસંગ્રહ (૬) નંદમાલા અને (૭) સ્તોત્ર. આ સાત કાવ્યોનો સમાવેશ થાય છે. તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

**ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય :**

***(૧) ઐશ્વર્યપ્રકાશ :*** આ ગ્રંથની હસ્તલિખિત પ્રતો સંપ્રદાયના સાહિત્યપ્રેમી સંતો પાસે છે. આ ગ્રંથનું પ્રકાશન અપૂર્વ છે. ગ્રંથની રચના હિન્દી ભાષામાં કરી છે. ગ્રંથકારે ગ્રંથરચના દોહા ચોપાઈ સોરઠા અને હરિગીત છન્દ વગેરે વૃત્તોનો પ્રયોગ કયો છે. આ ગ્રંથના ૨૭ અધ્યાય છે અને ૧૦૮ ઐશ્વર્ય છે. ગ્રંથ હિન્દી ભાષામાં હોવાથી તેને નાગરી લિપિમાંજ પ્રકાશિત કર્યો છે.

ભગવાન શ્રીહરિના મહિમાને પ્રકાશિત કરનાર આ ગ્રંથ છે. ભગવાન શ્રીહરિએ વિવિધ ઐશ્વર્યો બતાવી સ્વભક્તોને ભવબન્ધનથી જે પ્રમાણ મુકત કર્યાં હતાં, એ સર્વ વર્ણન આ ગ્રંથમાં સમાવિષ્ટ છે. ગ્રંથનું ગૌરવ સ્વયં ગ્રંથકારે, एश्वर्यप्रकाशको, महिमा अनंत अपार । तिनकुं जो गावे सुने, तेहि हरिपद होहु प्यार (२७।२७) अर्थ धर्म अरू काम, मोक्षादिक पावत चहुँ । अधर्म कलि दुखधाम, एहि सुनके नहि पीरही (२७।२८) एहि ग्रंथ सुनी कृष्णको, होहि जथाश्च्य ज्ञान (२७।२९) यह ऐश्वर्यप्रकाशको, महिमा कह्यो न जाय (२७।३०) આ પ્રમાણે વર્ણવ્યું છે. ગ્રંથકર્તા શ્રી મંજુકેશાનંદ સ્વામીએ સંવત્ ૧૮૮૯ નાં વર્ષમાં રામનવમીને દિવસે આ ગ્રંથ રચી સમાપ્ત કર્યો છે.

*(૨) ધર્મપ્રકાશ :* સ. શ્રી મંજુકેશાનંદ સ્વામી વિરચિત આ ગ્રંથમાં કામ, ક્રોધ, લોભ વગેરે અધર્મ વંશની સાથે વિચાર, ક્ષમા, સંતોષ વગેરે ધર્મવંશનું યુદ્ધ વર્ણવ્યું છે. દુર્જન અને સજ્જન પુરુષોના લક્ષણો બતાવવા પૂર્વક યમયાતનાનું વર્ણન, ગોલોક ધામનું વર્ણન, અક્ષરધામનું વર્ણન એક વિશિષ્ટ શૈલીથી કરવામાં આવ્યું છે. સ્વામીએ વડતાલમાં રહી આ ગ્રંથ રચ્યો છે. ગ્રંથની સમાપ્તિ સંવત્ ૧૮૮૫ નાં વર્ષમાં કાર્તિકસુદી બીજને દિવસ કરી છે. ગ્રંથ ગુજરાતી ભાષામાં હોવાથી એનું પ્રકાશન ગુજરાતી લિપિમાંજ કર્યું છે. ગ્રંથનાં ૧૧ વિશ્રામ છે, આ ગ્રંથને લુણાવાડાનાં પ. ભ. શ્રી રમણલાલ અંબાલાલ ભટ્ટે સંવત્ ૨૦૧૨ માં પ્રકાશિત કર્યો હતો.

*(૩) હરિગીતાભાષા :* આ ગ્રંથ સત્સંગીજીવનમાં રહેલી હારગીતાનો અનુવાદ છે. આમાં ભગવાન શ્રીહરિ અને ભક્તિમાતાનો સંવાદ છે. ભગવાન શ્રીહરિએ ભક્તિમાતા આગળ સંત પુરુષોનો મહિમા તથા સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. સ્વામીશ્રીએ ગ્રંથ ગુજરાતી ભાષામાં રચેલો હોવાથી એનું પ્રકાશન પણ ગુજરાતી લિપિમાંજ કર્યું છે. ગ્રંથ ગુજરાતી ભાષામાં હોવાથી સર્વોપયોગી થાય છે. આ ગ્રંથનું પ્રકાશન પહેલા કયારેય થયું નથી. આ પ્રથમ વાર જ થયું છે. આ ગ્રંથના કુલ પાંચ અધ્યાય છે. સ્વામીશ્રીએ વડતાલમાં રહી આ હરિગીતાનો અનુવાદ કર્યો છે અને એની સમાપ્તિ સંવત્ ૧૮૯૫ માં પોષવદી અમાસને દિવસે કરી છે.

*(૪) એકાદશી માહાત્મ્ય :* આ ગ્રંથમાં બાર માસની આવતી બધી જ એકાદશીઓનો સફળ મહિમા વર્ણવેલો છે. ભવિષ્યોત્તર વગેરે પુરાણોમાંથી વિવિધ આખ્યાનો પણ આપેલાં છે. શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણ વચનામૃત ૮ માં સંત હરિભક્તોને એકાદશીવ્રતનો જે ઉપદેશ કર્યો હતો. તેને અનુલક્ષીને સ્વામીશ્રીએ આ ગ્રંથની રચના કરી છે. ગ્રંથમાં ૮૪ કડવા છે અને વિવિધ રાગનાં ૧૯ પદ છે. સ.શા. શ્રીહરિજીવનદાસજી સ્વામીએ નિર્ણયસાગર પ્રેસમાં છપાવીને ઘણા વર્ષો પહેલા આ ગ્રંથનું પ્રકાશન કર્યું હતું. ગ્રંથ ગુજરાતીભાષાવાળા ભક્તજનોને ઘણો જ ઉપયોગી થાય છે. સ્વામીશ્રીએ આ ગ્રંથનો આરંભ અને એની સમાપ્તિ કયા સ્થાનમાં અને કયા વર્ષમાં કર્યા તે જાણવામાં આવ્યું નથી.

*(૫) કીર્તન સંગ્રહ :* આ ગ્રંથમાં સ્વામીશ્રીએ ભક્તિરસથી પરિપૂર્ણ વિભિન્ન રાગમાં રચેલા કીર્તનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ કીર્તનોનું પ્રકાશન ગુજરાતી લિપિમાં પછીથી થયું છે.

*(૬) નંદમાલા :* આ ગ્રંથમાં શ્રીજીમહારાજથી દીક્ષા પામેલાં પાંચસોથી વધારે સંતોના નામનો મોતીદામછંદ તેમજ દોહા ચોપાઈમાં સ્વામીશ્રીએ સંગ્રહ કર્યો છે. આનું પ્રકાશન લુણાવાડા નિવાસી પ.ભ. શ્રીરમણલાલ અંબાલાલ ભટ્ટે થોડા વર્ષો પહેલા કરાવ્યું હતું.

*(૭) સ્તોત્ર :* સ્વામીશ્રીએ ભગવાનના મહિમાને સૂચવનારા સ્તોત્ર સંસ્કૃત ભાષામાં ઉપજાતિ વગેરે વૃત્તમાં રચ્યા છે.

સોહમણી સંતમાળના એક અગ્રીમ મણકાં હતાં સદ્ગુરુ સ્વામી મંજુકેશાનંદજી.

મંજુકેશાનંદજી શ્રીહરિ પ્રત્યેના પ્રગાઢ પ્રેમના આવેગને મર્યાદામાં આલેખાનારા સંતકવિ છે. અષ્ટકવિઓ પૈકીના એક મંજુકેશાનંદ સ્વામીનાં પદોની સંખ્યા આશરે ૪૦૦૦ ની કહેવાય છે. તેમનું મુખ્ય અંગ વૈરાગ્યનું છે. આમ છતાં પરંપરાના જોરમાં તેઓ કૃષ્ણકવિતા પણ કરે છે અને પ્રગટની ઉપાસનમાં જ રત રહી શ્રી સહજાનંદ સ્વામી ગુરુને જ કૃષ્ણરૂપે પણ આરાધે છે; ઉપાસે છે. તેમની ભક્તિ રસકસવાળી છે.

ભગવાન શ્રીહરિ પ્રત્યેની શરણાગતિ અને આશ્રયની દઢતા મંજુકેશાનંદ સ્વામીના પદોમાં ઠેરઠેર પડઘાય છે. તેમનું એક ચિરંતન પદ આજે પણ લોકોની જીભે; હૈયે જીવે છે.

*તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે....શ્રી ઘનશ્યામ હરિ*

*રૂડી ચાલ જગતથી ન્યારી રે....શ્રી ઘનશ્યામ હરિ*

*મંજુકેશાનંદ બલિહારી રે....શ્રી ઘનશ્યામ હરિ*

અહીં પદની ચારુતા હૃદયસ્પર્શી છે. હૃદયની વિશુદ્ધ પ્રેમભક્તિ વિશેષ છે. સુગમ પદમાં મહિમાયુકત ભક્તિનું આ ઉત્તમ દષ્ટાંત છે.

પ્રભુ પ્રત્યેનો અનન્ય આશ્રયભાવ કેવો વ્યક્ત થાય છે તે જુઓ !

*પ્રભુ તમ વિના મારું કોણ છે,*

*તમે જાણો છો હરિ હરિ*

*પરિવારમાં તમે સાર છો,*

*સંસારના આધાર છો;*

*મારા પ્રાણ તણા પ્રાણ છો .... પ્રભુ*

*0000*

*જોવાને ચિતડું મારું ચાય છે, તમારી મૂર્તિ પ્રાણ આધાર*

*હોંશીલા હસતા ને રમતા હેતમાં, પધારો પાતળિયા કરી પ્યાર.*

ગોવિંદના રૂપ પાછળ ઘેલી થઈ રસિયાજીને જોવાને; પામવાને ચાલતી સખી વાસ્તવમાં તો પ્રભુનો સાક્ષાત્કાર કરી સુખી થવા ચાહે છે. –

*સખી ગરબે ગોવિંદ, જોવાને જઈએ*

*જોઈ રસીયાજીનું રૂપ કે સુખીયા થાઈએ.*

*0000*

*શામળિયા આવાને મારે ઓરડે, પાતળિયા જીવન મારા પ્રાણ*

*રંગીલા ઘોડે બેસતા ઘનશ્યામજી, પધારો સુંદર શામસુજાણ.*

*લાડીલા લટકા કરતા લાલજી, મોહનજી મેર કરી વ્રજચંદ*

*પધારી કીજો કૃતારથ વિઠલા, માગે છે મંજુકેશાનંદ*

*૦૦૦૦*

*મુજને જાણી તમારી વાલમાં, માણીગર આવોને મારા નાથ,*

*મોહનજી મંજુકેશાનંદને, બંધાણી પ્રીતલડી તમ સાથ.*

દાસી ભાવે, સખીભાવે, ગોપીભાવે અહીં કૃષ્ણને પોતાના પર કૃપા વરસાવવા ખુલ્લું આહ્‌વાન છે.

*મેં તો તમ સંગ બાંધી છે બેલી રે, ભવદુઃખ ખોવાને*

*મારે પ્રીતબંધાણી પેલી રે*

*રસીક સલુણા તારું રૂપ વિલોકી, વ્રજવનિતા થઈ ઘેલી રે*

*મંજુકેશાનંદ, કે મુજને, વાલા ન દેશો મેલી રે*

જગતના આ બધાં જ ઐહિક સુખો હવે નઠારા લાગે છે. વૈરાગ્યભાવ પ્રેમલક્ષણા ભક્તિનું શરણ લઈ અહીં કેવી રીતે ખીલે છે !

*શ્યામ ચતુરવર તમને વરીને,*

*જગસુખ લાગે છે નઠારું રે, મોહન૦*

અને એટલે જ સંસારની અસારતા, ધન, ધામ, ધરાની અનિત્યતા પર ભાર મૂકતા મંજુકેશાનંદ ગોપીભાવે કૃષ્ણને સર્વસ્વનું સમર્પણ કરવા ઝંખે છે.

*પ્રાણજીવન તારી મૂરતિ રે ઉપર,*

*તમ મન ધન સૌ વારું રે*

અઢળક ઢળતાં શામળિયા પ્રત્યે અપાર સ્નહે છે અને બિનશરતી શરણાગતિ છે કેમ કે એ સૌથી ન્યારો છે !

*રૂડી ચાલ્ય જગતથી ન્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ*

હૃદયના ઊર્મિભાવો કેવા કમનીય રીતે ઝીલાયા છે !

*જોઈ રૂપ મનોહર તારું રે, મોહન મન માન્યું*

*હું તો અહોનિશ અંતર ધારું રે, મોહન*

આવો, પ્રાણજીવન પાતળિયો નેણાથી અળગો શે થાય ?! કેવી સુંદર કલ્પનાથી મંજુકેશાનંદ પોતાના સ્પંદનનોને વાચા આપે છે !

*નિશદિન નેણામાં રાખું નિહાળી, સુંદરવર સુખરૂપ રે,*
*બાંધેલ બાજુને ગજરારે કાજુ, હાર ગુલાબી અનુપ રે*

કૃષ્ણનું આવું મરમાળું સ્વરૂપ હૈયાને હિંડોળે કેવું ઝુલે છે :

*આવો હરિ અલબેલા વાલા, મૂર્તિ જોઉં મરમાળી*

*OOOO*

*કનક થંભ હિંડોળો કીધો. રત્નજડીત રૂપાળો રે.*
*નંદકુંવર ઝુલે હિંડોળે, મોહનવર મરમાળો રે.*

'વાલા રૂમઝુમ કરતા કા'ન, મારે ઘેર આવોરે' એ રાગમાં મંજુકેશાનંદ સુખપ્રદાતા શ્રી ઘનશ્યામને જ સાચું નાણું તરીકે જુએ છે.

*સુખસાગર શ્રી ઘનશ્યામ, તમને જાણી રે*
*મારે તમ સંગ જીવન પ્રાણ, પ્રીત બંધાણી રે*
*વાલા જગ સુખ જાણી અસાર, હું તો ભાગી રે*
*તમ સાથે સલુણાં શ્યામ, લગની લાગી રે.*
*દુ:ખ દાયક જગ વૈભવ, સર્વે જાણું રે*
*મારે છો તમે મોહનલાલ સાચું નાણું રે.*

મધ્યકાલીન સંત પરંપરાના જોરમાં મંજુકેશાનંદ પોતાની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ અનુપમ સૌન્દર્યપૂર્વક કરે છે તો ખરેખર તો એમના કૃષ્ણ પ્રગટ પ્રભુ જ છે. જ્ઞાન, વૈરાગ્ય, સમજણ અને ત્યાગની ભૂમિકાએ રાચતાં મંજુકેશાનંદ ચિંતન, બોધ, ઉપદેશ કે સમજણનો ભાર રાખ્યા વિના કેવી સરળતા અને સહજતાથી મહિમાયુકત પ્રેમલક્ષણા ભક્તિને વહેતી મુકે છે ! કૃષ્ણનું નિરૂપણ કરે છે !

*ધન જોબન કુટુંબ સમેત, સર્વે કાચું રે*
*જાણી નાશવંત તનસુખ, કાંઈ નવ રાચું રે. ૧*
*તમ વિના ત્રિભુવનરાય, સર્વ નઠારું રે*
*વાલા મૂર્તિ તમારી જોઈ, મોયું મન મારું રે. ૨*

*તમે લટકા કરતા લાલ, મોલ પધારો રે*

*દઈ દર્શન પ્રાણ આધાર, જન્મ સુધારો રે. ૩*

*આવો પાતળિયા કરી પ્રીત, હેતે હેરું રે*

*તમ વિના ત્રિલોકી માંય, કયાંય નહીં ઠેરું રે. ૪*

*હું તન મન ધન પરીવાર, તમ પર વારુ રે*

*મંજુકેશાનંદના શ્યામ, અંતર ધારું રે. ૫*

કૃષ્ણપ્રીતિએ મંજુકેશાનંદ લોકમરજાદ પણ નેવે મુકે છે !

*મેં તો લોકતણી મરજાદ, સર્વે મેલી રે*

*વળી રસિયાજી તમ સાથ, બાંધી બેલી રે*

ગિરધારી જ જીવન તણો આધાર છે અને એ જ જીવનનૈયાનો સુકાની છે જે ભવપાર ઉતારશે એવી પ્રગટ શ્રદ્ધા અને સ્નેહ છે !!

*તમે દોહ્યલી વેળાનું દામ છો ગિરધારી રે*

*તારા મુખડા ઉપર માવ, જાઉં બલિહારી રે.*

મંજુકેશાનંદમાં પણ સંયોગશૃંગાર કેવો ઉન્મુકતભાવે ગવાયો છે !

*સુંદર ફૂલડે સેજ સમારી, તમ કારણ અલબેલા રે*

*સેજલડી આવીને રસીયા સુખ આપો રંગ છેલા રે.*

અને વળી પાછો એ શૃંગાર પરિશુદ્ધ ભક્તિમાં જ વિરામ લે છે !!

*ચરણ પખાળીને ચરણોદક લઉં,*

*વીંજણો લઈ વા જોળું રે*

*મંજુકેશાનંદના સ્વામી,*

*આવોને રંગમાં રોળું રે*

* * *

*મુને પ્યારી રે નટવર નાવ મૂર્તિ તારી રે*

*વારિ જોઈ જોઈ થાય બહુ ભાવ*

*કમ વાવર તારું મુખડું  જોઈને લાજે પૂરણચંદ રે*

*તન મન ધન તમ પર નાખે વારી, મંજુકેશાનંદ  મૂર્તિ૦*

*        *        *

*માવા તમારી મૂરતિ, મારા રુદિયામાં રાખું*

*તમરે વિના મારા નાથજી, બીજું કાંઈ નવ ભાખું, માવા૦*

આવા શ્રીકૃષ્ણ પ્રભુનો વિરહ કેવો ઉત્કટ બની કનડે છે !

*પ્યારા પ્રાણ તણા આધાર રે, દર્શન દેજયો ઘનશ્યામજી*

*હાં રે પિયા મંજુકેશાનંદના રે, છો મોહનવર ઉર હાર રે.*

*        *        *

*પ્યારા પ્રેમી તે જનનાં પ્રાણ રે, મૂર્તિ જોવાને ચિત્ત ચાય છે રે*

*હાંરે પિયા હસતું તે મુખડું નિરખવા રે, મારે અંતર થાય છે તાણ રે.        મૂર્તિ૦ ૧*

*હાંરે પિયા અધવચ મેલ્યાં આ સમે રે, અમને રસીયાજી રૂપની ખાણ રે.   મૂર્તિ૦ ૨*

*હાંરે પિયા ઘરમાં રેતા ગમતું નથી રે, માટે થઈ છે હમારે હાણ રે.         મૂર્તિ૦ ૩*

*હાંરે પિયા દુઃખનાં તે દરીયા ઉલચ્યા રે, તેમાં તરવાનું છો તમે વહાણ રે.મૂર્તિ૦ ૪*

*હાંરે પિયા મંજુકેશાનંદની રે, તમે સુણજો અરજી સુજાણ રે.                મૂર્તિ૦ ૫*

૦૦૦૦

*'શ્યામ ચરણ ઉરધારો, મગન થઈ શ્યામચરણ ઉરધારો'*

કે પછી

*'પ્યારા નવલ સનેહી મારા નાથ રે, વાટ જોઉં છું હું તો વિઠલા રે'*

ઝંખના છે તો માત્ર આટલી જ છે અને અલબત્ત એ સર્વસ્વની જ છે.

*'શ્યામ વિના જગનું સુખ કયારે ઈચ્છું નહીં ફરી,*

*મંજુકેશાનંદ હરિમુખ, નિરખે પ્રીત કરી.'*

મંજુકેશાનંદ સ્વામી એમના પદોમાં વિશિષ્ટ પ્રકારની સંવેદનામાં આધ્યાત્મિક રહસ્યને બતાવે છે.

*'લટકારે કરતા વાલા મનડુ રે હરતા રે, સાન કરી સમજાવો*
*મંજુકેશાનંદના રે વાલમ, ઘેરે મધુર સ્વરે ગાવો.'*

મનોહર સલોની શ્યામમૂર્તિ નિહાળી, અંતરમાં ઉતારી તે અલૌકિક આનંદને આરતભરી વાણીમાં આલેખ કર્યું છે.

*'મુને વાલો લાગે મુને વાલો પ્રીતમજી પ્યારો પાતળીયો*
*લાગે છે મુને વાલો ।।ટેક।।*
*મોતીડે થાળ ભરીને સજની રે, કાનુડે વધાવાને ચાલો પ્રીતમ ૧*
*ગોવાળાને રે મનડે ગમતા, ખેલ કરે છે નંદલાલો. પ્રીતમ ૨*
*ગોપીજનનાં મનડાં રે હરવા, વેણાં બોલે છે કાલા કાલા પ્રીતમ ૩*
*મંજુકેશાનંદ કહે મુજને રે, વાસ ચરણમાં આલો. પ્રીતમ ૪*

અવિચ્છિન્ન પ્રેમના નિરૂપણમાં મનની પ્રસન્નતા મળે છે. મંજુકેશાનંદ પ્રેમી સંતકવિ છે. પ્રભુની સર્વોપરિતાને આલેખતા આ સુગમ પદમાં નિર્મળ હૃદયની ઊર્મિ વહી છે.

*'જાદુ કીધું રે કાનુડે જાદુ કીધું, ડોલરીએ મને મોરલી વજાડી જાદુ કીધું*
*મોરલીમાં મંત્ર ભણી રે મોહન, ચિતડું હરિને મારું લીધું."*

પદકવિએ કૃષ્ણનું નિરૂપણ કરતાં રંગોત્સવ પ્રસંગે રચેલું ગુલાલમય વાતાવરણ દ્વારા શ્રીહીરના રંગમાં રસબસ થતાં કરેલાં વર્ણનો અવિસ્મરણીય છે.

*વાલે અબીર ગુલાલે ઘેલા કર્યાં એને વારો*
*એને વારો રે એને વારો છાંટે રંગ ગુલાલ. અબીર૦ ।। ટેક ।।*
*છેલો ગોઠીડાનો કરસાઈને ચાલ્યો આવે*
*ચાલ્યો આવે રે ચાલ્યો આવે સંગે લેઈ ગોવાળ. અબીર૦ ૧*
*પ્યારો મનોહર મોરલી વાઈને મન લીધું*
*મન લીધુ રે મન લીધુ રસીયે નંદલાલ. અબીર૦ ૨*
*છેલો પિચકારી ભરીને રંગની જોરે મારે*
*જોરે મારે રે જોરે મારે પિચકારી રસાળ. અબીર૦ ૩*

*મંજુકેશાનંદ ગાઈ ફાગને વશ કીધાં*

*વશ કીધાં રે વશ કીધાં ગોપીજનને ગોપાળ.  અબીર૦  ૪*

ઉત્સવ મનને ઘેલું કરે છે અને એમાંય આ તો પરમનો રંગ સંગ !! અબીલ–ગુલાલને જોરે મારતી રસાળ પિચકારી કરતી રસબસ તન અને રસબસ મન– વ્હાલે એમ જ કીધાં છે સૌને મોહિની સ્વરૂપે વશ !! તે કેવું પ્રતીતિકર રીતે અહીં આલેખાયું છે ! તો આજ સૌન્દર્ય પ્રગટે છે અહીં :

*હોરી ખેલે શ્રીઘનશ્યામજી વાલો લાગે*

*વાલો લાગે રે વાલો લાગે રમતાં રંગ છેલ.  ખેલે૦ ।।ટેકા।*

*રસબસ થઈ રયા રંગમાં એને ન્યાલો*

*એને ન્યાલો રે એને ન્યાલો કરે સુંદર ખેલ.  ખેલે૦ ૧*

*હો હો શબ્દ ઉચારતા ખાંતે ખેલે*

*ખાંતે ખેલે રે ખાંતે ખેલે મોહન અલબેલ.  ખેલે૦ ૨*

*વાલો પિચકારી ભરી આવી ઊભો*

*આવી ઊભો રે આવી ઊભો ગોકુળીયાની ગેલ.  ખેલે૦ ૩*

ગોપીજનનાં મન લલચાવતો રંગ રાતો, વધતાં જતાં પ્રગાઢ પ્રેમનું પ્રતીક કેવી રીતે બની જાય છે તે મંજુકેશાનંદમાં જુઓ !!

*વાલો રંગ ગુલાલ ઉડાવતા હોરી ખેલે,*

*હોરી ખેલેરે હોરી ખેલે પ્યારો નંદકુમાર.  રંગ૦ ।।ટેકા।*

*વાલો ગોવાળાને સંગ ગાવતા રંગ રેલે*

*રંગ રેલે રે રંગ રે રંગભીનો મોરા.  રંગ૦ ૧*

*છેલો ગોપીકાને મનભાવતા રંગ ડારે*

*રંગ ડારે રંગ ડારે રસીયો સુખકાર.  રંગ૦ ૨*

*ગોપીજનનાં મન લલચાવતા રંગ રાતો*

*રંગ રાતો રે રંગ રાતો જોઈ વાધે પ્યાર.  રંગ૦ ૩*

*મંજુકેશાનંદ હરિ ડારતા પિચકારી*

*પિચકારી રે પિચકારી રંગે ભરી અપાર.    રંગ૦ ૪*

આપણે જાણીએ છીએ કે પ્રેમને કારણો જોડે સંબંધ કંઈએ નથી. પ્રીતિનું કારણ પ્રીતિ પ્રભુની એ લક્ષ્મી બધી. શુદ્ધ સ્નેહ બિનશરતી છે. તેની ચાહતમાં માંગ નથી, બસ લૂંટાઈ જવાની આગ હોય છે. હોળીના આવા અવસરે હરખાઈ જવાં; રીઝી જવા કૃષ્ણપ્રભુના દિદાર કાફી છે !!

*વાલો પિચકારી ભરી રંગની કાનો ખેલે*

*કાનો ખેલે રે કાનો ખેલે હોળી શ્રીબળવીર.    પિચ૦ ॥ટેક॥*

*વાલે ઝોળીને ગુલાલની ગોપીજનને*

*ગોપી જનને રે ગોપી જનને નાખી કીધાં અપાર.    પિચ૦ ૧*

*પેરી શ્વેત વસન તન શોભતા રંગ ભીનો*

*રંગ ભીનો રે રંગ ભીનો શોભે શ્યામ શરીર.    પિચ૦ ૨*

*હરિ કેસર રંગે ભીંજી રહ્યા રૂડા લાગે*

*રૂડા લાગે રે રૂડા લાગે ઊભા જમનાં તીર.    પિચ૦ ૩*

*મંજુકેશાનંદ ઘનશ્યામને જોઈ રીઝે*

*જોઈ રીઝે રે જોઈ રીઝે નાસા દીપક કીર.    પિચ૦ ૪*

રૂડો લાગતો વ્હાલો હર રંગમાં હર રૂપમાં હરહંમેશ રૂડો જ લાગે છે. આજે પણ !! મંજુકેશાનંદના પદોમાં કૃષ્ણનું નિરૂપણ આગવી રીતે થાય છે. પ્રાણ પ્યારા નટવરનો વિયોગ વ્યાકુળ થઈ વ્રજવનિતાને ઉદ્ધવજીને સંદેશો મોકલવા પ્રેરે છે. વિપ્રલંભી શૃંગાર કેવો નાજુક રીતે રસાઈને ઝીલાયો છે !!

*વ્રજવનિતા રે વ્રેહે વ્યાકુળ બોલે, ઉદ્ધવજી સુણજો વાત*

*શ્યામળિયો મેલી મથુરા પધાર્યા*

*પ્રાણજીવન ક્યારે પાછા આવીને, દર્શન દેશે સાક્ષાત.    શ્યામ૦    ૧*

*જે સારું તજ્યાં અમે સગાં કુટુંબી, તજ્યા તે પતિ સુત બાપ    શ્યામ૦*

*તેરે વાલાજી કેદી વચનામૃત વરસી, ટાળશે વ્રેહડાનો તાપ.    શ્યામ૦    ૨*

*પાતળિયા વિના પળ જુગ સમ જાયે, ઘરમાં રહેતા ન સોહાય  શ્યામ૦*
*કામને કાજ કાંઈ હાથ ન લાગે, મનડું ઘણું અકળાય.  શ્યામ૦  ૩*
*કર્મનો ક્રૂર અક્રૂર કયાંથી આવિયો, લેઈ ગયો જીવન પ્રાણ  શ્યામ૦*
*મંજુકેશાનંદના વાલાને જોવા, અંતર થાય છે તાણ.  શ્યામ૦  ૪*

પ્રભુ વિરહમાં સાન–ભાન ગુમાવી બેઠેલી ગોપીનો ધસમસતો વલોપાત જુઓ ! પ્રગાઢ વિરહવેદના, વિહવળ ચિત્તસ્થિતિ અને વ્યાકુળ મનની ફરિયાદ મંજુકેશાનંદ ગોપીભાવે ગાય છે.

*મથુરા જઈને ઓધા કેજો મોહનને, કેમ વિસાર્યા વૃજવાસી*
*થયા શું તમે નાથ ન મેરા*
*પરમ વચન કહી મન હરી લેતા, હવે થયા છો ઉદાસી.  થયા૦ ૧*
*વાલા વિજોગે અતિ તનડા તપે છે, વિરહ અતિ દુઃખ દે છે  થયા૦*
*રંગડાનો ભીનો કયારે નયણે નિરખશું, એજ વિચાર ઉર રહે છે.  થયા૦ ૨*
*વાયદો કરીને અમને વાલે છેતરિયા, દુઃખ દરિયામાં નાખ્યા ઠેલી  થયા૦*
*આવો કપટી કાનો પેલો ન જાણ્યો, સમજ્યા વિના બાંધી બેલી.  થયા૦ ૩*
*જાજુ શું કહીએ ઓધા તમારી આગે, ઘર ધંધો હાથ ન લાગે  થયા૦*
*મંજુકેશાનંદના નાથને સરિયા, કરીને અતિ અનુરાગે.  થયા૦ ૪*

જુઓ, છે કેવું અજબ વાતાવરણ ! એક ક્ષણ તું અહીં ને બીજી ક્ષણે તારું સ્મરણ !!

*નંદ કુંવર કેરાં ચરિત્ર સંભારી, જીવે છે વ્રજ કેરો સાથ*
*ઓધવજી કાનો વ્રજ કયારે આવશે*
*પ્રાણ સનેહી પ્યારો ક્ષણુએ ન વિસરે, શ્યામ સલુણો વ્રજનાથ.  ઓધ૦ ૧*
*ગોધન ચારી જયારે ગોકુળ આવતા, મોરલીના નાદે દેતા સાદ  ઓધ૦*
*સાદ સુણી હરિમુખ જોવા આવતા, ત્યાગીને સરવે પ્રમાદ.  ઓધ૦ ૨*
*તે રે વાલાજીને જોયા વિનાનુ, અંતર સુખ નથી થાતુ  ઓધ૦*
*હસતાને રમતા કયારે હરિવર નિરખશું, કેદી સાંભળશું મીઠી વાતું  ઓધ૦ ૩*

*નૌતમ મોળિડામાં છોગલા મેલી, લટકા કરતા કયારે કયારે જોશું* ઓધ૦
*મંજુકેશાનંદના વાલાને ભેટી, કેદી વિરહ દુઃખ ખોશું.* ઓધ૦ ૪

મંજુકેશાનંદ ચિંતન અને બોધ પ્રેમ–ભક્તિમાં પરોવી જાણે છે.

*'ચેત ચેત પ્રાણિયા, જોને મનમાં તપાસી*
*મોહ મમતાએ આયુષ ગયો, ન ભજ્યા અવિનાસી.*
*આજ કાલમાં આવશે, લેવા કાળ ચવાણો*
*અચાનક તુને લઈ જાશે, ન ગણે ટાણો કટાણો.'*

મંજુકેશાનંદ સ્વામીની પદ કવિતામાં થયેલું કૃષ્ણનું નિરૂપણ અને તેમાંથી પ્રાપ્ત થતાં સંસ્કારો, વિચારો, ભાવનાઓ, આદર્શો, શબ્દછટાઓ આત્માનું સંગીત બની જાય છે. મંજુકેશાનંદની ગોપી નિર્મળ પણ છે અને ભવ્ય પણ છે. મંજુકેશાનંદમાં કૃષ્ણગોપીના સંયોગનું નિરૂપણ આત્મા–પરમાત્માના ઐકય રૂપ આવે છે. હોરીના અર્થઘટનમાં અદ્વૈતભાવની અવસ્થા મુખ્ય છે. અહીં પ્રેમલક્ષણા ભક્તિ વડે પ્રેમાદ્વૈત (વિશિષ્ટાદ્વૈત) દ્વારા મળતા દિવ્ય આનંદને સદ્‌ગુરુ સ્વામી મંજુકેશાનંદે શબ્દસ્થ કર્યો છે; મનભરીને ગાયો છે.

આવો, મંજુકેશાનંદની પદકવિતમાં કૃષ્ણ નિરૂપણનાં વધુ કેટલાંક દષ્ટાંતોનું ભાવન કરી ધન્ય થઈએ.

પદ :

*શામળિયા આવોને મારે ઓરડે, પાતળિયા જીવન મારા પ્રાણ.* શામ૦
*રંગીલા ઘોડે બેસતા ઘનશ્યામજી, પધારો સુંદર શામ સુજાણ.* શામ૦ ૧
*છોગાળા છોગલાં ખોસું પાઘમાં, ફૂલનાં હાર પહેરાવું કોટ* શામ૦
*સલુણા છેટે ન રહીએ શામળા, લગાડી નેણ કેરી ચોટ.* શામ૦ ૨
*રસીલા રસની કરવા રેલડી, પધારો પ્રીતે પૂજું પાવ* શામ૦
*કોડીલા કેશર ભીના કાનજી, વાલમજી વેગે પધાર માવ.* શામ૦ ૩
*લાડીલા લટકા કરતા લાલજી, મોહનજી મેર કરી વ્રજનંદ* શામ૦
*પધારી કીજો કૃતારથ વિઠલા, માગે છે મંજુકેશાનંદ.* શામ૦ ૪

પદ :

જોવાને ચિતડું મારું ચાય છે, તમારી મૂર્તિ પ્રાણ આધાર જોવા૦
હોંશીલા હસતા ને રમતા હેતમાં, પધારો પાતળિયા કરી પ્યાર. જોવા૦ ૧
તમારું વદન કમળ રળિયામણું, કંકોળેલા નેણ કમળરંગ ચોળ જોવા૦
કપોળે તિલનું નૌતમ ત્રાજવું, રૂપાળા શોભિત ગૌર કપોળ. જોવા૦ ૨
આવોને ખાંતિલા વર ખાંતમાં, શોભિતા પહેરીને શણગાર. જોવા૦
કેશરનું ભાલ તિલક અતિ શોભતું, શોભે છે કુંડળ મકરાકાર. જોવા૦ ૩
સોનેરી માથે બાંધેલું મોળિયુ, મોહનજી લાવીને અજબ મોરડ જોવા૦
વાલમજી મંજુકેશાનંદનાં, આવીને પૂરો મનનાં કોડ. જોવા૦ ૪

પદ :

પધારો પ્રાણ સનેહી પ્રીતમાં, રૂપાળી ચાલતા ચાલ અનૂપ પધારો૦
મોહ્યું મન મૂરતિ જોઈને માવજી, લોભાણાં લોચનિયાં જોઈ રૂપ. પધારો૦ ૧
ખાંતિલા ચિત્તમાં ખૂંત્યુંરૂડું છોગલું, રંગીલા કરતા રંગની રેલ પધારો૦
અંતરમાં આશ ઘણી મળવાતણી, મલપતા આવોને અલબેલ. પધારો૦ ૨
ઓસરીયે આવી બીરાજો ઢોલિયે, કરીને વાતુ મટાડો તાપ પધારો૦
લાડીલા લેરખડા નંદલાલજી, જપું છું શ્યામ તમારો જાપ. પધારો૦ ૩
મુજને જાણી તમારી વાલમા, માણીગર આવો ને મારા નાથ પધારો૦
મોહનજી મંજુકેશાનંદને, બંધાણી પ્રીતલડી તમ સાથ. પધારો૦ ૪

પદ :

તારી મૂરતિ લાગે છે મુને પ્યારી રે, શ્રીઘનશ્યામ હરિ,
રૂડી ચાલ્ય જગતથી ન્યારી રે, શ્રીઘન૦
રૂડી નાભી છે ગોળ ગંભીર રે, શ્રીઘ૦ રૂડા શોભો છો શ્યામ શરીર રે, શ્રીઘ૦ ૨
તારી છાતિ ઉપડતી શ્યામ રે, શ્રીઘ૦ એ છે લક્ષ્મી કેરૂં ધામ રે, શ્રીઘ૦ ૩
તારા મુખની શોભા જોઈ રે, શ્રીઘ૦ રાખું અંતરમાં તે પ્રોઈ રે, શ્રીઘ૦ ૪
તારા નેણ કળમ પરવારી રે, શ્રીઘ૦ મંજુકેશાનંદ બલિહારી રે, શ્રીઘ૦ ૫

પદ :

મેં તો તમ સંગ બાંધી છે બેલી રે, ભવદુઃખ ખોવાને
મારે પ્રીત બંધાણી છે પેલી રે, ભવ૦ ॥ ટેક ॥
મોહનવર મોલે પધારી, કરો હરિ રંગડાની રેલી રે, ભવ૦ ૧
મુખડું રે જોવા આતુર મનમાં, ઊભી છે સર્વે સાહેલી રે, ભવ૦ ૨
રસીક સલુણા તારું રૂપ વિલોકી, વ્રજ વનિતા થઈ ઘેલી રે, ભવ૦ ૩
મંજુકેશાનંદ કે મુજને, વાલા ન દેશ મેલી રે, ભવ૦ ૪

પદ :

જોઈ રૂપ મનોહર તારૂં રે, મોહન મન માન્યુ
હું તો અહોનિશ અંતર ધારું રે, મોહન૦ ॥ ટેક ॥
પ્રાણજીવન તારી મૂરતિ રે ઉપર, તન મન ધન સૌ વારું રે, મોહન૦ ૧
લટકાળા તારા લટકારે જોઈને, મોહયું છે ચિતડુ મારું રે, મોહન૦ ૨
શ્યામ ચતુરવર તમને વરીને, જગસુખ લાગે નઠારું રે, મોહન૦ ૩
મંજુકેશાનંદ કહે રે સર્વે, ત્યાગ કર્યું તમ સારુ રે, મોહન૦ ૪

પદ :

મુને વાલા છો મોતિયા વાળા રે, પ્રીતમ પાતળિયા,
રૂડા શોભો છો રસીક રસાળ રે, પ્રીતમ૦ ॥ ટેક ॥
ગુણસાગર તારા ગુણલારે જોઈને, મન વસીયા મરમાળા રે, પ્રીતમ૦ ૧
પ્રાણજીવન મારા ચિત્તમાં રે ખૂંત્યા, આંખલડીના ચાળા રે, પ્રીતમ૦ ૨
વ્રજવનિતાનાં મનડાંરે હરિયા, લટકા કરી લટકાળા રે, પ્રીતમ૦ ૩
મંજુકેશાનંદ હરિ વરીયા, ઉઘડયાં અંતરનાં તાળા રે, પ્રીતમ૦ ૪

પદ :

આવો હરિ અલબેલા વાલા, મૂર્તિ જોઉં મરમાળી, આવો૦ ॥ ટેક ॥
તિલ એક ગાલે ને રેખાળે ભાલે, આંખલડી અણીયાળી રે, આવો૦ ૧
રંગડાના રેલાને રેલ છોગાળા, દુઃખડાં હરો સામું ભાળી રે, આવો૦ ૨
જરકસી જામા પહેરી સુખધામા, ચાલતા ચાલ રૂપાળી રે, આવો૦ ૩
મંજુકેશાનંદ કે આવી, દરશન દ્યો વનમાળી રે, આવો૦ ૪

પદ :

ગીરધર ઘેરે ગાતા પધારો, મોહન મારે મોલ રે, ગીરધર૦ ॥ ટેક ॥
રંગના લીના ને પ્રીત આવીને, રસબસતા રંગચોળ રે, ગીરધર૦ ૧
નાસા રૂપાળી રહું નિત ભાળી, નિરખું હું ગૌર કપોળ રે, ગીરધર૦ ૨
ઓઢી શુભ રેટો આવી મુને ભેટો, હાથ રૂમાલ અતોલ રે, ગીરધર૦ ૩
મંજુકેશાનંદના સ્વામી, મીઠા તમારા બોલ રે, ગીરધર૦ ૪

## પ્રકરણ – ૧૦

## મંજુકેશાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

**પાદટીપ :**

૧. 'શ્રી મંજુકેશાનંદકાવ્યમ્', સંપા. પૂ. કૃષ્ણસ્વરૂપદાસ, પૂ. જ્ઞાન પ્રકાશદાસ પૃ.૧૫

૨. શિ. પ. ૪ (શિક્ષાપત્રી શ્લોક ૪)

૩. 'ભક્તચિંતામણિ', સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કૃત, ૧૧૩.૪

૪. એજન, ૧૧૪.૫

૫. 'શ્રી મંજુકેશાનંદકાવ્યમ્', સંપા. પૂ. કૃષ્ણસ્વરૂપદાસ, પૂ. જ્ઞાન પ્રકાશદાસ, પૃ.૧૯

૬. 'સ્વામિનારાયણ પ્રકાશ', એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૨૦

૭. 'શ્રી મંજુકેશાનંદકાવ્યમ્', સંપા. પૂ. કૃષ્ણસ્વરૂપદાસ, પૂ. જ્ઞાન પ્રકાશદાસ પૃ.૧૯

૮. એજન, પૃ. ૨૦

૯. એજન, પૃ. ૨૦

૧૦. એજન, પૃ. ૨૧

૧૧. એજન, પૃ. ૨૨

૧૨. 'સ્વામિનારાયણ પ્રકાશ', એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૨૧

✰✰✰

# પ્રકરણ - ૧૧
# દયાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરુપણ

જન્મ : સંવત ૧૮૪૫

અવસાન : સંવત ૧૯૨૨

*દહરાનંદ છે શાસ્ત્ર સુજાણ, દયાનંદ તે ત્રણ પ્રમાણ*

*એક ભજનીને બીજા ધ્યાની, ત્રીજા સંત અતિ નિરમાની.*

*(બાલયોગી દામોદરાનંદ, સંત દયાલાનંદ સ્વચ્છંદ*

*દષ્ટ પ્રકાશાનંદ મંડલેશ, દિત્યાનંદ મુનિ શુભવેશ)*

(નંદમાળા – મંજુકેશાનંદજી)

**દૈવી ગુણગાથા દયાનંદ સ્વામીની :**

ભગવાનને પામવાની લગનીથી મુમુક્ષુઓ હિમાયલ કે ગિરનારની કંદરાઓમાં તપશ્ચર્યા કરવા નીકળે – એ ભારતીય ઇતિહાસની સર્વસાધારણ ઘટના છે. એકાદ બે નહીં, હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ ભગવાનને શોધવામાં જીવતરનો અંત લઈ નાખે છે. જીવતરનો એવો જ તાગ લઈને ભગવાનને મેળવવાની લગની સાથે એક ભક્ત શિવ મંદિરમાં કઠિન તપશ્ચર્યા આદરી રહ્યા હતા. આજે નહીં તો કાલે, કાલે નહીં તો વર્ષે પણ તપશ્ચર્યા ફળશે એવી એમની શ્રદ્ધા સાચી ઠરી. ઘાટા જંગલના એકાંતમાં ગોધનેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરમાં તપશ્ચર્યા કરતા આ ભક્તને અવાજ સંભળાયો. સાક્ષાત્ શિવ સાથેનો એ સંવાદ હતો. ભક્ત કહી રહ્યા હતાં : 'મારે કંઈ જ જોઈતું નથી, ભગવાનનો સાક્ષાત્કાર જોઈએ છે...' અને શિવજી વરદાન દઈ રહ્યા હતાં : 'પ્રગટ પ્રભુ અત્યારે સ્વામિનારાયણ નામથી વિચરી રહ્યા છે. માનવશરીર ધારણ કરી આ સર્વોપરી પરમાત્મા પૃથ્વી પર સૌને દિવ્ય સુખ આપી રહ્યાં છે. થોડા દિવસોમાં જ તે તમારા ગામની પાસેના મછિયાવ ગામે પધારશે. તમે તેમના શરણે જજો, એ તમારા સર્વ સંકલ્પ સિદ્ધ કરશે.'[1]

થોડા જ સમયમાં આ શબ્દો સાચા ઠર્યા. મછિયાવના દરબાર બાપુભાઈના રાજમહેલમાં પધારેલાં ભગવાન સ્વામિનારાયણે આ ભક્તને જોયા કે તરત જ સ્નેહ–આદરથી નજીક બોલાવીને કહ્યું : 'તમે લાલજી ભક્ત ને ! તમને તો મહાદેવજીએ અમારી પાસે મોકલ્યા છે, ખરું ને ?' એમ કહીને શ્રીહરિએ ઊભા થઈને તેમને આશ્લેષમાં લીધાં અને દિવ્ય સુખ આપ્યું. શ્રીહરિ સાથેની આ પ્રથમ મુલાકાતે જ હૈયું વીંધાઈ ગયું. પ્રથમ દર્શને જ તેઓ ન્યોચ્છાવર થઈ ગયાં. સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતને જોડતા નળકાંઠાના રેંથળ ગામમાં વિ. સં. ૧૮૪૫માં લોહાણા પરિવારમાં જન્મેલા આ લાલજી ભક્ત, આજે પોતાનાં માતા પિતા સુંદરજી અને અમૃતબાઈનું કુળ ઉજાળી રહ્યા હતાં. અનેક જન્મોની ઝંખનાનો આજે અંત આવ્યો હતો. તેમનું મન હવે અહીં જ વિરામ પામી ગયું હતું. 'મહારાજ ! મને આપના શરણમાં લ્યો.' એવી તેમની સ્તુતિને શ્રીહરિએ સ્વીકારી લીધી. થોડા જ સમયમાં ૨૧ વર્ષના એ નવયુવાનને સાધુદીક્ષા આપીને શ્રીહરિએ નવું નામકરણ કર્યું : ઉત્તમાનંદ સ્વામી.

એમનું વ્યક્તિત્વ ખૂબ સૌજન્યશીલ અને સેવાભાવી. ખૂબ બુદ્ધિશાળી અને વ્યવહારકુશળ છતાં નમ્રતા અને સાધુતામાં પણ એવા જ આદર્શ. ગઢપુરમાં નાંદોલ ગામના પ્રખર વિદ્વાન પુરુષોત્તમ વ્યાસ પાસે સંતોને સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ કરાવતા શ્રીહરિએ સ્વામીને પણ અભ્યાસમાં જોડયાં. મહારાજની આજ્ઞાથી નિત્યાનંદ સ્વામી જેતલપુર તથા અમદાવાદમાં સાધુઓને સંસ્કૃત ભણાવતાં. ઉત્તમાનંદ સ્વામી પણ એમાં જોડાયા.

વિ.સં. ૧૮૬૫ માં ભરયુવાન અવસ્થાએ સાધુ થયા ત્યાં સુધીમાં તેમણે ગુજરાતી ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું હતું. સંસ્કૃતવિદ્યામાં પણ તેઓ શ્રેષ્ઠ વિદ્વાન થયાં. વળી મુકતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોના સંગે તેઓ કવિ પણ ઉત્તમ બન્યા. કવિતા, કીર્તનોનાં અંતે ઉત્તમાનંદ નામ મૂકવામાં અનુકૂળ ન હોવાથી શ્રીહરિએ તેમને 'ઉત્તમાનંદ સ્વામી'માંથી 'દયાનંદ સ્વામી' નામાભિધાન કર્યું.[૨] સંપ્રદાયના આ પ્રસિદ્ધ સંતકવિના નામથી રચાયેલાં સેંકડો પદો આજે ઘરોઘર ગવાય છે.' દયાનંદને વ્હાલે કયું જેહ, સત્ય માની લેવું સર્વ તેહ'

ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય ચરિત્રોના સ્મરણને જ 'ચિંતામણિ' તુલ્ય સમજતા દયાનંદ સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ' નામનો ગ્રંથ બનાવ્યો છે. સંસ્કૃતમાં તેમણે રચેલ **प्रश्नोत्तरप्रदीपक** ગ્રંથમાં ગુરુશિષ્યના સંવાદ દ્વારા તેમણે સુંદર આધ્યાત્મિક વિમર્શ કર્યો છે.

તેમના કાવ્યોમાં શ્રીહરિનાં ચરિત્ર મુખ્ય છે. તે ઉપરાંત ઇતિહાસ છે, ઉપદેશ છે, પોતાની તાલાવેલીનું વર્ણન છે. 'આવા વસ્ત્ર', 'આવા આભૂષણ', 'આવી ચાલ', 'આવા નેત્ર', 'આવા મંડપ', 'આવા આસન' એમ કાવ્યમાં કહેતાં જ રહ્યાં છે.[3]

*'દયાનંદના વ્હાલાનો જોગ રે, ટાળે અનંત જન્મનો રોગ રે'*

*તો 'દયાનંદના નાથ રોકયાની કરીએ કાંઈક જતન,*

*આજ મારે આનંદની હેલી રે મૂરતિ મહારાજની કેરી રે.'*

એક વખત પોતાના મંડળના સંતો સાથે દયાનંદ સ્વામી સોરઠની પંચતીર્થનાં દર્શને નીકળ્યાં. ફરતાં ફરતાં તેઓ વિદ્વદ્નગરી જામનગર પધાર્યા. સ્વરૂપાનંદ સ્વામીએ પચાસ સાધુઓ સાથે આ શહેરમાં તળાવને કિનારે એક મોટા વડના વૃક્ષ નીચે રહી શહેરમાં સત્સંગ કરાવ્યો હતો. દયાનંદ સ્વામી એ વડનાં દર્શને આવ્યા. એ જ વખતે અહીંના વિદ્વાન બ્રાહ્મણો તળાવ કાંઠે હવા ખાવા માટે બેઠાં હતાં. સ્વામિનારાયણ સાધુઓને જોતાં જ આ વિદ્વાનો સંસ્કૃતમાં ઉપહાસ કરવા લાગ્યાં. સંપ્રદાયના સાધુઓ તો સાવ અભણ જ હશે એવું માનતા આ વિદ્વાનોને ખબર નહોતી કે આ વાર્તાલાપ સાંભળી રહેલા દયાનંદ સ્વામી સંસ્કૃતના ઊંડા અભ્યાસી છે. થોડી વાર વીત્યા પછી પ્રભાવશાળી શૈલીમાં દયાનંદ સ્વામીએ વિનયપૂર્વક સંસ્કૃતમાં તેમની સાથે વાતો માંડી. વિદ્વાનો છક્ થઈ ગયાં. દયાનંદ સ્વામીને શાસ્ત્રોનું જ્ઞાન કેવુંક છે એ જાણવા તેમણે એક સાથે દસ–પંદર શાસ્ત્રીય પ્રશ્નો પૂછી નાખ્યા. પરંતુ સંસ્કૃતમાં બોલવાની અજબ છટા સાથે દયાનંદ સ્વામીનું શાસ્ત્રીય જ્ઞાન અને સ્મરણશકિત જોઈ વિદ્વાનો સ્વામીનાં ચરણે ઢળી પડયાં.[4]

એક વખત જામનગરમાં ભગવાન સ્વામિનારાયણ પધાર્યાં ત્યારે અહીંના વિદ્વાન બ્રાહ્મણો શ્રીહરિને પૂછવા માટે આવ્યાં : 'તમારામાં કોઈ શાસ્ત્રાર્થ કરે એવા છે ? અમારે તેમની સાથે શાસ્ત્રાર્થ કરવો છે.' શ્રીહરિએ ત્યારે સંતમંડળમાં બેઠેલા દયાનંદ ભણી દષ્ટિ

કરીને કહ્યું હતું : 'આ દયાનંદ સ્વામી તમારી સાથે શાસ્ત્રાર્થ કરશે.' તે જ દિવસે સાંજે ૫ વાગે એક ભવ્ય સભા યોજાઈ. હજારો વિદ્વાનો અહીં દોડી આવ્યાં. શાસ્ત્રાર્થ શરૂ થયો. સાકારવાદ અને નિરાકારવાદ ઉપર ગહન ચર્ચા થઈ. દયાનંદ સ્વામીએ દરેક પ્રશ્નોનાં સચોટ ઉત્તર આપીને સાકાર બ્રહ્મ અને પરબ્રહ્મનું અદ્ભુત નિરૂપણ કર્યું. સ્વામીએ સભામાં વિજય કર્યો. શ્રીહરિએ ખૂબ પ્રસન્ન થઈને પોતાના કંઠમાંથી ગુલાબનો હાર કાઢીને સ્વામીના કંઠમાં પહેરાવ્યો અને તેમનું બહુમાન કર્યું.[૫]

વિદ્વત્તાસભર વ્યક્તિત્વ હોવા છતાં એમની ક્ષમાશીલતા પણ સૌને સત્સંગમાં વિશેષ આકર્ષતી હતી. એક વખત તેઓ લાંઘણજમાં મંદિર બંધાવવાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા. પાયો ચણીને મંદિર રચવાનો આરંભ કર્યો ત્યારે કેટલાંક કણબીઓએ આવીને પાયાને ખોદી નાખ્યો. સાત સાત વખત સ્વામીએ પાયો ખોદાવ્યો અને ચણાવ્યો અને કણબીઓએ ખોદી નાખ્યો. પરંતુ સ્વામીની ધીરજ ખૂટી નહીં. છેવટે સત્સંગીઓ થાકયા. આવું કયાં સુધી ચાલશે ? ત્યારે સ્વામીએ કહ્યું : 'આપણે ધીરજ રાખીએ અને ભગવાન પર શ્રદ્ધા રાખીએ. ભગવાન જે કરતા હશે તે ઠીક કરતા હશે. ભવિષ્યમાં આ પાયો ખોદી તોડી નાખનાર કણબીઓ જ સત્સંગી થઈને આ જ મંદિરમાં ભજન–ભક્તિ કરશે.' વાત સત્ય ઠરી. સ્વામીની ક્ષમાશીલતાથી અંતે કુસંગીઓ હાર્યાં. મંદિર થયા પછી તેઓ સત્સંગી થયા અને આ જ મંદિરમાં ભક્તિ કરતા થઈ ગયાં.

ક્ષમાશીલ અને પરોપકારી આ સંતકવિએ સ્વામિનારાયણ મહિમાના પ્રસારની મહાન સેવા કરી છે. અયોધ્યા અને ગ્વાલિયરથી લઈને ગુજરાતનાં ગામડાંઓમાં વિચરણ કરીને તેમણે વિદ્વત્તાપૂર્ણ કથાવાર્તા અને ભક્તિપદોથી હજારો લોકોને ભગવાન સ્વામિનારાયણના દિવ્ય મહિમાનું પાન કરાવ્યું હતું. દંઢાવ્ય પ્રદેશનાં ઘણાં ગામોમાં આજેય જોવા મળતી સ્વામિનારાયણીય સત્સંગની ખુમારીમાં સ્વામીનું પ્રદાન અનેરું છે. બામરોલી (ગ્વાલિયર પાસે), કરજીસણ, ડાંગરવા, લાંઘણોજ, વિજાપુર, વિસનગર, વડનગર, વગેરે ગામોમાં સ્વામીએ બંધાવેલાં ભવ્ય વિશાળ મંદિરો આજેય તેમની ગાથા ગાય છે.

૭૭ વર્ષ સુધી ભગવાન સ્વામિનારાયણની ગાથાઓ ગાતાં ગાતાં દયાનંદ સ્વામીએ વિસનગરમાં વિ.સં. ૧૯૨૨ માં દેહત્યાગ કર્યો.

સ્વામીએ રચેલા ગ્રંથો પૈકી 'શ્રીહરિચરિત્રચિંતામણિ' ગ્રંથ પ્રકાશિત થયો છે. દયાનંદ સ્વામીની અનેક રચનાઓ સંપ્રદાયમાં જાણીતી છે. પરંતુ કદાચ એમણે માત્ર એક જ કીર્તનની રચના કરી હોત તો પણ તેઓ સદૈવ અમર રહેત એમાં કોઈ શંકા નથી.[૬] એમનું એ અમર કીર્તન હજારો હરિભક્તો પોતાના ઘરે ઠાકોરજીને ખીચડીનો થાળ ધરતી વખતે ગાય છે. આ પદ મંદિરોમાં રાત્રે થાળ સમયે ગવાય છે.

*રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી રે૦ ....* ટેક
*ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;*
*મધુરે મધુરે તાપે માખણ શી ચડી રે...રૂડી૦ ...* ૧
*ઘી ઘણું જમો અલબેલા, અથાણાં પાપડ રંગ છેલા;*
*ચોંપેશું ચોળાની કાજુ કરી વડી રે...રૂડી૦...* ૨
*દૂધ કઢીને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી;*
*ભૂધરને જમવાને કાજે કરી કઢી રે...રૂડી૦...* ૩
*દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;*
*મોહનવરને હાથે મુજને મોજ મળી રે...રૂડી૦ ...* ૪

તેઓ ૨૦ માં વર્ષે શ્રીહરિને મળ્યાં, બીજાં ૨૧ વર્ષ શ્રીહરિ સાથે રહ્યાં.[૭] વિચરણ દરમિયાન ગામેગામ કાવ્ય સંભળાવતાં અને મંદિરો રચી ધર્મની દઢતા દરેકને કરાવતાં. શ્રીહરિનાં સ્વધામગમન પછી ૩૫ વર્ષ તેમણે વિરહવેદનામાં–અંતરમાં મૂર્તિનું દર્શન સમાગમ કરતાં વિતાવ્યાં.

*છબિ સલોની સુખ કંદનિ, મન મોદ બઢાવે*
*ધીરજ રાખી ધારતા, અંતર સુખ આવે.*

તો કવિશ્રી ન્હાનાલાલે જ શિક્ષાપત્રીનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરેલો એમાં આરંભે ઉપોદ્‌ઘાતમાં નોંધેલું કે 'ફૂલની કિંમત એની ફોરમથી છે, સંપ્રદાયની કીંમત એની કવિતાથી છે, ઉરમાંથી ઉછળતી ફૂવારા ધારાઓથી છે....' સંપ્રદાયની એ

અદશ્ય ને અગમ્ય ભાવભરતીથી સંપ્રદાય સુવાસિત રહે છે ને સંસારને સુવાસિત કરે છે....' સ્વામિનારાયણ સંપ્રદાયની ભક્તિ–વૈરાગ્ય કવિતાથી ગુજરાતી સુવાસિત છે.'

સદ્‌ગુરુ સ્વામી દયાનંદની ભક્તિ–વૈરાગ્યની પદકવિતાને ન્હાનાલાલની આ વાત સુપેરે લાગુ પડે છે.

સ્વામિનારાયણીય સંતકવિતાના આધાર–સ્તંભરૂપ અષ્ટનંદસંતોમાં મુકતાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ અને દયાનંદનો સમાવેશ થાય છે.[૮]

મારાં સંશોધનમાં મેં, જોયું કે બહુધા વિદ્વાનોએ સદ્‌ગુરુ સ્વામી દયાનંદને જ આઠમા નંદસંત તરીકે સ્વીકારેલાં છે. કોઈકે સદ્‌ગુરુ યોગાનંદ સ્વામીને[૯] તો કોઈએ પૂર્ણાનંદને તો કોઈએ કૃષ્ણાનંદને આઠમા નંદસંત ગણાવી, અષ્ટનંદ સંતોમાં સ્થાન આપ્યું છે. જયારે મેં બહુધા વિદ્વાનોનો મત સ્વીકારી દયાનંદનું પ્રમાણમાં પ્રાપ્ત સાહિત્ય ઓછું હોવા છતાં તેમને અષ્ટનંદ સંતોમાં સ્વીકાર્યા છે.[૧૦]

દયાનંદ નામના એક અન્ય સંત પણ ભગવાન સ્વામિનારાયણનાં સંતમંડળમાં હતાં. અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોમાં આ દયાનંદ સ્વામીને વિમુખ કર્યાનો ઉલ્લેખ આવે છે. કવિ દયાનંદ સ્વામી તેમનાંથી જુદા જ વ્યક્તિ હતાં. આ ઉપરાંત પ્રકરણનાં આરંભમાં 'નંદમાળા'માં સદ્‌ગુરુ સ્વામી મંજુકેશાનંદજીએ આપેલો સંદર્ભ આપ્યો જ છે.

*દહરાનંદ છે શાસ્ત્રસુજાણ,*
*દયાનંદ તે ત્રણ પ્રમાણ*
*એક ભજનીને બીજા દયાની,*
*ત્રીજા સંત અતિ નિરમાની.*

આ પદ્યમાં દયાનંદ નામના ત્રણ સંતોના ઉલ્લેખ છે. તેમાંનાં ત્રીજા જે અતિ નિરમાની દયાનંદ તેમની વિગત અદ્‌ભુતાનંદ સ્વામીની વાર્તાના વાર્તાક્રમાંક ૧૭૮ ના આધારે અહીં આપેલ છે.

દયાનંદ નામના એક સંત હતા. તે નિયમ વ્રતોનું યથાર્થ પાલન કરીને તપસ્વી જીવન જીવતાં. સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની દઢ નિષ્ઠા, સંતો પ્રત્યે આદરભાવ અને

અતિશય નિર્માની આ દયાનંદ સ્વામીની રહેણીકરણી અને આકરો સ્વભાવ. તે કોઈની સાથે અનુકૂળ આવે જ નહીં. આ કારણથી જ શ્રીહરિએ તેને સત્સંગમાંથી બહિષ્કૃત કરેલા.

એક વખત શ્રીહરિની આજ્ઞાથી મુકતાનંદ સ્વામી વગેરે સંતો સત્સંગ પ્રચાર માટે સુરત ગયાં. ત્યાં સત્સંગ પ્રચાર કરતા અને સત્સંગીઓને કથાવાર્તા સંભળાવતા. તે સમયમાં દયાનંદ સ્વામી સુરત આવ્યા. સંતોને વંદન કરીને મુકતાનંદ સ્વામી પાસે બેઠા. મુકતાનંદ સ્વામીએ કહ્યું કે, "દયાનંદ સ્વામી ! શ્રીહરિએ તમને સત્સંગમાંથી બહિષ્કૃત કર્યા છે માટે તમારી સાથે અમારે બેસાય નહીં અને તમારી સાથે વાત પણ કરી શકાય નહીં." દયાનંદ સ્વામી કહ્યું કે, "સ્વામી ! તમે કહો તો આ પછાત જ્ઞાતિના લોકો જયાં બેસીને તમારી વાતો સાંભળે છે ત્યાં ઊભો રહીને તમારી વાતો સાંભળું." દયાનંદ સ્વામીની નમ્રતાથી મુકતાનંદ સ્વામીને દયા આવી અને કહ્યું કે, "ભલે ! એ રીતે રહીને તમે કથાવાર્તા સાંભળો."

સ્વામીશ્રીની આજ્ઞા મુજબ રહીને દયાનંદ સ્વામી સ્વામીશ્રીની કથાવાર્તા નિયમિત સાંભળતા. દયાનંદ સ્વામી શહેરમાં સર્વત્ર ફરીને સત્સંગનો પ્રચાર કરવા લાગ્યાં. તેઓ કહેતા કે, "સ્વામિનારાયણ ભગવાન છે અને તેના સંતો શુદ્ધ સોના જેવા ઉજળા જેવા ઉજળા નિયમધર્મો પાળે છે. એ સંતો આગળ હું તો પામર જેવો છું." ભગવાનના સ્વરૂપની દઢ નિષ્ઠા, સંતો પ્રત્યેનો આદરભાવ, સત્સંગ પ્રચારમાં શ્રદ્ધા અને નિર્માની સ્વભાવ આ બધા સદ્‌ગુણોથી મુકતાનંદ સ્વામી વગેરે સંતો તેની ઉપર પ્રસન્ન થયા.

તે સમયમાં સંતોને સમાચાર મળ્યા કે, મહારાજ વડતાલ પધાર્યાં છે. મહારાજના દર્શન માટે સુરતથી સંતો વડતાલ આવ્યા અને શ્રીહરિના દર્શન કર્યા. શ્રીહરિએ કુશળ સમાચાર પૂછયા. મુકતાનંદ સ્વામીએ બધા જ સમાચાર કહ્યા. સુરતથી સંતો સાથે આવેલા દયાનંદ સ્વામીએ શ્રીહરિએ નમ્રતાથી કહ્યું કે, "મહારાજ ! આપની કૃપાથી મને તમારા સ્વરૂપનો દઢ નિશ્ચય છે. તમારા સંતો જેવી રહેણીકરણી મારી નથી. તમારા સંતો આગળ હું તો પામર જેવો જ છું. તેથી હું પરેશાન છું. માટે તમારો નિશ્ચય તમે મારામાંથી પાછો ખેંચી લો. હું તો ગમે ત્યાં રહીને મારો નિર્વાહ કરીશ."

દયાનંદ સ્વામીની વાત સાંભળીને શ્રીહરિએ મુકતાનંદ સ્વામીએ કહ્યું કે, "સ્વામી ! આ દયાનંદ સ્વામી પરત્વે આપનો શો અભિપ્રાય છે ?" સ્વામીએ કહ્યું કે "મહારાજ ! દયાનંદ સ્વામી કહે છે તે સત્ય છે. તમારા સ્વરૂપના નિશ્ચયની દઢતા, સંતો પ્રત્યેનો આદરભાવ, સત્સંગ પ્રચારમાં શ્રદ્ધા અને નિર્માની સ્વભાવ વગેરે તેમના આ સદ્‌ગુણો જોઈને અમો બધા જ સંતો તેની ઉપર પ્રસન્ન છીએ." સ્વામીશ્રીનો અભિપ્રાય સાંભળીને શ્રીહરિએ દયાનંદ સ્વામીને કહ્યું કે, "દયાનંદ સ્વામી ! આપણા ગુરુ મુકતાનંદ સ્વામી વગેરે સંતો તમારી ઉપર પ્રસન્ન છે અને તેથી જ હું પણ તમારી ઉપર અતિ પ્રસન્ન છું. માટે તમે સત્સંગમાં રહીને સત્સંગની સેવા કરો." દયાનંદ સ્વામીએ કહ્યું કે, "મહારાજ ! તમે અને સંતો મારી ઉપર પ્રસન્ન છો પરંતુ મારા અયોગ્ય સ્વભાવને કારણે જ સત્સંગમાં હું રહી શકતો નથી. તેમાં તમારો અને સંતોનો કોઈ દોષ નથી." મહારાજ કહે, "સ્વામી ! તમારા સ્વભાવની ચિંતા કરશો નહીં. ભગવાન અને સંતોની કૃપાથી તમારો કુસ્વભાવ જરૂર નાશ પામશે. તમે નિશ્ચિત બનીને સત્સંગમાં રહીને સત્સંગની સેવા કરો."

શ્રીહરિની આજ્ઞાથી સ્વામીશ્રી સંતો સાથે રહ્યા અને કથાવાર્તા કરીને સત્સંગની સેવા કરીને અઢીમાસ બાદ અક્ષરવાસી થયા.

આ ઉપરાંત યોગાનંદ સ્વામી (મોટા)[૧૧] અને યોગાનંદ સ્વામી (નાના)[૧૨] એમ બે યોગાનંદ સ્વામી થઈ ગયાં. યોગાનંદ સ્વામી મોટા વિશે નંદમાળામાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. *'યોગાનંદ મોટા મુનિ, કહ્યા પ્રથમ શુભરીત'*

સદ્‌ગુરુ યોગાનંદ સ્વામી (નાના) વિશે 'યોગાનંદ નામે એક, ગુણી ગવૈયા પુનિત' એવો 'નંદમાળા'માં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જેમના ભાઈનું દીક્ષા પછીનું નામ કૃષ્ણાનંદ સ્વામી હતું. કૃષ્ણાનંદજી પણ એકથી વધુ થઈ ગયાં. એક સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી કવિ[૧૩] અને બીજા તે સ.ગુ. યોગાનંદ સ્વામીનાં પૂર્વાશ્રમનાં ભાઈ તે કૃષ્ણાનંદ સ્વામી.[૧૪]

નંદમાળમાં આમ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

*કૃષ્ણાનંદ મોરા સમાધિવાન,*

*અહોનિશ રાખે અંતર હરિધ્યાન*

*કૃષ્ણાનંદ બીજા ગુરુ થઈ ફરે,*
*કૃષ્ણાનંદ ત્રીજા વાતું રૂડી કરે.*

અહીં ત્રણ કૃષ્ણાનંદ સ્વામીનો નામોલ્લેખ છે પણ ત્રીજા વિશે વિશેષ વિગત પ્રાપ્ત થતી નથી.

જયારે સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામીના ઓછામાં ઓછા ચાર ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, પૂર્ણાનંદ સ્વામી (કવિ),[૧૫] પૂર્ણાનંદ સ્વામી (સંન્યાસી) અને અન્ય પૂર્ણાનંદ સ્વામી.[૧૫] તેમના વિશે 'નંદમાળા'માં આ રીતે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(૧) સદ્‌ગુરુ સ્વામી પૂર્ણાનંદજી (કવિ) – 'પૂર્ણાનંદ મહાંત પુનિત, જેને શ્રીહરિમાં બહુ પ્રીત' .

(૨) અને (૩) સદ્‌ગુરુ પૂર્ણાનંદજી – 'પૂર્ણાનંદ બીજા બેઉ, એક ત્યાગી ધ્યાની બીજા તેઉ'

(૪) સદ્‌ગુરુ સ્વામી પૂર્ણાનંદજી (સંન્યાસી)[૧૭] – 'પૂર્ણાનંદને છે પ્રભુ પ્યારા રે'

અષ્ટનંદ સંતોમાં સદ્‌ગુરુ સ્વામી દયાનંદ સ્વામી વિશેની આટલી વાત પછી તેમની પદકવિતામાં કૃષ્ણનાં નિરૂપણની વાત કરીએ.

દયાનંદનો કવન વિષય છે તેમના ઈષ્ટ આરાધ્ય પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ અને બીજો પ્રધાન વિષય છે કૃષ્ણકીર્તન જે ગોપીભાવ તથા પ્રેમલક્ષણા ભક્તિનાં ગાનને મોકળો અવકાશ આપે છે. તેમની ભાષા સીધી, સરળ, લોકભોગ્ય અને તળપદી છે. કૃષ્ણ પ્રત્યેની અનન્યભક્તિ તેના વિષયવસ્તુને લીધે હૃદયસ્પર્શી ભક્તિકવિતા બની રહે છે.

દયાનંદના પદોમાં કૃષ્ણપ્રીતિ અને કૃષ્ણભક્તિ જ ભાવ સ્ત્રોત બની રહ્યાં છે. તેમની રચનાઓનું ભાવસૂત્ર કૃષ્ણપ્રીતિનું મનોહર માધુર્ય રહ્યું છે. કૃષ્ણભક્તિની શૃંગાર માધુરીની લીલાનો અદ્‌ભુત છે. –

*માધુરિ મુખ બોલનિ, હંસનિ ચિત્ત ચોરે*
*દિલ ડોલે દેખી પાઘને, નેણ લોભાણો તોરે*
*ભાલનિ રેખું ભાળીને, ભૂલ્યા જગ રીતિ;*

*વામ શ્રવણમાં બિંદુને, જોઈ વાધે પ્રીતિ...*

*ઉર ઊપડતું ઓપતું, સદા શ્રીનો નિવાસ;*

*લટકણી રૂડી લોભણી, પ્રેમની તાણ્યાનો પાસ*

અહીં અલૌકિક પ્રેમ કેન્દ્રમાં છે. કારણ કે તેનું આલંબન પરમેશ્વરની રસમયમૂર્તિ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની સાધનાની ધરી સ્વરૂપનિષ્ઠામાં છે, જેમાં ઉપાસના, નિશ્ચય અને પતિવ્રતાનો ભાવ જોડાયેલો છે તે દિવ્ય છે. દયાનંદની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ ભક્તિ સૌન્દર્ય, સ્નેહ, અનન્યનિષ્ઠા અને દઢ વૈરાગ્યથી શોભે છે.

*'મોહ સંસારી મમતા, કુટિલાઈ કાઢી નાખો*

*દયાનંદના નાથની, મૂરતિ ઉર રાખો...'*

દયાનંદની ભક્તિ કવિતા સ્નેહની છે, હેતની છે. એક આધ્યાત્મિક ખોજની પદકવિતા બની રહે છે.

*'અજબ અલૌકિક આપીયું, દર્શન સુખકારિ;*

*મુરતિ મનોહર માધુરિ, ભુમિ પર ધારિ...*

દયાનંદની પ્રભુ માટેની અનન્ય નિષ્ઠા અને તન્મયતા સાથે કરેલ લીલાલક્ષી પ્રેમભક્તિનો લલકાર અનોખો છે.

*રૂપ નિહાળી નટવર નાથનું રે,*

*વાધે ઘણું વાલાજી શું વાલ;*

*જે કોઈ જોવે રે ખસે નહિ પાસથી રે,*

આવા અનેક પદોમાં દયાનંદ સહજાનંદજીને જ કૃષ્ણ તરીકે આરાધે છે. પ્રભુ પ્રગટ થાય તેનો આનંદ હૈયે કેવો ઉમટે છે !

*'થયો જગતમાં જય જયકાર રે, સેજે ઉતર્યા ભૂમિ કેરો ભાર રે;*

*ઘેર ઘેર આનંદ ઉચ્છવ થાય રે, મળી માનનિ મંગળ ગાય રે.*

*દયાનંદ કે પ્રગટયા જયારે વાલરે, તારે બન્યો હતો આવો તાલ રે.'*

*OOOO*

*અનંત જીવ ઉધારવા કારણ, આવ્યા છે અલબેલો રે;*

*દયાનંદના નાથને સેવો, મોહ સંસારિ મેલો રે.*

પ્રેમભાવભરી ભગવદ્ભક્તિ મોક્ષના સાધન તરીકે આલેખાય છે. અહીં પ્રભુ પ્રગટ્યાનો આનંદ અને એ દર્શન દ્વારા પોતાની આરતનું ચિત્રાત્મક વર્ણન દિવ્ય તેજથી પ્રકાશે છે.

ઉપાસ્ય પ્રગટ પ્રભુની કામણગારી મૂર્તિની દિવ્યતા, સુંદરતા અને અલૌકિકતાને દયાનંદે મનભરીને ગાઈ છે.

*'વધાયુ વાજે રે નિત્યે નિત્યે નવિ રે,*

*આનંદ ઉચ્છવ થાય અપાર*

*દયાનંદ કે'છે રે વાલાજીને વારણે રે,*

*વારિ હું જાઉં વારમવાર...રૂપ નિહાળી રે.*

*OOOO*

*આજ રૂડા રમવાના દન, આવ્યા અલબેલો રે;*

*ભાવે ભાવિ થાઈયે મગન, સુંદર વર છેલો રે...*

*સુંદર ફાગ રમાડવા રે, રસિયો રાજીવ નેણ*

*પ્રીત કરિ પધારિયા, સદા ભક્ત તણા સુખદેણ....*

સંસારની અસારતા, આત્મ ચિંતન, મંથન અને ભવ પાર થવા શામળિયાનું સ્મરણ કરવું એ બધું દયાનંદ કેવી ભાર્વોમિથી ગાય છે !!

*'અંતર દેખ તપાસી તેરા કોન અંતર દેખ તપાસી રે;*

*સગાસંબંધી સબ સ્વારથ સાથી, તાકી મત કરો આસીરે;*

*દયાનંદ કહત હે સમરો, શામળિયા સુખ રાશિ રે...*

*OOOO*

*સપનું સમજો રે આ સંસારને, દુઃખ દરિયો વિશાળજી;*

*પડયા પાછા નવ વિસરે, કોટિ વાર ગળે કાળજી...*

*દયાનંદ કહે હરિ ન ભજયા, થયા નરક નિવાસજી*

oooo

*રમણીય પદારથે રાજી નહીં, કરે દેહ નીરવહાજી;*

*ચૌદે લોકમાં ચીત નહીં, હરિ ચરણની ચાહજી...*

*ભાવિક ભોગ મીથ્યા ગણે, કોઈને ચિંતવે નચિતજી;*

*હરિ મૂરતિમાં એક મન રહે, વૈરાગવંતની એ રીતજી.....*

oooo

*કોટિ સાધન કરે સામટાં, તોય મળે ન શ્યામજી*

*દયાનંદ કહે ભેટી ભક્તને, લૈજાવે નિજ ધામજી...*

oooo

*જૂઠ સગાઈ દૂર બહાઈ, ધની મોહન સિર ધારે રે*

*દયાનંદ કો શ્યામ સહાયે તુરત પાર ઉતારે રે...*

અહીં શ્યામ તે જ ઘનશ્યામ છે અને ઘનશ્યામ તે જ શ્યામ છે.

*વચન વિચારિ રે શ્રી ઘનશ્યામના રે, હૈડામાં વાધે હરખ વિશાળ;*

*ઉપદેશ રૂપી રે અમૃત પાઈને રે, કિધા વાલે નિજ જનને બહુન્યાલ*

*માયાના બંધન રે મોટા તોડવા રે, સાધન બતાવ્યા વાલે ચાર;*

*જ્ઞાનને વૈરાગ્ય રે ભક્તિ ધર્મને રે, આપણે સિદ્ધ કરવા ઉદાર...*

ચિંતન સમૃદ્ધિ દયારામની કૃષ્ણવિષયક નિરૂપણ કરતી પદકવિતાનું બળકટ પાસું છે.

*'આજ ભાગ્ય ઉદે થયાં ભારિ રે, આપે પધાર્યાં અવિકારિ રે.'*

oooo

*તમે રહો રસિયા રંગ છેલ દર્શન દ્યોને રે*

*બોલિ મુખથિ મનોહર વેણ વાતું કોને રે*

*સાંભલતા સુંદર શ્યામ હૈડું હિસે રે,*

*તમ વિના જગમાં કોય હેતુ ન દિસે રે...*

oooo

*સંગ તમારો અતિ સુખકારિ, દેવને દુર્લભ જેહરે*
*મનગમતો મળિયો આજ, અમને આનંદકારિ એહરે*
*વાલપની કરિ વાત મનોહર, આનંદ ઘણો આપોરે*

સદા સદા પ્રભુ સન્મુખ રહે તેવી આર્જવ સ્વરે કાકલૂદી દયાનંદ કેવી રીતે કરે છે !

*સદા રેજયો શ્યામ સુજાણ, નેણાંને આગેરે;*
*તમને જોતા જીવન પ્રાણ પ્રીતિ જાગે રે.*
*મૂર્તિ તમારી માવજી રે, જાદુગારિ જોર;*
*હેતે હૈયામાં ધારતા નાશ પામે સંસારિ તોર.*
*સુખ સંપત તમે શ્યામ છોરે; બિજું ન ઈછિયે લેશ;*
*દયાનંદના નાથજી, એવું રેજયો હમારે હંમેશ...*

OOOO

*દાસ પોતાના જાણીને કેવું હોય તે કેજયો*
*દયાનંદના નાથજી, સદા ઉર રેજયો*

દયાનંદની કવિતા પ્રભુના સ્વરૂપ ઓળખની કવિતા છે. દિવ્યપ્રેમના અનુભવની કવિતા છે. કારણ ભક્તને પ્રભુમાં દિવ્ય પ્રેમ થાય ત્યારે મુક્તિની ચાવી મળી જાય છે. તેમની રચનામાં કયાંક ડોકાતો શૃંગાર ખૂબ જ સ્વસ્થ છે એટલે મનભર બને છે. ભારોભાર સચ્ચાઈથી આલેખાયેલ દયાનંદની પદકવિતા પ્રભુભક્તિના કેફનું સાહિત્ય બને છે. પદની ભાષાશૈલી સરળ છે છતાં હૃદયગામી છે. દયાનંદને શબ્દો ખોળવા પડતાં નથી. એટલે જ અભિવ્યક્તિ સચોટ છે. અવારનવાર આવતાં 'રે' માં લયની ચિત્રાત્મકતા છે. લય હાથવગો છે એટલે જ વર્ણનો સુંદર બને છે. તાદશ અને ચિત્રાત્મક વર્ણન કૌશલ ધ્યાન ખેંચે તેવું છે. પદોમાં લાઘવ છે જેમાં પ્રાસની ઘુઘરી ઘમકયાં કરે છે. ઉદ્ગારો કુદરતી છે અને ભાવ મૃદુ બને છે. પ્રભુની હેતે ભરેલી મનોહર મૂર્તિ અને કરુણાભીનાં નેત્રોનો જાદુ દયાનંદ કંઈક આવી રીતે આલેખે છે.

*'મૂર્તિ મનોહર મહાસુખકારિ, હેત ભરેલિ ભારિ રે...ભવતારણ*
*નેણાં નૌતમ કરુણાં ભિનાં, મુખ માનું પૂરણ ચંદા રે'*

દયાસાગર પ્રભુના વિશાલ ભાલ, ભ્રુકુટિ અને વંદનીય વાણીનું મહિમાગાન દયાનંદ આ રીતે કરે છે.

*'ભાલ વિશાળ ભ્રુકુટિ ભય હારિ, ટાળે સંસારિ ફંદા રે...*
*દયાસાગર શિલ સ્વભાવિક, વેણાં બેહદ બોલે રે;*
*સુણતાં સુખ અતિ ઉપજે અંતર, દિલડું કેડે કેડે ડોલે રે...*

ઘનશ્યામની શોભા કેવી સલૂણી છે તેનું ગાન મધુર, મનોહર, ઉત્કટ, ભાવપૂર્ણ અને અર્થપૂર્ણ તથા ભાવકોના હૃદયને સ્પર્શક્ષમ બન્યું છે.

*જોવા શોભાનિધિ ઘનશ્યામ, મોહન મનમાં ગમે*
*ભાવે ભાળિ મનોહર માવ, મુનિ કેડે ભમે*
*તન તેજ દેખિ પ્રકાશ, ઘટે રવિ ચંદના*
*એવા શોભે સુંદર શ્યામ, વાલો દયાનંદના*

*તો દયાનંદ અહીંયા મોહનજીની મરમાળી મૂરતિનાં વર્ણનમાં ખીલે છે.*

*મોહનજીની મૂરતિ મરમાળી રે, સખિ જોને શોભે છે રૂપાળી...*
*રૂડા લટકાં કરે રંગ લેરિરે, કાજુ અંગરખિ અંગ પેરીરે..*
*મારી જોતાં આંખલડી ઠેરી...*
*મુખ દેખિને ચંદ લજાવે રે, ભાલ ભાળીને મન ભરમાવેરે*
*હોંસે હસતા સનમુખ આવે....*

ભગવાન સ્વામિનારાયણની દિવ્યમૂર્તિના પ્રેમમાં વહેતાં દયાનંદ સ્વામીએ અનેક કીર્તનોમાં ભગવાન સ્વામિનારાયણનો અપાર, અપરંપાર મહિમા, દાસત્વભક્તિ અને નિરાળી પ્રેમભક્તિ આલેખી છે. તેમણે ભગવાનનાં સગુણ સ્વરૂપ, અક્ષરધામ પતિની પ્રગટ ભક્તિનો કેફ વ્યક્ત કર્યો છે.

*'મનડે ભાવી રે સખી મનડે ભાવી, સહજાનંદ સલુણી છબી*
*પશ્ચિમ દેશ પધાર્યાં પ્યારો દયા દીલ લાવી–*

*OOOO*

*ગુણ ઘણાં રૂડા આ વરણિનાં, કેતા આનંદ ઉર આવે;*
*લાવનતા સુંદર અતિ લાવિ, બેહદ વેણ બોલાવે*
*નૌતમ નેણે નેહ જણાવે, પ્રેમની દોર પસારે*
*જે જન સામું જોવે તેના, હૈયામાં હેત વધારે.*

દયાનંદ કૃષ્ણસ્વરૂપ સહજાનંદ સ્વામીનું પ્રાગટ્ય, અવતાર ધારણ કર્યાનો આનંદ અને અવતાર ધારણ થવાથી પલટાતું વાતાવરણ, સહજાનંદજીનો અપારમહિમા, દિવ્ય મનોહર રૂપ, અનંત ઐશ્વર્ય, પ્રભુના આગમનનું રહસ્ય, ભક્તના ભાગ્યનું ઉદય થવું, રસિયા સાથે બાંધેલી પ્રીતડી અને સુંદર ફાગ ખેલવા કેસુડાનો રંગ અને અબીલ ગુલાલ, શ્યામ–ઘનશ્યામની કૃપા અને તે વિના જીવનમાં ફેલાતો વ્યાપક અંધકાર, પ્રભુ સન્મુખ હોવાનો આનંદ અને વિયોગનો ઝુરાપો–વ્યર્થ સંસાર અસાર હોવાની અને વિપત્તિ નિવારકને ભજી લેવાની વાત સાથે ભવોભવનાં પાપ ટાળનાર, સાત્ત્વિક ભાવને મરોડનાર, માયાની મટુકડી ફોડનાર, ભવસાગરનાં બંધનો છોડનાર, શ્રીહરિ સાથે જોડનાર, કુસંગને તોડનાર અને સત્સંગને પ્રેરનાર – આવા અનેક ભાવોને; વર્ણનોને શબ્દસ્થ કરી પોતાની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ કરે છે. પ્રગટની ઉપાસના અને પ્રગટ ગુરુ સહજાનંદજીનું ભક્તિભાવપૂર્વકનું મહિમાગાન એ દયાનંદના કર્તૃત્વની વિશેષતા છે.

કેટલાંક કવિની કોઈક કૃતિ એટલી ચોટદાર હોય છે કે એ એક જ કૃતિથી કવિ લોકહૈયામાં સદાય માટે વસી જાય છે. જેમ પ્રીતમ 'હરિનો મારગ છે શૂરાનો'થી ઉત્તમ ભક્ત કવિ ગણાય છે, જેમ પ્રેમળદાસ 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતા નથી જાણી રે' અમર છે. તેમ દયાનંદ સ્વામીની અનેક રચનાઓ મળે છે, પરંતુ અમર થયાં એક થાળના પદથી. 'રૂડી રાંધી મેં....' જેમ ભૂમાનંદ સ્વામીનું 'જમો થાળ જીવન જાઉં વારિ' એક ઉત્તમ પદ છે તેમ દયાનંદ સ્વામીએ એમના પદોમાં વિશિષ્ટ પ્રકારની સંવેદનામાં આધ્યાત્મિક રહસ્ય દર્શાવ્યું છે.

દયાનંદ ઊર્મિસભર પદકવિતા કરતા, કૃષ્ણનું નિરૂપણ કરતા સંતકવિ છે. પ્રભુની સર્વોપરિતાને આલેખતા સુગમ અને સુગેય પદોમાં નિર્મળ હૃદયની ભાવસરિતા વહે છે.

*'દયાનંદ દિલનાં ઉદાર,*

*પ્રભુ પ્રગટમાં અતિ પ્યાર.'*

(શ્રી હરિલીલામૃત – કૃષ્ણાનંદ સ્વામી)

આવો, સદ્ગુરુ સ્વામી દયાનંદની પદકવિતામાં કૃષ્ણભાવ નિરૂપણનાં દર્શન કરીએ –

પદ :

*છબિ સલોની સુખકંદનિ, મન મોદ બઢાવે;*
*ધીરજ રાખી ધારતા, અંતર સુખ આવે...* છબિ૦ ૧
*માધુરિ મુખ બોલનિ, હંસનિ ચિત્ત ચોરે;*
*દિલ ડોલે દેખી પાઘને, નેણ લોભાણો તોરે...* છબિ૦ ૨
*ભાલનિ રેખું ભાળીને, ભુલયા જગ રીતિ;*
*વામ શ્રવણમાં બિંદુને, જોઈ વાધે પ્રીતિ...* છબિ૦ ૩
*ઉર ઊપડતું ઓપતું; સદા શ્રીનો નિવાસ;*
*લટકણી રૂડી લોભણી, પ્રેમી તાણ્યાનો પાસ...* છબિ ૪
*મોહ સંસારી મમતા, કુટિલાઈ કાઢી નાખે;*
*દયાનંદના નાથની, મૂરતિ ઉર રાખો...* છબિ ૫

રાગ :– રામગ્રી ઢાળ : પ્રબળ પ્રતાપ પ્રકાશિયો...સહજાનંદ સ્વામિ

અજબ અલૌકિક આપીયું, દર્શન સુખકારિ;
મૂરતિ મનોહર માધુરી, ભુમિ પર ધારી... અજબ૦ ૧
દિવ્ય સિંહાસન ઉપરે, જે તમેં નિત્ય બિરાજો;
મુકત ચરણ સેવે પ્રેમસું, રસિયાઆંઈ રાજો... અજબ૦ ૨
અનંત ઐશ્વર્ય અંગમાં, સહેજે શ્યામ દેખાવો;
કોઈ ન પામે પારને, બાળરૂપ બનાવો... અજબ૦ ૩
કૃપા કરિ મુજ ઉપરે, દાસ જાણી દયાળું;
દયાનંદના નાથજી, તોડો જગ જાળું... અજબ૦ ૪

* * *

રાગ :– મેવાડો – ઢાળ – ચરિત્ર સંભારિરે કપટી કૃષ્ણના

રૂપ નિહાળી નટવર નાથનું રે, વાધે ઘણું વાલાજી શું વાલ;
જે કોઈ જોવે રે ખસે નહિ પાસથીરે,
બન્યા એવા બેહદ ધર્મના બાળ...રૂપ નિહાળીરે૦૧
તેજ સમાવિ રે અલૌકિક અંગમાં રે, માનુષી મૂર્તિ ધારતા મહારાજ;
માત–પિતાને રે બાળસુખ આપવા,
કરવાને અનંત જીવુના કાજ...રૂપ નિહાળી રે૦૨
એવું રે જાણિ રે છપૈયાના લોક જે રે, આવિયા ભરિ મોતીના થાળ;
મોહન ભાળી રે મગન અતિશે થયારે,
વધાવીયા કરીને બહુ વાલ...રૂપ નિહાળી રે૦૩
વધાયુ વાજે રે નિત્યે નવિરે, આનંદ ઉછવ થાય અપાર;
દયાનંદ કે'છે રે વાલાજીને વારણે રે,
વારિ હું જાઉં વારમ વાર...રૂપ નિહાળી રે૦ ૪

* * *

રાગ : સોરઠ, ડાળ, સખિ સહજાનંદ સુખકંદ હોરિ રમેરે.

આજરુડા રમવાના દન, આવ્યા અલબેલોરે;
ભાવે ભાળિ થાઈયે મગન, સુંદર વર છેલોરે...ટેક.
જેનિ જોતા વાટડિરે, વળિ વળિ વારમ વાર;
હોશે હેરતાં હેરણાં, બેસતા જઈ જોવા બાર...આવ્યા. ૧
ભાગ્ય ઉદે થયાં આપણાંરે, સરિયા સરવે કાજ;
કરુણા કિધિ આસમે, અપે મેર્ય કરિ મહારાજ...આવ્યા. ૨
સુંદર ફાગ રમાડવારે, રસીયો રાજીવ નેણ;
પ્રીતકીર પધારિયા, સદા ભક્તતપા સુખદેણ...આવ્યા. ૩
રંગ કરાવો કેસુનોરે, લાવો અબિલ ગુલાલ;
દયાનંદના નાથ શું, ફાગ રમતા વાધે વાલ...આવ્યા. ૪

* * *

રાગ ગરબી. ઢાળ –વાલા રમઝમ કરતાં કાંન મારે ઘેર આવો રે

તમે રહો રસિયા રંગ છેલ દર્શન ઘોને રે,
બોલિ મુખથિ મનોહર વેણ વાતું કોને રે. ૧
સાંભલતા સુંદર શ્યામ હૈડું હિસે રે,
તમ વિના જગમાં કોય હેતું ન દિસે રે. ૨
સૌ સ્વારથિયો સંસાર સુપના જેવો રે,
તેયો બતાવ્યો તમે ભેદ હતો એવો રે. ૩
આજ અનંત જન્મે જોગ આવો આવ્યો રે,
મળ્યા પ્રગટ પુરણ બ્રહ્મ ફેરો ફાવ્યો રે. ૪
દયાનંદના વાલા જાણી દાસ દયા કરો રે,
પિડા વિજોગનિ વિશેષ હેતે હરો રે. ૫

* * *

## પ્રકરણ – ૧૧

## દયાનંદ સ્વામીની પદકવિતામાં કૃષ્ણનું નિરૂપણ

*પાદટીપ :*

૧. 'સ્વામિનારાયણ પ્રકાશ' એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૨૨

૨. એજન, પૃ. ૨૨

૩. યોગીબાપા : વ્યક્તિત્વ અને સાહિત્ય – ડૉ. રેખા એસ. કક્કડ પૃ. ૫૮

૪. 'સ્વામિનારાયણ પ્રકાશ' એપ્રિલ ૨૦૦૩નો અંક પૃ. ૨૩

૫. એજન, પૃ. ૨૩

૬. એજન, પૃ. ૨૩

૭. યોગીબાપા : વ્યક્તિત્વ અને સાહિત્ય – ડૉ. રેખા એસ. કક્કડ

૮. 'સ્વામી નિષ્કુળાનંદની બે નોંધપાત્ર કૃતિઓ', ઉપેન્દ્ર છ. પંડયાનો લેખ, 'સ્વામિનારાયણ સંત સાહિત્ય' – સંપા. રઘુવીર ચૌધરી પૃ. ૧૯૨

૯. કવીશ્વર દલપતરામ : કાવ્યદીક્ષા ભા. ૧, ન્હાનાલાલ દલપતરામ કવિ, આવૃત્તિ ૧લી, ૧૯૩૩

૧૦. બ્રહ્માનંદ પદાવલિ', સંપા. ઈશ્વરલાલ ર. દવે, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯. આધાર 'સ્વામિનારાયણ સંત સાહિત્ય' – સંપા. રઘુવીર ચૌધરી પૃ. ૩૫૦

૧૧. સંત સુમન સ્રજ – પ્રભુ શાસ્ત્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ પૃ. ૧૨૭

૧૨. એજન, પૃ. ૧૨૮

૧૩. એજન, પૃ. ૧૨૯

૧૪. એજન, પૃ. ૧૩૦

૧૫. એજન, પૃ. ૧૩૦

૧૬. એજન, પૃ. ૧૩૩

૧૭. એજન, પૃ. ૧૩૪

✩✩✩

# પ્રકરણ - ૧૨
# ઉપસંહાર

માનવીએ હૃદયના આનંદ–શોક વગેરે સૂક્ષ્મ ભાવોને શબ્દો દ્વારા વ્યક્ત કર્યા ગીતરૂપે અને સ્વર દ્વારા વ્યક્ત કર્યા સંગીતરૂપે. ગીત અને સંગીત અલગ અલગ રૂપે અને બંને મિશ્ર–સંયોજિત રૂપે લોકજીવનમાં એવાં વણાઈ ગયાં કે જીવનના એક મહત્ત્વના ભાગરૂપ તે બની ગયાં. કાળક્રમે સાત્ત્વિકતાભર્યા સાહિત્ય અને સંગીતમાં હલકું તત્ત્વ પ્રવેશ્યું અને મનઃસંસ્કરણને બદલે મનોરંજન માટે તેનો ઉપયોગ વ્યાપક થયો.

તેવા કાળે ભગવાન સ્વામિનારાયણે પોતાના વિદ્વાન પંડિત સંતો, જેઓ કાવ્યશાસ્ત્ર અને સંગીતના ઉચ્ચ કસબીઓ હતા, તેમના દ્વારા સંગીત–મઢયાં ભક્તિપદો રચાવ્યાં. પરિણામે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત વાણીમાં વિપુલ પ્રમાણમાં ગદ્ય–પદ્ય સાહિત્ય રચાયું.

મુકતાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ, દયાનંદ જેવાં ઉચ્ચ કોટિના સંત કવિઓએ હજારો ભક્તિપદો રચીને કવિતાક્ષેત્રે જે વિવિધ ખેડાણ કર્યું તેનાથી ગુજરાતી–હિંદી કાવ્યસાહિત્ય સમૃદ્ધ બન્યું છે.

સંતો કવિયશઃપ્રાર્થી નહીં પણ પ્રભુપ્રીતિપ્રાર્થી હતાં. 'ભગવાનની સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા બરાબર છે' એવા શ્રીહરીના અભિપ્રાયને અનુવર્તીને સંતકવિઓએ ભગવાનને કેન્દ્રમાં રાખીને જ તેમની રચનાઓ–પછી તે પ્રાર્થના હોય કે ઉપદેશ : લીલાગાન, ઉત્સવગાન વગેરે રૂપે હોય – કરી છે. તેથી પદોમાં અવારનવાર પ્રયોજાયેલાં પ્રભુનાં વિવિધ નામ – વાસુદેવ, હરિકૃષ્ણ, કૃષ્ણ, ઘનશ્યામ, માધોજી વગેરે સંતકવિઓના ઈષ્ટ–અભિષ્ટ ભગવાન સ્વામિનારાયણ માટે જ છે. સંપ્રદાયમાં પહેલેથી નિત્ય નિયમ પ્રમાણે પ્રભાતિયાંથી માંડી રાત્રે શ્રીહરિની લીલા–ચેષ્ટા–ગાન સુધીનાં પદો ગવાતાં આવ્યાં છે. સાદા દેખાતાં આ બધાં પ્રચલિત પદોમાં અર્થનું ઊંડાણ પણ છે અને કાવ્યતત્ત્વની વિવિધ લલિત રસપૂર્ણ ખૂબીઓ વણાયેલી છે.

## સંતવાણીની પથ્ય પ્રસાદી

નવધા ભક્તિના પ્રકારોમાં કીર્તન ભક્તિનો પણ એક પ્રકાર છે. હાલ પ્રવર્તમાન કલિકાલમાં ભગવન્નામસ્મરણરૂપ કીર્તન ભક્તિનો સવિશેષ મહિમા દર્શાવાયો છે. સંતોનું તો સર્વસ્વ પરમાત્માના ચરણમાં સમર્પિત હતું; એમની વાણી પણ. તેથી સંતોએ વાણીનો વિનિયોગ પણ પરમાત્માના ગુણગાન ગાવામાં જ કર્યો. પરમાત્માનું નામકીર્તન કરતાં ઐહિક અને આમુષ્મિક કલ્યાણ સાધવા પ્રતિ આ સંતોનું લક્ષ્ય હતું. આ સંતો કવિકર્મમાં પ્રવૃત્ત થયા તે લોકૈષણાથી નહીં પરંતુ બ્રહ્મ–એષણાથી.[૧]

આ સર્વ સાંપ્રદાયિક દીક્ષા પામેલા સાધુકવિઓ છે, સંસારમાંથી એ આવ્યા છે, પરંતુ સંસારથી પર થઈને રહેલા છે. સંસારને જોવાની એમની દષ્ટિ સહેજેય વૈરાગ્યપ્રેરિત છે. તેઓ એ જ વસ્તુનો મહિમા કરે છે જે શાશ્વત ટકે છે અને પરમાત્મા સાથે સંબંધ કરી આપે છે. જેણે જન્મ આપ્યો, જીવન આપ્યું એનું ચિંતન–મનન–સ્મરણ ને નિદિધ્યાસન કરવું, એનું ગુણકીર્તન કરવું એમાં જ સાચી કૃતજ્ઞતા છે, નિમકહલાલી છે. હરિના આ પ્રકારના ગુણકીર્તનમાં હરિના દાસ, હરિના જન ઘણાં મદદરૂપ થઈ શકે. તેથી જ આ સંપ્રદાયમાં સત્સંગનો ભારે મહિમા છે. દેવાનંદ તો સ્પષ્ટ કહે છે : 'ભજી લે ભગવાન, સાચા સંતને મળી. સાચા સંતને મળવું એ જ ભગવાનને મેળવ્યા બરાબર છે. નિષ્કુળાનંદ સુંદર રીતે આ વાત એક પદમાં રજૂ કરે છે :

*સાચા સંત સેવ્યે નાથ, સેવ્ય સુર સહુને,*
*સેવ્યા મુકત મુનિ 1ષિ સાથ, બીજા સેવ્યા બહુને.*
*એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા,*
*જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા.*

હરિજનોના તો આપમાં જ 'હરિનો વ્યાપ' હોય છે. આ સંતો એટલે વૈષ્ણવજનો. 'વૈષ્ણવજન' પદની જ વાત શબ્દફેરે મુકતાનંદના 'હાં જી ભલા સાધુ હરિકી સાધ' એ પદમાં પડઘાય છે. આ સંતો 'સહુના સગા' હોય છે. તેઓ 'પરમ હિતકારી' હોય છે. ભગવાન પણ નારદને કહે છે.

*નારદ મેરે સંત સે અધિક ન કોઈ*

*મમ ઉર સંત અરુ મે સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ.*

આવા હીર–શા હરિજનોનો સમાગમ તો કલ્પવૃક્ષ જેવો જ ફલદાયી હોય ને ! બ્રહ્માનંદ માન–અભિમાન ત્યજીને સંતનો સમાગમ કરવાની શીખ આપે છે તેઓ કહે છે :

*સત્સંગ વિના જન્મ–મરણ ભ્રમજળ મટે નહીં જંતને.*

'આ જગ સ્વારથ જૂઠ સગાઈ' – રૂપ છે તો એમાંથી મુક્તિ અપાવવામાં સત્સંગ ઘણો ઉપયોગી છે. દયા, ધર્મ અને ભક્તિનો આશ્રય પામવામાં સંતોને માર્ગ સહાયક છે.

આ સંતોનો તેવો જ સદ્ગુરુનો મહિમા સંપ્રદાયમાં ઊલટથી ગવાયો છે. સદ્ગુરુમાંયે સંતપણું તો હોય છે. મુકતાનંદ તો 'ગુરુબ્રહ્મ' શબ્દ જ ઘડી આપે છે ! તેઓ ગુરુદેવનું વચન ગ્રહીને ચાલવાનું અને એ રીતે મનના દુરાગ્રહ તજવાનું જણાવે છે. બ્રહ્માનંદ પણ ગુરુ વિના ભવસંકટ ટાળનાર બીજું કોણ છે એવો પ્રશ્ન કરી ગુરુનો મહિમા ગાય છે.

હરિભક્તે યોગ, ભક્તિ, વૈરાગ્ય અને ત્યાગ–આ ચારના ચૂર્ણથી અંતરની અશુદ્ધિઓ ટાળીને નરવાઈ (આરોગ્ય) પ્રાપ્ત કરવી જોઈએ. એ નરવાઈ પછી 'મોહફોજ'નો મુકાબલો મુશ્કેલ નથી. સ્વામિનારાયણ સંપ્રદાય આમ તો ભક્તિપ્રધાન સંપ્રદાય છે પણ એ ભક્તિ સાથે વૈરાગ્યભાવનો પ્રગાઢ સંબંધ છે. સ્નેહ અને વૈરાગ્ય વિરોધી નથી, બલકે સ્નેહને વિશુદ્ધ અને ઉદાત કરનાર શક્તિ વૈરાગ્યમાં છે. આ વૈરાગ્યે જ, નિષ્કુળાનંદ કહે છે તેમ સાચા ત્યાગી થવાય છે, તો આ વૈરાગ્યે જ ઈશ્વરના સાચા અનુરાગી પણ થવાય છે. પ્રેમાનંદ એમના એક પદમાં સહજાનંદ ભગવાનને પ્રાર્થના કહે છે:

*પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરક્તિ.*

પરમાત્મા પ્રત્યે અવ્યભિચારિણી–એકાંતિકી ભક્તિ માટે વૈરાગ્યભાવ અનિવાર્ય છે. આ વૈરાગ્યભાવ તન–મનની ક્ષણભંગુરતા સમજયે જ આવે. બ્રહ્માનંદે દારૂ પીધેલાં પેલા ઉંદરડા દ્વારા માયાના કેફમાં રાચતાં અજ્ઞાની જીવને સુંદર ચેતવણી આપી છે. જેઓ મિથ્યાને છોડીને પરમાત્માને વળગે છે તેને કદી પસ્તાવાનો વારો આવવાનો નથી.

પ્રેમસખી પ્રેમાનંદ તો પ્રિયતમ સંગમાં જ પોતાની જીત માને છે ! તેઓ તો પરમાત્માને પોતાના ભરોસાનું એક માત્ર સ્થાન માને છે. પોતે તો કડવી તુંબડી જેવાં હતાં, ગુણસાગર પરમાત્માની જ કૃપા થઈ કે તેમાંથી મધુર દિવ્ય સંગીત નીપજી આવ્યું. અન્યત્ર પ્રેમાનંદ દીનતાપૂર્વક કહે છે.

*જયું રાજ રીજો ત્યું હી કરુંગો, કરી છલકપટ હરામ,*
*પ્રેમાનંદને રાવલો જાણો, સબ વિધિ પૂરણ કામ.*

આ પ્રેમાનંદને પરમાત્મા વિના–સહજાનંદ વિના અહીં બધું ખારું લાગે તો તે સમજી શકાય એમ છે. બ્રહ્માનંદે પણ 'પ્રીત સહિત દર્શન પરસાદી' યાચતાં ઉદારદિલ પરમાત્મા પાસ ક્ષમા–કૃપાની અપેક્ષા રાખી છે.

પરમાત્મા પ્રત્યેનો, સહજાનંદ સ્વામી પ્રત્યેનો પ્રગાઢ પ્રીતિભાવ જ આ કવિઓને મૂર્તિના તેમ ઉત્સવનાં પદોનાં રચના–ગાન તરફ પ્રેરી રહે છે. મધુરાધિપતિ એવા પરમાત્માનું શ્રીજી પ્રભુનું શું મધુર ન હોય ? આ સંતકવિઓએ રૂઢ ઉપમાનોનો – પરંપરાગત આલંકારિક વર્ણનશૈલીનો આશ્રય લઈ ઊલટથી પરમાત્મા અને સહજાનંદની રૂપશ્રીનું તેમ એમની વિવિધ લીલાઓનું ગાન કર્યુ છે.[૨] હોળી, દિવાળી, ડોલોત્સવ, રથોત્સવ આદિને લગતાં પદોમાંયે મૂળ વાત તો પરમાત્મા પ્રત્યેનો પોતાનો પ્રીતિભાવ વ્યક્ત કરવાની હોય છે. સહજાનંદના જન્મોત્સવ ને એકાદશીના ઉત્સવનાં પદમાંયે જે તે કવિનો આધ્યાત્મિક ઉન્નતિનો રસ અછતો રહેતો નથી. ઈન્દ્રિયદમન અને દિવ્ય રંગરમણાનો અનોખો સમન્વય આ સાધુ કવિઓનેય સિદ્ધ લાગે છે. બ્રહ્માનંદ તો એક જ પંક્તિમાં 'રમીએ'–'દમીએ' ની વાત ગૂંથી લે છે.

*રસિયા રંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ મન દમીએ રે,*
*ત્યારે ગિરધરને મન ગમીએ.*

આ સંતકવિઓને ભક્તિના માર્ગની – આધ્યાત્મિક માર્ગની જે કઠિનતા છે તેની જાણ છે. સંત થવું એટલે ધીર અને વીર બંનેય થવું. નિષ્કુળાનંદ કહે છે તેમ ધીરજનું ધન તો જોઈએ જ. આ ધીરજ આવે છે અટલ ઈશ્વરશ્રદ્ધામાંથી, ઈશ્વરની શિવંકર શક્તિની ઊંડી પ્રતીતિમાંથી. આ ધીરજ સાથે જ જરૂર પડયે નટવર માટે શિરનું સાટું કરવાનીયે

તૈયારી જોઈએ છે. 'દુરજનિયાનો ધડક' મનમાં ધાર્યા વિના હરિગુણ ગાવા જોઈએ. મુકતાનંદ કહે છે તેમ 'શ્વાસોચ્છ્વાસે સુંદરવર સંભારીએ એમ થવું જોઈએ. 'મોહનવરને માન સંગાથે વેર' હોવાથી એ છોડી દેવાનું', 'મનના મરોડ' મેલી દેવાનું જરૂરી છે. 'હું' અને 'હરિ' સાથે ન રહી શકે. મુકતાનંદ તો કહે છે : 'હું ટળ્યે હરિ ઢૂંકડાં'

આ સંતકવિઓને પ્રેમલક્ષણાભક્તિની જે રસમાધુરી છે તેની પૂરી ખબર છે. મનના નાજુક ભાવોને સરલ–મધુર–સહજ વાણીમાં રજૂ કરવાની નજાકતભરી હથોટી પ્રેમાનંદ જેવા કવિઓ બતાવી શકે. 'સખી મેલી દે મનના મરોડને', 'નહી મેલું રે પ્રીતમજી પ્યારા', 'મારે આજે પ્રીતમ ઘેર આવશે જી રે', 'કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા' જેવા પદો ભાવતત્ત્વની દષ્ટિએ આસ્વાદ્ય છે.

*સખી મેલી દે મનના મરોડને*
*એવો આમળો રે, કરે કેને જો કાજ કે...મેલી.*

* * *

*સખી શોભી તું શ્યામના સંગથી,*
*વા'લા આડી રે, કેમ કરીએ વાડ કે...મેલી.*

જે 1જુતાથી નિષ્કુળાનંદ સખીને શીખ આપવાનું કરે છે તે 1જુતા અહીં આસ્વાદ્ય છે.

આ સંતકવિઓને સંતવાણીની આપણી જે સમુદ્ધ પરંપરા છે તેનો ઊંડો ખ્યાલ હતો. હિન્દી–ગુજરાતી એવાં અનેક પદો છે જેમાં શબ્દફેરે એકની એક જ વાત થતી હોય. આમ છતાં આવાં પદોમાંયે કવિની પોતાની શ્રદ્ધાનો રણકો તો ખરો જ. 'સંત પરમ હિતકારી', 'જાગો લાલ છબીલે મોહન' જેવા પદોમાં આપણી સંત પરાનું અનુસંધાન સ્પષ્ટ છે.

આ સંતકવિઓ કાવ્યના વિષયો, કલ્પના–વિચાર–ભાવ,અલંકાર, લયભંગિ ને વાગ્ભંગિ આ સર્વમાં આપણી અપેક્ષા અનુસાર નવતા દાખવતા નથી.[૩] આપણે જે પ્રકારે આજની કવિતા પાસે મૌલિકતાની અપેક્ષા રાખીએ છીએ એ રીતે આ મધ્યકાલીન સંતકવિતા પાસે મૌલિકતાની અપેક્ષા રાખીએ તો એ બરોબર છે ? એમ લાગે છે કે આ

સંતકવિઓને કવિતામાં મૌલિકતાની એવી નહોતી, જેવી આજના કવિને છે, કવિતા એમના માટે અહંની, પ્રતિષ્ઠાની નહીં પરંતુ કોઈક રીતે ઈશ્વરસંકીર્તનની વસ્તુ હતી. એમની કવિતામાં મૌલિકતાના તત્ત્વ કરતાં શ્રદ્ધાનું તત્ત્વ ખોજવું જોઈએ અને એ તત્ત્વમાં આ કવિઓનું સામર્થ્ય સ્પષ્ટ છે.

આ સંતકવિઓનાં પદોમાં તાજગીભર્યા અલંકારો, સંગીતમાધુર્યને અનુકૂળ એવી લય અને વાણીની તરેહો ઈત્યાદિ સારા પ્રમાણમાં જોવા મળે છે. બ્રહ્માનંદે ગુમાની જીવને માટે આપેલું ઉંદરડાનું તથા કાળ માટેનું બિલાડીનું દૃષ્ટાંત નિષ્કુળાનંદે વિષયમાં બેહાલ રહેનારની અવસ્થા સમજાવવા માટે આપેલું ભીખ માગતી રાણીનું અને 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એ સમજાવવા આપેલાં સચોટ દૃષ્ટાંત, દેવાનંદે અધીરા જીવને ધીરજ ધરવાનો બોધ આપતાં આપેલાં દૃષ્ટાંતો તેમ જ વાધર્કયનું એમણે આપેલું સ્વભાવોક્તિભર્યુ ચિત્ર, પ્રેમાનંદ સખીનાં પ્રીતિની પ્રગાઢતા અભિવ્યંજિત કરતી મનઃસ્થિતિનાં સૂક્ષ્મ નાજુક ચિત્રો આ સર્વ ભક્ત માટે જ નહીં, કાવ્યરસિક માટે પણ સાચા આકર્ષણની સામગ્રી છે. આ કવિઓએ લોકપ્રચલિત તળપદા લયો, ભજન–ગરબી રાસના ઢાળો વગેરેનો કુશળતાપૂર્વક પ્રયોગ કરી બતાવ્યો છે. એમનો કાન ખાસ તો એમનો અંદરનો કાન કેવો તો સંવેદનપટુ છે તે આ પદોમાં અનેક સ્થળે જોવા મળે છે. 'સત્ય ત્યાં સુખધર્મ રહે, કૂડ ત્યાં કળિ', 'ધીરજ સમ નહીં ધન રે', 'હું ટળ્યે હરિ ઢૂકડા' 'જેના આપમાં હરિનો વ્યાપ' જેવી સૂત્રાત્મક ઉક્તિઓ આ સંતકવિઓની વાક્પ્રભુતાનાં સરસ દૃષ્ટાંતો છે. 'મઠ ન બાંધે મમતા કરી' 'દુઃખનો ઊગત ડાભ' જેવી વાણીની સંગીતાત્મક ગુંજથી રણકતી સચોટ ઉક્તિઓ આ કવિઓ અનાયાસ જ સ્ફુરે છે. પ્રગટ (સગુણ) નાં ગુણ ગાવાની ખુમારી અને સ્નેહમૂલક વૈરાગ્યે પ્રેરેલ ત્યાગનાં તેજના કારણે જ આ કવિઓની વાણી આજે પણ મર્મવેધક લાગે છે.

આ સંતકવિઓને કવિતા શોખનો વિષય નહોતી, એમને માટે કવિતા એમની કીર્તન ભક્તિની તાતી અનિવાર્યતારૂપ હતી. એમની કવિતા વાગ્વિલાસરૂપે આવી નથી, એમના આધ્યાત્મિક વિકાસરૂપે પ્રગટી આવી છે.[૪]

"સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકવિતા : એક સમીક્ષાત્મક અધ્યયન' કરતી વેળાએ આ કવિતા જે મુખ્યત્વે પદસ્વરૂપમાં રચાઈ છે તેનો પણ આપણે વિચાર કર્યો છે. તારતમ્યરૂપે એક દષ્ટિપાત પદસ્વરૂપ રચના પર કરી લઈએ.

મધ્યકાળની સંતવાણીને તથા ભક્તિસંપ્રદાયને ઊર્મિપ્રાણિત પદપ્રકાર અનુકૂળ આવ્યો.[૫] અંદાજે હજારા પદો રચાયાં હશે. એમાં જ્ઞાન અને ઉપદેશનાં પદો પણ છે. આખ્યાનો કે પદ્યવારતાઓમાં ઘનીભૂત બનતી ઊર્મિની અભિવ્યક્તિ માટે અથવા વૃત્તાન્તકથનમાં વચ્ચે વચ્ચે વિરામ માટે પણ પદો મુકાય છે. આખ્યાન રૂપમાં રચાયેલી 'અખેગીતા' જેવી તત્ત્વજ્ઞાનવિષયક કૃતિઓમાં પણ વચ્ચે વચ્ચે પદો આવે છે. પદપ્રકારનાં શિખરો મુખ્યત્વે નરસિંહ, મીરાં,રાજે, દયારામ, પ્રેમાનંદસખી આદિમાં સર થયાં છે.

*પદ :* મુકતકમાં લાગણી પાસાદાર હોય છે જયારે પદમાં લાગણી પ્રવાહી હોય છે. પદ શબ્દ સંસ્કૃત છે અને તે ચરણના અર્થમાં વપરાય છે, પણ એ કડીના અર્થમાં પણ વપરાય છે. આમ પદનો અર્થવિસ્તાર ચરણમાંથી કડીમાં અને કડીમાંથી કડીસમૂહમાં થયો, અને ગમે તે કડી સમૂહ માટે 'પદ' શબ્દ વપરાવા લાગ્યો. ડોલરરાય માંકડ પદને સ્વતંત્ર કાવ્યરૂપ ન માનતાં એને લઘુકાવ્યોનો એક પ્રકાર ગણે છે.[૬] પદ મુકતક કરતાં મોટો તથા આખ્યાન–કાવ્ય કરતાં નાનો–એ બેની વચ્ચેનો – કાવ્યપ્રકાર છે.

'પદ' જૈન, વૈષ્ણવ, શૈવ, શાકત, વેદાન્તીઓ, એમ સર્વે મતાવલંબીઓએ લખ્યાં છે. દયારામના સુધી પદ, ગરબી તથા ગરબા વચ્ચે ખાસ ભેદ નહોતો. ગરબીમાં પંક્તિને અંતે એની ગેયતામાં વૃદ્ધિ કરતું, અને સમૂહમાં ગાવાને અનુકૂળ આવે એવું 'લોલ' આવે છે, જે નરસિંહનાં અનેક પદોમાં મળે છે. પ્રીતમની દાણની ગરબીઓને પદની સંજ્ઞા અપાયેલી છે. રણછોડ ભક્તનાં થાળનાં પદોનો 'રાગ ગરબી' એવો ઉલ્લેખ છે.[૧૦]

પદનું ઉત્પત્તિસ્થાન ઊર્મિ છે. પદને અર્વાચીન કાવ્યસંજ્ઞા આપવી હોય તો એને ઊર્મિકાવ્ય (Lyric) કહી શકાય. જે ઊર્મિની પદમાં અભિવ્યક્તિ થાય છે, તે બે પ્રકારની હોય છે. એક પ્રેમલક્ષણાભક્તિની અને બીજી ઉપદેશાત્મક, નરસિંહ અથવા મીરાં કે પ્રેમાનંદ (પ્રેમસખી) ગોપી બનીને, જે કાવ્યોચિત ઊર્મિ અનુભવતાં વિરહવ્યથા મિલન માટેનો તલસાટ, મિલનથી ઉદ્‌ભવતો હર્ષાતિરેક, કૃષ્ણ જોડેની પ્રણયક્રીડાનું કાલ્પનિક

ચિત્રનિરૂપણ એ બધાની પાછળ પ્રેમલક્ષણાભક્તિની ઊર્મિ રહેલી છે. બીજા પ્રકારનાં શાન્તરસનાં પદો હોય છે. ઊર્મિ પદમાં નિરૂપાતાં કાં તો કથાત્મક રૂપ લેતી યા તો વર્ણનાત્મક રૂપ લેતી. કેટલાંક પદોમાં વર્ણનો પાત્રના મુખમાં ઉક્તિરૂપે આવતાં. વર્ણનાત્મક પદોમાં પણ વર્ણન તો લાગણીની અભિવ્યક્તિની એક રીતિ હતી, એ કારણે શરૂઆતમાં પદો ટૂંક હતાં, પણ પછીથી કાવ્યમાં વર્ણન આવવું જ જોઈએ એવી પરિપાટી બંધાતાં ઊર્મિતત્ત્વનું સ્થાન વર્ણનપ્રધાનકાવ્યોમાં ઓછું થતું ગયું. આથી 'થાળ'નાં પદોમાં ભોજનની વાનગીઓનું વર્ણન આવે, પણ એ વર્ણન તો પ્રભુને મળવાની ઝંખના વ્યક્ત કરવા અને એમને નિમંત્રવા હોય છે. શરૂઆતમાં નરસિંહ વગેરે કવિઓનાં કાવ્યોમાં થાળમાં મિલનઝંખના, પ્રભુને પધારવાની વિનંતીને મહત્ત્વનું સ્થાન હોય છે અને ભોજનની વાનગીનાં થોડાં નામો જ હોય છે. પરન્તુ પછીનાં થાળનાં પદોમાં વાનગીનાં નામ આવવાં જ જોઈએ એવી પરિપાટી બંધાતાં, એમાં કેવળ ભોજન સામગ્રીઓનાં નામો જ આવવા લાગ્યાં. આ રીતે ઊર્મિમાંથી ધાર્મિકરૂચિ તરફ પદનું સંક્રમણ થતું ગયું.

પદનાં ઉત્પત્તિ અને વિકાસમાં આપણાં મંદિરોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મંદિરોમાં, જુદે જુદે સમયે થતાં દર્શન વખતે, પૂજા વખતે, પદો ગાવાનો રિવાજ છે, એટલે મંદિરમાં જેટલી વાર દર્શન થાય, જેમકે મંગળાનાં, રાજભોગનાં, શણગારનાં તે બધો વખત જુદાં જુદાં પદો ગાવાનો શિરસ્તો હોવાથી દરેક દર્શન વખતે પદો રચાતાં.

એ રીતે શણગારનાં, હિંડોળાનાં, થાળનાં, ફાગનાં, કૃષ્ણજન્મનાં, વસન્તનાં, હોળીનાં, આરતીનાં પદો રચાયાં. આપણી ભજન સંસ્થાઓએ પણ પદોની ઉત્પત્તિ અને વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભજનમંડળીઓમાં ધર્માનુરાગી જીવો અગમનિગમનાં, સંસારની અસારતાનાં, ઈશ્વરની મહત્તાનાં ગીતો ગાતાં. આ ભજનમંડળીઓ મોટેભાગે રાતે બેસતી અને વારતહેવારે દિવસે પણ બેસતી. મંદિરોમાં પણ ભજનમંડળીઓ બેસતી. એ સમયે ગાવા માટે પદોની રચના થતી.

મધ્યકાળમાં મધુરાભક્તિનું પ્રાબલ્ય હોવાથી શૃંગારનાં પદો વિશેષ લખાયાં છે. શૃંગારનાં પદોમાં રાધા કે ગોપી અને કૃષ્ણ, શિવ કે ભીલડી, વગેરે પાત્રોનાં પ્રણયભાવો નિરૂપાતા. એ પદોમાં હોળીનાં, વસન્તના, પ્રસંગોનું આલંબન લઈને પ્રણયલીલાનું

આલેખન થતું. જેમ સંભોગ શૃંગારનાં પદોમાં હોળી કે વસન્તનું આલંબન લેવાતું તેમ વિપ્રલંભનાં પદોમાં મહિનાનું અવલંબન લેવાય છે. એ પ્રકારનાં પદોમાં કાર્તિક, ચૈત્ર કે અષાઢથી રાધા કે ગોપીની કૃષ્ણ માટેની, ભીલડી કે પાર્વતીની શંકર માટેની, રાજેમતિની નેમિનાથ માટેની, કે શક્તિભક્તની માતા માટેની વિરહવેદનાનો આરંભ થતો, ઉત્તરોતર વિરહ–વ્યથા કારમી દર્શાવાતી, અને બારમે મહિને, અથવા જો પુરુષોત્તમ માસ હોય તો તેરમે મહિને પ્રિયજનનું મિલન થતું. એમાં પ્રત્યેક મહિનાનું પ્રકૃતિચિત્ર નિરૂપાતું ને લોકોનાં રીતરિવાજનું પણ ચિત્રણ થતું.

પદમાં શૃંગારરસનું પ્રાધાન્ય એટલું બધું હતું કે જૈન સાધુઓ અને સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ પણ જીવાત્મા–પરમાત્માનો સંબંધ શૃંગારની પરિભાષામાં નિરૂપતાં. એ પદોમાં સ્ત્રીપુરુષના પ્રેમની લાગણીમાં, જેટલું પ્રસંગોનું અને નિરૂપણનું વૈવિધ્ય થઈ શકે, તે મધ્યકાલીન શૃંગારરસનાં પદોમાં છે. શૃંગાર પછી પદોમાં બીજો વિશેષત : નિરૂપાયલો રસ શાન્ત છે. શાન્ત રસમાં જ્ઞાનનાં, અને જ્ઞાનનો આનંદ જેમાં વ્યક્ત થતો હોય તેવાં, અગમનિગમનાં પદો આવે છે. જ્ઞાનની મસ્તી પણ ભક્તિની મસ્તી જેવી જ કાવ્યમય હોય છે. શાન્તરસનાં પદોમાં એકબાજુ જ્ઞાનનાં આનંદની કે ભવ્યતાની ઊર્મિ હોય છે તેવી જ રીતે અન્ય એક લાગણી જગત પ્રત્યેના નિર્વેદની હોય છે. શાન્ત ઉપરાંત વીરરસની પરિભાષામાં લખેલાં 'હરિનો મારગ છે શૂરાનો' જેવાં ભક્તિપ્રધાન પદો પણ મળે છે.

પદના પ્રકારો જોઈએ તો વસ્તુદષ્ટિએ એના વિભાગ કરતાં પ્રથમ ભજન આવે છે. જોકે ડોલરરાય માંકડ તો પદના બે જ વિભાગ પાડે છે. ભજન અને કીર્તન. ભજનમાં ઈશ્વરસ્તુતિ, જગતનું મિથ્યાત્વ, પરબ્રહ્મની મહત્તા તથા ભવ્યતા, આત્માપરમાત્માની એકતા, પરમાત્માતત્ત્વની જોડે એકતાને કારણે અનુભવાતી આનંદમૂર્છા, જગત પ્રત્યે નિર્વેદ, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, એમ વિવિધ ભાવો આવે છે. ભજનની વિશેષતા એ છે કે એમાં ભક્ત ઈશ્વર પાસે કશી જ યાચના કરતો હોતો નથી.

મંદિરની પૂજાવિધિ જોડે સંકળાયેલાં પદો, જેવાં કે અન્નકુટ કે રાજભોગનાં દર્શન વખતે થાળનાં, આરતી સમયે આરતીનાં, હોળીને પ્રસંગે હોળીનાં, વર્ણનનાં સ્નાત્રપૂજા

તથા ચૈત્યવન્દનનાં પદો પણ આ જ વિભાગમાં આવે. આરતીનાં પદો આપણને બધા દેવોનાં મળે છે : કૃષ્ણ, વિષ્ણુ, અંબાજી, શિવ, મહાવીરસ્વામી. એની શરૂઆત આરાધ્યદેવોના જયોચ્ચારથી થતી. એમાં દેવનો મહિમા ગવાતો, એમના સ્વરૂપનું કે આભૂષણનું વર્ણન આવતું, કયારેક 'હરિહર' બંનેની ભેગી આરતી પણ મળે છે. એમાં પંક્તિનાં પૂર્વાર્ધમાં એક દેવનો તો ઉત્તરાર્ધમાં બીજા દેવનો ઉલ્લેખ થતો. ચૈત્યવન્દન એ જૈન–મંદિરની જોડે સંકળાયેલો પ્રકાર છે. ભક્તો દેવનાં દર્શન કરવા જતી વખત જે ગીતો ગાતાં, તે ચૈત્યવન્દન કહેવાય છે. એમાં મંદિરસ્થ દેવનું સંકીર્તન આવતું. દેવને સ્નાન કરાવતી વખતે અને પુષ્પ ચઢાવતી વખતે ગવાતાં પદોને સ્નાત્રપૂજા યા કળશ કહે છે.

પદ નાનું કાવ્યરૂપ હોવા છતાં એમાં કથાઓ આવતી. સજઝાય (સ્વાધ્યાય) જે જૈનોના કાવ્યપ્રકારનું નામ છે. રોજ પ્રાતઃકાળે, પોતાના અધ્યયન માટે ભક્તો મોઢે હોય તે પદો બોલતા તેને 'સજઝાય' કહેવાતી. એમાં કાં તો સીધો ઉપદેશ આવતો અથવા તો કોઈ કથા આવતી. જૈનેતર પદોમાં પણ 'નરસિંહ મહેતાની હૂંડી', ભોજાનું 'કાચબા–કાચબીનું ભજન', ધીરાનું 'કપોતકપોતી' નું પદ કે 'હોલો–હોલીનું પદ' એ કથાપ્રધાન પદો છે. એ પદોમાં ભાવાભિવ્યક્તિની રીતિમાં પણ આપણને અનેક પ્રકારનું વૈવિધ્ય દષ્ટિએ પડે છે. કાં તો કવિ પાત્રોના ભાવનું નિરૂપણ કરતો હોય, અથવા એક પાત્ર પોતાની આત્મોક્તિ દ્વારા ભાવ દર્શાવતું હોય, અથવા તો બે પાત્ર વચ્ચેનો સંવાદ હોય. કયારેક કવિ રૂપકની ભાષામાં પણ ભાવને વ્યક્ત કરતો જેમ કે :

*જિનશાસન સરોવર સોહામણું રે, સમકિત રૂડી પાળ રે.*
*દાનાદિક ચારે બારણાં, માંહી નવતત્ત્વ કમળ વિશાળ રે.*

જેવાં મહિનાનાં પદો છે, તેવાં વારનાં પણ પદો છે. એમા સાત દિવસ સુધી વિરહ રહેતો, અને સાત દિવસને અન્તે વિરહીઓનું મિલન થતું આ પ્રકારનાં કાવ્યોમાં સાત વાર સુધી વિરહ રહેતો હોવાથી એમાં પ્રકૃતિ વર્ણનને અવકાશ રહેતો નથી. આજ પ્રમાણે તિથિઓનો આશરો લઈને લખાયેલાં 'તિથિ'ના પદો છે. જેમાં પડવાથી શરૂઆત કરી પૂર્ણિમા સુધીની તિથિઓનો ઉલ્લેખ હોય છે. દરેક તિથિની જોડે કોઈ પ્રસંગનું જોડાણ કર્યું

હોય છે. જેમકે પ્રીતમની તિથિમાં પડવાથી શરૂઆત કરી પૂર્ણિમા સુધીમાં કૃષ્ણની બાળલીલાનું નિરૂપણ કર્યું છે.

અજ્ઞાત કવિની 'સુભદ્રાની કંકોત્રી', તો કયારેક પત્રના સ્વરૂપમાં, કાવ્યનું પાત્ર પોતાના ભાવોને વ્યક્ત કરે છે. કયારેક આપણને 'હાલરડાં' પણ મળે છે. જેમાં દેવને પારણામાં ઝુલાવ્યા હોય તે સમયનું વર્ણન હોય છે. જેમકે કૃષ્ણાબાઈનું 'કૃષ્ણનું હાલરડું' કે કાંતિવિજયકૃત 'મહાવીર સ્વામીનું હાલરિયું'.

પદનું સૌથી અગત્યનું અંગ ધ્રુવપદ કે ટેકની પંક્તિ હતું. થોડે થોડે અંતરે જે પંક્તિ ફરી ફરી બોલવાની આવતી તે ટેકને પંક્તિ કહેવાતી. આખી પંક્તિને બદલે કેટલીકવાર થોડા શબ્દોનું જ પુનરચ્ચારણ થતું, ત્યારે એ શબ્દો ધ્રુવપદ કહેવાતા. જૈનપદોમાં ટેકની પંક્તિ માટે આંકણી એવું નામ પણ મળે છે. ઘણીવાર ટેકની પંક્તિમાંજ કાવ્યનો મુખ્ય વિચાર કથાયો હોય છે. પછીની પંક્તિઓ તો મુખ્ય વિચારને પુષ્ટ કરનારાં દષ્ટાંતોથી ભરેલી હોય છે. જેમ કે, નરસિંહની –

*સુખદુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીઆં.*

એમ કહીને પછી એ ઉક્તિના સમર્થનમાં, હરિશ્ચંદ્ર, રામ, નળ, વગેરેનાં દષ્ટાંતો આપ્યાં છે. કયારેક ટેકની પંક્તિ પહેલી પંક્તિ સિવાયની અન્ય પંક્તિઓ હોય એવાં દષ્ટાંતો મળે છે. એક જ પદમાં સમપંક્તિનું અને વિષમપંક્તિનું ધ્રુવપદ અલગ અલગ હોય એવાં પણ દષ્ટાંતો મળે છે ખરાં. આમ નરસિંહના સમયથી માંડીને દયારામના સમય સુધી અને આજે પણ પદનો પ્રવાહ અખંડ વહ્યો જાય છે. આ સમયગાળામાં અન્ય કાવ્યપ્રકારો ઉદ્‌ભવ્યા તથા વિકાસ પામ્યા પણ એથી પદના એ પ્રકારોને કશી બાધા નડી નથી. એનું કારણ કે ભિન્ન ભિન્ન રુચિના તથા સંપ્રદાયના લોકોને એ પ્રકારમાં પોતાની ઊર્મિને વ્યક્ત કરવા પૂરતો અવકાશ મળતો.

*પદમાળા :* કથનપ્રધાન ઊર્મિકાવ્યોમાં કથન માટે એક પદ ટૂંકુ પડવાથી વસ્તુ એક પદમાંથી અનેક પદમાં વિસ્તરવા લાગ્યું. વળી સામાન્ય જનને માત્ર ભજનની એક ધૂન અથવા એક જ પદમાં આવતી હરિશ્ચંદ્ર, નળ વગેરેની નામવલિથી કે એક નાના પદમાં સમાઈ શકે એવી કથાથી સંતોષ ન થાય, તેથી ભાગવતમાંથી, પુરાણમાંથી કે નરસિંહના

જીવનમાંથી પ્રસંગો લઈને પદોમાં કથા કહેવાની રીતિ અમલમાં આવી, ને એ રીતે પદમાંથી પદમાળાનો પ્રકાર ઉદ્ભવ્યો.

મધ્યકાળનું સાહિત્ય વિવિધ સાહિત્યપ્રકારોમાં રચાયું. એમાં રાસ, પ્રબંધ, આખ્યાન જેવા કથામૂલક પરલક્ષી કાવ્યપ્રકારો છે. તો જૂજવે રૂપે વિલસતું વિપુલ આત્મલક્ષી પદસાહિત્ય પણ છે. આ પદસાહિત્યમાં મધ્યકાલીન કવિ દયની વિવિધ સંવેદનાઓ ઉત્કટતાથી વ્યક્ત થઈ છે. મધ્યકાળના કવિનો પહેલો અવાજ, એના દયનો સીધો ઉદ્ગાર આ લઘુ કાવ્યપ્રકારમાં આપણને સંભળાય છે.

ઊર્મિકાવ્ય સંજ્ઞા પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કને પરિણામે લિરિકના પર્યાપરૂપે આપણે ત્યાં સ્થિર થઈ છે. લિરિક મૂળ તો લાયર નામના વાદ્ય સાથે ગવાતી સંગીતાશ્રયી રચના હતી. આપણે ત્યાં મધ્યકાળમાં કાવ્ય સંગીત સાથે સંલગ્ન હતું. ધીમેધીમે કાવ્ય સંગીતથી છુટું થઈને સ્વતંત્રપણે વિકસ્યું. લિરિકમાં – ઊર્મિ–કાવ્યમાં ઊર્મિનું લાગણીનું સંવેદનાનું મહત્ત્વ સ્વીકારાયું. એક જ ભાવપરિસ્થિતિનું એમાં નિરૂપણ થવા લાગ્યું. એટલે, આત્મલક્ષિતા, સંવેદનની ઉત્કટતા એનું મહત્ત્વનું લક્ષણ બની રહ્યું. ઊર્મિકાવ્યમાં ભાવની ઉત્કટતા લાંબો સમય ટકતી ન હોવાથી એ ટૂંકું હોવું જોઈએ એમ પણ કહેવાયું. જોકે ટૂંકાણને નિશ્ચિત શબ્દો કે પંક્તિઓથી માપવાનું મુશ્કેલ હોવાથી નિરર્થક લંબાણ એમાં ન જોઈએ એવું સૂચવાયું.

પરંતુ ઊર્મિકાવ્યમાં પ્રબળ ઊર્મિઆવેગ, વિચાર કે કલ્પના આદિને પણ સ્થાન છે. એ તત્ત્વોનો સમન્વય અંતે તો સૌન્દર્યરસમાં પરિણમતો અનુભવાય છે. ઊર્મિકાવ્યમાં સંભળાતો કવિનો પહેલો અવાજ–સીધો પ્રત્યક્ષ અવાજ–વિચારરૂપે, લાગણીના–ભાવના આવેગરૂપે કે કલ્પના રૂપે આપણે માણીએ છીએ. એ રીતે ઊર્મિકાવ્ય વિચારના, ઊર્મિના કે કલ્પનાના દ્વારથી આપણા ચિત્તમાં ભાવની સંક્રાન્તિ કરે છે. એ ત્રણે તત્ત્વોનું સંતુલન પણ એમાં હોય કે એકાદ તત્ત્વના પ્રાધાન્ય સાથે અન્ય તત્ત્વો એમાં ભળેલાં હોય છે.

કાવ્યમાત્રમાં ઊર્મિતત્ત્વ હોય, પણ ઊર્મિપ્રધાન હોય એ ઊર્મિકાવ્ય એવો મત આપણે ત્યાં પ્રચલિત પણ થયેલો. નિર્દેશ્યુ તેમ,વિચાર, ઊર્મિ, કલ્પના જેવાં તત્ત્વોમાંથી કોઈ એકનું પ્રાધાન્ય હોય અને અન્ય તત્ત્વો ગૌણભાવે એમાં વણાયેલાં હોય તો પણ એ

ઊર્મિકાવ્ય છે. એ આપણા ચિત્તમાં અંતે વિચારપ્રધાન, ઊર્મિપ્રધાન કે કલ્પનાપ્રધાન– એમાંથી કોનો પ્રભાવ પ્રગટ કરે છે એ જોવાનું રહે છે. લાગણી, વિચાર કે કલ્પનાના નિરૂપણથી કે પાત્ર–પ્રસંગનો ટેકો લઈને ઊર્મિકાવ્ય આપણા ચિત્તમાં ભાવની ઉત્કટતાનો સંસ્કાર મૂકી જાય છે. એમાં આલેખાયેલો વિષય પ્રેમનો હોય, પ્રકૃતિનો હોય કે પ્રભુનો હોય – એમાંની સંવેદના જ આપણને સ્પર્શી રહે છે. એ શરગતિવાળું એક જ ભાવને નિરૂપતું ટૂંકું હોય કે એક જ ભાવમાંથી પ્રસરતા પલટાઓને નિરૂપતું લાંબું પણ હોય. એમાં માનવ દયનાં સંવેદનો વ્યક્ત થાય છે. પ્રેમ, શોક, વૈરાગ્ય, ઉત્સાહ જેવા અનેકવિધ માનવીય ભાવો પદ, ભજન, ગીત,સોનેટ, ગઝલ, કરુણપ્રશસ્તિ જેવાં વિવિધ કાવ્યરૂપોમાં નિરૂપાય છે. માનવ–સંવેદન એમાં સીધેસીધું, કવિ જાત સાથે વાત કરતો હોય એ રીતે પણ રજૂ થાય છે અને દયારામ કે બળવંતરાયમાં જોવા મળે છે તેમ, બે પાત્રોના સંવાદરૂપે કે પાત્રની ઉક્તિરૂપે પણ કવિની જ ભાવતીવ્રતા વ્યક્ત થતી હોય છે. કરુણપ્રશસ્તિ જેવી રચનામાં શોકસંતપ્ત માનવ દયની વેદના ઉત્કટ રૂપે રજૂ થઈને અંતે શમમાં, ચિંતનમાં પરિણમતી પણ જોવા મળે છે. ઊર્મિકાવ્ય, કથનાત્મક, નાટયાત્મક કે ચિંતાનાત્મક ઊર્મિકાવ્ય તરીકે આપણે ત્યાં પણ વિકસેલું છે.

મધ્યકાળમાં કથનપ્રધાન કવિતા અને ઊર્મિપ્રધાન કવિતા રચાતી હતી. આખ્યાન, પદ્યવાર્તા, પ્રબંધ જેવાં સાહિત્યસ્વરૂપો કથનાત્મક–નેરેટિવ–કવિતાપ્રકારનાં હતાં અને પદ, ભજન, સ્તવન, પ્રભાતિયાં, ગરબા, ગરબી જેવાં તેમજ કાફી, ચાબખા, છપ્પા, ગીત વિગેરે વિવિધ નામે ઓળખાતી ગેય કૃતિઓ, લિરિકલ વર્ગની હતી. એ સમયે લખાતાં વાર, તિથિ, મહિના, થાળ, હાલરડાં, આરતી, કક્કો જેવાં સ્વરૂપો પણ મુખ્યત્વે ઈશ્વરની ભાવભક્તિની સંવેદનાને જ વ્યક્ત કરનારાં હતાં એટલે આ જ વર્ગમાં આવે. ભલે ઊર્મિકાવ્ય સંજ્ઞા પાશ્ચાત્ય સંપર્ક પછી આપણે ત્યાં આવી, મધ્યકાળના પદ આદિ આ પ્રકારોમાં ઊર્મિકાવ્યો જ સર્જાયાં છે.

મધ્યકાળમાં કૃષ્ણ–ગોપીઓનાં રાસલીલાનાં ચિત્રણોમાં માનવ દયની ભાવસુષમા, પ્રકૃતિના પૂરા વૈભવવર્ણન સાથે નિરૂપાઈ છે. તો જ્ઞાનમાર્ગી કવિઓના બ્રહ્માનુભવને વર્ણવતા ભાવસભર ઉદ્‌ગારો, શૌર્ય, ઉત્સાહ, વૈરાગ્ય કે જ્ઞાનની –

વિચારની સંવેદનાને ઉઠાવ આપતાં કેટલાંક પદો, બોધાત્મકતાનો અંશ છતાં, કથન કે વર્ણનની ઉત્કટતાથી ચિરંજીવ બનેલાં છે.

મધ્યકાળની ઊર્મિકવિતા મુખ્યત્વે ગેય કવિતા છે. શાલિસૂરિનું વિરાટ પર્વ, માધવની રૂપસુંદરકથા કે રાઉલ કાન્હ –વાસણદાસ જેવા કેટલાંક કવિઓનાં કૃષ્ણક્રીડીત અને રાસલીલાવિષયક માલિની, વસંતતિલકા, ઉપજાતિ,શાર્દૂલ–વિક્રીડિત જેવાં સંસ્કૃત વૃત્તોમાં રચાયેલાં કાવ્યોને બાદ કરતાં બાકીની રચનાઓ તો દેશી ઢાળોમાં – વિવિધ રાગોમાં લખાયેલી છે. એમની ગેયતાને કારણે શ્રોતાઓ એમનો આસ્વાદ લઈને એમને કંઠસ્થ પણ કરી શકતા હતાં. પદો અને એ પ્રકારનાં ઊર્મિકાવ્યો એટલે જ ગેય કાવ્યો છે. નરસિંહ મહેતાએ પોતાનાં પ્રભાતિયાં નામે પ્રચલિત થયેલાં પદો માત્રામેળ ઝુલણા છંદમાં રચેલાં છે. એ પંચકલ સંધિનો આવર્તનાત્મક છંદ એના પ્રલંબ લયગાનથી પ્રભાતની આહ્લાદક સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે. એ છંદનો લય શ્રોતાઓના કંઠમાં વસીને ગાન સમયે આહ્લાદનો અનુભવ કરાવે છે. આજે પણ એનો લયકેફ એટલો જ ચેતનવંતો લાગે છે. નરસિંહે તો ઝૂલણા ઉપરાંત વિવિધ દેશીબંધોને પણ અસરકારક રીતે પ્રયોજયાં છે. મધ્યકાળના કવિઓએ એમનાં પદોમાં વૈવિધ્યભર્યા લયબંધો ઉપયોગમાં લીધા છે. કેટલીક રચનાઓમાં દુહા–ચોપાઈ જેવા માત્રિક છંદો પણ છટાપૂર્વક પ્રયોજાયેલાં છે. આખ્યાનોમાં માત્રિક છંદો (હરિગીત, ચોપાઈ, સવૈયા, દુહા આદિ)ની વૈવિધ્યવંતી દેશીઓ અત્યંત આકર્ષક રીતે ઉપયોગમાં લેવાઈ છે. ફાગુકાવ્યોમાં રોળા, દુહા, ચોપાઈ તથા રૂપમેળ છંદો અને રાસક–ફાગ વગેરેમાં માત્રાબંધો તેમજ બારમાસ–બારમાસી–મહિનામાં માત્રામાપની ગેય દેશીઓનો પ્રયોગ થયો છે. આમ, દુહા, ચોપાઈ, હરિગીત, રોળા, જેવાં અનેક છંદોના બંધ ગેય રૂપ માટે સફળતાથી ઉપયોગમાં લેવાયા છે. લોકગીતોના ઢાળોનો પણ એમાં સરસ પ્રયોગ થયો છે.

પૂર્વે ઉલ્લેખ કર્યો છે તેવી મધ્યકાલીન ધર્મરંગી કવિતામાં બોધાત્મકતા, વૈરાગ્યભાવ, ત્યાગભાવ અને ભક્તિપરાયણતાનાં અંશો વિશેષ છે. જગત પ્રત્યે નિર્વેદભાવ, પરલોક–મોક્ષની આકાંક્ષા, ઈશ્વરને પામવાની તાલાવેલી અને સંસારનું મિથ્યાપણું પણ એમાં નિરૂપિત થયું છે. ઈશ્વરસ્તુતિ, એનાં ગુણગાન, એને ધરાવવાની

ભોજન–નૈવેદ્યની વાનગીઓનું વર્ણન, એના મહિમાગાન માટે આરતી ઉતારતાં ગવાતી આરતી, એને જગાડવા–ઊંઘાડવા માટે ગાવાનાં પ્રભાતિયાં કે હાલરડાં, એની સ્તુતિ માટે કે ઉપદેશ માટે રચાયેલા માતૃકા, કક્કા, સઝ્ઝાય, ચચ્ચરી, ધોળ, ઈશ્વર–વિરહની વેદનાને પ્રાકૃતિક પરિવેશમાં વર્ણવતાં વાર, તિથિઓ, મહિના, દેવીના મહિમાગાન માટેનાં વર્ણનાત્મક ગરબા અને એમાં દેવીનાં સૌન્દર્ય–શણગાર–પરાક્રમોનાં વિગતપ્રચૂર વર્ણનો, કૃષ્ણ–ગોપીની વિવિધ લીલાઓને–માનવના ભાવલોકની નાટયાત્મક ક્ષણોને સુકુમાર રીતે આલેખતી ગરબીઓ–આ સર્વ માનવદયના ભક્તિભાવને એના ધર્મ–અંશને કયારેક કલાત્મકતાથી તો કયારેક બોધાત્મકતાથી પણ વ્યક્ત કરે છે. અખા જેવો કવિ પોતાના છપ્પા માં કર્મકાંડો પર પ્રહાર કરે છે, સમાજની બદીઓ, બાહ્યાચારો અને મૂર્તિપૂજાને નિંદે છે અને તત્ત્વનું નિરૂપણ પણ કરે છે. સબળ દષ્ટાંતો–ઉપમાઓ, સચોટ લોકોક્તિઓ અને વેધક કટાક્ષ વગેરેથી એ છપ્પાઓ પ્રજાના કંઠમાં પણ સચવાયા છે. આ વિવિધ સ્વરૂપો પણ ઊર્મિકવિતાની પેટાજાતિઓ જ છે.

## 'ભાવભક્તિ'નાં પદો

કૃષ્ણ સાથેનો ભક્તનો ભાવભક્તિનો નાતો કંઈ કેટલાંયે રૂપે આપણા મધ્યકાલીન સાહિત્યમાં પ્રકટી રહે છે અને એ પ્રકટે છે પેલા નાનકડા નમણા પદમાં. બ્રહ્મલોકમાંયે કયાંયે ન મળે એવા ભૂતળનાં સૌથી મોટાં એવા ભક્તિપદારથનાં શત શત લીલાસ્વરૂપોને એ કેવી સાહજિકતાથી અને સામર્થ્યથી ઝીલી રહે છે ! જ્ઞાનવૈરાગ્યનાં અગમનિગમનાં વેણને પોતાનામાં સમાવીને કાવ્યરૂપે પ્રકટાવે છે. તો પ્રેમભક્તિના વિરહ અને મિલનને પણ એટલી જ સહજતાથી લીલયા પ્રકટ કરે છે. કૃષ્ણમિલનની બધીયે સ્થૂલ–સૂક્ષ્મ, મુગ્ધ અને પ્રગલ્ભ સ્થિતિને એ મનહર અને મનભર રીતે પ્રદર્શિત કરે છે. મિલનનાં એવાં પદો પણ આ સમયાવધિમાં ઓછાં નહીં મળે ! નરસિંહ–મીરાં અને દયારામ કે પ્રેમસખી જેવાં ભક્તકવિજનોની પદકવિતાને પડખે ઊભાં રહી શકે એવાં કેટલાંક પદો પ્રમાણમાં અલ્પખ્યાત કવિઓએ પણ રચ્યાં છે. રાજે એક સ્થળે પ્રણયની મુગ્ધાવસ્થા આ રીતે વર્ણવે છે.

*'તારી મીટમાં મોહન વેલડી રે કીકીમાં છે કામણ કાંઈ,*

*કે'છે સરવ સાહેલડી રે !'*

બીજા એક પદમાં એણે કૃષ્ણ–ગોપીને આ રીતે, ગોપીની જ ઉક્તિ દ્વારા, આલેખ્યાં છે.

*'મોહનજી, તમે મોરલા–હું વારી રે,*

*કંઈ અમો ઢળકતી ઢેલ–આશ તમારી રે !*

*જ્યાં જ્યાં ટહુકા તમે કરો – હું વારી રે,*

*મોરપીછ અમે મા'વજી – હું વારી રે,*

*વ્હાલા, વન વન વેર્યાં કાંથ ? –આશા તમારી રે'*

'લોકડીઆં દેખે છે લાલ, આંખોમાં ઊડે ગુલાલ' વાળું દયારામનું પદ દયારામ પહેલાં થઈ ગયેલાં રાજેને નામે પણ મળે છે. દયારામનું 'રૂડા લાગો છો રાજેશ્વર મંદિર આવતા રે'વાળું પદ પ્રેમસખી પ્રેમાનંદનું હોવાનો સંભવ વિશેષ છે. એમાં પ્રેમાનંદ (સખી) એ રાજેશ્વરને બદલે રાજેન્દ્ર તરીકે પોતાના પ્રકટ પુરુષોત્તમ એવા સહજાનંદને ઓળખાવ્યા છે. એટલો ફેર ! બાકી એ આખું વર્ણન સહજાનંદ સ્વામીનું જ છે. હરીન્દ્ર દવેએ એની ચર્ચા 'દયારામ' નામની પુસ્તિકામાં કરી છે.

## સ્ત્રીકવિઓ

પ્રીતમે 'ભક્તિ એવી રે ભાઈ તરસ્યાને પાણી રે જેવી' કહી ભક્તિનું ઉચિત વર્ણન કર્યું છે. મુખ્યત્વે તો એ જ્ઞાનમાર્ગનો કવિ અને છતાંયે એણે 'આજ સખી શામળીઆ સાથે રમીએ રંગભર હોળી' જેવું પદ કંઈક રૂપકાત્મક રીતે લખ્યું છે. એનો મર્યાદિત ભક્તિશૃંગાર કયારેક રસિકતા પણ પ્રકટાવે છે. આ યુગમાં સ્ત્રીકવિઓ દિવાળીબાઈ અને કૃષ્ણાબાઈએ રામભક્તિની તો રાધાબાઈ અને ઈન્દ્રાવતીએ પ્રેમભક્તિની કવિતા પોતપોતાની રીતે રચી. ઈ.સ. ૧૭૯૧માં વિદ્યમાન દિવાળીબાઈ ડભોઈની વિધવા બ્રાહ્મણ યુવતિ હતી. પોતાના આશ્રયદાતા કોઈ વૃદ્ધ રામભક્ત સાધુની અસરથી એણે રામજન્મ, રામબાળલીલા, રામવિવાહ અને રામરાજયાષિકની ગરબીઓ ને ધોળ ઉપરાંત

'મહિના' અને બ્રહ્મજ્ઞાનનાં પદો પણ લખેલાં. એની સરળ અને સામાન્ય કોટિની કવિતા એની રામભક્તિને કારણે જ કંઈક વિશિષ્ટ હતી એમ કહી શકાય. એ જ અરસામાં થઈ ગયેલી વડનગરનિવાસી નાગર કૃષ્ણાબાઈની કવિતા વિશે એવું જ કહી શકાય. એણે પણ રામભક્તિને વિષય બનાવતાં 'સીતાજીની કાંચળી' (૧૬૮ પંક્તિઓનું કથાકાવ્ય), સીતાવિવાહ, ઉપરાંત કૃષ્ણભક્તિનાં 'કૃષ્ણના હાલરડા' તથા 'રુક્મિણીહરણ'ની રચનાઓ કરી છે. ઈ.સ. ૧૮૫૫ની આસપાસમાં જેનું અવસાન થયેલું મનાય છે એવી રાધાબાઈ ગુરુ અવધૂતનાથની શિષ્યા હતી અને રાધાકૃષ્ણની ભક્તિમાં રાચતી હતી. એણે મીરાંબાઈ ઉપરાંત મહારાષ્ટ્રનાં સંતભક્તોના ટૂંકા ચરિત્રો તથા દ્વારકા જેવાં તીર્થસ્થળો પર તથા કૃષ્ણજીવનના કેટલાંક પ્રસંગો પર કાવ્યો લખ્યાં છે. પરંતુ એમાંયે કાવ્યતત્ત્વ નહિવત જ પ્રાપ્ય થાય છે. ગવરીબાઈ (૧૭૫૯–૧૮૦૯) નાં પદોમાં જ્ઞાનમાર્ગનું નિરૂપણ છે. પ્રાર્થનાઓ, વૈરાગ્યનો ઉપદેશ, વેદાંત, બાળકૃષ્ણલીલા વગેરેને નિરૂપતાં એનાં પદોમાં કવિતત્ત્વની ઠીકઠીક ઝાંખી થાય છે. ઉપરાંત, વણારસીબાઈ અને જનીબાઈએ પણ પદરચના કરી છે. પુરીબાઈએ 'સીતા મંગળ' નું કથાકાવ્ય લખ્યું છે નાનીબાઈ, રતનબાઈ, જૈન કવયિત્રીઓ તથા કેટલીક અન્ય સ્ત્રી કવિઓએ પણ મધ્યકાળમાં પદરચના કરી છે. આ સ્ત્રીકવિઓમાં કાવ્યત્વની દષ્ટિએ ઈન્દ્રાવતીની રચનાઓ સારા પ્રમાણમાં સંતર્પક છે એમ કહી શકાય. એની 'વિરહબારમાસી' (પ્રા.કા.સુધા ભા.૩)માં કૃષ્ણભક્તિ છલકાય છે તો 'ખટ1તુવર્ણન' અને 'ખટ1તુ' નો કળશ (પ્રા.કા.સુધા, ભાગ–૪) નામની એની બે કૃતિઓમાં પ્રણામી પંથનો ભક્તિરંગ ઘેરા શૃંગારથી ઊભરાતો જોવા મળે છે. 'પ્રાચીન કાવ્યસુધા' ના સંપાદક, આગળ નોંધ્યું છે તેમ, એને પ્રણામી પંથને અનુસરતી ભક્ત તરીકે ઓળખાવે છે.

આ સમયાવધિના ભક્તિકાવ્યમાં વલ્લભમેવાડા જેવા દેવીભક્તોએ રચેલાં ગરબા–ગરબીઓની રચનાઓનો એક બીજો પ્રવાહ ભળે છે.

આવાં અનેક રસઝરણાં આપણા મધ્યકાલીન પદ–સાહિત્યમાં વહેતાં રહ્યાં છે. સ્વામિનારાયણ સાધુવરોની પ્રેમભક્તિ સહજાનંદને પ્રકટ પુરુષોત્તમય રૂપે ભજતી અને એમની પાસે એનાં અનેક પદો રચાવતી. દમન અને વૈરાગ્યની સાથે સાથે આ સખીભાવ

પણ એ પંથની આપણા પદસાહિત્યને એક મોટી દેન છે. તો ભાણસાહેબ, રવિદાસ કે જીવણદાસ આદિની સંતવાણીએ પણ આ જ કાળના આપણા પદસાહિત્યને ભારે બુલંદી બક્ષી. બહુધા લોકકંઠે અને મેઘાણી કે મકરંદ દવે જેવાઓના પ્રયાસો (અનુક્રમે 'સોરઠી, સંતવાણી' તથા 'સત કેરી વાણી') દ્વારા અલ્પાંશે ગ્રંથાકારે સચવાયેલી તોરલ કે લોયણ જેવી સંત નારીઓની વાણી માધુર્ય ગુમાવ્યા વિના પણ એવી જ બુલંદી ધરાવે છે. એમની ભાષા પણ એમને આ જ સમયાવધિમાં મૂકવા પ્રેરે એવાં લક્ષણો ધરાવે છે. મકરંદ દવેએ આ સંતવાણી વિશે સરસ કહ્યું છે.

"ભાણસાહેબની 'ભાણભોજ' મેદાને પડી કે એ પછી તરતજ 'માણકીએ ચડયા મોહન વનમાળી' નું સંઘગાન ગાતું સ્વામી સહજાનંદનું સાધુવૃન્દ ગુજરાત–સૌરાષ્ટ્રને ગામડે ગામડે નીકળી પડયું ! એકની સગુણ–નિરાકાર ધારાએ તો બીજાની 'પ્રગટ પુરુષોત્તમ' નો મહિમા ગાતી સગુણ–સાકાર ધારાએ આપણા લોકજીવનને રસતરબોળ કરી દીધું."

આવા આ યુગના શામળ પછીનાં અને દયારામ સુધીના વચગાળાના સમયને ગોવર્ધનરામ, કેશવ હર્ષદ ધ્રુવ અને કનૈયાલાલ મુનશી જેવાં સાક્ષરો અને અભ્યાસીઓએ 'મંદ યુગ' કહ્યો છે. એને નિર્માલ્ય સાહિત્યનો, સાહિત્યના સુકવણાનો, ઉપકવિઓ, અને જોડકણાકારોનો કાળ કહ્યો છે. સાહિત્યની પાનખર 1તુનાં શુષ્કપત્રવત ભજનિયાં અને વૈરાગ્યનાં પદોનો કાળ કહ્યો છે. મુનશીએ તો આ સમયનું વર્ણન આ શબ્દોમાં કર્યુ છે :

'.......નાકર યુગ, પ્રેમાનંદને સામળ યુગ આમ સમેટાઈ જાય છે. થોડીક ભક્તિનાં પદોએ પાથરેલી લીલોતરી સિવાય કાલવિસ્તારમાં સહરા સમું રણ, ભાવો કે ભાવનાઓ વિનાનું ! અને ગુજરાત જોડકણાં કે રાસડા રચી, ગાઈ, પુરાણીઓની નિઃસત્ત્વ થતી કથાઓ, 'ભગતો'નાં નિશ્ચેતન વિરહપદોને આડંબરી વૈરાગ્યનાં સૂત્રો સાંભળી જીવન વીતાવે છે.' પણ આ વાત આજે સ્વીકારી શકાય એમ નથી !

મીરાંથી શામળ સુધીના પદસાહિત્ય જેટલું જ આ સૈકા–સવાસૈકાનું પદસાહિત્ય પણ માતબર છે. રાજે, રત્ના, કે રણછોડ (અઢારમું શતક : કૃતિઓ–રણછોડજીનો ગરબો, બારમાસ, ચાતુરી, રાધાવિવાહ (વ. ઉપરાંત કૃષ્ણવિષયક અનેક પદો)ની કે

એમના પછીની કક્ષાના કવિઓ રામકૃષ્ણ (અઢારમું શતક : કૃતિઓ–રાસપંચાધ્યાયી, કૃષ્ણલીલા તેમજ પ્રેમભક્તિનાં અસંખ્ય પદો), થોભણ, (અઢારમું શતક : કૃતિઓ–રાધિકાના અબોલા, મહિના, તિથિ, કક્કો, તથા કૃષ્ણલીલાનાં પદો) કે રઘુનાથ (અઢારમું શતક–કૃતિઓ : દશમસ્કંધ, પ્રેમપચીશી, વસંતના પદ, થાળનાં પદ, મહિના તિથિ વારનાં પદ, ઓધવજીના સંદેશાની ગરબીઓ વગેરે)ની પદરચનાઓનો વિગતવાર અને ઊંડો અભ્યાસ ઉપર્યુક્ત બધા અભિપ્રાયોને અન્યાયી ઠેરવશે. એ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયનાં ભક્તિભાવભર્યા પદોને ભાણફોજની સંતવાણી ઝીલતાં પદોને ન ભૂલીએ તો આ સમયાવધિનું પુનર્મુલ્યાંકન કરતાં પરિણામ કંઈક જુદું જ આવવાનો સંભવ છે.

નરસિંહ, મીરાં કે દયારામની જેમ રાજે, રત્ના, બ્રહ્માનંદ કે પ્રેમ 'સખી' ની વાણી પણ ગોપીભાવના પર પરંપરાજનિત સહજ સૌન્દર્યથી દીપી ઊઠે છે. એ વૈવિધ્યમાંથી જન્મતું એક સમગ્ર ચિત્ર, એની અખિલાઈ, અત્યંત મનોહર અને સંતર્પક છે. એનાં ભાવભક્તિનાં અને ભક્તિભાવનાં પદો આપણાં સમભાવનાં નહીં, પ્રેમનાં અધિકારી છે. એની બુલંદ સંતવાણીનાં પદો આપણી ઉપેક્ષાનાં નહીં, આદરનાં અધિકારી છે.

## સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ

ભારતનું તત્ત્વજ્ઞાન સૂચવે છે કે ભક્તિ, જ્ઞાન અને કર્મ દ્વારા મોક્ષપ્રાપ્તિ થાય છે. પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિ ભક્તહૃદયના પરસ્પર સહાયક આવેગો છે. ભાવિક ભક્તોએ ઈશ્વરપ્રાપ્તિ માટે ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે. પ્રેમલક્ષણાભક્તિ માનવ પ્રકૃતિને સર્વદા સાનુકૂળ છે. પરમાત્મા સાથે ઐકય કરવાની જીવાત્માની અદમ્ય ઝંખના અને માનવહૃદયની ગૂઢ ઉત્સુકતા મનુષ્યના ઘટ સાથે વણાયેલી છે. ભક્તિના મૂળ બીજનું પગેરું વેદમાં ઉપલબ્ધ થાય છે.

1ગ્વેદનો સુપ્રસિદ્ધ મંત્ર ખરેખર એક જ ઈશ્વરની પૂજા–અર્ચનાનો સંકેત કરે છે. ભક્તિમાર્ગમાં શ્રીવિષ્ણુ, શ્રીકૃષ્ણ, વાસુદેવ, નારાયણની ભક્તિ પ્રવર્તી છે. મહાભારતમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર ઐશ્વર્યપ્રધાન હતું. પરંતુ પુરાણોએ એને વધારે માર્મિક, રસિક અને

માધુર્યવાળું બનાવી ભક્તજનોને આસ્વાદ્ય બનાવ્યું છે. માનવમન વિવિધ ભાવોનો કોષ છે. પ્રેમભાવ એમાં પ્રધાન સ્થાને છે. ભક્તોએ ઈષ્ટદેવ પ્રત્યે પ્રીતિ, પૂજયબુદ્ધિ અને શ્રદ્ધાભાવોને અક્ષીણ રાખીને હાર્દિક પ્રીતિ, સ્નેહ સોહાર્દ આદિ ભાવનાઓ દ્વારા એમનો અનુગ્રહ ઈચ્છયો છે. ઈશ્વર પ્રત્યેનો પ્રબળ પ્રગાઢ પ્રેમ સ્વસુખવર્જિત તત્સુખવાળો હોઈ, અન્તશ્ચક્ષુઓ ખોલનારો અને મનની શુદ્ધિ કરનારો હોય છે. આ પ્રકારનો પ્રેમ પ્રાપ્ત કરવાવાળી ગોપીઓ છે. એ પ્રેમભાવે ગોપીઓનાં હૃદય સ્નિગ્ધ અને મમત્વવાળાં બન્યાં હતાં. નરસિંહ, મીરાનું કવન નિર્ભેળ ભક્તિરંગે રંગાયેલું બન્યું છે. સાગરના પાત્રમાં પૂર્ણિમાની ચાંદની રેલાઈ એકમેક બને તેમ આ ભક્તોની કવિતામાં છલોછલ ભક્તિ ઊભરાઈ એકરૂપ બને છે.

***સ્વામિનારાયણ સંપ્રદાય*** – ગુજરાતના વિશ્વ પ્રસિદ્ધ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રેમલક્ષણાભક્તિ, વૈરાગ્ય, સદાચાર અને સત્સંગ ઉપર ખૂબ ભાર મૂકાયેલો દષ્ટિગોચર થાય છે. જયારે ભારતમાં અધર્મ અને અનાચારનું વાતાવરણ સર્જાયેલું હતું, ત્યારે લોકોને ધર્મ અને સદાચારના માર્ગે વાળી, તેમનું આત્યંતિક કલ્યાણ સાધવાના હેતુથી આ સંપ્રદાયની સ્થાપના કરવામાં આવી હતી.

ઈસુની અઢારમી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં માનવજીવનના દરેક ક્ષેત્રમાં, જયારે અનીતિ, અનાચાર, અંધેર, અવ્યવસ્થા ખૂબ ફૂલ્યાં–ફાલ્યાં હતાં ત્યારે, એ સદીની છેલ્લી વીસીના આરંભકાળે ઈ.સ. ૧૭૮૧માં એટલે સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદી નવમીને દિવસે, રાત્રે દસ વાગ્યે, અયોધ્યાથી ઉત્તરે આઠેક ગાઉ દૂર આવેલાં છપૈયા નામના એક ગામડામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાદુભાર્વ થયો હતો. તેમના પિતાનું નામ હરિપ્રસાદ અને માતાનું નામ બાળાદેવી (પ્રેમવર્તી) હતું. તેમની અટક પાંડે અને તે જાતે સરયુપારી (સરવરિયા) સામવેદી બ્રાહ્મણ હતાં. હરિપ્રસાદ પાંડેને ત્રણ પુત્રો હતાં. મોટાભાઈ રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ, વચેટ પુત્ર એ જ ભગવાન સ્વામિનારાયણ. એમનું નામ તો કૃષ્ણ અને હરિકૃષ્ણ હતું, પણ બાલ્યાવસ્થામાં સૌ કોઈ એમને ધનશ્યામ નામથી બોલાવતા હતાં.

ગુજરાતમાં અંધાધૂંધી અને અરાજકતાનું રાજય ચાલી રહ્યું હતું. પેશ્વા અને ગાયકવાડ મરજી પ્રમાણે ગુજરાતની ધનસંપત્તિ લૂંટી જતા હતાં. કોળી, કાઠી અને ગરાસિયા પોતાના જ દેશબાંધવો પર ધાડ પાડી લૂંટફાટ કરી રહ્યા હતાં.

માતાપિતાના દેહત્યાગ પછી ઘનશ્યામે ગૃહત્યાગ કરી હિમાલયની વાટ પકડી હતી. વનવિચરણ અને તીર્થાટન દરમિયાન ઘનશ્યામ નીલકંઠવર્ણીના નામે ઓળખાવા લાગ્યાં. હિમાલયની તળેટીમાં મુકતનાથની સામેના પુલહાશ્રમમાં ઉગ્ર તપશ્ચર્યા કરી એક આદર્શ તપસ્વી બન્યાં. નેપાળના ગાઢ જંગલમાં રહેતા ગોપાળ યોગી પાસે સંપૂર્ણ અષ્ટાંગ યોગ સિદ્ધ કરી એક આદર્શ સાધક બન્યાં. ત્યાર બાદ સાડાપાંચ વર્ષ સુધી ભારતનાં જુદાં જુદાં તીર્થસ્થળોએ ફર્યાં. શિવકાંચી, વિષ્ણુકાંચી, ભૂતપુરી, રામેશ્વર, નાસિકત્ર્યંબક પાર કરી, તાપી–નર્મદા ઉતરી, સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો. નીલકંઠવર્ણી સપ્તવર્ષના વિચરણ બાદ સંવત ૧૮૫૬ના શ્રાવણ વદી ૬ (તા. ૨૧ ઓગસ્ટ, ૧૭૯૯) ના રોજ ૧૮ વર્ષની ઉંમરે કાઠિયાવાડના માંગરોળ બંદર નજીકના લોજ ગામમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમને વિશિષ્ટાદ્વૈત મતપ્રચારક સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના સાધુઓનો મેળાપ થયો. રામાનંદ સ્વામીને નીલકંઠવર્ણી સંવત ૧૮૫૬ના જેઠમાસમાં પીપલાણા ગામે મળ્યાં. સંવત ૧૮૫૭ની પ્રબોધિની એકાદશીને દિવસે રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા આપી અને એમનાં "સહજાનંદ સ્વામી" "નારાયણ મુનિ" એવાં બે નામ પાડયાં. ત્યારબાદ બરાબર એકવર્ષે સંવત ૧૮૫૮માં એમણે સહજાનંદ સ્વામીને જેતપુરમાં પોતાની ગાદીના આચાર્ય સ્થાપ્યાં. રામાનંદ સ્વામીના બીજા ઘણા લાયક વયોવૃદ્ધ અને ધર્મનિષ્ઠ ત્યાગી શિષ્યો હોવા છતાં તેમણે માત્ર બે વર્ષથી આવેલા નવા અને વીસ વર્ષની ઉંમરના આ યુવાન બ્રહ્મચારીને પોતાની પીઢ આચાર્યપીઠ ઉપર સ્થાપ્યાં એ એક ધાર્મિક અસાધારણ પ્રસંગ ગણાય. સહજાનંદ સ્વામીએ કરુણામય બની સંપ્રદાયને યથાયોગ્ય સ્વરૂપમાં મૂકવા અહોરાત અવિરત ઉદ્યમ શરૂ કર્યો. એ કાર્ય નિર્વાણ પર્યંત ૩૦ વર્ષ સુધી ચાલુ રાખ્યું. ગુજરાત, કચ્છ, કાઠિયાવાડનાં ગામોમાં અનેકવાર ફરી ઉપદેશનો પ્રવાહ વહેવડાવ્યો. એમણે કરેલાં ત્રણ સંકલ્પ પ્રમાણે વડતાલ અને અમદાવાદ બે સ્થળોએ બે ગૃહસ્થ આચાર્યોને પોતાના ધર્મકુળમાંથી પસંદ કરી સ્થાપન કર્યા અને શતાનંદ મુનિપાસે 'સત્સંગી

જીવન' નામનો ગ્રંથ તૈયાર કરાવ્યો. તેમાં સ્વહસ્તે લખેલ 'શિક્ષાપત્રી' દાખલ કરાવી. સહજાનંદ સ્વામીએ વૈષ્ણવ અને શૈવપંથમાં જોવામાં આવતી અસહિષ્ણુતા દૂર કરી, પંચાયતની દેવને પૂજનીય માની, હરિહરનું ઐકય સાધ્યું. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પરમ સહિષ્ણુતા ઉપરાંત વૈષ્ણવ ધર્મની પ્રપન્ન સેવાવૃત્તિ, જૈન ધર્મના વિરકત સંયમો, સનાતનધર્મની પવિત્ર ભવ્યતા, રામાનુજની વિશદ ઉપાસના અને એકનિષ્ઠા તેમજ સામાજિક વ્યવહારુ સમજણનો સુંદર સમન્વય સ્પષ્ટ જણાઈ આવે છે.

સમાપન વેળાએ આ પૂર્વભૂમિકા પછી સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓના કર્મની; પદકવિતામાં કૃષ્ણનાં નિરૂપણની તારણરૂપ વિચારણા જોઈએ.

સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ ગુજરાતી સાહિત્યમાં એક અનોખી છાપ ઉપસાવે છે. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, સંયમ અને બોધ તેમનાં કાવ્યોમાંથી સ્પષ્ટ તરી આવે છે. આ કવિઓનું ખાસ નોંધપાત્ર વિશિષ્ટ લક્ષણ એ છે કે તેઓને કવિ બનવાની ઈચ્છા જ ન હતી. તેઓ તો કેવળ સહજાનંદ સ્વામી–રત અને પ્રભુમસ્ત ભક્તો હતાં. એમના ભાવો, લાગણીઓ, ઊર્મિઓ, સંવેદનો અને અનર્ગળ પ્રીતિની અભિવ્યક્તિ માટે કવિતાને માત્ર સાધન જ માનતાં હતાં. તેઓ શ્રીસહજાનંદ સ્વામીની પ્રસન્નતા અર્થે, સ્વેચ્છાનંદે, અને લોકહિતાર્થે કવન કરતાં હતાં. તેથી જ તેમની કવિતા તેઓના હૃદયની ઊંડાઈએથી આવી અત્યંત મર્મસ્પર્શી બની છે. તેમની વિશાળ ભાવનાઓ અને ઊર્મિઓના રંગે રંગાયેલી કવિતા ઉચ્ચ પ્રકારની બની છે અને અનોખી સરળતા તથા સ્વાભાવિકતા તેમાં જણાઈ આવે છે. સાદી, સરળ અને સ્વાભાવિક નિખાલસતાથી સભર કવિતા ગુજરાતી સાહિત્યને સાંપડી છે. રસજ્ઞોની પિપાસાને તૃપ્ત કરનારી અને ભાવોને મર્મવેધક અને આનંદદાયક અસર ઉપજાવનારી આ કવિઓની કવિતા ચિરસ્મરણીય છે. આ કવિઓએ જૂના લોકપ્રચલિત ગેય ઢાળોમાં કવિતા રચી છે. એમની કવિતા લોકપ્રિય બની છે અને એમનાં કીર્તનો અન્ય સંપ્રદાયમાં પ્રચલિત બન્યાં છે એનું એક કારણ આ પણ ગણાવી શકાય. સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓની સંખ્યા ઘણી છે અને એમણે રચેલું કાવ્યસાહિત્ય પણ વિપુલ અને વિવિધતાભર્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓએ થાળ, આરતી, હાલરડાં, ઉદ્ધવસંદેશ, બારમાસી, તિથિઓ અને અનેક ઉત્સવો તેમજ શ્રીકૃષ્ણની દાણલીલાથી માંડી રાસલીલા સુધીનાં અનેક સુંદર ભાવવાહી કાવ્યો રચી અનેક સાહિત્યપ્રવેશ ખેડયાં છે. આ કવિઓએ મહિના, તિથિ, વાર, બારમાસી દ્વારા ગોપીવિરહનાં પદો રચ્યાં છે. એમાં રાધા, ગોપીઓની વિરહવેદનામાં સ્ત્રી–સુલભ સંવેદન અને વેદનાનું ભાવકલ્પન આવેશભરી રીતે મૂર્ત કર્યું છે. જેમ પતંગિયું અગ્નિ સાથે પ્રીત કરીને પોતાના પ્રાણનું બલિદાન આપે છે, ભ્રમર પંકજથી પ્રીત કરીને કમળકોશમાં કેદ બને છે, મૃગ સંગીતના નાદથી મુગ્ધ બની શિકારીનો શિકાર બને છે તેમ કાનુડાના વિરહે ગોપીની દશા અત્યંત કફોડી બને છે. તેનું પ્રેમભૂખ્યું હૃદય કાનુડાને જ ઝંખે છે. પ્રેમલક્ષણાભક્તિથી ઘેલી બનેલી ગોપી કૃષ્ણમય બની જાય છે. આ કવિઓએ ઉત્સવનાં પદો રચ્યાં છે. એમાં હોળીનાં પદો ખાસ ધ્યાનપાત્ર છે. તેમાં સુરેખ, સચોટ અને મર્મવેધી વર્ણનો છે.

પ્રેમસખી, બ્રહ્માનંદ વગેરેનાં પદો સારા ગવૈયાઓને પ્રેરણા અને પાથેય પૂરાં પાડે તેવાં છે, કેમકે તેમાં રાગ, સ્વર અને તાલની સુંદર ગોઠવણી કરેલી છે. આ કવિઓનો કહેવાતો ઢંગ ઉપદેશાત્મક છે, તેમની પદશૈલી વર્ણનાત્મક છે છતાં હૃદયને આર્દ્રતાથી ભીંજવી જાય છે. તેમની રચનાઓમાં સરસતા, સરળતા, ભાષાલાલિત્ય, વર્ણનોની મનોહારિતા, વૈરાગ્યની તીવ્રતા, સ્વાભાવિક કલાત્મકતા ભાવકના હૈયામાં મીઠું સંવેદન જગાડે છે. આ કવિઓ માનવ જીવનના તારે તારે ફરી વળી, જીવનના અનેકવિધ મર્મોને પોતાના પ્રતિભા પ્રકાશથી આલોકિત કરે છે.

## સ્વામિનારાયણીય સંત–કવિઓની પ્રેમલક્ષણા ભક્તિ

મનુષ્ય જાતિના ઉદ્‌ભવની સાથે જ ભક્તિનો જન્મ થયો છે. ભક્તિ વિષે શાંડિલ્ય ભક્તિસૂત્રમાં જણાવ્યું છે. सा पश्चडनुश्चक्तिश्वेश्च । તથા सैकान्तभावो गीतार्थप्रत्यभिज्ञानात् । ઈશ્વરમાં પરમ અનુરાગ, અનન્ય પ્રેમ એ જ પરાભક્તિ. આ જ પ્રકારની વાત નારદ ભક્તિસૂત્રમાં કરવામાં આવી છે, सा त्वस्मिन् पश्चम प्रेमस्वरूपा । શાસ્ત્રોમાં નવ પ્રકારની ભક્તિની વાત કરી છે તેમાંથી નિષ્કામ અને

પ્રેમલક્ષણા ભક્તિને સ્વામિનારાયણીય સંતકવિઓએ વિશેષ મહત્ત્વ આપ્યું છે. પતિવ્રતા નારીને પોતાનો પતિ જ સર્વસ્વ હોય અન્યનું તેને કંઈ જ મહત્ત્વ ન હોય, તે જ પ્રમાણે ભક્તને પણ પોતાના ઈષ્ટદેવ સિવાય બધું જ તુચ્છ ભાસે–નકામું લાગે. શ્રીહરિના ચરણોમાં આત્મસમર્પણ કરી ભક્તનું હૃદય ભક્તિના અનેરા રાગથી ભરાઈ જાય ને પછી તો એક પળ પણ પ્રભુદર્શન વિના યુગ સમાન વીતે, ભગવાનને પ્રત્યક્ષ રૂપમાં પામવાની અદમ્ય ઝંખના જાગે. આ ઝંખનાને સ્વામિનારાયણીય સંતકવિઓએ ગોપીની ઘેલછાના રૂપમાં, વિરહવેદનાના રૂપમાં અને પ્રત્યક્ષ સાંનિધ્ય માટેની ઝંખના એમ પ્રેમલક્ષણા ભક્તિના સ્વરૂપમાં ગાઈ છે. વ્રજની ગોપીઓએ કૃષ્ણને પોતાના અંતરમાં ધારણ કર્યા હતા અને જે પ્રકારની ભક્તિ કરી હતી, તે જ પ્રકારની ગોપીભાવની ભક્તિનાં દર્શન નરસિંહ, મીરાં, દયારામ આદિ મધ્યકાલીન ભક્તકવિઓનાં કાવ્ય સર્જનમાં થાય છે. તેવાં જ દર્શન સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુકવિઓમાં પણ થાય છે. ફેર એટલો જ કે આ કવિઓ પોતાના ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીની મૂર્તિને જ કૃષ્ણરૂપ માનીને ભક્તિ કરે છે. એમણે પ્રેમલક્ષણાના વિવિધ ભાવો લલકાર્યા છે. એમની કવિતાનું પ્રેરક ચાલક બળ ઈષ્ટદેવની અચળ નિષ્ઠા અને પ્રગટ પરમાત્માની અનન્ય ભક્તિ છે. મુકતાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આદિ સંતકવિઓ પ્રેમલક્ષણા ભક્તિના પ્રતિનિધિરૂપ છે. તેમનાં પદોમાંથી કૃષ્ણની અને શ્રીજી મહારાજની મનોહર મૂર્તિનું વર્ણન, વિરહ ને મિલનના ભાવનું રસાળ ગાન, તેમની અનન્યનિષ્ઠા અને દાસત્વભક્તિ ઉડીને આંખે વળગે તેવાં છે તેનું પુનઃસ્મરણ કરીએ.

કનૈયાનાં એક વાર દર્શન કરતાં જ, એ નટખટ કૃષ્ણની મૂર્તિ ગોપીઓનાં હૃદયમાં અંકિત થઈ ગઈ છે, એ મૂર્તિને સંભારવી પડતી નથી, એનું સ્મરણ સતત થાય છે. એના મનોહર રૂપમાં જ આંખ જડાઈ ગઈ છે.

કૃષ્ણની કામણગારી આંખોનો જાદુ તો અજબનો છે :

*"માવા મરમાળી તારી આંખલડીની રેખું રાતી,*
*આવી ઉરમાં ઊંડી વાગી રે,*
*મને તારા મુખની માયા લાગી રે."*

અને

*'કાળજડું કોરીને પેઠી, શ્યામ નયન કટારી રે." (મુકતાનંદ)*

*'વા' લાનાં 'વેણ' પણ અતિપ્રિય લાગે છે.*

*રાગ પરજમાં બ્રહ્માનંદ સ્વામીએ મૂર્તિનું સુંદર વર્ણન આપ્યું છે :*

*'જોઈ મૂરતિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં*

*મોળીડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી....*

*હેત કરીને હૈડાની ઉપર, માળા મોતીડાની ધારી....*

*અતિ રે શોભે છે છાતી ઉપડતી, ચાલ જગતથી ન્યારી....*

*બ્રહ્માનંદ કહે આ છબી ઉપર, સર્વસ્વ નાખું વારી..."*

પ્રેમી ભક્તને પોતાના પ્રિયતમનું પ્રત્યેક અંગ, પ્રત્યેક ક્રિયા રુચિકર, પ્રિય અને કામણગારી લાગે. પ્રિયતમની ચાલનાં, નેણાનાં, ભુજાનાં, કાનનાં આદિનાં મોહક વર્ણનો બધા સંતકવિઓનાં કીર્તનોમાં જોવા મળે છે. વિષયની દષ્ટિએ કદાચ એકવિધતા લાગે, પરંતુ વ્યક્તિએ વ્યક્તિએ અભિવ્યક્તિ તો જુદી જુદી રહેવાની જ અને તે કારણે અભિવ્યક્તિનું નાવિન્ય સારું એવું પીરસાયું છે. ભક્ત હૃદયના સરળ, સહજ ઉદ્‌ગારથી અને અનુભવના રણકાથી કવિપ્રતિભાનું તેજ નીખરી ઊઠે છે ને ભક્તિભાવ દઢ કરી જાય છે.

સાકરના નાળિયેરને ગમે તે બાજુથી આરોગો તો પણ તે ગળ્યું જ લાગવાનું તેમ જયાં સાક્ષાત્ મધુરતા જ વસી હોય એનું શું મધુર ન હોય ? તેથી જ દેવાનંદ સ્વામી સહજવાણીમાં ગાઈ ઊઠયા છે :

*"નાથનાં નેણુમાં, વ્હાલાનાં વેણુમાં, કાનનાં કેણુમાં*

*ઓધા રે મનડું વેંધાણું છે, મારું રે...."*

*તો મુકતાનંદ સ્વામી જણાવે છે.*

*"તારી વાંસલડી વ્રજરાજ, ચિતડું ચોરે રે,*

*તારાં નયણાં, નંદકુમાર, કાળજ કોરે રે,*

*તારી ઘુઘરડીનો ઘોર, ઘમ ઘમ બોલે રે,*

*તે સુણતાં સુંદર શ્યામ, મન મારું ડોલે રે."*

તો વળી કોઈ ગોપી માત્ર પાઘ ઉપરના છોગાને જોઈને જ વનમાળી ઉપર મોહી પડી છે.

આ સ્વામિનારાયણીય કવિઓની સમક્ષ સહજાનંદ સ્વામીની મૂર્તિનો આદર્શ છે ને તેથી જ કૃષ્ણનું વર્ણન કરતાં સહજાનંદ સ્વામીની મૂર્તિનું પણ વર્ણન આવી જાય એ સ્વાભાવિક છે. તે કારણે જ આ કવિઓનાં મૂર્તિ વર્ણનનાં પદોમાં 'પાઘ' નો ઉલ્લેખ વારંવાર આવે છે. કૃષ્ણ માટે 'મરમાળા', 'ડોલરિયો' જેવા સંબોધનો અને અવિનાશ, કાનજી, માવજી, છોગાળાવાળા છેલ, કાનકુંવર, નંદકિશોર, બંસીવારો આદિ વિવિધ શબ્દપ્રયોગ પણ જોવા મળે છે :

મીરાંનાં 'મુખડાની માયા લાગી રે મોહન તારા' પદની યાદ અપાવે તેવું પદ દેવાનંદ સ્વામી પાસેથી પણ પ્રાપ્ત થાય છે.

*"મુખડાની માયા મુને લાગી મનગમતા રે,*

*તમ વિના જગનું સુખ સપના સરીખું જાણી રે,*

*કેડે કેડે ડોલું લાજ લોકડિયાની ત્યાગી."*

લોકલાજની હવે કોઈ પરવા રહી નથી, પોતાને સત્ય ભાસ્યું છે ને ચિત્ત એ મૂર્તિમાં હરાઈ જતાં 'સંસારીડો ઝેર' જેવો લાગે છે. હવે તો 'કાનુડા કેડે ફરવું રે, કોઈથી ન ડરવું, એવો ભાવ હૃદયમાં પ્રગટયો છે. નટવરથી લાગેલાં નેડાની વાત તો હવે જગજાહેર થવા આવી છે. પ્રિયતમના ચરણમાં જે સમર્પણ કર્યુ તે કોઈનાથી ભરમાઈને નથી કર્યુ, પણ,

*'સમજી કીધું છે તન કુરબાન રે, વહી હું તો વનમાળી.'*

હૈયાના હાર સાથે આ સંબંધ જે બંધાયો છે, તે સંબંધ પોતાનું શિર જાય છતાં મૂકવા તૈયાર નથી. તે છતાં 'નેણામાં રાખું' રે, નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને મારા નેણામાં રાખું' કારણ ગોપીને થોડો ડર તો છે કે આ કૃષ્ણ અમારો સ્નેહ તો ભૂલી નહિ જાય ને ! તે કૃષ્ણને કહી દે છે :

*'રે સ્નેહી નેહા ભૂલ ના જૈયો રે.'*

કવિ કાલિદાસના કહેવા પ્રમાણે "अतिस्नेहः पापशंकी भवति" જ્યાં વિશેષ સ્નેહ રહેવાનો ત્યાં શંકા પણ હોવાની જ અને ગોપીઓની આ શંકા ખરેખર સાચી પડે છે. અક્રૂરની સાથે કૃષ્ણ ગોકુળથી વિદાય લઈને ગયાં ત્યાર પછી ગોપીઓને જે વિરહદશા અનુભવવી પડી તેને મધ્યકાળના નરસિંહ, મીરાં, દયારામની જેમ આ સંતકવિઓએ પણ વાચા આપી છે. સહજાનંદ સ્વામી ધર્મપ્રચારાર્થે બીજે સ્થળે જાય તેમનો વિરહ પણ આ સંતોને સાલ્યો છે ને તે કારણે વિપ્રલંભ શૃંગારના પદો સવિશેષ પ્રાપ્ત થયાં છે. પ્રિયતમના વિરહના દિવસો પસાર કઈ રીતે થાય ? મધ્યકાલીન મીરાં તો 'રોઈ રોઈ અખિયાં રાતી' કરે છે. આંખોને એ સાંવરિયાનાં દર્શન કરવાની ટેવ પડી ગઈ હતી અને હવે દર્શન નથી થતાં તેથી ચેન નથી પડતું. આંખમાંથી તો વિરહનાં આંસુ વહે છે અને એ નયનમનોહર દર્શન વગર તો એક પળ જુગમ સમ વીતે છે. દર્શનની પ્યાસને પ્રેમાનંદ ઉત્કટ વાચા આપે છે. વિરહની વેદના દર્દ ભરી વાણીમાં વ્યક્ત થઈ છે.

તો મુકતાનંદ સ્વામી દયનીય સ્થિતિ વર્ણવે છે :

*'શ્યામ વિના મુને કામ ન સૂજે, વિરહની વેદના ભારી.'*

અને 'તેરે બિના પિયરા જીયસ નિકસો જાયે' જેવી સ્થિતિ છે. આંખોમાંથી નીંદ પણ હરામ થઈ છે અને'નિશદિન રહત ઉદાસી રે અખિયાં' ઘાયલ હરણીની માફક બાવરી બનીને ગોપી સર્વ ક્રિયા કરે છે. વાંસલડી પણ તેને વેરણ લાગે છે, હૈયામાં તો વિરહની જલન ઉપડી છે. જળ વિના માછલી તરફડે એ રીતે જ કૃષ્ણ વગર પેલી ઘેલી ગોપી તરફડાટ અનુભવે છે. એને કયાંય ચેન પડતું નથી, પ્રાણ ટકાવી રહી છે જે મિલનની અવધિ કૃષ્ણે આપી છે તે દિવસો ગણી ગણીનેગોપી અતિશય પરવશ થઈ ગઈ છે. કદાચ કૃષ્ણને—નાથને ભૂલવાનો પ્રયત્ન કરે પણ 'બિસરત નાહીં બિસારે' 'સજની નિમખ ન વિસરે નાથજી' અને તે પોકારી ઊઠે છે :

*'તમ વિના અમે એકલાં, હવે કેમ કરી રહીએ નાથ રે...'*

*'ગોવિંદજી ગમતું નથી, કયાંયે નથી થાતી સુવાણ રે,*

*મંદિરિયાં રે મસાણ જાણીયે.'*

પ્રેમસખીએ રચેલાં આ અને આવાં પદોમાં સહજાનંદ સ્વામીના વિયોગના દર્દની ઉત્કૃષ્ટ અનુભૂતિ દેખા દે છે.

કૃષ્ણઘેલી મીરાં પોતાના પ્રિય વગર રહેવા અસમર્થ છે, તેને પણ દેશ સૂનો લાગે છે. તે દરદ દીવાની બની ચૂકી છે, પણ એનું દર્દ કોણ જાણે ? 'ઘાયલકી ગતિ તો ઘાયલ' જ જાણે ને ! કૃષ્ણના પ્રેમમાં ઘાયલ બનેલી મીરાં જાણે છે, અનુભવે છે ને તેથી તે 'તુમ્હારે કારણ સબ સુખ છોડિયાં અબ મોહેં કયું તરસાવો હો' એમ ફરિયાદ કરે છે તો પ્રેમસખી 'અમૃત પીવડાવી પીવડાવીને અમને ઉછેર્યા છે તો હવે વિષ શા માટે ઘોળો છો' એવી ફરિયાદ કરે છે, પણ બ્રહ્માનંદ સ્વામી તો કૃષ્ણને જ ઉપાલંભ આપી દેતાં ગાઈ ઊઠે છે :

*"પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડીને માર્યા ડાંગે,*
*પછી તેને તે કેવું વસમું લાગે."*

આ પ્રીત બંધાણી તે કેવળ આ જન્મ પૂરતી જ નથી, પણ 'પૂરવની' છે અને તેથી મુકતાનંદ સ્વામી વર્ણવે છે :

*'પ્રીત પૂરવની રે, નાથ ન મૂકી દેજ્યો'*

નાથ આ હકીકત જાણતા હતા છતાં મૂકીને જતા રહ્યાં એટલે પ્રેમાનંદ રોષ વ્યક્ત કરે છે.

*'પરમ ચતુર વર પ્રીત પુરાની, સો કયું તુરત તુમ ગયે બીસરી,*
*પ્રેમાનંદકે નાથ નિઠુર પિયા, તજત ન આઈ લાજ જરી."*

આવી જન્મોજન્મની પ્રીતને ત્યજી દેતાં જરા પણ લાજ–શરમ ન આવી તેથી પ્રિયતમ પ્રત્યે રોષમાં 'નિષ્ઠુર' શબ્દ નીકળી પડે છે. 'ધુતારો', 'ગુમાની' જેવા શબ્દપ્રયોગો પણ વિરહનાં અનેક પદોમાં જોવા મળે છે.

ગોપી તો પ્રીત કરીને પસ્તાઈ છે. પોતાને આ જે દુઃખી દશા ભોગવવી પડે છે તેને માટે ગોપી આખરે પોતાના નસીબનો જ દોષ દર્શાવે છે અને ત્યાં તેની દાસત્વભક્તિ છતી થયા વિના રહેતી નથી. છ માસની અવધિ આપી હતી, પણ તે તો પૂરી થઈ ગઈ, છતાં પ્રિયતમનો કાંઈ જ પત્તો નથી, કાગળ પણ લખ્યો નથી, કુબ્જામાં જ મોહાંધ બની ગયા છે, એવું ગોપીઓ સમજે છે.

વિરહના બારમાસની રચના પણ પ્રેમાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ ઘણી જ સુંદર કરી છે. વિરહનો તાપ તો સહન કરવાનો છે, પણ વર્ષા1તુ આવતાં એ વિરહ વિશેષ ઉદ્દીપ્ત થયેલો હોઈ અસહ્ય થઈ પડે છે. ભવન વિશેષ દુઃખદાયી લાગે છે. પ્રેમાનંદ ગાઈ ઊઠે છે.

*"સુન સુન સજની આઈ ઘટા ઘન સાવનકી, સાવનકી બરખાવનકી,*
*બુંદન બરસે જીયરા લરજે, ગરજે દુઃખ ઉપજાવનકી."*

પ્રેમીની પ્રકૃતિ ધરાવનાર પ્રેમાનંદના પદની રચના સરળ અને ભાવવાહી છે ને તેથી લોકહૈયામાં આપોઆપ વસી ગઈ છે.

અતિશય દુઃખમાં પણ સુખનાં સ્વપ્ન રચવાં, ઈચ્છાઓ કરવી એ માનવસહજ સ્વભાવ છે. અહીં ગોપી પણ પ્રિયના વિરહમાં અતિશય દુઃખી છે તે છતાં પ્રિયને પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપે છે :

*"મારા નેણા તણા શણગાર રે, મંદિરે પધારો તમે માવજી રે,*
*હાંરે વ્હાલા તમ રે વીના ગમતું નથી, મારા હરિવર હૈડાના હાર રે."*

*મુકતાનંદ સ્વામી જણાવે છે :*

*"રસિકરાય મારે મોહોલે પધારો, ગુણસાગર ગિરધારી રે,*
*ફૂલડે સેજ સમારી સુંદર, કોડીલા તમ કાજે રે,*
*છોગાં મેલીને આવો શામળિયા, ડરશો માં લોકની લાજે રે,*
*અધર અમૃતરસ પાન કરાવો, અલબેલા ઘેર આવી રે."*

અને –

*'મેં' તો ફૂલડે સમારી સેજ શ્યામ સુધારો રે.'*

હે નાથ ! આપ પધારો, મારી ઈચ્છા પૂર્ણ કરો, મે તમારા માટે સેજલડી ફૂલડાંથી તૈયાર રાખી છે. શૃંગારનું ખૂબ જ સરસ વર્ણન અહીં થયું છે. પ્રિયતમને જણાવે છે તમે મારે ત્યાં પધારી મોજ માણો, તમે ડર નહીં રાખતા કે મને સંસાર શું કહેશે, કારણ હવે મને સંસારનો કોઈ ડર નથી. ગોપીને ખાતરી છે કે જે માગ્યું છે તે મળશે જ. તે આનંદમાં

નિ:સંકોચ રીતે કહે છે : 'આવો છોગા મેલીને શ્યામ' અને 'આવો તો આલિંગન દેઈ, તનડું ટાઢું કરીએ કહાના' સ્પષ્ટ રીતે શૃંગારરસ અહીં છલકાઈ રહ્યો છે.

પ્રેમસખી પ્રેમાનંદે મિલનના ભાવો પણ સોલ્લાસ ગાયાં છે, જરા પણ ક્ષોભ અનુભવ્યો નથી. પ્રિયતમ આવી ગયા અને –

'કમલનયન મોયે કંઠ લાગ્યો' ને તેથી ગોપીનાં તન અને મન બંને કંપી ઊઠયાં. બ્રહ્માનંદના આનંદનો કોઈ પાર નથી.

*'શ્યામ સલુણો, આવ્યા શ્યામ સલુણો'*
*અને 'રંગની ઝડી રે લાગી રંગની ઝડી,*
*મારા વ્હાલાજી સંગાથે લાગી રંગની ઝડી."*

નાથે જે જે સુખ આપ્યાં તેનું સુંદર વર્ણન કર્યુ છે.

જતન કરીને જાળવેલા જોબનની સાર્થકતાની અનુભૂતિ મુકતાનંદ સ્વામીએ ગોપીમુખે રજૂ કરી છે.

*"મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે,*
*મારું મંદિરિયું મહારાજ અક્ષર કીધું રે."*
*"તમે એકાંતે અલબેલઆવીને મળિયા રે,*
*મુને મુખથી દીધો તંબોળ, હસીને બોલાવી રે,*
*મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે." (મુકતાનંદ)*
*મનની ઈચ્છા તો પૂર્ણ થઈ પરંતુ સંતોષ કયાં થયો છે ?*
*'તોય અધર અમૃતથી નાથ, હું ન ધરાઉં રે.'*

આ શૃંગારની સાથે ભક્તિ એટલી બધી ભળી ગઈ છે જે કારણે ભક્તિ શૃંગાર કે શૃંગારભક્તિ એવું જ નામ તે કવિઓની આ પ્રકારની રચનાને માટે આપી શકીએ.

ગોપીઓનો જેની સાથે સ્નહે બાંધ્યો છે, તેનો તેમને અનહદ કેફ છે, જે 'માય મેં તો પુરુષોત્તમ વર પાયો' અને 'પિયા પાયા તો ફિર કયા સોના' જેવાં મુકતાનંદ સ્વામીનાં પદોમાં વ્યક્ત થયો છે. પોતે તો અખૂટ નાણું ભેગું કરી લીધું છે તેથી હવે તેમને કોઈની તમા નથી એવી ખુમારી મુકતાનંદ સ્વામી વ્યક્ત કરે છે. મીરાં જણાવે કે તેણે અખંડ

સૌભાગ્ય–સોહાગ કૃષ્ણ સાથે પરણીને પ્રાપ્ત કરી લીધું છે તેમ મુકતાનંદ પણ અખંડ સોહાગ મુખડે માગીને લે છે ને કહે છે :

*'ગિરધારી રે સખી ! ગિરધારી,*

*મારે નિરભે અખૂટ નાણું, ગિરધારી'*

ગિરધારી કે રસિયાને શરણે જ બધું ન્યોછાવર કરીને તેના ચરણોની દાસી બનીને જ ગોપી રહી છે. બીજા કોઈની એને આશ નથી. હવે તો તેણે એક જ કાર્ય કરવાનું છે :

*"હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે,*

*હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે."*

પ્રેમાનંદની અનન્ય પ્રીતિ–નિષ્ઠાની ઝાંખી થયા વિના રહેતી નથી. મનડે ગાંઠ તો વાળી જ દીધી, એટલું જ નહીં પ્રેમ રૂપી તેલનું ટીપું મૂકી તેને દૃઢ પણ કરી દીધી છે ને આ પદના ભાવના સંદર્ભમાં મીરાંના પદની યાદ આવ્યા વિના રહેતી નથી :

*'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.'*

એકંદરે બધા જ સંતકવિઓના ભાષા સાદી, સરળ અને શુદ્ધ ગુજરાતી છે. કયારેક જૂની ગુજરાતી ને તળપદી ભાષાનો પણ પ્રયોગ થયેલો દેખાય છે તો કયારેક હિંદીનું મિશ્રણ પણ થઈ જાય છે, તો હિંદી પદોમાંની હિંદી પણ ગુજરાતી મિશ્રિત બને છે. જયાં હૃદયની સચ્ચાઈ જ મુખ્ય છે ત્યાં કલા અને કસબની કોઈ જરૂર રહેતી નથી. સહજતા અને સ્વાભાવિકતાનો સુમેળ આ પદોમાં સ્પષ્ટ રીતે દષ્ટિગોચર થાય છે. પ્રાસ મેળવવા માટે શબ્દો શોધવા આ સંતકવિઓને નથી જવું પડતું, પ્રાસ સહજ રીતે જ ગોઠવાઈ જાય છે.

'પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ' જેવી લોકગીતના ઢાળમાં થયેલી ઘણી રચનાએ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે.

'ફૂલડે ગરકાવ ફૂલ્યા, ફૂલડે ગરકાવ રે, આવો ડોલરિયા' (પ્રેમાનંદ) પદનો ઉપાડ કેટલો રમ્ય છે !

કેટલાંક પદોની ધ્રુવ પંક્તિ બહુ સરસ છે જેમ કે,

*'નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને (મુકતાનંદ)*

ઉપમા, રૂપક, દૃષ્ટાંત, સજીવારોપણ આદિ અલંકારો પણ આ પદોમાંથી પ્રાપ્ત થાય છે :

*'પ્રીતમ લાગી પ્રીતડી, કાંઈ જેમ પટોળે ભાત રે'*

*'લાગી લગન નહીં છૂટે લાલસું, જેમ હીરો ફોર્યો નહીં ફૂટે.'*

*'હું તો વળગી રે હરિવરથી બેલી, જેમ કલ્પતરુ સાથે વેલી,*

*મારા વ્હાલાથી હું નવ થાઉં અલગી, જેમ મેઘ સંગાથે ચપળા વળગી.'*

જેવી સાદી, સરળ ને સુંદર ઉપમા ચિત્તહારી છે.

સાંપ્રદાયિક સાધુકવિઓને હાથે રચાયેલી આ રચનાઓ હોવા છતાં સાંપ્રદાયિકતાનો કિંચિત સ્પર્શ જ પામેલી છે, જેથી સંપ્રદાય બહારના લોકો એને બહુ સાહજિકતાથી અપનાવી શક્યાં છે.

આ સંતકવિઓની ઉત્કટ વિરહવ્યથા, મિલનની માર્મિક અનુભૂતિ, પ્રેમની અનેરી મસ્તી, ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય–દૃઢ પ્રીતિ વિવિધ અભિવ્યક્તિથી સરળ, સહજ અને ચિત્રાત્મક શૈલીમાં આલેખાઈ ભક્તહૃદયમાં ચિરંજીવિતાની અધિકારી બની ચૂકી છે.

સ્વામિનારાયણ સંતપરંપરાના આ અષ્ટસંતકવિઓ એ પ્રભુનાં પ્રત્યક્ષ સ્વરૂપની લીલાનાં કવિ ગાયકો છે. અષ્ટસંતકવિઓના નિરૂપણની વિવિધતા તેમની કાવ્યકલામાં પ્રગટે છે. તેને કારણે દરેક સંતકવિની કવિત્વશક્તિ અને કૃષ્ણભક્તિનું રહસ્ય સમજાય છે. કૃષ્ણગાન ગાતાં શ્રી સહજાનંદ સ્વામીને અને સહજાનંદ સ્વામીને ગાતાં વધાવતાં કૃષ્ણને નજર સમક્ષ રાખી તેમના અદ્વૈતને ભક્તની દૃષ્ટિએ આલેખ્યો છે. એટલે જ શ્યામ–ઘનશ્યામ બને છે અને કૃષ્ણ હરિકૃષ્ણ બને છે. (ઘનશ્યામ અને હરિકૃષ્ણ બંને સહજાનંદ સ્વામીનાં પૂર્વાશ્રમના નામો છે.)

મુકતાનંદ, પ્રેમાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ અને દયનંદના અસંખ્ય ગ્રંથો, હજારો પદોમાં કેટલાંક અવિસ્મરણીય છે. ભારતીય ભક્તિ સાહિત્યમાં અજોડ છે. લોકજીભે રમતાં પદોમાં મુકતાનંદનું 'વહાલા રુમઝુમ કરતાં...' પ્રેમાનંદના 'બિસરન જાજો', 'હો રસિયા...' 'મેં તો બિરુદ ભરોસે બહુનામી', બ્રહ્માનંદના

'રે શિર સાટે', 'હરિ કું રાધા', નિષ્કુળાનંદનું 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના', 'ભૂમાનંદનું 'જમો થાળ જીવન...' જેવાં પદો ગુણવત્તાની દષ્ટિએ ઉત્કૃષ્ટ છે. જેમાંના કેટલાંક પદો તરફ ગાંધીજી પણ આકર્ષાયા હતાં. બ્રહ્માનંદનાં રેણુકી છંદની સાથે તુલના આજે પણ કોઈ ન કરી શકે તેવો અજોડ છે. આ સંતકવિઓ કાવ્યકલા, ગાયન, વાદનની કળામાં એટલાં નિપુણ હતા કે ગાયકવાડ સરકારના રાજગાયકો પણ નમી ગયા હતાં. મુકતાનંદની ગોપી દાસી છે તેણે મુખ્ય વાત્સલ્યભાવ ગાયો છે. બ્રહ્માનંદમાં મળતો સખાભાવ બેનમૂન છે. બ્રહ્માનંદની ગોપી કાયર નથી ચિત્તની પ્રબળતા અભિવ્યક્તિમાં જોવા મળે છે. પ્રેમસખી પ્રેમાનંદ નામને સાર્થક કરતા આ કવિની ગોપી માશૂક પણ છે અને જોગણ પણ. દેવાનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, દયાનંદ, મંજૂકેશાનંદની વૈરાગી ગોપી શાલીન છે. તેઓ પ્રેરણાયુકત સાહિત્ય આપે છે.

અષ્ટસંતકવિઓમાં બ્રહ્માનંદની કવિતા વિશિષ્ટ લાગે છે. બ્રહ્માનંદની કવિતાનો વીરતાભર્યો, ખુમારીભર્યો રસશૃંગાર; તેની તેજસ્વિતા સમગ્ર મધ્યકાળમાં મળવી મુશ્કેલ છે. બ્રહ્માનંદના પદોમાં મળતું શબ્દમાધુર્ય, ભાવની પ્રામાણિકતા, સ્વસ્થતા, તટસ્થતા, સુંદર વલણો નિરાળા છે. શૈલીની પ્રૌઢતાએ આલેખાયેલો કાવ્યવૈભવ અન્ય સંતકવિઓની તુલનાએ અતિસમૃદ્ધ લાગે છે.

પ્રેમાનંદ સ્વામીનું કાવ્યસર્જન પણ ઈયતા અને ગુણવત્તાની દષ્ટિએ વિશિષ્ટ છે. તેમની ભક્તિ–વૈરાગ્ય બોધક કવિતા સ્પર્શે છે. એ જ રીતે નિષ્કુળાનંદ સ્વામીનો ગણનાપાત્ર ફાળો ભૂલાય તેમ નથી. રસદષ્ટિએ મહત્ત્વનું સાહિત્ય તેમની પાસેથી પ્રાપ્ત થાય છે.

સ્વામિનારાયણ સંતકવિઓના એક સંતે સંપ્રદાયના કવિઓનું મૂલ્યદર્શી આલેખન કર્યુ છે.

*'બ્રહ્મમુનિ કવિ ભાનુસમ, પ્રેમ, મુકત દોઉ ચંદ,*
*ઓર કવિ ઉડૃગણ સમ, કહે કવિ અવિનાશાનંદ.'*

આ સાધુકવિઓનું ભક્તિસંગીત, તેમની પદરચના અને પરંપરિત ગાનઢાળોને કારણે પ્રચલિત બન્યું. આ ગાનપરંપરા રાજા–મહારાજાઓ, સામાન્ય પ્રજામાં, અમીર–ઉમરાવોમાં અને રજવાડાઓમાં પ્રસરી હતી.

મુકતાનંદ, પ્રેમાનંદનું સરોદ પર, દેવાનંદનું તંબૂરા પર અને બ્રહ્માનંદનું સરોદ, દૂકડ 'મરિચંગા' જેવા વાજિંત્ર પર કૌશલ્ય હતું. આ સંતપરંપરાનાં પદો ભારતની અનેક ભાષામાં વ્યક્ત થયાં તેમાં ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનાં લક્ષણ આ કાવ્યસાહિત્યમાંથી મળે છે. અહીં પ્રભુની મૂર્તિ કોઈ રૂપક નથી પરંતુ સ્વયં છે. અહીં આ પદોમાં આલેખાયેલ આત્મા–પરમાત્માનો સંવાદ અંતરના ઊંડાણમાંથી ઊઠતો નાદ છે. જે બાહ્યદષ્ટિથી ઊર્ધ્વદષ્ટિ તરફ લઈ જાય છે. આ સંતસાહિત્ય ભક્તિસંગીત અને પરંપરિત ગાનઢાળોનાં પદોમાં કરેલ ઉપયોગ દ્વારા પ્રચલિત અને લોકાપયોગી સાહિત્ય બન્યું. આ સંતકાવ્યમાં આવતો ભક્તિભાવ Commited છે. સંપ્રદાયબદ્ધ છે છતાં સંપ્રદાયની બહાર કલાની કસોટીએ ચઢે ત્યારે તેનું મૂલ્ય અદકેરું બને છે.

ભક્તિના પાંચરસની પાંચભૂમિકાએ – શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને માધુર્ય એમ વ્યક્ત થતી આ અષ્ટ સંતકવિઓની કૃષ્ણપ્રેમભક્તિ કવિતા સર્જનાત્મક અને કળાત્મકતાએ વિશેષ સામગ્રીવાળી બની છે.

આ સંતકવિઓને માત્ર એક જ ખપ છે – કલ્યાણનો એટલે શુદ્ધભક્તિની તીવ્રતાએ ઊંચી ઊર્મિકવિતા પ્રાપ્ત થઈ. અહીં આલેખાયેલ શૃંગાર ખૂબ જ સ્વસ્થ છે એટલે મનભર બને છે. ભારોભાર સચ્ચાઈથી આલેખાયેલ આ સાહિત્ય પ્રભુભક્તિના કેફનું સાહિત્ય છે. પદની ભાષા–શૈલી સરળ છે છતાં હૃદયગામી છે. કોઈ વિચારની કવિતા નથી, એટલે કવિઓને શબ્દો ખોળવા પડતા નથી. એટલે જ અભિવ્યક્તિ સચોટ છે. લોકભોગ્ય, તળપદી ગુજરાતી, વ્રજ, રાજસ્થાની છાપની હિંદી, મારવાડી, પંજાબી, મારવાડી, ફારસી  જેવી અનેક ભાષામાં આલેખાયેલ આ સાહિત્ય ભક્તિ આર્દ્રતાથી ભીંજાયેલું છે. આ સંતકવિઓને લય હાથવગો છે. એટલે જ વર્ણનો સુંદર છે. તાદશ અને ચિત્રાત્મક વર્ણન કૌશલ ધ્યાન ખેચે તેવું છે. વાણી, સંયમનો મહિમા ગાતી અલૌકિક છે. પદોમાં લાઘવ છે. જેમાં પ્રાસની ઘુઘરી ઘમકયાં કરે છે. ઉદ્‌ગારો કુદરતી છે. ઘણી જગ્યાએ

આવતાં લઘુતાવાચક પ્રત્યયો, અલંકારો દ્વારા ભાવ મૃદુ બને છે. 'રે', 'તો', 'જી', 'લોલ'માં લયની ચિત્રાત્મકતા છે.

સ્વામિનારાયણ સંતપરંપરાના અષ્ટકવિઓની અભિવ્યક્તિની સહજ સરળતા અને વર્ણનક્ષમતા કવિતાના મુખ્ય ગુણ છે. સંતકવિઓ, 'કૃષ્ણ' ના ભાતીગળ શણગારનું, સૌન્દર્યનું પરંપરાગત રીતે વર્ણન કરે છે. આ અષ્ટસંતકવિઓના ભક્તિભાવ, વૈરાગ્યવૃત્તિ અને કાવ્યશક્તિનો પરિચય આ પદો કરાવે છે. વ્રજનારીની રસિકતા અને પ્રગલ્ભતા બંને પ્રગટ કરતી આ રચનાઓમાં પ્રગટતો નિર્મળ ભક્તિભાવ ચિત્તને સ્પર્શી જાય છે.

કલાની દષ્ટિએ ઊચું એવું આ પ્રણય સાહિત્ય આ સંતકવિઓએ ભક્તિને નામે પ્રગટાવ્યું. આ સંતકવિઓ વૈરાગ્યમયજીવન જીવે છે. પરંતુ આ કવિઓની રસવૃત્તિનો અભાવ કયાંય જણાતો નથી તેનો આ પુરાવો છે, આ ભક્તિશૃંગારની કવિતા. શ્યામ, ઘનશ્યામ, માધો, માધવ, નટવર, કૃષ્ણ, હરિકૃષ્ણ, ગિરિધર, શામળિયો, મોહન, મરમાળો, વનમાળી, વ્હાલો, ડોલરિયો, નવલિયો, કહાન (કાન), વિઠ્ઠલ જેવા ઉપાધિમૂલક નામોનો પ્રયોગ આ સંતકવિઓએ આ પદોમાં કર્યો છે. એક જ સંપ્રદાય – એક જ ઈષ્ટદેવને કેન્દ્રમાં રાખી થયેલ વિપુલ સર્જન ઐતિહાસિક રીતે ઘણું મહત્ત્વ ધરાવે છે.

અષ્ટસંતકવિઓમાં 'Mode of Presentation' અભિવ્યક્તિ માટે એટલે કે ઊર્મિને ટૂંકા ગેય કાવ્ય તરીકે ઓળખાતા 'પદ' ના સ્વરૂપમાં અને પદના ઘાટમાં આલેખાતાં સ્વરૂપો જેમાં આરતી, થાળ, વધાઈઓ, હોરીઓ, વાર, તિથિ, મહિના, રાસ, ગરબા, ગરબી, બારમાસી જેવાં સ્વરૂપોમાં આલેખી છે. તેમનાં સંવેદનનું પરિબળ ભક્તિ હોય કે જ્ઞાન તેમની સર્જકતાનો ઉન્મેષ અધઝાઝેરાં પદોમાં મળે છે. સંતકવિઓની ભક્તિબોધ, પ્રાર્થના, પ્રભાતિયાં, કૃષ્ણ સંકીર્તનમાં કૃષ્ણલીલા, દાણલીલા, પ્રેમલક્ષણાભક્તિ, કૃષ્ણવિરહ તેમજ સહજાનંદ સ્તુતિ મુખ્ય છે.

અષ્ટસંતકવિઓનાં પદોનાં કૃષ્ણપ્રીતિ અને કૃષ્ણભક્તિ જ ભાવસ્તોત્ર રહ્યાં છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ આકર્ષણ, મહિમા, સૌન્દર્ય, સદ્‌ગુણ, તલસાટના અનુભવમાં છે. એ જ

પ્રેમલક્ષણાભક્તિની પરાકાષ્ટા છે. એમ કહેવાય છે કે – 'આત્મા ઓળખે તે નટવર, બાકી બીજા બધાને પરહર.'

સ્વામિનારાયણ સંતપરંપરાની કવિતા પણ પ્રભુના સ્વરૂપ ઓળખની કવિતા છે. દિવ્યપ્રેમના અનુભવની કવિતા છે. કારણ ભક્તિ ને પ્રભુમાં દિવ્યપ્રેમ  થાય ત્યારે મુક્તિની ચાવી મળી જાય છે. આ રચનાઓનું ભાવસૂત્ર કૃષ્ણપ્રીતિનું મનોહર માધુર્ય રહ્યું છે. કૃષ્ણભક્તિની શૃંગારમાધુરીની લીલાનો વૈભવ સુંદર છે. બીજી વિશેષતા એ છે કે, ગોપીભાવ સાથે રાધા, કુબ્જા, વાંસળી, ઉદ્ધવ વગેરે કાવ્યમાં સ્થાન પામે છે. ગોપીની વિરહિણી, ઉત્કંઠા, કયારે અભિસારિકા જેવી અવસ્થાઓ પ્રત્યક્ષ થાય છે.

સ્વામિનારાયણ સંતસાહિત્યમાંથી મળેલ કેટલાક સંસ્કારો, વિચારો, ભાવનાઓ, આદર્શો, શબ્દછટાઓ આત્માનું સંગીત બની જાય છે. ભક્તિ સાહિત્યમાં શુદ્ધભક્તિનું સાહિત્ય શ્રેષ્ઠ સાહિત્ય છે. દરેક યુગમાં કૃષ્ણ પ્રેમભક્તિને અભ્યાસીઓએ વિવિધ દષ્ટિએ કરેલાં અધ્યયનો મળે છે. સ્વામિનારાયણ સંતપરંપરાની કૃષ્ણમૂલક ભક્તિ કવિતા કયાંય વિલસતી નથી. સંતસાહિત્યનો ગોપીભાવ નિર્મળ પણ છે અને ભવ્ય પણ છે. અહીં પ્રેમને પૂરી ભક્તિ શૃંગારિતાથી આલેખ્યો છે. ગોપી બનવાનું તાત્પર્ય એ છે કે ભક્તિમાં ઈન્દ્રિય આવેગો શૃંગારભાવથી મુકત બને છે. અહીં કૃષ્ણ ગોપીના સંયોગનું નિરૂપણ આત્મા–પરમાત્માના ઐકય રૂપે આવે છે. આ આધ્યાત્મિક સમજને આ સંતકવિઓએ બરાબર ઉતારી છે. હોરીના અર્થઘટનમાં આવતો અદ્રૈતભાવવાળી અવસ્થા મુખ્ય છે. અહીં પ્રેમલક્ષણાભક્તિ વડે પ્રેમાદ્વૈત (વિશિષ્ટાદ્વૈત) દ્વારા મળતા દિવ્યઆનંદને સંતકવિઓએ શબ્દસ્થ કર્યો છે.

સંપ્રદાયની કૃષ્ણભક્તિએ વર્ગભેદની રેખા ભૂંસી નાંખી છે. આ અષ્ટસંતકવિઓ અલગઅલગ વર્ગ–વર્ણ (જાતિ) માંથી આવ્યા છે.  કોઈ ચારણ છે તો કોઈ કડિયા, કોઈ કણબી છે તો કોઈ સુથાર. તેથી આ સંતપરંપરાની બાનીમાં પ્રાંતીય લય–લહેકા અને ક્ષેત્રીયતા તેમજ રજૂઆતની રીતિમાં અને મૂળભૂત પ્રકૃતિએ વૈચારિક પરંપરાનો લાભ મળ્યો છે. તેનાથી ભક્તિમાર્ગને વધુ પોષણ મળ્યું. આ સંતસાહિત્યમાં ભારતીય જીવન

મૂલ્યોની માવજત થઈ છે. સાથે સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, નૈતિક મૂલ્યો પણ ધરાવે છે તેથી તે સનાતન છે.

અહીં અલૌકિક પ્રેમ કેન્દ્રમાં છે. કારણ તેનું આલંબન પરમેશ્વરની રસમયમૂર્તિ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની સાધનાની ધરી સ્વરૂપનિષ્ઠામાં છે જેમાં પ્રગટની ઉપાસના, નિશ્ચય અને પતિવ્રતાનો ભાવ જોડાયેલો છે તે દિવ્ય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતકવિઓએ કૃષ્ણમૂલક પ્રેમભક્તિની વિવિધ ભાવોર્મિઓ આલેખી છે. આ કૃષ્ણકીર્તન પરંપરાગત શૃંગારની પરિભાષાનાં નિરૂપણમાં મુખ્યત્વે આચારશુદ્ધિ પર ભાર મૂકયો છે અને વિશિષ્ટાદ્વૈત (પ્રેમાદ્વૈત) તરફનો ઝોક મળે છે. ભક્તિશૃંગારની અનોખી રમણીય છટા ધરાવતી લલિતમધુર રચનાઓ આ સંતકવિઓની પ્રેમભક્તિ, એક પ્રણયી તરીકેની પ્રતિભાના ઉન્મેષો રસિક ભાવક સુધી પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે.

એમ કહેવાય છે કે જે આકર્ષે તે કૃષ્ણ. આ સંતકવિઓએ પણ પ્રગટ પ્રભુની મૂર્તિના આકર્ષણે જાગેલ અનુરાગને દઢતા સાથે, નિષ્ઠા સાથે વર્ણવ્યો છે. કૃષ્ણવિષયક ભાવસંવેદનના વર્ણનમાં શૃંગારના, દાણલીલાના, શણગારના, ઉદ્ધવસંદેશને આલેખતાં પદો મળે છે.

*'પ્રેમીજનને વશ પાતળિયો, શ્યામસુંદર સુખકારી રે,*
*જાત વરણને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે.'*

પ્રેમાનંદની આ પંક્તિ બતાવે છે કે પ્રભુભક્તિ માટે હૃદયની આર્દ્રતા જ મુખ્ય છે. ભક્તિનો માર્ગ સર્વનો છે અને સર્વ માટે ખુલ્લો છે. આમ પણ કૃષ્ણોપાસનાએ વર્ગભેદની રેખા ભૂંસી નાખી છે. ભારતીય મૂલ્યોને સાચવતી કૃષ્ણભક્તિ સ્વામિનારાયણ સંપ્રદાયની સંતકવિતામાં મળે છે. અલગ અલગ વર્ગ, વર્ણ (જાતિ) અને પ્રાંતમાંથી આવેલ આ અષ્ટકવિઓ પોતાની આગવી પ્રતિભા ધરાવે છે.

## પદ કવિતામાં કૃષ્ણનું નિરૂપણ : પ્રગટની કાવ્યઉપાસના તરીકે

સ્વામિનારાયણ સંપ્રદાયના 'નંદ' કવિઓની ભક્તિકવિતામાં એક વિશેષતા છે : આ વિશેષતા એ કવિઓનું બળ બની જાય છે.[૧૦]

સહજાનંદ સ્વામી ભારતવર્ષમાં વિચરણ કરી ગુજરાતમાં સ્થિર થયા, ત્યારે તેમનામાં ભક્તોની બે પ્રકારે નિષ્ઠા બંધાઈ હતી. એક તો કૃષ્ણના પ્રખર અને પરમ ઉપાસક તરીકે તેમણે જાતે જ પોતાને પ્રતિષ્ઠિત કર્યા : બીજું તેમણે પોતે જ પરમેશ્વર છે, પરમ તેજની મૂર્તિ છે એવી નિષ્ઠા ભક્તોમાં કરાવી.

આને કારણે કેટલાક ભક્તો તેમને ગુરુ તરીકે પૂજતાં, પણ તેમનામાં ભગવાનની નિષ્ઠા બંધાતાં સમય લાગ્યો હતો. આ નિષ્ઠા બંધાયા પછી પણ કયારેક આ ભક્તોમાં સંશય રહ્યા કરતો. કેટલાક ભક્તોને એક જ અનુભવથી સહજાનંદ સ્વામીમાં પુરુષોત્તમના પૂર્ણાવતાર તરીકે નિષ્ઠા બંધાઈ હતી.

સ્વયં સહજાનંદ સ્વામી પોતે આ ભક્તોની અવઢવથી જ્ઞાત હતાં. એટલે જ પોતાના પરમ સ્વરૂપનો મહિમા વ્યક્ત કરતા ગઢડા મધ્યના તેરમા વચનામૃતમાં સ્પષ્ટ કહ્યું છે :

*" 'જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજો."*

પરન્તુ આ જાણવું એ પ્રાકૃતજનનું કામ નથી. આવી નિષ્ઠા તો થતાં થાય પણ સંશય–વિકલ્પ વધારે થાય એથી જ તેઓ આગળ કહે છે :

"અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિશે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે."

સહજાનંદ સ્વામી સ્વયં ભગવાન છે એવી નિષ્ઠા થાય તો તો સારું પણ એ ન થાય તો ભગવાન સાથે તેમને સંબંધ છે એવી નિષ્ઠા બંધાય તો પણ ભગવાન સાથેનો સંબંધ બાંધવાનું સહેલું પડે.

વ્યાસ અને વાલ્મીકિને ભાગ્યે જેમાં તેઓને પરમેશ્વર તરીકે નિષ્ઠા બંધાઈ હતી એ કૃષ્ણ કે રામ વિશે કવિતા કરવાનું લખ્યું હતું. એ પછી ભાગ્યે જ સાહિત્યમાં પ્રગટ ભગવાન માટે કવિતા કરવાની તક કોઈ કવિને મળી છે. નંદ કવિઓની કવિતાની

વિશેષતા ત્યાં છે કે તેઓ માટે સહજાનંદ સ્વામી પ્રગટ પૂર્ણપુરુષોત્તમ હતાં અને તેમને રીઝવવા માટે જ તેઓ કવિતા રચતા હતાં. આ કવિઓ કવિયશ માટે કાર્ય કરતા ન હતાં. તેમનું એક માત્ર ધ્યેય સન્મુખ રહેલા ભગવાનને રીઝવવાનું હતું. આ ભગવાન દૂર જાય ત્યારે તેમના વિરહની, પાસે હોય ત્યારે મિલન અને લીલાની કવિતાઓ રચવામાં આ કવિઓ કૃતાર્થતા અનુભવતાં. શ્રીજી મહારાજની નિત્યચર્યા, તેમનું દેહવર્ણન, તેમના શણગાર, તેમની વાણી, તેમની મોહિની—આ બધાની આ કવિઓએ કવિતા કરી છે.

પ્રગટ ભગવાનની સન્મુખ બેઠાં છીએ એવી નિષ્ઠા બંધાતાં આવતું બળ, સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓમાં આપણે જોવા પામીએ છીએ.

આ કવિઓ એક તરફથી મધ્યકાલીન પરંપરા સાથે અનુસંધાન સાધે છે. એટલે કે કૃષ્ણ—કવિતાને નરસિંહથી માંડી તેઓના સમકાલીન દયારામ સુધી નામોની રચનારીતિ અને વિષયનિરૂપણના સંસ્કાર ઝીલે છે તો બીજી તરફથી કૃષ્ણની વાત કરતી વખતે તેમની નજર સમક્ષ તો સહજાનંદ સ્વામી જ રહે છે, ગોપીઓની વાત કરતી વખતે પોતે અને પોતાના ગુરુબંધુઓની નિષ્ઠા તેઓ અનુભવતા હોય છે. વ્રજ તેઓ માટે જયાં સહજાનંદ સ્વામી વિરાજતા હોય એ ભૂમિ જ બની જાય છે. શ્યામ શબ્દની સામે ઘનશ્યામ શબ્દ પણ તેઓ વારંવાર વાપરે છે : હરિ શબ્દ પણ તેઓને એટલો જ રુચે છે. આ શબ્દો તેમને કૃષ્ણ કવિતાના અનુસંધાનમાં તો કામ લાગે જ છે, પણ હરિકૃષ્ણ મહારાજ તેમ જ ઘનશ્યામ મહારાજ તરીકે ઓળખાતા સહજાનંદ સ્વામીનો સંકેત પણ તેઓ આ શબ્દો દ્વારા નિરૂપી શકે છે.

પ્રત્યક્ષના આ નિરૂપણને કારણે કયારેક આ કવિઓના વર્ણનમાં અનન્ય અને અપૂર્વ નિષ્ઠાનો રણકો કવિતામય થઈને પ્રગટે છે ! નિષ્કુળાનંદમાં વૈરાગ્યની નિષ્ઠા, પ્રેમાનંદનું લીલાવર્ણન, મુકતાનંદ સ્વામીની ભક્તિ, બ્રહ્માનંદ સ્વામીની દઢતા, દેવાનંદ સ્વામીના ચાબખા—આ બધામાં આપણે એક તરફથી પ્રગટ હરિમાંની નિષ્ઠા અને બીજી તરફથી મધ્યકાલીન પરંપરા સાથેનું અનુસંધાન બંને જોઈ શકીએ છીએ. સહજાનંદ સ્વામીના શિષ્યોને ધર્મપ્રવર્તનમાં પડેલું કષ્ટ અને આ કષ્ટ વચ્ચે પણ તેમની અટલ રહેલી નિષ્ઠાનાં દર્શન બ્રહ્માનંદ સ્વામીના આ પદમાંથી થાય છે : 'રે શિર સાટે નટવરને વરીએ'

બ્રહ્માનંદ સ્વામીનાં પદોમાં આ નિષ્ઠા દેખાય છે તો ભગવાન સ્વામિનારાયણે પ્રવર્તાવેલી વૈરાગ્યની નિષ્ઠા નિષ્કુળાનંદ સ્વામીમાં દેખાય છે. પરંતુ નિષ્કુળાનંદ તત્ત્વત : કવિ છે અને એટલું જ વૈરાગ્યના લક્ષ્ય પર એ કવિતાની કેડી દ્વારા પહોચે છે. :

*ખોળી ખોળીને ખોળિયું*
*ખરા ખપવાળાની ખોટ રે,*
*જેને ન જોએ જાળવ્યા સુણી*
*સમજે સીધું ઓટ રે.*

નિષ્કુળાનંદ સ્વામીને તો પૂર્વાશ્રમમાં સહજાનંદ સ્વામીના સ્વરૂપની નિષ્ઠા સદ્ગુરુ રામાનંદ સ્વામી દ્વારા જ થઈ હતી. કચ્છમાં રામાનંદ સ્વામીને નીલકંઠ વર્ણી (દીક્ષા પહેલાનું સ્વામી સહજાનંદનું નામ) એ લખેલો પત્ર મળ્યો ત્યારે તેમણે કહ્યું : 'અમે કહેતા હતાં ને કે હું તો માત્ર ડુગડુગી બજાવવાવાળો છું. નટ તો હજી હવે આવશે ! ત્યારે લાલજી સુથારે પૂછયું : 'આ નવા આવનાર કેવા છે ? મુકતાનંદ સ્વામી જેવા ?' 'ના એથીયે ઘણાં મોટા.' 'તો તમારા જેવા ?' રામાનંદ સ્વામીએ કહ્યું : 'અમારાથીયે ઘણા મોટા.' આમ લાલજી સુથારને તો સહજાનંદ સ્વામીના પરમ સ્વરૂપની પિછાણ ખુદ રામાનંદ સ્વામીએ કરાવી હતી. એટલે તો એ ગાઈ શકે છે.

સત્સંગ દ્વારા તરી જવાના અને સત્સંગને તજી જવાના બે વિકલ્પો વિશે અસરકારક રૂપક :

*એક બાવરો બેસાર્યો વહાણે રે*
*માન્યું મૂરખ પડયો હું બંદીખાને રે.*
*ચડયો ફેર ને દીઠું એ સર્વ ફરતું રે,*
*માન્યું મનમાં જે પામ્યો હવે મરતું રે.*
*થયો આકળો અભાગી લાગી લેરી રે*
*ખરા ખારવા વિશેષે જાણ્યા વેરી રે.*
*ચડી ડોલ ને દીઠું છે દુઃખદાઈ રે*
*મારી ઠેક છેક પડયો પાણીમાંઈ રે.*

*એમાં દોષ કહો કેને હવે દઈએ રે*

*મળ્યો સત્સંગ તરી તજી જઈએ રે.*

આ કવિઓને માટે સત્સંગની નૌકા તરી જવાનું સાધન હતું અને સાક્ષાત્ પરમાત્મા જ તેમને પાર ઉતારવા માટે ખારવા બન્યા હતાં. એટલે તો તેઓ કોઈપણ કષ્ટ કે કોઈ પણ પીડાને ગણકાર્યા વિના જઈ શકતા હતાં.

*પેટ કટારી રે, પૈરીને સન્મુખ ચાલ્યા,*

*પાછા ન વળે રે, કોઈના તે ન રહ ઝાલ્યા.*

કવિતાને કવિતા તરીકે જોઈએ ત્યારે બીજી કોઈ ગણતરીઓ મદદરૂપ થાય નહીં : આમ છતાં સ્વામિનારાયણ સંપ્રદાયની ઓગણીસમી સદીની કવિતાનો વિચાર કરતાં સહજાનંદ સ્વામીમાં પરમાત્માનો ભાવ અને એમના અક્ષરધામ વિશેનો વિચાર આવ્યા વિના રહે નહીં.

*જેવું હરિએ કરીયું હેત*

*એવું કરે કોણ આપણે રે.*

જેની પ્રગટ ઉપાસના કરાતી હોય એવા ગુરુને અક્ષરરૂપે જાણવાની આ પ્રણાલિકા કૃષ્ણ અને અર્જુનમાં પુરુષોત્તમ અને અક્ષરનો ભાવ મૂકતા મહાભારતથી માંડી નિવૃત્તિનાથને 'યદ્ અક્ષરં અનાખ્યેયં આનંદં અજં કેવલં' કહી પ્રણામ કરતાં જ્ઞાનેશ્વર મહારાજ સુધી આપણે અખંડપણે જોઈ છે. (અમૃતાનુભવનો પ્રથમ શ્લોક જ્ઞાનેશ્વર મહારાજે ઉપર પ્રમાણે લખ્યો છે.)

સ્વામિનારાયણીય સંતો શ્રી સહજાનંદને જ કૃષ્ણ તરીકે ઉપાસે છે. તેના મૂળ આ સંપ્રદાયમાં રહેલાં પ્રગટની ઉપાસનાના તત્ત્વચિંતનમાં અને સંપ્રદાયમાં વ્યાપ્ત ભાગવતધર્મની વિભાવનામાં છે તેવું જણાય છે.

શ્રી સહજાનંદે ભાગવતધર્મને ભૂમિકા તરીકે સ્વીકારીને તેમાં પોતાનું આગવું કેટલુંક પ્રદાન કર્યું. સંપ્રદાયની જનતાને ધર્માચરણનો સાચો માર્ગ બતાવ્યો. તે સમયનું ચિત્ર હિંદુધર્મની અવદશાનું હતું. એવે સમયે ધર્મ વધારે લોકવ્યાપક બને તે ભાવનાથી

ભાગવતધર્મ જેવા લોકપ્રિય ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સ્વીકારી લઈ તેમાં યથોચિત સુધારાવધારા કર્યા.[૧૧]

સૌ પ્રથમ તેમણે ઉદ્ધવ અર્થાત્ સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી અને એ સંપ્રદાયની નિશ્રા હેઠળ ભાવિક જનતા એકઠી કરી તેમને નિર્ભિક બનાવી. તેમણે લોકહિતાર્થે કેટલાંક મહત્ત્વનાં કાર્યો કર્યા.

- ભાગવતધર્મનું સ્થાપન.
- વિશિષ્ટાદ્વૈતમતનું પ્રવર્તન.
- અહિંસામય યજ્ઞો, આચારસંહિતા, જીવનપરિવર્તન, મંદિરનિર્માણ તથા સાહિત્ય અને સંગીતનાં સર્જન દ્વારા પ્રજાનું સાંસ્કૃતિક ઘડતર એટલે કે રૂચિર રીતે ધર્માભિમુખ કરતું ધર્મપ્રેરક વલણ.
- માનવતાનાં અને આધ્યાત્મિકતાનાં મનોમૂલ્યોનો પુરસ્કાર.

શ્રી સહજાનંદને સંન્યાસી શિષ્યવૃંદમાંથી અનેક પ્રતિભાવાન તેજસ્વી કલાકારો ચિત્ર, સંગીત, સાહિત્ય ઈત્યાદિ ક્ષેત્રે પ્રાપ્ત થયાં હતાં. તેમના દ્વારા સર્જાએલું સાહિત્ય એ સ્વામિનારાયણ સંપ્રદાય તથા મધ્યકાલીન યુગને સાંપડેલી ભેટ છે. એ સાહિત્યમાંથી તત્કાલીન સમાજની ધાર્મિક પરિસ્થિતિ, શ્રી સહજાનંદનાં કાર્યો, તેમની તત્ત્વવિચારધારા, બોધ તથા પ્રેમની સ્વાનુભૂતિનો બુલંદ પડઘો સંભળાય છે. શ્રી સહજાનંદની આ મહાન સિદ્ધિ ઉલ્લેખ કરતી એ પંક્તિઓ અત્રે નોંધનીય બની રહેશે.

*"રાજે ગઢપુર મહારાજ, પૂરણ બ્રહ્મ પરમાત્મા જો,*
*આવ્યા ગરીબ નિવાજ, એ તો અક્ષરના આત્મા જો,*
*મારયા અસુર અપાર, કામક્રોધાદિક સહુ રાંકડા જો,*
*આપી પરચા અનૂપ, માયિક મતને ઉખાડિયા જો,*
*જીવ માયા બ્રહ્મરૂપ, જથારથ તે દેખાડિયા જો."*[૧૨]

સહજાનંદી કવિઓની રચનામાં, આ ઉપરાંત, પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા ભક્તિની ભાવાર્દ્રતા વિવિધરૂપે રજૂ થઈ છે. એ ભાવાભિવ્યક્તિને એક વિશિષ્ટ સમજનું પીઠબળ મળ્યું છે અને તે છે 'ભાગવતધર્મ' ની સમજ. જેને સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'એકાંતિક

ધર્મ' તરીક ઓળખવામાં આવે છે. ભાગવતધર્મની વિચારધારાનું સ્વરૂપ આ સંપ્રદાયમાં કેવું છે તે તપાસીએ અને એ વિચારધારા સંતકવિઓનાં પદોમાં કઈ રીતે સાકાર થઈ છે તે પણ પ્રસંગોપાત જોઈએ.

સ્વામિનારાયણ સંપ્રદાયના મતે સૌથી પ્રથમ આવશ્યક તત્ત્વ તે ૧. પરમાત્મા પ્રત્યેની અચળ નિષ્ઠા. એના અનુષંગે ૨. સ્વધર્માચરણ; ૩. દઢ વૈરાગ્ય; અને આ ત્રણેયથી શોભતી ૪. માહાત્મયજ્ઞાને યુકત સ્નેહમૂલક ભક્તિ કિંવા પ્રેમલક્ષણા ભક્તિ. એટલે કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. આ ચાર તત્ત્વો આ સંપ્રદાયમાં કલ્યાણના આધારસ્તંભ ગણાયાં છે.[૧૩] ભાગવતધર્મના આ સિદ્ધાંતોની પીઠિકા ઉપર શ્રી સહજાનંદે જે આગવું મંતવ્ય ઉમેર્યુ તે હવે ક્રમશ: જોવાનો પ્રયત્ન કરીએ.

*ધર્મ :* ધર્મ દ્વારા શ્રી સહજાનંદને નિત્ય, નૈમિતિક ઈત્યાદિ કર્મો અભિપ્રેત છે. એટલું નહીં કર્મયોગ પરત્વે આચારશુદ્ધિ અને અહિંસાનો વિશેષ આગ્રહ તેમણે સેવ્યો છે. धर्मोः ज्ञेयः सदाचाश्च श्रुतिस्मृत्युपपादित એવી ધર્મની વ્યાખ્યા શિક્ષાપત્રીમાં તેમણે આપી.

આ આચારસંહિતાને કારણે સંયમધર્મનું કડક પાલન તેઓએ ઈચ્છયું છે. આથી લોકોમાં એક એવી માન્યતા પણ પ્રવર્તી કે આ ધર્મ લૂખોસૂકો છે, નિરસ છે; પરંતુ માનવપ્રકૃતિની નિર્બળતાને સમજીને શ્રી સહજાનંદે ભાગવતધર્મનું સુધારેલું આ રૂપ છે. (૩) મોક્ષમાર્ગમાં સ્ત્રી–પુરુષનો સંગ વજર્ય ગણ્યો છે. આ પાછળ સેંકડો વર્ષોની સ્ત્રી–પુરુષોની નિર્બળતાની જ કરુણકહાણી રહેલી છે. આથી જે કોઈ સાધક થવા ઈચ્છે તેણે આટલો સંયમ સદાચાર ગ્રહવો અનિવાર્ય છે. તે વાત પાકે પાયે આ સંપ્રદાયને સમજાઈ ગઈ છે. મનુષ્યની આ આધ્યાત્મિક પ્રવૃત્તિને ઊર્ધ્વીકૃત કરવા માટે માનવીની નિર્બળતાને પારખી લઈ એકબાજુ સંયમશુદ્ધિના આગ્રહ સેવ્યો છે અને બીજી બાજુ માનવમનની પ્રેમવૃત્તિને ખ્યાલમાં રાખી ભાવાભિવ્યક્તિ માટે પ્રેમલક્ષણાભક્તિનો સ્વીકાર કર્યો છે. આ રીતે તેમણે મનુષ્યની વૃત્તિઓનું સમતોલન કર્યુ છે. એટલું જ નહીં વૃત્તિઓનું Sublimation ઉર્ધ્વીકરણ પણ કર્યુ છે. પ્રેમલક્ષણા ભક્તિમાં શ્રી સહજાનંદે ચૈતન્યના ગોપીભાવને અર્થાત્ ગોપીઓના સ્નેહને શ્રેષ્ઠ ગણ્યો છે. એ નિમિત્તે ઊર્મિગીતો અને

સંગીતકલાના વિકાસ દ્વારા તેમની ભક્તિને પ્રોત્સાહન પણ આપ્યું છે. આથી કવિઓનાં જીવન અને કવનમાં ભાવોન્માદ અને વિલાસિતાને ભક્તિની ભાવાર્દ્રતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થયું છે.

શૃંગારી ભાવથી ભ્રષ્ટ થતી ભક્તિ અને વિલાસિતા તેમને ખપતી નથી.

આ ભાગવતધર્મની સગુણોપાસના અને પ્રેમલક્ષણા ભક્તિનો અર્ક આ સંપ્રદાયે અપનાવી લઈ તેમાં દૂષિત કરનાર અંશથી સાવધ રહેવા માટે જીવનને નિયંત્રિત કર્યું. ઉપરાંત ભક્તિને મહિમા તથા જ્ઞાન અને સદાચારનું પીઠબળ આપીને હિંદુધર્મમાં એક corrective સુધારક સંપ્રદાય લેખે પોતાનું બળ સ્થાપ્યું છે અને એ રીતે દોદળા થયેલા હિંદુધર્મને સબળતા આપી છે.

*"અહિંસાદિક નિયમ પળાવો રે, જન્મમર્ણના ખાતાં વળાવો રે"*
*"પોતાની ઉપજ પ્રમાણ રે, કરવું સહુએ ખર્ચ સુજાણ રે"*
*"ઉત્પન્ન અને ખર્ચ જેહ રે, શુદ્ધ અક્ષરે લખવું તેહ રે"*
*"વરસોવરસ એક માસ રે, કરવો મંદિરમાં આ નિવાસ રે"*

(પુરુષોત્તમ પ્રકાશ ૩૨/૧૩–૧૪)

જ્ઞાન : શિક્ષાપત્રીમાં શ્રી સહજાનંદે લખ્યું કે, मतं विशिष्टाद्वैत मे અને જ્ઞાનનો અર્થ આ પ્રમાણે આપ્યો કે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપને રૂડી રીતે જાણવું તે જ્ઞાન. શ્રી સહજાનંદના મતે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ અનાદિ, નિત્ય અને ભિન્ન તત્ત્વો છે. એ તત્ત્વોનો સ્પષ્ટ ભેદ સમજવો, તેમ જ આત્મા–અનાત્માનો વિવેક પ્રાપ્ત કરીને બ્રહ્મ–પરબ્રહ્મ સ્વરૂપ એના યથાર્થ રૂપમાં મહિમા સહિત જાણવું તેને જ્ઞાન કહ્યું. આવા પ્રકારના જ્ઞાન વગર મુક્તિ સંભવે નહીં એ સિદ્ધાંત શ્રી સહજાનંદે માન્ય રાખ્યો છે. સંતકવિઓના પદોમાં પણશ્રી સહજાનંદ પ્રમાણિત આ જ્ઞાનનો આધાર લેવાયો છે. જેમ કે જીવ, ઈશ્વરનું સ્વરૂપ વર્ણવતાં કવિ નિષ્કુળાનંદ કહે છે :

*"સ્થૂળ, સૂક્ષ્મ કારણ દેહ, તેમાં વ્યાપ્યો નખશિખ તેહ,*
*વળી જાણો અજન્મા છે એહ, નિત્ય નિરંશ અખંડ તેહ."*[१४]

ગીતાના સાંખ્ય અધ્યાયનું સ્મરણ કરાવે તેવું આ વર્ણન છે. શ્રી સહજાનંદના મતે ઈશ્વરનું સ્વરૂપલક્ષણ નીચે મુજબ છે.

*"વિરાટ સૂત્રાત્મા દેહ જાણો, અવ્યાકૃતમાં વ્યાપ્યા પ્રમાણે,*
*ઉત્પત્તિ સ્થિતિ પ્રલય જેહ, કરે સર્વ જગતનો તેહ."*[૬૫]

શ્રી સહજાનંદે માયાની ટૂંકી, સાદી, છતાં સચોટ વ્યાખ્યા આપી છે કે, "ભગવાનના ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ. બાહ્ય અને ઈંદ્રિય અંતઃકરણરૂપે આ માયા અર્થાત્ અવિદ્યા દરેકને કઈ રીતે સતાવે છે તે કવિ બ્રહ્માનંદના પદમાંથી પ્રાપ્ત થાય છે :

*"કનકકામિની ત્યાગ કરે તો, માન ઈર્ષ્યા ઉર લાવે,*
*તપસીડું તજી દૂર ન જાયે, ક્રોધરૂપ રહે ભેલી,*
*માયા અજબ બડી ધુતારી,*
*માતાપિતા સુત જુવતિરૂપે, સબ ધૂતે સંસારી."*

એ માયા કોની પાસે હારી જાય છે !

*"બ્રહ્માનંદ હરિ પ્રગટ ભજન રત, તાતે રહી એ હારી."*

*બ્રહ્મ :* શ્રી સહજાનંદ કથિત જ્ઞાનમાં બ્રહ્મ અને પરબ્રહ્મ એ તત્ત્વો મહત્ત્વનાં છે. કેમ કે અન્ય આચાર્યો તથા ભાષ્યકારોએ બ્રહ્મ–પરબ્રહ્મ અર્થાત્ અક્ષર–પુરુષોત્તમ વચ્ચે ભેદ પાડયો જ નથી. શ્રી સહજાનંદે આ બંને તત્ત્વો વચ્ચેનો ભેદ દર્શાવ્યો છે એ એમનું મૌલિક દર્શન છે. તેઓ અક્ષરનાં બે રૂપ વર્ણવે છે.

૧. અમૂર્ત  ૨. મૂર્ત

અમૂર્ત અક્ષરતત્ત્વએટલે પરબ્રહ્મ પુરુષોત્તમને રહેવાનું ધામ. અત્રે એક વાત સ્પષ્ટ કરવાની રહે કે જેમ દરેક અવતારને પોતાનું આગવું લોક છે. જેમ કે શિવનું કૈલાસ, રામનું વૈકુંઠ, કૃષ્ણનું ગોલોક વગેરે તેમ અવતારીપુરુષ તરીકે આ સંપ્રદાયમાં માન્ય, શ્રી સહજાનંદે પોતે જ પોતાના ભક્તો માટે નિર્ધારિલ લોક અક્ષરધામ છે. જેને વચનામૃતનો આધાર મળી રહે છે. કવિ પ્રેમાનંદ અક્ષરધામનું વર્ણન કરતાં લખે છે કે :

*મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ,*
*સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ,*
*અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય,*
*શીતળ શાંત છે રે, તેજની ઉપમા ન દેવાય,*
*તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.*

## ભાગવતધર્મની વિભાવના :

અતિ તેજોમય છતાં 'શીતળ શાંત' એવી અનોખી વિશિષ્ટતા અક્ષરધામની દર્શાવી છે. કવિ બ્રહ્માનંદ અક્ષરના આ વ્યાપકરૂપને સમજાવવા 'અંબરનું' રૂપક પ્રયોજે છે. એ અક્ષરધામનો મહિમા કવિ મુકતાનંદ અને નિષ્કુળાનંદની રચનામાં ઝીલાયો છે.

*"અક્ષરબ્રહ્મ એ હરિનું ધામજી, તેહને મધ્યે અધિક અભિરામજી*
*સહુ ગોલોક નિવાસથી, એને અધિક સુખ આપે હરિ."*
*"કાને એ નામથી ભણક પડી રે, તેને અક્ષર પોળ ઊઘડી રે."*

અક્ષરના મૂર્ત તત્ત્વ વિશે શ્રી સહજાનંદે નોંધ્યું છે કે અક્ષરની આરાધના કરવાથી સાધક પુરુષોત્તમને મેળવી શકે છે. એટલે કે અક્ષરરૂપ બની પુરુષોત્તમની સેવાનો અધિકારી બની જાય છે. અક્ષરરૂપ બનવા માટે શિક્ષાપત્રી કથિત ત્રિગુણાતીત અવસ્થાથી વિલક્ષણ. બનવાની જરૂર રહે છે અને ત્યારે જ હૃદયમાં એક માત્ર અહર્નિશ ઝંખના પરમાત્માની જ હોય છે.શ્રી સહજાનંદ કથિત વિશિષ્ટાદ્વૈત મત પ્રમાણે અક્ષર અને પુરુષોત્તમ વચ્ચેનો સંબંધ શરીર–શરીરી, નિયામ્ય–નિયામકનો છે. કવિ નિષ્કુળાનંદનાં શબ્દોમાં જોઈએ તો :

*"સખી સુંદરી સર્વે શરીર છે, એનો આત્મા રે અલબેલો અવિનાશ."*

દરેક વ્યક્તિએ બ્રહ્મરૂપ બનીને ઈષ્ટદેવની ઉપાસના કરવાનો ભાવ આમાં રહેલો છે. અક્ષરનો અર્થ મૂર્ત રૂપે પરબ્રહ્મની સેવામાં રહેલ અને ભક્તોને માટે આદર્શ નીવડી રહેલ અનાદિ અક્ષર જેનો 'મૂળ અક્ષર' રૂપે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

*"મૂળ અક્ષર તે સદાકાળ, રાખે જીવમાં જીવન પ્રાણ રે."*

*"કાને એ નામથી ભણક પડી રે, તેને અક્ષર પોળ ઊઘડી રે."*

(પુરુષોત્તમ પ્રકાશ ૨૩/૧૨)

તે આદર્શ મૂળ સંત વિશિષ્ટાદ્વૈતનાં સિદ્ધાંત અનુસાર શ્રી સહજાનંદે અનાદિ મૂળ અક્ષરના સ્વરૂપે શ્રી ગુણાતીતાનંદને પોતાના જીવનકાળ દરમિયાન માન્ય કર્યાં હતાં. એ શ્રી ગુણાતીતાનંદ પછી આજ લગી સ્વામિનારાયણ સંપ્રદાયે એક એવા પ્રમુખ ગુરુની પરંપરા સ્વીકારી છે. આ અનાદિ મૂળ અક્ષર તત્ત્વ ભક્તોને ઉપાસના અર્થે ઈશ્વરનું અધિષ્ઠાનરૂપ બની રહે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અક્ષરનું આ મૂર્ત તત્ત્વ એ જ પરમાત્મરૂપ સંત. એ પરમાત્મરૂપ સંત હોવાને કારણે એને અનાદિ અક્ષર લેખે છે. (ભક્તો સાધનાથી બ્રહ્મરૂપ થઈ શકે જ્યારે આ અનાદિ અક્ષર તો સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે. એટલા માટે આ સંપ્રદાયમાં અનાદિ અક્ષરનો સવિશેષ મહિમા છે). કવિ મુકતાનંદ અનાદિ અક્ષર અર્થાત્ (આદર્શ ગુરુનાં લક્ષણો વર્ણવી અંતમા કહે છે :

*"એસે મેરે જન એકાંતિક તેહિ સમ ઓર ન કોઈ,*
*મુકતાનંદ કહત યું મોહન, મેરો હિ સર્વસ્વ સોઈ."*

જ્યારે કવિ નિષ્કુળાનંદના પદનો ઉપાડ પરમત્મારૂપ સંતના મહિમાગાનથી થાય છે.

*"ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઉલટી પલટયું આપ.*
*સંત તે સ્વયં હરી.*
*આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ.. સંત."*

આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જીવ સાધના કરતાં કરતાં અનાદિ અક્ષરસ્વરૂપ ગુરુની સહાયથી બ્રહ્મરૂપ થાય છે. કવિ નિષ્કુળાનંદની માહાત્મ્યજ્ઞાનસભર ભક્તિપ્રપૂર્ણ નીચેની પંક્તિઓમાં શ્રી સહજાનંદના ભાગવતધર્મનું કેવું તાદશ ચિત્ર ખડું થાય છે !

*"સદ્‌ગુરુ શબ્દની સારડી ઉતરી આરમપાર.*
*આતમરામ ઓળખાવીયા અક્ષરાતીત આવાર*

*ધામસ્વરૂપ પોતાતણું શ્રીહરિ પોતે સાકાર.*

*પ્રભુપદ પ્રીત ઉપાસના પય મીસરી એકતાર."*

## ભાગવતધર્મની વિભાવના :

*પરબ્રહ્મ :* ઉપર્યુક્ત અનાદિ અક્ષર મૂર્ત તત્ત્વથી જૂદેરું પરબ્રહ્મનું સ્વરૂપ છે. પરબ્રહ્મ એ અક્ષર, માયા, ઈશ્વર, જીવ આદિથી ભિન્ન અને સર્વથી પર છે. ઉપાસના માટેનું એ સર્વોત્તમ સ્વરૂપ છે. આ પરમસ્વરૂપ સર્વ અવતારોના નિયામક, કારણ, સર્વોપરી અને અવતારી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્તોએ શ્રી સહજાનંદને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અવતારી રૂપે સ્વીકાર્યા છે. કવિ પ્રેમાનંદે આ સ્વરૂપની ઓળખાણ તદ્દન સરળ ભાષામાં અશિક્ષિત વર્ગને પણ સમજાય એ રીતે આપી છે :

*"સૌને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.*

*અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય.*

*મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય."*

અનેક પદોમાં 'ક્ષર અક્ષરના જીવન પ્રાણપતિ' અને 'અવતારી' રૂપે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપની આ સમજ માટે તેમને શ્રી સહજાનંદના સ્વમુખના શબ્દો તેમ જ તેમના ઐશ્વર્ય–પ્રતાપની અનુભૂતિનો આધાર મળ્યો છે.

જ્ઞાન પરત્વે આમ અક્ષર અને પુરુષોત્તમનાં આ બે ભિન્ન તત્ત્વોને શાસ્ત્રોકત રીતે સ્થાપિત કરવાનું માન શ્રી સહજાનંદને ફાળે જાય છે. ઉપર્યુક્ત જ્ઞાનની સમજથી સંતકવિઓનાં જીવન અને કૃતિમાં આત્મા–અનાત્માનો વિવેક પણ પથરાયો છે.

*"સત્યનિત્ય એક નિજ આત્મા, અસત્ય દેહાદિક આદ.*

*તેમાં નાનામોટા કેને કહીએ, એ તો સરવે સરખી ઊંટની લાદ."*

'ઊંટના સચોટ દષ્ટાંતથી, અખાની રીતે જ, રૂપક વડે દેહાદિક પરત્વે તિરસ્કારનો ભાવ કવિ કેવો સચોટપણે જગાડે છે ! એવી દેહવાસનાનો ત્યાગ કરનાર કવિને શેની ઈચ્છા છે.

*"ઓઢણું ઉતારું રે, ભવનું મેલે ભર્યું રે,*
*તેમાં આવે દૂરગંધ દેહની વાસ.*
*પિયુની પછેડી રે, ઓઢું અંગ ઉપરચે રે,*
*જેમાં છે કોઈ પ્રેમ – નિમનો રે વાસ."*

'પ્રેમ–નિમનો રે વાસ' રે શબ્દો આગળ જણાવ્યું તેમ સંયમરૂપી નિમ અને વિલાસવિહીન પ્રેમમૂલક ભક્તિ એ શ્રી સહજાનંદની ફિલસૂફીનાં જ દ્યોતક છે તેમણે કહ્યું છે કે વાસનાને આત્માસ્વરૂપમાં હોમી આત્માને પરમાત્મામાં જોડી દેવો તે જ્ઞાનયજ્ઞ. નારદના ભક્તિસૂત્રથી આ કઈ બાબતમાં જુદું પડે છે ? મીરાંએ પણ એમ જ ઈચ્છયું હતું ને !

*"ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય."*

*વૈરાગ્ય :* વૈરાગ્ય પરત્વે શ્રી સહજાનંદનું દર્શન વિધેયાત્મક છે. તેમના મતે "પ્રકૃતિપુરુષપર્યંત સર્વમાંથી પ્રીતિ ઉખેડી, એવો વિચાર દઢ કરવો જે ભગવાનના એક નિમિષ માત્રના દર્શનનું સુખ ભેગાં કરીએ તોપણ તેના કરોડમાં ભાગની બરાબર પણ ન થાય એવા પુરુષોત્તમ ભગવાનમાં અનન્ય પ્રીતિ કરી આત્મસત્તારૂપે વર્તવું (વચ. પંચાળા–૧) અને જગત માત્રનો લોચો જીવમાંથી કાઢી નાખવો. (વચ.ગ.મ.૫) આ ઉત્તમ પ્રકારનો જ્ઞાનાંશ વૈરાગ્ય છે. ભાગવતધર્મપ્રોષક છે. આ વૈરાગ્ય નથી નાશ પામતો કે નથી ક્ષીણ થતો, પરંતુ શ્રીહરિ કે શ્રીહરિના સ્વરૂપમાં સંતની કૃપાથી જ ભક્ત કેળવી શકે છે. અન્ય ઉપાય વૃથા છે કેમ કે તીવ્ર વૈરાગ્યવંતને મતે –

*"ચૌદલોક વૈકુંઠ લગી માયાની પાગી રે,*
*મુકતાનંદ કહે ગુરુમુખી રહે રામરાગી રે" (કીર્તનરત્નમાળા પૃ. ૩૨૧)*

એવા વૈરાગ્યને સહજાનંદી કવિઓએ 'વિશલ્યીકરણ ઔષધ', 'સુખની ખાણ' અને 'વણમૂલું ઘરેણું' ગણાવ્યા છે.

ભક્તિ : આ સંતકવિઓને મતે જ્ઞાનાંશ વૈરાગ્ય વગર સ્નેહમૂલક ભક્તિ ઉદ્ભવી શકતી જ નથી. વૈરાગ્ય એ તો ભક્તિનું અંગ છે. દેખીતી રીતે વિરોધાભાસ લાગે પરંતુ આ કથન સ્વાભાવિક જણાય છે. મુકતાનંદ કવિના પદમાં તેની સાર્થકતા જણાશે :

*"પ્રેમ–રસાયન જે જન પામે, તેનો તે મારગ ન્યારો રે*

*પિંડ બ્રહ્માંડમાં પ્રીત ન રાખે, ઉર ધારે પ્રભુ પ્યારો રે."*

શ્રી સહજાનંદનાં મતે ભક્તિનું સ્વરૂપ આવું છે, "પરમાત્મા વિશે માહાત્મ્યજ્ઞાને યુકત અનન્ય સ્નેહ તે ભક્તિ." પ્રભુને પ્રસન્ન કરવાનું શ્રેષ્ઠ સાધન ભક્તિ છે. એ સરળમાર્ગ પણ છે. ભક્તિનો માર્ગ સર્વને માટે ખુલ્લો છે. હૃદયની આર્દ્રતા અને ભાવની ભીનાશથી જ પ્રભુ રીઝે છે :

*"પ્રેમીજનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે*

*જાત વરણ ને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે."*

શ્રી સહજાનંદે વલ્લભ સંપ્રદાયનાં ભક્તિ અને સેવાનાં તત્ત્વોને સ્વીકાર્યા છે એ મુજબ પરમાત્માની પ્રસન્નતાર્થે ગોપીઓના જેવી માહાત્મ્યજ્ઞાને યુકત નિષ્કામ ભક્તિને 'પરમપદ'ગણી છે. આવી ભક્તિને 'પરાભક્તિ' કે, 'એકાંતિકી ભક્તિ' પણ કહેવામાં આવે છે. પરાભક્તિ એટલે પરમાત્મા માટેનો પ્રણયી તલસાટ :

*"મારાં નેણાં ચકોર, તમે ચંદ, સુંદર શ્યામળિયાજી,*

*પ્રીત કોયલ તમે 1તુરાય, સુંદર શ્યામળિયાજી."*

*"પ્રીતમ મેરી ભીંત રે, મૈં પ્રીતમમેં વાસ.*

*નિષ્કુળાનંદ કહે શ્રીહરિ તણા, અમે દામ વિનાના દાસ."*

પરાભક્તિ એટલે પ્રત્યક્ષ પરમાત્માના લીલાચરિત્રમાં રસબસ થઈ જવું તે. એવી ભક્તિના કેફથી ઊભરાતી બ્રહ્માનંદની પંક્તિ આસ્વાદ્ય છે :

*"રસબસ હોઈ રહી રસિયા સંગ, જયું મિસરી પયમાંહી ભળી હૈ."*

પરાભક્તિ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયે પ્રત્યક્ષ પ્રગટ ભક્તિ આવકારી છે. પ્રગટ ભક્તિ એટલે સાક્ષાત્ પ્રભુને પ્રત્યક્ષ રાખીને તેમના પ્રત્યે દર્શાવેલાં પ્રેમભાવ કિંવા સ્નેહમૂલક ભક્તિ. આવી પ્રગટ ભક્તિનો મહિમા, આમ તો, નરસિંહ, મીરાં અને દાયરામને પણ સમજાયો હતો. દયારામે કહ્યું છે કે :

*"તમારા હરિ સઘળે, અમારા તો એક સ્થળે,*

*તમો રીઝો ચાંદરણે, અમો રીઝુ ચંદ્ર મળે."*

*પ્રત્યક્ષ પાલક પરહરી, શીદ પથ્થરમાં શિર ફાંડીએ"*

આના જ સંદર્ભમાં કવિ બ્રહ્માનંદની જ્ઞાનભક્તિ સભર પંક્તિઓ પણ આસ્વાદવા જેવી છે.

*"વ્યાપક બ્રહ્મને કાંઈક વિચારે, જે તમ જેવા જોગી,*
*અમે તો ભોગીલાં આહિરડાં ભૂધરજીનાં ભોગી.*
*અમો વેપાર ન કરીએ ઉદ્ધવજી, આગલા ભવની ઉધાર રે*
*બ્રહ્માનંદ કહે હરિ જોઈએ, પ્રગટ પ્રમાણ અમારે રે."*

અવ્યક્તની ઉપાસનાના જ્ઞાન અને યોગના માર્ગ કરતાં પરમાત્માને સાકારી મૂર્તરૂપે ભજવાના ભક્તિમાર્ગને સંતોએ અને ભક્તજનોએ પ્રમાણરૂપ ગણ્યો છે અને પુરસ્કાર્યો છે તેની અહીં પ્રતીતિ થશે. આવી સાકારની ભક્તિ પ્રગટ કરી શકાય તેવું શ્રી સહજાનંદનું પ્રત્યક્ષ સ્વરૂપ આ કવિઓને પ્રાપ્ત થયું છે. આવા લાભ થાય તો જ પરમાત્માની રસદાન મૂર્તિનું આલેખન સુંદર રીતે થઈ શકે ને ! જુઓ કવિ મુકતાનંદની એ મુકત હૃદયની અનુભૂતિ :

*"રૂપ મિલ્યો ઘનશ્યામ છબીમેંહિ, ચૌદ ભવન અબ હો ગયે ખાલી*

## પ્રેમાનંદની વાણીના પણ એવા જ કાવ્યમય ઉદ્દ્ગાર :

*"રસિક સુંદરની રૂપ જાળમાં, ભૂરાયાં, થઈને ભરાણાં રે."*
*"રસિયાકે રૂપમે અટક થઈ અખિયાં."*

રસિક મૂર્તિ સાથે તેમને ગાઢ આત્મીયતા થઈ ગઈ છે. તેઓ શ્રીહરિને નિમંત્રે છે :

*"વ્હાલા આવોને કરીએ વાતલડી, તમને જોઈને ઠરે છે મારી છાતલડી."*

જાણે દયારામના પુરોગામીની જ આ વાણી !! આમ પ્રત્યક્ષ મૂર્તિ શ્રી સહજાનંદ પ્રત્યેની આ પ્રગાઢ પ્રીતિમાંથી સંતકવિઓની ભક્તિજવાળા પ્રગટી છે. એમાં ભળ્યું છે પ્રગટનું મહિમા સહિતનું જ્ઞાન, ઉપરાંત અનન્ય શરણાગતિનો ભાવ. પ્રથમ અવતરણની ભક્તિના લાડભર્યા ભાવવાળી પંક્તિઓ હૃદયને સ્પર્શી જાય છે :

*''કેસરિયા માને હો રખજ્યો રાજરો ગુલામ.*

*ચરણ પનૈયા ગ્રહી ડર આગે ઊભો રહું આઠું જામ.''*

નીચેની પંક્તિમાં કવિ પ્રેમાનંદની ભાવભક્તિની અનન્યતા દેખાય છે :

*''માધોજી મેરે તો તુમહી એક પાઉં ઘરનકો ઠિકાનો.''*

ત્રીજા પદમાં ભક્તિનો સમર્પણભાવ રહેલો છે :

*''મેં તો બિરુદ ભરોસે બહુનામી,*

*સેવા સુમિરન કછુ વે ન જાનુ, સુનિયો પરમ ગુરુ સ્વામી,*

*પ્રેમાનંદ કહે તારો કે મારો, સમરથ અંતરજામી.''*

આ પ્રમાણે સ્વામિનારાયણ સંપ્રદાયની ભક્તિમાં, આપણે જોઈ ગયા તેમ નિષ્કામ, સાકાર, પ્રગટ અને પ્રપતિ – આ ચારે ભાવો પ્રત્યક્ષ થાય છે જેના પેટાળમાં નવધાભક્તિ રહેલી છે. ભાગવતધર્મમાં અક્ષર અને પુરુષોત્તમનું પોતાનું દર્શન ઉમેરીને શ્રી સહજાનંદે ભક્તિનું એક અનેરું રાસાયણિક સ્વરૂપ ભક્તોને ધર્યું છે. એ સ્વરૂપ તેમનાં ભક્તકવિઓએ અનેક પદોમાં ઝીલ્યું છે. એ રીતે આ ધર્માચાર્યે ભક્તિમાર્ગે મધ્યકાળની જનતાને એક સાચો રાહ ચીંધ્યો છે. એ રાહમાં રહેલું સત્ય એટલું પ્રાણદાયી હતું કે આજે બસો વર્ષે તેમના એ કાર્યમાં અવગાહન કરવા માટે મન પ્રેરાય છે; એ અવગાહન કરતાં એક બીજી વાત પર ધ્યાન ખેંચાયા વિના નહીં રહે.

શ્રી સહજાનંદ પ્રમાણિત ભક્તિનો સ્વીકાર સંતકવિઓનાં જીવનમાં થયો હતો. એ સ્વીકારની બે ભૂમિકા તેમના જીવન અને કવનમાં જોવા મળે છે :

૧. પૂર્વ ભૂમિકા        ૨. ઉત્તર ભૂમિકા.

પૂર્વ ભૂમિકામાં કવિઓની ભક્તિ શ્રી સહજાનંદ પ્રત્યે કૃષ્ણરૂપે પ્રત્યક્ષ થાય છે. જ્યારે ઉત્તર ભૂમિકામાં એ ભક્તિ વિકાસ પામીને શ્રી સહજાનંદ પ્રત્યે પૂર્ણ પુરુષોત્તમ અવતારી રૂપનો ભાવ જાગે છે.

*''પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ.*

*એ તો રાધારમાના વર છે રે લોલ'' – પ્રેમાનંદ*

*"તારી નવલ છબી નંદલાલ રે, પ્રીતમ પ્યારા રે*
*હું તો નીરખીને થઈ છું નિહાલ રે, જીવન મારા રે" – બ્રહ્માનંદ*

ઉત્તર ભૂમિકાનાં પદો પણ આટલાં જ આટલાં જ આકર્ષક અને સુંદર દષ્ટાંતરૂપ છે : સંશયાતીત ભાવે વિવિધ કવિઓએ ગાયું છે કે :

*"ભ્રમણા ભાંગી રે હો હૈયાની, નથી વાત કેને કહ્યાની :*
*મહારસ મુજને આપ્યો રે, સંશય ભરમ સમૂળો કાપ્યો."*
*"મુને લાગો રે હરિવરથી નેડો, સાહયો સહજાનંદ સ્વામીનો છેડો,*
*નેડો લાગ્યો રે હવે નવ છૂટે, જેમ હીરો તે ફોડતાં કદિ નવ ફૂટે*
*હું તો વળગી રે હરિવરની બેલી, જેમ કલ્પતરૂ સાથે વેલી."*
*"મુને મળિયા રે પુરુષોત્તમરાય રોકયો કેનો નહીં રહું."*

'એક વાત સુણો વ્રજવાસી રે' એ કવિ બ્રહ્માનંદનું પદ એ સમયમાં બ્રહ્માનંદની 'પુરુષોત્તમની સમજણનું કીર્તન' એ નામે ઓળખાતું હતું અને આ કીર્તન સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસનાનું કીર્તન ગણાય છે. એમ કવીશ્વર દલપતરામભાઈએ પોતાની નોંધબુકમાં લખ્યું છે. શ્રી સહજાનદે પણ આ કીર્તન રચનાર પ્રત્યે પ્રસન્નતા દાખવી હતી અને કીર્તનના ખરડાઓ લખાવી લઈ સહુને તે શીખવાનું સૂચન કર્યુ હતું.

આવાં અનેક પદોમાં ઈષ્ટ આરાધ્યદેવ શ્રી સહજાનંદ પરત્વે પૂર્ણ પુરુષોત્તમ અવતારી રૂપેનો નિશ્ચય પ્રત્યક્ષ થાય છે. જેમાં પ્રાપ્તિના આનંદની ઊર્મિ, કેફ અને અલમસ્તાઈના સૂર ઘૂઘવાટા કરે છે :

*"સહજાનંદ સિંધુ રે, આજે મારે ઉલટયા રે;*
*કંગાલપણું બાઈ મારું કાઢિયું રે,*
*દૂર કીધું દાલિદર ને દુઃખ."*
*"કોણ જાણે આ કેમ થયું આવ્યું અણચિંતવ્યું સુખઃ*
*ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ."*

લાભ કરાવ્યાની વાત કવિએ કેવી તળપદી, બૈરક ભાવની 1જુ છટાએ છતાં હૃદયસભર ભાવની ભંગીમાં કરી છે.

કાવ્યદષ્ટિએ ઉત્તમ ઠરે એવી છતાં સ્વામિનારાયણ સંપ્રદાયનું જેમાં હીર ભર્યુ છે એવાં કવિ નિષ્કુળાનંદના છલકાઈ જતાં ભક્તિભાવની કેટલીક પંક્તિઓ :

*"આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ, પુરુષોત્તમ પ્રગટી રે*
*કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ, પુરુષોત્તમ પ્રગટી રે*
*નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત, પુરુષોત્તમ પ્રગટી રે*
*ખાતા વળાવ્યાં ખોટયનાં રે, ખરી કરાવી છે ખાટય, પુરુષોત્તમ પ્રગટી રે*
*અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજા ઝાંકળ, પુરુષોત્તમ પ્રગટી રે*
*પૂર ચાલ્યાં પૃથ્વી પરે રે, ધોયાં ધરતીનાં મળ, પુરુષોત્તમ પ્રગટી રે*
*દુર્બળના દુઃખ કાપિથા રે, ન જોઈ જાત કજાત્ય, પુરુષોત્તમ પ્રગટી રે*

**સમાપન :**

જે સમયમાં અને જે ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિમાં સ્વામી સહજાનંદ સૌરાષ્ટ્ર – ગુજરાતમાં આવ્યાં અને ગુજરાતનાં સમાજમાં શુદ્ધ આચરણ અને ધર્મશુદ્ધિ માટે નવસંચાર કર્યો તે ગુજરાતનું સદ્‌ભાગ્ય છે. લોકહૃદયને ભક્તિની જ વિશેષ અસર થાય છે અને તે ભક્તિની સંજીવની શ્રીજી મહારાજે ગુજરાતી સમાજમાં છાંટી. આને લીધે જે અંધાધૂંધી પ્રવર્તતી હતી તેમાં સ્વસ્થતા અને સ્વચ્છતા આવી. કવિ ન્હાનાલાલે તેથી જ કહ્યું છે :

*"સ્વામી શ્રી સહજાનન્દે વર્ષાવી ધર્મવાદળી*
*ભાંગી પાળો સમારી, ને છાંટી સંસારનિર્મળી."*

એટલું જ નહીં પણ તેનું વિવરણ કરતાં કહ્યું છે : "ભાંગ, ગાંજો, તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીનાં જીવન નિર્માદક કીધાં; રંગીલાં તુંબડાં ફોડાવી શ્રીજીએ સન્તોને નિર્મોહી કીધાં પંચ વર્તમાન ધરાવીને સાંપ્રદાયિકોને આચારશુદ્ધ કીધાં, શિક્ષાપત્રી આપી

વ્યવહારશુદ્ધ કીધાં, વચનામૃતો સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધાં, પ્રેમભક્તિ વરસાવી અન્તર્શુદ્ધ કીધાં. પર્વો, ઉત્સવો, સમૈયા ઉજવાવી જનતામાં ઉત્સાહ ઊભરાવ્યો....."

સ્વામિનારાયણ ધર્મનો જ્ઞાનમાર્ગ નથી, ભક્તિમાર્ગ છે. રામાનુજના વિશિષ્ટાદ્વૈતને અનુસરી ભક્તિમાર્ગ બનાવ્યો અને પ્રેમલક્ષણા ભક્તિમાંથી વિલાસનાં તત્ત્વો ગાળી નાંખ્યાં. લોકોના વ્યવહાર શુદ્ધ કરવામાં સ્વામિનારાયણ સંપ્રદાયે ગુજરાતની અમૂલ્ય સંસ્કાર – સેવા કરી છે. ભક્તિમાર્ગને પ્રેરક બનાવવામાં સંત કવિઓનો અમૂલ્ય ફાળો છે અને ભક્તિનું પોષણ કરવામાં અને સંપ્રદાયનો પ્રસાર અને પુષ્ટિ કરવામાં સંતકવિઓએ સૌથી મોટો ભાગ ભજવ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયનાં કવિઓની રચનાએ લોકહૃદય ઉપર ઊંડી અસર કરી છે અને સંપ્રદાયનો પ્રસાર કરવામાં સંતકવિઓનાં કાવ્યો પ્રેરક બન્યાં છે. સહજાનંદ સ્વામી અક્ષરથી પર એવા પુરુષોત્તમ તરીકે અવતર્યા છે એવી સાંપ્રદાયિક શ્રદ્ધા દૃઢ બની છે એટલે સંતકવિઓનાં પદોમાં, ભજનમાં, કીર્તનમાં ભક્તિ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા અને સદાચરણનો બોધ વ્યક્ત થયો છે. ભક્તજનનાં હૃદયમાંથી વહેતી વાણીમાં સ્વયંસ્ફૂર્ત કલા આવી છે તેની સાક્ષી સંતકવિઓની કાવ્યરચના પૂરે છે.[૧૬] શ્રીજીએ પોતે પોતાના અક્ષરધામને વર્ણવતાં ગાયું છે :

*બોલ્યા શ્રી હરિ રે, સાંભળો, નરનારી હરિજન !*
*મારે એક વારતા રે સહુને સંભળાવ્યાનું મન,*
*મારું ધામ છે રે અક્ષર અમૃત એનું નામ,*
*સર્વે સામ્રથી રે, શક્તિગુણે કરી અભિરામ.*
*અતિ તેજોમયી રે, રવિશશી કોટિક વારણે જાય,*
*શીતળ શાન્ત છે રે, તેજની ઉપમા નવ દેવાય.*
*તેમાં હું રહું રે, દ્વિભુજ, દિવ્ય, સદા સાકાર;*
*દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર.*

સ્વામિનારાયણ સંપ્રદાયના લગભગ બધા જ સંતકવિઓએ સ્વામી સહજાનંદની લીલાને વર્ણવી છે, તેમની મૂર્તિનું વર્ણન–ભજન કર્યું છે. તે સ્વાભાવિક પણ છે. કવિ

ન્હાનાલાલે યોગ્ય જ કહ્યું છે : 'સ્વામિનારાયણ ફિલસૂફી કરતાં સ્વામિનારાયણ સદ્ધર્મપ્રણાલિકાઓએ, એમના બ્રહ્મચર્યે, એમના સદ્‌ગુરુઓએ, એમનાં સંતકવિવરોએ સંપ્રદાયને ઘડયો અને પ્રવર્તાવ્યો છે.' અથવા સુદઢ ભક્તિભાવે કેટલાંકના હૃદયોમાં કાવ્યસરવાણીઓ વહેવડાવી છે અને પરિણામે કવિઓ – સંતકવિઓ બન્યા છે એમ પણ કહી શકાય.

જામનગર તાલુકાના ગામ કેશિયાના કડિયા રૂપજી રામજી હતાં. એક વાર મૂળીએ ગયાં, સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભળ્યા અને ભૂમાનંદ સ્વામી બની ગયાં. દલપતરામને પણ સત્સંગમાં લાવવાનું પુણ્ય કાર્ય ભૂમાનંદ સ્વામીએ કર્યું હતું. દલપતરામનો પ્રશ્ન હતો : "ઈશ્વરને અવતાર ધરવાનું કારણ શું ? વગર અવતાર ધર્યે તે પોતાનું કાર્ય ન કરી શકે ? અમારાં આગળનાં ધર્મશાસ્ત્રો શું ખોટાં ?" ભૂમાનંદ સ્વામીએ આ પ્રશ્ન–પ્રશ્નોનો જવાબ આપતાં કહ્યું : "ભગવાનની ભાષા મૌનની છે. એ કદી બોલતા નથી... 1ષિમુનિના અંતરમાં ભગવાન બોલે છે, તોયે પડદાની વાતુ પડદા પાછળથી બોલે છે. કેટલાયે કળાઅવતાર થયા, અંશાવતાર થયા. શ્રી કૃષ્ણ પૂર્ણાવતાર હતાં. આ તો (સહજાનંદ સ્વામી) અવતારોના અવતારી આંગણે આવ્યા છે. અગમ્યને અને અગોચરને ઓળખાવવાને ભગવાન અવતરે છે.

શ્રીજી મહારાજની ભક્તિના પ્રબળ ભાવે ભૂમાનંદ સ્વામી કવિ બને, સંતકવિ બને તેમાં શું આશ્ચર્ય ? તેમણે ગાયું :

*આદિત્ય સમ ઉદય થયા સ્વામી સહજાનંદ,*
*અજ્ઞાનતિમિર ટાળવા, લઈ મુનિઓનાં વૃન્દ.*
*સતસંગ ચારે ખૂણમાં કરાવ્યો, કાઢી કુસંગ;*
*સતજુગ સમ ધર્મ સ્થાપિયો, કરી કાળનો ભંગ.*
*જીવ જઈ જેની ઓળખે જીત્યા જુલમી કામ ;*
*એ રે એંધાણીએ ઓળખો ભૂમાનંદનો શ્યામ.*

આવી રીતે બ્રહ્માનંદ, દેવાનંદ, પ્રેમાનંદ (પ્રેમસખી), મંજુકેશાનંદ, દયાનંદ આદિ સંતકવિઓએ શ્રીજી મહારાજની આબેહૂબ છબી કાવ્યાત્મક શબ્દોમાં આલેખી છે. કવિ દલપતરામનાં કાવ્યગુરુ દેવાનંદ સ્વામીએ ગાયું છે :

*શોભી છબી ઘનશામની રે, ભાળી વાધે છે ભાવ,*
*જનમ સુફળ થયો જોઈને, હાં રે નવ જોબન નાવ....* ૧
*માથે સોનેરી મોળિયું રે, કાજુ સોનેરી કોર,*
*પેચ ઝુકેલાં પંપણ્યે, હાં રે સખિ નવલકિશોર .....* ૨
*કુંડર જડેલાં મોતીએ રે, માનુ મીન સમાન*
*ભાલ તિલક સોહામણું, હાં રે ભીને વા'લાનો વાન ....* ૩
*અતિ અણિયારી આંખડી રે, વાંકી ભ્રકુટિ શામ,*
*દેવાનંદ કહે દિલ રાખશું, હાં રે દોયલી વેળાનું દામ ....૪*

ભક્તવત્સલ શ્રીજી મહારાજ પોતાના ભક્તોને જમાડતાં તેનું પણ કેવું સુરેખ ચિત્ર દોરે છે !

*સલોણી છબિ સહજાનંદ સુખદાઈ, લાડુ પીરસે પગંતમેં જાઈ ...* ૧
*ખભા પર આડો ખેસ બાંધીને, જોતાં રહે જન લલચાઈ....* ૨
*નિજ દાસને સંગ હાસ કરી કરી, જોરાવરી શું જમાઈ ....* ૩
*દેવાનંદકો નાથ દયાળુ, હસી હસી હેત જણાઈ .....* ૪

એક વસ્તુ સ્વામિનારાયણ સંપ્રદાય વિશે નોંધપાત્ર છે : શ્રીજીએ પ્રબોધેલા ભક્તિસંપ્રદાયમાં વૈરાગ્ય છે, સંયમ અને શિસ્ત છે. પરંતુ સૌંદર્યાભિરુચિ તેમાં અંતર્હિત થયેલી જ છે. સંગીત અને સાજ એ ભક્તિગીતોમાં કે કીર્તનમાં કેન્દ્રસ્થાને છે. દેવાનંદ તો કુશળ સંગીતજ્ઞ અને ગાયક હતાં અને ગાયકવાડ સરકારનાં સંગીતકારોની વચ્ચે ગાવાનું થયું ત્યારે તેમની અનોખી સંગીતશૈલીથી સૌને આશ્ચર્ય થયું હતું. પ્રેમસખીનું સંગીત તો ભલભલાને આશ્ચર્ય પમાડે તેવું હતું. બ્રહ્માનંદ આદિ સંતકવિઓ કુશળ સંગીતકાર હતાં. સ્વામિનારાયણનાં મંદિરોમાં, સમૈયા કે ઉત્સવોમાં સૌન્દર્યની ઉચ્ચ અભિરુચિ વ્યક્ત થાય જ છે.

સાંપ્રદાયિકતાથી પર અને સાંપ્રદાયિકતા સાથે ભારતીય સંસ્કૃતિનું સંવાદી ઝરણું એકરૂપ બને તેવો સંતહૃદયનો સજીવ ધબકાર સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓનાં ભક્તિકાવ્યમાં સંભળાય છે. એટલે જ આ સંતકવિઓનાં પદો સમગ્ર ગુજરાતી સમાજનું ભક્તિધન બન્યું છે. ગાંધીજીની 'આશ્રમ ભજનાવલિ' માં નિષ્કુળાનંદ, મુકતાનંદ કે બ્રહ્માનંદ જેવા સંતકવિઓનાં ભજનો છે તે દર્શાવે છે કે નરસિંહ, મીરાં, ધીરો, ભોજો આદિ સંતવાણીમાં તેમનાં સંવાદી ભક્તિસૂરો સહજ એકરૂપ બની જાય છે. કયાંક તો સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓને પ્રેરણાસ્ત્રોત પણ તેમાંથી મળ્યો છે. ટૂંકમાં કહીએ તો સંપ્રદાયના દ્વારમાંથી વહેતાં ભક્તિજળો સંતકવિની નદીમાં એવાં એકરૂપ બને છે કે જરાયે ભેદરેખા નજરે પડતી નથી. પ્રેમલક્ષણા ભક્તિના સૂર અન્ય સંતકવિઓની માફક મુકતાનંદમાં સંભળાય છે :

*પ્રથમ દેખાડીને અમૃત અમને, પાયું છે વિખવારિ,*
*મુકતાનંદને વહાલે ગોપી સર્વે, વણમોતે મારી.*

કૃષ્ણલીલાનાં ગીતોમાં મુકતાનંદની ભક્તિ અને કાવ્યનો સંવાદ મનોહર બન્યો છે. ઉદ્ધવગીતાના એક પદમાં તેમણે ગાયું છે :

*ઉદ્ધવજી અમે અધિક ભોળાં, જાણ્યું નહિ છળ લેશ,*
*મન કર્મ વચને માનિયો, કપટી તેણો ઉપદેશ.*
*પારધિ જેમ કુરંગને, સુંદર સુણાવે નાદ,*
*પછી એ મારે બાણ તનમાં, એવો મળ્યો રસસ્વાદ.*

તો દેવાનંદનું અત્યંત લોકપ્રિય બનેલું પદ ગવાય છે :

*સાચું સગપણ રે, સમજ નર શ્યામ તણું,*
*બાકી સહુ જૂઠું રે, કશું નથી કામ તણું ....*

પ્રેમાનંદ સ્વામી અનોખા સંગીતકાર હતાં. તેમનાં પદો અને ગીતોમાં માત્ર સંગીતના સૂરો નહોતા. તેમાં આત્માનો ભાવરણકાર હતો તેથી તે ખૂબ લોકપ્રિય બન્યાં. આવાં હૃદયસ્પર્શી પદોએ સત્સંગીઓનો ભક્તિભાવ પોષ્યો છે. સંગીતશોખીન જૂનાગઢના

નવાબે પણ તેમના ઉસ્તાદોને કહ્યું હતું : "પહેલાં તમે સ્વામિનારાયણના ફકીર પ્રેમાનંદનાં કીર્તનો સાંભળો, પછી મને સંભળાવજો; કારણ કે એમનું સંગીત રૂહાની (આત્માનું) છે."

પોતાનાં એક લાક્ષણિક પદમાં તેમણે ગાયું છે :

*નેણામાં રાખું રે નેણાંમાં રાખું રે !*
*છેલછબીલાજીની મૂર્તિ ઉપર*
*હાં રે મારા પ્રાણ વારી વારી નાખું રે ...*
*પ્રાણજીવન તમ પાસે રહ્યાનું,*
*હાં રે મને વચન દીધું છે વે'લું રે ...*

* * *

*જાવાનું તમે નામ લિયો તો,*
*હાં રે પ્રેમાનંદોના સમ છે માવા રે ....*

આ ઉપરાંત દયાનંદ અને મંજુકેશાનંદે પણ સુંદર પદો રચ્યાં છે. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંતકવિઓએ ભક્તિસાહિત્યનો પ્રવાહ વહેતો રાખ્યો છે. એટલું જ નહીં પણ પુષ્ટ કર્યો છે. ગુજરાતી ભક્તિસાહિત્યની સમૃદ્ધિ વધારવામાં સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓનો અનોખો અને વિશિષ્ટ ફાળો છે. લોકહૃદયને સ્પર્શે તેવી કોઈક વાર તળપદી ભાષાનો સમુચિત ઉપયોગ કર્યો છે, સંગીતના મધુર સૂરોથી લોકજીભે ચડી જાય તેવાં ભાવનીતરનાં પદો અને કીર્તનો આ કવિઓએ રચ્યાં છે. હિંદી મિશ્રિત ભાષા અને ચારણી ઢબની લઢણે રસભરી ભાત પાડી છે અને કવિત્વનાં સ્વાભાવિક તેજથી આ સંતકવિઓની રચના દીપી ઊઠે છે.

## સ્વામિનારાયણ સંતસાહિત્યનો સાહિત્ય અભિગમ સંદર્ભે વિચાર

વેદ અને ઉપનિષદ, રામાયણ, મહાભારત, તદન્તગર્ત ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત અને અન્ય પુરાણો – આ બધું સાહિત્ય ન હોત; જીવ–જગત અને બ્રહ્મના સ્વરૂપ–સંબંધની તલસ્પર્શી મીમાંસા કરતી દાર્શનિકોની – શંકરાચાર્ય રામાનુજાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય આદિ સાંપ્રદાયિક આચાર્યોની તેજસ્વી હારમાળા

ન હોત; દક્ષિણના બાર આલવારો, જ્ઞાનેશ્વર, નામદેવ, તુકારામ, રામાનંદ, કબીર, રૈદાસ, નાનક, સૂરદાસ, તુલસીદાસ, ચૈતન્ય મહપ્રભુ – આવા આવા અનેક સંત મહાત્માઓની જ્ઞાનવૈરાગ્ય અને ભક્તિની – કૃષ્ણ, રામ, શિવ અને શક્તિની ભક્તિની ઉજ્જવલ અવિચ્છિન્ન પરંપરા ન હોત તો આપણે ત્યાં નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, દયારામ સુધીની મધ્યકાલીન સાહિત્યિક પરિસ્થિતિ – એ સાહિત્યની ગતિદિશા જેવી છે તેવી હોત ખરી ? અને આપણે ત્યાં નરસિંહ, મીરાં, અખો, પ્રીતમ, ધીરો વગેરે કવિઓની જે કવિતા – પરંપરા છે તે ન હોત તો સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓની જે કવિતાપરંપરા જોવા મળે છે તે હોત ખરી ? જેમ મધ્યકાલીન જૈન સાહિત્ય તેમ જૈનેતર સાહિત્ય પણ મહદંશે ધર્મની સંપ્રદાયોની આબોહવામાં ઉછર્યું છે – વિકાસ પામ્યું છે. જે એક અખિલ ભારતીય ધાર્મિક–સાંસ્કૃતિક પરંપરા, તેની સાથે અંતરતમ સંબંધ આપણા મધ્યકાલીન સાહિત્યકારોએ – સંસ્કારનેતાઓએ સહજભાવે જાળવ્યો છે. રામાનુજાચાર્યની કામગીરી હોય કે કબીરની, વલ્લભાચાર્યની કામગીરી હોય છે કે સ્વામી સહજાનંદની, એમની કામગીરીનું મૂળભૂત પ્રેરણાકેન્દ્ર – ચેતનાકેન્દ્ર એક જ જણાય છે. અખો ભલે કેવલાદ્વૈતમાં માનનારો હોય અને નિષ્કુળાનંદ ભલે સ્વામિનારાયણમાન્ય રામાનુજી મતમાં માનનાર હોય – એમની વચ્ચે એક ગાઢ ને ગૂઢ સંવાદ–સંબંધ પ્રવતર્તો જોઈ શકાય એમ છે. જે વૈરાગ્ય આદિ જીવનમૂલ્યોનો તેઓ પુરસ્કાર ને પ્રચાર કરે છે તેમાં ઊભયની સહમતી–સંમતિ સિદ્ધ રૂપે જોઈ શકાય. નરસિંહ મહેતા હોય કે પ્રેમસખી હોય, એમની વચ્ચેય આત્મીયતાનો એક મધુર સંબંધ જોવા ઈચ્છનાર સહેલાઈથી તે જોઈ શકશે. બંને એક જ સંસ્કૃતિનું કાર્ય કરે છે, બંને એક શ્રેયસ્સાધક સંસ્કાર પરંપરા માટે જ જીવન અને કવનમાં મથતા જણાય છે. આ પ્રકારનું આ કવિઓ વચ્ચેનું જે અંતરમ સામ્ય છે તે જ એમની વ્યાપક માન્યતા માટેની એક બળવાન ભૂમિકા બની રહે છે.

સ્વામી સહજાનંદનું જીવનકાર્ય ભલે ચમત્કારરૂપ લાગે, પરંતુ તે આપણી એક સુદીર્ઘ ધર્મ–સંસ્કારની જે પરંપરા, તેનાં જ એક સ્વાભાવિક પરિપાકરૂપ લાગે છે. તેમનું સંપ્રદાયમાન્ય અવતારકાર્ય તેમના યુગકાર્યનો જ અર્થ સૂચવે છે. કયાં અયોધ્યાનું છપૈયા ગામ ને કયાં સૌરાષ્ટ્રનું લોજ ગામ ? ૧૮ વર્ષનો હિન્દી ભાષી નવજુવાન ફરતો ફરતો

સૌરાષ્ટ્રમાં આવે, રામાનંદની પાસે ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષા લે અને 'સહજાનંદ' બને, અહીંની જ લોકભાષામાં સ્વાનુભવનાં સત્યો ઉચ્ચારે અને તે રીતે ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો 'ગુર્જરી જનતાને સંસાર નિર્મળી છાંટી' અને 'બ્રહ્મભીની' કરે. એક વિચક્ષણ ધર્મસંસ્થાપકની પ્રતિભાશક્તિથી પોતાની આસપાસના અનેકને એવા તો પ્રભાવિત કરી રહે કે સૌને એમનામાં સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ દર્શાય. આ પણ કંઈ ઓછા વિસ્મયની વાત નથી. જે ધર્મસંસ્કારની પરંપરા સહજાનંદ દ્વારા એમના શિષ્યો – ભક્તો સુધી વિસ્તરી એણે સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યને એવો રંગ, એવું રૂપ બક્ષ્યાં કે એ સાહિત્યમાંથી કેટલુંક સાંપ્રદાયિક રહીનેય બિનસાંપ્રદાયિક ભાવકો સુધી પહોંચ્યું ; એણે જ્ઞાન–ભક્તિ ને વૈરાગ્યનો વાવટો – કહો કે ત્રિરંગો મુક્તપણે લહેરાવ્યો. સહજાનંદે નવું આપવાનો દાવો ન કર્યો, પણ સાચું ને શુદ્ધ આપવાનો દાવો જરૂર કર્યો. એમણે તત્કાલીન પરિસ્થિતિના સંદર્ભમાં આચાર – વિચારની એક સંયમપૂત પ્રણાલી ઊભી કરી; શીલ અને સદાચારના વિકાસ તરફ સૌને અભિમુખ કર્યા; આત્મશુદ્ધિ દ્વારા આત્મસાક્ષાત્કાર તરફ સૌને પ્રેરવાનું ઉમદા કાર્ય કર્યું; તેમણે પંચમહાવ્રત ચીંધ્યાં, બ્રહ્મચર્યનો મહિમા કર્યો અને તે સાથે જ સાત્ત્વિક જીવનનાં આદર્શો ચીંધ્યાં. તેમણે અનોખી રીતે તત્કાલીન વાસ્તવિક પરિસ્થિતિનાં સંદર્ભમાં અધ્યાત્મભાવના અને વ્યવહાર – નીતિનો મેળ કર્યો. તેમણે ધર્મનાં ઉદાત્ત રહસ્યોને સમાજના નીચલામાં નીચલા થર સુધી લઈ જવાનું ઉમદા કર્તવ્ય અદા કર્યું અને એ રીતે ધર્મની ગતિને વધુ સતેજ ને સચોટ કરી. એમના આ કાર્યપ્રમાણે હેન્રી જયોર્જ બર્જેસ, બાઉબેલ્સ, પ્રો. પ્રિન્સ હોપકીન્સ, સર જહોન માલ્કમ આદિ અનેક આકર્ષાયા તો પછી એમના અંતેવાસીઓની તો વાત જ શી ? સહજાનંદથી ઉંમરમાં જયેષ્ઠ એવા ગુરુબંધુ મુકતાનંદે એમને અનુલક્ષીને 'ધર્માખ્યાન' લખ્યું, બ્રહ્માનંદે 'ધનશ્યામાષ્ટક' ને બીજાં અનેક સુંદર પદો વગેરેમાં એમનું મહિમાગાન કર્યું. નિષ્કુળાનંદે 'પુરુષોત્તમપ્રકાશ', 'ભક્તચિંતામણિ' આદિ ગ્રંથોમાં સહજાનંદનું ચિત્રાત્મક રીતે લીલાગાન કર્યું. પ્રેમાનંદ, દેવાનંદ વગેરે અનેક સંતકવિઓએ એમની સાથેના પોતાના ભક્તિભાવભર્યા સંબંધનું ગાન કર્યું. પ્રેમાનંદના 'સજની શ્રીજી મુજને સાંભર્યા રે' પદમાંની મર્મવેધક ભાવાનુભૂતિ કોને સ્પર્શી નથી ? સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક સાધુ

કવિઓ—લેખકોએ પોતાની વિદ્વતાને, પોતાની વાક્શક્તિને સાંપ્રદાયિક સેવામાં યોજી, બ્રહ્માનંદે 'મેં ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજૂર' એમ કહેવામાં કૃતાર્થતા અનુભવી. પ્રેમસખીએ પણ મનને કરતાલ અને તનને તંબૂરો બનાવી પ્રભુના સાજ બનવાની અભિપ્સા સેવી. કદાચ આવા બધા સંદર્ભોએ જ કવિ ન્હાનાલાલને એમ કહેવા પ્રેર્યા હશે કે 'સંતો શ્રીજીનાં સાજ હતાં, ને શ્રીજી કીર્તન હતાં.' સ્વામી સહજાનંદે તો 'આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે' કહી પોતાની વાણીની સાથે સાથે વાક્શક્તિનીયે આત્મવિશ્વાસપૂર્વક પ્રતિષ્ઠા કરી હતી. તેમની પાસે જે વાક્શક્તિધરો આવ્યાં તેમની વાક્શક્તિને તેમણે કુંઠિત કરી એમ તો કેમ કહી શકાય ? એમની વાક્શક્તિનો સંપ્રદાયને લાભ મળે એ એમણે ઈષ્ટ ગણ્યું જરૂર. એમની આસપાસના અનેક સંતકવિઓએ સાંપ્રદાયિક ગ્રંથો રચવામાંયે પોતાની કવિધર્મની સાર્થકતા પ્રતીત કરી. 'બ્રહ્મસૂત્રભાષ્ય', 'નિર્ણયપંચક', 'સત્સંગિજીવનમાહાત્મ્ય', 'પંચરત્ન', 'વિવેકચિંતામણી', 'કપિલગીતા' વગેરે કૃતિઓ આપનારા મુકતાનંદ; 'ઉપદેશચિંતામણિ', 'બ્રહ્મવિલાસ', 'શ્રીસુમતિપ્રકાશ', 'વર્તમાનવિવેક', 'સંપ્રદાયદીપ' વગેરે કૃતિઓ આપનાર બ્રહ્માનંદ; 'યમદંડ', 'ધીરજાખ્યાન', 'શિક્ષાપત્રી ભાષા', 'સારસિદ્ધિ', 'ભક્તિનિધિ' વગેરે કૃતિઓ આપનારા નિષ્કુળાનંદ; 'હરિચરિત્રામૃત', 'વિવેકસાર' વગેરે આપનારા પ્રેમાનંદ, અને આ રીતે તો બીજા અનેક કવિઓ વિદ્વાનોએ સાંપ્રદાયિક સાહિત્યને સમૃદ્ધ કરવા પ્રયત્ન કર્યો. ગોપાળાનંદ, નિત્યાનંદ, ગુણાતીતાનંદ, શુકાનંદ, શતાનંદ, બ્રહ્મચારી અચિત્યાનંદ, યોગાનંદ, ભોમાનંદ, દયાનંદ, મંજુકેશાનંદ, વાસુદેવાનંદ, આધારાનંદ, ચૈતન્યાનંદ વગેરેએ ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત ત્રણેય ભાષાઓ દ્વારા સાંપ્રદાયિક સાહિત્યનો વિકાસ સાધવા પુરુષાર્થ ચલાવ્યો. આ સાંપ્રદાયિક સાહિત્યની ભૂમિકા દેખીતી રીતે અમુક મર્યાદાઓવાળી તો હોવાની. આમ છતાં સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક કવિઓ – શાસ્ત્રકારોનું કાર્ય ગુજરાતીને તો ખરું જ, હિન્દી વગેરે ભાષાઓનેય ઉપયોગી થયું છે. આ કવિઓનો હિન્દી પ્રત્યેનો વ્યવહાર અત્યંત સમુદારતાવાળો અને સ્વાભાવિકતાવાળો વરતાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મધ્યકાલીન પ્રમુખ કવિઓનો મોટો વર્ગ કેટલાંક અપવાદો બાદ કરતાં સાધુ–બ્રહ્મચારીઓનો છે. તેઓ હાડે સંતો છે. તેમનું જેવું જીવન છે એવું જ એમનું કવન છે. એમની વાણી એમની ભક્તિસાધનાનું સાધન બનીને આવે છે. નવધા ભક્તિમાંના સ્મરણ, કીર્તન, શ્રવણ જેવા ભક્તિપ્રકારોની ઉપાસનામાં વાણી સહેજેય સહાયક થાય. આ કવિઓ – જેમાં બ્રહ્માનંદ, પ્રેમાનંદ વગેરે તો સમર્થ વાગ્ગેયકારો જણાય છે – કવિયશઃ પ્રાર્થી કરતાં પ્રભુપદપ્રાર્થી જ વિશેષ હતાં. તેમણે સામાન્યપણે સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન ઉપરાંત, રાધાકૃષ્ણલીલા, સહજાનંદલીલા, સાંપ્રદાયિક તીર્થો – પ્રસંગો, સદ્‌ગુરુ ને સંતમહિમા તથા જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યબોધને જ કાવ્યવિષય તરીકે લઈને ચાલ્યા. તેમને નવું કહેવાનો કે નવી રીતે કશું પ્રેયસ્કર કહેવાનો અભરખો હતો એ કરતાં સાચી રીતે ને સાત્ત્વિક ભાવે જે કંઈ શ્રેયસ્કર હોય તે કહેવાનો ઉમળકો હતો એમ કહેવું વધારે યોગ્ય છે. એકની એક વાત ફરી ફરીને કહેવાય – શબ્દાંતરે કહેવાય એની એમને ચિંતા નહોતી, એ પ્રતીતિપૂર્વક, શ્રદ્ધાપૂર્વક કહેવાય એ વાત જ મહત્ત્વની હતી. આ કલિકાલમાં કીર્તનભક્તિનો – નામસ્મરણનો મહિમા અપરંપાર હોવા વિશે આ કવિઓના મનમાં કશો અંદેશો નહોતો. આ કવિઓ હતા જે શુકન–અપશુકનમાં, ભૂત–પ્રેતની સૃષ્ટિમાં, સ્વર્ગને નરકમાં, કર્મફળ ને પુનર્જન્મનો સિદ્ધાંત સાચો હોવામાં માનતા હતા. તેમણે જીવનની ક્ષણભંગુરતા સામે હારવું નહોતું ને તેથી જે તેમણે જે તત્ત્વે અમરતાની પ્રતીતિ થાય એ તત્ત્વને વળગી રહેવાનો આગ્રહ સેવ્યો ને પ્રબોધ્યો. તેમણે પોતાનું મૂળ તપાસી જોવાની નરસિંહ–કથી વાત જ ફરી ફરીને કહી. તેમણે કામ, મોહ, મદ વગેરેમાં ખોવાઈ જતાં જીવને ચાબખા મારવાની ભોજાના જેવી રીતે પણ અપનાવી. જરા, વ્યાધિ ને મરણનાં ભયનાં – યમદંડનાં બિહામણાં ચિત્રો પણ આલેખ્યાં. તેમણે આ રીતે શબ્દ દ્વારા અંતરના અંગારા પર ચઢેલી રાખ ઉરાડવાના નિષ્ઠાભર્યા પ્રયાસો કર્યા. આ પ્રયાસો કરતાં કાવ્યતત્ત્વ–કલાતત્ત્વ જળવાયું કે નહિ એની એમણે ચિંતા ન કરી. તેઓ ભાષાને વળગી રહી શકે એવા સમર્થ છતાં, ભાષાની રમતમાં ઠીક ઠીક કાબેલ છતાં, પોતાની સીધી નિસબત તો ભવના રણમાં જીતવા અંગેની જ હોવાનું અખાની રીતે માની લીધું. તેથી જ બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ

વગેરે અનેક રીતે પિંગળભાષા વગેરેમાં પ્રભુત્વ ધરાવનારા હોવા છતાં, કાવ્યકળાના કસબમાં સારી રીતે નિપુણ હોવા છતાં, તેમણે વધારે ગૌરવ તો કાવ્ય દ્વારા પોતાને જે સાંપ્રદાયિક – ધાર્મિક લક્ષ્યો સિદ્ધ કરવાં હતાં તેમનું જ કર્યું, આ કવિઓને માટે વિષય જુઓ તો એક જ હતો ધર્મનો – ધર્મનેઅનુષંગે જે કંઈ આવે તેનો. જેમ 'કાના બિન ગાના નહિ' કહેવાતું તેમ આ કવિઓ માટે ધર્મ વિના કવિકર્મ નહોતું. તેઓ તો દેવાનંદ કહે છે તેમ, અનુભવની આંખ ઉઘાડી ચિંતામણિરૂપ જીવનને જોવા નીકળેલા હતા. શબ્દમાંનો એમનો રસ શબ્દબ્રહ્મ સુધી પહોંચવા માટેનો હતો. પરંતુ શબ્દનો તો એમણે માત્ર ટેકો જ લીધો, શબ્દરૂપે જ પોતાને પામવા સુધીની એમની સાધના એકાગ્ર રહી નહીં. તેમની એકાગ્રતા તો હતી સહજાનંદ પ્રબોધ્યા ધર્મતત્ત્વમાં. તેમના માટે વાગ્વિલાસ સુકર હતો, પણ ઈષ્ટ તો હતો બ્રહ્મવિલાસ. તેઓ શબ્દનીયે ગરજ ન પડે એવા પ્રકારની અલૌકિક અનુભૂતિના ઉપાસકો બની ગયા હતાં. આમ છતાં આ કવિઓના કવનકાળમાં એવી ભૂમિકાઓ જરૂર આવી છે જયારે એમનું સર્વસ્વ શબ્દમાં ઠીક ઠીક એકાગ્રતાએ પ્રગટ થઈ શકયું હોય. એવાં અનેક સુંદર પદો બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ પાસેથી મળ્યાં છે જે એ સંપ્રદાયની જ નહીં સમસ્ય ગુજરાતી ભાષા કવિતારસિક જનતાની કિંમતી મૂડી બની રહે. દા.ત., 'આ તન રંગ પતંગ સરીખો', 'રે શિર સાટે નટવરને વરીએ', 'રે સગપણ હરિવરનું સાચું', 'શું કરશે સંસારી, કહીને રે, હરિ વરિયા', 'હરિકું રાધે નાચ નચાવે', 'જેવાં બ્રહ્માનંદનાં', 'હો મેં તો તેરે દ્વારે જોગન હોઈ આઉંગી માધો રે', 'હો રસિયા મૈં તો શરન તિહારો', 'મૈં તો બિરદ ભરોસે બહુનામી', 'એ બરખા રીતુ આઈ આઈ', 'આવું નો'તું કરવું નાથજી રે', 'સજની શ્રીજી મુજને સાંભર્યા રે' જેવાં પ્રેમાનંદનાં, 'જનમ સુધાર્યો રે', 'વાલા રમઝમ કરતા કાન મારે ઘેર આવો રે', 'પ્રીતડી વાધી રે' જેવાં મુકતાનંદનાં, 'જનની જીવો રે ગોપીચંદની', 'જંગલ વસાવ્યું જોગીએ', 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' જેવાં નિષ્કુળાનંદનાં 'અનુભવની રે ઉઘાડીને આંખ્ય, સંત ચિંતામણિ સેવિયે', 'હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી', 'તેરી બોલની મધુરી માનું જાદુસે ભરી' જેવાં દેવાનંદનાં પદો સહેજેય સાચા કાવ્યરસિકને આકર્ષે એવાં છે.

આ સંત કવિઓએ જો કાવ્યવિષયોની પસંદગીમાં સાંપ્રદાયિક હિતનો ને ધાર્મિક હેતુઓનો પક્ષ કર્યો, તો જે કાવ્યસ્વરૂપો પસંદ કર્યા તેમાંયે સંપ્રદાયપ્રચાર, ધર્મબોધ વગેરેની અનુકૂળતાઓને જાણતાં કે અજાણતાં સાચવવામાં આવી. આ સંતોનું ઘણુંબધું સાહિત્ય મંદિરના વાતાવરણમાં અને પ્રભુની સંનિધિમાં સરજાતું ને ફેલાતું રહ્યું. જે કાવ્યસ્વરૂપો સત્સંગીઓની બેઠકમાં, ધાર્મિક પ્રસંગોએ કામ આવે એવા તરફ સવિશેષ ઝોક બતાવાયો. પ્રભુની સન્મુખ વિવિધ સમયે ગાઈ શકાય એવાં મંગળાથી શયન સુધીનાં ભજનો – કીર્તનો, થાળ, આરતીઓ વગેરે રચાયાં, વધાઈઓ, હોરીઓ, હિંડોળાનાં પદો, ગરબી, ગરબા અને રાસમાં કામ આવે એવાં પદો તરફ સહેજેય આ કવિઓ અને કવિતારસિકો આકર્ષાયા. તત્કાલીન કવિતા સાથે ગેયતાનું ને કેટલીક વાર તો નૃત્યનુંયે સુદૃઢ ગઠબંધન વરતાતું. સ્તોત્રો ને પ્રાર્થનાઓ, ધૂનો ને છંદો વગેરેય રચાતાં. નિષ્કુળાનંદ જેવા તો સચોટ ઘરગથ્થુ દૃષ્ટાંતો આપી આપીને શ્રોતાને સાચી સમજ પ્રેરવાના પ્રયત્નમાંયે લાગ્યા રહે છે. મુકતાનંદ સ્ત્રીઓ માટે સતીગીતા ને આધ્યાત્મિક રીતે ઉપયોગી ફટાણાં પણ લખે છે. નિષ્કુળાનંદ લગ્નપ્રસંગે ગાવાનાં ગીતો તેમ શિયળની વાડનાં પદો લખે છે. દેવાનંદ 'તારે માથે નગારાં વાગે મોતનાં રે' જેવા ચાબખા લખે છે. ગુણાતીતાનંદ, ગોપાળાનંદ, નિર્ગુણદાસ વગેરે સ્વામીઓ દષ્ટાંતકથાઓ જેવું કેટલુંક ગદ્યસાહિત્ય પણ આપે છે. આ રીતે જોઈશું તો આ કવિઓએ લોકભોગ્ય સાહિત્યસ્વરૂપોમાં ને યથાપ્રસંગ લોકભોગ્ય શૈલીમાંયે પોતાની કવિતા નિરૂપી છે. જોકે પ્રસંગોપાત, નિષ્કુળાનંદ જેવા કવિઓ ઠીક ઠીક સંસ્કારવાળી કંઈક ઊંચા સ્તરની ભાષાયે પ્રયોજવાની ફાવટ બતાવે છે, તો બ્રહ્માનંદ જેવા ચારણી છંદશૈલીની હથોટી બહુ કાબેલિયત સાથે બતાવે છે. પ્રેમાનંદ તાલલયની સૂક્ષ્મ જાણકારીનાં , નાદવૈભવનાં રમણીય ઉદાહરણો આપે છે તો દલપતગુરુ ને બ્રહ્માનંદશિષ્ય એવાં દેવાનંદ પણ છંદને ભાષાનું પ્રાસાદિક સંવિધાન પણ ઠીક રીતે કરી બતાવે છે. મુકતાનંદ તો નૃત્ય સાથે પોતાનાં ગીતો ગાતા એ જાણીતી વાત છે. આ બધી વસ્તુઓ આ કવિઓની કવિતામાં કેવી તો આકર્ષક રીતે કામ કરી રહી છે તે જોઈએ તો તેમની આપણાં સમાજમાં ને તેમાંય સ્વામિનારાયણ સંપ્રદાયમાં જે વ્યાપક લોકમાન્યતા છે તેનું રહસ્ય સમજાય.

આ કવિઓની કવિતા નરસિંહ, મીરાં, સૂરદાસ જેવા અનેક કવિઓની કવિતાબાની સાથે નિકટનો કહેવાય એવો સંબંધ ધરાવે છે, છતાં આ કવિતાને અનુકરણરૂપ માની લેવી બરોબર નથી.[૧૭] કયાંય કોઈ 'મુખડાની માયા લાગી રે' જેવી રચનાઓ મળે ખરી, પરંતુ એકંદરે તો જે ગંગોત્રીમાંથી નરસિંહ–મીરાંની કવિતાનો સ્ત્રોત પ્રભવ્યો છે એ જ ગંગોત્રીના સેવનારા આ બધા સંતો છે અને તેથી જ આ કવિઓની વાણીમાંયે એ કવિઓના ઠાઠ, મિજાજ ને ભાવ મસ્તીની છટાઓ જેવી છટાઓ વરતાય તો તેમાં આશ્ચર્ય નથી, ને આશ્ચર્ય હોય તો એ છે કે આટઆટલા વૈવિધ્ય વચ્ચેય આટલા યુગપલટા પછીયે આધ્યાત્મિક એકતાનું કેવું રસમય રૂપ મહદંશે અવિકૃત એવું, આ સૌ મધ્યકાલીન કવિઓમાં સચવાઈને રહ્યું છે !!

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આખ્યાનકાર પ્રેમાનંદ નથી, પણ એ પ્રેમાનંદની ઠીક ઠીક નજીક કયારેક આવી જાય એવી કવિકર્મની દીપ્તિ દાખવતા બ્રહ્માનંદ છે, તો મીરાંની ભાવમાધુરીનો અનુભવ કરાવનારા પ્રેમાનંદ–પ્રેમસખી છે. એમની ભક્તિશૃંગારની કવિતા દાસી જીવણ કે દાસ દયાની એ પ્રકારની કવિતા સાથે મૂકવામાં ભાગ્યે જ કોઈને અવઢવ થાય. આ સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓએ જ્ઞાનવૈરાગ્યભક્તિનો જે ત્રિવેણી સંગમ છે એની સાહસિક રમણીયતાને જાળવી છે, પોષી છે. ભાગવતની ગોપીઓનો કૃષ્ણ માટેનો જે સંદેશો તે આ કવિઓએ ભુલાવા દીધો નથી, પરંતુ પરમાત્માની અકળકળાના જાણતલ હતા; તેઓ આંતરિક રીતે શુષ્ક કે અસ્વસ્થ નહોતાં અને તેથી એમની કવિતામાં વૈરાગ્યમાં કરુણાર્દ્રતા ને ભક્તિમાં વીરતાનું એક અનોખું રસાયણ સાંપડે છે.[૧૮]

આ કવિઓનો શબ્દ છેક અજાણ્યો, અકળ કે અકોણો લાગે એવો નથી. એ શબ્દ સાથે આપણો સહજ સંબંધઘરોબો છે, એવો એ શબ્દ છે. એ શબ્દને તેઓ કશાયે દાવા વિના, નિર્માનીપણાથી, પ્રભુપ્રીતિથી પ્રેરાઈને, વિવધરસથી – સંયમરસથી પ્રયોજે છે. એમના આ પ્રયોજવામાં એમનો સાત્ત્વિક ઉલ્લાસ બરોબર વરતાય છે. જે આપણો શબ્દ છે તે એમનો નથી એમ આપણે કહી શકીએ એમ નથી, તેઓ એ રીતની પ્રતીતિથી, અટલ શ્રદ્ધાથી, શિવસંકલ્પૂર્વક એ શબ્દને પ્રયોજે છે. ગુજરાતી સાંપ્રદાયિક કવિતામાં

કેવલાદ્વૈતની, શુદ્ધાદ્વૈતની કવિતા છે, એમાં અખો ને દયારામની કવિતા છે, કબીર સંપ્રદાયના કવિઓની કવિતા છે તો તે કવિતાની સાથે પૂરા ગૌરવપૂર્વક શોભી શકે એવી આ સ્વામિનારાયણ સંપ્રદાયની પણ કવિતા છે. ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં, તેમાંયે પદકવિતામાં, ચરિત્રલીલાની કવિતામાં ને સાંપ્રદાયિક સિદ્ધાંતબોધ તથા વૈરાગ્યબોધની કવિતામાં તેમનું પ્રદાન ઐતિહાસિક દષ્ટિએ પણ ઉલ્લેખનીય રહ્યું છે તેમ રહેશે જ.

સહજાનંદ સ્વામી નંદસંતોનાં ગુરુ છે અને ગુરુ મહિમા તો અપરંપાર છે. ગુરુ ધારતા પહેલાં લાખ વાર વિચારવું, ગુરુ ધાર્યા પછી એકેય વાર ન વિચારવું. ગુરુ ધારતી વેળાએ – ગુરુ જોવાં, ગુરુનાં ગુરુ જોવાં અને ગુરુએ તૈયાર કરેલો સમાજ જોવો.

*ધ્યાન મૂલં ગુરુમૂર્તિ, પૂજા મૂલં ગુરુ પાદૌ ।*

*મંત્ર મૂલં ગુરુ વાકયં, મોક્ષ મૂલં ગુરુ કૃપા ॥*

ગુરુની મૂર્તિ એ ધ્યાનનું મૂળ છે. ગુરુનાં ચરણ એ પૂજાનું મૂળ છે. ગુરુનાં વાકયો એ મંત્રોનું મૂળ છે. ગુરુની કૃપા એ મોક્ષનું મૂળ છે. જેમના પ્રત્યે ગુરુત્વાકર્ષણ અનુભવાય તે ગુરુ. ગુરુના પ્રત્યેક શબ્દમાં સંકેત હોય છે, આ સંકેતને સમજે તે શિષ્ય. જે લઘુ નથી તે ગુરુ. જેનું મન વશમાં ન હોય તે લઘુ. જેનું મન વશમાં હોય તે ગુરુ. તોડે, ફોડે, મોડે અને જોડે એ ગુરુ. સંસારના ભવબંધનોને તોડે, મોહની મટુકી ફોડે, સન્માર્ગે બધાને મોડે તથા શ્રીહરિ સાથે જોડે એ ગુરુ. શરીર ટકે છે શ્વાસથી, સંબંધ ટકે છે વિશ્વાસથી. ગુરુ સાથેના સંબંધનો શ્વાસ વિશ્વાસ છે. ગુરુ બન્યા વિના અનંતા સિદ્ધ થયાં છે. ગુરુ બનાવ્યા વિના એક પણ નહીં. જીવનનો ફયુઝ ઉડે તે પહેલાં સાચો 'યુઝ' કરી લેવાનું શીખવે તે ગુરુ. જીવનમાં ઉપયોગી અનેક હોય છે, ઉપકારી ગુરુદેવ તો એક જ હોય છે.

*પકડો, મત જાને દો – સંસાર શિખવે છે.*

*પકડો મત, જાને દો – ગુરુ શિખવે છે.*

ગુરુ ઐસા કિજીયે, જૈસે પૂરણ ચાંદ તેજ કરે પર તપે નહીં, અર્પે ઉર આનંદ.

*જો બાત દવાસે હો ન સકે, વો બાત દુઆ સે હોતી હૈ*

*અગર કાબિલ ગુરુ મિલ જાએ તો બાત ખુદા સે હોતી હૈ*

* * *

*ગુરુ તો જ્ઞાનકા દીપક જલાતે હુએ દૂર કરતે હૈ હમારી નિરાશા ઔર*
*અજ્ઞાન કે અંધેરે દૂર કરકે હમારે જીવનમેં જગાતે હૈ નઈ નઈ આશા.*

જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ, નારીમાંથી નારાયણી અને માનવમાંથી મહામાનવ બનાવવા તરફ લઈ જાય એ ગુરુ.

*જિયો જિયોજી ગુરુ જિયો જિયો*
*મને ગોરખ જ્ઞાન દિયો દિયો*
*જ્ઞાન કટોરું ગુરુએ દીધું મારા હાથમાં હેતે કીધું પિયો પિયો*

કનક, કાંતા, કીર્તિના પવનો જેમને હલાવી શકતાં નથી, તે મહામાનવ તે ગુરુ. પ્રત્યેક પળે જયાંથી, જેમની પાસેથી પ્રેરણા હૂંફ, આશીર્વાદ અને આચરણ કરવાનું બળ મળે તે ગુરુ.

*ગુરુકૃપાએ સુખ પામિયે, ગુરુકૃપાએ ઉપજે જ્ઞાન*
*નિષ્કુળાનંદ ગુરુ કૃપા કરે તો, આપે અવિચળ દાન.*

* * *

*ગુરુબિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મીટે ન ભેદ*
*ગુરુબિન સંશય ન ટળે, ભલે વાંચે ચારે વેદ*

વાંચન, ભ્રમણ અને નિરીક્ષણ એ ત્રણ માનવ માત્રનાં ગુરુ છે. જે ગુરુને સંભારે, જે ગુરુને સાંભળે, ગુરુ તેને સંભાળે છે. ગુરુ સમક્ષ પારદર્શક બનીએ તો ગુરુ પથદર્શક બનશે. ગુરુને માનો, તો ગુરુનું માનો.

*ફિકર સબકો ખા ગઈ, ફિકર સબકા પીર,*
*ફિકર કી ફાકી, કરે, ઉસકા નામ ફકીર*
*હદ ચલે સો ઓલિયા, બેહદ ચલે સો પીર,*
*હદ બેહદ દોનો ચલે, ઉસકા નામ ફકીર,*

* * *

*પારસમેં ઔર સંતમે બડો અંતરો જાણ,*
*એક લોહે કો સોના કરે, દુજો કરે આપ સમાન*

જેમના સ્પર્શે જીવનમાં વસંત તે સંત. જે જીવનને શાંત બનાવે તે સંત. અંત–મૃત્યુ સૌનું નિશ્ચિત છે, પરંતુ સુંદર જીવન જીવી જઈને સુંદર મૃત્યુને વરીએ તેને લાયક બનાવે તે સંત. વિજ્ઞાનની મદદથી માનવીએ ઉપગ્રહો છોડયાં છે પરંતુ પૂર્વગ્રહોનું શું ? માનવીએ ચંદ્રની ધરતી પર પગ માંડયો છે, પરંતુ નજીવી એવી આ ધરા પર ડગ માંડતા નથી આવડતું તેનું શું ? યંત્રમાનવનું સંચાલન થાય છે, પરંતુ જીવંત માનવ તેની અંદર એક મુઠ્ઠી જેવડું યંત્ર છે – હૃદય – તેમાંથી પ્રેમની સરવાણી કેમ વહાવવી તે આવડતું નથી તેનું શું ? વિજ્ઞાનની મદદથી એવી કોઈ Eye oint નથી શોધાઈ કે આંખમાં આંજો, અને સત્ય અને પવિત્ર દેખાય !! એવા કોઈ toothache drop નથી શોધાયા કે જે મોંમાં નાખો અને પવિત્ર જ બોલાય !! એવા કોઈ ear drop નથી શોધાયાં કે જે કાનમાં નાખો અને કાન પવિત્ર જ સાંભળે; અભાવ અવગુણની વાત ન સાંભળે !! જગતની સોના કરતાં પણ મોંઘી ધાતુ પ્લેટીનમ જે દેશનાં રસોડામાં સુશોભન તરીકે વપરાય છે તે દેશ સ્વીટ્ઝરલેન્ડમાં ગાંડાની હૉસ્પિટલની સંખ્યા સૌથી વધુ છે. જગતમાં દુઃખ બે પ્રકારનાં છે. એક અભાવના અને બીજા સ્વભાવનાં. અભાવનાં દુઃખ કદાચ દૂર થાય પણ સ્વભાવનાં દુઃખ કેમે કરીને ટાળ્યાં ટળતા નથી અને ત્યારે ગુરુની; પ્રગટ સંતની માનવજીવનમાં આવશ્યકતા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકવિતાનો વિચાર કરીએ છીએ ત્યારે એમ તારણ પર આવી શકાય કે આ નોંધપાત્ર, રસિક, લાલિત્યસભર પ્રેમલક્ષણા ભક્તિની કૃષ્ણ કવિતા કરતા સંતો પરંપરાના જોરમાં કૃષ્ણકીર્તન કરે છે, અરે ! ગુરુશ્રી સહજાનંદજીને જ કૃષ્ણરૂપ માની કીર્તનભક્તિ કરે છે. એટલે જ તેમની પદ કવિતામાં કૃષ્ણનું નિરૂપણ પ્રગાઢપણે અનુભવાય છે.

ગુરુ પ્રત્યે પ્રગટ પરમ તત્ત્વનો ભાવ સ્વયં શ્રી સહજાનંદજીએ સેવ્યો છે; દાખવ્યો છે. ગુરુ રામાનંદ સ્વામી પરના એ પત્રમાં જેમાં નીલકંઠની ઈશ્વર પ્રાપ્તિ માટેની વ્યાકુળતા, ગુરુના દર્શન અને પ્રથમ મિલનની આશ, તરફડાટ, એમણે કરેલી સાધના અને ગુરુપ્રાપ્તિ માટેનો ઉત્સાહ વ્યક્ત થાય છે.

મારી દષ્ટિએ ગુરુ (પ્રાપ્તિ અને કૃપા) માટેની આ તરસ અને પિપાસા પછીથી વારસારૂપે પ્રતિબિંબિત થાય છે સ્વામિનારાયણીય કૃષ્ણકવિતારૂપે.

સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણ કવિતાના મૂળ અને કૂળ મને નીલકંઠવર્ણીએ ગુરુ રામાનંદ સ્વામીને લખેલાં પત્રમાં દેખાય છે. આ રહ્યો એ પત્ર :

'સ્વસ્તિ શ્રી ભુજનગર મહાશુભસ્થાને બીરાજમાન સ્વામી શ્રી રામાનંદજી રૂપી સૂરજ ઉદય ભયા હે. વાકી સેવામેં ગામ લોજસે સેવક બ્રહ્મચારી નીલકંઠજી સરજુદાસજી કે દંડવત્ પ્રણામ વાંચોગે. વિશેષ લિખવા કારજ યોં હે કે હમ ઈશ્વરેચ્છાસે ચારોં ધામ કરકે અરુ દેશમેં આયા હે. ત્યાંહા તુમ્હારા નામ સુના કે પશ્ચિમદેશમેં જીવનમુક્ત પ્રગટ હે. ફીર બનમેં ગોપાલ જોગી પાસ રહકે અષ્ટાંગ યોગ સિદ્ધ કિયો હે. ઉસ બખતમેં યહ જોગીને કહાથા કે ગિરનારકી છાંયમેં સિદ્ધ મિલેંગે. ફિર વાયુ ભક્ષ્યા કર કે બહુત દિન રહે હે, પરંતુ પ્રગટ કૃષ્ણ કે દરશન ન હુવે. અબી શુદ્ધ ભૂમિ જાનકે યહાં રહે હે, તો આપ યહાં બીરાજકે હમકુ પ્રગટ કૃષ્ણ મીલાઓ. હમને સુના હે કે ધારણામેં દરશન કરવાતે હો. તેસા સ્વામી મુક્તાનંદજીસે સુનકર યહ સાધુકો નિષ્કપટ જાનકે હમ ઠહરે હે. સ્વામીજી ઓર ભટ્ટજી કહે કે હમ યહાં બોલાવેંગે વાસ્તે યહાં રહે હે. ભટ્ટજી મયારામજીકો પઠાયે હે તો દોનું પત્ર પઢ કર હમારે પર કીરપા કરેંગેં. જેસે ચકોર ચંદકું ચહતે હે, તેસે હમ તુમ્હારે દરશનકું ચહતે હે. તો તુરત દરશન દેહોઃ નહીં તો તુમ્હારી સેવામેં આવેંગે. સંવત ૧૮૫૬ ફાલ્ગુન વદી ૫ લીખ્યો હે. તુરત બાંચકે કરુના દષ્ટિ કરોગે. નહિ તો નહિ રહેવે. સ્વામી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી રામાનંદજીકું પહોંચે'

નોંધપાત્ર છે કે અહીં શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી એમ સાત વાર લખ્યું છે, લખાયું છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મધ્યકાલીન (ગુજરાતી) કૃષ્ણકવિતાના મૂળ મને અહીં દેખાય છે.

અખિલ બ્રહ્માંડમાં સૌ કોઈનું શુભ હો—કલ્યાણ હો. સર્વત્ર સૌ કાંઈ સ્નેહમય હોય, અહિંસામય હોય. આરોગ્ય અને આનંદમય હોય. આત્મીય જીવન હોય તેવી મંગલ કામના. શ્રી સહજાનંદજીનાં; પરમતત્ત્વનાં ચરણે આર્જવ સ્વરે કાકલૂદી.

જય ભગવાન. જય હો

સૌને ગુરુકૃપા પ્રાપ્ત હો. સૌને પરમ તત્ત્વની પ્રાપ્તિ હો. એ માટે આપણે લાયક બનીએ. પ્રભુ ઉપાસનાનું માધ્યમ કીર્તન પવિત્ર ભાવ ધરાવતું હોય છે. આપણું જીવન પ્રભુને રાજી કરવાનું કીર્તનત્વ ધારણ કરે.

એ જ અભ્યર્થના. અસ્તુ.

સંજય ધર્મેન્દ્રકુમાર કામદારનાં

સૌને પ્રેમભર્યા નમસ્કાર.

જય સ્વામિનારાયણ.

✰✰✰

# પ્રકરણ – ૧૨
## ઉપસંહાર

*પાદટીપ :*

૧. સ્વામિનારાયણ સંતકવિતા – આસ્વાદ અને અવબોધ અંતર્ગત, 'સંતવાણીની પથ્ય પ્રસાદી', ચંદ્રકાંત શેઠ પૃ. ૫

૨. એજન, પૃ. ૭

૩. એજન, પૃ. ૯

૪. એજન, પૃ. ૯

૫. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ–૨, (ઈ.સ. ૧૪૫૦–૧૮૫૦) ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ (ભૂમિકા) પૃ.૫

૬. એજન, પૃ. ૧૯

૭. એજન, પૃ. ૨૦

૮. એજન, પૃ. ૨૧

૯. મધ્યયુગીન ઊર્મિકાવ્યો. સંપાદક : ચિમનલાલ ત્રિવેદી, બળવંત જાની, ચિનુ મોદી (પ્રવેશક) પૃ. ૧૪

૧૦. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય', સંપા. રઘુવીર ચૌધરી, 'પ્રગટની કાવ્ય ઉપાસના' લેખ હરીન્દ્ર દવે પૃ. ૧૩૭

૧૧. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય', સંપા. રઘુવીર ચૌધરી, 'સહજાનંદી સંતકવિતામાં ભાગવતધર્મની વિભાવના' પ્રતિભા મહીપતરામ દવે પૃ. ૧૫૦

૧૨. કીર્તન સાર સંગ્રહ ભા.૧, પૃ. ૩૧૪

૧૩. વચ. ગ. મ. ૩૨ અને સત્સંગિજીવન ભા.૨, અ.૭, શ્લોક–૩૪

૧૪. ભક્તચિંતામણી, પ્રકરણ–૩૯

૧૫. એજન, પ્રકરણ–૩૯

૧૬. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય', સંપા. રઘુવીર ચૌધરી, 'સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ' અમૃતલાલ યાજ્ઞિક પૃ. ૧૩૭

૧૭. 'સ્વામિનારાયણ સંત સાહિત્ય', સંપા. રઘુવીર ચૌધરી, 'સ્વામિનારાયણ સંત સાહિત્યનો સાહિત્ય અભિગમ', ચંદ્રકાંત શેઠ પૃ. ૧૪૯

૧૮. એજન, પૃ. ૧૪૯

✩✩✩

# પરિશિષ્ટ

## સંદર્ભ ગ્રંથ સૂચિ


| | | |
|---|---|---|
| ૧. | સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય | કિશોરલાલ ઘ. મશરૂવાળા |
| ૨. | સ્વામિનારાયણ સંત પરંપરા અને કૃષ્ણભક્તિ કવિતા | સંપા. દર્શના ઓઝા |
| ૩. | શ્રી સ્વામિનારાયણ અને અદ્યતન હિદુંધર્મપ્રવાહ | ઈશ્વર પેટલીકર |
| ૪. | પ્રેમસખી પ્રેમાનંદ | હરિપ્રસાદ ત્રિ. ઠક્કર |
| ૫. | યોગીબાપા : વ્યક્તિત્વ અને સાહિત્ય | ડૉ. રેખા એસ. કક્કડ |
| ૬. | મધ્યયુગીન ઊર્મિકાવ્યો | સંપાદક : ચિમનલાલ ત્રિવેદી, બળવંત જાની, ચિનુ મોદી |
| ૭. | કીર્તન સાર સંગ્રહ | સંશોધક : પુરાણી સ્વામી ઈશ્વર સ્વરૂપ દાસ |
| ૮. | શ્રી પ્રેમાનંદ કાવ્યમ્ (ભાગ ૧ અને ૨) | પ્રસિદ્ધકર્તા : મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપ દાસજી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, કચ્છ |
| ૯. | 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ–૨ (ઈ.સ. ૧૪૫૦ – ૧૮૫૦) | ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. સંપાદકો – ઉમાશંકર જોષી, અનંતરાય રાવળ, યશવન્ત શુકલ |
| ૧૦. | સ્વામિનારાયણ સંતકવિતા આસ્વાદ અને અવબોધ | ચંદ્રકાન્ત શેઠ |
| ૧૧. | 'શ્રી દેવાનંદ કાવ્ય' | સંશોધક : શાસ્ત્રી ધનશ્યામસ્વરૂપ દાસજી, અમદાવાદ. |
| ૧૨. | શ્રી જ્ઞાનસાગર – કીર્તન સંગ્રહ | સોમાભાઈ નરોતમભાઈ પટેલ, ચાણસદ |
| ૧૩. | 'શ્રી સ્વામીનારાયણ ભજનમાળા અને શિક્ષાપત્રી' | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ |

| | | |
|---|---|---|
| ૧૪. | 'સ્વામી સહજાનંદ' | સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ અને મુંબઈ |
| ૧૫. | 'સ્વામીનારાયણ સંતસાહિત્ય' | સંપા. રઘુવીર ચૌધરી |
| ૧૬. | 'ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન' | અનંતરાય રાવળ |
| ૧૭. | 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય. |
| ૧૮. | 'સંત સુમન સ્રજ' | ચયન : પ્રભુશાસ્ત્રી, ગૂંથન : ખુશાલ પાટડિયા |
| ૧૯. | 'શ્રી નિષ્કુળાનંદ કાવ્ય કીર્તન –૧' | મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ |
| ૨૦. | 'શ્રી મંજુકેશાનંદ કાવ્યમ્' | સંપાદક:પૂ. કૃષ્ણ સ્વરૂપદાસ – વેદાન્તાચાર્ય પૂ. જ્ઞાનપ્રકાશદાસ – વેદાન્તાચાર્ય. |
| ૨૧. | 'પ્રેમસખી ' શ્રી પ્રેમાનંદ સ્વામી' | શ્રી ગોરધનદાસ સોરઠિયા |
| ૨૨. | 'કવિવરશ્રી મુકતાનંદ સ્વામી' | પ્રભુસ્વામી શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ. |
| ૨૩. | શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ દ્વિ શતાબ્દી મહોત્સવ સ્મસ્ણાર્થે. શ્રી સ્વામિનારાયણ ૧૧૧૧ કીર્તન રત્નમાળા' | સંકલન : ઈશ્વરલાલ ધીરજલાલ વૈદ્ય, ગઢડા (સ્વામીનારાયણ વાળા) |
| ૨૪. | 'શ્રી કીર્તન રત્નાવલી' | સંશોધક : પુરાણી સ્વામી શ્રી પ્રકાશદાસજી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ – કચ્છ |
| ૨૫. | 'આધુનિક ભારતીય ત્તત્વજ્ઞાન' | ડૉ. બી. જી. દેસાઈ |
| ૨૬. | 'બ્રહ્માનંદ સોવેનિયર' | પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન, સુરેન્દ્રનગર. |
| ૨૭. | સહજ આનંદના સર્જક 'સ્વામીશ્રી સહજાનંદ' | શ્રી ગોરધનદાસ સોરઠિયા |

| | | |
|---|---|---|
| ૨૮. | 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ' | ડૉ. રમેશ એમ. ત્રિવેદી |
| ૨૯. | 'મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણાભક્તિ' | સોમભાઈ પટેલ |
| ૩૦. | 'વૈરાગ્યમૂતિ' શ્રી નિષ્કુળાનંદ સ્વામી' | શ્રી ગોરધનદાસ સોરઠિયા |
| ૩૧. | 'સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો' | ડૉ. રમેશ મહીપતરામ દવે. |
| ૩૨. | 'કીર્તન મુકતાહારમ્' (સદ્ગુરુ શ્રી મુકતાનંદ સ્વામી વિરચિત) | સંકલન : પ્રભુશાસ્ત્રી |
| ૩૩. | શ્રી બ્રહ્માનંદ કાવ્ય, ભાગ–૧ | સંપાદક : રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નું, કાલાવડ. |
| ૩૪. | કીર્તન સાર સંગ્રહ | પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકૂલ, રાજકોટ |
| ૩૫. | 'બ્રહ્માનંદ કાવ્ય (૧) અને (૨) | સંપાદક : શાસ્ત્રી નારાયણસેવાદાસજી સ્વામિનારાયણ વિદ્યાર્થીભુવન, (ગુરુકૂળ), સુરેન્દ્રનગર. |
| ૩૬. | સાર્થ ગૂજરાતી જોડણીકોશ | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ૩૭. | 'મહામુકત' સદ્ગુરુ ભૂમાનંદ સ્વામી રચિત કીર્તન સંગ્રહ' | સંપાદક : શાસ્ત્રી નારાયણસેવાદાસજી સ્વામિનારાયણ વિદ્યાર્થીભુવન (ગુરુકૂલ) સુરેન્દ્રનગર. |
| ૩૮. | નિષ્કુળાનંદ મુનિકૃત, નિષ્કુળાનંદ કાવ્યમ્ | સંયોજક – સંશોધક – શાસ્ત્રી દેવચરણ દાસજી (વેદાંત, વ્યાકરણચાર્ય) |
| ૩૯. | વચનામૃત | સંશોધક : શાસ્ત્રી માવજી ભક્ત |
| ૪૦. | શ્રી છપિયાપુરલીલા અને શ્રી હરિલીલાચરિત્ર ચિંતામણી | સેવક પાર્ષદ માધવ ભગત છપિયા મંદિર |

| | | |
|---|---|---|
| ૪૧. | 'સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી' જીવન પ્રસંગો' (ખંડ–૧) | સ્વામી અક્ષરપુરુષદાસજી, જૂનાગઢ. |
| ૪૨. | શ્રી અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો | પ્રકાશક : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમની સંસ્થા, શાહીબાગ રોડ, અમદાવાદ. |
| ૪૩. | ગુજરાતી સાહિત્ય કોષ, મધ્યકાળ, ખંડ–૧ | સંપાદકો : જયંત કોઠારી, જયંત ગાડીત, ચંદ્રકાંત શેઠ, સહસંપાદક – રમણસોની |
| ૪૪. | બૃહત્‌ કાવ્યદોહન ભાગ–૧ (પદમાળામૂલક) | પુનઃસંપાદન : ડૉ. બળવંત જાની. |
| ૪૫. | સંપ્રદાયનો વિકાસ અને ગુરુ પરંપરા | હર્ષદરાય ત્રિ. દવે. |
| ૪૬. | બૃહત્‌ કાવ્યદોહન ભાગ–૨ (પદમૂલક) | પુનઃસંપાદન : મનસુખ સલ્લા. |
| ૪૭. | શ્રીજી બાવની | પ્રકાશક : પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી માધવાનંદ તીર્થ ગુરુ યોગાનંદતીર્થ વ્યાસક્ષેત્ર (ચાંદોદ) |
| ૪૮. | સ્વામિનારાયણ ભગવાનનાં લીલા ચરિત્ર તથા પુરુષોત્તમ વિવાહ | મહેતા પ્રાણજીવન લવજી માથકવાળા. |
| ૪૯. | સત્સંગ મુખ માધુરી ભાગ–ત્રીજો | પ્રકાશક : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા |
| ૫૦. | શ્રીજી સ્વરૂપ | સંપાદક : જી. જે. ચોવટીયા |
| ૫૧. | 'ભક્તિ સુધા' | પ્રકાશક : શ્રીહરિ આશ્રમ, શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, હરિધામ, સોખડા. તા. જિ. વડોદરા. |

| | | |
|---|---|---|
| ૫૨. | 'ચિન્મય ધોધ' (પ. પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીશ્રીનાં અમૃતવચન' પહેલો પ્રવાહ. અ.મૂ.અ.મૂ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્વ પ્રકાશન, દ્વિતીય પુષ્પ | પ્રકાશક : ગુણાતીત સમાજ સંચાલિત યોગી ડિવાઈન સોસાયટી વતી |
| ૫૩. | 'ચૈતન્ય ધારા' પુસ્તક પહેલુ | પ્રકાશક : આર. એલ. ચંદારણા |
| ૫૪. | શ્રી કારીયાણી માહાત્મ્ય | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ – ગઢડા |
| ૫૫. | સહજાનંદ ચરિત્ર | સંપાદક : રમેશ મ. દવે |
| ૫૬. | નીલકંઠ ચરિત્ર | પ્રો. રમેશ મ. દવે. |
| ૫૭. | શ્રીજી ચરિત્ર વિહાર – ભાગ–૧ | સાધુ અક્ષરજીવનદાસ |
| ૫૮. | શ્રીહરિ તારે શરણે | આર. એલ. ચંદારાણા |
| ૫૯ | બ્રહ્મ રસધાર(પ્રથમ ધાર) | યોગી ડિવાઈન સોસાયટી સંચાલિત શ્રી અક્ષરપુરુષોત્તમ સત્સંગ મંડળ, ઘનશ્યામ પ્રદેશ, મુંબઈ |
| ૬૦. | અનાદિમૂળઅક્ષરમૂર્તિ સદ્ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો ભાગ–૨. પ્રગટ ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદ સ્વામીજીનાં ૭૨માં પ્રાગટ્યવર્ય પ્રથમ સોપાન | યોગી ડિવાઈન સોસાયટી હરિધામ – સોખડા |
| ૬૧. | સરસ એક સહજાનંદ પૂર્ણપૂરૂષોતમ સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ સ્મૃતિગ્રંથ દ્વિશતાબ્દી મહોત્સવ, પ્રકાશન | યોગી ડિવાઈન સોસાયટી, હરિધામ, સોખડા. |

| | | |
|---|---|---|
| ૬૨ | THUS SPAKE SWAMINARAYANA | Bochasanwasi Shree Aksharpurshottam sanstha, Ahmedabad. |
| ૬૩ | THE REAL ESSENCE OF TANTRA | Yogi Divine Society, Bombay |
| | **સામયિકો** | |
| ૧. | શ્રી અક્ષર પુરુષોત્તમ સત્સંગ પત્રિકા | |
| ૨. | 'સ્વામિનારાયણ પ્રકાશ' સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા | |
| ૩. | સદ્‌વિદ્યા | |
| ૪. | 'યોગીબાળ' | |
| ૫. | ભગવાન સ્વામિનારાયણ | |
| ૬. | 'ગુણાતીત જયોત' | |
| ૭. | 'હરિપ્રકાશ' | |
| | **સ્મરણિકા** | |
| ૧. | પૂર્ણપુરુષોત્તમ શ્રી સહજાનંદજી મહારાજ દ્વિશતાબ્દી મહોત્સવ, ૧૨ એપ્રિલ, ૧૯૮૧ | હરિધામ, સોખડા |
| ૨. | મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ પ્રથમ સોપાન, ૩૧ ઓકટોબર ૧૯૮૨ | શ્રી હરિસત્સંગ મંડળ, રાજકોટ |
| ૩. | મૂળઅક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ, (તા. ૨૩ થી ૨૫ જાન્યુ. ૧૯૮૬) સ્મરણિકા | હરિધામ – સોખડા. |

✩✩✩